
# ઉપદેશપદ
## મહાગ્રંથ



સંપાદક

પ.પૂ. આચાર્યશ્રી રત્નાકરસૂરીશ્વરજી મ.સા. ના શિષ્ય

મુનિ રત્નત્રય વિજયજી મ.સા.

શાસન સમ્રાટ

# ઉપદેશ પદ
## મહાગ્રંથ

મૂળકર્તા

**ભવવિરહાંક શ્રી હરિભદ્ર સૂરિજી મ.સા.**

ટીકાકાર

**બૃહદ્ગચ્છીય શ્રી મુનિચંદ્ર સૂરિજી મ.સા.**

ભાષાંતરકાર

**આચાર્ય દેવ શ્રી હેમસાગર સૂરીશ્વરજી મ.સા.**

પુનઃસંપાદન

**પ.પૂ.યુવાચાર્ય શ્રી રત્નાકર સૂરીશ્વરજી મ.સા.**
**નાં શિષ્ય રત્નમુનિ શ્રી રત્નત્રય વિજયજી**

પ્રકાશન

**શ્રી રંજનવિજયજી જૈન પુસ્તકાલય**
માલવાડા જિ. જાલોર (રાજ.)

ગ્રંથનું નામ : ઉપદેશ પદ મહાગ્રંથ
મૂળકર્તા : ભવવિરહાંક શ્રી હરિભદ્ર સૂરિજી મ.સા.
પ્રકાશક : રંજન વિજયજી જૈન પુસ્તકાલય- માલવાડા
ટીકાકાર : બૃહદ્ગચ્છીય શ્રી મુનિચંદ્ર સૂરિજી મ.સા.
અનુવાદ કર્તા : આચાર્ય દેવ શ્રી હેમસાગર સૂરીશ્વરજી મ.સા.
પુનઃસંપાદન : મુનિ શ્રી રત્નત્રય વિજયજી
આવૃત્તિ : પ્રથમ - નકલ ૫૦૦ વિ. સંવત ૨૦૬૧
મૂલ્ય : ૨૦૦ રૂપિયા

**પ્રાપ્તિ સ્થાન**

શ્રી પારસ ગંગા જ્ઞાન મંદિર
C/o રાજેન્દ્રભાઈ
બી-૧૦૪, કેદાર ટાવર, રાજસ્થાન હોસ્પીટલ સામે,
શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪ ફોન (ઘર) ૨૨૮૬૦૨૪૭

શ્રી મણીલાલ યુ. શાહ
ડી.૧-૨૦૩, સ્ટાર ગેલેક્સી, લોકમાન્ય તિલક રોડ,
બોરીવલી (વે.) મુંબઇ-૪૦૦ ૦૯૨
ફોન (ઘ) ૨૮૦૧૧૪૬૯, (ઓ) ૨૮૯૩૧૦૧૧

જૈન પ્રકાશન મંદિર
દોશીવાડા પોળ, કાલુપુર, અમદાવાદ-૩૮૦૦૦૧.

સરસ્વતી પુસ્તક ભંડાર
હાથીખાના, રતનપોળ, અમદાવાદ-૧ ફોન : ૨૫૩૫૬૬૯૨

**મુદ્રક :**

નવનીત પ્રિન્ટર્સ (નિકુંજ શાહ)
૨૭૩૩, કુવાવાળીપોળ, શાહપુર, અમદાવાદ-૧
મોબાઈલ : ૯૮૨૫૨ ૬૧૧૭૭, ૯૪૨૭૩ ૨૬૦૪૧

# પ્રસ્તાવના

પરમ પુરુષાર્થ મોક્ષ મેળવવાની પ્રેરણા આપતાં પ્રસ્તુત **ઉપદેશપદોથી** રચના પ્રાકૃતભાષામાં ૧૦૩૯(૪૦) જેટલી ગાથાઓમાં પરમ પ્રભાવક પ્રૌઢ ઉપદેશક તરીકે સુપ્રસિદ્ધ જૈનાચાર્ય શ્રી હરિભદ્રાચાર્યે કરી છે. જેમણે ૧૪૦૦ જેટલા પ્રકરણ - ગ્રંથોની રચના કરી હતી, જેમાંથી વર્તમાનમાં પણ ૭૫ જેટલા ગ્રંથો ઉપલબ્ધ છે, તેમાંના કેટલાક ગ્રંથો પ્રકાશિત થઈ આદર - પૂર્વક પઠન - પાઠનાદિમાં જૈન સમાજમાં પ્રચલિત છે.

આ જ ગ્રંથકારના પ્રાકૃતભાષામય 'समराईच्च-कहा'નો અનુવાદ, આ જ અનુવાદક આચાર્ય શ્રી હેમસાગરસૂરિજીએ ૬ વર્ષો પહેલાં કર્યો હતો. અનેતે 'સમરાદિત્ય-મહાકથા' નામે આનન્દ - હેમ ગ્રન્થમાલાના ૧૧મા પુષ્પ તરીકે સંવત ૨૦૨૨માં પ્રકાશિત થઈ ગયેલ છે, ત્યાં, મેં આ આચાર્યશ્રીનો સંક્ષિપ્ત પરિચય કરાવ્યો છે, જિજ્ઞાસુ વાચકો એને વાંચશે - વિચારશે, એથી અહિં તેની પુનરુક્તિ કરતો નથી.

ગ્રન્થકારે પ્રસ્તુત ઉપદેશપદ ગ્રન્થના અંતમાં છેલ્લી બે ગાથાઓ દ્વારા, આ ગ્રન્થની રચનાનો આધાર, પ્રયોજન એ કૃતજ્ઞતા-ગર્ભિત પોતાનો સ્પષ્ટ નામ - નિર્દેશ કર્યો છે.

"लेसुवएसेणेते, उवएसवाया इहं समक्खाया ।
समयादुद्धिरुणं मंदमति - विबोहणट्ठाए ॥१०३८॥
जाइणिमयहरियाए, रइता एते उधम्मपुत्तेणं ।
हरिभद्दायरिएणं, भवविरह ईच्छमाणेणं ॥१०३९॥"

અર્થાત્ - આ ગ્રંથમાં લેશ ઉપદેશવડે આ **ઉપદેશપદો, સમય-સિદ્ધાંતથી ઉદ્ધરીને મંદમતિઓને વિશેષ પ્રકારે બોધ થાય-તે માટે જાઈણિ**(યાકિની) મહત્તરા (પ્રવર્તિની)ના **ધર્મપુત્ર ભવ-વિરહ** (મોક્ષ)ને ઈચ્છતા **હરિભદ્રાચાર્યે** રચ્યાં છે.

**ઉપદેપદની પ્રાચીન પ્રતિઓ**

(૧) વિક્રમસંવત **૧૧૭૧**માં લખાયેલી ઉપદેશપદની એક તાડપત્રીય પ્રતિ, જેસલમેર કિલ્લાના બડાભંડારમાં છે. (જુઓ જે. ભં. ગ્રન્થસૂચી, ગા. ઓ. સિ. નં. ૨૧ પૃ. ૩૪. ૩૬) તથા (૨) બીજી એક તાડપત્રીય પોથી સંવત **૧૧૯૩** જ્યેષ્ઠ શૂ. ૨ રવિવારે લખાયેલી છે. (જે. ભં. સૂચી પૃ. ૭) તથા (૩) ત્રીજી એક તાડપત્રીયપોથી સંવત **૧૨૧૨**માં અજમેરદુર્ગમાં મહારાજ વિગ્રહરાજા રાજ્યમાં લખાયેલી છે, તે વર્ધમાનસૂરિની ટીકા સાથે છે. (જે. ભં. સૂચી પૃ. ૬/૭). (૪) સં. **૧૩૫૪**માં લખાયેલી પત્તન (પાટણ)માં ગુર્જરજ્ઞાતિના માલદેવે ખરતરગચ્છના જિનચંદ્રસૂરિને સમર્પણ કરી હતી (જે. ભં. સૂચી પૃ. ૨૦). એવી રીતે (૫) **પાટણ**ના સંઘવી પાડાના ભંડારમાં મૂળ ગ્રં. ૧૦૪૦ જણાવેલ તાડપત્રીય પ્રતિ છે. જૂઓ पत्तनस्थप्राच्यजैनभाण्डागारीयग्रन्थसूची (ગા. ઓ. સિ.ભા. ૧. પૃ. ૧૧૮) અન્યત્ર મૂળ પ્રકાશિત 'દશાશાસ્ત્રીમાં' ઉપદેશપદની ગાથા ૧૦૪૦ છે. પ્રો. પિટર્સનના રિપોર્ટ ૫(૧, પૃ. ૩૪) અને ૩, પૃ. ૪૬માં ખંભાતના ભંડારમાંની તાડપત્રીય પોથીની નોંધ છે.

**(૧) વર્ધમાનસૂરીની ટિકા**

પ્રસ્તુત ઉપદેશ પદ ગ્રન્થની પ્રાચીન પ્રથમ ટીકા શ્રીવર્ધમાનસૂરિએ વિક્રમ સંવત ૧૦૫૫માં રચી હતી, જેના આદિ, અંતભાગના ગદ્ય-પદ્ય ઉલ્લેખો અમે જેસલમેર ગ્રન્થભંડારસૂચી ગા.ઓ.સિ.નં. ૨૧, પૃ. ૬-૭માં દર્શાવ્યા છે તથા ત્યાં અપ્રસિદ્ધ ગ્રન્થ - ગ્રન્થકૃત્યપરિચયમાં (પૃ. ૩૭માં) સંક્ષિપ્ત પરિચય કરાવ્યો છે. છતાં દુર્ભાગ્યે તે ટીકા (વૃત્તિ) હજી સુધી પ્રકાશમાં આવી નથી.

તે ટીકાના મંગલાચરણમાં "वन्दे देव -नरेन्द्र -वृन्दविनुतं स्वर्गापवर्गास्पदं"

છે, તથા તેના અંતમાં -

"सिद्ध्यै संसारभयात् पार्श्विलगणिवचनतः प्रथममेषा ।
स्नेहादलेखि शीघ्रं मुनिना नत्वाम्रदेवेन ॥
कर्मक्षयाय वृत्तिर्यैरेषा वर्णिता यशोविमुखैः ।
पार्श्विलगणिना तेषां स्तुतिरियमुपवर्णिता भक्त्या ॥
इयमुपदेशपदानां टीका रचिता जनावबोधाय ।
पंचाधिकपंचाशद्युक्ते संवत्सरसहस्रे (१०५५) ॥
कृतिरियं जैनागमनभावनाभावितान्तःकरणानां
श्रीवर्धमानसूरिपूज्यपादानामिति ।"

આ વર્ધમાનસૂરિની ભક્તિથી સ્તુતિ, સમકાલીન નાગેન્દ્રગચ્છીય **પાર્શ્વિલ** ગણિએ કરી છે, જેમણે શક સં. ૯૧૦-વિક્રમ સંવત, ૧૦૪૫માં ભૃગુકચ્છ (ભરૂચ)માં જિનત્રય (પ્રતિમા) કરાવ્યા હતા, વિશેષ માટે જુઓ જે. ભં. સૂચી, તથા 'શક સંવત ૯૧૦ની ગુજરાતની મનોહર જૈન પ્રતિમા' નામનો અમારો લેખ **"ઐતિહાસિક લેખ - સંગ્રહ"** સયાજી સાહિત્યમાલા પુષ્પ ૩૩૫. વર્ધમાનસૂરિ, વિક્રમસંવત, ૧૦૮૦માં જાવાલિપુરમાં હરિભદ્રસૂરિના અષ્ટક પ્રકરણ પર વૃત્તિ રચનાર, તથા ગુજરાતની પ્રાચીન રાજધાની પાટણમાં દુર્લભરાજની રાજસભામાં ચૈત્યવાસીઓ પર વિજય મેળવી વસતિવાસ સ્થાપન કરનાર જિનેશ્વરસૂરીના અને સં. ૧૦૮૦માં પંચગ્રંથી (વ્યાકરણ) વગેરે રચનાર બુદ્ધિસાગરસૂરિના ગુરુ હતા. એ રીતે નવાંગીવૃત્તિકાર અભયદેવસૂરિના દાદાગુરુ ગણાય.

**(૨) ટીકા સુખસંબોધની મુનિચંદ્રસૂરિ**

અહિં જેનો અનુવાદ પ્રકાશિત થાય છે, તે ઉપદેશપદોનાં વિવરણના અંતમાં 'સુખ સંબોધની' ટીકા તરીકે જણાવેલ છે, તેના પ્રારંભમાં સ્પષ્ટ નામ - નિર્દેશ વિના જે ગહન વૃત્તિનું સૂચન કર્યું છે, તે ઉપર્યુક્ત વર્ધમાનસૂરિની વૃત્તિને ઉદ્દેશીને જણાય છે -

"पूर्वैर्यद्यपि कल्पितेह गहना वृत्तिः समस्त्यल्पधीः,
कोकः कालबलेन तां स्फुटतया बोद्धुं यतो न क्षमः ।
तत् तस्योपकृतिं विधातुमनघां स्वस्यापि तत्त्वानुगां,
प्रीतिं संततनितुं स्वबोधवचनो यत्नोऽयमास्थीयते ॥"

આ ટીકામાં મૂળ પ્રાકૃતની સંસ્કૃતમાં વ્યાખ્યા કર્યા પછી કથાઓ બહુધા પ્રાકૃતમાં ગાથાબદ્ધ શબ્દાલંકારો અને અર્થાલંકારોથી સુસમૃદ્ધ રચી છે.

અંતમાં આ 'સુખસંબોધની' ટીકાનું શ્લોક - પ્રમાણ લગભગ સાડાતેર હજારનું (મૂળ સાથે ૧૪૫૫૦) જણાવ્યું છે, તેની રચના સંવત ૧૧૭૪માં સૂચવી છે. રચનાનો પ્રારંભ નાગરપુર (નાગોર)માં ને સમાપ્તિ અણહિલ્લપાટક (પાટણ)માં સ્પષ્ટ જણાવેલ છે. અંતિમ પ્રશસ્તિમાં વિવરણકારે પોતાને **બૃહદ્ગચ્છના સર્વદેવસૂરિ**થી થયેલા ૮ આચાર્યોમાંના **યશોભદ્રસૂરિ** અને **નેમિચંદ્રસૂરિ**ના, તથા **વિનયચંદ્ર** અધ્યપાકનો ઉલ્લેખકરી પોતાને તેમના અનુયાયી જણાવ્યા છે. આ વિસ્તૃત વિવરણ રચવામાં સહાયતા કરનારા પોતાના શિષ્ય **રામચંદ્રગણિ**નો, તથા અન્ય શિષ્યોનો કૃતજ્ઞતાથી નિર્દેશ કર્યો છે, તથા પ્રથમ આદર્શ પુસ્તક લખનાર, શુદ્ધિ, અશુદ્ધિ જાણનાર, સતત ઉપયુક્ત વિપ્ર કેશવનો પણ ઉલ્લેખ કર્યો છે.

સંસ્કૃત-પ્રાકૃત ભાષાના પ્રૌઢ વિદ્વાન વિશિષ્ટ કવિ **મુનિચંદ્રસૂરિ**, ગુજરાતના એક વિશિષ્ટ વિભૂતિરૂપ થઈ ગયા. તેમનું જન્મસ્થાન દબ્ભનયરી-દબ્ભવઈ-દર્ભાવતી (ડભોઈ) હતું, તેમનું કુલ - પિતાનું નામ **ચિંતય(ક)** જણાય છે. તેમની માતાનું નામ **મહણ્ધિયા (મોંઘી)** જણાય છે. તેમનો સ્વર્ગવાસ સં. ૧૧૭૮ કાર્તિક વદિ ૫ જણાય છે. **પાટણ**માં સિદ્દરાજ જયસિંહની રાજસભામાં દિ. વાદી કુમુદચંદ્રને વાદમાં પરાસ્ત કરી વિજય મેળવનારા તથા પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર **સ્વાદવાદરત્નાકર** જેવા અનુપમ વિશિષ્ટ ગ્રન્થ રચનારા વાદી **દેવસૂરિ** જેવા અનેક પ્રતિભાશાલી વિદ્વાન શિષ્યો આ મુનિચંદ્રસૂરિના હતા.

રત્નાકરાવતારિકા, ઉપદેશમાલા - વૃત્તિ (દોઘટ્ટી), **નેમિનાથચરિત**(પ્રા.) વગેરે રચનારા રત્નપ્રભસૂરિ જેવા અનેક વિદ્વાન કવિઓ તેમના પ્રશિષ્યો હતા.

પ્રાકૃતભાષામાં મુનિચંદ્રસૂરિની સ્તુતિ, તથા મુનિચંદ્રસૂરિનો વિરહ, જે તેમના શિષ્ય દેવસૂરિજીની કૃતિ પાટણના સઘળીપાડાના ભંડારમાં છે, જેના આદિ -અંતનો ઉલ્લેખ અમે પાટણ જૈનભંડાર - ગ્રન્થસૂચી (ગા.ઓ.સિ.૭૬, પૃ. ૧૩૪)માં કર્યો છે.

**દેવસૂરિએ મુનિચંદ્રસૂરિ** ગુરુનો વિરહ વિલાપ, જે પ્રાકૃતભાષામાં ૫૫ ગાથામાં રચ્યો હતો, તેમાં તેમના ગુણોનું સંસ્મરણ છે, તેની ૨૬મી ગાથામાં તેમના કુલનું (પિતાનું), ૨૭મી ગાથામાં માતાનું, ૨૮મી ગાથામાં જન્મ - નગરીનું., ૨૯મી - ૩૦મી ગાથામાં ગુરુઓનું, તથા ૩૧માં ગાથામાં ગુરુબંધુઓનું આ પ્રમાણે સ્મરણ છે—

"ભવ્યજીવરૂપી કમલોના બાંધવા ! સૂર્ય ! ઉદયાચલના શિખર જેવું, તે **ચિંતય** (ચિંતક પિતા ?) નું કુલ, જગતમાં જયવંત રહો જેમાં અંધકારને હરનારા તેમ ઉત્પન્ન થયા. તે **મહગ્ઘિયા** (મોંઘી), ચરમસમુદ્રની વેલા જેવી સાચી રીતે મહગ્ઘિયા-મહામૂલ્યવાળી કહી શકાય, જેના ઉદરરૂપ છીપસંપુટને વિશે મોતી-મણિ જેવા તમે સ્ફુરાયમાન થયા. તે **દબ્ભનગરી** (દર્ભાવિતી-ડભોઈ) સદા નગરોમાં શેખરપણાને ધારણ કરો કે, હે પુરુષશેખર ! જે નગરીમાં તમારો **જન્મદિન** મહોત્સવ થયો. તે **યશોભદ્રસૂરિ**, નિર્મલ યશ અને ભદ્ર પામ્યા, હે નાથ ! જેમણે તમને શિષ્ય તરીકે પ્રાપ્ત કર્યા વિંધ્યાચલ જેવા **શ્રી વિનયચંદ્ર** અધ્યાપકના ચરણો જયવંતો વર્તો, જેમને વિષે ભદ્ર ગજકલભની જેમ તમારી લીલા થઈ હતી. જગમાં પ્રખ્યાત **આનંદસૂરિ** વગેરે તમારા બાંધવો જયવંતા વર્તો, જેમને તમે દિક્ષીત કર્યા, શિક્ષિત કર્યા અને સૂરિઓ [1]કર્યા.'

કાર્તિક માસની તે કૃષ્ણપંચમી, ખરેખર કૃષ્ણ જ થઈ, જે તિથિએ સૂર્ય જેમ ક્ષેત્રાન્તરમાં આશ્રિત થાય, તેમ હે સૂરિજી ! તમે સ્વર્ગમાં આશ્રિત થયા. સં ૧૧૭૮ સંવત્સરના હે પાપી કાલ! તારા પર કાલ પડો, કે તેં મુનિરત્નને યશઃ શેષ [2]કર્યું."

મુનિચંદ્રસૂરિએ ઘણાં કુલકો, પંચાશત્, સપ્તતિ, શતકો વગેરેની રચના કરી હતી,

૧ "तं जयउ चिंतयकुलं, जयम्मि सिरिउदयसेलसिंहरं व ।
भव्वजिय-कमलबंधव ! जम्मि तुमं तमहरो जाओ ॥२६॥
सच्चं महग्घिया सा, महग्घिया चरमजा हेवेल व्व ।
मोत्तियमणि व्व जीए, तं फु रिउ उद्ध-सिप्पिउडे ॥२७॥
सा दब्भनयरी नयर-सेहरत्तं सया समुव्वहउ ।
जीए तुह पुरिससेहर ! जम्भदिणमहामहो जाओ ॥२८॥
जसभद्दो सो सूरी, जसं च भद्दं च निम्मलं पत्तो ।
चिंतामणि व्व जेणं, उवलद्धो नाह ! तं सीसो ॥२९॥
सिरिविणयचंद-अज्झावयस्स पाया जयंतु विंझस्स ।
जेसु तुह आसि लीला, गयकलहस्सेव भद्दस्स ॥३०॥
आणंदसूरि -पमुहा, जयंतु तुह बंधवा जयप्पयडा ।
जेतुमए दिक्खविया, सिक्खविया सूरिणो य कया ॥३१॥"

२. "सच्चं सा कसिण च्चिय, कत्तियमासस्स पंचमी कसिणा ।
खेत्तंतरं व सूरो, जीए तं सग्गमल्लीणो ॥
एगारस अट्ठुत्तर, संवच्छरकाल ! पडउ तुह कालो ।
जससेसं जेण तए, तं मुणिरयणं कयं पाव ! ॥

— પ્રાકૃત - સંસ્કૃતાદિભાષામય એકોનપંચાશત્ પ્રકરણમય **પ્રકરણસમુચ્ચય**-પત્ર ૪૭ માલવ - દેશીયરત્નપુરીસ્થા (પ્ર. શ્રેષ્ઠિ ઋષભદેવજી કેશરીમલજી સંસ્થા સંવત ૧૯૮૦) - દેવસૂરિકૃત મુનિચંદ્રસૂરિ-ગુરુ-વિરહ વિલાપ (૨૫ ગાથાની અપભ્રંશ મુનિચંદ્રાચાર્ય - સ્તુતિ પછી) તેમાંના કેટલાકના આદ્યન્ત ઉલ્લેખો અમે **પાટણ** જૈન ભંડાર ગ્રન્થસૂચી (ગ્રા. ઓ. સિ. નં. ૭૬)માં કર્યા છે. જેસલમેર ગ્રંથભંડારસૂચીમાં અપ્રસિદ્ધ ગ્રન્થ - ગ્રન્થકૃત્પરિચય પૃ. ૨૫માં વૃત્તિયો, પંજિકાઓ, સપ્તતિયો વગેરેનું સૂચન કર્યું છે.

મુનિચંદ્રસૂરિના પ્રશિષ્ય રત્નપ્રભસૂરિએ પ્રાકૃતમાં રચેલ, વિક્રમ સંવત ૧૨૩૩માં અણહિલ્લનગર (પાટણ)માં વીરભવનમાં સમાપ્ત કરેલ નેમિચરિતના અંતમાં **વડગચ્છનો** ઉલ્લેખ કર્યા પછી પોતાના દાદાગુરુ **મુનિચંદ્રસૂરિ**નો પરિચય કરાવ્યો છે.—

"તે **વડગચ્છ** (બૃહદ્ગચ્છ)માં, આહ્લાદ આપનાર, અમૃતમય, કુવલય (કુમુદ, ભૂમંડલ)ને આનંદ આપનાર પૂર્ણિમાના ચંદ્ર જેવા **શ્રી મુનિચંદ્ર** મુનીન્દ્ર થઈ ગયા. જે પ્રમાદથી કલુષિત જલવાળા, પોતાના ગચ્છ સરોવરમાંથી નીકળી ગયા, પાત્ર (સુયોગ્ય) પરિવારથી યુક્ત થઈ જેમણે યશ -સુગંધ સમૂહથી ભુવનને ભરી દીધું હતું. આરંભ કરેલાં શુદ્ધ ધર્મનાં રમ્ય અનુષ્ઠા રૂપી સુંદર મકરંદવાળા પદ્મ (કમળ) જેવા જેમને કોણે મસ્તક ઉપર ધર્યા નહતા ?

જેમણે પોતાના મતિ૦મહાત્મ્યથી "કમ્મપયડી" (કર્મપ્રકૃતિ)ને પાર કરીને, વિવરણ કરીને વિદ્વાનોને સુગમ પદાર્થવાળી કરી હતી. તેમજ જેમણે **અનેકાન્તજયપતાકા, ઉપદેશપદો, શાસ્ત્રવાર્તા** (સમુચ્ચય), **સાર્ધશતક, ધર્મબિન્દુ** વગેરે ગ્રંથોનાં વિવરણો કર્યાં હતાં.

તેમના શિષ્યોમાં શ્રેષ્ઠ, જેમનો યશ દશે દિશામાં ફેલાયેલો છે, તેવા **શ્રીદેવસૂરિએ** સૂરિપદને ચિરકાલ સુધી અલંકૃત કર્યું હતું.[૧]"

१ "सुमहे देउ पवित्तो, अमयमओ, विहियकुवलयाणंदो ।
सिरिमुणिचंदमुणिंदो, पव्वणचंदो व्व तत्थासि ॥
नियगच्छसराउ पमायंपकिलजलाउ नीहरिओ ।
पत्तपरिवारजुत्तो, जस-परिमल-भरभरिय भुवणो ॥
आरद्ध-सुद्ध-धम्म-रम्मणुट्ठाण-लट्ठ-मयरंदो ।
जो केण पउमो व्व मत्थयए एत्थ न हु धरिओ ? ॥
नियमइमाहप्पाउ पारिकाऊण विवरिऊणेव ।
जेण विउसाण विहिया, कम्मपयडी सुपयत्था ॥
णेगंतजपडाया उवएसपयाणि सत्थवत्ताउ ।
सड्ढसयग-धम्मबिंदुभयाइणो विवरिया जेण ॥
सिरिदेवसूरिसुगुरूहिं तस्स सीसाहिएहिं सूरिपयं ।
दसदिसिपसरियजसभरेहिं तमलंकियं सुचिरं ॥"

— પાટણ પ્રાચીન જૈન ભંડાર-ગ્રન્થસૂચી (ગા.ઓ.સિ.નં. ૭૬, પૃ. ૨૫૧)

— જેસલમેર ગ્રન્થભંડારસૂચી (ગા.ઓ.સિ.૫૩. ૩૫-૩૬)માં અમે **અનેકાત-જયપતાકા-ટિપ્પન**ની સં. ૧૧૭૧ની પ્રાચીન **પ્રતિનો**, તથા **ધર્મબિન્દુ - વૃત્તિ**ની તાડપત્રીય પ્રતિનો નિર્દેશ કર્યો છે. તપાગચ્છના મુનિસુંદરસૂરિએ સંવત ૧૪૬૬માં રચેલી સંસ્કૃત ગુર્વાવલીમાં એને અનુસરતું, થોડી વિશેષતા સાથે આવા આશયનું જણાવ્યું છું —

"૩૯માં **સર્વદેવ** ગુરુ થયા, તેમનાથી દિગ્ગજની ઉપમા અપાય તેવા આઠ સૂરીશ્વરો થયા પહેલા **યશોભદ્રગુરુ,.** તથા બીજા **નેમિચંદ્રસૂરિ** (૪૦) થયા. તે બંનેથી **મુનિચંદ્રસૂરિ** (૪૧) થયા, જેમણે પોતાની **બુદ્ધિથી** બૃહસ્પતિને પરાસ્ત કર્યા હતા. કહ્યું છે કે - 'તે નેમિચંદ્ર ગુરુએ ગુરુબંધુ **વિનયચંદ્ર** અધ્યાપકના શિષ્યને જેમને ગણનાથ કર્યા હતા, તે **મુનિચંદ્રસૂરિ** ગુરુ જયવંત વર્તે છે.' ભુવનોત્તમ ચિન્તામણિ જેવા જે શિષ્યને પ્રાપ્ત કરી યશોભદ્ર ગણાધિપેયશ અને ભદ્ર પ્રાપ્ત કરેલ છે. **શ્રીવિનયચંદ્ર** વાચકરૂપ વિન્ધ્યગિરિના તે પાદો (ચરણો) જયવંતા વર્તો, જેમને વિષે **શ્રીમુનિચંદ્રે** ભદ્રગજકલભની લીલા ધારણ કરી હતી.

શુદ્ધ ચારિત્રીઓમાં રેખા પ્રાપ્ત કરનાર, જૈનાગમ-સાગરથી જેમણે બુદ્ધિને સ્વચ્છ કરી હતી. વિધિજ્ઞ જેમણે, તે એક પાણી પીવાથી "સૌવીરપાયી" એવું બિરુદ ધારણ કર્યું હતું. દેહને વિષે પણ સદા નિર્મમ સંવિગ્ન - શિરોમણિ એવા જેમણે સમસ્ત વિકૃતિયોને તજી હતી. વિદ્વાન શિષ્યોરૂપી ભમરાઓથી જેમનો પ્રભાવ પ્રસર્યો છે, પ્રભા અને ગુણસમૂહોથી જે ગૌત્તમ સદૃશ છે. **શ્રીહરિભદ્રસૂરિએ** રચેલા **અનેકાન્તજયપતાકા** વગેરે ગ્રન્થ-પર્વતો, જે હાલમાં વિબુધોને પણ દુર્ગમ છે, વિશ્વહિતની બુદ્ધિથી જે ભગવંતે તે સર્વને શ્રેષ્ઠ પંજિકા વગેરે પાજની રચના કરી, મંદબુદ્ધિવાળાઓને પણ સુગમ કર્યા છે. છ તર્ક (દર્શનો)ના પરિતર્ક-ક્રીડામાં રસિક એવા જેમણે પ્રજ્ઞાવડે બૃહસ્પતિને નીચા બનાવનાર શૈવવાદીશ્વરને રાજસભામાં વિદ્વાનોની સમક્ષ ઉગ્રહેતુ-બાણો વડે જિતીને શાસનને વિજયશ્રીનું પાત્ર કર્યું હતું, એવા આ **મુનિચંદ્રસૂરિ સુગુરૂ કયા બુદ્ધિશાલીઓને વંદન કરવા યોગ્ય નથી ?** આ લોકમાં, **આનંદસૂરિ** પ્રમુખ મુનીશ્વરો તેમના બંધુઓ, કયા મનુષ્યોથી પ્રશંસા કરવા યોગ્ય નથી ? જેમને **મુનિચંદ્રસૂરિએ** દિક્ષીત કર્યા, શિક્ષિત કર્યા અને સૂરિપદેજે પ્રતિષ્ઠિત કર્યા હતા. વિક્રમસંવત **૧૧૭૮**માં ભગવાન્ **મુનિચંદ્ર** મુનીન્દ્ર દિવંગત થયા, તે સંઘને ભદ્રો આપો."

—મુનિચંદ્રસૂરિએ સં. ૧૪૬૬માં રચેલી સંસ્કૃત ગુર્વાવલલી
ય.વિ.જૈન ગ્રન્થમાલા નં. ૪, શ્લો. ૬૧ થી ૭૨ નો ભાવાર્થ.

પ્રસ્તુત સવિવરણ **ઉપદેશપદનો** વિષયાનુક્રમ આ સાથે દર્શાવ્યો છે, તેથી અહિં તેનું સૂચન કર્યું નથી. મનુષ્યભવની દુર્લભતાનાં દસ દ્રષ્ટાંતો, ઔત્પત્તિકી, વૈન.યિકી, કર્મન્ન (કાર્મિકી) અને પારિણામિકી એ ચાર પ્રકારની બુદ્ધિ સંબંધનાં દ્રષ્ટાંતો, તથા રતિસુંદરી, ઋદ્ધિસુંદરી, બુદ્ધિસુંદરી અને ગુણસુંદરીએ કેવી રીતે શીલની રક્ષા કરી ? એ વગેરે ઘણા બોધ લેવા લાયક વિચારોથી ભરેલાં ઉદાહરણો આ ગ્રંથ વાંચવા - વિચારવાથી જણાશે. આ અનુવાદ પ્રકાશિત થતાં ઘણા વ્યાખ્યાતાઓ **ઉપદેશપદ** મહાન ગ્રન્થ વ્યાખ્યાનમાં વાંચવા, શ્રોતાઓને સંભળાવવા પણ પ્રેરાશે - એવી આશા છે.

પ્રસ્તુત **ઉપદેશપદ** (મૂળ) વડોદરાની **શ્રીમુક્તિ**-કમલ-જૈન-મોહનલાલના ૧૯મા, ૨૦મા પુષ્પ તરીકે બે ભાગમાં સંવત્ ૧૯૭૯ નએ ૧૯૮૧માં **શ્રીમુનિચંદ્રસૂરિ**ના વિવરણ સાથે પોથી-પ્રતાકારના રૂપમાં પ્રકાશિત થયેલ છે. જેના સંપાદક સ્વ. આ **શ્રી વિજમોહનસૂરિજીના** શિષ્ય પં. **પ્રતાપવિજય** ગણિ (વર્તમાનમાં આચાર્ય **શ્રી વિજયપ્રતાપસૂરિજી**) તરીકે પ્રસિદ્ધ છે. ત્યાં સંસ્કૃતમાં કિંચિદ્ વક્તવ્યમાં તથા વિષયાનુંક્રમમાં ઘણું સૂચવ્યું છે. એ મુદ્રિત પુસ્તકના આધારે આ ગુજરાતી અનુવાદ, સદ્ગત આગમોદ્ધારક પૂ. આ. **શ્રીઆનન્દસાગરસૂરિજી**ના યશસ્વી સુશિષ્યરત્ન આ. **શ્રીહેમસાગરસૂરીજીએ** ગતવર્ષમાં કર્યો હતો. તે અનુવાદનાં કાઉન આઠપેજી પૃ. ૬૦૮ પ્રકાશિત થઈ ગયાં છે, ગ્રંથનું કદ બહુ વધી ન જાય, તે માટે પ્રસ્તાવનાને પણ મર્યાદિત રૂપમાં જ લખવાની છે, આથી પણ વાચકો સંતોષ માનશે.

આ **ઉપદેશપદ**નું એક ભાષાન્તર નાગરિલીપીમાં સંવત ૧૯૬૫માં, **પાલીતાણા**માં જૈન ધર્મ વિદ્યાપ્રસારક વર્ગ તરફથી પ્રકાશિત થયું હતું,તેનો પ્રથમ ભાગ મારા જોવામાં આવેલ છે, જે શેઠ વસનજી ત્રિકમજી જે. પી. ગ્રંથમાલાના ૧૦મા મણકા તરીકે તેમની આર્થિક સહાયતા હોવાથી તેમના જીવન - ચરિત્ર ફોટા સાથે છપાયેલ છે, બીજો ભાગ જોયો નથી, છપાયેલ ગ્રન્થ પણ અલભ્ય પ્રાય છે. તેમાં ભાષાંતરકારે **મુનિચંદ્રસૂરિ**નું વિવરણ હોવા છતાં તેમનું નામ દર્શાવ્યું નથી, હરિભદ્રસૂરિની જ રચના સમજ્યા જણાય છે. ત્યાં પ્રસ્તાવનાં મૂળ ગ્રન્થની ગાથાઓને પ્રાકૃતને બદલે માગધી જણાવી છે. તથા વૃત્તિના શ્લોકને મૂળ ગ્રન્થકારનો જણાવ્યો છે.

અનુવાદક પૂજ્ય આચાર્ય **શ્રીહેમસાગરસૂરિજી**એ (૧) **સમરાદિત્ય મહાકથા** (શ્લો. ૧૦૦૦૦), (૨) **સવિવરણ યોગશાસ્ત્ર** (શ્લો. ૧૨૦૦૦), (૩) **ચોપન્ન મહાપુરુષ-ચરિત** (શ્લો. ૧૨૦૦૦), (૪) **પઉમચરિય** (પદ્મચરિત)-જૈન **મહારામાયણ** (શ્લો. ૧૦૦૦૦) પછી આ (૫) સવિવરણ **ઉપદેશપદ** (શ્લો. ૧૪૫૫૦)ના અનુવાદના સહસંપાદન શુભકાર્યમાં મને યશોભાગી બનાવ્યો છે - એ રીતે મને પણ અર્ધા-પોણા લાખ શ્લોકોના સ્વાધ્યાયની તક આપી - તે માટે હું અનુવાદક આચાર્યશ્રીનો અંતઃકરણથી આભાર માનું છું. સાવધાન રહેવા છતાં મંદમતિને લીધે, કે દ્રષ્ટિદોષથી કઈ સ્ખલના થઈ હોય, તો ક્ષન્તવ્ય ગણાશે.

— બે વર્ષ પહેલાં જૈન મહારામાયણનાં સહસંપાદન માટે બે મહિના મારે પાલીતાણામાં રોકાવું પડ્યું હતું, તેમ પ્રસ્તુત **ઉપદેશપદ** અનુવાદના સહસંપાદન માટે કેટલીક અગવડો વેઠીને પણ ચારેક મહિના મારે **પાલીતાણા**માં વસવાટ કરવો પડ્યો હતો. ત્યાંથી **વડોદરા** આવીને આ પ્રસ્તાવના પૂર્ણ કરું છું. આશા છે કે જિજ્ઞાસુ વાચકો અને ગ્રન્થ વાંચી - વિચારી જ્ઞેયને જાણી, હેયનો ત્યાગ કરી, ઉપાદેયને ગ્રહણ કરી, શાશ્વત સિદ્ધ પ્રાપ્ત કરવા શક્તિશાલી થાય - એ જ શુભેચ્છા.

સંવત ૨૦૨૮ જેઠ સુદ વ્વડીવાડી, રાવપુરા,
વડોદરા (ગુજરાત)

સદ્‌ગુણાનુરાગી
**લાલચંદ્ર ભગવાન ગાંધી**
(નિવૃત્ત "જૈન પંડિત" વડોદરા રાજ્ય)

## ઉપક્રમણિકા

**(લે.પ્રો. હીરાલાલ ર. કાપડીયા એમ એ.)**

(સંકેત સૂચી)

આ. દ. દી. -આર્હત દર્શન દિપીકા.

ઉ. - ઉત્તરા જ્ઝયણ.

ઉ. પ. - ઉવએસપય.

ઉ. મા.-ઉવએસમાલા.

ઋ. કે. શ્વે. સં. -ઋષભદેવ કેસરીમલ શ્વે. સંસ્થા.

જૈ. સ. પ્ર.-જૈન સત્ય પ્રકાશ.

દે. લા. જૈન પુ. ફં. -દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ.

૧ પત્તન. સૂચિ-પત્તનસ્થ જૈન ભાંડાગારીય ગ્રન્થસૂચી.

પ્ર. સ. -પ્રકરણસમુચ્ચય.

ભાં. પ્રા. વિ. સં. મં.-ભાંડારકર પ્રાચ્ય વિદ્યા

ગા. પૌ. ગ્રં. - ગાયકવાડ પૌર્વાત્ય ગ્રન્થમાળા. સંશોધન મંદિર.
ગુ.વિ.-ગુરુવિરહવિલાવ.
જિ. ર. કો-જિનરત્નકોશ.
જૈ. આ. સ.-જૈન આત્માનન્દ સભા.
જૈ. ગં.-જૈન ગ્રન્થાવલી.
જૈ. સા. સં. ઈ.-જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ
જૈ. ધ. પ્ર.-જૈન ધર્મ પ્રકાશ.
મુ. ક. મો. મા. - મુક્તિકમલ જૈન મોહનલાલ.
વિ.-વિવરણ.
સું. સં.-સુખ સંબોધની.
શ્રી હરિ.-શ્રીહરિભદ્રસૂરિ.
D. C. G. C. M.,-Descriptive catoluge of the government Collections of Manuscripts.

**જૈન સાહિત્ય. અને ધર્મકથાનુયોગ –** સમગ્ર વિશ્વ સાહિત્યના એક અંગરૂપ જૈન સાહિત્યે એની વિવિધતા, વિપુલતા અને વરેણ્યતાને લઈને દેશ-વિદેશમાં ગૌરવાંકિત સ્થાન પ્રાપ્ત કર્યું છે. એ ભિન્ન ભિન્ન ભાષાઓમાં રચાએલું છે અને આજે પણ રચાય છે. એ સમગ્ર સાહિત્ય નિમ્ન લિખિત ચાર અનુયોગ સાથે સંબંધ ધરાવે છે.

૧. ચરણકરણ, ૨ દ્રવ્ય, ૩ ગણિત અને ૪ ધર્મકથા.

આ અનુયોગો પૈકી પ્રત્યેકને લક્ષીને ન્યૂનાધિક પ્રમાણમાં વિશિષ્ટ ગ્રન્થો રચાયા છે. એ સૌમાં કથાત્મક કૃતિઓ બાળજીવોને પણ ગ્રાહ્ય હોવાથી એનો પ્રચાર વિશેષ થયો છે. અને થાય છે. કથાઓ અનેકવિધ બોધપાઠો પૂરા પાડે છે. આથી તો ઔપદેશિક સાહિત્યમાં પણ કથાઓને સ્થાન અપાયું છે.

**ઔપદેશિક સાહિત્ય અને ઉવએસપય–** જૈન સાહિત્યના દાર્શનિક, ઔપદેશિક, વૈજ્ઞાનિક, આ ચાર પ્રધાન ઈત્યાદિ ભિન્ન ભિન્ન વર્ગો પડાય છે. પ્રસ્તુતમાં આપણે ઔપદેશિક સાહિત્યનો વિચાર કરીશું. આ સંબંધમાં જૈન ગ્રન્થાવલીમાં "જૈન ઔપદેશિક" પૃ. ૧૬૮-૨૯૫માં એને અંગેની કૃતિઓની નોંધ લેવાઈ છે. એ સૌમાં **ધર્મદાસ** ગણિકૃત ઉવએસમાલા મહત્વનું સ્થાન ભોગવે છે. એના અનુકરણરૂપે સમભાવભાવી હરિભદ્રસૂરિએ પાઈય-પ્રાકૃતમાં ૧૦૩૯ પદ્યોમાં 'આર્યા'-છંદમાં [1]ઉવએસપય-ઉપદેશપદ રચ્યું છે- એમ જિનવિજયજીનું કહેવું છે. આ ઉ. [2]પ.માં હરિભદ્રસૂરિએ કેટલીકવાર પુરોગામીઓની કૃતિઓમાંથી પદ્યો વણી લીધા છે. દા. ત. ઉ. પની પાંચમી ગાથા ઉત્તરજ્ઝયણની નિજ્જુત્તિની ૧૬૦ની ગાથા છે. ગા. ૩૯-૫૧એ નન્દીની ગા. ૫૯-૭૧ [3]છે. ગા. ૧૬૪ એ સમ્મઈપયરણના તૃતીય કાંડની ૫૩મી ગાથા છે. વિશેષમાં પ્રસ્તુત અનુવાદમાં સંગ્રહગાથા અને સંગ્રહગાથા - અક્ષરાર્થ એવા ઉલ્લેખ છે. તે ઉપરથી એમ લાગે છે કે મુનિચંદ્રસૂરિને મતે એને લગતી ગાથાઓ સંગ્રહાત્મક છે :- 'સંગ્રહ ગાથા' રૂપ ઉલ્લખ નિમ્ન લિખિત પૃષ્ઠોમાં છે : ૬, ૩૦-૩૨, ૩૪, ૪૦, ૪૪, ૪૫, [4]૫૨, ૬૫,૨૦૨ ? ૨૨૨, ૨૭૫, ૨૯૨, ૩૪૬, ૪૯૦, 'સંગ્રહગાથા - અક્ષરાર્થ' તરીકેના ઉલ્લેખોને લગતા પૃષ્ટકો નીચે મુજબ છે : ૩૦, ૨૬૩, ૨૬૬, ૨૮૬, ૩૪૬. આ મજે સંગ્રહાત્મક ગાથાઓનો નિર્દેશ છે, તે સર્વેનાં મૂળ દર્શાવ્યાં નથી, તો હવે એ સંશોધનની સામગ્રી પૂરી પાડે છે.

મુખ્યતયા ધર્મકથાનુયોગાત્મક આ. ઉ. પ. ના પ્રારંભમાં મનુષ્યભવની દુર્લભતાનાં દશ દ્રષ્ટાંતો છે. ત્યારબાદ એમાં જૈન શાસ્ત્રોનો અભ્યાસ, અશ્રુતનિશ્રિત મતિજ્ઞાનના ચાર [5]પ્રકારો-ઔત્પત્તિકી, વૈનયિકી, કાર્મિકી અને પારિણામિકી બુદ્ધિનાં કારણો, બટુની પરીક્ષા, રોહિણી યો [6]પાંચ ફોતરાવાળા ડાંગરની કથા, મહાગિરી અને મૂકનાં વૃત્તાન્તો, કાર્ય-સિદ્ધિનાં પાંચ [7]કારણો, દ્રવ્યાજ્ઞા અને ભાવાજ્ઞા, મોહનું નિરૂપણ, ચૈત્યદ્રવ્ય, જીર્ણ શ્રેષ્ઠીની કથા, જિનધર્મ વગેરેનાં દ્રષ્ટાંત, ગુરુકુલવાસ, ઉપવાસ તેમ

જ ધાર્મિક શિક્ષણ લેવા - આપવાની પદ્ધતિ ઈત્યાદિ વિવિધ બાબતો રજૂ કરાઈ છે. વિશેષમાં ગા. ૫૯-૮૮૫માં વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થનું નિરૂપણ છે.

**વિવરણો** — ઉ. પ. ઉપર ત્રણેક વિવરણ રચાયાં છે. (૧) વર્ધમાનસૂરિએ વિ. સં. ૧૦૫૫માં સંસ્કૃતમાં રચેલી [૮]ટીકા. આ અપ્રકાશિત જણાય છે.

(૨) મુનિચંદ્રસૂરિએ પોતાના શિષ્ય [૯]રામચંદ્ર ગણિની સહાયતાથી **સુખસંબોધની** નામની સંસ્કૃતમાં વિ. સં. ૧૧૭૪માં રચેલી વિવૃત્તિ. એમાં અર્થદ્રષ્ટિએ ગહન એવી કોઈક વૃત્તિનો ઉલ્લેખ છે. તો તે શું ઉપર્યુક્ત ટીકા છે કે કેમ ? તે જાણવું બાકી રહે છે. આ [૧૦]વિવૃત્તિ પત્ર ૧ આમાં દ્વિતીય પદ્યમાં ઉ.પ. ને તત્ત્વામૃતનો સમુદ્ર અને સમસ્ત વિબુધો (દેવો અને સાક્ષરો)ને આનન્દજનક કહેલ છે. (૩) અજ્ઞાતકર્તૃક ટીકા આ કોઈ સ્થલેથી છપાયાનું જાણવામાં નથી.

**સારાંશ** — ન્યાયાચાર્ય યશોવિજય ગણિએ ઉ. પ. નો સારાંશ પાઈયમાં 'ઉવએશ રહસ્સં' નામના પોતાના ગ્રન્થમાં હૃદયંગમ રીતે આપ્યો છે.

**અનુવાદ** — ઉ. પ. તેમજ પ્રસ્તુત સુખસંબોધની નામની આ વિવૃત્તિના કાર્મિકી બુદ્ધી સુધીનાં પૃ. ૯૩ સુધીના ભાગનો કોઈકે ગુજરાતી [૧૧]અનુવાદ કર્યો છે.

**સૌવીરપાયી બૃહદ્ગચ્છીય મુનિચન્દ્રસૂરિ જીવન અને કવન સામગ્રી** - "સૌવીરપાયી" બૃહદ્ગચ્છીય મુનિચંદ્રસૂરિના જીવન વૃત્તાન્તની ન્યૂનાધિક સામગ્રી નિમ્ન લિખિત કૃતિઓમાં અપાઈ છે –

(૧) મુનિચંદ્રસૂરિ કૃત વિવરણોની પ્રશસ્તિઓ.[૧૨]

(૨) [૧૩]**મુનિચન્દ ચરિય થુઈ** – મુનિચન્દ્ર ચરિત્ર સ્તુતિ - આ પ્રસ્તુત મુનિચંદ્રસૂરિના વિબુધ વિનેય 'વાદિ' દેવસૂરીની અપભ્રંશમાં ૨૫ પદ્યોની રચના છે. (૩) [૧૪]**ગુરુવિરહ વિલાવ** – ગુરુ વિરહ વિલાપ. આ ઉપર્યુક્ત વાદિ દેવસૂરીએ પાઈયમાં ૫૫ પદ્યમાં રચ્યો છે. (૪) 'સહસ્ત્રાવધાની' મુનિસુન્દરસૂરિ કૃત [૧૫]**ગુર્વાવલી.** આનાં પદ્ય ૬૦-૭૯ અત્ર પ્રસ્તુત છે. (૫) જૈન ગ્રન્થાવલી પૃ. ૨૦૫-૨૦૬ ગત મુનિચંદ્ર સૂરિકૃત તેર કુલકોનાં નામ ઈત્યાદિ (૬) દેવિન્દ - નરઈન્દ - પયરણની [૧૬]પ્રસ્તાવના. (૭) પં. બેચરદાસનો [૧૭]લેખ નામે "**મુનિચંદ્રસૂરિ** અને વાદિ દેવસૂરિકૃત શ્રી મુનિચંદ્રગુરુસ્તુતિ. (૮) સુખસંબોધની ટીકા સહિત શ્રી ઉપદેશ પદ મહાગ્રન્થ (ભાર. ૨)નું કિંચિત્ વક્તવ્ય, જે વિ. સં. ૧૯૮૧માં લખાયું છે. (૯) [૧૮]જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ પૃ. ૨૪૧, ૨૪૩. આના લેખ સ્વ. મોહનલાલ દલીચંદ દેસાઈ છે. (૧૦) D, C, G, M, CV, XVII-XIX.

આ વર્ણનાત્મક સૂચિપત્ર મારા હાથે સને ૧૯૩૦ થી ૧૯૩૬માં તૈયાર થયું છે. એમાં [૧૯]ખંડ ૧૮, પૃ. ૨૭૧-૨૭૪માં મુનિચંદ્રસૂરિની જીવનરેખા તેમ જ તેમના કૃતિ કલાપની નોંધ લીધી છે.

(૧૧) [૨૦]અનેકાન્ત જયપતાકા ખંડ ૧ નો મારો અંગ્રેજી ઉપોદ્ઘાત. (૧૨) [૨૧] જિનરત્નકોશ.

**જીવનરેખા**-માંની પાંચમી અને સાતમી સામગ્રી મારી સામે નથી. એથી એ સિવાયનીને લક્ષીને હું નીચે પ્રમાણે કેટલીક વિગતો રજૂ કરું છું.

**જન્મ**- મુનિચંદ્રસૂરિનો જન્મ દબ્ભનયરી (દર્ભાવતી નગરી)માં થયો હતો. જુઓ ગુ. વિ. પદ્ય ૨૮. એને લગતું વર્ષ કે એમનાં માતા-પિતાનાં નામ તેમ જ એમનાં સાંસારિક જીવન પૈકી એકે ય બાબત જાણવામાં નથી.

**દીક્ષા** – 'બૃહત્' યાને 'વડ' ગચ્છના સર્વદેવસૂરીને બે શિષ્યો યશોભદ્રસૂરિ અને [૨૨]નેમિચંદ્રસૂરિ હતા. એમાંથી કોઈ એક એમના દીક્ષાગુરુ હશે. એમણે લઘુવયે દીક્ષા લઈ અખંડ બ્રહ્મચર્ય પાળ્યું હતું.

વિનયચંદ્ર પાઠક એમના વિદ્યાગુરુ હતા. જુઓ આ ટીકાની પ્રશસ્તિ. નેમિચંદ્રસૂરિએ મુનિચંદ્રને 'સૂરિ' પદવી આપી હતી.

**પંડિત, વાદી ને તપસ્વી** – મુનિચંદ્રસૂરિને આ ત્રણે પ્રકારે પ્રસિદ્ધિ મળી હતી.

**બિરુદ** – તેઓ સદા સૌવીર અર્થાત્ કાંજી પીને રહેતા, આથી તેમને 'સૌવીરપાયી' તરીકે ઓળખાવાએલા છે. જુઓ ગુર્વાવલી શ્લો. ૬૬.

**વિહારભૂમિ** – મુનિચંદ્રસૂરિએ ગુજરાત-લાટદેશોમાં નાગપુર વગેરે નગરીઓમાં વિહાર કર્યો હતો.

**આજ્ઞાંકિત શ્રમણો અને શ્રમણીઓ** – તેમના આજ્ઞાવર્તી શ્રમણોની સંખ્યા પાંચસોની હતી, જ્યારે શ્રમણીની સંખ્યા જાણવામાં નથી, પરંતુ એ પણ મોટી હોવા સંભવ છે.

**સ્વર્ગવાસ** –મુનિચંદ્રસૂરિ વિ. સં. ૧૧૭૮માં પાટણમાં સ્વર્ગે સિધાવ્યા હતા. ગુ. વિ. શ્લો. ૭૨.

**પરિવાર** – મુનિચંદ્રસૂરિને [23]વાદિદેવસૂરિ તેમજ અજિતદેવસૂરિ નામના બે વિદ્વાન શિષ્યો હતા. તેમાં વાદિ દેવસૂરીના તાર્કિક વિનેય રત્નપ્રભસૂરિએ પોતાના ગુરુના ગ્રન્થ નામે **પ્રમાણનયતત્ત્વાલોક** ઉપર રત્નાકરાવતારિકા નામની વૃત્તિ અને ધર્મદાસગણિકૃત ઉ. મા. ઉપર 'દોઘટ્ટી' તરીકે નિર્દેશાએલી વિશેષવૃત્તિ રચી છે. વિશેષમાં અમેણે વિ. સં. ૧૨૩૩માં નેમિનાહચરિય [24]રચ્યું. છે. શતાર્થિક સોમપ્રભસૂરિ મુનિચંદ્રસરિના સંતાનીય થાય છે. મુનિચંદ્રસૂરિએ સતીર્થ્ય - ગુરુભાઈ આનન્દસૂરિને તેમ જ અન્ય સતીર્થ્ય [25]ચંદ્રપ્રભસૂરિને દીક્ષા આપી 'આચાર્ય' પદવીથી વિભૂષિત કર્યા હતા. મુનિચંદ્રસૂરિના તમામ શિષ્યોનાં નામ જાણવામાં નથી. એમને રામચંદ્ર ગણી ઉપરાંત શિષ્યો હતા - એમ આ વૃત્તિની પ્રશસ્તિના આઠમા પદ્ય ઉપરથી જણાય છે.

**કૃતિ-કલાપ**–મુનિચંદ્રસૂરિની વિવિધ કૃતિઓના બે પ્રકાર પાડી શકાય. પ્રથમ મૂળભૂત - મૌલિક કૃતિઓ અને દ્વિતીય પ્રકાર એમણે રચેલી વિવરણાત્મક કૃતિઓ પરત્વેનો છે. એમની મૌલિક કૃતિઓનાં નામ, પદ્યસંખ્યા, તેમજ તેને લગતાં પ્રકાશનો નીચે મુજબ છે.

| | **નામ** | **પદ્ય સંખ્યા** | **પ્રકાશન** |
|---|---|---|---|
| ૧. | [26]અંગુલ સત્તરિ-અંગુલ સપ્તતિ | ૭૦ | મહાવીર સભા |
| ૨ | અણુસાસણં [27]કુસ કુલય - અનુશાસનાંકુશ કુલક | ૨૫ | પ્રકરણસમુચ્ચય પત્ર ૩૦-૩૧ |
| ૩ | આવસ્સયસત્તરિ-આવશ્યક સપ્તતિ | | |
| ૪ | ઉપદેશ પંચાશિકા | ૫૦ | |
| ૫ | ઉપદેશામૃત કુલક (?) | ૨૫ | પ્ર. સ. પત્ર ૩૮-૪૦ |
| ૬ | ઉવએસામય કુલ-ઉપદેશામૃત કુલક | ૩૨ | પ્ર. સ. પત્ર ૩૮-૪૦ |
| ૭ | ઉવએસામય પંચવીસિયા -,, પંચવિંશતિકા | ૨૫ | પ્ર. સ. પત્ર ૨૮-૩૦ |
| ૮ | [28]કાલસયગ - કાલશતક | ૧૦૦(?) | |
| ૯ | [29]ગાહાકોશ-ગાથાકોશ | શ્લો. ૩૮૪ | |
| ૧૦ | જીવોવએસ પંચાસિયા - જીવોપદેશ પંચાશિકા | ૫૦ | -૨૨-૨૫ |
| ૧૧ | [30]તિત્થમાલા થવ -તીર્થમાલા સ્તવ | ૧૧૧ કે ૧૧૨ | |
| ૧૨ | દ્વાદશ વર્ગ | | |
| ૧૩ | ધમ્મોવએશ કુલય-ધર્મોપદેશ કુલક | ૨૫ | પ્ર. સ. પત્ર ૩૩-૩૪ |
| ૧૪ | " " " | ૩૩ | " " ૩૬-૩૮ |
| ૧૫ | [31]" " " | ૧૦ | " " ૪૦-૪૧ |
| ૧૬ | [32]પ્રશ્નાવલી | | |
| ૧૭ | પ્રાભાતિક જિનસ્તુતિ " " | ૪૯ | |
| ૧૮ | મંડલ વિચાર કુલક | | |

| | | | |
|---|---|---|---|
| ૧૯ | મોક્ષોપદેશ પંચાશિકા | ૫૧ | " ૧૯-૨૨ |
| ૨૦ | રયણત્તય કુલય-રત્નત્રય કુલક | ૩૧ | " ૪૧-૪૩ |
| ૨૧ | વણસ્યઈ સત્તરિ - વનસ્પતિ સપ્તતિ | ૭૦ | |
| ૨૨ | વિસય [૩૨]નિન્દા કુલય-વિષયનિન્દા કુલક | ૨૫ | |
| ૨૩ | [૩૪]શોકહરોપદેશ કુલક[૩૫] | | |
| ૨૪ | સમ્મત્તુવાય[૩૬] વિહિ - સમ્યક્ત્વોપાય વિધિ | ૨૯ | પ્ર. સ. પત્ર ૩૪-૩૬ |
| ૨૫ | સામણ્ણ ગુણોવએસ કુલય - [૩૭]સામાન્ય ગુણોપદેશ કુલક | | |
| ૨૬ | [૩૮]હિઓવએસ કુલય - હિતોપદેશ કુલક | ૨૫ | " ૩૧-૩૩ |
| ૨૭ | " " | ૨૫ | " ૨૭-૨૮ |

**વિવરણાત્મ કકૃતિઓ - મુનિચંદ્રસૂરિએ** જે જે કૃતિઓ ઉપર વિવરણો રચ્યાં છે, તેનાં તથા તેના પ્રણેતાનાં નામ, પ્રત્યેક વિવરણનું પરિણામ ને તેનું રચનાવર્ષ તેમજ તે ક્યાં પ્રકાશિત કરાએલ છે. તે બાબત યથાસાધન હું નીચે મુજબ દર્શાવું છું.

| | મૂળનામ | મૂળ પ્રણેતા | વિવરણ પરિમાણ | વિ. વર્ષ | પ્રકાશન |
|---|---|---|---|---|---|
| ૧ | [૩૯]અનેકાંત જયપતાકોદ્દ્યોત દીપિકા | હરિભદ્રસૂરિ | ૨૦૦૦ | ૧૧૭૨ | ગા. પૌ. ગ્રં. |
| ૨ | [૪૦]ઉવએસપય-ઉપદેશપદ | હરિભદ્રસૂરિ | ૧૪૦૦૦ | ૧૧૭૪ | મુ.ક.મો.માલા |
| ૩ | [૪૧]કમ્મપયડિ-કર્મ પ્રકૃતિ | શિવશર્મસૂરિ | ૧૯૨૦ | | અપ્રકાશિત |
| ૪ | [૪૨]દેવિન્દ્ર-નરઈન્દ પયરણ-દેવેન્દ્ર-નરકેન્દ્ર પ્રકરણ | | ૩૭૮ | ૧૧૬૮ | જૈ.આ.સ. |
| ૫ | ધર્મબિન્દુ | હરિભદ્રસૂરિ | ૩૦૦૦ | | " " |
| ૬ | યોગબિન્દુ[૪૩] | " | | | |
| ૭ | લલિતવિસ્તરા | " | ૪૮૨ | | દે. લા. પુ. ફંડ |
| ૮ | વણસ્સઈ સત્તરિ-વનસ્પતિ-સપ્તતિ | મુનિચંદ્રસૂરિ | અપ્રકાશિત | | |
| ૯ | સડ્ઢસયગ[૪૪]-સાર્ધશતક | જિનવલ્લભસૂરિ(?) | | ૧૧૭૦ | " |

આ નવ મૂળ કૃતિઓ પૈકી કૃતિ ૧, ૨, ૫, ૬ અને ૭ અને એનાં વિવરણનો પરિચય મેં શ્રી હરિ૦ માં આપ્યો છે.

ઉપર્યુક્ત કૃતિ-કલાપ જોતાં જણાશે કે, મુનિચંદ્રસૂરિનું સંસ્કૃત તેમ જ પાઈય એમ બંને ભાષાઓ ઉપર પ્રભુત્વ હતું. અમણે જે ૨૭ મૌલિક કૃતિઓ અને વિવરણાત્મક નવ કૃતિઓ રચ્યાનું [૪૫]મનાય છે. એ સર્વેના વિસ્તૃત પરિચય માટે અત્ર અવકાશ નથી. મૌલિક કૃતિઓ પૈકી પ્રથમ કૃતિ ગણિતને લગતી અને એમાં ઉત્સેધાંગુલ ઈત્યાદિ ત્રણ પ્રકારના અંગુલોનું વિવરણ છે.

કૃતિ ૨, ૪, ૭, ૧૦, ૧૩, ૧૫, ૧૯, ૨૨, ૨૩ અને ૨૫-૨૭ ઉપદેશાત્મક છે અને એ ૧૫ કૃતિઓ આત્મોન્નતિના અર્થી માટે માર્ગદર્શક છે.

ત્રીજી કૃતિમાં આવશ્યક ક્રિયાનું નિરૂપણ છે. અને એનો આધાર **મહાનિસીહ, કપ્પ વવહાર** વગેરે આગમો છે. આ કૃતિને 'પાક્ષિક સપ્તતિ' પણ કહે છે.

આઠમી અને નવમી કૃતિના વિષય સુનિશ્ચિત રૂપે જાણવામાં નથી. કૃતિ ૧૧ એ ૧૭ સ્તુતિ રૂપ છતે. બારમી કૃતિના વિષશયની તપાસ કરવી બાકી રહે છે. સોળમીમાં કેટલાક પ્રશ્નો હશે. અઢારમી કૃતિ જ્યોતિષ વિષયક છે અને એને આધારે વિનયકુશલે ૯૯ ગાથામાં મણ્ડલપયરણ વિ. સં. ૧૬૫૨માં

રચ્યું છે. શું મુનિચંદ્રીય કૃતિ પાઈયમાં છે ? ૨૦મી કૃતિમાં મોક્ષમાર્ગ માટેના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર રૂપ ત્રણ રત્નોનું નિરૂપણ છે.

૨૧મી કૃતિ વનસ્પતિશાસ્ત્ર અંગેની છે અને એ પણ્ણવણાને આધારે રચાઈ છે. ૨૪મી કૃતિ સમ્યક્ત્વ -પ્રાપ્તિનો ઉપાય સૂચવે છે.

નવ વિવરણો પૈકી પ્રથમ જૈન દર્શનના પ્રાણરૂપ સ્યાદ્વાદને અંગેનું છે. દ્વિતીય વિવરણનો પરિચય આગળ ઉપર મેં આપેલો છે. ત્રીજું અને નવમું વિવરણ કર્મ સિદ્ધાંત સંબંધી છે. ચતુર્થ વિવરણ સ્વર્ગ એ નરક સાથે સબંધ ધરાવે છે. પાંચમું વિવરણ મુખ્યત્વે ચરણ - કરણાનુયોગદને લગતું છે. એ ગૃહસ્થ - શ્રાવકોને પણ માર્ગદર્શક છે. છઠ્ઠું વિવરણ અધ્યાત્મને લાગતું છે. સાતમું વિવરણ મુખ્યત્વે શક્રસ્તવને લગતી ટીકાના સ્પષ્ટીકરણ રૂપ છે. આઠમું વિવરણ જો ખરેખર રચાયું હોય તો તે વનસ્પતિશાસ્ત્ર વિષયક છે.

**પરિચય** — ઉ. પ. ઉપર[૪૬]સુખસંબોધની નામની વિવૃત્તિ **મુનિચંદ્રસૂરિએ** વિ. સં. ૧૧૭૪માં ચૌદ હજાર શ્લોક-પ્રમાણ મુખ્યતયા સંસ્કૃતમાં રચેલ આ [૪૭]વિવરણ [૪૮]વિવૃત્તિનું નામ છે. આ વિવરણ લખવાની શરૂઆત નાગપુરમાં અને પૂર્ણાહૂતિ "અણ-હિલ્લપાટક"-પાટણમાં કરાઈ હતી. [૪૯]એના પ્રારંભમાં મંગલ મંગલાચરણાદિ રૂપે ત્રણ પદ્યો છે, તો અંતમાં પ્રશસ્તિ તરીકે નવ પદ્યો છે. મૂળગત ગાથાઓનો ગદ્યમાં અપાયો છે. તે ઉપરાંત કેટલીકવાર એનો ભાવાર્થ પણ ગદ્યમાં રજૂ કરાયો છે.

**મુલ્યાંકન**—સુ. સં. ટીકાનું મૂલ્યાંકન હવે પછીની જે મહત્વપૂર્ણ વિગતો રજૂ કરું છું, તેનાં શીર્ષકો જોવાથી અંશતઃ તો સમજાશે.

**ઉદાહરણો - કથાઓ** — ઉ. પ. માં અનેક સ્થળે ઉપદેશને સચોટ બનાવવાના હેતુથી દ્રાષ્ટાંન્તિકોનો ઉલ્લેખ કરાયો છે. એનું સ્પષ્ટીકરણ આ ટીકામાં સારી રીતે કરાયું છે. એથી એ ઉહાહરણનો - કથાઓનો ભંડાર બનેલ છે. બુદ્ધિના ચાર પ્રકારોને લગતાં ૨૯+૧૯+૧૨+૨૩=૮૩ ઉદાહરણો સંબંધી [૫૦]કથાઓથી સુ. સં.નો મોટો ભાગ રોકાયો છે. ઔત્પાત્તિકી બુદ્ધિના આઠમાં દ્વાર પછી એક કોયડો છે.

કથાઓ પ્રસંગાનુસાર પાઈઅ અને સંસ્કૃત એમ બે ભાષા પૈકી ગમે તે એકમાં અને તે પણ ગદ્ય કે પદ્યરૂપે અપાઈ છે. મોટે ભાગે કથાઓ પદ્યમાં છે, એ સહુમાં પાઈયમાં રચેલી બ્રહ્મદત્તની કથા સૌથી મોટી છે. એમાં ૫૦૫ પદ્યો છે. પૃ. ૨૯૪-૨૯૯માં આગળ ઉપર એ જ બ્રહ્મદત્તની કથા સૌથી એના પૂર્વભવોને ઉદ્દેશીને પણ અપાઈ છે. શંખ-કલાવતીનું નિદર્શન ૪૫૧ પાઈઅ પદ્યોમાં છે. તો શુકના ઉદાહરણને અંગે ૩૮૨ પદ્યો પાઈયમાં છે. રત્નશિખનું કથાનક પાઈય-ગદ્યમાં છે. એના અંતમાનાં થોડાંક પદ્યો જિનેશ્વરની સ્તુતિરૂપ છે.

સંસ્કૃત કથાઓ પાઈયના હિસાબે ઘણી થોડી છે.

બે પુત્રોની કથા, [૫૧]**ગોવિન્દ** વાચકોના વૃત્તાન્ત તેમજ વસુદેવનું ઉદાહરણ સંસ્કૃતમાં પદ્યરૂપે નિર્દેશાએલ છે.

દશ દ્રષ્ટાંત પૈકી પાંચમા 'નષ્ટ' રત્નનું તેમ જ પૂરમાણુ - સ્તંભ અંગેનું દ્રષ્ટાંત આવસયની ચુણ્ણિમાં જુદી રીતે અપાયું છે. એ પણ અત્રે રજુ કરાયું છે. જુઓ અનુક્રમે પૃ. ૩૬ એ ૪૬. આમ કેટલીક વખત કોઈ કોઈ કથા અન્યત્ર ભિન્ન સ્વરૂપે જે આલેખાયેલી જણાઈ, તેને પણ આ વિવૃત્તિમાં સ્થાન આપ્યું છે. ક્ષુલ્લક-કથા વિચારણીય જણાય છે. પૃ. ૩૬૫માં કથામાં કથા અને ૩૮૨ આખ્યાન[૫૨] છે.

### ઉ. પ. ઉપક્રમણિકાની ટિપ્પણી

૧. આ કૃતિ અન્ય સાત કૃતિઓ સહિત ઋ કે શ્વે. સંસ્થા તરફથ ઈ. સ. ૧૯૨૮માં પ્રકાશિત કરાઈ છે. વિશેષમાં ઉ. પ.ની ગાથાઓનો અકારાદિ ક્રમ અન્ય નવ કૃતિઓને અંગેના એવા ક્રમ સહિત આ જ સંસ્થા તરફથી ઈ. સ. ૧૯૨૯માં છપાવાયાં છે.

૨ જુઓ 'ધર્મોપદેશમાલા - વિવરણનું પ્રાસ્તાવિક વક્તવ્ય' (પૃ. ૧૩-૧૪) અત્ર ઉ.મા. વિક્રમની

ચોથીથી છઠ્ઠી સદીના ગાળામાં રચાયાનો ઉલ્લેખ છે, પરંતુ ઉ. મા. ના. વિવરણકારો વગેરે તો ધર્મદાસગણિને શ્રમણ ભગવાન મહાવીરસ્વામીના હસ્તદીક્ષિત શિષ્ય માને છે. તો એ હિસાબે એ મોડામાં મોડી ઈ. સ. પૂર્વે ૫૨૭માં રચાયેલી ગણાય.

૩. જુઓ नंदिसुत्तं अणुओगदाराइं च (પૃ. ૨૦-૨૨).

૪ અહીં "બાકીની સંગ્રહણી ગાથા" એવો ઉલ્લેખ છે.

૫ આ ચારેયનું સ્વરૂપ ઉદાહરણ-પૂર્વક મેં આર્હત દર્શન દીપિકા (પૃા. ૨૧૭-૨૨૬)માં આલેખ્યું છે. વિશેષમાં 'સાત શરતો' નામક મારો લેખ "ગાંડીવ" (વ. ૨૬, અં. ૧૪)માં છપાયો છે.

૬ આ કથા સૌથી પ્રથમ **નાયાધમ્મકહા** (સુય. ૧, અ. ૭)માં અપાઈ છે.

૭ આ વિષય અને ૧૯૨૬માં છપાયેલ **સ્તુતિચતુર્વિશંતિકા** (શ્લો. ૧૧)ના સ્પષ્ટીકરણ (પૃ. ૫૮-૫૯)માં, તેમજ ઈ. સ. ૧૯૪૪માં પ્રકાશિત મારા પુસ્તક the gaina Religion and Literature)માં ચર્ચોય છે. 'ક્રિયાની સિદ્ધિ શાથી છે?' એ નામની મારી પદ્યાત્મક રચના 'ગુજરાતી'ના તા. ૧-૪-૫૧ના અંકમાં પ્રસિદ્ધ થઈ છે.

૮ વિશેષ માટે જુઓ શ્રી હરિ. (પૃ. ૮૫)

૯ એઓ 'સૂરિ' બનતાં એમની 'વાદિદેવસૂરિ' તરીકે પ્રસિદ્ધિ થઈ છે.

૧૦ આ આજે અપ્રાપ્ય છે, તેથી તેમજ આધુનિક યુગના માનસને જે પરિશિષ્ટાદિ જોઈએ, તે એમાં નથી, તો એ ફરીથી છપાવવી ઘટે.

૧૧ આ અનુવાદ 'જૈનધર્મ વિદ્યા પ્રસારક વર્ગ' તરફથી ઈ. સ. ૧૯૦૯માં છપાયો છે.

૧૨ આ સને ૧૯૨૩માં 'ઋ. કે. શ્વે. સંસ્થા' તરફથી પ્રકાશિત **પ્રકરણસમુચ્ચય** (પરત્ર ૪૪-૪૬)માં છપાયેલ છે.

૧૩ આ પણ પ્ર. સ. (પત્ર ૪૬-૪૯ઃમાં સિદ્ધ કરાઈ છે.

૧૪ આ 'યશોવિજય જૈન ગ્રન્થમાલા'માં વિ. સં. ૧૯૬૧માં પ્રસિદ્ધ કરાયું છે.

૧૫. આ "શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ" તરફથી ઈ.સ. ૧૯૦૯માં છપાવાઈ છે.

૧૬. આ "આ જૈન આત્માનંદ સભા" તરફથી મૂળ કૃતિ ઈત્યાદિ સહિત સને ૧૯૨૨માં છપાવાઈ છે.

૧૭ આ લેખ "જૈન શ્વે. કો. હેરલ્ડ" (પુ. ૧૩, અંક ૯-૧૧, પૃ. ૩૨૪-૩૩૫)માં છપાયો છે.

૧૮. આ "જૈન શ્વે. કો. ઓફિસ" તરફથી ઈ.સ. ૧૯૩૩માં છપાવાયો છે.

૧૯. આનો પ્રથમ ભાગ "ભાંડારકર પ્રાચ્યવિદ્યા - સંશોધન મંદિર" તરફથી સને ૧૯૫૨માં પ્રકાશિત કરાયો છે.

૨૦ આ સંપૂર્ણ કૃતિ સ્વોપજ્ઞ વ્યાખ્યા, તેમજ મુનિચંદ્રસૂરિકૃત વિવરણ સહિત ગાયકવાડ પૌર્વાત્ય (પ્રાચ્ય) ગ્રન્થમાળામાં મારા ઉપોદ્ઘાત સહિત બે ખંડમાં અનુક્રમે સને ૧૯૪૦ અને ૧૯૪૭માં છપાવાઈ છે.

૨૧ આ ભાં. પ્રા. સં. મંદિર તરફથી સને ૧૯૪૪માં છપાયો છે.

૨૨ જુઓ સુ. સં.ની પ્રશસ્તિ (શ્લો. )

૨૩ એમનો સંક્ષિપ્ત પરિચય ઉજૈન સા. સં. ઈ." (પૃ. ૨૪૮-૨૪૯)માં તેમજ D. E. G. M. C. L. XVII Rt IPSOમાં આપોય ચે.

૨૪ જુઓ D. E. G. M. V. (Vol XVIII Pt Is 288)

૨૫ એમણે વિ. સં. ૧૧૫૯માં "પૌર્ણમીયક" મત સ્થાપ્યો હતો, એમના પ્રતિબોધનાર્થે આવસ્સંયસત્તરિ રચાયાનો ઉલ્લેખ જોવાય છે.

૨૬. આની નોંધ મેં. "પાઈપ (પ્રાકૃત) ભાષાઓ એ સાહિત્ય" નામના મારા સને ૧૯૫૦માં પ્રકાશિત પુસ્તકમાં પૃ. ૧૬૨માં લીધી છે. જ્યારે સને ૧૯૩૭માં આનો સંક્ષિપ્ત પરિચય "સટીક ગણિત

તિલક"ના ઉપોદ્ઘાતમાં મેં આપ્યો છે.
૨૭ આનું અપરનામ "ધમ્મોવએસ પંચવીસિયા" (ધર્મોપદેશ પંચવિંશતિકા) છે, આની નોંધ "પત્તન૦ સૂચી" (ભા. ૧, પૃ. ૧૩૧) માં છે.
૨૮ જુઓ જૈ. ગ્રં. (પૃ ૨૦૮)
૨૯ આનું બીજું નામ "રસાઉલ" છે. જુઓ જિ. ૨. કો. (વિ. ૧, પૃ. ૧૦૪)
૩૦ આને પ્રતિમા-સ્તુતિ પણ કહે છે.
૩૧ આનું ઉપદેશકુલક એવું નામાન્તર છે.
૩૨ શું 'મદ્ગુ સ્ત્રી પરિપૃચ્છતિ'થી શરૂ થતી કૃતિ, તે જ આ છે. ?
૩૩ જુઓ લીંબડી. સૂચી.
૩૪ જુઓ જૈ. ગંર્. (પૃ. ૩૦૫)
૩૫ શું આને જ 'શોકનિવારક ધર્મોપદેશ' કહે છે ?
૩૬. જુઓ જિ. ૨. કો. (વિ. ૧, પૃ. ૪૨૭)
૩૭ 'શ્રામણ્યગુણોપદેશ કુલક' એમ પણ સૂચવી તો શકાય, તો તેમ કરવું સમુચિત છે ?
૩૮ આનો 'પત્તન-સૂચિ'માં 'ઉપદેશકુલક' તરીકે ઉલ્લેખ છે; આ કૃતિને 'હિતોપદેશમાલા' પણ કહે છે.
૩૯ આના ઉપરના વિવરણને 'ટિપ્પણક' કહે છે, એમાં 'દાસી-ગદર્ભી' ન્યાયનો ઉલ્લેખ છે.
૪૦ આને લગતા વિવરણનું નામ 'સુખસંબોધની' છે.
૪૧ આને અંગેના ટિપ્પણક માટે જુઓ જૈન ગ્રં. (પૃ. ૧૧૫)
૪૨ આ કૃતિ નન્દીગત વિમાણપણત્તિ, નિરયવિભત્તિ ઈત્યાદિ ગ્રન્થોને આધારે યોજાઈ છે. વિશેષ માટે જુઓ શ્રી હરિ૦ (પૃ. ૯૫)
૪૩ આના ઉપર શું ખરેખર મુનિચંદ્રસૂરિએ વૃત્તિ રચી છે, કે આવી માન્યતા નિરાધાર છે ?
૪૪ આને કમ્માઈવિયારલવ (કર્માદિવિચારલસવ), તેમજ સુહુમત્થવિયારલવ (સૂક્ષ્માર્થ વિચારલવ) પણ કહે છે. ૮૭-૮૮માં આપ્યો છે. આના ઉપરના વિવરણનો 'ચૂર્ણિ' તરીકે નિર્દેશ કરાયો છે.
૪૫ આમ કહેવાનું કારણ એ છે કે, **'મુનિચંદ્ર'** નામના વિવિધ મુનિઓ થયા છે, આ વાત મેં "સમાન નામક મુનિવરો" **'મુનિચન્દ્ર નામક મુનિવરો'** નામના મારા લેખમાં દર્શાવી છે. આ લેખ જૈન સ. પ્ર. (વર્ષ ૧૬, અં. ૯-૧૦)માં છપાયો છે.
૪૬ આ નામ મેં પુષ્પિકાના આધારે દર્શાવ્યું છે. D. C. G. C. M. (Vol. XVIII, Pt I. P 320)
૪૭ સુ. સં. ના દ્વિતીય પદ્યમાં 'વિવરણ' શબ્દ છે.
૪૮. સુ. સં.ની પ્રશસ્તિમાં પાંચમાં પદ્યમાં 'વિવૃત્તિ' શબ્દ છે.
૪૯ જુઓ સુ સં.ની પ્રશસ્તિ (પદ્ય ૬)
૫૦ આ કથાઓ બાલભોગ્ય શૈલીમાં રચવા માટે પ્રસ્તુત અનુવાદનો ઉપયોગ થઈ શકે તેમ છે. એથી એ રીતે રૂપાન્તરિત કરવા મારી અનુવાદકશ્રીને સાદર વિજ્ઞપ્તિ છે. તેઓ એ સ્વીકારશે. અથવા અત્યારે તો એ કથાઓ પૂરતું અનુવાદનું લખાણ સ્વતંત્ર પુસ્તકરૂપે પ્રસિદ્ધ કરવાનો પ્રયાસ કરશે, તો પણ એને અંગે 'ઉપક્રમણિકા' લખી આપવાની હું અભિલાષા સેવું છું.

સુ. સં. ગત કથાઓ પૈકી મેં વૈરાગ્યરસમંજરીમાં આપી છે, તેનાં નામો, પૃષ્ટાંકો સહિત નીચે મુજબ છે - કૂરગડુક ૪૪૧-૪૪૩, જંબુસ્વામી ૧૭૬-૧૮૧. નન્દિષેણ ૪૧૦-૪૧૨, પુષ્પચૂલા ૪૪૦-૪૦૨, માષતુષ ૩૩૦૯-૩૧૦, સુદર્શન ૧૮૧-૧૮૪, સ્થૂલભદ્ર-કોશા-રથિક ૧૮૪-૧૯૧, ૪૫૬.

ચેટક દ્વારને મળતી આવતી કથા મેં **'કુમારો વાંદરા બની ગયા'**ના નામથી આપી હતી. એ જૈન

સત્ય પ્રકાશ વર્ષ ૧૪, અં. ૧માં છપાઈ છે. હાથીના વજનવાળી કથા તેમજ શ્રેણિક અને ચંડાળને લગતી કથા મારી "આર્હતજીવનજ્યોતિ"ની અનુક્રમે બીજી અને ત્રીજી કિરણાવલીમાં સચિત્ર સ્વરૂપે અપાઈ છે.

૫૧ આ સ,ંબંધમાં ગોવિન્દ-નિજ્જુત્તિ અને એના પ્રણેતા **"ગોવિન્દ વાચક"** નામનો મારો લેખ **'જૈન'** ના તા. ૧૨-૨-૭૨ના અંકમાં પ્રસિદ્ધ થયો છે.

૫૨ આનું નામ જણાવેલું નથી.

૫૪ આમાં તીર્થંકર - નામકર્મ બાંધનારી આઠ વ્યક્તિયોનાં નામો અપાયાં છે. એમાં પોટ્ટિલનો ઉલ્લેખ છે, તો તેઓ કોણ ? એ જાણવું બાકી રહે છે.

૫૫ આ મહાવીરસ્વામીએ કહ્યું છે, જુઓ પૃ. ૧૮૩

૫૬ આ પુંડરીક - કંડરીક અધ્યયન નાયાધમ્મકહા (સુય. ૧)નું ૧૯મું અધ્યયન છે.

૫૭ આ આયારનો એક અંશ છે. (મહાપરિજ્ઞા)

૫૮ આ નિર્યુક્તિનું નામ દર્શાવાયું નથી.

૫૯ આ ૪૧૯ પૃષ્ઠમાં 'निन्दन्तु नीतिनिपुणा' થી શરૂ થતા પદ્યનો અનવાદ છે.

૬૦ અન્વય અને વ્યતિરેકનું એકેક ઉદાહરણ પૃ. ૫૩-૫૪માં અપાયું છે.

૬૧ આ બાબત ઉદાહરણમાં સૌથી પ્રથમ નોંધાયેલ છે.

૬૨. આ પૃષ્ઠમાં 'અષ્ટાપદ' પર્વત ઉપરના જિનભવનનું વર્ણન છે. વિશેષ માટે જુઓ આ. દ. દી. (પૃ. ૨૨૬-૨૨૭)

૬૧. આ સંબંધમાં જુઓ મારો લેખ નામે મહાપાણ (મહાપાન કિ. વા મહાપ્રાણ?) આ લેખ **"જૈનધર્મ પ્રકાશ"** (પુ. ૭૭, અં. ૯)માં પ્રસિદ્ધ કરાયો છે.

૬૨ રથમશુલ અને શિલાકંટક આ બંને યુદ્ધને અંગે કેટલીક માહિતી મેં 'ગુજરાત મિત્ર તથા ગુજરાત દર્પણ'ના તા. ૨૦-૯-૬૧ના વધારા'માં પ્રકાશિત મારા લેખ નામે "પ્રાચીન યુદ્ધ સામગ્રી - મહાશિલાકંટક અને રથમુશલ"માં આપી છે.

૬૩ जा सा ? सा सा । ૬૪ આને અંગેનો ગ્રન્થ શબરે રચ્યો છે, શું એ મળે છે ?

૬૫ આને અંગે 'રત્નકલંબ તે શું ?' નામના મારા લેખમાં કેટલીક વિગતો મેં આપી છે. આ લેખ 'જૈ સ. પ્ર.' (વર્ષ ૧૪, અં. ૧૦)માં છપાયો છે.

૬૬. દા. ત. તત્ત્વાર્થધિગમ શાસ્ત્રીની ભાશ્યાનુસારિણી સિદ્ધસેનીય ટીકાનો અનુવાદ.

**ઉપસંહાર—**અન્તમાં મહામૂલ્યશાળી હારિભદ્રિય ઉ. પ. ના, આત્મોન્નતિના અરથીઓને ઉપકારક, કથારસિકોને આનન્દદાયક, પ્રાકૃત સિહાત્યના અનુરાગીઓને આહ્લાદક, વિવિધ સાંસ્કૃતિક ને સંશોધનાર્થક સામગ્રીથી સમૃદ્ધ તેમ જ પંદરેક હજાર શ્લોકપ્રમાણક એવી સુખસંબોધનની રૂપ વિવરણના આ ગુર્જર અનુવાદ દ્વારા પ. પૂ. આગમોદ્ધારક શ્રી **આનન્દસાગરસૂરિવર્ય**ના એક સતત કાર્યરત વિનેયરત્ન **શ્રીહેમસાગરસૂરિજી**એ જૈન પ્રૌઢ ગ્રન્થોના ગૂર્જર અનુવાદોમાં વૃદ્ધિ કરી છે - એમ સૂચવતો, એ અનુવાદ મારા સ્વાધ્યાયમાં સહાયક બન્યાનો સાભાર નિર્દેશ કરતો, અનુવાદક શ્રી તરફથી આપણને આદરણીય ૬૬ અનુવાદો અવાર-નવાર મળતા રહે, તે માટે એમને વિનમ્રભાવે વિનવતો, તેમ જ મને તો બહુશ્રુત અને વિશેષતઃ સંયમી જીવન જીવનારા સુ. સં. ના વિવરમકાર મુનિચંદ્રસૂરિના પરિચય પૂરતું જ કાર્ય સોંપાયું હતું, તેને મેં યથાસાધન કર્યું છે - એનો ઉલ્લેખ કરતો હું આ લઘુ ઉપક્રમણિકા પૂર્ણ કરું છું.

બ્લોક નં. ૧૫, મધુહંસ, **હીરાલાલ ર. કાપડિયા**
ડૉ. એનીબસેન્ટરોડ, વરલી **મુંબઈ-૨૫. D. D.**,
તા. ૭-૬-૭૨

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | વિવરણકારનું મંગલ અને પ્રયોજન | ૧ |
| ૨ | મનુષ્યભવની દુર્લભતાના દ્રષ્ટાંતો | ૪ |
| ૩ | (૧) ચક્રવર્તીના ઘરે ભોજનનું દૃષ્ટાંત | ૬ |
| ૪ | (૨) જુગારપાસાનું દૃષ્ટાંત | ૨૮ |
| ૫ | (૩) ધાન્ય-મિશ્રીત સરસવ | ૨૯ |
| ૬ | (૪) રાજસભા જીતવી | ૨૯ |
| ૭ | (૫) રત્નદૃષ્ટાંત - | ૩૦ |
| ૮ | (૬) ચન્દ્રપાનસ્વપ્ન મૂલદેવની કથા | ૩૧ |
| ૯ | (૭) દૃષ્ટાંત રાધા-વેધ સમુદ્રદત્તની કથા | ૩૮ |
| ૧૦ | (૮) દૃષ્ટાન્ત કાચબાને ચંદ્ર-દર્શન. | ૪૧ |
| ૧૧ | (૯) ધૂંસરાના છિદ્રમાં ખીલીનો પ્રવેશ | ૪૧ |
| ૧૨ | (૧૦) પરમાણુ-સ્તંભ યોજના | ૪૨ |
| ૧૩ | તે જ પૃથ્વીકાયિક, એકેન્દ્રિયાદિક પાંચ ભેદોને આશ્રીને કાયસ્થિતિ જણાવતાં કહે છે | ૪૩ |
| ૧૪ | પ્રમાદ ત્યાગ | ૪૪ |
| ૧૫ | સૂત્રગ્રહણ ઉપદેશ | ૪૫ |
| ૧૬ | વિનયથી વિદ્યા-સિદ્ધિ-શ્રેણિક કથા | ૪૫ |
| ૧૭ | કુમારી કન્યા કથા | ૪૭ |
| ૧૮ | અન્વય વ્યતિરેકથી વિનયફળ | ૪૯ |
| ૧૯ | સાત પ્રકારનાં મિથ્યાત્વ | ૫૦ |
| ૨૦ | સૂત્રદાન-ક્રમ | ૫૧ |
| ૨૧ | અકાલચારી સાધ્વી સંબંધી સિદ્ધાચાર્ય-કથા | ૫૨ |
| ૨૨ | નંદ અને સુંદરીની કથા | ૫૭ |
| ૨૩ | નજીકનાં મોક્ષગામી આત્માની ઉચિતપ્રવૃત્તિ | ૫૭ |
| ૨૪ | બુદ્ધિના ૪ ભેદો | ૫૯ |
| ૨૫ | કાર્મિકી બુદ્ધિનાં ઉદાહરણો | ૬૦ |
| ૨૬ | પારિણામિકી બુદ્ધિનાં દૃષ્ટાંતોની સૂચી | ૬૧ |
| ૨૭ | રોહાની કથા | ૬૧ |
| ૨૮ | ગાડરનું દૃષ્ટાંત | ૬૩ |
| ૨૯ | કૂકડાનું દૃષ્ટાંત | ૬૩ |
| ૩૦ | તિલનું દૃષ્ટાંત | ૬૪ |
| ૩૧ | રેતીનાં દોરડાનું દૃષ્ટાંત | ૬૪ |

| | | |
|---|---|---|
| ૩૨ | હાથીનું દૃષ્ટાંત | ૬૪ |
| ૩૩ | કુવાનું દૃષ્ટાંત | ૬૪ |
| ૩૪ | વનખંડનું દૃષ્ટાંત | ૬૫ |
| ૩૫ | ખીરનું દૃષ્ટાંત | ૬૫ |
| ૩૬ | રોહકનું રાજા પાસે જવું અને ઔત્પાતિકી બુદ્ધિથી જવાબ | ૬૫ |
| ૩૭ | વૃક્ષ નામનું દ્વાર | ૭૦ |
| ૩૮ | પાણી વગરના ખાડાનું દ્વાર | ૭૧ |
| ૩૯ | શ્રેણિક-અભયકુમાર નું દૃષ્ટાંત | ૭૧ |
| ૪૦ | પટનું દૃષ્ટાંત | ૭૪ |
| ૪૧ | સરડાનું દૃષ્ટાંત | ૭૪ |
| ૪૨ | કાકનું દૃષ્ટાંત | ૭૫ |
| ૪૩ | વૃદ્ધ, બ્રાહ્મણ, તરૂણ સ્ત્રીનું દૃષ્ટાંત | ૭૫ |
| ૪૪ | ઉચ્ચાર અને ગજનું દ્વાર | ૭૬ |
| ૪૫ | ઘયણ નામનું દ્વાર | ૭૬ |
| ૪૫ | લાખ ગુટિકાનું દ્વાર | ૭૭ |
| ૪૬ | ક્ષુલ્લક નામનું દ્વાર | ૭૭ |
| ૪૭ | માર્ગ દ્વાર | ૭૮ |
| ૪૮ | સ્ત્રી દ્વાર | ૭૮ |
| ૪૯ | પતિદ્વાર | ૭૮ |
| ૫૦ | ચારમિત્રોની કથા | ૭૯ |
| ૫૧ | મધપુડાનું દ્વાર | ૮૧ |
| ૫૨ | મુદ્રિકા દ્વાર | ૮૧ |
| ૫૩ | અંક નામનું દ્વાર | ૮૨ |
| ૫૪ | થાપણ ઓળવનારનું દૃષ્ટાંત | ૮૨ |
| ૫૫ | ભિક્ષુદ્વાર | ૮૩ |
| ૫૬ | ચેટક દ્વાર બે મિત્રનું દૃષ્ટાંત | ૮૪ |
| ૫૭ | છાણામાં ધન છૂપાવ્યાનું દૃષ્ટાંત | ૮૪ |
| ૫૮ | સાચી અને સાવકી માતા | ૮૫ |
| ૫૯ | શસ્ત્ર-શાસ્ત્ર નામના દ્વાર | ૮૫ |
| ૬૦ | લક્ષપતિ ધૂર્ત દ્વાર | ૮૬ |
| ૬૧ | વૈનયિકી બુદ્ધિનાં ઉદાહરણો સિદ્ધપુત્ર દ્રષ્ટાંત | ૮૭ |
| ૬૨ | વિનય રત્ન સાધુનું દ્રષ્ટાંત | ૮૮ |
| ૬૩ | નંદરાજા કલ્પકમંત્રીની કથા | ૯૦ |
| ૬૪ | ચિત્રકારના પુત્રનું દ્રષ્ટાંત | ૯૪ |

| | | |
|---|---|---|
| ૬૫ | જાસાસા સોનારની કથા | ૯૭ |
| ૬૬ | મૃગાવતીની કથા | ૯૯ |
| ૬૭ | લીપીના ભેદો | ૧૦૦ |
| ૬૮ | ગણિત દ્વાર | ૧૦૧ |
| ૬૯ | કૂપ નામનું દ્વાર | ૧૦૨ |
| ૭૦ | અશ્વ દ્વાર | ૧૦૩ |
| ૭૧ | ગર્દભદ્વાર | ૧૦૩ |
| ૭૨ | સીતાજી ઉપર આળ ચડાવવાની કથા | ૧૦૪ |
| ૭૩ | મુરૂંડ રાજા અને પાદલિપ્ત સૂરિ | ૧૦૬ |
| ૭૪ | વિષપ્રયોગ ઔષધ દ્વાર | ૧૦૬ |
| ૭૫ | સ્થૂલભદ્રની કથા | ૧૦૭ |
| ૭૬ | સુછાત્રોની કલાચાર્ય પ્રત્યે કૃતજ્ઞતા | ૧૧૩ |
| ૭૭ | નેવાણનું પાણી | ૧૧૪ |
| ૭૮ | બળદ વિષયક દ્રષ્ટાંત | ૧૧૪ |
| ૭૯ | કાર્મિકી બુદ્ધિનાં દષ્ટાંતો | ૧૧૫ |
| ૮૦ | ચોરની કથા | ૧૧૫ |
| ૮૧ | વણકર, મોતી પરોવનાર, તરનાર | ૧૧૬ |
| ૮૨ | સુથાર, કુંભાર આદિનાં દષ્ટાંતો | ૧૧૭ |
| ૮૩ | પારિણામિકી બુદ્ધિનાં દષ્ટાંતો | ૧૧૭ |
| ૮૪ | અભયકુમારનું દષ્ટાંત | ૧૧૭ |
| ૮૫ | કોઠ શેઠે શાસન પ્રભાવના કેવી રીતે કરી ? | ૧૨૪ |
| ૮૬ | ક્ષુલ્લકકુમાર કથા | ૧૨૫ |
| ૮૭ | પુષ્પચૂલા - અર્ણિકાપુત્રાચાર્ય | ૧૨૭ |
| ૮૮ | ઉદિતોદય રાજા | ૧૨૯ |
| ૮૯ | શ્રેણિકપુત્ર નંદિષેણમુનિ | ૧૩૦ |
| ૯૦ | સુંસુમા ચિલાતીપુત્ર | ૧૩૧ |
| ૯૧ | શ્રાવક પત્નીએ પતિનાં વ્રતનું કેવી રીતે રક્ષણ કર્યું. | ૧૩૩ |
| ૯૨ | સંગત રાજા પ્રાણાધિક પ્રિયામનદયિતા | ૧૩૪ |
| ૯૩ | કુરગડુ કથા | ૧૩૫ |
| ૯૪ | મંત્રી પુત્ર કથા | ૧૩૭ |
| ૯૫ | ચાણક્ય કથા | ૧૩૮ |
| ૯૬ | સુંદરીનંદ કથા | ૧૪૮ |
| ૯૭ | શાલ-મહાશાલે કરેલ પ્રભુવીરની સ્તુતિ | ૧૪૯ |
| ૯૮ | ભગવંતની દેશના | ૧૫૧ |

૯૯ શાલમહાશાલ-ગાગલિની દીક્ષા ........ ૧૫૧
૧૦૦ ગૌતમ સ્વામીનું અષ્ટાપદ ગમન ........ ૧૫૨
૧૦૧ પુંડરીક-કંડરીક કથા ........ ૧૫૪
૧૦૨ ધનગિરિ વજસ્વામી ચરિત્ર ........ ૧૫૬
૧૦૩ ચાર પ્રકારનાં શિષ્યો ........ ૧૬૨
૧૦૪ વજસ્વામી દ્વારા શ્રેષ્ઠીપુત્રીને પ્રતિબોધ ........ ૧૬૬
૧૦૫ ગગનગામિની વિદ્યા અને શાસનપ્રભાવના ........ ૧૬૭
૧૦૬ ગૌતમસ્વામી ચરિત્ર ........ ૧૬૯
૧૦૭ જમાઈઓની પરીક્ષા ........ ૧૭૧
૧૦૮ દેવદત્તા ગણિકા ........ ૧૭૨
૧૦૯ ચરણાઘાત દ્વાર ........ ૧૭૨
૧૧૦ આમળા નામનું દૃષ્ટાંત ........ ૧૭૨
૧૧૧ મણિદ્વાર ........ ૧૭૨
૧૧૨ ચંડકોશિક કથા ........ ૧૭૩
૧૧૩ શ્રાવક પુત્રમાંથી વિચિત્ર ગેંડો ........ ૧૭૫
૧૧૪ કુલવાલક મુનિની કથા ........ ૧૭૬
૧૧૫ કોણિક ચેટકનું યુદ્ધ ........ ૧૭૭
૧૧૬ સુમતિની કથા ........ ૧૮૦
૧૧૭ બુદ્ધિ વિષયક વક્તવ્ય ........ ૧૮૩
૧૧૮ કાળવાદ ........ ૧૮૫
૧૧૯ સ્વભાવ વાદ ........ ૧૮૬
૧૨૦ નિયતિવાદ ........ ૧૮૬
૧૨૧ કર્મવાદ ........ ૧૮૭
૧૨૨ શિષ્યબુદ્ધિ પરીક્ષા ........ ૧૮૯
૧૨૩ રોહિણી વધુનું દૃષ્ટાંત અને ઉપનય ........ ૧૯૧
૧૨૪ પ્રધાન પળ વિષયક જ્યોતિષીને પ્રશ્ન ........ ૧૯૫
૧૨૫ અહિંસાનું સ્વરૂપ ........ ૧૯૫
૧૨૬ આજ્ઞામાં ઉપયોગ સહિત-રહિત નાં દૃષ્ટાંત ........ ૧૯૭
૧૨૭ આજ્ઞાબાહ્ય અને સ્વેચ્છાએ શુભક્રિયા કરે તો પણ પરિણામ અશુભ છે. ........ ૧૯૮
૧૨૮ ત્રણ પ્રકારનાં રાગનું સ્વરૂપ ........ ૧૯૯
૧૨૯ દેડકાનું ચૂર્ણ અને ભષ્મનું દૃષ્ટાંત ........ ૨૦૦
૧૩૦ માસતુષ મુનિનું દૃષ્ટાંત ........ ૨૦૧
૧૩૧ ધર્મની પ્રાપ્તિ ગુરૂકુલાસ થી થાય ........ ૨૦૨
૧૩૨ ગુરૂઆજ્ઞાવિષે ચન્દ્રગુપ્ત દૃષ્ટાંત ........ ૨૦૩

૧૩૩ ચારિત્રી મુનિનું લક્ષણ ........ ૨૦૪
૧૩૪ આર્યમહાગિરિ આર્ય સુહસ્તિની કથા ........ ૨૦૬
૧૩૫ રાત્રિભોજન વ્રત ભાંગનારની કથા ........ ૨૧૨
૧૩૬ દશાર્ણભદ્ર રાજાનું દૃષ્ટાંત ........ ૨૧૩
૧૩૭ સાત પ્રકારની એષણા ........ ૨૧૫
૧૩૮ એલકાક્ષનગર અને ગજાગ્રપદની ઉત્પત્તિ ........ ૨૧૬
૧૩૯ તીર્થ શબ્દની વ્યુત્પત્તિ ........ ૨૧૭
૧૪૦ અવંતિ સુકુમાલ ચરિત્ર ........ ૨૧૭
૧૪૧ ઉચિત પ્રવૃત્તિ માટે ઉપદેશ અને ફળ ........ ૨૨૧
૧૪૨ બોધિ પ્રાપ્તિમાં વિઘ્ન કરનાર બે ચોરોનું દૃષ્ટાંત ........ ૨૨૩
૧૪૩ ધર્મબીજનાં કારણો ........ ૨૨૫
૧૪૪ વૈયાવૃત્યનું સ્વરૂપ ........ ૨૨૬
૧૪૫ આજ્ઞા બહુમાનનું સ્વરૂપ ........ ૨૨૮
૧૪૬ રાજપુત્ર ભીમની કથા ........ ૨૨૯
૧૪૭ લૌકિકોએ પણ આજ્ઞા પ્રામાણ્ય સ્વીકારેલ ........ ૨૩૧
૧૪૮ ગ્રંથીભેદ ન કરેલને આજ્ઞા પારતંત્ર નથી ........ ૨૩૨
૧૪૯ અપુનર્બંધકનું લક્ષણ અને દ્રવ્ય શબ્દનાં અર્થો ........ ૨૩૩
૧૫૦ અભવ્ય સકૃત્બંધક ને દ્રવ્ય આજ્ઞાથી કયોલાભ ........ ૨૩૩
૧૫૧ અભવ્ય અંગાર મર્દકાચાર્ય ........ ૨૩૪
૧૫૨ ગોવિન્દ વાચકનો વૃત્તાન્ત ........ ૨૩૫
૧૫૩ વનસ્પતિ જીવની સિદ્ધિ ........ ૨૩૬
૧૫૪ ભાવાજ્ઞાનું સ્વરૂપ ........ ૨૩૭
૧૫૫ મેઘકુમારની કથા ........ ૨૩૮
૧૫૬ મેઘકુમારનો પૂર્વભવ ........ ૨૪૩
૧૫૭ તાવસરખા વિઘ્નમાં દહન દેવતાનું ઉદાહરણ ........ ૨૪૫
૧૫૮ અર્હદત્તનું ઉદાહરણ ........ ૨૪૮
૧૫૯ ધર્મબીજ શુદ્ધિનું સાક્ષાત ફળ ........ ૨૬૦
૧૬૦ જ્ઞાનગર્ભ મંત્રીની કથા ........ ૨૬૨
૧૬૧ કર્મસંજ્ઞાવાળા દૈવ અને આત્મવીર્ય પુરૂષાકારની સમાનતા ........ ૨૬૭
૧૬૨ ભાગ્ય ઉપર પુણ્યસાર-વિક્રમસારની કથા ........ ૨૭૦
૧૬૩ ભરત ચક્રવર્તી ........ ૨૭૨
૧૬૪ બ્રહ્મદત્ત ચક્રવર્તી ........ ૨૭૩
૧૬૫ શુદ્ધ આજ્ઞાયોગ ઉપર ચિત્રકારનું દૃષ્ટાંત ........ ૨૭૮
૧૬૬ અધ્યાત્મનું લક્ષણ ........ ૨૮૦

૧૬૭ ગ્રંથીભેદ કર્યા વગર શુદ્ધ આજ્ઞા યોગ થતો નથી. ........ ૨૮૧
૧૬૮ પ્રાયશ્ચિત્તમાં લૌકિક દૃષ્ટાંત ........ ૨૮૩
૧૬૯ લોકોત્તર વાત નો વિચાર ........ ૨૮૪
૧૭૦ રૂદ્ર-ક્ષુલ્લક કથા ........ ૨૮૭
૧૭૧ ચૈત્ય દ્રવ્ય ઉપયોગ કરનાર ને અનર્થનું ફળ ........ ૨૮૯
૧૭૨ ચૈત્ય દ્રવ્યની રક્ષા કરનારને ફળ ........ ૨૯૨
૧૭૩ શીતલવિહારી દેવનું દૃષ્ટાંત ........ ૨૯૩
૧૭૪ દ્રવ્ય ઔષધ સાથે ભાવ ઔષધનું સ્વરૂપ ........ ૨૯૪
૧૭૫ સત્ અસત્નું સ્વરૂપ ........ ૩૦૦
૧૭૬ જીરણશેઠ-અભિનવ શેઠનું દૃષ્ટાંત ........ ૩૦૩
૧૭૭ યમુન રાજાનું દૃષ્ટાંત ........ ૩૦૪
૧૭૮ અભિગ્રહ દ્વારા કર્મ નિર્જરા ........ ૩૦૬
૧૭૯ આરાધક વિરાધક નું દૃષ્ટાંત ........ ૩૦૯
૧૮૦ અગ્નિશિખને અરૂણ મુનિ ........ ૩૧૦
૧૮૧ વિનય રત્ન નું દૃષ્ટાંત ........ ૩૧૧
૧૮૨ કુંતલ દેવીનું દૃષ્ટાંત ........ ૩૧૨
૧૮૩ આજ્ઞા ઉપર ઉપદેશ ........ ૩૧૩
૧૮૪ શ્રાવકપુત્ર જિનધર્મનું દૃષ્ટાંત ........ ૩૧૪
૧૮૫ સત્ય વ્રત ઉપર સત્યપુત્ર કથા ........ ૩૧૬
૧૮૬ સદાચારી શ્રાવકપુત્રનું દૃષ્ટાંત ........ ૩૧૭
૧૮૭ સુદર્શન કથા ........ ૩૧૮
૧૮૮ શીલધારી સુદર્શન શેઠની કથા ........ ૩૨૧
૧૮૯ વસંતવર્ણન ........ ૩૨૪
૧૯૦ સુદર્શન કેવળીનો ધર્મોપદેશ ........ ૩૨૮
૧૯૧ નંદશ્રાવક અને મિથ્યાત્વી ........ ૩૩૦
૧૯૨ અરોગી બ્રાહ્મણ શ્રાવક ........ ૩૩૧
૧૯૩ આર્તધ્યાનનું સ્વરૂપ ........ ૩૩૪
૧૯૪ અણુવ્રત પાલનમાં શ્રીમતી અને સોમાશ્રાવિકા ........ ૩૩૬
૧૯૫ (આંતર કથાઓ) ઝુંટણ વણિકની કથા ........ ૩૩૭
૧૯૬ ગોબર વણિકની કથા ........ ૩૩૯
૧૯૭ હિંસા પ્રપંચો ઉપર મુનિચંદ્રનું દૃષ્ટાંત ........ ૩૪૩
૧૯૮ અસત્ય પ્રપંચ ઉપર શુભંકર વેપારીની કથા ........ ૩૪૫
૧૯૯ અસ્તેય વ્રત ઉપર તલચોરની કથા ........ ૩૪૬
૨૦૦ બ્રહ્મચર્ય વ્રત ઉપર પતિ મારિકાની કથા ........ ૩૪૭

૨૦૧ પરિગ્રહપરિમાણવ્રત ઉપર લોભાસકત પુરૂષની કથા ........................ ૩૪૮
૨૦૨ રાત્રિભોજન ત્યાગ ઉપર કથા ........................ ૩૪૮
૨૦૩ સોમા અને સાધ્વીજીનાં પ્રશ્નોત્તરો ........................ ૩૪૯
૨૦૪ સમિતિ-ગુપ્તિનું સ્વરૂપ ........................ ૩૫૪
૨૦૫ ઈર્યાસમિતિ ઉપર વરદત્ત સાધુની કથા ........................ ૩૫૬
૨૦૬ ભાષા સમિતિ ઉપર સંગત સાધુની કથા ........................ ૩૫૭
૨૦૭ એષણા સમિતિ ઉપર નંદિષણનું ઉદાહરણ ........................ ૩૫૮
૨૦૮ આદાનભંડમત્ત નિકખેવણા સમિતિ ઉપર સોમિલ મુનિનું દૃષ્ટાંત ........................ ૩૬૮
૨૦૯ પારિષ્ઠાપનિકી સમિતિ ઉપર ધર્મરૂચિનું દૃષ્ટાંત ........................ ૩૬૯
૨૧૦ કડવી તુંબડી વહોરવાનાર નાગશ્રીનું દૃષ્ટાંત ........................ ૩૭૦
૨૧૧ ત્રણે ગુપ્તિનાં ઉદાહરણો ........................ ૩૮૫
૨૧૨ ઉત્તમ સત્ત્વવાળા ચારિત્રીને વિઘ્નો આવતા નથી. ........................ ૩૮૭
૨૧૩ ચારિત્ર નિર્મલ બનાવવા માટે આજ્ઞા સાધના ઉપયોગી ........................ ૩૯૦
૨૧૪ ગુરૂકુલવાસનો ત્યાગ એ અલ્પકર્મ નિર્જરા છે. ........................ ૩૯૧
૨૧૫ શબર દૃષ્ટાંત ........................ ૩૯૧
૨૧૬ ગુરૂકુલવાસ ધર્મનું પ્રથમ અંગ ........................ ૩૯૩
૨૧૭ ગુરૂકુલવાસમાં દોષોનું સેવન પણ લાભકારી ........................ ૩૯૫
૨૧૮ તીર્થાન્તરીયો પાપ અકરણ નિયમ માને છે. ........................ ૩૯૬
૨૧૯ અકરણ નિયમનું લક્ષણ ........................ ૩૯૮
૨૨૦ રતિસુંદરીની કથા ........................ ૩૯૮
૨૨૧ બુદ્ધિ સુંદરીની કથા ........................ ૪૦૭
૨૨૨ ઋદ્ધિ સુંદરીની કથા ........................ ૪૧૦
૨૨૩ ગુણસુંદરીની કથા ........................ ૪૧૫
૨૨૪ રતિસુંદરી આદિ ચારેય સખીનાં પછીનાં ભવો ........................ ૪૨૨
૨૨૫ પાપ અકરણનો નિયમ અને ભાવાર્થ ........................ ૪૨૭
૨૨૬ શંખ કલાવતીની કથા ........................ ૪૨૯
૨૨૭ આજ્ઞાનુ સાર યતનાનું ફળ ........................ ૪૫૩
૨૨૮ સમ્યગદર્શનનું સ્વરૂપ ........................ ૪૫૪
૨૨૯ યતનાનું સ્વરૂપ ........................ ૪૫૫
૨૩૦ આજ્ઞા આરાધના ........................ ૪૫૬
૨૩૧ શંખરાજાના ભવો અને મોક્ષ ........................ ૪૫૯
૨૩૨ ચોરનું ઉદાહરણ ........................ ૪૬૦
૨૩૩ આજ્ઞા પાલનમાં ચારિત્ર છે. ........................ ૪૬૧
૨૩૪ રાજાને આવેલ આઠ સ્વપ્નનું ફળ ........................ ૪૬૩
૨૩૫ આઠ દ્રષ્ટાંતના દ્રાષ્ટાન્તિક અર્થો ........................ ૪૬૮

૨૩૬ પાંડવોનું લૌકિક ઉદાહરણ ....... ૪૬૯
૨૩૭ જૈનેતર અનુષ્ઠાન કરનારા પ્રત્યે શું કરવું. ....... ૪૭૦
૨૩૮ અગીતાર્થને પ્રાણભૂત નગણવાં ....... ૪૭૦
૨૩૯ સુબુદ્ધિ મંત્રીનું દૃષ્ટાંત ....... ૪૭૨
૨૪૦ ગુરૂનું વિશેષ સ્વરૂપ ....... ૪૭૩
૨૪૧ સૂત્ર લેવાની વિધિ ....... ૪૭૫
૨૪૨ ઐદંપર્યાર્થનું લક્ષણ અને સ્વરૂપ ....... ૪૭૭
૨૪૩ શ્રાવક નિર્જરા ક્યારે કરે ? ....... ૪૮૧
૨૪૪ સૂત્ર વિષયક પદાર્થનું સ્વરૂપ ....... ૪૮૨
૨૪૫ ક્રમિક વ્યાખ્યાનમાં શ્રુત જ્ઞાન ની પ્રાપ્તિ ....... ૪૮૨
૨૪૬ શ્રુત-ચિન્તા-ભાવના જ્ઞાનનાં લક્ષણો ....... ૪૮૩
૨૪૭ લોકોત્તર દૃષ્ટાંત દ્વારા લૌકિક પદાર્થનું સ્વરૂપ ....... ૪૮૪
૨૪૮ તત્ત્વજિજ્ઞાસુ રાણીનું ચારિત્ર ....... ૪૮૫
૨૪૯ રત્નપરીક્ષક છાત્રની કથા ....... ૪૮૮
૨૫૦ કાચાકાનવાળા રાજાનું દૃષ્ટાંત ....... ૪૮૯
૨૫૧ સંજીવની ઔષધિ અને કૃત્રિમબળનું દૃષ્ટાંત ....... ૪૮૯
૨૫૨ અગીતાર્થનું સ્વરૂપ ....... ૪૯૧
૨૫૩ અપ્રમાદ ઉપર તેલધારનું ઉદાહરણ ....... ૪૯૩
૨૫૪ રાધાવેધનું દૃષ્ટાંત ....... ૪૯૭
૨૫૫ પ્રવજ્યા દિવસ થી અપ્રમત્ત ભાવવાળાને શુભ ભાવની વૃદ્ધિ ....... ૪૯૮
૨૫૬ બ્રાહ્મણ વણિક અને રાજાનું દૃષ્ટાંત ....... ૪૯૮
૨૫૭ સતત અભ્યાસ વિષયક ઉદાહરણ ....... ૫૦૦
૨૫૮ વિષયાભ્યાસ ઉપર મેના પોપટ નું દૃષ્ટાંત ....... ૫૦૪
૨૫૯ ચોદ રત્નનું સ્વરૂપ ....... ૫૨૧
૨૬૦ નવ નિધિઓનું સ્વરૂપ ....... ૫૨૨
૨૬૧ ભાવાભ્યાસ ઉપર નર સુંદર રાજાનું દૃષ્ટાંત ....... ૫૨૫
૨૬૨ તથાભવ્યત્વની વિચારણા ....... ૫૨૭
૨૬૩ અલ્પઅતિચારથી દારૂણ ફલ ઉપર શૂરતેજનું દૃષ્ટાંત ....... ૫૩૦
૨૬૪ જિનપૂજા ઉપર દુર્ગતાડોશીનું દૃષ્ટાંત ....... ૫૩૨
૨૬૫ શુભ અનુષ્ઠાન ઉપર રત્નશિખની કથા ....... ૫૩૪
૨૬૬ વીરાંગદ - સુમિત્રની કથા ....... ૫૩૫
૨૬૭ ઉપસંહાર ....... ૫૩૩
૨૬૮ વિવરણ કારની પ્રશસ્તિ ....... ૫૫૬
૨૬૯ અનુવાદની પ્રશસ્તિ ....... ૫૫૭
૨૭૦ પુનઃ સંપાદકની પ્રશસ્તિ ....... ૫૫૯

वर्तमानशासनाधिपतिश्रीवर्धमानस्वामिने नमः ।

બૃહદ્ગચ્છીય શ્રીમુનિચન્દ્રસૂરિ-રચિત વિવરણ સહિત

**ભવવિરહાંક શ્રીહરિભદ્રસૂરિ-વિરચિત**

## પ્રાકૃત ઉપદેશપદ મહાગ્રન્થનો

# ગુર્જરાનુવાદ

यस्योपदेशपदसंपदमापदंत-
संपादिकां सपदि संघटितश्रियं च ।
आसाद्य सन्ति भविनः कृतिनः प्रयत्नात्,
तं वीरमीरितरजस्तमसं प्रणम्य ॥१॥

• • •

तत्त्वामृतोदधीनामानन्दितसकल विबुधहृदयानाम् ।
उपदेशपदानामहमुपक्रमे विवरणं किंचित् ॥२॥

## વિવરણકારનું મંગલ અને પ્રયોજન

જે ભગવંતના આપત્તિનો અંત કરનાર ઉપદેશપદોની અને તત્કાલ એકત્ર કરેલ ક્ષાયિકાદિ ગુણ-સંપત્તિને મેળવીને ભવ્યાત્માઓ કૃતાર્થ થયા છે એવા, તેમ જ દૂર કરેલ છે કર્મરજ અને અજ્ઞાન-અંધકાર જેમણે એવા વીર પરમાત્માને અપ્રમત્તભાવે પ્રણામ કરીને તત્ત્વામૃતના સમુદ્ર સમાન અને પંડિતો તથા દેવોનાં હૃદયોને આનંદ પમાડનાર એવા **ઉપદેશપદ** મહાગ્રન્થનું કંઈક વિસ્તારથી વિવરણ કરીશ. જો કે, પૂર્વાચાર્યોએ આ ગ્રન્થ ઉપર કઠિન વૃત્તિ રચેલી છે, પરંતુ અલ્પબુદ્ધિવાળા લોકને કાલના પ્રભાવથી સ્પષ્ટપણે સમજી શકાય તેવી ન હોવાથી તેવાઓને ઉપકાર કરવા માટે તેમ જ મારી પોતાની નિર્દોષ તત્ત્વ તરફ પ્રીતિ વધારવા અને મારા આત્માને બોધ થાય, તે માટે ઉપયોગી એવા વચનનો આ (વિવરણ કરવાનો) પ્રયત્ન કરું છું.

આ સંસારમાં આર્યદેશમાં જન્મ મળવા છતાં નિર્દોષ સ્વચ્છ કાદવવગરના કમલસમૂહ સમાન ઉજ્જવલ કુલ-જાતિ વગેરે મળવા છતાં ગુણ-રત્નોથી અલંકૃત હોવા છતાં, તેવા પ્રકારના શાસ્ત્રાભ્યાસના યોગથી ઉત્પન્નથયેલ અનુપમ બુદ્ધિના પ્રભાવથી બૃહસ્પતિને પણ પરાભવ પમાડનાર હોવા છતાં ઉદારતા-દાક્ષિણ્ય-પ્રિય વચન બોલનાર, અનુપમ અનેક પરોપકારનાં કાર્યો કરવા દ્વારા સમગ્ર ચતુર લોકોના મનને હર્ષ ઉત્પન્ન કરનાર હોવા છતાં, સ્વભાવથીજ મોહમદિરાનો મદ ઘટવાથી નિર્વાણ નગરના માર્ગને અનૂકૂલ એવો વિષયનો જરીક વૈરાગ્ય પ્રાપ્ત થવાછતાં પણ, ઘણાભાગે સમગ્ર કુશલ-પુણ્ય કાર્યના મૂળબીજ સમાન,

વળી નવ વિધાન, કામધેનુ, કલ્પવૃક્ષ, ચિંતામણિ રત્નાદિકના પ્રભાવને તિરસ્કાર કરનાર, અતિશય મોહાંધકારના સમૂહને ઉખેડીને દૂર કરનાર એવાં જિનેશ્વરોએ કહેલાં ઉપદેશોનાં પદો (સાંભળ્યા) સિવાય સમ્યગ્-દર્શનાદિથી પરિપૂર્ણ એવા મોક્ષમાર્ગમાં પ્રવેશ થવાની લાયકાત જીવોમાં આવતી નથી. કદાચ કોઇ પણ રીતે તેમાં પ્રવેશ થયો હોય તો પણ અનાદિકાળની ચોંટેલી વાસના રૂપી વિષનો વેગ વૃદ્ધિ પામવાથી ચંચળ થયેલા મનને સ્થિર કરવા સમર્થ બની શકાતું નથી. "આ ઉપદેશ ભવ્યોને ગુણઠાણાનો આરંભ કરનારને, તથા પ્રાયે ગુણઠાણાથી પતન પામનારને માટે સફલ સમજવો, પરંતુ વિશિષ્ટ ગુણઠાણામાં સ્થિરતા પામેલા માટે સફલ ન સમજવો. એમ વિચારીને એકાંત પરહિત કરવાની સજ્જડ બુદ્ધિવાળા સ્મરણ કરવા લાયક નામવાળા **શ્રીહરિભદ્રસૂરિજી મહારાજે શ્રી ઉપદેશપદ** નામનું પ્રકરણ કરવાની ઇચ્છાથી મંગલ, નામ, પ્રયોજન જણાવનાર એવી બે ગાથા શરૂઆતમાં કહી છે -

नमिऊण महाभागं, तिलोगनाहं जिणं महावीरं ।
लोयालोयमियंकं, सिद्धं सिद्धोवदेसत्थं ॥१॥

वोच्छं उवएसपए, कइइ अहं तदुवदेसओ सुहुमे ।
भावत्थसारजुत्ते, मंदमइ-विबोहणट्ठाए ॥२॥

અહિં આ પ્રથમ ગાથાથી સમગ્ર અકુશલ-પાપસમૂહને નિર્મૂલ ઉન્મૂલન કરનાર ઇષ્ટ શાસ્ત્રની રચના નિર્વિઘ્ને પૂર્ણ થાય તે કારણે આદિ મંગલ જણાવ્યું. બીજી ગાથા વડે બુદ્ધિશાળીઓની પ્રવૃત્તિ માટે સાક્ષાત્ **ઉપદેશપદનું** નામ જણાવ્યું, મન્દમતિવાળો શ્રોતાવર્ગ બોધ પામે એવું પ્રયોજન પણ જણાવ્યું. સામર્થ્યથી અભિધાન અભિધેયમાં વાચ્ય-વાચક, ભાવ અને અભિધેય પ્રયોજનમાં સાધ્યસાધનરૂપ સંબંધ કા.કે અભિધેય - વિષયવ્યાખ્યા કરવામાં પ્રયોજન હેતુ બને છે એટલે પણ કહેવાયો. હવે ગાથાના દરેક શબ્દના વિસ્તારપૂર્વક અર્થ કહે છે પ્રશસ્ત મન, વચન અને કાયાના વ્યાપાર વિષયક ભાવપૂર્વક **મહાવીર** ભગવંતને નમસ્કાર કરીને. ભગવંત કેવા ? જન્માભિષેક સમયે ઇન્દ્રને થયેલ શંકા દૂર કરવા માટે ડાબા પગના અંગુઠાના એક ભાગથી દબાવેલ મેરુપર્વત કંપવાના કારણે સમગ્ર પૃથ્વી ડોલવા લાગી. અર્થાત્ બાલ્યકાળમાં આવા પરાક્રમવાળા હતા. ઇન્દ્રસભામાં ઇન્દ્રે કરેલી ભગવંતની પ્રશંસા સહન નહીં કરનાર એવો દેવ રમત રમવાના બહાનાથી પોતાની હાર સ્વીકારી શરત પ્રમાણે ભગવંતને ખાંધે બેસાડી પોતાની કાયાને ઉંચે આકાશતલને ઓળંગી નાખે એટલી વૃદ્ધિ પમાડી, તો પણ ભગવંત તે દેવથી ભય તો ન પામ્યા, પરંતુ વજ્ર સરખી કઠિન મુઠ્ઠી વાંસામાં એવી ઠોકી કે તે દેવ વામન બની ગયો. એટલે કે તેવી નાની વયમાં પણ અદ્ભુત પરાક્રમરૂપ ભાગ્યને વરેલા હતા. સમગ્ર ત્રણે લોકની સહાયતાથી નિરપેક્ષ હોવાથી દીક્ષા લીધા પછી તરત જ દિવ્યાદિ મહાઉપસર્ગો આવે તો અગ્લાનિએ સમભાવથી સહન કરવા દ્વારા કેવલજ્ઞાન-પ્રાપ્તિ સમયે આઠ મહાપ્રાતિહાર્ય લક્ષણ પૂજા પામતા હોવાથી, ત્યાર પછી આત્માના અજ્ઞાન અંધકારને દૂર કરવામાં સમર્થ સમગ્ર લોકોના મનને હરણ કરનાર, યથાર્થ કથનમાર્ગને સમૃદ્ધ કરનારા, જન્મ, જરા અને મરણને દૂર કરનાર પ્રધાન **અર્ધમાગધ** ભાષા વિશેષથી એકી

વખતે મિત્ર સ્વરૂપ મનુષ્ય વગેરે દરેક પ્રાણીઓના સંશય-સમૂહને દૂર કરનાર, પોતાના વિહાર સમયે સ્પર્શ થયેલા પવનના પ્રસારથી ચારે દિશાના પૃથ્વીમંડલમાં પચીશ યોજન સુધી સર્વ વ્યાધિના પરમાણુ સમૂહને - ધૂળરાશિને દૂર કરનાર, સમગ્ર સુરો અને અસુરોના સૌન્દર્યથી ચડીયાતા શરીરના સૌન્દર્યાદિ ગુણસમૂહવશથી જે ભગવંત ત્રણે ભુવનમાં પ્રસિદ્ધ છે. વળી ભગવંત કેવા પ્રકારના ? કેવલજ્ઞાનરૂપ લોચનબલ વડે કેવલિઓવડે જે દેખાય તે લોક, અને તે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, જીવ, પુદ્ગલાસ્તિકાય સહિતનો આકાશદેશ હોય. તે માટે કહેલુ છે કે -"ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો જેમાં વર્તતા હોય તે દ્રવ્યો સહિત હોય તે લોક અને તેથી વિપરીત અર્થાત્ આ છએ દ્રવ્યો રહિત જે આકાશ વિભાગ તે અલોક કહેવાય." ત્રણે લોકના સમૂહને ત્રિલોક કહેવાય. ત્રણે લોકમાં રહેલા ભવ્યલોકના નાથ. ન પ્રાપ્ત કરેલા સમ્યગ્દર્શન આદિ ગુણો પ્રાપ્ત કરાવનાર અને પ્રાપ્ત કરેલા ગુણોને તેવા તેવા ઉપાયો બતાવીને રક્ષણ કરવા રૂપ યોગક્ષેમને કરનાર તે નાથ કહેવાય, માટે ત્રણે લોકના નાથ. દુઃખે કરીને અંત લાવી શકાય તેવા અંતરંગ શત્રુ કામ-ક્રોધાદિકના સમૂહને જિતનારા હોવાથી જિન. વળી કેવા ? અધમ સંગમાસુર તેમ જ બીજા હલકા પ્રાણીઓએ કરેલા અનેક ઉપસર્ગોમાં પણ અડોલ પરાક્રમવાળા-મહાન શૂરાતનવાળા હોવાથી મહાવીર-છેલ્લા વર્દ્ધમાન નામના તીર્થંકર.

ફરી કેવા ? કેવલજ્ઞાનથી દેખી અને જાણીને વચન ચન્દ્રિકા દ્વારા પદાર્થના યથાર્થ સ્વરૂપને પ્રકાશિત કરનારા હોવાથી લોકાલોકમાં ચંદ્ર સમાન તથા સિદ્ધ થયેલા-જેમણે સમગ્ર પ્રયોજનો સાધી લીધાં છે. "જુનાં કર્મો જેમણે બાળીને ભસ્મ કર્યાં છે, અથવા તો મોક્ષ-મહેલના શિખર પર જેઓ કાયમ માટે પહોંચી ગયા છે, જેમનાં સમગ્ર કાર્યો પૂર્ણ થયાં છે તેવા સિદ્ધ પરમાત્મા મારું મંગલ કરો." તથા પ્રમાણાદિકના બલથી જીવાજીવાદિ રૂપ ઉપદેશ-પ્રવચનનો પરમાર્થ જેણે યથાર્થ જાણેલ છે. અથવા સમગ્ર ક્લેશથી સર્વથા જીવ મુક્ત થાય, તે જ ઉપદેશનો પરમાર્થ છે. કારણ કે, તીર્થંકર ભગવંતોએ જે ઉપદેશ આપેલો છે, તેનું કોઈ પણ ફલ ગણેલું હોય તો માત્ર મોક્ષ-પ્રાપ્તિ, માટે સિદ્ધ થયેલો છે ઉપદેશ જેમનો એવા વીર ભગવંત. અહીં ઘણાં વિશેષણ એટલા માટે જણાવ્યાં કે જે ન જાણેલા ગુણોને જાણી શકાય, પરંતુ વ્યવચ્છેદ કરવા માટે ન જાણવા. જેમકે કાળો ભમર, સફેદ બગલા વગેરેની જેમ.

ઉપદેશ-પદો કહીશ. અહીં સમગ્ર પુરુષાર્થોમાં મોક્ષ એ જ પ્રધાન પુરુષાર્થ ગણેલો હોવાથી બુદ્ધિશાળીઓએ તે જ પુરુષાર્થનો ઉપદેશ આપવો અને મોક્ષમાર્ગ વિષયક હિતશિક્ષા રૂપ પદોને જ ઉપદેશપદો માનેલાં છે. જેમકે 'મનુષ્યજન્મ દુર્લભ છે,' વગેરે. તે ઉપદેશપદો સૂત્રથી અલ્પ છે અને અર્થથી અપરિમિત છે. જિનેશ્વરના આગમમાં સર્વ સૂત્રો અનંત અર્થને કહેનારાં છે. પૂર્વના મહર્ષિઓએ કહેલ છે કે - 'સર્વ નદીઓની રેતીના જેટલા કણીયા છે, સર્વ સમુદ્રોના જેટલાં જળબિન્દુઓ છે, તેના કરતાં એક સૂત્રનો અર્થ અનંતગુણો છે.' આગળ જણાવેલા મહાવીર ભગવંતના વિશેષણો-ગુણો, તેમના કહેલા આગમના અનુસારે કહીશ, પરંતુ સ્વતંત્રપણે નહીં, કારણ કે છદ્મસ્થને ઉપદેશ આપવાનો સ્વતંત્ર અધિકાર નથી. છદ્મસ્થ સાધુઓ કેવલિભગવંતના કહેલા આગમના અનુસારે જ ઉપદેશ આપવાનો અધિકાર છે. ઉપદેશપદો કેવાં કહીશ ? સૂક્ષ્મ અર્થને જણાવનારાં હોવાથી કુશાગ્રબુદ્ધિવાળા ગ્રહણ કરી શકે

તેવાં. અર્થાત્ પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થમાં જે તાત્પર્યાર્થ હોય તે ભાવાર્થના સારવાળાં ઉપદેશપદો. શા માટે ઉપદેશપદ ગ્રન્થની રચના કરી ? શંકા થવી, અવળો અર્થ કરવો, વિચાર જ ન કરવો, આવા અજ્ઞાનવાળા, અલ્પબુદ્ધિવાળા જડાત્માઓને તત્ત્વપ્રતીતિ પ્રતિ બુદ્ધિ ઉત્પન્ન થાય અને સંશયાદિ દૂર કરીને તેઓ સત્ય અર્થના જાણકાર બને-એવા શુભાશયથી આ ગ્રન્થની રચના કરું છું. (૧-૨)

હવે ઉપદેશપદોમાં સર્વ પ્રધાન એવા ઉપદેશપદને જણાવે છે -

लद्धूण माणुसत्तं, कहंचि अइदुल्लहं भव-समुद्दे ।
सम्मं निउंजियव्वं, कुसलेहिं सया वि धम्मम्मि ॥३॥

ભવ-સમુદ્રમાં કોઈ પ્રકારે અતિ દુર્લભ મનુષ્યપણું પામીને કુશલ પુરુષોએ હંમેશા તેનો ધર્મકાર્યમાં સુંદર ઉપયોગ કરવો જોઈએ.

પ્રકૃતિ - સ્વભાવથી પાતળા કષાય, દાનરુચિ, મધ્યમ ગુણોવાળો હોય તે જીવ મનુષ્ય-આયુષ્ય બાંધે. આગળ ચોલ્લક વગેરે દૃષ્ટાન્તો જણાવીશું, તે પ્રમાણે મનુષ્યત્વ ફરી પ્રાપ્ત થવું અતિદુર્લભ છે. અનેક યોનિ-જાતિ રૂપ જળથી ભરેલા પાર વગરના સંસાર-સમુદ્રમાં દુર્લભ મનુષ્યપણું પામીને મન-વચન-કાયાનું સામર્થ્ય ગોપવ્યા વગર કુશલ પુરુષોએ હંમેશાં પોતાની અવસ્થાને ઉચિત અનુષ્ઠાન-શ્રુત-ચારિત્ર લક્ષણ જિનધર્મની આરાધનામાં ઉદ્યમ કરવો જોઈએ. જીવિત અનિત્ય હોવાથી બાલ્યકાલથી જ ધર્મનું સેવન કરવું જોઈએ. જેમ પાકેલાં ફળને હંમેશા પતનનો ભય છે, તેમ. આજે નહીં તો આવતી કાલે પાકેલાં ફળની જેમ શરીર ટણકાર (અવાજ) કરતું નીચે પડશે. (૩)

## મનુષ્યભવની દુર્લભતાના દ્રષ્ટાંતો

अइदुल्लहं च एयं, चोल्लग-पमुहेहिं अत्थ समयम्मि ।
भणियं दिट्ठंतेहिं, अहमवि ते संपवक्खामि ॥४॥

અરિહંતના શાસનમાં ચોલ્લક વગેરે દશ દૃષ્ટાંતોની જેમ મનુષ્યપણું અતિદુર્લભ જણાવેલું છે. તે જ દૃષ્ટાંતો કંઈક વિસ્તારથી હું પણ કહીશ.ભગવાન **ભદ્રબાહુસ્વામીએ** નિર્યુક્તિ આદિમાં કહેલા ચોલ્લકાદિ દૃષ્ટાન્તાનુસાર પ્રતિપાદન કરીશ. જો પૂર્વાચાર્યોએ ઉપદેશપદો કહેલાં જ છે, તો પછી તમારે પિષ્ટ-પેષણ કરીને ફરી કહેવાનું શું પ્રયોજન છે ? તેના સમાધાનમાં જણાવે છે કે -પૂર્વાચાર્યોએ તે કાળમાં થનારા પ્રૌઢ બુદ્ધિશાળી શ્રોતાઓ પોતે જ ભાવાર્થ સમજી શકશે તેમ સમજીને ભાવાર્થ પ્રગટ કરવાનો પ્રયાસ ન કર્યો, અત્યારના કાળમાં અલ્પબુદ્ધિવાળા શ્રોતાઓ પોતે ભાવાર્થ સમજવા માટે શક્તિમાન નથી -એમ ધારીને તેમના ઉપર ઉપકાર કરવાની બુદ્ધિથી ભાવાર્થના સાર સહિત ઉપદેશપદની રચના કરી. છે. (૪)

ચોલ્લક વગેરે દૃષ્ટાન્તો કહે છે –

चोल्लग-पासग-धण्णे, जूए रयणे य सुमिण चक्के य ।

चम्म-जुगे परमाणू, दस दिट्ठंता मणुय-लंभे ॥ ५ ॥

ચોલ્લગ ૧, પાસા ૨, ધાન્ય ૩, દ્યૂત ૪, રત્નો ૫, સ્વપ્ન ૬, ચક્ર ૭, ચર્મ ૮, ધુંસરું ૯, પરમાણુ ૧૦. આ દશ દૃષ્ટાંતોની જેમ મનુષ્યપણું મુશ્કેલીથી પ્રાપ્ત થાય છે. પ્રમાણથી પ્રાપ્ત થયેલા પદાર્થને શ્રોતાના પ્રતીતિપથમાં પહોંચાડે તે દૃષ્ટાંત. દૃષ્ટાન્તની ભાવના આ પ્રમાણે વિચારવી. અનુમાન પ્રયોગ "જીવ મનુષ્યપણું પ્રાપ્ત કરીને ફરી તે દુઃખથી મેળવી શકે છે" - એ પ્રતિજ્ઞા, ધર્મ ન કર્યો હોય તેથી તે ગતિ મળવામાં ઘણા અંતરાયો આવે છે-આ હેતુ, જે જે ઘણા અંતરાયોથી અવરાયેલ હોય તે તે ફરી ઘણા દુઃખથી મેળવી શકાય છે". બ્રહ્મદત્ત ચક્રવર્તીના મિત્ર બ્રાહ્મણને એક વખત ચક્રવર્તીના ઘરે ભોજનની પ્રાપ્તિ થઈ, ત્યાર પછી તેના રાજ્યના આખા ભરતક્ષેત્રમાં નિવાસ કરતા સમગ્ર રાજાદિક લોકના દરેક ઘરે દરરોજ ભોજન કરવાનો વારો નક્કી કર્યો. ફરી ચક્રવર્તીને ઘરે ભોજન કરવાનો વારો આવવો દુર્લભ ગણાય. ચોલ્લક શબ્દનો અર્થ ભોજન ૧, ચાણક્યના જુગાર રમવાના પાશક સીધા પડવા માફક ૨, ભરતક્ષેત્રમાં ઉગેલા સર્વ ધાન્યના ઢગલામાં એક પ્રસ્થ પ્રમાણ સરસવ ભેળવીને વળી પાછા તેટલા મેળવવા માફક ૩, એકસો આઠ સ્તંભ, દરેક સ્તંભને ૧૦૮ ખૂણા છે, તે દરેકને ૧૦૮ વખત વગર હાર્યે જિતી જવાની જેમ ૪, મોટા શેઠે એકઠાં કરેલાં અનેક વિવિધ રત્નોને વિદેશી વેપારીઓને પુત્રે વેચી નાખ્યા પછી ફરી પાછાં મેળવવા માફક ૫, સ્વપ્નમાં મહારાજ્ય-પ્રાપ્તિ એકવાર થયાપછી ફરી તેવું સ્વપ્ન લાવવા-મેળવવા માટે પ્રયત્ન કરનાર મુસાફર માફક ૬, મંત્રીપુત્રીના પુત્ર રાજપુત્ર સુરેન્દ્રદત્તે વિરુદ્ધ દિશામાં ફરતા આઠ ચક્રના આરામાંથી ધનુષ-બાણથી ટાંકી વીંધેલી પૂતળીની જેમ ૭, મહાસરોવરમાં જાડી શેવાલમાં પડેલા છિદ્રમાં કાચબાએ પોતાની ડોક નાખી શરદચંદ્ર જોયો અને કુટુંબને બોલાવવા ગયો. ફરી એ છિદ્ર પ્રાપ્ત થવા માફક ૮, મહાસમુદ્રમાં પૂર્વ-પશ્ચિમમાં નાખેલાં ધુંસરી અને ખીલી સ્વયં મોજામાં અફળાતાં-કૂટાતાં ખીલીનું ધુંસરાના છિદ્રમાં પ્રવેશ પામવા માફક ૯,અનંત પરમાણુંવાળા સ્તંભનું કોઈક દેવ ચૂર્ણ બનાવી-પરમાણુઓ છૂટા કરી દૂર દૂર ફેંકી દે અને ફરી દરેક પરમાણુઓ એકઠા કરવા માફક ૧૦, બીજી બીજી અનેક જાતિ અને વિવિધ યોનિઓ પામવા રૂપ ઘણા અંતરાયોથી ફરી મનુષ્યભવ ઘણા લાંબા કાળે પ્રાપ્ત થાય છે - એમ ઉપનય સમજવો. (૫)

એ જ દૃષ્ટાંતો હવે વિસ્તારથી ક્રમસર કહે છે –

चोल्ल त्ति भोयणं, बंभदत्त-परिवार-भारहजणम्मि ।

सयमेव पुणो दुलहं, जह तत्थ तहेत्थ मणुयत्तं ॥६॥

ચોલ્લ એટલે ભોજન, બ્રહ્મદત્તના પરિવારને ઘરે તથા ભારતના તમામ લોકોના ઘરે દરરોજ કરવાનું હોવાથી ફરી બ્રહ્મદત્ત ચક્રવર્તીને ત્યાં વારો પોતાને મળવો દુર્લભ છે, તેવી રીતે મનુષ્યપણું ફરી મળવું દુર્લભ છે. ગાથાનો વિસ્તારથી ભાવાર્થ આ કથાનકથી જાણવો.

## (૧) ચક્રવર્તીના ઘરે ભોજનનું દૃષ્ટાંત

આ ભરતક્ષેત્રમાં દક્ષિણાર્ધ ભરતના મધ્યખંડમાં શત્રુભયથી હંમેશાં અકંપિત એવું કાંપિલ્યપુર નામનું નગર હતું. જ્યાં પવિત્ર શીલ અને ઘણા ધનવાળા હોવાથી સ્વપ્નમાં પણ કોઈ પરસ્ત્રી તરફ નજર ન કરતા હોવાથી ત્યાંના લોકોની કીર્તિ દેશાવરો સુધી પહોંચી હતી. દાક્ષિણ્યામૃતથી પરિપૂર્ણ, પ્રિયવચન બોલનાર, સ્થિર અને ગંભીર ચિત્તવાળા હમેશાં પ્રમોદ કરતા અનેક નગરજનો ત્યાં વાસ કરતા હતા. [1]તે નગરની અંદર ઉત્તમ જાતિવંત અતિમનોહર, અતિ સુંદર તિલકયુક્ત ઉત્તમ પુરુષના સમાગમથી સૌભાગ્યવાળી, રમણીય સ્તનવાળી, સુંદર કાંતિવાળી, પ્રૌઢવયવાળી, સરલ, સુરભિગંધ યુક્ત યુવતીઓ હતી અને નગર બહાર સુંદર જાતિનાં પુષ્પો, અતિ વિકસિત તિલક વૃક્ષોથી યુક્ત, સોપારીના વૃક્ષ સાથે લાગેલ પાનની લતાયુક્ત, રમણીય જળાશયોવાળી સુંદર છાંયડાવાળી, વિશાળ, સરળ સુગંધવાળી આરામશ્રેણીઓ હતી. જે નગરમાં સજ્જનોના ઘરમાં ઉજ્જવલ કાંતિ વાળી અને સુવર્ણ (સુંદર) યૌવનવયવાળી છતાં દુષ્કર વ્રતવાળી વિધવા સ્ત્રીઓ હતી અને ઉજ્જવલ સુવર્ણ અને રજતના ઊંચા ઢગલા રૂપે રહીને (સ્થિર રહેવા રૂપ) લક્ષ્મી દુષ્કર વ્રત પાલતી હતી.

વળી જ્યાં જિનમંદિરો ઉપર સજ્જડ પવનથી ફરકતી ધ્વજાઓ જાણે ધર્મી લોકોની કીર્તિ સ્વર્ગે સંચરતી હોય તેમ શોભતી હતી. અનેક આશ્ચર્યોથી પૂર્ણ તે નગરને વિપુલ સૈન્ય બળથી યુક્ત ઇક્ષ્વાકુવંશમાં ઉત્તમ એવો **બ્રહ્મ** નામનો રાજા પાલન કરતો હતો. તે રાજાના અતિપુષ્ટ અતિલાંબા ક્યાંય પણ નહીં તૂટેલા ગુણો રૂપી દોરડાવડે જાણે બાંધેલી હોય તેમ તેની લક્ષ્મી હંમેશાં સ્થિર હતી. જે રાજાએ સમય આવે ત્યારે સામ, દામ, દંડ અને ભેદ નીતિ વાપરી પોતાનો યશ દૂર સુધી ફેલાવ્યો હતો, તેના ઉદ્ભટ દુશ્મનના ક્રોડો સુભટોને ભય પમાડનાર એવા તે પરાક્રમી રાજાને અતિ સ્નેહ-રત્નની ખાણ સમાન **ચુલણી** નામની પ્રિયરાણી હતી. તે રાજાને નિષ્કપટ મૈત્રીભાવને ધારણ કરનારા બ્રહ્મા સરખી ચતુર બુદ્ધિવાળા ચાર રાજાઓ હતા. એક કાશીદેશનો **કટક** રાજા, બીજો ગજપુરનો સ્વામી **કણેરુદત્ત**, ત્રીજો કોશલસ્વામી **દીર્ઘરાજા** અને ચોથો ચંપાનો સ્વામી **પુષ્પચૂલ** રાજા. પ્રામાણિકપણે રાજ્યચિંતાની ધુરા ધરનાર **ધનુ** નામનો મહા અમાત્ય હતો, તેને પિતાના ગુણોને ધારણ કરનાર **વરધનુ** નામનો પુત્ર હતો. તે બ્રહ્માદિક પાંચે રાજાઓ ગાઢ સ્નેહાધીન હોવાથી પરસ્પર વિરહને ન ઈચ્છતા આ પ્રમાણે મંત્રણા કરવા લાગ્યા કે, આપણે દરેક પાંચે રાજ્યોમાં એક એક વર્ષ સપરિવાર સાથે જ રહેવું. બહુ પુણ્યથી પામી શકાય એવા પ્રકારના ભોગ સુખને ભોગવતા એવા ઉદાર મનવાળા તે રાજાઓનો કેટલોક કાળ પસાર થયો. હવે કોઈક સમયે રાત્રિના મધ્યકાળે ચુલણી રાણીએ અતિ ઉદાર ફલવાળાં ચૌદ સ્વપ્નો દેખ્યાં. તે આ પ્રમાણે-૧ હાથી, ૨ વૃષભ, ૩, સિંહ, ૪ અતિ શ્વેત પુષ્પમાળા, ૫ ચંદ્ર, ૬ સૂર્ય, ૭ ધ્વજ, ૮ અભિષેક કરાતી લક્ષ્મીદેવી, ૯ કુંભ, ૧૦ કમળોથી યુક્ત સરોવર, ૧ સમુદ્ર, ૧૨ દેવતાઈ વિમાન, ૧૩

૧ અર્થ શ્લેષ સ્ત્રી અને આરમશ્રેણીનો સમજવો.

રત્નોનો રાશિ, ૧૪ નિર્ધૂમ અગ્નિ; તત્કાલ જાગેલી તે ભલીભોળી રાણી બ્રહ્મરાજાને કહેવા લાગી કે, 'હે સ્વામી ! હમણાં જ મેં આવા પ્રકારનાં ચૌદ સ્વપ્નો જોયાં.' મેઘધારાથી સિંચાયેલ નીપ (કદંબ) પુષ્પની જેમ વિકસિત બનેલ રોમરાજી વાળો ખીલેલાં કમળ સરખા પ્રફુલ્લિત નેત્રવાળો રાજા કહેવા લાગ્યો કે, 'હે દેવી ! આપણા કુળમાં કલ્પવૃક્ષ સમાન, ધ્વજ સમાન, દીપક સમાન, પૃથ્વીમંડલનો મુગટમણિ, ગુણરત્નોની ખાણ એવો ઉત્તમ પુત્ર ઉત્પન્ન થશે, કંઈક અધિક નવ મહિના પસાર થયા પછી વાયુ અને ધૂળની ડમરી શાન્ત થયે છતે, સમગ્ર દિશાઓને પ્રકાશિત કરનાર, આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવો પુત્ર જન્મ્યો. વધામણાં અને વિવિધ જાતિના જન્મોત્સવ કાર્યો કર્યા પછી 'બ્રહ્મદત્ત' એવું તેનું નામ સ્થાપન કર્યું. શુકલપક્ષના ચંદ્રમંડલ માફક તે હમેંશા વધવા લાગ્યો. તેના વક્ષસ્થલમાં લક્ષ્મીના નિવાસ સ્થાન એવું શ્રીવત્સનું ચિહ્ન શોભવા લાગ્યું. કોઈક સમયે કટકાદિક ચારે રાજાઓ બ્રહ્મરાજા પાસે આવ્યા હતા, ત્યારે બ્રહ્મરાજાને સ્વજનોને શોક કરાવનાર એવો મસ્તકનો રોગ ઉત્પન્ન થયો. ત્યારે વૈદક શાસ્ત્રના અર્થના પારગામી મુખ્ય મુખ્ય વૈદ્યોએ સારી રીતે ઔષધો કર્યાં છતાં મસ્તકની વેદના શાન્ત ન થઈ. 'આ જગત મરણના છેડાવાળુ છે.' - એમ મનમાં નિશ્ચય કરીને કટકાદિક મિત્રોને બોલાવી તેમને બ્રહ્મદત્ત સોંપ્યો. તેઓને ભલામણ કરી કે, 'આ મારો પુત્ર સમગ્ર કળામાં કુશળ બને, સમગ્ર રાજ્ય કારભાર ચલાવી શકે તેવો તમારે તૈયાર કરવો.' ત્યાર પછી બ્રહ્મરાજા ક્રમે કરી મૃત્યુ પામ્યો. લોકપ્રસિદ્ધ એવાં સર્વ મરણોત્તર કાર્યો કર્યાં. તે ત્રણે રાજાઓ દીર્ઘરાજાને આ રાજ્ય ભળાવીને પોતપોતાના રાજ્યમાં ચાલ્યા ગયા.

ચુલણી અને દીર્ઘ બંને રાજ્યકાર્ય ચિંતવતા ચિંતવતા તેઓ વચ્ચે સ્નેહ પ્રગટ્યો અને શીલરૂપી વનને બાળી નાખવા સમર્થ અગ્નિ સરખો કામાગ્નિ ઉત્પન્ન થયો. મનની ચંચળતાથી ચુલણી કુળની મલિનતા ન ગણકારતી લોકોની લજ્જા છોડીને પાપી દીર્ઘરાજામાં મોહિત બની. દીર્ઘરાજા પણ છિદ્ર દેખનારા, કુટિલ ગતિવાળા વિષયાસક્તિ રૂપ વિષયથી ભરેલા સર્પ સરખો ચુલણીમાં રક્ત બન્યો. ધનુ પ્રધાને ચુલણીનું શીલભંગ-ફલવાળું સમગ્ર ચરિત્ર જાણ્યું એટલે વિચાર્યું કે, હવે કુમારનું કુશળ ભયવાળું ગણાય. પ્રધાને પોતાના વરધનું પુત્રને કહ્યું કે, 'હે પુત્ર ! રાજપુત્રના શરીરની અપ્રમત્તપણે રક્ષા કરવી. કારણ કે તેની માતા પલટાઈ ગઈ છે, તે ઠીક થયું નથી. એવો યોગ્ય સમય જણાય, ત્યારે કુમારને માતાનું સર્વ ચરિત્ર જણાવી દેવું કે જેથી કરીને કોઈક બ્હાનાથી તે ન ઠગાય. માતાનું દુશ્ચરિત્ર જાણવાથી કુમાર તીવ્ર ક્રોધવાળો બન્યો. કાલક્રમે યૌવનવય પામ્યો. માતાને વાકેફ કરવા માટે અસમાન જાતિવાળા કાગડો અનેકોયલ અનેએવા બીજા પ્રાણીઓને વિરુદ્ધ આચરણ કરનારા બતાવ્યા. અંતઃપુરમાં તેઓને લઈ જઈ માતાને બતાવીને કોપ વચન બોલતો કહેવા લાગ્યો કે, 'હે માતા ! હું આને શિક્ષા કરીશ, કારણ કે વિરુદ્ધ આચરણ કરનારા છે. મારા રાજ્યમાં બીજા પણ કોઈ તેવા અનાચાર સેવન કરશે, તેઓને પણ હું નિરપેક્ષ મનવાળો બની આકરી સખત સજા કરીશ.' આ પ્રમાણે અનેક વખત સજા કરતા અને તે પ્રમાણે બોલતા બ્રહ્મદત્તને સાંભળીને દીર્ઘે ચુલણીને કહ્યું કે, 'તારો પુત્ર જે આ પ્રમાણે બોલે છે, તેનું પરિણામ આપણા માટે અશુભ સમજવું. ત્યારે ચુલણીએ કહ્યું કે, 'એ તો બાળકબુદ્ધિથી બોલે છે, તેના બોલવા ઉપર

વિચાર ન કરવો.'

'હે મુગ્ધા ! આ કુમાર હવે બાળક ન સમજવો, પણ યૌવનવય પામેલો છે, તારા અને મારા મૃત્યુ માટે થશે.' એમ દીર્ઘે કહ્યું. 'તો હવે તે ન જાણે તેવા કોઈક ઉપાયથી તેને મારી નાખવો જોઈએ. હું તને સ્વાધીન છું, તો તને બીજા પુત્રો ઉત્પન્ન થશે.' રતિરાગમાં પરવશ બનેલી આ ભવ અને પરભવના કાર્યની ચિંતા ન કરતી એવી ચુલણીએ તેની વાતનો સ્વીકારકર્યો. સ્ત્રીઓનાં આવાં ચરિત્રોને ધિક્કાર થાઓ, કે જે સર્વ લક્ષણવાળા ચૌદ સ્વપ્નથી સૂચિત, લાવણ્યની ઉત્તમાથી કામદેવના રૂપને પણ જિતનાર, સર્વ અવિનીતાદિ અવગુણોથી રહિત એવા પોતાના પુત્રને માટે આવો વ્યવસાયકરવા તૈયાર થઈ ! ત્યાર પછી તેઓએ બ્રહ્મદત્ત માટે એક રાજપુત્રીનો વિવાહ નક્કી કર્યો અને વિવાહ કરવા માટેની સામગ્રી તૈયાર કરાવી. અતિગુપ્ત પ્રવેશ નિર્ગમના દ્વારવાળું સો સ્તંભ યુક્ત એવું કુમારને રહેવા માટે લાક્ષાગૃહ બનાવ્યું. રાજ્યકાર્યમાં કુશલ એવા ધનુમંત્રીએ આ ગુપ્તવૃત્તાન્ત જાણી લીધો. દીર્ઘરાજાને ધનુ પ્રધાને કહ્યું કે, 'વરધનું નામનો આ મારો પુત્ર છે. હવે તે યૌવનવય પામેલો છે, તેમ જ રાજ્યકાર્ય નિર્વાહ કરવા સમર્થ થયો છે. હવે મારી વય પરલોકનાં કાર્ય સાધવાની થયેલી છે, માટે વાનપ્રસ્થાશ્રમ કરવાની મને અનુમતિ આપો. ત્યારે કપટ સહિત દીર્ઘે કહ્યું કે, 'હે અમાત્ય ! આ નગરમાં રહીને જ દાનાદિક પરલોકના અનુષ્ઠાનનું સેવન કરો.' દીર્ઘરાજાનું વચનસ્વીકારીને નગર બહાર ગંગાનદીના કિનારા ઉપર ધનુએ એક મોટી શ્રેષ્ઠ દાનશાળા અને પાણીની પરબ કરાવી. ત્યાં આવતા પરિવ્રાજકો જુદા જુદા પ્રકારના ભિક્ષુકો, મુસાફરોને ભદ્ર ગજેન્દ્રની જેમ દાન આપવા લાગ્યો. તે સાથે સન્માન-દાનથી સંતોષેલા પોતાના સરખા વિશ્વાસુ પુરુષો પાસે લાક્ષાઘર સુધીની ચાર ગાઉની સુરંગ કરાવી. આવી સ્થિતિમાં પોતાના પરિવાર-સહિત તે રાજકન્યા વિવાહ માટે ફરકતી ધ્વજાવાળા કાંપિલ્યપુરમાં આવી પહોંચી. પાણિગ્રહણ-વિધિ થયા પછી રાત્રે વરધનુ સહિત કુમાર લાક્ષાગૃહવાળા વાસભવનમાં ગયો.રાત્રે બે પહોર વીત્યા પછી ભવન એકદમ સળગવા લાગ્યું. તે વખતે અતિ ભયંકર કોલાહલ ઉછળ્યો. ક્ષોભાયમાન સમુદ્ર સરખો લોકોનો એક સામટો કરાતો ઘોંઘાટ સાંભળીને કુમારે વરધનુને પૂછ્યું કે, 'ઓચિંતુ આ શું તોફાન છે ?' 'હે કુમાર ! તમારા અનર્થમાટે આ વિવાહનો પ્રસંગ ઉભો કર્યો છે. આ રાજકન્યા નથી, પરંતુ તેના સરખી આ બીજી જ કોઈ કન્યા છે.' એટલે સ્નેહ મંદ થયો અને કુમારે પૂછ્યું કે, 'હવે આપણે શું કરવું ?' તો વરધનુએ કહ્યું કે, 'પગની પાનીથી નીચેપ્રહાર કર.' પગ અફાળ્યો એટલે ખોદેલી સુરંગનો માર્ગ મળી આવ્યો. તેઓ બંને ગંગાનદીના કિનારા પર દાનશાળાવાળા પ્રદેશમાં પહોંચી ગયા.ધનુમંત્રીએ આગળથી તૈયાર રાખેલા ઉત્તમ જાતિના બે અશ્વો આપ્યા એટલે તરત તેના ઉપર સ્વાર થઈને પચાસ યોજનનો માર્ગ કાપી નાખ્યો. ઘણા લાંબા માર્ગની મુસાફરીથી થાકેલા અશ્વો એકદમ પટકાયાઃ એટલે પગે ચાલીને જતાં જતાં એક કુટ્ટ નામના ગામે પહોંચ્યા ત્યારે કુમારે વરધનુને કહ્યું કે, 'મને ક્ષુધા લાગી છે, તેમ જ હવે હું સજ્જડ થાકી ગયો છું.' ગામની બહાર કુમારને બેસાડીને મંત્રીપુત્ર ગામમાં ગયો. ગામમાંથી એક હજામને લાવી કુમારનું મસ્તક મુંડાવી નાખ્યું, ભગવા રંગનું વસ્ત્ર પહેરાવ્યું

અને લક્ષ્મીકુલના સ્થાનરૂપ શ્રીવત્સને ઢાંકી દેવા માટે ચાર આંગળ પ્રમાણ વસ્ત્રનો પાટો બાંધી દીધો. 'જો કોઈ પ્રકારે દીર્ઘરાજાને અમારી માહિતી મળે તો કદાચ મારી નાખે' એ કારણે વરધનુએ પણ પોતાનો વેષ પલટી નાખ્યો. આવા પ્રકારના ભયને વહન કરતા, "પકડાઈ જઈએ તેનો" પ્રતિકાર કરતા કોઈક ગામનાં એક બ્રાહ્મણને ઘરે ગયા. ઘરના એક સેવકે આમંત્રણ આપ્યું કે, 'અહીં જ આજે ભોજન કરો.' ત્યાં રાજાને ઉચિત એવા સન્માનથી ભોજન કર્યું. ભોજન પૂર્ણ થયા પછી એક મુખ્ય સ્ત્રીએ કુમારના મસ્તક ઉપર અક્ષત વધાવ્યા અને કહ્યું કે, 'બંધુમતી કન્યાનો આ વર હોજો.' પોતાને અત્યંત ગુપ્ત રાખવાના કારણે પ્રધાનપુત્રે કહ્યું કે, 'આ મૂર્ખ બટુક માટે કેમ પરિશ્રમ કરો છો ?' વિકસિત નેત્રવાળા ઘરસ્વામીએ કહ્યું કે, 'હે સ્વામી ! પહેલાં કોઇ નિમિત્તિયાએ અમને કહ્યુ હતું કે છાતી પાટોબાંધીને અને ભગવાં વસ્ત્ર પહેરીને મિત્ર સહિત જે તમારે ત્યાં ભોજન કરશે, તે આ બાલિકાનો પતિ થશે, પણ બીજો નહિં' તે જ દિવસે કુમારે તેની સાથે પાણિગ્રહણ કરી લગ્ન કર્યું અને તે જ ક્ષણે તેઓનો પરસ્પર ગાઢ સ્નેહ થયો. તે કન્યાનો લાંબા કાળના પરિચિત એવા પિતાદિક અને લોકો ઉપરનો સ્નેહ પીગળી ગયો. પંડિત પુરુષો આ કારણે જ કહે છે કે, 'બાલ્યકાળમાં પિતા, માતા, ભાઈ, સ્વજન, સખી વર્ગ પ્રિય હોય છે, પરંતુ યૌવનારૂઢ થયેલ યુવતિને માત્ર એક પરિણય પતિ જ પ્રિય હોય છે.' કૌતુકક્રીડા કરવામાં કુમારે તેની સાથે રાત્રિ પસાર કરી. અતિલજ્જાના કારણે બંધુમતીએ સર્વાંગ અર્પણ ન કર્યું. બીજા દિવસે વરધનુએ કહ્યું કે, 'હજુ તારે ઘણું દૂર સુધી જવાનું છે.' બંધુમતીને પોતાની સાચી હકીકત જણાવીને બંને ત્યાંથી આગળ ચાલ્યા. ઘણે દૂર ગયા, ત્યારે એક ગામ આવ્યું, ત્યાં આગળ વરધનુ જળ લેવા માટે ગયો. પણ તરત પાછો આવ્યો અને કહેવા લાગ્યો કે, 'ગામમાં એવી વાત સંભળાય છે કે, 'દીર્ઘરાજાએ બ્રહ્મદત્તને પકડવા માટે સર્વે માર્ગો રોકી રાખ્યા છે.' તો હવે અહીંથી દૂર નાસી છૂટીએ અને ચાલુ માર્ગનો ત્યાગ કરી બીજા માર્ગે આગળ વધીએ.' એમ કરતાં તેઓએ મહા અટવીમાં પ્રવેશ કર્યો. ત્યાં કુમાર એકદમ તરસ્યો થયો. વરધનુએ કુમારને વડ નીચે બેસાડ્યો અને પોતે જળ શોધવા નીકળ્યો. સાંજ પડવા આવી, પણ ક્યાંયથી જળ પ્રાપ્ત ન થયું. દીર્ઘરાજાના સુભટોએ વરધનુને જોયો અને તેઓ પણ રોષથી તેને ખૂબ મારવા લાગ્યા. કોઈ પ્રકારે કુમારની નજીક આવ્યો અને વૃક્ષની ઓથે સંતાયેલા કુમારને આગળ શીખવેલ સંકેત કર્યો કે, 'અતિ દૂર દૂર પલાયન થઈ જા.' એટલે કુમાર તીવ્ર વેગથી દુઃખે કરી ઉલ્લંઘી શકાય તેવી અટવીમાં નાસવા લાગ્યો.

કાયરલોકને શોક કરાવનાર એવા જંગલમાં પહોંચ્યો કે, 'જ્યાં ભયંકર સિંહનાદથી પર્વતની ગુફા ભરી દેતા એવા સિંહો ગર્જના કરતા હતા. વળી વૃક્ષોનાં ઘણાં ગીચ પાંદડાંઓથી અવરાયેલા સૂર્યનાં કિરણો પણ અંદર પ્રવેશ કરી શકતાં નથી. હું માનું છું કે, ભય કરનારી નવીન નવીન ઉગતી દર્ભ-સૂચી ડાભની સોયનાભયથી નીચે આવતા નથી. ? સિંહોએ મારી નાખેલા હાથીના કુંભ સ્થળમાંથી સરી પડેલાં મુક્તાફલો જે અટવીમાં ચમકતાં હતાં, તે ઉન્નત વૃક્ષોના શિખરના અગ્રભાગથી તારાઓની શ્રેણિઓ સ્ખલના પામી જણાતી હતી - અર્થાત્ વૃક્ષો ઘણા ઉંચા હતા. જ્યાં ભીલોના ભાલાથી ઘવાએલા ચિત્તાઓના વહેતા

લોહીથી ખરડાએલી પૃથ્વી જાણે વનદેવતાના ચરણોના અલતાનો રસ હોય તેવી દેખાતી હતી. જેમાં એક સ્થલે ભીલોએ હણેલા અને વૃક્ષશાખાના શિખર પર લટકાવેલા ભયંકર સિંહોના ચામડાથી અને બીજા સ્થલે સિંહોએ મારેલા મદવાળા ગજેન્દ્રોના હાડકાના મોટા ઢગલાથી હંમેશા યમનગરી માફક પથિકલોકને મહાત્રાસ પમાડનાર અટવી જણાતી હતી.હાથીના મદની ગંધ સમાન ગંધવાળા સપ્તપર્ણ નામના ગીચ વૃક્ષોમાં હાથી હશે એવી શંકાથી સિંહો જેમાં નિષ્ફલ છલાંગ મારતા હતા. જે અટવીમાં હેમંતઋતુમાં વૃક્ષોની ટોચ ઉપર ચડીને નીસાસાથી ઉના થયેલા પવનવડે વાનરો ઠંડીનો સમય પસાર કરતા હતા.

આવી ભયંકર અટવીમાં ભૂખ અને તરસની પીડા સહન કરતો કરતો ઉલ્લંઘન કરતો હતો, ત્યારે ત્રીજા દિવસે તાપથી શોષાયેલા અંગવાળા, પ્રસન્ન વદનવાળા એક તાપસ કુમારનાં દર્શન થયાં. તેના દર્શન માત્રથી કુમારને હવે જીવવાની આશા ઉત્પન્ન થઈ. તાપસના પગમાં પડ્યો અને તેને પૂછ્યું કે, 'હે ભગવંત ! આપનો આશ્રમ કયાં છે ?' તે પણ અહીં છે' એમ કહી કુમારને કુલપતિ પાસે લઈ ગયો. કુલપતિએ પણ પ્રેમપૂર્વક તેને બોલાવ્યો. 'હે મહાભાગ્યશાળી ! અનેક ઉપદ્રવોથી પૂર્ણ અને સજ્જનોથી રહિત આ અરણ્ય છે, તો તેમાં તારું આગમન કેવી રીતે થયું ? 'આ કુલપતિ સાચા હિતકારી પુરુષ છે.' એમ ધારીને કુમારે પોતાના ઘરનો સર્વ યથાર્થ વૃત્તાન્ત તેમને જણાવ્યો. દુર્ભાગ્ય અને પ્રીતિથી પરવશ બનેલા કુલપતિએ કુમારને કહ્યું કે, 'તારા પિતા બ્રહ્મરાજાનો હું નાનો ભાઈ છું, માટે હે વત્સ ! તારો જ આશ્રમ છે અને તું અહિં નિર્ભયતાથી રહે. હવે આવા પ્રકારના વિષાદનો તું ત્યાગ કર. કારણ કે, સંસારનાં ચરિત્રો આવા પ્રકારનાં જ હોય છે. જેમ પાણીના રેંટ-યંત્રની અંદર રહેલી ઘટિકાઓ ભરેલી અને ઊંચે રહેલી હોય છે, પરંતુ ક્ષણમાં ખાલી, અને વળી પાછી નીચી થઈ જાય છે. (૧૦૦) તેવી રીતે ભવચક્રમાં લક્ષ્મીને વરેલા તેમ જ ઉત્તમ કુલ પામીને કાલ-બળથી જીવો વિપરીતપણાને પામે છે. સ્ત્રીચરિત્રના વિષયમાં કોઈએ કંઈ પણ વિસ્મય કે વિષાદ ન કરવો.કારણ કે, તેઓ અનાર્ય અને ચંચળ મનવાળી હોય છે. પોતાના મનની અસ્થિરતાથી તે વગર રાગવાળા પર પણ રાગ કરનારી થાય છે અને વગર કારણે રાગવાળા વિષે પણ વિરક્ત બની જાય છે. ક્ષણમાત્ર રક્ત-લાલ રંગવાળી ક્રૂર, છેવટે અંધકાર કરનાર સન્ધ્યા માફક સ્ત્રીઓને આધીન બનેલો કયો પુરુષ કુશળતા પામે ? માટે હવે તું વિષાદનો ત્યાગ કર, કારણ કે, ધીર પુરુષો જ વિષમ દશાનો પાર પામે છે. બાકી કાયર પુરુષો ઊંડા જળમાં તરવાનું ન જાણનારની માફક જલ્દી ડૂબી જાય છે. કુલપતિ પાસે અભિપ્રાય પામીને તે ત્યાં રહેવા લાગ્યો. તે દરમ્યાન વાદળાથી આકાશ તલને આચ્છાદિત કરતો વર્ષાકાલ આવ્યો. નવીન લીલા વર્ણવાળા વસ્ત્ર ધારણ કર્યા હોય, તેમ લીલા ઘાસથી પૃથ્વી ઢંકાઈ ગઈ. વિરહી જનના કંદર્પની જેમ ઈન્દ્રગોપ નામના જંતુઓ ઉત્પન્ન થવા લાગ્યા. ઉત્તમ મુનિઓના માનસની માફક ઉજ્જવલ મેઘો વિસ્તાર પામવા લાગ્યા. સજ્જનના સમાગમ માફક લોકોને ઉકળાટની શાંતિ થઈ. ભુવનતલને અજવાળાવાળું કરતી અને આવતાં જ અંધકાર સમૂહને દૂર કરનારી ધાર્મિકજનની કથા માફક વિજળી એકદમ ચમકવા લાગી. અતિ ગંભીર મેઘના ગડગડાટ શબ્દ સાંભળી ક્ષોભ પામેલી પ્રિયાઓ ઉપર પ્રેમ કરીને પથિક

લોકોની શ્રેણિઓ પોતાના સ્થાન તરફ ગમન કરવા લાગી.

હવે કુલપતિએ પૂર્વે નહિ શીખવેલ એવી સર્વ ધનુર્વેદ વિગેરે કળાઓ કુમારને સારી રીતે શીખવી. ત્યાર પછી ઉજ્વલ વાદળાંઓથી છવાયેલા આકાશવાળો શરદકાળ આવ્યો. જેમાં ખીલેલા કમલવનમાં ચપળ હંસો મધુર રમણીય શબ્દ કરતા હતા. કોઈક સમયે કંદફલ અને જળની શોધ કરવા માટે ગએલા તાપસોની પાછલ પાછળ કુમાર જતો હતો, ત્યારે કુલપતિએ રોકવા છતાં કુતૂહળથી ચંચળ થયો છતો વનના સીમાડે ગયો. મનોહર વનપ્રદેશ નીહાળતો હતો, ત્યારે અંજનગિરિ સરખો ઊંચો હાથી તેણે જોયો. સ્થિર અને સ્થૂલ સૂંઢવાળા, શ્વેત દંતૂશળના અગ્રભાગથી વનખંડના વૃક્ષોને ભાંગી નાખતો, કુંભસ્થલમાંથી ઝરણાની જેમ ગળતા મદજળથી આકર્ષાયેલ ચપળ ભ્રમર શ્રેણીથી ઘેરાએલ सत्तंगपइट्ठणं સાતે અંગોમાં પ્રતિષ્ઠિત, કુંભસ્થળથી આકાશતલના વિભાગને જિતનાર, પ્રલયકાળમાં મેઘ સરખી ગંભીર શબ્દ-ગર્જનાથી દિશાઓના અંતને પૂરતો એવો હાથી કુમારને સન્મુખ આવતો દેખી રોષવાળી શીઘ્રગતિથી પ્રત્યક્ષ ભયંકર જાણે યમરાજા ન હોય, તેવો હાથી સન્મુખ આવવા લાગ્યો. તેની સાથે ક્રીડા કરવાના કૌતુકથી કુમારે તલના ફોતરા જેટલો પણપાછા હટ્યા સિવાય ગોળાકાર ઉત્તરીય વસ્ત્રનો દડો બનાવીને તેની સન્મુખ ફેંક્યો. હાથીએ પણ તે દડાને સૂંઢથી પકડીને આકાશમાં ઉછાળ્યો અને ક્રોધથી અંધ બની ગયો. આ અરણ્યના હાથીને દક્ષતાથી છેતરીને વસ્ત્ર ગ્રહણ કરી લીધું. ક્ષોભ પામ્યા વગર કુમાર તેને રમાડવા લાગ્યો. સૂંઢના અગ્રભાગનો સ્પર્શ કર્યો, એટલે તે વનહાથી વેગથી તેની સામે દોડ્યો, વળી કુમાર તેની આગળ દોડ્યો. એટલામાં હાથીનો પગ સ્ખલના પામ્યો એટલે કુમારે તેની પાછળ જઈ તેની પીઠ પર મુષ્ટિ-પ્રહાર માર્યો, જેથી તે હાથી ઉગ્ર ચીસ પાડવા લાગ્યો. હાથી બીજી દિશામાં જેવો ફરવા લાગ્યો, તે વખતે કુમારે બે પગની વચ્ચેથી હાથીના તલભાગને હથેળીથી પંપાળ્યો. આ પ્રમાણે કુંભારના ચક્રની જેમ ભમાડ્યો, એટલે તે ઘણો પરિશ્રમ પામ્યો અને થાકી ગયો. ત્યાર પછી તે પ્રદેશમાં ચરતા મૃગલાના ટોળાંને થંભાવી દે તેવું અતિ મધુર કાકલી સ્વરથી કુમારે ગીત ગાયું.એટલે હાથી સરવા નિશ્ચલ કાન કરીને ગીત શ્રવણ કરવા લાગ્યો. હાથી બીજા કશા તરફ નજર ન કરતો, સૂંઢ સ્થિર કરીને ચાલવાની ગતિ અટકાવીને જાણે ચિત્રામણમાં ચિતરેલો હોય તેવો ક્ષણવારમાં સ્થિર બની ગયો. ત્યાર પછી દંતશૂળ ઉપર ચરણકમલટેકાવીને સર્વ પ્રકારની હેરાનગતિ કરવાની બંધ કરીને કુમાર પીઠપ્રદેશ ઉપર મજબૂતાઈથી આરૂઢ થયો. કૌતુક પૂર્ણ કર્યા બાદ ધીમે ધીમે હાથી પરથી નીચે ઉતરીને આગળ ચાલવા લાગ્યો, પરંતુ અવળે માર્ગે ચાલવાથી દિશાચક્ર માલૂમ ન પડવાથી મુંઝાઈ ગયો. પછી મંદ ગતિથી આમ-તેમ પરિભ્રમણ કરતા તે પ્રદેશમાં રહેલા એક પર્વતની ખીણમાંથી વહેતી એક નદીના કિનારે જીર્ણ પડી ગયેલા ઘરવાળું છતાં ખંડિત ભીંત માત્રથી ઓળખાતું એક નગર કુમારના જોવામાં આવ્યું. જોતાં જોતાં કૂતૂહલ ઉત્પન્ન થયું એટલે નિરીક્ષણ કરવા લાગ્યો તો ત્યાં અતિગુપ્ત એવું વાંસનું બનેલું પોલું ઝુંડ જોવામાં આવ્યું. બાજુમાં એક ખડ્ગરત્ન બહાર મૂકેલું હતું. કૌતુકથી તે ખડ્ગની પરીક્ષા કરવા માટે તે વાસની શ્રેણી કાપવા માટે વહન કર્યું. તરત જ વાંસનું ઝુંડ નીચે પડ્યું અને તેની અંદરના ભાગમાં પૂર્ણચંદ્ર-મંડલ

સમાન વદન-કમળ દેખીને બોલી ઉઠ્યો કે, 'મેં આ અપકૃત્ય કર્યું કે, આવા નિરપરાધી સજ્જન સ્વરૂપવાળા કોઈ મનુષ્યને મેં મારી નાખ્યો. ખરેખર મારા બાહુબલને અને મારા ખોટા કુતૂહળને ધિક્કાર થાઓ.'

એમ પશ્ચાત્તાપમાં પરવશ બનેલો 'હવે મારે શું કરવું ?' તેમ કુમાર વિચારવા લાગ્યો. બીજી દિશામાં નજર કરતાં કુમારે ઊંચા અદ્ધર પગ બાંધેલા, ધૂમ્રપાન કરતા પ્રધાનવિદ્યાની સાધના કરતા કોઈક પુરુષનું મસ્તક સિવાયનું ધડ જોયું. એટલે કુમારને અધિક દીલગીરી થઈ અને કહેવા લાગ્યો કે, 'મેં આની વિદ્યા-સાધનામાં વિઘ્ન કર્યું. હવે મારે તેનો શો પ્રતિઉપાય કરવો ? આ પ્રમાણે ઝુરાતા હૃદયવાળા કુમારે આગળ ચાલવા માંડ્યું, ત્યારે સીધા સરળ આકારવાળા શાલવૃક્ષોના સમૂહથી શોભતું એક ઉદ્યાન જોયું. સર્વ ઋતુમાં થતા વિકસિત વૃક્ષોના પુષ્પસમૂહની સુગંધથી બહલાતું જેથી કરીને ભ્રમરોનાં ટોળાં આવીને ગુંજારવ કરતાં હતાં, તે કારણે ઉદ્યાન હંમેશાં શોભતું હતું. તેમ જ ત્યાં ઊંચા તાડના વૃક્ષોની શ્રેણી પવનથી કંપાયમાન થતી શોભતી હતી. જાણે કુમારનું નવું રૂપ જોવાથી વિસ્મયરસથી મસ્તક ભાગ ધૂણાવતી કેમ ન હોય તેમ જણાતી હતી. તે ઉદ્યાનમાં મોટાં પત્ર અને નવીન કુંપળોથી યુક્ત અશોક વૃક્ષના સમૂહથી વીંટળાયેલ, જેના ઉપર ધ્વજા ફરકી રહી છે, એવો સાતમાળનો મહેલ કુમારે જોયો. પોતાની ભીંતોની ફેલાતી કાંતિરૂપી જળથી ધોવાયેલા દિશાઓવાળા અર્થાત્ મહેલ રત્નોની ભીંતોવાળો ચમકતો હતો. મહેલની ઉંચાઈ એટલી ઊંચી હતી કે સૂર્યરથ મહેલના શિખરોથી સ્ખલના પામતો હતો. તેની બાજુમાં રહેલ સરોવરના જળવડે ઠંડા થયેલ પવનથી તાપનો ઉકળાટ શાન્ત કરનાર જેના તલમાં મણિઓ જડેલા છે, એવું સરોવર પણ દેખ્યું. તે મહેલનાં પગથીયાં ચડતો ચડતો અનુક્રમે સાતમા માળે પહોંચ્યો, તો ત્યાં કમલપત્ર સરખા નેત્રવાળી લાવણ્યજળ-પૂર્ણ સમુદ્ર ન હોયતેવી સુન્દર કન્યા દેખી. એટલે તેના રૂપથી આકર્ષિત થયેલો ફરી ફરી નેત્ર વિકસિત કરીને જોતાં જોતાં એમ વિચારવા લાગ્યોકે, 'બ્રહ્માજીએ કોઈક ઉત્તમ પ્રકારનાં પરમાણુઓ એકઠાં કરી અમૃતનું મિશ્રણ કરી પોતાનું ઉત્તમ પ્રકારનું શિલ્પ જણાવવા માટે જ નક્કી આ રૂપનું નિર્માણ કર્યું છે - એમ હું માનું છું.'

તેના મુખ પર ઈર્ષ્યા રાખનાર ચંદ્રનો ખરેખર એના ચરણોએચૂરો કરી નાખ્યો છે, નહીંતર પગના નખોના બાનાથી કડકા કડકા થયેલો કેમ દેખાય છે ? તે કન્યાના નિતંબોએ ગંગાના રેતીના કિનારાને જિતી લીધો હતો. અને ત્રણે જગતને જિતવાથી થાકેલા કામદેવને સુવાનું સ્થાન હોય તેવા શોભતા હતા. તેનો કટીનો મધ્યભાગ કામગજેન્દ્રની સૂંઢથી પકડેલો હોવાથી પાતળો થયેલો જણાય છે અને મધ્યભાગમાં રોમરાજી છે, તે હાથીના મદજળની રેખા હોય એમ જણાય છે. સ્વભાવથી ગંભીર નાભિ તો જગતનોવેધ કરનાર કામદેવની વાવડી હોય તેમ લોકો માને છે. તે કન્યાએ પોતાના શરીરથી ત્રણે જગતને જિતેલા છે, તેથી જ વિધાતાએ તેના ઉદરમાં ત્રિવલીના બાનાથી ત્રણ રેખાઓ આંકી છે.તેના ઉન્નત પીન-પુષ્ટ સ્તનમંડલયુક્ત વક્ષ-સ્થલની શોભા ને કોણ પામી શકે કે જે કામદેવને જુગાર રમવાના ફલક સમાન જણાતી હતી. તેના બે બાહુઓ કલ્પવૃક્ષની લતાઓ માફક શોભે છે. સ્નિગ્ધ રૂપાળા

બે હાથ પલ્લવ-સમાન છે અને ચમકતા નખો જાણે પુષ્પો ન હોય તેવા શોભતા હતા.અતિશય ચમકતા કેશકલાપ યુક્ત તેનું વદન જાણે અતિ કાળા વાદળાના પડલમાંથી બહાર નીકલેલ ચંદ્રમંડલ હોયતેમ શોભતું હતું. તેના લાંબા નેત્રો રૂપ નદીમાં કામદેવ-પારધી હમેશા સ્નાન કરે છે, નહીંતર કાંઠા ઉપર ધનુર્લતા સરખી ભમરો કેમ દેખાય ? તે કન્યાના ગૌરવર્ણવાળા મુખમાં સ્વાભાવિક લાલ કાંતિવાળા હોઠ સફેદ કમળમાં રહેલ લાલ ઉત્પલકમલના ગુચ્છા રહેલા હોય તેમ શોભતા હતા,તેના કર્ણો નેત્ર-નદીના પ્રવાહને રોકવામાં કુશળ હોયતેમ તથા ભૃકુટી રૂપ ધનુષવાળા કામદેવ-પારધીના જાણે પાશ હોય તેમ શોભતા હતા. ખરેખર આના દેહમાં જે જે અવયવો દેખાય છે, તે તે સર્વે કલ્પવૃક્ષની લતા માફક મનની નિવૃત્તિ-શાંતિ કરનારા છે.

કન્યાએ કુમારને દેખ્યો, એટલે ઊભી થઈ આસન આપ્યું. ત્યાર પછી પૂછયું કે, 'હે સુન્દરી ! તું અહિં કેમ નિવાસ કરે છે ?' લજ્જા અને ભયથી રુંધાઈ ગયેલા સ્વરવાળી તેણે કહ્યું કે, 'હે મહાભાગ્યશાળી ! મારો વૃત્તાન્ત ઘણો મોટો છે, હું જાતે કહેવા સમર્થ નથી, તો હવે તમે જ તમારો વૃત્તાન્ત કહો.આપ કોણ છો ? અને અહિં ક્યાંથી પધાર્યા છો ?' આ સાંભળીને તેની મધુર કોયલની સરખી કોમલ અતિ નિપુણતાથી બોલવામાં કુશળ એવી વાણીથી પ્રભાવિત થયેલો કુમાર યથાસ્થિત હકીકત કહેવા લાગ્યો કે, 'હે સુંદરી ! પંચાલ દેશના સ્વામી બ્રહ્મરાજાનો હું બ્રહ્મદત્ત નામનો પુત્ર છું અને કાર્યવશ હું અરણ્યમાં આવી પહોંચેલો છું.' તેનું વચન સાંભળતાં જ જેનાં નેત્રપત્રો હર્ષાશ્રુથી પૂર્ણ થયાં છે, સર્વાંગે રોમરાજીનો કંચુક ધારણ કર્યો છે - એવી સૌમ્ય વદનવાળી કુમારી કુમારના ચરણ-કમલમાં પડી અને એકદમ રુદન કરવા લાગી.એટલે કરુણાના સમુદ્ર સરખા કુમારે વદન-કમલ ઊંચું કરીને કહ્યું કે, 'કરુણતા પૂર્ણ રુદન ન કર અને આક્રંદનનું યથાર્થ જે કારણ હોય તે જણાવ.' અશ્રુભીની આંખો લૂંછીને તે કહેવા લાગી કે, 'હે કુમાર ! ચુલણીદેવીના ભાઈ પુષ્પચૂલે મારો વિવાહ તમારી સાથે જ કરેલો અને તમને જ હું અર્પણ કરાયેલી છું. તેમ જ હું પુષ્પચૂલ રાજાની જ પુત્રી છું. ત્રીજા દિવસે મારું લગ્ન થનાર છે, તેની રાહ જોતી હું ગૃહ ઉદ્યાનની વાડીના કિનારે વિવિધ પ્રકારની ક્રીડા કરતી હતી, ત્યારે કોઈક અધમ વિદ્યાધરે મારું હરણ કર્યું. બંધુ આદિના વિરહાગ્નિથી બળીઝળી રહેલી હું જેટલામાં અહીં રહેલી છું, તેટલામાં અણધારી સુવર્ણની વૃષ્ટિ થવા માફક મારા પુણ્યયોગે ક્યાંયથી પણ તમો આવી પહોંચ્યા. હવે મને સંપૂર્ણ જીવવાની આશા બંધાઈ. કુમારે પુછયું કે, 'તે મારો શત્રુ ક્યાં છે ? હું પણ તેના બલની પરીક્ષા કરું.' કુમારીએ કહ્યું કે, 'તેણે મને પાઠસિદ્ધ શંકરી નામની વિદ્યા આપી કહેલું કે, 'આનું સ્મરણ માત્ર કરવાથી પરિવાર પ્રગટ થઈ કહેલું કાર્યકરશે અને શત્રુથી રક્ષણ કરશે. વળી તે મારો વૃત્તાન્ત પણ તને જણાવશે માટે તારે આનું સ્મરણ કરવું. તે ભુવનની અંદર નાટ્યમત્ત નામથી પ્રસિદ્ધ છે. મારી અધિક પુણ્યાઈના કારણે મારું તેજ સહન ન કરી શકવાથી વિદ્યાસિદ્ધિ માટે મને આ મહેલમાં મૂકીને ગયો છે. પોતાની બહેનોને 'વિદ્યાસિદ્ધ થઈ છે' એમ જણાવવા માટે વિદ્યા મોકલીને અત્યારે ગીચ વાંસની ઝાડીમાં પ્રવેશેલા છે. આજે તેને વિદ્યા સિદ્ધ થવાનો દિવસ છે, એટલે તે મને આજે જ પરણશે.' ત્યારેકુમારે કહ્યું

કે, તેને તો મેં આજે જ હણ્યો છે. હર્ષથી વિકસિત થયેલ શરીરવાળી તે કહેવા લાગી કે, 'બહુ સારું બહુ સારું કર્યું.' તેવા પ્રકારના ખરાબ આચરણ કરનાર માટે મરણ સુંદર ગણાય. સ્નેહની ખાણ સરખી તેની સાથે તે જ ક્ષણે ગાંધર્વ-વિવાહથી લગ્ન કર્યું. તેની સાથે જેટલામાં રહેલો છે, તેટલામાં અમૃતવૃષ્ટિ સમાન કર્ણને આનંદ પમાડનાર દેવતાઈ વલયોનો શબ્દ સંભળાયો. એટલે પૂછ્યું કે, 'આ અવાજ શાનો સંભળાય છે ? 'હે આર્યપુત્ર ! આ તમારા શત્રુ નાટ્યમત્તની રૂપવંતી ખંડા અને વિશાખા નામની બે બહેનો છે. તેના ભાઈના વિવાહ માટે વિવાહ સામગ્રી લઈને અહીં આવે છે, માટે આપ જલ્દી આ સ્થાનથી થોડાક આઘા ચાલ્યા જાવ. હું તેમનો ભાવ જાણીશ કે, 'તેઓ બંને તમારા તરફ અનુરાગવાળી છે, તો મહેલ ઉપર લાલ ધજા ચડાવીશ અને અનુરાગ નહીં હશે તો ધોળી ધજા ચડાવીશ.' આવો સંકેત આપ્યો અને થોડા વખત પછી ધોળી ધજા ફરકતી જોવામાં આવી. તે ધોળી ધજા દેખી તે પ્રદેશથી પર્વતની ખીણોની અંદર ગયો કે, જ્યાં એક મહાસરોવર દેખવામાં આવ્યું. તે કેવું હતું ? સજ્જનના મન સરખું સ્વચ્છ, બીજાનું પ્રિય કરનારના જેમ શીતલસ્વભાવવાળું, આવેગવાળું, સંગ્રહ કરવાની ચેષ્ટાવાળુંહોય તેમ કામી પુરુષના કુલની જેમ ઘણા ચપલ કલ્લોલવાળું, ચંદ્ર સમાન ઉજ્જવલ રૂપાળું, સ્ફટિકપર્વતના હૃદયસરખું, સમુદ્રના જળની જેમ પાર વગરનું, આકાશ સ્થલ જોવા માટે દર્પણ સમાન, વળી આમ-તેમ નજર કરવાથી એમ જણાતું હતું કે, કેશનાં પુષ્પો ખરી પડેલાં હતાં, નેત્રનાં અંજન, શરીર પરથી કુંકુમ, પગ પરથી અળતો, અને તિલકના ચંદનથી મિશ્રિત થયેલું જળ-એ કારણથી સૂચિત થતુંહતું કે, તેમાં વિદ્યાધરીઓએ સ્નાન કર્યું હશે અને એની સુગંધથી ભમરાઓથી સેવાયેલું હતું.

આવા પ્રકારના સરોવરમાં ઇચ્છા પ્રમાણે કુમારે સ્નાન કર્યું. માર્ગમાં લાગેલો થાક દૂર કર્યો, તેમ જ વિકસિતસફેદ કમલની પવિત્ર ગંધ ગ્રહણ કરી.સરોવરનો કિનારો ઉતરતાં વાયવ્ય દિશામાં ઊંચા સ્તનવાળી નવયૌવના એક કન્યાને દેખી.તત્કાલ ધનુષમાંથી છૂટેલા કામબાણથી ઘવાએલો કુમાર તેને વર્ણવવા લાગ્યો. 'અહો ! મારા પુણ્યની સફળતા કે, આવા અરણ્યમાં આ મૃગ સરખા નેત્રવાળી કોઈ પ્રકારે મારા દૃષ્ટિપથમાં આવી.સ્નેહપૂર્ણ ઉજ્જવલ નેત્રથી કુમારનાં દર્શન કરતી તે એકદમ તે પ્રદેશમાંથી વિજળી માફક અદૃશ્યથઈ ગઈ. ત્યાર પછી મુહૂર્ત માત્રમાં એક દાસીને અહિં મોકલી. તેણે આવીને અતિકોમલ મહાકિંમતી વસ્ત્રયુગલ કુમારને આપ્યું. વળી તાંબૂલ, પુષ્પો અને બીજી પણ શરીરને ઉપયોગી વસ્તુઓ મોકલી અને કહ્યું કે, 'તમોએ સરોવરને છેડે જે કન્યા દેખી હતી, તેણે આપને આ પ્રીતિદાન મોકલાવ્યું છે.તેમ જ મારા દ્વારા આપ માટે કહેવરાવ્યું છે કે - 'અરે સખિ ! વનલતા પાસે જે મહાભાગ્યશાળી પુરુષ છે,તેઓ કોઈ પ્રકારે મારા પિતાના મંત્રીના ઘરે વાસ કરે તેવી વ્યવસ્થા કર.' માટે આપ મંત્રીના ઘરે પધારો. ત્યાર પછી તે કુમારને મંત્રીના ઘરે લઈ ગઈ. કપાળ પર બે હાથ જોડી અંજલિ કરીને મંત્રીને દાસીએ કહ્યું કે, 'આને આપના રાજાની શ્રીકાન્તા નામની પુત્રીએ મોકલાવેલ છે, તો ગૌરવપૂર્વક તેની દરેક સાર-સંભાળ કરવી.' મંત્રીએ પણ તે જ પ્રમાણે કુમારની દરેક સરભરા સાચવી.બીજા દિવસે કમલવનને વિકસિત કરનાર સૂર્યનો ઉદય થયો. (૨૦૦)

મંત્રી કુમારને વજ્રાયુધરાજા પાસે લઈ ગયો, તેને દેખી રાજાએ ઉભા થઈ સત્કાર કરી પોતાની નજીકમાં આસન આપ્યું. રાજાએ તેનો વૃત્તાન્ત પૂછયો, એટલે પોતાનો સર્વ વૃત્તાન્ત યથાર્થ જણાવ્યો. ભોજન કર્યા પછી રાજાએ કહ્યું કે, 'અમો તમારું વિશિષ્ટ પ્રકારનું સ્વાગત કાર્ય કરવા સમર્થ નથી. તો અત્યારે મારી શ્રીકાન્તા નામની પુત્રી સાથે પાણિગ્રહણ કરો.કોઈક સારા શુભ દિવસે વિવાહવિધિ કર્યો. ત્યાર પછી કુમારે શ્રીકાન્તાને પૂછયું કે, 'એકાકી અને અપરિચિત હોવા છતાં મને તું કેમ અર્પણ કરાઈ ?' શ્વેત દંતપંક્તિની કાંતિથી હોઠને ઉજ્જવલ કરતી શ્રીકાન્તા કહેવા લાગી કે 'આ મારા પિતાજીએ બહુ સૈનિકોવાળા પિતરાઈઓથી પીડા પામતાં અતિવિષમ પલ્લી માર્ગનો આશ્રય કર્યો એટલે કે બહારવટે ચડીને દરરોજ નગર અને ગામોમાં જઈ આ કિલ્લામાં ભરાઈ જાય છે. શ્રીમતી નામની પત્નીથી તેમને ચાર પુત્રો જન્મ્યા, તેના ઉપર મારો જન્મ થયો. પિતાજી મને પોતાના પ્રાણ કરતાં પણ અધિક વલ્લભ ગણે છે. તરુણપણાને પામી એટલે પિતાજીએ મને કહ્યું કે, 'હે પુત્રી ! આ સર્વે રાજાઓ મારા વિરોધી છે, તો અહીં કોઈ તેવો પુરુષ તને દેખાય કે, જેના તરફ તારું મન ખેંચાય એવો ભર્તાર દેખે, તો તું મને જણાવજે, જેથી હું યથાયોગ્ય કરીશ. કોઈક દિવસે કુતૂહળથી આ પલ્લીનો ત્યાગ કરી તમે જયાં સ્નાન કર્યું, તે સરોવર પાસે હું આવી પહોંચી.ત્યાં સારા લક્ષણવાળા ! સૌભાગ્યશાળી માનિનીઓને મદ ઉત્પન્ન કરનાર એવા આપનાં દર્શન થયાં. આપે જે પૂર્વે પ્રશ્ન કર્યો હતો, તેનો આ ઉત્તર સમજવો. કુમાર શ્રીકાન્તા પત્ની સાથે ગાઢ વિષયસુખ અનુભવતો પોતાનો કાળ પસાર કરતો હતો. કોઈક દિવસે પલ્લીનાથ પોતાના સૈન્ય સહિત નજીકના દેશ ઉપરચડાઈ કરવાની ઈચ્છાથી નીકળ્યો, ત્યારે કુમાર પણતેની સાથે ચાલી નીકળ્યો. જે ગામ લૂંટવાના હતા, તેની બહાર કમલ-સરોવરના કિનારે એકદમ વરધનુ મિત્ર જોવામાં આવ્યો. તેણે પણ કુમારને જોયો. તે વખતે તે બન્ને પ્રથમ વરસેલા મેઘની જળ-ધારાથી સિંચાએલ મરુસ્થલનાં સ્થાનોની માફક, પૂર્ણિમાની ચંદ્ર-કૌમુદીને પામીને ખીલેલા ઉનાળાના કુમુદની જેમ કંઈ ન કહી શકાય તેવી દાહશાંતિ અનુભવીને તેઓ રુદન કરવા લાગ્યા.ત્યાર પછી વરધનુએ કુમારને શાન્ત કર્યો અને બેસાડ્યો. કુમારને પૂછયું કે, 'હે ભાગ્યશાળી ! મારી ગેરહાજરીમાં તમે શું શું અનુભવ્યું ? ત્યારે કુમારે પણ અનુભવેલું પોતાનું સર્વ ચરિત્ર જણાવ્યું. વરધનુએ કહ્યું કે, 'હે કુમાર ! મારો વૃત્તાન્ત પણ સાંભળો –

તે વખતે હું તમોને વડલાના વૃક્ષ નીચે સ્થાપીને પાણી લેવા માટે ગયો. એક મોટું સરોવર દેખ્યું. એટલે નલિનીપત્રના પડીયામાં જળ ભરીને તમારીપાસે જ્યારે આવતો હતો,ત્યારે કવચ પહેરલા હથિયારસજેલા દીર્ઘરાજાના સૈનિકોએ મને જોયો અને મને ઘણો માર માર્યો. મને પૂછયું કે, 'અરે વરધનુ ! બોલ બ્રહ્મદત્ત ક્યાં છે ?' મેં કહ્યું કે, 'મને ખબર નથી.' તો મને સજ્જડ માર માર્યો.વધારે માર સહન ન થવાથી મેં કહ્યું કે, 'તેને વાઘે ફાડી ખાધો.' ત્યારપછી કપટથી આમતેમ ફરતા હું તું દેખી શકે તેવા સ્થાનમાં આવ્યો અને તમોને ઈસારો કર્યો કે, 'અહીંથી પલાયન થાવ.' ત્યાર પછીપરિવ્રાજકે આપેલી રોગવેદના દૂરકારી ગુટિકા મેં મુખમાં નાખી એટલે મડદા જેવો બની ગયો. 'આ મરી ગયો છે' એમ સમજીને

તેઓએ મને છોડી દીધો.તેઓ ગયા પછી લાંબા સમયે મેં ગુટિકા બહાર કાઢી. તમોને શોધવા લાગ્યો, પણ સ્વપ્નમાં પણ ક્યાંય ન જોયા. એક ગામમાં ગયો. ત્યાં એક પરિવ્રાજકનાં દર્શન થયાં. આદરપૂર્વક તેમને પ્રણામ કરી કોમળ વચનથી પૂછ્યું. તેણેકહ્યું કે, 'તારા પિતાનો હું વસુભાગ નામનો મિત્ર છું. સાથે કહ્યું કે, 'તારા પિતાજી પલાયન થઈ વનમાં ગયા. દીર્ઘરાજાએ તારી માતાને ચંડાલના પાટકમહોલ્લામાં સ્થાપન કરી છે.' તેના દુઃખથી હું ગાંડો બની ગયો અને કાંપિલ્યનગર તરફ ચાલ્યો. અહીં કાપાલિક સંન્યાસીનો વેષ ધારણ કરી કોઈ ન જાણે તેની રીતે ચાંડાલના પાડામાંથી મારી માતાનું અપહરણ કરી પિતાના મિત્ર દેવશર્માના ઘરે મૂકીને તને શોધવા હું અહીં આવ્યો છું.

આ પ્રમાણે અમે બંને પરસ્પર સુખ-દુઃખ પૂછતા હતા, ત્યારે એક મનુષ્યે આવી આ પ્રમાણે કહ્યું કે, 'અરે મહાનુભાવો ! અત્યારે તમારે મુસાફરી કરવી યોગ્ય નથી.કારણકે દીર્ઘરાજાના મોકલેલા યમ સરખા પુરુષો આવી પહોંચ્યા છે.' ત્યારે તે બંને કોઈ પ્રકારે ત્યાંથી નીકળીજંગલ વટાવી પૃથ્વીમંડલમાં ભ્રમણ કરતા કૌશામ્બી નગરીએ પહોંચ્યા. ત્યાં બહાર ઉદ્યાનમાં બે મોટા વૈભવવાળા શ્રેષ્ઠીપુત્રો-એકનું નામ સાગરદત્ત અને બીજાનું નામ બુદ્ધિલ હતું. તેઓએ અહીં શરતપૂર્વક કુકડાઓની લડાઈ ચાલતી જોઈ. તેમાં એક લાખની શરત હતી. હવે સાગરદત્તના જોરદાર કુકડાએ બુદ્ધિલના કુકડા ઉપર હલ્લો કર્યો. એટલે તે કુકડાએ બીજા કુકડાને એવો સખત માર્યો એટલે સાગરદત્તને કુકડો લડાઈકરવાના પરિણામથી પાછો હઠી ગયો. વારંવારલડાઈ કરવા પ્રેરણા કરે, તો પણ લડવા ઈચ્છા કરતો નથી.કોઈ પ્રકારે યુદ્ધ થયું અને તેમા બુદ્ધિલના કુકડાથી સાગરદત્તની હાર થઈ. એટલામાં વરધનુએ બંને શેઠપુત્રોનેકહ્યું કે, 'આ ઉત્તમ જાતિનો કુકડો હોવા છતાં શાથી હારી ગયો ? તો જો આપ કોપ ન કરો તો હું કુકડાઓને જોઉં.' સાગરદત્તે હર્ષ કરતાં કહ્યું કે, 'મને આ વિષયમાં દ્રવ્યનો લોભ નથી, પરંતુ અમારે અભિમાન ન તૂટે તેનું જ પ્રયોજન છે.' ત્યાર પછી મંત્રી પુત્રે બુદ્ધિલના કુકડાને તપાસ્યો,તો તેના પગમાં બારીક લોઢાની સોયો નખોમાં બાંધેલી જણાઈ. એટલે બુદ્ધિલ સમજી ગયોકે, 'મારું કપટ પ્રગટ થવાનું.' પછી ધીમે ધીમે બુદ્ધિલે નજીક આવીને ગુપ્ત રીતે જણાવ્યું કે, 'આ વૃત્તાન્ત તમારે પ્રગટ ન કરવો. જિતેલા ધનમાંથી અર્ધું ધન તમોને આપીશ.' ત્યારે વરધનુએ કહ્યું કે, 'અહીં મને કંઈ દેખાતું નથી.' તેમ જ બુદ્ધિલ ન જાણે તેમ બીજાને ઈશારાથી સાચી હકીકત જણાવી દીધી. ત્યાર પછી સાગરદત્તે બુદ્ધિલના કુકડાના નખોમાંથી બાંધેલી સોયો ખેંચી લીધી.ત્યાર પછી ફરી યુદ્ધ કરાવ્યું. તો બુદ્ધિલના કુકડાને હાર અપાવી. ત્યારે બંને જણ લાખ લાખની હારવાળા સરખા થઈ ગયા. સાગરદત્ત ઘણો તુષ્ટ થયો. તે બંનેને સુંદર રથમાં બેસાડીને પોતાના ઘરે લઈ ગયો. ઉચિત આદર-સત્કાર કર્યો. એમ કેટલાક દિવસો પસાર કર્યા. તેઓ તેમના સ્નેહને લીધે રહ્યા. એટલામાં એક દિવસે એક મનુષ્યે આવી વરધનુને એકાંતમાં લઈ જઈ આ પ્રમાણે કહ્યું કે, 'સોયવાળી હકીકતમાં શરતમાંબુદ્ધિલે જે કબૂલ કર્યું હતું, તે અર્ધોલાખ દીનાર આપવાના હતા, તે માટે ચાલીશ હજારના મૂલ્યવાળો હાર મોકલાવ્યો છે.' હારનો કરંડક આપીને તે ચાલ્યો ગયો. તે પછી મંત્રીકુમારે તે હાર કાઢીને જોયો. આમળાં સરખાં મોટાં અને અનુપમ નિર્મલ મોતીઓનો

હાર શરદઋતુના ચંદ્રનાં કિરણોની માફક સમગ્ર દિશાઓને પ્રકાશિત કરતો હતો.તે હાર મંત્રીકુમારે રાજકુમારને બતાવ્યો, ત્યારે બારીકાઈથી જોતાં જોતાં પોતાના નામથી અંકિત પત્ર તેના એક પ્રદેશમાં રહેલો જોયો. કુમારે વરધનુને પૂછયું કે, 'આ કોનો લેખ છે ?' વરધનુએ કહ્યું કે, 'આ વિષયનો પરમાર્થકોણ જાણી શકે ? કારણ કે, 'તારા સરખા નામવાળા પુરુષો પૃથ્વીમંડલમાં અનેક રહેલા છે.' આ પ્રમાણે પ્રશ્ન ઉડાવી નાખવાથી બ્રહ્મદત્તકુમાર મૌન રહ્યો.

વરધનુએ પણ લેખ ઉકેલ્યો-વાંચ્યો. ત્યાં એવી ગાથા જોવામાં આવી. અતિતીવ્ર કામને ઉત્તેજિત કરનારી આ રીતની ગાથા વાંચી.તે ગાથા આ પ્રમાણે - 'જો કે આ જગતમાં બીજા અનેક માણસો ભેટવાને પ્રયત્ન કરે છે, તો પણ રત્નવતી નક્કી તમને જ માણવાચાહે છે.' વરધનુ ચિંતાસાગરમાં ડૂબી ગયોકે, આ લેખનો પરમાર્થ શી રીતે જાણી શકાશે. એવામાં બીજા દિવસે એક પરિવ્રાજિકા આવી. કુમારના મસ્તકે પુષ્પો અને અક્ષત નાખ્યા અને બોલી કે, 'હે પુત્ર ! હજાર વર્ષ જીવતો રહે.' ત્યાર પછી વરધનુને એકાંતમાં લઈ જઈ તેની સાથે કંઈક ગુપ્ત મંત્રણા કરીને જલ્દી ચાલી ગઈ. ત્યાર પછી કુમારે વરધનુને પૂછયું કે, 'તે શું કહી ગઈ ?' કંઈક હાસ્યકરતો વરધનુ કહેવા લાગ્યો કે, 'આ પ્રવ્રાજિકા પેલા લેખનો પ્રતિલેખ-ઉત્તર માગે છે.' મેં કહ્યું કે, 'એ લેખમાં બ્રહ્મદત્તનું નામ છે. માટે કહે કે, 'એ બ્રહ્મદત્ત કોણ ?' તેણે કહ્યું કે, 'હે સૌમ્ય ! સાંભળ. તારે આ વાત પ્રગટ ન કરવી. આ જ નગરીમાં એક શેઠની રત્નવતી નામની પુત્રી છે.તે બાલ્યકાળથી જ મારી સાથે સ્નેહ રાખે છે અને હાલ તે ત્રણે જગતને જિતવા તત્પર થયેલ કામરાજા રૂપ ભીલના મોટા ભાલા સમાન યૌવનવય પામી છે. કોઈક દિવસેહથેળીમાં લમણું રાખી ચિંતા-સાગરમાં ડૂબેલી અને વિચારતી તેને મેં દેખી.તેની પાસે જઈ મેં પૂછયું કે, 'હે પુત્રી ! ચિંતારૂપી સમુદ્રમાં તું ઝોલા ખાય છે - એવું મને જણાય છે.' ત્યારે તેના પરિવારે કહ્યું કે, 'ઘણા દિવસોથી આમ ઉદાસીન દેખાય છે. વારંવાર પૂછવા છતાં પણ કંઈ કહેતી નથી.' ત્યારે તેની પ્રિયંગુલતિકા નામની સખીએ કહ્યું કે, 'હે ભગવતી ! એ શરમના કારણે અત્યારે તમને કંઈ પણ કહેવા સમર્થ નથી, પરંતુ ખરી હકીકત શું બની છે, તે હું તમને કહું છું. થોડાક દિવસ પહેલાં ચંદ્રાવતાર વનમાં પોતાના બુદ્ધિલ નામના ભાઈ સાથે એ ગઈ હતી.કુકડાઓનું યુદ્ધ ચાલતું હતું, ત્યારે ત્યાં કોઈ અપૂર્વ રૂપવાળો કુમાર આવી ચડેલો, તે તેણીએ જોયો. ત્યારથી આ ક્ષીણ દેહની કાંતિવાળી અને પડી ગયેલા ચહેરાવાળી થઈ છે.'

તે સાંભળી મેં જાણી લીધું કે, ચંદ્રનો ઉદય થાય, ત્યારે સમુદ્ર ઊંચા તરંગોવાળો થઈ ઉછળે છે, તેમ તેના મનમાં કામકલ્લોલો ઉછળી રહેલા છે. ત્યાર પછી સ્નેહનાં વચન કહેવા પૂર્વક મેં કહ્યું કે - 'હે પુત્રી ! તું સાચી હકીકત હોય, તે મને કહે.' ત્યારે તેણે કહ્યું કે — 'હે ભગવતી ! તું તો મારી માતા સમાન છે. એવી કોઈ ગુપ્ત હકીકત નથી કે, જે તારાથી છૂપી રખાય.તો એકાગ્ર ચિત્તથી સાંભળ. આ પ્રિયંગુલતાએ તેને ઓળખ્યો કે, તે પંચાલદેશના રાજાનો બ્રહ્મદત્ત નામનો પુત્ર છે અને સાથે તેના કેટલાક ગુણો પણ વર્ણવ્યા. ત્યારથી માંડી મારું મન તેને સ્વપ્ન સમયે પણ વીસરી શકતું નથી. જો એ મારો પતિ નહીં થાય, તો મને મરણનું જ શરણ છે.' મેં ફરી આશ્વાસન આપતાં કહ્યું કે, 'હે વત્સે ! ધીરજ રાખ. હું તેનો

ઉદ્યમ કરીશ કે, તારું ચિંતવેલું કાર્ય સફળ થાય.' ત્યાર પછી કંઈક સ્વસ્થ થઈ,એટલે તેના મનને આશ્વાસન આપવા મેં કહ્યું કે, 'ગઈ કાલે નગરીમાં તે કુમારને મેં જોયો હતો. આ સાંભળીને હર્ષ પામેલા મનવાળી તે બોલી કે, 'હે ભગવતી ! તારીકૃપાથી મારું સર્વ સુંદર થશે, પણ તેને વિશ્વાસમાં લેવા માટે બુદ્ધિલના બાનાથી હારરત્ન અને તેના છેડે લગાડેલો એક લેખ અર્પણ કર.' આ પ્રમાણે આ લેખસહિત હાર એક કરંડકમાં ગોઠવી પુરુષ દ્વારા તેનાકહેવાથી મેં મોકલ્યો છે. આ પ્રમાણે કુમારીના લેખની વાત જણાવી. હવે તમે સામો જવાબનો લેખ આપો, તો તમારા નામથી અંકિત મેં લેખ આપ્યો. તે આ પ્રમાણે –

'પ્રભાવશાળી વરધનુ યુક્ત શ્રીબ્રહ્મરાજપુત્ર પૂર્ણચંદ્ર જેમ કૌમુદી સાથે તેમ રત્નવતી સાથે રમવાના મનવાળો છે.' વરધનુએ કહેલા આ વૃત્તાન્તથી કુમાર ન દેખેલી રત્નવતીને પણ મેળવવા ઉત્સુક બન્યો. નલિની કમલપત્રના બીછાનામાં કે ચંદનરસનું વિલેપન કરવા છતાં પણ તીવ્ર વિરહાગ્નિથી જળી રહેલો તે કોઈ પ્રકારે શાંત પામી શકતો નથી. કોઈક દિવસે નગર બહારથી આવી વરધનુ કુમારને કહેવા લાગ્યોકે, 'તમારે હવે અહીં રહેવું ઉચિત નથી. કારણ કે, કોશલપતિ દીર્ઘરાજાએ તમારી શોધ કરવા માટે અહિં પુરુષો મોકલ્યા છે અને આ નગરના રાજાએ આપણને શોધવા માટે તથા પકડવા માટે ચારે બાજુ ચોકીઓ મૂકી પ્રયત્ન કર્યો છે - એવી લોકોમાં વાત ચાલી છે.' આ હકીકત જાણીને સાગરદત્તે બંનેને ભોંયરામાં છૂપાવી દીધા. રાત પડી એટલેકાજલ અનેકોયલ સરખા કાળા વર્ણવાળા અંધકારથી રાત્રિ ઘેરાઈ ગઈ. કુમારે શેઠપુત્રને કહ્યુ કે, 'તેવા પ્રકારનો ઉપાય કરો કે, અમો અહિંથી જલ્દી બહાર નીકળી જઈએ.' એ સાંભળી શેઠપુત્ર સાગરદત્ત તે બંનેને સાથે લઈ નગર બહાર નીકળી ગયો. ત્રણે થોડેક દૂર ગયા એટલે મહામુશ્કેલીથી સાગરદત્તને રોકીને તે બંને આગળ જવા પ્રયાણ કરતા હતા. દરમ્યાન તે જ નગરીની બહાર યક્ષના મંદિર પાસે ગાઢ ઝાડીની વચમાં રહેલી એક યુવતી અનેક પ્રકારના હથિયારો ભરેલા રથમાં બેસી નજીક આવેલી હતી. તે તેમને દેખી આદર-સહિત કહેવા લાગી કે, 'તમે આટલા બધા મોડા કેમ આવ્યા ?' તે સાંભળી તેઓએ કહ્યું કે - 'હે ભદ્રે ! અમે કોણ છીએ ?' પેલી યુવતી કહેવા લાગી કે, 'તમે બ્રહ્મદત્ત અને વરધનું.' તેં અમોને કેવી રીતે ઓળખ્યા ? તો પ્રત્યુત્તરમાં કહ્યું કે સાંભળો-'આ જ નગરીમાં ધનપ્રવર નામના શેઠ વસે છે. ધનસંચયા નામની તેનીભાર્યા છે. તેની કુક્ષીથી જન્મેલી હું તેમની પુત્રી છું. આઠ પુત્રો ઉપર જન્મેલી છું. યૌવનવય પામી છું. કોઈ પણ વર પસંદ ન પડ્યો, તેથી મેં યક્ષની આરાધના કરી. યક્ષ મારી ભક્તિથીપ્રસન્ન થયો અને પ્રત્યક્ષ થઈને મને કહ્યું કે, 'હે વત્સે ! તારો પતિ ચક્રવર્તી થશે, તેનું નામ બ્રહ્મદત્ત છે.' 'મારે તેને કેવી રીતે ઓળખવો ?' યક્ષે કહ્યું કે, 'જ્યારે કુકડાઓનું યુદ્ધ ચાલ્યું, ત્યારે દેખ્યો હતો અને તારા મનમાં ગમેલોહતો, તેને તારે બ્રહ્મદત્ત જાણવો.' વળી કુકડાના યુદ્ધ બાદ વરધનુ સાથે તમારો જે વૃત્તાન્ત બન્યો તે કહ્યો, તથા તમોને હાર મોકલ્યો વગેરે જે કાર્યો કર્યાં, તે પણ મેં જ કરેલાં.

આ વૃત્તાન્ત સાંભળીને-વિચાર્યું કે, 'મારા રક્ષણ માટેનો આણે આદરથી પ્રયત્ન કર્યો, નહિંતર હથિયાર સાથે મારા માટે રથ ક્યાંથી હાજર કરે ?' એમ વિચારીને તેના વિષે

અતિશય રાગવાળો બનીને કુમાર રથ ઉપર આરૂઢ થયો અને જાણ્યું કે, આ જ રત્નવતી છે. ત્યાર પછી પૂછયું કે, 'આપણે કઈ તરફ ચાલીશું ?' (૩૦૦) ત્યારે રત્નવતીએ કહ્યું કે, મગધપુરમાં મારા પિતાજીના લઘુબન્ધુ ધન નામના છે,તે ત્યાં શ્રેષ્ઠી પદ પામેલા છે. તેઓ મારો અને તમારો વૃત્તાન્ત જાણીને અતિહર્ષથી અને ગૌરવથી આપણું આતિથ્ય કરશે માટે તે તરફ ગમન કરો. ત્યાર પછી તમને જે ઠીક લાગે તેમ કરશો.' ત્યાર પછી કુમાર તે તરફ પ્રયાણ કરવા લાગ્યો. વરધનુએ સારથિપણું કર્યું. અને અનેક કિલ્લાવાળા કોશાંબી દેશથી નીકળીને પર્વતની ખીણમાં વૃક્ષોની ગાઢ ઘટા હોવાથી અંદર સૂર્યનાં કિરણો પ્રવેશ પામી શકતાં ન હતાં-એવા પહાડી પ્રદેશમાં આવ્યા. ત્યાં કંટક, સુકંટક નામના ચોરોના અધિપતિ રહેતા હતા. શ્રેષ્ઠ રથ, સ્ત્રીરત્ન, શણગારેલ શરીરવાળા અલ્પ પરિવારવાળા કુમારને દેખીને હથિયારો સજી અનેબખ્તર પહેરીને તેઓ ધનુષ-દોરી ખેંચીને નવીન મેઘ માફક બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા. ધૈર્યના મંદિર સમાન કુમારે પણ લગારે ક્ષોભ પામ્યા સિવાય સિંહ જેમ મૃગલાઓને નસાડી મૂકે, તેમ ચોરોને હાર આપી નસાડી મૂક્યા.તેઓનાં છત્ર અને ધ્વજાઓ નીચે પડી ગયાં, વિવિધ પ્રકારના આયુધોથી ઘવાએલા શરીરવાળા આમ-તેમ ભ્રમણ કરતા નિષ્ફલ પ્રયત્ન કરતા દરેક દિશામાં પલાયન થવા લાગ્યા.ત્યાર પછી તે જ રથ પર આરૂઢ થઈ કુમાર જવા લાગ્યો, ત્યારે વરધનુએ કુમારને કહ્યું કે, 'હમણાં તું સખત પરિશ્રમ કરવાથી થાકી ગયો છે, તો રથમાં મુહૂર્તકાળ જેટલી નિદ્રા લઈ લે' ત્યારે અતિ સ્નેહાળ રત્નવતી પત્ની સાથે સુઈ ગયો.

આ સમયે પર્વત પરથી વહેતી નદી આવી અને રથના અશ્વો થાકી ગયા.કુમારની નિદ્રા ઉડી ગઈ. બગાસું ખાતાં જ્યાં દિશાઓતરફ નજર કરી તો વરધનુને ન જોયો. વિચાર્યું કે, કદાચ આમ-તેમ જળ શોધવા માટે ગયો હશે. નવીન મેઘ સરખો ગંભીર શબ્દ કરવા લાગ્યો. (ગ્રંથાગ્ર ૫૦૦) પરંતુ પ્રત્યુત્તર ન મળ્યો. વળી રથનું ધુંસરું ઘણી લોહીની ધારાથી ખરડાયેલું જોયું, એટલે ગભરાયો કે વરધનુને કોઈકે મારી નાખ્યો જણાય છે. એમ સંકલ્પ કરતો રથમાં મૂર્છા ખાઈને ઢળી પડ્યો. કુમારની સર્વ ચેતના એકદમ રોકાઈગઈ, એટલે રત્નવતીએ શીતળ જળ છાંટ્યું અને પંખાથી ઠંડો પવન નાખ્યો. એટલે મૂર્છા શાન્ત થઈ અને 'હે બન્ધુ !' એમ બોલીને રોવા લાગ્યો. રત્નવતીએ કોઈ પ્રકારે સમજાવીને રુદન બંધ કરાવ્યું. પછી રત્નવતીને કહ્યું કે, વરધનુ જીવતો છે કે મૃત્યુ પામ્યો તે સ્પષ્ટ સમજી શકાતું નથી. તો તેના સમાચાર મેળવવા માટે હે પ્રિયા ! હવે મારે પાછા જવું પડશે. ત્યારે રત્નવતીએકહ્યું કે, 'ફાડી ખાનાર અનેક જાનવરોથી વ્યાપ્ત એવા આ અરણ્યમાં માંસપેશી સરખી બહુ સામાન્ય (ઘણાને સાધારણ - નારી અબલાહોવાથી અનેક માણસો તેને હેરાન કરવા - ભોગવા લાલાયિત થઈ જાય છે મને છોડીને આપ જવાની ઇચ્છા કરો છો ? બીજું વસ્તીવાળું નગર હવે નજીકમાં જ હોવું જોઈએ કારણ કે ઘાસનાં તણખલાં, કાંટા તેમ જ લોકોની અવરજવરથી પગલાં પડેલો માર્ગ પણ અહિં દેખાય છે. માટે વસ્તીમાં ચાલો,પછી આપને ઠીક લાગે તેમ કરજો.' ત્યાર પછી મગધપુરી તરફ ચાલતાં દેશના સીમાડા પર રહેલા એક ગામમાં ગયો. ત્યાં કોઈક ભાવિક ગામના માલિકે તેમનું રૂપ જોઈને મનથી વિચાર્યું કે, 'આ કોઈક ભાગ્યશાળી દૈવને

આધીન થઈને એકલો પડી ગયો જણાય છે. તેને નિમંત્રણ કરી મહાગૌરવથી પોતાના ઘરે લાવી,સુખાસન પર બેસાડી પૂછયું કે, 'હે મહાભાગ્યશાળી ! આમ ઉદ્વેગવાળા કેમ જણાવ છો ?' અશ્રુજળ લૂંછતો તે કહેવા લાગ્યો કે,મારો લઘુબન્ધુ ચોરો સાથે લડતો હતો, અત્યારે તે કેવી અવસ્થા પામ્યો હશે,તેની તપાસ કરવા જવું છે. એટલે ગામસ્વામીએ કહ્યું કે, 'આ વિષયમાં ચિંતા ન કરવી. જો આ વનની ઝાડીમાં હશે તો નક્કી તે મળી આવશે. કારણ કે, આ અટવી મારે આધીન છે,ત્યાર પછી પોતાના સેવકોને ચારે તરફ તપાસકરવા મોકલ્યા. તેમણે પાછા આવીને કહ્યું કે, 'ત્યાં કોઈ જોવામાં આવ્યો નથી, પરંતુકોઈ સુભટના શરીરમાં લાગીને જમીન પર પડેલું યમની જિહ્વા સરખું આ બાણ મળી આવ્યું છે.' તેનું વચન સાંભળીને ઉત્પન્ન થયેલા તીવ્ર ખેદવાળો કુમાર લાંબા સમય સુધી ખેદ કરવા લાગ્યો. કોઈ પ્રકારે દિવસપસાર કરવા લાગ્યો અને રાત્રિ પડી. રત્નવતી સાથે સુતો. એક પહોર રાત્રિ વીત્યા પછી તે ગામમાં ચોરોએ ધાડ પાડી. એટલે કુમારે સખત ધનુષ ખેંચીને એવાં બાણો ફેંકયા કે, પ્રચંડ પવનથી જેમ આકાશમાં મેઘ દૂર ચાલ્યા જાય તેમ ચોરો દૂર ભાગી ગયા. ત્યારે ગામલોકો સહિત ગામસ્વામી સ્નેહથી તેને અભિનંદન આપી કહેવા લાગ્યા કે, જયલક્ષ્મીના મંદિર તમારા સરખો કયો પુરુષ હોઈ શકે ? પ્રાતઃકાળ થયો, એટલે ગામસ્વામીને પૂછીને તેના પુત્ર સાથે રાજગૃહ નગર તરફ ચાલ્યો. બહાર એક પરિવ્રાજકના આશ્રમમાં રત્નવતીને મૂકીને કુમાર નગરમાં ગયો. ત્યાં સેંકડો સ્તંભયુક્ત, તાજાં ચિતરેલાં હોય અને બીલકુલ બગડેલાં ન હોય તેવા ચિત્રકર્મવાળા ઊંચા શિખર ઉપર શોભતી ધ્વજમાળા સહિત એક ઉજ્જવલ ઘર દેખ્યું. ત્યાં પોતાના રૂપથી દેવાંગનાના રૂપને જિતનાર એવી બે સુન્દરીઓ જોવામાં આવી. કુમારને દેખીને સુંદરીઓએ કહ્યું કે, 'તમારા સરખા સ્વભાવથી પરોપકારી એવા પુરુષે ભક્ત અને અનુરાગવાળા જનનો ત્યાગ કરીને પૃથ્વીમાં પરિભ્રમણ કર્યા કરવું, તે તમોને ઉચિત છે ?' કુમારે કહ્યું કે, 'તે કોણ જન છે કે, મેં તેનો ત્યાગ કર્યો ? તે તમે કહો.' 'અમારા ઉપર કૃપા કરીને અહીં આસન ઉપર બિરાજમાન થાવ.' આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરાયેલા કુમારે ત્યાં આસન ગ્રહણ કર્યું. યોગ્ય સારસંભાળ-સરભરા કરી. આદરપૂર્વક આહારનું ભોજન કરાવ્યું.ત્યાર પછી તેઓ કહેવા લાગી કે, 'આ ભરત ક્ષેત્રમાં વૈતાઢ્ય નામનો પર્વત છે, જેમાં અનેક વહેતા પાણીવાળાં નિર્ઝરણાંઓ છે. તે એટલો લાંબો છે કે, પૂર્વ-પશ્ચિમમાં રહેલા સમુદ્ર વચ્ચે રહેલી પથ્વીને માપવા માટે માપતંડ તરીકે રહેલો છે અને ઉંચાઈમાં સૂર્યના માર્ગને રોકે છે. જયાં વિવિધ પ્રકારની મણિઓની પ્રભાથી અંધકાર સમૂહ દૂર હઠી જાય છે,જેથી સૂર્ય અને ચંદ્રની બીલકુલ ઉપયોગિતા થતી નથી.

તે પર્વતના આજુબાજુના પ્રદેશમાં નીચે વહેતી ગંગા અને સિંધુના પ્રવાહથી સીમાડાનોપ્રદેશ શોભે છે અને ત્યાં જગો જગો પર ઔષધિઓના સમૂહો જોવામા આવે છે. શાંતિ-સંતોષ અનુભવી રહેલા ક્રીડામાં તત્પર એવા વિદ્યાધરો જયાં સર્વત્ર ભોગો ભોગવવા આવે છે,જયાં હજારો આશ્ચર્યો દેખાય છે,જેનાં શિખરો મણિઓની કાંતિથી જળકે છે, જાણે આકાશતલમાં ઊંચી શિલાઓ એકબીજા સાથે અથડાઈને વિજળી સાથે નીચે પડેલાં વાદળાં હોય તેવી દેખાય છે. જેની ઘણી ઊંચી મેખલાઓમાં જાણેતારાઓ તેના છેડે ચાલતી સ્ફટિક

મણિઓની ઘુઘરીઓ હોય તેવી શોભે છે. જ્યાં વિદ્યાધરીઓ રાત્રે મહેલની અગાશીમાં પોતાના મુખની શોભા કરતી હોય, ત્યારે ચંદ્ર તેમના આરીસાનું કાર્યકરે છે. તેમ જ જ્યાં નાગદમની વિગેરે મહાઔષધોની ગંધથી જેમની શક્તિ (કાતિલ ઝેરની તાકાત) રુંધાઇ ગઈ છે એવા સર્પોવાળા ચંદનના વનોમાં વિદ્યાધરોનાં યુગલો નિર્ભયપણે ક્રીડા કરે છે.પોતાના પ્રભાવથી સમગ્ર સામંતોના મસ્તકના મણીઓના ઘણા કિરણ-સમૂહરૂપ જળ વડે જેના ચરણ-કમલ-(તળેટી) હંમેશા સિંચાય છે. ત્યાં સારા જોવાતાં ગામો, નગરોવાળી દક્ષિણશ્રેણિમાં શિવમંદિર નામના પુરમાં જવલનશિખી નામના રાજા છે. તેને ચંદ્રની કૌમુદીજેવી સૌભાગ્ય સંપત્તિની ખાણ વિદ્યુતશિખા નામની રાણી છે, અમે બે તેમની પુત્રીઓ છીએ. નાટ્યમત્તનામનો અમારો મોટો ભાઈ હતો. કોઈકસમયે અમારા પિતાજી મહેલની અગાશીમાં અગ્નિશિખી વગેરે વિદ્યાધર મિત્રો સાથેગોષ્ઠી-વિનોદ કરતા હતા, તેટલામાં આકાશમાં અષ્ટાપદ ઉપર જિનબિંબોને વંદન માટે દેવો અને અસુરોનો સમૂહ મહા આડંબર પૂર્વક જતોહતો. તેનેદેખીને વૃદ્ધિ પામતી શ્રદ્ધાવાળા રાજા, મિત્રો અને અમારી સાથે તે પર્વત પર પહોંચ્યા. ઉત્કટ ગંધવાળા સુંદરરીતે ગોઠવેલા અનેક ભ્રમરશ્રેણિથી વ્યાપ્ત એવા કલ્પવૃક્ષ, પારિજાત વગેરે દિવ્ય વૃક્ષોના પુષ્પસમૂહથી જિનેશ્વરોનાં બિંબોની પૂજા કરી. કપૂર, અગરુ આદિનો સુગંધી ધૂપ ઉખેવીને ચૈત્યવંદન-સ્તવનાદિથી પ્રભુને સ્તવના કરી. ચૈત્યગૃહમાંથી બહાર નીકળતાં પ્રત્યક્ષ સમતાના ઢગલા સમાન, અશોકવૃક્ષની નીચે બેઠેલ મદરહિત એવું ચારણ મુનિયુગલ દેખ્યું.તેમને ભક્તિથી પ્રણામ કરીને તે તેમની સન્મુખ બેઠા અને ત્યાર પછી તેમાંના એક શ્રમણસિંહે જલપૂર્ણ મેઘ સરખી ગંભીર વાણીથી ધર્મદેશના શરુ કરી. તેમની સન્મુખ બીજા દેવો, અસુરો અને ખેચરો બેસી દેશના શ્રવણ કરતા હતા.

"આ શરીર-કલેવર કેળના પત્ર સરખું કોમલ-અસાર, અનેક રોગોનું ઘર, વિજળી દંડના આડંબર માફક વિષયસુખો નાશ પામવાના સ્વભાવવાળાં છે. જીવિત શરદઋતુનાં વાદળાં સરખું ક્ષણમાં નાશ પામવાના સ્વભાવવાળું છે.

આ જગતમાં જીવોના સ્નેહ-સબંધો કિંપાકવૃક્ષના ફળની જેમ ભયંકર દુઃખ-વિપાક આપનારા છે. પ્રચંડ પવનથી ચલાયમાન ઘાસના પત્ર પર રહેલ જળબિન્દુ સમાન લક્ષ્મી ચંચળ છે. દરેક ક્ષણે લોકો નિર્નિમિત્ત દુઃખ દેખે છે. જેમાં સમગ્ર પુરુષાર્થ કરી શકાય તેવો આ મનુષ્યભવ દુર્લભ છે. આ જીવની ચારે બાજુ નજીકમાં મૃત્યુફર્યાકરે છે. સંસાર-ત્યાગ કરવાની ઈચ્છાવાળા કુશલ પુરુષોએ સર્વાદરથી જિનેશ્વરોએ કહેલ શુદ્ધ ધર્મનું સેવન કરવું જોઈએ." એ પ્રમાણે મુનિવરનાં ધર્મવચનો સાંભળીને નિર્મલ સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને જેઓ જ્યાંથી આવ્યા હતા, તેઓ ત્યાં ચાલ્યા ગયા.

અમારા પિતાના મિત્ર અગ્નિશિખીએ અવસર મેળવીને પૂછ્યું કે, 'આ બાલાઓનો ભર્તાર કોણ થશે ?' ભગવંતે કહ્યું કે, 'આ બાલાઓના ભાઈનો વધ કરનાર તેમનો ભર્તાર થશે.' તે સાંભળીને રાજા શ્યામમુખવાળો થઈ ગયો. આ અવસરે અમોએ પિતાજીને કહ્યું કે-'હે પિતાજી ! આ સંસારને જ્ઞાની ભગવંતોએ આવો અસાર જ કહેલો છે. માટે હવે આવા

દુઃખદાયક વિષયોથી સર્યું.' પિતાજીએ એ સર્વ વાત અંગીકાર કરી. અમો ભાઈની પ્રીતિને લીધે પોતાનાં શરીરનાં સુખનો ત્યાગ કરીને રહેવા લાગી. તેમના માટે અમે ભોજન આદિની સાર સંભાળ કરતા હતા.

તે દરમ્યાન કોઈક દિવસે ગામ-નગરોથી ભરપૂર પૃથ્વી પર ભ્રમણ કરતા અમારા ભાઈએ તમારા મામાની પુત્રી પુષ્પવતી કન્યાને દેખી. તેનું રૂપ દેખી તેનું મન તેમા આકર્ષાયું. તેથી તે તેને હરણ કરી લાવ્યો. પરંતુ તેની દૃષ્ટિને ન સહન કરી શકતો તે વિદ્યાની સાધના કરવા માટે વાંસની જાળમાં પેઠો. તે પછીની હકીકતથી તમો વાકેફ છો. તે સમયે તમારી પાસેથી આવીને અમોને પુષ્પવતીએ મીઠાં વચનોથી આ પ્રમાણે કહ્યું કે, 'તમો પંચાલ દેશના રાજાના કુમારને પતિ તરીકે સ્વીકારો.' તેમણે તરવારની પરીક્ષા કરતાં અજાણપણામાં તમારા ભાઈને મૃત્યુ પમાડ્યો છે.' ત્યારે ભાઈના અસહ્ય શોકથી અટવીના ખાલી પ્રદેશો ભરાઈ જાય તેવા મોટા શબ્દોથી તેઓ રુદન કરવા લાગી.પુષ્પવતીએ અતિ ચતુર વચનોથી કોઈ પ્રકારે સમજાવી.તેમ જ નાટ્યમત્તના મુખથી તેણે અમારો વૃત્તાન્ત જાણાયો હતો કે 'એમનો પતિ બ્રહ્મદત્ત થશે.' તેથી તેણે કહ્યું કે, 'આ વાતમાં બીજો વિચાર કરશો નહિ અને મુનિનું વચન યાદ કરી બ્રહ્મદત્તને ભર્તાર કરો.' તે વચન સાંભળી અમે અનુરાગવાળી બનીને તે વાતનો સ્વીકાર કર્યો, પરંતુ તે વખતે ઉતાવળમાં લાલને બદલે ધોળી ધ્વજા ફરકાવી. ધ્વજાનો સંકેત ફરી જવાથી તમો ત્યાંથી બીજે સ્થળે ચાલ્યા ગયા. અમે તમોને શોધવા માટે ભૂમિમંડલમાં ફરતી રહેલી તમને ક્યાંયન જોયા, એટલે ખેદ પામી અહીં આવ્યા. અણધારી ઉત્તમ સુવર્ણની વૃષ્ટિ થાય તેમ નહિં ધારેલું એવું સુખનિધાન સરખું આપનું દર્શન થયું, તો હવે પ્રાર્થના કરનારને કલ્પવૃક્ષ સમાન હે મહાભાગ ! પુષ્પવતીનો વૃત્તાન્ત યાદ કરીને અમારું ઈષ્ટકાર્ય આચરો.'

સ્નેહાવેગથી પરવશ બનેલા તેણે ઉદ્યાનમાં તેમની સાથે વિવાહ કરીને રાત્રે તેમની સાથે વાસ કર્યો અને પ્રભાત થતાં કહ્યું કે, 'જ્યાં સુધી મને રાજય-પ્રાપ્તિ ન થાય, ત્યાં સુધી તમારે વિનીત બની પુષ્પવતી પાસે રહેવું,' 'આપની આજ્ઞા પ્રમાણે કરીશું.' એમ કહી તેઓ ચાલી ગઈ. એટલે મહેલ તરફ નજર કરી તો ધવલગૃહ વગેરે કાંઈ દેખાયું નહિ. કુંભારે વિચાર્યું કે, 'નક્કી તેઓએ આ સર્વ ઈન્દ્રજાળ સરખી માયાકરી. નહીંતર વિદ્યાધરીઓ કેમ ન દેખાય ?' હવે રત્નવતીને યાદ કરી તેને શોધવા માટે આશ્રમ તરફ ચાલ્યો, તો તે પણ ન દેખાયો. 'કોને પુછું ?' એમ વિચારી દિશાનું અવલોકન કરવા લાગ્યો, તો જવાબ દેનાર કોઈ ન હતો, એટલે તેને યાદ કરતો જ ઉભો રહ્યો. એવામાં કલ્યાણ આકૃતિવાળો અને પાકટ વયવાળો એક પુરુષ આવી પહોંચ્યો. તેને પુછયું કે, 'હે મહાભાગ ! તમે આટલામાં આજે કે ગઈ કાલે આવા પ્રકારનાં પહેરેલાં કપડાવાળી કોઈ ભટકતી બાલા આ અટવીમાં દેખી હતી ખરી ?' તેણે કહ્યું કે, 'હે પુત્ર ! શું તું તેનો ભર્તાર છો ?' તોકે હા. મેં બપોર પછી રુદન કરતી બાલાને જોઈ હતી. મેં પૂછયું કે, 'ક્યાંથી અને કેમ અહિં આવવાનું થયું ? કઈ તરફ જવું છે ?' ત્યારે ગદ્‌ગદ સ્વરે તેણે કહ્યું, ત્યારે મેં તેને ઓળખી. મેં તેને કહ્યું કે, હે પુત્રી ! તું મારી જ દૌહિત્રી છે. ત્યારપછી મેં તેના કાકાને વાત કરી, એટલેતે આદરપૂર્વક પોતાના

ઘરે લઈ ગયો અને તારી પણ તપાસકરી, પણ તું ક્યાંય દેખાયો નહિં, છતાં અત્યારે મળી ગયો, તે ઠીક થયું,' એમ કહી કુમારને તે સાર્થવાહના ઘરે લઈ ગયો. તેની સાથે વિવાહ કર્યો. રત્નવતીના અવિરત સમાગમમાં રહેવાની ઈચ્છાવાળો કુમાર દિવસ પસાર કરતો હતો. એટલામાં વરધનુના મરણનો દિવસ આવ્યોઅને બ્રાહ્મણોને જમાડવા માટે ભોજન તૈયાર કરાવ્યું, બ્રાહ્મણો ભોજન કરતા હતા, ત્યાં બ્રાહ્મણનો વેષ ધારણ કરનાર વરધનુ ભોજન કરવા માટે આવ્યો. તેણે આવીને કહ્યું કે, ભોજન જમાડનારને તમે જઈને કહો કે, 'દૂર દેશાવરથી ચારે વેદોનો જાણકાર સમગ્ર બ્રાહ્મણોમાં મુગટના રત્નસમાન ભોજન માગે છે. વળી જેના માટે ભોજન કરાવ્યું હોય, તેને ભવાંતરમાં પણ તે ભોજન મળી જાય છે. તમારા પિતાદિક મૃત્યુ પામ્યા હોય, તેમને પણ તેણે કરેલું ભોજન પહોંચી જાય છે. (૪૦૦) ભોજન માટે નક્કી કરેલા પુરુષોએ તે વાત કુમારને જણાવી. એટલે તે બહાર નીકળ્યો અને દેખે છે, તો વરધનુ જણાયો. કોઈક અપૂર્વ સ્નેહરસને અનુભવતો કુમાર તેને ભેટ્યો અને મંદિરમાં પ્રવેશ કરાવી સ્નાન કરાવ્યું. ભોજન કર્યા પછી પૂછયું કે, 'હે મિત્ર ! આટલો કાળ તેં ક્યાં પસાર કર્યો ? ત્યારે વરધનુએ કહ્યું કે -'જંગલની ગાઢ ઝાડીમાં તે રાત્રે તમે સુખેથી સૂઈ ગયા હતા. એક ગીચ ઝાડીમાંથી કોઈ એક ચોરપુરુષે મારી પાછળ દોડી આવીને મારા દેહમાં તીક્ષ્ણ બાણ માર્યું. તેના ઘાની વેદનાથી મૂર્છા પામી હું ભૂમિતલમાં પડ્યો. મૂર્છા ઉતરી અને ભાનમાં આવ્યો એટલે 'મારી વેદનાથી તમને દુઃખ થશે' એમ વિચારી મારી ઘાયલ અવસ્થાને છૂપાવતો તે જ ઝાડીવાળા પ્રદેશમાં રહ્યો. તમારો રથ ત્યાંથી પસાર થયા પછી ધીમે ધીમે હું તે ગામમાં આવ્યોકે, જ્યાં તમે રાત્રે રોકાયા હતા. ગામના માલિકે તમારો વૃત્તાન્ત મને કહ્યો અને વિચિત્ર ઔષધિઓવડે મારો ઘા રૂઝાવ્યો. સ્થાને સ્થાને તમારી શોધ કરતો કરતો અહિં આવ્યો. ભોજનના બાનાથી તમને મેં અહીં જોયો.'

એક બીજા મિત્રો ક્ષણવાર પણ વિરહ ન ઈચ્છતા શાંતિથી રહેલા હતા, ત્યારે કોઈક સમયે પરસ્પર આ પ્રમાણે મંત્રણા કરી કે- 'આમ ને આમ આપણે કેટલા કાળ સુધી નિરુદ્યમી બેસી રહેવું ? હવે આપણે કોઈ પુરુષાર્થ કરવો જોઈએ. આમાંથી નીકળવાનો સુંદર ઉપાય મેળવીએ.' એવામાં દરેકને કામ ઉત્પન્ન કરનાર અને ચંદનની સુગંધવાળો મલયવનનો પવન જેમાં સુખ આપે છે, તેવો વસંત-સમય આવ્યો. નગરના લોકો વિવિધ પ્રકારની વસંત ક્રીડાઓ પ્રવર્તાવવા લાગ્યા. કુબેરની નગરીની વિલાસ ક્રીડાઓ ભૂલી જવાય તેવા પ્રકારની ક્રીડાઓ નગરીમાં ચાલતી હતી.

અતિ મોટા કુતૂહલવાળા તે બંને કુમારો પણ નગર ઉદ્યાનમાં ગયા. ત્યાં ગીતના શબ્દથી દાનજળ (મદજળ) ઝરાવનાર એક હાથી જોયો. માનવને જમીન ઉપર પટકી પાડી નિરંકુશ બની ચોતરફ ફરતો, કેળના સ્તંભ માફક લોકોની ક્રીડાઓને તોડી નાખતો હતો. લોકોની દોડાદોડીમાં કરુણ સ્વરથી વિલાપ કરતી, ભયથી કંપની એક કુલબાલિકાને હાથીએ પકડી લીધી. જાણે કોમલ બાહુથી બાલ કમલિની ઉખેડાતી હોય, તેમ હાથીની ભયંકર સૂંઢમાં પકડાયેલી. ભયથી કંપતા અને સમગ્ર દિશામાં આમતેમ જોતા નેત્રવાળી, વીખરાયેલા કેશપાશવાળી, પોતાનું રક્ષણ નહીં દેખતી, મરણ-સમયની ક્રિયાનું સ્મરણ કરતી, 'ઓ મા !

ઓ મા ! આ હાથી-રાક્ષસે મને પકડી છે. જલદી મને છોડાવો અને મારું રક્ષણ કરો. મેં મનમાં કંઈકચિંતવ્યું અને દૈવ કંઈક વિપરીત જ કર્યું.' એમ બોલતી બાલિકાને દેખી. ત્યારેકરુણારસથી પરવશબનેલા અંતઃકરણવાળો કુમાર આગળ ધસી આવી ધૈર્યથી હાથીને હાક મારી કે, અરે દુષ્ટ નિર્દય કુજાત અધમ હાથી ! આ ભયભીત યુવતીને પકડીને આ તારી મોટી કાયાથી પણ તું લજ્જા પામતો નથી ? અરે નિર્ઘૃણ ! આ અતિ દુર્બલ અશરણ અને નિરપરાધી અબલાને મારવાથી તું તારા માતંગ (ચંડાલ) નામને સફલ કરે છે. આ પ્રમાણે ઠપકાવાળા ધીર સ્વરૂપ શબ્દના પડઘાથી પૂર્વ થયેલ આકાશ જેમાં એવા કુમારની હાક સાંભળીને હાથીએ કુમાર સન્મુખ નજર કરી.તે બાલિકાને છોડીને રોષથી લાલ થયેલા નેત્રયુગલવાળો અને તેથી ન દેખવા લાયક કુમારના વચનથી કોપપામેલો કુમાર સન્મુખ આવ્યો. કર્ણયુગલ અફાળી, ગંભીર શબ્દોથી આકાશના પોલાણને ભરી દેતો લાંબી પ્રસારેલી સૂંઢવાળો કુમારની પાછળ પાછળ આવવા લાગ્યો. કુમાર પણ પોતાની ડોક લગીર લગીર વાંકી કરતો કરતો તેની સન્મુખ જતો હતો. વળી તેની સૂંઢના છેડા સુધી પોતાના હસ્તને લંબાવતો અને લલચાવતોસામે દોડતો હતો.કુમાર જેમ આગળ ચાલતો, તેમ હાથી અધિક ક્રોધ કરતો, વધુ વેગથી દોડતો 'હમણાં પકડ્યો' એમ વિચારતો હાથી દોડતો હતો. ત્યાર પછી કુમારે અવળું ભ્રમણ કરાવી એવો શાન્ત પાડ્યો કે, તે મદોન્મત્ત હાથી ચિત્રમાં ચિત્રેલા ચિત્રામણ સરખો સ્થિર બની ગયો. ત્યાર પછી નીલકમલસમાન નેત્રવાળી સુંદરીથી દર્શન કરાતો કુમાર તીક્ષ્ણ અંકુશ હાથમાં રાખીનેહાથીની કંધરા પરચડી બેઠો. ત્યાર પછી મધુર વાણીથી એવી રીતે સમજાવ્યો કે, જેથી હાથીનો રોષ ઓસરી ગયો અને આલાનસ્તંભ સાથે સાંકળથી બાંધી લીધો. (૪૩૦) કુમારનો જય જયકાર શબ્દ ઉછળ્યો કે, ખરેખર કુમાર પરાક્રમનો ભંડાર છે, દુઃખ પામેલા જીવોનું રક્ષણ કરવામાં સુંદર મનવાળો છે.

તે સમયે તે નગરનો અરિદમન રાજા ત્યાં આવી કુમારનું આવું વર્તન જોવા લાગ્યો, પૂછવા લાગ્યો કે, 'આ કોણ અને કયા રાજાનો પુત્ર છે ?' ત્યાર પછી તેના વૃત્તાન્તને જાણનાર મંત્રીએ હકીકત જણાવી. ત્યારે નિધાન-પ્રાપ્તિ કરતાં અધિક આનંદ પામી રાજા પોતાના મહેલમાં લઈ ગયો સ્નાનાદિક કરાવી, ભોજન કર્યા પછી આઠ કન્યાઓ આપી. શુભ દિવસે કુમાર સાથે ઘણા આડંબરથી કન્યાઓનાં લગ્ન કર્યાં.

કેટલાક દિવસો ગયા પછી, તેઓ આનંદથી રહેલા હતા, ત્યારે એક સ્ત્રી કુમાર પાસે આવી એમ કહેવા લાગી કે- 'હે કુમાર ! આ જ નગરમાં વૈશ્રમણ નામનો સાર્થવાહપુત્ર છે, તેની શ્રીમતી નામની સુપુત્રી છે. બાલ્યકાળથી મેં જ તેને પાળી-પોષી મોટી કરી છે. હે સુભગ ! તમે હાથીના ભયથી તે વખતે બચાવી, તે કન્યા તમારા ગૃહિણીભાવને પામવાની અભિલાષાવાળી છે. તે જ સમયે 'આ મારા જીવિતદાન આપનારા છે' એ પ્રમાણે અભિલાષાવાળીદૃષ્ટિથી લાંબા કાળ સુધી તમારી તરફ નજર કરી હતી, તો તેના મનની અભિલાષા પૂર્ણ કરો.' હાથીનો ભય દૂર થયા પછી મહામુશ્કેલીથી તેનો સ્નેહી પરિવાર તેને ઘરે લઈ ગયો. ત્યાં પણ સ્નાનાદિક શરીર-સ્થિતિ કરવાની પણ અભિલાષા કરતી નથી. મુખ સીવેલું હોય તેમ મૌન ધારણ કરીને રહેલી છે. મેં કહ્યું કે, 'હે પુત્રી ! વગર કારણે આ તને

શું સંકટ પ્રાપ્ત થયું ?' આ પ્રમાણે જ્યારે મેં કહ્યું, ત્યારે તે બોલી કે, તને તો સર્વ જણાવીશ. જો કે આ વિષયમાં લજ્જા અપરાધી છે,તો પણ તને તો કહીશ જ. રાક્ષસ સરખા હાથીથી જેણે પોતાના પ્રાણદાનથી પણ મારું રક્ષણ કર્યું, જો તેની સાથે મારું પાણિગ્રહણ ન થાય, તો નક્કી મને મરણનું શરણ છે.' આ સાંભળીને સર્વ વૃત્તાન્ત પિતાજીને જણાવ્યો. પિતાજીએ પણ મને આ માટે તમારી પાસે મોકલી છે, તો તમો આ બાલાનો સ્વીકાર કરો.' આ કાલને આ ઉચિત છે' એમ વરધનુએ પણ એ વાત માન્ય કરી, તથા અમાત્યે પણ નંદા નામની કન્યા આપી. વિવાહ-મંગલ પ્રવર્ત્યુ. આ પ્રમાણે બંનેના દિવસો સુખમાં પસાર થઈ રહેલા હતા. પંચાલરાજપુત્રનો દરેક સ્થલે જય જયકાર ઉછળી રહેલો છે, એવા નિષ્કલંક સમાચાર સર્વત્ર ફેલાયા. હિમવાન પર્વતના વનમાં જેમ ગજેન્દ્ર નિરંકુશ ભ્રમણ કરે છે, તેમ પૃથ્વીમાં નિરંકુશપણે ભ્રમણ કરવા લાગ્યા. ધનુ મંત્રીના પુત્ર વરધનું સાથે પંચાલરાજપુત્ર ફરે છે. કોઈક સમયે તેઓ વારાણસી ગયા, ત્યારે કુમારને બહાર રાખીને વરધનુ પંચાલરાજાના મિત્ર કટક રાજા પાસે ગયો. સૂર્યોદય-સમયે જેમ કમલવન વિકસિત થાય, તેમ વરધનુના આવવાથી એકદમ કટકરાજાનાં નેત્રો વિકસ્વર બન્યાં અને કુમારના સમાચાર પૂછયા. (૪૫૦) વરધનુએ પણ જણાવ્યું કે, 'કુમાર અહીં આવેલા છે. કટક રાજા પોતાના સૈન્ય, વાહન, પરિવાર સાથે તેની સન્મુખ ગયો. બ્રહ્મરાજાની સમાન જ કુમારને માનતો જયકુંજર હાથી ઉપર બેસાડીને શ્વેત ચામરોથી વીંજાતો, પૂર્ણ ચંદ્રમંડલ-સમાન છત્ર જેના મસ્તક પર ધારણ કરાયેલું છે, ચારણો જેનું ચરિત્ર પગલે પગલે ગાઈ રહેલા છે, એવા સત્કારથી રાજા પોતાના નગરની અંદર થઈ મહેલમાં લઈ ગયો અને ત્યાં રાખ્યો, તેને કટકવતી નામની પોતાની પુત્રી આપી. વિવિધ પ્રકારના હાથી, ઘોડા, ઉત્તમ રથો વિગેરે સામગ્રી આપવા પૂર્વક શુભ દિવસે તેઓનો વિવાહ પ્રવર્ત્યો. વિષયસુખ અનુભવતો ત્યાં રહેલો હતો, ત્યારે દૂત મોકલીને બોલાએલ પુષ્પચૂલ રાજા, ધનુમંત્રી, કણેરુદત્ત, સિંહરાજા, ભવદત્ત, અશોકચંદ્ર વગેરે અનેક રાજાઓ આવી પહોંચ્યા. એકઠા મળીને વરધનુનો સેનાપતિપદનો અભિષેક કરી ચતુરંગ વિશાળ સૈન્ય સહિત દીર્ઘરાજાને મહાત કરવા કાંપિલ્યપુર તરફ મોકલ્યો. તેઓ વગર અટક્યે પ્રયાણ કરતા હતા,દરમ્યાન દીર્ઘરાજાએ કટક વગેરે રાજાઓ ઉપર પોતાનો દૂત મોકલ્યો અને કહેવરાવ્યું કે - 'દીર્ઘરાજા તમારા ઉપર ઘણા જ ગુસ્સે થયા છે. કારણ કે, તમોએ આ બ્રહ્મદત્તને આગળ પડતો કર્યો છે. જો પ્રલયકાળના વાયરાથી ઉછળતા સમુદ્રના જળ સરખા વિશાળ સૈન્યવાળા દીર્ઘરાજા તમારા ઉપરચડાઈ કરશે, તો નક્કી તેમાં તમારું ભલું થવાનું નથી,તો હજુ પણ તે કાર્યથી અટકો. આ તમારા અપરાધની માફી આપીશ. કારણ કે, સજ્જન પુરુષો વિનયવાળા મનુષ્ય ઉપર ગુસ્સો કરતા નથી. તે સમયે ભૃકુટિચડાવીને, અતિશયગુસ્સો કરીને તે રાજાઓએ દૂતનો તિરસ્કાર કર્યો અને પોતે પંચાલ દેશ ઉપર ચડાઈ કરી. જ્યારે ત્યાં પહોંચ્યા ત્યારે નજીકના ગામ-સમૂહને બાળી નાખેલા, સરોવરો જળથી ખાલી કરેલાં હતાં. પરંતુ નગરીની અંદર ઘણું ધાન્ય એકઠું કરેલું છે, ઘણું ઘાસ અને ઇન્ધણાં ભરેલાં છે, લાંબા કાળ સુધી ચાલે તેવા વાવડી, કૂવા, નદી, કિલ્લા વગેરે સાફ કરાવ્યા છે. નગરીની રક્ષા કરવા માટે અપ્રમત્ત વફાદાર મનુષ્યોને રોકેલા છે. અવર-જવર બંધ કરાવી છે. ચારે બાજુના છેડા પર સતત

ઘોડેસ્વારો ફરતા રાખેલા છે. કિલ્લા ઉપર વિચિત્ર યંત્ર ગોઠવી રાખેલ છે. આ પ્રમાણે દીર્ઘરાજાએ ચડી આવતા લશ્કરને પહોંચી વળવા માટે સર્વ પ્રકારની તૈયારી પ્રથમથી રાખી હતી.

આ બાજુ અનેક રાજાના સમૂહ સહિત બ્રહ્મદત્ત ચાલ્યો આવતો હતો અને આવીને કાંપિલ્યપુરને ચારે તરફથી ઘેરો ઘાલ્યો. અંદર તલભાગમાં રહેલા અને બહારના સૈનિકોએ કિલ્લા ઉપર ચડીને પરસ્પર દુસ્સહ ઈર્ષ્યાનું ઝેર ધારણ કરવાથી અતિ ભયંકર સંહાર કરનાર બાણોનો અને પત્થરોનો વરસાદ વરસાવ્યો. કાયર સુભટો જોરથી ઢોલ વગેરે વાજિંત્રો વગાડી સૈનિકોને સૂરાતન ચડાવવા લાગ્યા. કોઈક સૈનિકો યંત્રમાં તપાવેલ તેલ નાખીને પાયદળ સેનાને વિખેરી નાખવા લાગ્યા. ઢાલથી અદૃશ્ય થયેલા અરસપરસ રક્ષા કરી કિલ્લા નીચે રહેલા.

ક્રોધે ભરાયેલ કોઈક હોઠ દબાવી, દાંત ભીંસી નિષ્ઠુર વાણી બોલતા, કોઈક બળતું ઘાસ ફેંકી શત્રુ-સુભટોના બળતણને સળગાવી દેતા હતા. કોઈક તીક્ષ્ણ કુહાડાના ઘા કોઠીને મોટા દરવાજાને તોડી નાખતા હતા. કેટલાક લોકો મોટી બૂમરાણ પાડીને હાથીઓની શ્રેણીઓ તોડી પાડતા હતા. આ પ્રમાણે દરરોજ તેઓ વચ્ચે ભયંકર કુતૂહલ કરાવનારી, હાસ્ય કરાવનારી, ભયંકર રોષ પ્રસરાવનારી લડાઈ ચાલી.

**યુદ્ધ વર્ણન-**

હવે દીર્ઘરાજાના સુભટો કંટાળ્યા અને લડવાનું સામર્થ્ય ન રહ્યું, એટલે દીર્ઘરાજા આગળ આવીને પોતાને જીવવાનો બીજો ઉપાય ન દેખવાથી નગરના દરવાજા ઉઘાડીને એકદમ ઘણા લશ્કર સાથે પુરુષાર્થનું અવલંબન કરીને બહાર નીકળ્યો. બંને સેનાઓના જગો જગો પર મોટા સંગ્રામો થયા, ચમકતાં ભાલાઓ ભાંગીને નીચે પડવા લાગ્યાં. માર્ગમાં ધૂળની ડમરી ઉડવા લાગી. પ્રૌઢ ધનુષકળા જાણનારાઓ ધનુષની જેમ કુંડલાકાર કરી મનુષ્યોને મરડવા લાગ્યા. ભેરીના ભણકારાના શબ્દોથી ભવન ભરી દીધું. અર્થાત્ આકાશ ગાજી ઉઠ્યું. ભાલાં, શિલા તલવાર, બાણોથી ભય પામનારાઓની ભુજાઓ કંપવા લાગી. વળી એકબીજાનાં શસ્ત્રો પરસ્પર અથડાવાના કારણે તેમાંથી વિજળી ચમકવા લાગી.કેટલાક શૂરવીર સુભટો પોતાના પ્રાણની દરકાર રાખ્યા વગર સામા ખડા રહી સામસામા મારવા લાગ્યા. ઉંચી ખાંધ કરી ત્યાં વેતાલો નૃત્ય કરવા લાગ્યા. શાકિનીઓ લોહી પીવા લાગી.શસ્ત્રોના સપાટા લાગવાથી છત્રો સાથે ધ્વજાઓ છેદાઈ ગઈ, નદીના વેગથી સુભટોના લોહીના પ્રવાહો લાગ્યા. પ્રગટપણે શૂરવીર લોકો પાછા હઠવા લાગ્યા અને તેઓ ભાગવા લાગ્યા. લાખોની સંખ્યામાં સૈનિકોનાં મસ્તકો ધૂળમાં રગદોળાવા લાગ્યાં. યમના નગરના લોકોને મોટો ઉત્સવ થયો. બંનેના સૈન્યોમાં ભયંકર યુદ્ધ ચાલ્યું. ૪૮૦.

ત્યાર પછી એક મુહૂર્ત માત્રમાં જ પોતાના સૈન્યમાં ભંગાણ પડેલું દેખીને ધીઠાઈથી દીર્ઘરાજા બ્રહ્મદત્ત તરફ દોડ્યો. હવે બ્રહ્મદત્ત અને દીર્ઘરાજાની વચ્ચે તીક્ષ્ણ ભાલા અને શિલાઓ વગેરેથી દેવો, અસુરો અને મનુષ્યોને આશ્ચર્ય પમાડનારી લડાઈ થઈ. તે સમયે

નવીન સૂર્યમંડલ સરખું, અતીવ તીક્ષ્ણ અગ્રધારવાળું, અતિઘોર, શત્રુ સૈન્યસમૂહનો ક્ષય કરનાર, હજારો યક્ષ દેવોથી અધિષ્ઠ ચક્ર પંચાલ રાજાના પુત્ર બ્રહ્મદત્તના હસ્તકમલમાં આરૂઢ થયું અને તેજ ક્ષણે તે ચક્ર બ્રહ્મદત્તે દીર્ઘરાજા ઉપર ફેંક્યું કે, તરત જ દીર્ઘરાજાનું મસ્તક છેદાઈ ગયું. ગંધર્વો, સિદ્ધપુરુષો, ખેચરો અને મનુષ્યોએ તેના ઉપર પુષ્પવૃષ્ટિઓ કરી અને કહ્યું કે, 'આ બારમા ચક્રવર્તી અત્યારે ઉત્પન્ન થયા.' ચૌદ રત્નો અને નવ નિધાનના સ્વામી એવા તે બ્રહ્મદત્ત ચક્રવર્તી ભોગો ભોગવતા હતા. ત્યારે દેશોમાં હિંડન કરતાં કરતાં કોઈક સમયે એક બ્રાહ્મણને જોયો.તે બ્રાહ્મણ કેટલાક સ્થાનકે મુસાફરીમાં વિવિધ પ્રકારની સહાય કરતો હતો.અત્યંત ભક્તિવાળો હોવાથી સ્નેહનું સ્થાન બની ગયો. ચક્રવર્તીનો રાજ્યાભિષેક બાર વરસ સુધી ચાલ્યો, જેથી તેના દ્વારમાં આ બ્રાહ્મણને પ્રવેશ મળતો નથી. એમ છેવટે દ્વારપાળ સેવકની સેવા કરી.તેની કૃપાથી બારમે વર્ષે રાજાનાં દર્શન થયાં. કોઈક એમ કહે છે કે, 'ચક્રવર્તીના દર્શન ન મળ્યાં એટલે જુનાં પગરખાં એકઠાં કરી લાંબા વાંસ ઉપર બાંધી ચક્રવર્તીના બહાર જવાના સમયે રાજમાર્ગમાં ઉભો રહ્યો, એટલે ચકર્વર્તીએ તેના તરફ નજર કરી. વળી પૂછયું કે, 'આવી જુનાં પગરખાંની ધ્વજા કેમ બનાવી ?' 'આ તમારી સેવાનો કાલ-માપદંડ છે. આપનાં દર્શન કરવા માટે આટલાં પગરખાં ઘસાયાં,ત્યારે આપનાં દર્શન પામ્યો છું.' કૃતજ્ઞહોવાથી પૂર્વે કરેલ ઉપકારનું સ્મરણ કરી તુષ્ટ થયેલા મનવાળા ચક્રવર્તીએ કહ્યું કે, 'હે ભદ્ર ! એક વરદાન માંગ !' ત્યારે બ્રાહ્મણે કહ્યું કે, 'હું મારી પત્નીને પૂછીને તેને જ પ્રિય હશે, તે માંગીશ.' એમ કહીને પોતાના ઘરે ગયો. પત્નીને પૂછયું. 'ઘણે ભાગે સ્ત્રીઓ ઘણી નિપુણ બુદ્ધિવાળી હોય છે.' પત્નીએ વિચાર્યું કે,'બહુ વૈભવવાળો પરાધીન બની જાય છે.' માટે તેણે કહ્યું કે, 'દરરોજ એક એક નવા ઘરે અમોને ભોજનની પ્રાપ્તિ અને દક્ષિણામાં એક સોનામહોર મળે તો - આટલાથી જ સંતોષ.'

આ પ્રમાણે પત્નીવડે કહેવાયેલા તે બ્રાહ્મણે રાજાને વિનંતિ કરી કે, 'દરરોજ નવા નવા એકએક ઘરે ભોજનની અને સોનામહોરની પ્રાપ્તિ થાય-એટલું જ બસ.' રાજાએ કહ્યું કે, 'આવું તુચ્છ અલ્પદાન કેમ માગ્યું ? હું જેના ઉપર તુષ્ટથાઉં, તેણે ચલાયમાન ધોળા ચામરના આડંબરવાળું રાજ્ય માગવું જોઈએ.' એટલે બ્રાહ્મણે કહ્યુ કે, 'બ્રાહ્મણો રાજ્ય મેળવીને શું કરવાના ?' ત્યાર પછી બ્રાહ્મણને પ્રથમ દિવસે રાજાએ પોતાને ત્યાં સોનામહોરઆપવા સહિત ભોજન કરાવ્યું અને ત્યાર પછી પોતાના અંતઃપુરની રાણીઓને ત્યાં, પછી બત્રીશ હજાર રાજાઓને ત્યાં, દરેક રાજાના ક્રોડો કુટુંબીઓને ત્યાં અને તે તે નગરોમાં જે લોકો નિવાસ કરતા હતા, તેઓના સર્વેના ઘરે. એમ કરતાં છન્નુ ક્રોડ ગામો અને તેમાં રહેલ સેંકડો-હજારો કુટુંબીઓના ઘરે આમ ભરતક્ષેત્રની અંદર તેને બિચારાનેજમવાના દિવસોનો છેડો કેવીરીતે આવે ? તે સમયે મનુષ્યનું આયુષ્ય વધારેમાં વધારે એક હજાર વર્ષનું સંભળાતું હતું. આટલા કાળ સુધી જીવનારને માત્ર નગરનો જ છેડો કેવી રીતે આવે ? તો પછી ફરી ચક્રવર્તીને ત્યાં ભોજનની પ્રાપ્તિ જેમ દુર્લભ છે, તેમ સંસારચક્રમાં જીવોને મનુષ્યપણાની દુર્લભતા સમજવી. (૫૦૫ ગાથા)

૧ એકાન્તે થનાર કેવલ સુખ જ. ૨. અત્યન્ત - કદાપિ નાશ ન પામનાર.

અહીં પૂર્વાચાર્યોએ કહેલો વિશેષ ઉપનય આ પ્રમાણે જાણવો : -

જેમ સમગ્ર ભરતક્ષેત્ર સાધનાર બ્રહ્મદત્ત ચક્રવર્તી, તે પ્રમાણે સમગ્ર જીવલોકની અંદર ધર્મચક્રવર્તીપણાનું સામ્રાજ્ય ઉત્પન્ન કરનાર ધર્મચક્રવર્તી. જેમ મહા અટવીનું પર્યટન કરનાર બ્રાહ્મણ, તેમ મનુષ્ય, નારકાદિ પર્યાયોને ભોગવનાર, પાર વગરના સંસારમાં આ જીવે અનેક વખત પૂર્વે ભ્રમણ કરેલું છે. જેમ ચક્રવર્તીનાં દર્શનને આપનાર દ્વારપાળ તથા મિથ્યાત્વમોહ વગેરે ઘાતીકર્મો આપેલું વિવર, જેમ બ્રાહ્મણ બીજી ભાર્યામાં આસક્ત ન બને, તેથી બ્રાહ્મણી ભોજન માત્રમાં જ સંતુષ્ટ બની, તેવી રીતે જીવ [1]એકાંતિક અને [2]આત્યંતિક મુક્તિવધૂનાં સુખ મેળવવાની ઇચ્છા કરે અને રાજ્ય સમાન સંયમ પ્રાપ્ત કરે. તેને બદલે કર્મપ્રકૃતિરૂપ ભાર્યા પતિને ભોજન માત્ર જેવા વૈષયિક સુખમાં લલચાવી રાખે છે. જેમ તેને ચક્રવર્તીના ઘરથી માંડીને ભરતક્ષેત્રનાં સર્વ ક્ષેત્રોમાં ભોજન કરવાનું હોવાથી ફરીને ચક્રવર્તીના ઘરે જમવાનું અસંભવનીય છે. તેમ આ જીવને સમ્યગ્ધર્મ સ્વરૂપ સમ્યગ્દર્શનાદિ મુક્તિબીજના લાભ સમાન મનુષ્યજન્મ ફરી મેળવવો દુર્લભ છે.

સંગ્રહગાથાનો અક્ષરાર્થ : ચોલ્લક એટલે ભોજન આગળ કહેલા દૃષ્ટાંતની દ્વાર ગાથામાં જે 'ચોલ્લક' એવું પદ કહેલું છે, તે દેશીશબ્દ હોવાથી ભોજન કહેનાર શબ્દ છે. તે ભોજન 'પરિવાર-ભારહજણમ્મિ'' પ્રથમ ચક્રવર્તીના ઘરે, ત્યાર પછી અંતઃપુર વગેરે પરિવારના ઘરે, ત્યાર પછી ભરતવાસી લોકોના ઘરે કરરૂપે બ્રાહ્મણને આપવાનું રાજાએ જણાવ્યું, ભોજનના છેડે જાતે તે બ્રાહ્મણને, નહીં કે પુત્ર-પૌત્રાદિકની અપેક્ષાએ ફરી બ્રાહ્મણને ચક્રવર્તીના ઘરે ભોજનની પ્રાપ્તિ દુર્લભ છે, તેમ મનુષ્યપણાની પ્રાપ્તિ જીવને ફરી દુર્લભ સમજવી. (૬)

## (૨) જુગારપાસાનું દૃષ્ટાંત

जोगियपासिच्छिय-पाड-रमण-दीणार-पत्ति जूयम्मि ।

जह चेव जओ दुलहो, धीरस्स तहेव मणुयत्तं ॥७॥

યૌગિક પાસાઓવડે જુગારની રમતમાં ઇચ્છા પ્રમાણે પાસાઓ પાડીને દીનાર-સોનામહોરોનો પણ (=શરત) કરીને ચાણક્ય રમતો હતો. તેવા જુગારમાં જિત મેળવવી દુર્લભ છે, તેમ બુદ્ધિશાળી પુરુષને ફરી મનુષ્યભવ-પ્રાપ્તિ દુર્લભ છે.

પ્રથમ ચાણક્યની ઉત્પત્તિ જણાવવી, તે નંદ સુધીની હકીકત કહેવી. પાટલીપુત્ર નગરમાં મૂળ સહિત તેનું રાજ્ય ઉખેડી નાખ્યું. આ હકીકત ગ્રંથકાર પોતે જ આગળ કહેવાના છે, તેથી અહિં તેનો વિસ્તાર કરતા નથી. ચંદ્રગુપ્ત રાજ્ય પર બેઠો,ત્યારે વિચારવા લાગ્યો કે, 'નંદરાજાની મોટી લક્ષ્મી મેળવી શકાઈ નથી, લક્ષ્મી વગર રાજ્ય શા કામનું ? માટે લક્ષ્મી મેળવવા કોઈ ઉપાયકરીશ' ત્યાર પછી યંત્રવાળા પાસા બનાવ્યા. બીજા કોઈ આચાર્યકહે છે કે, 'દેવતાના પ્રસાદથી પાસા મેળવ્યા પછી એક ઘણો દક્ષપુરુષ રાખ્યો. ચાણક્યે તેને કહ્યું કે, 'આ સોનામહોરથી ભરેલો થાળ અને પાસા લઈને તું ત્રણ માર્ગો, ચાર માર્ગો, ચૌટા,શેરી વગેરે સ્થળમાં જઈને લોકોને કહેજે કે, 'આ જુગારની રમતમાં મને કોઈ જિતે, તો સોનાની

મહોરથી ભરેલો આખો થાળ મળશે અને જો કોઈરીતે હું જિતું,તો મને એક સોનામહોર આપવી.'

એ પ્રમાણે તે નિરંકુશપણે જુગાર-ક્રીડા કરવા લાગ્યો, પરંતુ તેને કોઈ જિતી શકતા ન હતા. તે જ સર્વેને જિતતો હતો. જેમ અતિ ચતુર પુરુષ પણ તેને જિતી ન શકે, તેમ મનુષ્યપણું જે હાર્યો, તેને ફરી પ્રાપ્ત થવું દુર્લભ છે. (૭)

હવે ત્રીજા દૃષ્ટાન્તની સંગ્રહગાથા કહે છે : -

## (૩) ધાન્ય-મિશ્રીત સરસવ

धण्णे त्ति भरहधण्णो, सिद्धत्थग-पत्थ-खेव थेरीए ।

अवगिंचण-मेलणओ, एमेव ठिओ मणुय-लाभो ॥ ८ ॥

ભરતક્ષેત્રમાં ઉત્પન્ન થયેલાં તમામ ધાન્યો એકઠાં કરી તેમાં ૧ પાલી સરસવ નાખી ભેગાં મેળવવાં. ત્યાર પછી કોઈ વૃદ્ધા-ઘરડી ડોસી તે પાલી સરસવ પાછા-વીણી વીણીને પાલી પૂરી કરે, તે કાર્ય જેમ મુશ્કેલ છે, તેમ મનુષ્યપણું ફરી મળવું મુશ્કેલ છે.

એક કલ્પના કરી માની લઈએ કે,કુતૂહળથી કોઈક દેવે ભરતક્ષેત્રમાં સર્વ ધાન્યો અને તૃણો એકઠાં કર્યાં. એક સરસવ ભરેલો પ્રસ્થ (ધાન્ય માપવાનું ભાજન) ભરીને તેમાં ઉપર નાખ્યો. સર્વ સરસવો ધાન્ય સાથે એકઠાં કરી નાખ્યાં. ત્યાર પછી દુર્બલ દેહધારી દરિદ્રતામાં સબડતી, કોઈ રોગથી પીડાતા અંગવાળી ડોશી સૂપડા વતી ઝાટકી ઝાટકીને સરસવને ધાન્યોથી છૂટા પાડે. જ્યાં સુધી સરસવનો પ્રસ્થ પૂરો ભરાય નહીં, ત્યાં સુધી તે પ્રમાણે તે ડોશી સુપડાથી સરસવ છૂટા પાડવાની મહેનત કર્યા જ કરે. કદાપિ તે ડોશી સર્વ સરસવ ફરી મેળવી શકે ખરી ? એ પ્રમાણે અનેકયોનિમાં પરિભ્રમણકરનાર મોહમલિન જીવને આ ભવમાંથી ભ્રષ્ટ થયા પછી મનુષ્યભવ ફરી મળવો અતિ દુર્લભ છે. (૮)

ચોથા દૃષ્ટાંતની સંગ્રહગાથા : -

## (૪) રાજસભા જીતવી

जूयम्मि थेरनिव-सुयरज्ज-सहट्ठसययंसिदाएण ।

एत्तो जयाउ अहिओ, मुहाइ नेओ मणुय-लाभो ॥९॥

એક વૃદ્ધ રાજાને પુત્ર રાજ્ય મેળવવાની અભિલાષાવાળો થયો. તેને પિતાએ કહ્યું કે, 'આ રાજસભા તારાથી ત્યારે જ જિતેલી ગણાય, જો તું મહેલના દરેકસ્તંભના ખૂણાઓને અખંડપણે ૧૦૮ વખત જિતે. વચમાં એક વખત પણ હાર ન પામે. મારી સાથે તું રમતમાં દરેક વખત જિતી જાય તો રાજ્ય મેળવવા માટે તું યોગ્ય ગણાય. નહીંતર નહીં.' આ જય કરતાં પણ અધિક કિંમતી મનુષ્યભવ છે, માટે તેને શુદ્ધ ધર્મારાધનના મૂલ્ય વગરનો નકામો ન ગૂમાવશો. દૃષ્ટાંત કંઈક સ્પષ્ટતાથી કહે છે —

ધન-ધાન્યાદિકથી સમૃદ્ધ વસંતપુર નામના નગરમાં પ્રૌઢ પરાક્રમયુક્ત જિતશત્રુ નામનો

રાજા હતો. તે રાજાને ઈન્દ્રાણીના રૂપને જિતનાર એવી ધારિણી નામની ભાર્યા હતી.તેઓને રાજ્યભાર વહન કરનાર એવો પુરંદર નામનો પુત્ર હતો. વળી તેઓને ચાર પ્રકારની બુદ્ધિથી યુક્ત અતિ નિર્મલ વિપુલ કુલમાં ઉત્પન્ન થયેલ, સત્ય બોલનાર, હંમેશાં રાજ્યકાર્યમાં સજ્જ એવો પ્રધાન હતો. તે રાજાને એકસો આઠ સ્તંભવાળી ચમકતી અનેક ચિત્રેલાં રૂપોવાળી, શત્રુના ચિત્તને આશ્ચર્ય પમાડનારી એક સભા હતી. વળી દરેક સ્તંભોને એકસો આઠ, એકસો આઠ એવા ખૂણાઓ હતા. એમ સર્વ મળી અગ્યાર હજાર, છશો ચોસઠ કુલ ખૂણાઓ હતા. એમ ઘણો કાળ પસાર થયો અને રાજા રાજ્ય ભોગવતો હતો,ત્યારે કોઈક સમયે દુર્બુદ્ધિવાળો કુંવર વિચારવા લાગ્યો કે 'કોઈપણ પ્રકારે મેળવેલું રાજ્ય સુંદર ગણાય' એવી લોકશ્રુતિ છે. માટે ઘરડા પિતાને મારીને રાજ્ય સ્વાધીન કરું. કુંવરનો અભિપ્રાય પ્રધાન જાણી ગયો અને રાજાને જણાવ્યો. રાજાએ કુંવરને બોલાવીને કહ્યું કે, 'તારે કુલપરંપરાગત ક્રમ જાળવવા માટે રાહ જોવી પડશે, એમ છતાં તને રાજ્ય મેળવવા માટે ઉતાવળ જ હોય, તો દરેક સ્તંભના દરેક ખૂણા એક દાવ આપી સતત ૧૦૮ વખત જિતે. વચમાં એક વખત પણ હાર થાય, તો શરૂથી જિતવા પડે. એમ દરેક સ્તંભના દરેકે દરેક ખૂણા એક વખત પણ હાર પામ્યા સિવાય જીતવા જોઈએ. તો રાજ્ય આપું.' લાંબા કાળે પણ તે દરેક ખૂણા જિતવા મુશ્કેલ છે, તેમ ભવ-ગહનની લીલામાં રખડતા જીવને મનુષ્યપણાની દુર્લભતા જાણવી. (૯)

હવે પાંચમા દૃષ્ટાન્તની સંગ્રહગાથા કહે છે –

रयणे त्ति भिन्नपोयस्स, तेसिं नासो समुद्द-मज्झम्मि ।
अण्णेसणम्मि भणियं, तल्लाह-समं खु मणुयत्तं ॥१०॥

## (૫) રત્નદૃષ્ટાંત

સમુદ્રદત્ત નામના રત્નવેપારીએ રત્નદ્વીપમાં મેળવેલાં રત્નો વહાણનો ભંગ થવાથી સમુદ્રમાં નાશ પામ્યાં ત્યાર પછી તે વેપારીએ સમુદ્રમાં શોધ કરાવી. તેને જેવો લાભ થાય, તેની માફક ફરી મનુષ્યભવનો લાભ મુશ્કેલ છે. એ જ કથા કંઈક વિસ્તારથી કહે છે –

રત્નવેપારના કારણે પ્રસિદ્ધિ પામેલી તામ્રલિપ્તી નગરીમાં ઉદારમનવાળો સમુદ્રદત્ત નામનો વહાણવટી હતો. કોઈક સમયે તે વિવિધ પ્રકારનાં વસ્ત્રોથી વહાણ ભરીને રત્નદ્વીપે આવ્યો. ત્યાં તેણે ઘણાં રત્નો ખરીદ કર્યા. પોતાની ઇચ્છા પ્રમાણે રત્નોનો સંગ્રહ કરી તામ્રલિપ્તી તરફ જવા માટે સમુદ્રમાં વહાણની મુસાફરી કરવા લાગ્યો તેના પુણ્યનો ક્ષય થવાથી અતિ ઉંડા સમુદ્રમાં વહાણ ભાંગી ગયું અને મેળવેલાં સર્વ રત્નો દરેક દિશામાં છૂટાં છૂટાં વેરાઈ ગયાં. સમુદ્રદત્તને હાથમાં એક પાટીયું મળી જવાથી કોઈ પ્રકારે કિનારે પહોંચી ગયો. ઘણો વિષાદ પામ્યો. આખા શરીરે ખારુ પાણી લાગ્યું, એટલે રોગી બન્યો. શરીર સ્વસ્થ થયું, એટલે રત્નોની તેણે શોધ કરાવી. જેમ સમુદ્રમાં વેરાયેલાં રત્નો પાછાં મેળવવાં મુશ્કેલ, તેમ અહિં મનુષ્યજન્મ ફરી પ્રાપ્ત કરવો મુશ્કેલ છે.

**આવશ્યક-ચૂર્ણિમાં** આ દૃષ્ટાંત જુદા પ્રકારે દેખાય છે : –

ન્યાયપ્રિય લોકોથી વસેલી સુકોશલા નગરીમાં અતિ અદ્ભુત વૈભવવાળો ધનદત્ત નામનો શેઠ રહેતો હતો.તેને ધનશ્રી નામની વલ્લભ ભાર્યા હતી. તેમને આઠ પુત્રો હતા. વળી તેની પાસે ઘણાં શ્રેષ્ઠ રત્નોનો સમૂહ હતો, તેમ જ ઘરમાં પણ પુષ્કળ બીજા ઉપયોગી સારભૂત પદાર્થો હતા. તે નગરમાં વસંત-મહોત્સવ સમયે જેની પાસે જેટલીકોડી ધન હોય, તેટલી ધ્વજા પોતાના મહેલ પર ફરકાવતા હતા. પરંતુ આ શેઠ પાસે અનેક મૂલ્યવાન રત્નો હોવાથી તેની કિંમત આંકી શકાતી ન હોવાથી તે ધ્વજાઓ ફરકાવતો ન હતો. કાલક્રમે તે શેઠ વૃદ્ધ થયા અને ગમે તે કારણે દેશાન્તરમાં બહુ દૂર ગયા. તરુણ -ટૂંકી બુદ્ધિવાળા તેના પુત્રો ધ્વજાના કૌતુકથી રત્નોને વેચી નાખવા લાગ્યા અને ક્રોડો ની સંખ્યા માં ધન એકઠું કર્યું. મહોત્સવમાં દરેક મહેલ ઉપર પાંચ વર્ણવાળી પવનથી કંપતી, ખણ ખણ શબ્દ કરતી ઘુઘરીઓવાળી કોટિધન વાળી એક સો ધ્વજાઓ ફરકાવી. પોતાના મહેલ ઉપર સેંકડો પ્રમાણ ધ્વજાઓ ફરકી રહેલી છે, તે દરમ્યાન તેમના પિતા પણ દેશાન્તરમાંથી પાછા આવી ગયા. પિતાએ પુત્રોને કહ્યું કે, ‘આવું અકાર્ય કેમ આચર્યું ? કેમ કે, તે રત્નો અમૂલ્ય હતાં, તે વેચી કેમ નાખ્યાં ? હવે તે રત્નના વેપારીઓને મૂલ્ય પાછું આપીને જલ્દી મારાં રત્નો પાછા ઘરમાં દાખલ થાય તેમ તમારે કરવું. તો તે આઠે પુત્રો તે રત્નોને ખોળવા માટે પારસકૂલ (પર્શિયા) વગેરે સ્થલે ગયા. ઘણી કાળજી પૂર્વક તે રત્નોને ખોળવા છતાં દરેક રત્નોનો દરેક વેપારીઓનો ફરી મેળાપ-સંયોગ ન થયો. જેમ ગયેલાં રત્નો ફરી પાછાં મેળવવાં મુશ્કેલ, તેમ જીવો જો મનુષ્ય-આયુષ્ય ચૂકી ગયા, તો ફરી આવો મનુષ્યભવ પ્રાપ્ત થવો દુર્લભ છે. (૧૦)

હવે છઠ્ઠા દૃષ્ટાંતની સંગ્રહગાથા કહે છે : —

सुमिणम्मि चंदगिलणे, मंडग-रज्जाइं दोण्ह वीणणओ ।

नाएऽणुताव सुमिणे,तह्माहसमं खु मणुयत्तं ॥११॥

## ચન્દ્રપાનસ્વપ્ન મૂલદેવની કથા

સ્વપ્નમાં ચંદ્ર ગળતાં એકને પૂડલો અને બીજાને રાજ્ય મળ્યું, ત્યારે ફરી તેવું સ્વપ્ન લાવવા પ્રયત્નકરવા માફક મનુષ્યપણું દુર્લભ છે. તેના ઉપર વિસ્તારથી કથા આ પ્રમાણે

અવંતી નામના દેશમાં અમરાપુરીને જિતવા સમર્થ અતિનિર્મલ વૈભવનાં કારણે શ્રેષ્ઠ ઉજ્જેણી એવાં નામની પરમ નગરી છે. પ્રચંડ પરાક્રમવાળો હોવાથી જેણે સમગ્ર દિશા-મંડલો જિતેલાં છે, તથા કળાઓમાં ચતુર જિતશત્રુ નામનો રાજા તે નગરીનું પાલન કરતો હતો. ત્યાં સમગ્રદેશોમાં વેપાર ચલાવતો, મેરુપર્વત માફક સ્થિર, ત્યાગી, ભોગી એવો અચલ નામનો સાર્થવાહ હતો. તે નગરમાં લાવણ્યના સમુદ્ર જેવી, કમલપત્ર સરખો નેત્રવાળી, તેને ત્યાં આવનાર લોકનાં મનને અનુસરનારી, ધનથી સમૃદ્ધ એવી દેવદત્તા નામની ગણિકા હતી. તથા ધૂર્તો, ચોરો ઠગારા, વ્યસની, કૌતુકી, ચતુર, વિદ્વાન અને ધાર્મિકોમાં જે મુખ્યરૂપ પ્રસિદ્ધિને પામેલો, રાજકુળમાં જન્મેલો, સેંકડો રાજલક્ષણોથી સંપૂર્ણ એવો મૂલદેવ નામનો ધૂર્ત (દ્યૂતકાર) રહેતો હતો અને તે ખૂબ પ્રસિદ્ધિ પામ્યો હતો. દેવદત્તા ગણિકા સાથે સાચા સ્નેહથી

વિષયસુખ ભોગવતા તેના દિવસો આનંદમાં પસાર થતા હતા. કોઈક વસંત મહોત્સવમાં ઉદ્યાન-ક્રીડા માટે નીકલેલ અચલે મૂલદેવની સાથે દેવદત્તાને દેખી. તે વખતે દેવદત્તા પાલખીમાં આરૂઢ થયેલી, અચલ તેના ઉપર અતિશય સ્નેહાધીન થયો અને વિચારવા લાગ્યો- 'ભાગ્યશાળીને જ આનો યોગ થાય' તો હવે કયા ઉપાયથી આ મારા મનોરથોને પૂર્ણકરનાર થાય ?' એમ વિચારી અનેક જાતના દાનાદિક ઉપચારો શરૂ કર્યા 'ગણિકાઓ ભેટ-સોગાદથી સ્વાધીન થનારી હોયછે.' તેથી અચલને સ્નેહ બતાવ્યો અને અતિમાન આપવા લાગી.હવેરાત્રિ શરુ થવાના સમયે શ્રેષ્ઠ ચિત્રામણોથી યુક્ત ભિત્તિવાળા, નિર્મલ મણિઓથી જડિત ભૂમિતલવાળા, ઉપર ચંદરવા બાંધેલા, દીપતા રત્નના દીવડાથી દૂર થયેલ અંધકારવાળા, સુંદર સજેલા શૃંગારવાળા વાસભવનમાં આવી પહોંચ્યો. એટલે દેવદત્તાએ અસન વગેરે આપી તેનો સત્કાર કર્યો. આ પ્રમાણે તેની સાથે અતિશય આનંદથી ભોગ-વિલાસમાં સમય પસાર કરતી હતી, પરંતુહંમેશા હૃદયનો સ્નેહ તો મૂલદેવને વિષે જ રાખતી હતી. પોતાની માતા અક્કાના ભયથી મૂલદેવને પોતાના ઘરમાં પ્રવેશ કરાવતી ન હતી, પરંતુ તે કારણે તેના મનમાં અજંપો તો રહેતો જ હતો અને તે અજંપો માતાના જાણવામાં આવ્યો. ત્યારે માતાએ કહ્યું કે, 'હે પુત્રિ ! તને જો તે રુચતો હોય, તો ભલે તેને પ્રવેશ કરાવ, નિરર્થક શા માટે ઝુરે છે ?' દેવદત્તાએ મૂલદેવને સમયે - અવસરે=સમયમળતા પોતાના વાસભવમાં પ્રવેશ કરાવ્યો. અક્કાએ મૂલદેવને આ પ્રમાણે કહ્યું કે - 'સ્ત્રી અપાત્ર સાથે રમે છે, વરસાદ પર્વતમાં અધિક વરસે છે, લક્ષ્મી નીચનો આશ્રય કરે છે અને ઘણે ભાગે ચતુર માણસ નિર્ધન હોય છે.' તે સાંભળી દેવદત્તાએ માતાને કહ્યું કે, 'હું ધનની લોભી નથી, પરંતુ ગુણમાં લુબ્ધ છું, આ સર્વ ગુણો મૂલદેવમાં રહેલા છે' ત્યારે માતાએ કહ્યું કે – 'અચલ અનેક ગુણયુક્ત છે.' દેવદત્તાએકહ્યું કે, 'તો તેમની પરીક્ષા કરો.' ત્યાર પછી તેણે અચલ પાસે દાસી મોકલાવી અને કહેવરાવ્યું કે, 'તારી વલ્લભાને શેરડી ખાવાનો મનોરથ થયો છે.' આ માગણી થવાથી તે પોતાને નશીબદારોમાં અગ્રેસર માનવા લાગ્યો અને શેરડીથી ભરેલાં અનેક ગાડાંઓ મોકલાવી આપ્યાં. એટલે માતાએ કહ્યું કે, 'અચલની ઉદારતા તું જો, કે એક વચનમાં જેણે આટલો મોટો ખર્ચ કર્યો !' દેવદત્તા દીલગીરી પૂર્વક કહેવા લાગી કે, 'શું હું હાથણી છું ? કે, છોલ્યા સમાર્યા વગર પાંદડા સાથે આખા સાઠાઓ મોકલાવી આપ્યા ! તો હવે મૂલદેવને કહેવરાવો, તે શું કરે છે, તે જોઈએ' જુગારખાનામાં મૂલદેવ હતો, એટલે દાસીને ત્યાં મોકલાવી કહેરાવ્યું કે - 'દેવદત્તાને શેરડી ખાવાની ઈચ્છા થયેલી છે.' એટલે મૂલદેવ દશ કોડી લઈને બઝારમાં ગયો. બે કોડી ખરચીને શેરડીના સાંઠાના મૂળ અને પાંદડા વગરના વચલા રસવાળા ભાગ ખરીદ કર્યા. બે કોડીથી બે નવાં કોરાં કોડીયાં ખરીદ્યાં. બાકી વધેલી કોડીથી તજ, તમાલપત્ર, એલચી, ચારોલી વગેરે મશાલો ખરીદ્યો. તીક્ષ્ણ છુરીથી સાંઠાની છોલ ઉતારી, સારી રીતે સમારી, ગંડેરી રૂપ ટુકડાઓ કર્યા, વળી અંદર શૂળ પરોવી જેથી હાથ ચીકાશવાળો થાય નહીં. તેના ઉપર તજ, તમાલપત્ર, એલચી,ચારોલી વગેરે સ્વાદિષ્ટ સુગંધી વસ્તુ ભભરાવી કોડીયામાં ગોઠવી દાસી સાથે મોકલાવી. માતાને બતાવીનેકહ્યું કે, 'બંનેમાં વિજ્ઞાન અને વિવેક કેવા છે ? તે જો. મૂલદેવે વગર મહેનતે સુખેથી ખાઈ શકાય

તેવા ટૂકડા તૈયાર કરીને શેરડી મોકલાવી છે. અચલે ખર્ચ મોટો કર્યો, પણ એકેય શેરડી મને કામ લાગે તેવી ન મોકલાવી !' આ સાંભળી વિષાદ પામેલી માતા વિચારવા લાગી કે, 'પુત્રી એકાંતે મૂલદેવના જ ગુણ તરફ જોનારી છે.' હવે માતા ચિંતવવા લાગી કે, 'એવો કયો ઉપાયકરું ? કે અચલથી આ શિક્ષા પામે અને મારા ઘરમાં પ્રવેશ કરી શકે નહિં.' (૩૦)

કોઈક સમયે અક્કાએ અચલ સાર્થવાહને શીખવાડી રાખ્યું - 'કપટથી પરગામ જાઉં છું.' - એમ કહીને તારે અણધાર્યું સંધ્યા-સમયે અહીં આવવું. તે પ્રમાણે કર્યું. એટલે ખુશ થયેલી દેવદત્તાએ મૂલદેવને ઘરમાં દાખલ કર્યો અને તેની સાથે ક્રીડા કરવાલાગી. અચલ સાર્થવાહ વિજળી માફક ઝડપથી ત્યાં આવી ચડ્યો. ઘરમાં આવ્યો એટલે મૂલદેવને પલંગ નીચે સંતાડી દીધો. એ હકીકત જાણી એટલે અચલે ગણિકાને કહ્યું કે, 'આજે મારે અહિં શય્યામાં બેસીને જ સ્નાન કરવું છે.' દેવદત્તાએ કહ્યું કે, 'નિરર્થક શા માટે શય્યાનો નાશ કરો છો ?' અચલે કહ્યું કે, 'મારી શય્યા વિનાશ પામે,તેમાં તું શા માટે ઝુરે છે ?' શરીર માલીસ કરવું, વગેરે કરીને સ્નાન-વિધિ શરુ કર્યો. હવે કળશ રેડવાના સમયે મૂલદેવ વિચારવા લાગ્યોકે, 'અરે રે ! વ્યસનોના કારણે હું આ સ્થિતિમાં મૂકાયો ! કહેલું છે કે - "ધન મેળવીને કોણ ગર્વ નથી કરતો ? વિષયભોગોને આધીન થયેલો હોય, તેવાને આપત્તિઓ ક્યારે નથી આવતી ? આ જગતમાં સ્ત્રીઓએ કોનું મન ખંડિત નથી કર્યું ? જગતમાં રાજાને પ્રિય કોણ હોય છે ? મૃત્યુથી કોણ છૂટી શકે છે ? કયો માગણ માન પામે છે ? દુર્જનના સકંજામાં આવી પડેલો કયો મનુષ્ય ક્ષેમકુશળ રહી શકે છે ?"

વિટપુરુષ - વેશ્યાના નોકર સરખો પાણીથી ભીંજાયેલ એવો મૂલદેવ પલંગ નીચેથી જેટલામાં નીકળ્યો, તેટલામાં અચલે મસ્તકના વાળ હાથથી પકડીને તેને કહ્યું કે, 'હવે તને શું કરું ?' ત્યારે મૂલદેવે કહ્યું કે, 'તમને રુચે તેમ કરો, પોતાના દુશ્ચરિત્રથી જ હું તમારી નજરે ચડ્યો છું.' તેની બોલવાની સારી પદ્ધતિથી આકર્ષાયેલ અચલે તેને કહ્યું કે, 'દૈવયોગે સજ્જન પુરુષો પણ આપત્તિ પામે છે. તમામ અંધકારનો નાશ કરનાર જગતમાં ચૂડામણિ પદને પામેલ સૂર્ય પણ કાલયોગે ગ્રહણકલ્લોલ (રાહુ)થી સંકટ પામે છે. અર્થાત્ સૂર્યનું અને ચંદ્રનું પણ ગ્રહણ થાય છે. હે ભદ્ર ! કોઈ વખત હું સંકટમાં પડું, તો મને સહાયકરજે.' એમ કહી તેનો સત્કાર કરીઅચલે મૂલદેવને છોડી દીધો. પહેલાં કોઈ વખત ન પામેલ તેવા નિગ્રહ અને કલંકથી લજ્જા પામ્યો અને વિલખો થઈ ગયો. ત્યાર પછી બેન્ના નદીના કિનારે રહેલા બેન્નાતટ નગર તરફ જવાનો આરંભ કર્યો. પાસે ખાવાનું ભાથું પણ ન હતું. એમ ચાલતાં ચાલતાં અટવીના મુખે આવ્યો, ત્યારે માર્ગમાં વાતો કરનાર એક લોભસર્પથી ડંખાયેલ, સાથે ભાથું રાખેલ છે સામે દોડતા આવતા ટક્ક જાતિના એક સદ્ધડ નામના મુસાફરને જોયો. તેની પાસેના ભાથાથી હવે હું અટવીનું ઉલ્લંઘન કરી શકીશ.તે મને ઠગશે તો નહીં જ' એમ પરસ્પર બંને વાર્તાલાપ કરતા ચાલવા લાગ્યા. ગામ અને સડક વિનાની અટવીમા ત્રીજા પહોરે જળાશયવાળું સ્થાન મળ્યું. તેવા જળવાળા પ્રદેશમાં વિશ્રામ કરવાના મનોરથ કર્યા. જંગલ જઈ આવ્યો, ત્યાર પછી સદ્ધડે કોથળીમાંથી સાથવો બહાર કાઢી પત્રપુટમાં જળ સાથે મસળીને એકલાએ જ તેનો આહાર કર્યો. મૂલદેવ સામે બેઠો હતો. તેને નિષ્ઠુરતાથી

વાચામાત્રથી પણ ખાવાનું નિમંત્રણ ન કર્યું ! 'કૃપણનાં ચરિત્રો ધિક્કાર-પાત્ર છે.' નક્કી આજે તે ભૂલી ગયો, તેથી નિમંત્રણ ન કર્યું, પણ આવતી કાલે જરૂર આપશે.' એમ વિચારી સાથે ચાલવા લાગ્યો. એવી રીતે બીજા દિવસે પણ તેણે લગાર પણ ન બોલાવ્યો. ત્રીજા દિવસે બંનેએ અટવી પૂર્ણ કરી(૫૦) અને વસતિવાળા ગામમાં આવી પહોંચ્યા, ત્યારે મૂલદેવે વિચાર્યું કે, 'બીજું તોકંઈ નહીં, પણ મને આશાથી આટલો અહીં ખેંચી લાવ્યો, તેથી આ ઉપકારી છે.'' તેણે કહ્યું કે, 'હે ભદ્ર ! હવે તમે તમારા માર્ગે જાવ, કોઈક વખત મેં રાજ્ય પ્રાપ્ત કર્યું છે-એમ સાંભળે, તો મારી પાસે આવજે, તો હું તને ગામ આપીશ.

બરાબર દિવસના બે પ્રહર વીત્યા પછી મધ્યાહ્ન સમયે તે ગામમાં હાથમાં પડીયો લઈને અકલેશમનવાળા તેણે ભિક્ષા માટે પ્રવેશ કર્યો. બાફેલા અડદના બાકળાથી પત્રપુટ-પડીયો ભરાઈ ગયો, એટલે ઉત્સુકતા રહિત ધીમે ધીમે તળાવના કિનારે ગયો.

તે સમયે એક મહિનાના લાગટ ઉપવાસ કરનાર દુર્બલ દેહવાળા એક મુનિને પારણા માટે ઉદ્યાનમાંથી ગામ તરફ જતા દેખ્યા. પ્રફુલ્લિત નેત્રવાળા તેણે મનથી વિચાર્યું કે, 'મારા પુણ્ય હજુ બળવાન છે, ચિંતામણિરત્ન પણ મળી જાય છે, કદાચ કલ્પવૃક્ષ પણ મળી જાય, પરંતુ નિર્ભાગીને ભોજન -સમયે આવા તપસ્વી મુનિ ભગવંતનો યોગ થતો નથી. અહિં તે ક્ષણે દાતારની પાસે જે હોય, તે આપવું કિંમતી ગણાય. તો અત્યારે મારી પાસે અડદના બાકળા સિવાય બીજું કંઈ નથી. અતિરોમાંચિત દેહવાળો હર્ષના અશ્રુથી ભીંજાયેલ નેત્રયુગલવાળો મુનિને વિનંતિ કરવા લાગ્યો કે, 'હે ભગવંત ! કરુણા કરી મારા આ બાકળાને આપ સ્વીકારો.' પૂજનીય નામવાળા મુનીએ પણ દ્રવ્યાદિક શુદ્ધિ જોઈને જરૂર પ્રમાણમાં પાત્રમાં ગ્રહણ કર્યાં. (૬૦) મૂલદેવે પણ કહ્યું કે, 'ખરેખર ભાગ્યશાળી પુરુષો જ સાધુના પારણામાં બાકળાનું દાન આપી શકે છે.' એટલામાં મુનિભક્ત દેવી બોલી કે - 'હે મૂલદેવ ! તું વરદાન માગ.' તે સાંભળી મૂલદેવે દેવદત્તા ગણિકા અને હજાર હાથીવાળારાજ્યની માગણી કરી.' હવે બાકી રહેલા અડદના બાકળાથી પોતે ત્રણ દિવસનું પારણુંકર્યું. જાણે અમૃતથી ભોજન કર્યું હોય,તેવી તૃપ્તિ પામ્યો.

હવે સંધ્યા-સમયે બેન્નાતટ નગરમાં આવ્યો. ત્યાં ધર્મશાળામાં સૂતેલા તેણે પ્રભાત-સમયે 'અતિશય ઉજ્જવલ પ્રભાવથી દિશાઓને પ્રકાશિત કરનાર પૂર્ણચંદ્ર-મંડલનું પોતે પાન કર્યું.' એમ સ્વપ્નમાં જોયું.તેવું જ સ્વપ્ન બીજા એક મુસાફરે પણ દેખ્યું.

તે બંને સાથે જાગ્યા. નિર્ભાગી અન્ય મુસાફર બીજા મુસાફરોની આગળ મોટા શબ્દો બોલીને પૂછવા લાગ્યોકે, 'મને આ પ્રમાણે સ્વપ્ન આવેલું છે, તેનું શું ફળ થશે.' તેના પ્રત્યુત્તરમાં એક મુસાફરે જણાવ્યું કે,'તને ઘી, ગોળવાળો પુડલો પ્રાપ્ત થશે.' બીજા દિવસે કોઈક મકાન ઉપર છાપરું નંખાતું હતું, ત્યારે તેના ઘરસ્વામીએ તેવો જ પૂડલો તેને આપ્યો. અતિ નિપુણ બુદ્ધિવાળા મૂલદેવે વિચાર્યું કે - 'આટલા જ માત્ર ફળવાળું આ સ્વપ્ન ન હોય આ સર્વે અજ્ઞાની છે.'

હવે સૂર્યોદય થયો, એટલે પ્રભાત-કાર્યોની પટાવીને પુષ્પોથી પૂર્ણ અંજલિ ભરીને તે સ્વપ્નશાસ્ત્રકાર પાસે પહોંચ્યો. તે પંડિતના ચરણની પૂજા કરીને, તેને પ્રદક્ષિણા આપીને

મસ્તકથી નમસ્કાર કરીને બે હાથ જોડી પોતાને સવારે આવે ચંદ્રપાન સ્વપ્નનું નિવેદન કર્યું. સ્વપ્ન-પાઠકને રાજ્યફળનો નિશ્ચય થવાથી પ્રથમ તેણે પોતાની લાવણ્ય-અમૃતથી પૂર્ણ કન્યા સાથે મૂલદેવનાં લગ્ન કર્યાં. ' આ સ્વપ્નના ફળથી તને સાત દિવસમાં નક્કી રાજ્ય-પ્રાપ્તિ થશે.' એ પ્રમાણે પંડિતનું કથન સ્વીકારી તેણે મસ્તક સાથે અંજલિ જોડી પ્રણામ કર્યા. અનુક્રમે બેન્નાતટ નગરે પહોંચ્યો અને વિચાર્યું કે, 'હું તદ્દન નિર્ધન છું. આવી સ્થિતિમાં મારે નગરમાં કેવી રીતે ભ્રમણ કરવું ?' એટલે રાત્રે કોઈક ધનવાનના ઘરમાં ખાતર પાડવા ગયો. રાજપુરુષો દેખી ગયા, એટલે પકડયો અને બાંધ્યો. પછી રાજા પાસે લઈ ગયા. નીતિશાસ્ત્રમાં ચોરી કરનાર માટે વધનો દંડ કહેલો છે-એમ સ્મરણ કરતાં પ્રધાને જણાવ્યું. તેને વધ કરવાની આજ્ઞા થઈ અને વધભૂમિએ લઈ જાય છે, ત્યારે આ વિચારવા લાગ્યો કે, 'પહેલાની વાત શું જૂઠી પડશે ?' એવામાં તેનું સજ્જડ પુણ્યકર્મ ઉદયમાં આવવાથી તે વખતે નગરમાં ઉગ્ર શૂલ-વેદનાથી હેરાનગતિ ભોગવતો અપુત્રિયો રાજા મૃત્યુ પામ્યો. હવે નવો રાજા મેળવવા માટે પાંચ દિવ્યો -હાથી, ઘોડા,છત્ર, ચામર-જોડી અને કળશ અધિવાસિત કર્યાં. એટલે રાજ્યના અધિષ્ઠાયક દેવતાઓ તેમાં અધિષ્ઠિત થયા. તે દિવ્યો સમગ્ર નગરીમાં પરિભ્રમણ કરી રાજ્ય-યોગ્યપુરુષને શોધતા હતા.અનુક્રમે ફરતા ફરતા ચોકમાં આવ્યાં, ત્યારે ગધેડા ઉપર સ્વાર થયેલ, સૂપડાના છત્રવાળો, સરાવલાની બનાવેલી માળા પહેરલો, ગેરુરંગથી રંગાયેલ શરીરવાળો, મેશ ચોપડેલ અને મેશથી ખરડાયેલ શરીરવાળો સન્મુખ આવતો મૂલદેવ ચોર દેખાયો.એટલે હાથી ગુલગુલ શબ્દ કરવા લાગ્યો, ઘોડો હેષારવ કરવા લાગ્યો. ત્યાર પછી હાથીએકળશ ગ્રહણ કરી મૂલદેવનો અભિષેક કર્યો, તેમ જ તેને પોતાની ખાંધ પર બેસાડ્યો. બંને બાજુ બે ચામરો વીંઝાવા લાગ્યા અને છત્ર આપોઆપ ઉપર જઈને સ્થિર થઈ ગયું. તે સમયે સમગ્ર આકાશતલ ભરાઈ જાયતેવા શબ્દો કરતાં વાજીંત્રો વાગવા લાગ્યાં. ચારણો વગેરે જય જયકાર શબ્દ બોલવા લાગ્યા. મોતી, મણિ આદિ રત્નોથી અલંકૃત ચોરસ સિંહાસન ઉપર બેઠો, એટલે સામંત વગેરેએ તેને પ્રણામ કર્યા. મહારાજ બનીને પોતાના પ્રતાપથી વૈરી રાજાઓને વશકર્યા અને તે સજ્જન મનુષ્યોને માન આપવા લાગ્યો. એ પ્રમાણે ઇચ્છા મુજબ રાજ્ય ભોગવવા લાગ્યો. લોકવાયકા ચાલી કે, 'આ રાજાને ચંદ્રપાન કર્યાનું સ્વપ્ન આવેલું,તેના પ્રતાપથી આવું રાજ્ય પ્રાપ્ત થયું. આ વાત પેલા મુસાફરે સાંભળી અને તે વિચારવા લાગ્યોકે, મને પણ તેવું સ્વપ્ન આવેલું, તો મને રાજ્ય કેમ ન મળ્યું ? લોકોએ તેને કહ્યું કે, 'સ્વપ્નગુપ્ત ન રાખતાં ગમે તેવા લોકો પાસે પ્રગટ કર્યું, તેથી ન ફળ્યું. હવે જો મને બીજીવાર તેવું સ્વપ્ન આવશે, તો તેવા સ્વપ્નપાઠક પાસે વિધિ-પૂર્વક નિવેદન કરીશ કે, જેથી મને રાજ્ય-સંપત્તિ પ્રાપ્ત થાય. દહિં, છાશ આદિ પ્રચુરતાવાળા ભોજનમાં પરાયણ બની ઇચ્છા પ્રમાણે સૂઈ રહેતો અને સ્વપ્નની ઝંખના કર્યા કરતો. લાંબા કાળ સુધી કલેશ પામ્યો. જેવી રીતે આવું ધારેલ સ્વપ્ન દુર્લભ છે, તેમ મેળવેલું મનુષ્યપણું હારી ગયા પછી પાર વગરના સંસાર સમુદ્રમાં ફરી મનુષ્યપણું પામવું અતિ દુર્લભ છે. હવે અહીં ચાલુ કથાનો બાકીનો ભાગ પણ કહીએ છીએ. મૂલદેવ રાજા એક વખત વિચારવા લાગ્યો કે, 'મને રાજ્ય મળ્યું, મદ ઝરતા હજાર હાથીઓ મળ્યા, પણ દેવદત્તા વગર સર્વ શૂન્ય જણાય છે. (૯૩)

જે માટે કહ્યું છે કે - "સ્નેહ કરીને પછી તેનો અપલાપ કરે નહિં, વિના કારણ પ્રીતિ રાખે, સેંકડો કષ્ટો આવી પડે તો પણ મુંઝાય નહિં, ધન આવે, તો પણ લુબ્ધ ન બને અને અભિમાન ન કરે, સજ્જન અને સરળ સ્વભાવવાળો હોય, ચંદ્ર સરખો સૌમ્ય સ્થિરતાવાળો હોય-એવા માણસ સાથેના સમાગમમાં સ્વર્ગ છે કે, પર્વતના શિખર ઉપર ?" ઉજ્જેણીના રાજાને દાન-માનથી વશ કરી તેની સાથે પ્રીતિ કરવા લાગ્યો. ઘણી પ્રાર્થના કરવાથી તેને દેવદત્તા સમર્પણ કરી.

આ બાજુ સદ્ધડ ભટ્ટે સાંભળ્યું કે, 'મૂલદેવને રાજ્ય મળ્યું છે,' એટલે તે જલ્દી બેન્નાતટ નગરે આવ્યો. રાજાને મળ્યો. એક સારું ગામ આપ્યું અને કહ્યું કે, 'ફરી મારી નજરે ન આવે, તેમ તારે કરવું' એમ કહી રજા આપી. કોઈક સમયે ધનોપાર્જન કરવા માટે ઉજ્જેણીથી દેશાન્તરમાં ઘણા પરિવાર સહિત અચલ ગયો. ત્યાં ઘણું ધન ઉપાર્જન કરી, કરિયાણાનાં અનેક ગાડાં ભરીને દૈવયોગે બેન્નાતટ નગરે આવ્યો. ત્યાં જગાત બચાવવા માટે મંજિઠ વગેરે કરિયાણામાં કિંમતી પદાર્થ છૂપાવી રાખ્યા. દાણ લેનારાઓને ખબર પડી, એટલે રાજા પાસે લઈ ગયા. ભય પામેલા નેત્રવાળા અચલને રાજાએ જોયો અને વિચાર્યું કે, 'આ સાર્થવાહ અહિં ક્યાંથી આવી ચડ્યો ? આ તો આશ્ચર્ય કહેવાય.' (૧૦૦)

રાજાએ પૂછ્યું કે, 'મને ઓળખે છે ?' 'શરદના પૂર્ણચંદ્રની ઉજ્જવલ કાંતિ સરખી જેની કીર્તિ ભુવનમાં વ્યાપેલી છે, એવા આપને કોણ ન ઓળખે ?' રાજાએ પોતાનો વૃત્તાન્ત કહ્યો અને દુષ્કર સત્કાર કરીને તુષ્ટ મનથી તેને વિદાયગિરિ આપી. ત્યાર પછી અચલ ઉજ્જેણીએ આવ્યો. બંધુ વર્ગને મળ્યો. મૂલદેવે જેવા પ્રકારનો સ્તકાર કર્યો તે સર્વ કુટુંબીઓને જણાવ્યું.

હવે બેન્નાતટ નગરમાં એક ઘણો ચતુર ચોર દરરોજ વૈભવવાળા શ્રીમંતોના ઘરમાં ખાતર પાડતો હતો. ચતુર એવા કોટવાળો તથા રક્ષકો ઘણો પ્રયત્ન કરે છે, પરંતુ પકડી શકાતો નથી.રાજાને નિવેદન કર્યું કે, આ ચોર દેખી શકાતો કે પકડી શકાતો નથી. નક્કી તે ચોરે અદશ્ય થવાની વિદ્યા સાધી હશે. અથવા તો કોઈ આકાશમાં ગમન કરનાર ખેચર કે દેવતા હશે. કોઈ પણ ક્યાંય તેને જોઈ શકતા નથી.' ત્યાર પછી મૂલદેવે પોતે જ નીલવસ્ત્ર પહેરી પ્રચંડ કટાર હાથમાં લઈને પ્રથમ પહોરે જ તેને શોધવા નીકળ્યો. દેવકુલો, પાણીની પરબો, ધર્મશાળાઓ, સૂનાં ઘરો, ઉદ્યાનો વગેરે સ્થળોમાં ઘણા ઉપાયો કરી શોધવા લાગ્યો. હવે એક મુસાફરખાનામાં રાત્રે કે જેમાં ગાઢ અંધકારમાં કંઈ પણ દેખી શકાતું નથી. નજર બંધ થઈ જાય છે, જ્યારે દરેક મુસાફરો ઊંઘી ગયા,ત્યારેકપટથી મૂલદેવ પણ સૂવા લાગ્યો. એટલામાં ત્યાં પેલા મંડિક નામનો ચોર આવ્યો. ધીમેથી તેણે તેને જગાડ્યો. પેલા મંડિક ચોરે પૂછયુ કે,'હે ભદ્ર ! તું કોણ છે ? પેલાએ કહ્યું કે, 'અનાથ મુસાફર છું.' તો મારી પાછળ આવ, જેથી તને ઇચ્છિત અર્થની પ્રાપ્તિ થાય.' 'બહુ સારું' એમકહીનેરાજા તેની પાછળ ચાલ્યો. કોઈક ધનવાનના ઘરમાં ખાતર પાડ્યું અને ત્યાંથી બહાર નીકળ્યો, ત્યાંથી ઘણી ઘણી સારભૂત વસ્તુઓ લાવી રાજાના ખભા ઉપર ઉચકવા આપી. જીર્ણ ઉદ્યાનની અંદર રહેલા દેવમંદિર અને મઠની વચ્ચે ભોંયરું હતું, તેમાંરાજાને લઈ ગયો. ત્યાં રાજાએ રૂપરત્નની ખાણ

સમાન તેની બહેનને જોઈ. મંડિક ચોરે બહેનનેકહ્યું, 'આના પગને પખાળી નાખ.' કૂવા નજીક લઈ જઈ તેને ત્યાં બેસાડી જેટલામાં રાજાના ચરણને સ્પર્શ કરે છે, સ્પર્શતાં જ અનુમાન કર્યું કે, 'આ ભાગ્યશાળી રાજા છે' તેના વિષે સ્નેહ ઉત્પન્ન થયો, એટલે ગુપ્તપણે રાજાને સંજ્ઞાથી જણાવી દીધું, એટલે તે એકદમ બહાર નીકળી ગયો.

જો કોઈ બીજો આ સ્થાને આવે, તો પગ ધોવાના બાનાથી અત્યંત ઉંડા કૂવામાં નિર્દયપણે ફેંકી દેવાય છે. રાજા ગયા પછી બહેને કોલાહલ કર્યો કે, 'આ ચાલ્યો જાય છે અહિંથી ગયો. આ બાજુથી મારી પાસે થઈને ચાલ્યો ગયો.' તે તરવાર લઈને તેની પાછળ દોડ્યો. મૂલદેવે જાણ્યું કે, 'ઉતાવળા પગલે મારી પાછળ આવે છે.' તે નગરના ચોટામાં શિવમંદિરની અંદર પેઠો. ભય પામતો ત્યાં રહેલો છે. ચોર રોષાવેશથી ભ્રમથી તરવારથી શિવલિંગને ભાંગી પોતાને કૃતાર્થ માનતો જલ્દી પાછો વળ્યો બીજા દિવસે રાજા હાથીની ખાંધ પર બેસીને જ્યારે નગરમાં ભ્રમણ કરતો હતો,ત્યારે કપટથી હાથ, પગ ઉપર પાટા બાંધી જેણે પોતાના શરીરને ઢાંકી દીધું છે, એવા તે ચોરને જોયો. ચૌટા અને શેરીમાં ફરતાં જુની કંથા પહેરી હતી, તેને તરત જ ઓળખી લીધો. ત્યાર પછીતેને તરત જ ભવનમાં લઈ ગયો. રાત્રે જે વ્યવહાર થયો હતો, તે પ્રગટ કર્યો. બંનેનાં મન એકરૂપે મળી ગયાં. અતિ નિપુણ બુદ્ધિવાળા મૂલદેવે તેને રાજ્યમાં સારો હોદ્દો આપ્યો. પછી રાજાએ તેની બહેનની માગણી કરી, તેણે ગૌરવથી તેને આપી. તેની સાથે વિષયભોગ ભોગવતાં કેટલોક કાળ પસાર થયો. ચોરના ઘરમાં સારભૂત વસ્તુઓ હતી,તે સર્વ રાજાએ વિશ્વાસથી જાણી લીધી હતી.તેવા તેવા ઉપાયથી તેને વિશ્વાસમાં લઈને તેની સર્વ વસ્તુઓનો કબજો કરી લીધો. પહેલાના અપરાધો યાદ કરાવી. વર્તમાનકાળનો પણ કોઈક ગુનો ઉભો કરી શૂલી ઉપર ચડાવી મરણ પમાડ્યો.

અહિં વિશેષ ઉપનય આ પ્રમાણે જાણવો કે, જેમ રાજા, તેમ આ ધાર્મિકલોક, જેમ ચોર તેમ આ દેહ, જેમ તે ચોરનું ધન મેળવવા માટે પ્રયત્ન કર્યા, તેમ આ દેહ પાસેથી વિવિધ ઉપાયકરી તપસ્યાદિક આરાધના સાધી લેવી, જ્યારે ચોર ધનરહિત થયો, ત્યારે શૂળી પર ચડાવીને પૂર્વના અપરાધોને યાદ કરાવીને તેને જીવિતથી મુક્ત કર્યો, તેમ આ શરીરમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ વગેરે આત્મહિત સાધવાનું સામર્થ્ય ન રહે, ત્યારે શૂળી સમાન અનશન વિધિથી શરીરનો અંત લાવવો. (૧૧)

હવે સાતમા દ્રષ્ટાંતની સંગ્રહગાથા કહે છે : -

चक्केण वि कण्ण-हरण, अफिडियमच्छिगह चक्कनालाहे ।

अन्नत्थ णट्ठ-तच्छेदणोवमो मणुयलंभो त्ति ॥१३॥

એક જળકુંડમાં સ્તંભ ઉપર અવળી અવળી દિશામાં ફરતા યંત્રવાળા આઠ ચક્રો ઉપર રહેલી પૂતળીની ડાબી આંખ પડછાયામાં ચક્ર ફરતી, જ્યારે આઠેના આરા એક સરખા ભેગા થાય અને નીચે નજર કરી આરાઓની આરપાર અભ્યાસી કુમાર બાણ ફેંકી ઉપરની પૂતળીની ડાબી આંખ વીંધી નાખે, તેની સમાન મનુષ્યભવ દુર્લભ છે. ગાથાનો આ સંક્ષેપથી ભાવાર્થ, કથા દ્વારા વિસ્તારથી સમજવો —

## (૭) દૃષ્ટાંત રાધા-વેધ સમુદ્રદત્તની કથા

ઇન્દ્રપુરી સમાન મનોહર ઇન્દ્રપુર નામના નગરમાં પંડિતોને આદરણીયઇન્દ્ર સરખો ઇન્દ્રદત્ત નામનો રાજા હતો. તેને બાવીશ રાણીઓ હતી અને તે દરેકને કામદેવ સરખા રૂપવાળા શ્રીમાળી આદિ પુત્રો હતા.કોઈક સમયે પ્રત્યક્ષ રતિ જ હોય તેવી જ મંત્રીની પુત્રીને વિવિધ પ્રકારની ક્રીડા કરતી મહેલમાં જોઈ. ત્યારે પરિવારને પૂછયું કે, 'આ કોની પુત્રી છે ?' 'હે દેવ ! આ મંત્રીની પુત્રી છે. તેના ઉપર ઉત્પન્ન થયેલ રાગવાળા રાજાએ વિવિધ પ્રકારે તેની માગણી કરી. પોતે લગ્ન કર્યાં, પછીતેને અંતઃપુરમાં રાખી. અંતઃપુરમાં બીજી અનેક શ્રેષ્ઠ રાણીઓના સમાગમમાં તલ્લીન બનેલો રાજા તેને ભૂલી ગયો. લાંબા સમયે વળી તેના ઉપર નજર પડતાં પૂછયું કે, 'ચંદ્ર સમાન પ્રસરેલ કાંતિ -સમૂહવાળી, કમલ સરખા નેત્રવાળી આ સુંદર યુવતીકોણ છે ?' સેવકે કહ્યું કે 'આ મંત્રીની પુત્રી તે છે કે, જેને તમે કેટલાક સમય પૂર્વે પરણીને અંતઃપુરમાં છોડી દીધી છે.' એ પ્રમાણેકહ્યું, એટલેરાજા રાત્રે તેની સાથે વસ્યો અને તે જ દિવસેઋતુસ્નાન કરેલ, જેથી તે જ રાત્રે ગર્ભ ઉત્પન્ન થયો. હવે આગળ મંત્રીએ પુત્રીને કહી રાખેલ હતું કે, 'હે પુત્રી ! જે વખતે તને ગર્ભ પ્રગટ થાય અનેરાજા તને જે કહે, તે મને તે સમયે જણાવજે.' તેનો સ્વીકાર કરી પુત્રીએ સર્વ વૃત્તાન્ત પિતાને કહ્યો અને ભોજનપત્રના ખંડમાં તે લખી લીધું. રાજાને ખાતરી કરાવવા માટે તે વૃત્તાન્ત હંમેશાં અપ્રમત્તપણે યાદ રાખતો.તેને પુત્ર જન્મ્યો, સુરેન્દ્રદત્ત તેનું નામ પાડ્યું. તે જ દિવસે ત્યાં ચાર દાસીઓને ત્યાં ચાર પુત્રો જન્મ્યા. તેનાં અગ્નિક, પર્વત, બહુલી અને સાગર એવાં નામો પાડ્યાં. ત્યાર પછી પ્રધાને તેને લેખાચાર્ય પાસે ભણવા મૂક્યો. પેલા ચાર દાસીપુત્રો સાથે આ પણ કળાઓ ગ્રહણ કરે છે. પેલા શ્રીમાલી વગેરે રાજપુત્રો ભણવા આવતા હતા, પણ કંઈ અભ્યાસ કરતા ન હતા. લગાર કળાચાર્ય મારે, તો પોતાની માતા પાસે જઈ ફરીયાદ કરતાહતા અને રુદન કરતા હતા. આ પ્રમાણે પુત્રોની વાત સાંભળી કુપિત માતાઓ પંડિતને કહેવાલાગી કે, 'હે કૂટ પંડિત ! અમારા પુત્રોને માર કેમ મારો છો ?' 'પુત્રરત્નની પ્રાપ્તિ જેમ તેમ થતી નથી' એટલું પણ તમે જાણતા નથી ? અતિગૂંચવણ ભરેલા નિષ્ફલ ભણતર ભણવાથી સર્યું. પુત્રોને નિષ્કરુણપણે મારતા તમને થોડી પણ દયા આવતી નથી ? આ પ્રમાણે કઠોર વચનોથી તિરસ્કાર કરાયેલા ગુરુએ તેના પુત્રોની ઉપેક્ષા કરી, એટલેતે રાજપુત્રો અતિશય, મૂર્ખ રહ્યા આ હકીકત રાજાને ખબર ન હોવાથી તે મનમાં વિચારતો કે, 'મારા પુત્રો ઘણા કળાકુશળ છે, પરંતુ અહીં સુરેન્દ્રદત્ત રાજપુત્રે સમગ્રકળાસમૂહનો અભ્યાસ કર્યો. સમાન વયવાળા દાસ બાળકો અનેક વિઘ્ન કરતા હતા. છતાં તેની દરકાર કરતો ન હતો અને પોતાના અભ્યાસમાં હંમેશાં સાવધાન રહેતો હતો.

હવે મથુરા નગરીમાં પર્વતનગરનો રાજા પોતાની પુત્રીને પૂછે છે કે, 'હે પુત્રી ! તને જે વર ગમતો હોય, તેની સાથે તને પરણાવું.' પુત્રીએ કહ્યું કે, 'હે પિતાજી ! ઇન્દ્રદત્ત રાજાના પુત્રો કલા-કુશળ, શૂરવીર, ધૈર્યવાળા અને રૂપવાળા સંભળાય છે. તેમાંથી એક પુત્રની રાધા-વેધની વિધિથી સારી રીતે પરીક્ષા કરીને, પછી આપ કહો તો ત્યાં જઈને સ્વયંવર કરું ?

(ગ્રંથાગ્ર ૧૦૦૦)

પુત્રીની વાતનો રાજાએ સ્વીકાર કર્યો અને ત્યાર પછી પુષ્કલ રાજઋદ્ધિ સહિત ઈન્દ્રપુર નગરે જવા પ્રયાણ આદર્યું. તેનું આગમન સાંભળીને ઈન્દ્ર નરપતિએ ધ્વજાપતાકા અને વિચિત્ર શોભા વડે પોતાની નગરી શણગારી. હવે રાજપુત્રી આવી ગયા પછી તેને ઉતરવા માટે સુંદર પ્રાસાદ આપ્યો. ભોજન-દાન વગેરે કરાવ્યાં અને પોતાનું ગૌરવ વધે તેવી ઉચિત સત્કાર-વિધિ કરી. તેણે રાજાને વિનંતિ કરી કે, 'આપના જે પુત્ર રાધા-વેધ કરશે, તે મને પરણશે.તેટલા માટે જ હું આવેલી છું.' રાજાએ કહ્યું કે, 'હે પુત્રી ! આટલો કલેશ શા માટે કરે છે ? કારણ કે, મારા સર્વ પુત્રો એક એકથી અધિક ગુણવાળા છે.' ત્યાર પછી યોગ્ય સ્થળે એકાંતરે એકાંતરે અવળા અવળા ભ્રમણ કરતાં ચક્રોની શ્રેણીયુક્ત, ઉપર શોભાયમાન પૂતળીયુક્ત એક મોટો સ્તંભ ખડો કરાવ્યો. એક મોટો અખાડો-મંડપ રચાવ્યો. તેમાં માંચડાઓ (સ્ટેજ) કરાવ્યા. ઉપર ચંદરવા બંધાવ્યા. હર્ષથી ઉલ્લાસ પામતા રાજા સિંહાસન પર બિરાજમાન થયા. નગર લોકો પણ હાજર થયા. ત્યાર પછી રાજાએ પોતાના પુત્રોને બોલાવ્યા. વરમાલા ગ્રહણ કરીને તે રાજપુત્રી પણ આવી પહોંચી. ત્યાર પછીરાજાએ શ્રીમાલી નામના મોટા પુત્રને આજ્ઞા કરી કે, 'હે વત્સ ! મારા મનોવાંછિત સફલ કર. આપણા કુળને અજવાળ, આ મારા રાજ્યની ઉન્નતિ કર, જયપતાકા જિતી લે, શત્રુઓનું અપ્રિય કર, એવી રીતે રાજ્યલક્ષ્મી સાથે પ્રત્યક્ષ આનંદમૂર્તિ સમાન આ રાજપુત્રીને રાધા-વેધ કરીને જલ્દી પરણ.'

આ પ્રમાણે કહેવાયેલ રાજપુત્ર ક્ષોભ પામ્યો, તેની મુખકાંતિ ઉડી ગઈ, પરસેવાથી પલળી ગયો, શૂન્ય ચિત્તવાળો થયો, મુખ અને નેત્રદીન બની ગયાં, તેનો કચ્છ ઢીલો પડી ગયો. શરીરનું તે જ ઉડી ગયું. લક્ષ્મીશોભા પામ્યો નહિં, લજ્જા પામવાલાગ્યો, અભિમાન ઉતરી ગયું, નીચે જોવા લાગ્યો, પૌરુષને મૂકી સ્તંભિત થયો હોય તેમ, અથવા મજબૂત પણે જકડેલો હોય, તેવો થઈ ગયો, ફરી પિતાએ કહ્યું કે 'હે પુત્ર ! ક્ષોભનો ત્યાગકરીને ઇચ્છિત કાર્યની સિદ્ધિ કર.તારા સરખાને આટલું કાર્ય શા હિસાબમાં ગણાય ? હે પુત્ર ! સંક્ષોભ તો તેને થાય કે, જેઓ કળાઓમાં નિપુણ ન હોય, તમારા સરખા નિષ્કલંક કલાગુણને વરેલાને કેમ ક્ષોભ થાય ?' આ પ્રમાણે ઉત્તેજિત કરાએલા તેણે કાર્યના અજાણ છતાં થોડી ધીઠાઈનું અવલંબન કરીને ધ્રૂજતા હાથે ધનુષ્ય ગ્રહણ કરીને શરીરની સર્વ તાકાત એકઠી કરીને કોઈ પ્રકારે બાણ આરોપણ કરીને 'ગમે ત્યાં બાણ જાય' એમ ધારી શ્રીમાલી પુત્રે બાણ છોડ્યું. તે બાણ સ્તંભ સાથે અથડાઈને ભાંગી ગયું, એટલે લોકો મોટો ઘોંઘાટ કરી હસવા લાગ્યા. આ પ્રમાણે કળાવિહીન બાકીના રાજપુત્રોએ જેમ તેમ ગમે ત્યાં બાણો છોડ્યાં, પરંતુ કોઈથી કાર્યસિદ્ધિ ન થઈ. આ સમયે રાજા ઘણો વિલખો બની ગયો. લજ્જાથી તેની આંખો બીડાઈ ગઈ, જાણે વજ્રનો અગ્નિ શરીર પર પડ્યો હોય,તેમ મુખની છાયા ઉડી ગઈ અને આમણો-દુમણો બની શોક કરવા લાગ્યો.

આ સમયે પ્રધાને રાજાને કહ્યું કે, - 'હે દેવ ! ખેદ કરવો છોડી દો, હજુ તમારો એક પુત્ર બાકી છે, માટે અત્યારે તેની પણ પરીક્ષા કરો. રાજાએ પૂછયું કે, 'કયો પુત્ર ?' ત્યારે

મંત્રીએ આગળરાજાનાં લખેલ વચનવાળા અભિજ્ઞાનકરાવનાર ભોજપત્રો વંચાવ્યાં.રાજાએ કહ્યું કે, 'ભલે તેને પણ લાવો. અતિશય અભ્યાસ કરાવેલ આ દુષ્ટ પુત્રોને જે આચર્યું, તેવું જ આ પણ આચરશે. આવા પ્રકારના પુત્રોને ધિક્કાર થાઓ. હવેતારો આગ્રહ છે, તો તેની પણ ભલે પરીક્ષા કરો.'તે વખતેતે મંત્રીપુત્રીના સુરેન્દ્રદત્ત પુત્રને ઉપાધ્યાય સહિત હાજરકર્યો.હવે કલાભ્યાસ કરતાં, વિચિત્ર હથિયારો વાપરવાના પરિશ્રમના કારણે શરીર પર પડેલા ઉજરડા અને અણરૉઝાયેલા ઘાવાળા પુત્રને ખોળામાં બેસાડી આનંદપૂર્વક કહ્યું કે - 'હે પુત્ર ! આ પૂતળીને વીંધીને મારા મનોરથ પૂર્ણ કર અને આ નિર્વૃત્તિ નામની રાજકન્યાને પરણ, એટલે તને રાજ્ય પ્રાપ્તિ પણ થશે.' (૫૦)

ત્યાર પછી સુરેન્દ્રદત્ત, રાજાને તેમ જ વિદ્યાગુરુને નમસ્કારકરીને આલીઢાસને બેસી હિંમતપૂર્વક ધનુષદંડ ઉપાડી, નિર્મલ તેલથી ભરેલા કુંડમાં પ્રતિબિંબિત થયેલા ચક્રોના આરાની વચ્ચેનાં છિદ્રોને દેખતો હતો.બીજા કુમારો વડે મશ્કરીકરાતો હતો. અગ્નિક વગેરે દાસીપુત્રો બૂમરાણકરી વિઘ્ન કરતાહતા, ગુરુજી બે બાજુ ઉઘાડી તરવારવાળા બે પુરુષોને ઉભા રાખી એમ સંભળાવતા કે, 'જો લક્ષ્ય ચૂક્યો, તો હણી નાખીશું' આમ વારંવાર સંભળાવતા હતા.તેમ છતાં આ રાજપુત્રે લક્ષ્ય તરફ દૃષ્ટિ રાખી મહામુનીશ્વરની જેમ એકાગ્ર ચિત્ત રાખી ચક્રોના આરાનાં છિદ્રો એકરૂપે થયાં, ત્યારે છિદ્ર દેખી એકદમ બાણ છોડી રાધાને વીંધી નાખી. રાધા વીંધાઈ, એટલે નિર્વૃત્તિ કન્યાએ તેના ગળામાં માળાપહેરાવી. રાજા આનંદ પામ્યો અને જય જયકારના શબ્દો ઉછળવા લાગ્યો. મોટો વિવાહ-મહોત્સવ પ્રવર્તાવ્યો, તેમ જ રાજાએ રાજ્ય પણતેને જ આપ્યું. જેમ તે કુમારે લક્ષ્ય તાકીને ચક્રના છિદ્રમાંથી બાણ આરપાર કાઢી પૂતળીની ડાબી આંખ વિંધી, પરંતુ બાકીના કુમારો તે કાર્યસાધી ન શકયા, તેમ કોઈ પુણ્યની અધિકતાવાળો આત્મા પાર વગરના ભવ-અરણ્યમાં અથડાતો મનુષ્યપણું પ્રાપ્ત કરે છે, પરંતુ પુણ્યની અધિકતા વગર બીજા જીવો મનુષ્યપણું ન પામતાં નરક, તિર્યંચની હલકી ગતિ મેળવે છે. (૫૮)

શ્રીમાલી વગેરે બાવીશ રાજપુત્રોએ આ કળા કેળવેલી ન હોવાથી, અભણ રહેવાથી રાધાવેધ કરવાનું લક્ષ્ય ન મેળવી શકયા,કારણ કે,લક્ષ્ય બીજે રાખવાથી બાણો નાશ પામ્યાં. આથી ચાલુ વાતમાં શું સમજવું ? જેમ રાધાવેધ સાધવો દુષ્કર છે, તે પ્રમાણે મનુષ્યભવની પ્રાપ્તિ મુશ્કેલ અને દુર્લભ સમજવી. ગાથામાં ઇતિશબ્દ સમાપ્તિ માટે છે. (૧૨)

હવે આઠમા દૃષ્ટાન્તની સંગ્રહગાથા જણાવે છે –

चम्मावणद्ध-दहमज्झ-छिड्ड-दुलि-गीव-चंद-पासणया ।

अण्णत्थ बुड्डण-गवेसणोवमो मणुयलंभो उ ॥१३॥

ગાથાર્થ→ ચામડા સરખી જાડી સેવાલથી પથરાએલ-છવાયેલ સરોવરમાં શરદપૂર્ણિમાને દિવસે સેવાલમાં ફાટ-છિદ્ર પડ્યું. ઉપર આવેલા એક કાચબાને તે છિદ્રમાંથી ચંદ્ર-દર્શન થયું. પોતાના કુટુંબને કોઈ દિવસ ન દેખેલ એવા ચંદ્રનું દર્શન કરાવું.' તેમ ધારી નીચે તેમને બોલાવવા ગયો. પાછો આવ્યો, ત્યારે પવનમાં ઝપાટાથી ફાટ-છિદ્ર પૂરાઈ ગયાં.

આમતેમ ઘણા આંટા-ફેરા માર્યા, પણ ફરી તે ચંદ્ર જોવા ન મળ્યો. તેમ ચૂકી ગયેલો મનુષ્યભવ ફરી મેળવી શકાતો નથી. (તુ શબ્દ ગાથા પૂર્ણ કરવા માટે છે.) ગાથાનો સંક્ષેપ અર્થ કહી હવે કથા દ્વારા વિસ્તારથી અર્થ સમજાવે છે –

## (૮) દૃષ્ટાન્ત કાચબાને ચંદ્ર-દર્શન

કોઈક ગહનવનમાં અનેક હજાર યોજન-પ્રમાણ અતિ ઉંડો અનેક જળચર જીવોથી વ્યાપ્ત એક દ્રહ હતો. તેના પાણી ઉપર અતિ જાડા પડવાળી સેવાલ પથરાયેલી હતી.દરેક સ્થળે ભેંસનું ચામડું જાણે ઢાંકી દીધું હોય, તેમ જણાતું હતું. કોઈક સમયે ચંચળ ડોકવાળો એક કાચબો આમ-તેમ ભટકતો ભટકતો ઉપરના ભાગમાં આવ્યો અનેડોક લાંબી કરી.તે સમયે સેવાલમાં છિદ્ર પડ્યું. તે રાત્રિએ શરદ-પૂર્ણિમાનો ચંદ્ર સમગ્ર કળાઓ સાથે ખીલ્યોહતો.વળી તેની ચારે બાજુ નક્ષત્રતારામંડલ હોવાથી ચંદ્રવિશેષ આહલાદક જણાતોહતો. સ્વચ્છ આકાશના મધ્યભાગમાં ક્ષીરસમુદ્રની લહેરો સરખી ચંદ્રિકાવડે સમગ્ર દિશાઓને નહવરાતો હોય, તેવો ઉજ્જવલ-આકર્ષક જણાતો હતો. આનંદ-પૂર્ણ નેત્રવાળો કાચબો આ ચંદ્રને દેખી ચિંતવવા લાગ્યો કે, 'આ શું હશે ? શું આ સ્વર્ગ કે કોઈ આશ્ચર્ય હશે ? મને એકલાને જોવાથી શો લાભ ? માટે મારા સર્વ કુટુંબી લોકોને બોલાવીને તેમને આ બતાવું.' એમ વિચારી તેમને ખોળવા માટેપાણીમાં ડૂબકી મારી.પોતાના સર્વ કુટુંબીઓને બોલાવી લાવી ફરી તે પ્રદેશની ખોળ કરવા લાગ્યો. પરંતુ વાયરાથી સેવાલનું છિદ્ર (ફાટ) પૂરાઈ ગયું હતું. એટલે તે પ્રદેશ, ચંદ્ર વગેરે ફરીજોઈ શકાયા નહિં. કદાચ છિદ્ર પણ મળી જાય, પરંતુ શરદપૂનમ, વાદળા વગરનું સ્વચ્છ આકાશ, તારાઓથી પરિવરેલ પૂર્ણચંદ્ર ફરી દેખાવો કાચબા માટે દુર્લભ હતો, તેવી રીતે આ સંસારરૂપી દેહની અંદર ડૂબેલા પુણ્યહીન સમગ્ર જીવોને મનુષ્યજન્મ ફરી મળવો અતિદુર્લભ છે. (૧૩)

નવમા દૃષ્ટાંતની સંગ્રહગાથા –

उदहिजुगे पुव्वावर-समिला-छिड्डु-प्पवेस-दिट्ठंता ।

अणुवायं मणुयत्तमिह दुल्लहं भव-समुद्दम्मि ॥१४॥

ગાથાર્થ→ સ્વયંભુરમણ નામના મહાસમુદ્રના પૂર્વ-પશ્ચિમ દિશામાં ધુંસરા તથા તેના છિદ્રમાં નાખવા યોગ્ય તેની ખીલી એમ બંને સામસામી દિશામાં ફેંકી. અનુક્રમે સમુદ્રનાં મોજાંથી અફળાતા-કૂટાતા બંને ભેગા થાય અને ધુંસરાના છિદ્રમાં ખીલી પરોવાઈ જાય, તેની જેમ ભવસમુદ્રમાં મોહમાં મૂંઝાએલા જીવોને મનુષ્યપણું દુર્લભ છે. એ જ અર્થ વિવરણકાર કંઈક સ્પષ્ટપણે સમજાવે છે –

## (૯) ધૂંસરાના છિદ્રમાં ખીલીનો પ્રવેશ

કોઈક કુતૂહળી બે દેવો ધૂંસરાના છિદ્રમાંથી સમિલા એટલે લાકડાની ખીલી છૂટી પાડીને ફરી આ ધુંસરામાં કેવી રીતે પ્રવેશ પામે' એમ મનમાં ધારણા કરીને મેરુપર્વતની ઉપર આવ્યા. એકે હાથમાં ધુંસરું પકડ્યું, બીજાએ સમિલા લીધી અને અવળી દિશામાં દોડી ધુંસરું

અને સમિલા સમુદ્રમાં સામસામા કિનારે ફેંક્યા. ત્યાર પછી બંને જોવા લાગ્યા કે, 'પાર વગરના સમુદ્રજળમાં તે ખીલી અને ધુંસરું બંને અતિ પ્રચંડ પવનથી આમ-તેમ ભ્રમણ કરતા-ધકેલાતા ઘણો કાળ પસાર કર્યો અને બંને ભેગા થાય તે માટે ઘણા સમય સુધી રાહ જોઈ, પણ બે ભેગા ન થયા. ભેગા થવા છતાં ધૂંસરાના છિદ્રમાં સમિલાનો પ્રવેશ ન થયો. જેમ તે સમિલાને છિદ્રમાં પ્રવેશ અતીવ દુર્લભ છે, તેમ મોહમાં મૂઢ બનેલા ચિત્તવાળા મનુષ્યને ફરી મનુષ્યપણું દુર્લભ છે.(૧૪)

હવે દશમા દૃષ્ટાન્તની સંગ્રહગાથા : —

परमाणु-खंभपीसण-सुरनलिया-मेरुखेव-दिट्ठंता ।

तग्घडणेवाणुचया, मणुयत्तं भव-समुद्दम्मि ॥ १५ ॥

ગાથાર્થ→ **પરમાણુઓ એ દૃષ્ટાન્તનું નામ**-કાષ્ઠાદિકના સ્તંભને કોઈક કુતૂહળી દેવતાચૂરેચૂરા કરી તેનું બારીક ચૂર્ણ કરી તેને એક નલિકામાં ભરી મેરુપર્વતના ઉપર ચડી દશે દિશામાં ફુંક મારી સ્તંભના તમામ પરમાણુઓને ઉડાવી નાખે. દેખું કે,ત્યારે ફરી એકઠા થઈ તેનો સ્તંભ થાય. એ દેખતાં દેખતાં અનેક હજાર વર્ષો વીતી ગયાં. છતાં તે પરમાણુઓનો યોગ કે સ્તંભ ન થયો. હવે ફરીથી તે તમામ પરમાણુઓને એકઠા કરી થાંભલો અસલ પ્રમાણે ફરી તૈયાર કરવો જેમ મુશ્કેલ છે,તેમ ભવસમુદ્રમાં ફરી મનુષ્યપણું મેળવવું ઘણુંદુર્લભ છે.

## (૧૦) પરમાણુ-સ્તંભ યોજના

પરમાણુ વિષયક આ દૃષ્ટાન્તની **આવશ્યક-ચૂર્ણિમાં** બીજા રૂપે વ્યાખ્યા કરેલી છે, તે આ પ્રમાણે —

અનેક સેંકડો પ્રમાણ સ્તંભવાળી મોટી સભા તૈયાર કરી હતી. કોઈક કાળે અગ્નિની જ્વાળાથી સળગીને તે નાશ પામી. હવે એવો કોઈ ઇન્દ્ર, ચંદ્ર કે ચક્રવર્તી છે કે જે, તે જ અણુ અને પરમાણુઓ એકઠા કરી ફરી દુર્ઘટ તે કાર્યકરી શકે ? જેમ તે જ અણુઓ વડે ફરી આ સભા ઘડીને તૈયાર કરવી મુશ્કેલ છે, તેમ જીવોને ગૂમાવેલું મનુષ્યપણુંફરી મેળવવું દુષ્કર છે. દશ દૃષ્ટાંતોનો ઉપસંહાર કરતાં જણાવે છે કે, એક વખત દશે દૃષ્ટાન્તના ભાવ કોઈક દેવતાની સહાયથી ફરી મેળવી શકાય, પરંતુ હે સૌમ્ય ! દાર્ષ્ટાન્તિક ભાવમાં રહેલું મનુષ્યપણું ફરી ન મેળવી શકાય.

આવા પ્રકારનું દુર્લભતાથી પ્રાપ્ત થનારું મનુષ્યપણું પામીને જે જીવ પરલોકના હિતની સાધના કરતો નથી, તે મૃત્યુકાલે શોક કરનાર થાય છે. જેમ પાણીમાં-કાદવમાં ખૂંચી ગયેલો હાથી, કાંટામાં ફસાયેલો મત્સ્ય, જાળમાં પકડાયેલો મૃગ, વંટોળીયામાં સપડાયેલ પક્ષી શોચ કરે, ભય પામે, તેમ મૃત્યુ અને વૃદ્ધાવસ્થા-સમયે લાચાર બની ચોથી નિદ્રામાં ધકેલાએલો અર્થાત્ મરણ-સમયે શોક કરશે. તે સમયે કર્મના ભારથી પીડા પામતો જીવ પોતાને ઓળખશે. અનેક જન્મ-મરણનાં સેંકડો ભ્રમણ કરીને જો-કદાચ દુઃખથી-મુશ્કેલીથી આ મનુષ્યપણું મેળવે છે. તો તેના દુર્લભ અને વિજલીના ઝબકારા સરખા ચંચળ મનુષ્યપણાને

પામીને જે વિષય. કષાય, રાગ-દ્વેષ ધન, કુટુંબ, ઈન્દ્રિયનાં વિષયોમાં પ્રમાદ કરી નિષ્ફળ બનાવે છે,તે કાપુરુષ કાયર-તુચ્છ છે, નહિં કે સત્પુરુષ. (૧૫)

પહેલાં અમે જે કહેલ હતું કે, 'ભાવાર્થ સાર-યુક્ત **ઉપદેશપદો** કહીશું.' ઈત્યાદિ, તેના સંદર્ભમાં ચાલુ અધિકારમાં મનુષ્યપણાની દુર્લભતાને અંગે આગમથી પ્રમાણિત યુક્તિથી સિદ્ધ કરતાં જણાવે છે કે –

एयं पुण एवं खलु, अण्णाण-पमायदोसओ नेयं ।

जं दीहा कायठिई, भणिया एगिंदियाईणं ॥१६॥

ગાથાર્થ→ પહેલાં મનુષ્યપણાની દુર્લભતા સામાન્યથી જણાવી, તે જ વાત યુક્તિ અને પ્રમાણથી સિદ્ધ કરતાં જણાવે છે કે - સારાસારનો વિવેક ન હોવાથી અજ્ઞાન દોષથી, અથવા વિષય-સેવનાદિ રૂપ પ્રમાદથી મનુષ્યપણાથી વિલક્ષણ એવી એકેન્દ્રિયાદિક જાતિમાં અરહટ્ટ-ઘટિકા યંત્રના ન્યાયથી વારંવાર જીવ ભ્રમણ કર્યા કરે છે. આ વાત કેવી રીતે માનવી ? તે જણાવે છે કે, એકેન્દ્રિય, બેઈન્દ્રિય આદિક જીવોની વારંવાર ફરી ફરી મૃત્યુ પામીને તે જ કાયામાં ઉત્પન્ન થવા રૂપ-કાયસ્થિતિ સિદ્ધાંતમાં ઘણી લાંબી પ્રતિપાદન કરેલી છે.

## તે જ પૃથ્વીકાયિક, એકેન્દ્રિયાદિક પાંચ ભેદોને આશ્રીને કાયસ્થિતિ નું પ્રમાણ

असंखोसप्पिणि-सप्पिणीउ एगिंदियाण उ चउण्हं ।

ता चेव उ अणंता, वणस्सईए उ बोद्धव्वा ॥ १७ ॥

એકેન્દ્રિયાદિક-પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય એ ચારની કાયસ્થિતિ અસંખ્યાતી ઊત્સર્પિણી-અવસર્પિણી કાળ પ્રમાણ જાણવી. તેમાં સમયે સમયે અનંત ગુણ પ્રમાણ પર્યાયો વડે કરીને નિરંતર ભાવની-રૂપ, રસ, ગંધ, સ્પર્શની વૃદ્ધિ કરે, તે ઉત્સર્પિણી. તેમાટે **પંચકલ્પભાષ્ય**માં કહેલું છે કે, - 'દ્રવ્યોના વર્ણ, રસ, ગંધ, સ્પર્શાદિ અનંતગુણ પ્રમાણ સમયે સમયે વૃદ્ધિ પામે, તે જ પ્રમાણે રાત-દિવસ પણ વધતા જ રહે,તે ઉત્સર્પિણીકાળ કહેવાય. તેથી વિપરીત અર્થાત્ વર્ણાદિકો જેમાં દરેક સમયે અનંતગુણા ઘટતા જાય,તે અવસર્પિણીકાળ કહેવાય. વનસ્પતિકાયની કાયસ્થિતિ તો અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણી કાળ-પ્રમાણ જાણવી. આ કાયસ્થિતિ ઉત્કૃષ્ટ સમજવી. કહેવાનો મતલબ એ છે કે-પૃથિવી,પાણી, અગ્નિ, વાયુકાયમાં જીવ મરીને ફરી ફરી તેમાં જ ઉત્પન્ન થાય-એમ એક એક કાયમાં અસંખ્યાતી ઉત્સર્પિણી-અવસર્પિણીકાળ સુધી તેમાં ઉત્પન્ન થાય, મરે, ફરી તે જ કાયમાં ઉત્પન્ન થાય, તે રૂપ કાય-સ્થિતિ.અને વનસપતિકાયમાં તો તે જ પ્રમાણે અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણી કાળ સુધી રહે વનસ્પતિની કાયસ્થિતિ આ ઉત્કૃષ્ટ સમજવી. જઘન્ય તો અંતર્મુહૂર્તકાળ. ઉત્સર્પિણી-અવસર્પિણીનું કાળ-પ્રમાણ કેટલું ? તે કહે છે-બંને એકઠા મળીને બાર આરાવાળું કાલચક્ર બને છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે સમજવું. –

દશ કોટાકોટી સાગરોપમ પ્રમાણ કાળ પૂર્ણ થાય, તે ઉત્સર્પિણી અને તેટલો જ કાળ

અવસર્પિણીનો જાણવો. ભરતક્ષેત્રમાં અવસર્પિણીની અંદર છ પ્રકારના નામવાળા આરાઓ કહેલા છે. તેના અનુક્રમે નામવિભાગો જણાવીશ. ૧ સુષમાસુષમાકાળ, ૨ સુષમાકાળ, ૩ સુષમદુ:ષમાકાળ, ૪ દુ:ષમસુષમાકાળ, ૫ દુ:ષમાકાળ અને ૬ અતિદુ:ષમાકાળ આ જ છ વિભાગો ઉત્સર્પિણીકાળમાં ઉલટા ક્રમે જાણવા.તેમાં સુષમાસુષમા કાળ ચાર કોડાકોડી સાગરોપમ પ્રમાણ, સુષમાકાળ ત્રણ કોડાકોડી૦, સુષમદુ:ષમાકાળ બેકોડાકોડી૦, દુષમાસુષમાનો કાળ બેંતાળીશ હજાર વર્ષ ન્યુન એક કોડાકોડી સાગરોપમ પ્રમાણ, દુ:ષમાકાળ એકવીશ હજાર વર્ષ પ્રમાણ અને અતિદુ:ષમાકાળ પણ તેટલા જ એકવીશ હજાર વર્ષ પ્રમાણ સમજવો. એ પ્રકારે ઉત્સર્પિણી અને અવસર્પિણી બંને મળીને બાર આરા રૂપ કાળચક્ર, તે સમગ્રનો કાળ એકઠો કરતાં વીશ કોડાકોડી સાગરોપમ પ્રમાણ થાય. તેમાં યથોત્તર કાલાનુભાવ સ્વરૂપ બીજા ગ્રન્થોથી જાણી લેવું. વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોની કાયસ્થિતિ આ ગાથા પ્રમાણે જાણવી. વિકલેન્દ્રિયની સંખ્યાતા હજાર વર્ષની અને પંચેન્દ્રિય તિર્યંચ મનુષ્યની સાત-આઠભવની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. (૩૭) ઠીક, એકેન્દ્રિયાદિકની લાંબી કાયસ્થિતિ છે, તો પણ કયા નિમિત્તથી ? તે જણાવો. તેના સમાધાનમાં ગ્રન્થકાર જણાવે છે કે –

एसा य असइ दोसा-सेवणओ- धम्मबज्झचित्ताणं ।
ता धम्मे जइयव्वं, सम्मं सइ धीरपुरिसेहिं ॥ १८ ॥

ગાથાર્થ→ આ લાંબી કાયસ્થિતિ અનેક ભવમાં વારંવાર દોષો સેવન કરવાથી, તેમ જ શ્રુતચારિત્ર ધર્મથી બહાર ચિત્ત વર્તતું હોય, તેવા આત્માઓને બંધાય છે. માટે બુદ્ધિમાન પુરુષોએ સર્વ પ્રમાદનો ત્યાગ કરીને હમેશાં ધર્મને વિષે ઉદ્યમ કરવો જોઈએ. ગાથાર્થ કહીને હવે ટીકાર્થ કહે છે –

## પ્રમાદ ત્યાગ

અનેક ભવોમાં વારંવાર પાપ સેવન કરવાથી ચંદ્ર-કિરણોના સમૂહ સાથે સ્પર્ધા કરનાર અથવા નિર્મલ સ્વભાવવાળા આત્માને પણ ગાઢ વેદોદય, અજ્ઞાન, ભય, મોહાદિક દોષોનું મન, વચન અને કાયાથી કૃત, કારિત, અનુમતિ સહિત જે સેવન થાય અને તેનાથી રાહુમંડલ જેમ ચંદ્રને મલિન કરે, તેમ પાપકર્મો નિર્મલ આત્માને પણ મલિન કરે છે, કોને ? તો કે શ્રુતધર્મ-ચારિત્રધર્મથી જેમનું ચિત્ત બહાર વર્તતું હોય, સ્વપ્નાવસ્થામાં પણ જેઓનું મન ધર્મમાં હોતું નથી તેવાને, આવી કહેલી કાયસ્થિતિ બંધાય છે. માટે એકાંતે એકેન્દ્રિયાદિ જાતિમાં પ્રવેશ નિવારણ કરનાર, તેમ જ ભવમાં ઉત્પન્ન થનારા અનેક દુ:ખોરૂપ અગ્નિને ઓલવનાર ધર્મને વિષે સર્વ પ્રમાદસ્થાનનો ત્યાગ કરીને પોતાની શક્તિ અનુસાર માર્ગાનુસારી સમ્યગ્ પ્રવૃત્તિ કરવી જોઇએ. (૧૮) સમ્યગ્ધર્મમાં પ્રયત્ન કરવો-એમ કહ્યું, એટલે સમ્યગ્ભાવને સમજાવતાં કહે છે –

सम्मत्तं पुण इत्थं, सुत्ताणुसारेण जा पवित्ती उ ।

सुत्त-गहणम्मि तम्हा, पवत्तियव्वं इदं पढमं ॥ १९ ॥

ગાથાર્થ→ સર્વજ્ઞ ભગવંતના આગમના અનુસારે જે ચૈત્યવંદન, આવશ્યક ક્રિયા આદિની પ્રવૃત્તિ કરવી, તે સમ્યક્ત્વ આ માટે સૂત્રભણવા વિષે પ્રથમ પ્રયત્ન કરવો જરૂરી છે. ગાથાર્થ જણાવી હવે ટીકાર્થ કહે છે –

## સૂત્રગ્રહણ ઉપદેશ

પરમપુરુષાર્થ-મોક્ષને અનુકૂલ ભાવોના કલાપને સૂચવનાર, સંસારરૂપ કેદખાનામાંથી બહાર કાઢનાર એવાઅંગબાહ્ય આવશ્યક તેમ જ અંગપ્રવિષ્ટ આચારાંગાદિશ્રુત ગ્રહણ કરવામાં આંધળાને અણધારી આંખો પ્રાપ્ત થાય અને તેને જે આનંદ થાય, તેવો આનંદ શ્રુત ગ્રહણ કરતી વખતે થાય. શ્રુત ગ્રહણ કરવાની પ્રથમ પ્રવૃત્તિ કરવી જોઈએ. જે માટે કહેલું છે કે :- "પહેલાં જ્ઞાન અને જ્ઞાન પામવાથીતેના ફળરૂપે દયા એટલે વિરતિ-સંયમ અને ઉત્તરોત્તર સર્વ સંયમ જ્ઞાનથી પામી શકાય છે. બિચારો અજ્ઞાની શું પુણ્ય અને શું પાપ ? એ ક્યાંથી જાણી શકશે ? શાસ્ત્ર સાંભળીને કલ્યાણ કેમ કરી શકાય કે પાપ કેમ બંધાય ? તે જાણી શકાય છે અને પુણ્યકે પાપ એ બંને શાસ્ત્ર શ્રવણ કરવાથી જાણી શકાય છે અને એ જાણ્યા પછી જે કલ્યાણકારક હોય, તે આચરાય છે." (૧૯)

તે સૂત્ર ગ્રહણ કરવું હોય તો વિનયાદિ ગુણવાળા બનીને જ શિષ્યે ગ્રહણ કરવું. તે જ ઇચ્છિત ફળ આપનાર થાય છે. વિનયાદિ ગુણ વગર ધારેલાં ફળ મેળવી શકાતાં નથી.તે જ વાત શાસ્ત્રમાં કહેલા દૃષ્ટાન્તથી સ્પષ્ટ કરતા કહે છે –

ચેલ્લણા રાણીને દોહલો ઉત્પન્ન થયો કે, 'એક સ્તંભવાળા મહેલમાં ક્રીડા કરું.' એટલે શ્રેણિક રાજાની આજ્ઞાથી અભયકુમાર વનમાં ગયો, વિશિષ્ટ પ્રકારના વૃક્ષને દેખી અધિવાસન અર્થાત્ વૃક્ષના અધિષ્ઠાયક દેવની આજ્ઞા મેળવવા માટે પુષ્પ, ચંદનાદિકથી પૂજા કરી કાપવાની રજા માગી. એટલે ત્યાં વાસ કરનાર વ્યંતરદેવ પ્રસન્ન થયો અને ધારણા પ્રમાણેનો સુંદર મહેલ તૈયાર કરી આપ્યો. (૨૦) ગાથાર્થ. વિશેષ હકીકત કથાથી જણાવે છે –

## વિનયથી વિદ્યા-સિદ્ધિ-શ્રેણિક કથા

જેના દૃઢ સમ્યક્ત્વથી ખુશ થયેલ ઇન્દ્રમહારાજાવડે અતિ પ્રશંસા પામેલા શ્રેણિક નામના રાજા રાજગૃહ નગરમાં રાજ્ય કરતા હતા. સમગ્ર અંતઃપુરમાં સર્વ રાણીઓમાં મુખ્ય એવી ચેલ્લણા નામની તેને વલ્લભા હતી અને ચાર બુદ્ધિયુક્ત એવા અભય નામના મંત્રી તેમ જ પુત્ર હતા. કોઈક સમયે ચેલ્લણા રાણીને ગર્ભના પ્રભાવથી દોહલો ઉત્પન્ન થયો અને રાજાને કહ્યું કે, 'મારા માટે એકથંભિયો મહેલ તૈયાર કરાવો.' દુઃખે કરીને રોકી શકાય એવી સ્ત્રીહઠથી સંતાપ પામેલારાજાએ રાણીની વાતનો સ્વીકારકરી અભયકુમારને આજ્ઞા કરી. ત્યાર પછી તે એક સુથારને સાથે લઈ સ્તંભ માટે મહા અટવીમાં ગયો. ત્યાં તેઓએ ઘટાદાર અને

ઘણી મોટી ડાળીઓવાળું વૃક્ષ જોયું. 'આ વડવૃક્ષ કોઈક દેવથી અધિષ્ઠિત હશે' એમ વિચારીને અભયકુમારે ઉપવાસ કરવા પૂર્વક વિવિધ પ્રકારનાં પુષ્પો અને ધૂપવડે વૃક્ષની અધિવાસના કરી. અભયકુમારની બુદ્ધિ અને ભક્તિથી રંજિત થયેલા વૃક્ષવાસી દેવે રાત્રે સુતેલા અભયને કહ્યું કે,'હે મહાનુભાવ ! આ વૃક્ષને છેદીશ નહિં. તું ઘરે જા. હું પુષ્પો, ફલો, અને સર્વ ઋતુઓ સાથે ભેગી થાય એવા વૃક્ષોવાળા બગીચામાં એક સ્તંભવાળો પ્રાસાદ તૈયાર કરાવી આપું છું.' આ પ્રમાણે પ્રતિષેધ પામેલો અભયસુથાર સાથે પોતાના ઘરે ગયો, દેવે પણ આરામ સહિત તેવો મહેલ બનાવ્યો. ત્યાં દેવીની સાથે વિચિત્ર ક્રીડા કરતા અને રતિસાગરમાં ડૂબેલા રાજાના દિવસો આનંદમાં પસાર થતા હતા.

હવે તે નગરમાં નિવાસ કરનાર ચંડાલના મુખીની પત્નીને ગર્ભના કારણે આમ્રફલ ખાવાનો દોહલો થયો દોહલો પૂર્ણ ન થવાથી દરરોજ તેનાં સર્વ અંગો દુર્બલ થવા લાગ્યાં. પત્નીને તેવા પ્રકારની દુર્બલ થયેલી દેખીને પતિએ પૂછયું કે, 'હે પ્રિયે ! તમે મનમાં શું ચિંતા છે ?' 'પાકેલ આમ્રફલ ખાવાનો દોહલો થયો છે' એમ જણાવ્યું. ત્યારે ચંડાલે કહ્યું કે, 'તે માટે અત્યારે અકાલ કહેવાય. જો કે અકાલ છે, તો પણ હે પ્રિયે ! કોઈ પ્રકારે તને મેળવી આપીશ, માટે ધીરજ રાખ. રાજાને સર્વ ઋતુનાં ફળ ઉત્પન્ન થાય તેવો બગીચો છે- એમ સાંભળેલું છે. તે બીગચાની બહાર ઊભા રહેલા તેણે પાકેલા આમ્રફલવાળું વૃક્ષ જોયું એટલે રાત્રે અવનામિની વિદ્યાના પ્રભાવથી વૃક્ષ-ડાળી નમાવીને આમ્રફલ ગ્રહણ કર્યાં. ફરી ઉન્નામિની વિદ્યાથી શાખાને વિસર્જન કરીને હર્ષ પામેલા પતિએ પત્નીને આમ્રફલ અર્પણ કર્યાં. દોહલો પૂર્ણ થવાથી તે ગર્ભને વહન કરવા લાગી. હવે એક બીજા વૃક્ષો તરફ નજર કરતા રાજાએ આગલા દિવસે દેખેલાં ફળોની લૂંબ આજે ખાલી દેખીને રખેવાળ પુરુષને પૂછયું કે, 'અરે ! અહિંથી આમ્રફળની લૂંબ કોણે તોડી ?' તેઓએ કહ્યું કે- 'હે દેવ ! અહીં કોઈ બીજો પુરુષ આવેલો નથી, બીજું આવતા-જતા પુરુષનાં પગલાં પૃથ્વીતલમાં પણ પડેલા દેખાતાં નથી. માટે હે દેવ ! આ પણ એક આશ્ચર્ય જણાય છે. આ કોઈ મનુષ્ય સિવાયનું સામર્થ્ય જણાય છે.' આમાં બીજું શું કરી શકાય ? એમ વિચારીને રાજાએ અભયને કહ્યું કે 'હે પુત્ર ! આવા પ્રકારના કાર્ય કરનાર ચોરને જલ્દી પકડી લાવ. આજે ફલોનું હરણ કર્યું, તો આવતી કાલે સ્ત્રીનું પણ હરણ કરી જાય.' ત્યાર પછી ભૂમિતલ સુધી મસ્તક નમાવીને એટલે પિતાજીને નમસ્કારકરીને, 'મહાકૃપા' એમ કહીને અભયકુમાર ત્રણ માર્ગો, ચાર માર્ગો ઉપર ચોરને શોધવા માટે પ્રયત્ન કરવા લાગ્યો. કેટલાક દિવસો પસાર થવા છતાં ચોરની માહિતી મળતી નથી, એટલે અભયકુમાર મનમાં વધારે ચિંતા કરવા લાગ્યો. દરમ્યાન નગર બહાર ઈન્દ્ર-મહોત્સવમાં નટે પોતાની કળા બતાવવા માટે ખેલ શરુ કર્યો, તેમાં નગરના ઘણા લોકો એકઠા થયા હતા. ત્યાં અભય પણ ગયો અનેતેના ભાવ જાણવા માટે કહ્યું કે, 'હે લોકો ! જ્યાં સુધી નટ ન આવે, ત્યાં સુધી હું એક કથાનક સંભળાવું, તે સાંભળો. લોકોએ કહ્યું કે, 'હે નાથ ! ભલે કહો.'

## કુમારી કન્યા કથા

વસંતપુર નામના નગરમાં જીર્ણ શેઠની કન્યાને દારિદ્રથી પરાભૂત થવાના કારણે પિતાએ પરણાવી ન હતી. કન્યા બહુ મોટી વયવાળી થઈ, એટલે વર મેળવવાની ઈચ્છાથી તે કામદેવની પૂજા કરવા લાગી એક બગીચામાંથી પુષ્પો ચોરીને જતી હતી, એટલામાં માળી આવી પહોંચ્યો અને વિકાર-બુદ્ધિથી કંઈક કહ્યું. ત્યારેકુમારીએ માળીને કહ્યું કે, 'તને બહેન, કે બેટીઓ મારા સરખી નથી કે કુંવારી કન્યાને તું આમકહે છે.' ત્યારે માળીએકહ્યું કે, જ્યારે તારાં લગ્ન થાય એટલે પતિ પાસે જવા પહેલાં મારી પાસે આવવું' એ કબૂલાત કરે તો જ તને છોડીશ, નહીંતર નહીં છોડીશ.' એ વાત સ્વીકારીને તે પોતાના ઘરે ગઈ. કોઈકસમયે તુષ્ટ થયેલા કામદેવે શ્રેષ્ઠ મંત્રીપુત્ર વર આપ્યો. સારા મુહૂર્ત-સમયે પાણિગ્રહણ-વિધિ થયો અને સૂર્યાસ્ત સમય થયો. કાજળ અને ભમરા સરખી છાયાવાળી અંધકાર-શ્રેણી દિશામાં ફેલાવા લાગી, દિવસના ભાગમાં મ્લાન બનેલા કુમુદખંડનાં મંડલો વિકસિત થયા અને ચંદ્રમંડલનો ઉદય થયો.

હવે વિચિત્ર રત્નમય આભૂષણોથી અલંકૃત થયેલ સર્વાંગવાળી તે નવોઢાએ વાસભવનમાં આવીને ભર્તારને વિનંતિ કરી કે, 'આગળ માળી સાથે મેં કબૂલાત આપેલી છે કે, 'લગ્ન કર્યા પછી મારે પ્રથમ તેની પાસે જવું-માટે મને ત્યાં જવાની આજ્ઞા આપો.' 'આ સત્ય પ્રતિજ્ઞાવાળી છે' એમ માનતા પતિએ જવાની રજા આપી. એટલે શ્રેષ્ઠ આભૂષણો પહેરીને જતી હતી,ત્યારે નગરની બહાર ચોરોએ દેખી. 'મહાનિધિ પ્રાપ્ત થયો' એમ બોલતા ચોરોએ પકડી, એટલે તેણે પોતાનો સદ્ભાવ જણાવ્યો ચોરોએ કહ્યું, 'ભલે જલ્દી જા, પરંતુ પાછી આવે, ત્યારે અમો તારાં આભૂષણો લૂટીને નાસી જઈશું.' 'ભલે, એમ કરીશ' એમ કહીને આગળ ચાલી અને અર્ધમાર્ગે આવી ત્યાં ચંચળ કીકીથી ઉછળતા નેત્રવાળા, રણઝણ શબ્દ કરતા લાંબા દાંતવાળા, પહોળા કરેલા ભયંકર મુખ પોલાણવાળા, 'લાંબા કાળથી ભૂખ્યો છું, માટે 'આવ આવ' એમ બોલતા,અત્યંત ભયલાગે તેવા શરીરની બીહામણી આકૃતિવાળા, જેની સામું દેખી ન શકાય તેવા રાક્ષસને જોયો. તેણે પણ પકડીને રોકી, એટલે તેને પણ પોતાનો પરમાર્થ જણાવ્યો, એટલે છોડી. બગીચામાં જઈને સુખેથી સૂતેલા માળીને જગાડીને કહ્યું કે, 'હે સુંદર દેહવાળા ! તે હું અત્રે આવી પહોંચી છું.' માળીએ કહ્યું કે, આવા રાત્રિના સમયે આભૂષણ પહેરેલી એકલી કેવી રીતે આવી શકી ? આ પ્રમાણે પૂછાએલી બાલાએ જે બન્યું હતું તે જણાવ્યું, ત્યારે માળી વિચારવા લાગ્યોકે, અહો ! 'ખરેખર સત્ય પ્રતિજ્ઞા પાળનારી આ મહાસતી છે.' એમ વિચારતાં તેના ચરણમાં પડી નમસ્કાર કરી માળીએ તેને મુક્ત કરી.ત્યાર પછી રાક્ષસ પાસે પહોંચી અને માળીનો બનેલો વૃત્તાન્ત જણાવ્યો. 'અહો ! આ કુમારી મહાપ્રભાવવાળી છે.' એમ કહીને છોડી દીધી. રાક્ષસ પણ પગે પડ્યો. ત્યાંથી મુક્ત થઈને ચોર પાસે ગઈ અને પહેલાંનો બનેલો સર્વ વૃત્તાન્ત જણાવ્યો. ચોરોએ પણ અતિશય પ્રભાવવાળી દેખી તેના તરફ ઉત્પન્ન થયેલા પક્ષપાતવાળા તેઓએ પગે પડીને આભૂષણ સહિત પોતાના ઘરે વિદાય કરી. હવે આભૂષણ સહિત, અક્ષત

દેહે અખંડિત શીલ-સહિત પતિ પાસે પહોંચી બનેલો સર્વ વૃત્તાન્ત જણાવ્યો. ખુશ થયેલા પતિ સાથે આખી રાત્રિ સૂઈ ગઈ. પ્રભાત સમય થયો, એટલે મંત્રીપુત્ર વિચારવા લાગ્યો. "ઇચ્છાનુસાર રહેનાર, સારા રૂપવંત, સુખ-દુઃખમાં સમાન ભાગીદાર, ગુપ્ત વાતને ગંભીરતાથી છૂપાવનાર, એવા મિત્રને અને મહિલાને ભાગ્યશાળીઓ જ જાગીને દેખે છે." એમ વિચારીને તેને સમગ્ર ઘરની સ્વામિની બનાવી.કારણકે, 'નિષ્કપટ પ્રેમ હૈયામાં રાખનાર પ્રત્યે શું એવું છે કે જે ન સમર્પણ કરાય ?' આ પ્રમાણે પતિ,ચોર રાક્ષસ અને માળીમાંથી કોણે દુષ્કર ત્યાગ કરેલો ગણાય ? તે મને કહો.

જે ઇર્ષ્યાળુઓ હતા,તેમણે કહ્યું કે, 'હે સ્વામી ! પતિએ દુષ્કર કર્યું, કારણ કે તેણે પરપુરુષપાસે જવા રાત્રે અનુમતિ આપી.' ક્ષુધાતુરો બોલ્યા કે, 'રાક્ષસે દુષ્કર કાર્ય કર્યું,કારણ કે,લાંબા સમયનો ભૂખ્યોહોવા છતાં પણ તેમ જ ભક્ષ્ય સામે છતાં પણ ભક્ષણ ન કર્યું.' પરસ્ત્રી ભોગવનારાઓને કહ્યું કે, 'હે દેવ ! એકલો માળી જ દુષ્કરકારક ગણાય.કારણ કે, પોતે મેળવી છતાં પણ જેણે ત્યાગી.' ચંડાળે કહ્યું કે, 'ગમે તેમ હોય, પણ ચોરોએ દુષ્કર કાર્યકર્યું ગણાય. કારણ કે એકાંત છતાં સુવર્ણના દાગીના સહિત તેને જવા દીધી.' આ પ્રમાણે ચંડાળે કહ્યું, એટલે અભયકુમારે ચોરનો નિશ્ચય કર્યો. પછી પકડાવીને કહ્યુ કે, 'બગીચો કેવી રીતે ચોર્યો ?' ચંડાળે કહ્યું કે, 'હે નાથ ! મારી વિદ્યાના બળથી.' એ સમગ્ર વૃત્તાન્ત શ્રેણિકને કહ્યો. રાજાએ કહેવરાવ્યું કે, તારી વિદ્યાઓ જો તું મને આપે, તો તું છૂટી શકે, નહિંતર તારા પ્રાણ લેવાશે.' ચંડાળે વિદ્યાદાન કરવાનું સ્વીકાર્યું. હવે શ્રેણિક રાજાએ રાજસિંહાસન ઉપર બેસીને વિદ્યા ભણવાનું શરુ કર્યું. વારંવાર પદો બોલાવી ગોખે છે, ઘણો પ્રયત્ન કરે છે, પરંતુ રાજાને વિદ્યા આવડતી નથી,એટલે રાજા ચંડાળ ઉપર રોષાયમાન થઈને કહે છે કે, 'તું મને વિદ્યા બરાબર આપતો નથી.' ત્યારે વચમાં અભયે કહ્યું કે, 'હે દેવ ! આપને વિદ્યા નથી આવડતી,તેમાં તેનો અલ્પ પણ દોષ.નથી. વિનયથી ગ્રહણ કરેલી વિદ્યાઓ સ્થિર અને ફળ આપનારી થાય છે તો આ ચંડાળને સિંહાસન ઉપર બેસાડી આપ નીચે પૃથ્વી ઉપર બેસીને વિનય સહિત હવે ભણો. જેથી વિદ્યા આવડી જાય.'

તે જ પ્રમાણે રાજાએ કર્યું, એટલે વિદ્યાઓ જલ્દી રાજામાં સંક્રાન્ત થઈ. ત્યાર પછી અત્યંત સ્નેહીજન માફક તેનો સત્કાર કરી વિદાય કર્યો.માટે જો આ લોકનાં તુચ્છ કાર્ય સાધી આપનાર વિદ્યા પણ હૃદયમાં ભાવ-બહુમાન રાખીને મેળવી શકાય છે અને હીનજાતિના ગુરુનો પણ અતિ વિનય કરવાથી જ મેળવી શકાય છે, તો પછી સમસ્ત મનોવાંછિત પદાર્થ દેવા સમર્થ જિનવચન આપનાર પ્રત્યે ડાહ્યો પુરુષ વિનયથી વિમુખ કેમબની શકે ? (૬૭)

બાકીની સંગ્રહણી ગાથાનો ભાવાર્થ :—

દેવે એકથંભિયો મહેલ બનાવી આપ્યો, તેમ જ મહેલની ચારે દિશામાં વસંત, ગ્રીષ્મ વર્ષા શરદ, હેમંત અને શિશિર એમ છએ ઋતુ સાથે રહે-તેવા પ્રકારનાં ફળ, ફૂલો દરરોજ દરેક ઋતુનાં સાથે ઉત્પન્ન થાય,તેવો બગીચો પણ દેવે કરી આપ્યો. કોઈક સમયે ચંડાલ-પત્નીને આમ્રફલ ઉત્પન્ન થાયતેવા સમયે આમ્રફલ ખાવાનો દોહલો થયો. ચાંડાલે પોતાની

વિદ્યાના બળથી તે બગીચામાંથી આમ્રવૃક્ષની શાખા નમાવીને આમ્રફલ તોડી લીધાં. ત્યાર પછી શ્રેણિક રાજાએ ફલ વગરની શાખા દેખી કોપ કર્યો અને અભયને ચોર શોધવાની આજ્ઞા આપી. (૨૧) તેની શોધ કરતાં ઇન્દ્રમહોત્સવમાં નટના ખેલ-પ્રસંગે એકઠા થયેલા લોકોને અભયકુમારે એક મોટી કન્યાની કથા સંભળાવી. (૨૨) કોઈક કુમારી પતિ મેળવવા માટે, કામદેવની પૂજા માટેબગીચામાંથી વગર રજાએ પુષ્પો તોડતી હતી, તેને માલીએ અટકાવી. 'લગ્ન કર્યા પછી પ્રથમ મારી પાસે આવવું' એ શરતે મુક્ત કરી. લગ્ન થયા પછી આગલો વૃત્તાન્ત કહી પતિની રજા લઈ માળી પાસે ગઈ. (૨૩) માર્ગમાં જતાં જતાં ચોરો અને રાક્ષસ મળ્યા. તેમને યથાર્થ હકીકત જણાવી, તેથી તેઓએ પણ વળતાં આવવાની શરતે મુક્ત કરી. અનુક્રમે તે શરત પ્રમાણે માળીની પાસે આવી. માળીએ સ્ખલના કર્યા વગર, સ્ફટિક ઉપલ સરખી ઉજ્જવલ શીલવાળીને રાક્ષસે ભક્ષણ ન કર્યું, ચોરોએ પણ ન લૂંટી-એવા પ્રકારની અખંડિત શીલવાળીપતિ પાસે આવી પહોંચી. ત્યાર પછી અભયે લોકોને પૂછયુંકે, માલી, રાક્ષસ, ચોર અને પતિ આ ચારમાંથી કોણે દુષ્કર કાર્ય કર્યું ? ત્યારે પ્રેક્ષકગણે પોતપોતાના અભિપ્રાયો જણાવ્યા. (૨૪) ઈર્ષ્યાળુ, ભક્ષક, ચોર વિષયક અભયને જ્ઞાન થયું, એટલે માતંગ-ચોરને પકડ્યો. પૂછયું કે, 'બહાર રહીને તેં કેવી રીતે આમ્રફલો ગ્રહણ કર્યાં ?' 'વિદ્યાના પ્રભાવથી.' અભયે એ હકીકત શ્રેણિકને નિવેદન કરી. ચંડાલને એ વિદ્યાદાન આપવાની શિક્ષા કરી. ચંડાલે તે સ્વીકાર્યું. શ્રેણિકને વિદ્યાદાન આપવાનું શરુ કર્યું. આસનભૂમિ ચંડાલને આપી, પોતે સિંહાસન પર બેઠા. શ્રેણિકને વિદ્યા ન પરિણમી ન આવડી. (૨૫) તેથી રાજાનેકોપ થયો કે, 'તું મને બરાબર વિદ્યાદાન કરતો નથી.' ચંડાલે કહ્યું કે, 'હું તેમાં બિલકુલ વિતથ કરતો નથી.' અભયે કહ્યું કે, 'વિદ્યા લેનારે વિનય કરવો જોઈએ, અવિનયથી વિદ્યા મળતી નથી.' આપે ભૂમિ ઉપર અને તેને સિંહાસન પર બેસાડવો જોઈ. પછી રાજા પૃથ્વી ઉપર બેઠા. ચંડાલને સિંહાસન પર બેસાડયો. ત્યાર પછીરાજાને ચંડાલની ડાળ નમાવવાની અને ઉંચી કરવાની વિદ્યાઓ આવડી ગઈ-એ જ પ્રમાણે બીજા વિષયમાં પણ વિદ્યા ગ્રહણ કરનારે વિનય કરવો જોઇએ. જે માટે કહેલું છે કે - "વિનયથી ભણેલું શ્રુતજ્ઞાન કદાચ પ્રમાદથી ભૂલી જાય,તો પણ બીજા ભવમાં જલ્દી યાદ આવી જાય, અથવા તો કેવલજ્ઞાન પામે." (૨૬)

આ જ વાત અન્વય અને વ્યતિરેક-સવળી અવળી રીતિથી કહે છે –

## અન્વય વ્યતિરેકથી વિનયફળ

ભણવાની માંડલી બેસવાની હોય, તે સ્થાન પર કાજો લેવો, ગુરુનું આસન તૈયાર કરવું, દ્વાદશાવર્ત વંદન, કાયોત્સર્ગ કરવો વગેરે સિદ્ધાંતમાંકહેલ વિધિથી, સૂત્ર અને અર્થ આપનાર આચાર્યનો વિનય-આવે. ત્યારે ઉભા થવું, આસન આપવું, પગ પખાળવા, વિશ્રામણાકરવી,યોગ્ય આહાર, પાણી, ઔષધ લાવી આપવાં, તેમના ચિત્તની પ્રસન્નતા રહે, તેમ તેમની ઇચ્છાને અનુસરવું-આવા પ્રકારનો વિધિપૂર્વકનો ગુરુ-વિનય કરવો. આ પ્રમાણે શ્રેણિક રાજાના ન્યાયથી સૂત્ર-પરિણતિ, સૂત્ર-અર્થની પરિપાટી ગ્રહણ કરવામાં આવે, તો તે

જ્ઞાન આત્માની સાથે ઐક્યભાવે પ્રાપ્ત થાય છે. અર્થાત્ આત્માને જ્ઞાન આવડી જાય છે. સારો ઉપાયકર્યા પછી પોતાનું સાધ્ય પાર પામ્યા સિવાય રહેતું નથી. તે સિવાય અવિધિ અને ગુરુનો અવિનય કરીને સૂત્ર, અર્થ ગ્રહણ કરે તો, વિપરીત સાધ્યને સાધનારું થાય.સૂત્ર ગ્રહણ કર્યાનું ફલ તો યથાવસ્થિત ઉત્સર્ગ અપવાદ સહિત શુદ્ધ હોય, ઉપાદેય પદાર્થોનું જ્ઞાન અને તેના અનુસારે ચરણ-કરણની પ્રવૃત્તિ સાચી દિશામાં થાય. અવિધિ અને ગુરુનાં વિનયરહિત એવા દોષવાળા આત્માને સૂત્ર ગ્રહણની પ્રવૃત્તિ કદાચ થાય, તો પણ જ્ઞાન અને ચરણ-કરણ વિપરીત થાય (૨૭)

દૃષ્ટાંત દ્વારા વિપરીતફલ જણાવે છે –

જ્વર-તાવ હોયતે વખતે ઠંડું પર્પટક (પિત્તપાપડો) ઔષધ પણ પિત્તાદિના પ્રકોપથી ઉત્પન્ન થયેલ તાવમાં દોષફળ કરનારા થાય છે, તો પછી બીજા-પ્રકોપના કારણભૂત ઘી વગેરે તો સન્નિપાત વગેરે મહારોગના કારણભૂત પદાર્થની શી વાત કરવી ? 'હે ભવ્યાત્મા ! આ વસ્તુ તો જગતમાં સિદ્ધ અને પ્રત્યક્ષ છે.'

આ પ્રમાણે દૃષ્ટાન્ત બતાવીને દાર્ષ્ટાન્તિકમાં જોડતાં કહે છે. એ પ્રમાણે સર્વજ્ઞ ભગવંતે નિરૂપણ કરેલા જીવ, અજીવ વગેરે પદાર્થોમાં નિત્ય અનિત્ય વગેરે વિચિત્ર પર્યાય-પરંપરા રહેલી છે. તેની વિપરીત શ્રદ્ધા કરવા રૂપ મિથ્યાત્વ, તે મિથ્યાત્વરૂપ જ્વરનો આત્મામાં ઉદય થાય.

## સાત પ્રકારનાં મિથ્યાત્વ

મિથ્યાત્વ સાત પ્રકારનાંકહેલાં છે : ૧ ઐકાંતિક, ૨ સાંશયિક, ૩ વૈનયિક, ૪ પૂર્વવ્યુદ્ગ્રાહ, ૫ વિપરીતરુચિ, ૬ નિસર્ગ મિથ્યાત્વ અને ૭ મૂઢદૃષ્ટિ. જિનેશ્વરોએ કહેલા પદાર્થોની અશ્રદ્ધા કરવા સ્વરૂપ ઐકાંતિક આદિ સાત ભેદોવાળું મિથ્યાત્વ કહેલું છે. જીવ સર્વથા ક્ષણિક કે અક્ષણિક,સગુણ કે નિર્ગુણ જ છે-એમ કહેવું તે ૧ ઐકાંતિક મિથ્યાત્વ. વીતરાગે સર્વજ્ઞે જીવ, અજીવાદિ પદાર્થો કહેલા છે, તે સાચા હશે કે નહિ એમ સંકલ્પ કરવો, તે ૨ સાંશયિક મિથ્યાત્વ સર્વે આગમો-શાસ્ત્રો, લિંગ-વેષવાળા સર્વદેવો, સર્વ ધર્મો હંમેશા સરખા જ છે-એવા પ્રકારની જે બુદ્ધિ હોય,તેને જિનેશ્વરોએ વૈનયિક મિથ્યાત્વ કહેલું છે. ચામડીયાના ટોળામાં ચામડાના ટૂકડાનું ભોજન હોય તેવા કુહેતુ અને કુદૃષ્ટાંતોથી ભરમાવેલો સાચા તત્ત્વને ન પામે, તે ૪ પૂર્વવ્યુદ્ગ્રાહી મિથ્યાત્વ.તાવ આવેલાને મધુરરસ ચખાડો તો કડવો લાગે અને કડવો મધુર લાગેતેમ ખોટાને ખરું માને, તે ૫ વિપરીતરુચિ નામનું મિથ્યાત્વ. જન્માંધ પુરુષ જેમ સારા કે ખરાબ રૂપને સર્વથા ન જાણે, તેમ જે તત્ત્વ કે અતત્ત્વને સ્વરૂપથી ન જાણે તે ૬ નિસર્ગ મિથ્યાત્વ. યુક્ત-અયુક્તનો વિચાર ન કરનાર રાગીને દેવકહે, સ્ત્રી, પરિગ્રહ આદિના સંગવાળાને ગુરુ કહે, પ્રાણીની હિંસામાં ધર્મ કહે, તે ૭ મૂઢદૃષ્ટિ મિથ્યાત્વ કહેવાય. આવા ભેદોવાળું મિથ્યાત્વ દુઃખે કરીને નિવારી શકાય તેવાં ગાઢ દુઃખ કરનાર હોવાથી જ્વર રોગ-વિશેષતેમાં ઉત્પન્ન થાય. આનો તાત્પર્યા એ સમજવો

કે, જેમ તાવ આવ્યો હોય, ત્યારે તેને ઉતારવા માટે આપેલું ઔષધ ગુણ કરનાર થતું નથી, પરંતુ ઉલટું મોટા દોષને ઉત્પન્ન કરનારું થાય છે. (કેટલાક ઔષધોથી રીએકશન વધારે દરદ ઉત્પન્ન થાય છે.)

એ જ પ્રમાણે સૂત્ર પણ સંસારની વ્યાધિ અને પીડાઓને રોકનાર એવા શ્રેષ્ઠ ઔષધ સમાન હોવા છતાં દુર્વિનીત સ્વભાવાળા અને અવિધિ કરનાર જીવને મહામિથ્યાત્વના ઉદયમાં અવગુણ કરનાર થાય છે. આ જ વાત બીજે સ્થળે પણ જણાવેલી છે કે - 'સાતે પ્રકારના મિથ્યાત્વથી મોહિત એવા જીવને, વિષ વ્યાપેલાને અથવા જેને સર્પ કરડ્યોહોય અનેતેનું ઝેર શરીરમાં વ્યાપી ગયું હોય ત્યારે તેની પરીક્ષા કરવા માટે સાકર ખવરાવે, તો કડવી લાગે અનેલિંબડાનો રસ પાય તો મીઠો લાગે, તેમ મિથ્યાત્વ-ઝેર વ્યાપેલા આત્માને તત્ત્વો વિપરીત જણાય. તથા નવા આવેલા તાવમાં શામક ઔષધ પણ નુકશાન -કારક થાય છે,તેમ અપ્રશાંત મતિવાળાપાસે શાસ્ત્રના સાચા પદાર્થો જણાવવામાં આવે, તો તે તેને દોષ-નુકશાન કરનાર થાય છે. જેમ સર્પ દૂધપાનકરે, તો પણ વિષનો ત્યાગ કરતો નથી. (૨૮)

આ પ્રમાણે શિષ્ય વિષયક ઉપદેશ આપી હવે ગુરુ સંબંધી ઉપદેશ કહે છે-

गुरुणावि सुत्तदाणं विहिणा जोग्गाण चेव कायव्वं

सुत्ताणु सारओ खलु सिद्धायरिया इहहिरणं ॥२९॥

## સૂત્રદાન-ક્રમ

ગાથાર્થ→ ગુરુએ પણ વિધિ સહિત યોગ્ય શિષ્યોને સૂત્રના અનુસારે સૂત્રદાન કરવું જોઈએ. આ વિષયમાં સિદ્ધાચાર્યનું ઉદાહરણ અનુસરવું.

હવે આ જ ગાથાનો અર્થ વિવરણકાર વિસ્તારથી કહે છે. 'શાસ્ત્રના પ્રાપ્ત કરેલા યથાર્થ અર્થને જે કહે,તે 'ગુરુ' શબ્દની વ્યુત્પત્તિથી વ્યાખ્યા કરી. ગુરુના નામને સાર્થક કરનાર,પોતાના અને અન્ય મતના દર્શનોનાં શાસ્ત્રોના જાણકાર, સામાના આશયને સમજનાર, પરહિતકરવા સદા તત્પર એવા જે યતિ-સાધુવિશેષ, તે ગુરુ. તેણે પણ શ્રુત-રત્ન વિધિ સહિત ક્રમપૂર્વક યોગ્ય શિષ્યોને આપવું. એકલા શિષ્યે જ વિધિ અને વિનય સહિત સૂત્ર ગ્રહણ કરવું-એમ નહિ, પરંતુ ગુરુએ પણ આગળ જણાવીશું, તેવા યોગ્ય પાત્ર શિષ્યને સૂત્ર-રત્નનું દાન કરવું, પરંતુ અયોગ્ય શિષ્યને ન આપવું. કહેલું છે કે, "વિનયથી નમ્ર હોય, બે હાથથી મસ્તકે અંજલિ કરતો હોય, ચિત્તને પારખી ગુરુના કાર્યને જલ્દી કરનાર હોય, તે પ્રમાણે ગુરુના ચિત્તને પ્રસન્ન કરવામાં આવે, તો તેવા પ્રસન્ન થયેલા ગુરુમહારાજ તરત મોકળા મનથી ઘણા પ્રકારના સૂત્રાર્થો આપે." તથા-"પૂર્ણ વિનય સહિત દેશ અને કાલાનુસાર સંયમના સાધનભૂત યોગ્ય ઉપધિ અને યોગ્યદ્રવ્યો લાવી આપનાર, ગુરુના ચિત્તને ઓળખનાર, ગુરુની અનૂકૂલતા પ્રમાણે વર્તનાર શિષ્ય શ્રુતજ્ઞાન સારી રીતે મેળવે છે." કેવી રીતે ? "**વ્યવહારભાષ્ય** સૂત્રમાં કહેલા ક્રમથી અક્રમથી એટલે આગમમાં જણાવેલ ક્રમનું ઉલ્લંઘન કરનાર જડ માણસ નક્કી તેનો દ્વેષી થાય છે. આગમથી જ આ સર્વ વ્યવહાર

વ્યવસ્થિત રીતે ચાલે છે. જો તેમાં કોઈ જિદ્દિ હોય- હઠ કરે, તો ખરેખર તે અજ્ઞાનીનો સરદાર છે." સૂત્રમાં કહેલા ક્રમને અનુસારે તે આ પ્રમાણે સમજવું - "ત્રણ વરસનો દીક્ષા-પર્યાય થયો હોય તેવા સાધુને **આચાર-પ્રકલ્પ** નામનું અધ્યયન, ચાર વરસના પર્યાયવાળાને **સૂયગડાંગ સૂત્ર,** પાંચ વરસના પર્યાયવાળાને **દશાશ્રુતસ્કંધ, બૃહત્કલ્પ** અને **વ્યવહાર સૂત્ર,** આઠ વર્ષના પર્યાયવાળાને **સ્થાનાંગ** અને **સમવાયાંગ સૂત્રો,** દશ વર્ષના પર્યાયવાળાને **વિવાહ-પ્રજ્ઞપ્તિ** એટલે કે ભગવતી **સૂત્ર** યોગોદ્વહનપૂર્વક ભણાવે. જો કે, દરેક **સૂત્રો** યોગોદ્વહનપૂર્વક ગુરુમહારાજ ભણાવે છે. અગિયાર વર્ષના પર્યાયવાળાને ખુડ્ડિયા વિમાન વિગેરે અધ્યયનો ભણાવવાં. બાર વર્ષ પર્યાયવાળાને અરુણોવવાઈ આદિ પાંચ અધ્યયનો, તેર વર્ષ પર્યાયવાળાને **ઉત્થાન શ્રુત** આદિ ચાર, ચૌદ વર્ષ પર્યાયવાળાને **આશીવિષ ભાવના** અધ્યયન ભણાવવું-એમ જિનેશ્વરોએકહેલું છે. પંદર વર્ષના દીક્ષિતને **દષ્ટિવિષ ભાવના** અધ્યયન ભણાવવું. સોળ વર્ષ અને તેમાં ઉત્તરોત્તર એક વર્ષ પર્યાય વધતો જાય, તેમને અનુક્રમે **ચારણ ભાવના, મહાસુમિણ ભાવના, તેયગ્ગનિસગ્ગ** સૂત્રો ભણાવવાં. ઓગણીશ વર્ષના પર્યાયવાળાને **દષ્ટિવાદ** નામનું બારમું અંગ ભણાવવું અને સંપૂર્ણ વીશ વર્ષના પર્યાયવાળા સાધુને સર્વ સૂત્રો ભણવાશ્રયી અને ગુરુએ ભણાવવાનો અધિકાર છે.

સાધ્વીને આશ્રયીને સૂત્રને અનુસારે એવો વ્યવહાર છે કે, અકાલચારીપણું આદિનો ત્યાગ કરવો. અકાલચારિત્વનું લક્ષણ આ પ્રમાણે સમજવું - "અષ્ટમી, પાક્ષિક, તથા વાચના-કાળ સિવાયના સમયમાં સાધુના ઉપાશ્રય કે રહેવાના સ્થાનમાં આવતી સાધ્વીઓને અકાલચારી કહેવાય."

આ વિષયમાં સૂત્રાનુસારે સૂત્રદાન આપવામાં સિદ્ધ નામના આચાર્ય દષ્ટાંતરૂપ છે. દષ્ટાંત આહરણ પણ કહેવાય. જેનાથી આકર્ષણ કરાય, પ્રતીતિ શ્રદ્ધા-વિશ્વાસ ઉત્પન્ન કરાય, તે આહરણ અથવા દષ્ટાંત કહેવાય. (૨૯) ૩૦ થી ૩૪ ગાથામાં સિદ્ધાચાર્ય વિષયક સંગ્રહાર્થ જણાવ્યો છે. જેનો વિસ્તાર વિવરણકાર કથા દ્વારા કહે છે –

## અકાલચારી સાધ્વી સંબંધી સિદ્ધાચાર્ય-કથા

આ જ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં ઈન્દ્રપુરી સમાન વિબુધો એટલે દેવતાઓ અને પંડિતોના હૃદયને આશ્ચર્ય પમાડનાર, નિરંતર પ્રવર્તતા મહામહોત્સવવાળી, શ્રીવાસુપૂજ્યસ્વામીના વચ(દ)ન રૂપી ચંદ્રથી વિકસિત થયેલ, ભવ્યો રૂપી કુમુદવનથી યુક્ત, વિષ્ણુની મૂર્તિની જેમ લક્ષ્મીથી શોભતી અને જયપતાકાવાળી ચંપા નામની પુરી હતી. ત્યાં કુબેરના ધનભંડારને પરાભવ કરનાર, ગુણોથી વિશિષ્ટ ધન નામનો ધનપતિ રહેતો હતો.તેને તામ્રલિપ્તિના રહેવાસી વસુ નામના વેપારી સાથે નિષ્કપટ ભાવવાળી મૈત્રી બંધાઈ જૈનધર્મનું પાલન કરવામાં તત્પર, ઉત્તમ સાધુઓના ચરણની સેવા કરનાર એવા તેઓના દિવસો પસાર થતા હતા. એક સમયે પોતાની પરસ્પર પ્રીતિ કાયમ માટે ટકી રહે તે માટે ધનશેઠે પોતાની સુંદરી નામની પુત્રી વસુ શેઠના નંદપુત્રને આપી. સારા મુહૂર્તે ઘણા આડંબરથી, ઘણું ધન ખરચીને ત્રણભુવનને આશ્ચર્ય પમાડે તેવો લગ્ન મહોત્સવ કર્યો. હવે નંદ પૂર્વોપાર્જિત પુણ્ય-

વૃક્ષના પ્રતાપે સુંદરીની સાથે વિષયસુખ ભોગવતો દિવસો પસાર કરતો હતો.તે અતિનિર્મલ બુદ્ધિવાળો હોવાથી જિનમતનો જાણકાર હતો. કોઈક સમયેતેને વિચાર આવ્યો કે, "જે પુરુષ વ્યવસાય અને વૈભવથી રહિત હોય તે લોકમાં નિંદાય છે અને તે કાયર ગણાય છે. તેની પહેલાની લક્ષ્મી પણ જલ્દી ચાલીજાય છે. માટે બાપ-દાદાની પરંપરાથી ચાલ્યો આવતો વહાણનો ધંધો શરુ કરું. પૂર્વ પુરુષોએ ઉપાર્જન કરેલ ધનનો વિલાસ કરવો-એમાં મારી કઈ શોભા ગણાય ? જે કોઈ પોતાની ભુજાથી ઉપાર્જન કરેલ દ્રવ્યથી દરરોજ યાચકોના મનોવાંછિત પૂર્ણ કરતો નથી, તેવાનું જીવતર આ જગતમાં શા કામનું ? જે વિદ્યા અને પરાક્રમથી પ્રશંસા પામેલી વર્તણુક વડે જીવન પસાર કરે છે, તેનું જીવતર અભિનંદનીય છે. બીજાના જીવનની કિંમત ગણાતી નથી. આ જગતમાં જળના પરપોટા સમાન અનેક પુરુષો ઉત્પન્નથાય છે અને વિનાશ પામે છે, પરંતુ પરોપકાર રહિત તેવાથી શો લાભ ? સજ્જન પુરુષોના ગુણોના કીર્તન -સમયેં દાનાદિ ગુણ સમૂહથી જેનું પ્રથમ નામ લેવાતુ નથી, તે પણ કેવીરીતે પ્રશંસનીય ગણાય ?" એમ વિચારીને સામે પાર ન મળતાં કરિયાણાંઓથી વહાણ ભરાવ્યું અને દરિયાપાર જળ-મુસાફરી કરવાની તૈયારીકરાવી.પરદેશ જવા ઉત્સુક પતિને દેખીને તેના વિરહથી કાયર બનેલી, અત્યંત શોક પામેલી સુંદરી આમકહેવા લાગી કે, 'હે આર્યપુત્ર ! હું પણ તમારી સાથે જ આવીશ. પ્રેમથી તમારામાં પરવશ બનેલું ચિત્ત કોઈપ્રકારે હું સ્થિર રાખી શકતી નથી.' એમ કહ્યું - એટલે ગાઢ સ્નેહભાવથી આકર્ષાયેલા નંદે તે વાત સ્વીકારી ત્યાર પછી નીકળવાનો સમય થયો. એટલે બંને ઉત્તમ યાનપાત્રમાં આરૂઢ થયા, તેમ જ હેમ-ખેમ આનંદથી સામે પાર પહોંચી ગયા. (૨૦)

વહાણમાં ભરી ગયેલા માલને વેચી નાખ્યો, તેમાં સારી કમાણી થઈ. ત્યાંથી બીજું દુર્લભ કરિયાણું ખરીદ કરીને પાછા ફરતાં સમુદ્રમાં પૂર્વકૃત કર્મની પરિણતિના યોગે, સખત પવન ફૂંકાવાના કારણે વહાણ ડોલવા લાગ્યુંઅને ક્ષણવારમાં તેના સેંકડો ટૂકડા થઈ ગયા. છતાં તેવા પ્રકારની ભવિતવ્યતાના યોગે તે બંનને પાટીયાં મળી ગયાં અને તેઓ જલ્દી એક કિનારે આવી પહોંચ્યા. 'દૈવ ન ધારેલું બનાવે છે અને સારી રીતે બનેલાનો વિનાશ કરે છે.' એવા દૈવયોગે એક-બીજાના વિયોગના કારણે દુઃખી બનેલા તેઓનો મેળાપ થયો. ત્યારે હર્ષ અને શોકના મિશ્રભાવને અનુભવતી સુંદરી ઉછળતા દૃઢ સ્નેહાનુરાગથી એકદમ નંદના કંઠમાં દૈન્યભાવથી વલઘી પડી. અટકયા વગર એક સરખાં ગળતાં અશ્રુઓથી જાણે સમુદ્રના સંગથી લાગેલાં જળબિંદુઓનો પ્રવાહ છોડતી હોય તેમ જણાતી હતી. ત્યારે કોઈ પ્રકારે ધીરજ ધારણ કરી નંદે કહ્યું કે - "હે સુંદરી ! આમ અત્યંત મ્લાનમુખ કરીને શોક શા માટે કરે છે ? હે મૃગાક્ષી ! આ જગતમાં એવો કોણ જન્મ્યો છેકે, જેને સંકટ ઉત્પન્ન થયાં નથી ? અથવા તો જન્મ-મરણ થતાં નથી. હે કમલ સરખા મુખવાળી ! આકાશના ચૂડામણિ સમાન સૂર્યની પણ હંમેશાં ઉદય, પ્રતાપ અને અસ્ત એવી દશાઓ થાય છે. અથવા તો તેં જિન-પ્રવચનમાં એમ નથી સાંભળ્યું કે, 'ઇન્દ્રો પણ પૂર્વકૃતસુકૃતના ક્ષયમાં દુઃખી અવસ્થા અનુભવે છે. હે સુતનું ! કર્માધીન જીવોએ આટલા દુઃખનો શો શોક કરવો ? કારણ કે જીવનીસાથે દુઃખની શ્રેણી પડછાયાની જેમ ભમ્યા જ કરે છે.' આ અને એવાં બીજાં વચનોથી સુંદરીને આશ્વાસન

આપીને મુહૂર્તકાળ વિશ્રાંતિ લઈને ભૂખ-તરસથી ખેદ પામેલો નંદ પ્રિયાની સાથે ચાલવા લાગ્યો. હવે સુંદરીએ કહ્યું કે, 'હે પ્રિયતમ ! મને ખૂબ થાક લાગેલો છે, મને તૃષા સખત લાગેલી છે, હવે એક પણ ડગલું આગળ ચાલવા સમર્થ નથી.' ત્યારે નંદે કહ્યું કે, 'હે પ્રિયે ! તું ક્ષણવાર અહિં વિશ્રામ કર કે, જેથી હું તારા માટેક્યાંયથી પાણી આણી આપું.' પત્નીએ એ વાત સ્વીકારી, ત્યારે નંદ નજીકના પ્રદેશમાં જળની તપાસ કરવા માટે તેને ત્યાં મૂકીને એકદમ ગયો. યમરાજા સરખા કાઢેલા ભયાનક મુખવાળા, તીવ્ર ક્ષુધા પામેલા, અતિ ચપળ લટકતી જીભવાળા સિંહે નંદને દેખ્યો. એટલે ભયથી કંપતા, અનશન આદિ કરવા લાયક કાર્યને વિસરી ગયેલા, આર્ત-રૌદ્ર ધ્યાનને પામલો, શરણ વગરના તેને સિંહે ફાડી ખાધો. છેલ્લી વખતે વગર પચ્ચક્ખાણે અને નવકારનું સ્મરણ કર્યા વગર આર્ત્તધ્યાન સહિત બાલ-મરણ પામવાના દોષના કારણે સમ્યક્ત્વ અને શ્રુતગુણથી રહિત એવો તે નંદ તે જ વનખંડમાં વાનરપણે ઉત્પન્ન થયો. આ બાજુ રાહ જોતી સુંદરી એક દિવસ વીતી ગયો, તો પણ નંદ પાછો ન આવ્યો-એટલે ક્ષોભ પામી.

'અત્યાર સુધી પાછા ન ફર્યા, એટલે નિશ્ચય થયો કે, જરૂર મૃત્યુ પામ્યા.' એમ વિચારતી તે ધસ કરીને ભૂમિતલમાં ઢળી પડી. મૂર્છાથી બીડાઈ ગયેલાં નેત્રોવાળી, મડદાની જેમ ક્ષણવાર નિશ્ચેષ્ટ થઈ ગઈ. વનમાં પુષ્પોની ગંધ ભરેલા વાયરાથી કંઈક પ્રાપ્ત થયેલા ચેતનવાળી તેણીએ દીન બની રુદન શરુ કર્યું. સજ્જડ દુઃખથી મુક્ત પોકાર કરતી આ પ્રમાણે વિલાપ કરવાલાગી- "હે આર્યપુત્ર ! હે જિનેન્દ્રના ચરણકમલની પૂજામાં રસિક ! હે સદ્ધર્મના મહાભંડાર ! તમો કયાં ગયા ? તેનો મને પ્રત્યુત્તર આપો. હે નિર્દય દૈવ ! ધન, સ્વજન, ઘર સર્વનો નાશ કર્યો, છતાં હજુ તને સંતોષ થયો નથી ? કે જેથી હે અનાર્ય ! તેં મારા આર્યપુત્રને અત્યારે નિધન પમાડયા હે પિતાજી ! પુત્રીવત્સલ હે માતાજી ! નિષ્કપટ સ્નેહવાળા તમો દુઃખસમુદ્રમાં ડૂબેલી તમારી પુત્રીની કેમ ઉપેક્ષા કરો છો ? આ પ્રમાણે લાંબા કાળ સુધી વિલાપ કરીને સજ્જડ પરિશ્રમના કારણે થાકેલા શરીરવાળી હથેળીમાં સ્થાપન કરેલા વદનવાળી અતિ તીક્ષ્ણ દુઃખને અનુભવી રહેલી હતી. તે સમયે અશ્વોનીક્રીડા કરવા માટે ત્યાં આવી પહોંચેલા શ્રીપુર નગરના પ્રિયંકર નામના રાજાએકોઈ પ્રકારે દેખીને વિચાર્યું કે, 'આ શું શાપ પામેલી કોઈ દેવાંગના હશે ? કે કામદેવથી વિરહ પામેલી રતિ હશે ?' કે વનદેવી કે કોઈ વિદ્યાધરની રમણી હશે ?' આશ્ચર્યચકિત મનવાળા તે રાજાએ તેને પુછ્યું કે, 'હે સુંદરાંગી ! તું કોણ છે ? અને ક્યા કારણે જંગલમાં વાસ કરે છે ? તું ક્યાંથી આવી અને આટલો સંતાપ શાથી કરે છે ?' ત્યાર પછી સુંદરી લાંબો ઉષ્ણ નિસાસો મૂકતી અને ગદ્ગદ સ્વરે શોકના કારણે બીડેલા નેત્રવાળી તે કહેવા લાગી કે, 'હે મહાસત્ત્વ ! સંકટોની પરંપરા ઉત્પન્ન કરવામાં અપૂર્વ ચતુર એવા દૈવના કાર્યમાં પરાધીન થયેલી દુઃખસમૂહના હેતુભૂત મારી કથાથી સર્યું. (૫૦)

'આપત્તિ પામેલી હોવા છતાં પણ ઉત્તમ કુળમાં જન્મ પામેલીહોવાથી આ પોતાનો વૃત્તાન્ત મને નહિં કહેશે'-એમ વિચારીને તે રાજા તેને મીઠાં વચનોથી કોઈ પ્રકારે સમજાવીને પોતાના ઘરે લઈ ગયો. ગાઢ આગ્રહ કરીને ભોજનાદિ વિધિ કરાવી.રાજા તેના મનના ઇચ્છિત

સર્વ પદાર્થો હાજર કરે છે, કંઈક અનુરાગ અને કંઈક સજ્જન પુરુષના સ્વભાવને કારણે હંમેશાં તેની સાર-સંભાળ આદર પૂર્વક કરતો હતો. સન્માનદાન, સ્નેહવાળી વાતચીતોથી મારા પ્રત્યે અનુરાગ થયો હશે-એમ માનનાર રાજાએ એકાંતમાં સુંદરીને કહ્યું કે હે ચંદ્રમુખી ! શરીર અને મનની શાંતિને દૂર કરનાર પૂર્વકાળના વૃત્તાન્તને વીસરી જઈને મારી સાથે ઇચ્છા પ્રમાણે વિષય-સુખનો આનંદ ભોગવ. નિરંતર શોકથી જળી રહેલ આ તારી કાય-લતા દીપકની શિખાથી તપેલ માલની -પુષ્પની માળાની જેમ કરમાયા કરે છે.હે સુંદરદેહવાલી ! પૂનમના ચંદ્રબિંબ સમાન લોકોનાં મનને આહ્લાદક યૌવન અને સૌભાગ્ય મળે છે. સુજ્ઞ-સમજુ પુરુષો અતિશય સુંદર મનગમતીકે ભુવનમાં દુર્લભ એવી પણ વસ્તુ ચાલી ગઈ હોત અથવા નાશ પામી હોય, તો પણ તેનો શોક કરતા નથી. તો હવે બહુ કહેવાની જરૂર નથી, માટે તું મારી પ્રાર્થના સફળ કર. વિવેકી ડાહ્યા પુરુષો સમયાનુસાર યોગ્ય પ્રવૃત્તિ કરે છે.' કાનને અત્યંત કડવું લાગે તેવું, પહેલાં કોઈ દિવસ ન સાંભળેલ એવું સાંભળીને વ્રતભંગ થવાના ભયને કારણે ગાઢ દુઃખથી આકુલ મનવાળી તેણીએ કહ્યું કે - 'હે નરપુંગવ ! સારા ઉત્તમ કુળમાં જન્મેલા, જગતમાં પ્રસિદ્ધિ પામેલા, ન્યાયમાર્ગ બતાવનારા, તમારા સરખા શ્રેષ્ઠ પુરુષોને તદ્દન અનુચિત આ લોક અને પરલોક એમ બંને ભવ બગાડનાર, ત્રણે લોકમાં અપયશનો પડહ વગડાવનાર હોયતો પારકી રમણીની સાથે રમણ-ક્રીડા છે.' રાજાએ પ્રત્યુત્તર આપ્યોકે - 'હે કમલમુખિ ! લાંબા કાળના પુણ્યથી ઉપાર્જન કરેલ રત્નનિધિને ભોગવવામાં મને કયું દૂષણ ગણાય ?' ત્યાર પછી રાજાનો અફર આગ્રહ જાણીને તે બોલી કે - 'હે શ્રેષ્ઠ નરપતિ ! મેં લાંબા કાળથી કરેલો અભિગ્રહ જ્યાં સુધી પૂર્ણ ન થાય, ત્યાં સુધી રાહ જુઓ. કેટલાક કાળે તે પૂરો થયા પછી તમારી ઇચ્છા પ્રમાણે હું કરીશ.' આ સાંભળીને રાજા ખુશ થયો અને નાટક, ખેલક્રીડા વગેરે મનને વિનોદ કરાવનાર પદાર્થો બાતવીનેકાળ પસાર કરતો હતો.

હવે આગળ નંદ મૃત્યુ પામીને વાનરભાવ પામેલો હતો, 'તે યોગ્ય છે' - એમ ધારીને મદારીઓએ તેને પકડ્યો, આ વાનરને ઘણીકળાઓ શીખવી અને દરેક નગરમાંતેની પાસે ખેલો કરી બતાવતો હતો. એમ કરતાં તે મદારી લોકો કોઈ પ્રકારે ફરતાં ફરતાં તેને લઈને તે જ નગરમાં આવ્યા.દરેકના ઘર પાસેક્રીડા કરાવતાં હવે તેઓ રાજમંદિરમાં ગયા.સર્વ યત્નથી વાનર પાસે નૃત્ય વગેરે ક્રીડા કરાવવા લાગ્યા નૃત્ય કરતાં કરતાં કોઈક પ્રકારે રાજાની પાસે બેઠેલી સુંદરીનેજોતાંલાંબાકાળનો સ્નેહભાવ જાગ્રત થવાથી વિકસિત નેત્રોવાળા વાંદરાએ દેખી. 'મેં આને ક્યાંય પણ દેખેલી છે.' એમ વારંવાર વિચારતાં પોતાને જાતિ-સ્મરણ જ્ઞાન થયું અને પ્રથમ ભવનો સર્વ વૃત્તાન્ત યાદ આવ્યો. એટલે પરમ નિર્વેદ પામેલો તે ચિંતવવા લાગ્યો કે, 'અનર્થના ભંડાર સરખા સંસારવાસને ધિક્કાર થાઓ. કારણ કે, હું તેવા પ્રકારનો નિર્મલ વિવેકયુક્ત હોવા છતાં, ધર્મનો અનુરાગી પણ હતો,દરેક સમયે સિદ્ધાંતમાં કહેલાં ધર્માનુષ્ઠાનો કરવા છતાં પણ બાલમરણના કારણે આવી વિષમ દશા પામ્યો છું. આ તિર્યંચગતિમાં વર્તતો હું અત્યારે શું કરી શકું ? હવે આ જીવિતથી સર્યું.' એમ વિચારતા તે વાંદરાનેસારીરીતે સ્તબ્ધ જાણીને મદારી પુરુષોતેને પોતાને સ્થાને લઈ ગયા. ત્યાં તેણે અનશન

કર્યું. શુદ્ધભાવનાથી પંચપરમેષ્ઠીનું સ્મરણ કરતોતે મૃત્યુ પામીને મહર્દ્ધિક દેવ પણે ઉત્પન્ન થયો. તે જ ક્ષણે અવધિનો ઉપયોગ મૂક્યો, તો તે દેવે શ્રીપુરમાં અવિચલિત સુંદર શીલાલંકાર ધારણકરનારી સુંદરીનેજોઈ. નિર્મલ શીલગુણથી પ્રભાવિત થયેલા દેવેપોતાનો આત્મા તેની પાસેપ્રકાશિત કર્યો. અને પૂર્વજન્મનો બનેલો વૃત્તાન્ત રાજાનેકહ્યાં. રાજા ચિંતવવા લાગ્યો કે - 'જિનધર્મના પ્રભાવથી પશુઓ પણ દેવ થાય છે. જ્યારે અમારા સરખા પુરુષો ધર્મ, અર્થ અને કામ સાધવામાં જ તત્પર થઈ, મર્યાદાનો ત્યાગ કરીને વિવેકીજનોને નિંદનીય એવા વિષયસુખમાં ગાઢ અનુરાગવાળા થાય છે ! એમ કરીને દુર્ગતિમાં પ્રવેશ પામીશું, માટે ખરેખર આ ધર્મ કરવાનો સમય છે.

અતિશય વિરક્ત ચિત્તવાળા તે રાજાને દેવને કહ્યું કે - 'હવે મારે શું કરવું ? ત્યારે દેવે કહ્યું કે, 'ફક્ત જિનેશ્વરેઉપદેશેલ ધર્મ કરવો.' પોતાને ખાતરી થયેલીહોવાથી સત્યપણે તેવો સ્વીકાર કર્યો.

હવે દેવે સુંદરીને કહ્યું કે, 'તું શું કરીશ ?' તેણે કહ્યું કે, 'સર્વ અંધકારને દૂરકરનાર સૂર્યોદયથયા પછી દીવાનું શું પ્રયોજન ? તમે કહો તે મને પ્રમાણ.' એ પ્રમાણે તેના ચિત્તનો નિશ્ચય જાણીને તે દેવ તેને શ્રાવસ્તિકનગરી કે, જ્યાં મુનિઓમાં પ્રધાન એવા સિદ્ધાચાર્ય નામના ગુરુ તે કાળે વિચરતા હતા. તેના શીલની પરીક્ષા કરવા માટે દેવે તેને કપટથીદીક્ષિત કરીનેતેવા પ્રકારના અકાળ સમયે તેમની પાસે સામાયિક સૂત્રના આલાપક શીખવવા માટે એકાકી મોકલી વાંદી, ભાલતલ પર બે હાથ જોડી, અંજલિ કરી તેણે આચાર્યને કહ્યું 'હે ભગવંત ! રોગના કારણે મારું સામાયિક સૂત્ર ભૂલાઈ ગયું છે, તો કૃપાવંત બની થોડીવાર મને આ સામાયિકનો આલાવો આપો.' ઉપયોગ મૂકીને ગુરુએ વિચાર્યું કે, 'સાધ્વીને અહીં આવવા માટે આ યોગ્ય સમય નથી. એક તો આ એકલી છે, બીજું અકાલે આવેલા છે અને તેથી આ મોટો અવિધિ થાય. તો આ અકાલે એકલી આવનાર સાધ્વીને મારાથી સામાયિક સૂત્રનો આલાપક કેવી રીતે આપી શકાય ? એટલે કહ્યું કે - 'હેઆર્યે ! આ સમયે અહિં આવવું યોગ્ય નથી.' ચહેરો કોપવાળો બતાવ્યો, એથીતે તરત અદશ્ય થઈ ગઈ. દેવતાને ગુરુ વિષયક પૂર્ણ ખાત્રી થઈ કે,'ગુરુ વિધિ તરફ બરાબર લક્ષ્ય રાખનારા છે' તેથી તેમના પ્રત્યે ભક્તિવંત બન્યો ત્યાર પછી પોતાનું રૂપ બતાવી ધરણી પર મસ્તક સ્થાપીને ગુરુને વંદના કરી પોતાના પૂર્વભવનો વૃત્તાન્ત જણાવ્યો. તેમ જ સુંદરીને પણ સમર્પણકરી, ગુરુએ પ્રવર્તીનીને સોંપી દીક્ષા પાલન કરી સુંદરી સ્વર્ગે સીધાવી. લોકોને ખબર પડી કે, ગુરુએ અવિધિથી શ્રુતદાન ન કર્યું. 'અહો ! જિનશાસનમાં નીતિ કેવી સુંદર અને ઉજ્જવલ છે.' આ સમયે કોઈ આત્મા બોધિબીજ, કોઈ સમ્યક્ત્વ, કોઈક દેશવિરતિ અને કોઈક સર્વવિરતિ ચારિત્ર પામ્યા. આ પ્રમાણે બીજા શ્રુતધરોએ પણ સ્વ-પર હિત જાણી નિરંતર વિધિમાં તત્પર રહેવું. (૭)

૩૦ થી ૩૪ ગાથાનો અર્થ વિવરણકાર જણાવે છે : –

## નંદ અને સુંદરીની કથા

ચંપા નગરીમાંધન નામના શેઠ હતા. તેને સુંદરી નામની પુત્રી હતી. પૂર્વ સમુદ્રના કિનારે તામ્રલિપ્રી નામની નગરીમાં વસુશેઠને નન્દ નામનો પુત્ર ઉત્પન્ન થયો. બંને શ્રેષ્ઠીઓ શ્રાવકધર્મનું પાલન કરતા હતા. બંનેએ ભાવી સંબંધ વધારવા માટે પુત્ર-પુત્રીના પરસ્પર વિવાહ કર્યા.તેમનો મતિપ્રકર્ષ વૃદ્ધિ પામ્યો. કોઈક સમયે સુંદરી સાથે નંદ સમુદ્રની મુસાફરી કરતો સામે પાર ગયો.પાછા વળતાં સમુદ્રની અંદર વહાણ ભાંગી ગયું, એટલે પાટીયું મેળવી બંને એક કિનારે ઉતર્યા. જળ શોધવા ગએલ નંદને સિંહે ફાડી ખાધો અને મરીને વાનર થયો. આ બાજુ શ્રીપુરના રાજાએ સુન્દરીને પોતાને ત્યાં લઈ જઈ સાર-સંભાળ કરી.એમકરતાં સુન્દરી ઉપર સ્નેહ થયો. વિકાર સહિત સુંદરીને ભોગની પ્રાર્થના કરી, પરંતુ તેણે પોતાની અનિચ્છા બતાવી.ત્યાર પછી તેને રાજાએ જુદા જુદા પ્રકારનીકથાઓ અને વિનોદોમાં સમય પસાર કરવાનું શરુ કર્યું. ચિત્તવિનોદના પ્રસંગમાં કોઈક સમયે નન્દનો જીવ જે વાનર થયો હતો, તેણે નૃત્યારંભ કર્યો.ત્યારે સુંદરીને દેખીને તેને જાતિસ્મરણ થયું. તેપછી વાનરને વૈરાગ્ય થયો અનશન કર્યું. પછી વાનરનો જીવ દેવ થયો. સુંદરીના શીલની પરીક્ષા કરી. ત્યાર પછી પોતાનું રૂપ પ્રગટ કર્યું.પૂર્વનો સમગ્ર વૃત્તાન્ત જણાવ્યો.રાજાને ફરી યથાર્થ બોધ થયો.ત્યાર પછી શ્રાવસ્તિ નગરીમાં સિદ્ધ નામના આચાર્ય હતા, તેમની પાસે વૈક્રિય રૂપથી માયાવી સુંદરીને દીક્ષા આપી.સામાયિક આલાપકના બાને કસમયે લઈ ગયો. પરંતુ સિદ્ધાચાર્ય ગુરુએ અવિધિ થવાના કારણે સામાયિક -આલાપક રાત્રે ન આપ્યો. તેથી બહારથી કોપ, પરંતુ અંદરથી દેવે સંતોષ કર્યો. આ વૃત્તાન્ત જાણી લોકો સંતોષ પામ્યા અને પ્રશંસા કરી કે - 'સર્વજ્ઞ-શાસન--આવા પ્રકારના નિપુણ જ્ઞાનીઓને નિરૂપણ કર્યું છે, જે પ્રત્યક્ષ દેખાય છે.' ત્યાર પછી કેટલાક જીવોને જિનેશ્વરનું શાસન, કેટલાકને સમ્યગ્દર્શનાદિ ગુણસમૂહ રૂપકલ્પવૃક્ષના મૂલ સમાન દેવ-ગુરુ-ધર્મ વિષયક કુશલ મન,વચન અને કાયાની પ્રવૃત્તિ લક્ષણ આરાધના પ્રાપ્તિ થઈ. આ પ્રમાણે પ્રસ્તુત સૂત્રદાનનીજેમ સર્વત્ર પ્રવ્રજ્યા-દાન આદિકમાં બુદ્ધિશાળીઓએ સૂત્રના અનુસારે જ પ્રવૃત્તિ-વર્તન કરવું. (૩૦-૩૪) **સૂત્રાનુસાર પ્રવૃત્તિને** આશ્રયીને કહે છે –

## નજીકનાં મોક્ષગામી આત્માની ઉચિતપ્રવૃત્તિ

ગાથા મા ૩૫→ નજીકના મોક્ષગામી જીવો માટે સૂત્રાનુસાર પ્રવૃત્તિ કરવી, તે તેનું ચિહ્ન છે. જેમ પર્વતની ગુફામાં અગ્નિ હોય, તે ધૂમના ચિહ્નથી જાણી શકાય છે. આગમ સૂત્રાર્થના અનુસારે જ દ્રવ્ય, ક્ષેત્રકાળ અને ભાવની જે ઉચિત પ્રવૃત્તિ. જેમ કે,પોતાના કુટુંબની ચિંતા અને દ્રવ્યસ્તવ-ભાવસ્તવ રૂપ પ્રવૃત્તિ એમ દરેક કાર્યમાં ધર્મીની પ્રવૃત્તિ જિનેશ્વર ભગવંત ઉપર બહુમાન-પૂર્વકની પ્રવૃત્તિ, તેવો આત્મા સૂત્રાનુસારે જ પ્રવર્તે. જેમ કે - 'ભગવંતે આ વાત શાસ્ત્રમાં આ સ્વરૂપે કહેલી છે' એમ હંમેશાં મનમાં ભગવંતને યાદ કરતો હોય તેવો, ભગવાન અને તેમના વચનમાં બહુમાનવાળો પુરુષ ભગવાનના ભાવને

ભજવાવાળો થાય છે. કહેલું છે કે - 'સમુદ્રમાં પડેલા જળબિન્દુ અક્ષયભાવને પામે છે. "અક્ષયભાવમાં મળેલો ભાવ, તે અક્ષયભાવને નક્કી સાધી આપનાર થાય છે.સુવર્ણરસથી વિંધાયેલા તાંબુ ફરી તાંબાપણાને પામતું નથી." એમ દરેક ઉચિત પ્રવૃત્તિ, તે નજીકના મોક્ષગામી જીવનું ચિહ્ન જાણવું. (૩૫)

વિપરીત રીતે પ્રવર્તવાથી કયો દોષ લાગે છે, તે બતાવે છે –

૩૬- ભગવંતના વચનથી ઉલટારૂપે વર્તવાથી નક્કી પોતાના કે બીજાનાં ઉદ્ધારનો ત્યાગ થાય છે - એ પ્રમાણે સૂક્ષ્મબુદ્ધિથી સમ્યગ્ પ્રકારે વિચારવું.

**ટીકાર્થ**- પોતાનો તેમ જ જેમના ઉપર ઉપકાર કરવાનો છે કે, આ બિચારા દુર્ગતિમાં પડતા બચી જાય-એમ બંનેના ઉપકારનો ત્યાગ થાય, જો ભગવંતના વચનથી વિરુદ્ધ પ્રવૃત્તિ થાય, તો નક્કી સ્વ-પર ઉભયનું અકલ્યાણ-નુકશાન થાય છે. તે માટે કહેલું છે કે - "જેઓજિનેશ્વરની આજ્ઞા વગર વ્યવહાર પ્રવર્તાવે છે, અગર પોતે વર્તે છે, તો આ લોકમાં અપકીર્તિ અને પરલોકમાં નક્કી દુર્ગતિપાન છે." આમ હોવાથી આગળ કહેલા પ્રકારે તીક્ષ્ણ બુદ્ધિથી સારી રીતે વિચારીને પ્રવર્તવું (૩૬)

તે જ માટે ગ્રંથકાર કહે છે કે –

૩૭-ખરેખર બુદ્ધિવાળા હોય, તેઓ જ તત્ત્વને પામે છે, પરંતુ સર્વે ઉંડાણવાળા તત્ત્વને પામી શકતા નથી, માટે બુદ્ધિની વૃદ્ધિ કરવા માટે તેના ભેદો અને દૃષ્ટાન્તો જણાવીશ.

**ટીકાર્થ** : -ઈહા, અપોહ રૂપ અતિનિપુણ પ્રજ્ઞાવાળા જ એ તત્ત્વ જાણી શકે છે કે 'નજીકના મોક્ષગામી જીવોની પ્રવૃત્તિ સૂત્રાનુસારી જ હોય. પરંતુ સર્વે તેવા પ્રકારના ઉંડી બુદ્ધિવાળા હોતા નથી. કેટલાક પદાર્થો ઘણી તીક્ષ્ણ બુદ્ધિથી એટલે કે,સેંકડો પ્રયત્ન કરવામાં આવે તો પણ સમજવા સમર્થ ન થાય. તે માટે કહેલું છે કે - 'બીજા સામાન્ય જનો ગમે તેટલો પ્રયત્ન કરે, તો પણ મોટાઓના બુદ્ધિ વૈભવને પામી શકતા નથી.સેંકડો યત્નો કરવામાં આવે, સેંકડો વખત કૂટવામાં આવે તો પણ લોહનો દંડ સૂક્ષ્મ સોયરૂપ થતો નથી. આમ હોવાથી તે બુદ્ધિના ઔત્પાતિકી વગેરે ભેદો અને રોહક વગેરે તેનાં દૃષ્ટાન્તો કહીશ. શા માટે ? બુદ્ધિનો વિકાસ થાય તે માટે. બુદ્ધિનો પ્રકર્ષ થઈ શકે તેવા પુરુષો જો તેના ભેદો અને ઉદાહરણો બુદ્ધિશાળીઓ પાસે સારી રીતે વિનયપૂર્વક સાંભળે, તો નક્કીતેવા પ્રકારના બુદ્ધિધનના ભંડાર સ્વરૂપ થાય. કહેલું છે કે - "નિર્મલ સરળ આત્માની સોબત કરનારા પરાયા ગુણોને ગ્રહણ કરી શકે છે. કોની માફક ? તો કે લાલ પદ્મરાગ-માણેક રત્ન પાસે સ્ફટિકને સ્થાપન કર્યોહોય, તો તેની લાલાશ પકડી લે." (૩૭)

ઉદ્દેશને અનુસારે નિર્દેશ થાય, છે - કરવોજોઈએ તે આ પ્રમાણેના ન્યાયે બુદ્ધિના ભેદો કહે છે –

## બુદ્ધિના ૪ ભેદો

૩૮ - ૧ ઔત્પાતિકી, ૨ વૈનયિકી, ૩ કાર્મિકી, અને ૪ પારિણામિકી. એમ ચાર પ્રકારની બુદ્ધિ શાસ્ત્રના જાણકારોએ કહેલી છે.

**ટીકાર્થ** : - જે બુદ્ધિ ઉત્પત્તિ કારણ હોય, **તે ઔત્પાતિકી.** શંકા → કારણ તો ક્ષયોપશમ છે, તો કહે છે કે, વાતસાચી, પરંતુ તે અંતરંગ કારણ તો સર્વ બુદ્ધિમાં સાધારણ કારણ છે, માટે તેની વિવક્ષા કરી નથી. ઉત્પત્તિ સિવાય બીજાં શાસ્ત્રો કે કાર્યો વિગેરેની અપેક્ષા ઔત્પાતિકી બુદ્ધિ રાખતી નથી ૧. ગુરુની સેવા-વિનય જે બુદ્ધિ મેળવવામાં મુખ્ય કારણ છે, **તે વૈનયિકી બુદ્ધિ** ૨. કર્મ શબ્દથી શિલ્પ પણ ગ્રહણ કરાય, તેમાં આચાર્ય શીખવનાર વગરનું કર્મ કહેવાય અને આચાર્ય - ગુરુ-શીખવનારથી જે આવડે, તે શિલ્પ અથવા કોઈક વખત થનારૂં તે કર્મ અને હંમેશનો વ્યાપાર, તે શિલ્પ. કાર્ય કરતા કરતાં ઉત્પન્ન થયેલ બુદ્ધિ. **તે કાર્મિકી** ૩. લાંબા કાળ સુધી પૂર્વાપર પદાર્થના અર્થ અવલોકન આદિથી ઉત્પન્ન થનાર આત્મધર્મ જેનું મુખ્ય કારણ છે, તે **પારિણામિકી** ૪. જેનાથી જ્ઞાન થાય, તે બુદ્ધિ-મતિ, તે ચાર પ્રકારની બુદ્ધિ તીર્થંકર-ગણધરોએ કહી છે. (૩૮)

(૧) **ઔત્પાતિકી** બુદ્ધિનું લક્ષણ પ્રતિપાદન કરે છે : -

૩૯- પહેલાં કદી ન જોયેલ, ન સાંભળેલ, ન વિચારેલ પદાર્થને તે જ ક્ષણે સાચે સાચો જાણનાર અવ્યાહત ફલનો યોગ કરાવી આપનાર બુદ્ધિ, તે **ઔત્પાતિકી બુદ્ધિ** કહેવાય.

**ટીકાર્થ** : બુદ્ધિ ઉત્પન્ન થયા પહેલાં પોતે કદાપિ ન જોયેલ, ન સાંભળેલ, મનથી પણ ન જાણેલ,છતાં પણ તે જ ક્ષણે યથાર્થ રીતે ઇચ્છિત પદાર્થ જેનાથી ગ્રહણ થાય-અવધારણ થાય-જ્ઞાન થાય, એવી બુદ્ધિ તે ઔત્પાતિકી. વળીકેવી ? અહિં એકાંતિક આ અને પરલોકથી અવિરુદ્ધ ફલાન્તરથી અબાધિત એવા અવ્યાહત ફલ સાથે જોડાયેલી, તે ઔત્પાતિકી બુદ્ધિ જાણવી. બીજા આચાર્યો બીજા પ્રકારે અર્થ જણાવે છે - અવ્યાહત ફલ સાથે જેનો યોગ થાય, તે અવ્યાહત-ફલયોગા ઔત્પાતિકી નામની બુદ્ધિ (૩૯) હવે તેનાં ઉદાહરણો કહે છે :

૪૦-આ ગાથામાં ૧૭ ઉદાહરણો કહેલાં છે, તે આ પ્રમાણે : - ૧ ભરતશિલા, ૨ પણિત-શરત, ૩ વૃક્ષ, ૪ મુદ્રારત્ન, ૫ પટ, ૬ કાચંડો, ૭ કાગડા, ૮ વિષ્ટા, ૯ હાથી, ૧૦ ભાંડ, ૧૧ ગોલ, ૧૨ સ્તંભ, ૧૩ ક્ષુલ્લક, ૧૪ માર્ગ, ૧૫ સ્ત્રી, ૧૬ બે પતિ, ૧૭ પુત્ર આ સત્તર પદો સૂચનારૂપ છે. (૪૦)

તેમાં પ્રથમ ઉદાહરણની સંગ્રહગાથા કહે છે :

૪૧–ભરત નામના નટના વૃત્તાન્તમાં શિલા તે ૧ ભરતશિલા, ૨ ગાડર, ૩ કુકંડો, ૪ તલ, ૫ રેતીનાં દોરડાં, ૬ હાથી, ૭ કૂવો, ૮ વનખંડ, ૯ પાયસ, ૧૦ લિંડી, ૧૧ પીપળાનાં પત્ર, ૧૨ ખિલ્લહડિકા (ખીસકોલી), ૧૩ રાજાના પાંચ પિતા. આ સંગ્રહગાથા. ગ્રંથકાર પોતે જ તેની વિસ્તારથી વ્યાખ્યા કરશે, એટલે અમે સ્પષ્ટીકરણ કર્યું નથી. (૪૧) તથા -

૪૨– ૧ મદન, ૨ મુદ્રિકા, ૩ અંક, ૪ વ્યવહારનું ચલણ રૂપિયો, ૫ ભિક્ષુ, ૬

ચેટકનિધાન, ૭ શિક્ષા, ૮ અર્થ, ૯ શસ્ત્ર, ૧૦ મારી ઇચ્છા, ૧૧ સો હજાર, આ સર્વ પદોની વ્યાખ્યા આગળ સૂત્રકાર પોતે જ કરશે. પહેલી સંગ્રહગાથાનાં ૧૭, તેમાં આ ૧૧ મેળવવાથી ૨૮ મૂળ ઉદાહરણો ઔત્પાતિકી બુદ્ધિનાં જાણવાં. (૪૨)

હવે (૨) **વૈનયિકીનું** સ્વરૂપ કહે છે : –

૪૩- દુઃખે પાર પાડી શકાય તેવું ભારી કાર્ય પાર પમાડવા સમર્થ, લોકરૂઢિથી ધર્મ, અર્થ અને કામને ઉપાર્જનના ઉપાય બતાવનાર સૂત્ર અને તેની વ્યાખ્યા રૂપ અર્થ-એટલે વિચાર અથવા સાર તેને ગ્રહણ કરનારી બુદ્ધિ, આ લોક અને પરલોકના ફળને આપનારી, વિનયથી ઉત્પન્ન થયેલી એવી તે, વૈનયિકી બુદ્ધિ કહેવાય (૪૩)

તેનાં ઉદાહરણો કહે છે –

૪૪-૪૫-૧ નિમિત્ત, ૨ અર્થશાસ્ત્ર, ૩ લેખન, ૪ ગણિત, ૫ કૂપ, ૬ અશ્વ, ૭ ગર્દભ, ૮ લક્ષણ, ૯ ગ્રન્થિ, ૧૦ ઔષધ, ૧૧ ગણિકા, ૧૨ રથિકા, ૧૩ શીતસાડી લાંબુ ઘાસ અને કૌંચ પક્ષીનું ડાબી બાજુ જવું, ૧૩ છાપરાથી ગળતું જળ, ૧૪ ગાય-બળદ, ઘોડો વૃક્ષાદિથી પતન એમ વૈનયિકી બુદ્ધિનાં ચૌદ ઉદાહરણો છે. આ સર્વેની વ્યાખ્યા શાસ્ત્રકાર પોતે જ કરવાના હોવાથી પ્રયત્ન કર્યો નથી. (૪૫) હવે કર્મ (અભ્યાસ)થી ઉત્પન્ન થનારી. (૩) **કાર્મિકી** બુદ્ધિનું સ્વરૂપ કહે છે –

૪૬ - ધારેલા નક્કી કરેલા કાર્યમાં મન પરોવવું અથવા તે કાર્ય કરવા માટે આગ્રહ રાખવો. સાર એટલે કર્મનો પરમાર્થ જેનાથી સાધી શકાય, તેવા કાર્યમાં અભ્યાસ વારંવાર મહાવરો પાડવો તથા પરિઘોલન એટલે વિચાર, અભ્યાસ અને વિચાર એ બંને વડે વિશાળ અર્થાત્ અભ્યાસ અને વિચારથી વિસ્તારવાળી, વળી જેમાં વિદ્વાનો 'સારૂ કર્યું, સારૂં કર્યું' એવી પ્રશંસા કરે તેવા ફળવાળી જે બુદ્ધિ, તે ક્રમથી થનારી **કાર્મિકી બુદ્ધિ** કહેવાય. (૪૬)

## કાર્મિકી બુદ્ધિનાં ઉદાહરણો

૪૭-૧ સોનાર, ૨ ખેડૂત, ૩ સાલવી, ૪ પીરસનાર, ૫ મોતી પરોવનાર, ૬ ઘી ઉમેરનાર, ૭ તરનાર, ૮ તૂણનાર, ૯ સૂથાર, ૧૦ કંદોઈ, ૧૧ કુંભાર, ૧૨ ચિત્રકાર. એમ કાર્મિકી બુદ્ધિનાં બાર ઉદાહરણો છે. એનો વિસ્તાર સૂત્રકાર પોતે જ આગળ કરશે, તેથી તેનો વિસ્તાર કર્યો નથી. (૪૭)

(૪) **પારિણામિકી** બુદ્ધિનું સ્વરૂપ કહે છે –

૪૮-અનુમાન, હેતુ અને દૃષ્ટાન્તથી સાધ્ય પદાર્થને સિદ્ધ કરનારી, વયના પરિપકવપણાથી પરિણમનારી, અભ્યુદય અગર મોક્ષના કારણભૂત અર્થાત્ બંને ફળ પમાડનારી તે પારિણામિકી બુદ્ધિ.**ટીકાર્થ** - અનુમાન, હેતુ, દૃષ્ટાન્તવડે સાધ્ય અર્થને સિદ્ધ કરનારી અહીં લિંગીનું જ્ઞાન, તે અનુમાન. તેને પ્રતિપાદન કરનાર વચન, તે હેતુ. અથવા જણાવનાર તે અનુમાન અને કરાવનાર હેતુ.સાધ્યની વ્યાપ્તિ જ્યાં જણાય, તે દૃષ્ટાંત. શંકા કરી કે, અનુમાન ગ્રહણ કરવાથી દૃષ્ટાંત સમજાઈ જાય છે, માટે તેને નકામું અલગ ગ્રહણ કર્યું

છે, એમ જો કહેતા હો તો તે બરાબર નથી. કારણ કે, અનુમાન તો પરમાર્થથી અન્યથાનુપપન્ન રૂપ છે. માટે તેમાં દૃષ્ટાન્ત ગતાર્થ ગણાય નહિં, ઉંમર મોટી થાય-પરિપકવ દશા થાય - અનુભવો ઘણા થાય, તેમ બુદ્ધિ વિશેષ ઘડાય, તથા સ્વર્ગ અને પુણ્યના કારણરૂપ અથવા મોક્ષના કારણરૂપ જે સમ્યગદર્શનાદિ તે બંનેના ફળને કરનારી એવી બુદ્ધિ, તે પારિણામિકી બુદ્ધિ. (૪૮)

## પારિણામિકી બુદ્ધિનાં દૃષ્ટાંતોની સૂચી

૪૯-૫૧-૧ અભયકુમાર, ૨ કાષ્ઠશ્રેષ્ઠી, ૩ ક્ષુલ્લક કુમાર, ૪ પુષ્પવતી નામની દેવી, ૫ ઉદિતોદયરાજા, ૬ નંદિષેણ સાધુ, ૭ ધનદત્ત, ૮ શ્રાવક, ૯ અમાત્ય, ૧૦ શમક, ૧૧ અમાત્યપુત્ર, ૨ ચાણક્ય, ૧૩ સ્થૂલભદ્ર, ૧૪ નાસિક્યનો સુંદરી-નંદ નામનો વેપારી, ૧૫ વજસ્વામી, ૧૬ પારિણામિકી બુદ્ધિવાળી બ્રાહ્મણી અને દેવદત્તા ગણિકા પણ લેવી, ૧૭ ચરણ-ઘાત, ૧૮ બનાવટી આમળું, ૧૯ મણિ, ૨૦ સર્પ, ૨૧ ખડ્ગ, ૨૨ સ્તૂપેન્દ્ર-આ વગેરે પારિણામિકી બુદ્ધિનાં ઉદાહરણો જાણવાં.સૂત્રમા બાવીશ ઉદાહરણો કહેલાં છે, તેનો વિસ્તાર સૂત્રકાર પોતે જ આગળ કરનાર હોવાથી અમે વિસ્તાર કરતા નથી. (૪૯ થી ૫૧)

હવે જણાવેલાં ઉદાહરણોનું સ્વરૂપ કહેવાની ઇચ્છાવાળા ગ્રન્થકાર શરુમાં ભરતશિલા નામના દૃષ્ટાન્તની સંગ્રહગાથા ભરત-શિલા, મેંઢો, કુકડો વગેરે. ૨૮ ગાથાથી ઔત્પાતિકી બુદ્ધિ વિષયક રોહકની કથાકહેશે.

૫૨– ઉજ્જયિની નગરી પાસે શિલા ગામમાં રોહા નામનો બાળક હતો. તેને ઓરમાન માતા હેરાન કરતી હતી. તેથી બાળકે પિતાને 'ઘરમાં પરપુરુષ આવ્યો છે' કહી માતા પર કોપ કરાવ્યો, પછી પડછાયો બતાવી માનીતી કરાવી. (૫૨) ગાથાર્થ કહી હવે વિવરણકાર વિસ્તારથી રોહાની કથાકહે છે : -

## રોહાની કથા

માલવા દેશના આભૂષણસમાન, ધનથી સમૃદ્ધ મોટાં દેવમંદિરોથી યુક્ત ઉજ્જયિની નામની નગરીહતી. ત્યાં શત્રુપક્ષને ક્ષોભ પમાડનાર,ગુણવાન, દઢપ્રેમ રાખનાર, સદા ન્યાયથી રાજ્ય ચલાવનાર જિતશત્રુ નામનો રાજા હતો. ધરમ, અર્થ અને કામ એવા ત્રણે પુરુષાર્થનું સુંદર આરાધના કરતો તે રાજા ન્યાય-નીતિ પૂર્વક ભુવનમાં આશ્ચર્ય પમાડે તેવી રીતે રાજ્ય ભોગવતો હતો. વળી નાટક, નૃત્ય કથાનક, ગીત,વાંજિત્રાદિ મનોરંજન કાર્યોમાં તેમ જ વિદ્વાન અને કળાવાન જન-યોગ્ય કાર્યોમાં કુતૂહળ અને રસ હોવાથી તેવાંતેવાં કાર્યોમાં કુશળતા મેળવી હતી. હવે ઉજ્જેણી નગરી નજીક શિલાઓથી યુક્ત ગુણથી થયેલું શિલાગ્રામ હતું. ત્યાં ભરત નામનો નટ હતો. નાટ્યવિદ્યામાં ઘણો પ્રવીણ હોવાથી, તે ગામમાં તે કળાની પ્રશંસા અને પ્રભુતા મેળવી હતી.કોઈક સમયે રોહકની માતા મૃત્યુ પામી એટલે ભરતે ઘરનું કામકાજ કરવા બીજી માતાને લાવી સ્થાપન કરી. 'આ રોહો બાળક છે.' તેથી ઓરમાન માતા રોહકને તુચ્છકારવા લાગી, એટલે ઔત્પાતિકી બુદ્ધિવાળા રોહકે તેને કહ્યું કે, 'હે

માતા ! જો મારી સાથે સારો વર્તાવ નહીં રાખીશ, તો સારૂં નહિં થશે. હું તેવું કરીશ કે, જેથી તારે મારા પગે પડવું પડશે' એ પ્રમાણે સમય પસાર થઈ રહેલો હતો.

હવે કોઈક સમયે ચંદ્ર પૂર્ણ ખીલેલો હતો અને તેનો પ્રકાશ ફેલાએલો હતો, તેવી રાત્રિમાં રોહો પિતાની સાથે એક શય્યામાં સૂતો હતો. એવામાં મધ્યરાત્રિએ જાગી ઉભા થઈ પોતાના પડછાયામાં પરપુરુષનો સંકલ્પ કરીને મોટા શબ્દ કરીને પિતાને જગાડ્યા અને કહ્યું કે, 'હે પિતાજી ! દેખો દેખો, આ કોઈ બીજો પુરુષ જાય છે, એકદમ ઉઠીને ચાલ્યો' જેટલામાં તે નિદ્રા ઉડાડીને આંખથી જુવે છે, તેટલામાં તો કોઈ ન દેખાયો. એટલે પૂછયું કે - 'હે વત્સ ! પેલો પરપુરુષ કયાં છે ?' ત્યારે રોહકેકહ્યું કે, 'આ દિશા-ભાગમાંથી જલ્દી જલ્દી જતાં મેં જોયો. હે પિતાજી ! મારી વાત ખોટી ન માનશો.' એટલે ભરતે પોતાની સ્ત્રીને ખંડિત શીલવાળી જાણીને તેની સાથે સ્નેહથી બોલવું, વર્તવું છોડી દીધું હવે પતિનો સ્નેહ ઘટી જવાથી શોકવાળી તે સ્ત્રી પશ્ચાત્તાપ કરવા લાગી અને રોહાને કહેવા લાગી કે, 'હે વત્સ ! આમ ન કરે.' ત્યારે રોહાએ કહ્યું કે, 'મારી સાથે સારો વર્તાવ કેમ રાખતી નથી ?' ત્યારે તેણીએ કહ્યું કે, 'હવેથી સારીરીતે વર્તીશ' કોઈ પ્રકારે તેમ કર કે, જેથી તારા પિતા સ્નેહાદરથી મને બોલાવે-ચાલે' રોહે તે વાત સ્વીકારી. તે પણ હવે રોહાને સારી રીતે ખાવા-પીવા, કપડા વગેરેમાં સાચવવા લાગ્રી.તે જ પ્રમાણે અજવાળી રાત્રિએ કોઈક સમયે સૂતેલો રોહો જાગીને પિતાનેકહેવા લાગ્યો કે, 'આ તે જ પુરુષ.' પિતાએ પૂછયું કે, 'ક્યાં છે ?' ત્યારે પોતાનો પડછાયો બતાવીને કહે છે કે, 'જુઓ, આ પુરુષ.' પિતા વિલખા મનવાળા થઈ પુછે છે કે, 'પેલો આવો જ હતો ?' તેણે હા કહી 'અહો ! બાળકોની વાતો કેવી હોય છે !' એમ વિચારી પત્ની ઉપર આગળ કરતાં વિશેષ ગાઢ રાગવાળો થયો. 'હવે કદાચ આ માતા ખોરાકમાં ઝેર આપી દેશે' તે ભયથી રોહો દરરોજ પિતાજી સાથે બેસી ભોજન કરતો. કોઈક સમયે પિતાજીની સાથે ઉજ્જયિની નગરીએ ગયો. ત્યાં ત્રણ-ચાર માર્ગોવાળી અને મોટા મકાનોથી શોભિત સર્વ નગરી દેખી અને સૂર્યાસ્ત થવાના લગભગ સમયે પોતાના ગામ તરફ ચાલ્યા. ક્ષિપ્રાનદી પાસે પહોંચ્યા, એટલે સારી રેતીવાળા કિનારા ઉપર પુત્રને રાખીને પિતા ભૂલેલી વસ્તુ લેવા પાછા શહેરમાં ગયા. તો રોહાએ દેખેલી નગરી તેમાં ચોક, ચૌટા, મહેલ ઘણી સુંદર રીતે રેતીમાં આલેખ્યા, તેમ જ ફરતોકોટ પણ ચિતર્યો. જિતશત્રુરાજા નગર બહાર ગયો હતો, તે ધૂળ ઉડવાના ભયથી એકલો પાછો ફર્યો. અશ્વસ્વાર થઈ જ્યારે તે પ્રદેશમાં આવ્યો, ત્યારે વેગથી આવતા રાજાને રોહાએ કહ્યું કે, 'અહિંથી ન જાવ, શું રાજકુલ અને ઉંચો પ્રાસાદ દેખાતો નથી ?' રાજાએ કહ્યું કે, 'રાજુકલ અહિં ક્યાં છે ?' ત્યારે શકુન થતાં, અતિશય ગુણવાળો રાજા આશ્ચર્ય પામ્યો. ત્યાર પછી રોહકે વિસ્તારથી ચીતરેલી નગરી, રાજકુલ વગેરે બતાવ્યાં. 'તું ક્યાંનો રહીશ છો ?'ત્યારે કહ્યું કે, 'અહિ શિલાગામમાં રહું છું અને ભરતનો પુત્ર છું.કારણસર પિતા સાથે અહિં આવેલો છું, અત્યારે મારે ગામે જઈશ.' રાજાને એક ન્યુન પાંચસો મંત્રીઓ હતા, પરંતુ ચુડામણિ સરખા બુદ્ધિશાળી એક મંત્રીની તે શોધ કરતો હતો (૩૦) ત્યાર પછી તેના પિતા કાર્ય પતાવીને ક્ષણવારમાં આવી ગયા, એટલે રોહક પિતાની સાથે પોતાના ગામે પહોંચી ગયો.

ત્યાર પછી રાજાએ તેની બદ્ધિની પરીક્ષા કરવા માટે નિર્ણય કર્યો. ગામ ઉપર સંદેશો કહેવરાવ્યો કે, 'તમારા ગામ બહાર મોટી વિશાલ શિલા છે,તેની આસપાસના પ્રદેશને શોભાયમાન કરવા સાથે મોટા સ્તંભો તૈયારકરી શિલા ઢાંકેલો મંડપ તૈયાર કરાવવો.' આ રાજાના હુકમથી આખું ગામ આકુલ-વ્યાકુલ બની ગયું. આ બાજુ ભોજન-સમય થયો અને પિતા વગર રોહક જમતો નથી. કારણ કે, 'દ્વેષિલી માતા કદાચ ભોજનમાં ઝેર આપી દે તો.' હવે પ્રસન્ન વદનવાળો તે પિતાને આવતાં વિલંબ થયો, એટલે પિતાનેકહેવા લાગ્યો કે, ક્ષુધા-તૃષાથી પીડાયેલા મને જમવાનું મોડું થયું. 'હે પુત્ર ! તને બીજી કોઈ ફિકર છે ? તું સુખી છે. અમારે તો રાજાની એક મોટી આજ્ઞા આવી છે અને એ ચિંતામાં અમે સર્વે વ્યાકુલ મનવાળા બની ગયા છીએ. આ કારણે ઘરે આવતાં વિલંબ થયો.'

રાજાની આવેલી આજ્ઞાનો પરમાર્થ જાણીને તેણે કહ્યું કે, 'તમે પહેલાં ઈચ્છા પ્રમાણે નિરાંતે ભોજન કરી લો. યોગ્ય માર્ગ બતાવીશ.' ભોજન કર્યા પછી રોહકે ગામના લોકોને કહ્યું કે, 'શિલાતલની નીચે ખોદી કાઢો અને શિલાના ટેકા માટે સ્તંભો ઉભા કરો.'

એ પ્રમાણે કરવાથી તેમનો તેવા પ્રકારનો મંડપ તરત તૈયાર થઈ ગયો. રાજાને સંદેશો કહેવરાવ્યો કે, 'મંડપ તૈયાર થઈ ગયો છે.' રાજાએ પૂછયુ કે, કોણ કયો ? ત્યારે રાજાને જણાવ્યું કે, 'ભરતના પુત્ર રોહકની બુદ્ધિના પ્રભાવથી નીચેની ભૂમિ ખોદી અને નીચે થાંભલાની જગ્યા ખોદ્યા વગરની રાખી ટેકા માટે સ્તંભો કાયમ રાખ્યા. બીજા નજરે જોનાર મનુષ્યોને પૂછીને 'તે વાતયથાર્થ છે કે કેમ ?' તેનો નિર્ણય કર્યો. એ પ્રમાણે રોહાની ઔત્પાતિકી બુદ્ધિ. મેંઢા વગેરેમાં પણ તેની કથા પૂર્ણ થતાં સુધી જોડવી. (૫૫) મેંઢો (ગાડર) નામનું દ્વાર –

## ગાડરનું દૃષ્ટાંત

૫૬- ત્યાર પછી રાજાએ તે ગામમાં એક ગાડર પશુ મોકલાવ્યું અને ગામના વૃદ્ધોને કહેવરાવ્યું કે, 'આ ગાડરનું વજન બિલકુલ વધે કે ઘટે નહિં, તેમ તમારે તેટલા જ વજનવાળું પંદર દિવસ સુધી રાખી પાછું મોકલાવવું.' ત્યાર પછી રોહકે કરેલા ઉપાયથી-જવ, લીલી વનસ્પતિ આદિ બળ વધારનાર વસ્તુઓ ખવરાવી અને તેની સામે જંગલી ફાડી ખાનાર વાઘ રાખ્યો. જવ વગેરે ખાઈને જેટલું બળ વધારે, તેટલું સન્મુખ નિરંતર જંગલી ભયંકર પ્રાણી દેખીને તેના ઉત્પન્ન થયેલા ભયથી બળશક્તિ ઉડી જાય છે, તેથી ઓછું કે અધિક વજનવાળું તે ગાડર પશુ ન થયું. (૫૬)

## કૂકડાનું દૃષ્ટાંત

૫૭-રાજાએ ગામમાં આજ્ઞા મોકલાવી કે, 'બીજા કુકડા વગર આ કુકડા પાસે યુદ્ધ કરાવવું.' ત્યાર પછી કુકડા સામે આદર્શ (આરીસો) રાખતાં તેનું પ્રતિબિંબ દેખી કુકડો પ્રતિબિંબ સાથે યુદ્ધ કરવા લાગ્યો.' આ પણ રોહકની બુદ્ધિથી જ થયું. તેકુકડો મુગ્ધપણે

પોતાના પ્રતિબિંબને બીજો કુકડો માની તેની સાથે તીવ્ર મત્સર કરી ઉત્સાહથી લડવા લાગ્યો (૫૭)

## તિલનું દૃષ્ટાંત

૫૮-ફરી ગામ ઉપર રાજાએ આજ્ઞા મોકલી કે, 'પોતે ઠગાયા વગર તિલ(તલ) જે માપથી કોઈ ગ્રહણ કરે, તે જ માપથી તેલ પણ આપવું.'' રોહકની બુદ્ધિથી આરીસાના માપથી તલનું ગ્રહણ અને ઉપલક્ષણથી તેલ પણ તે માપથી ગ્રહણ કરવાનું. આદર્શથી તલ લે અને તેનાથી તેલ આપે. તો કદાપિ પોતાને ઠગાવવાનુ થાય નહિં. કદાચ રાજા પણતલનો માલિકહોય, તો પણ ગામડિયા ઠગાય નહિં. (૫૮)

## રેતીનાં દોરડાનું દૃષ્ટાંત

૫૯- ફરી કોઈ વખતરાજાએ કહેવરાવ્યું કે, 'કૂવામાંથી પાણી ખેંચવા માટે દોરડાની જરૂર છે, તો તમારા ગામની રેતીમાંથીદોરડાં વણીને મોકલી આપો.' રોહકની ઉત્પાદન બુદ્ધિથી ગામલોકોને રાજાને કહેવરાવ્યું કે, એવાં દોરડાં અમે જોયાં નથી, વળી દોરડાં કેટલાં લાંબા, પતળાં, જાડાં તમારે જરૂર છે ? માટે હે દેવ ! તેના નમૂના મોકલી આપો. જેથી તમારી જરૂરપ્રમાણે નાનાં-મોટાં, ટૂંકાં, જાડાં, પાતળાં તે પ્રમાણે બનાવીને મોકલીએ. આ પ્રમાણે કહેવાયેલ રાજાએ પ્રત્યુત્તરમાં કહ્યું કે, 'વળી રેતીનાં દોરડાના નમૂના ક્યાંય હોય ખરા? તમો ગામડિયા જ રહ્યા.' ત્યારે રોહકે ભણાવેલા ગામડિયા રાજાને કહેવા લાગ્યાકે, 'એ તો આપ જ જાણો. (૫૯)

## હાથીનું દૃષ્ટાંત

૬૦ - ત્યાર પછી રાજાએ મરણ નજીક આવેલા એક હાથીને ત્યાં મોકલી આપ્યો. વળી કહેવરાવ્યું કે- 'હંમેશા તેના સમાચાર મોકલવા. 'હાથી મરી ગયો' એવા સમાચાર ન મોકલવા.' ગામડિયા તે પ્રમાણે રાજાને દરરોજ સમાચાર મોકલતા હતા. કોઈક દિવસ હાથી મૃત્યુ પામ્યો એટલે ગામ મૂંઝવણમાં પડ્યું. એટલેરોહકની બુદ્ધિથી ગામે પ્રત્યુત્તર મોકલ્યો કે, 'હે દેવ ! આ બાબતમાં અમને સમજણ પડતી નથી કે, શા કારણથી આપે મોકલેલ હાથી ઉઠી શકતો નથી, બેસી શકતો નથી, આપેલું કંઈ ચાવતો ખાતો નથી, પાણી પીતો નથી,ઉંચોકે નીચો શ્વાસ લેતો- મૂકતો નથી, નેત્રોથી સામું જોતો નથી કે પુચ્છ, કાન વગેરે હલાવતો નથી.' ત્યારે રાજાએ કહ્યું કે, 'તો શું તે મૃત્યુ પામ્યો છે ?' ત્યારે ગામડિયાઓએ રોહકે શીખવેલું કહ્યું કે, 'આવા પ્રકારના વૃત્તાન્તમાં જે કંઈ હોય, તે આપ જ જાણી શકો. આ વિષયમાં અમારી ગામડિયાની બુદ્ધિ કેટલી ચાલે ? (૬૦)

## કુવાનું દૃષ્ટાંત

૬૧ ત્યાર પછી રાજાએ આજ્ઞા કરી કે, 'તમારા ગામના કૂવાનું જળ મધુર છે, માટેતે કૂવો અહીં મારા નગરમાં મોકલી આપો. આ નગરમાં ઘણી વસતીના કારણે ખાળ વગેરેનાં

ગંદા પાણીનું અમારા નગરના કૂવામાં મિશ્રણ થાય છે; માટે તમારા ગામનો કૂવો અહીં મોકલી આપો.' આ આજ્ઞા આવી પડી, એટલે રોહકે આપેલી બુદ્ધિથી રાજાને કહેવરાવ્યું કે, 'અમારો ગામડિયો કૂવો અતિ શરમાળ છે, માટે તેને લેવા માટે તમારા નગરમાંથી એક ઘણી ચતુરકૂપિકા (કૂઈ) તેડવા મોકલો, તો તેની પાછળ પાછળ અમારો કૂવો ચાલ્યો આવશે. આ પ્રમાણે રાજા કૂપિકા (કૂઈ) મોકલવા શક્તિ માન બની શકતો નથી, તેમ ગામડિયા પણ પોતાનો કૂવો મોકલી શકતા નથી. તેથી કૂવો ન મોકલવામાં રાજાનો અપરાધ થતો નથી. (૬૧)

## વનખંડનું દૃષ્ટાંત

૬૨- 'તમારા ગામમાં જે વનખંડ -બગીચો પશ્ચિમ દિશામાં છે,તેને બદલે પૂર્વ દિશામાં કરો' એવી આજ્ઞા રાજાએ મોકલી, એટલે ગામને પશ્ચિમ દિશામાં વસાવ્યું, એટલે વનખંડ પૂર્વમાં આવી ગયો. બગીચાથી પશ્ચિમમાં ગામ થઈ ગયું. (૬૨)

## ખીરનું દૃષ્ટાંત

૬૩- ફરી કોઈ વખત રાજાજ્ઞા આવી કે, 'અગ્નિ અને સૂર્યની ગરમી સિવાય દૂધ અને ચોખાની ખીર તૈયાર કરવી.' ત્યારે રોહાએ કહેલા ઉપાયથી-ઘણા કાળના એકઠા કરેલા ગાય વગેરેનાં છાણ, કંથા-કચરાના ઉખરડામાં અંદરના ઊંડાણમાં દૂધ અને ચોખા યોગ્ય પ્રમાણમાં એકઠા કરી એક માટીના ભાજનમાં ભરીને ગોઠવી ત્યાર પછી થોડાક પહોરમાં તેની ઉષ્ણતાથી ખીર રંધાઈ ગઈ અને રાજાને નિવેદન કર્યું. (૬૩)

## રોહકનું રાજા પાસે જવું અને ઔત્પાતિકી બુદ્ધિથી જવાબ

૬૪-૬૫- આ પ્રમાણે શિલામંડપાદિ આજ્ઞાઓનો બરાબર અમલ થયો જાણી જિતશત્રુ રાજાએ 'રોહકે એકદમ મારીપાસે આવવું, પરંતુ જણાવું, તે સ્થાનોનો ત્યાગ કરીને આવવું. (૬૪) અજવાળિયા કે અંધારિયા પક્ષમાં ન આવવું, દિવસે કે રાત્રે ન આવવું, છાંયડા કે તડકામાં ન આવવું, અર્થાત્ સૂર્યના તાપ કે આકાશમાં છત્ર ધારણ કરી ન આવવું. માર્ગે કે ઉન્માર્ગે ન આવવું. વાહનથી કે ચાલતાં ન આવવું. સ્નાન કરીને કે મલિન દેહવાળા ન આવવું. (૬૫) આવી રાજાજ્ઞા મળતાં તેની આજ્ઞાનો અમલ કરવા પૂર્વક આવવા તૈયાર કરી તે આ પ્રમાણે –

૬૬- અહિં ચાંદ્રમાસના બે પક્ષો, તેમાં પ્રથમ કૃષ્ણ અને બીજો શુકલ. કૃષ્ણપક્ષ અમાવાસ્યા સુધીનો અને શુકલપક્ષ પૂર્ણિમાએ પૂર્ણ થાય. તેથી અમાવાસ્યાને તે પક્ષની સંધિરૂપે ગણેલી છે. પૂનમ એ માસની સંધિ તરીકે ગણાય છે. આથી અમાવાસ્યા તે એકદમ પક્ષની સંધિરૂપે નજીક છે. આથી તેણે બંને પક્ષોનો ત્યાગ કર્યો.સંધ્યા સમયેગયો, જેથી સૂર્યાસ્ત-સમય હોવાથી રાત્રિ અને દિવસ બંનેનો ત્યાગ કર્યો. ગાડાનાં બે ચક્રની વચ્ચેના માર્ગથી ગયો, જેથી તે માર્ગ ન ગણાય અને ઉત્પથઅમાર્ગ પણ ન કહેવાય. ઘેટા ઉપર ગયોહોવાથી ચાલતો કે

વાહનવાળો ન ગણાય. દિવસના છેડાનો સમય હોવાથી તડકો ન હોય અને ચાલણીનું છત્ર બનાવેલ હોવાથી છત્ર વગરનો પણ ન ગણાય. આખા શરીરે સ્નાન ન કર્યું, પરંતુ શરીરના અમુક ભાગોનું પ્રક્ષાલન-સાફ કરી નાખ્યું, આખા શરીરે સ્નાન કરે, તે સ્નાન કહેવાય. મસ્તક શિવાયનાં અંગો સાફ કરેલાં હોય, તે સ્નાન ન ગણાય. તેથીસ્નાનકરેલો નથી, તેમ જ શરીર મલિન પણ નથી. આવી રીતે રાજાજ્ઞા અનુસાર જણાવેલાં સ્થાનોનો ત્યાગકરી રાજભવનમાં દ્વારે પહોંચ્યો. (૬૬)

૬૭-રાજભવન-દ્વારે પહોંચીને "રાજા પાસે ખાલી હાથે ન જવાય" કારણ કે નીતિનું એવું વચન છે કે "રાજા, દેવ અને ગુરુ પાસેદર્શન કરવા ખાલી હાથે ન જવાય." બીજું અમારા સરખા નટ પાસે રાજાને ભેટ આપવા લાયક બીજા પુષ્પ, ફલાદિક મંગલયોગ્ય પદાર્થ કોઈ નથી.' એમ વિચારીને શું કર્યું ? તે કહે છે : –

૬૮- પૃથ્વી એટલેકુંવારી માટી બે હાથની વચ્ચે રાખી અંજલિ જોડી રાજાને બતાવી. રાજાએ તે માટી હાથમાં લઈ તેને નમસ્કાર કર્યો. પ્રણામ પછી ઉચિત સત્કાર સન્માનાદિ કરી રોહકને આસન આપવાના સમયે રોહકે મધુરસ્વરથી પ્રિય વાક્ય સંભળાવ્યું. (૬૮) તે પ્રિય-મધુર પાઠ કહે છે : -

'હે રાજન્ ! તમારા મહેલમાંકોઈ સાવધાન ચતુરજન પણ ગંધર્વનું ગીત કે મૃદંગના શબ્દોને સાંભળો'- એમ કહ્યું, એટલેરાજા કંઈક તર્ક કરવા લાગ્યા, એટલામાં તરત જ રોહાએ રાજાના મનનો અભિપ્રાય સમજીને ખુલાસો કરનાર વચન સંભળાવ્યું કે- 'આડી-અવળી ગતિ કરતી, આમ-તેમ મહેલમાં અતિ ભ્રમણ કરતી વિલાસિનીઓના સ્ખલના પામતા ચંચળ પગોમાં પહેરેલાં જે ઝાંઝર, તેના શબ્દનાકારણે ગંધર્વ-ગીત અને મૃદંગના શબ્દો ન સાંભળો' વ્યાજસ્તુતિ નામનો આ અલંકાર છે. (૬૮)

૬૯ --આ પ્રમાણે રોહકે કહેવાથી ખુશ થયેલા રાજાએ પુષ્પ, ફલ,ભોજન વગેરે આપવા રૂપ તેનો સત્કાર કર્યો. રાત્રે વૃત્તાન્ત જાણવા માટે તેને પોતાની પાસે જ સૂવરાવ્યો. માર્ગમાં થાક લાગેલો હતો, જેથી પ્રથમ રાત્રિમાં જ ઘસઘસાટ ઉંઘ આવી ગઈ. રાત્રિના પ્રથમ પહોરના છેડે જાગેલા રાજાએ 'કેવા જવાબ આપે છે ?' તે સાંભળવાના કૌતુકથી બોલાવ્યો, છતાં ન જાગ્યો, ત્યારે સોટી અડકાડીને જગાડ્યો. પૂછયું કે, 'તું જાગે છે ?' ત્યારે ઉંઘના અપરાધથી ભય પામીને બોલ્યો કે - 'જાગું છું, આપના ચરણ પાસે રહીને ઉંઘવાનો અવકાશ કેવી રીતે હોય ?' રાજા- 'જો જાગે છે,તો પછી તને બોલાવ્યો, છતાં મને તેં જલ્દી ઉત્તર કેમ ન આપ્યો ?'

રોહક - 'હે દેવ ! ચિંતામાં વ્યાકુલ બની ગયો હતો.'

રાજા- 'શું ચિંતવતો હતો ?'

રોહક - બકરીઓની લિંડીઓ ગોળપણું શાથી પામતી હશે ?'

રાજા - 'તેની ગોળાશ કયા નિમિત્તે થાય છે, તે તું જ જણાવ.'

રોહક - 'હે દેવ ! તેની જઠરાગ્નિથી. તેમના ઉદરમાં બળતા તેવા પ્રકારના સંવર્તક

નામના વાયુની સહાયથી ખાધેલા આહારનો ભૂક્કો કરી તેની વિષ્ટાની ગોળાકાર ગોળીઓ પાકી થઈ જાય છે. (૬૯)

૭૦-પ્રથમ પહોર માફકબીજા પહોરના અન્તે ફરી પણ સોટીનો સ્પર્શ કરી જગાડીને રાજાએ તેને પૂછયું કે - 'શું વિચારે છે ?' રોહકે કહ્યું - 'પીપળાનું પાન અને તેનો છેડો બેમાં લાંબુ કોણ ?' રાજાએ કહ્યું કે - 'તેમાં જે પરમાર્થ હોય, તે તું જ કહે.' ઘણે ભાગે બંને સરખા જ હોય છે. પ્રાયઃ કહેવાથી કોઇક વખત સમાન ન પણ હોય, તે જણાવવા માટે. આ ગાથાના પૂર્વાર્ધમાં સાતમો ગણ પાંચ માત્રાનો છે, છતાં તે બહુલા જાતિનો હોવાથી દોષ નથી. બહુલા વિચિત્ર પ્રકારે થાય છે. બહુલા એટલે પાંચ માત્રાના ગણવાળી. (૭૦)

૭૧- એ જ પ્રમાણે ત્રીજા પહોરના અન્તે જાગીને પૂછયું. રોહક-ખીસકોલી ભુજપરિસર્પ નામના પ્રાણીના શરીર ઉપર કાળા અને સફેદ ચટાપટામાં કયા વધારે હોય ?

રાજા-કયા અધિક ? તે તું જ કહે.

રોહક-કાળી અને સફેદ બંને રેખાઓ (ચટાપટા) સમાન હોય. અહિં મતાંતરમાં કેટલાક આચાર્યે પુચ્છ અને શરીર બેમાં લાંબુ કોણ ? એમ રોહકેવિચાર્યું. રાજાએ તેનો જવાબ પૂછતાં રોહકે કહ્યું કે, 'શરીર અને પૂંછડી બંને સમાન લાંબાં હોય.' (૭૧)

૭૨- રાત્રિના છેલ્લા પહોરમાં ત્રણ પહોર બહુ જાગેલ હોવાથી અતિ મીઠી નિદ્રા કરતા રોહકને સોટીથી લગાર વધારે સ્પર્શ કરાવી જગાડ્યો. રાજાએ પૂછયું કે - 'શું ચિંતવે છે ?' રોહકે કહ્યું કે - 'હે રાજન્ ! તમારે કેટલા પિતા છે,તેનો હું વિચાર કરું છં.' રાજાએ કહ્યું કે- 'મારે કેટલા પિતાએ હકીકત તારે જ કહેવી યોગ્ય છે.રોહક-પાંચ. રાજા - કેવી રીતના પાંચ ? રોહક-રાજા, કુબેર, ચંડાલ, ધોબી અને વીંછી ત્યાર પછી સંદેહ પામેલા રાજાએ માતાને પૂછયું કે, 'શું આમ મારે પાંચ પિતાઓ છે ?' માતાએ પણ રોહકે જેમ કહેલ, તેવી જ રીતે નિવેદન કર્યું. (૭૨) તે જ પાંચ પિતા હેતુ-સહિત કહે છે –

૭૩-૧ પહેલો પિતા રાજા સુરતકાળે બીજ-નિક્ષેપ કરનાર પિતા, ૨ ઋતુસ્નાન કર્યા પછી ચોથા દિવસે કુબેર દેવની પ્રતિમાનું પૂજન કરતાં તેની મનોહર આકૃતિથી આકર્ષાયેલા ચિત્તવાળી થઈ હોવાથી તેના સર્વાંગે તેણે આલિંગન કર્યું. ૩-૪ ચંડાલ અને ધોબીને ઋતુસ્નાન કર્યા પછી કંઈક અથડામણમાં પડવાથી તેઓને દેખ્યા અને સંયોગ કરવાનો થોડો અભિલાષ ઉત્પન્ન થયો, માટે તે બંને પણ તારા પિતા. હે પુત્ર ! તું જ્યારે પેટમાં હતો, ત્યારે મને વિંછી ભક્ષણ કરવાનો દોહલો ઉત્પન્ન થયો. એકાંતમાં ગુપ્તપણે લોટની આકૃતિ તૈયાર કરી મને તેનું ભક્ષણ કરાવ્યું, માટે તે પણ કંઈક પિતાપણું પામ્યો. (૭૩)

૭૪-આ પ્રમાણે પિતા વિષયક સંખ્યાના વિવાદમાં આશ્ચર્ય પામેલા રાજાએ કારણસંબંધી પ્રશ્ન કર્યો કે, તેંકયા કારણથી આ અત્યંત નિપુણ બુદ્ધિશાળીની બુદ્ધિમાં પણ ન આવી શકે તેવો પરમાર્થ જાણ્યો ? રોહકે કહ્યું કે તમે રાજ્ય સામ, દામ, દંડ ભેદ રૂપ રાજનીતિથી પાલન, કરો છો ૧. જેઓ દરિદ્ર, દુઃખી લોકોહોય, તેમને કુબેરની જેમ ધનનો ત્યાગ કરીને ઉદારતાથી દાન આપો છો ૨. જો કોઈ રાજ્ય કાયદાથી વિરુદ્ધ વર્તાવ કરે. એવા લોકોને

ચંડાલના સરખો આકરો કોપ કરો છો. ૩. માફી આપ્યા વગર પૂર્વના રાજાઓએ નક્કીકરેલા માર્ગને તોડનારાઓનુ સર્વ ધનદંડ કરી હરણ કરો છો. કોની જેમ ? તો કે ધોબી વસ્ત્ર નીચોવે અને તેમા પાણી રહેવા ન દે, તેમ અપરાધીનું ધન નીચોવી લો છો અને તેની પાસે કંઈ રહેવા દેતા નથી ૪. સોટી સ્પર્શ કરવાથી વારંવાર મને ઠોકો છો,તેથી વીંછી જેવા ૫. હે રાજન્ ! તમે રાજાદિકના પુત્ર છો. નીતિથી આવા પ્રકારનું મોટું રાજ્ય પાલન કરો છો, તેથી જણાય છે કે, તમે રાજપુત્ર છો. જે ક્ષત્રિય-રાજબીજ ન હોય, તે આવા નિર્દોષ સુરાજ્યભારની ધુરા ધારણ કરવા સમર્થ બની શકતા નથી. એવી રીતે દાનથી તમે કુબેરના પુત્ર છો, રોષથી ચંડાલપુત્ર છો,દંડથી ધોબીના પુત્ર છો અને સોટી મારવાથી વિંછીના પુત્ર છો. કારણ કે, સમગ્ર કાર્યો. કારણોને અનુસરતાં મળતાં હોય છે. (૭૪)

૭૫- તેની બુદ્ધિના કૌશલ્યથી પ્રભાવિતથયેલા રાજાએ ‘આ પુરુષ ઘણો સારો છે’ એમ માનીને તેનો સ્વીકાર કર્યો. તે સમયે કોઈક નજીકના પ્રદેશમાં રહેતા રાજા સાથે કોઈ પણ કારણથી આ રાજાને વૈર બંધાયું હતું. તેની સાથે સંધિ કરવાની રાજાને અભિલાષા થઈ વારંવાર તેવા સંધિ કરાવનારને મોકલી પ્રયત્ન કર્યો. પરંતુતેનો તે સ્વીકાર કરતો ન હોવાથી આ જિતશત્રુ રાજાને તેના ઉપર કોપ ઉત્પન્ન થયો. ‘હવે રોહક સિવાય બીજાથી આ કાર્ય અસાધ્ય છે’ એમ વિચારીરાજાએરોહકને ત્યાં આગળ મોકલ્યો. રોહક ત્યાં પહોંચ્યો, દુશ્મન રાજા સાથે મંત્રણા કરી. જ્યારે બીજા ઉપાયોથી સમજાવવા છતાં અવિશ્વાસથી સંધિ કૂબલ ન કરી, ત્યારેરોહાએ ધર્મરૂપ ભેટણું ધરીને તેને વશ કર્યો. આનો આ પ્રમાણે પરમાર્થ સમજવો. રોહકે તેને આ પ્રમાણે કહ્યું કે - ‘કદાચ મારા રાજા સંધિ કરીને પછી નાકબૂલ કરી ફરી જાય, તો તે રાજાએજે તીર્થગમન, દેવભવન કરાવ્યાં હોય, બ્રાહ્મણાદિકને દાન આપ્યું હોય, વાવ, તળાવ ખોદાવ્યાં હોય-આ વગેરેથી જે ધર્મ ઉપાર્જન કર્યો હોય, તે મેં તમને સમર્પણકર્યો.તે ધર્મરહિત થવાથી આ લોક અને પરલોકમાં થોડું પણ કલ્યાણ-સુખ પામી શકશે નહિં, માટે તમો તેની સાથે સંધિ કૂબલ કરો.કોઈ પણ ધર્મવિષયક આવી પ્રતિજ્ઞાનો ભંગ કરતા નથી.’ એ પ્રમાણે વિશ્વાસમાં લીધા પછી કપટથી ત્યાં જઈને રાજાએ અણધાર્યો હલ્લો કર્યો. દુશ્મનને પોતાના કબજે કરી ઉજ્જયિની નગરીમાં લાવ્યો. ત્યાં પેલા પકડાએલા રાજાએ વિચાર્યું કે, ‘આ રાજાએ પોતાનો ધર્મ મને આપીને કેમ તેનો નાશ કર્યો ?’ આ પ્રમાણે તેના ખોટા વિકલ્પને દૂર કરાવવા માટે જિતશત્રુ રાજાએ રોહક ઉપર કૃત્રિમ કોપ કર્યો. (૭૫)

૭૬- ત્યાર પછીરોહકેરાજાને કહ્યું કે - ‘નિરપરાધી એવા અમારા ઉપર દેવે આટલો કોપ શા માટે કર્યો ?’ તે વિષયમાં જિતશત્રુ રાજાએ કહ્યું કે ‘તે મારો ધર્મ હરાવ્યો, તે માટે.’ તે ક્યારે રોહાએ કોઈક બીજા મહર્ષિ-વિષયક ધરમ રાજાને આપ્યો. આ કહેવાનો મતલબ એ છે કે - ‘હે દેવ ! જો મેં તમારો ધર્મ બીજાને આપ્યો અને તે જો બીજે જાય, તો આ મહર્ષિએ બાલ્યકાલથી અત્યાર સુધીનો કરેલો ધર્મ મેં આપને આપ્યો.હવે હે પ્રભુ ! મારા ઉપર આપને આવો કોપ કરવાનો અવકાશ રહેતો નથી.’ રાજાએ કહ્યુંકે, ‘આ મહર્ષિ સંબંધી ધર્મ મારો કેવી રીતે થાય કે જે મેં કર્યો કે કરાવ્યો નથી.’ એટલે રોહકે કહ્યું કે, ‘જેમ તમારો ધર્મ મેં શત્રુરાજાને આપ્યો, એટલે તે ધર્મ તેનો થયો તેમ. (૭૬)

૭૭- ત્યાર પછી અતિપ્રસન્ન ચિત્તવાળા જિતશત્રુ રાજાએ રોહકને પરિપૂર્ણ નિર્વાહ થાય,તેવા પ્રકારની જમીન-જાગીર આપી. વળી કોઈ વખત ઉજ્જયિની નગરીમાંથી મનુષ્યકે જાનવરો-ઢોરો, ધન વગેરે લૂટીને પર્વત વનમાં ભાગી જઈ પલ્લીમાં વાસકરતા હતા, તેઓની સાથે કોઈ પ્રકારે વિવાદ ઉત્પન્ન થયો,ત્યારે ફરી રોહકને તે લૂંટારાઓને પકડવા માટે મોકલ્યો. જ્યારે તેઓ સહેલાઈથી પકડી શકાતા નથી.ત્યારે તેઓને પકડવા માટે એમ સમજાવ્યું કે, 'અપુત્રિયાને અગર ગાયોને દુશ્મન પકડી જાય, તેને છોડાવવા, તે તીર્થ અર્થાત્ પુણ્ય અને ધર્મનું કાર્ય છે. કહેલું છે કે - શત્રુંઓ અપુત્રિયાને કે ગાયને પકડી ગયા હોય, તેને છોડાવવામાં પૂર્વમુનિઓ મોટું તીર્થ થયું એમ કહે છે.' એવી રીતે ઉજ્જયિની નગરીના રાજાના સૈન્યને સમજાવ્યું. એટલે તે બળવાન સૈન્યે પલ્લીમાં રહેલી ગાયોને પકડીલીધી. તે ગાયોને છોડાવવા માટે પલ્લીના ભીલ્લો બહાર નીકળ્યા. એટલે પલ્લીઓ શૂન્ય થઈ, ત્યારે ત્યાં ધાડ પાડી. તેઓ બહાર નીકળ્યા, એટલે તેમને પકડી લીધા. (૭૭) ત્યાર પછીરાજાએ શું કર્યું ?–

૭૮– રોહાએ સમગ્ર સામંતો, મહાઅમાત્યો વિષયક વિશ્વાસ ઉત્પન્ન કર્યો. ત્યારે રાજાએ દરેક સામંતાદિને પૂછયું કે, 'તમારા ચિત્તમાંરોહક સંબંધી સાચો શો અભિપ્રાય છે ?' તેઓએ સાચા અંતઃકરણથી કહ્યું કે- 'હે દેવ ! ખરેખર આપના કાર્યોમાં બિલકુલ સર્વથા પૂર્ણ અપ્રમત્ત અને ચીવટવાળો છે. વળી આપણા કે બીજા સામા પક્ષ માટે અનુપદ્રવ કરનાર, પુણ્યશાળી, નિર્ભય-શત્રુપક્ષમાં પણ શંકા વગર જનાર હોવાથી, બીજાએ કરેલા વિચારોનો જાણકાર અને જ્ઞાની છે. (૭૮)

૭૯- તુષ્ટ થયેલા રાજાએ રોહકને સર્વ મંત્રીઓના અગ્રેસર તરીકે સ્થાપ્યો. તેણે પણ બુદ્ધિગુણથી પોતાના પદનું વિધિથી પાલન કર્યું. રોહાની આશ્ચર્ય ઉત્પન્ન કરનારી અને વિદ્વાનોના મનને હરણ કરનારી ચેષ્ટાઓથી તુષ્ટ થયેલા જિતશત્રુ રાજાએ ૪૯૯ એવા સર્વે મંત્રિઓના અગ્રેસરપણે-નાયક પણે સ્થાપન કર્યો. રોહાએ પણ મંત્રિનાયકપણાનું પદ વિધિ અને ન્યાયપૂર્વક પોતાની અવસ્થાને ઉચિતરીતિ અને ઔત્પાતિકી નામની બુદ્ધિના સામર્થ્યથી સારી રીતેપાલન કર્યું. કારણ કે, સર્વ ગુણોમા બુદ્ધિગુણ સર્વથી ચડિયાતો માનેલો છે. જે માટે કહેલું છે કે - 'પ્રાપ્ત થયેલી નિર્મલ કામધેનુ સરખી બુદ્ધિ લક્ષ્મી ઉત્પન્ન કરે છે, વિપત્તિઓ આવતી અટકાવે છે, દૂધ સરખો ઉજ્જવલ યશ ફેલાવે છે, અપકીર્તિ ભૂંસી નાખે છે, બીજામાં સંસ્કાર -જળ રેડીને પવિત્ર કરે છે. પૃથ્વી સમુદ્રથી વીંટળાયેલી મર્યાદિત છે,સમુદ્ર સો યોજનના માપવાળો છે, હંમેશાં આકાશમાં પરિભ્રમણ કરનાર સૂર્ય આકાશનું પ્રમાણ નિશ્ચિત કરે છે-એમ જગતના સમગ્ર પદાર્થોને પોતાની હદનું પ્રમાણ પરિમિત હોય છે, પરંતુ સજ્જન પુરુષોની બુદ્ધિનો વૈભવ અસીમ-મર્યાદા વગરનોહોઈ વિજયનો ડંકો વગાડે છે. (૭૯)

ભરતશિલા નામનું દ્વાર ઘણા વિસ્તારથી સમજાવ્યું હવે **પણિત નામનું દ્વાર કહે છે :-**

૮૦- પણિત-શરત કરવી એ નામનું દ્વાર છે. કોઈક સ્વભાવથી ભોળી બુદ્ધિવાળો ગામડિયો ઘણા ધૂર્ત લોકોવાળી નગરીમાં આખું ગાડું કાકડીથી ભરીને વેચવા માટે નીકળ્યો.

બજારના માર્ગમાં કાકડિયો નીચે ઉતારી અને વેચવા માટે ઢગલો કર્યો. ત્યારે કોઈક ધૂર્તે આવીને તેને કહ્યું કે, 'જો કોઈ આ સર્વ કાકડીયોનું ભક્ષણ કરે તો તેના બદલામાં તારે શું આપવું ?' ન બની શકે તેવી વાત મનમાં માનીને અસંભવિત શરત નક્કી કરી કે, 'તેવોનેહું નગરના દરવાજામાંથી ન નીકળી શકે તેવો લાડું આપું.' એટલે હવે તે ધૂર્ત ગાડામાં ચડીને દરેક કાકડીને દાંત લગાડીને ખંડિત કરી.ત્યાર પછી ખરીદવા આવતાલોકો કહેવા લાગ્યાકે,'આ તો કોઈથી ભક્ષણ કરાયેલી-એઠી છે.કોઈપણ તે ખંડિત કાકડીને ખરીદતા નથી.કહે છે કે 'કોઈથી ખવાયેલી છે' એમ- લોકોના પ્રવાદની સહાયથી ધૂર્તે ગામડિયાને જિત્યો. ત્યાર પછી શરત પ્રમાણેનો મોદક માગે છે.બિચારો ગામડિયો એવા પ્રકારનો લાડુ આપવો અશક્ય લાગવાથી તેને રૂપિયો આપવા લાગ્યો,પણ ધૂર્ત લેતો નથી. છેવટે બે, ત્રણ અને સો રૂપિયા આપવા લાગ્યો,તો પણ ધૂર્ત ગ્રહણ કરતો નથી. હવે ગામડિયાએ વિચાર્યું કે, 'આ ધૂર્તથી હવે સીધી રીતે છૂટી નહિં શકાય. હવે તો આનો ખૂલાસો ચતુર બુદ્ધિવાળા જ કરી શકશે. અને તેવા ચતુરબુદ્ધિવાળા ઘણે ભાગે જુગારીઓ હોય છે. માટે તેની સેવા કરું. એમ વિચારી તેણે તેમ જ કર્યું. જુગારીએ પૂછયું કે - 'હે ભદ્રક ! તું હંમેશા અમારી સેવા શા માટે કરે છે ?' તેણે કહ્યુ કે - 'હું આવા પ્રકારના સંકટમાં ફસાયો છું.' ત્યારે ભુજંગ સરખા જુગારીઓએ તેને શિખવ્યું કે, 'કંદોઈની દુકાનેથી મુઠ્ઠીપ્રમાણ એક લાડવો લઈને ધૂર્તો અને બીજા નગરલોકો સાથે દરવાજાના દ્વારમાં જઈને ભુગળ ઉપર લાડવાને મૂકીને બધા સાંભળે તેમ બોલજે કે, 'હે મોદક ! બહાર નીકળ, બહાર નીકળ.' જુગારીએ શીખવ્યા પ્રમાણે કર્યું, પરંતુ મોદક દરવાજા બહાર ન નીકળ્યો. એટલે શહેરના ધૂર્તને ગામડિયાએ હરાવ્યો. આવી ધૂતકારની **ઔત્પાતિકી** બુદ્ધિ જાણવી. (૮૦)

## વૃક્ષ નામનું દ્વાર કહે છે

૮૧ - કોઈક સ્થાને માર્ગમાં ફલના ભારથી નમી ગયેલી ડાળીવાળામોટા આમ્રવૃક્ષની નજીકમાંથી પસાર થતા મુસાફરો પાકેલાં આમ્રફલો દેખીને ભૂખથી દુર્બળ કુક્ષિવાળા લોકો તેને તોડવા લાગ્યા, પરંતુ વૃક્ષની ડાળી ઉપર બેઠેલા અતિચપળ વાંદરાઓ આમ્રફળ તોડતાં સ્ખલના કરતા હોવાથીકોઈ તોડી શકતા નથી.કોઈક સમયે નિપુણબુદ્ધિવાળા કોઈક મુસાફરે વાંદરા તરફ ઢેફું ફેંક્યું, એટલે કોપાવેશમાં આવી વાંદરાઓ મુસાફરોને મારવા માટે આમ્રફળો તોડી તોડીને ફેંકવા લાગ્યા. એ પ્રમાણે મુસાફરોના મનોરથ પૂર્ણ થયા. આ તેની ઔત્પાતિકી બુદ્ધિ. આ બાબતમાં જે મતાંતર છે, તે કહે છે - બીજા આચાર્યો વૃક્ષદ્વારની આવી વ્યાખ્યા કરે છે કે - કેટલાકમુસાફરોએકોઈક પ્રદેશમાં અણવપરાતાં ફલોને જોઈને વિચાર્યું કે, 'આ વૃક્ષનાં ફલો ખાવા યોગ્યજણાતાં નથી.' સાથી ? તો કે આ માર્ગેથી ઘણા લોકો જાવ-આવ કરે છે. જો ફળો ભક્ષણયોગ્ય હોય, તો જરૂર કોઈએ પણ ભક્ષણ કર્યાં હોતે. અને કોઈએ ભક્ષણ તો કરેલાં જ નથી. આ પ્રમાણે મુસાફરોની ઔત્પાતિકી બુદ્ધિ. (૮૧)

## પાણી વગરના ખાડાનું દ્વાર કહે છે –

૮૨- નિર્જલ કૂવા નામના દ્વારમાં મંત્રીની પરીક્ષામાં શ્રેણિકનું બહાર ભાગી જવું, કોઈક ગામમાં શેઠને સ્વપ્ન આવવું, નંદાની કુક્ષિએ અભયકુમારનો જન્મ, કૂવાના કાંઠે રહી, છાણ પાણી ભરી વીંટી બહારકાઢવી, નંદામાતાનોરાજગૃહમાં પ્રવેશ. ગાથાર્થ કહી આ દ્વાર વિસ્તારથી વિવરણકાર કથા દ્વારા કહે છે : -

## શ્રેણિક-અભયકુમાર નું દૃષ્ટાંત

અનેક પર્વતશ્રેણિથી વીંટાએલ હોવાથીરમ્ય એવું રાજગૃહ નામનું નગર હતું.ત્યાં પ્રસેનજિત નામનો રાજા રાજ્ય પાલન કરતો હતો.તેને અનેક પુત્રો પૈકી શ્રેણિક નામનો પુત્રરાજાઓના સર્વ ગુણોમાં અને લક્ષણોમાં ચડિયાતો અને સ્વભાવમાં પણ અનુપમ હતો.રાજાએ વિચાર્યું કે, 'લોકોમાં એવો પ્રવાદ છે કે, પુણ્ય હોવા છતાં રાજ્ય પરાક્રમથી જ મળે છે, તો આ પુત્રોની હું પરીક્ષા કરું.કોઈક દિવસે રાજાએ સર્વે પુત્રોને કહ્યું કે, 'તમારે સર્વેએ સાથે મળીને સહભોજન કરવું, જેથી તમારી પ્રીતિમાં વૃદ્ધિ થાય.' 'આપ જે આજ્ઞા કરો, તે અમારે શિરસાવંદ્ય છે' એમ બે હાથની અંજલિ કરી માન્ય કર્યું અને સમય થયો એટલે ભોજન કરવા સાથે બેઠા. ખીર ભરેલાં ભાજનો તેમને આપવામાં આવ્યાં. અને જેટલામાં જમવાની શરૂઆત કરી, તે વખતે ત્યાં શિકારીકૂતરા છોડી મૂક્યા. સિંહના સમાન ચરણવાળા તે કૂતરાઓ જેટલામાં થાળપાસે આવ્યા, તેટલામાં શ્રેણિક સિવાય બાકીના કુમારો ભયથી પલાયન થઈ ગયા. શ્રેણિકકુમાર તે બન્ધુઓની થાળીઓ લઈ લઈને તે કૂતરાઓ સન્મુખ ધકેલવા લાગ્યો અને તે થાળીમાંથી ખીર ખાવા લાગ્યા અને પોતે ધૈર્યવાળા ચિત્તથી પોતાના થાળમાં રહેલી ખીર ખાવા લાગ્યો.રાજાએ આ બનાવ જાતે જોયો, તો તેના ઉપર પ્રસન્ન થયા. નક્કી આ કુમાર અતિનિપુણ બુદ્ધિવાળો છે કે. જે આવા સંકટ-સમયમાં પણ પોતાના કાર્યથી ન ચૂક્યો અને કૂતરાઓને પણ સંતોષ પમાડ્યા. એ જ પ્રમાણે બીજા રાજાઓ તેને મોક્ષ પમાડશે, તો પણ દાન આપીને તેને સંતોષ પમાડશે અને પોતાના રાજ્યનો ત્યાગનહીં કરે. તો હવે અત્યારે આ કુમારનું બીજા પુત્રો દેખતાં ગૌરવ કરવું કે, પક્ષપાત કરવો ઉચિત નથી.કારણ કે, ઈર્ષ્યાળુ તેના બન્ધુઓ આ રાજાનો માનીતો છે એમ જાણીને મારી નાખશે. રાજા બહારથી શ્રેણિક તરફ 'અનાદરથી નજર દેખાડતો હતો, તેથી શ્રેણિકના મનમાં દુઃખ થયું કે, 'મારા માટે પિતાજી અનાદર કરે છે, તે યોગ્ય ન ગણાયઃ માટે મારે દેશાંતર ચાલ્યા જવું'- એમ વિચારી કહ્યા વગર શ્રેણિક પુત્ર દેશાન્તરમાં ચાલ્યો ગયો.ચાલતો ચાલતો અનુક્રમે બેન્ના નદીના કિનારા પર વસેલા અનેક પૌરજનયુક્ત બેન્નાતટ નગરીમાં પોતાના પરિમિત સેવકો સાથે કંઈક પ્રસંગપામીને પ્રવેશ કર્યો. જ્યાં અંદર મધ્યભાગમાં પહોંચ્યો,ત્યાં ક્ષીણવૈભવવાળા કોઈક સામાન્ય વેપારીની દુકાનમાં આસન પ્રાપ્ત થયું, ત્યાં બેઠો. તે શેઠે રાત્રેસ્વપ્ન દેખ્યુ હતું કે 'મારે ઘેર રત્નાકર આવ્યો. આ સ્વપ્ન સુંદર છે નક્કી તે સ્વપ્નનું જ આ ફલ જણાય છે.' એમ ચિત્તથી તે સંતોષ પામ્યો.તેના પુણ્યથી દિવસે

શહેરમાં ધમાલ કરાવનારમોટો પર્વ-મહોત્સવનો દિવસ હતો, એટલે કેસર, ચંદન, ધૂપ વગેરે પૂજા-સામગ્રી ખરીદ કરવા માટે દુકાને ઘણા ઘરાકો ઉતરી પડ્યા. આ કુમારના પ્રભાવથી સરળ નીતિવાળા શેઠે ઘણું ધન ઉપાર્જન કર્યું. ત્યાર પછી ભોજન-સમયે ઘરે જવાની ઈચ્છાવાળા શેઠે કુમારને પૂછયું કે, આ નગરમાં તમે કોના પરોણા થશો ?' કુમારે કહ્યું કે, 'તમારા' પછી ઘરે લઈ જઈ ઉચિત પરોણાગત અને સત્કાર કર્યો. ત્યાર પછી તેના વચનકૌશલ્ય, સૌભાગ્ય, વિનય, સજ્જન-સ્વભાવ વગેરે ગુણોથી પ્રભાવિત થયેલા શેઠે પોતાની નંદા નામની પુત્રી આપી. લોકોનાં મન પ્રમોદ પામે તેવા ઘણા આડંબરથી તેઓનાં લગ્ન કર્યાં. જેણે તે કાળને ઉચિત સર્વ કાર્યોપ્રાપ્ત કરેલાંછે એવો કુમાર અત્યંત અનુરાગવાળી, સ્વપ્નમાં પણ અપ્રિય નહિં ચિંતવનારી, અત્યંત વિનય વર્તન કરનારી, કોમળ મધુર બોલનારી એવી નંદાપત્ની સાથે સર્વ ચિંતાઓનો ત્યાગ કરીને ભોગો ભોગવતો હતો. કારણ કે, સાસુ-સસરા અતિવાત્સલ્યથી સન્માનતા હતા.

એક વખત સુખે સૂતેલી નંદા સ્વપ્નમાં મહાદેવના હાસ્ય અને કાશજાતિનાં પુષ્પો સરખા ઉજ્જવલ ચાર દંતૂશળવાળા, ઉંચીકરેલી સૂંઢવાળાહાથીબાળકને પોતાના મુખમાં પ્રવેશ કરતો દેખીને જાગી. તરત જ પતિને નિવેદન કર્યું. એટલે પતિએ કહ્યું કે - 'હે પ્રિયે ! યોગ્યસમયે દેવલોકમાંથી અવીને પુણ્યશાળી કોઈકદેવ સંપૂર્ણ લક્ષણવાળોપુત્ર તને અવતરશે' તે સમયે શુભલગ્ન અને શુભ દિવસે તેને અતિપ્રૌઢ પુણ્યસમૂહથી મેળવી શકાય,તેવા પ્રકારનો ગર્ભ રહ્યો. એ પ્રમાણે સમય વહી રહેલો હતો.આ તરફ પ્રસેનજિત રાજાનું શરીર ઢીલું પડ્યું, ત્યારે શ્રેણિક કુમારની શોધ કરાવતાં ખબર પડી કે, અત્યારે બેન્નાતટ નગરમાં સુખેથી રહેલો છે.ત્યાર પછી તેને બોલાવવા માટે તરત જ ચર પુરુષોને મોકલ્યા. (૩૦) તે રાજપુરુષોએ આવી શ્રેણિકને સમગ્ર સમાચાર આપ્યા, એટલે કુમાર તરત જ રાજગૃહ જવા માટે ઉતાવળો થયો. શ્રેણિકે શેઠને કહયું કે, 'પ્રયોજન એવું ઉભું થયેલું છે કે, મારે મારા પિતાને ઘરે તરત પ્રયાણ કરવું જ પડશે, માટે મને તમો રાજી થઈને જવાની રજા આપો.' પોતાની નંદાપત્નીને કહ્યું કે, 'અમે રાજગૃહમાં ગોપાલો છીએ અને હે બાલા ! ત્યાં અમે ધોળી ભીંતવાળા મકાનમાં રહીએ છીએ. જો કોઈ કાર્ય પડે તો ત્યાં આવવું.' શ્રેણિક પિતાની પાસે પહોંચ્યો. રાજ્યપણ પ્રાપ્ત કર્યું. સર્વ પરિજન આજ્ઞા ઉઠાવનાર થયો. હવે નંદાને ત્રીજા મહિને ગર્ભના પ્રભાવથી અતિનિર્મલ દોહલો ઉત્પન્ન થયો, એટલે તેણે પિતાને જણાવ્યો કે, 'હે પિતાજી ! હાથીની ખાંધ પર ચડેલી, છત્ર ધારેલું હોય, તે પ્રમાણે નગરમાં અંદર અને બહાર હું ચાલું અને અભયદાનની ઘોષણા સાંભળું, તો મને અતિશય આનંદ થાય, નહિતર મારા જીવનનો ત્યાગ થશે.' અતિશય તુષ્ટ ચિત્તવાળા શેઠે રત્નપૂર્ણ થાળ ભરી રાજાને ભેટ આપી.રાજાએ પણ તેને માનપૂર્વક બેસાર્યો, વિનંતિ કરી કે, 'મારી પુત્રીનો આવો દોહલો પૂર્ણ કરાવો.' રાજાએ કહ્યું કે, 'તારી ઈચ્છા પ્રમાણે ભલે એમ કર.' એટલે શ્રેષ્ઠ હાથીની ખાંધ પર બેઠેલી શ્વેત છત્રથી આચ્છાદિત કરેલ આકાશસ્થલવાળી નંદા અભયની ઉદ્દઘોષણા શ્રવણ કરતી નગરીમાં ફરવા લાગી. પૂર્ણ અને સન્માનિત દોહલાવાળી હંમેશાં ગાઢ આનંદમાં સમય પસાર કરતી એવી નંદાએ કંઈક અધિક નવ માસપૂર્ણ થયા, ત્યારે દેવકુમાર સરખી આકૃતિવાળા પુત્રને જન્મ

આપ્યો. શેઠે પણ લોકોનાં નેત્રોને અતિશય આનંદ આપનાર તે સમયને યોગ્ય એવો જન્મ - મહોત્સવ ઉજવ્યો. જ્યારે તેવો પવિત્ર શુભ દિવસ આવ્યો, ત્યારેતેની માતાને અભયનો દોહલો થયેલો હોવાથી પુત્રનું 'અભય' એવું નામ સ્થાપન કર્યું. ત્યાર પછી શુક્લપક્ષના ચંદ્રબિંબની માફક તે વૃદ્ધિ પામવા લાગ્યો અને આઠ વરસનો થયો,ત્યારે ઘણી સુંદર બુદ્ધિના વૈભવવાળો થયો. કોઈક સમયે તેવા પ્રસંગે અભયે પૂછયું કે, 'હે માતાજી ! મારા પિતાજી ક્યાં વસે છે ?' માતાએ કહ્યું કે, 'રાજગૃહમાં શ્રેણિક નામના રાજા છે.' ત્યારે માતાને કહ્યું કે, 'હે માતાજી ! અહિં રહેવું તે યોગ્ય નથી.' પછી સારા સથવારા સાથે પિતાના નગર અને ઘર તરફ ચાલ્યો, અનુક્રમે રાજગૃહ નગરની બહાર પહોંચ્યો, ત્યાં પડાવ નાખી, માતાને બહાર રાખી, અભય પોતે નગરની અંદર ગયો. તે સમયે રાજાને અતિ અદ્‌ભુત બુદ્ધિવાળા મંત્રીની જરૂર હતી, તે મેળવવા માટે શ્રેણિક રાજાએ પોતાની આંગળીનું મુદ્રારત્ન એક અત્યંત ઊંડા સુકાયેલ સેરવાળા જલરહિત કૂવામાં નાખ્યું સમગ્ર લોકને રાજાએ જણાવ્યું કે, 'જે કોઈ કિનારા પર રહી હાથથી આ મુદ્રારત્નને ગ્રહણ કરશે, તેને તેની ઇચ્છા પ્રમાણે વૃત્તિ-આજીવિકા દાન આપીશ.' હવે લોકો વિવિધ ઉપાય અને પ્રયોગ કરીને લેવા મથે છે, પરંતુ તેને લેવા માટે કોઈ તેવા ઉપાય મનમાં સ્ફુરાયમાન થતો નથી. (૫) અભયકુમાર ત્યાં પહોંચ્યો અને પૂછયું કે, 'અહીં શું છે ?'ત્યારેલોકોએ સર્વ વૃત્તાન્ત કહ્યો કે, જે રાજાએ કહેલ હતો. અભયને તરત જ તેને ગ્રહણ કરવા યોગ્ય ઉપાય મનમાં સ્ફુરાયમાન થયો, એકદમ મુદ્રારત્ન ઉપર લીલું ગાયનું છાણ નંખાવ્યું. છાણની અંદર તરત જ મુદ્રારત્ન ચોટી ગયું એટલે ત્યાં સળગતો ઘાસનો પૂળો ફેંક્યા. તેની ઉષ્ણાથી સર્વ છાણ સુકાઈ ગયું. કૂવાના કાંઠા ઉપર ઉભા રહી બીજા કૂવાની પાણીની નીક આ કૂવા પાસે લાવી તેના જળથી આ ખાલી નિર્જલ કૂવો ભરી દીધો. તે આવેલા જળથી પેલો ગાયના છાણનો પિંડ એકદમ ઉપર તરી આવ્યો. જ્યારે બરાબર ઉપરના પ્રદેશમાં આવ્યો. ત્યારે અભયે કિનારા ઉપર ઉભા રહીને તેને ગ્રહણ કર્યો. તેમાં ચોંટેલું મુદ્રારત્ન છુટું પાડીને રાજપુરુષોને આપ્યું. તે કાર્ય સોંપેલ રાજપુરુષો તેને રાજા પાસે લઈ ગયા. રાજા પાસે જઈ તેને ચરણમાં નમસ્કાર કર્યો. રાજાએ પુછ્યું કે 'હે વત્સ ! તું કોણ છે ?' તેણે કહ્યું કે, 'તમારો પુત્ર છું.' 'કેવી રીતે અને ક્યાંથી આવ્યો છે ?' ત્યારે બેન્નાતટ નગર સંબંધી પૂર્વનો વૃત્તાન્ત જણાવ્યો. હર્ષાશ્રુથી ભરેલા નેત્રવાળા, પોતાના વત્સને ખોળામાં બેસારીને રોમાંચિત થયેલ દેહવાળા રાજા ફરી ફરી તેને આલિંગન કરવા લાગ્યો. પૂછયુ કે, 'તારી માતા ક્યાં છે ?' ત્યારે અભયે કહ્યું કે, 'નગરની બહાર.' એટલે રાજા તેનો નગરપ્રવેશ કરાવવા માટે પરિવારસહિત સામે ગયો. રાજા અહિં જાતે લેવા આવે છે - એ વૃત્તાન્ત જાણીને નંદાએ પોતે શરીર-શણગાર સજ્યો, પરંતુ અભયે તેનો નિષેધ કરતાં કહ્યું કે, 'હે માતાજી ! સારા કુલમાં જન્મેલી સ્ત્રીઓ પતિના વિરહમાં અતિ સુંદર વસ્ત્રાભૂષણ ધારણ કરતી નથી, પણ સાદો વેષ પહેરે છે. તરત જ પુત્રનું વચન માન્ય કરીને જે આગળ વસ્ત્રો પહેરતી હતી, તે જ વેષ ધારણ કર્યો. મોટા મહોત્સવ સહિત વિવિધ રંગની ધ્વજાઓ પતાકાઓ જેમાં ફરકીરહેલી છે, નગરની શોભાઓ જેમાં કરેલી છે-એવા નગરમાં માતા સહિત અભયનો પ્રવેશ કરાવ્યો. રાજાની પરમકૃપા પ્રાપ્ત કરી અને સર્વે મંત્રીઓમાં મુખ્ય

મંત્રી તરીકે તેને સ્થાપન કર્યો. આ પ્રમાણે ઔત્પાતિકી બુદ્ધિગુણના પ્રભાવથી તે સુખી થયો. (૮૨)

## પટનું દૃષ્ટાંત

**૮૩-પટ નામના દ્વારનો વિચાર :-** કોઈક તેવા બે પુરુષો એક જુનું, બીજો નવું એવા પહેરવાનાં વસ્ત્ર લઈનેનદીકિનારે એક જ સમયે પહોંચ્યા અને શરીર ધોવા લાગ્યા, બંનેએ બંનેનાં વસ્ત્રો નજીકમાં રાખેલાં હતાં. જુના વસ્ત્રનો માલિક લોભથી નવીન વસ્ત્ર બદલાવીને ચાલતો થયો. બીજો પોતાનું વસ્ત્ર તેની પાસે માગવા લાગ્યો.પેલો ખોટું બોલવા અને લડવા લાગ્યો.રાજભવનમાં ન્યાય કરનાર અધિકારીઓ પાસે વિવાદનો નિવેડો લાવવા ગયા. (ગ્રંથાગ્ર ૨૦૦૦)

રાજ્યાધિકારીઓ આમાં સાચું તત્ત્વ શું છે ? તે ન જાણતા હોવાથી કાંસકીથી બંનેનાં મસ્તકો ઓળાવ્યાં અને કાંસકીમાં ઉતરી આવેલા વાળના અનુમાનથી તેઓના વસ્ત્રોમાં તે વાળને મેળવીને જે જેનું વસ્ત્ર હતું, તે તેને આપ્યું. આ રાજ્યાધિકારીની ઔત્પાતિકી બુદ્ધિ, આ વિષયમાં મતાંતર-બીજા આચાર્ય એમ કહે છે કે - અધિકારીઓએપુરુષોને પૂછયું કે, 'આ તમારા વસ્ત્રનું સૂતર કોણે કાંત્યું છે ?' તો કે 'અમારી સ્ત્રીઓએ' ત્યારે તે બંને સ્ત્રીઓ પાસે સૂતર કંતાવ્યું. ત્યાર પછી બીજા રૂપે દેખવાથી અવળી રીતે સૂતર કાંતતી દેખાવવાથી અધિકારીઓને સાચો નિશ્ચય થયો. એટલે જે જેનું હતું, તે તેને અપાવી દીધું. (૮૩)

## સરડાનું દૃષ્ટાંત

**૮૪-સરડા** નામનું દ્વાર : કોઈક વણિક કયાંઈક ઘણા બાકોરા-દરયુક્ત પૃથ્વીમાં જંગલ જવા માટે ગયો. દૈવયોગે ત્યાં બે કાચંડાનું યુદ્ધ થયું. તેમાં એક કાચંડો ઝાડે ફરવા બેઠેલા વણિકની પૂંઠના છિદ્રમાં પૂંછડું અફાળીને તેની નીચેના બોકોરામાં પેસી ગયો. બીજો કાચંડો તેના દેખતાં જ પલાયન થયો. પેલા ભોળા અલ્પબુદ્ધિવાળા વણિકને શંકા ઉત્પન્ન થઈ કે, 'આમાંનો બીજો એક કાચંડો દેખાયો નહીં, એટલે નક્કી મારી પૂંઠના છિદ્રમાંથી પેટમાં પેસી ગયો.' એવી શંકા થવાથી તેના પેટમાં વ્યાધિ ઉત્પન્ન થયો. કોઈક વૈદ્યને જણાવ્યું કે, 'મને આ પ્રમાણે ઉદરમાંકાચંડો પેસી ગયો છે.' વૈદ્યે કહ્યું કે, 'જો સો સોનામહોર આપે, તો તને હું નિરોગી કરું.' તે વાતનો તેણે સ્વીકાર કર્યો. ત્યાર પછી વૈદ્યે લાક્ષારસથી રંગેલો એક કાચંડો ઘડાની અંદર નાખીને રેચના ઔષધનો પ્રયોગ કરીને તેને ઝાડા કરાવ્યા. તેને ઘડામાં ઝાડો કરાવતાં ઝાડાના વેગથી હણાએલ કાચંડો ઘડામાંથી બહાર નીકળ્યો. એ વણિકે જોયો. તેની શંકા દૂર થવાથી વ્યાધિનો વિનાશ થયો. અહીં મતાંતર, બીજા આચાર્યો આ પ્રમાણે કહે છે - શાકયમતના ભિક્ષુક અને શ્વેતાંબર નાના સાધુને પરસ્પર વાર્તાલાપમાં 'આ પુરુષ છે કે સ્ત્રી' એવો ઉત્તર આપ્યો. આ વાતનો પરમાર્થ એટલો છે કે - 'કોઈક પ્રદેશમાં શાક્યમતના ભિક્ષુકે એક કાચંડાને જુદા જુદા પ્રકારના વિકારથી મસ્તક ધૂણાવતો જોયો. ત્યાર પછી તે પ્રદેશમાં એક નાનો શ્વેતાંબર સાધુ આવી પહોંચ્યો. શાક્ય ભિક્ષુકે મશ્કરીમાં પૂછયું કે, 'અરે

ક્ષુલ્લક ! તું સર્વજ્ઞપુત્ર છે, તો કહે કે 'ક્યા કારણે આ કાચંડો-સરડો આમસ્તક ધૂણાવે છે ?' ત્યાર પછી તે જ ક્ષણે ઉત્પન્ન થયેલી ઔત્પાતિકી બુદ્ધિની સહાયવાળા ક્ષુલ્લકે તેને આવા પ્રકારનો ઉત્તર આપ્યો કે 'હે શાક્યભિક્ષુક ! સાંભળ ! આ સરડો તને દેખીને ચિન્તાથી વ્યાપ્ત થયેલા માનસવાળો ઉપર અને નીચે જોયા કરે છે કે - 'ઉપરથી દેખે છે, તો દાઢી મૂછ દેખાય છે, તેથી પુરુષ છે અને નીચેથી લાંબી સાડી દેખાય છે, તો સ્ત્રી હશેકે કેમ ? અર્થાત્ ભિક્ષુક હશે કે ભિક્ષુણી ?' એમ વિચારે છે. (૮૪)

## કાકનું દૃષ્ટાંત

૮૫ - **કાક નામના દ્વારનો વિચાર**-આગળ કહ્યું તેવા દૃષ્ટાંતની જેમ કોઈક લાલ કપડાવાળાએ ક્ષુલ્લક સાધુને પૂછ્યું કે,'બેન્નાતટ નગરીમાં કેટલા કાગડા હશે ?' ત્યારે ક્ષુલ્લકે કહ્યું કે, 'અરે ભિક્ષુક ! આ નગરમાં સાઠ હજાર કાગડા વર્તે છે.' ભિક્ષુકે કહ્યું કે, 'જો ઓછા કે અધિક થશે, તો શું કરીશ ?' ક્ષુલ્લકે કહ્યું કે, ઓછા હોય તો સમજવું કે એટલા દેશાન્તરમાં ગયા છે અને ઉપલક્ષણથી અધિક વધારે હોય તો દેશાન્તરથી પરોણા આવેલા છે. કહેવાનો ભાવ એ છે કે - 'જો ઓછા થાય તો બીજા સ્થાને ગયા છે અને અધિક હોય તો પરોણા આવેલા છે. ત્યાર પછી શાક્ય શિષ્ય નિરુત્તર થયો. અહિં જે મતાંતર છે, તે કહે છે - બીજા આચાર્યો કહે છે કે, કોઈક વણિકે તેવા પ્રકારના અદ્ભુત પુણ્યોદય-યોગે એકાંત પ્રદેશમાં નિધિ જોયો અને ગ્રહણ કર્યો. ત્યાર પછી પોતાની સ્ત્રીની પરીક્ષા કરવા માટે કે, 'આ નિધાન રક્ષણ કરી શકશે કે કેમ ? ગુપ્ત વાત પેટમાં રાખી શકશેકે પ્રગટ કરશે ?' તે તાત્પર્ય જાણવા માટે પોતાની પત્નીને એમ જણાવ્યું કે - 'હું જ્યારે જંગલ ગયો અને ઝાડે ફરવા બેઠો, ત્યારે સફેદ કાગડો અપાનછિદ્રમાં પેઠો.' તેણે પોતાની ચંચળતાથી પોતાની સખીને આ વૃત્તાન્ત જણાવ્યો, તેણે બીજાને કહ્યો, એવી રીતે લોકમુખની પરંપરાથી છેક રાજા સુધી આ વાત પહોંચી આ વાત ફુટી ગઈ-પ્રગટ થઈ એટલે રાજાએ તેને બોલાવી પૂછ્યું કે 'હે વણિક્ ! એમ સાંભળ્યું છે કે, 'તારી પુંઠના છિદ્રમાં સફેદ કાગડો પેસી ગયો છે ? આ વાત સત્ય છે કે કેમ ?' ત્યારે તેણે રાજાને નિવેદન કર્યું કે, 'હે દેવ ! મને એક નિધિ મળી આવ્યો છે, સ્ત્રીની પરીક્ષા કરવા માટે મેં આ અસંભવિત વાત તેની પાસેકરી, જો આ ગુપ્ત વાત મનમાં ધારી રાખી શકશે, તો નિધાન-લાભ તેને જણાવીશ' એમ ધારીને આમ કહેલ-આવી રીતે સાચી હકીકત રાજાને નિવેદન કરી એટલે રાજાએ તેને નિધાન રાખવાનીરજા આપી. (૮૫)

## વૃદ્ધ, બ્રાહ્મણ, તરૂણ સ્ત્રીનું દૃષ્ટાંત

૮૬-**ઉચ્ચાર નામના દ્વારની વિચારણા**-કોઈક વૃદ્ધ બ્રાહ્મણને તરુણ સ્ત્રી મળી. કોઈક સમયે તેવા કોઈક પ્રયોજનથી તેની સાથે કોઈક ગામ જવા પ્રવર્ત્યો. તે સ્ત્રી નવીન તારુણ્યના ઉન્માદ માનસવાળી તે વૃદ્ધ બ્રાહ્મણ પ્રત્યે સ્વપ્નમાં પણ અનુરાગ ન કરતી. તેના ભર્તાર સિવાય બીજા કોઈ ધૂર્ત વિષે અનુરાગ પામી અને ભર્તારનો ત્યાગ કરી તેની સાથે પ્રયાણ કર્યું. કોઈક ગામમાં બ્રાહ્મણ અને ધૂર્તનો વિવાદ ચાલ્યો. રાજાના અધિકારીઓએ તે ત્રણેને આગલા

દિવસે ખાધેલા આહાર-વિષયક પ્રશ્ન-કર્યા એટલે બ્રાહ્મણે અને તેની ભાર્યાએ સાથવા નામનો એક જ આહાર જણાવ્યો. તેને વિરેચન-જુલાબ આપ્યો,તો તે બંનેના એક સરખા ઝાડા દેખાવાથી અધિકારીઓને જ્ઞાન થયું કે, આ બ્રાહ્મણની જ ભાર્યા છે, પણ ધૂર્તની નથી.(૮૬)

## ઉચ્ચાર અને ગજનું દ્વાર

**૮૭-હવે ગજ નામનું દ્વાર કહે છે** - ગજ એટલે હાથી, મંત્રીઓની બુદ્ધિ પરીક્ષા માટે તેને તોળવા માટે ઉપાય કર્યો ? નાવ પાણીમાં હાથીના વજનથી જ્યાં સુધી ડૂબ્યું, ત્યાં નિશાની કરી, ત્યાર પછી તેમાં પાષાણો નિશાની સુધી ભર્યા અને પછી તેનું વજન કર્યું, તે દ્વારા તોલનું જ્ઞાન થયું. કહેવાનો ભાવ એ છે કે કોઈક નગરમાં મંત્રિપદને યોગ્ય નિર્મલ બુદ્ધિવાળા પુરુષને ઓળખવા માટે રાજાએ પડહ વગડાવવા પૂર્વક એવી ઉદ્‌ઘોષણા કરાવી કે - 'જે કોઈ મારા હાથીને તોળી આપશે, તેને હું એક લાખ સોનામહોરો આપીશ.' એટલે કોઈકચતુરબુદ્ધિવાળો પુરુષ હાથીને નાવમા ઉતારીને ઊંડા પાણીમાં નાવ લઈ ગયો. તે પાણીમાં જ્યાં સુધી નાવ હાથીના ભારથી બૂડી, તેટલા ભાગમાં નિશાની કરી. ત્યાર પછી હાથીને તેમાંથી ઊતારીને નાવમાં પાષાણો ભર્યા કે.જ્યાં સુધી નાવમાં કરેલી નિશાની હતી, ત્યાં સુધી નાવ ડૂબાડી પછી પાષાણોનું વજન કર્યું. સર્વ પાષાણના વજનનો સરવાળો કર્યો એટલે હાથીના વજનનું જ્ઞાન અથવા કેટલા પલ વગેરે પ્રમાણવાળું વજન છે, તેનું જ્ઞાન થયું. એટલે ખુશ થયેલા રાજાએ તેને મંત્રિપદ અર્પણ કર્યું. (૮૭)

## ઘયણ નામનું દ્વાર

**૮૮-ઘયણ નામના દ્વારનો વિચાર**-કોઈક રાજાએ પોતાનાં સર્વ રહસ્યો-ગુપ્ત વાતો જાણનાર કોઈ વિદૂષક-મશ્કરાની આગળ એમ કહ્યું કે- 'મારી પટ્ટરાણી નિરોગી કાયા વાળી કોઈ દિવસ રોગ સૂચન કરનાર ગુદાથી અપાનવાયુ પણ છોડતી નથી. તેને ઘયણ મશ્કરાએ કહ્યું કે, 'હે દેવ ! આ વાત કોઈ પ્રકારે સંભવતી નથી કે, 'મનુષ્યોને અપાન વાયુ ન થાય.'રાજાએ કહ્યું કે, 'તું તે કેવી રીતે જાણી શકે ? તો કે ગંધની પરીક્ષાથી જ્યારે દેવી તમોને પુષ્પો, સુગંધી અત્તર કે બીજા તેવા પદાર્થો આપે, ત્યારે બરાબર પરીક્ષા કરવી કે, 'અપાનવાયુ છોડે છે કે નહિં ?' રાજાએ તેની ખાત્રી કરી એટલે દેવીની લુચ્ચાઈ સમજીને રાજાને હસવું આવ્યું. રાજાને હસતા દેખીને દેવીએ હસવાનું કારણ પૂછ્યું કે, 'વગર કારણે અને વગરપ્રસંગે તમને હસવું કેમ આવ્યું ?' એટલે રાજાએ ખરી હકીકત જણાવી. મશ્કરા ઉપર રોષે ભરાયેલી દેવીએ તેનેકાઢી મૂકાવ્યો. ત્યાર પછી મોટી વાંસની લાકડીની સાથે ઘણાં ખાસડાં બાંધી લાવીને દેવીને પ્રણામ કરવા આ મશ્કરો હાજર થયો. દેવીએ પૂછયું કે, 'આટલાં બધાં ખાસડાં વાંસ સાથે કેમ બાંધ્યાં ?' ત્યારે મશ્કરાએ કહ્યું કે, 'સમગ્ર પૃથ્વી-વલયમાં તમારી કીર્તિ પ્રસિદ્ધ કરવા માટે આટલાં ખાસડાં મારે ઘસવાં પડશે.' એટલે લજ્જા પામેલી દેવીએ વળી તેને રોકી રાખ્યો. (૮૮)

## ૮૯ લાખ ગુટિકાનું દ્વાર

લાખની ગુટિકા નાકમાં દૂર સુધી પેસી જવાથી દુઃખ પામતા પુત્રને પિતાએ તપાવેલી લોહસળી ખોસી. ઠંડી પડી, એટલે તેમાં વળગેલી ગોળી ખેંચી કાઢી.

**ટીકાર્થ :** કોઈક બાળકની નાસિકામાં લાખની ગુટિકા રમતમાં ને રમતમાં ઉંડાણમાં પેસી ગઈ બહુ અંદર દૂર ગઈ, એટલે બાળકને ઘણું દુઃખ થયું. તેમ થવાથી દુઃખ ભૂલાવવા માટે તેના પિતાએ વાર્તા કહી અને તેનું ધ્યાન બીજે ખેંચ્યું. પછી પિતાએ તપેલી લોહની સળી નાસિકાના મધ્યભાગમાં રહેલી લાખની ગોળીમાં પેસી ગઈ. પછી ઠંડું જળ રેડીને સળીને ઠંડી કરી. પાણીથી સિંચેલી સજ્જડ તેમાં લાગેલી ગોળી સાથે જોડાયેલો લોહસળીને ખેંચી કાઢી સળી ખેંચી, એટલેતેની સાથે ચોંટેલી લાક્ષાની ગોળી પણ બહાર ખેંચી કાઢી. ત્યાર પછી બાળક સુખી થયો. (૮૯)

**૯૦-સ્તંભ નામના દ્વારનો વિચાર**-કોઈક રાજાએ સાતિશય બુદ્ધિવાળા મંત્રીને મેળવવા માટે રાજભવનના દ્વારમાં એવી જાહેરાત લખાવીને ટંગાવી કે, નગરના સીમાડે રહેલા તળાવના મધ્યભાગમાં રહેલા થાંભલાને બુદ્ધિબળથી તળાવમાં ઉતર્યા સિવાય કાંઠા ઉપર રહીને દોરડું બાંધી આપે, તેને એક લાખ સોનામહોરો આપવી.' આ પ્રમાણે દરેક સ્થલે વાત ફેલાઈ, એટલે કોઈક બુદ્ધિશાળી પુરુષે તળાવને કાંઠે એક ખીલો ખોસ્યો.તેની સાથે સામા કિનારા સુધી પહોંચે તેવું લાંબું દોરડું બાંધ્યું. પછી દોરડું પકડી તળાવના કાંઠે કાંઠે સ્તંભની ચારે બાજુ ભ્રમણ કર્યું. એટલે સ્તંભ દોરડાથી બંધાઈ ગયો.ત્યાર પછીરાજાએ નક્કીકરેલ ધન, તથા મંત્રીપદ અર્પણ કર્યું (૯૦)

**૯૧-ક્ષુલ્લક નામના દ્વારનો વિચાર** - કોઈક અભિમાની પરિવ્રાજિકાએ પડહ દેવરાવ્યો કે, 'જે કોઈ જ્ઞાન-વિજ્ઞાનાદિ કરી બતાવે, તે સર્વ હું કરી શકીશ.' ભિક્ષા માટે ફરતા કોઈક નાના સાધુએ વૃત્તાન્ત સાંભળ્યો અને વિચાર્યું કે,' આ વાતને જતી કરવી યોગ્ય નથી.' પડહો ઝીલી લીધો. રાજસભામાં ગયો, રાજસભામાં બેઠેલી તેને દેખી નાની વયના બાળકને દેખીને પરિવ્રાજિકાએ કહ્યું કે, 'તું ક્યા હિસાબમાં ? 'તને તો ગળી જઈશ, નક્કી દૈવે મારા ભક્ષણ નિમિત્તે તને અહિં મોકલ્યો છે.' અનુરૂપ ઉત્તર દેવામાં ચતુર તે ક્ષુલ્લક સાધુએ પોતાની મૂત્રેન્દ્રિય નગ્ન થઈને બતાવી. એમ દેખાડતાં જ પેલી હારી ગઈ. તથા ધીમે ધીમે પોતે મૂતરતાં મૂતરતાં તેની યોનિ રૂપ કમળનું પૃથ્વી પર આલેખન કર્યું. વળીતેણે કહ્યું કે - 'હે ધીઠે ! હવે આ સર્વ સભ્યો સમક્ષ તારી પ્રતિજ્ઞા પૂરી કર, જો તુંસત્યવાદીની હોય તો. પરંતુ અતિશય લજ્જાવાળું આકાર્ય હોવાથી તેમ જ તેની પાસે આપ્રમાણે કમલ આલેખવાનીસામગ્રી ન હોવાથી તે પ્રમાણે કરવા સમર્થ ન બની.

મતાંતર, કોઈક આચાર્ય આમ કહેલ છે કે, કોઈક કાગડો કોઈકસ્થાનમાં વિષ્ટા ગૂંથતો હતો, તેને કોઈ ભાગવત સંન્યાસીએજોયો. તે સમયે નજરે ચેડલા કોઈક નાના સાધુને તેણે પૂછ્યું કે - 'હે શ્વેતાંબર બાલસાધુ ! કાગડો વિષ્ટા ચૂંથીને તેમાંથી શાની શોધ કરે છે ? તું

સર્વજ્ઞપુત્ર હોવાથી તેનો જવાબ આપ.' એમ પૂછયું, એટલે ક્ષુલ્લક સાધુએ તેને કહ્યું કે 'સ્મૃતિશાસ્ત્રમાં કહેલું છે કે, 'જલમાં વિષ્ણુ, સ્થલમાં વિષ્ણુ, પર્વતના મસ્તક પર વિષ્ણુ, અગ્નિની જ્વાલામાં વિષ્ણુ છે, સમગ્ર જગત્ વિષ્ણુમય છે.' આ વાત સાચી હશે કે કેમ ? તેની તપાસ કરવા માટે અને તે સંશય દૂર કરવા માટે તે શોધ કરે છે.' (૯૧)

**૯૨-માર્ગદ્વારનો વિચાર**-મૂલદેવ અને કંડરીક નામના બે ધૂર્તો કોઈક વખત કોઈક કારણસર માર્ગમાં જતા હતા. માર્ગમાં એક તરુણસ્ત્રી સહિત એક પુરુષ ગાડીમાં બેસી જતો હતો. કંડરીકને તે સ્ત્રી ઉપર અનુરાગ થયો. મૂલદેવને પોતાનો અભિપ્રાય જણાવ્યો. મૂલદેવે કહ્યું કે - 'તું ખેદ ન પામ, તેની ગોઠવણ હું કરાવી આપીશ.' મૂલદેવે કંડરીકને એક વૃક્ષની ગીચ ઝાડીમાં બેસાડ્યો. પોતે માર્ગમાં જ એવી રીતે રોકાયો કે, જ્યાં સુધીમાં તે પુરુષપોતાની ભાર્યા સાથે તે પ્રદેશમાં આવી પહોંચે મૂલદેવે પેલા ગાડીમાં બેઠેલા પુરુષનેકહ્યું કે, 'અહિં આ વાંસવૃક્ષના ગહનમાં મારી પત્નીએ પ્રસૂતિ શરુ કરી છે, તે બિચારી એકલી છે, તો તેને પ્રસૂતિમા સહાય કરવા માટે એક મુહૂર્ત કાળ માટે મોકલી આપ.' એમ તેની યાચના કરી. પેલાએ પોતાની ભાર્યાને ત્યાં મોકલી. કહેલું છે કે, 'આંબો હોય કે લિંબડો હોય, પરંતુ નજીકપણાના ગુણને કારણે જે વૃક્ષ નજીક હોય, તા ઉપર વેલડી ચડી જાય છે,તેમ સ્ત્રીઓ પણ જે કોઈ નજીકહોય, તેને ઈચ્છતી હોય છે' એ ન્યાયને અનુસરતી એવી તેની સાથે રમણ ક્રીડા પ્રાપ્ત થઈ-એટલે મૂલદેવની પાસે આવીને હાસ્યવાળુ મુખ કરતી 'તમને પ્રિય પુત્ર પ્રાપ્ત થયો છે.' એમ કહેલી મૂલદેવના મસ્તકેથી ફેંટો ગ્રહણ કરી લીધો. પોતાના ભર્તારને જઈને કહ્યું કે, 'ગાડી બળદો તથા તમે પોતે ખડા-ઉભા રહ્યા, તે સમયે ત્યાં બેટો-પુત્ર જન્મ્યો. 'જેમને મિત્રોનો સહારો હોય, તેમને જંગલમાં પણ ભેટો થાય છે.' (૯૨)

**૯૩-સ્ત્રી નામના દ્વારનો વિચાર**-કોઈક યુવાન ભાર્યા સહિત ગાડીમાં બેસીને માર્ગમાં જાય છે. સ્ત્રીને જળ માટે ગાડીમાંથી નીચે ઉતરવાનું થયું. એક વ્યંતરી યુવાનના રૂપમાં લુબ્ધ બનીને સાચી સ્ત્રીના સરખું રૂપ બનાવીને ગાડીમાં ચડી બેઠી પેલો યુવાન તો તેની સાથે આગળ ચાલવા લાગ્યો તેની પાછળ ખરી સ્ત્રી પાછળ રહીને વિલાપ કરવા લાગી કે, 'હે પ્રિયતમ ! મને આવા ભયંકર જંગલમાં એકાકી મૂકીને તમે કેમ ચાલવા માંડ્યું ?' પેલા પુરુષે બંનેમાં કોણ સાચી પત્ની છે ? તેનો નિશ્ચય કરવા માટે પોતાના ઘરના ભૂતકાળના અને વર્તમાન કાળના વૃત્તાન્તો પૂછયા, તો બંનેએ સમગ્ર વૃત્તાન્તો તેને કહ્યા. ત્યાર પછી રાજયાધિકારીઓ પાસે આ વિવાદ ગયો તો ઔત્પાત્તિકી બુદ્ધિવાળાઓએ ઇન્સાફ-ન્યાય કરતાં નક્કી કર્યું કે, 'કોઈક વસ્ત્ર અગર ચીજ હાથ ન પહોંચે, ત્યાં દૂર રાખવી. દૂર રહીને જ તજે તે લઈ લેશે, તે એની ભાર્યા.' ત્યાર પછી વ્યંતરીએ વૈક્રિયલબ્ધિથી લાંબો હાથ કરીને તે વસ્તુનું આકર્ષણ કર્યું - એમ થવાથી સંદહે દૂર થયો અને અધિકારીઓને નિશ્ચય થયો કે, 'આ જ વ્યંતરી છે.' એટલે તે વ્યંતરીને હાંકી કાઢી. (૯૩)

## પતિદ્વાર

૯૪- કોઈક નગરમાં કોઈ પણ અથડામણના કારણે કોઈ એક સ્ત્રીના બે પતિ થયા. તે

બંને પરસ્પર ભાઈી હતા.લોકોમાં મોટો પ્રવાદ ચાલ્યો કે, 'મોટું આશ્ચર્ય કે એક સ્ત્રીના બે પતિ ! બે હોવા છતાં બંને તરફ સમાન અનુરાગ હતો.લોકોના કાનેથી પરંપરાએ રાજાના કાને વાત પહોંચી. બંનેની સેવા-ચાકરી એક સરખી કરતી હતી.પ્રધાને કહ્યું કે-'એવું કદાપિ બની શકે નહિંકે, માનસિક અનુરાગ બંને પ્રત્યે સમાન હોય' ત્યારે રાજાએ કહ્યું કે, 'તે કેવી રીતે જાણી શકાય કે સમાન અનુરાગ નથી.' મંત્રીએ કહ્યું કે, 'હે દેવ ! પરીક્ષા કરવાથી. તેની પરીક્ષા કરવા માટે આ પ્રમાણે તેના ઉપર આજ્ઞા મોકલો કે - 'આજે તારા બંને પતિઓને પૂર્વ અને પશ્ચિમ દિશામાં રહેલા ગામમાં જવું અને પાછા પણ આજે જ આવવું.' ત્યાર પછી રાજાએ તે પ્રમાણે આજ્ઞા મોકલી. તેમાં તેને જે પતિ અધિક પ્રિયહતો, તેને પશ્ચિમ દિશામાં અને સામર્થ્યથી બીજાને તેની અવળી દિશાના ગામે મોકલ્યો. ત્યારે પ્રધાને કહ્યું કે, 'જેને પશ્ચિમ દિશામાં મોકલ્યો છે, તેના ઉપર તેને અધિક પ્રેમ છે. કેમ કે,તેને જતાં અને આવતાં બંને વખતે સૂર્ય પાછળ રહે છે. બીજાને બંને વખત લલાટ સ્થાનને તપાવનાર સૂર્ય સામો નડે છે.' રાજાએ કહ્યું કે, 'એમને એમ અજાણ પણામાં પણ મોકલવાનો સંભવ છે, માટે એમ જ કેમ નિશ્ચય કરાય કે, આ જ અધિક પ્રિય છે ? ત્યાર પછી પ્રધાને ફરી પણ પરીક્ષા માટે ગયેલા બંને માટે એક જ વખતે માંદા પડેલાના સમાચાર મોકલ્યા. તે જણાવ્યા પછીતે બોલી કે, 'પશ્ચિમ દિશામાં ગયેલા પતિનું શરીર ઢીલા સંઘયણવાળું છે, માટે તેની ચાકરી કરવા માટે જાઉં છું.' ત્યાં ગઈ. પ્રધાન-રાજાદિકે જાણ્યું કે 'આ જ પતિ વિશેષ પ્રિય છે.' (૯૪)

૯૫- **પુત્ર અને સાવકી માતા** દ્વારનો વિચાર કથા દ્વારા કહે છે –

## ચાર મિત્રોની કથા

કોઈક નગરમાં રાજા, મંત્રી, શેઠ અને સાર્થવાહના કળાસમૂહમાં ચતુર અને નિર્મલ મનવાળા ચાર પુત્રો હતા.પરસ્પર એક બીજાને દૃઢ સ્નેહાનુરાગ હતો, લોકોને ગમે તેવું યૌવન પામ્યા, પરંતુ ક્ષણવાર પણ તેઓ વિરહ સહન કરી શકતા નથી. વિરહમાં દિલગીર થાય છે.એક મનવાળા તેઓ માંહોમાંહે કહેવા લાગ્યા કે - —શું લોકોની વચ્ચે તે પુરુષ કોઈ દિવસ ગણતરીમાં લેવાય ખરો કે, જેણે પોતાના આત્માને દેશાન્તરમાં જઈને કાર્યારૂઢ બની પોતાનું સામર્થ્ય કેટલું છે ? તેનું માપ નથી કાઢ્યું ?' ત્યાર પછી પોતાના સામર્થ્યની પરીક્ષા માટે પ્રભાત સમયે પોતાના ઘરેથી કંઈ પણ લીધા વગર માત્ર પોતાનું શરીર સાથે લઈને તે સર્વે એક દેશાંતરમાં ગયા. તેઓ બરાબર મધ્યાહ્ન- સમયે જેમનાં કુલ અને શીલ કોઈ જાણતા ન હતા-એવા એક નગરમાં અતિપ્રધાન દેવમંદિરના સ્થાનમાં ઉતર્યા.

આજે આપણા ભોજનનો શો પ્રબંધ થશે ? - એમ બોલતા સાર્થવાહપુત્રે કહ્યું કે, 'તમો સર્વેને આજે ભોજન મારે આપવું.' ત્રણે મિત્રોને ત્યાં બેસાડી નગરમાં પોતે એકલો એક જીર્ણ શેઠની દુકાને આવીને બેઠો.કુદરતીરીતે તે દિવસે કોઈ દેવનો મહોત્સવ ચાલતો હતો, જેથી ધૂપ, ચંદન, સુગંધી પદાર્થોનો વેપાર જોરમાં ચાલતો હતો.જ્યારે પેલો વૃદ્ધ વેપારી પડીકાં બાંધીને આપવા સમર્થ ન થયો, ત્યારે તેને આ સાર્થવાહપુત્ર સહાય કરવા લાગ્યો અને

ઘરાકોને જલ્દી વિદાય કરવા લાગ્યો. (૧૦) ભોજન-સમય થયો, ત્યારે વેપારીએ કહ્યું કે, આજે મારા પરોણા થજો.' પેલાએ જણાવ્યું કે, 'હું એકલો નથી, બહાર મારા બીજા ત્રણ મિત્રો છે.' વેપારીએ કહ્યું કે, 'તો તેમને જરૂર જલ્દી બોલાવો, મારે તો તમો સર્વે સાધારણ છો' અતિ સારભૂત પાંચ રૂપિયાનો ખર્ચ થાય, તેવું ભોજન ઘણા આદર અને સન્માનથી કરાવ્યું.

બીજા દિવસે શેઠપુત્રે ભોજન-દાનની પ્રતિજ્ઞા કરી. સૌભાગ્યવંત જનોના મસ્તકના રત્ન સરખો તે બહાર નીકળ્યો. ગામમાં ગણિકાઓના પાડામાં, વચ્ચે રહેલા એક દેવકુલમાં બેઠો. ત્યાં આગળ તે સમયે એક જોવા યોગ્ય ખેલ ચાલતો હતો. ત્યાં પોતાના સૌભાગ્યમદથી ગર્વિત થયેલી ભરયુવાન વયથી ઉદ્ભટ ગણિકાની એક સુંદર પુત્રી કોઈ પણ પુરુષને ઇચ્છતી ન હતી અને કોઈ સાથે ક્રીડા કરતી ન હતી.ત્યાર પછી શેઠપુત્રને દેખી આકર્ષાયેલા મનવાળી તે વારંવાર કટાક્ષ સાથે પોતાની સ્નેહાળ મુગ્ધદૃષ્ટિથી તેને જોવા લાગી. આ બંનેનું દૃષ્ટિ-મિલન ગણિકાએ જાણ્યું, એટલે તે તુષ્ટ ચિત્તવાળી તેને આમંત્રણ આપી પોતાને ઘરે લઈ ગઈ અને તે પુત્રીને અર્પણ કર્યો. ત્યાર પછી કૃપણભાવરહિત સો રૂપિયાના ખર્ચવાળો ભોજન, તાંબુલ, વસ્ત્રાદિકથી ચારે મિત્રોનો સત્કારકર્યો.

ત્રીજા દિવસે બુદ્ધિની પ્રધાનતાવાળો અમાત્યપુત્ર રાજાના ઘરે ગયો કે, જ્યાં લાંબા કાળથી અનેક પ્રકારના વિવાદો ચાલતા હતા. તેમાં એકવિવાદ એવો હતો કે, 'બે સ્ત્રીઓ એક પુત્રને લઈને આવી અને પ્રધાનને કહ્યું કે - 'હે સ્વામી ! અમારી પ્રાર્થના સાંભળો. અમે ઘણા દૂર દેશથી આવેલ છીએ. અમારા પતિ મૃત્યુ પામ્યા છે. આ ધન અને એક પુત્ર છે. જેનો પુત્ર હોય તેનું જ ધન થાય. અમોને વિવાદ કરતાં ઘણો કાળવીતી ગયો છે. તોહવે અમારા આ વિવાદનો કોઈ પ્રકારે આજ અંત આવે તેમ કરો.' ત્યાર પછી પુત્ર અને ધન ત્યાં મૂક્યાં. ત્યારે અમાત્યે કહ્યું કે, 'અરે ! આ કોઈ અપૂર્વ વિવાદ છે અને આ વિવાદસહેલાઇથી કેવી રીતે ટાળવો ?' એમ સ્થાનિક અમાત્યે કહ્યું, ત્યારેઅમાત્યપુત્રે કહ્યું કે, 'જો તમો સમ્મતિ આપો, તો આ વિવાદનો છેડો લાવું.' સમ્મતિ મળતાં બંને સ્ત્રીઓને કહ્યું કે, 'ધન અને પુત્ર બંનેને અહિં સ્થાપન કરો.' તેમ કર્યું એટલે એક કરવત મંગાવી. તેમ જ ધનના સરખા બે ભાગ કર્યા.જેટલામાં પુત્રના બે ભાગ કરવા માટે નાભિસ્થાનમાં કરવત સ્થાપી અને વિચાર્યું કે, 'બે ભાગ કર્યા વગર આ વિવાદ નહિ છેદાય.' એટલે તરત પુત્રની અકૃત્રિમ -સ્વાભાવિક સાચા પુત્ર સ્નેહવાળી સત્ય માતા એકદમ આગળ આવીનેકહેવા લાગી કે - 'ભલે આ પુત્ર અને સર્વ ધન તેની બીજી ઓરમાન માતાને આપી દો, મારા પુત્રનું મરણ મારે જોવું નથી.' અમાત્યપુત્રે જાણ્યું કે, 'આ પુત્ર આનો જ છે, પરંતુપેલીનો નથી' એટલે ઓરમાન માતાને હાંકી કાઢી અને પુત્ર તથા ધન સાચી માતાને આપ્યાં. (૩૦) એટલે તે અમાત્યપુત્રને પોતાને ત્યાં લઈ ગઈ અનેકૃતજ્ઞપણાથી તેણે એક હજાર સોનામહોરો ખર્ચી.

ચોથા દિવસે રાજપુત્ર નગરમાં ફરવા નીકળ્યો અને બોલ્યોકે, 'જો મને રાજ્ય મળવાનું ભાગ્ય હોય તો જરૂરપ્રગટ થાઓ.' જાણે તેના પુણ્યોદયથી હોય તેમ, તે દિવસે તે નગરનો રાજા વગર નિમિત્તે જ મરણ-શરણ થયો.રાજા પુત્ર વગરનો હોવાથી રાજ્ય યોગ્ય પુરુષની

ગવેષણાકરતાં કોઈ નિમિત્તિયાનાકહેવાથી તેને રાજગાદીએ સ્થાપન કર્યો. હર્ષ પામેલા સર્વે મિત્રો એકઠા મળીને પરસ્પર કહેવા લાગ્યા કે, 'આપણું સામર્થ્ય કેટલું છે ? તે વિચારીએ- એમ કહી તેઓ આ પ્રમાણે કહેવા લાગ્યા કે 'હાથની ચુતરાઈની કિંમત પાંચ ટકા, સુંદરતાની સો ટકા, બુદ્ધિની હજાર ટકા અને પુણ્યની કિંમત લાખ ટકા સમજવી.' સાર્થવાહપુત્રે હસ્તકળાથી, શેઠપુત્રે રૂપથી, અમાત્યપુત્રે બુદ્ધિથી અને રાજપુત્રે પુણ્યથી મેળવ્યું છે. અહીં આ કથામાં ચાલુ અધિકારમાં અમાત્યની ઔત્પાત્તિકી બુદ્ધિ લેવી. બાકીનું તો પ્રસંગથી જણાવ્યું સમાપ્ત (૯૫)

**૯૬- મધુસિકથ (મધપૂડો) દ્વાર કહે છે** - કોઈક રાજાએ પોતાના આખા રાજ્યમાં દરેક પ્રજાએ આટલું મીણ કર તરીકે આપવું-તેવો હુકમ કર્યો. આ બાજુ કોઈક ગામમાં કોઈ કોળીની એકકુલટા સ્ત્રીએ કોઈક સમયે કોઈક જાર પુરુષ સાથે પેરુ વૃક્ષના ગહનમાં કામક્રીડા કરતાં કરતાં મધપૂડો દેખ્યો. રાજાના કર તરીકે આપવા માટે મીણ ખરીદ કરતા પોતાના પતિનેકહ્યું કે,'તમે મીણ ન ખરીદ કરશો. કારણ કે, મેં એક ઠેકાણે મધપૂડો જોયો છે, માટે તે જ ગ્રહણ કરીને આપજો. શા માટે નિષ્પ્રયોજન ધન ખરચીને મીણ ખરીદવું ?' ત્યાર પછી મીણ માટે પત્નીસાથે પેલા વૃક્ષગહનમાં ગયો, પરંતુ તે સમયે મધપૂડો ન દેખાયો. બહુ જ સૂક્ષ્મ રીતે અવલોકન કર્યું, તો પણ ન દેખાયો.ત્યારેપત્નીને કહ્યું કે - 'અરે ! અહિં ક્યાંય પણ તે દેખાતો નથી.' એટલે ચોરીથી બીજા પુરુષ સાથે કામક્રીડા કરી હતી અને તે સમયે જે આકાર હતો, તેમ કરીને જોયું, એટલે તે મધપૂડો દેખાયો, ગ્રહણ કર્યો, પરંતુ તેમ કરતાં કોળી સમજી ગયો કે, 'આ દુષ્ટ શીલવાળી છે. કારણ કે, આવા પ્રકારનું સ્થાન-આસન કરવાના કારણે નક્કી થાય છે કે, આ સિવાય આ દેખી શકાય નહિં. (૯૬)

**૯૭- મુદ્રિકા દ્વાર કહે છે** - કોઈક નગરમાં કોઈક ભીખારી એક પુરોહિતના ઘરે પોતાની દ્રવ્ય ભરેલી થેલી થાપણ તરીકે રાખીને પરદેશ ગયો. પાછો આવીને તે પોતાની થાપણ પાછી માગે છે. પુરોહિતની બુદ્ધિ બગડીને આડા-અવળા જવાબ આપતાંતેણે કહયું કે, 'તેં મને આવા પ્રકારનું કોઈ ધન અર્પણ કર્યું નથી.' પોતાનું દ્રવ્યપાછું ન મળવાથી તે ગાંડો બની ગયો. કોઈ સમયે રાજમાર્ગેથી પસાર થતા મંત્રીને દેખી તેને પુરોહિત-બુદ્ધિથી કહ્યું કે, 'અરે પુરોહિત ! મારી હજાર સોનામહોરો પાછી આપો કે, જે મેં તમને આગળ સોંપી હતી.' મંત્રીએ વિચાર્યું કે, 'નક્કી પુરોહિતે 'આ અનાથ છે' એમ ધારીને આને લૂંટ્યો છે.' મંત્રીને ભીખારીની દયા આવી. મંત્રીએ આ વૃત્તાન્ત રાજાને નિવેદન કર્યો. પછી રાજાએ પુરોહિતને પુછ્યું, તો તેની પાસે પણ ઉડાઉ જવાબ આપ્યો.રાજાએ ભીખારીને દિવસ, મુહુર્ત અને થાપણ આપતી વખતે રાખેલા સાક્ષી વગેરે ખાત્રીઓ એકાંતમાં બરાબર પૂછી લીધી. દ્રમકે સર્વ હકીકત કહ્યા પછી કોઈક સમયે રાજા પુરોહિત સાથે જુગાર રમવા લાગ્યો. તેમાં પુરોહિત ન જાણે તેવી રીતે કોઈ પણ ઉપાયથી પુરોહિતના નામથી અંકિત મુદ્રારત્ન રાજાએ ગ્રહણ કરી લીધું. ત્યાર પછી પહેલાં તૈયાર કરેલ પોતાના અંગત મનુષ્યના હાથમાં આપીને તેને એકાંતમાં કહ્યું કે - 'પુરોહિતના ઘરે જઈને આ મુદ્રારત્નની ઓળખ આપીને 'પુરોહિતે

મને મોકલેલ છે' એમ નિવેદન કરીને દ્રમક સંબંધી સોનામહોર નકુલ (થેલી) માગવી શીખવેલો પુરુષ ત્યાં ગયો. નકુલ મેળવ્યો. તેમાંથી બીજા નકુલમાં અંદરનું નાણું બદલી નાખ્યું. દ્રમકને બોલાવી કહ્યું કે, આમાંથી તારો પોતાનો જે નકુલ હોય, તે લઈ લે ત્યારે તેણે પોતાનો હતો, તે જ ગ્રહણ કર્યો એ પ્રમાણે ઔત્પાત્તિકી બુદ્ધિથી પરીક્ષા કરીને તે દ્રમકને તેનો નકુલ હતો,તે જ આપ્યો અને અપલાપ બોલનાર પુરોહિતની જીભ છેદી નાખી. (૯૭)

**૯૮-અંક નામનું દ્વાર**-એ જપ્રમાણે આગળના ઉદાહરણની જેમ કોઈએ કોઈકના ઘરમાં ખરા સોનાની હજાર સોનામહોરોથી ભરેલો નકુલ થાપણમાં મૂક્યા. તેના ઉપર પોતાના નામનો સિક્કો માર્યો. પેલાએ ખોટી મહોરો ભરીને સાચી બદલાવી નાખી. ફરી તે જ પ્રમાણે નકુલને સીખવી લીધો. પાછા આવેલા તે પુરુષે નકુલ માગ્યો, એટલે આપ્યો જ્યાં તપાસે છે, તો સર્વે સિક્કા બનાવટી-ખોટા નીકળ્યા. અધિકારીઓ પાસે વિવાદ ચાલ્યો. અધિકારીઓએ મહોરોની સંખ્યા પૂછી અને તે જ પ્રમાણે સાચી મહોરોથી નકુલ ભર્યો એટલે નકુલ તૂટી ગયો. ત્યાર પછી સાચી મહોરોનું દ્રવ્ય અધિક હોવાથી પુષ્ટપણું થવાથી તેમાં સમાઈ શકી નહિં. એટલે પેલાને સાચી સોનામહોરો અપાવી અને બીજાને શિક્ષા કરી.

**બીજા આચાર્યો અંકનો દૃષ્ટાંત આ પ્રમાણે કહે છે –**

કોઈક પુરુષે પોતાના મિત્રના ગોકુળમાં પોતાની ગાયો ચરવા મોકલી.લોભી મિત્રે પોતાની અને મિત્રની ગાયો ઉપરપોતાના નામની નિશાની અંકાવી. વખત જતાં મિત્રે પોતાની ગાયો માગી કે, 'હવે મને મારી ગાયો સોંપી દે.' પેલાએ કહ્યું કે. 'જેના ઉપર નિશાની ન હોયતે લઈ જા.' પેલાએ જાણ્યું કે, 'હું ઠગાયો છું.' નાસીપાસ થયેલાતેણે બુદ્ધિ મેળવવા માટે જુગારીઓનો સહારો લીધો. ઔત્પાત્તિકી બુદ્ધિવાળાઓએ અક્કલ આપી કે, 'કોઈ પ્રકારે તેની પુત્રીને તારા ઘરે લાવી તારી પુત્રી સાથે સરખી નિશાનીથી અંકિત કર.' તે પ્રમાણે તેણે કર્યું. મિત્રે પોતાની પુત્રી માગી. પ્રત્યુત્તર આપ્યો કે, 'જે કોઈ નિશાની પાડ્યા વગરની હોય, તે પુત્રી લઈ જા. ત્યાર પછી બંનેએ એક બીજાની ગાય અને પુત્રી હતા, તેને તે આપી દીધાં. (૯૮)

## થાપણ ઓળવનારનું દૃષ્ટાંત

૯૯- આગલા ઉદાહરણની જેમ કોઈકે -કોઈને ત્યાં થાપણ મૂકી. લેનારે નકુલની અંદર રહેલાં કિંમતી નાણાં કાઢી લીધાં અને હલકી કિંમતનાં ઓછી ચાંદી-સોનાવાળાં નાણાં અંદર મૂકી દીધાં. પાછો આવ્યો, ત્યારે મૂકેલી થાપણની નકુલ(થેલી) પાછી માગી. નકુલ મેળવીને જ્યાં ખોલીને દેખે છે,તો તેમાં નવાં નાણાં મૂકેલાં દેખ્યાં. વિવાદ કરતા તેઓ અધિકારી પાસે ગયા. વૃત્તાન્ત જાણી ઔત્પાત્તિકી બુદ્ધિવાળાઓએ થાપણ મૂક્યાનો સમય-વર્ષ જાણીને નાણાં વિષયક જ્ઞાન મેળવ્યું કે, આ બીજા સિક્કા છે, તેમાં ચાંદીનું પ્રમાણ અલ્પ છે. થાપણ મૂકી તેની છાપ સમાન હોવા છતાં તે વધારે કિંમતી હતા અને તે સિક્કા બીજા છે. 'જુના સિક્કા માટે જુઠું બોલનાર અપરાધી છે.' એમ કહી તેને શિક્ષાકરી. આમાં મતાંતર છે, બીજા આચાર્ય કહે છે કે, કોઈકરાજાએ ધનના લોભથી પર્વતના વિષમ પ્રદેશમાં માર્ગની નજીકમાં

યંત્રપ્રયોગવાળી વિવિધ આભૂષણોથી શોભાયમાન દેવતાની પ્રતિમા કરાવી. ત્યાર પછી સાર્થવાહ વગેરે લોકો તે મારગેથી જતાં કુતૂહળથી તેનાં દર્શન માટે દેવકુલના ગભારામાં જ્યારે પ્રવેશ કરે, ત્યારે તેઓ તેના દ્વારમાં પગ સ્થાપન કરે, એટલે મૂર્તિ એકદમ સામે જઈને પોતાની તરફ ખેંચી લેતી હતી. એટલે છૂપાઈ રહેલા અને તે સ્થાને રોકેલા સીપાઈઓ કપટથી તેમને કહે કે, 'તમો પ્રતિમાની ચોરી કરનાર છો.' એમ કહીને પકડીનેતેમની પાસેથી સર્વ લૂંટી લેતા હતા. આ પ્રમાણે ઔત્પાત્તિકી બુદ્ધિથી રાજાએ પુષ્કળ ધન મેળવ્યું. (૯૯)

**ભિક્ષુદ્વારનો વિચાર –**

૧૦૦ - આ પ્રમાણે પહેલાના ઉદાહરણ માફક કોઈક ભિક્ષુકે કોઈકની થાપણ પચાવી પાડી અને પાછી આપતો ન હતો, એટલે તે ઠગાયેલો પુરુષ જુગારી પાસે ગયો અને પોતાની હકીકત કહી કે, 'લાલવસ્ત્રધારી (બૌદ્ધ) ભિક્ષુક મારી થાપણ પાછી આપતો નથી. ત્યારે તેના ઉપર કૃપા કરી ઔત્પાત્તિકી બુદ્ધિના સહારાથી લાલ વસ્ત્રવાળા ભિક્ષુકનો વેષ પહેરીને તે ભિક્ષુકની પાસે ગયા. તેને કહ્યું કે - 'અમો તીર્થયાત્રા માટે જવાના છીએ,તો આ અમારું સુવર્ણ થાપણ તરીકે તમો રાખો. અમો પાછા આવીએ, ત્યારે તમારે મને પાછું આપવું,' એપ્રમાણે અર્પણ કરવા લાગ્યા, પરંતુ હજી અર્પણ કર્યું નથી, તેટલામાં પેલો ઠગાયેલો પુરુષ જેને આગળથી તે સમયે આવવાનો સંકેત કર્યો હતો, તે જ વખતે વચમાં આવ્યો અને પોતાની થાપણની માગણી કરી કે, 'અરે ભિક્ષુક ! આગળ ગ્રહણ કરેલ મારી થાપણ આપો.' ત્યાર પછી તેણે વિચાર્યું કે, 'જો આની થાપણ અત્યારે પાછી નહિં આપીશ, તો આ નવા થાપણ મૂકવા આવેલા મને થાપણ નહિં આપશે. કારણ કે, મને થાપણ ઓળવનારા માનશે. એ માટે તેને તરત જ થાપણ આપી દીધી. જુગારી ભિક્ષુકે કાંઈક બાનુ ઉભું કરી થાપણ ન આપી.

આ વિષયમાં મતાંતર છે. કોઈક આચાર્યે એમ કહ્યું છે કે - 'કોઈક શાક્ય (બૌદ્ધભિક્ષુક) કોઈક નાના ગામમાં માર્ગમાં થાકેલા સંધ્યા-સમયે આવ્યા. ત્યા દિગંબરની વગર વાપરેલી મઠ સરખી વસતિમાં રાત્રિવાસકર્યો. તેમના ભક્ત અનુયાયીઓ પહેલેથી જ તેમના પ્રત્યે ઈર્ષ્યાવાળાહોવાથી તેમને કમાડ અને દીપક સહિત એક ઓરડો આપ્યો.ત્યાર પછી થોડીવારમાં તે શય્યામાં સૂતો, એટલે તેમણે અંદર ગધેડી મોકલીને દરવાજો બંધ કર્યો. બૌદ્ધભિક્ષુકે વિચાર્યું કે, 'આ લોકો મારી ઉડ્ડાહના (નિંદા) કરવા ઈચ્છે છે.કહેવાય છે કે - 'સર્વ જીવોને ભાવના અનુરૂપ ફલ મળે છે.' માટે આ ઉડ્ડાહના તેઓની જ ભલે થાય-એમ વિચારીને સળગતા દીવાની શિખાના અગ્નિથી પોતાનાં સર્વ વસ્ત્રો બાળી નાખ્યાં, તેમ જ નગ્નપણાનો આશરો લીધો દૈવયોગે ઓરડામાંથી મોરપિંછી મળી આવી.પ્રાતઃકાળમાં દિગંબર-વેષધારી જમણા હાથથી ગધેડીને પકડીને જેવો નીકળતો હતો,ત્યારે એકઠા થયેલા સર્વે ગામલોકોને ઉંચી ખાંધ કરી મોટા શબ્દથી કહ્યું કે - 'જેવો હું છું, તેવા જ આ સર્વે છે.' એ પ્રમાણે ભિક્ષુની ઔત્પાત્તિકી બુદ્ધિ. (૧૦૦)

## ચેટક દ્વાર બે મિત્રનું દૃષ્ટાંત

૧૦૧ - પરસ્પર સ્નેહ પરાયણ કોઈક બે મિત્રો કોઈક સ્થાનમાં રહેતા હતા,તેઓએ કોઈક સમયે શૂન્ય ઘરમાં સુવર્ણ-પૂર્ણ નિધાનની પ્રાપ્તિ થઈ. તેઓએ વિચાર્યું કે, કોઈ સારા દિવસે અને શુભ મુહૂર્તે ગ્રહણ કરવાનું ઉચિત માન્યું, તેવો દિવસ બીજે જ દિવસે આવ્યો. બંને ઘરે ગયા. ત્યાર પછી એકને અશુભ પરિણામ ઉત્પન્ન થયો અને રાત્રે તેમાંથી નિધાન કાઢી અંગારા ભરી દીધા. જ્યારે પ્રભાત-સમયે બંને સાથે ત્યાં ગયા,તો અંગારા જોઈને કહેવા લાગ્યા કે, 'આમ વિપરીત કેમ બન્યુ હશે ?' તેમ પરસ્પર વાર્તાલાપ કરતા હતા. નિધાન ગ્રહણ કરનારા ઠાવકાઈથી કહેવા લાગ્યો કે 'અહો ! આપણું કેવું નિર્ભાગ્ય છે કે - 'અહીં રાત્રિમાત્રમાં નિધિ અંગારા રૂપે પલટાઈ ગયો !' એટલે બીજાએ જાણ્યું કે, 'નક્કી આ માયાવીનું જ કામ છે.' ત્યાર પછી માયાવી મિત્રની લેપ્યમય એક મૂર્તિ કરાવી ઘરની વચમાં સ્થાપી. મૂર્તિના મસ્તક ઉપર હંમેશાં ભોજન મૂકતો, તેના માથા ઉપર આવી બે વાનરો ભોજન કરતા હતા. વાંદરા દરરોજની ટેવવાળા થઈ ગયા. કોઈક સમયે પર્વના દિવસોમાં તેવા પ્રકારનો મહોત્સવ ચાલતો હતો, ત્યારે મિત્રના બે બાળકોને ભોજનનું આમંત્રણ આપ્યું. તે બંનેને છૂપાવી દીધા.તેના પિતાને તેપાછા આપતો નથી અને તેમને પ્રત્યુત્તર આપે છે કે - 'મંદભાગ્યવાળા આપણે શું કરીએ કે -મારા દેખતાં જ તારા પુત્રો વાનરો બની ગયા.' તે વાતની શ્રદ્ધા ન કરતો ઘરે આવ્યો. પહેલાં બનાવેલી તેના આકારની મૂર્તિ ખસેડીને તેને તે સ્થાને બેસાડ્યો. કિલકિલારવ કરતા અને છૂટા મૂકેલા પેલા બે વાનરો તેના મસ્તક ઉપરચડી બેઠા પછી તે બોલવા લાગ્યો કે, 'જેમ નિર્ભાગી હોવાથી નિધિ પલટાઈ ગયો, તેવી રીતે આ પુત્રો પણ વાનરોમાં પલટાઈ ગયા. પેલો સમજી ગયો કે, 'લુચ્ચા સાથે લુચ્ચાઈ કરવી.' એ વચનને આપણે ચરિતાર્થ કર્યું જણાય છે. ત્યાર પછી નિધિનો ભાગ આપ્યો. બીજાએ પણ પુત્રો સમર્પણ કર્યા. (૧૦૧)

## છાણામાં ધન છૂપાવ્યાનું દૃષ્ટાંત

૧૦૨ - **શિક્ષાદ્વાર**-શિક્ષા એટલે ધનુર્વેદ સંબંધી અભ્યાસ. ધર્નુર્વેદની કળાનો અભ્યાસ કરાવનાર એક કુલપુત્રક પૃથ્વીતલ જોવાની ઇચ્છાથી કુતૂહળથી પરિભ્રમણ કરતો કરતો કોઈક નગરમાં કોઈક ધનવાન શેઠને ત્યાં આવી ચડ્યો અને ત્યાં જ ઉતર્યો. ઘરના માલિકે સ્નેહપૂર્વક સ્વાગત કરી પૂજા કરી અને પોતાના પુત્રને ભણાવવા માટે નિયુક્ત કર્યો. ભણાવતાં ભણાવતાં ઘણા ધનની પ્રાપ્તિ થઈ.કોઈ વખતે ભણનારના પિતા સાથે ભણાવનારને અણબનાવનો પ્રસંગ ઉભો થયો, એટલે તેની પાસે નું ધન પડાવી લેવા માટે તેના મરણનો કોઈ ઉપાય વિચારવા લાગ્યો. ઘરમાંથી બહાર નીકળવા દેતો નથી.પોતાના સગા-સ્નેહીઓને આ વૃતાન્ત જણાવ્યો કે, 'નક્કી આ મને મારી નાખવાની ઈચ્છાવાળો છે.' ત્યાર પછી ગાયના છાણમાં પોતાનો સર્વ નિધાન અર્થ છૂપાવી દીધો, તે છાણાં સૂકાવી નાખ્યાં.સ્વજનોને કહેવરાવ્યું કે - 'હું નદીની અંદર ગાયના છાણના સૂકાયેલા પિંડો ફેંકું, તે તરતા તરતા તમારી તરફ આવે, ત્યારે

તમારે ગ્રહણ કરી લેવા. **તેની** અંદર મેં ધન છૂપાવેલું છે.ત્યાર પછી અમારા કુળોમાં એવો રિવાજ છે કે, 'પર્વ દિવસોમાં આવી નીતિ રીતી કરવી.' એમ કહીને તે વિદ્યાર્થી પુત્રોને તે સાથે લઈ જઈ પેલાં છાણાં નદીમાં તરતાં મૂક્યાં. આ ઉપાય કરીને પોતે સર્વ ધન પહોંચાડી દીધું. ત્યાર પછી તે સ્થાનથી નીકળી ગયો. (૧૦૨)

## સાચી અને સાવકી માતા

૧૦૩- **અર્થદ્વાર**- કોઈ બાલકને જન્મ આપનારી અને બીજી ઓરમાન એમ બે માતાઓ હતી. પિતા મૃત્યુ પામ્યા હતા. ઘણા દૂર દેશાવરમાંથી આવેલા હોવાથી અહિં તેને કોઈ ઓળખતું નથી. બંને માતાઓને વિવાદ થયો. અહીં કોઈ સાક્ષી નથી. એટલે નિર્ણય માટે રાજદરબારમાં ગયા. ત્યા રાજાની પટ્ટરાણી ગર્ભવતી હતી, તેણે આ વિવાદ સાંભળ્યો. બીજો ઉપાય ન દેખતાં તેણેકહ્યું કે, 'મારા ગર્ભથી જે પુત્ર ઉત્પન્ન થશે, તે અશોકવૃક્ષની નીચે બેસી તમારો વિવાદ છેદશે. તેટલા સમય સુધી તમારે આનંદપૂર્વક ઉચિત અન્ન-પાન, વસ્ત્ર-પરિભોગ કરતા રહેવું. ' ઓરમાન માતા ખુશ થઈ કે, 'આટલો કાળ તો મળ્યો.પછી શું થશે ? તે કોણ જાણે છે ?' તેના હર્ષનું અવલોકન કરવાથી દેવીએ યથાર્થ હકીકત જાણી કે, 'આ ઓરમાન માતા છે.' એટલે તેને તગડી મૂકી, જન્મ આપનારી માતાને પુત્ર અને ધન સમર્પણ કર્યા.

બીજા આચાર્યો આ પ્રમાણે કહે છે - કેટલાક ધાતુ ધમનારાઓએ કોઈ પર્વતમાં સુવર્ણસિદ્ધિ મેળવવા માટે સર્વ પ્રયાસ કર્યો, પરંતુ સુવર્ણની પ્રાપ્તિ ન થઈ. તેથી તેઓ દીલગીરી થઈ ત્યાં રહેલા છે.ત્યાં આગળ પર્વત પાસે નજીકમાં લશ્કરની છાવણીમાં રાત્રે સળગતા અગ્નિને દેખીને કૌતુકથી રાજા એકલો ત્યાં ગયો અને પૂછયું કે, 'તમે આ શું આરંભ્યું છે ?' તેઓએ વિસતારથી પોતાની હકીકત કહી ઔત્પાત્તિકી બુદ્ધિવાળા રાજાએ જાણ્યું કે આવાં કાર્યો હિંમતથી થાય છે અને તેઓમાં તે હિંમત-સત્ત્વ નથી. માટે મારું પોતાનું મસ્તક છેદીને આ અગ્નિમાં નાખું.' તે પ્રમાણે જેટલામાં તે કરવા તૈયાર થયો, તેટલામાં તલવાર ખેંચેલા જમણા હાથને કોઈક અદશ્ય અધિષ્ઠાયિકા દેવીએ થંભાવી દીધો. રાજાના પરાક્રમથી આકર્ષાયેલી દેવી તેની હિંમતથી પ્રસન્ન થઈ અને સુવર્ણ બનાવી આપ્યું. (૧૦૩).

## શસ્ત્ર-શાસ્ત્ર નામના દ્વારનો વિચાર

૧૦૪ - કોઈક રાજાને ત્યાં હથિયાર સહિત સેવકો આવી તેની સેવા કરવા લાગ્યા. પરીક્ષા માટે રાજા તેને કંઈક પણ પગાર કે મહેનતાણું આપતો નથી.ત્યારે તેઓ બીજે જવા તૈયાર થયા,એટલે પરિમિત આજીવિકા-દાન આપવાનું નક્કી કર્યું. કેટલાક પોતાના પુરુષાર્થના પ્રમાણમાં વૃત્તિ ન મળવાથી બીજે સ્થલે ગયા. ઔત્પાત્તિકી બુદ્ધિથીરાજાએ જાણ્યું કે, 'આ મહાપરાક્રમી છે.'

બીજા કેટલાક આચાર્યો આ વાત બીજા સ્વરૂપે કહે છે કે, ૧ આત્રેય, ૨ કપિલ, ૩ બૃહસ્પતિ અને ૪ પાંચાલ નામના ઋષિઓએ કહેલા વૈદ્યક ધર્મ, અર્થ અને કામ સંબંધી ચારે

શાસ્ત્રોનો પ્રતિજ્ઞાપૂર્વક પક્ષપાત કરીને ઔત્પાત્તિકી બુદ્ધિથી વિશેષ જ્ઞાન મેળવ્યું. કોઈક સમયે પાટલિપુત્ર (પટણા) નગરમાં કોઈક રાજા પાસે વૈદ્યકાદિ શાસ્ત્રો હાથમાં લઈને ચાર ઋષિઓ આવીને કહેવા લાગ્યા કે - આ શાસ્ત્રના જ્ઞાનના અનુસારે તમારે અમારી પૂજા-સત્કાર-સન્માન કરવાં જોઇએ.' રાજાએ વિચાર્યું કે, 'આપણે એ જાણતા નથી કે, ક્યા શાસ્ત્રનું કોને કેટલું જ્ઞાન છે ? તેની પરીક્ષા માટે તેમને પ્રતિજ્ઞા કરાવી પરસ્પર વાદ કરાવ્યો. કોનામાં પ્રજ્ઞાનો પ્રકર્ષ-અધિકબુદ્ધિ છે, તે જાણી તેને અનુરૂપ તેમનું સન્માન વગેરે કર્યું. અહિં सत्थ શબ્દ પ્રાકૃત હોવાથી તેના શસ્ત્ર અને શાસ્ત્ર એવાં બે વ્યાખ્યાન અવિરોધથી થાય છે, માટે બે વ્યાખ્યાન કર્યાં, તે ખોટાં નથી. (૧૦૪) **ઈચ્છાએ મોટું એ દ્વારનો વિચાર -**

૧૦૫ - કોઈક નગરમાં કોઈક કુલપુત્રક મૃત્યુ પામ્યો, એટલે તેની પત્ની પતિ મૃત્યુ પામવાથી વિધવા બની.પતિએ વેપારમાં જે મુડી રોકી હતી અનેલોકોને ધીર્યું હતું,તે લેણા તરીકે ઉઘરાવવા માંડ્યું, પરંતુ આ સ્ત્રીને કોઈ આપતા નથી. પુરુષોને લોકો દાદ આપે છે, એટલે તે વિધવાએ પતિના મિત્રને કહ્યું કે,'દેણદારો પાસેથી મારું ધન ઉઘરાવી આપો.' મિત્રે કહ્યુંકે, 'તેમાં મારો ભાગ કેટલો ? વિધવાએ સરળ સ્વભાવે કહ્યું કે - 'તમે ઉઘરાવી તો લાવો, ત્યાર પછી તમને જેરુચે, તે મને આપજો.' મિત્રે સર્વ ઉઘરાણી એકઠી કરી ભાગ આપતી વખતે લુચ્ચાઈ કરી-અલ્પ ભાગ આપવા લાગ્યો, એટલેકજિયો રાજદરબારમાં ગયો. વૃત્તાન્ત જાણતા મંત્રીએ પરીક્ષા માટે પૃચ્છા કરી કે, 'તું કયો ભાગ ઇચ્છે છે ?' મિત્રે કહ્યું કે, 'મોટો' ત્યાર પછી દ્રવ્યના બે ભાગ કર્યા. એક અલ્પ અને બીજો મોટો. ત્યાર પછી અલ્પ ભાગ ગ્રહણકરાવ્યો.આ વિધવાએ પહેલેથી જ કહ્યું હતું કે, 'જે તને રુચે તે ભાગ મને આપજે, તને તો મોટો રુચે છે, માટે એ મોટો ભાગ તેને આપવો ઉચિત છે. 'શિષ્ટ પુરુષો હંમેશાં અંગીકાર કરેલાનો -બોલેલાનો કોઈ પણ ભોગે નિર્વાહ કરે છે.' જે માટે કહેલું છે કે - 'સજ્જન પુરુષો અનાભોગથી કે પ્રમાદથી જે બોલી ગયા હોય, તે પત્થરમાં ટાંકણાથી ખોદેલા અક્ષરો માફક ફેરફાર વગરના રહે છે.' (૧૦૫)

૧૦૬ - **લક્ષપતિ ધૂર્ત દ્વાર-** કોઈ લક્ષપતિ ધૂર્ત હતો,તે લોકોને એમ કહીને ઠગતો હતોકે - 'જે કોઈ મને અપૂર્વ પદાર્થ સંભળાવે, તેને હું લાખ રૂપિયાની કિંમતનું આ કચોળું આપીશ.' હવે જો કોઈ તેને તદ્દન નવું કાવ્ય બનાવીને સંભળાવે, તેમાં પણ તે કહી દેતો કે, 'આ તો મેં પહેલાં સાંભળ્યું છે - ' એમ ખોટા ઉત્તર આપીને સામાને વિલખા પાડતો હતો. વળી પોતાને માટે એવો પ્રવાદ ફેલાવ્યો કે- 'હું સર્વ શ્રુતનો જાણકાર છું.' ત્યાં રહેલા એક સિદ્ધપુત્રને આ વાતની ખબર પડી. તે વખતે ઉત્પન્ન થયેલા બુદ્ધિવાળા તેણે તેની આગળ જઈને કહ્યું કે - 'તારા પિતામારા પિતા પાસેથી એક લાખ સોનામહોરો દેવું કરીને લાવેલા છે' જો આ વાત તેં પૂર્વે સાંભળી હોય, તો તે રકમ પાછી આપ અને ન સાંભળીહોય તો લાખની કિમતનું કચોળું આપ.' આ પ્રકારે સિદ્ધપુત્ર એવા બીજા ધૂર્તે તેની બુદ્ધિનો પરાભવ કરવા રૂપ છલનાં કરી. (૧૦૬) ઔત્પાત્તિકી બુદ્ધિનાં ઉદાહરણો પૂર્ણ થયાં.

॥ नमः श्रुतदेवतायै ॥

હવે વૈનયિકી બુદ્ધિનાં ઉદાહરણોનું વિવેચન કરીશું.

## સિદ્ધપુત્રનું દૃષ્ટાંત

૧૦૭- વૈનયિકી બુદ્ધિના વિષયમાં નિમિત્તે એવા દ્વારનો વિચાર કરીએ છીએ કોઈક સિદ્ધપુત્રની પાસે બે પુત્રો અર્થાત્ શિષ્યો હતા. પુત્રો અને શિષ્યોનેસમાન જ ગણેલા છે. તે બંને શિષ્યનેસિદ્ધપુત્રે નિમિત્તશાસ્ત્ર ભણાવ્યા કોઈક વખતે તૃણ, કાષ્ઠ, દર્દિ લેવા માટે અરણ્યમાં ગયા. ત્યાં બંનેએહાથીનાં પગલાં જોયાં. એકે 'આ હાથણીનાં પગલાં છે.' એમ વિશેષતા કહી. કેવી રીતે તેં જાણ્યું ? તો કે, કરેલા મૂત્રના આધારે. 'વળી તે હાથણી કાણી છે.' કારણ કે, એક બાજુનાં તૃણાદિકનું ભક્ષણ કરેલું છે. વળી મૂત્ર કરેલાના આધારે એક સ્ત્રી અને પુરુષ તેના ઉપર રહેલા છે. મૂત્ર કરીને ઉભા થતી વખતે હાથનો ટેકો દઈને, તેનાં આંગળાં જમીન પર પડેલાં છે, તેમ ઉભી થયેલી હોવાથી પુરા મહિના થયેલા ગર્ભવાળી છે, વળી તેને પુત્ર જન્મશે. કારણ કે, તેણે જમણો પગ ભાર દઈને મૂકેલો છે,તેમ પગલાંથી જણાય છે. જમણી કુક્ષિમાં ગર્ભે આશ્રય કર્યો હોય, તો પુત્ર થાય. વળી રસ્તા પરના વૃક્ષો પર તેણે પહેરેલ લાલ વસ્ત્રના તાંતણા વળગી ગયેલા હોવાથી તે પણ પુત્રોત્પત્તિ સૂચક છે. તેમ નિમિત્ત શાસ્ત્રમાં કહેલું છે. તે જ બંને સિદ્ધપુત્રો નદી-કિનારે જળપાન કરીને જેટલામાં બેઠા, તેટલામાં જળ ભરવા માટે હાથમાં ઘડો લઈને આવેલી એક વૃદ્ધાએ સિદ્ધપુત્રોને જોયા, 'કોઈ નિમિત્તજ્ઞાનવાળાઓ પુત્રના સમચારકહેશે' એમ સમજી લાંબા કાળથી પરદેશ ગયેલા પોતાના પુત્રનો આગમનકાળ પુછયો કે, 'મારો પુત્ર ઘરે ક્યારે આવશે ?' પૂછવામાં વ્યગ્ર બનેલી હોવાથી, તેના હાથમાંથી ભરેલો ઘડો ભૂમિ પર પડી ગયો અને ભાંગી ગયો. તે વખતે એક નિમિત્તિયાએ એકદમ વિચાર કર્યા વગર બોલી નાખ્યું કે - 'તે થતાં તે થાય અને તેના જેવું થતાં તેના જેવું થાય ' એ શ્લોક બોલીનેકહ્યું કે, 'તારો પુત્ર મૃત્યુ પામ્યો, નહીંતર તત્કાલ આ ઘડો કેમ ભાંગી જાય ?' બીજા શિષ્યે કહ્યું કે, 'હે વૃદ્ધા ! તું ઘરે જા, તારો પુત્ર ઘરે આવીને બેઠેલો છે.' પેલી તરત ઘરે પહોંચી, પુત્ર-દર્શન થયાં, મનમાં હર્ષ પામી. વસ્ત્ર જોડી તથા કેટલાક રૂપિયા લઈને ગૌરવ-પૂર્વક બીજા શિષ્યનો સત્કાર કર્યો. પ્રથમ સિદ્ધપુત્ર ખોટો પડવાથી વિલખો થયો અને ગુરુની પાસે આવીને કહેવા લાગ્યો કે - 'આપે ભક્તિવાળા મને પેલાની માફક નિમિત્તશાસ્ત્રનો પરમાર્થ કેમ ન ભણાવ્યો ?' સિદ્ધપુત્રે તે બંનેને પૂછયું. તેઓ બનેલો યથાર્થ વૃત્તાન્ત જણાવ્યો.ગુરુએ પૂછયું કે - 'તેં મરણ કયા કારણથી જણાવ્યું ?'ત્યારે કહ્યું કે, ઘડો ભાંગી ગયો, તેથી બીજાએ કહ્યું કે - 'ઘડો માટીમાંથી ઉત્પન્ન થયો અને તેમાં મળી ગયો, એમ તે પુત્ર માતામાંથી ઉત્પન્ન થયો અને માતાને મળી ગયો' એવો નિર્ણય મેં કર્યો. ત્યારે પ્રથમ શિષ્યને ગુરુએ કહ્યું કે - 'હે ભદ્ર ! આમાં મારો અપરાધ નથી, પરંતુ તારી બુદ્ધિની જડતાનો અપરાધ છે,જેથી વિશેષ ખુલાસા સહિત નિમિત્તશાસ્ત્રના રહસ્યને જણાવેલ હોવા છતાં તું તેના તાત્પર્યાર્થને સમજી શકતો નથી. શું તેં આ સુંદર વચન સાંભળ્યું નથી ? કે - "ગુરુ તો બુદ્ધિશાળી હોય કે જડ હોય, બંનેને સરખી રીતે વિદ્યા આપે છે, પરંતુ તેમના જ્ઞાનમાં સમજ શક્તિ ઉમેરી આપી શકતા નથી કે ઘટાડી શકતા નથી. તે કારણે ફળમાં મોટો

તફાવત પડે છે. દેમાં દાખલો આપીને સમજાવે છે. જેમ કે, નિર્મલ સ્ફટિકમણિ હોય, તે પ્રતિબિંબને પકડે છે, પણ માટી વગેરે તેને પકડી શકતા નથી.' માટે અહિં જેને સારી રીતે શાસ્ત્ર પરિણમ્યું, તેને વૈનયિકી બુદ્ધિ અને અવળું પરિણમ્યુંકે ન પરિણમ્યું, તેની બુદ્ધિ તો તેની નકલ સમાન જાણવી (૧૦૭)

૧૦૮ - અહિં અર્થશાસ્ત્રમાં દ્વારમાં કલ્પક મંત્રીનું ઉદાહરણ શેરડીની ગંડેરી છોલેલા કાપીને કરેલા ટૂકડા વગેરેને છેદન-ભેદન કરીને, તેમ જ યક્ષકથા, કૃત્યાનું ઉપશમન અથવા નવીન શરાવ બનાવતાં ચિતારાપુત્રે યક્ષને શાંત કરવાનો પ્રયોગ કર્યો - તે ઉદાહરણો છે. એ જ ઉદાહરણો વિવરણકાર વિસ્તારથી જણાવે છે -

## વિનયરત્નસાધુનું દૃષ્ટાંત

શ્રેણિકરાજા તથા કોણિક મૃત્યુ પામ્યા પછી,કોણિકના પુત્ર ઉદાયી રાજાએ પાટલિપુત્ર નગર વસાવીરાજધાની સ્થાપી. સૂર્ય માફક તે પ્રચંડ તાપવાળો સર્વ દિશામંડલને તપાવતો, દુશ્મનોરૂપી કુમુદવનો ને મ્લાન કરી નાખતો હતો.તેણેરાજયભંડાર અર્પણકર્યો. હાથી વગેરે ચતુરંગ સેનાવાળા બની, સામ, દામ, દંડ ભેદનીતિમાં નિપુણ બની તે સારી રીતે રાજય પાલન કરતો હતો. વળી તેવા પ્રકારના ગીતાર્થ ગુરુમહારાજના ચરણારવિંદની સેવા દ્વારા પ્રાપ્ત કરેલા સમ્યક્ત્વવાળો પ્રશમાદિગુણરૂપ રત્નમણિ માટે જાણે રોહણપર્વત હોય, તેવો જણાતો હતો. તેણે નગરની બહાર મનોહર આકૃતિવાળું, હિમાચલ પર્વત સરખી ઊંચાઈવાળું, શ્રી વીતરાગ પરમાત્માનું એક જિનમંદિર કરાવ્યું. તે રાજા હંમેશાં સુંદર અષ્ટાન્હિકા-મહોત્સવ કરાવતો, તેમ જ સાધુના ચરણની પૂજા-વંદના -ઉપાસના કરતોહતો. વળી દીન, અનાથ આદિને દાન આપતો હતો. સમ્યક્ત્વ, અણુવ્રતો તથા પૌષધ, સામાયિકાદિ કરવા-કરાવવા દ્વારા તેણે ધર્મની ઘણી પ્રભાવના કરીને શાસનની ઉન્નતિ કરી હતી. તે કારણે તેણે ત્રણે લોકમાં પૂજાવાના અંગભૂત તીર્થંકર-નામકર્મ ઉપાર્જન કર્યું. જે કારણ માટે સ્થાનાંગસૂત્રમાં તે તીર્થંકર કર્મ બાંધનારાઓની સંખ્યા આ પ્રમાણે કહેલી છે. - ૧ શ્રેણિક, ૨ સુપાર્શ્વ, ૩ પોટ્ટિલ, ૪ દઢાયુ, ૫ શંખ, ૬ શતક, ૭ ઉદાયી, ૮ સુલસા અને ૯ રેવતી-એમ વીર ભગવંતના તીર્થમાં નવ આત્માઓને તીર્થંકર-નામકર્મ બાંધ્યું છે. તે ઉદાયિ રાજાએ પોતાની પ્રચંડ આજ્ઞાથી સમગ્ર ખંડિયા રાજાઓ ઉપર આજ્ઞા ચલાવનારા કારણે તેઓ નિરંતર ચિત્તમાં ખેદ અનુભવતા હતા. કોઈક સમયે કોઈક અપરાધથી એક રાજાનો તેના પરિવાર સહિતનો દેશ પડાવી લીધો અને તે રાજાને દેશપાર કર્યો અનુક્રમે તે ઉજ્જયિનીએ પહોંચ્યો અને તેના રાજાની સેવામાં તત્પર બન્યો. ત્યાર પછી હંમેશાં આજ્ઞા પામવાથી કંટાલેલા ઉજ્જયિનીના રાજાએ કહ્યું કે - 'અમને એવો કોઈ અંકુશ મળતો નથી કે, જે આ માથાભારે બનેલા અને માથા પર ચડેલા ઉદાયિરાજાને દૂરકરે. તે વખતે સેવક બનેલા તેના પ્રત્યે મોટા રોષવાળા રાજપુત્રે કહ્યું કે, 'જો આપ મને પીઠબળ આપો, તો આ કાર્ય હું સાધી આપું.' એટલે તે રાજાએ તેમાં સમ્મતિ આપી, એટલે કે કંકલોહની છરી ગ્રહણ કરીને પાટલિપુત્ર તરફ ચાલ્યો, અનુક્રમે ત્યા પહોંચ્યો. અંદર-બહારની પર્ષદાના સેવકવર્ગની ઉચિત સેવાવૃત્તિ

કરવા છતાં ધારેલો સમય ન મેળવી શક્યો. તે ઉદાયી રાજા આઠમ-ચૌદશના સર્વ પર્વ દિવસોમાં રાજ્યકાર્યો છોડીને એકાગ્ર ચિત્તથી પૌષધ કરતો હતો. અત્યંત ક્ષીણ જંઘાબલવાળા, સ્થાનાંતરમાં વિહાર કરવા અસમર્થ એવા ધર્મઘોષ નામના આચાર્ય ત્યાં સ્થિરવાસથી રહેતા હતા. 'રાજાઓને સાધુ પાસે ઉપાશ્રયે જઈ પોસહ કરવામાં ઘણી મુશ્કેલીઓ ઉભી થાય છે'- એમ ધારીને આચાર્ય પોતે પોસહ કરવાના દિવસોમાં રાજભવનમાં જતા હતા. રાજાએ પોતાના પરિવારને સૂચના આપી હતી કે, 'રાત્રે કે દિવસે આવતા-જતા સાધુઓને રોકવા નહિ.' આ હકીકત પેલા દુષ્ટ અભિપ્રાયવાળા રાજપુત્રના જાણવામાં આવી કે, સાધુઓને રાજમહેલમાં રોક-ટોક વગર પ્રવેશ મળે છે. (૨૦) ત્યાર પછી રાજસેવાનો ત્યાગ કરીને ગુરુના ચિત્તને પ્રસન્ન કરીને અતિદૃઢ કપટથી વિનયોપચાર કરવા પૂર્વક દીક્ષા ગ્રહણ કરી. ભાવસાધુ માફક વિનયમાં રક્તબન્યો, જેથી તેનુ નામ **વિનયરત્ન** પાડ્યું.છેતરવાના પરિણામવાળા તેના દિવસો પસાર થાય છે અને રાજાને મારી નાખવાનો લાગ શોધી રહેલો છે. આચાર્ય પણ ગીતાર્થ સ્થિરવ્રતવાળા જેનાં જ્ઞાતિ, કુલ, શીલ જાણેલાં છે, તેવા યોગ્ય થોડા સાધુને પોતાની સાથે રાજભવનમાં લાવે છે. પેલો વિનયરત્ન સાધુ હંમેશા રાજમહેલમાં આવવા તૈયાર હોવાનું જણાવતો, પણ નવો ધર્મ પામેલો હોવાથી આચાર્ય તેને આવતાં રોકતા હતા. કોઈક દિવસે બીજા સાધુઓ ગ્લાન, પરોણા વગેરેના કાર્યોમાં રોકાએલા હતા, ત્યારે સાથે જવા માટે તે કપટી સાધુ તૈયાર થઈ ગયો. આચાર્ય ઘણા દિવસોના દીક્ષિત થયેલા તેને સહાયક બનાવીને સંધ્યા-સમયે રાજભવનની અંદર પહોંચ્યા. રોગી જેમ ઔષધને તેમ કર્મરોગી ઉદાયી રાજાએ પૌષધ અંગીકાર કર્યો અને તે કાલને ઉચિત વંદનાદિક વિધિ કર્યો. સ્વાધ્યાય, ધ્યાન વગેરે કાર્યો કરી થાકી ગયેલા આચાર્ય તથા રાજા જ્યારે નિદ્રાધીન થયા, ત્યારે તે પાપી જાગ્યો અને ઉભો થઈ જેણે દીક્ષા-સમયથી છૂપાવીને ઓઘામાં ગુપ્ત રાખેલી, તે કંકલોહની છરી રાજાના કંઠ પ્રદેશમાં મારી પોતે ઉતાવળો ત્યાંથી નાસી છૂટ્યો. લોહીથી ખરડાયેલી તીક્ષ્ણ ધારવાળી તે છરી ગળાના બીજા ભાગ સુધી પહોંચી ગઈ અને તેનાથી રાજાનું ગળું ક્ષણવારમાં કપાઈ ગયું. (૩૦)

રાજા પુષ્ટ શરીરવાળા, હોવાથીતેમાંથી પુષ્કળ લોહીની ધારા વછૂટી ને આચાર્યના શરીરને પણ ભીંજવી નાખ્યું, એટલે તરત તેમની નિદ્રા ઉડી ગઈ. આ ઘણું જ ખરાબ કાર્ય થયું. નક્કી આ પેલા કુશિષ્યનું જ પાપકાર્ય છે, નહિતર અહિંથી તરત પલાયન કેમ થાય ? ક્યાં સમગ્ર કલ્યાણના એકહેતુભૂત જિનશાસનની પ્રભાવના ! અને તેના બદલે જેનો કોઈ ઉપાય નથી,તેવી આ શાસનની મલિનતા આવી પડી ! કહેલું છે કે - 'આપણું દુર્જય હૃદય હર્ષ સાથે કંઈક કાર્યચિંતવે છે અને કાર્યારંભ કરતાં દેવયોગે તેનું પરિણામકાંઈ બીજું જ આવે છે !' તો હવે આ જિનશાસનનું દુરંત કલંક દૂર કરવા માટે મારે હવે નક્કી મારા પ્રાણોનો ત્યાગકરવો જ ઉચિત છે.' તે કાલે ઉચિત એવા સર્વ જીવોને ખમાવવા ઇત્યાદિક આરાધના-કાર્યો કરીને ધીર ચિત્તવાળા તે આચાર્યે તે [૧] કંકલોહની છરી પોતાના કંઠ ઉપર મૂકી. જ્યારે

[૧] કંકલોહની છરીનો એવો સ્વભાવ છે કે, ગળા ઉપર મૂક્યા પછી આપોઆપ આરપાર નીચે ઉતરી જાય અને ગળું કપાઈ જાય.

સવારે શય્યાપાલક પૌષધશાળામાં દેખે છે,તો સૂરિ અને રાજા બંનેને મૃત્યુ પામેલા જોયા. શય્યાપાલક વિચાર કરે છે કે, 'આ અમારો પ્રમાદ-અપરાધ છે' એમ ધારી ક્ષોભ પામ્યો અને મૌન રહ્યો. એટલામાં ત્યાં આખા નગરમાં લોકોમાં વાત પ્રસરી ગઈ કે, 'આ પેલા દુષ્ટ શિષ્યે અકાર્ય કર્યું. ખરેખર તે નાલાયક હતો અને કપટથી જ વ્રત ગ્રહણ કર્યાં હતાં.' આ પ્રમાણે તે બંને સ્વર્ગે ગયા.

## (નંદરાજાને કલ્પકમંત્રીની કથા)

આ બાજુ નાપિતની શાળામાં બે અક્ષરના નામવાળો નંદ નામનો નાપિતપુત્ર હતો.તે બહાર ગયોઅને કંઈક કારણસર આવેલા ગુરુને નિવેદન કરવા લાગ્યો કે, આજે રાત્રિ પુરી થવાના સમયે મને સ્વપ્ન આવ્યું કે, 'આ નગરને પોતાનાં આંતરડાંથી મેં ચારે બાજુથી ઘેરી લીધું છે.' તો આ સ્વપ્નનો ફલાદેશ મને કહો. સ્વપ્નશાસ્ત્રના ફળને જાણનાર તે ઉપાધ્યાય તે નંદને પોતાના ઘરે લઈ ગયો અને ત્યાં તેને આખા શરીરે નવરાવી અતિ વિનયપૂર્વક પોતાની પુત્રી આપી.ત્યારે તે ઉદય પામતા સૂર્યની જેમ એકદમ શોભા પામવા લાગ્યો. શિબિકામાં આરૂઢ થઈને જ્યારે નગરની અંદર ફરવા નીકળ્યો, ત્યારે અંતઃપુરની શય્યાપાલિકાઓએ રાજાને મૃત્યુ પામેલો જોયો. એટલે તેઓએ એકદમ બૂમરાણ કરી મૂકી. ત્યારપછી રાજ્યચિંતા કરનાર પુરોહિતે પાંચ દિવ્ય-ઘોડા વગેરેને અધિવાસિત કરી નગરમાં લઈ ગયા. સ્નાન કરેલા બે અક્ષરના નામવાળા,સ્ફુરાયમાન તેજસ્વી શરીરના કિરણવાળા, પ્રગટ થયેલા પૂર્વના પુણ્યવાળા નંદને ઘોડાએ પોતાની પીઠ પર બેસાર્યો. ચામરયુગલ વીંજાવા લાગ્યું. આકાશ સરખું મહાછત્ર મસ્તક ઉપર ધારણ કરાયું.સમગ્ર વાજિંત્રો અને માંગલિક શબ્દોવાળાં મૃદંગાદિક વાગવા લાગ્યાં.ત્યાર પછીરાજ્યની ચિંતા કરનાર મનુષ્યોએ તેનો રાજ્યાભિષેક કર્યો અને ઉદાયી રાજાની ખાલી પડેલી મનોહર ગાદી ઉપરસ્થાપન કર્યો. તે નાપિતનો પુત્ર હોવાથી સુભટો, સરદારો અને સર્વે રાજાઓ તેનો વિનય ન કરતો હોવાથી તે વિચારવા લાગ્યો કે, 'હું કોનો રાજા છું ?' કોઈક સમયે સભામાંથી ઉભા થઈ બહાર ગયોઅને વળી પાછો આવ્યો, તો તે સુભટો અને સરદારો ઉભા ન થયાકે વિનય ન દાખવ્યો. (૫૦) ત્યારે ક્રોધ કરવા પૂર્વક ઉગ્ર ચહેરો કરીને નંદે કહ્યું કે, 'અરે ! આ ગોધાઓને હણો-મારો.' ત્યારે આ સાંભળીને તેઓ સામસામા જોઈને હસવા લાગ્યા. ત્યાર પછી તીવ્ર રોષાવેશને પરાધીન થયેલા તેણે સભામંડપના દ્વારમા બે માટીના બનાવેલા પ્રતિહારોને દેખી કહ્યું કે, 'જો આ લોકો વિનય નથી કરતા, તો શું તમારામાંથી પણ વિનય ચાલ્યોગયો છે ?' ત્યારે લેપ્યમય પ્રતિમાના ભયથી સર્વે ઉભા થયા. કેટલાકને હાથમાં રહેલ તીક્ષ્ણ ધારવાળી તરવારના ઘાથી મારી નાખ્યા. કેટલાક ભયપામી ત્યાંથી નાસી ગયા. ત્યાર પછી સર્વે બે હાથ જોડી, ભૂમિ પર મસ્તક લાગડી અર્થાત્ પગે પડીને રાજાને ખમાવવા લાગ્યા અને વિનીત બની વિનય કરવા લાગ્યા. તેને જોઈએ તેવા પ્રકારનો કોઈ યુવાન મંત્રી ન હતો, તેથી કાળજીપૂર્વક તેની શોધ કરવા છતાં હજુ સુધી કોઈ હાથ લાગ્યો ન હતો.

હવે તે નગરની બહાર બ્રાહ્મણજનને ઉચિત કાર્યો કરનાર, કોઈ કપિલ નામનો બ્રાહ્મણ રહેતો હતો.ત્યાં સાંજ સમયે કોઈ સાધુઓ આવ્યા. 'જો અત્યારે નગરમાં પંડિતપણાનું અભિમાન હતું, તેથી તે કપિલ કેટલાક પ્રશ્નો પૂછવા લાગ્યો, પૂછેલા પ્રશ્નોના નિઃસંદેહ ખુલાસાપૂર્ણ ઉત્તરો સાધુઓએ આપ્યાકે, જેથી તે શ્રાવક બની જિનવચનને ઉત્તમ માનવા લાગ્યો.-એમ કેટલોક સમય પસાર થયા પછી તેને ત્યાં ચોમાસું રહેવા સાધુ આવ્યા. તે વખતેતેને ત્યાં પુત્ર જન્મ્યો કે તરત જ તેને ભયંકર બીહામણા રૂપવાળી રેવતી નામની વનચરી-વ્યંતરી વળગી. તે સમયે ભાવના કલ્પ કરતા સાધુઓની નીચે રહી તે બાળકને ભાવિત કરવા લાગી, એટલે તે કલ્પના પ્રભાવથી બાળક સાજો થયો અને પેલી વ્યંતરી ચાલી ગઈ. ત્યાર પછી તેના સર્વે જન્મેલા બાળકો સ્થિર રહ્યા. તે કારણેમાતા-પિતાએ ઉત્તમ દિવસેસ્વજનાદિકનો સત્કાર કરવા પૂર્વક તે બાળકનું નામ કલ્પ પાડ્યું. શુક્લપક્ષના ચંદ્રની જેમ દેહથી તે બાળક વૃદ્ધિ પામવા લાગ્યો. માતા પિતા મૃત્યુ પામ્યા પછી તેણે બ્રાહ્મણજનને યોગ્ય ચૌદે વિદ્યાનાં સ્થાનકો એકદમ ભણીને તૈયાર કર્યા.

**તે ચૌદ વિદ્યાસ્થાનકો આ પ્રમાણે સમજવાં-**

છ અંગો, ચાર વેદ, મીમાંસા, ન્યાયશાસ્ત્ર,પુરાણ અને ધર્મશાસ્ત્રો.તેમાં શિક્ષણ, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, જ્યોતિષ અને છંદ એ શાસ્ત્રોને પંડિતો અંગ કહે છે. હવે તે સર્વ બ્રાહ્મણોમાં ચડિયાતો ગણાયો. અતિસંતોષ પામેલોહોવાથી રાજા આપે તો પણ તેનું દાન ગ્રહણ કરતો નથી. યૌવનગુણ પામેલો છતાં,તેમ જ વિદ્યાગુણથી પરમ સૌભાગ્યપામેલો હોવા છતાં સારા રૂપથી પૂર્ણ એવી કન્યાને પણ પરણવા ઇચ્છતો નથી. અનેક છાત્રોથી પરિવરેલો હંમેશાં નગરમાં ફરવા નીકળે છે. હવે તેના જવા-આવવાના માર્ગની વચ્ચે એક બ્રાહ્મણ રહેતો હતો. તેને અતિ સ્વરૂપવતી એક કન્યા હતી, પરંતુ જલૂસ નામના વ્યાધિથી હેરાન થતી હતી.તેથી બહુ જાડા શરીરવાળી થઈ જવાથી રૂપવાળી હોવા છતાં તેને કોઈ પરણતું ન હતું. એમ કરતાં તેની વય ઘણી વધી ગઈ. ઋતુસમય થયો, તે તેના પિતાએ જાણ્યું. પિતા વિચારવા લાગ્યો કે, શાસ્ત્રમાં કહેલું છે કે - 'જે કુંવારી કન્યાને ઋતુકાળ આવી રુધિરપ્રવાહ વહે, તે બ્રાહ્મણને પરણવી વર્જિત છે.' આ કલ્પક બટુક સત્યપ્રતિજ્ઞાવાળો છે,તો કોઈ ઉપાય કરીને મારીકન્યા તેને આપું, નહિંતર એનો વિવાહ નહિ થાય.' પોતાના ઘરના દ્વાર પાસે તેણે ખાડો ખોદાવ્યો અને તેમાં તેને સ્થાપન કરી, ત્યાર પછી મોટા શબ્દોથી પોકાર કરવા લાગ્યો કે - 'અરે ઓ કલ્પક ! આ ખાડામાં પડી ગઈ છે, જે કોઈ તેને બહાર કાઢશે, તેને મેં આપેલી જ છે.' તે સાંભળીને કરુણાહૃદયવાળા તે કલ્પકે તેને બહાર કાઢી, ત્યાર પછી તે કન્યાના પિતાએ કહ્યું કે - 'હે પુત્ર ! તું સત્ય પ્રતિજ્ઞાવાળો છે, તો આની સાથે પરણ.' ત્યાર પછી અપયશના ભયથી તેણે કોઈ પ્રકારે તેનો સ્વીકાર કર્યો. (૭૫) ઔષધો આપીને તેને નિરોગ શરીરવાળી કરી. રાજાના સાંભળવામાં આવ્યું કે, 'અહિં નગરમાં કલ્પક પંડિતશિરોમણિ છે.' રાજાએ તેને બોલાવીને કહ્યું કે, 'હે કલ્પક ! હવે આ રાજ્યની ચિંતા તું કર. આ આખાં રાજ્ય તારે આધીન કરું છું. તારી બુદ્ધિથી તું બૃહસ્પતિને પણ હસી કાઢે છે. હવે અમારે માત્ર ખાવા અને પહેરવા વસ્ત્ર મળે એટલે બસ. તે સિવાય અમારે કશી

જરૂર નથી.' ત્યારે કલ્પકે કહ્યું કે, 'પાપપૂર્ણ કાર્યને હું કેમ કબૂલ કરું ? રાજાએ વિચાર્યું કે, 'અપરાધમાં સપડાવ્યા સિવાય એ આધીન નહિં થાય.' આ કાર્યતેની નજીક જે ધોબી રહે છે, તેના દ્વારા સાધી શકાશે. ધોબીને બોલાવી પૂછયું કે, 'કલ્પકનાં વસ્ત્રો તું ધૂવે છે કે બીજો કોઈ ? (૮૦) તેણે કહ્યું કે, 'હું જ' તો હવે જયારે તને વસ્ત્રો ધોવા આપે, તો તું તેને બિલકુલ પાછાં ન આપીશ- એમ કહી તેને પ્રતિષેધ કર્યો.

હવે ઈન્દ્રમહોત્સવ આવતાંકલ્પકને તેની પત્ની કહેવા લાગી કે - 'હે પ્રિયતમ ! તમે મારાં વસ્ત્રો સુંદરમાં સુંદર લાગે, તેવાં રંગાવી આપો.' અતિસંતોષી મનવાળો કલ્પક તે ઈચ્છતો નથી, તો તેની સ્ત્રી વારંવાર કહેવા લાગી, એટલે તે ધોબીને ત્યાં વસ્ત્રો લઈ ગયો. ધોબીએ કહ્યું કે, 'વગર મૂલ્યે હું તમોને વસ્ત્રો રંગી આપીશ.' હવે મહોત્સવના દિવસે વસ્ત્રો માગ્યાં, પરંતુ 'આજ આપીશ, કાલ આપીશ' એવા અનેક વાયદા કર્યા. એમ વાયદા કરતાં કરતાં ઘણો સમય પસાર થયો. છેવટે બીજું વર્ષ આવ્યું, એમ ત્રીજું વર્ષ આવ્યું. કલ્પક પણ હવે દબાણથી માગવા લાગ્યો, તો પણ પાછાં આપતો નથી. ત્યારે ક્રોધથીલાલ અંગવાળા બની ગયેલા તેણે કહ્યું કે, 'જો હવે પાછાં નહીં આપીશ, તો તારા લોહીથી જ આ વસ્ત્રો રંગીશ, એમ ન કરું તો હું ભડભડતા અગ્નિની જવાલામાં નક્કી પ્રવેશ કરીશ.' ત્યાર પછી પોતાના ઘરે પહોંચ્યો અને એક તીક્ષ્ણ છરી ગ્રહણ કરીને ધોબીના ઘરે જઈને તેની ભાર્યાને કહ્યું કે, 'મારાં વસ્ત્રો લાવીને આપ. જેટલામાં તે લાવે છે,તેટલામાં કલ્પકે ધોબીનું પેટ ચીરીને તેના લોહીથી વસ્ત્રો લાલ કર્યાં. તેની ભાર્યા કલ્પકને કહેવા લાગી કે, 'આ નિરપરાધીને શા માટે શિક્ષાકરી ?' રાજાએ તેને નિષેધ કરેલો હતો, તે કારણે લાંબા કાળથી તે વસ્ત્રો આપતો ન હતો. (૯૦) તેણે વિચાર્યું કે - 'આ તોરાજાનો પ્રપંચ છે, પણ આનો વાંક નથી. ધિક્કાર થાઓ મને કે, વગર વિચાર્યે એકદમ વગર લેવા-દેવાએ આને શિક્ષા કરી. જે તે વખતે અપાતું અમાત્યપદ મેં ન સ્વીકાર્યું, તેનું ફળ મને અત્યારે મળ્યું. જો હું પ્રવ્રજિત થયો હોત, તો આવા પ્રકારનું સંકટ ભોગવવાનો સમય ન આવત. હવે તો જાતે જ રાજા પાસે પહોંચી જાઉં અને અપરાધ જાહેર કરું, નહિતર સીપાઈઓ મને બલાત્કારથી રાજમાર્ગેથી લઈ જશે.' એમ વિચારીને તે રાજબદરબારમાં ગયો અને વિનય -સહિત રાજાનાં દર્શન કર્યાં અને વિનંતિ કરી કે, "'મને આજ્ઞા આપો કે, મારે શું કરવું ?' રાજાએ કહ્યુ કે, 'પૂર્વે જે કહેલ હતું.' ત્યાર પછી રાજ્યચિંતા કરનાર એવા અમાત્યપદે તેને સ્થાપન કર્યો. તે જ ક્ષણે રડરોળ કકળાટ કરતા ધોબીઓ રાજકુળમાં આવ્યા. રાજાને કલ્પક સાથે પ્રીતિ-સહિત વાત-ચીત કરતો દેખી ધોબીઓ દરેક દિશામાં નાસી ગયા. કલ્પકે ઘણી સ્ત્રીઓ સાથે લગ્ન કર્યાં. અનેક પુત્રરત્નો ઉત્પન્ન થયા.

કોઇ વખત પુત્રના પાણિગ્રહણ સમયે અંતઃપુર-સહિત રાજાને ભોજન કરાવવાની તૈયારી કરી. રાજાને, રાણીઓને આપવા માટે આભૂષણો, હથિયારો ઘડાવવા લાગ્યો. હવે તેના પર દ્વેષવાળા જુના મંત્રીએ એક છિદ્ર મેળવ્યું. કોઈક લાગ મળ્યો, એટલે રાજાને વિનંતિ કરી કે, 'હે દેવ ! આ સુંદર થતું નથી.કારણ કે, કલ્પક આપની વિરુદ્ધ કાર્ય કરી રહેલો છે. પોતાના પુત્રને રાજગાદીએ બેસાડવાનો છે. આ મારી વાત ફેરફાર ન માનશો.

નહિંતર,સંગ્રામ-યોગ્ય ઉપકરણો હથિયારો કેમ તૈયાર કરાવે ?' (૧૦૦) 'રાજાઓ ઘણે ભાગે નીકના પાણી સરખા હોય છે. તેમને ધૂર્તો જ્યાં વાળે છે, ત્યાં વળે છે.' પોતાના વિશ્વાસુ પુરુષોપાસેતપાસ કરાવીકે, હથિયાર ઘડાવે છે- તે વાત બરાબર છે. એટલે અતિકોપ પામેલા રાજાએ આખા કુટુંબસહિત કલ્પકને એક ઊંડા કૂવામાં ઉતાર્યો. તેમાં રહેલા તેઓ સર્વે માટે એક સેતિકા-પ્રમાણ બાફેલા કોદ્રવાની ઘેંશ, તથા પાણીની એક કાવડ અપાતી હતી. એટલે કલ્પકે પોતાના કુટુંબને કહ્યું કે - 'આપણા કુલનો વિનાશ થવાનો સમય આવ્યો છે. માટે જે કોઈ કુલનો ઉદ્ધાર કરી શકે તથા વેરનો બદલો વાળી શકે, તેણે આ કોદ્રવાની ઘેંશ ખાવી, બીજાએ નહિં. ત્યારે કુટુંબલોકો બોલ્યાકે, 'તમારા સિવાય બીજા કોઈની તેવી શક્તિ નથી, માટે તમે જ આનું ભોજન કરો.' બીજા સર્વેએ ભક્ત પ્રત્યાખ્યાનરૂપ અનશન અંગીકાર કર્યું અને દેવલોક પામ્યા. તે ભોજન ગ્રહણ કરીને કલ્પક પ્રાણ ધારણ કરતો હતો. તે દરમ્યાન આસપાસ સીમાડાઓના રાજાઓમાં વાત પ્રસરી કે, 'કલ્પક તેના પુત્ર-પરિવાર સહિત મૃત્યુ પામ્યો છે.' તેથી ઉત્સાહિત બનેલા તે રાજાઓએ તરત પાટલિપુત્રની ચારે બાજુ સૈન્ય લાવી ઘેરો ઘાલ્યો. અણધાર્યો નંદ રાજા ઘેરાઈ જવાથી તે બેબાકળો-હોશ-કોશ વગરનો થઈ ગયો. બીજો કોઈ ઉપાય ન પ્રાપ્ત થવાથી કેદખાનાના ઉપરીને પૂછયું કે - 'પેલા કૂવામાં કલ્પકનો કોઈ સગો-સંબંધી જીવે છે ? તેનો પુત્ર, સ્ત્રી, નોકર ગમે તે હોય પણ તેમના ઘરના માણસોની બુદ્ધિ જગતમાં વખણાય છે.ત્યારેકેદખાનાના રખેવાળોએ કહ્યું કે, 'હે દેવ ! અંદર કોઈ છે, તો ખરૂં જ. હંમેશાં ભોજન નાખીએ છીએ, તો કોઈક ગ્રહણ કરે છે.તેમાં એક માચો મોકલ્યો, દુર્બળ દેહવાળા કલ્પકને તેમાં બેસારી કૂવામાંથી બહાર કાઢ્યો. વિવિધ પ્રકારના ઔષધોપચાર કરી તેનું શરીર આગળ જેવું સારૂં કર્યું. કલ્પકને કિલ્લા ઉપર ચડાવ્યો. તેને સુંદર વસ્ત્રો પહેરાવ્યાં. સુંદર આકૃતિવાળા કલ્પકને જ્યાં વિરોધી રાજા અને સૈન્યને બતાવ્યો એટલે ભયભીત બની ક્ષણવારમાં પલાયન થઈ ગયા. તો પણ શત્રુરાજાઓ નંદની પાસે ભંડાર અને લશ્કર-ઘોડા વગરે ઘટી ગયા છે-એમ જાણીને વધારે ઉપદ્રવ કરવા લાગ્યા.ત્યાર પછી નંદરાજાએ તેઓના ઉપર એક લેખ લખી મોકલાવ્યો કે, 'તમોને સર્વેને જે કોઈ એક માન્યપુરુષ હોય, તેને મોકલો, જેથી ઉચિત સંધિ કે કરવા લાયક મંત્રણા કરીશું.' ત્યાર પછી નાવડીમાં બેઠેલો કલ્પક અને તેઓએ મોકલેલ પુરુષથોડાક આંતરે એકઠા થયા અને દૂર એક-બીજા ઊભા રહ્યા. ત્યાર પછી કલ્પક હાથની સંજ્ઞા-ચેષ્ટાથી તેઓને ઘણું કહે છે કે, 'જેમ શેરડીના સાંઠાને ઉપર-નીચે કાપી નાખ્યો હોય, તેમજ દહિના મટકાને ઉપર કે નીચે કાણું પાડી ભૂમિ પર પટકાવ્યું હોય તો હે ભદ્ર ! તેનુંફળ શું આવે ? ગૂચવાડા ભરેલા આવા કલ્પકના શબ્દો સાંભળીને અને ચેષ્ટાઓ જોઈને પ્રતિપક્ષનો પુરુષ કંઈ પણ સમજી શક્યો નહિં. ત્યાર પછી કલ્પક તરત જ પ્રદિક્ષણા ભ્રમણ કરી પાછો આવી ગયો.બીજો પણ તદ્દન વિલખો બની પાછો આવ્યો. તેને પૂછયું, પરંતુ લજ્જાથી તે કંઈ પણ બોલી શક્યો નહિં, પરંતુ કલ્પક ન સમજાય તેવું બહુ લપલપ કરતો હતો-એમ કહ્યું. (૧૨૦) સામા પક્ષવાળા સમજી ગયા કે, 'કલ્પે આને વશ કરી લીધો છે, હવે તે આપણા હિતમાં નથી. નહિંતર આવો ચતુર કલ્પક છે, તેને બહુપ્રલાપ કરનાર કેમ કહે.' આવી રીતે શંકામાં પડેલા તેઓ દરેક

દિશામાં નાસ-ભાગ કરવા લાગ્યા. કલ્પકે રાજાને કહ્યું કે, 'હવે તેની પાછળ પડીને તેના હાથી, ઘોડા, ઘણું ધન અને છાવણી વગેરે સ્વાધીન કરી લો' રાજાએ ફરી કલ્પકને તેના આગલા પદ પર સ્થાપન કર્યો.

પોતાની બુદ્ધિથી કલ્પકે સર્વ રાજ્ય-કાર્યો સ્વાધીન કર્યાં અને પહેલાના વિરોધી મંત્રીને પકડાવી મજબૂત કેદખાનામાં નાખ્યો. 'અતિતીક્ષ્ણ દાવાગ્નિથી બળીગયેલ હોવા છતાં તેનાં મૂળિયાં કાયમ રહેલાં હોવાથી આખું વૃક્ષ ફરી સજીવન થાય છે પરંતુ અતિમૃદુ-શીતલ એવો જળપ્રવાહ મૂળસહિત વૃક્ષોના સમૂહને મૂળમાંથી ઉખેડીને ફેંકી દે છે.' આ ન્યાયને અનુસરીને તેણે કેવળ સામનીતિથી પોતાના વૈભવને ન સહી શકતા શત્રુઓને મૂળસહિત ઉખેડી નાખ્યા. જેમ અગ્નિમાં નાખેલું સુવર્ણ અતિ તેજસ્વી બની બહાર નીકલે છે, તેમ સંકટમાંથી પસાર થયેલો કલ્પક અધિક તેજસ્વી થયો; અર્થાત્ તેનો પ્રભાવ વૃદ્ધિ પામ્યો. અતિ ઉગ્ર વૈરાગ્ય પામેલા કલ્પકે જિનમંદિરોમાં જિનોના પૂજાદિક મહોત્સવ કરવાદ્વારા જૈનધર્મની અને શાસનની મહાપ્રભાવના કરી પવિત્ર શીલવાળી કેટલીક કુલબાલિકાઓ સાથે વિવાહ-લગ્ન કરી પોતાનો વંશ વૃદ્ધિ પમાડ્યો, તેમજ બંધુવર્ગને પણ સંતોષ પમાડ્યો. આ રીતે સમગ્ર અર્થશાસ્ત્રને જાણનારી તેની બુદ્ધિ હોવાથી તેની વૈનયિકી બુદ્ધિ જાણવા. યોગ્ય સમયે જિનવચનની આરાધના કરી તે સ્વર્ગે ગયો. (૧૦૩) કલ્પકમંત્રીની કથા સમાપ્ત.

## ચિત્રકારનાં પુત્રનું દ્રષ્ટાંત

સોમક નામના ચિત્રકારના પુત્રનું દૃષ્ટાંત જે પ્રકારે તેને આ વૈનયિકી નામની બુદ્ધિ ઉત્પન્ન થઈ, તે હવે જણાવીશ. સર્વ અર્થ સાધવા માટે સમર્થ સાકેત નામના નગરના ઈશાન ખૂણામાં અતિ રમણીય સુરપ્રિય નામના યક્ષનું મંદિર હતું ત્યાં રહેલા યક્ષના પટ્ટની આગળ હંમેશાં મનોહર મહોત્સવો ઉજવાતા હતા. વળી પવનની ફરકતી ચલાયમાન ધ્વજા આડંબરથી તે મંદિર સુંદર દેખાતું હતું. પોતાના નજીકના પ્રાતિહાર્ય સહિત યક્ષનું ચિત્રામણ કરી દરેક વર્ષે તેનો મહોત્સવ કરવામા આવતો હતો,પરંતુ ચિત્ર ચિતરનારને જ તે યક્ષ મારી નાખતો હતો.કદાચ ચિત્રામણ ચિતરવામાં ન આવે, તો નગરમાં મરકીનો ઉપદ્રવ ફેલાવતો હતો. પ્રાણ બચાવવા માટે ચિત્રકારો ત્યાંથી પલાયન થવા લાગ્યા, એટલે રાજા વિચારવા લાગ્યો કે, જો આનું ચિત્રામણ નહીં ચીતરાવીએ તો, આપણો પણ વધ થશે.' પલાયન થતા તે ચિત્રકારોને તરત જ માર્ગની વચ્ચેથી જ પકડીને એક સાંકળમાં બધાને જકડ્યા અને તે સર્વેના નામો લખીને તે નામવાળાં પત્રકો (ચીઠ્ઠિઓ) ઘડામાં નાખી અને તે ઘડા ઉપર મુદ્રા-સીલ માર્યું. જે વરસે જે નામની ચીઠ્ઠી નીકળે, તે વરસે તે ચિતારો યક્ષનું ચિત્રામણ કરે. એમ કરતાં ઘણો કાળ પસાર થયો.ત્યાર પછી કોઈક સમયે કૌશંબી નામની શ્રેષ્ઠ નગરીથી ચિત્રકારનો એક પુત્ર પોતાના પિતાને ઘેરથી નાસીને સાકેત નગરીમાં પોતાની માતાની પાસે આવ્યો. આ ડોશી પોતાના પુત્ર અને તેના પુત્ર વચ્ચે તફાવત જાણતી નથી. પોતાના કાર્યમાં તત્પર રહેલા એવા તેઓના દિવસો આનંદમાં પસાર થતા હતા.

હવે તે વરસે તે ડોશીના પુત્રનોચિત્રામણ કરવાનો વારો આવ્યો. જેની મુખકાંતિ ઉડી ગઈ છે, એવી તે વારંવાર રુદન કરવા લાગી. આવનાર ચિતારાઓ કહ્યું કે, હે માતાજી ! તમે રુદન ન કરો. આ વર્ષે તે કાર્ય હું સાચવી લઈશ, ત્યારે તે બોલી કે, 'શું તું મારો પુત્ર નથી ? કે, તને આવા કષ્ટમાં હું નાખું.' આમ બોલતી વૃદ્ધાને કેટલાંક સાન્ત્વન વચનો કહીને શાન્ત કરી. હે માતાજી ! શોકનો ત્યાગ કરીને સુખેથી રહો. તેણે જાણ્યું કે, 'દેવતાઓ વિનય કરવાના ઉપાયથી પ્રસન્ન થાય છે. તો આ વિષયમાં મારે ઉત્તમ પ્રકારના વિનયવાળા થવું. તેણે છઠ તપ કર્યો. તથા બ્રહ્મચર્ય પાલન આદિક વિનય કર્યો. ત્યાર પછીરંગ, પિંછી, શરાવલું વગેરે ચિત્રનાં સાધનો તદ્દન નવાં લાવ્યો, વિધિપૂર્વક સ્નાન કર્યું. દશીવાળા વસ્ત્ર પહેર્યા, આઠ પડવાળા વસ્ત્રથી મુખબંધ કર્યો, નવા કળશોમાં જળ ભરી યક્ષ-પ્રતિમાનો અભિષેક કર્યો. આદર પૂર્વક' તેનું ચિંતન કરી, તેના ચરણમાં પડીને કહેવા લાગ્યો કે, 'ઓ અહિં પૂજા-વિધિ કરવામાં જે કંઈ મારાથી અવિધિ-આશાતના રૂપ અપરાધ થયો હોય, તેની ક્ષમા આપજો' ખુશ થયેલા યક્ષે પ્રસન્ન થઈ તેને કહ્યું કે, ''તને ગમે તે વરદાન માગ.' ત્યારે તેણે કહ્યું કે - 'હવે લોકમાં મારી (મરકી) રોગ ન કરવો' - આજ મારું વરદાન છે. યક્ષે કહ્યું કે, 'જે તને ન હણ્યો, એટલે હવે બીજાને પણ નહિં હણીશ. હું તારા પર ખૂબ જ પ્રસન્ન થયેલો છું, માટે આ સિવાય બીજું કંઈક વરદાન માગ.' (૨૦) ત્યારે તેણે એવી માગણી કરી કે, 'જે કોઈ બે પગવાળા કે ચાર પગવાળા, કે કોઈ પણ પદાર્થનો એક અમુક જ ભાગ દેખું, તો તે દેખેલાને અનુસારે વગર જોયેલ બાકીનો સમગ્ર ભાગ પણ ચિતરી શકું.' આ પ્રમાણે કહ્યા પછી યક્ષે- 'ભલે, એમ તારી ઈચ્છાનુસાર થાઓ.' - એમ કહી તેની વાતનો સ્વીકાર કર્યો. ત્યાર પછી રાજાએ પણ તેનો સત્કાર કર્યો અને લોકોએ તથા રાજાએ શાબાશી આપી.

હવે તે ચિત્રકાર અનુક્રમે કૌશાંબી નગરીએ પહોંચ્યો.કે, જ્યાં શતાનીક રાજા રાજ્ય કરતો હતો. સુખાસન પર બેઠેલા તેને દૂતને પૂછયું કે, 'બીજા રાજાઓને ત્યાં જે છે, તેમાંનું મારા રાજ્યમાં શું નથી ?' તેણે કહ્યું કે, 'હે દેવ ! આપના રાજ્યમાં ચિત્રસભા નથી.' મનથી દેવતાનાં અને વચનથી રાજાઓનાં દુઃસાધ્ય કાર્યો પણ નક્કી સિદ્ધ થાય છે. (૨૫) તરત જ નગરીમાં જે ચિતારાઓ હતા, તે સર્વેને તે ચિત્રસભા વહેંચી આપીને ચિત્રામણ કરવાનાં સર્વ સાધનો-ઉપકરણો આપીને ચિત્રકામ શરુ કરાવ્યું. પ્રાપ્ત થયેલા દેવતાઈ વરદાનવાળા ચિત્રકારપુત્રને અંતઃપુરના તરફનો ચિત્રસભા ચિતરવા માટેનો વિભાગ મળ્યો.હવે કોઈ વખત જાળીમાંથી મૃગાવતીના પગનો અંગૂઠો જોયો. તે ઘણી રૂપવતી અને રાજાના હંમેશાં અતિ પ્રેમનું પાત્ર હતી. અંગૂઠા દેખવાના અનુસારે તે ચિત્રકારપુત્રે તે મૃગાવતીના આખા ચિત્રને ચિતર્યું. ત્યાર બાદ નેત્ર મીંચાવા સમયે પૂર્ણ સાવધાની રાખવા છતાં હાથમાંથી કાજળનું નાનું ટપકું ચિત્રામણની અંદર સાથળના ભાગમાં પડ્યું. તેને ભૂંસી નાખ્યું, ફરી ટપક્યું, ફરી ભૂંસ્યું. એમ ત્રણ વખત ટપક્યું અને ભૂંસી નાખ્યું. તેણે વિચાર્યું કે, 'એ પ્રમાણે જ ત્યાં તલ કે કાળું ટપકું હશે.' તેથી તે ત્યાં રહેવા દીધું. ચિત્રોનું કાર્ય પૂર્ણ થયા પછી રાજાને વિનંતિ કરી કે- 'હે દેવ ! આપ ચિત્રસભા જોવા પધારો.' અતિપ્રસન્ન મનવાળા રાજા જોવા લાગ્યા. બારીકાઈથી જોતાં જોતાં તેણે મૃગાવતીનું રૂપ તેમ જ સાથળમાં કાળું ટપકું બંને જોયાં. 'આ

ચિત્રકારે મારી પત્નીને નક્કી ભ્રષ્ટકરી છે.' મનમાં રોષ કરીને ચિત્રકારપુત્રના વધની આજ્ઞા કરી. ચિત્રકારોના મંડલે આવીને વિનંતિ કરી કે, 'એને તો એક અંગ જોવા માત્રથી આખું રૂપ ચિત્રી શકે તેવું દેવતાઈ વરદાન મળેલું છે. હે સ્વામી ! તે મારી નાખવા યોગ્ય નથી.' રાજા કહે કે, 'વરદાન મળ્યાની ખાત્રી શી ? એક કુબડી દાસીના મુખમાત્રને જોવાથી આખું તેનું આબેહૂબ રૂપ ચિતર્યું. એવી રીતે પણ ખાત્રી કરી આપી, તો પણ મારો રોષ નિષ્ફલ ન થાય, તેથી કરીને તેના જમણા હાથનો અંગૂઠો કાપવાની અને દેશવટો દેવાની આજ્ઞા કરી તે ચિત્રકાર ફરી સાકેત નગરીમાં ગયો અને ત્યાં સુરપ્રિય યક્ષની આરાધના કરી પ્રથમ ઉપવાસના અંતે કહ્યું કે, 'ડાબા હાથથી પણ ચિતરી શકીશ.' આ પ્રમાણે યક્ષ પાસેથી ફરી પણ વરદાન મળ્યા પછી તે ચિત્રકાર શતાનીક રાજા ઉપર ખૂબ રોષે ભરાયો અને તેને અતિદુસ્સહ દુઃખમાં નાખવાના ઉપાયો ચિંતવવા લાગ્યો. એક પાટિયામાં અતિશય સ્વરૂપયુક્ત મૃગાવતી રાણીનું ચિત્રામણ આલેખ્યું. ઉજ્જયિની નગરીમાં કામાંધ એવા ચંડપ્રદ્યોત રાજાને તે રૂપ બતાવ્યું. દેખતાં જ રાજા કામાંધ બની ગયો અને પૂછ્યુ કે, 'કોનું રૂપ છે ?' સર્વ હકીકત જણાવી અને તેણે તરત જ કૌશાંબી નગરીના રાજાપાસે અતિ આકરા દૂતને મોકલ્યો. (૪૦) દૂતસાથેસંદેશો મોકલાવ્યો કે, 'તારી મૃગાવતી નામની પત્નીને તું તરત ને તરત મને અર્પણ કર, નહિંતર સામે આવતા મારી સાથે સંગ્રામ કરવા તૈયાર થા.' આ સાંભળતાં જ ભૃકુટી ચડાવવાથી ભયંકર ભાલતટવાળા શતાનીક રાજાએ દૂતને તિરસ્કાર કરીને હાંકી કાઢ્યો. ત્યાર પછી દૂતનાં વચનો સાંભળી કોપ પામેલા માનસવાળો અવંતિનરેશ ચંડપ્રદ્યોત સર્વ સેના સહિત કૌશાંબી તરફ ચાલ્યો, યમદંડના આકાર સરખા તેને સૈન્ય સાથે ઉતાવળો આવતો જાણીને અલ્પસૈન્ય પરિવારવાળો શતાનીક રાજા અતિસારના રોગથી મૃત્યુ પામ્યો,

અતિસ્થિર ચિત્તપણાથી મૃગાવતીએ વિચાર્યું કે, 'નક્કી આ ઉદયન નામના અતિ નાના બાળકને પણ આ રાજા મારી નાખશે' એમ વિચારીને તરત પ્રદ્યોત રાજા પાસે એક દૂત મોકલ્યો અને કહેવરાવ્યું કે, 'આ બાલકુમાર નાનો છે, અમો તમારે ઘરે આવીએ તો, સામંત રાજાઓ તેના પરાભવ કરશે અને બીજા નજીકના કોઈ રાજા તેને હેરાન-પરેશાન કરશે, તો પ્રસ્તુત કાર્યનો હાલ સમય નથી, માટે થોડો વિલંબ સહન કરો.' પ્રદ્યોતે કહેવરાવ્યું કે, 'મારા સરખો ચિંતા કરનાર હોય, પછી કોની દેણ-કિંમત છે કે, તેની સામે આંગળી પણ કરી શકે ?' ત્યારે મૃગાવતીએ કહ્યુંકે, 'મસ્તક પાસેસર્પ વાસ કરતો હોય અને ગારુડિક સો યોજન દૂર હોય તો તે સમયે શું કામ લાગે ?' એમ કહેવરાવ્યા છતાં તે અતિતીવ્ર રાગાધીન બનેલો હોવાથી રોકાઈ શકતો નથી, એટલે કહેવરાવ્યું કે, 'કૌશાંબીને મજબૂત રીતે દરેક પ્રકારે સજ્જ કરો.' (૫૦) પ્રદ્યોતે તે વાત કૂબલ રાખી પૂછાવ્યું કે, 'કેવી રીતે ?' તો કે ઉજ્જયિની નગરીની ઈંટો મજબૂત છે, ત્યાંથી ઈંટો મંગાવી નગરી ફરતો વિશાળ મજબૂત કિલ્લો બંધાવી દેવો.' કહેલું છે કે - "કામાધીન મનુષ્ય તેના પ્રિયજન વડે પ્રાર્થના કરાયો હોય. ત્યારે શું શું ન આપે ? શું શું ન કરવા લાયક કાર્ય પણ ન કરે ?" ત્યાર પછી પોતાના આજ્ઞાંકિત ચૌદ રાજાઓને પરિવાર-સૈન્ય સહિત બંને નગરીની વચ્ચેના લાંબા આંતરામાં સ્થાપન કર્યા. પુરુષોની લાંબી શ્રેણીઉભી રાખી તેની પરંપરા દ્વારા તેઓએ ઈંટો મંગાવી અને કૌશાંબી નગરી

ફરતો હિમાલય સરખો ઉંચો કોટ બનાવ્યો. કિલ્લો તો થયો. પરંતુ ધાન્ય, ઈંધણાં, જળ રેતી એકલા કોટ સહિત નગરી શા કામની ? એટલે વિશ્વાસ પામેલા રાજાએ ધાન્યાદિકથી પણ નગરી સજ્જ કરી. કહેલું છે કે - "શુક્રાચાર્ય જે શાસ્ત્ર જાણે છે અને બૃહસ્પતિ પણ જે શાસ્ત્ર જાણે છે, તે સ્વભાવથી જ સ્ત્રીની બુદ્ધિમાં પ્રતિષ્ઠા પામેલું છે." તે વચનને અનુસરતી મૃગાવતી એ ગમે તેવા ઘેરાને પહોંચી વળાય, તેવા પ્રકારની ઉત્તમ નગરી બનાવી.

ત્યાર પછી મૃગાવતી પોતાના શીલ-રક્ષણ માટે વિચારવા લાગી કે, "ખરેખર તે ગામ, નગર વગેરે ધન્ય છે કે, જ્યાં સર્વ જગતના જીવો પ્રત્યે વાત્સલ્યભાવ રાખનાર એવા છેલ્લા તીર્થંકર વીર ભગવંત વિચારી રહેલા છે.વળી તેઓ જ્યાં જ્યાં વિચરે છે. ત્યાં ત્યાં પરચક્ર, દુકાળ, અકાળમરણ અને અનર્થો દૂર જાય છે અને લોકોનાં મનને આનંદ થાય છે. જો કોઈ પ્રકારે મારા પુણ્યથી સ્વામી અહિં પધારે, તો સમગ્ર મમતાભાવનો ત્યાગ કરીને તેમના ચરણ-કમલમાં દીક્ષા અંગીકાર કરું.' પરોપકાર કરવામાં તત્પર એવા મહાવીર ભગવંત તેમના મનોરથ જાણીને, ઘણાદૂર દેશાન્તરથી આવીને તે નગરીના ઈશાનખૂણામાં રહેલા ચંદ્રાવતાર ઉદ્યાનમાં ઉતર્યા. તે કારણ વૈરની શાંતિ થઈ અને ચારે નિકાયના દેવો પણ આવ્યા. સર્વ જીવોને શરણ કરવા લાયક, યોજન-પ્રમાણ ભૂમિને શોભાવતું સમવસરણ દેવોએ તરત તૈયાર કર્યું. મણિ સુવર્ણ અને રૂપાના ત્રણ ગઢોની વિકુર્વણા કરી. તેના ઉપર ઊંચી ધ્વજા-પતાકાઓ, નિશાનો એટલા મોટા જથ્થામાં ઉડીને ફરકતા હતા કે, જેથી સૂર્ય ઢંકાઈ જતો હતો.વળી સેંકડો શાખાઓથી પૃથ્વીતલને ઢાંકી દેતું, ઘણાં પાંદડાઓથી આકાશને ભરી દેતું, બે પ્રકારની છાયાથી યુક્ત અશોક નામનું શ્રેષ્ઠ મહાવૃક્ષ વિકુર્વ્યું. (૬૫)

શરદઋતુના ચંદ્રસરખાં મનોહર ઉજ્જવલ કાંતિવાળાં, ઉચેલટકાવેલાં મોતીઓથી ઉજ્જવલ દીપતાં, વૈડૂર્યરત્નથી બનાવેલા દંડયુક્ત, ઘણાં મોટાં ત્રણ છત્રો કર્યાં. વળી તેજસ્વી રત્ન-કિરણોના સમૂહથી શોભાયમાન, અંધકાર-સમૂહને દૂર કરનાર, હિમાલય પર્વતના શિખર માફક અતિ ઊંચું સિંહાસન બનાવ્યું. તેના ઉપર જિનેશ્વર ભગવંત વિરાજમાન થયા. તેમની બંને બાજુ શ્વેત ચામરો વિંજાવા લાગ્યા. ગંભીર શબ્દવાળી દુંદુભિ વાગતાં દિશાઓના અંતો પૂરાઈ ગયા. ત્યાં મૃગાવતી વગેરે લોકો, ચંડપ્રદ્યોત રાજા વગેરે આવી એકઠા થયા,તીર્થનાથ મહાવીર ભગવંતનો પૂજા-સત્કાર વગેરે વિધિ કર્યો. ભગવંતે અમૃત-વૃષ્ટિ સરખી વાણીથી ધર્મદેશના શરુ કરી. ધર્મ કહેવાતો હતો, ત્યારે જંગલના શબર સરખો કોઈ એક પુરુષ આવ્યો. (૭) લોકોના કહેવાથી જાણ્યુ કે, 'અહિં આ કોઈ સર્વજ્ઞ પધારેલા છે. મનમાં આવો નિશ્ચય ધારણ કરીને મનથી પૂછવા માટે તૈયાર થયો. ત્યારે જગતના જીવોના બંધુ સમાન ભગવંતે કહ્યું કે - 'હે સૌમ્ય ! તું વચનથી પૂછ કે, જેથી ઘણા જીવો બોધિ પ્રાપ્ત કરે.' એ પ્રમાણે ભગવંતથી કહેવાયેલા લજ્જા પામતા માનસવાળા તેણે પૂછયું કે- 'હે ભગવંત ! જેતે હતી, તે તે છે કે ?' ત્યારે ભગવંતે હા પાડી. ત્યાર પછી ગ્રૈતમસ્વામીએ પૂછયું કે, 'હે ભગવંત ! એણે 'जा सा सा सा' એમ બોલી શું કહ્યું ? ત્યારે ભગવંતે એ વાત ક્યાંથી ઉત્પન્ન થઈ અને છેડો કેવી રીતે આવ્યો-એ હકીકત કહી. તે આ પ્રમાણે-

## જાસાસાસા સોનારની કથા

"સહુ નગરીથી ચડિયાતી એવી ચંપા નામની નગરી હતી,ત્યાં સ્ત્રીઓમાં અતિશય લોલુપતા કરનારો એક સોની રહેતો હતો. રૂપગુણથી મનોહર એવી જે કોઈકન્યા જાણતો, તેના માતા-પિતાને પાંચસો સોનામહોરો આપીને તેને તે ગારવ-પૂર્વક પરણતો હતો. એ પ્રકારે તેને પાંચસો સ્ત્રીઓ એકઠી થઈ અને દરેક માટે તિલક-સહિત ચૌદ ચૌદ અલંકારો કરાવ્યા. હવે તે જે દિવસે જેની સાથે ભોગ ભોગવવા ઈચ્છતો, તે દિવસે જ તે સ્ત્રીને આભૂષણો આપતો, પણ બીજા દિવસોમાં આપતો ન હતો. વળી તે અત્યંત ઈર્ષ્યાલુ અને શંકાશીલ હોવાથી કદાપિ ત્યાંથી બહાર જતો ન હતો, તેમ તેમને એકલી મૂકતો ન હતો. તેમ જ પોતાના મિત્રને પણ ઘરમાં પ્રવેશ આપતો ન હતો. હવે કોઈક દિવસે મિત્રનો અતિશય આગ્રહ થવાથી તેના કોઈ ઉત્સવ-પ્રસંગે બહાર ગયો. (૮૦) ત્યારે તેની સ્ત્રીઓએ વિચાર્યું કે, 'ઘણા લાંબા કાળે આજ આપણને એકાંત મળેલું છે, તો આજે સ્નાન કરી વસ્ત્રાભૂષણ પહેરીએ તે સર્વે તે પ્રમાણે કર્યું અને હાથમા આરિસો પકડી પોતાના અંગને દેખવાલાગી, ત્યારે ઓચિંતો તે આવી પહોંચ્યો. અતિક્રોધથી લાલનેત્રવાળો તેમના બીજા વેષ પહેરેલા રૂપને જોઈને તેમાંથી એકને પકડીને એવી તો મારી કે, તે બિચારી મૃત્યુપામી. તે વખતે બીજી સ્ત્રીઓએ વિચાર્યું કે, 'તે રોષાયમાન થયેલો હોવાથી અમને પણ તેવી જ રીતે મારી નાખશે' તેથી બાકીની ચારસો નવાણું પત્નીઓએ એવા આરીસાઓ ફેંક્યા કે, પેલો તેમાં મૃત્યુ પામ્યો. તે જ ક્ષણે તે સર્વે ખેદ કરવા લાગી કે, 'આ તો વિપરીત બન્યું, હવે દુનિયામાં આપણી અપકીર્તિ ફેલાશે કે, 'આ તો પતિને મારનારી છે.' માટે આપણે મરણ એ જ શરણ છે-એમ એકમતી થઈ દરવાજો સજ્જડ બંધ કરી ઘરમાં અગ્નિ સળગાવ્યો અને સર્વેએ પોતાના જીવિતનો ત્યાગ કર્યો. તે સર્વે પશ્ચાત્તાપ કરવાથી અને કંઈક દયાભાવ આવવાથી અકામનિર્જરાના પ્રભાવે એક પર્વતની અંદર મનુષ્ય જન્મ ધારણ કર્યો. પેલો સોનાર આર્તધ્યાન કરવાથી તિર્યંચભાવ પામ્યો. જે પેલી સ્ત્રીને મારી નાખી હતી, તેણે એકાંતરે-એક ભવના આંતરામાં બ્રાહ્મણકુલમાં પુત્રરૂપે જન્મ લીધો, તે પુત્ર જયારે પાંચ વર્ષનો થયો, ત્યારે તે સોનારનો જીવતિર્યંચનો ભવ પૂરો કરીને તે જ કુલમાં અતિ સ્વરૂપવાળી પુત્રી રૂપે જન્મી. તે પુત્રીને બાલ્યવયમાં જ કામાગ્નિનો તીવ્ર ઉદય રહેતો હતો. નિરંતર શરીરમાં દાહ ઉત્પન્ન થાય, તેથી રુદન કર્યા જ કરે, કોઈ પ્રકારે શાંત થતી ન હતી.તો પેલા નાના નોકરે તેના પેટને પંપાળતાં પંપાળતાં કોઈ પ્રકારે યોનિદ્વારમાં હાથ લગાડ્યો, ત્યારે રુદન બંધ કર્યું. ત્યારે તેણે જાણ્યું કે, લાંબા સમયે પણ તેનું રુદન બંધ કરાવવાનો ઉપાય મને મળી ગયો. તે નોકર બાળક રાત્રે કે દિવસે લજ્જાનો ત્યાગ કરીને તે પ્રમાણે કરવા લાગ્યો. તેના પિતાએ જાણ્યું, એટલે તેને મારીને હાંકી કાઢ્યો,તે બાલિકા અતિઉત્કટ સ્ત્રીવેદોદયના કારણે તરુણપણું હજુ પ્રાપ્ત ન કરેલ હોવા છતાં પણ માબાપને છોડીને ભાગી ગઈ. ત્યાંથી તે છોકરો ટૂંક સમયમાં દુષ્ટ બની ગયો અને એક ચોરની પલ્લીમાં આવ્યો કે, જ્યાં પાંચસો ચોરો એકબીજા પ્રીતિ સહિત રહેતા હતા. તે બ્રાહ્મણપુત્રી એકાંતમાં એકલી ચાલી જતી હતી. એમ કરતાં એક ગામમાં પહોંચી અને ત્યાં પેલા ચોરો ધાડ પાડવા આવ્યા.નવયૌવના એવી તેણે પોતાની ઇચ્છા બતાવી એટલે તેઓ તેને પલ્લીમાં લઈ ગયા અને ક્રમે કરી પાંચસો ચોરો તેને નિરંતર ભોગવતા હતા. આવી રીતે સમય પસાર થતો હતો. બધા ચોરો ચિંતા કરવા લાગ્યાકે, 'આ

બિચારી એકલી અમારા સુરત-ક્રીડાના પરિશ્રમને કેવી રીતે સહન કરી શકશે ?' એમ ધારીને તેઓ તેને રાહત આપવાની ઈચ્છાથી કોઈ બીજી સ્ત્રીને લાવ્યા.તેને દેખીને આગલી સ્ત્રીને ઈર્ષ્યા થઈ અને તેના વાંક શોધવાલાગી. (૧૦૦) જળ લાવવા માટે બંને ઘડા હાથમાં લઈનેકૂવા ઉપર ગઈ.બીજીને કહ્યું કે, 'અરે ! આ કૂવાની અંદર જો, કંઈક દેખાય છે.' પેલી જોવા લાગી એટલે ધક્કો મારીકૂવામાં ધકેલી દીધી. ત્યાર પછી ઘરે આવી કહેવા લાગી કે તમારી પત્નીને શોધી લાવો.' પેલાઓ સમજી ગયા કે, 'આણે તેને મારી નાખી છે, તેમાં શંકા નથી.' એવામાં પેલા આગળના બ્રાહ્મણના છોકરાના મનમાં ખટકો થયો કે, 'આ પાપિણી મારી બેન લાગે છે,તેમાં ફેરફાર નથી.'

સંભળાય છેકે, સર્વજ્ઞ સર્વદર્શી એવા વીર ભગવંત કૌશાંબીમાં પધાર્યા છે, માટે હું ત્યાં જાઉં અને જઈને પૂછું કે, 'જે તે હતી,તે જ તે છે કે ?' એવા વચનથી તે મને પૂછયું. એ પ્રમાણે વીર ભગવંતે નિરૂપણ કર્યા પછી પર્ષદા તીવ્ર વૈરાગ્ય પામી. અરે રે ! આ મોહનો વિકાર ભવ્ય પ્રાણીઓને ભવમાં કેટલી વિડંબના પમાડે છે ! અનાકુલ મનવાળા બ્રાહ્મણપુત્રે ચારિત્ર અંગીકાર કર્યું. બુદ્ધિ-વૈભવવાળા બીજા પણ અનેક જીવો બોધ પામ્યા. આ સમયે મૃગાવતી રાણીએ ઉભા થઈ, ભગવંતને વંદન કરી કહ્યું કે, 'અવંતિ-નરેશને પૂછીને હું આપની પાસે ચારિત્ર અંગીકાર કરું.' જ્યાં મોટી સભાની વચ્ચે દરેક પર્ષદાઓ સમક્ષ મૃગાવતીને પ્રદ્યોત રાજાને પૂછયું, એટલે તે જ ક્ષણે તેનો ગાઢ રાગ હતો, તે એકદમ પાતળો થઈ ગયો અને તે લજ્જાથી લેવાઈ ગયો. પર્ષદામાં ભગવંત સમક્ષ હવે તેને ચારિત્ર લેતીરોકવા સમર્થ ન બન્યો. ચારિત્ર લેવાની અનુમતિ આપી. મૃગાવતીએ કુમારને પ્રદ્યોતને થાપણ તરીકે સાચવવા સોંપ્યોઅને દીક્ષા અંગીકાર કરી. તે સમયે તે જ રાજાની અંગારવતીવગેરે આઠ રાણીઓએ પણ મૃગાવતી સાથે દીક્ષા અંગીકાર કરી.પછી પેલા દીક્ષિત થયેલા બ્રાહ્મણ પુત્રે-શબર રાજાએ પલ્લીમાં પહોંચીને પાંચસોને પ્રતિબોધ્યા. ભગવંતે મૃગાવતી સાધ્વીને ચંદનબાળાને સોંપી તે ત્યાં સાધુની સામાચારી જાણીને તેમાં પાકટ પરિણતિવાળી બની.

## મૃગાવતીની કથા

હવે ભગવંત મહાવીર કોઈક વખત ક્યાંક વિહાર કરતા હતા,ત્યારે સૂર્યઅને ચંદ્રવિમાનના સ્વામીઓ પોતાના મૂલવિમાન સાથે ભગવંતને વંદન કરવા આવ્યા. બપોર પછી સમગ્ર આર્યાઓ પણ વંદન માટે આવી હતી. પાછા ફરવાનો સમય થઈ ગયો-એમ જાણીને બાકીની સાધ્વીઓ વસતિમાં આવી ગઈ, પરંતુ મૃગાવતી સાધ્વી અજવાળાના કારણે સૂર્યાસ્ત સમય ચૂકી ગઈ. ત્યાં રહેલી હતી અને જયારે સૂર્ય-ચંદ્રનું દેખાવું બંધ થયું અને બંને વિમાનો દૂર દૂર દેશમાં પહોંચીગયાં,ત્યારે ઘોર અંધકાર વ્યાપી ગયો. આ સમયે મૃગાવતી વિલખી થઈ ગઈ અને જયારે ઉપાશ્રયે પહોંચી, તે સમયે આવશ્યક ક્રિયાઓ પૂર્ણ કરેલી એવી ગુરુણીજીએ કહ્યું કે- 'નિર્મલ કુલમાં જન્મેલી, જગત-શિરોમણિ જિનેશ્વરની પાસેથી મેળવેલાં વ્રતોવાળી હે આર્યે ! તમે રાત્રિ-વિહાર કેમ પામ્યાં ?'તો તે ચંદનબાલા સાધ્વીજીના ચરણ-કમલમાંપડીને પ્રવર્તિનીને ખમાવવા લાગી કે - 'મારા આ અપરાધની ક્ષમા આપો, ફરી આવું

નહિ કરીશ.' 'આ મહાનુભાવ પ્રવર્તિની સમગ્ર લોકને પૂજવા-નમન કરવા યોગ્ય છે, મેં પ્રમાદથી તેમને અસંતોષ કેમ પમાડ્યો ?' આ પ્રમાણે સંવેગ-પરાયણ બનેલી પોતાનું દુશ્ચરિત્ર વારંવાર જેટલામાં નિંદવા લાગી, એટલામાં તેને જગતમાં પ્રધાનભૂત એવું કેવલજ્ઞાન પ્રગટ થયું. ચંદનબાલાને નિદ્રા આવી ગઈ, તેમનો હાથ સંથારા બહાર પડ્યો અને તે દિશા તરફ સર્પ આવવા લાગ્યો. જોયો. મૃગાવતીએ તેમનો હાથ ફરી સંથારામાં સ્થાપન કર્યો, એટલે તેઓ જાગૃત થયાં અને પૂછયું કે- 'મારો હાથ કેમ ચલાયમાન કર્યો ?' મૃગાવતીએ કહ્યું કે, 'હે ભગવતી ! અહીં સર્પ છે,તે આવે છે.' તેં કેવી રીતે જાણ્યું ? તો કે 'જ્ઞાનાતિશયથી.' ફરી પૂછયું કે, પ્રતિપાતિ કે અપ્રતિપાતિ જ્ઞાનથી ? અપ્રતિપાતિ જ્ઞાન-કેવળજ્ઞાન. ત્યારે ચંદનબાલા સફાલાં બેઠાં થઈ એકદમ 'મિચ્છા મિ દુક્કડં' આપવા તત્પર બન્યાં. નિદ્રાધીન બનેલી મેં આ ઉત્પન્ન થયેલા કેવલજ્ઞાનવાળાની આસાતના કરી (૧૨૫) આ પ્રમાણે ક્ષણવાર ઉગ્ર વૈરાગ્ય પામેલી ચંદનબાલાને પણ લોકાલોક દેખાડનાર એવા પ્રકારનો જ્ઞાનાતિશય- (કેવલ જ્ઞાન) ઉત્પન્ન થયું. ત્યાર પછી અનુક્રમે અઘાતીકર્મોનો પણ નાશ કરીને અનંત નિર્મલ એવા પ્રકારનું સિદ્ધિગતિ નામનું ઉત્તમ સ્થાનક બંનેએ પ્રાપ્તકર્યું.

અહિં. પ્રાયે કેટલુંક પ્રસંગોપાત્ત કહેવાયું છે, પરંતુ આપણો ચાલુ અધિકાર તો વૈનયિકી બુદ્ધિવાળા સોમક નામના ચિત્રાકારપુત્રનો જ છે. (૧૨૮)

ગાથાનો અક્ષરાર્થ-અહિં વૈનયિકી બુદ્ધિના વિષયમાં સામ, દામ, દંડ અને ભેદ નીતિ-સૂચક બૃહસ્પતિ પંડિતે રચેલ અર્થ-ઉપાર્જનના ઉપાય તરીકે પ્રતિપાદન કરેલ અર્થશાસ્ત્ર તેને જ આગળ દ્વાર તરીકે જણાવેલ છે. કલ્પક મંત્રીનું ઉદાહરણ શેરડીના સાંઠા તથા દહીંની માટલીમાં ઉપર-નીચે અનુક્રમે છેદન-ભેદન કરવા, શત્રુએ મોકલેલા પ્રધાનપુરુષને મતિભ્રમમાં નાખવા માટે ઉપાય યોજ્યા. સુરપ્રિય યક્ષની વાર્તા,તેમા નગરલોકનો ક્ષય નિવારવા માટે, યક્ષને ઉપશાંત કરવા માટે જે નવાં પૂજાનાં ઉપકરણો લાવી ખૂબ વિનય કરવા પૂર્વક યક્ષની પૂજા કરી પ્રસન્ન કર્યો, તે સર્વે વિનય કરવાથી ઉત્પન્ન થયેલી વૈનયિકી બુદ્ધિ જાણવી.

અહિં અર્થશાસ્ત્રની ભાવના આ પ્રમાણે જાણવીઃ - 'સામો માણસઆપણું માનતો ન હોય તો, સામાદિક નીતિના ભેદોનો તેમાં ક્રમસર ઉપયોગ કરી ઠેકાણે લાવવો- વશ કરવો. જેમ કે - 'હે પુત્ર ! તું સવારે વહેલો ઉઠીને ભણીશ તો, તને લાડુ આપીશ અને તેમ નહિં કરીશ તો, તે લાડુ બીજાને આપી દઈશ અને તારા કાન મરડીશ. સામમાં ચિત્રકાર-પુત્રનો વિનય સમજવો. (૧૦૮)

## લીપીનાં ભેદો

**લેખ નામનું દ્વાર**-લિપિના ભેદો તે અઢાર પ્રકારના છે. ૧ હંસલિપિ, ૨ ભૂતલિપિ, ૩ યક્ષ, ૪ રાક્ષસ, ૫ ઉડીયા, ૬ યવન, ૭ ફુડકી, ૮ કીર, ૯ દ્રાવિડી, ૧૦ સિંધી, ૧૧ માળવી, ૧૨ નટ, ૧૩ નાગરી, ૧૪ લાટલિપિ-ગુજરાતી, ૧૫ પારસી-ફારસી, ૧૬ અનિમિત્તલિપિ, ૧૭ ચાણક્યલિપિ અને ૧૮ મૂલદેવલિપિ. તે તે દેશોમાં આ પ્રસિદ્ધ છે.

કોઈક રાજાએ પોતાના પુત્રોને લિપિજ્ઞાન ભણાવવા માટે કોઈક ઉપાધ્યાયજીને સોંપ્યા.

તેપુત્રો ઘણા રમતિયાળ હોવાથી ગુરુના કબ્જામાં રહી ભણવા ઉત્સાહ કરતા નથી, પંરતુ ક્રીડા જ કર્યા કરે છે. 'રાજાનો ઠપકો મળશે' ધારી ઉપાધ્યાયજી ગોળાકાર ખડી (ચાકલાકડી) જેવાં રમકડાં બનાવી રાજપુત્રો સાથે રમત રમવા લાગ્યા. ઉપાધ્યાયે જે અક્ષર પાડવા હોય, તે ગોળાની છાપથી અકારાદિ અક્ષરો જમીન પર લખાવ્યા. આવી રમત સાથેની ભણવાની પ્રવૃત્તિ તરફ આદર કરતા નથી, એટલે તેની રમતક્રીડા કાયમ રાખીને તેની ઈચ્છાનુસાર તેવી રીતે ચાકના ગોળા પાડતા અને અક્ષરો શીખવવાનો પ્રયત્નકરતા કે જમીન ઉપર અક્ષરો ઉત્પન્ન થઈ જતા હતા. અથવા ભોજપત્રના પાના ઉપર લખેલા અક્ષરોનું વાંચન, તે વૈનયિકી બુદ્ધિ તથા અક્ષર, બિન્દુ, કાનો, માત્રા, પદ વગેરે પડી ગયેલા હોય, તે અક્ષરાદિકનું જ્ઞાન થવું, તેપણ વૈનયિકી બુદ્ધિ તેમાં અક્ષર પડી ગયેલા હોયતેનું જ્ઞાન આ પ્રમાણે જાણવું.પાકેલા બોર દેખીને શિયાળને જે પ્રમોદ થાય છે. તે હું ધારું છું કે, સ્વર્ગ મળતાં પણ ન થાય. (અહીં પ્રમોદ શબ્દમાં 'મો' પડી-ઉડી ગયો છે.)

બિન્દુચ્યુત આ પ્રમાણે-શિયાળામાં ઠંડીથી પીડા પામતો મુસાફર ગરમ અને સુંવાળા નવા કંબલને કેમ ન ઈચ્છે ?' (અહિં કંબલ શબ્દના ક ઉપરનો અનુસ્વાર ઉડી ગયો છે.) (૧૦૯)

## ગણિત નામનું દ્વાર

અહિં ચાર ઉદાહરણો છે,તે આ પ્રમાણે : -૧ અંકનાશ, ૨ સુવર્ણ ચાયન, ૩ આવક-જાવક ચિંતા, ૪ ભૌતાચાર્યનું હરણ. તેમાં અંકનાશ થયા પછી ફરી તે મેળવવો, તે માટેનું ઉદાહરણ-એ પ્રમાણે જાણવું કે -જુગાર રમતાં જુગારીઓ તેની નોંધ લખતાં કોઈ પ્રકારે કોઈ દુષ્પ્રયોગ કરીને કોઈક અંકનો નાશ થાય છે, ત્યારે આ ચાલુ બુદ્ધિના યોગે તેઓ ફરી યાદ કરી દે છે. બીજા આચાર્યો કહે છે કે - 'રાજાએ આખા નગર ઉપર દંડ નાખ્યો અને સોનું માગી લીધું, તે **ઉદાહરણ** -

કોઈક રાજાએ એક નગરમાં દંડ નાખ્યો. અધિકારીઓએ વિચાર્યું કે, 'લોકો ઉદ્વેગ ન પામે, તેવી રીતે આ કર લેવો.' તેથી લોકોને સમજાવ્યા કે, થોડા વખત પછી સોનું બમણું, ત્રણ ગણું મોંઘું થવાનું છે, એટલેતમારે વહેંચણી કરી રાજાને દંડ જેટલું સોનું આપવું થોડા કાળ પછી તેના જેટલું દ્રવ્ય તમારા હાથમાં જેમ આવી ચડશે, તેમ કરીશું. કોઈ પ્રકારની ચિંતા કે અસંતોષ ન કરવો. તે પ્રમાણે નગર લોકોએ સુવર્ણ આપ્યું,થોડા કાળ પછી સોનું મોંઘું થયું એટલે વેચીને અધિકારીઓએ બમણો લાભ રાજભંડારમાં નાખ્યો અને મૂળધન નગર-લોકોને આપી દીધું.

વળી ત્રીજા આચાર્યો કહે છે કે - 'રાજ્યચિંતા અને કુટુંબચિંતા કરનાર પ્રસ્તુત બુદ્ધિની પ્રધાનતાવાળા પુરુષો રાજ્ય અને કુટુંબોમાં નવા ધનની કેટલી કમાણી થાય છે અને મેળવેલા ધનનો વિનિયોગ ક્યાં કરવો ? એટલે ખર્ચ કેટલો ક્યાં કરવો ? તે રૂપ જે ચિંતાનું જ્ઞાન કરવું. બુદ્ધિશાળીઓ તાંબાની વાઢી માફક આવક-ખર્ચમાં પ્રવર્તે છે. તે આ પ્રમાણે વાઢી કે કળશનાં મુખો ઘી કે જળ ગ્રહણ કરવા માટે વિશાળ હોય છે, પરંતુ ખાલી કરવા માટે

નાળચાનું મુખ બહુ સાંકડું હોય છે, તેમ ખર્ચકરવાના પ્રસંગો ઘણા આવે છે અને આવક કરવાના પ્રસંગો ઓછા હોય છે, તેમ આવક થાયતે કરતાં ખર્ચ બહુ થોડો થોડો કરવો એમ વ્યવહાર કરે તો, મેળ બરાબર રહે છે.

ચોથા આચાર્ય કહે છે કે, હરેલા ભૌતાચાર્યની સંખ્યા આ બુદ્ધિના વિષયમાં જણાવેલી છે - કોઈ દયાળુ પુરુષે કેટલાક ભૌતો (ભરડા) કોઈક ઊંડી નદીના ઊંડા જળમાંથી પાર ઉતરતા જળપ્રવાહમાં તણાઈ જતા હતા, તેમને બહાર કાઢ્યા.તેઓએ પોતાની સાથે 'દશ છીએ' એમ નક્કી કરેલું હતું, પણ જડપણાથીપોતાની ગણતરીકર્યા વગર ગણતરી કરવા માંડ્યા, એટલે પ્રથમની કરેલી સંખ્યા પૂરી થતી ન હતી,ત્યારે વિષાદવાળા તેઓ વિલાપ કરવા લાગ્યા કે, 'આપણામાંથી એક નદીના પૂરમાં તણાઈ ગયો.' ત્યારે નજીક રહેલા કોઈકે તેમને કહ્યુ કે, 'ગણતરીકરવામાં તમે પોતે તો પોતાને ગણતા નથી.' જ્યારે પોતાની પણ સાથે ગણતરી કરી, ત્યારે તેમની સંખ્યાનો અંક પુરાયો. (૧૧૦)

**૧૧૧- કૂપ નામના દ્વારનો વિચાર**-કૂવામાં પાણીની સેર કેટલેઊંડે હશે ? તેનું જ્ઞાન થવું. કેવી રીતે થાય ? જમીનમાં તેવા કોઈ કૂવા કરાવનારના કહેવાને અનુસારે જમીન ખોદ્યા છતાં પણ જળ-પ્રાપ્તિ ન થાય, ત્યારે ખોદનારાઓ પાસે તે જ કૂવામાં ખોદાવેલા ભાગમાં તિચ્છી જમણી-ડાબી સવળી-અવળી લાતો પગની પાનીથીપ્રહાર કરવા રૂપ ભૂમિ ઉપર પગ ઠોકવા. આનો પરમાર્થ એ છે કે -

કોઈક ગામડિયાઓએ કોઈક સ્થળે અતિ મીઠું-સ્વાદિષ્ટ જળ મેળવવા માટે બીજો કોઈ ઉપાય ન મળવાથી કોઈ કૂવા કરાવનાર, કે તેવી જાતના અંજન-પ્રયોગ દ્વારા ભૂમિમાં જળ દેખનારાઓને પૂછયું કે 'આ ભૂમિમાં જળ છે કે નહિં ?' તેણે કહ્યુ કે, 'નક્કી છે જ.' તો કેટલા પ્રમાણમાં જમીન ખોદવાથી મળશે ? કહ્યું કે, દશ પુરુષ પ્રમાણ ખોદવાથી જળ મળશે.' ત્યારે તેણે કૂવો ખોદાવવાનો શરૂ કર્યો. કહેલા પ્રમાણ સુધી ખોદ્યું, તો પણ જળ ન મળવાથી ફરી ફૂછયું કે, 'પાણી કેમ નીકળતું નથી ?' પોતાના અંજનની સફળતા બરાબર છે જ -એમ સમજીને કહ્યુ કે, 'ખોદેલી, જમીનમાં ડાબી કે જમણી બાજુ પગની પાનીથી કૂવામાં પ્રહાર કરો-પાટુ મારો.' તે પ્રમાણે કર્યું, એટલે પુષ્કળ પ્રમાણમા પાણી નીકળ્યું. બીજા વળી એમ કહે છે કે 'એ જ પ્રમાણે અંજનનો પ્રયોગ કરીભૂમિમાં રહેલ નિધાનને કોઈકદેખે છે,તેને કોઈકે પૂછયુ કે, 'અમારું નિધાન અહિં છે કે નથી ?' જો છે, તો કેટલા ઊંડાણમાં છે ?' ત્યાર પછી તેણે પણ જમીનમાં ખાડો ખોદ્યો. પછી તેને પણ નિધાન સંપત્તિની પ્રાપ્તિનો ઉપાય 'ડાબી કે જમણી બાજુ કે પડખાની બાજુ પગથી લાત મારવા રૂપ' બતાવ્યો અને નિધાન મેળવ્યું. (૧૧૧)

**૧૧૨- અશ્વદ્વાર** - સમુદ્ર-કિનારે લોકોને ફાવટ આવે તેવા ગુણવાળો પારસકાંઠા (પર્શિયા) નામનો પ્રદેશ હતો.ત્યાં વિશાળ વૈભવવાળો એક અશ્વપતિ રહેતો હતો. કોઈ વખત એક કુળવાન યુવકને અશ્વોનો રખેવાળ બનાવ્યો. ત્રણગણો ઘણો જ વિનય કરવા દ્વારા તેણે શેઠની કૃપા સંપાદન કરી. અતિરૂપથી મનોહર એવી શેઠની પુત્રી તે યુવક વિષે રાગ પામી, ત્યારે તેને કહ્યું કે, 'મારા પિતા જયારે તમોને વેતન પગાર આપે, ત્યારે

અતિબારીકપણે પરીક્ષા કરેલા એવા બે અશ્વો માગજો.' પરીક્ષા કરવાનો ઉપાય તેણે આ પ્રમાણે જણાવ્યો. વિશ્રાંતિ કરતા ઘોડાઓમાં જે ઘોડો ભડકે નહિં, તેની માગણી કરવી, આનંદિત મનવાળા તે યુવકે તેના વચનનો સ્વીકાર કર્યો. પહેલેથી જ તેવા પ્રકારના ઘોડાની પરીક્ષા કરી લીધેલી છે, તેથી વેતન-દાનના સમયે પરીક્ષિત બે અશ્વોની માગણી કરી. અશ્વપતિએ સ્નેહ સહિત કહ્યું કે, આ સર્વ અશ્વોમાં આ બે ઘોડા ઉત્તમ છે, એ બે ગ્રહણ કરે છે, તો સર્વે ઘોડા કેમ ગ્રહણ કરતો નથી ? ત્યારે સામો જવાબ આપ્યોકે, 'મારે સર્વેનું પ્રયોજન નથી.' ત્યારે અશ્વપતિએ વિચાર્યું કે, 'આ યુવક ઘણા લક્ષણોનો ભંડાર છે. નહિંતર આટલા અશ્વોમાંથી માત્ર આના ઉપર જ દૃષ્ટિ કેમ ઠરી ? તો મારી પુત્રી આપીને તેને ઘરજમાઈ કરું.' આ વાત પોતાની પત્નીને કરી, તો તે તેમ ઇચ્છતી નથી. ત્યારે અશ્વપતિએ કહ્યું કે, 'હે ભોળી ! આ લક્ષણવંત યુવક મારા ઘરની આબાદી કરનારો થશે.' આ વિષયમાં એક ઉદાહરણ આપું છું, તે સાંભળ-'એક યુવકને તેના મામાએ પોતાની પુત્રી આપી, પરંતુ ઘરે કંઈ પણ કાર્યકરતો નથી, પરંતુ અટવીમાં જઈને સાંજે ખાલી હાથે પાછો આવે, ત્યારે તેની સ્ત્રી ઠપકો આપવાલાગી કે, 'તમે તદ્દન આળસુ કેમ રહો છો ?' છઠ્ઠે મહિને તેણે લક્ષણયુક્ત કાષ્ટ મેળવ્યું અને તેમાંથી એક લાખ પ્રમાણ દ્રવ્ય મળે તેવું કાષ્ઠમાપ વિધિથી ઘડાવ્યું. એક ધાન્યના વેપારીને વેચી તેણે ઇચ્છિત ધન મેળવ્યું. તે લક્ષણવંતા કાષ્ટમાપના પ્રભાવથી તેને ઘરે અનેક પુત્રાદિક સંપત્તિ પ્રાપ્ત થઈ. એ પ્રમાણે ઘરમાં લક્ષણયુક્ત કોઈનો પ્રવેશ થાય, તો કુટુંબની વૃદ્ધિ થાય.' ત્યાર પછી લક્ષણવાળા તેને પોતાની પુત્રી આપી. અથવા —

દ્વારિકા નગરીમાં કૃષ્ણે રાજ્ય-પ્રાપ્તિ કરી, ત્યારે કૃષ્ણ અને તેના કુમારો અશ્વ-વેપારીઓ દ્વારા અશ્વો ખરીદવા માંડ્યા.તેમાં કુમારો પુષ્ટ શરીરવાળા અશ્વો નક્કી બળવાન હોય છે - એમ માનીને ખરીદ કરવા લાગ્યા. જ્યારે કૃષ્ણજી દુર્બળ હોવા છતાં પણ લક્ષણવાળા ઘોડાને ખરીદ કરે છે. તેને દેખી કુંવરો હસવા લાગ્યા કે, આવો દુર્બલ ઘોડો કેમ ખરીદ્યો ? ત્યારે કુષ્ણજીએ પ્રત્યુત્તરમાં જણાવ્યું કે - 'આ અશ્વકાર્ય સાધવા સમરથ છે, પુષ્ટ પણ આ તમારા અશ્વો તેવા નથી, એટલું જ નહિં, પરંતુ બીજા ઘોડા અને બીજી પણ ઘણી વસ્તુઓ આના પ્રભાવથી પ્રાપ્ત થશે.' આ પ્રમાણે અશ્વપતિ અને કૃષ્ણની વૈનયિકી બુદ્ધિનો પ્રભાવ છે કે, જેથી પહેલાએ ઘરજમાઈ અને ઘોડા બંનેને સ્વાધીન રાખ્યા. (૨૦)

ગાથા અક્ષરાર્થ : - અશ્વ નામનું દ્વાર-અશ્વનું રક્ષણ કરનાર યુવક, અશ્વપતિની પુત્રીની શીખવણીથી ગોફણથી ફેંકેલા પાષાણના ટૂંકડા જે વૃક્ષ ઉપર ચડીને છોડવામા આવતાહતા, છતાં નિર્ભય રહે તેવા અશ્વોની પગાર પે માગણી કરવી. બાકીની હકીકત દૃષ્ટાન્તોમાં કહેવાઈ છે. (૧૧૨)

૧૧૩- **ગર્દભ નામનું દ્વાર**-આ વિષયમાં કોઈ યુવાન-પ્રિય રાજાએ વિજય યાત્રાએ પ્રયાણ કર્યું, ત્યારે સર્વે લોકોને જણાવ્યું કે, મારા સૈન્યમાં એક પણ વૃદ્ધ પુરુષ દેખાવો ન જોઈએ. અર્થાત્ મારા સૈન્યમાં સાથે એક પણ વૃદ્ધને ન લેવો. તે પ્રકારે તે વિજયયાત્રામાં

સપરિવાર ગયો. પરંતુ પિતાના ભક્ત એક પુત્રે ગુપ્તપણે પિતાને સાથે લીધા.કોઈક દિવસે આખા-સૈન્યપરિવારને તેવા પ્રકારના નિર્જલ જંગલમાં જતાં જતાં મધ્યાહ્ન-સમય થયો અને દરેકને તૃષ્ણાનું સંકટ આવી પડ્યું, ત્યારે રાજાએ તે તરુણોને પૂછયું કે, 'અરે ! કોઈ પ્રકારે જળવાળી પૃથ્વી જાણીને તેમાંથી પાણી ખેંચી લાવો.' અપકવ બુદ્ધિવાળા તે તરુણો તેનો ઉપાય બતાવવો.' એટલે જે પિતાને સાથે લાવ્યો હતો,તેણે પડહો ઝીલ્યો. તેના પિતાને ત્યાં લાવ્યા,પિતાએ પણ કહ્યું કે, 'અટવીમાં ગધેડાઓને છૂટા છોડી મેલો, જ્યાં તે સૂંઘવાનું કરે, ત્યાં પાણીની શેરોની પ્રાપ્તિ થશે.' તે પ્રમાણે કર્યું. ત્યાર પછી જળની પ્રાપ્તિ થઈ. બીજા આચાર્યો તો એ પ્રમાણે વ્યાખ્યા કરે છે કે - સુંઘતા સુંઘતા ગધેડા ત્યાં સુધી ગયા કે, જ્યાં જળપૂર્ણ સરોવર પ્રાપ્ત થયું. (૧૧૩)

**૧૧૪- લક્ષણદ્વાર**-રામની પત્ની સીતાનું હરણ થયું, મળી, ત્યાર પછી રામે ત્યાગકરી. તે વખતે તેની શોક્યોએ સીતા પાસે રાવણના ચરણ ચિતરાવ્યા. સીતાએ કહ્યું કે, 'પગની ઉપરનો કોઈ ભાગ મેં જોયો નથી, માટે બીજું કોંઈ ચિતરી શકું નહિં' છતાં શોક્યોએ આગ્રહ છોડ્યો નહિં. આ હકીકત વિસ્તારથી વિવરણકાર કથા દ્વારા જણાવે છે. (૧૧૪)

## સીતાજી પર આળ ચડાવવું

અયોધ્યા નગરીમાં રઘુવંશના નંદન દશરથ નામના રાજા હતા. પોતાના ઉત્તમ પ્રકારના વર્તનથી સુરો, અસુરો અને ખેચરોના ઇન્દ્રાને પણ પ્રભાવિત કર્યા હતા. તેના અંતઃપુરમાં સારભૂત એવી ત્રણ મનોહર પ્રિયતમાઓ હતી કે, જેનાં ૧ કૌશલ્યા, ૨ સુમિત્રા અને ૩ કૈકેયી એવાં નામો હતાં. તે ત્રણેને અનુક્રમે (૧) રામ, (૨) લક્ષ્મણ અને (૩) ભરત નામના ન્યાયવંત, દેખાવડા અને નીતિનિપુણ પુત્રો હતા. કોઈક વખત કૈકેયીએ દશરથ રાજાને કોઈ કાર્યમાં સહારો આપવાથી પ્રસન્ન કરેલા, તેથી તેને વરદાન આપ્યું. તેણે પણ 'અવસરે માગીશ' એવો વાયદો કર્યો. જ્યારે દશરથ રાજા ઉંમરલાયક થયેલા રામને પોતાના પદ પર સ્થાપન કરવા તૈયાર થયા, ત્યારે તેણે વરદાનની માગણી કરી કે - 'મારા પુત્ર ભરતને રાજગાદીપર બેસાડવો અને રામને વનવાસ આપવો.' આ જાણી દશરથ રાજા મુંઝવણમાં પડ્યા. વિનયવંત એવા રામને આ સમાચારની ખબર પડી. સત્યવાણી બોલનાર રામે ચરણમાં નમસ્કારકરવા પૂર્વક વિનંતિ કરી કે, 'હે પિતાજી ! આપ સત્ય વચનવાળા થાવ. હું લક્ષ્મણ-સહિત વનમાં વિહાર કરીશ.' પુત્રવત્સલ રાજાએ પણ બીજો ઉપાય ન મળવાથી તે વાતમાં સમ્મતિ આપી, પુત્રવિરહમાં પૃથ્વીને પણ સ્મશાન સરખી શૂન્ય માનવા લાગ્યા. પછી સીતા-સહિત બંને કુમારો દક્ષિણદિશા તરફ પ્રયાણ કરવા લાગ્યા. તે વખતે નગરના લોકો અતિશય શોકસમુદ્રમાં ડૂબી ગયા. અનુક્રમે તેઓ ચાલતાં ચાલતાં મહારાષ્ટ્ર દેશમાં ગહન અટવીમાં આવીપહોંચ્યા. ત્યાં હિમાલય પર્વતમાં મદોન્મત્ત હાથીની જેમ સ્થિરવાસ કરીને રોકાયા. ફલ, ફૂલ, કંદાદિનાં ભોજન અને ઝરણાંના નિર્મલ નીરનું પાન કરતા.પિતાનો વિનય કર્યાના કારણે પોતાને કૃતાર્થ માનતા હતા. પરોપકારકરવાની ઇચ્છાવાળા તેઓ હંમેશાં તેવા તેવા પ્રકારનું આચરણ કરતા હતા અને એકલી સીતા જ માત્ર તેના શરીરની સારસંભાલ

કરનારી હોવા છતાં સંતોષ ચિત્તવાળા એવા તેઓના દિવસો પસાર થતા હતા. ત્યારેપહેલાં પણ જેને સીતા ઉપર ગાઢ રાગહતો, તેવા લંકાના અધિપતિ રાવણનેખબર પડી કે, 'જનકપુત્રી સીતા સહિત રામ એકલા વનવાસ સેવન કરે છે'' તોપ્રપંચી તે સીતાનું હરણ કરવાનો પ્રસંગ શોધવા લાગ્યો. કોઈક સમયે રામ અને લક્ષ્મણને બીજા કાર્યમા વ્યાકુલ બનાવીને, સીતાને પુષ્પક નામના વિમાનમાં બેસારીને લંકાપુરી લાવ્યો. રામલક્ષ્મણ પોતાના નિવાસ-સ્થાને આવ્યા તો, સીતાને ક્યાંય દેખતા નથી, જાણે સર્વસ્વ ગૂમાવ્યું હોય, તેમ શોક અને પરાભવ પામવાલાગ્યા.સુગ્રીવની સહાયથી હનુમાન દૂત દ્વારા મેળવેલા સીતાના સમાચારથી લંકામાં પહોંચીને બધુ-કુટુંબ સહિત રાવણનો વધ કર્યો તલના ફોતરા જેટલું અલ્પ પણ જેનું શીલ ખંડિત થયું નથી, તેમ જ દૃઢ શીલ પાલન કરવાના કારણે જેણે પ્રૌઢ યશસમૂહ ઉપાર્જન કરેલ છે, એવી જનક પુત્રી સીતાને પાછી પ્રાપ્ત કરી. એ પ્રમાણે પરલોક પામેલા પિતાથી વિરહિત અયોધ્યાપુરીમાં રામ ચૌદ વર્ષે આવ્યા. અત્યાર સુધી રાજકાર્ય ભરત સારી રીતે સંભાળતો હતો.રામની આજ્ઞાથી લક્ષ્મણનો રાજ્યાભિષેક થયો. રાજ્યસુખ અનુભવતા, શુભ મનવાળા તેઓના દિવસો આનંદમાં પસાર થતા હતા. (૨૦) તે દરમ્યાન ખોટાં આળ ચડાવનારા અલિક લોકોએ શીલ-સ્ખલનના મોટા દોષનો આરોપ અને તેના કારણે અપયશનું કલંક સીતા પર ચડાવ્યું.લોકો એમ બોલવા લાગ્યાકે, 'પરસ્ત્રીમાં લંપટ, સર્વ વિષયોમાં વિરુદ્ધ વર્તનારા રાવણને ઘરે રહેલી સીતાનું શીલ પવિત્ર શી રીતે ટકી શકે ? પોતાની પત્નીનું પવિત્રપણું પોતે જાણવા હોવા છતાં લોકોપવાદના કારણે રામે કંઈક અવજ્ઞા બતાવી, જેથી સીતા અતિશોક પામી. અંતઃપુરમાં રહેતી સીતા ઉપર ઈર્ષ્યા વહન કરતી એવી શોક્યા ક્ષત પર ક્ષાર ભભરાવનારની જેમ એક વખત કહેવા લાગી કે, 'અરે ! સાંભળ્યું છે કે, 'ત્રણે જગતના સહુથી ચડિયાતા રૂપવાળો રાવણ છે, તો તેનું રૂપ કેવું છે ? તો તું તેનું ચિત્રામણ ચિતરી આપ.' (૨૫ કહેવત છે કે, સહુ કોઈ પોતાના અનુમાનથીપારકાના આશયથી કલ્પના કરે છે, તેથી નીચેને સામો નીચ અને મહાનુભાવને સામો મહાનુભાવ જણાય છે.' એ ન્યાયાનુસાર સીતાએ શોક્યોના આગ્રહથી રાવણના ચરણોનું પ્રતિબિંબ ચીતર્યું. મેં તેનો ઉપર આકાર કેવો છે, તે જોયેલું જ નથી. કે પગલાંનું સીતાએ ચિત્રેલું પ્રતિબિંબ છૂપાવીને તેઓએ એકાંતમાં રામને બતાવ્યું અને સાથે ઈર્ષ્યાથી જણાવ્યું કે, 'હજુ પણ તેના પ્રત્યેનો સ્નેહભાવ સીતા છોડતી નથી,તેનો આ પ્રત્યક્ષ પૂરાવો દેખો.'સીતા ઉપર રામને અણગમો ઉત્પન્ન કરાવનારી આ વૈનયિકી બુદ્ધિનો શોકયોએ ઉપાય કર્યો. આ સર્વ હકીકત રામાયણની કથામાં વિસ્તારથી જણાવેલી છે, વિસ્તારના અર્થીઓએ ધ્યાન પૂર્વક ત્યાંથી જાણી લેવી. (૩૦)

ગાથા અક્ષરાર્થ - સીતાએ ચિત્રેલા રાવણના ચરણનું પ્રતિબિંબ જે શોક્યોએ પ્રયોજન ઉભું કરીને ચિત્રાવ્યું, તે રૂપ લક્ષણ. રામની પત્ની સીતાનું રાવણે હરણ કર્યું, તેને પાછી લાવ્યા પછી લોકો આડું -અવળુંબોલવા લાગ્યા,તેથી રામે સીતાની અવજ્ઞા કરી, એ કારણે સીતાશોક કરવા લાગી. કોઈ વખતે શોકયો વડે પ્રેરાયેલી સીતાએ રાવણના ચરણો આલેખ્યા. ઉપરનો ભાગ મેં જોયો નથી, તેથી એકલા ચરણો જ આલેખ્યા. પ્રાપ્તથયેલા સીતાના છિદ્રથી રામને વાકેફ કર્યા. અર્થાત્ સીતા હજુ રાવણને મેળવવાની અભિલાષાવાળી વર્તે છે.' એમ

શોક્યોએ રામને સીતાનું રાવણનું અર્થીપણુંકથન કર્યું. અહિં 'અર્થિતા શાસ્રનને' એની વ્યાખ્યા કરી તો પણ 'અત્થિત્તા સાસણે' એવો જે પ્રાકૃત પાઠ છે, તે પ્રાકૃતલક્ષણ-વશ થયો છે, પ્રાકૃતમાં એમ કહેલું છે કે - 'બિન્દુ-અનુસ્વાર અને દ્વિર્ભાવ લોપ કર્યા હોય અગર ન હોય ત્યાં આણ્યા હોય, તો પણ અર્થ તોપૂર્વે રહેલો હોય તે જ કાયમ રહે છે.' (૧૧૪)

૧૧૫- **ગ્રંથી નામનું દ્વાર**-મુરુંડરાજાને ગુપ્ત છેડાવાળું સૂતર, સરખી કરેલી લાકડી અને મીણનો ડાભડો મોકલાવ્યો. તેણે પાદલિપ્તસૂરિને બતાવવાં તેમણે મીણ ગળાવી છેડો શોધી આપ્યો,લાકડીને તરાવી તથા તૂંબડાને સીવરાવ્યું. એમ ગાથાર્થ જણાવ્યો. હવે વિવરણકારે વિસ્તારથીગાથાનો અર્થ સમજાવ્યો છે -

**મુરુંડરાજા અને પાદલિપ્તસૂરિ** - પાટલિપુત્ર નગરમાં મુરુંડ નામનો રાજા હતો. પોતાને જ્ઞાની માનતા કોઈકે તે રાજાની પર્ષદાની પરીક્ષા કરવા માટે જેનો અગ્રભાગ જાણી ન શકાય તેવું સૂતર, ઉપર-નીચે સરખો ગોળદંડ અને મીણથી લેપ કરેલ ગોળાકાર ડબ્બો મોકલયો. તેવા પ્રકારના જાણકાર નિષ્ણાતોને બતાવ્યા. ત્યારપછી અનુક્રમે વિહાર કરતાં પાદલિપ્તાચાર્ય ત્યાં પધાર્યા, રાજકુલમાં પધારેલા તેમને આ પદાર્થો બતાવ્યા. તેમણે ગરમજળથી મીણ ઓગાળીને સૂતરનો અગ્રભાગ કે છેડો મેળવ્યો.ગોળ લાકડી નદીના જળમાં વહેતી મૂકીને તરાવી, તેમાં જે ભાગ ઘરે વજનદાર હતો,તે બહુ ડુબવા લાગ્યો, તેથી કાષ્ટનું મૂળ તે છે - તેવો નિર્ણય કર્યો. મીણ લપેટેલો ગોળ ડાભડો અતિઉષ્ણ જળમાંડૂબાડી મીણ ઓગાળી, તેનું ઢાંકણું પ્રગટ કરી ઉગાડ્યું. પછી પોતે છિંદ્ર વગરનું -મોટા પ્રમાણવાળું એકતૂંબડું ગ્રહણ કરીને અત્યંત ન દેખી શકાયતેવી પાતળી ચીરાડ ઉત્પન્ન કરી તેની વચ્ચે રત્નો મૂક્યાં. ત્યાર પછી જૈનશાસ્ત્ર પ્રસિદ્ધ છૂપી સીલાઈ વડે તે સીવી લીધું. ત્યાર પછી તે માણસોને જણાવ્યું કે - 'આ તૂંબડું તોડ્યા ફાડ્યા કે ચીર્યા વગર તમારે અંદરથી રત્નો કાઢી લેવાં' - એમ કહીને ત્યાં તૂંબડું મોકલી આપ્યું, પરંતુ તેઓ આ વૈનયિકી બુદ્ધિ વગરના હોવાથી તેમ કરવા સમર્થ થઈ શક્યા નહિં. (૧૧૫)

## વિષ-પ્રયોગ

૧૧૬ - **ઔષધ દ્વાર**-કોઈક રાજાએ પોતાના નગરને ઘેરો ઘાલનાર શત્રુસૈન્યને પોતાના દેશની અંદર આવી પહોંચેલું સાંભળી તેને ખાળવાનો બીજો ઉપાય ન મળવાથી તેના આવવાના માર્ગમાં જળાશયોને ઝેર નાખીને પાણી ન પીવા લાયક કરી નાખ્યાં. અને તે માટે વિષનો કર લોકો ઉપર નાખ્યો. 'દરેક પાંચપાંચ પલપ્રમાણ ઝેર રાજભંડારમાં પહોંચાડી જવું.' કોઈક વૈદ્ય માત્ર પાંચ પલના બદલે યવ જેટલું જ અલ્પ ઝેર લાવ્યો. એટલેરાજાએ કોપાયમાન થઈ ને કહ્યું કે - 'તું મારી આજ્ઞાનો ભંગ કરનાર છે.' ત્યારે વૈદ્યે કહ્યું કે - 'હે દેવ ! આ ઝેર ઘણું અલ્પ હોવા છતાં તેનાથી સોગણી-હજારગણી કે લાખગણી બીજી વસ્તુને પોતાના જેવી બનાવવાની તેમાં તાકાત છે.' ત્યારે રાજાએ વૃદ્ધ હાથીના પૂંછડાના એક વાળને તે વિષ લગાડીને જોયું. વિષ ત્યાંથી ચડીને હાથીના શરીરમાં વ્યાપવા લાગ્યું. રાજાના મંત્રીએ કહ્યુ કે - 'એ વિષનો પાછો ઉતાર કરે, તેવું કોઈ ઔષધ છે કે કેમ ?' ત્યારે વૈદ્યે તે વિષ

ઉતારવાનું ઔષધ તેને લગાવ્યું, તો ઝેર જ્યાં વ્યાપેલું હતું, તે ઝેર ઉતરી ગયું. અહિં મંત્રીએ તે વિષનું સામર્થ્ય કેટલું છે ? તે જોઈને વાપર્યું, તે તેની વૈનયિકી બુદ્ધિ જાણવી. (૧૧૬)

## સ્થૂલભદ્ર-કથા, ગણિકા અને રથિક

૧૧૭ - ગણિકા અને રથિકનું સંયુક્ત ઉદાહરણ સુકોશા વેશ્યા શ્રદ્ધાવંત બની સ્થૂલભદ્ર મુનિના ગુણોની પ્રશંસા કરતી હતી. ત્યારે રથિકે આંબાની લૂંબ કળાથી કાપી બતાવી. એટલે સુકોશાએ સરસવના સરી પડતા ઢગલા ઉપર નાચ કરી બતાવ્યો. આ બંનેમાં તેટલી દુષ્કરતા નથી, જેટલી સ્થૂલભદ્રની મહાનુભાવતા અખંડ બ્રહ્મચર્ય પાલનમાં દુષ્કરતા છે. **સ્થૂલભદ્રની કથા કહે છે -**

નવમાં નંદરાજાના સમયમાં કલ્પકમંત્રિના વંશમાં સૌ સંખ્યાવાળા સંતાનના કારણે તેવા નામથી પ્રસિદ્ધિ પામેલા શકટાલ નામના મંત્રી હતા. તેની પ્રધાનપત્નીની કુક્ષિથી બે જ્ઞાનવંત પુત્રો થયા. તેમાં એક મોટાનું નામ શ્રીસ્થૂલભદ્ર અને બીજા નાનાનું નામ શ્રીયક હતું. તેમજ (૧) યક્ષા, (૨) યક્ષદત્તા, (૩) ભૂતા, તથા (૪) ભૂતદત્તા, (૫) સેણા, (૬) વેણા અને (૭) રેણા એ નામની સાત પુત્રીઓ હતી આ સાતે બહેનો અનુક્રમે એક, બે, ત્રણ, ચાર, યાવત્ સાત વખત સાંભળીને યાદ રાખવાની શક્તિ ધરાવતી હતી. અર્થાત્ કોઈ પણ નવા શ્લોક એક વખત સાંભળીને પ્રથમપુત્રી તે યાદ રાખી બોલી શકે. તેવી રીતે બીજી બે વખત સાંભળી, તેમ સાતમી સાત વખત સાંભળી કડકડાટ તે બોલી જાય. તેવા પ્રકારનો તીવ્ર ક્ષયોપશમ દરેક ધરાવતી હતી. શકટાલ જિનવચન પ્રત્યે એકાંત અનુરાગ ચિત્તવાળો હતો. ત્યાં આગળ સમગ્ર બ્રાહ્મણકુલમાં વિખ્યાત વરરુચિ નામનો બ્રાહ્મણ વિદ્વાન હતો, જે દરરોજ નવા નવા એકસો આઠ શ્લોકોની રચના કરીને રાજાને અર્પણ કરતો હતો. તે સમયે રાજા શકટાલના મુખ તરફ નજર કરતો, પરંતુ મિથ્યાત્વી હોવાથી તેની પ્રશંસા ન કરી જેથી રાજા પણ પ્રસન્ન થતો ન હતો.એટલે તે વરરુચિ શકટાલની પત્નીની સેવા કરવા લાગ્યો તેણે પૂછયુ કે, 'તું મને શા માટે આરાધે છે ?' સાચો સદ્ભાવ જણાવ્યો એટલે કહ્યું કે, 'હું તે પ્રકારે કરીશ કે, જેથી તેઓ પ્રશંસા કરશે.' એ વાત સ્વીકારીને પતિને કહ્યું કે, 'શા માટે વરરુચિનાં કાવ્યની પ્રશંસા નથી કરતા ?' 'તે મિથ્યાત્વી છે માટે.' પત્નીએ દઢઆગ્રહ કર્યો. એટલે પછી તેનાં કાવ્યની પ્રશંસા કરી. કોઈક દિવસે વરરુચિ રાજા પાસે પોતાનું કાવ્ય લાવ્યો અને સંભળાવ્યું એટલે નજીક બેઠેલા શકટાલમંત્રીએ કહ્યું કે, 'સારૂં કાવ્ય બોલ્યા.' રાજાએ તેને ૧૦૮ સોનામહોરો અપાવી, એ પ્રમાણે દરરોજ નવાં નવાં તેટલાં કાવ્યો બનાવી લાવે છે, એટલેકાયમનું તેને ૧૦૮ સોનામહોરોની આજીવિકાનું સાધન મળી ગયું. દરરોજ રાજભંડારમાંથી ધનનો ક્ષય દેખીને અમાત્યે કહ્યું કે, 'હે દેવ ! આને દરરોજ કેમ આપો છો ?' તો કે, તે જ તેની પ્રશંસા કરી હતી તેથી, મેં તો 'પૂર્વનાં કાવ્યો બરાબર બોલી બતાવે છે' તેથી તેની પ્રશંસા કરી હતી. રાજાએ પૂછયું, 'કેમ એમ ?' મંત્રીએ કહ્યું કે, જે એ બોલે છે, તે તો મારી પુત્રીઓને પણ આવડે છે. ત્યાર પછી ઉચિત સમયે શ્લોક સંભળાવવા માટે તે રાજા પાસે આવ્યો. પડદાની અંદર શકટાલમંત્રીની સાત પુત્રીઓને બેસારી હતી. એક

વખત એ બોલ્યો, તે સાંભળીને સ્ખલના પામ્યા વગર યક્ષા વગેરે તે સાતે વારાફરતી બોલી ગઈ. બીજીએ બે વખત સાંભળ્યું ને બોલી ગઈ, બીજી બોલી એટલે ત્રીજીએ ત્રણ વખત સાંભળ્યું- યાદ રહ્યું અને બોલી ગઈ. એમ દરેક વખત વૃદ્ધિ થતાં થતાં સાતમી સુધી પુત્રીઓ અસ્ખલિતપણે તે કાવ્યો બોલી ગઈ. ત્યાર પછી કોપાયમાન થયેલા રાજાએ વરરુચિને રાજદ્વારમાં પ્રવેશ કરવાનો પણ બંધ કર્યો. ત્યાર પછી તે વરરુચિ ગંગામાં ગુપ્ત પણે સંતાડીને યંત્રના પ્રયોગથી સોનામહોરો મેળવતો હતો. લોકોને કહે કે, 'મારી સ્તુતિથી પ્રસન્ન થયેલી ગંગાદેવી મને આપે છે.' કાલાંતરે રાજા સુધી વાતપહોંચી, એટલે રાજાએ અમાત્યને કહી. અમાત્યેકહ્યુ કે, 'જો મારી પ્રત્યક્ષ ગંગા આપે તો બરાબર' હે દેવ ! આપણે પ્રભાતે ગંગાનદીએ જઈએ. રાજાએ તે વાતનો સ્વીકાર કર્યો. હવે મંત્રીએ સંધ્યાસમયે પોતાના એક વિશ્વાસુ પુરુષને ગંગાનદીમાં મોકળી અને કહ્યું કે, 'તું ગુપ્તપણે ગંગામા રહેજે અને વરરુચિ પાણીની અંદર જે કંઈ પણ સ્થાપના કરે, તે લાવીને હે ભદ્ર ! તું મને સોંપજે.' પેલા પુરુષે પણ તે પ્રમાણે સોનામહોરોની પોટલી આપી.પ્રભાત-સમયે રાજા ગયો અને મંત્રીએસ્તુતિ કરતા વરરુચિને દેખ્યો, સ્તુતિના અંતે ગંગામાં ડૂબીને પેલા યંત્રને હાથ અને પગથી લાંબા કાળ સુધી ઠોકવા છતાં પણ જ્યારે કંઈ પણ આપતી નથી, ત્યારે વરરુચિ અત્યંત ઝંખવાણો બની ગયો. ત્યારે પછી શકટાલે રાજાપાસે સોનામહોરની પોટલી પ્રગટ કરી. રાજાને હસવું આવ્યું અને પેલો મંત્રી ઉપર ગુસ્સે થયો. (૨૫) હવે તે વરરુચિ મંત્રીનાં છિદ્ર શોધવા લાગ્યો. શકટાલ કોઈ વખત પોતાના પુત્ર શ્રીયકના વિવાહ કરવાની ઈચ્છાવાળો થયો. ત્યારે તે પ્રસંગે રાજાને ભેટ આપવા માટે વિવિધ પ્રકારનાં આયુધો ગુપ્તપણે કરાવતોહતો. આ વાત વરરુચિએ કંઈક પ્રલોભન આપી દાસીની પાસેથી મેળવી. આવા પ્રકારનું છિદ્ર મેળવીને પછી નાના બાળકોને લાડુની લાલચ આપીને શૃગાટક ત્રણ-ચાર માર્ગો, ચોરા, ધર્મશાળા વગેરે સ્થાનોમાં આ પ્રમાણે ગાથા ભણાવીને બોલારાવ્યા -

"એઉ લોઉ ન વિયાણઇ, જં સકડાલુ કરેસઈ,
નંદુ રાઉ મારેવિણુ, સિરિયઉ રજ્જિ ઠવેસઈ."

અર્થાત્ લોકોને આ વાતની ખબર નથી કે, 'શકટાલ શું કરવાનો છે ? નંદરાજાને મારીને પોતાના પુત્ર શ્રીયકને રાજગાદીએ સ્થાપન કરવાનો છે.' રાજાએ આ વાત સાંભળી અને ચર-દૂત પુરુષો પાસે તેના ઘરની તપાસકરાવી. પુષ્કળ આયુધો-હથિયારો તૈયાર કરાતાં દેખીને તેણે રાજાને હકીકત કહી.સેવા માટે આવેલા મંત્રી જ્યારે પગે લાગતા હતા, ત્યારેકોપાયમાન થયેલા રાજા મુખ ફેરવીને બેઠા 'રાજા આજે કોપાયમાન થયા છે' એમ જાણીને મંત્રી શકટાલે ઘરે જઈને શ્રીયક પુત્રને કહ્યું કે, 'હે પુત્ર ! જો હું નહીં મરું, તો રાજા આપણા સર્વકુટુંબને મારી નાખશે. હે વત્સ ! જ્યારે હું રાજાના પગમાં પડું, ત્યારે તારે મને મારી નાખવો.' શ્રીયકે પોતાના કાન બંધ કર્યા. પછી શકટાલે કહ્યું કે, 'હું પહેલાં તાલપુટ વિષ ભક્ષણ કરી લઈશ. જેથીરાજાના પગમાં પડું, તે સમયે નિઃશંકપણેતારે મને મારી નાખવો.' સર્વ વિનાશની શંકાવાળા શ્રીયકે આ વાત કબૂલ કરી અને તે જ પ્રમાણે પગે

પડતાંની સાથે જ શકટાલના મસ્તકને છેદી નાખ્યું. હાહાકાર ઉઠ્યો, 'અકાર્ય થયું' એમ બોલતો રાજા ઉભો થયો, એટલે શ્રીયકે કહ્યું કે - 'હે દેવ ! આપ વ્યાકુળ ન થાઓ. આપના તરફ જે પ્રતિકૂળ હોય, તેવા પિતાનું પણ મને પ્રયોજન નથી.' રાજાએ કહ્યુંકે, 'તો હવે મંત્રિપદવીનો સ્વીકાર કર.' ત્યારે તેણે કહ્યું કે, 'સ્થૂલભદ્ર નામના મારા મોટા ભાઈ છે, તે બાર વરસથી કોશાને ઘરે રહે છે.' રાજાએ તેને બોલાવીને કહ્યું કે, 'મંત્રીની પદવીનો સ્વીકાર કરો.' તેણે કહ્યું કે, 'વિચાર કરું' એટલે નજીકમાં અશોકવનમાં મોકલ્યા. ત્યાં વિચાર કરવા લાગ્યા કે, 'પારકાં કાર્ય કરવા રોકાયેલાને શું ભોગો, શું સુખ કે મજા હોય ? વળી ભોગોથી અવશ્ય નરકે જવું પડે છે, તો નરકાંત ભોગોથી સર્યું.' એમ ચિંતવતાં વૈરાગ્ય પામ્યા ભવથી મન વિરક્ત થયું. પંચમુષ્ટિથી લોચકરી પોતાની મેળે જ મુનિવેષ ગ્રહણ કરીને રાજા પાસે જઈને કહ્યું કે, 'હે રાજન્ ! મેં આ ચિંતવ્યું.' રાજાએ તેને અભિનંદન આપ્યાં, એટલે તે મહાત્મા મહેલમાંથી નીકળી 'ગણિકાને ત્યાં જશે' એમ શંકાવાળારાજાએ તેને જતા દેખીને તપાસ કરાવી, તો જેમ કોઈ મડદાના કલેવરની દુર્ગંધવાળા માર્ગે જાય, તે સ્થિતિએ વેશ્યાના ઘર પાસેથી તેની સામું જોયા વગર ચાલ્યાગયા. એટલે રાજાએ જાણ્યું કે, 'નક્કી તે કામભોગોથી વૈરાગ્યપામેલા છે.' એટલે શ્રીયકને મંત્રીપદે સ્થાપન કર્યો. આ તરફ સ્થૂલભદ્ર તો સંભૂત વિજય ગુરુના ચરણ-કમલમાં પ્રવ્રજ્યા અંગીકાર કરીને વિવિધ પ્રકારના અત્યુગ્ર તપ અને ચારિત્રની આરાધના કરવા લાગ્યા. હવે કોઈક વખતે વિહાર કરતા કરતા સુંદર ધર્મમાં તલ્લીન મનવાળા સ્થૂલભદ્ર મુનિ ગુરુ સાથે પાટલિપુત્ર નગરે આવ્યા. ચોમાસાના કાળમાં ભવનાભયથી તીવ્ર ઉદ્વેગ પામેલા એવા તેમની સાથેના ત્રણ મુનિઓએ અનુક્રમે દુષ્કર અભિગ્રહો આ પ્રમાણે ગ્રહણ કર્યા. એક સિંહગુફામાં, બીજા ભયંકર ઝેરવાળા સર્પના રાફડા પાસે, અને ત્રીજા કૂવાના ઉપર રહેલાકાષ્ઠ ઉપરરહી ચાર માસના ઉપવાસ કરનાર હતા.સ્થૂલભદ્ર મુનિએ ગુરુને વિનંતિ કરી કે - 'હે ભગવંત ! હું તપ કર્યા વગર કોશાના ઘરે ચોમાસામાં રહીશ. જેનું સત્ત્વ જાણેલું છે, એવાગુરુએ તેને ત્યાં રહેવાની અનુમતિ આપી. ત્યાર પછી સ્થૂલભદ્રકોશાના ઘરદ્વાર પાસે આવ્યા. ખુશ થયેલી કોશાએ ઉભા થઈ વિચાર્યું કે, 'આ ચારિત્રના પરિષહોથી ભગ્નપરિણામી થયા જણાય છે.' કોશાએ હાથ જોડી વિનંતિકરી કે - 'આજ્ઞા કરો કે, અત્યારે મારે શું કરવું ?' (૫૦) 'પૂર્વે આ ઉદ્યાનના મધ્યભાગમાં જે મકાનમાં ભોગો ભોગવતા હતા, તેમાં ચાર માસ માટે નિવાસ આપ.'' તેણે વસતિ આપી. દરેકપ્રકારના રસવાળા ભોજન આરોગ્યાં. હવે કોશા સ્નાન કરવાથી અને ગુણો ધારણ કરવાથી પવિત્ર દેહવાળી વસ્ત્રાલંકારથી વિભૂષિત બની રાત્રે હાથમાં દીવો લઈને પોતાને કૃતાર્થ માનતી, મોહક મધુર શબ્દો બોલતી કોઈ પ્રકારે તેની સાથે ક્રીડા કરવા સમર્થ ન બની. ઉલટું તેમના ઉપદેશથી મોહને પ્રશાંત કરી શ્રાવિકા બની.રાજાના અભિયોગની માત્ર છૂટ રાખી તે સિવાય કોઈ પુરુષની સાથે મારે ક્રીડા ન કરવી-એવા પ્રકારની વિકારરહિત બની મૈથુન-સેવનની વિરતિ અંગીકારકરી.સિંહ અને સર્પને ઉપશાંત કરીચાર માસના ઉપવાસકરનારા, તથાકૂવાના કાષ્ટ ઉપર ચાર માસના ઉપવાસકરી રહેનાર એમ ત્રણે મુનિવરો ગુરુ પાસે પાછા આવી ગયા. એટલે ગુરુમહારાજે લગાર ઉભા થઈ એમકહ્યું કે,

'દુષ્કર કરનાર એવા તમારું સ્વાગત કરું છું.' જેટલામાં આ કહ્યું, તેટલામાં ગણિકાને ઘરે દરરોજ મનોહર આહાર કરનાર હોવાથી મનોહર શરીરવાળા હોવા છતાં સમાધિ ટકાવી રાખનાર એવા સ્થૂલભદ્ર મુનિવર પણ આવી પહોંચ્યા. એટલે ગુરુ મહારાજે 'અતિદુષ્કરકારક ! અતિદુષ્કરકારકનું સ્વાગત' એમ ઘણા આદર-સ્નેહ સાથે કહ્યું, એટલે આગળ આવેલા ત્રણ તપસ્વી મુનિઓ ઈર્ષ્યા પામીનેકહેવા લાગ્યા કે, 'દેખો ! આચાર્ય મહારાજે તપન કરનાર, ચિત્રશાળામાં ભનગમતાં ભોજન કરનાર એવા અમાત્યના પુત્રની પ્રશંસા કરી.' તે રોષ મનમાં છુપાવીને 'હવેના ચોમાસામાં મારે પણ તેને ત્યાં જવું.' એમ સિંહગુફાવાસી સાધુએ નક્કી કર્યું અને તે સમય આવ્યો, એટલે તેણે સૂરિને કહ્યું કે, 'કોશા વેશ્યાની નાની બહેન ઉપકોશાના ઘરે ચોમાસું કરવા જઈશ અને તેને પ્રતિબોધ પમાડીશ. હું કાંઈ સ્થૂલભદ્રથી ઉતરું એમ નથી.' ઉપયોગ મૂકીને ગુરુએ જાણ્યું કે, 'આ સાધુ કોઈ રીતે પ્રતિજ્ઞાને પારપાડી શકે તેમ નથી.' તેથી ગુરુએ ના પાડી નિષેધ કર્યો. છતાં ઉપરવટ થઈ ત્યાં ગયો અને વસતિ માગીને વર્ષાકાળ માટે રોકાયો. ઉપકોશા પણ સરળ સ્વભાવથી ધર્મશ્રવણ કરતી હતી. વસ્ત્ર આભૂષણ ન પહેરેલાં છતાં પણ ગણિકાનું અતિસુંદર રૂપ દેખીને મીણનો ગોળો જેમ અગ્નિ પાસે પીગળી જાય, તેમ તેની સમીપમાં તેની સામે અવલોકન કરતાં જ અતીવ દઢપણે તેનો ચારિત્રનો ભાવ ચાલ્યો ગયો અને કામબાણ સ્ફુરાયમાન થયું. ત્યાર પછી લજ્જાનો ત્યાગ કરી દુષ્ટ પરિણામવાળો તે ગણિકાને પ્રાર્થના કરવા લાગ્યો. ચતુર બુદ્ધિવાળી તેણે કહ્યું કે, 'અમને શું આપશો ?' મુનિએ કહ્યું કે, 'મારી પાસેકંઈ નથી. કારણ કે, હે ભદ્રે ! અમે તો નિગ્રંથ-પરિગ્રહ વગરના છીએ. તો પણ કહે કે, 'તું શાની ઇચ્છા રાખે છે ?' તેણે સાંભળ્યું હતું કે - 'નેપાલ દેશનો રાજા કોઈ નવીન સાધુ કે જે કોઈ ત્યાં જાય તેને લાખમૂલ્યવાળી રત્નકંબલ આપે છે.' ત્યાં ગયો, તે મેળવી અને મોટા પ્રમાણવાળા વાંસના પોલાણમાં ચૂપાવીને તેનું છિદ્ર પણ પૂરી દીધું કે, જેથી કોઈ પણ તેને ન જાણી શકે. નગ્નપ્રાય બનેલો એકલો અવિશ્રાન્તપણે ચાલ્યા કરતો જતો હતો,ત્યારે કોઈક પ્રદેશમાં પક્ષી શબ્દ કરવા લાગ્યો કે, 'લાખના મૂલ્યવાળો આ આવે છે.' એ સાંભળીને પક્ષીના શબ્દને પારખનારો એક ચોરસ્વામી નજરકરે છે, તો આવતા એ સાધુને દેખ્યા. પક્ષીના શબ્દની અવગણના કરીને જેટલામાં ચોર ઉભો રહેલો છે, એટલે ફરી પણ પક્ષી તેમજ બોલવા લાગ્યું કે, 'તારા હાથમાં આવેલા લાખ તેં ગૂમાવ્યા.' કૌતુક પામેલા ચોરસ્વામીએ ત્યાં જઈને મુનિને પૂછ્યું કે, 'તારી પાસે જે કંઈ હોય, તે નિર્ભયપણે તુંકહે.' ત્યારે તેણેકહ્યુ કે, 'વાંસની અંદર કંબલરત્ન છે.' તેને છોડી દીધો. આવીને લાખમૂલ્યવાળું કંબલરત્ન ગણિકાને સમર્પણ કર્યું. અર્પણ કરતાંની સાથે જ તે જ ક્ષણે તેના જ દેખતાં ગૃહની ખાળમાં ફેંકી દીધું. ત્યાર પછી તેણે ગણિકાને પૂછયું કે, 'આવું કંબલરત્નકેમ મલિન કર્યું ?' ત્યારે ગણિકાએ કહ્યુ કે, 'હે શ્રમણ ! તું આ કંબલનો શોક કરે છે. પરંતુ હે ભોળા ! તારો આત્મા મલિન થાય છે, તેની તને ચિંતા નથી ? કંબલરત્ન કરતા પણ અધિક કિંમતી આત્મરત્ન મલિન થાય છે.' કારણ કે, 'તને મારા તરફ રાગ થયો છે.' તું મારી પાછળ એવો લાગેલો છે કે, 'ચોમાસા જેવા કાળમાં પણ,છકાયની પરવા કર્યાવગર દૂર દેશાંતર ગયો અને મને પ્રસન્ન કરવા માટે રત્નકંબલ લાવ્યો.' મેં તો

તને પ્રતિબોધ કરવા માટે આ કાર્ય કરાવેલ (૭૫) આ પ્રમાણે કંઈ પણ સાધુ પાસેથી આશા રાખ્યા વગર તેને ગણિકાએ હિતબુદ્ધિથી ઠપકો આપ્યો. એટલે તે પાછો માર્ગે આવી ગયો અને કહ્યુ કે, 'તારી હિતશિક્ષા હું સ્વીકારું છું' એમ કહીને ગુરુની પાસે ગયો. ત્યારે ગુરુએ કહ્યું કે, 'સ્થૂલભદ્ર મુનિ અતિદુષ્કરકારક જ છે કે, જેણે લાંબા કાળની પરિચિત અને અતિસ્નેહાળ ધર્મશ્રદ્ધા વગરની ગણિકાનેસારી રીતે પ્રતિબોધ પમાડી અને પોતાના વ્રતમાં અડોલ ટકીરહ્યા. તેં તો દોષ જોયા વગર વ્રત પાલન કરતી ઉપકોશાની માગણી કરી એમ ગુરુએ ઠપકો આપ્યો, એટલે તેણે અંતઃકરણથી પશ્ચાત્તાપ કરી પ્રાયશ્ચિત અંગીકાર કર્યું.

એક સમયે નંદરાજાએ પોતાના રથિકને કોશા આપી, પરંતુકોશા હંમેશા સ્થૂલભદ્રમુનિની વારંવારખૂબ પ્રશંસા કરતી હતી. જે મારા સરખી ચતુર ગાઢ અનુરાગવાળી સ્ત્રીથી તલના ફોતરાના ત્રીજા ભાગ જેટલા પણ બીલકુલ ક્ષોભ પામ્યા નહિં. તેવો બીજો કયો તેની જેમ કામના સામર્થ્યને દબાવીને સ્ત્રીપરિષહ જિતી શકે ? (૮૦) આ જગતમાં આશ્ચર્ય ઉપજાવનારા અનેક લોકો હશે, પરંતુ સ્થૂલભદ્ર જેવા કામને વશ કરનારા કોઈ કદાપિ પ્રગટ થશે નહિં. સ્થૂલભદ્રના ગુણોનું ગૌરવ કરતી તેના તરફ આકર્ષાયેલા મનવાળી તે ગણિકા રથિક પ્રત્યે તેટલો સદ્‌ભાવવાળો સ્નેહ બતાવતી નથી. હવે તે રથિક પોતાનું સૌભાગ્ય ઉત્પન્ન કરવા અને કળા બતાવવા માટે કોઈ દિવસકોશાને અશોકવનમાં લઈ ગયો. ધનુષદંડ ઉપર બાણ ચડાવીને કેરીઓની લૂંબને બાણ પાછળ બાણ એમ પોતાનાં સુધી બાણો પાછળ બાણો પરોવતો પરોવતો લાવ્યો. પોતાના હાથ સુધી બાણની શ્રેણી આણી. પછી અર્ધચંદ્ર બાણથી લૂંબ તોડી નાખી. અને એક એક બાણ ખેંચતાં-ખેંચતાં બેઠાં બેઠાં લૂંબ હસ્તગત કરી આ કળા દેખીને કોશાને લગીર પણ નવાઈ ન લાગી.પરંતુ કહ્યુંકે, 'શીખેલાને અહીં કંઈ પણ દુષ્કર નથી.' મારી નૃત્યકળા તમે જુઓ.સરસવના ઢગલા ઉપર સ્થાપન કરેલ સોયના અગ્રભાગ પર ફેરફુદડી ફરતી, હાવ-ભાવ-સહિત નૃત્ય કરતી, હર્ષિત મુખવાળી કહેવા લાગી કે, 'અરે મહાનુભાવ ! ગુણી પુરષો ઉપર કોને મત્સર-ઈર્ષ્યા હોય ? તેને જ મનમાં વહન કરતી તેમ જ આ એક સુભાષિત સંભળાવ્યું - "આવી રીતે આંબાની લૂંબીઓ તોડવી કે શીખેલી કળાને અનુસારે નૃત્યુ કરવું, તે બંને તેટલાં દુષ્કર કાર્ય નથી, પરંતુ તે મહામુનિ મદનજનક મહિલારૂપ વનમાં વાસ કરીને કામદેવને જિત્યા,તે મહાનુભાવ દુષ્કર છે." તેણે પહેલાં પણ તેને તેમનો વૃત્તાન્ત કહેલો હતો. તેના ચરિત્રથી પ્રભાવિત થયેલો તે રથકાર પણ મોટો શ્રાવક બન્યો તે સમયે લગભગ બાર વરસનો મહાદુષ્કાળ પડ્યો, તેથી સર્વ સાધુસમુદાય સમુદ્રકિનારે ગયો. બાદ સુકાળ થતાં ફરીથી પાટલિપુત્ર નગરમાં આવ્યા. એટલેસર્વે સાધુઓએ મળી તપાસ કરી કે,'કોની પાસે કેટલું શ્રુત ટકી રહેલું છે ? જેટલું શ્રુત જેનીપાસે યાદ હતું, તેના ઉદ્દેશા, અધ્યન વગેરે એકઠાં કરીને અગિયાર અંગો સ્થાપિત કર્યા, પરંતુ પરિકર્મ, સૂત્રો, પૂર્વગત, ચૂલિકા, અનુયોગરૂપ પાંચ પ્રકારનો દૃષ્ટિવાદ કોઈ પાસે મળ્યો નહિં. ત્યારે સંઘે વિચાર્યું કે, નેપાળદેશમાં ભદ્રબાહુસ્વામી વિચરે છે, તેઓ દૃષ્ટિવાદ ધારણ કરે છે' એમ સંઘે વિચારીને ત્યાં બે સાધુ મોકલી કહેવરાવ્યું કે, 'તમારી પાસે દૃષ્ટિવાદ છે અને અહિં તેને ગ્રહણ કરનાર સાધુઓ છે. તેમને તે વાચના આપવી જોઈએ. આ સંઘનું કાર્ય

છે. ' ત્યારે ભદ્રબાહુસ્વામીએ પ્રત્યુત્તર આપ્યો કે, 'હાલ તો હું મહાપ્રાણ નામનું ધ્યાન સાધવા પ્રવર્તેલો છું. પહેલાં તો દુષ્કાળ હતો. હવે આ ધ્યાનનીશરૂઆત કરી છે, આ પૂર્ણ થયા પહેલા આ કાર્યની વચ્ચે વાચના દઈ શકાય નહિં' તેમણે આવીને સંઘને જણાવ્યું. ફરી બે સાધુને તેમની પાસે મોકલ્યા કે, 'જે સંઘની આજ્ઞા ન માને, તેને શો દંડ હોઈ શકે ?' તે પ્રમાણે ભણાવીને મોકલેલા સાધુઓએ તેમ કહ્યું, એટલે 'તેમને ઉદ્‌ઘાટન નામનું પ્રાયશ્ચિત લાગે.' ત્યારે તેઓએકહ્યુંકે, 'તે પ્રાયશ્ચિત તમોને જ લાગે.' ભદ્રબાહુએ કહ્યુ કે, 'મને સંઘ બાહર ન કરો, પરંતુ જે સારી બુદ્ધિવાળા સાધુઓ હોય, તેમને અહિં મોકલાવો, તો હું મારા ધ્યાનપર્યંત દરોરજ સાત વખત તેમને પૂછેલાનો જવાબ આપીશ.' એક ભિક્ષાથી પાછા આવવાના સમય પછી, બીજી મધ્યાહ્નકાળ સમયે, ત્રીજી સંજ્ઞાએ જતાં, (૧૦૦) ચોથી દિવસના કાળ સમયે અને બાકીની ત્રણ સૂતી વખતે વાચના આપીશ.' તે પછી સ્થૂલભદ્ર વગેરે પાંચસો બુદ્ધિશાળીસાધુઓને ત્યાં ભદ્રબાહુસ્વામી પાસે મોકલ્યા, અનુક્રમે ત્યાં પહોંચ્યા અને તેમની પાસેથી પ્રતિ પૃચ્છા વડે વાચના લેવા લાગ્યા. તેમાંથી કેટલાક એક વાર, બે વાર, ત્રણ વાર વાચના સાંભળતાં પણ અવધારણ કરી શક્યા નહિં. ત્યારે સ્થૂલભદ્ર મુનિને ત્યાં રાખીને બાકીના સર્વે ત્યાંથી વિહાર કરી ગયા. ધ્યાન થોડું બાકી રહ્યું, ત્યારે ગુરુએ પૂછયું કે, 'તુંક્લેશ પામતો નથી ને ?' સ્થૂલભદ્રે કહ્યુ કે - 'હે ભગવંત ! મને લગાર પણ દુઃખ થતું નથી.' 'તો થોડો સમયરાહ જો, પછી આખો દિવસ વાચના આપીશ.' પછી આચાર્યને પૂછયું કે, 'મેં અત્યાર સુધીમાં કેટલું સૂત્ર ગ્રહણ કર્યું ?' તું અઠયાસી સૂત્ર ભણ્યો છે, તો મેરુ અને સરસવની ઉપમાએ હજુ સરસવ જેટલું ભણ્યો છે અને મેરુ જેટલુ ભણવાનું બાકી છે, છતાં આટલું ભણતાં તને જેટલો સમય લાગ્યો છે,તેનાથી ઓછા કાળે તું સર્વ દૃષ્ટિવાદ ભણી શકીશ.' અનુક્રમે બે વસ્તુ ન્યૂન દશ પૂર્વો ભણી લીધાં. એવામાં વિચરતા સ્થૂલભદ્રમુનિ સહિત ભદ્રબાહુસ્વામી પાટલિપુત્ર આવી પહોંચ્યા અને બહાર ઉદ્યાનમાં રોકાયા. તે વખતે યક્ષા વગેરે સ્થૂલભદ્રની સાતે બહેનો ગુરુમહારાજને તથા મોટા ભાઈને વંદન કરવા આવી. ગુરુમહારાજને વંદન કરીને પૂછ્યું કે, 'મોટા ભાઈ ક્યાં છે ?' ગુરુએ કહ્યું કે, 'દેવકુલિકા(દેવડી)માં સૂત્રનું પરાવર્તન કરતા આનંદથી રહેલા છે.' સાધ્વીઓને આવતા દેખીને પોતાની જ્ઞાનઋદ્ધિ બતાવવા માટે પોતે સિંહાકારરૂપે બની ગયા. તે સિંહને દેખી સાધ્વીઓ ત્યાંથી પાછી ફરીને ગુરુની પાસે જઈને કહેવા લાગી કે, 'હે ભગવંત ! ભાઈને સિંહ ખાઈ ગયો !' ગુરુએ સાધ્વીઓને કહ્યુ કે, 'તે સ્થૂલભદ્ર જ છે, પણ સિંહ નથી.' પાછી આવી, વંદના કરી, ઉભા રહ્યા, ત્યાર પછી કુશલવાર્તાપૂછી. પછી શ્રીયકે જેવી રીતે દીક્ષા લીધી, મહાપર્વના દિવસે અમોએ ખેંચાવી છેંકાવી ઉપવાસકરાવ્યો, રાત્રે કાળ કરી ગયા અને દેવલોક પામ્યા. મુનિ-બંધુ-હત્યાથી ભય પામેલી મેં તપ કરીને દેવતાનું સાંનિધ્ય કર્યું. તેની સહાયથી મહાવિદેહમાં પહોંચી અને તીર્થંકર ભગવંતને પૂછયું, ત્યાંથી બે અધ્યયન આણ્યાં, એક ભાવના અને બીજું વિમુક્તિ નામનું અધ્યયન-એ પ્રમાણે વંદન કરીને સાધ્વીઓગઈ, બીજા દિવસે નવાંસૂત્રનો ઉદેશ લેવા ગુરુ પાસે હાજર થયા, ત્યારે આચાર્યપાઠ આપતા નથી. શું કારણ ? તો કે, 'તું સૂત્રને યોગ્ય નથી.' તેથી જાણ્યું કે, 'ગઈ કાલે સિંહના રૂપને દેખાડવા

રૂપ પ્રમાદ કર્યો' તેથી આ પ્રમાણે કહે છે. 'ફરી હું આમ નહિં કરીશ' સૂરિએ કહ્યું, જો કે તુંકદાચ નહિં કરે, પરંતુ તારા પછી બીજા તો કરશે. ઘણા આગ્રહપૂર્વક વિનંતિ કરી, ત્યારે ઉપરનાં ચાર પૂર્વો એ સરતે ભણાવ્યાં કે, 'હવે તારે બીજાને ન ભણાવવાં. તથા દશમાં પૂર્વની છેલ્લી બે વસ્તુ સ્થૂળભદ્રની સાથે વિચ્છેદ પામી. તે સિવાય બાકીનું સર્વ શ્રુત બીજાને ભણાવાની અનુજ્ઞા આપી. અહિં ગણિકા અને રથિકની વૈનયિકી બુદ્ધિ પ્રસ્તુત ચાલુ વિષયમાં ઉપયોગી સમજવી. (૧૧૬)

૧૧૭ - ગાથા અક્ષરાર્થ - ગણિકા અને રથિક બંને મળી એક દૃષ્ટાંત ગણવું. આગળ સુકોશા કહી છે, તે જ જયારે શ્રદ્ધાવાળી અને શ્રાવિકા બની.સ્થૂલભદ્રના ગુણોની પ્રશંસા કરતી, તેથીસુકોશા. સ્થૂલભદ્રના ગુણો તરફ પ્રભાવિત થયેલ સુકોશાને દેખી તેને આકર્ષવા માટે આંબાની લુંબ છેદી. તેણે સરસવના ઢગલા ઉપર સોયના અગ્રભાવ ઉપર નૃત્ય કરી બતાવ્યું. કહ્યુ કે, 'અભ્યાસ કર્યો હોય, ટેવ પાડી હોય. તેને આ કાર્યો દુષ્કર નથી.' (૧૧૭)

૧૧૮-ઠંડી સાડી, લાંબુ ઘાસ બતાવી સૂચવ્યું કે, 'અહિંથી જલ્દી ચાલ્યા જવું, કૌંચપક્ષીની અવળી પ્રદક્ષિણા કરાવી જણાવ્યુ કે, 'અત્યારે રાજકુલ તમારા પ્રત્યે પ્રતિકૂળ છે.'- એમ લેખાચાર્યને મારવા પહેલાં આ ચીજો બતાવીને જણાવ્યું, તેમ સારા શિષ્યોની આવી વૈનયિકી બુદ્ધિ હોય છે.

## સુછાત્રોની કલાચાર્ય પ્રત્યે કૃતજ્ઞતા

હવે કથા દ્વારા આ દ્વાર વિસ્તારથી કહે છે - કોઈક નગરમાં કોઈક કલાચાર્યે કોઈક રાજાના પુત્રોને અતિ દાન-સન્માન-પુરસ્કાર ગ્રહણ કરીને લેખન, સંગીત આદિ કળાઓ ભણાવી. લાંબા કાળે કલાચાર્ય પાસે ઘણો જ દ્રવ્ય-સંગ્રહ થયો. લોભાંધ રાજાએતે કલાચાર્યને મારી નાખવાની ઇચ્છા કરી. આ વાત રાજપુત્રોના જાણવામા આવી. ત્યારે તે વિદ્યા ગ્રહણ કરનારા પુત્રોએ વિચાર્યું કે, "જન્મ આપનાર, જનોઈ આપનાર, વિદ્યા આપનાર, અન્ન આપનાર અને ભયથી રક્ષણ કરનાર-એ પાંચ પિતા તુલ્યકહેલા છે." - એમ કૃતજ્ઞપણાથી નીતિવાક્ય યાદ કરીને વિચાર્યું (ગ્રંથાગ્ર ૩૦૦૦) કે, કોઈ પ્રકારે અક્ષત દેહવાળા આને આ સ્થાનથી વિદાય કરાવવા. તેથી જયારે તે જમવા માટે આવ્યા, ત્યારે સ્નાન કરવાની પોતડી માગી, ત્યારે સૂકાયેલ હોવા છતા તેમણેકહ્યું કે, 'પોતડી તો ઠંડી છે - અર્થાત્કહેવાની મતલબ એ છે કે 'તમારું કાર્ય હવે ઠંડું કરવું.' તથા લાંબું તૃણ દ્વાર-સન્મુખ આપીને સૂચવ્યું કે, હવે લાંબા માર્ગે ચાલ્યા જાવ.' તથા પૂર્વે સ્નાન કરાયેલાને જમણીબાજુ કૌંચપક્ષીને ઉતાર્યો. કૌંચના આકારવાળા કળશને અવળો ઉતાર્યો. આમ કરીને લેખાચાર્યને સૂચન કર્યું કે, 'રાજાની તમારા પર ઇતરાજી-નારાજી થઈ છે.' આ પ્રમાણે કલાચાર્યને હજુ માર્યા ન હતા, તે પેહલાં સાડી વગેરે આપનાર સુશિષ્યો કૃતજ્ઞપણાથી સારા શિષ્યો થયા અને તેમની બુદ્ધિ વૈનયિકી થઈ. પેલા કલાચાર્ય અખંડિત જીવતા નીકળી ગયા. (૧૧૮)

## નેવાનું પાણી

૧૧૯- નીવ્રોદક દ્વારના ઉદાહરણમાં કોઈક વખત જેનો પતિ પરદેશ ગયેલો છે - એવી કોઈક સ્ત્રીએ કોઈ પરપુરુષ જારને ઘરમાં દાખલ કર્યો. હજામ પાસે તેનું ક્ષૌર કર્મ-નખ કપાવવા વગેરે કરાવ્યું. રાત્રે તેને તૃષા લાગી. નજીકમાં તાજું જળ ન મળતાં નેવાથી નીતરેલ એવું જળ પીવા આપ્યું, તેથી તે તત્કાલ મૃત્યુ પામ્યો. મૃત્યુની ખાત્રી થતાં દેવકુલિકાની બહાર તેનો ત્યાગ કર્યો. લોકોએ દેખ્યો, કેવી રીતે મૃત્યુ પામ્યો - એની તપાસકરી. ખરી હકીકત ન મળતાં કોઈક બુદ્ધિશાળી પુરુષે કહ્યું કે, હજામે આની હજામત તાજી કરી છે. ત્યાર પછી લોકોએ હજામોને બોલાવ્યા અને પૃચ્છા કરી કે, આનું ક્ષૌરકર્મ-હજામત કોણે કરી ? એકે જણાવ્યું કે, મેં અમુકના ઘરમાં કર્યું. જાણ્યા પછી તેને પૂછ્યું કે, શું તેં આને મારી નાખ્યો છે ? પેલીએ કહ્યું કે, તેને ઘણી તરશ લાગી, એટલે નેવાથી નીતરેલું જળ પીવા આપ્યું હતું,તેથી લોકોએ છાપરા પર તપાસ્યું, તો ત્યાં ઝેરી ચામડીવાળો ગોનસ સર્પ મળી આવ્યો. એવી રીતે વૈનયિકી બુદ્ધિના પ્રભાવથી સર્વ વૃત્તાન્તની ખબર પડી. (૧૧૯)

## બળદવિષયક દૃષ્ટાંત

૧૨૦ ગોણ-બળદ-ઘોડા અને વૃક્ષ ઉપર પડવું નામના દ્વારમાં કોઈક ગામમાં કોઈક નિર્ભાગીને નિર્વાહનું બીજું સાધન ન મળતાં મિત્ર પાસેથી બળદો મેળવીને હળ ખેડવાનું કામ શરુ કર્યું. સાંજ-સમયે મિત્રના બળદો વાડામાં પૂરી ગયો. તે વખતે મિત્ર ભોજન કરતો હોવાથી શરમથી તેની પાસે ન ગયો, પરંતુ વાડામાં લઈ જવાતા અને બંધાતા બળદોને તેણે જોયા હતા. તેને પાણી ન પાયેલું અને ચારો ન નીરેલો, તેથી બળદો બહાર નીકળી ગયા અને ચોરો તે બળદોને ઉઠાવી ગયા. મિત્રે નિર્ભાગીને પકડ્યો અને કહ્યું કે, મારા બળદો મને પાછા સમર્પણ કરી દે સમર્પણ ન કરી શકવાથી જેટલામાં રાજદરબારે લઈ જાય છે, તેટલામાં સામે માર્ગેથી ઘોડા પર બેસીને એક પુરુષ આવી રહેલો હતો. ઘોડાએ સ્વારને કોઈ પ્રકારે જમીન પર ફેંકી દીધો, એટલેપલાયમાન થતા ઘોડાને 'મારો મારો' એમ કહેવાયું ત્યારે નિર્ભાગીએ ચાબુક આદિથી એવી રીતે મર્મ પ્રદેશમાં માર્યો, જેથી તે ઘોડો મૃત્યુ પામ્યો અને ઘોડાના માલિકે તેને પકડ્યો જતાં જતાં સંધ્યા સમય થઈ ગયો એટલે નગર બહાર જ તેઓએ રાત્રિવાસકર્યો. ત્યાં આગળ કેટલાક નટો પડાવ નાખીને રહેલા હતાતેઓ સર્વે સૂઈ ગયા હતા. નિર્ભાગીએ વિચાર્યું કે, 'હવે જીવતાં મારો છૂટકારો થવાનો નથી, તો ફાંસો ખાવો-એ જ મારા માટે સારૂં છે' એમ વિચારીને દોરડીના ટૂકડાથી વડલાની ડાળી સાથે પોતાને લટકાવ્યો. દોરી જુની અને મજબૂત ન હોવાથી તરત જ તૂટી ગઈ એટલે ઝાડ પરથી નટના મુખ્ય માણસ ઉપર પડ્યો, જેથી તે મરી ગયો. નટોએ પણ ન્યાય કરાવવા માટે તેને પકડ્યો. દરેકે બનેલા વૃત્તાન્તો રાજદરબારમાં નિવેદન કર્યા. પ્રધાને નિર્ભાગીને પૂછ્યું, તેણે દરેક અપરાધો કબૂલ્યા. મંત્રીને થયું કે, 'આ બિચારો બુદ્ધિવગરનો છે.' તેના તરફ મંત્રીને મોટી અનુકંપા ઉત્પન્ન થઈ એટલે ચાલુ વૈનયિકી બુદ્ધિના પ્રભાવથી ન્યાયકરવા લાગ્યો કે 'બળદના

સંબંધમાં આંખો ઉખેડી લેવી.' કહેવાનું તત્ત્વ એ છે કે બળદના માલિક અને નિર્ભાગીને મંત્રીએ કહ્યુંકે 'તમે બંને અપરાધી છો, તેથી એક બળદના માલિક બળદો વાડામાં પૂરેલા તે જોયા હતા, તે ગુનેગારનાં નેત્રો ઉપાડી લેવાં અને બીજા નિર્ભાગીઓ જીભથી એમ ન જણાવ્યુંકે - 'મેં બળદો પાછા લાવીને વાડામાં રાખ્યા છે - એ ન કહેવા બદલ બીજા બળદો લાવીને આપવા તથા પેલાને ઘોડા આપવા, તે તેનો દંડ, વળી ઘોડાના માલિકે 'મારો મારો' એમ કહેલ એટલે તે પણ ગુનેગાર થયો, માટે તેની જિહવાને છેદવી. તથા નટનો આગેવાન જે હોય,તેણે કોઈ દોરીનો ટુકડો ગ્રહણ કરી પોતાને લટકાવી તેના ઉપર પતન કરવું.' આ પ્રમાણે નિર્ભાગીના રાજદરબારમાં ચાલતા વ્યવહારમાં (વિવાદમાં) આ સરળ અને નિર્બુદ્ધિ છે - એમ વિચારી મંત્રીએ તેના ઉપર દયા કરી, પરંતુ તેને દંડ્યો નહિં. (૧૨૦)

વૈનયિકી બુદ્ધિ સંબંધીના ઉદાહરણો પૂર્ણ થયાં. યાકિની મહત્તરાના ધર્મસૂનુ આ શ્રીહરિભદ્રસૂરિ-વિરચિત ઉપદેશપદ આ. શ્રીમુનિચંદ્રસૂરિએ રચેલ વિવરણ-સહિત ગ્રન્થનો આગમોદ્ધારક આ. શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજીના શિષ્ય આ. હેમસાગરસૂરિએ કરેલ ગૂર્જરાનુવાદમાં વૈનયિકી બુદ્ધિ-વિષયક ઉદાહરમો પૂર્ણ થયા. (સં. ૨૦૨૭ જયેષ્ઠ વદિ ૬ સોમવાર, તા ૧૪-૬-૭૧ શ્રી ગોડીજી જૈન ઉપાશ્રય, પાયધુની, મુંબઈ)

॥ नमः श्रुतदेवतायै ॥

હવે કાર્ય કરતાં કરતાં જે બુદ્ધિ ઉત્પન્ન થાય, તે કર્મજા બુદ્ધિનાં ઉદાહરણો કહે છે -

કાર્મિકી બુદ્ધિ સંબંધી ઉદાહરણો જણાવતાં સોની, લુહાર, સુથાર વગેરે કારીગરો તેના વારંવાર અભ્યાસના (મહાવરાના) કારણે તે તે કળાઓમાં વિશેષ પ્રાવીણ્ય પ્રાપ્ત કરનારા થાય છે, તેમની બુદ્ધિનો અહિં અધિકાર છે,તેઓને સુવર્ણાદિક કાર્યોમાં જલ્દી હાથબેસી જાય છે. (૧૨૧) એ જ વાતનો વિચાર કરે છે -

૧૨૨ - વગર ઘડેલા સુવર્ણનો વેપાર કરનાર અથવા તેના દાગીના વેચનાર રાતદિવસના અભ્યાસથી રાત્રે પણ આ સોનાની મહોર સાચી છે કે, બનાવટી ? તે તરત અભ્યાસના કારણે જાણી શકે છે. એટલું જ નહિ પણ આટલા સોનાનું વજન-પ્રમાણ મહાવરાથી વગરતોલ્યે આશરે જાણી શકે છે. તે જ પ્રમાણે ખેડૂત લોકો મગ, ચણા, ઘઉં વગેરે ધાન્યનાં બીજ અને આદિ શબ્દથી ક્ષેત્રના ગુણો તથા બીજને જમીનમાં કેટલા અંતરે કેમ ઉર્ધ્વમુખ કે અધોમુખ કે પડખે કેવી રીતે ઓરવું-વાવું, તેને પરિશુદ્ધપણે જાણે છે. શાથી ? પોતાના અભ્યાસ-અનુભવથી જ. **તે માટેનું ઉદાહરણ-**

## ચોરની કથા

કોઈક નગરમાં કોઈક મ્લેચ્છાચારવાળા ચોર કોઈક ધનિકને ત્યાં આઠ પત્રના પદ્માકારવાળું ખાતર પાડ્યું. અંદરથી ધન વેગરે સારભૂત પદાર્થો કાઢી લીધા.સવારે પોતાનાકાર્યથી લોકો કેવા વિસ્મય પામે છે ? તે જોવા માટે સ્નાનાદિક કરી, શાહુકાર સરખો વેષ પહેરીને તે સ્થળમાં લોકોનો વાર્તાલાપ શું થાય છે ? તે સાંભળવા જોવા-જાણવા માટે

આવી પહોંચ્યો. કેટલાક કમળ આકારના ખાતરને દેખીને વિસ્મયથી કહેવા લાગ્યાકે, 'આ ચોરની કુશળતા અને ધીઠાઈ કેવા પ્રકારની છે કે, જે પ્રાણ સંકટવાળા સ્થાનમાં પ્રવેશ કરવા છતાં પણ આવો આકાર તૈયાર કર્યો ! ખરેખર કોઈ ઉસ્તાદ-નિષ્ણાત ચોર જણાય છે. તે સાંભળીને ચોર ઘણો ખુશ થયો. વચમાં પોતાની ખાંધ ઉપર ખેતીના ઉપયોગી કોશ, ધુંસરૂં વગેરે નાખીને ખાતર જોવા એક ખેડૂત પણ આવ્યો. દેખીને તેણે કહ્યુ કે - 'અભ્યાસીને શું દુષ્કર હોય ?' તે શબ્દો ચોરે પણ સાંભળ્યા મનમાં ખીજાયો. ચોર તેને મારવાનાં શસ્ત્રો લઈ તેની પાછળ પાછળ ખેતરમાં ગયો. મસ્તકના વાળથી ખેડૂતને પકડ્યો. કહ્યું કે, 'તને મારી નાખીશ.' ખેડૂતે મારી નાખવાનું કારણ પૂછ્યું. ત્યારે જણાવ્યું કે, 'મેં કરેલા ખાતરના પદ્માકારની તેં અવગણના કરી તેથી.' પછી ખેડૂતે કહ્યું, 'ક્ષણવાર મને છૂટો કર, તને કૌતુક બતાવું.' એમ કહી એક વસ્ત્ર પાથર્યું. પોતાનું વચન સત્ય કરી બતાવવા માટે વાવવાના બીજની એક મુષ્ટિ ધારણ કરનારખેડૂતે ચોરને કહ્યું કે - 'હવે તું કહે કે - 'આ ધાન્યનાં બીજો કેટલા કેટલા આંગળના આંતરે ઉંચા નીચે પડખાના મુખે વાવું કે નાખું,તું કહે તે પ્રમાણે તારી ઈચ્છા પ્રમાણે બીજો અહીં પાડું.' ચોરે કહ્યાપ્રમાણે બીજો પાડ્યાં, જેથી ચોર ખુશ થઈને પાછો ચાલ્યો ગયો. (૧૨૨)

## વણકર

૧૨૩ - એવી રીતે વણકર પણ સૂતરના દડા દેખી કે હાથમાં લઈ તેનું માન-તાંતણાઓનું પ્રમાણ, તેમ જ વણવાના વસ્ત્રોનું પ્રમાણ કેટલું થશે ? તે બરાબર જાણી શકે છે. તથા કડછીથી પીરસતો હોશિયાર રસોયો પણ મોટી પંક્તિમાં બેઠેલા જમનારાઓને પોતાના અભ્યાસથી એક સરખું પીરસે છે, પણ ન્યૂનાધિક નહિં. (૧૨૩)

## મોતીપરોવનાર

૧૨૪ - મોતી પરોવનાર મોતી ઉછાળીને પોતાને વારંવાર પરોવવાનો મહાવરો હોવાથી સુવ્વરના કંઠકેશમાં એટલે કે તેનો અક્કડવાળ સોય માફકઉભો રાખી તેમાં મોતીનો પ્રવેશ કરાવે છે. મોતી પરોવનારા પોતાની હથોટી-દરરોજના અભ્યાસના કારણે વાળને નીચેથી પકડી વાળનું મુખ ઉંચુ રાખી મોતી અદ્ધર એવી રીતે નાખે કે, તેના છિદ્રમાં નક્કી વાળ પરોવાઈ જાય. તેમ જ હોંશિયાર ઘીનો વેપારી પોતાના દરરોજના મહાવારથી ઘીના ગાડવામાં ગાડા ઉપર ઉભો રહી ઘીની ધાર એવી રીતે નાખે કે, સીધી બહાર વેરાયા વગર ઘીના ભાજનના મુખમાં જ પડે. (૧૨૪)

## તરનાર

૧૨૫ - તરવાનું જાણનારા તારુઓ વહાણનો ત્યાગ કરીને, નદી સરોવર વગેરે મોટા જળાશયોમાં બૂડ્યા વગર તરે છે,તેમ જ તેવા પ્રકારના અભ્યાસથી આકાશમાં પણ તરે છે. તેમ જ ફાટેલા વસ્ત્રને તૂણનારા બીજો કોઈ પણ માણસ સાંધો ન દેખી શકે તેમ, જલ્દી

અભ્યાસથી સાંધી આપે છે.જેમ કે, મહાવીર ભગવંતના ખભા ઉપરના વસ્ત્રને તૂણી આપ્યું હતું તેમ. તે આ પ્રમાણે-સાંવત્સરિક દાનપૂર્વક મહાવ્રતો અંગીકાર કર્યાં, તે વખતે ઇન્દ્રે મહાવીરના ખભા ઉપર સ્થાપન કરેલા દેવદૂષ્ય વસ્ત્રને કુંડનામના ગામેથી બહારના દેશમાં વિચરતા હતા ત્યારે, દાનકાળના નજીકના સમયે ગૃહસ્થપર્યાયવાળા બ્રાહ્મણ મિત્રે આવીને પ્રાર્થના પૂર્વક ઉપરોધ કરતાં તેને અર્ધ દેવદૂષ્ય આપ્યું. કંઈક અધિક એવા એક વરસ પછી સુવર્ણવાલુકા નદીના કિનારા પર ઉગેલા કાંટાળા વૃક્ષમાં ખેંચાવાથી ભૂમિ ઉપર બાકીનું વસ્ત્રાર્ધ પડી ગયું. એટલે પાછળ પાછળ ચાલતા એવા તે જ બ્રાહ્મણે ગ્રહણ કર્યું. આ બીજો ટુકડો પણ તે તૂણનારને આપ્યો તેણે પણ બંને ટૂકડાઓને એવી સીફતથી જોડી દીધો કે, ત્યાં સાંધો કોઈદેખી શકતા નથી.તેનું મૂલ્ય જે અસલનું હતું,તેવું જ તૂણાયા પછી પણ મૂલ્ય પ્રાપ્ત થયું. (૧૨૫)

## સુથાર

૧૨૬ - સુથારને રથ, શિબિકા, વગેરે વાહન, ગાડા, ધુંસરૂં આદિ બનાવવામા લાકડાનાં કેટલાં પાટિયા, તેનું પ્રમાણ કેટલું જોઈએ ? જાડા-પાતળા, લાંબા-ટૂંકા કટેલા જોઈએ ? તેનું જ્ઞાન અભ્યાસથી થઈ જાય છે. ઘડીને બનાવવા લાયક એવાં વપરાશનાં સાધનો અભ્યાસથી જલ્દી તૈયાર કરી શકે છે. આગળ કહેલા સોનીના ઉદાહરણ માફક એ જ પ્રમાણે કંદોઈને પણ મીઠાઈ અગર ખાવાની વાનગીઓમાં કેટલા અડદ, મગ, ઘઉં વગેરેના લોટ-પડસુંદી અને તેમાં જરૂરી ઘી, ખાંડ, તેલ, મશાલા કેટલાક પ્રમાણ વજનવાળા જોઈએ? તેનું પ્રમાણજ્ઞાન પણ કાર્મિકી બુદ્ધિના પ્રભાવથી થાય છે. (૧૨૬)

## કુંભાર

૧૨૭- કુંભારને ઘડા વગેરે માટીનાં સાધનો બનાવનારને બનાવવાની વસ્તુમાં કેટલો માટીનો પિંડ જોઈશે ? તેનું જ્ઞાન દરરોજના મહાવરાથી થાય છે.તે જ ચક્ર ઉપરથી ઘડાઈને તૈયાર થયેલ ઘડા, નળિયાં, શકોરાં,કુંડાં લગાર સૂકાઈ જાય, એટલે તેને તરત દોરીથી છૂટા પાડે છે. એ પ્રમાણે ચિત્રકાર પણ વિવિધ લાલ,લીલા, પીળા, વાદળી રંગોનું પ્રમાણ ચિતરવામાં કેટલું જરૂરી છે ? તે પણ કાર્મિકી બુદ્ધિથી જાણી શકે છે. જાણે જીવતા હોય તેવા હાથી, ઘોડા વગેરેનું ચિત્રામણ આબેહૂબ ચિત્રે છે. તે પણ કાર્મિકી બુદ્ધિના અનુસારે જાણવું. (૧૨૭)

કાર્ય કરવાના મહાવરાથી-અભ્યાસથી થતી કાર્મીકી મતિના ઉદાહરણો પૂર્ણ થયાં.

નમઃ શ્રુતદેવતાયે । હવે પારિણામિકી બુદ્ધિનાં ઉદાહરણો કહે છે : -

**૧૨૮ - પારિણામિકી બુદ્ધિ ઉપર અભયકુમારનું ઉદાહરણ -**

રાજગૃહ નામના નગરમાં શત્રુરાજાના મદને ઉતારી નાખનાર ક્ષાયિક સમ્યકત્વી જગતમાં પ્રસિદ્ધ શ્રેણિક નામના રાજા હતા. તેમને ચારે પ્રકારની બુદ્ધિવાળો, પહેલાં પણ

વિસ્તારેલા નિર્મલગુણગણવાળો અને અત્યારે પણ જેમનો યશ લોકોમાં વિસ્તરેલો છે-એવો અભય નામનો પુત્ર અને મંત્રી હતો. હવેઉજ્જયિની નગરીના ઘણા સૈન્ય પરિવારયુક્ત પ્રદ્યોતન રાજા રાજગૃહને ઘેરી લેવા આવતોહતો. આથી ચિત્તમાં ભય વહન કરતા શ્રેણિક રાજાને અભય મંત્રીએ કહ્યું કે, 'તમે થોડી પણ બીક ન રાખશો, હું તેઓને હમણાં જ હાંકી કાઢું છું.' તેમને લડવા આવતા જાણીને તેમની સાથે આવનારા બીજા ખંડિયા રાજાનાં પડાવ સ્થાનોની ભૂમિમાં લોઢાના ઘડાઓની અંદર સોનામહોરો ભરીને એવી રીતે દટાવી કે, જે કોઈ બીજો મેળવી ન શકે. ત્યાર પછી તેઓ સર્વે આવ્યા અને પોતપોતાના યોગ્ય સાથે પડાવ નાખ્યો. પ્રદ્યોત રાજા સાથે શ્રેણિકને મોટો સંગ્રામ થયો. કેટલાક દિવસોપછી અભયે અંતર જાણીને તેની બુદ્ધિનો ભેદ કરવા માટે પ્રદ્યોતન ઉપર એક લેખ મોકલ્યો કે 'તમારા સર્વે રાજાઓને શ્રેણિક રાજાએ ઉપકારથી દબાવીને ફોડી નાખ્યાછે તે સર્વે મળીને તરતમાં જ તમોને શ્રેણિક રાજાને સ્વાધીન કરશે. આ બાબતની જો મનમાં શંકા હોય તો અમુક રાજાના અમુક પ્રદેશમાં તમે ખોદાવીને ખાત્રી કરો.' તેણે ખોદાવીને ખાત્રી કરી તો સોનામહોરો ભરેલા ઘડા દેખ્યા, એટલે એકદમ પ્રદ્યોત રાજા ત્યાંથી નાઠો. શ્રેણિક રાજા તેની પાછળ પડ્યા અને તેનું સૈન્ય વેરવિખેર કરાવી નાખ્યું. કોઈપ્રકારે સર્વે રાજાઓ ઉજ્જેણી નગરીએ પહોંચી ગયા અને કહેવા લાગ્યાકે, 'હે સ્વામી ! અમે એવી લાંચ લેનારા અને તમને સોંપી દેનારા અધમ કાર્યકરનારા નથી, પરંતુ આ સર્વ અભયકુમારનું કાવત્રું છે.' પોતાને પાકીખાત્રી થઈ. એટલે કોઈક સમયે સભામાં કહેવા લાગ્યોકે - 'એવો કોઈ નથી કે, જે અભયને મારી પાસે આણે.' તેમાં એક ચતુર ગણિકાએ આ બીડું ઝડપ્યું અને સાથે માગણી કરી કે, 'મને સાથે આટલી સામગ્રી આપો. મધ્યમ વયની સાત ગણિકા-પુત્રીઓ સહાય કરનારા કેટલાક વૃદ્ધ પુરુષો, તેમ જ માર્ગમાં ખાવા માટે ઘણું ભાથું આપ્યું. પહેલાં આ ગણિકાઓએ સાધ્વીઓ પાસે બનાવટી શ્રાવિકાપણું શીખી લીધું. એમ કર્યા પછી બીજાં ગામો અને નગરોમાં કે જ્યાં સાધુઓ તથા શ્રાવકવર્ગ હોય ત્યાં જાય. એમ ગામે ગામની યાત્રાઓ કરતા ઘણા પ્રખ્યાતિ પામ્યા. ક્રમે કરી રાજગૃહની બહાર ઉદ્યાનના મંદિરોમા વંદન-દર્શન કરવા ગયા. ચૈત્યપરિવાટી કરતાં કરતાં અનુક્રમે અભયકુમારના ઘર-દેરા સરમાં આવ્યા અને 'નિસીહી' પૂર્વક પ્રવેશ કર્યો.ત્યારે ઘરેણાં ન પહેરેલા તેમને દેખીને અભયે પણ ઉભા થઈ ખુશી થઈને કહ્યુ કે, 'નિસીહિયા કહેનારનું સ્વાગત કરૂ છું.' ગૃહચૈત્યો બતાવ્યાં. ચૈત્યવંદનાદિ-વિધિ કર્યો. ત્યાર પછી અભયને પણ પ્રણામ કરી ક્રમે કરી આસન ઉપર સર્વે બેઠા.તીર્થંકર ભગવંતોની જન્માદિ કલ્યાણક-ભૂમિઓને વિષે વિનય પૂર્વક નમ્ર શરીરવાળી અત્યંત ભાવપૂર્વક તે સર્વેને વંદન કરાવે છે. અભયકુમાર પૂછયું કે, 'ક્યાંથી આવવાનું થયું છે ?' તો કે 'અવંતીનગરીમાં અમુક શેઠ મૃત્યુ પામ્યા અને તેમના પુત્રો પણ મૃત્યુ પામ્યા. હું અને આ મારી પુત્રવધુઓ છે. પતિ મૃત્યુપામ્યાપછી અમે વૈરાગ્ય પામ્યા છીએ. દીક્ષા લેવાની અભિલાષા થયેલી હોવાથી અને દીક્ષા લીધા પછી અધ્યયન કરવું. વિહારાદિ કરવા, તેમાં રોકાયેલા રહેવું પડે, જેથી કલ્યાણક ભૂમીઓ-તીર્થભૂમિઓનાં દર્શન-વંદન ન કરી શકાય-આથી અમો ચૈત્યાદિકના દર્શન, તીર્થભૂમીઓની ફરસના કરવા નીકળેલા છીએ. અભયે પૂર્ણ ભાવથી તેમને કહ્યું કે, 'આજે

તમો મારા પરોણા થાઓ.' તેઓએ કહ્યું કે, 'આજે કલ્યાણક હોવાથી અમારે ઉપવાસછે.' કોમલ મધુર વચનોથીકેટલીક ધર્મ-ચર્ચાઓ કરી લાંબા સમય સુધી બેસી પોતાના સ્થાને ચાલીગઈ. તેમના શ્રાવકપણાના ગુણોથી આકર્ષાયેલો અભય બીજા (૨૫) દિવસે પ્રભાતે એકલો અશ્વારૂઢ થઈ તેમની સમીપે ગયો અને કહ્યું કે, 'આજે તો પારણું કરવા માટે ઘરે ચાલો.' પેલીએ અભયનેકહેવા લાગી કે, 'પ્રથમ તમે અહિં અમારે ત્યાં પારણું કરો' એમ જ્યારે તેઓ બોલી એટલે અભય વિચારવા લાગ્યો કે - 'જો હું તેમના કહેવા પ્રમાણે અમલ નહીં કરીશ. તો નક્કી આ મારે ત્યાં નહીં આવે' તેથી અભયે ત્યાં ભોજન કર્યું. મૂર્ચ્છા પમાડનાર અનેક વસ્તુથી તૈયાર કરેલ મદિરાનું પાન કરાવ્યું, એટલેસૂઈ ગયો. અશ્વ જોડેલા રથમાં સુવરાવી એકદમ પલાયન કરાવ્યો. બીજા પણ આંતરે આંતરે ઘોડાઓ જોડેલા રથો તૈયાર રખાવ્યા હતા. તેની પરંપરાથી અભયને ઉજ્જેણીમાં લાવ્યા અને ચંડપ્રદ્યોત રાજાને સમર્પણ કર્યો.અભયેપ્રદ્યોતને કહ્યું કે, 'આમાં તમારી પંડિતાઈ ન ગણાય.કારણ કે અતિકપટી એવી આ ગણિકાઓએ ધર્મના નામે મને ઠગ્યો છે, જેનાથી આખું જગત ઠગાયું છે. જે કારણથી કહેવાય છે કે - (૩૦)

"અમાનુષી એવી પક્ષી સ્ત્રીઓમાં વગર શીખવે પણ ચતુરાઈ દેખાય છે, તો પછી જે કેળવાયેલી હોય, તેની તો વાત જ શી કરવી ? આકાશમાં ગમન કરતાં પહેલાં કોયલો પોતાનાં બચ્ચાંને બીજા પક્ષીઓ (કાગડીઓ) પાસે પોષણ કરાવે છે."

આ પ્રમાણે અભયે જયારે કહ્યું ત્યારે તેવાં તેવાં વચનોથી અભયને વચનથી બાંધી લીધો કે જયાં સુધી મુક્ત કરવામાં ન આવે,ત્યાં સુધી તે પોતાના રાજયમાં પગ પણ ન મૂકી શકે.'

પૂર્વે આણેલી ભાર્યા તેને ભળાવી. તેની ઉત્પત્તિ જણાવેછે - એક વિદ્યાધર શ્રેણિક રાજાનો મિત્ર હતો.તેની સાથે કાયમી સ્થિર મૈત્રી ટકાવવાનીઈચ્છાથી પોતાની સેના નામની બહેન વિદ્યાધરને આપી હતી.તેની સાથે મોટો સ્નેહ પણ રાખતો હતો. આને કોઈપ્રકારે આગલી પત્નીઓની ઉપર સ્થાપન કરવી.સ્વપ્નમાં પણ એનું અપ્રિય ન કરવું અને સ્નેહ રાખવો.સૌભાગ્યલાવણ્ય ગુણથી તેને અતિ મનપ્રિયા થઈ પરંતુ આગલી અંતઃપુરની વિદ્યાધરીઓ તેના તરફ ઈર્ષ્યા-કોપ કરવાલાગી.આ માનુષીએ આપણું માન કેમ ઘટાડ્યું ? એમ વિચારીને કંઈક બાનું-અપરાધ ઉભો કરીને ઝેર આદિના પ્રયોગથીતેને મરાવી નાખી. તેને એક નાની પુત્રી હતી.રખેને તેને મારી ન નાખે-એમ ભય પામેલા પિતાએ શ્રેણિક રાજા પાસે લાવીને સોંપી અને શોકકરવા લાગ્યો. જયારે યૌવન પામી ત્યારે તે કન્યા અભયને આપી,તેના ઉપર અભયને ઘણો સ્નેહ હતો.પરંતુ ઈર્ષ્યાલુ બીજી શોક્યોને આ વિદ્યાધરી ઉપર દ્વેષ થવાથી તેનાં છિદ્રો-અપરાધો ખોળતી હતી અનેક ક્ષુદ્ર-તુચ્છ વિદ્યાઓની સાધના કરેલી ચંડાલણીઓને ખુશકરી, એટલે તેઓ આવીને આ શોક્યોને પૂછવા લાગી કે, 'અમારું તમને શું પ્રયોજન પડ્યું છે ?' ત્યારે તેઓએ કહ્યું કે - 'આ વિદ્યાધરની પુત્રી અમારી ઘણી હલકાઈ-લઘુતા કરે છે, અમારી પાછલ પડી છે, તો હવે તે અમને હેરાન ન કરે, તેમ પ્રયત્ન કર.' એમ તેઓએ નિવેદન કર્યું, એટલેમાતંગીઓ કહેવા લાગી કે, 'તેને વગર શોભાવાળી બેડોળ દેખાવની કરીએ, જેથી તરત પતિ તેના તરફ વૈરાગી બને,' એમ વિચારીને નગરમાં

અતિભયંકર મરકી ફેલાવી લોકો મરવા લાગ્યા, એટલે અભયે માતંગીઓને કહ્યું કે, 'મરકી થવાનું કારણ શું છે ? તે તમે જલ્દી તપાસ કરી લાવો." તે વાતનો સ્વીકાર કર્યો. તેની પ્રિયતમાના શય્યાગૃહમાં મનુષ્યોનાં હાડપિંજર વગેરે વિકુર્વીને નાખ્યાં, તથા મુખ લોહીથી ખરડીને કુદ્રૂપું બનાવ્યું. રાજાને નિવેદન કર્યું કે, 'હે દેવ ! તમારા ઘરમાં જ મારીની તપાસ કરો, જ્યાં તપાસ કરી તો રાક્ષસી સરખા રૂપવાળી તેને દેખી. ફરી માતંગીઓને આજ્ઞા કરી કે, રાત્રે શેરીમાં તેનો ઘાત કરવો-કે જેથી કોઈ ક્યાંય પણ નગરલોક ન જાણી શકે, પરંતુમાતંગીઓને દયા આવવાથી,તે જ તે નિર્દોષ છે- એમ મનમાં વિચારીતેને દેશના સીમાડે લઈ ગઈ. ભય પમાડીને તેનો ત્યાગ કર્યો.બિચારી દીનમુખવાળી રુદન કરતી વનમાં એકદમ પલાયન થતાં તેણે ગહન અટવીમાં પ્રવેશ કર્યો. ત્યાં તપાસોના જોવામાં આવી. તેઓએ પૂછયું કે, 'હે ભદ્રે ! તું ક્યાંથી આવી છો ?' તેણે પણ પોતાનું સમગ્રચરિત્ર જણાવ્યું કે, 'શ્રેણિકના વંશમાં ઉત્પન્ન થયેલી છું, તું તો અમારી દૌહિત્રી છે. એમ કરીને કેટલાક દિવસ ત્યાં રાખી.ત્યાર પછી કેટલાક દિવસપછી મોટા સાર્થ સાથે ઉજ્જેણીમાં ગઈ અને ત્યાં શિવાદેવીને સમર્પણ કરી. (૫૦) આ પ્રમાણે જેનાં સમગ્ર શંકાસ્થાનો અને દોષો ચાલ્યાંગયાં છે - એવી તેની સાથે અભય સંસારના સારભૂત એવા વિષયો ભોગવતો હતો.

હવે પ્રદ્યોત રાજાને ચારરત્નો ઘણાં પ્રિય હતાં. એક ૧ શિવાદેવી ૨ અગ્નિ ભીરુ નામનો રથ, ૩ અનલગિરિ હાથી. અને ૪ લોહજંઘ નામનો લેખવાહક (દૂત) તેને જો ઉજ્જેણીથી દિવસેસવારે રવાના કર્યો હોય, તો ૨૫ યોજન દૂર રહેલ ભરૂચ નગરે સંધ્યા સમયે પહોંચી જાય. હવે ભરુચ-નિવાસી લોકો વિચારવા લાગ્યા કે, 'આ પવનવેગને મારી નાખીએ.' બીજો કોઈ ગણતરી કરાયતેટલા લાંબા દિવસે ઉજ્જેણીથી અહિં આવે છે,જ્યારે આ લોહજંઘ તરત આવીને વારંવાર રાજાની આજ્ઞા લાવીને આપણને હેરાન-પરેશાન કરે છે' તેથી વજ્જંઘ (લોહજંઘ)ને ભરૂચવાસીઓ માર્ગમાં ખાવા માટે ભાતું આપવા લાગ્યા.તે લેવા ઈચ્છતો ન હતો. છતાં પરાણે અપાવ્યું. તેમાં ખરાબ દ્રવ્યો મેળવીને લાડવારૂપ તેને બનાવ્યું તેનાથી એક કોથળી ભરીને કેટલાક યોજન ગયાપછી ભોજન કરવા તૈયારી કરવા લાગ્યો. કોઈક પક્ષીએ તેને અટકાવ્યો તેથી ઉભો થઈને ફરી ઘણે દૂર જઈને ખાવા લાગ્યો, તો ત્યાં પણ એવી રીતે ખાતાં અટકાવ્યો. એ જ પ્રમાણે ત્રીજી વખત પણ તેને લાડવો ખાતાં રોક્યો. વિચાર્યું કે, આમાં કંઈ પણ અભ્યંતરકારણ હોવું જોઈએ. પ્રદ્યોત રાજાના ચરણ-કમળ પાસે જઈ પોતાનું કરેલું કાર્ય નિવેદન કર્યું. તથા ભોજનમાં વારંવાર કેમ વિક્ષેપ આવ્યો ? તે માટેરાજાએ અભયને બોલાવીને પૂછયું કે, 'આમાં શો પરમાર્થ છે ?' એટલે ભાતાની કોથળી સૂંઘીને કહ્યું કે, 'આમાં ખરેખર ખરાબ દ્રવ્યોભેગાં કરીને લાડવો બનાવ્યોછે અને તે દ્રવ્યોના સંયોગથી દૃષ્ટિવિષ સર્પ ઉત્પન્ન થયો છે.તે કોથળી ઉઘાડતાં જ સાચેસાચ તે પ્રગટ દેખાયો.હવે આ સર્પનું શું કરવું ? 'અવળા મુખે અરણ્યમાં તેને છોડી દેવો.' મૂકતાની સાથે જ તેની પોતાની દૃષ્ટિથી વનો બળીને ભસ્મ બની ગયાં, તેમ જ અંતમુર્હૂર્તમાં તે મરી ગયો. એટલે પ્રદ્યોત રાજા અભય ઉપર પ્રસન્ન થયો અને કહ્યું કે, 'બંધનમુક્તિ સિવાય બીજું વરદાન માંગ,' તો અભયે કહ્યુ કે, 'હાલ આપની પાસે થાપણ તરીકે અનામત રાખી મૂકો.'

કોઈક સમયે અનલગિરિ નામનો હાથી તેને બાંધવાનો સ્તંભ ભાંગીને મદાકુલ બની દોડાદોડી કરવાલાગ્યો - એને પકડી પણ શકાતો નથી, તો રાજાએ અભયને પૂછયું.તેણે પ્રત્યુત્તર આપ્યોકે, 'વત્સદેશાધિપતિ ઉદયન નામનારાજા પ્રદ્યોતની પુત્રી વાસવદત્તા જે કળાઓમાં અને સંગીતમાં ઘણી કુશળ છે. તે કાળે ઉદયન સિવાય બીજો કોઈ ગંધર્વકળામાં પ્રધાન નથી,તેને વાસવદત્તાને શીખવવા માટે પકડી લાવવો જોઇએ. તેને ક્યા ઉપાયથી પકડી શકાય ? એમ અભયને પૂછયું, ત્યારે કહ્યું કે, 'તે જ્યાં હાથીને દેખે, ગાતાં ગાતાં તેને વશક રીને બંધનસ્થાને લાવે, પરંતુ તેમાં ખેંચાયેલા પોતાને તે ખ્યાલ ન રહે. તેણે પણ યંત્રમય હાથી કરાવ્યો અને મૂક્યો. દેશના સીમાડે તેને ફેરવે છે - ચરાવે છે, વનમાં રહેનાર લોકોથી વૃત્તાન્ત જાણ્યો, એટલે વત્સાધિપ સૈન્યસહિત તેની પાસે ગયો. સૈન્યને છોડીને પોતે મધુર શબ્દથી દિશાઓને પૂરવા લાગ્યો, જ્યાં ગાવા લાગ્યો, એટલે હાથી માટીના લેપવાળો જાણે બનાવેલો ન હોય તેમ સ્થિર બની ગયો. જ્યાં તેની નજીક ગયો,ત્યારે પહેલા છૂપાવીને રાખેલા પુરુષોએ પકડીને તેને ઉજ્જેણી નગરીમાં પહોંચાડ્યો. ઉદયન રાજાએ પ્રદ્યોત રાજાને કહ્યું કે, 'મારી એક કાણી પુત્રી છે, તેનેસંગીત શીખવવું, પરંતુ તેને નજરે દેખવી નહિ.કારણ કે, લજ્જા પામે,' વાસવદત્તાને પણ કહ્યું કે, 'તને ભણાવનાર અધ્યાપક શરીરે કોઢ રોગવાળા છે, માટે તારે પણ તેને ન દેખવો અને અનાદર પણ ન કરવો, પરંતુ હે વત્સે ! તારે વિનય-આદરથી સંગીતકળા શીખવી.' બંને વચ્ચે પડદો રાખીને તેને શીખવવાનું શરુ કર્યું. ઉદયનના સુંદર સ્વરના શબ્દથી વનનાં હરિયા જેમ ગાયનના શબ્દથી,તેમ વાસવદત્તા પણ આકર્ષાઈ. 'આ કુષ્ઠી છે, તેથી તેને જોઈ શકાતો નથી, જોવાથી અમંગલ થાય,છતાં અત્યંત કૌતુકી બનેલી તે વિચારવા લાગી કે, 'આને કેવી રીતે દેખવો ?' તેમાં મૂઢ બનેલી વાસવદત્તા સ્વરને બરાબર પકડતી નથી, ત્યારે રોષાયમાન થયેલા ઉદયને કહ્યું કે, 'હે કાણી ! આમ ચંચળતા રાખીકેમ ભણે છે ?' તેણે પણ રોષપૂર્વક પ્રત્યુત્તર વાળ્યો કે, 'હે કોઢિયા ! તમે પોતાને તો જાણતા નથી.' નક્કી હું જેવો કુષ્ઠી છું. તેવી જ આ કાણી હશે.' એમ વિચારીને પડદો ખસેડી નાખ્યો. અને દેખ્યું તો નિષ્કલંક ચંદ્ર સરખા ઉજ્જવલ અને આહલાદકા સર્વાંગવાળી તેને દેખી, તેમજ તેણે કામદેવ સરખા મનોહર રૂપવાળા ઉદયન રાજાને પણ જોયો. પ્રૌઢ સ્નેહાધીન બનેલા તેઓનું મીલન નિરંકુશપણે થયું. માત્ર કંચનમાલા નામની દાસી, જે તેની ધાવમાતા હતી, તેને આ હકીકતની ખબર હતી, પરંતુ બીજા કોઈ આ વાત જાણતા ન હતા.

હવે કોઈ વખત હાથી બાંધવાના સ્તંભથી અનલગિરિ હાથી એકદમ મદોન્મત્ત ગાઢ મદવાળો બની છૂટી ગયો, ત્યારે રાજાએ અભયને પૂછયું કે, 'શું કરવું ?' ત્યારે અભયેકહ્યું, 'ઉદયન રાજા જો વાસવદત્તા કન્યાની સાથે ભદ્રવતી હાથણી ઉપર બેસીને ગાયન સંભળાવે,તો હાથી વશ થાય.' તે પ્રમાણે તેમને અનલગરિ પાસે જઈ ગાયન કરવા કહ્યું, ગાયન ગાયું, હાથી વશ થયો, એટલે બાંધી લીધો. ફરી અભયને વરદાન આપ્યું, એટલે નિધાનરૂપે રાખ્યું. (તે જ હાથણી ઉપર બેઠેલા ઉદયન અને વાસવદત્તા સંકેત પૂર્વક ત્યાંથી નીકળી ગયા.)

ઉદયને પ્રથમથી જ હાથણીના મૂત્રના ચાર ઘડાઓ સાથે રાખેલા જ હતા.પછી વાસવદત્તા સહિત ઉદયન પોતાના નગર તરફ પલાયન થઈ ગયો. પ્રદ્યોત અનલગિરિ હાથીને જ્યાં તૈયાર કરે છે, તેટલામાં હાથણી તો પચ્ચીશ યોજન આગળ નીકળી ગઈ, તૈયાર થયેલો અનલગિરિ હાથી તેની પાછળ દોડતો દોડતો ઘણા નજીક પ્રદેશમા આવી પહોંચ્યો, એટલે હાથણીના મૂત્ર ભરેલો એક ઘડો ત્યાં નાખ્યો, એટલે પાછળ આવતો હાથી તે મૂતર સૂંઘવાલાગ્યો,એટલામાં હાથણી બીજા પચ્ચીશ યોજન આગળ ચાલી ગઈ. એમ ત્રણ મૂતરના ઘડા ત્યાં પચ્ચીશ પચ્ચીશ યોજનના આંતરે ફોડ્યા, હાથી તે દરેકને સૂંઘવા ખોટી થતો, એટલામાં હાથણી આગળ દોડી જતી. એમ કરતાં વાસવદત્તા સાથે ઉદયન કૌશાંબી પહોંચી ગયો. વાસવદત્તા ઉદયનની અગ્રમહિષી બની, તે તેને પોતાના જીવિત કરતાં પણ અધિકપ્રિયહતી એમ અવંતીમાં અભયને કેટલોક કાળ પસાર થયો.

કોઈક સમયે અવંતીમાં રાક્ષસી અગ્નિ ઉત્પન્ન થયો કે જેધૂળ, પાષાણ, ઈંટાળા વગેરેથી પણ વધારે સળગે છે. એમ કરતાં મોટો ભયંકર નગરદાહ ઉત્પન્ન થયો, ત્યારેરાજા ચિંતવવા લાગ્યોકે, 'અત્યારે અહિં કેવી વિપરીત આપત્તિ ઉભી થઈ છે !' અભયને પૂછયું, ત્યારે તેણે કહ્યું કે - 'જાણકાર લોકોનુ એવું કથન છે કે, 'આ વિષયમાં લુચ્ચા પ્રત્યેલુચ્ચાઈ અને ઝેરનું ઔષધ ઝેર, તેમ અગ્નિનો શત્રુ અગ્નિ અને થીજેલાનો શત્રુપણ અગ્નિ-ઉષ્ણતા છે.' ત્યાર પછી જુદી જાતિનો અગ્નિ વિકુર્વ્યો તે પ્રયોગથી નગરદાહ શમી ગયો. એમ ત્રીજું વરદાન મેળવ્યું અને તે થાપણતરીકે હાલ રાજા પાસે અનામત રખાવ્યું.

કોઈ વખત ઉજ્જેણી નગરીમાં ભયંકર રોગચાળો ઉત્પન્ન થયો. અભયને ઉપાય પૂછતાં તેણે આ પ્રમાણે પ્રત્યુત્તર આપ્યો -

'અંત:પુરની બેઠકસભામાં શૃંગાર કરેલા દેહવાળી અને વસ્ત્રાભૂષણથી સજ્જ થયેલી સર્વ રાણીઓ તમારી પાસે આવે અને જે કોઈ જલ્દી તમને પોતાની દષ્ટિથી જિતે, તે મને જણાવો.' તે પ્રમાણે કરતાં શિવાદેવી સિવાય તમામ રાણીએ અધોમુખ કર્યું, એટલે રાજાએ અભયને કહ્યું કે, 'તારી માતા સરખી શિવાએ મને જિત્યો.' એટલે અભયેકહ્યું કે, 'એક આઢક પ્રમાણ બલિ ગ્રહણ કરી, વસ્ત્રરહિતપણે રાત્રે તે કોઈ ગવાક્ષ વગેરે સ્થલમાં ભૂત ઉભું થાય,તેના મુખમાં બલિ-કૂર ફેકવું.' તેમ કર્યું, એટલે અશિવ-ઉપદ્રવ શમી ગયો. ત્યારે ચોથું વરદાન મેળવ્યું. અભયે વિચાર્યું કે, 'પારકા ઘરે કેટલા દિવસ સુધી રોકાઈ રહેવું ?'

હવે આગળ વરદાનની થાપણ રાખેલી, તે રાજા પાસેથી માગે છે. તે આ પ્રમાણે 'અનલગિરિ હાથી પર આપ મહાવત બનો. અગ્નિભીરુ રથમાં લાકડાં ભરીને શિવાદેવીના ખોળામાં બેસી (૧૦૦) હું અગ્નિમાં પ્રવેશ કરું -' આવી મારી છેલ્લી ઈચ્છા છે, તો આપેલા વચનનું પાલન કરો.

એટલે પ્રદ્યોતે વિચાર્યું કે, હવે અભય પોતાના સ્થાને જવા માટે ઉત્કંઠિત થયો છે. એટલે મોટા સત્કાર કરવા પૂર્વક અભયને વિસર્જિત કર્યો. ત્યારે અભયકુમારે કહ્યું કે,'તમે મને ધર્મના બાને કપટથી અહીં અણાવ્યો છે. જો હું દિવસના સૂર્યની સાક્ષીએ બૂમ-બરાડા

પાડતાં તમને નગરીલોક-સમક્ષ બાંધીને અભય નામને જાહેર કરતો ન હરી જાઉં, તો મારે અગ્નિમાં પ્રવેશ કરવો.' આવી પ્રતિજ્ઞા કરીને રાજગૃહમાં પહોંચ્યો. કેટલાક દિવસ ત્યાં રોકાઈને પછી સમાન આકૃતિવાળી બે ગણિકા-પુત્રીઓને સાથે લઈને વેપાર કરવા કેટલુંક કરિયાણું સાથે લઈને વેપારીનો વેષ ધારણ કરીને ઉજ્જેણીમાં અપૂર્વ દુર્લભ પદાર્થોનો વેપાર શરુ કર્યો. રાજમહેલના માર્ગે રહેવાને એક બંગલો રાખ્યો. પ્રદ્યોત રાજાએ કોઈકદિવસે વિશેષ પ્રકારના વસ્ત્રાભૂષણની સજાવટ કરેલી તે બંને સુંદરીઓને ગવાક્ષમાં રહેલી દેખી. વિશાળ ઉજ્જવલ પ્રસન્ન દૃષ્ટિથી બંનેએ રાજા તરફ નજર કરી. તેના ચિત્તને આકર્ષવા માટે મંત્ર સમાન બે હાથ જોડી અંજલિ કરી. તેના તરફ આકર્ષાયેલા મનવાળો તે રાજા પોતાના ભવન તરફ ગયો. પરસ્ત્રી લોલુપતાવાળા રાજાએ તેમની પાસે દૂતી મોકલી. કોપાયમાન થયેલી એવી તે બંનેએ દાસીને હાંકી કાઢતાં કહ્યું કે, 'રાજાનું ચરિત્ર આવું ન હોઈ શકે.' ફરી બીજા દિવસે આવીને દાસી પ્રાર્થના કરવા લાગી, તો રોષવાળી તેમને તિરસ્કાર કર્યો. વળી કહ્યું કે, 'આજથી સાતમા દિવસે અમારા દેવમંદિરમાં યાત્રામહોત્વ થશે. ત્યારે અમારો એકાંત મેળાપ થશે.કારણ કે, અહિં તો અમારું ખાનગી રક્ષણ અમારા ભાઈ કરે છે.'

હવે અભયકુમારે પ્રદ્યોત રાજા સરખી આકૃતિવાળા એક મનુષ્યને ગાંડો બનાવીને લોકોનેકહ્યું કે, 'આમારો ભાઈ દૈવયોગે આમ ગાંડો બની ગયો છે. હું તેની દવા-ઔષધ-ચિકિત્સા કરાવું છું. બહાર જતાં રોકું છું,ત ો પણ નાસી જાય છે, વળી ઉંચકીને રડારોળ કરતા તેને પાછો લાવું છું. 'અરે ! હું ચંડપ્રદ્યોત રાજા છું, આ મારું હરણ કરે છે' એમ વચન બોલતા તેને અભયે લોકોને વિશ્વાસમાં લીધા. સાતમા દિવસે તે ગણિકાપુત્રીઓએ દૂતી મોકલાવીને એમ સંદેશો કહેવરાવ્યો કે, 'રાજાએ મધ્યાહ્ન-સમયે અહીં એકલાએ જ આવવું.' કામાતુર રાજા પરિણામનો વિચાર કર્યા વગર ગૃહગવાક્ષની ભિત્તિ દ્વારા આવ્યો. આગળથી કરેલી ગોઠવણ પ્રમાણે મજબૂત પુરુષોએ તેને સખત બાંધ્યો. પલંગમાં સૂવરાવી દિવસના સમયમાં જ બૂમ પાડતો હોવા છતાં અભયે કહ્યું કે, 'આ ગાંડા ભાઈને વૈદ્યની શાળામાં લઈ જાઉં છું.' એ પ્રમાણે અસંબંધ બોલતા રાજાને વાયુસરખી ગતિવાળા અશ્વો જોડેલા રથમાં બેસારીને જલ્દી રાજગૃહમાં પહોંચાડ્યો. શ્રેણિક રાજા તલવાર ઉગામીને તેના તરફ દોડે છે,ત્યારે અભયે તેમને રોક્યા. 'ત્યારે શું કરવું ?' એમ પૂછતાં કહ્યું કે, 'આ મહાપ્રભાવક અને ઘણા રાજાઓને માનનીય છે, માટે સારો સત્કારકરીને તેમને નગરીમાં પહોંચાડવા. તેમ કરવાથી બંનેનો સ્નેહ વૃદ્ધિ પામ્યો. અભયકુમારની આવા આવા પ્રકારની પારિણામિકી બુદ્ધિ હતી. (૧૨૨)

ગાથાનો અક્ષરાર્થ - પરિણામિકી બુદ્ધિમાં અભયનું દૃષ્ટાંત છે. કેવી રીતે ? (૧) લોહજંઘ લેખવાહક, (૨) અગ્નિભીરુ રથ, (૩) અનલગિરિ હાથી, (૪) શિવાદેવી. મરકી ઉપદ્રવ-શાંતિ વિષયક ચાર વરદાન પ્રદ્યોત પાસેથી અભયને પ્રાપ્ત થયાં જીવિત સિવાય અગ્નિપ્રવેશરૂપ પ્રાણ-ત્યાગ કરીને વરદાનની માગણીકરી. એ પ્રમાણે આત્માને પોતે મુક્ત કર્યો. (૧૨૮)

## કોષ્ઠ શેઠે શાસન પ્રભાવના કેવી રીતે કરી ?

૧૨૯ - **શ્રેષ્ઠા દ્વાર**-વસંતપુરમાં લોકમાં પ્રતિષ્ઠા પામેલા કોષ્ઠ નામના શેઠ હતા. તેને વજ્રા નામની ભાર્યા હતી. તેમને ત્યાં દેવની પૂજા કરનારદેવશર્મા માનો અતીવ મનોહર બ્રાહ્મણપુત્ર હતો, અતિશય નાનો અને લક્ષણવાળો પ્રિયંકર નામનો પુત્ર હતો.કોઈક સમયે, શેઠે ધન ઉપાર્જન કરવા માટે ઘણું દ્રવ્યસાથે લઈને કોઈક સારા શુભ દિવસે પરદેશ પ્રયાણ કરતી વખતે ભાર્યાને કહ્યું કે, 'આપણા ઘરમાં ત્રણ વસ્તુ પુત્ર સરખી કીંમતી અને શ્રેષ્ઠ છે, તો તેનું તારે બરાબર રક્ષણ કરવું.' - એક મદનશલાકા નામની દાસી.બીજો પોપટપક્ષી, તેમ જ ત્રીજો આ કૂકડો. હવે શેઠપરદેશ ગયા પછી હંમેશાં તે બ્રાહ્મણ પૂજારી સાથે કુલ અને શીલની મર્યાદાનો ત્યાગ કરીને, તેના અતિનિકટના સમાગમમાં રહેવા લાગી.હંમેશાં રાત્રે જયારે તે તેની પાસે આવે, ત્યારે તેને મદનશલાકા દાસી એમકહેતી કે, 'શું પિતાજીનો ડર છે કે નહિ ?' પોપટ તેને રોકતો હતો કે, 'જે માલિકને પ્રિય તે આપણા પણ તાત છે.'

અવસર ઓળખનાર પોપટ પોતાનું પણ રક્ષણ કરતો હતો.સ્વભાવથી ન સહન કરવાની ટેવવાળી મદનશલાકા વારંવાર બોલબોલકર્યા કરે, તેથી તેના મુખના દોષના કારણે પાપિણી વજ્રાએ તેને કાઢી મૂકી.,કોઈકદિવસે સાધુયુગલ તેના ઘરમાં ભિક્ષા માટે આવી પહોંચ્યું, ત્યારે જીવોનાં લક્ષણો જાણનાર એક સાધુએ બીજા સાધુને આશ્રીને સર્વ દિશામાં અવલોકન કરીનેકૂકડાને દેખી એમ જણાવ્યું કે, 'આનું મસ્તક જે ખાય, તે નક્કી રાજા થાય.' ભીંતના આંતરામાં રહેલા પેલા બ્રાહ્મણપુત્રે આ વાત સાંભળી વજ્રાને કહ્યું કે, 'તું કૂકડાને મારી નાખ, જેથી હુંતેનું ભક્ષણ કરું.' તેણે કહ્યું કે, 'તે તો મને પુત્ર સમાન હોવાથી મારી શકાય નહિં.' 'અરે ! હું બીજો તેવો લાવી આપીશ.' તેમ કરવા ઇચ્છતી નથી, પણ તીવ્ર આગ્રહ કર્યો, એટલે કૂકડાને મારીને પછી રાજયની ઉત્કંઠાવાળો તે તેને રંધાવે છે. તે દરમ્યાન તે સ્નાન કરવા ગયો. એટલામાં લેખશાળાએથી પુત્રને ભૂખ લાગી,તે જમવા ઘરે આવ્યો, અને રોવાલાગ્યો.તે વખતે માંસ પાકેલું ન હોવાથી હાંડલીમાંથી મસ્તક કાઢીને પીરસ્યું. હવે પેલો આવીને ભોજન કરવા માટે થાળી લઈને બેઠો અને પીરસવા માંડ્યું,ત્યારે હાંડલીમાંકૂકડાનું મસ્તકન દેખ્યું, એટલે પૂછ્યું કે, 'તે ક્યાં ગયું ?' તો વજ્રાએ કહ્યું કે, 'છોકરાને આપ્યું.' તો રોષમાં આવેલા તેણે કહ્યું કે, 'શું તેને માટે બિચારા કૂકડાને માર્યો હતો ? તો હવે હું પુત્રનું મસ્તકખાઈને કૃતાર્થ બનીશ.' અતિઆગ્રહને લીધે એ વાત પણ કૂબલ કરી. આ વાત દાસીએ સાંભળી એટલે લેખશાળામાંથી તેને લઈને એકદમ પલાયન થઈ ગઈ અને પોતાના નગરે પહોંચી,તો ત્યાં આગળ અપુત્રિયો રાજા મૃત્યુ પામ્યો. મંત્રથી અધિવાસિત કરેલ અશ્વે આવીને પ્રદક્ષિણા આપી વિગેરે વિધિ કરી, તેમાં સફળતા મળવાથી તે રાજા થયો. ઘણા તીવ્ર પ્રતાપવાળા તેણે ધાવમાતાને માતાના પદમાં સ્થાપન કરી. કેટલાક સમય પછી શેઠ ઘર આવ્યા.જ્યાં ઘર તરફ નજર કરી, તો સડી-પડી ગયેલું અને કૂકડો, મદનશલાકા અને પુત્ર ત્રણે વગરનું ખાલી જોયું. વજ્રાને ગળામાંથી પકડીને પૂછયું, એ જવાબ આપતી નથી.ત્યારે પાંજરામાંથી મુક્ત કરેલા પોપટે સર્વ હકીકત જણાવી. ઘરને સર્વ

વૃત્તાન્ત સાંભળીને વૈરાગ્ય પામેલો તે વિચારવા લાગ્યો કે, 'આ સ્ત્રી ખાતર અનેક સેંકડો ક્લેશો સહન કર્યા, માટે ઝેર કરતાં અધિક ખરાબ એવા વિષયોથી હવે મને સર્યું.' એમ વિચારીને પાપવાળાં કાર્યોનો ત્યાગ કરવા તૈયાર થયેલા તેણે દીક્ષા અંગીકાર કરી.

વજ્જા બ્રાહ્મણ સાથે તે જ નગરમાં ગઈ કે, જ્યાં પુત્ર રાજા થયો હતો, વિહાર કરતાં કરતાં પિતા સાધુ પણ તે જ ગામમાં ગયા, વજ્જાએ સાધુને ઓળખ્યા અને તેની લઘુતા કરવા માટે ભિક્ષાની અંદર સુવર્ણ છૂપાવીને આપ્યું. અને પછી મોટો કોલાહલ મચાવ્યો કે, 'આણે મારા ઘરમાં ચોરી કરી છે.' રાજપુરૂષોએ પકડ્યા અને તેને રાજા પાસે લઈગયા. (૨૫) ધાવમાતાએ બરાબર ઓળખ્યા અને રાજાને નિવેદન કર્યું કે, 'આ તો તમારા પિતાજી છે.' તે બ્રાહ્મણબટુક અને વજ્જાને દેશપાર કર્યા અને પિતાજીને ભોગો માટે પ્રાર્થના કરી. નિમંત્રણ કરવા છતાં તેમણે ભોગો ન ઈચ્છયા. રાજાને શ્રાવક બનાવ્યો. શાસનની પ્રભાવના થઈ અને અન્યતીર્થની અપભ્રાજના થઈ. ત્યાં ચોમાસું કર્યું અને પૂર્ણ થયા પછી વિહાર કરવાલાગ્યા, ત્યારે રાજા તેની પાછળ જાય છે,ત્યારે અતિ ઈર્ષ્યા કરનારા બ્રાહ્મણોએ એક ગર્ભવાળી દાસીને લોભાવીનેકહ્યું કે, 'પરિવ્રાજિકાનો વેષ ધારણકરીને રાજમાર્ગમાં જતા સાધુઓ હાથ પકડી તારે કહેવું કે, 'હવે મારી ગતિ કેવી થશે ? માટે કંઈક મને આપો.' એમકર્યુ. એટલે મુનિ સમજી ગયા. પરંતુ પ્રવચનની મલિનતા હવે કેવી રીતે દૂર કરવી ? હવે સત્ય વચન બોલનાર, દેવો ખેચરો અને મનુષ્યોના પ્રભાવને ઝાંખા કરનાર એવા તે મુનિએ ત્યાં કહ્યું કે, 'જો આ ગર્ભ મારો જ હોય તો યોનિ દ્વારા તેનો જન્મ થાઓ અને મારો ન હોય અને બીજાથી ગર્ભ રહ્યોહોયતો તેનું પેટ ફાડીને ગર્ભ બહાર નીકળે,' એમ કહેતાં જ તે દાસીનું પેટ ફાડીને ગર્ભ બહાર પડ્યો. 'મત્તના અને મરતાના જે સદ્ભાવ હોય, તે આપોઆપ પ્રગટ થાય છે.' 'બ્રાહ્મણજાતિવાળા દ્વેષિલાઓએ આ કાર્ય કરાવ્યું છે' - એમ જલ્દી જણાવ્યું. તે સમયે શરદઋતુના ચંદ્રનાં કિરણો સરખો ઉજ્જવલ જૈનશાસનનો મોટો પ્રભાવ ફેલાયો. તે શાસન ખરેખરધન્ય અને મહાપ્રભાવક છે કે, 'જ્યાં આવા સાધુઓ હોય છે.' જેમણે આ રીતેતીર્થને પ્રભાવિત કર્યું, તેમની આ પરિણામિકી બુદ્ધિ સમજવી. અથવા પોતાના ઘરના ચરિત્રનો વિચાર કરીને જે બુદ્ધિથી પોતેદીક્ષિત થયો. (૩૫)

ગાથાનોઅક્ષરાર્થ - **શેઠ નામના દ્વારનો વિચાર,** વેપાર માટે શેઠનું દેશાન્તર - ગમન થયું. પાછળ બ્રાહ્મણપુત્ર સાથે સંગ કરવાથી તેની વજ્જાભાર્યા બગડી. ઘરે આવેલા સાધુએ 'કૂકડાના મસ્તકનું ભક્ષણ કરનારરાજા થસે' તેમ કથન કર્યું. કહેલો વૃત્તાન્તથી પુત્રને ધાવમાતા બીજા નગરમાં ઉપાડી ગઈ અને ત્યાં તે પુત્રરાજા થયો. શેઠ સાધુ થયા અને તે જ નગરે ગયા. બ્રાહ્મણોની પ્રેરાયેલી દાસીથી જૈનશાસનની અપકીર્તિ દૂરકરવા સાધુએ કહ્યુ કે, 'મેં ગર્ભ ઉત્પન્ન કર્યો હોય, તો યોનિથી અને બીજાથી થયોહોયતો યોનિથી ન નીકળે, પણ પેટ ફાડીને બાળક નીકળે ' (૧૨૯)

## ક્ષુલ્લકકુમાર - કથા

૧૩૦ - સાકેત નગરમાં પુંડરીક નામના રાજાને કંડરીક નાનો ભાઈ હતો, જસભદ્રા

નામની નાના ભાઈની ભાર્યા હતી. અતિશય મનોહર અંગવાળીને જ્યારે ઘરના આંગણામાં હરતી-ફરતી દેખે, એટલે પુંડરીક રાજા તેમાં અતિ અનુરાગવાળો બન્યો. રાજાએ દૂતી મોકલી,લજ્જા પામેલી તેણે આ વાતકરવાની હિંમત ન કરી, પરંતુ રાજાના સજ્જડ આગ્રહથી કહ્યું, ત્યારે સામેથી કહ્યું કે, 'શું નાનાભાઈથી પણશરમ પામતા નથી, કે આવું બોલો છો ?' ત્યારે તે શીલ--ખંડનના ભયથી પોતાનાં આભૂષણો લઈનેએકદમ ઘરમાંથી નીકળી ગઈ. એકાકી તે કોઈ સાર્થ સાથે ભળી ગઈ અને પિતાભાવમાનીને વૃદ્ધ વેપારીની નિશ્રામાં અનુક્રમે શ્રાવસ્તી નગરીમાં પહોંચી જિંતસેનસૂરિનાં શિષ્યા કીર્તિમતી પ્રવર્તિની સમીપે વંદન કરવા માટે ગઈ અને પોતાનો સર્વ વૃત્તાન્ત તેમને નિવેદન કર્યો. પ્રતિબોધ પામીને દીક્ષા અંગીકાર કરી, પરંતુ 'પોતાને પેટમાં ગર્ભ છે.' તે વાત ગુરુણીને ન જણાવી, તે એટલા માટે કે, 'કહીશ તો મને દીક્ષા નહિં આપશે.' કાલક્રમે ગર્ભ વૃદ્ધિ પામ્યો, એટલે એકાંતમાં મોટાં સાધ્વીજીએ પૂછયું, ત્યારે તેણે કારણ પણ જણાવ્યું. ત્યાં સુધી તેને ખૂબ ગુપ્તપણે છૂપાવીને સાચવી કે જ્યાં સુધી તેણે બાળકને જન્મ આપ્યો. ત્યાર પછી તે બાળકને શ્રાવકકુળમાં પાલન-પોષણ કરી મોટો કર્યો. અને અનુક્રમે તેને પ્રવ્રજ્યા લેવરાવી (૧૦) આચાર્યની પાસે દીક્ષા પ્રસંગે ક્ષુલ્લકકુમાર નામ સ્થાપનકર્યું.સાધુજનયોગ્ય સમગ્ર સામાચારી શીખવી. યૌવનવય પામ્યો, એટલે સંયમ પાલન કરવાને અસમર્થ બનેલો, ભાંગેલા પરિણામ થવાથી દીક્ષા છોડવા માટે માતાને પૂછવા ગયો. માતાએ અનેક પ્રકારે રોક્યો, તો પણરહેતો નથી. પાછળથી માતાએ કહ્યું કે, 'હે પુત્ર ! મારા આગ્રહથી બાર વરસ હજુ દીક્ષા પાળ'- એમ તે વાતસ્વીકારી. તેટલાં વરસો રોક્યો, પછી પાછાં બાર વરસ આચાર્યનાં એવી રીતે બારવરસ ઉપાધ્યાયજીનાં એમ અડતાળીશ વરસ ગયાં, તો પણ ન રોકાયો. પછી માતાએ તેની ઉપેક્ષા કરી માતાએ દીક્ષાલેતાં પહેલાં તેના પિતાના નામની અંકિત એક મુદ્રા અને કંબલરત્ન પૂર્વે સંઘરી રાખેલ હતાં, તે તેને આપીને શીખામણ આપી કે, 'હે પુત્ર ! તું ગમે ત્યાં જતો - આવતો થાય, પરંતુ પુંડરીકરાજા તે તારા મોટા કાકા છે. તારા પિતાના નામની આ મુદ્રિકા તું તેમને બતાવજે. તેઓ તને ઓળખીને તારુ રાજ્ય તને અવશ્ય આપશે જ.' એ પ્રમાણે માતાનું વચન સ્વીકારીને તે ક્ષુલ્લકકુમાર નીકળ્યો. કાલક્રમે સાકેતપુર પહોંચ્યો, રાજાને ઘરે ગયો, ત્યારે ત્યાં આશ્ચર્યકારી નાટક ચાલતું હતું. (૨૦) 'આવતી કાલે રાજાનાં દર્શન કરીશ' - એમ ચિંતવીને ત્યાં જ બેઠો. અને એકાગ્રતાથી નાટકવિધિ જોવા લાગ્યો. તેમાં આખી રાત્રિ નૃત્ય કરીને નટી થાકી ગઈ હતી, કંઈકઆંખમાં નિદ્રા ભરાવાને કારણે, તેની માતાએ પ્રભાત નજીકના સમયે વિવિધ પ્રકારના હાવભાવ-કરણ પ્રય.ોગથી ઉત્પન્ન થયેલ મનોહર આનંદરંગના ભંગભયથી ગીત-ગાનના બાનાથી એકદમ આ પ્રમાણે ગીતિકા સંભળાવી તેને સાવધાન કરી - 'હે શ્યામસુંદરી ! સુંદર ગાયું, સુંદર વાજીંત્રો વગાડ્યાં, સુંદર નૃત્ય કર્યું, આખી લાંબી રાત્રિ આ પ્રમાણે પસારકરી, તો સ્વપ્નના અંતસમયે અથવા રાત્રિના છેલ્લા અલ્પ સમય માટે પ્રમાદ ન કરીશ." આ સાંભળીને પેલા ક્ષુલ્લકેતે નટીને કંબલરત્ન આપ્યું.રાજપુત્રે કુંડલરત્ન શ્રીકાન્તા સાર્થવાહીએ હાર, જયસંધિ અમાત્યે કડાં, મહાવતે સોનાનો અંકુશ, એમ દરેકેલાખ લાખ મૂલ્યનાં કિમતી ભેટણાંઓ આપ્યાં. હવે રાજાએ તેમના

ભાવ જાણવા માટે પ્રથમ ક્ષુલ્લકને પૂછયું કે, 'તે સર્વ વૃત્તાન્ત કહ્યો. અને છેલ્લું ગીત સાંભળીને હું પ્રતિબોધ પામ્યો અને વિષય તૃષ્ણાથી મુક્ત બન્યો. હું એના વચનથી પ્રવ્રજ્યા પાળવામાં સ્થિર ચિત્તવાળો થયો છું, તો મારીગુરુણીના સ્થાને હોવાથીતેને મેં કંબલરત્ન આપી દીધું.તેને ઓળખ્યા પછી 'હે વત્સ ! આ રાજ્યનો સ્વીકાર કર' એમ રાજાએકહ્યું, ત્યારે ક્ષુલ્લકે પ્રત્યુત્તર આપ્યોકે, 'હવે થોડું આયુષ્ય બાકીરહ્યું, તેમાં લાંબા કાળના સંયમને અત્યારે શા માટે નિષ્ફલ બનાવું ?' (૩૦) પછી પોતાના પુત્રવગેરેને પૂછયું કે, 'તમે દાન આપ્યું તેમાં શું કારણ છે ? તોરાજપુત્રે કહ્યુંકે, 'હે પિતાજી ! તમોને મારીને આ રાજ્ય ગ્રહણ કરવા ઈચ્છતો હતો. આ ગીત સાંભળીને રાજ્યલેવાની ઈચ્છા પલટાઈ ગઈ.' ત્યાર પછી તે સાર્થવાહીને પૂછયું તો કહ્યું કે, 'પતિ બાર વરસથી પરદેશ ગયા છે. મેં વિચારકર્યો કે, બીજો પતિ કરું, તેની આશામાં ને આશામાં ઘણો ક્લેશ પામી.' પછી અમાત્યેકહ્યું કે, 'બીજા રાજાઓ સાથે કરાર કરું કે કેમ ?- એમ વિચાર કરતો હતો.' મહાવતે કહ્યું કે, 'સીમાડાના બીજા રાજાઓ કહેતા હતા કે,પટ્ટહાથી લાવ અથવા તેને મારી નાખ.' આમ વારંવાર મને કહેતા હતા,ત્યારે હું સંશયરૂપી હિંડોળા સરખા ચિત્તવાળોલાંબા કાળથી વિચારતો હતો કે,'શું કરું ?' પરંતુ આ ઉપદેશવચન સાંભળી અમારાં મન પલટી ગયાં કે, 'થોડા માટે કેમ વધારે ગુમાવવું ?' હવે તેઓના અભિપ્રાયજાણીને પુંડરીકરાજાએ સર્વને સમ્મતિ આપી કે,'તમને જે ઠીક લાગે તેમ કરો.' આવા પ્રકારનાં અકાર્ય આચરીને આપણે કેટલો સમય જીવીશું ?' એમ બોલીને તેઓ વૈરાગ્ય પામ્યા. ક્ષુલ્લકકુમારના ચરણમાં સર્વેએ પ્રવ્રજ્યા અંગીકાર કરી.જે જગતમાં સકલલોકોનેપૂજ્ય છે. એવા તે સર્વે સાથે વિચરતા હતા.ક્ષુલ્લકની આ પારિણામિકી બુદ્ધિ સમજવી.રાજપુત્ર, મંત્રી મહાવ્રત સાર્થવાહી શ્રીકાંતાની બુદ્ધિ પણતેવી જ જાણવી. (૪૦)

ગાથા અક્ષરાર્થ - **કુમાર નામના દ્વારનો વિચાર.**સાકેત નામના નગરમાં પુંડરીક નામના રાજા હતા.પુંડરીકને કંડરીક નામના નાના ભાઈની સ્ત્રી પ્રત્યેરાગ થયો તેના પતિને મારી નાખવાથી ગુપ્ત ગર્ભવાળી ગર્ભની હકીકત જણાવ્યા વગર દીક્ષા અંગીકાર કરી.ગર્ભવતીએ સાધ્વીપણામાં પાછળથી ક્ષુલ્લકને જન્મ આપ્યો. શ્રદ્ધાળુ શ્રાવકોને ત્યાં તે વૃદ્ધિ પામ્યો. રાજલક્ષણવાળા એવા તેને દીક્ષા આપી.યૌવનમાં પરિષહ ન સહન થવાથી દીક્ષા- ત્યાગનો વિચાર થયો. મોટા કાકા પાસે જવાનું થયું. ત્યાં ગીતિકા સાંભળવાથી ક્ષુલ્લક અને બીજા ચારનોપ્રતિબોધ થયો અને બીજા અનેકને બોધિલાભ થયો. (૧૩૦)

## પુષ્પચુલા અને અર્ણિકાપુત્રાચાર્યની કથા

**૧૩૧- પુષ્પવતી દેવી નામના દ્વારનો વિચાર** -કથાનકથી આ પ્રમાણેજાણવો. પુષ્પદંત નગરમાં પ્રચંડ શત્રુપક્ષને જિતવા સમર્થ એવો પુષ્પકેતુ નામનો મહાનરેન્દ્ર હતો.તેને પુષ્પવતી નામની રાણી હતી.તેને સાથે જન્મેલાં એવાં પુષ્પચૂલ અને પુષ્પચૂલા નામના પુત્ર-પુત્રી હતાં. તેઓ બંને પરસ્પર અતિગાઢ સ્નેહવાળા હોવાથી રાજાએ તેમને છૂટા ન પડે તેમ ધારી તે બંનેનાં લગ્ન કર્યાં. માતા પુષ્પવતીએ તેના નિર્વેદથી પ્રવ્રજ્યા અંગીકાર કરી દેવત્વ પામેલી

તેણે સુખે સૂતેલી પુષ્પચૂલાને નરકમાં દુઃખ ભોગવતા નારકી જીવોની ભયંકરતા દેખાડી. દેખીને એકદમ સફાળી જાગી ઉઠી. રાજાને નારકીનો વૃત્તાન્ત જણાવ્યો. એટલે સમગ્રપાખંડીઓને બોલાવીને પૂછ્યું કે, જેથી દેવીને પ્રતીતિ થાય. અરે ! નરકો કેવી હોય ? અને તેમાં કેવા પ્રકારનું દુઃખ હોય,તે તમે કહો. પોતાના મતાનુસારે તેઓએનરકનો વૃત્તાન્ત જણાવ્યો.પરંતુ દેવીએતેનો સ્વીકાર ન કર્યો. ત્યાર પછી બહુશ્રુત એવા અન્નિકાપુત્ર આચાર્યને બોલાવ્યાકે, જેઓ તે જ નગરમાં રહેલા હતા. તેમને નરક-વૃત્તાન્ત પૂછતાં જે પ્રમાણે હતો, તે પ્રમાણે જણાવ્યો. ત્યાર પછી ભક્તિપૂર્ણહૃદયવાળી પુષ્પચૂલાએ કહ્યું કે, 'હે ભગવંત ! શું આપે પણ સ્વપ્નમાં આ વૃત્તાન્ત જોયો ? ગુરુએ કહ્યું કે, 'જિનેન્દ્ર-શાસનરૂપી દીવાના સામર્થ્યથી એવી કોઈવસ્તુનથી કે, જે ન જાણી શકાય,તો પછી નરકનો વૃત્તાન્ત જાણવો, તે ક્યા હિસાબમાં ?' વળી બીજા કોઈસમયે રાત્રિના અંત્ય સમયે તેની માતાએ સ્વપ્નમાં આશ્ચર્ય પમાડનાર વિભૂતિથી શોભાયમાન દેવ-સમુદાય સ્વર્ગમાં કેવાં સુખો ભોગવે છે ? તે બતાવ્યું.પહેલાની જેમ ફરી પણ રાજાએ તે આચાર્યને હકીકત પૂછી. તેમણે પણ યથાર્થ સ્વર્ગના સુખો જણાવ્યાં. તેથી દેવી પુષ્પચૂલા અતિહર્ષ પામી. તેમના ચરણમાં નમસ્કારકરીને ભક્તિથી કહેવા લાગી કે, 'નરકનાં દુઃખો અને સ્વર્ગનાં સુખોની સંપત્તિ કેવી રીતે પ્રાપ્ત થાય ?' ગુરુએ કહ્યું કે, 'હે ભદ્રે ! વિષયભોગમાં આસક્તિ કરવી ઇત્યાદિક પાપોથી નરના દુઃખો અને તેવા પાપના ત્યાગથી સ્વર્ગ સુખ મેળવી શકાય છે.' ત્યારે પ્રતિબોધ પામેલી ઝેર સરખા વિષયોના સંગનો ત્યાગ કરીને પ્રવ્રજ્યા અંગીકાર કરવા માટે રાજાની આજ્ઞા માગે છે. 'તારે બીજા સ્થળમાં વિહાર ન કરવો, કદાપિ બીજે ન વિચરવું.' એવી પ્રતિજ્ઞાથી કોઈ પણ પ્રકારેવિરહથી દુઃખ પામેલા રાજાએ તેને રજા આપી.દીક્ષા ગ્રહણ કરીને વિચિત્ર આકરૂં તપ-કર્મ કરી પાપને નાશકર્યું. દુષ્કાળ સમયમાં આચાર્યનું જંઘાબલ ક્ષીણ થવાના કારણે પોતે વિહારકરી શકતા નથી. એટલે સર્વે શિષ્ય-પરિવારને દૂરના સુકાળ પ્રદેશમાં મોકલી આપ્યા હતા.પોતે એકલા જ અહીં નગરમાં રહેલા હતા.તેમને રાજાના ભવનમાંથી અશન-પાનવહોરી લાવી આપે છે. એ પ્રમાણે સમય પસાર થઈ રહેલો છે. તે સમયે શુદ્ધતમ પરિણામની ધારા વધવાના યોગે પુષ્પચૂલા સાધ્વી કેવલજ્ઞાન પામી. (૨૦) "પૂર્વે જેના વિનયમાં પ્રવર્તતા હોય, જ્યાં સુધી તે સામાના જાલવામાં ન આવે, ત્યાં સુધી વિનયનું લંઘન કરતા નથી." અર્થાત્ કેવલી છતાં પણ છદ્મસ્થનો વિનય જાળવે છે. તેથી પૂર્વના ક્રમ પ્રમાણે ગુરુના માટે અશનાદિક વહોરી લાવી આપે છે.

કોઇક સમયે ગુરુને કફના વ્યાધિથી અમુક પ્રકારના ભોજનની વાંછા થઈ. ઉચિત સમયે તેના મનોગત ઇચ્છાનુસાર તે ભોજન હાજરકરવાથી વિસ્મય પામેલા મનવાળા સૂરિએ પૂછયુ કે, 'હે આર્યે ! આ મારા મનનો અભિપ્રાય તેં કેવી રીતે જાણ્યો ? કે જેથી આવું અતિ દુર્લભ ભોજન પણ વગર વિલંબે લાવી આપ્યું' સાધ્વીએ કહ્યું કે, 'જ્ઞાનથી.' કયા જ્ઞાનથી ? તો કે 'ન પડે તેવા જ્ઞાનથી ? 'અરે રે ! મને ધિક્કાર થાઓ. અનાર્ય એવા મેં મહાસત્વ એવા કેવલીની અશાતના કરી.' એમ કરીને આચાર્ય શોક કરવા લાગ્યા. ત્યારે સાધ્વીજીએ તેમનેકહ્યુંકે, 'હે મુનિવર ! તમે શોક ન કરો. જેકેવળીને સામાએ ન જાણ્યા હોય, તો કેવલી

પણ પહેલાની મર્યાદા વિનય-વેયાવચ્ચ વગેરે છોડતા નથી' એમ કહીને શોક બંધ કરાવ્યો. (૨૫) આટલા લાંબાકાળથી સુંદર ચારિત્ર પાલન કરવા છતાં પણ હું નિર્વૃત્તિ-મોક્ષ પામીશ કે નહિં ?' એવા સંશયવાળા આચાર્યને તે કેવળી સાધ્વીજીએ ફરી કહ્યું કે, 'હે મુનીદ્ર ! તમે મુક્તિ મળવાનો સંદેહ કેમ કરો છો ? તમે ગંગા નદી ઉતરતાં ઉતરતાં તરત નિવૃતિના કારણભૂતકર્મનો ક્ષય નક્કી કરશો જ.' એ સાંભળીને સૂરિ નાવડીમાં બેસીને ગંગાનો પાર પમાડવા માટે નદી ઉલ્લંઘન કરવા લાગ્યા, પરંતુ આચાર્ય જ્યાં જ્યાં બેસે, ત્યાં ત્યાં કર્મદોષથી નાવડીના ભાગો ગંગા નદીના ઉંડા જળમાં ડૂબવા લાગે છે, સર્વ વિનાશની શંકાથી નિર્યામકોએ નાવડીમાંથી અન્નકાપુત્ર આચાર્યને પાણીની અંદર ફેંક્યા. (૩૦)

હવે શ્રેષ્ઠ પ્રશમરસના પરિણામવાળા અતિ પ્રસન્ન ચિત્તવૃત્તિવાળા,પોતે સમગ્ર આસ્રવદ્વારને બંધ કર્યા છે તેવા, દ્રવ્ય અને ભાવ બંને પ્રકારેપરમ નિઃસંગતાને પામેલા અત્યંત વિશુદ્ધ શુક્લધ્યાનથી ક્ષયકરેલા કર્મવાળા, જળ-સંથારામાં રહેલા સર્વથા યોગનો નિરોધ કરેલા-એવા તે આચાર્ય ભગવંતને નિર્વાણની પ્રાપ્તિ સાથે મનોવાંછિત પદાર્થની પણ પ્રાપ્તિ થઈ. આ પ્રમાણે પોતાની પુત્રી પુષ્પચૂલાનેસ્વપ્નમાં નરક અને સ્વર્ગ દેખાડતી દેવભાવ પામેલી દેવીની પારિણામિકી બુદ્ધિ સમજવી. (૩૪)

**અક્ષરાર્થ** - પુષ્પવતી દેવીએ પુષ્પચૂલ અને પુષ્પચૂલા નામના પુત્ર-પુત્રીના યુગલને જન્મ આપવો. ભાઈ-બહેનનો ગાઢરાગ દેખવાથી માતા વિરુદ્ધ પિતાએ તેમનો વિયોગ ન થાય માટે બંનેને પરણાવી દીધા. તેના વૈરાગ્યથી માતાએ દીક્ષા લીધી અને દેવલોક પામી.પુત્રીને નરકમાં દુઃખો અને સ્વર્ગનાં સુખો સ્વપ્નમાં દેખાડ્યાં. તે નિમિત્તે પ્રતિબોધ પામી. સ્વપ્નની હકીકત અન્નિકાપુત્ર આચાર્યને પૂછી.તેથી પ્રતિબોધ સમ્યક્ત્વપ્રાપ્તિ, પુષ્પચૂલાએ દીક્ષા લીધી.તેને કેવલજ્ઞાન થયું. ઈચ્છા મુજબ આચાર્યની ગોચરી કેવલજ્ઞાન બળથી લાવી આપતી હતી, કેવલજ્ઞાન જાણ્યું - એટલે બંધ કરી. ગંગા નદી ઉતરતાં ઉતરતાં આચાર્યને કેવલજ્ઞાન અને સિદ્ધિ પ્રાપ્ત થઈ. (૧૩૧)

## ઉદિતોદય રાજા

૧૩૨- શ્રી ઋષભસ્વામીને કેવલલક્ષ્મીની પ્રાપ્તિથી પ્રસિદ્ધિ પામેલી સમગ્ર નગરોમાં સહુથી ચડિયાતી શ્રીપુરિમતાલ નામની નગરી હતી. ત્યાં હંમેશાં જેની રાજલક્ષ્મીનો ઉત્તરોત્તર ઉદય થાય છે - એવા ઉદિતોદય નામનોરાજા હતો અને તે નિરંતર જિનેશ્વર ભગવંતના ચરણકમળમાં પ્રણામ કરવામાં તત્પર રહેતો.તેને શ્રીકાન્તા નામની રાણી હતી કે, જે મિથ્યાત્વ-મોહના ઝેરને ઉપશાન્ત કરી જિનશાસને કહેલા આચાર સેવન કરવામાં ઘણી કુશળ બની હતી. કોઈક સમયે તેના અંતઃપુરમાં એકપરિવ્રાજિકા આવીને પોતાના નાસ્તિકવાદના ધર્મનું સ્વરૂપ વિસ્તારથીકહેવા લાગી. જિનેશ્વરના પ્રવચનમાં કુશલતા પામેલી શ્રીકાન્તા રાણીએ હેતુ-યુક્તિથી તેને જિતી લીધી, એટલે તે ક્ષણેવિલખી પડેલીને દાસીઓ હસવા લાગી. તે પ્રદેશમાંથી કાઢી મૂકી, એટલે તે અતિશય દ્વેષ કરવા લાગી.વારાણસી નગરીમાં જઈને ત્યાં તે શ્રીકાન્તા દેવીનું એક ચિત્રમય પ્રતિબિંબ કરાવી તે નગરના ધર્મરુચિ નામના રાજાને

બતાવ્યું, એટલે તે તેમાં અનુરક્ત બન્યો. ઉદિતોદય રાજાને દૂત મોકલાવ્યો કે, 'તારી દેવીને મોકલી આપ' જેથી તે દૂતનું અપમાન કરી તેને હાંકી કાઢ્યો. અપમાનને મનમાં અપમાન માનતો તે ધર્મરુચિ પુરિમતાલ નગરીને ઘેરો ઘાલીનેરહેલો છે. પરમધર્મ-રુચિવાળા ઉદિતોદય રાજા તે વખતે નગરને અવર-જવર વગરનું જાણી મનમાં અનુકંપાથી ચિંતવવા લાગ્યાકે, 'આવા મોટા સૈન્યના મરણથી સર્યું.' ઉદિતોદયરાજાએ ઉપવાસ અને બ્રહ્મચર્યનો નિયમ ગ્રહણ કર્યો. પૂર્વે આરાધેલ વૈશ્રમણ નાના દેવે સર્વ સૈન્ય પરિવાર સહિત ધર્મરુચિ રાજાને વારાણસી નગરીએ પહોંચાડી દીધો. ઉદિતોદયરાજાની આ પારિણામિકી બુદ્ધિ સમજવી.બીજાને કોઈ પણ પ્રકારની પીડા ઉપજાવ્યા વગર જેણે પોતાના આત્માનું રક્ષણ કર્યું. (૧૨)

ગાથાઅક્ષરાર્થ-ઉદિતોદય રાજા, શ્રીકાન્તા તેની ભાર્યા, પરિવ્રાજિકાએ પોતાના ધર્મનું કથન કર્યું. બીજા ધર્મરુચિ નામના રાજાને તે શ્રીકાન્તા તરફ અનુરાગવાળો કર્યો.તે રાજાએ પુરિમતાલ નગરીને ઘેરો ઘાલ્યો. ઉદિતોદય રાજાને લોકો તરફ અનુકંપા ઉત્પન્ન થઈ, વૈશ્રમણ દેવનું પ્રણિધાન કર્યું. તે દેવ હાજર થઈ તેના મનની ઇચ્છાપ્રમાણે તેને પોતાની નગરીમાં લાવી મૂકી દીધો. (૧૩૨)

## શ્રેણીકપુત્ર નંદિષેણ

૧૩૩ - સમગ્ર ભૂમિમંડલને આનંદિતકરનાર શ્વેત ચંદ્રકિરણ સરખા યશવાળા નંદિષેણ નામના શ્રેણિક રાજાના પુત્ર હતા.વીતરાગ ભગવંતના કહેલા ધર્મને પામીને જેણે તણખલની જેમ નગરનો અને મનોહર રૂપવાળા, દેવલોકની શોભાને પણ ઝાંખી કરનાર એવા અંતઃપુરનો પણ ત્યાગ કર્યો અને દીક્ષા અંગીકાર કરી ક્ષાંતિ આદિ યતિ ધર્માદિ ગુણોનો આશ્રય બન્યો. અતિશય શ્રુતજ્ઞાનરૂપી મણિ માટે રોહણપર્વત સરખા શ્રુત-ચારિત્રને ધારણ કરનાર, અતિનિર્મલ જાતિ અનુકુલવાળા, વિનયાદિગુણાન્વિત કામવિકારોને જિતનાર એવા ઘણા મુનિવરોનો પરિવાર તેને થયો. હવે કર્મની વિચિત્ર ગતિથી કોઈક વખતે એક શિષ્ય વગર કારણે કામદેવના મનવાળોબન્યો અને પોતાના ગુરુને પોતાના મનનો સદ્ભાવ જણાવ્યો. 'હવે જો કોઈ પ્રકારે ભગવંત વીર જિનેશ્વરરાજગૃહ નગરમાં પધારે, તો બહુ સારૂં. મેં ઘણી રાણીઓનો ત્યાગ કર્યો છે, તેનો અતિશય-પ્રભાવ દેખીને બીજા પણ જો સ્થિર થાય, તો આ શિષ્ય કેમ સ્થિર ન થાય ?' એમ જાણી ભગવંત ત્યાં પધાર્યા. શ્રેષ્ઠ હાથીની ખાંધ પર આરૂઢ થયેલા ઉપર ધારણ કરેલ છત્રવાળા, શ્વેત મનોહર ચામરથી વિંજાતા, પોતાના સૈન્ય-પરિવારયુક્ત, અંતઃપુર-સહિત શ્રેણિક રાજા તથા કુમારવર્ગ, શ્રીનંદિષેણ કુમાનર અંતઃપુર નગરથી ભગવંતને વંદન કરવા માટે નીકળ્યા. સમવસરણની અંદર ભગવંતને વંદન કરીને પોતાના સ્થાનકે બેઠેલ. એવા પ્રકારની ગુરુએ ત્યાગ કરેલી દેવીઓને તે શિષ્યે દેખી. શ્વેતરંગનાં વસ્ત્રો પહેરેલ બ્રહ્મચર્યની નિર્મલતાના કારણે ગોપવેલા સર્વ ગાત્રવાળી પદ્મસરોવરમાં રહેલીહંસીઓ જેમ શોભે, તેમ ઉજ્જવલ વેષ ધારી નંદિષેણનીદરેક પત્નીઓ શોભતી હતી. જેમણે આભૂષણોનો ત્યાગકરેલો છે, અંતઃપુરની શોભાને દૂર કરેલી છે - એવા મારા ગુરુ છે. ખરેખર મારા ગુરુ ધન્ય છે કે, આવી સ્ત્રીઓનો પણ જેમણે છતા સંયોગો

ત્યાગકરેલો છે. અછતા વિષયોનો ત્યાગ દુર્બલમનવાળા મારા સરખા નિર્ભાગીને દુષ્કર લાગે છે. આ ભાવના-યોગે તે જ ક્ષણે એકદમ તીક્ષ્ણ વૈરાગ્ય પામ્યો. લાગેલા દોષોને આલોવી, પ્રતિક્રમણ કરી વ્રતમાં મેરુ સરખો અડોલ થયો. રાજગૃહ નગરમાં શ્રીનંદિષેણ ગુરુના શિષ્યને તેની પત્નીઓ દેખવાથી જે બુદ્ધિ થઈ, તે પારિણામિકી સમજવી. (૧૫)

ગાથાઅક્ષરાર્થ - સાધુનું ઉદાહરણ-નંદિષેણસૂરિના શિષ્યને દીક્ષાત્યાગના પરિણામ થયા, ત્યારે વીરભગવંત રાજગૃહમાં પધાર્યા, ત્યાં ગુરુના અંતઃપુરને જોવાથી શિષ્યને વૈરાગ્ય થયોઅને ચારિત્રમાં સ્થિર થયો. (૧૩૩)

## (૧૩૪- સુંસુમા-ચિલાતીપુત્ર કથા)

ભૂમિપ્રતિષ્ઠિત નગરમાં જિનશાસનની નિંદા કરવામાં રસિક, પોતાને પંડિત માનતો યજ્ઞદેવ નામનો વિપ્ર હતો. 'મને જે કોઈજિતે, તેનો હું શિષ્ય થાઉં.' એવી પ્રતિજ્ઞા કરીને ફરતો હતો, ત્યારેકોઈ વિશેષ બુદ્ધિવાળા સાધુએ તેને વાદમાં હરાવ્યો દીક્ષા લીધી, પરંતુ તેનો ત્યાગ કરતાં તેને દેવે અટકાવ્યો, પછી સાધુધર્મમાં એકદમ નિશ્ચલ થયો તો પણ હજુ વિપ્રના પૂર્વના સંસ્કાર-કારણે જાતિમદથીસાધુ તરફનો દુગંછાભાવ થોડો થોડો રાખે છે. પોતાના આખા સ્વજનવર્ગને તેણે પ્રતિબોધ કર્યો, પરંતુ તેની ભાર્યા પૂર્વના સજ્જડ અતિ સ્નેહાનુરાગના દોષથી તેની પ્રવ્રજ્યા છોડાવવા ઇચ્છાકરે છે, પરંતુ તે નિશ્ચલ ચિત્તવાળો સાચા ધર્મમાં લીન બની પોતાના દિવસો પસાર કરતો હતો.કોઈક દિવસેતે પત્નીએ તેના પર કામણ કર્યું, તેના દોષથી તે મૃત્યુપામી દેવલોકમાં ઉત્પન્નથયા. તેની પત્નીએ પણ તેના નિર્વેદથી ખૂબ કલેશ પામીને છેવટે દીક્ષા અંગીકાર કરી. આલોયણાકર્યાવગર મૃત્યુપામેલી તે દેવલોકમાં ઉત્પન્ન ન થઈ. હવે યજ્ઞદેવનો જીવ દેવલોકથી ચ્યવીને રાજગૃહ નગરમાંધનદત્ત શેઠને ઘરે આગલા ભવે સાધુની દુગંછા કરેલી હોવાથી ચિલાતી દાસીના પુત્ર તરીકે ઉત્પન્ન થયો. લોકોએ પણ ચિલાતી દાસીનો પુત્ર હોવાથી ચિલાતીપુત્ર નામ પાડ્યું. પેલી આગલા ભવની પત્ની પણ દેવલોકમાંથી ચ્યવીનેતે જ ધનદત્તની ભાર્યાનીકુક્ષિમાં પાંચ પુત્રો ઉપર સુંસુમા નામની પુત્રીપણે ઉત્પન્નથઈ. પેલા ચિલાતીપુત્રને આ બાળકીને સાચવવા તરીકે રાખી લીધો. અતિશય કજિયા-તકરારો કરનાર દુર્વિનીત હોવાથી સાર્થવાહે તેને ઘરમાંથી તગડી મૂક્યો, એટલે રખડતો રખડતો એક ચોરની પલ્લીમા ગયો. અતિશય વિનયાદિકથી પલ્લીપતિને ખૂબ આરાધ્યો. ત્યાર પછી પલ્લીપતિ મૃત્યુ પામ્યો, એટલે ચોરની મંડળીએ એકઠા થઈ નક્કી કર્યું કે, 'આ મહાબળવાન અને યોગ્ય છે.' એમ ધારીને તેને પલ્લીનો નાથ બનાવ્યો. અતિશય ક્રૂર-નિર્દય એવો તે ગામ, નગર, શહેર અને સાર્થોને લૂંટતો અને મારતો હતો. એક સમયેતેણે ચોરોને એમ કહ્યું કે -'રાજગૃહમાં ધનદત્ત નામના સાર્થવાહને ત્યાં સુંસુમા નામની પુત્રી છે, તે મારી ને ધન તમારું માટે ત્યાં જઈએ અને તેને ત્યાં ધાડપાડીને પાછા આવીએ.' ચોરોએ એ વાતનો સ્વીકાર કર્યો, રાજગૃહમાં ગયા. તેને ઘરે જઈને અવસ્વાપિની નામની નિદ્રા આપીને તેના ઘરમાં પ્રવેશ કર્યો. ચોરોએ ઘર લૂંટ્યું અને ચિલાતીપુત્રે સુંસુમાને ગ્રહણ કરી. હવે પુત્રો સહિત ધનદત્ત એકદમ ચોરની શોધ કરવા ઘરમાંથી બહાર નીકળ્યા. ઇચ્છા

મુજબ ધનની અને પલ્લિપતિને સુંસુમાની પ્રાપ્તિ થવાથી તેઓ પોતાના સ્થાન તરફ પ્રયાણ કરતા હતા.હવે સૂર્યોદય થયો, એટલે પાંચ પુત્રોથી પરિવરેલો તેમ જ કવચ બાંધી હથિયારો સજી રાજાના ઘણા સુભટોના પરિવાર સાથે પુત્રીના સ્નેહથી ધનદત્ત તેના પગલે પગલે એકદમ પાછળ ગયોધનદત્તે સુભટોને કહ્યું કે, 'જો પુત્રીને પાછી લાવી આપો, તો ધન તમારે લેવું' એમ કહ્યું, એટલે સુભટો ચોરોની પાછળ દોડ્યા. સુભટો વગેરેનેપાછળ આવતા, દેખીને ચોરો ધન છોડીને ચાલ્યાગયા, એટલે સુભટો ધન લઈને સર્વે પોતાના ઘરે ચાલ્યા ગયા. પુત્રો સહિત એકલો ધનદત્તજવા તૈયાર થયો અને તરત ચિલાતીપુત્રની નજીક પહોંચી ગયો. 'આ સુંસુમા કોઈની ન થાઓ' - એ કરી તેનું મસ્તક લઈને એકદમ ત્યાંથી આગળ ચાલીગયો દીન બનેલા સાર્થવાહ ધનદત્ત પાછો ફર્યો. ત્યાર પછી પુત્રો સહિત ધનદત્ત ક્ષુધાના કારણે મરવાના પરિણામવાળો થયો. પરંતુ પ્રાણ-ત્યાગ કરવામાં અત્યારે કોઈ ગુણલાભ થવાનો નથી. (૨૫) તો હવે ક્યા ઉપાયથી પ્રાણો ટકાવી રાખવા. કારણ કે, 'આ અટવી સર્વ ભક્ષ્યરહિત છે. એટલે પિતાએ પુત્રોનેકહ્યું કે, 'હું તો હવે કૃતકૃત્ય થયેલો છું. તો મને મારીને તમો કોઈ પ્રકારે પ્રાણો ટકાવો, મારું માંસ ખાઈને તમો સંકટનો અને જંગલનો પાર પામો. 'જીવતો નર ભદ્રાપામે.' આ સાંભળીને બંને કાનમાં આંગળી નાખી કાન બંધ કર્યા અને પુત્રો કહેવા લાગ્યા કે આપ ગુરુ અને દેવછો. આપે અકાર્યને કરવાની અમને કેમ આજ્ઞા કરી ?' ત્યાર પછી સહુથી મોટા પુત્રે કહ્યુ કે, 'મને મારીને પ્રાણ ટકાવો.' તેની પણ કોઈ ઇચ્છા ન કરી. પછી બીજા પુત્રે-એમ સર્વે પુત્રોએપોતાની ઇચ્છા પ્રદર્શિતકરી કે, 'અમારાથી પ્રાણ ટકાવો.' જ્યારે કોઈ પ્રકારે તેમ કરવાને શક્તિમાન થતા નથી, ત્યારે કાર્યકુશલ પિતાએ કહ્યું કે, આ પુત્રી વગર માર્યે પોતાનાથી જ નિષ્પ્રાણ બનેલી છે, તો તેના માંસનું ભક્ષણ કરીનેપ્રાણ ધારણ કરો.' સર્વેએ અનુમતિ આપી, એટલે અરણી વૃક્ષમાંથી અગ્નિ પ્રગટાવી તેમાં માંસ પકાવ્યું અને તેનું ભક્ષણ કર્યું - એમ કરીને પોતાના નગરમાં પહોંચ્યા. સારા ગુરુની પાસે બોધ પામીને સદ્‌ગતિગામી થયા. પ્રાણ સંકટ આવ્યું, ત્યારે ધનદત્ત પારિણામિકી બુદ્ધિના અનુસારે મરણ-સંકટના દુઃખથી નિસ્તાર પામ્યો અને ત્યારપછી તેણે ચારિત્ર અંગીકાર કર્યું.

હવે અટવીની અંદર ભ્રમણ કરતા ચિલાતીપુત્રે મહાસત્ત્વશાલી કાઉસગ્ગ ધ્યાનમાં રહેલા એક સાધુને જોયા, એટલે તેણે સાધુને કહ્યું કે, 'હે મહામુનિ ! મને સંક્ષેપથી ધર્મકહો, નહિંતર આ તરવારથી તમારું મસ્તક ફળની જેમ હણી નાખીશ' નિર્ભય એવા મુનિએ પણ તેને ઉપકાર થશે-એમ જાણીને 'उवसम विवेग संवर' આ ત્રણ પદમાં ધર્મનું સર્વસ્વ સમાઈ જાય છે. આ વાક્ય ગ્રહણ કરીને એકાંતમાં સમ્યગપણે તેના અર્થો વિચારવા લાગ્યો કે, 'ઉપશમા શબ્દનો અર્થ સર્વક્રોધાદિકના ત્યાગમાં થાય છે. તો ક્રોધી એવા મને ઉપશમ કેવી રીતે થાય ? એટલે હવે મેંક્રોધાદિકનો ત્યાગ કર્યો.ધન, સ્વજન વગરેનો ત્યાગ કરવામાં વિવેક ગણાય તો હવે તરવારથી મને સર્યું, તેમ જ હવે મસ્તકથી પણ તે સર્યું. ઇન્દ્રિયો અને મનને વિષયો તરફ જતાં રોકવી, તે જ સંવર ઘટી શકે છે. તો હવે તે પણ હું કરીશ.' - એમ વિચારતાં તેણે તરવાર ને મસ્તક બંનેનો ત્યાગ કર્યો. નાસિકાના અગ્રભાગ પર દૃષ્ટિ સ્થાપન કરી મન અને કાયાના વ્યાપારને પણ બંધ કર્યા. (૪૦) મેરુ માફક અતિનિશ્ચલપણે

કાઉસ્સગમાં રહેલો આ ત્રણે શબ્દો વારંવાર વિચારતો હતો.

હવે રુધિર (લોહી)ની ગંધથીખેંચાઈને આવેલી વજ્ર સરખા તીક્ષ્ણ પ્રચંડ મુખવાળી ધીમેલ, ઉધઈ અને કીડીઓ આવીને તેના આખા શરીરે ફરી વળી અને તેના થર બાઝી ગયા અને ચટકા ભરવા લાગી.

વિશેષમાં પગથી માંડી છેક મસ્તક સુધી સમગ્ર દેહને તીક્ષ્ણ મુખવાળી કીડી વગેરે ભક્ષણ કરીને ચાલણી સમાન કાણાં-કાણાવાળું કર્યું, તો પણ પોતાના શુભધ્યાનથી તે ચિલાતીપુત્ર ચલાયમાન ન થયા, પરંતુ મેરુપર્વત માફક અડોલ રહ્યા. તે મુનિવરના શરીરનું તીક્ષ્ણ તુંડવાળી કીડીઓએભક્ષણ કર્યું, ત્યારે તેના દેહનાં છિદ્રો સમસ્ત પાપને બહાર કાઢવાનાં લાંબા દ્વારો ન હોયતેમ શોભતાં હતાં અઢી દિવસ સુધી આ ધૈર્યવાન બુદ્ધિમાન સુચારિત્ર ધનવાળા મહાત્માએ અંતિમ સુંદર આરાધના કરી અને તે સહસ્રાર નામના દશમા દેવલોકને પામ્યો (૪૫)

ગાથા અક્ષરાર્થમાં ધનદત્ત નામના દ્વારનો વિચાર કહે છે-તેમાં ધનદત્ત શેઠની સુંસુમા નામની કન્યા,તેના ઉપર ચિલાતીપુત્રને અનુરાગ થયો, એટલે તેણે ધાડ પાડીને તેનું હરણ કર્યું. કન્યાને તેની પલ્લીમાં લઈ જવા માંડ્યા, એટલે પુત્ર સહિત શેઠ પાછળ ગયા. લઈ જવા સમર્થ ન થયા,એટલે કન્યાને મારી નાખી. ભૂખનું સંકટ પાર પામવા માટે સુંસુમાના શરીરનું માંસ ભક્ષણ કરી જીવિત ટકાવી. ત્યાર પછી ચારિત્ર ગ્રહણ કર્યું. (૧૩૪)

## શ્રાવક પત્નીએ પતિ નાં વ્રતનું કેવી રીતે રક્ષણ કર્યું ?

૧૩૫- કોઈક નગરમાં કોઈક વ્રતધારી કેદખાના સરખા ગૃહવાસમાં પાપથી ડરનારા, પરસ્ત્રી સાથે રમણ ન કરવાની પ્રતિજ્ઞાવાળા શ્રાવકને ઉદાર ભૂષણોથી અલંકૃત શ્રેષ્ઠ વસ્ત્ર પહેરેલ એવી પત્નીની સખીને દેખી તેનો કામાવેગ વિષવેગની જેમ વધવા લાગ્યો.તેની ચિકિત્સા ન થવાના કારણે લાંઘણ કરનારની માફક તેનું શરીર ક્ષીણ થવા લાગ્યું અને દેહકાંતિ ઉડીગઈ. તેની ભાર્યાએ પૂછ્યું કે, 'વગર કારણે આમ તમે એકદમ કેમ દુબળા દેખાવ છો ?' ખૂબ આગ્રહ કર્યો; ત્યારેકહ્યું. પત્નીએ પ્રત્યુત્તર આપ્યો કે, 'આમાં શી મોટી વાત છે ? આ એક સામાન્ય કાર્ય છે.' આ કારણે ખેદ કરવાની જરૂર નથી.હું તેવું કરીશ કે, 'જેથી તમારા મનોરથની સિદ્ધિ થાય.' સંધ્યા-સમયે પોતાની સખીનાં આભૂષણો અને વસ્ત્રો પહેરીલાવીને શય્યાગૃહમાં અંતઃપુરમાં રહેલી હતી.ત્યાં પેલાએ પ્રવેશ કર્યો અને મનોવાંછિતપૂર્ણ કર્યા. ત્યાર પછી તે પોતાના વ્રતખંડન માટે ભારી પશ્ચાત્તાપ કરતાં કહેવાલાગ્યો કે, 'શીલ ખંડિત કરનાર ને ધિક્કાર થાઓ.' ત્યારે પોતાની પત્નીએ રતિકાળ સમયે કરેલી ચેષ્ટા યાદ કરાવવાપૂર્વક કહ્યું કે, 'એહું પોતે જ હતી,તે ન હતી.' તોપણ મનમાં ગાઢ દુભાવા લાગ્યો. અતિકલુષ પરિણામ કરવાથી પણ મેં મારું વ્રત તો ભાંગ્યું આચારમાં તલ્લીન બહુશ્રુત એવા સુગુરુના ચરણકમળમાં આલોચના કરી પ્રતિક્રમણ કર્યું. ગુરુએ તેને કહ્યું કે, 'હવેથી દૂરથી તેનું દર્શન વર્જવું.' આ તારી ભાર્યાએ કામશત્રુના હથિયારોના ઘા થયા હતા, તે જાણે રૂઝાવી નાખ્યા ન હોય, તો પણ કુત્સિત પ્રયોગથી ઉઘાડા થાય છે, પછી તે

પ્રકાશરૂપ થાય છે, જે કારણથી દોષદષ્ટિથી ફરી ઉછલે છે, માટે મોટાઓએ તેનાં દર્શન થી દૂર રહેવું. પતિએ ફરી વિનંતિ કરી પત્નીની પારિણામિકી બુદ્ધિના પ્રભાવથી અશુભગતિમાં પડતાને ધારીરાખ્યો અને સદ્ગતિમાં પહોંચાડ્યા. (૧૨)

**અક્ષરાર્થ** - શ્રાવક નામના દ્વારમાં ભાર્યાની બહેનપણીમાં રાગ પ્રગટ્યા, રાગની અધિકતાથી દુર્બલ શરીર જોઈને ભાર્યાને દુર્બલ શરીર થવાના કારણમાં શંકા થઈ. બહેનપણીનાં વસ્ત્ર-આભૂષણ લાવી પતિને સંતોષ પમાડ્યો. ત્યાર પછી પતિને થયું કે, 'અરે ! મેં દુષ્કૃત કર્યું !' એ પ્રકારે સાચો સંવેગ થયો,તે વાત પોતાની પત્નીને સાચે સાચીકરી. ભાર્યાએ પણ સાચી હકીકત કહી કે, 'હું જ હતી, બીજી કોઈ ન હતી.' તો પણ ભાવદોષના કારણે હું પરસ્ત્રી-સેવન કરનારો બન્યો. એ દોષ ગુરુ પાસે પ્રગટ કર્યો. ગુરુએ હિત શિખામણ આપતાં જણાવ્યું કે, 'હવે તારે તેના તરફ નજર ન કરવી' પરદારાનાં પચ્ચક્ખાણ ફરી પણ કરાવ્યાં. (૧૩૫)

## સંગતરાજા અને પ્રાણાધિકપ્રિયા મનદયિતા

૧૩૬- સુપ્રતિષ્ઠ નામના નગરમાંશ્રીસંગત નામનો મોટોરાજા હતો. તેને પોતાના પ્રાણાધિક મનદયિતા નામની દેવી હતી. તેની સાથે પાંચ પ્રકારના વિશ્વાસ ઉત્પન્ન કરાવનારા ભોગો રાજા ભોગવતો હતો એમ કરતાં ઘણો સારો કાળ પસાર થયો. હવે કોઈક સમયે વૈદ્યો પણ જેનો ઉપાય ન કરી શકે તેવા અસાધ્ય રોગથી વણસી ગયેલા દેહવાળી દેવી યમરાજાના ઘરે પહોંચી. તેના રાગથી પરવશ બનેલો રાજા ખાતો-પીતો નથી કે સ્નાનાદિ શરીર-સ્થિતિ તરફ પણ ધ્યાન આપતો નથી. ત્યારે મંત્રીઓ આશ્વાસન આપતા કહેવા લાગ્યા કે, 'હે દેવ ! આ જગતની સ્થિતિ તરફ આપ નજર કરો. જેમ ધાન્યો પાક્યાં હોય,ત્યારે ખેડૂતો તેને લણી લે છે,તેમ આ જન્મેલા એવા જીવોને મૃત્યુરૂપી ખેડૂત લણી લે છે,તેમાં કોઈ રક્ષણ કરનારનથી.' એ પ્રમાણે કહ્યું. એટલે રાજાએ કહ્યું કે, 'જ્યાં સુધી દેવી પોતાના શરીરસ્થિતિ ન કહેત્યાં સુધી દુઃખી એવો હું શી રીતેકરી શકું ?' ત્યારે કૂટકપટની કલ્પના કરનારા મંત્રીઓએ એક પુરુષને તૈયાર કર્યો કે, તારે રાજસભામાં આવીને રાજાને એ પ્રમાણે કહેવું કે, 'હે દેવ ! આપની સ્નેહાધીન દેવીએ સ્વર્ગમાંથી તમારા કુશલ-સમાચાર પૂછવા મને મોકલ્યો છે અને કુશલ સમાચાર મેળવી મારી પાસે પાછા આવવા કહેલું છે ત્યારે રાજાએ પૂછયું કે, 'દેવી ત્યાં કુશળતાથી રહે છે ને ?' 'હે દેવ ! બરાબર કુશલતાથી જ રહે છે.' મંત્રી સમુદાયે કહ્યું કે, 'હે દેવ ! દેવી માટે શરીર-શણગારની સામગ્રી આ આવેલા પુરુષની સાથે જ મોકલી આપો. જેથી દેવી શરીરની સાર-સંભાળશણગારાદિ કરે.' રાજાએ તેના મુખથી દેવીનો વૃત્તાન્ત જાણ્યો, એટલે રાજાએ કંદોરો તથા બીજા આભૂષણો રાણીને આપવા તેની સાથે મોકલાવ્યાં. જ્યારે પેલો પુરુષ બહાર નીકળ્યો, એટલે મંત્રિમંડલ પેલાપાસેથી ભાગ માગે છે. એમ દરરોજ ધૂર્ત દ્વારા રાજાને દેવીના સમાચાર આપી દાગીના પડાવે છે, મંત્રીઓને તેમાંથી ભાગ મળે છે.

હવે એક દિવસ મંત્રીઓનો વૃત્તાન્ત જાણનાર કોઈ માથાભારી ધૂર્તે આવીને રાજા પાસે

દેવી વૃત્તાન્ત કુશલ જણાવી શૃંગાર મેળવ્યા મંત્રીઓએ વિચાર્યુંકે, 'આપણું કાર્ય પતી-ફૂટી ગયું' ત્યારે એકે કહ્યુ કે, 'ભાઈ ! લગાર શાંતિ રાખો.' આ કાર્યમાં હું પ્રયત્ન કરીશ.તે સર્વ ફરી રાજા પાસે હાજર કરીને પેલો કહેવા લાગ્યો - 'હે દેવ ! આ કેવી રીતે જાય ?' રાજા કહે - બીજા દિવસોમાં કેવી રીતે જતા હતા ?' મંત્રી હે દેવ ! જેવી રીતે દેવી ગયા, તેવી રીતે આને પણ મોકલવો.' રાજાએ પણ તે વાત સ્વીકારી. એટલે તરત ચાર પુરુષોએ તેને ખાંધ પર લીધો. હવે ત્યાં એક હાસ્ય કરવાની ટેવવાળો એક બોલકો માણસ રાજા સમક્ષ એમ કહેવા લાગ્યો કે, 'દેવીને આટલું કહેજે કે, તારા માટે રાજા અત્યંત ઉત્કંઠિત થયા છે.'

ત્યારે પેલાએ કહ્યું કે, 'આ સર્વ કહી શકાય, તેટલું મારામાં વિજ્ઞાન નથી. આવા પ્રકારનો સંદેશો ચોક્કસ પહોંચાડનાર કોઈક જાણકાર અને વચન બોલવામાં ચતુર હોય, તેને આપે મોકલવો યોગ્ય છે, માટે આને જ મોકલવો યોગ્ય છે.' એને મોકલવાનો નિર્ણય કર્યો, એટલે તો પોતાના બંધુ, સગા-સંબધીઓએ મોટા કોલાહલ-શોરબકોર કરી મૂક્યો. 'હવે તારા ડાચાને સંભાળીને બોલવાનું રાખજે.' મંત્રીઓ એ ઘણો ઠપકો આપીને કરુણાથી તેને છોડાવ્યો. બીજું મડદું લાવીને બાળી રાજા પાસે દેખાવ કર્યો. પેલા મંત્રીની આ પારિણામિકી બુદ્ધિ કે જેણે બંનેને શીખામણ આપી.(૨૧)

૧૩૬ - **ગાથા-અક્ષરાર્થ** - તથા કહેવાથી જેવાં આગળ કહેલાં ઉદાહરણો પારિણામિકી બુદ્ધિનાં છે, તે પ્રમાણે આ પણ ઉદાહરણ સમજવું. જ્યારે રાણી મૃત્યુપામી, તેવા સંકટ સમયે રાજા શરીર-સ્થિતિ સ્નાન, ખાન-પાનાદિક વ્યવસ્થિત કરતો નથી, ત્યારે મંત્રીએ કપટથી દેવી જે સ્વર્ગમાં રહેલી છે, તેની સંભાળ શૃંગારાદિક સામગ્રી મોકલાવી શરૂ કરાવી. આ દરમ્યાન કોઈક ધૂર્ત મંત્રીના પૂછયા વગર જ રાજા પાસે હાજર થયો અને આગળની જેમ કંદોરો વગેરે તેને આપ્યા. તેને અગ્નિમાં પ્રવેશકરાવીને સ્વર્ગમાં મોકલવાનો હતો. વચમાં કોઈ બોલકો વાચાળ ઓચિંતો આવી ચડ્યો, તેણે જુદા જુદા અર્થવાળું ભાષણ કર્યું. પ્રથમ તો પહેલા ધૂર્તને અગ્નિમાં પ્રવેશકરાવી વિનાશ કરવાનું શરુ કર્યું.વચમાં એક વાચાળ ટપકી પડ્યો અને આડા-અવળા ગમે-તેમ દેવીને સંદેશા કહેવારવવા લાગ્યો. એટલે પ્રથમ ધૂર્તે કહ્યું કે, 'આટલા બધા સંદેશા યાદ રાખવા મારા માટે અશક્ય છે, માટે આ બોલકાને જ મોકલો' એમ તેને જ મોકલવા તૈયાર થયા. તેણે પોતાના સ્વજનવર્ગને કહ્યુ કે, 'હું તો મર્યો, પણ હવે તમારે તમારા મુખનું રક્ષણ કરવું. બોલવામાં મેં સાવચેતી ન રાખી, તેનું મને આ ફલ મળ્યું.' (૧૩૬)

## કૂરગડુ-કથા

૧૩૭ - ચંદ્ર સરખા ઉજ્જવલ કોઈક તપલક્ષ્મીવાળા ગચ્છમાં મહિને મહિને પારણા કરનાર એક તપસ્વી મુનિવર હતા. હવે કોઈક દિવસ પારણાના દિવસે એક નાના સાધુ સાથે ઉંચા વગેરે કુળોમાં ગોચરી માટે ફરતા હતા. તીવ્ર ક્ષુધાના કારણે તેમ જ આંખનાં તેજ પણ ઘટી ગયેલાં છે, તેવા સમયમાં તેણે પગ મૂકવાના પ્રદેશમાં નાની દેડકી પર દેખ્યા વગર પગ મૂક્યો અને દેડકીચંપાવાથી મૃત્યુપામી, તે નાના સાધુના જોવામાં આવ્યું. ઉપાશ્રયમાં આવીને

ગુરુ પાસે ઇરિયાવહી પડિકમતાં, પછી ભિક્ષાની આલોચના કરતાં, તથા ભોજન કર્યા પછી સંધ્યા-કાળે આવશ્યકક્રિયા કરતાં પ્રગટપણે પેલા સાધુએ યાદી આપી કે, 'હે તપસ્વી ! દેડકી મારી, તેને કેમ આલોવતા નથી ?' આ નાનો સાધુ મારી પાછળ જ પડ્યો છે. 'શું દેડકી મેં મારી છે ? આ માર્ગે બીજા કોઈ નથી આવતા ?- એમ રોષે ભરાઈને ક્રોધ-પરવશ બન્યો અને તેનો ઘાત કરવા ઉઠ્યો, પરંતુ અંધારામાં થાંભલા સાથે અથડાવાથી માથામાં સખત વાગવાથી તરત જ મૃત્યુ પામ્યો ક્રોધથી જેણે પોતાનું શ્રામણ્ય મલિન બનાવ્યું, તે સર્પના ભાવને પામ્યો. તે સર્પના કુલોમાં દષ્ટિવિષ વિષમ સ્થિતિ પામ્યો. તેઓ પરસ્પર એમ સમજે છે કે, 'અમે રોષ કરવાથી આવી વિષમ સ્થિતિ પામેલા છીએ. ' જાતિસ્મરણના ગુણથી તેઓ રાત્રે બહાર ફરે છે, પરંતુ દિવસે સૂર્યની સામું નજર કરે તો, વનમાં રહેલા પશુ-પંખીઓ, વૃક્ષો સર્વે તેની દષ્ટિથી બળીને ભસ્મ બની જાય. તેઓસર્પ ભાવમાં પણ હવે સમજ્યા પછી રખેને અમારાથી કોઈજીવ અજાણપણે મરી જાય-એમ ધારી રાત્રે જ પ્રાસુક અચિત્ત આહાર શોધી લાવે અને દરમાં વાપરે.

હવે એવું બન્યું કે, તે દેશના રાજાના એક પુત્રને સર્પે ડંખ માર્યો અને રાજપુત્ર મૃત્યુપામ્યો, સર્પની જાતિ પર રોષ પામેલા રાજાએ હુકમ કર્યો કે, 'જે કોઈ એક સર્પ મારે, તેને હું એક સોનામહોર આપીશ.' હવે સર્પ પકડનાર એક પુરુષે જંગલમાં તેનો લિસોટો જોઈને તેના બિલ પાસે ઔષધિ મૂકી. એટલે સર્પ ખૂબ જોર કરવા લાગ્યો કે, 'હું મારું મુખ રખે બહાર કાઢું, કારણ કે, તેમ કરવાથી અનેકનાં મૃત્યુ થાય. દુષ્કર કારુણ્યવાળો હવે તે બિલમાં વાસ કરવા અસમર્થ બન્યો છિદ્રમાં આગળ પૂંછડી છે, ગારુડિક પૂંછડી ખેંચે છે. મારી દષ્ટિકોઈના ઉપર ન પડો, જેટલો બહાર નીકળે છે તેટલો કાપે છે, મૃત્યુ પામેલા સર્પ-કલેવરનેરાજા પાસે લાવ્યા. મૃત્યુપામી તે સર્પ તપસ્વીનો જીવ રાજાની પ્રધાન પત્નીની કુક્ષીએ પુત્રપણે ઉત્પન્ન થયો. કારણ કે, દષ્ટિવિષ સરખા ક્રોધી ભવમાં તેણે ક્રોધનું ઝેર એકદમ દૂરથી અત્યંતરોકીરાખેલું હતું. ત્યાર પછી નાગદેવતાએ રાજાને પ્રતિબોધ પમાડ્યો કે, 'જો હવેથી સર્પો ન મારશો, તો તમને પુત્ર થશે' કાલક્રમે પુત્રનો જન્મ થયો, મોટો મહોત્સવ કર્યો. નાગદેવતાએ આપેલો હોવાથી તેનું નાગદત્ત એવું નામ પાડ્યું. બાલભાવ પૂર્ણ થયા પછી સાધુને દેખીને જાતિસ્મરણ જ્ઞાન થયું. વૈરાગ્ય પામી દીક્ષા અંગીકાર કરી. અતિશય સમતાધારી સાધુ થયો. આગલા તિર્યંચભવના અનુભાવથી દરરોજ ખૂબ ભૂખ્યો થાય. સર્વ મુનિઓની હાજરીમાં એવો ઉગ્ર અભિગ્રહ ધારણ કર્યો કે, મરણાંતે પણ મારે ક્રોધ ન કરવો. પ્રભાત-સમયે અતિતીવ્ર ક્ષુધાથી લેવાઈ ગયેલા શરીરવાળો દોષિત આહાર ગ્રહણ કરવા ભિક્ષા ફરતો હતો. જેના ગચ્છમાં દીક્ષા લીધી છે,તે ગુરુના ગચ્છમાં તેવા આકરા તપ કરનારા સાધુઓ છે કે, જેમણે શરીરનું બળ તપસ્યામાં પૂર્ણ કર્યું છે. એવા એક, બે, ત્રણ અને ચાર માસના અનુક્રમે ચાર સાધુઓ હતા. હવે ત્યાં પ્રવચન ગુણના અનુરાગી એક શાસનદેવતા તેચારે તપસ્વીઓને ઉલ્લંઘીને પેલા તપસ્વી નાના સાધુને વંદન કરતી હતી. આનંદિત હૃદયવાળી શરીરના કુશળ સુખ-શાતા પૂછતી હતી. ક્રમસર તપસ્વીઓ બેઠેલા હતા, તેમાંથી એક તપસ્વીઓ ક્રોધ અને ઈર્ષ્યાથી પેલી દેવતાને ઠપકો આપતાં કહ્યું કે, 'અરે કટપૂતની ! આ

તપસ્વી સાધુઓના ચરણ પૂજવા લાયક છે, આ તપસ્વીઓને છોડીને ત્રણે કાળ ભોજન કરનાર આ નાના સાધુને વંદન કરે છે !' (૨૫) દેવીએ કહ્યુ કે, 'હું આ ભાવતપસ્વીને વંદના કરું છું, આ સર્વે દ્રવ્યતપસ્વી છે. વિશેષ વૃત્તાન્ત પ્રભાત-સમયે પ્રગટ થશે.'

હવે પ્રભાત-સમયે દોષિત આહાર માટે શ્રાવકોના ઘરે ઘરે ફરીને ઉપાશ્રયે આવી ઇરિયાવહિયા પ્રતિક્રમીને, ભાત-પાણી આલોવીને તપસ્વીઓને જ્યારે નિમંત્રણ કરે છે, લોકોએ આ મુનિનું 'કૂરગડું' એવું ઉપનામ સ્થાપ્યું હતું. તેમાંથી એક ઉપવાસીસાધુ જે તેને સહન કરી શક્યો નહિં, એટલે તેણે તેના ગોચરી ભરેલા પાત્રમાં તિરસ્કાર કરતાં કરતાં પવિત્ર ભોજનમાં બળખો નાખ્યો. એ પ્રમાણે બાકીના ત્રણ તપસ્વીઓને પણ ઉત્કટ રોષ કરીને તેને કહ્યું કે, 'હે નિર્લજ્જ ! તને ધિક્કાર થાઓ.' સમતાવાળા સાધુ વિચારે છે કે, 'હું પેટ ભરનારો સાધુ છું. તેમને થુંકવા માટે રાખનીકુંડી મેં ન આપી, તો તેઓ આમાં થૂંકયા ખરેખર તેમનાં બળખાથી મારો આત્મા કૃતાર્થ થયો.' બળખાનું મિશ્રણ દૂર કરી જ્યારે જમતો હતો, ત્યારે તીવ્ર વૈરાગ્ય પામેલા તપસ્વીના તપની અનુમોદના અને પોતાના ખાઉધરાપણાની નિંદા કરતાં, ક્રમે એ પાંચે કેવલજ્ઞાન પામ્યા. નાના સાધુ તેની પણ પારિણામિકી બુદ્ધિનું ફલ આ મળ્યું.ક્રોધના નિગ્રહથી નિર્વેદ અને તેનાથી કેવલજ્ઞાન થાય છે. (૩૩)

**ગાથા અક્ષરાર્થ**-ક્ષપક નામના દ્વારમાં નાની દેડકીપગતળે આવી મરી ગઈ. સાંજના પ્રતિક્રમણ સમયે નાના સાધુએ યાદી આપી, એટલે ક્રોધથી તેને મારવા જતાં થાંભલા સાથે અફળાઈને ક્રોધમાં મૃત્યુ પામ્યો. સાધુપણાની વિરાધનાથી મરી સર્પ થયો, રાત્રે ફરનારો થયો.કોઈક સમયે રાજપુત્ર સર્પ કરડવાથી મૃત્યુ પામ્યો, એટલે રાજાએ ઢંઢેરો પીટાવ્યો' 'જે કોઈ સર્પનું એક મસ્તક લાવશે.તેને સોનાની મહોર મળશે.' એટલે સર્પ પકડનારા શિકારીઓ રાત્રે ફરતા સર્પનીરેખા લીસોટા દેખીને ઔષધિ અને મંત્ર-બળથી દરમાંથી સર્પોને બહાર કાઢવાના પ્રયત્ન કરવા લાગ્યા.

તે દયાળુ દષ્ટિવિષ સર્પને પુંછડીના ભાગથી ખેંચે છે. તેની પૂંછડી કાપી નાખે છે, તો પણ સામાન મરણના ભયથી મુખ બહાર કાઢતો નથી. એમ દયા પરિણામવાળો તે સર્પ શુભ ધ્યાનમાં મૃત્યુ પામી તે જ રાજાનો પુત્ર થયો.અનુક્રમે જાતિસ્મરણથી દીક્ષા લીધી. ચારે તપસ્વીઓની વક્તવ્યતા અહિં જણાવી. (૧૩૭)

## મંત્રિ-પુત્ર કથા

કોઈક મંત્રિપુત્ર ભિક્ષુકના વેષધારી રાજપુત્રનીસાથે આશ્ચર્યકારી દેશ-દેશાવર જોવાની ઇચ્છાથી મુસાફરી કરવા લાગ્યા. કોઈક સમયેકોઈક સ્થલે શિયાળના શબ્દોનો પરમાર્થ સમજનાર કોઈ નિમિત્તિયો તેમને ભેટી ગયો. તેઓ પણ એક દેવકુલિકામાં તેની સાથે સુઈ ગયા.અતિ મોટા શબ્દ કરીને શિયાળ રડવા લાગી.ત્યારેકુમારે પછયું કે,'શાથી શબ્દ કરે છે ? ઉપયોગ મૂકી નિમિત્તિયાએ કહ્યું કે, 'નદીના ઘાટમાં અહિં પાણીના પૂરથી ખેંચાઈ આવેલું એક મડદું પડેલુ છે, એના કેડના સ્થાનમાં સો સોંનામહોરો છે. નિર્ભયતાથી હે કુમાર ! તું તે ગ્રહણ કર મારાથી મુદ્રિત કલેવર ગ્રહણ કરી શકાતું નથી. એમ આ શિયાળ કહે છે. આ

જાણી કુમારને કૌતુક થયું,તે બધાને છેતરીને એકલો ગયો, તો તે પ્રમાણે થયું. સો સોનામહોરો ગ્રહણ કરીને ગયો, તો વળી ફરી તે પ્રમાણે રડવા લાગી. ફરી પૂછ્યું તો વળી કહ્યું, હવે નકામું-જૂઠ રુદન કરે છે. આ પ્રમાણે હવે શા માટે કહે છે કે, 'સો સોનામહોર તમારી અને મૃતક મારું. બંનેની કૃતાર્થતા થઈ.' હવે મંત્રિપુત્રે હકીકત જાણીઅને મનમાં આમ વિચારણા કરવા લાગ્યો કે - 'હવે હું તેનામાં સત્વસાર કેટલો છે ? તે તપાસું કે કૃપણતાથી ગ્રહણ કર્યું છે. જો કૃપણતાથી ગ્રહણ કર્યું હશે, તો રાજ્ય નક્કી એને નહિ મળે.' એમ કલ્પના કરીને પ્રભાત-સમયે તેણે રાજપુત્રને કહ્યું કે - 'હે કુમાર ! તમો જાઓ, મને તો પેટમાં શૂલની પારાવાર વેદના ઉત્પન્ન થઈ છે. હું અહિંથી આગળ ચાલવા બિલકુલ સમર્થનથી.' રાજપુત્રે કહ્યું કે,'કોઈ પ્રકારે વિદેશમાં મારે એકલા જવું, તે સર્વથા અમુક્ત છે. તારો સાથ તો મારાથી છોડાય જ નહિં. કયાંઈક એકલા નિવાસકરતા મને કોઈ જાણી જાય તને છોડીને ગમન કરવું, તે અત્યારે મારા માટે અતિદુષ્કર છે.' ત્યાર પછી ગામમાં પ્રવેશ કરીને કોઈક કુલપુત્રના ઘરે સારવાર કરવા સોંપ્યો, વૈદ્યને મૂલ્ય આપવા માટે સો સોનામહોરો તેને આપી. મંત્રિપુત્રે તેની શૂરવીરતા ઉદારતા જાણી અને આપેલી સોનામહોરો પણ ગ્રહણ કરી. રાજપુત્રમાં કૃપણભાવ નથી - એમ નિર્ણય કર્યા પછી તે જ ક્ષણે મંત્રિપુત્રે કહ્યુ કે - 'મારા શૂલની વેદના શાંત થઈ છે, તો હવે આપણે બંને સાથે જ ચાલીશું.' ક્રમે કરી કુમાર રાજયપામ્યો અને મંત્રિપુત્ર ભોગો પામ્યો. જેમ મંત્રિપુત્રે પારિણામિકી બુદ્ધિથીરાજપુત્રની પરીક્ષા કરી અને તેને અનુસર્યો, તો કાલક્રમે ભોગો પણ મેળવ્યા.

**ગાથા અક્ષરાર્થ**-અમાત્યપુત્રના ઉદાહરણમાં રાજવારસદાર પુત્ર સાથે મંત્રિપુત્ર દેશાટન કરવા નીકળ્યો. શિયાળના શબ્દને પારખનાર એક નિમિત્તિયાનો ભેટો થયો. રાત્રે કોઈ દેવકુલમાં સર્વે સૂતેલા હતા,ત્યારે શિયાળનુ રુદન થયું. નિમિત્તિયાએ તેના ફલાદેશમાં હકીકત જણાવી. ફરી પણ શિયાળે શબ્દ કર્યો. ખોટું જણાય છે. મંત્રિપુત્રે વિચાર્યું કે, 'રાજપુત્ર કૃપણ કે ઉદાર છે ?' તેની પરીક્ષા માટે મંત્રિપુત્ર કપટથી ગ્લાન બન્યો.રાજપુત્રે વૈદની ચિકિત્સા વગેરે માટે સો સોનામહોરનું દાન કર્યું. તેના ઔદાર્યના વર્તનથી પ્રભાવિત થયેલ મંત્રિપુત્ર 'હવે લગાર મને આરામ થયો છે'-એમ કહી સાથે જ ગમન કર્યું. (૧૩૮)

## ચાણક્ય-કથા

પામર લોકોના મનને આનંદ આપનાર ચણક નામના ગામમાં ચણી નામનો બ્રાહ્મણ જૈન શ્રાવકધર્મ પાળતો હતો. સમગ્ર પુરુષનાં સમગ્ર લક્ષણ જાણનાર એવા આચાર્ય ભગવંત તેના ઘરે પધાર્યા.કોઈક પ્રકારે વિહાર ન કરવાના સંજોગો તેને ત્યાં રોકાયા હતા. તેના ઘરે દાઢો ઉગેલી હોય તેવો પુત્ર જન્મ્યો. તેને ગુરુના ચરણમાં પગે લગાડ્યો. તેઓથી એકદમ એમ બોલી જવાયું કે, 'આ રાજા થશે' એમ જાણીને પિતા વિચારવા લાગ્યાકે, 'મારા શ્રાવકના ઘરે જન્મેલો રખે રાજા થઈને દુર્ગતિ પામે.' એટલે પેલા ઉગેલા દાંત દાઢ ઘસી નાખ્યા અને આચાર્યને તે પ્રમાણે જાતે જ કહ્યું. 'જેને જે પ્રકારે થવાનું હોય છે,તેને તે પ્રમાણે અહિં જ સર્વ થાય છે.' એ પ્રમાણે મનમાં વિચારીને જણાવ્યું કે, રાજાના પ્રતિનિધિ સરખો

જ રાજા સમાન થશે. એ પ્રમાણે આચાર્ય ભગવંતેકહ્યું.ચણિપુત્ર હોવાથીતેનું 'ચાણક્ય' એવું નામ સર્વત્ર પ્રસિદ્ધિને પામ્યું. સારાં લક્ષણો ધારણ કરનારા એવો તે અનુક્રમે મોટો થવા લાગ્યો. બાલભાવ પૂર્ણ થયા પછી તેણે વિદ્યાનાં સ્થાનોનો અભ્યાસ કર્યો. શ્રાવકપણું પામ્યો. ભવથી નિર્વેદ-વૈરાગ્ય પામ્યો, તેને અનુરૂપ અતિભદ્રક બ્રાહ્મણવંશમાં જન્મેલી એક કન્યાની સાથે તેણે લગ્ન કર્યું. સંતોષથી આનંદિત મનવાળો તે રહેતો હતો. નિષ્ઠુર પાપકાર્યો છોડવા હંમેશાં ઉદ્યુક્ત રહેતો હતો.હવે કોઈક સમયે તેની ભાર્યા પિયરમાં લગ્નોત્સવ-પ્રસંગે ગઈ હતી.ઘણા લાંબા સમયે બીજી પણ સ્નેહ રાખનારી બહેનો આવેલી હતી, પરંતુ તેઓ સમૃદ્ધિશાળીકુળમાં પરણાવેલી હોવાથી સુંદર કિંમતી સારા અલંકારોથી અલંકૃત થયેલી શોભા પામતીહતી. 'ખરેખર વૈભવ જેનો ચાલ્યો ગયો હોય, તેવાને પોતાની પત્ની પણ છોડી દે છે.' સર્વાંગે અપૂર્ણ એવી અમાવાસ્યાનીરાત્રિ ચંદ્ર સાથે સંબંધ કરે ખરી ? એ વચનને અનુસરીને તેના સર્વ પરિવારે ચાણક્યની પત્નીને નિર્ધન પતિવાળી હોવાથી ખૂબ અપમાનિત કરી સમૃદ્ધિશાળી બહેનો ગ્રહદેવતાની જેમ પુષ્પ તંબોલ, વસ્ત્રો, શણગાર આદિથી પોતાના શરીરને સુંદર બનાવીને પ્રસંગેપ્રસંગે આનંદથી ભ્રમણ કરતી હતી.'એક માતા તથા એક પિતા હોવા છતાં પણ હું તેમનાથી પરાભવ પામી 'જગતમાં એક વૈભવને છોડીને બીજો કોઈ પદાર્થ વલ્લભ હોતો નથી.' આ પ્રમાણે હૃદયમાં મરવાનું દુઃખ ધારણ કરીને ચાણક્યને ઘરે પાછી આવી. ત્યારે રુદન કરવા લાગી. અતિ આગ્રહથી પૂછયું, ત્યારે તેણે બનેલો વૃત્તાન્ત કહ્યો. દુનિયામાં સ્ત્રીનો પરાભવ અસહ્ય છે. તેથી તરત જ તે ધન શોધવા માટે તૈયાર થયો. તે વખતે પાટલિપુત્રમાં નંદરાજ બ્રાહ્મણોને દક્ષિણા આપતો હતો. તે ત્યાં ગયો, ત્યારે પહેલાં થયેલા ક્રમસર નંદ રાજાઓનાં સર્વ આસનો કાર્તિક અમાવાસ્યાના દિવસે નિયત કરી સ્થાપન કર્યાં હતાં. તેમાં જે પ્રથમ આસન હતું,ત્યાં તેવા પ્રકારની લગ્નશુદ્ધિ હતી, તે ધારીને તે એકદમ તે ઉપર બેસી ગયો. તો એક સિદ્ધપુત્રે કહ્યુંકે 'આવેલા આ બ્રાહ્મણે નંદના વંશની સર્વ છાયાને પગથી ચાંપીને આક્રમી છે.' એટલે દાસીને તેને કહ્યું કે, 'હે ભગવંત ! તમે બીજા આસન ઉપર બેસો.' 'ભલે તેમ થાઓ' એમ કહી ત્યાં પોતાનું કંડિકા (કમંડળ)ની સ્થાપના કરી. ત્રીજા આસન ઉપર દંડ સ્થાપ્યો, ચોથા ઉપર ગણોત્તિયા, પાંચમા ઉપર બ્રહ્મસૂત્ર, એ પ્રમાણે ઘણાં આસનોનો રોકતા તે બ્રાહ્મણને ધીઠો જાણી અપમાનિતકરી વિદાય કર્યો.

હજુ દેશાન્તરમાં જવા માટે પ્રથમ પગનું મંડાણ કરું છું, ત્યાં આમ થયું. તે સમયે નિર્ભય થઈ નિઃશંકપણે ઘણા લોકો સમક્ષ તે એમ કહેવા લાગ્યો કે - "કોશ અને સેવકોથી જેનું મૂળ મજબૂત છે, પુત્રો અને પત્નીઓથી જેની શાખાઓ વૃદ્ધિ પામેલી છે - એવા નંદરાજાને, જેમ ઉગ્રવાયુ મોટા વૃક્ષને ઉખેડી નાખે, તેમ હું તેના રાજ્યનું પરિવર્તન કરીશ."

ત્યાર પછી નગરમાંથી નીકળીને રાજપદ-યોગ્ય પુરુષની શોધ કરવા લાગ્યો. કારણ કે પહેલાં સાંભળ્યું હતું કે, 'હું બિંબાંતરિત-રાજા નહિં, પણ રાજા સમાન અધિકારવાળો થવાનો છું.' પૃથ્વીમંડલમાં પરિભ્રમણ કરતાં કરતાં ચાણક્ય મોરપોષક નામના ગામે પહોંચ્યો, તો પરિવ્રાજકના વેષને ધારણ કરનાર તેને દેખી નંદરાજાના પુત્રના વંશમાં થયેલ અને તે ગામના અધિપતિની પુત્રીને ચંદ્ર-પાન કરવાનો દોહલો થયેલો કે, જેને કોઈ પૂર્ણ કરી શકતા ન હતા.

દોહલો કોઈ પ્રકારે પૂરી શકાતો ન હોવાથીતેના મુખ-કમળની કાંતિ ઝાંખી પડી ગઈ, અત્યંત મ્લાન શરીર વાળી માત્ર હવે જીવ જવાનો બાકી હતો-એવી વિષમ સ્થિતિ પ્રાપ્ત કરી હતી. ભિક્ષા ખોળતો હતો, તે સમયે ગામના અધિપતિએ સર્વ હકીકતપૂર્વક પૂછ્યું અને જણાવ્યું કે, 'જો આ પ્રથમ બાલકને મને આપો, તો તેને ચંદ્રબિંબનું પાન કરાવું.' તેઓએ આ વાતનો સ્વીકારકર્યો, બરાબર પૂર્ણિમાનો દિવસ આવ્યો, એટલે મોટો પટમંડપ કરાવ્યો,તેના મધ્યભાગમાં છિદ્ર કરાવ્યું, જે જે રસવાળાં દ્રવ્યો છે, તે સર્વ એકઠાં કરી તેને દૂધ સાથે મેળવી ક્ષીર બનાવી થાળમાં પીરસી. ચંદ્રનો પ્રકાશ મંડપના છિદ્રમાંથી બરાબર થાળમાં પડતો હતો. જાણે સાક્ષાત્ ચંદ્ર જ ન હોય, તેમ દૂધ ભરેલો થાળ ગોઠવ્યો હતો. પેલી સ્ત્રીને બોલાવી અને કહ્યુંકે, 'હે પુત્રિ ! આ ચંદ્રને જો અને તેનુંપાન કર, જેમ જેમ પાન કરવા લાગી અને દૂધ ઓછું થવા લાગ્યું,તેમ તેમ મંડપ ઉપર બેઠેલો ગુપ્ત પુરુષ તે છિદ્રને ઢાંકતો હતો. જ્યારે સમગ્ર દૂધપાન કર્યું, એટલે સમગ્ર છિદ્ર ઢાંકી દીધું. પેલી દોહલાવાળી સ્ત્રીને ચંદ્રપાન કર્યાનો પૂર્ણ સંતોષ થયો અને ખાત્રી થઈ કે, 'મેં ચંદ્રબિંબનું પાન કર્યું.' દોહલો પૂર્ણ થવાથી તેને પુત્ર જન્મ્યો. ચંદ્રનું પાન કરવાના કારણે તેનું નામ 'ચંદ્રગુપ્ત' પાડ્યું. રાજપદને અનુરૂપ વર્તનવાળો તે દરરોજ એમ વૃદ્ધિ પામતો હતો. જ્યારે ધનનો અર્થી ચાણક્ય સમગ્ર પૃથ્વીમંડલમાં ભ્રમણ કરતો હતો. વળી તેવા પ્રકારના પર્વત, ખાણ વગેરે સ્થાનોમાં ચતુર બુદ્ધિથી રૂપું, સોનું, રત્નાદિક કિંમતી વસ્તુઓ અને ઔષધિઓની શોધ કરતો હતો.

કોઈક દિવસે તે ચંદ્રગુપ્ત બાળક બીજા બાળકોની સાથે રાજનીતિથી રમતો હતોઅને કહેતો હતો કે, 'હું રાજા છું, તમે માગો તે આપું'-એ બાળક છતાં ઉપકાર કરવામાં તત્પર હતો. આ સમયે ચાણક્ય ત્યાં આવી ચડ્યો અને રમતા તે બાળકને જોયો અને કહ્યુ કે, 'અમને પણ કંઈ દક્ષિણા આપો.' ત્યારે બાળકે માર્ગમાં જતી ગાયોને અનુલક્ષીને કહ્યું કે - 'આ ગાયો લો' 'અરે ! એનો કોઈ માલિક મને નહિં મારે ?' ચંદ્રગુપ્તે ગહ્યું કે, 'આ પૃથ્વી વીરલોકોએ ભોગવવા યોગ્ય છે. પરંતુ પરંપરાથી વારસામાં મળેલી નહિં.' આ સાંભળી ચાણક્યે જાણ્યું કે, 'આની બોલવાની વચન-પદ્ધતિ કાલાનુસાર યથાર્થ છે. પૂછ્યું કે, 'આ પુત્ર કોનો છે ?' તો કે, 'કોઈક પરિવ્રાજકનો.' એટલે ચાણક્યે કહ્યું કે, 'એ પરિવ્રાજક હું પોતે જ છું.' 'ચાલો આપણે જઈએ, હું તને રાજા બનાવીશ' એમ કહી તે બંને ત્યાંથી પલાયન થયા. કેટલાક વગર કેળવાયેલા લોકોએ એકઠા મળીને કુસુમપુર નગરને ઘેરી લીધું, પરંતુ નંદરાજાએ થોડા સૈન્ય-પરિવારવાળા તેને એકદમ પલાયન કરાવ્યો. સમય સમજનાર ચાણક્યે ચંદ્રગુપ્તને એક કમલપત્ર મસ્તક-પ્રદેશ ઢાંકવા માટે આપ્યું અને પદ્મસરોવરમાં તેને મોકલયો. એવી રીતેસરોવરમાં સંતાડ્યો કે, જેથી તેને અંદર કોઈ જાણી કે દેખી ન શકે.પોતે જંગલ જઈ સરોવરના કિનારે શૌચ કરવા લાગ્યો. જ્યારેકોઈ પૂછ્યું કે, 'અરે ! અહીંથી ચાણક્ય ક્યાં ગયો ?તેનું સ્વરૂપ જાણે ન જાણતો હોય, તેમ અજાણ્યો બનીકહ્યું કે, તે ક્યારનો ય આગળ ચાલ્યો ગયો.' બીજા આચાર્યો એમકહે છે કે સરોવરનેકિનારે તે ચાણક્ય જાતે ધોબી બનીને વસ્ત્રોધોવા લાગ્યો. પ્રધાન અશ્વના ઉપર આરૂઢ થયેલા એક અશ્વસ્વારે માર્ગમાંથી નજીક આવીને ધોબીનેપૂછ્યું કે - 'ચંદ્રગુપ્ત ક્યાં છે ?' ત્યારે સમયબલનો વિચારકરીને કહ્યુ કે,

'ચંદ્રગુપ્ત આ તળાવના મધ્યભાગમાં રહેલો છે અને ચાણક્ય તો ક્યારનો ય પલાયન થઈ ગયો છે. પેલા અશ્વસ્વારે પણ ઘોડો તેના હાથમાં સોંપ્યો અને તરવાર ભોંય પર મૂકીને જેટલામા પાણીમાં પ્રવેશ કરવા માટે તે કપડાં ઉતારે છે અને કંચુક નીચે મૂક્યા એટલામાં તેની જ તરવાર લઈને ચાણક્યે તે અશ્વસ્વારને મર્મ પ્રદેશમાં હણ્યો, જેથી તે મૃત્યુ પામ્યો અને એ જ અશ્વ ઉપર ચંદ્રગુપ્તને સરોવરમાંથી બોલાવી બેસાર્યો અને પોતે પણ તે જ ઘોડા ઉપર બેસી આગળ ચાલ્યો જાય છે, ત્યારેકેટલોક માર્ગ કપાયા પછી ચાણક્યે ચંદ્રગુપ્તને પૂછ્યું કે - 'જે વખતે વૈરી પુરુષને મેં તને બતાવ્યો, તે સમયે મારા વિષયક તને મનમાં શો અભિપ્રાય આવ્યો ?' (૫૦) પ્રત્યુત્તરઆપતાં ચંદ્રગુપ્તે જણાવ્યું કે, 'આર્ય વડિલ પુરુષો સર્વ ભદ્ર જ કાર્ય કરે અને તેઓ જહિત જાણે અને કરે.' ચાણક્યને હવેખાત્રી થઈ કે, 'આને મારામાં પૂર્ણ વિશ્વાસ છે.' હવે કોઈક સમયે ક્ષુધાવેદના અનુભવતા ચન્દ્રગુપ્તને ગામની બહાર સ્થાપન કરીને કોઈક ગામમાં તેના ભોજન માટેગયો. ગામમાં જતાં બીક લાગે છે કે, કદાચ નંદ નરેન્દરનો કોઈ માણસ મને જાણી જશે, તોપકડી લેશે.' ગામમાં જતાં એક તરતના જન્મેલા અને બહાર જતા એક બ્રાહ્મણનેદેખ્યો.તેનું પેટ ફાડીને અંદર તરતની ખાધેલી દહીંની ઘેંશ જે હજી તાજી જ હતી, પણ નિણસી ન હતી,તેને કાઢી જમાડ્યો અને પછી બીજા ગામે પહોંચ્યારાત્રે ભિક્ષા માગવા માટે ચાણક્ય એક ડોશીને ત્યાં ગયો. તેના ઘરમાં મોટા થાળની અંદર ઘણા છોકરાને એક સાથે બેસીને ખાવા માટે રાબ પીરસી. તેમાં એક ચપળ છોકરાએ વચમાં હાથ નાખ્યો, જેથી દાઝ્યો અને રુદન કરવા લાગ્યો. ડોસીએ તેને ઠપકો આપતાંકહ્યું કે, 'તું ચાણક્ય જેવો મૂર્ખ જણાય છે.' ચાણક્યે ઘરડી ડોસીનેકારણ પૂછ્યું, તો તેણે કહ્યું કે, 'પહેલાં પડખે ઠંડી પડી હોય તે ખવાય,ત્યાર પછી વચલી ઠંડી થાય,ત્યારે રાબ ખવાય.' ત્યારે ચાણક્ય સમજ્યો કે, પ્રથમ પડખાનાં-છેડાનાં ગામો સ્વાધીનકર્યા પહેલાં વચલાં ગામો સ્વાધીન કરી શકાતાં નથી. વચલું કુસુમપુર ત્યારે જ સ્વાધીન કરી શકાય કે, જો પડખાના છેડાના આસપાસનાં ગામો પ્રથમ સ્વાધીન કરાય તો. ત્યાર પછી તે ચાણક્ય હિમવાન પર્વતની તળેટી પાસે ગયો. ત્યાં પર્વતક નામના રાજા સાથેગાઢ મૈત્રી બાંધી. તેને કહ્યું કે, 'સમય આવશે.ત્યારે પાટલિપુત્રમાં નંદરાજાને સ્વાધીન કરીશું, જિતીશું એટલે સરખા ભાગે બંને વહેંચી લઈશું.' ત્યાર પછી તરત જ પ્રયાણ આરંભ્યું અને નગર, ગામ વગેરે સ્થલમાં નિયત પ્રમાણે રોકાતા રોકાતા અને સ્વાધીન કરતા કરતા આગળ વધ્યા એક જગા પર એક નગર સ્વાધીન થતું નથી. સજ્જડ પુરુષાર્થ કરવા છતાં પણ કેમ પડતું નથી ? તેથી તે પરિવ્રાજક સંન્યાસીએ અંદર જઈને તપાસ કરી, તો કેટલીક વસ્તુઓ તપાસતાં ત્યાં પાર્વતીના રૂપ સરખી ઈન્દ્રકુમારની મૂર્તિઓ દેખી. તેના પ્રભાવના કારણે તે નગર કોઈ પ્રકારે સ્વાધીન થતું કે પડતું નથી. કપટથી તે મૂર્તિઓ ખસેડાવી અનેમંગાવી લીધી-એટલે તે નગર તરત જ સ્વાધીન થયું.ત્યાર પછી પાટલિપુત્રને ઘેરો ઘાલ્યો અને મોટું યુદ્ધ જામ્યું. તે આ પ્રમાણે –

કોઈક સ્થાને તીક્ષ્ણ ભાલાં ફેંકાતાં હતાં, કોઈક સ્થાનમાં ઘણા લોકનો સંહાર કરનારાં યંત્રોના સમૂહો ફેંકાતા હતા, ક્યાંક નગરના લોકોએ બનાવરાવેલા વિશાળ દરવાજાનાં કમાડો કઠિન કુહાડાના પ્રહારથી સખત તોડેલા ભાંગી ગયાં હતાં. યમરાજાની જીભ સરખી શક્તિ

(નામનાં હથિયારો) જ્યારે શક્તિવાળા પરાક્રમી પુરુષોના હાથથી છોડવામાં આવતા હતા, ત્યારે અનેક શત્રુજનો ઉપર પડતી હતી અને તેઓ તરત જ યમરાજાના પરોણાઓ બનતા હતા. મોટા પર્વતના શિખર સરખાં ઊંચાં એવા કોટનાં શિખરો વીજળી પડવાથી જેમ તેમ ધરણી ઉપર-નીચે પડતાં હતાં.કાન સુધી ખેંચેલા ધનુષદંડથી છોડેલી બાણશ્રેણિઓ બંનેના સૈન્યોના મનુષ્યનો પ્રાણોને પ્રલય પમાડનારા થાયછે. વિવિધ પ્રકારના આકારને ધારણ કરનારા કિલ્લાઓ ખંડિત થઈ પડી જાય છે. સેંકડો સુરંગો ખોદાય છે. પત્થર સરખાં શસ્ત્રો અને પોષાણોના ઢગલાઓ પડે છે. આવા પ્રકારનાં યુદ્ધ ચાલતાં હતાં-એમ કેટલાક દિવસોપસાર થયા, પછી નંદરાજાનું સૈન્ય ભગ્ન થયું અને નંદરાજાને [1]ધર્મદ્વાર માગ્યું.ત્યારે કહ્યું કે, 'એક રથથી તમારાથી જેટલું લઈ જઈ શકાય તેટલું ગ્રહણ કરો.'

એટલે નંદરાજા બે ભાર્યાઓ, એક કન્યા અને કેટલુક ધન ગ્રહણ કરીને જ્યાં નગર-દરવાજે પહોંચ્યો, એટલામાં કન્યાની ઘણા વિલાસવાળી દૃષ્ટિ ચંદ્રગુપ્ત ઉપર પડી. પિતાએ તેની સાથે જવા અનુમતિ આપી. જેટલામાં કન્યા રથ ઉપર ચડવા લાગી. એટલામાં ચંદ્રગુપ્ત સંબંધી જે રથ હતો, તેના નવા આરા ક્ષણવારમાં ભાંગી ગયા-એલે ચંદ્રમુખ સરખો ચંદ્રગુપ્ત મ્લાન મુખવાળો થયો. ચાણક્યે તેને કહ્યું કે, 'તેને રથમાં ચડતી રોક નહિં. કારણ કે, નવ પાટ-પરંપરા સુધી તારા વંશમાં સ્ફુરાયમાન સત્ત્વવાળા રાજપુરુષો રાજ્ય કરશે. નગરના મધ્યભાગમાં ગયા પછી રાજ્યના બે ભાગો સ્થાપન કર્યા. અહીં નંદના મહેલમાં નંદરાજાની એક વિષભાવિત દેહવાળી, સ્પર્શવિષયવાળી (ઝેરવાળી) કન્યા હતી. (૭૫) તે પર્વતરાજા પાસે ગઈ, તેને પણ પરણવાની ઇચ્છા થઈ, તે તેને અર્પણ કરી. વિવાહવિધિ શરૂ કર્યો, ત્યારે અગ્નિ પ્રગટાવ્યો અને જ્યારે પર્વતરાજાનો કન્યા સાથે હસ્તમેળાપ (વખતે) સ્પર્શ કરાવ્યો, તેથી રાજાના શરીરમાં ઉગ્ર વિષ વ્યાપી ગયું. 'હે મિત્ર ! હું મરી જાઉં છું, માટે તેનો પ્રતિકાર કર' ચંદ્રગુપ્ત જ્યાં તેનો આદર કરવા તૈયાર થયો, એટલે ચાણક્યે ભયંકર ભ્રુકુટી ચડાવી અટકાવ્યો. તરત જ ચંદ્રગુપ્ત પાછો વળ્યો અને પેલો પર્વતરાજા વિષકન્યાના સ્પર્શના ઝેરથી મૃત્યુ પામ્યો. એટલે હવે બંને રાજ્યો સુખેથી તેની માલિકીનાં થયા. હવે નંદરાજાના પરિવારના પુરુષો ચંદ્રગુપ્ત પાસેથી આજીવિકા ન મેળવવાથી તે જ નગરમાં વારંવાર ચોરી કરવા લાગ્યા. (૮૦) હવે ચાણક્ય એક સખત ચોર પકડનાર આકરા પુરુષને શોધતો હતો,ત્યારે નગર બહાર પરિભ્રમણ કરતાં કરતાં તેણે એક નલદામ નામના કોલિકને દેખ્યો. તે જ્યારે પોતાનું ઘર બનાવતો હતો,ત્યારે તેના પુત્રને ધીમેલ સરખા તીક્ષ્ણ મુખવાળી કીડીઓએ ડંખ આપ્યા. એટલેતેના ઉપર નવલદામ અત્યંત ક્રોધે ભરાયો અને તે કીડીઓનું મૂળ-ઉત્પત્તિસ્થાન ક્યાં છે ? તેનું દર કોશથી ખોદીને અગ્નિદાનથી સર્વથા બાળી નાખ્યું કે, 'હવે ફરીથી નવી કીડીઓ ઉત્પન્ન ન થાય.' ચાણક્યે વિચાર્યું કે, 'આના કરતાં બીજો કોઈ મારા ચિંતવેલા કાર્ય માટે સમર્થ નથી.' એ પ્રમાણે ત્રિદંડી ચાણક્યે તે નલદામને રાજાપાસે

૧ ધર્મદ્વાર સ્થાનિક રાજા માગે, ત્યારે પોતે એક રથમાં જેટલું સમાય તેટલું દન વગેરે સામગ્રી અને પોતાના સ્વજનોલઈને જાયતો, તેને નિર્ભયપણે બહાર જઈ જવા દેખાય છે.

બોલાવ્યો અને કુસુમપુર નગરનું રક્ષણ કરનાર પદ અર્પણ કર્યું. તેણે વિશ્વાસ પમાડેલા ચોરી કરનારા કુટુંબોને ઝેર ભેળવેલાં ભોજન આપીને સમગ્ર કુટુંબો સહિત તેમને મારી નાખ્યા. આખું નગર ચોરી વગરનું કર્યું. ભિક્ષુકપણામાં જે ગામમાં ભિક્ષા મેળવી ન હતી,તે ગામમાં ચાણક્ય પોતાની આજ્ઞા તીક્ષ્ણપણે પ્રવર્તાવવા ઈચ્છતો હતો. ત્યાં આવા પ્રકારની આજ્ઞા આપતો કે, 'વાંસના ઝુંડને ફરતી આંબાના વૃક્ષની વાડ કરવી.' આવી આજ્ઞાથી ગામડિયાઓ વિચારવા લાગ્યા કે, 'આ કેમ યોગ્ય ગણાય ? રાજકુલનો આવો હુકમ હોય નહિ, માટે વાંસ કાપીને આંબાના વૃક્ષને ફરતી વાડ બનાવીએ.' એમ વાડ બનાવી. વિપરીત આજ્ઞા કરનારનો દોષ ઉભો કરીને દરવાજા બંધ કરીને બાળક-વૃદ્ધ સહિત આખું ગામ ચતુર બુદ્ધિવાળા પાપી ચાણક્યે બાળી મૂક્યું. રાજ્યનો ભંડાર ભરવા માટે જુગાર રમવાના યોગિક પાસાઓથી દરેકને જિતીને ઘણું ધન એકઠું કર્યું, તે હકીકત આગળ કહેલી છે. હવે તે વાત જુની થયેલી હોવાથી કોષની વૃદ્ધિ કરવા માટે બીજો ઉપાય ચાણક્ય વિચારવા લાગ્યો. ત્યાર પછી નગરના પ્રધાન પુરુષોને ભોજન-સમારંભમાં બોલાવી ભોજન અને મદિરાપાન કરાવ્યાં. તેઓ જ્યારે મદિરાપાન કરી મત્ત બની ભાન ગૂમાવ્યું. ત્યારે એકદમ નાચ કરવા લાગ્યા, તથા ગીત ગાવા લાગ્યા. તે આ ક્રમે ધ્રુવક કહેવા લાગ્યા. પ્રથમ ચાણક્યે આ પ્રમાણે કહ્યુ કે, 'મારી પાસે બે ભગવા રંગના વસ્ત્રો છે, સુવર્ણમય કુંડિકા (કમંડલ અને ત્રિદંડ છે, તથા રાજા મારા આધીન છે. આ વાત પર **મારું એક હોલક બજાવ.**'

ઘણો વેપારી કરી અખૂટ ધન મેળનાર બીજો કોઈ ઈર્ષ્યાળુ ધનિક તેવી જ રીતે નૃત્ય કરવા લાગ્યો અને ગાતો ગાતો એમ બોલવા લાગ્યો કે, 'મદોન્મત્ત હાથીના તરત જન્મેલા બાળહાથી એક હજાર યોજન સુધી ચાલે, એને દરેક પગલે લાખ લાખ (તે વખતનું ચલણી નાણું) મૂકું, એટલું ધન મારી પાસે છે, **એ વાત ઉપર હોલક વગાડો.**' વળી તેનાથી ચડિયાતો કોઈ અતિતીવ્ર ઈર્ષ્યાથી પૂર્ણ ધનપતિ નૃત્ય કરતો અને ગાતો ગાતો પોતાના મનમાં રહેલો ગુપ્ત સદ્ભાવ આ પ્રમાણે બોલીને પ્રગટ કરવા લાગ્યો કે, 'એક આઢક પ્રમાણ વાવેલા તલમાંથી નવા ઉત્પન્ન થયેલા અનેક સેંકડો પ્રમાણ તલના દરેકે દરેક તલ ઉપર લાખ લાખ પ્રમાણ નાણું ગોઠવાય, તેટલું ધન મારી પાસે છે, **તો મારું હોલક બજાવો.**' આ આગળ કરેલી ઉદ્ઘોષણાને સહન ન કરતો બીજો કોઈ નૃત્યારંભ કરી ગીત ગાતાં ગાતાં એમ કહેવા લાગ્યો કે 'નવા વર્ષાકાળમાં પર્વતની નદી શીઘ્ર વહેતી હોય, તે નદીનાં પાણી ખાળવા માટે એક દિવસના મંથન કરેલા માખણથી પાળી બંધાય એટલું મારી પાસે ગોધન ગોકુળો છે, આ વાત ઉપર **મારું એક હોલક વગાડ.**' જાતિવંત ઉત્તમ અશ્વોનો સંગ્રહ કરનાર ઉંચો હુંકાર કરતા કરતા બીજા એક અભિમાની ધનપતિએ નાટ્ય કરતાં અને ગીત ગાતાં એમ ગાયું કે, 'જાતિવંત અશ્વોના એક દિવસના જન્મેલા (૧૦૦) બાળ અશ્વોના કેશો વડે કરીને આખું આકાશ ઢાંકી દઉં, એટલું મારી પાસે અશ્વધન છે, આ વાત **પર મારા નામનું હોલક વગાડ.**' ધાન્યથી ભરપૂર કોષ્ઠાગારવાળો અભિમાન પર્વત ઉપર આરૂઢ થયેલ કોઈ ધાન્ય ધનપતિ સારી રીતે નૃત્ય કરતાં ગીત ગાતાં ગાતા એમ બોલવા લાગ્યો કે —મારી પાસેશાલિપ્રસૂતિકા અને ગર્દભિકા નામનાં બે રત્નો છે, તેને જેમ જેમ છેદીએ તેમ તેમ ધાન્ય પાકે છે. આટલું મારી

પાસે ધન છે, માટે આ વાત ઉપર મારા નામનું હોલક વગાડો.' વળી બીજા કોઈસંતોષી અને તેથી જ અતિશય સુખીપણું પામેલા ગૃહસ્થે મંદગતિએ નૃત્ય-ગીત કરતાં આ પ્રમાણે સુભાષિત ગાયું. 'સંસારના વિષયો તરફ મારી મતિ શુષ્ક-વૈરાગ્યવાળી થઈ છે-મતિની ઉજ્જવલતાથી હંમેશાં સુગંધ છે. મારી ઈચ્છાનુસાર વર્તનારી મને ભાર્યા છે, પ્રવાસ કરવો પડતો નથી, માથે દેવું નથી અને એક હજારની મારી મૂડી છે, તો મારું હોલક વગાડો.'- આ પ્રમાણે યુક્તિથી દરેક ધનપતિઓની પ્રૌઢ સંપત્તિ જાણીને યોગ્યતા પ્રમાણે સર્વે પાસેથી ધન માગીને રાજ્યભંડારમાં ઘણો ધન-સંચય કર્યો. અહીં હોલે, ગોલે, વસુલે એવાં વચનો નીચ પાત્રોનાં સંભાષણમાં હોય છે, પરંતુ અહિં જે કહેલ છે, તે તો વાજિંત્ર ઢોલક તરીકે સમજવું.

ચાણક્ય આ પ્રમાણે રાજયની ચિંતા રાખતો હતો અને ચંદ્રગુપ્ત રાજા રાજ્ય પાલન કરતો હતો. હવે કોઈક સમયે ભયંકર દુષ્કાળ પડ્યો.

તે સમયે સંભૂતવિજય નામના ગુરુ વૃદ્ધાવસ્થાના કારણે તે જ નગરમાં સ્થિરવાસ કરીને રહેલા હતા અને પોતાના શિષ્યોને સમુદ્રકિનારા પરના સ્થાને મોકલ્યા. નવા આચાર્યને જ્યારે આચાર્ય મહારાજ મંત્ર, તંત્ર ભણાવતા હતા. તે સમયે બે નાના સાધુઓ નજીક સેવામાં હતા.તેઓ.બંને તે મંત્ર તંત્ર જાણીગયા,તેઓને જો કે મોકલી તો આપ્યા હતા, પરંતુ ગુરુનો વિરહ તેઓ સહન કરી શક્યા નહિ, જેથી થોડો માર્ગકાપ્યાપછી તેઓ બંને પાછા વળ્યા બાકીનો સાધુ-સમુદાય નક્કી કરેલા સ્થાને પોહંચી ગયો. અહિં સંભૂતવિજય ગુરુ મહારાજ દુષ્કાળ સમયના કારણે શ્રાવકાદિના ઘરોમાં જાતે જ ભિક્ષા લેવા જતા હતા,પ્રાસુક અને એષણીય -કલ્પે તેવી નિર્દોષ ભિક્ષા પ્રમાણે પોતે જ લાવતા હતા.પહેલા શિષ્યોને આહાર આપી બાકી જે કંઈ રહે, તેટલો જ પરિમિત અલ્પાહાર પોતે લેતા હતા. એટલે વૃદ્ધાવસ્થા સાથે ઓછો આહાર લેતા હોવાથી તેમનું શરીર ઘણું દુર્બલ પડી ગયું. તેમના આવા દુર્બલ શરીરને દેખીને તે બંને શિષ્યો વિચારવા લાગ્યા કે, આપણે અહિં પાછા આવ્યાતે ઠીક ન કર્યું. કારણ કે, આપણે આવીને ગુરુ મહારાજને ભારે પડ્યા. આપણે તેમને ગાઢ પરેશાન પમાડનાર બન્યા.તો હે ભોજનનો બીજોકોઈ માર્ગ અપનાવીએ અદશ્ય કરનાર એવું અંજન તેઓએ આંજયું. ગુરુનેકહ્યા કે જણાવ્યા વગર ચંદ્રગુપ્તના ભોજન સમયે અંજન આંજીને રાજમહેલમાં એવી રીતે પ્રવેશ કર્યો કે, કોઈ પુરુષે તેઓને ન દેખ્યા. તેઓ બંનેએ રાજા સાથે ત્યાં સુધી ભોજન કર્યું કે, જ્યાં સુધી ધરાયા. આ પ્રમાણે દરરોજ તેઓ ભાણામાંથી પૂરતું ભોજન અદશ્યપણે કરી જતા હતા હવે રાજા દરોરજ ભૂખ્યો રહેતો હોવાથી શરીરે દુર્બળ પડીગયો, એટલે ચાણક્યેપૂછયું કે, 'શા કારણથી ?' તો કે સમજી શકાતું નથી કે ભાણામાંથી મારો આહાર કોઈ હરી જાય છે ? મારા ભાગમાં તો ઘણો અલ્પ આહાર બાકી રહે છે. ત્યારે ચાણક્યના મનમાં વિતર્કથયો કે, અત્યારે આ સમય સુંદર નથી. તો કોઈક અદશ્ય બની આના થાળમાંથી ભોજન ખાઈ જાય છે. તે જાણવા માટે ભોજનશાળાના આંગણામાં ઇંટોનું ચૂર્ણ પાથર્યું. (૧૨૦)

બીજા દિવસે પ્રવેશ કરતા હતા, ત્યારે તેનાં પગલાં અને પગલાંની પંક્તિઓ દેખી, પણ તે બંને દેખાતા નથી, એટલે દ્વાર બંધ કરી મૂંઝવનાર ધૂમાડો ઉત્પન્નકર્યો. એટલે

આંખમાંથી અશ્રુજળ નીકળવા લાગ્યું અને આંખમાં આંજેલું અંજન પણ સાથે નીકળી જવા લાગ્યું એટલે તે બંને નાના સાધુઓ પ્રગટ થયા. તેમને ચાણક્યે જોયા, એટલે તેને શરમ આવી અને ઉપાશ્રયે મોકલી આપ્યા.

રાજાએ કહ્યું કે, 'આ સાધુઓએ મને વટલાવી નાખ્યો છે.' એમ જુગુપ્સા કરવા લાગ્યો. ત્યારે ઉદ્‌ભટ ભ્રુકુટીથી ભયંકર દેખાતા ભાલતલવાળા ચાણક્યે રાજાને કહ્યું કે, 'તું કૃતાર્થ થયો, ખરેખર આજે તું વિશુદ્ધ વંશમાં જન્મ્યો છે કે, બાલ્યકાલથી પાલન કરેલા વ્રતવાળા સાથે તેં ભોજન કર્યું.' હવે ગુરુ પાસે જઈને શિષ્યોને ઉપાલંભ આપતાં ચાણક્યેકહ્યું, ત્યારેગુરુએ પણ ચાણક્યને કહ્યું કે, 'તમારા સરખા શાસન-પાલકો હોવા છતાં આ સાધુઓ ક્ષુધાથી પીડાઈને નિર્ધમ બને અને આવા આચારવાળા થાય,તે સર્વ તમારો જ અપરાધ છે, પણ બીજાનો નહિં. એટલે તે પગે પડીને ક્ષમા માગવાલાગ્યોકે, 'મારા આ એક અપરાધની ક્ષમા આપો.' હવેથી પ્રવચનની સર્વ ચિંતા હું કરીશ.' લોકોના મનમાં ચમત્કાર થયોકે,'ચાણક્ય કદાપિ આવો નમ્ર થઈને અપરાધની ક્ષમા માગે ખરો ?'

હવે 'ઘણા લોકોનો વિરોધ પામેલા રાજાને રખે કોઈ ઝેર ખવરાવી દે' તેથી ખબર ન પડે તેવી રીતે તેના શરીરમાં ઝેરને ભાવિત કરવા લાગ્યો કે, જેથી તેને દુર્જનો ઝેરનો પ્રયોગ કરે, તો પણ તે ઝેર પરાભવ કરનાર ન થાય. (૧૩૦) દરરોજ ચાણક્ય પાસે રહેલો હોય ત્યારે જ રાજા ભોજન કરે, કોઈક દિવસે કોઈ પણ પ્રકારે બીજા કાર્યમાં રોકાયેલો હોવાથી રાજાના ભોજન-સમયે તેની ગેરહાજરીમાં ગર્ભવતી રાણીએ સાથે બેસી ભોજન કરવા ઈચ્છાકરી. આ ભોજનમાં ઝેર છે,તેનો પરમાર્થ ન જાણનાર અતિપ્રેમથી પરાધીન બનેલા રાજાએ પોતાના થાળમાંથી રાણીને એ કોળિયો આપ્યો. જેટલામાં રાણીએ ઝેરવાળો કોળિયો ખાધો કે તરત ભાન ગૂમાવ્યું અને પરવશ બની ગઈ. આ વાત ચાણક્યને જણાવી, એટલે તે ઉતાવળે પગલે આવી પહોંચ્યો.

ઉદરમાં રહેલા ગર્ભને હજુ કંઈ હરકત આવી નથી-એમ મારું ચોક્કસ માનવું છે- એટલે તે કાળે કરવા યોગ્યમાં દક્ષ એવા ચાણક્યેશસ્ત્ર ગ્રહણ કરીને તરત પેટની નસને વિદારણ કરી ઘણો પાકીને તૈયાર થયેલો ગર્ભ હાથથી ગ્રહણ કરી લીધો અને જુના ઘીથી ભરેલા ભાજનમાં તેનેરાખીને જીવાડ્યો. અનુક્રમે શરીર પુષ્ટ થવાલાગ્યું. તેના મસ્તક ઉપર ઝેરનું બિન્દુ લાગેલું હોવાથી તેનું 'બિન્દુસાર' એવું નામ સ્થાપન કર્યું. ગર્ભમાં રહેલાને જ બહાર કાઢેલો હોવાથીતેને રૂંવાડાંનો ઉદ્‌ગમ ન થયો. કાલે કરીને ચંદ્રગુપ્ત મરણ પામ્યો, એટલે તે બિન્દુસારને રાજા કર્યો.

આગળ ઉત્થાપન કરેલા નંદરાજાના સુબંધુ નામના એક મંત્રીએ ચાણક્યનો તેવો અપરાધ ઉભો કરીને આ નવા રાજાના કાન ભંભેર્યો કે- 'હે દેવ ! જો કે આપ મારા પ્રત્યે કૃપાવળી વિકસિતદૃષ્ટિથી જોતા નથી,છતાં પણ આપનું હિત અમારા અંતરમાં વસેલું હોવાથી આપને સત્ય હકીકત જણાવવી જ પડશે. કે, 'આ ચાણક્ય મંત્રીએ આપની માતાનું ઉદર ચીરીને તેને મરણ પમાડી, તો આનાથીબીજો કયો વૈરીહોઈ શકે ?' એમ સાંભળીને કોપ

પામેલારાજાએ પોતાની ધાવમાતાને પૂછયુ, તેણે પણ તેમ કહ્યું, પણ મૂળથી આખી બનેલી હકીકત ન કહી.સમય થયો, એટલે ચાણક્ય આવ્યો, રાજાએ પણ તેને દેખીને ભાલતલની ભૃકુટી ચડાવી, ક્રોધ મુખવાળા બની મુખ ફેરવી નાખ્યું.

'અરેરે ! હવે જીવનને આરે પહોંચેલા મને આમ રાજાપરાભવ કેમ કરતો હશે ?' એમ વિચારી ચાણક્યપોતાના ઘરે ગયો. ઘરના સારભૂત પદાર્થો પુત્ર-પૌત્રાદિ સ્વજનવર્ગને આપીને ચતુર બુદ્ધિવાળા મંત્રીએ વિચાર્યું કે,'મારા પદની સંપત્તિ પ્રાપ્તકરવાની ઈચ્છાથી કોઈક ચાડિયાએ ફરિયાદ કરીનેરાજાને મારા પરકોપવાળો બનાવ્યો છે હવે તેવા પ્રકારની યોજના ગોઠવુંકે, 'બિચારો લાંબા કાળ સુધી દુઃખમાં સબડતો જીવન વીતાવે.' ત્યાર પછીશ્રેષ્ઠ ગંધવાળા મનોહર પદાર્થોને ભેળા કરી તેનું ચૂર્ણ તૈયાર કર્યું. એક દાબડીમાં ભરી તેમાં એક લખેલ ભોજપત્ર મૂક્યું કે 'આ શ્રેષ્ઠ સુગંધ સૂંઘ્યા પછી જે કોઈ ઇન્દ્રિયોને અનુકૂળ વિષયોનું સેવન કરશે, તે યમરાજાનો પરોણો થશે.' વળી શ્રેષ્ઠ વસ્ત્ર, આભૂષણ, વિલેપનો,સુંદર શય્યાઓ, દિવ્ય પુષ્પની માળાઓ, સ્નાન, શૃંગાર આદિ પણ જે કરશે. તે પણ તરત મૃત્યુપામશે.' આ પ્રમાણે અંદર મૂકેલા સુગંધી વાસનું સ્વરૂપ જણાવનાર ભોજપત્રને વાસની અંદર નાખીને એ ડબ્બી નાની મંજૂષા-પેટીમાં સ્થાપન કરી. તેને પણ મોટા પેટારામાં સ્થાપન કરીને ઘણા ખીલાથી મજબૂત કરી અને ઓરડાના દ્વારની સાંકળ બંધ કરી ઉપર મજબૂત તાળું લગાવ્યું (૧૫૦) ત્યાર પછી સમગ્ર સ્વજન લોકોને ખમાવીને તેમ જ તેમને જિનેન્દ્રના ધર્મમાં જોડીને ગામ બહાર અરણ્યમાં ગોકુળના સ્થાનમાં ઇંગિની -મરણ અંગીકાર કર્યું. જ્યારે ધાવમાતાએ સુબંધુ મંત્રીનું કાવત્રું જાણ્યું અર્થાત્ 'આ ચાણક્ય પિતાથી પણ અધિક હિતકારીહતો' એમ રાજાને જણાવ્યું અને કહ્યું કે, 'તેનો પરાભવ કેમ કર્યો ?' તો કે માતાનો વિનાશ કરનાર હોવાથી, તો ધાવમાતાએ કહ્યું કે, 'જો તેનો વિનાશ કર્યો ન હતો, તો તું પણ આજે હાજર ન હોત. જે કારણ માટેતારા પિતાને વિષમિશ્રિત ભોજન દરરોજ ચાણક્ય ખવરાવતો હતો, તેનો એક કોળિયો તારી માતાએ ખાધો, તું ગર્ભમાં રહેલોહતો. વિષ વ્યાપી જવાથી દેવીતો મરણ પામેલાં હતાં જ, તેનુ મરણ દેખીને મહાનુભાવ ચાણક્યે માતાના પેટને છૂરિકાથી વિદારણ કરી તને બહાર કાઢ્યો. કાઢવા છતાં પણ મસ્તક ઉપર ઝેરનું બિન્દુ લાગી ગયું હતું. મેશના વર્ણ સરખું શ્યામ ઝેર બિંદુ લાગેલું હોવાથી હે રાજન્ ! તું બિન્દુસાર તરીકે ઓળખાય છે.' એ સાંભળીને મહાસંતાપને પામેલો તે સર્વવિભૂતિ સહિત એકદમ ચાણક્યની પાસે પહોંચ્યો બકરીની સૂકાયેલી લીંડીઓ ઉપર બેઠેલા,સંગ વગરના તે મહાત્માને દેખ્યા. સર્વાદરથી વારંવાર ખમાવીને કહ્યુ કે, 'નગરમાંપાછા ચાલો અને રાજ્યની ચિંતા કરો' ત્યારે ચાણક્યે કહ્યુ કે, 'મેં તો જિંદગી પર્યંત માટે અનશનનો સ્વીકાર કર્યો છે હવે સંસારના સમગ્ર સંગનો સર્વથા મેં ત્યાગ કર્યો છે.' ચાડી ખાવાના કટુવિપાકો જાણનાર ચાણક્યે તે વખતે રાજાને સુબંધુનું કાવત્રું થયું, તે સંબંધી લગાર પણ વાત ન કહી.

હવે ભાલતલ પર બે હાથ જોડી સુબંધુએ રાજાને વિનંતિ કરી કે, 'હે દેવ ! જો આપ મને આજ્ઞા આપો. તો અનશન વ્રતવાળા મંત્રીની હું ભક્તિ કરું' રાજા પોતાના સ્થાને ગયા એટલે આજ્ઞા પામેલા તુચ્છબુદ્ધિવાળા સુબંધુએ ધૂપ સળગાવી તેનો અંગારો બકરીઓની

લીંડીઓ ઉપરજાણી જોઈને નાખ્યો. લોકની અંદર શુદ્ધ લેશ્યામાં વર્તતા ચાણક્યની નજીક સળગતો સળગતો કરીષાગ્નિ પહોંચ્યો. આવા સમયમાં ચાણક્ય ધર્મધ્યાનમાંસજ્જડ એકાગ્ર ચિત્તવાળો બન્યો અને લગાર પણ પોતાના ધ્યાનથી ચલાયમાન ન થયો. અનુકંપાવાળો તે સળગતા અગ્નિમાં બળી રહેલો હતો. 'ખરેખર તે ધન્ય પુરુષો છે કે, જેઓ અનુત્તર મોક્ષ-સ્થાનકમાં ગયા છે, જે કારણ માટે તેઓ જીવોના દુઃખના કારણરૂપ થતા નથી. અમારા સરખા પાપી જીવો તો ઘણા પ્રકારના જીવોને ઉપદ્રવ કરીને આરંભ-સમારંભમાં આસક્ત મનવાળા થાય છે, એ રીતે પોતાનું જીવન પાપમાં જ પસાર કરે છે. આવા જીવલોકને ધિક્કાર થાઓ જિનેશ્વરના વચનને જાણવા છતાં મોહ-મહાશલ્યથી વિધાયેલા મનવાળો હું આ લોક અન પરલોક-વિરુદ્ધ વર્તન કરનારો થયો છું. ખરેખર મારું ચરિત્ર કેવું છે ? આ ભવમાં કે પરભવમાં મેં જે કોઈ જીવોને દુઃખ પમાડ્યા હોય, તે સર્વે અત્યારે મને ક્ષમા આપજો, હું પણ તે સર્વેને ખમાવું છું.રાજ્ય કરતો હતો, ત્યારે પાપાધીન થઈ જે કોઈ વિવિધ અધિકરણ વગેરે એકઠાં કર્યાં હોય, તે સર્વેને હું ત્રિવિધે ત્યાગ કરું છું. તે લીંડીઓના અગ્નિમાં જેમ જેમ તે ધન્યનો દેહ બળતો જાય છે, તેમ તેમ તેનાં ક્રૂર કર્મો અંતસમયે પણનાશ પામે છે. (૧૭૦) શુભભાવનાની પ્રધાનતાવાળો, પ્રધાન પરમેષ્ઠિ-મંત્રના સ્મરણમાં તત્પર બનેલો અડોલ સમાધિ પૂર્ણચિત્તવાળો મૃત્યુભાવને પામ્યો. દેદીપ્યમાન દેહવાળો મહર્ષિક દેવપણે તે દેવલોકમાં ઉત્પન્ન થયો. હવે તેના મરણથી આનંદિત થયેલા તે સુબંધુ મંત્રી યોગ્ય સમયે રાજાને પ્રાર્થના કરીને ચાણક્યનો મહેલ મેળવીને ત્યાં ગયો, ત્યારે ગંધની મહેક બહલાતી હતી. જેનાં દ્વાર સજ્જડ ખીલાઓ ઠોકીને મજબૂત બનાવ્યાં હતાં, તે જોયાં અને વિચાર્યું કે, 'અહિં કમાડ ખોલીને સર્વ સારભૂત બનાવ્યાં હતાં,તે જોયાં અને વિચાર્યું કે, 'અહીં કમાડ ખોલીને સર્વ સારભૂત દ્રવ્ય પ્રાપ્તથઈ શકશે' એટલેકમાડ તોડાવી અંદરની મંજૂષા-પેટી બહાર કાઢી. ત્યારપછી જ્યાં સુગંધી વાસદ્રવ્યસૂંઘ્યું, તેટલામાં તો ભોજપત્રમાં લખેલ વાક્ય અને તેનો અર્થ પણ સારીરીતે જાણ્યો. તેની ખાત્રી માટે એક બીજા પુરુષને તેવાસ સૂંઘાડ્યો. ત્યાર પછી તેની પાસે વિષયોનો ભોગવટો કરાવ્યો, તો તે મનુષ્ય મૃત્યુ પામ્યો-એ જ પ્રમાણે બીજી પણ વિશિષ્ટ વસ્તુઓની ખાત્રી કરી. અરે રે ! તું તો મર્યો, અને મને પણ મારતો ગયો. આ પ્રમાણે અતિશયદુઃખમાં સબડતો જીવવાની ઇચ્છાથી તે બિચારો ઉત્તમમુનિની માફક પોતાનું જીવન પસારકરવા લાગ્યો. આ વિષયમાં ચાણક્યની આ પારિણામિકી બુદ્ધિ અહિં સમજવી. જે કારણથી આ બુદ્ધિ પામ્યો, તેથી મનોવંછિત અનશન પણ છેવટે આ બુદ્ધિના પ્રભાવથી પામી શક્યો. (૧૭૮)

**ગાથાઅક્ષરાર્થ**- ચાણક્ય નામના દ્વારમાં પ્રથમ તો નંદ સાથે વૈરના કારણે વનમાં જઈ સુવર્ણાદિ ધન ઉપાર્જન કરવા પ્રયત્ન કરવા લાગ્યો. ત્યારે પછી રાજ્યયોગ્ય પુરુષની શોધ કરતાં મૌર્યવંશમાં ઉત્પન્ન થયેલો ચંદ્રગુપ્ત નામનો બાળક હાથમાં આવ્યો.ત્યાર પછી વૃદ્ધાના વચનથી મેળવેલા ઉપદેશથી રોહણ નામના પર્વત પર જઈ સુવર્ણ ઉત્પન્ન કરી પર્વતરાજાની સહાયથી પાટલિપુત્ર સ્વાધીન કરી, ચંદ્રગુપ્તને રાજ્ય પર બેસાડી આગળ જણાવેલા ઉપાયથી ફરી અર્થ(ધન)નો સંચય કર્યો. નગર લોકો પાસેથી પણ ધન મેળવી રાજભંડાર ભર્યો. છેવટે

ઇંગિનીમરણ સાધના કરી આ સર્વ પારિણામિકી બુદ્ધિના બળથી કર્યું. (૧૩૯)

૧૪૦ એ જ પ્રમાણે ચાલુ પારિણામિકી બુદ્ધિ વિષયમાં સ્થૂલભદ્રનું ઉદાહરણ પહેલાં વિસ્તારથી કહેલું છે. તેને સુકોશા વેશ્યામાં ઉત્કટ રાગ હતો. પછી નંદરાજાએ બોલાવ્યા, ત્યારે લાંબો વિચાર કર્યો કે, જેમ મંત્રીપદ સ્વીકાર કરવામાં, તે કાર્યોમાં પરોવાયેલો રહું, એટલે ભોગો નહીં ભોગવી શકાય, ભોગ માટે રાજ્યાધિકારની ચિંતા કરવી પડે,તેના કરતાંચારિત્ર એ આ લોક અને પરલોક બંને લોકનું હિત કરનાર થાય છે. તેથી તે ચારિત્ર જ તેણે પારિણામિકી બુદ્ધિથી ગ્રહણ કર્યું. (૧૪૦)

## સુંદરીનંદ - કથા

૧૪૧-દક્ષિણદિશામાં તિલકભૂત વૈભવવંતલોકોને વિલાસ કરવાના સ્થાનરૂપ આ સ્થાન જોયા પછી બીજાં સ્થાન જોવાની અનિચ્છા કરાવનાર એવું નાસિક નામનું નગર હતું. ત્યાં પુષ્કળ ધન ઉપાર્જન કરેલ મનોહર તરુણવય પામેલો નગરલોકોના બહુમાનવાળા પદને પામેલ એવો નંદ નામનો વણિક રહેતો હતો. તેને સર્વાંગ સુંદર, પોતાના લાવણ્યથી બીજા લોકોના લાવણ્યને અનાદર કરતી સ્નેહવાળી સુંદરી નામની ભાર્યા હતી. જો કે તે નગરીમાં લોકોનાં મનને આનંદિત કરાવનાર બીજા પણ નંદ સરખા વેપારીઓ હતા, પરંતુ આ નંદ જાણે સુંદરીના સ્નેહ તાંતણાથી જકડાયેલો હોય તેમ ક્ષણવાર પણ તેના વગર શાંતિ મેળવી શકતો ન હતો. તેથી નગરલોકોએ 'સુંદરીનંદ' એવા પ્રકારનું નામ પાડ્યું. વિષયો સેવન કરતાં તેમના દિવસો પસાર થતા હતા. આગળ નંદના એક ભાઈએ પ્રવ્રજ્યા અંગીકાર કરેલી, તેણે પરદેશમાં સાંભળેલું હતું કે, મારો ભાઈ સુંદરી પત્ની વિષે અતિશય સ્નેહવાળો છે. તો હવે મારે તેની ઉપેક્ષા કરી તેને દુર્ગતિગામી કરવો તે યુક્ત નથી. એટલે ગુરુની રજા મેળવીને તે તેના પરોણા તરીકે તેના ગામમાં આવ્યા અને ઉતરવાનું સ્થાન પણ ત્યાં મેળવ્યું. મુનિ ભિક્ષા-સમયે તેના ઘરે પધાર્યા, વિવિધ પ્રકારનાં ભોજનવિધિથી પ્રતિલાભ્યા. ત્યાર પછી મુનિએ પાત્ર તેના હાથમાં આપ્યું. નમેલા મસ્તકથી સર્વ પરિવારે તેમને નમસ્કાર કર્યો અને પાછા વળવા લાગ્યા. આ ભાઈએ ચિંતવ્યું કે, 'જ્યાં સુધી ભાઈ પોતે મને ન છોડે,ત્યાં સુધી મારે જવું યોગ્ય ન ગણાય.' એમ કરતાં કરતા જ્યાં ઉતરેલા હતા, તે ઉદ્યાનભૂમિના સ્થાન સુધી આવી પહોંચ્યા.હાથમાં સાધુનું પાત્ર હોવાથી હાસ્યથી નગરલોકો બોલવા લાગ્યા કે, 'આ સુંદરીનંદે દીક્ષા અંગીકાર કરી ! ત્યાં સાધુએ વૈરાગ્ય ઉત્પન્ન કરનારી લાંબા કાળ સુધી સુંદર દેશના આપી, પરંતુ સુંદરીમાં તીવ્રરાગ રહેલો હોવાથી ધર્મમાર્ગમાં ચિત્ત લાગતું નથી એટલે મુનિઓમાં સિંહ સમાન તે ભગવંત વૈક્રિયલબ્ધિવાળા હોવાથી વિચાર્યું કે, 'બીજા કોઈ ઉપાયથી આને પ્રતિબોધ કરી શકાય તેમ નથી,તો તેને અધિકતર લોભ-સ્થાન બતાવું.' એમ વિચારીકહ્યું કે, 'પોતાના કિરણ-સમૂહથી આકાશનાછેડા સુધી વિવિધ આશ્ચર્યકારી રંગવાળો મેરુપર્વત તને બતાવું. સુંદરીના વિરહને ન સહી શકતો તે સ્વીકારતો નથી. મુહૂર્ત પછી તેણે કહ્યું કે, 'હું અહીં આવતો રહીશ' એ કહે છે - એટલામાં હિમવાન પર્વત વિકુર્વી એક વાનર-યુગલ વિકુર્યું બીજા આચાર્યો કહે છે કે, 'સર્વ બાજુ ભય વિકુર્વ્યા.' ત્યાર પછી મુનિએ

કહ્યું કે, 'સુંદરી અને વાનરી બેમાં વધારે સુંદર કોણ ?' પેલાએ કહ્યું કે, 'આ બેમાં ઘણું જ અઘટતું દેખાય છે ક્યાં મેરુ અને ક્યાં સરસવ ? એમ કહ્યું, એટલે તેણે વિદ્યાધર-યુગલ બતાવ્યું. તેમાં પૂછયું કે, બેમાં કોનું રૂપ ચડે ? જાતિવિશેષથી બંને લગભગ સમાન દેખાય છે. ત્યાર પછી યુગલ વિકુર્વ્યુ, એને સાધુએ બતાવી ને પૂછયું, એટલે નંદે કહ્યું કે, 'હે ભગવંત આ વાનરી નથી, પરંતુ બે સમાન છે. મુનિએ કહ્યું કે, 'આ થોડા ધર્મના પ્રભાવથી દેવ થયા.' એટલે તે શ્રાવક થયો. ત્યાર પછી સુંદરી ઉપરનો મમત્વભાવ છેદાઈ ગયો અને દીક્ષા લીધી. શ્રામણ્યમાં અનુરાગવાળો બની મોક્ષમાર્ગની આરાધનામાં તત્પર બન્યો અને તેના પરિણામથી ભગ્ન ન બન્યો. મુનિની આ પારિણામિકી બુદ્ધિથી તેવા પ્રકારના જીવોને વૈરાગ્યમાર્ગ પમાડી નિરવદ્ય ગુણવાળી દીક્ષા સુધી પહોંચાડ્યો. (૨૧)

ગાથા **અક્ષરાર્થ**-નાસિક નગરના સુન્દરીનન્દ નામના દ્વારમાં તેના ભાઈ મુનિ થયા હતા. તેને પ્રતિબોધ પમાડવા માટે ભોજન-સમયે ભિક્ષા-પાત્ર તેના હાથમાં સમર્પણ કર્યું. બંને ભાઈ નગર બહાર પાત્રા સાથે આવ્યા. પછી તેને મેરુપર્વત પર લઈ જવા પ્રયત્ન કર્યો. વાનર-વાનરી બતાવ્યા પછી વિદ્યાધરી, અપ્સરા બતાવ્યાં. ત્યાર પછી શ્રુત-ચારિત્ર લક્ષણ ધર્મને વિષે તેની પ્રતીતિ થઈ. (૧૪૧)

## શાલ-મહાશાલે કરેલી પ્રભુ વીરની સ્તુતિ

૧૪૨-લોકોને આશ્ચર્ય કરાવનાર દેવસમૂહવાળા સૌધર્મ દેવલોકમાં અતિઉત્તમ ચરિત્રવાળા શક્રેન્દ્ર હતા. પૂર્વાદિક ચારે દિશામાં પોતાનાં સ્થાન કરેલાં છે, એવા સોમ, યમ, વરુણ, તથા કુબેર નામના અનુક્રમે ઈન્દ્રના ચાર લોકપાલો છે. તેમા કુબેર નામના ચોથા વૈશ્રમણ લોકના પરિચયવાળા, તેમજ વૈભવમાં સમાન જેણે અસાધારણ મનનો સ્નેહ સમર્પણ કર્યોહતો, તેવો દેવતા હતો. આ બાજુ સિદ્ધાર્થ રાજાના પુત્ર જ્ઞાતકુલમાં પૂર્ણિમાના ચંદ્ર સરખા ઉજ્જવલ મહાયશને ફેલાવનાર શ્રી વર્ધમાન જિનેશ્વર ભગવંત હિમાલય પર્વતની ઉત્તરદિશામાં રહેલા, પૃષ્ઠચંપાપુરી નગરીમાં ખૂણામાં રહેલા, સારા ભૂમિના ભાગવાળા ઉદ્યાનમાં આવી પહોંચ્યા. દુઃખથી તપી રહેલા જીવોને શરણ સમાન જગતની લક્ષ્મીના વિશ્રામધામ સમાન એવું દેવો અને અસુરોએ સમવસરણ બનાવ્યું. ત્યાં આગળ રાજાઓની વિશાળ નીતિઓનું પાલન કરનાર પ્રસન્નચંદ્ર રાજાનો પ્રથમપુત્ર શાલ નામનો હતો, તેનો મહાશાલ નામનો નાનોભાઈ યુવરાજ-પદ પામેલો હતો.તેમને યશોમતી નામની બહેન અનેતેને પિઠર નામના પતિહતા. તેમને ગુણસમૂહવાળો ગાગલી નામનો પુત્ર હતો. એ ત્રણે કાંપિલ્યપુર નગરમાં રાજપણેરહેતા હતા. ઉદ્યાનપાલકના વચનથી ભગવંતના આગમને જાણીને શાલ રાજા નગરલોકોને સંક્ષોભ ઉત્પન્ન થાય તેવા મોટા સૈન્ય પરિવાર સહિત ઉંચા છત્રવડે આકાશને ઢાંકતો, એકીસાથે વગાડતાં ઘણાં વાજિંત્રોના શબ્દોથી દિશા-ચક્રોને ભરી દેતો, આભૂષણોથી અલંકૃત બની ભગવંતને વંદન કરવા માટેપોતાના નગરમાંથી નીકળીને હાથીના સ્કંધ પર આરૂઢ થયેલો, અતિશય ઉલ્લસિત રોમાંચિત કાયાવાળો તે ભગવંતની નજીકના ભૂમિભાગમાં પહોંચ્યો ત્રણે છત્રો દેખ્યાં, એટલે હાથી પરથી નીચે ઉતરી, પગેથી

ચાલતો, પાંચપ્રકારના અભિગમને આચરતો હતો. પાંચ અભિગમો આ પ્રમાણે-સચિત્ત પુષ્પાદિક દ્રવ્યોનો ત્યાગ કરવો, અચિત્ત દ્રવ્યનો ત્યાગ ન કરવો, તેમ જ તરવાર, ચામરો,મુકુટ, ઉપાનહ (પગરખાં),છત્રનો પણ ત્યાગ કરવો.એક શાટક વસ્ત્રનું ઉત્તરાસણ કરવું. ચક્ષુનો સ્પર્શ થતાં કેવી રીતે અંજલિ કરવી. તેમ જ મનની એકાગ્રતા પૂર્વક સમવસરણમાં પ્રવેશ કરવો. ત્રણ પ્રદક્ષિણા આપી સ્તુતિ કરવા લાગ્યો. તે આ પ્રમાણે -

## મહાવીર ભગવંતની સ્તુતિ

"જગતપ્રભુ ! હે જિનેશ્વર ! અતિદીર્ઘ મનોહર લાવણ્યપૂર્ણ નેત્રકમળવાળા, સુંદર શ્રેષ્ઠ સુગંધની પ્રચુરતાથી મહેંકતા, ત્રણે લોકની લક્ષ્મીના તિલકભૂત ! આપના વદનકમળનાં ભવ્ય જીવોનાં નેત્ર-યુગલને દર્શન થાઓ.

જેમણે સૌમ્યતા ગુણવડે ત્રણે લોક્ના જીવોને હર્ષ પ્રગટ કર્યો છે, એવા શરચ્ચંદ્રના બિંબ સમાન એવા હે જગદગુરુ ! અષ્ટમીના ચંદ્ર સરખા ભાલતલવાળા આપના પ્રસન્ન વદન-કમળનાં દર્શન કર્મથી મલિન થયેલા લોકો કેવી રીતેપામી શકે ? સરળ અંગુલિરૂપી પત્રના કોમલ નખરૂપ સુંદર કેસરાવાળા, જેના જંઘાયુગલરૂપ કમલનાળથી મુનિ-ભ્રમરો પ્રમુદિત થયેલા છે, એવા ત્રણે ભુવનરૂપ સરોવરના ભૂષણ સરખા આપના નિર્મળ ચરણ-કમલનું શરણ તેઓ જ પામી શકે છે કે, જેમણે પાપ મલનો ત્યાગ કરેલો હોય. ચક્ર, અંકુશ, મત્સ્ય સ્વસ્તિક,છત્ર, ધ્વજ વગેરેની આકૃતિથી લક્ષણવંત, નમ્ર દેવતાઓના મસ્તકના મુગટ-મણિથી ઘસાઈ ને સુકુમાલ બનેલા આપના ચરણનું સ્મરણ કરનારને પરભવના ભયથી ભયભીત મનવાળાને, દુઃખ-સમૂહરૂપ કિચ્ચડમા પડતા લોકોને રક્ષણ કરનાર થાય છે.

હે સ્વામી ! ભવ-સાગરના જન્મ જળમાંનારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવતારૂપ ચારે ગતિના દુઃખ કિચ્ચડમાં હું ભ્રમણ કરી રહેલો છું, તો હવે આવા મારા સરખા દુઃખી જનને શરણ આપી દીન ઉપર દયા કરીને આપના ચરણરૂપી નાવ દ્વારા આ સંસાર-સમુદ્રનો પાર પમાડનારા થાઓ.

શરદ ઋતુના ચંદ્રના કિરણ-સમાન ઉજ્જવલ યશ સમૂહવાળા, નિર્મલ કેવલજ્ઞાનરૂપ દીપકથી મોક્ષ માર્ગને પ્રકાશિત કરનારા, અતિદુર્જય કામદેવના બાણ સમૂહને જિતનારા, વર્તો. આપનો જય જયકાર થાઓ.

વિશાળ કમાડ સમાન વક્ષસ્થલવાળા, કમળની ઉપમા સરખા હસ્તવાળા, સરળ અર્ગલા સમાન ભુજા-યુગલવાળા, શંખ સમાન કંઠ-પ્રદેશવાળા, જેણે પોતાના શરીરની સુંદરતાથી પંડિતજનોને આનંદિત કર્યા છે, એવા લક્ષણવંત હે સ્વામિ ! તમારા અંગનું અમે પૂજન કરીએ. ભાવકરુણજળના હે ઉત્તમ સાગર ! મુનિઓ વડે જેમનાચરણ પ્રણામ કરાયેલા છે, નવીન મેઘના સમાન ગંભીર અને વિસ્તાર પામેલી દિવ્યવાણી શ્રવણ કરાવનારા હે જિનેશ્વર ! મારા પર તેવા પ્રકારે પ્રસન્ન થાઓ કે, જેથી મારા દિવસો તમારી સેવા કરવામાં અને વ્રત-પાલન કરવામાં પૂર્ણ શાંતિથી પસાર થાય. ભયંકર કોપાનલ ઓલવવા માટે જળ-

સમાન, લાખો લક્ષણોથી ઓળખાતા શરીરવાળા ! પર્વત સરખા ધીર ! સિદ્ધાર્થરાજાના નંદન હે વીર ભગવંત ! આ પ્રમાણે મેં આપની ગુણસ્તુતિ કરી." (૯)

આ પ્રમાણે તીર્થપતિની સ્તુતિ કરીને, ભૂમિતલને અડકે તેમ મસ્તક નમાવીને, તેમ જ ગણધરાદિક મુનિવરોને પણ વંદન કરીને શાલરાજા ઈશાનદિશામાં બેઠા. અમૃતની વૃષ્ટિની ધારા સરખી, યોજન સુધી સંભળાય તેવી વિસ્તારવાળી વાણીથી ભગવંતને દેશના શરુકરી. તે આ પ્રમાણે

## ભગવંતની દેશના

"ભયંકર ભડભડતા અગ્નિથી સળગતા ઘરમાં વાસ કરવો જેમ યોગ્ય નથી,તેમ દુઃખ સમૂહથી ભરપૂર એવા ભવમાં બુદ્ધિધનવાળા પુરુષે વાસ કરવો યોગ્યનથી. વળી કાકતાલીય ન્યાયના સંયોગ દૃષ્ટાંતથી ઉત્તમધર્મના મહાનિધાન સમાન, સંપત્તિ પ્રાપ્ત કરવા યોગ્ય દુર્લભ મનુષ્યપણું પણ પ્રાપ્ત થયું." (૨૦) જેમ કાગિણી (કોડી) સરખા અલ્પ દ્રવ્યમાં લુબ્ધ બની કોટી પ્રમાણ દ્રવ્ય કોઈ મનુષ્ય હારી જાય, તેમ વિષયમાં લુબ્ધ બની કેટલાક વિવેકરહિત મનુષ્યો આવો કિંમતી દુર્લભ મનુષ્યભવ હારી જાય છે. કરવા લાયક સમગ્ર કાર્યો માટે પ્રાપ્ત થયેલ જો આ અવસર તમે પ્રમાદમાં ગૂમાવશો, તો ફરી આવા અવસરની પ્રાપ્તિ ઘણી દુર્લભ છે, માટે તમારા સરખાએ અવસર ફોગટ ગૂમાવવો ઉચિત નથી. આ જગતમાં મળેલા સર્વ સાનુકૂળ સંયોગો સ્થિર નથી, પરંતુ વિજળી સરખા ચંચળ અને નશ્વર છે. તેમ જ ધનસંપત્તિ પણ પ્રચંડ પવનથી લહેરાતી ધ્વજા માફક ચંચળ અને ચાલ્રી જવાના સ્વભાવવાળી છે. સમજુ મનુષ્યો પોતાનું જીવન ઘાસના તણખલા ઉપર રહેલા ઝાકળના બિન્દુ સમાન અસ્થિર અને અલ્પ સમયમાં નાશ થનાર માને છે, અને તેથી આ ભવરૂપી વૃક્ષને સદ્ધર્મરૂપી અગ્નિથી બાળી નાખે છે. સર્વાદરથી ધર્મમાં તેવા પ્રકારનો ઉદ્યમ કરો કે, જેથી આ ભવમાં પણ સુખનો લાભ થાય અને પરભવમાં પરંપરાએ પણ સર્વ સુખના નિધાનરૂપ, પરમાર્થ-સ્વરૂપ નિર્વૃત્તિ સુખની પ્રાપ્તિ થાય." (૨૫)

## શાલ-મહાશાલ-ગાગલિ ની દીક્ષા-કેવલજ્ઞાન

એ પ્રમાણે ભગવંતના મુખથી ધર્મ સાંભળીનેભાલતલ પર હસ્ત-કમળથી અંજલિ કરી પ્રણામ કરવા પૂર્વક શાલરાજાએ ભગવંતને વિનંતિ કરી કે, 'હે ભગવંત ! યુવરાજ મહાશાલ કુમારનો રાજ્યાભિષેક કરીને હું આપની પાસે દીક્ષા અંગીકાર કરીશ.' ત્યાર પછી પોતાના ભવને જોઈને મહાશાલ કુમારને આજ્ઞાકરી કે 'તું આ રાજ્ય ગ્રહણ કર, હું તો આજે દીક્ષા અંગીકાર કરીશ.' ત્યારે નાનાભાઈએ પ્રત્યુત્તર આપતાં જણાવ્યું કે, જેમ આપ રાજ્યને અસાર ગણી તેનો ત્યાગ કરો છો, તેમ હું પણ તેનો ત્યાગ કરવા ઈચ્છા રાખું છું. બંને વૈરાગ્ય પામેલા હોવાથી કાંપિલ્યનગરથી ગાગલિ ભાણેજને બોલાવી રાજ્ય અર્પણ કર્યું. તેરાજાએ પણ પોતાના મામાઓને માટે અતિવાત્સલ્યતાથી બેહજાર મનુષ્યો વહન કરી શકે, જેમાં ઉપરના ભાગમાં સિંહાસન પણ બનાવેલું છે, તેવી શ્રેષ્ઠ શિબિકાઓ તૈયાર કરાવી. તેઓ તેમા-

સિંહાસન પર વિરાજમાન થયા અને નિષ્ક્રમણ-સમયે તેઓએ વિવિધ પ્રકારનાં ઉજ્જવલ વસ્ત્રો પહેર્યા હતાં. બાવનાચંદનથી તેમના શરીરે વિલેપન કર્યું હતું. સિંહાસન પર બેઠા હતા, ત્યારે એમ જણાતું હતું કે, જાણે ઉદયાચલ પર્વતઉપર સૂર્ય અને ચંદ્ર શોભતા હોય-તેવી શોભા પામતાહતા. પોતાની શરીર-કાંતિથી સમગ્ર દિશા-વલયોને પ્રકાશિતકરતા હતા. અતિજોરથી વગાડાતા ઢોલ તથા વાજીંત્રોના શબ્દોથી આકાશ પૂરાય તેમ વરઘોડો ચાલતો હતો. તેવી રીતે ભગવંતના ચરણકમળ પાસે પહોંચીને ત્રણ પ્રદક્ષિણા આપી. નમસ્કાર કરીને તેઓએ વિધિ પૂર્વક પ્રવ્રજ્યા અંગીકાર કરી. યશોમતિ પણ ઉત્તમ શ્રાવિકા બની. શાલ, મહાશાલ બંનેએ અગિયાર અંગોનો અભ્યાસ કર્યો. હવે કોઈક સમયે વીર ભગવંત રાજગૃહથી વિચરતા વિચરતા ચંપા નગરીએ પધાર્યા, ત્યારે તે સમયે આ બંનેએ વિનંતિ કરી કે, 'અમે આપની અનુજ્ઞાથી પૃષ્ઠચંપાએ જઈએ. અમારા સંસારપક્ષનાકોઈક કદાચ પ્રવ્રજ્યા અંગીકાર ન કરે, તો પણ સમ્યક્ત્વ તો પામશે.' સ્વામી તો જાણે છે કે નક્કી તેઓ પ્રતિબોધ પામશે, એટલે સહાયક તરીકે શ્રી ગૌતમસ્વામીને આપ્યા. ભગવંત ચંપાનગરીએ અને ગૌતમસ્વામી પૃષ્ઠચંપામાં ગયા. ત્યાં જિન-પ્રણીત ધર્મનું તેઓએ શ્રવણ કર્યું. ગાગલિએ પુત્રનો રાજ્યાભિષેક કર્યો. ત્યાર પછી શાલ,મહાશાલ અને નવદીક્ષિત ગાગલિ એમ ત્રણેય અતિસંવેગ પામ્યા અને સર્વવિરતિના પરિણામની ધારા પણ વૃદ્ધિ પામવા લાગી. ગૌતમસ્વામી તે ત્રણેને સાથે લઈને જ્યારે માર્ગમાં જતા હતા. ત્યારે શાલ-મહાશાલને ઉત્કૃષ્ટ હર્ષ થયો કે - (૪૦) આવા પ્રકારના શુદ્ધ ભાવથી આપને સંસારથી ઉદ્ધર્યા એમ વિચારતાં તેમને કેવલજ્ઞાન થયું. ત્રીજાને એવા પ્રકારનો ભાવ થયો કે, તેઓએ દીક્ષા લેતી વખતે મને રાજયગાદી આપી અને વળી દીક્ષા પણ આપી, આના સરખા બીજા કોણ ઉપકારી હોઈ શકે? આવા શુદ્ધ ધ્યાનની શ્રેણી પર ચડ્યા,એટલે તેમનાં ઘાતીકર્મો નાશ પામ્યાં અને મનોહર કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. પૂર્ણ કેવલજ્ઞાન પામ્યા પછી તેઓ ભગવંતની પાસે જવા માટે ચંપાપુરી તરફ ચાલ્યા.ગૌતમસ્વામીની પાછલ પાછળ ચાલતા તેઓ કાલક્રમે સમવસરણમાં ત્રણ પ્રદક્ષિણા આપી. તીર્થને નમસ્કાર કરીને કેવલિપર્ષદામાં જવા લાગ્યા અને ગૌતમસ્વામી જેટલામાં ત્રણ પ્રદક્ષિણા ફરીને ભગવંતના ચરણમાં પડીને ઉભા થયા અને તેમનેકહેવા લાગ્યા કે, 'અરે ! ક્યાં જાઓ છો ? અહિં આવી ભગવંતના ચરણમાં પ્રણામ કરો.' એટલે જગત્પ્રભુએ કહ્યું કે, 'હે ગૌતમ ! કેવલીઓની આશાતના ન કરો.' તુષ્ટ માનસવાળા તેમણે તેમને ખમાવ્યા અને સંવેગ પામેલા ગૌતમ વિચાર કરવા લાગ્યા કે, 'મને સિદ્ધિ થશે કે નહિ?' આટલું દુષ્કર તપ કરવા છતાં પણ હું કેવલજ્ઞાન મેળવી શકતો નથી. આગળ ભગવંતે સમગ્ર પર્ષદામાંકહેલું હતું કે, 'જે કોઈ પોતાના પ્રભાવથી (લબ્ધિથી) અષ્ટાપદ પર્વત પરચડી જાય અને વિનયવાળો થઈ ત્યાંનાં ચૈત્યોને વાંદે, તે તે જ ભવે સિદ્ધિ પામે, તેમાં સંદેહ નથી.' (૫૦)

## ગૌતમસ્વામીનું અષ્ટાપદ પરગમન

તે વચન સાંભળીને પરસ્પર દેવતાઓ હર્ષ પૂર્વક વાતો કરવા લાગ્યા અને એ વાત

સર્વત્ર પ્રસરી ગઈ કે, જેનાથી સર્વ આપત્તિઓ નાશ પામે છે - એવા અષ્ટાપદ પર્વત ઉપર જો ગમે તે પ્રકારે મારું ગમન થાય-એમ ઉત્તમ હાથી સરખી ગતિવાળા ગૌતમસ્વામી જ્યાં વિચરતા હતા, તો તેમના મનના સંતોષ માટે અને તાપસોને પ્રતિબોધ કરવાના કારણે ભગવંતે ગૌતમને કહ્યું કે, 'તું અષ્ટાપદ જા અને ત્યાં રહેલાં જિનબિંબોને વંદન કર.' એટલે સુપ્રશસ્ત લક્ષણવાળા, વિનયથી સર્વ અંગોને નમાવતા મુનિસિંહ ગૌતમ હર્ષ પામ્યા-તુષ્ટ થયા અને ભગવંતને નમસ્કાર કરી અષ્ટાપદ પર્વતની તળેટીએ પહોંચ્યા. આગળ પંદરસો તાપસોએ ભગવંતનું વચન સાંભળેલું, તે પ્રમાણે એક કૌડિન્ય તથા બીજા દિન્ન અને ત્રીજા સેવાલીએ ત્રણ તાપસગુરુઓ હતા. દરેકને પાંચસો શિષ્યોનો પરિવાર હતો. તેઓ અષ્ટાપદ ઉપર ચડવા માટે ચાલ્યા,તેમા પ્રથમ કૌડિન્ય ગોત્રવાળા ૫૦૦ તાપસો ઉપવાસકરીપારણામાં સચિત્ત કંદ-મૂલ વગેરેનું ભોજન, બીજા દિન્ન ગોત્રવાળા ૫૦૦ તાપસો છઠ્ઠ તપ કરીને સુકાઈ ગયેલા રસ-કસ વગરનાં અચિત્ત પાંદડાઓનું, ત્રીજા સેવાલી ગોત્રવાળા ૫૦૦ તાપસો અઠ્ઠમ તપ કરી પારણે પોતાની મેળે સુકાયેલી અચિત્ત સેવાલનું ભોજન કરતા હતા અને અનુક્રમે પહેલી, બીજી, ત્રીજી મેખલાએ પહોંચેલા હતા.તેઓએ હૃષ્ટ-પુષ્ટ-સુંદર શરીરવાળા ભગવંતગૌતમસ્વામીને દેખ્યા, એટલે વિચારવા લાગ્યા કે, 'આવી ભારે કાયાવાળા આવા પર્વત ઉપર કેવી રીતે ચડી શકશે ? જંઘાચારણ-લબ્ધિવાળા ભગવાન ગૌતમસ્વામી કરોળિયાની લાળના પાતળા તાંતણાની નિશ્રા કરીને તે પંદરસો તાપસોના દેખતાં જ ક્ષણવારમાં ઉપર ચડી ગયા. એટલે તેઓ કહેવા લાગ્યા કે, 'આ જાય, પેલા જાય'- એમ તેઓ વિકસિત નેત્રોથી જોતા હતા, તેટલામાં સૂર્યના બિંબની જેમ ઉપર ચડી ગયા. આ જોઈને આશ્ચર્ય પામેલા મનવાળા તે ત્રણે પ્રકારના તાપસો તેમની પ્રશંસા કરવા લાગ્યા. ફરી તેમનાં દર્શનની અતિ ઉત્કંઠાવાળા ત્યાં રહેલા વિચારવા લાગ્યા કે, 'તેઓ જ્યારે પાછા ઉતરશે, ત્યારે આપણે તેમના શિષ્યભાવને સ્વીકારીશું. ગૌતમસ્વામી તો તે પર્વતના શિખર ઉપર પ્રથમ ચક્રવર્તી ભરત મહારાજાએ ભુવનમાં અદ્ભુત વિભૂતિ-ભાજન સમાન કરાવેલ જિનભવન જોયું. આ જિનભવન કેવું છે ?

ઉત્સેધ અંગુલના માપ અનુસાર એક યોજન લાંબું, ત્રણ કોશ ઉંચું, બે ગાઉ વિસ્તીર્ણ, ગગનના અગ્રભાગ સુધીની ધ્વજા શ્રેણિવાળું, પંચવર્ણના રત્નસમૂહના ચમકતાં કિરણોથી યુક્ત-જાણે મોટું મેઘધનુષ હોય તેવુ, નિરંતર અંધકાર-સમૂહથી રહિત ચાર તોરણવાળા દ્વારયુક્ત, જેમાં યંત્રમય લોહના પુરુષ-પૂતળાથી પ્રતિહાર-ભૂમિભાગ રોકાએલો છે. નંદનવનનાં પુષ્પોના સૌરભ-સમૂહથી વ્યાપ્ત, ચોવીશે - દરેક તીર્થંકર ભગવંતના પોતપોતાના શરીર-પ્રમાણ અને પરિવાર સહિત રત્નમય પીઠિકા ઉપર સ્થાપન કરેલ ઋષભાદિ જિનેશ્વરોનાં બિંબોથી યુક્ત તથા પુષ્પચંગેરી, ચામર, ધૂપધાણું, મોરપિચ્છી વગેરે સેંકડો ઉપકરણોથી યુક્ત, જેનો મધ્યભાગ હર્ષપૂર્ણહૃદયવાળાલોકો વડે સદા શોભાયમાન છે. વળી જિનપ્રતિમાઓની પર્યુપાસના-સેવામાંતત્પર એવા ભરત મહારાજાના ૯૯ ભાઈઓના સ્તૂપો તથા ભરત મહારાજની પ્રતિમા સહિત, સમગ્રદેરાસરની ચારે બાજુ શોભાવાળા,કોરણી કરી કંડારેલા, મોટા સ્તંભોથી યુક્ત, સુપ્રસન્નતાથી બેઠેલા મોટા સિંહોની આકૃતિ વગરેથી યુક્ત

જિનમંદિર જોયું. (નવ ગાથાઓનુંકુલક)

હર્ષથી વિકસતિ થયેલા નેત્રયુગલવાળા ગૌતમસ્વામી ભગવંત મણિની બનાવેલી પીઠિકાને પ્રદક્ષિણા આપીને એકાગ્ર મનથી જિનપ્રતિમાને વંદન કરીને આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા -

"જે રિષ્ટ-અંજન સરખા વર્ણથી શોભાયમાન શરીરવાળા, જે નીલવર્ણવાળા, જે ઉગતા સૂર્ય સમાન લાલવર્ણવાળા, જે સુવર્ણ રજની સરખી શરીર-કાંતિવાળા છે અને જેઓ કુંદ સરખા ઉજ્જવલ દેહવાળા છે. વળી જેઓએ કર્મરજને ખંખેરી નાખી છે- એવા ચોવીશે જિનવરો મારા ભવશત્રુરૂપ કર્મસમૂહને મથન કરનારા (નાશ કરનારા) થાઓ. (ગ્રન્થાગ્ર ૪૦૦૦)

ચોવીશે જિનેશ્વરોની પ્રતિમાઓને વંદન કર્યા પછી તે જ ચૈત્યની નજીકના ઉત્તર-પશ્ચિમ દિશા-વિભાગમાં રહેલ પૃથ્વી શિલા પટ્ટવાળા અશોકવૃક્ષની નીચેરાત્રિવાસ કરવા માટે આવી પહોંચ્યા. તે સમયે ઇન્દ્ર મહારાજના દિશાપાલક વૈશ્રમણ (કુબેર) પણ ત્યાંનાં ચૈત્યોને વંદન કરવા માટે તે જ પર્વતના શિખર પર આવેલાહતા. (૭૫) ચૈત્યવંદન કર્યા પછી ગૌતમસ્વામીને વંદન કરી ધર્મ શ્રવણ કરવા લાગ્યા. તે આ પ્રમાણે -

"હે ભવ્યાત્માઓ ! સુખોને ઉત્પન્ન થવાના કારણભૂત ધર્મ હંમેશાં રમણીય છે. પંડિતજન જ આ શુદ્ધ ધર્મને બરાબર સમજી શકે છે. જો સ્વર્ગ અને મોક્ષસુખ પ્રત્યે પક્ષપાત અને મૈત્રી રાખવા ઇચ્છતાહો, તો પ્રમાદનો ત્યાગ કરીને વારંવાર આ ધર્મ હંમેશાં કરવો જોઈએ."

આ પ્રમાણે ધર્મકથાકહેવાના પ્રસંગે મુનિઓના ગુણો અનેક પ્રકારે વર્ણવ્યા અને તેમાં 'સાધુઓ અંત-પ્રાન્ત રસ-કસ વગરના નિર્દોષ આહાર કરનારા હોય છે.' વગેરે કહ્યું, એટલેકુબેર વિચારવા લાગ્યો કે, 'સાધુઓના ગુણો તો આવા પ્રકારના કહે છે, વળી પોતાના શરીરના રૂપ-રંગ એવા અદ્‌ભુત છે કે, 'આવું સુંદર શરીર બીજાનું નથી, કોઈ દેવ કે અસુર કરતાં પણ તેમનો રૂપગુણ ચડી જાય છે.' આવા પ્રકારના વૈશ્રમણ-કુબેર દેવના મનના અભિપ્રાયને જાણીને પુંડરીક -કંડરીક નામનું અધ્યયન પ્રરૂપ્યું. તે આ પ્રમાણે -

## પુંડરીક -કંડરીક કથા

પદ્મ કમલપત્ર સરખા ઉજ્જવલ ગુણવાળા વિદેહક્ષેત્રમાં પુષ્કલાવતી નામના વિજયમાં, પોતાની ઋદ્ધિ-સમૃદ્ધિથી અમરપુરીને પણ જિતનાર એવી પુંડરિગિરિ નામના પુરીમાં ઉજ્જવલ કીર્તિવાળા પુંડરીક નામના રાજા હતા. તેમને કંડરીક નામના નાનો બંધુ હતો. ભવના દુ:ખથી અત્યંત વૈરાગ્ય પામેલા મોટા ભાઈએ નાના ભાઈને કહ્યું કે, 'હે ભાઈ ! મારે દીક્ષા ગ્રહણ કરવી છે, તો તું આ રાજ્ય ગ્રહણ કર.' પરંતુ આપેલા રાજયનો નિષેધ કરીને પોતે દીક્ષા અંગીકાર કરી. અસિધારા સરખું આકરુ તીક્ષ્ણ ચારિત્ર અને તપનું સેવન કરતાં કરતાં અંત-પ્રાન્ત ભિક્ષાનું ભોજન કરીને પોતાનુ સુકુમાર શરીર પણ નિર્બળ કર્યું અને તેને

રોગ ઉત્પન્ન થયા. આવા પ્રકારનું તેનુ શરીર દુર્બળ બની ગયું છે, એવી જ સ્થિતિમાં ગુરુની સાથે વિહાર કરતાં કરતાં પોતાની જ નગરીમાં આવી પહોંચ્યા. પુંડરીક રાજાને આવવાના સમાચાર મળતાં જ તે મોટા પરિવાર સાથે બહુમાન પૂર્વક વંદન કરવા નીકળ્યો, વંદન કર્યું. કંડરીકભાઈ મુનિની તેવી બિમારીવાળી અવસ્થા દેખીને ગુરુને વિનંતિ કરી કે, 'ચિકિત્સા વગર લાંબા કાળે પણ આનો રોગ જશે નહિં અને સાજો થશે નહિં. બીજું અહિં ઉદ્યાનમા રહેલાની ચિકિત્સા કોઈ પણ પ્રકારે બની શકે નહિં. તો કેટલાક યોગ્ય સાધુઓની સાથે કંડરીક મુનિને મારા રાજભવનમાં આપ મોકલો, જેથી તેને યોગ્ય વૈદ્ય-ઔષધાદિકથી તેનો પ્રતિકારકરી શકાય, તેમ જ પથ્યાદિક પદાર્થો પણ મેળવી શકાય. ગુરુએ અનુજ્ઞા આપી. એટલે રોગના ચાર પાયા રૂપ ઉપાયો શરુ કર્યા અને વૈદ્યોએ તેને નિરોગી કર્યો.

"રોગ મટાડવા માટેક્રિયાના ચાર પાયા જણાવેલા છે, તે આ પ્રમાણે-૧ વૈદ્ય, ૨ દ્રવ્યો, ૩ ઉપસ્થાતા-સેવાકરનાર અને ૪રોગી. (૯૯) આ ચાર પાદ જણાવ્યા.

(૧) વૈદ્ય-વૈદક શાસ્ત્રના અર્થોનો ઊંડાણથી જાણકાર અને ચતુર હોય, નજર પહોંચાડી કાર્ય કરનારો હોય, પવિત્ર નિઃસ્વાર્થી, રોગી પ્રત્યે હિતબુદ્ધિવાળો હોય. (૨) ઔષધ-ઘણા કલ્પવાળું, ઘણા ગુણ કરનારું, યોગ્ય પ્રાપ્ત થયેલું હોય. (૩) સેવા કરનાર અનુરાગવાળો,પવિત્ર આશયવાળો,. ચતુર અને બુદ્ધિશાળી હોય. (૪) રોગી - ધનવાન, વૈદ્યને આધીન રહેનારહોય, વૈદ્યને પોતાની સર્વ વસ્તુ જણાવનાર હોય પણ છૂપાવનાર ન હોય, તેમ જ ધીરજવાન સહનશીલ-સત્ત્વવાન હોય."

રાજભુવનમાં આહાર ગ્રહણ કરવાના કારણે સુખશીલ પણું આવી ગયું,તેમ જ ભોજન-વિધાનથી સાધુધર્મમાં પણ શિથિલતા-પ્રમાદ આવી ગયા. સહવાસી સર્વ સાધુઓ વિહાર કરી ગયા, તો પણ હવે નિરોગી થયા છતાં બહાર વિહાર કરવાની ઈચ્છાકરતા નથી.રાજાએ પણ જાણ્યું કે, 'આ અહિં રહે તે સારું ન કહેવાય' - એમ વિચારીને રાજાએ કંડરીક મુનિને કહ્યું કે, 'તમો તો ખરેખર ધન્ય અને દુષ્કરકારી છો કે, રાજલક્ષ્મી મળવા છતાં પણ તેનો ત્યાગ કર્યો. તથા કુટુંબાદિકના પરિવારથી હળવા બની દેશ-દેશાવરમાં વિહાર કરો છો.' રાજા નું ચિત્ત સમજીને લજ્જાવાળો બની બહાર વિહારકરવા માટે નીકળ્યો, તો પણ ભગ્ન-પરિણામવાળો હવે ક્ષુધા, તૃષા વગેરે પરિષહો સહન કરવા માટે સમર્થ થઈ શકતો નહોવાથી ફરી પણ કેટલાક દિવસપછી તેની નગરી નજીક આવી પહોંચ્યો.અનુક્રમેરાજાના ગૃહ-ઉદ્યાનમાં આવ્યો. ધાવમાતાએ જોયો, એટલે રાજાને સમાચારઆપ્યા.રાજા વિચાર કરે છે કે, 'આ પ્રવ્રજ્યા છોડવાની ઈચ્છા કરે છે, તે અકાર્ય છે.કોઈ પ્રકારે તે છોડવા જ તૈયાર થયો છે. જો કોઈ પ્રકારે હજુપણ સ્થિર બની જાય' એમ ધારી પોતે જ વિભૂતિ-સહિત આવી ત્રણ પ્રદક્ષિણા આપીને વંદના કરી,તથા તેમના સાધુપણાની પ્રશંસા કરી - 'ખરેખર તમોધન્ય છો, કૃતકૃત્ય છો કે, જે આપે પ્રવ્રજ્યા અંગીકાર કરી છે. હું કેવો પાપી છું ? કે, નરકના દ્વાર સમાન આ રાજ્ય છોડવાના મનવાળો થતો નથી.' આ પ્રમાણે પ્રવ્રજ્યા ટકાવવા માટે ઘણો ઉત્સાહિત કર્યો, પરંતુ તેણે સજ્જડ શ્યામ મુખ કરતાં રાજાએ તેને કહ્યું કે, 'શું તારે રાજ્ય જોઈએ છે ? ત્યારે જવાબ ન આપતાં મૌન રાખ્યું-એટલે મોટાભાઈ પુંડરીકરાજાએ રાજ્ય તેને

ભળાવીદીધું અને કેદીના હાથ-પગમાં બેડીનું બંધન હોય અને જેમ તેનાથી મુક્ત થાય અને જે આનંદ તે મુક્ત થયેલાને થાય, તેવા આનંદથી રાજાએ પણ રાજબંધનનો ત્યાગકરી કલ્યાણના કલ્પવૃક્ષ-સમાન તેનું શ્રમણ-ચિહ્ન-રજોહરણ અને લિંગ (મુનિવેષ) પોતે ગ્રહણ કર્યો. (૧૦૦)

હવે પુંડરીક રાજાએ મુનિવેષ સ્વીકારી અભિગ્રહ કર્યો કે, 'ગુરુનાં દર્શન કર્યા સિવાય મારે ભોજન ન કરવું.' આવો અભિગ્રહ ગ્રહણ કરીને પ્રયાણ કર્યું, તો ત્રીજા દિવસે ગુરુ પાસે પહોંચી, તે દિવસે દીક્ષા ગ્રહણ કરી.રાજશરીર હોવાથી અનુચિત ભોજનના કારણે તે રાત્રે અસાધ્ય વિસૂચિકા (ઝાડાનો રોગ) ઉત્પન્ન થયો અને અત્યંત વિશુદ્ધ પરિણામવાળા તે મૃત્યુપામીને સર્વાર્થસિદ્ધ નામના વિમાનમાં અત્યંત રૂપવાળા તેત્રીશ સાગર આયુષ્યવાળા દેવ તરીકે ઉત્પન્ન થયા.

હવે રાજયગાદી પર આવેલો કંડરીક મસાણના કંઈક બળેલા લાકડા સમાન, જેની આજ્ઞા કોઈ માનતા નથી, દરેક તેની આજ્ઞાનો ઝેર માફક ત્યાગ કરે છે. હવે તીવ્ર ક્ષુધાથી પરાભવિત થયેલો તે રસોયાને આજ્ઞા કરે છે કે, 'અહિં જેટલા પ્રકારની ભોજનની વાનગીઓ તૈયાર કરી શકાતી હોય, તે એકે એક વાનગીઓની ભોજનવિધિ મારા માટે તૈયાર કરો. હવે ભોજન-સમયે ભોજન-વિધિમાં સર્વ વાનગીઓ હાજર કરી, ખેલજોવા માટે એકઠા થયેલા લોકોના દૃષ્ટાંતે તે જમવા લાગ્યો. જેમ ખેલ ચાલતો હોય ત્યારે, સબળ મનુષ્ય દુર્બલને બલાત્કારે પીડા ઉપજાવી આગળ જાયછે, તેમ અસાર આહાર ગ્રહણ કર્યો હોય તો પણ સારા આહારને વળી સ્થાન આપે છે. અકરાંતિયાની જેમ ખૂબ આહાર ખાધો, એટલે તે જ રાત્રે વિસૂચિકા-ઝાડાનો અસાધ્ય રોગ થયો. પોતાના પરિવારે પણ તેના રોગની દરકાર ન કરી અને ચિતિત્સા ન કરાવી. એટલે તે મૃત્યુ પામી રૌદ્રધ્યાન કરતો કે, 'સવારે મારી ચાકરી ન કરનાર સેવકોને મરણાંત શિક્ષા કરીશ.' તે રૂપ રૌદ્રધ્યાન કરી સાતમી નારકીના અપ્રતિષ્ઠાન નારકીમા લાંબા આયુષ્યવાળો નારકી થયો. એક હજાર વર્ષ સુધી સાધુપણાનાં મહાવ્રતો પાલન કરવા છતાં તે નરકમાં ગયો. તેમાં શુદ્ધ શ્રમણભાવવાળાને શરીરનું પુષ્ટપણું કે દુર્બલપણું કારણ ન સમજવું. કારણ કે,પુંડરીક સાધુ શરીરે સબળહોવા છતાં પણ દેવપણું પામ્યો, માત્ર જેનાહાડકાં-ચામડી શરીરમાં બાકી રહેલાં હતાં, તેવો કંડરીક આકરાં કઠોર તપનો ઉદ્યમ કરવા છતાં રૌદ્રધ્યાનની પ્રધાનતાના કારણે મૃત્યુ પામી નારકી થયો. માટે અહિં સાધુપણામાં જો કોઈ મુખ્ય કારણ હોય તો તેવા ધ્યાનનો નિગ્રહ કરવો. દુર્બલ શરીરવાળા મુનિ પણ શુભ ધ્યાનના વિરહમાં દુર્ગતિ-ગમન કરનારા થાય છે.' વૈશ્રમણ દેવ તે સાંભળીને ખુશ થયેલા મનવાળો સમજી ગયો કે, 'આ ભગવંતે તો મારા મનનો અભિપ્રાય જાણી લીધો. આમનું જ્ઞાન કેટલું ચડિયાતું છે ? ત્યાર પછી ગૌતમ ભગવંતને વંદન કરીને તે દેવ ચાલ્યો ગયો.

## ધનગિરિ, વજસ્વામી ચરિત્ર

ત્યાર પછી વૈશ્રમણ દેવના સમાન વૈભવવાળા એક તિર્યક્જૃંભક દેવે ત્યાં તે પાંચસો ગ્રંથ-પરિમાણવાળું જ્ઞાતાધર્મકથામાં કહેલું પુંડરીક-કંડરીક નામનું અધ્યયન જે સાંભળ્યું હતું,

તેનું અવધારણ કર્યું, તેના યોગે તે શુદ્ધ સમ્યક્ત્વ પામ્યો વીર ભગવંત નિર્વાણ પામ્યા પછીના કંઈક ન્યૂન પાંચસો વર્ષે આ જૂંભક દેવ દેવલોકથી ચ્યવીને અવંતિદેશના તુંબવન નામના સન્નિવેશમાં ધનગિરિ નામના શેઠપુત્ર થયા હતા. પોતાના અંગની મનોહરતાથી દેવના રૂપને જિતેલું હતું, એવા તે બાલ્યકાલથી જ જિનેશ્વરના ધર્મને શ્રવણ કરી જે શ્રાવકપણું પામ્યા હતા. ઉપરાંત ભવનો ભય થવાથી વિષય-તૃષ્ણાને છેદીને પ્રવ્રજ્યા અંગીકાર કરવાના મનોરથ કરતો હતો. યૌવનવય પામ્યો, એટલે કન્યાઓ તેને વરવા આવતીહતી, પરંતુ પિતાને કહી દેતો હતો કે, 'મારે પરણવું નથી, પરંતુ હું દીક્ષા અંગીકાર કરવાનો છું.' તે નગરમાં ધનપાલ નામના શેઠ હતા, તેની પુત્રીએ પિતાને વિનંતિ કરી કે, 'મને તેમની સાથે પરણાવો.તો હું તેમને વશ કરી શકીશ.' (૧૨૦)

પોતાની સ્થિરતાથી જેણે મેરુને પણ જિતેલો છે - એવા જાતિસ્મરણવાળા સિંહગિરિ નામના ગુરુ હતા અને તેમની પાસે સમિતે દીક્ષા અંગીકાર કરી હતી. જે તેણીના બંધુ હતા.

હવે ધનગિરિએ તે કન્યાને કહ્યું કે, 'હે ભદ્રે ! હું સાધુ થવાનો છું, તે વાત જુઠી ન માનીશ, તે કાર્યમાં હવે હું ઢીલ નહિં કરીશ, માટે તને જે રુચે તે કર.' ઘણાં ધન ખરચીને મોટા આડંબરથી વિવાહ માંડ્યો. માતા-પિતાના આગ્રહને વશ બની તેણે પાણિ-ગ્રહણ કર્યું. 'જે મહાનુભાવો વિષયસંગથી દૂર થયા હોય અને વૈરાગી બન્યા હોય, છતાં પણ અનુરક્તની માફક ઉપરોધને આધીન બની કાર્ય કરનારા થાય છે.' તે વખતે વિવાહ વીતી ગયો, એટલે આનંદમાં આવી ગયેલી સુનંદાને ધનગિરિએ કહ્યું કે 'હે ભદ્રે ! હવે મને છોડ, આગળ મેં તને કહેલ વચન યાદ કર.' સુનંદા પતિમાં અતિ આસક્ત છે, જ્યારે પતિ તેટલો જ વિરક્ત છે, રાગી અને વૈરાગી તે બંને વચ્ચે ઘણા રાગ અને વૈરાગ્યના આલાપ-સંલાપ વિવાદ થયા. પત્નીએ તેનેકહ્યું કે, 'પિતાના ઘરથી પરાઙ્મુખ થયેલી મને તેમ અગર તમારો પુત્ર આશરાનું સ્થાનક ગણે. તે સિવાય બીજું કોઈ સ્થાન ન ગણાય. તેનો તો તમે વિચાર કરો. જે કારણ માટે કહેલું છે કે, 'પુત્રી કુંવારી હોય ત્યાં સુધી પિતા, યૌવનવય પામેલીને ભર્તાર, વૃદ્ધાવસ્થામા વળી પુત્ર સ્ત્રીનું રક્ષણ કરનાર જણાવેલા છે.' પત્નીનું આ વચન સાંભળીને તેમ જ બંધુવર્ગ-સગા સ્નેહી-સ્વજનાદિકના આગ્રહને વશ બની તે પુત્રના લાભ સન્મુખ થયો. કેટલાક દિવસોપસાર થયા પછી ઉત્તમ સ્વપ્નથી સૂચિત દેવનો જીવ તે સુનંદાના ગર્ભમા ઉત્પન્ન થયો. સ્વપ્નાનુસાર પ્રશસ્ત પુત્ર-લાભરૂપ મંગલનો નિશ્ચય થયો છે-એવી સુનંદાને ધનગિરિએકહ્યું કે, 'હવે તને સહાયક લક્ષણવંત પુત્ર પ્રાપ્ત થશે' મહામુશીબતે સુનંદાએ તેને રજા આપી મુક્ત કર્યો-એટલે સર્વ જીવોને અભયદાન મળે તેવા પ્રકારની વિરતિ લેવાની જાહેરાત કરી. ત્યાર પછી ઘણું ધન ખરચી જિનાલયોની અંદર મહોત્સવો કરાવ્યા. દીન, અનાથ વગેરેને દાન આપ્યાં. બંધુવર્ગને યથાયોગ્ય સન્માની, તથા સમાધિ સંતોષમાં સ્થાપીને ઉચિત પ્રતિપત્તિ-પૂજાવાળી તીર્થંકર ભગવંતની સ્તવના કરીને તથા વિનય-પૂર્વક વસ્ત્રાદિકના દાનથી ચતુર્વિધ શ્રીસંઘનું સન્માન કરી શ્રીસિંહગિરિ પાસે ઉત્તમ નક્ષત્ર, મુહૂર્ત, લગ્નની શુદ્ધિ પ્રાપ્ત થઈ, તે સમયે મહાનિધિ પ્રાપ્તિની ઉપમાથી મહાવ્રતો અંગીકાર કર્યાં.

કંઈક અધિક નવ મહિના વીત્યા પછી પૂર્વદિશા જેમ સૂર્યને તેમ સુનંદાઓ સુખપૂર્વક

પુત્રને જન્મ આપ્યો. તે સમયે નજીકના પાડોશની સ્ત્રીઓ અને બહેનપણીનો સમુદાય એકઠો થઈ પરસ્પર કહેવા લાગી કે, 'જો આના પિતાએ દીક્ષા અંગીકાર કરી ન હોત, તો આ પુત્રનો મોટો જન્મોત્સવ ઉજવતે, તરતનો જન્મેલો હોવા છતાં તીવ્ર વિચાર શક્તિવાળા આ બાળકે સ્ત્રીઓના વાર્તાલાપ સાંભળી વચ્ચે દીક્ષાશબ્દ સાંભળ્યો જેથી બાળકને જાતિસ્મરણ જ્ઞાન થયું અને વિચારવા લાગ્યો કે, 'સ્નેહવાળી માતા મને સીધી રીતેતો દીક્ષા લવા નહીં દે, માટે તેને ઉદ્વેગ મનવાળી કરું' એમ વિચારી ખૂબ પહોળું મુખ કરીને એવી રીતે રુદન કરવા લાગ્યોકે, જેથી માતા બેસી ન શકે, ભોજન ન કરી શકે, ઉંઘી ન શકે, કે સુખથી ઘરનાં કોઈ કાર્યો ન સંભાળી શકે. એવી રીતે સુનંદાના હેરાનગતિના છ મહિના પસાર થયા, ત્યારે અનુક્રમે વિહાર કરતા કરતા સિંહગિરિ ગુરુ ત્યાં આવ્યાઅને નગરના ઉદ્યાનમાં સ્વાધ્યાય-યોગ્ય નિવાસભૂમિમાં વિધિથી ઉતર્યા. ભિક્ષાનો સમય થયો, ત્યારે ધનગિરિએ અને સમિતમુનિ સિંહગિરિ ગુરુ ભગવંતને વિનંતિ કરવા લાગ્યા કે, 'પૂર્વકાળ સંબંધી પરિવારના લોકોને દેખવા માટે જઈએ છીએ' ગુરુની આજ્ઞા પામેલા તેઓ જ્યારે ત્રિકરણ યોગથી ઉપયોગ કરતા હતા. ત્યારે કોઈક ઉત્તમ ફલ આપનાર કંઈક નિમિત્ત ઉત્પન્ન થયું. ગુરુ મહારાજે તે સમયે જણાવ્યું કે, 'ત્યાં જવાથી કોઈક સચેતન કે અચેતન જે કંઈપણ મળી જાય, તે સર્વ તમારે ગ્રહણ કરવું. કારણ કે, આજે મોટું શકુન થયેલુ છે.' તે બંને મુનિઓ સુનંદાને ઘરે ગયા, એટલે સુનંદા પણ બે હાથમાં ધરી રાખેલા પુત્રને બતાવતી બીજી પણ અનેક પાડોશણ કુલવંતી સ્ત્રીઓ એકઠી થઈ. તેમને પગે પડી કહેવા લાગી કે, 'મેં તો આ બાળકને ઘણા લાંબા સમય સુધી પાળ્યો, હવે તો તમે જ આને ગ્રહણ કરો, હવે વધારે પાલન-પોષણ કરવા હું સમર્થ નથી.' આમ કહ્યું, એટલે સાધુઓએ કહ્યું કે, 'પાછળથી પશ્ચાત્તાપ કરીશ, તો પછી તે વખતે શું કરવું ?' ત્યારે સુનંદાએ કહ્યું કે, 'આ અહીં રહેલાની સાક્ષીએ તમને આપું છું કે, 'મારે પાછો ન માગવો' એમ મજબૂત વચન-બંધન તેની સાથે કર્યું, ધનગિરિએ તે બાળકને ઝોળીમાં સ્વીકાર્યો, ત્યાર પછી તે રુદન કરતો નથી અને સમજી ગયો કે, 'હવે હું શ્રમણ થયો.' ગુરુના ચરણ પાસે લઈ ગયા.લક્ષણવંત હોવાથી શરીરે વજનદાર છે, તેથી ધનગિરિ બાહુથી ઉંચકીને લઈ જાય છે, પણ બાહુ ઘણા નમી ગયા છે. એમ કરતાં ગુરુના સ્થાને પહોંચતાં સુધી ગયા, એટલે ગુરુ સમજ્યા કે 'ગોચરીના પાત્રમાં વજન વધી ગયું છે. તો તે લેવા માટે ગુરુએ હાથ લાંબા કર્યા. (૧૫૦) છેક ભૂમિ સુધી ઝોળી પહોંચી અને ગુરુએ ઉંચકી લીધી એટલે તેઓ બોલ્યા કે, 'શું આમાં વજનદાર વજ્ર છે કે, આટલો ભાર જણાય છે ?' જ્યાં દેખે છે, તો દેવકુમાર સમાન રૂપવાળા બાલકને દેખી વિસ્મયપૂર્વક કહ્યું કે, 'આ પુત્રનું જતન સારી રીતે કરવું. કારણ કે, આ પ્રવચન પાલન કરનાર પ્રભાવક પુરુષ થશે' 'વજ્ર' એવું તેનું નામ સ્થાપન કર્યું અને તેનો સાધ્વીઓની સ્વાધીનતામાં સોંપ્યો. ત્યાં તેને શય્યાતર-વસતિ સ્વામીના ઘરે થાપણ તરીકે રાખ્યો. જ્યારે તે શ્રાવિકાઓ પોતાના બાળકનાં સ્નાન, સ્તનપાન, શણગાર વગેરે કરતી હતી, રાત્રે પ્રાસુક નિર્દોષ વિધાનથી આ વજ્ર બાળકનાં કાર્યો પણ સાથે કરતી હતી. સર્વેને અતિ ચિત્ત-સંતોષ આપતો એવો તે બાળક મોટો થવા લાગ્યો આચાર્ય મહારાજ જ્યારે બીજે સ્થળે બહારગામ વિહાર કરી ગયા, એટલે સુનંદા

માતા પુત્રને પાછો માગવા લાગી. 'આ તો ગુરુમહારાજની થાપણ છે, તેથી અમે નહિં આપીએ' છતાં સુનંદા દરરોજ તેને સ્તનપાન કરાવતી હતી એમ કરતાં તે ત્રણ વરસનો થયો. કોઈ વખત આચાર્ય સિંહસૂરિ સપરિવાર તે નગરમાં પાછા આવ્યા, ત્યારે સુનંદા પુત્રમાટે વિવાદ કરી પાછો માગવા લાગી અને પાછો નથી આપતા-એટલે રાજદરબારમાં ફરિયાદ માંડી.ધનગિરિને ત્યાંના અધિકારી રાજાએ પુછયું, ત્યારે ધનગિરિએ પ્રત્યુત્તર આપ્યો કે, 'આ સર્વની સાક્ષીમાં સુનંદાએ પોતાના હાથે મને અર્પણ કરેલ છે, પરંતુ આખું નગર સુનંદાના પક્ષમા થઈ ગયું-એટલે રાજાએ કહ્યું કે, 'પુત્રને મારી સમક્ષ સ્થાપન કરીને પછી બોલાવો જેના તરફપુત્ર જાય,તેનો આ પુત્ર.' આ નિર્ણય બંને પક્ષે કૂબલ કર્યો માતાએ પુત્ર પોતાના તરફ આકર્ષાય, તે માટે બાળકોને ઉચિત એવાં રમકડાં, બાળકોનાં નેત્રોને આનંદ આપનાર અનેક પ્રકારની મનોહર બીજી સામગ્રી સહિત માતા નક્કી કરેલા શુભ દિવસે રાજ-દરબારમાં હાજર થઈ, બીજો પક્ષ પણ રાજ-દરબારમાં આવી પહોંચ્યો. બંને પક્ષો હાજર થયા પછીરાજા પૂર્વાભિમુખ અને સંઘ જમણી બાજુ બેઠો. ડાબી બાજુ પરિવાર-સહિત સુનંદા બેઠી રાજાએ કહ્યું કે, 'તમો બંનેએ મને પ્રમાણભૂત નક્કી કરેલો છે. તે વાત બંનેએ સાંભળી.'નિમંત્રણ કરાયેલો પુત્ર જે દિશામાં જાય. તેનો આ પુત્ર' ધર્મમાં પુરુષની પ્રધાનતા છે, તેથી પ્રથમ તેને પિતા બોલાવે-એમ કહ્યુ એટલે રાજાને નગરલોકો કહેવા લાગ્યા કે, 'આ સાધુવર્ગ સાથે તો બાળકને સ્નેહ બંધાઈ ગયો છે. એટલે પ્રથમ એને બોલાવવાનો હક્ક માતાને એટલા માટે આપવો જોઈએ કે, જગતમાં માતા દુષ્કરકારિણી અને અતિઅલ્પ સત્તાવાળી ગણેલી છે. વશાની જેમ એણે સહન કર્યું છે. (૧૫૫ ગા.)

તે પછી રત્નમણિ-જડિત હાથી, ઉંટ વગેરે મનોહર રમકડાં બતાવીને કોમળ વચન કહીને કારુણ્ય બતાવતી માતા અદિયામણો ચહેરો કરીને તેને બોલાવવા લાગી કે 'અરે વજ્ર ! આ બાજુ આવ, આ બાજુ આવ.' - એમકહેવા લાગી. બાળક માતા તરફ જોતો જોતો વિચારે છે કે, 'જો આ સાધુસંઘની અવજ્ઞા કરીશ, તો લાંબા કાળ સુધી મારે સંસારમાં પરિભ્રમણ કરવું પડશે.મારી દીક્ષા પછી આ માતા તો નક્કી દીક્ષા લેવાની છે.' એમ વિચારતો હતો, ત્યારે માતાએ ત્રણ વખત બોલાવ્યો છતાં તે તેની પાસે જતો નથી. માતાને ચમક ન આપી.

ત્યાર પછી પોતાના હાથમાં રજોહરણ ધારણ કરીને પિતાજીએ કમલપત્ર સમાન નિર્મલ નેત્ર-યુગલવાળા,ચંદ્રમંડલ-સમાન મુખવાળા,સુકૃત-પરિણામવાળા પુત્ર વજ્રને કહ્યું કે, 'હે ધીર વજ્ર ! આ ઉંચું કરેલ-ધર્મધ્વજ-રજોહરણકે, જેનાથી કર્મરજને દૂર કરી શકાય છે, તેને જલ્દી ગ્રહણ કર.'એટલે બાળક વજ્રકુમારે અતિઉત્સુકતા-પૂર્વક જઈને ગ્રહણ કર્યું.લોકોએ ઉત્કૃષ્ટસિંહનાદ કરતાં કોલાહલ કર્યો કે, ધર્મનો જય થયો છે.' ત્યાર પછી માતા વિચારવા લાગી કે, 'મારા પતિ, પુત્ર અને ભાઈએ દીક્ષા અંગીકાર કરી છે, તો હવે મારે કોના માટે ઘરમાં વાસ કરવો ?' એમ ચિંતવી તેણે પણ પ્રવ્રજ્યા અંગીકાર કરી.

વજ્રકુમારે સ્તનપાનનો ત્યાગ કર્યો અને તે દ્રવ્યથી સાધુ બની ગયા. હજુ વિહારાદિ

ક્રિયા માટે અનુચિત વયવાળા હોવાથી તેને સાધ્વી પાસે સ્થાપન કર્યો. ભણતી સાધ્વીઓ પાસે અગિયાર અંગો સાંભળીને તેણે પણ મુખપાઠકર્યાં અને અર્થ પણ જાણી લીધા. એવી પદાનુસારી મતિવાળા છે કે, એક પદના અનુસારે સો પદોનું તેને હંમેશાં સ્મરણ થતું હતું જ્યારે તે આઠ વરસના થયા, ત્યારે ગુરુએ વજ્રને પોતાની પાસે રાખ્યા. (૧૭૫) વિહાર કરતા કરતા ઉજ્જયિની નગરીએ ગયા અને ત્યાં બહાર ઉદ્યાનમાં રોકાયા. કોઈક વખતે સખત ધારાવાળો અને સતત ન રોકાય તેવો મુશળધાર વરસાદ પડવા લાગ્યો. સાધુઓ ભિક્ષાચર્યા તેમજ બીજા પ્રયોજન માટે બહારજવા સમર્થ બની શકતા નથી. તે સમયે પૂર્વના પરિચિત તિર્યક્જુંભક દેવતાઓ તે માર્ગેથી જતા હતા. તેમને દેખીને એકદમ ઓળખ્યા-એટલે તેમના પ્રત્યે અનુકંપા ભક્તિ ઉત્પન્ન થઈ. તે વજ્રસ્વામીના પરિણામની પરીક્ષા કરવા માટે વણિકનો વેષ વિકુર્વીને સાર્થવાહનાં બળદગાડાં વગેરે વિકુર્વીને ત્યાં પડાવ નાખ્યો. નાના સાધુ વજ્રમુનિને વંદન કરીને વિનંતિ કરી કે, 'ભોજન-પાણી તૈયાર થઈ ગયાં છે, લાભ દેવા પધારો-' એમ આમંત્રણ કર્યું. ગુરુએ તેને આજ્ઞા આપી, ત્યારે મંદ મંદ વરસાદ પડતો હતો, તેથી પાછા ફર્યા. ત્યાર પછી વરસાદ બંધ થયો, એટલે ઘણા આદરપૂર્વક તેમને શબ્દ કરીને બોલાવ્યા. વજ્રસ્વામી પણ તે સ્થલે ગયા અને તીવ્ર ઉપયોગ મૂક્યો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એમ ચાર પ્રકારે વિચારતા દ્રવ્યથી આ પુષ્પ-ફલ છે. ક્ષેત્રથી આ ઉજ્જેણી નગરી છે, કાળથી ઘણા વરસાદવાળો ચોમાસાનો કાળ છે, ભાવથી ધરણી પર પગનો સ્પર્શ થવો અને નેત્ર મિચાવા બંનેથી રહિત હોવાથી આ મનુષ્યો નથી. અત્યંત હર્ષિત મનવાળા તેમને દેખ્યા. એટલે જાણ્યું કે, 'આ દેવતાઓ છે.' પછી તેઓએ સ્પષ્ટ હકીકત કહી કે, 'તમોને કૌતુકથી જોવા માટે અહીં આયા છીએ.' તે દેવોએ વૈક્રિયવિદ્યા આપી કે, જેના પ્રભાવથી દિવ્ય અને મનુષ્યો સંબંધી અનેક વિવિધ પ્રકારના રૂપો વિકુર્વી શકાય ફરી પણ તેઓ જેઠ માસમાં સ્થંડિલ જવા માટે ગયા હતા. ત્યા આગળની જેમ ઘેબરનું નિમંત્રણ કર્યું. વળી દ્રવ્યાદિક ઉપયોગ મૂક્યો અને સાચો પરમાર્થ જાણ્યો, એટલે 'ભિક્ષા ન કલ્પે'-એમ કહી નિષેધ કર્યોવહોર્યું નહિ. એટલે આકાશમાં કોઈને બાધા ન થાય તેવી રીતે ગમન થઈ શકે-તેવી આકાશગામિની વિદ્યા આપી એ વિદ્યાના પ્રભાવથી આકાશમાં છેક માનુષોત્તર પર્વત સુધી જાય, તો વચ્ચે ચાહે તેવા બળવાન દેવો કે દાનવોના સમૂહો આવે, તો પણ ગમન સ્ખલના ન પામે.

આવી રીતે બાલ્યકાળમાં પણ વજ્રમુનિ અનેક આશ્ચર્ય-સ્થાન ઉત્પન્ન કરતા ગુરુની સાથે ગામો, નગરો અને ખાણોથી શોભાયમાન પૃથ્વીમાં વિચરતા હતા. સાધ્વીના ઉપાશ્રયમાં રહીને તેણે જે એક પદના અનુસારે સો પદનું સ્મરણ કરી અગિયાર અંગો ગ્રહણ કર્યાં હતાં, તે સાધુ પાસે એકદમ વિશેષ સ્પષ્ટ થયાં. ઉપાશ્રયમાં જે કોઈ સાધુ પૂર્વગત શ્રુત ભણતા હતા, તેને પણ કાનથી સાંભળીને જલ્દી વગર કલેશે-સહેલાઈથી ભણી ગયા.અને લગભગ બહુશ્રુત થઈ ગયા.તેને ભણાવનાર ગુરુ 'આટલું શ્રુત ભણેલા છે' એમ જાણતા ન હોવાથી 'આ આલાવો ગોખ, આ સૂત્રભણ' એમ ગોખતા જાય અને વળી બીજા સાધુઓ પૂર્વગત શ્રુત ભણતા હોય, તેમાં પણ ઉપયોગ રાખી તે પણ ભણી જતા હતા.

હવે કોઈક દિવસે મધ્યાહ્ન સમયે આચાર્ય ભગવંત બહાર સ્થંડિલ-ભૂમિએ અને સાધુઓ ભિક્ષા લેવા માટે ગયા હતા,તે વખતે વજ્રને વસતિના રક્ષક તરીકે સ્થાપીને ગયા હતા. એકલા અને બાલપણાના કારણે કૌતુક ઉત્પન્ન થવાથી સાધુઓનાં ઓશીકે મૂકવાનાં વિંટિયાઓને સાધુની વાચના-મંડળી તરીકે ગોઠવી વચ્ચે પોતે વાચના આપનાર તરીકે બેસીને પૂર્વની અંદર રહેલા અંગોની વાચના સમુદ્રના સંક્ષોભથી ઉત્પન્ન થયેલા અવાજ સમાન ગંભીર સ્વરથી આપવા લાગ્યા. થોડા સમયપછી બહારગયેલા ગુરુ મહારાજ આવી પહોંચ્યા અને વાચના આપવાનો મોટો શબ્દ સાંભળ્યો, એટલે વિચારવા લાગ્યા કે, 'મુનિઓ ભિક્ષા લઈને જલ્દી આવી ગયા. નહિંતર આવો શબ્દ ક્યાંથી આવે ? લગાર સ્થિર બની શ્રવણ કરવા લાગ્યા, એટલે સમજાયું અરે, 'આ સાધુનો શબ્દ નથી, પરંતુ વજ્રના શબ્દો છે.' એટલે તેને ક્ષોભ થવાના ભયથી પાછા હટી ગયા. 'નિસીહિ નિસીહી' આદિ શબ્દો મોટેથી બોલ્યા. (૨૦૦) વજ્ર પોતે ઘણા દક્ષત્વ ગુણવાળા હોવાથી તે શબ્દ સાંભળતાં જ દરેકનાં વિંટિયાં પોતપોતાના સ્થાનકે સ્થાપન કર્યા અને સામા આવીને ગુરુનો દંડ તેમના હાથમાંથી લીધો. ગુરુના પગની પ્રમાર્જના કરી.સિંહગિરિ ગુરુ વિચારવા લાગ્યાકે, 'આ બાળકમુનિ અતિશયવાળો શ્રુતરત્નના ભંડાર સરખો છે.રખે કોઈ તેનો પરાભવ-આશાતના કરે, માટે આ સાધુલોકોને આના ગુણોનું ગૌરવ જણાવું કે,જેથી તેના ગુણનો ઉચિત વિનય કરે.'

રાત્રિ-સમયે સર્વે સાધુઓ એકઠા થયા, ત્યારે ગુરુએ સાધુઓને આ પ્રમાણે કહ્યુ કે, 'અમે બે ત્રણ દિવસ માટે બીજાગામે જવાના છીએ અને ત્યાં રોકાઈશું.' તો યોગ-વહન કરનારાઓ કહેવા લાગ્યાકે,'અમને વાચના કોણ આપશે ?' ગુરુએ કહ્યુ કે, 'વજ્ર વાચના આપશે.' સ્વભાવથી વિનયલક્ષ્મીના કુલગૃહ-સમાન ગુરુની આજ્ઞાને મસ્તકે ચડાવનારા એવા તે મુનિસિંહો ગુરુના વચનને 'તહત્તિ' કહી માનનારા છે. પ્રભાત-સમય થયો, એટલે વસતિ -પ્રમાર્જના કરી,કાલ-નિવેદન વગેરે વિનયવજ્રસ્વામીનો કર્યો.સાધુઓએ સિંહગિરિ પછી તેના અનુગામી તરીકે યોગ્ય એવા તેને બેસવા માટે નિષદ્યા-ગુરુને વાચના આપતી વખતે બેસવાનું આસન રચ્યું વજ્ર તે ઉપર સારી રીતે સ્થિર આસન જમાવીને બેઠા. જેવી રીતે સિંહગિરિનો વંદનાદિક વિનય સાચવતા હતા, તેવી જ રીતે તેઓ વજ્રનો વિનય કરતા હતા વજ્ર પણ દૃઢ પ્રયત્ન-પૂર્વક ક્રમ પૂર્વક વાચના આપવા લાગ્યા.તેમાં જેઓ અલ્પબુદ્ધિવાળા હતા.તેઓ પણતેમના પ્રભાવથી અઘરા આલાવા પણ જલ્દી મનમાં સ્થાપના કરવા લાગ્યા. સાધુઓ વિસ્મય મનવાળા થયા અને પહેલાં ભણેલા કેટલાક આલાવાના અર્થ પૂછવા લાગ્યા. જેવો પ્રશ્ન કરે કે, તરત જ ઉત્તર મળી જાય. દક્ષતા ગુણવાળા દરેકને સંતોષવાળો પ્રત્યુત્તરઆપતા હતા. આનંદિત ચિત્તવાળા વાચના લેનારા સાધુઓકહેવા લાગ્યાકે, 'જો ગુરુમહારાજ હજુ કેટલાક દિવસ ત્યાં રોકાય અને મોડા પધારે, તો આપણે આ શ્રુતસ્કંધ જલ્દી સમાપ્તથાય.ગુરુમહારાજ પાસે તો લાંબા કાળે જે વાચના પ્રાપ્ત થાય, તે આ એક પોરિસીમાં આપે છે. આ કારણે તે સાધુઓને આ વજ્ર ચિંતામણિરત્ન કરતાં પણ અધિક અત્યંત માનનીય થયા. વજ્રના ગુણો જણાવીને ગરુ મહારાજનાપાછા આવી ગયા. સાધુઓએ મનમાં સંકલ્પ કરી રાખેલો કે,'હવે બાકીનું શ્રુત આ ભણાવે તો બહુ સારું' ગુરુ મહારાજ બહારગામથી

આવ્યા, એટલે તેમનો વંદનાદિક વિધિ કર્યો, પૂછયું કે, તમારો સ્વાધ્યાય સુખેથી થયોકે કેમ ? ત્યારે પ્રશાન્ત મુખ અનેનેત્રવાળા તેઓ જવાબમાં કહેવા લાગ્યા કે 'હવે અમારા વાચનાચાર્ય ભલે આ જકાયમ રહો.' ત્યારે ગુરુએ કહ્યું કે, 'તમારા મનોરથો પૂર્ણ કરનારા તમારા આ વાચનાચાર્ય નક્કી થશે. માત્ર છૂપાયેલા ગુણવાળા આની તમારાથી આશાતના (પરાભવ) ન થાય, તે તમોને જણાવવા માટે અમે ગામે વિહારકર્યો હતો. તેણે જે શ્રુત મેળવેલું છે, તે કાનની ચોરીથી મેળવેલું હોવાથી અત્યારે શ્રુતવાચના દેવાના અધિકારી નથી. માટે તેને ઉત્સાર કલ્પ-યોગ્યકરીશ. તેથી આ પ્રથમ પોરિસીમાં જેટલું ભણાવવા માટે શક્તિમાન થાય,તે પ્રમાણે હું કરીશ. જે અત્યંત બુદ્ધિશાળીહોય અને જેટલું ગ્રહણ કરી શકે તેટલુ શ્રુત તેને અપાય એમાં દિનમાનનું વિધાન કરવાનું હોતું નથી.તે પ્રમાણે ઉત્સાર કલ્પાનુસાર આચાર્યે ભણાવવાનું શરુ કર્યું. બીજી પોરિસીમાં અર્થ ભણાવે છે.કારણ કે, આ બંને કલ્પને ઉચિત છે. એવી રીતે તેના દિવસો પસાર થતા હતા.

## ચાર પ્રકારના શિષ્યો

શિષ્યો ચાર પ્રકારના હોય છે. ૧ અતિજાત, ૨સુજાત, ૩ હીનજાત-અને સર્વાધમ ચારિત્રવાળો ૪ કુલાંગાર,ગુરુના ગુણથી અધિક તે (૧) અતિજાત, બીજો સમાન ગુણવાળોહોય, તે (૨) સુજાત. ત્રીજો કંઈક ઓછા ગુણવાળો (૩) હીનજાત અને પોતાના નામ પ્રમાણે ગુણવાળો કુલાંગાર ચોથો (૪) એ જ પ્રમાણે કુટુંબીઓના પુત્રો પણ હોય છે.તેવા કુટુંબમાં તે જન્મેલો છે. અતિજાત એટલા માટે કે, સિંહગિરિગુરુને આશ્રીને તેની પાસે જે શંકાવાળા અર્થો હતા, તે અર્થો તેણે ખૂબ પ્રકાશિત કર્યા. (૨૨૫) ગુરુ પાસે જેટલો દૃષ્ટિવાદ હતો, તેટલો તેણે ગ્રહણ કર્યો. ભૂમિમંડલમાં ઈતિ આદિ દુઃખોને દૂર કરતા, નગર-ગ્રામાદિકમાં વિહાર કરતા કરતા, શ્રીદશપુર(મંદસોર) ગામે પહોંચ્યા. તે વખતે જેમની પાંસે દશે પૂર્વો વર્તતાં હતાં એવા ભદ્રગુપ્ત નામના આચાર્ય વૃદ્ધાવસ્થાના કારણે ઉજ્જયિનીમાં સ્થિરવાસ કરીને રહેલા હતા. તેમની પાસે બીજા એક સાધુને સાથે આપીને વજ્રને ભણાવવા મોકલ્યા. ભદ્રગુપ્ત આચાર્યે રાત્રે સ્વપ્નમાં દેખ્યું કે,'દૂધથી સંપૂર્ણ ભરેલા મારા પાત્રને કોઈક પરોણો આવીને આખું પાત્ર પી ગયો. પ્રભાત-સમયે ગુરુએ સર્વ સાધુઓને આ વાત જણાવી. તેઓ આ સ્વપ્નનો અર્થ ન સમજેલા હોવાથી માંહોમાંહે સ્વપ્નનો ફલાદેશ કહેવાલાગ્યા. ગુરુએ કહ્યુ કે, 'આનો અર્થ તમે જાણતા નથી.' તેનો પરમાર્થ એ છે કે - આજે કોઈ મહાબુદ્ધિશાળી પરોણો આવશે અને મારી પાસે જેટલું શ્રુતજ્ઞાન છે, તે સર્વ ગ્રહણ કરશે. આ તેનો ફલાદેશ નિશ્ચિત સમજશો.

ભગવાન વજ્રસ્વામી તે રાત્રે નગર બહાર રોકાયા. ઉત્કંઠિત માનસવાળા એવા ભદ્રગુપ્તાચાર્યના ઉપાશ્રયે પહોંચ્યા. જેમ ચંદ્રને દેખી કુમુદવન વિકસિત થાય, જેમ મેઘને દેખી મોરમંડલ, તેમ જેના ગુણો આગળ સાંભળેલા હતા તેવા, તે વજ્રને દેખીને મનમાં અતિ આનંદ પામ્યા. પૃથ્વીમંડલનાં જેનો યશ વિસ્તાર પામ્યો છે,તેવા આ વજ્રને ઓળખ્યા. બે ભુજાઓ લાંબી કરી સર્વાંગે તેનું આલિંગન કર્યું. પરોણા પ્રત્યે જે પ્રકારના વિનય-વેયાવચ્ચ

વગેરે થાય, તેવી રીતે સ્થાનિક મુનિઓએ તેનો સ્વીકાર કર્યો. અનુક્રમે તે દશે પૂર્વો ભણી ગયા. જે શ્રુતસ્કંધ અધ્યન, ઉદ્દેશાદિકના ઉદ્દેશાઅનુજ્ઞા પણ ત્યાં કરવામાં આવતી હતી. તેનો આ ક્રમ છે. ત્યાર પછી વજ્રસિંહગિરિ પાસે દશપુર નગર આવ્યા. સિંહગિરિ ગુરુ તેના આચાર્યપદની પ્રતિષ્ઠા કરવાની તૈયારી કરવાલાગ્યા. પહેલાના સંબંધવાળા જૃંભકદેવો પણ કોઈ પ્રકારે ત્યાં આવી લાગ્યા. શ્રેષ્ઠ પુષ્પ અને ગંધવાળા તે દેવોએ મોટો મહોત્સવ કર્યો. પ્રાપ્ત થયેલા આચાર્ય પદથી વજ્રસ્વામી સૂર્યના મંડલની જેમ વિશેષ દેદીપ્યમાન પ્રતાપવાળા, ભવ્યજીવો રૂપી કળાને વિકસિત કરી વિશેષ પ્રમોદ ઉત્પન્ન કરાવનારા થયા.કારણ કે, વર્ષાકાળ સિવાયનાં વિહાર કરનારા, જોકે પોતે પોતાના ગુણોની પ્રશંસા ન કરે, છતાં વગર કહ્યેપણ તેવી સ્થિતિ છે કે, 'ગુણો આપોઆપ પ્રગટ થયા સિવાય રહેતા નથી.' (હીરો પોતે પોતાના ગુણો બોલતો નથી, છતાં ઝવેરીઓ તેની લાખો રૂપિયાની કિંમત કરે છે.) ચોમાસાના કાળમાં કદંબ વનની ઝાડીમાં અત્યંત ગુપ્ત પણે રહેલો હોય, તો પણ પોતાની ગંધથી ભ્રમરા અને મધમાખો દ્વારા તે પોતાને સૂચવે છે. અગ્નિ ક્યાં બાળતો નથી ? આ જગતમાં ચંદ્ર ક્યાં દેખાતો નથી ? ઉત્તમ લક્ષણ ધરનારા સજ્જન પુરુષો ક્યાં પ્રગટ થતા નથી ?

સિંહગિરિસૂરિ વજ્રસ્વામીને ગણ સોંપીને કાળ-સમય નજીક આવ્યો, એટલે ભક્તનો ત્યાગ કરી-અનશન સ્વીકારી મહર્ધિક દેવ થયા. વજ્રસ્વામી ભગવંત પણ પોતાના પાંચસો શિષ્ય-પરિવાર સાથે જ્યાં જ્યાં વિહાર કરતા હતા, ત્યાં ત્યાં શાસનના જયકાર શબ્દો ઉછળતા હતા. 'ખરેખર આવા દુ:ષમાં કાળમાં અત્યારે અતિ અદ્ભુત ગુણરત્નના નિધાનરૂપ જો કોઈક હોય તો આ છે' એ પ્રમાણે ચતુર પંડિત પુરુષોનાં મનને આનંદ ઉત્પન્ન કરાવનાર આ વજ્રસ્વામી છે.

હવેકુસુમપુર નગરમાં સારી કીર્તિ મેળવેલા ધનશ્રેષ્ઠી નામના કોઈ શેઠ હતા. તેને લજ્જા તેમ જ સૌભાગ્ય ગુણના ભંડાર સરખી મનોહર ભાર્યા હતી.તેઓને પોતાના દેહની રૂપલક્ષ્મીથી દેવાંગનાઓને પણ ઝાંખી પાડે, તેવા પ્રકારની પુત્રી હતી. તે નવીન-ઉદાર યૌવનવય પામી. તેમની વાહનશાળામાં રહેલી સાધ્વીઓ હંમેશાં વજ્રસ્વામીના શરદચંદ્રના સરખા નિર્મળ ગુણો પ્રશંસતી હતી. તે આ પ્રમાણે 'આ બાલબ્રહ્મચારી અખંડ શીલવાળા બહુશ્રુત અતિશય જ્ઞાનના સ્વામી, પ્રશમરસથી ભરપૂર છે. આ મહાપુરુષ અનેક ગુણોના ભંડાર છે,એમના સરખા બીજા કોઈ એક સામટા ગુણવાળા નથી. (૨૫૦)

"આ જગતમાં આ બે પુરુષો બીજાને પ્રતીતિ ઉત્પન્ન કરનાર ગણેલા છે, તેમાં સ્ત્રીઓ, બીજી સ્ત્રી જેનીકામના કરતી હોય, તેને ઇચ્છાવાળી અને લોક, જેપૂજ્ય પુરુષ હોય, તેની પૂજાકરનાર છે. આ પ્રમાણે સાધ્વીજીઓના મુખથી તેમના ગુણો સાંભળીને તેમનું સ્મરણ કરતી તે કન્યા તેમના વિષે દૃઢ અનુરાગવાળી બની. આવા પ્રકારના માનસિક અભિપ્રાયવાળી પુત્રી પિતાને એમ કહેવા લાગી કે, 'જો મને વજ્રસ્વામી ભર્તાર તરીકે પ્રાપ્ત થશે, તો હું વિવાહ કરીશ, નહિંતર સળગતા અગ્નિની ઉપમાવાળા ભોગો મારે ભોગવવા નથી. ઉત્તમકુળમાં જન્મેલી કન્યા આપોઆપ ભર્તાર મેળવી લે છે, પરંતુ તે તેની ઇચ્છા કરતી નથી. સાધ્વીઓ કન્યાને કહે છે કે, 'વજ્રસ્વામી કદાપિ વિવાહ-લગ્ન કરે જ નહિં.' અત્રે તે કુમારી

કહેવા લાગી કે, 'જો તે વિવાહ નહીં કરશે, તો હું દીક્ષા જ ગ્રહણ કરીશ.' એમ પોતાના મનમાં નિશ્ચય સ્થાપન કર્યો હતો. ભગવાન વજસ્વામી પણ ક્રમ પૂર્વક વિહાર કરતા કરતા પાટલપુિત્ર નગર પધાર્યા. તુષાર-હિમ સરખા ઉજ્જવલ તેના યશ સમૂહ શ્રવણકરવાથી રંજિત-પ્રભાવિત થયેલ ત્યાંનો રાજા પોતાના પરિવાર સહિત સન્મુખ આવ્યો, ત્યારે ઉજ્જવલ રૂપવાળા કેટલાક કેટલાકના સમુદાયવાળા સાધુઓને નગરમાં આવતા જોયા. રાજાએ તેમાં ઉદાર-સુંદર શરીરવાળા આવતા ઘણા મુનિવરોને જોયા. એટલે પૂછયુ કે, 'આ જ તે વજસ્વામી ભગવંત છે કે ?' ત્યારે જવાબમાં જણાવ્યું કે, 'આ તે જ છે, પરંતુ બીજા નથી' એ પ્રમાણે વિકસિત નેત્રોવડે રાજા અને નગર લોકો વડે દૂરથી તાકી તાકીને જોવાતા કેટલાક મુનિઓથી પરિવરેલાવજસ્વામીની પાસે પહોંચ્યા. ત્યાર પછી આદર સહિત પૃથ્વીમંડલને અડકાડેલા મસ્તકથી રાજાએ તેમને વંદન કર્યું અને પ્રીતિ ભક્તિવાળા વચન કહેવા વડે તેમને અભિનંદન કર્યું. નગરમાં ઉદ્યાનમાં રોકાયા અને [1]ક્ષીરાસ્રવ લબ્ધિ વડે ધર્મકથા શરુ કરી એ પ્રકારે મોહનો નાશ કરનારીધર્મકથામા જણાવ્યું કે - "નિર્મલ કલાદિ ગુણયુક્ત મનોહર મનુષ્યજન્મ પ્રાપ્તકરીને બુદ્ધિશાળી મનુષ્યે મોક્ષ માટે સજ્જડ ઉદ્યમ કરવો જોઇએ. અર્થ અને કામના ફલવાળો ધર્મ, તેમજ અર્થ અને કામ આ ત્રણે પરિણામથી વિચારીએ તો કિંપાકફલ, ખલપુરુષનો સમાગમ અને ઝેર-મિશ્રિત ભોજન સમાન કહેલા છે. જેમાં સંસારનો ભય નથી, જેમાં મોક્ષની બિલકુલ અભિલાષા નથી,તે ધર્મ કહેવાય નહિં. જિનેશ્વરની આજ્ઞા પૂર્વકનો જે ધર્મ હોય,તેને જ અહીં ધર્મ કહેવો. જેમાં માયા, નિયાણ, મિથ્યાત્વ એવાં ત્રણ શલ્યરૂપ મોટા દોષો વડે પાપાનુબંધી પુણ્ય બંધાય અને તેનાથી સેંકડો સંકટના કારણભૂત સર્પ માફક ભયંકર એવા ભોગોની પ્રાપ્તિ થાય છે,જે ભોગવ્યા પછી અવશ્ય અનેક દુઃખોની પરંપરા ભોગવવી પડે છે. વળી પુરુષોમાં પુંડરીકકમલ સમાન એવા તીર્થંકર ભગવંતોને ક્ષમાદિની પ્રધાનતાવાળો જે ધર્મ પ્રરૂપ્યો છે, તે જ સાચો ધર્મ છે, મોક્ષના અક્ષય ફળને આપનાર છે. આ જગતમાં અર્થ અને કામ એ પ્રત્યક્ષ જ અનર્થના હેતુરૂપ અનુભવાય છે. ભાવથી પણ અર્થ અને કામ પરિણામે દુઃખદાયક છે. આ વિષયમાં તમને વધારે કેટલું કહેવું ? અર્થ કામથી વિપરીત મોક્ષ છે કે, જેમાં વગર અવસરે મૃગરૂપી સમગ્ર જીવોને ખંડિતકરનારા પ્રચંડ, મૃત્યુરૂપી સિંહશિશુનો પ્રવાસ નથી-અર્થાત્ ત્યાં કાયમ માટે મૃત્યુનો અભાવ છે.

યૌવનવનને બાળનાર દાવાનળની જ્વાલા-શ્રેણિ સમાન વૃદ્ધાવસ્થા પણ ત્યાં હોતી નથી. ઉન્મત્ત કામદેવનાં આકરાં બાણોની તાકાત ત્યાં ચાલી શકતી નથી- અર્થાત્ વિષયવાસનાનો જ્યાં સર્વથા અભાવ છે. લોભ-સર્પનો સંગ થતો નથી. મોક્ષમાં ક્રોધ અને મોહનો ઉછાળો હોતો નથી, તેમ જ બીજા કોઈપણ કષાયો, વિષાદ-શોક, અભિમાન-પિશાચ, વલ્લભલોકનો વિયોગ, દુઃખના મૂલસરખા રોગો પણ ત્યાં હોતા નથી. વધારે કેટલું કહેવું ? જગતમાં જે દોષો અણગમતા પદાર્થો તે સર્વેનો ત્યાં બિલકુલ પ્રવેશ થઈ શકતો નથી. ત્યાં

---

૧ ક્ષીરાસ્રવ, મધ્વાસ્રવ આદિ વચનલબ્ધિઓની વ્યાખ્યા યોગશાસ્રના મારા અનુવાદમાંથી જોઈ લેવા ભલામણ છે.

રહેલા તમામ જીવો લોકોલોકને જોવા જાણવા માટે સમ્ય.ગ્દર્શન અને જ્ઞાનના નેત્રોવાળા છે. જેથી જગતના કોઈપણ રૂપી, અરૂપી દ્રવ્યો, પર્યાયો, ગુણો વગેરે સંપૂર્ણપણે જાણી શકે છે - એવા કેવલજ્ઞાન-દર્શન વાળા છે, તે જીવો અનુપમ સ્વાધીન સુખ-સંપત્તિવાળા હોય છે.જેમ જગતમાં સૂર્ય પાસે ખજુઆનું તેજ બિલકુલ ગણતરીમાં નથી,તેમ જગતના અદ્ભુત વૈભવો મોક્ષના વૈભવ પાસે કશી ગણતરીના નથી. સર્વ કરતા ઉત્તમોત્તમ ચડિયાતા સુખવાળું સ્થાન હોય, તો મોક્ષ છે, જ્યાં લેશ પણ દુઃખનો છાંટો નથી, તે સ્થાન મેળવવા માટે દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ સ્વરૂપ પ્રવ્રજ્યા પાલન એ જ મોટો ઉપાય છે. તો તમો તમારી શક્તિ અનુસાર તેમાં પ્રવૃત્તિ કરો. હંમેશાં વિવિધ પૂજા કરવાપૂર્વક ત્રણે કાળ ચૈત્યોને વંદન કરવું, દેહરાસર સંબંધી કાર્યોમાં ઘણા પ્રકારની સાર-સંભાળ જીર્ણોદ્ધાર, દેવદ્રવ્ય-રક્ષણ વૃદ્ધિ ઈત્યાદિક નિપુણ નિર્મલ બુદ્ધિથીકાર્યો કરવાં.સાધુઓના આચારો પાળવામાં તત્પર, તેમ જ બહુશ્રુત ઉત્તમ મુનિઓને વંદન કરવું, ગુણી પુરૂષો વિષે ઘણાં જ બહુમાન, તથા તેમનું વાત્સલ્ય કરવું. (૨૭૫) શંકાઆકાંક્ષાદિ દોષરૂપ શલ્યોને દૂર કરી સમ્યગ્દર્શનની નિર્મળતા કરવી. તથા જિનેશ્વરોની જન્મ, દીક્ષા કેવલજ્ઞાન, નિર્વાણાદિ કલ્યાણક-ભૂમીઓનાં દર્શન-સ્પર્શન કરવાં. જે માટે કહેલું છે કે - "તીર્થંકર ભગવંતો, તેમજ તેવા મોક્ષગામી મહાનુભાવોના જન્મ, દીક્ષા કેવલજ્ઞાન અને નિર્વાણ ભૂમીઓમાં નક્કી જિનેશ્વરોનાં આગાઢ દર્શન થાય છે. અર્થાત્ સમ્યકત્વરત્નની પ્રાપ્તિ નક્કી થાય છે. સારા તીર્થમાં વિધિપૂર્વક સિદ્ધાંતના સારનું શ્રવણ કરવાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તેમજ નવીન નવીન શ્રુતજ્ઞાન ભણવાથી, પહેલાં ભણેલાનું પરાવર્તન કરવાથી, કાલાદિક દોષોનું વર્જન કરીને પઠન પાઠન-પરાવર્તન કરવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે,તેમ જ અનુપ્રેક્ષા-ચિંતન વિચારણા કરવાથી જ્ઞાન-પ્રાપ્તિ થાય છે. સમાન ધર્મવાળા સાધુઓની ઓળખાણ કરી, તેમની સાથે સહવાસ-સેવા દ્વારાચારિત્રની પણ સાધના કરવી પાપ આવવાનાં કારણભૂત આસ્રવદ્વારોને સખત રીતે રોકીને તથા હંમેશાં આગળ આગળના ગુણસ્થાનકની અભિલાષા કરવી આ પ્રમાણે ગુણરત્ન-પ્રાપ્તિના પ્રધાન કારણરૂપ આ મનુષ્યજન્મમાં જેઓ ઉપર જણાવેલા દર્શન, જ્ઞાન અને ચારિત્રની આરાધના કરે છે, તેઓ કૃતાર્થ ગણાય છે. અને તેઓ જ શરદચંદ્ર-સમાન ઉજજવલ યશને દશે દિશામાં ફેલાવી સુખેથી જીવનારા ગણાય છે. વળી પરલોકમાં પણ ક્રમે કરીને કલ્યાણની શ્રેણીરૂપ સુખમાલિકાનો અનુભવ કરીને, કર્મરજનો ક્ષયકરીને નિર્મળ સુખવાળો મોક્ષ પણ મેળવે છે."

નગરલોક સાથે પ્રભાવિત થયેલા રાજાએ પોતાના મહેલે પહોંચીને વજસ્વામીનું સુંદર શરીર, તેમનો ઉપદેશ, અપૂર્વ જ્ઞાન, શિષ્યપરિવાર આદિનું સ્વરૂપ અંતઃપુર સમક્ષ પ્રગટ કર્યું. અંતઃપુરની રાણીઓ વગેરે પણ તે સાંભળીને વિસ્મય પામી અને રાજાને કહેવા લાગી કે, 'અમેપણતેમના રૂપને જોવાની અભિલાષા કરીએ છીએ.' અતિતીવ્રભક્તિમાં પરવશ બનેલા રાજાએ સર્વ અંતેઉરીઓને જવાની રજા આપી, એટલે તેઓનગરમાંથી નીકળી.

હવે આગળ જણાવેલી શ્રેષ્ઠીની પુત્રી તો ઘણા સમયથી અત્યંત દર્શન કરવા ઉત્સુક થયેલી હતી જ . હવે વજસ્વામી નગર બહાર પધાર્યા છે, તે વૃત્તાન્ત સાંભળીને એકદમ

અતિશય દેખવાની ઈચ્છાવાળી બની અને વિચારવા લાગી કે, 'હું તેમનાં દર્શન જલ્દી કેમ કરું ?' પુત્રીએ પિતાને વિનંતિકરી કે, 'સૌભાગ્યશાળીઓમાં શિરોમણિ સમાન એવા વજસ્વામીને જ મને આપો,તે સિવાય મારું હવે જીવતર નથી' ત્યાર પછી તેને સર્વ પ્રકારના અલંકારોથી વિભૂષિત કરી અને વળી સાથે અનેક ધનની કોટિઓ તેમને આપવા માટે ગ્રહણ કરી. અનુક્રમે વજસ્વામી જ્યાં હતા,ત્યાં પુત્રી સહિત શેઠ પહોંચ્યા. તેમણે વિસ્તારથી ધર્મ સંભળાવ્યો. લોકો કહેવા લાગ્યા કે, 'ભલે દેવતાઓનું સૌભાગ્યકદાચ અધિક હશે પરંતુ દેવતાઓનું રૂપ તો આના કરતાં ચડિયાતું નહિં હશે. ત્રણે લોકમાં આની સમાન બીજા કોઈ દેવ, અસુર કે વિદ્યાધરની રૂપલક્ષ્મી નહીં હોય.' સભાનું માનસ જાણીને ભગવાન વજસ્વામીએ તે જ ક્ષણે આગળ પોતાને દેવ તરફથી મળેલી વૈક્રિય વિદ્યાના બળથી હજાર પાંખડીવાળું સુવર્ણમય સુંદર કાંતિવાળું નિર્મળ કમળ વિકુર્વ્યુ. તેમ જ વિજળીના ઢગલાસમાન તેજસ્વી, નિર્મલ લાવણ્યના સમુદ્ર હોયતેવુંરૂપ વિકુર્વ્યુ. રૂપથી આશ્ચર્યપામેલા લોકો એમ બોલવા લાગ્યા કે, 'આમનું સ્વાભાવિક રૂપ તો આવું છે, પરંતુ આ રૂપ દેખીને સ્ત્રીલોકોને પ્રાર્થના લાયક રખે થવાય, તે કારણે પ્રથમ પોતાનું અસલ રૂપ ન બતાવ્યું.' રાજા પણ કહેવા લાગ્યા કે, 'અહો ! આમનું આવું અતિશયવાળું રૂપ છે.' એટલેરાજા પાસે સાધુપણાના ગુણોની પ્રરૂપણા કરી કે, 'તપગુણના પ્રભાવે લબ્ધિ પ્રાપ્ત કરેલા અનગારો અસંખ્યાત સંખ્યા પ્રમાણે વૈક્રિયરૂપ બનાવી જંબૂદ્વીપ વગેરે દ્વીપોમાં ભરી શકવાની તેમની તેટલી તાકાત હોય છે, તો આમાં તમને કેમ આટલું આશ્ચર્ય જણાય છે ? તે સમયે ધન શ્રેષ્ઠીએ વજસ્વામીને વિનંતિ કરી કે, 'જગતની સર્વ સ્ત્રીઓનાં રૂપને જિતનાર આ મારી પુત્રી નક્કી સર્વ સ્ત્રીઓના સૌભાગ્યાતિશયના અહંકારને દૂર કરનારી છે, માટે તેની સાથે પાણિગ્રહણ કરો. કારણ કે, મહાબુદ્ધિશાળી પુરુષો ઉચિત ક્રમનું પાલન કરનારા હોય છે.'

## વજસ્વામી દ્વારા શ્રેષ્ઠ પુત્રીને પ્રતિબોધ

વજસ્વામી ભગવંતે 'વિષયો ઝેરની ઉપમાવાળા છે.' એ પ્રમાણે ઉપદેશ આપતાં જણાવ્યું કે - વિષયો ઝેરની સરખા વિષમ દુઃખ આપનાર થાય છે.સોયા પરચોંટેલ માંસજેમ મરણ આપનાર થાય છે. માછલાં પકડવામાટે જળમાં અણિયાલા સોયા પર ખાવાનો લોટ કે માંસ ચોંટાડી જળમાં નાખે, એટલે માછલાંઓ ખાવાની લાલચે આવે અને મોંમાં સોયો પરોવાઈ જાય. એટલે માછીમારો તેને પકડી મારી નાખે, તેમ વિષયો ભોગવ્યા પછી જીવનને છેવટે દુર્ગતિનાં દુઃખો સહનકરવાં પડે છે. તથા શ્મશાનમાં, પ્રપંચની બહુલતાવાળા કેટલાંકો પકડીને આહૂતિ આપે, તેમ વિષયોની લાલચે ખેંચાયેલો આત્મા કર્મના પ્રપંચમાં સપડાઈ મૃત્યુ પામી દુર્ગતિગામી બને છે. તીક્ષ્ણ ધારવાળીતરવારોનાં બનાવેલા પાંજરાઘર સમાન વિષયો સર્વાંગોને છેદનારા થાય છે. વિષયો કિંપાકફળના પાકસમાન મુખને મીઠાશભાવ આપનારા થાય છે, પણ તે ફળ કે તેના પાકને ખાનારાનાં આંતરડાં એવા ચીરાય છે, કે તેને મરણ-શરણ થયા વિના છૂટકો થતો નથી, તેમ વિષયો ભોગવતી વખતે મીઠા, સુંદર, અનૂકૂળ લાગે છે, પરંતુ તેના સેવનના કારણે ઉપાર્જન કરેલા પાપકર્મો જ્યારે તિર્યંચ-નારકી ગતિમાં ઉદયમાં

આવે છે, ત્યારે લાંબાકાળ સુધી પણતે દુઃખનો છેડો આવતો નથી. (૩૦૦) વિષયો ક્ષણમાં જ દેખેલા અને ક્ષણવારમાં નાશ પામવાના સ્વભાવવાળા છે. દુર્જનના મનની મિલનસારતા સરખી ઉપમાવાળા છે. દુર્જનનાં મન કોઈ સજ્જન સાથે મળે જ નહિ.વધારે કેટલું કહેવું ? અનર્થોનું મૂળ હોય તો વિષયો છે. 'જો તમારી કન્યાને મારૂં પ્રયોજન હોય, તો તે વ્રતો ગ્રહણ કરે.' એમ ઉપદેશ આપ્યો - એટલે ઘણા ખર્ચવાળા આડંબરથી તે કન્યાને પિતાએ દીક્ષા અપાવી.

## ગગનગામિની વિદ્યા અને શાસનપ્રભાવના

પદાનુસારી લબ્ધિવાળા વજસ્વામી ભગવંત મહાપરિજ્ઞા નામના અધ્યયનથી પૂર્વાચાર્યોથી વિસરાઈ ગયેલ ગગનગામિની નામની વિદ્યા ઉદ્ધરી અને તેના પ્રભાવથી તેમજ જૃંભક દેવ પાસેથી મેળવેલી વિદ્યાના બળથી તે મહાભાગ્યશાળી ઇચ્છાપ્રમાણે આકાશમાં જવા-આવવા સમર્થ બન્યા.

કોઈક સમયે વજ ભગવંત પૂર્વદેશમાંથી વિહાર કરતા કરતા ઉત્તરાપથમાં આવી પહોંચ્યા, તો ત્યાં દુષ્કાળ પડેલો હતો. હવે ત્યાંથી વિહાર કરી આગળ નીકળી શકાતું નથી. કારણ કે માર્ગો વિહારલાયક રહેલા નથી. જ્યારે સંઘના પ્રાણો કંઠે આવી ગયા,તો (શ્રમણ) સંઘે આ પ્રમાણે તેમને વિનંતિ કરી કે, 'આપ સરખા તીર્થાધિપ અત્યારે વિદ્યમાન હોવા છતાં શ્રેષ્ઠગુણના સંઘાત સ્વરૂપ જિનેશ્વરનીઆજ્ઞાને માનનારો સંઘ આર્ત-રૌદ્ર ધ્યાનને વશ બની મરણ પામે, તે વાત યુક્ત નથી.' તે સમયે પટવિદ્યાથી સંઘ જાય છે, ત્યારે જેના ઘરમાં સાધુઓ રહેલા હતા, તે શય્યાતર ઘરેથી ગાય ચરાવવા માટે જંગલમાં ગયો હતો. તે ઘરે પાછો આવીને દેખે છે, તો (સાધુ) સંઘને આકાશમાર્ગે ઉડતો દેખી પોતાની ચોટલી કાપીને કહેવા લાગ્યો કે, 'હે ભગવંત ! હવે હું આપનો ખરેખર સાધર્મિક થયો.' શાન્ત ચિત્તવાળા, શ્રુતને અનુસરનારા, સર્વ જીવ વિષયક અપાર કરુણાના ભંડાર એવા વજસ્વામીએ તેને પણ સાથે લઈ લીધો.

સૂત્રમાં સૂચન છે કે. "જે સાધર્મિક-વાત્સલ્યમાં ઉદ્યમી હોય, તથા સ્વાધ્યાયમાં ઉદ્યત હોય, ચરણ કરણમાંઅનુરાગવાળો અને તીર્થની પ્રભાવના-શાસનની ઉન્નતિ કરવામાં તત્પર હોય, તેને સાધર્મિક સમજવો." અનુક્રમે દક્ષિણાપથમાં (જગન્નાથ) પુરી નામના નગરમાં પહોંચ્યા. ત્યાં સુભિક્ષકાળ હોવાથી શ્રાવકો ધન-ધાન્યની સમૃદ્ધિ વાળા હતા. આગળ વર્ણવેલા એવા અમારા શ્રાવકોનાં પોતપોતાનાં ચૈત્યગૃહોમાં રાજ તરફથી પુષ્પો ચડાવવાનો નિષેધ-હુકમ કરેલો છે. દરેક સ્થાને જૈન સાધુ તથા શ્રાવકોનો બૌદ્ધધર્મીઓ પરાભવ કરે છે.કારણ કે, રાજા બૌદ્ધસાધુનોભક્ત છે. કોઈક સમયે સંવત્સરી મહાપર્વ આવી પહોંચ્યું, ત્યારે બૌદ્ધધર્મી રાજાએ તેદિવસોમાં આખા નગરના સમગ્ર જૈનચૈત્ય-મંદિરોમાં પુષ્પો ચડાવવાનો મનાઈ હુકમ કર્યો. તે વખતે સર્વ શ્રાવકલોકો અત્યંત વ્યાકુળ મનવાળા બની ગયા. ત્યારે બાળકો, વૃદ્ધો સહિત સર્વ શ્રાવકો વજસ્વામી પાસે આવ્યા અનેકહેવા લાગ્યા કે - 'હે સ્વામી ! આપ સરખા તીર્થના સ્વામીની હાજરીમાં જો શાસનની લઘુતા થાય, તો પછી કયો બીજો

શાસનની ઉન્નતિ-પ્રભાવના કરનાર થશે ?' આ રીતે બહુ વિનંતિ કરી, એટલે વજસ્વામી નર્મદા નદીના દક્ષિણકિનારે માહેશ્વરી નામની શ્રેષ્ઠનગરીમાં ઉડયા. ત્યાં માલવદેશમાં પહોચ્યા. ત્યાં હુતાશન-ઘરમાં વ્યંતરનું મંદિર હતું અને તેની ચારે બાજુ મનોરમ બગીચો હતો.તેમાં સુગંધથી મહેંકતાં પુષ્કળ પુષ્પો થતાં અને તે કારણે ઘણા ભ્રમરોના જાળથી તેનો મધ્યભાગ મલિન જણાતો હતો.તે બગીચામાંદરરોજ એક કુંભ પ્રમાણ પુષ્પો ઉત્પન્ન થતાં હતાં. "૬૦, ૮૦, ૧૦૦ આઢકનો અનુક્રમે જઘન્ય મધ્યમ અને ઉત્કૃષ્ટ કુંભ થાય છે." વજસ્વામીને દેખીને તડિત નામનો માળી જે તેમના પિતાનો મિત્ર હતો, તે આદર સહિત ઉભો થઈકહેવા લાગ્યો કે, 'આપ કહો કે, અહીં શા કારણે આપ આર્યનું આગમન થયું છે ?' જવાબમાં જણાવ્યું કે, 'આ પુષ્પોનું પ્રયોજન હોવાથી આવેલોછું.' તડિત માળીએ કહ્યું કે, 'આપે મારા ઉપર ઉપકાર કર્યો.' એમ કહી સ્નેહપૂર્વક તેણે પુષ્પો સમર્પણ કર્યાં. આપ જેમ ઠીક લાગે તેમ ગુંથશો. હુતાશના ધૂમાડાના સંગથી પ્રાસુક લગભગ અચિત્તપ્રાય થયા પછી તે પુષ્પો ગ્રહણ કરીને પાછા ફર્યા.

ત્યાર પછી નાનાહિમવાન પર્વત પર પદ્મદ્રહમાં શ્રીદેવી પાસે પહોંચ્યા. તે સમયે શ્રીદેવી જિનેશ્વરદેવનું અર્ચન કરવા માટે ઉત્કટગંધયુક્ત હજાર પાંખડીવાળું સફેદ કમળ તોડીને પૂજાની તૈયારી કરતાં હતાં. (૩૨૫) વજસ્વામીને આવેલા દેખીને તેમને વંદન કર્યું અને તેણે પદ્મનું નિમંત્રણ કર્યું. તે કમળ ગ્રહણ કરીને હુતાશનગૃહે આવ્યા. ત્યાં હજારો ધ્વજાઓ જેના ઉપર ફરકતી હતી, ઘુઘરીઓનો રણકાર સંભળાતો હતો - એવું દિવ્ય વિમાન વિકુર્વ્યુ. વિમાનની અંદર સુગંધી પુષ્પોનો સમૂહ સ્થાપન કર્યો. જૃંભક દેવતાથી પરિવરેલા દિવ્ય સંગીતના શબ્દોથી આકાશતલને પૂરતા પોતાના ઉપર ઊર્ધ્વમાં મહાપદ્મને સ્થાપન કરીને પોતે પુરી દેશ તરફ પ્રયાણ કર્યું અને ક્ષણવારમાં ત્યાં પહોંચી ગયા. તેવા પ્રકારનું નેત્રોને સુખ કરનાર આશ્ચર્ય-કુતુહળ દેખીને વિભ્રમ પામેલા બૌદ્ધભક્તો એમ બોલવા લાગ્યા કે, 'દેવતાઓ પણ આપણું સાન્નિધ્ય કરવા માટે આવ્યા છે.' એમ ધારીને વાજિંત્રોના શબ્દોથી આકાશને પણ બહેરું કર્યું. એ પ્રમાણે પૂજાની સામગ્રી લઈ નગર બહાર બૌદ્ધભક્તો ગયા, જ્યાં નીકળીને રાહ જુવે છે,તો તેમના વિહાર -સ્થાનનું ઉલ્લંઘન કરીને અરિહંતના મંદિરે પહોંચ્યા. ત્યાં દેવોએ મહોત્સવ કર્યો. તે દેખવાથી લોકો અરિહંતના પ્રવચન વિષે વિશેષ બહુમાન વાળા થયા. અતિ આનંદ પામેલો રાજા પણ સુશ્રાવક બની ગયો. આ પ્રમાણે પારિણામિકી બુદ્ધિ વજસ્વામીને થઈ અને માતાને પોતે ન અનુસર્યા. કારણ કે, 'મારાથી કોઈ પ્રકારે સંઘ અપમાનપદ ન પામો, તેમ થાય, તો સંસારવૃદ્ધિ થાય' આ સર્વ તેમની પારિણામિકી બુદ્ધિ સમજવી.

અવંતી નગરમાં વૈક્રિયલબ્ધિની પ્રાપ્તિ થઈ, પાટલિપુત્ર નગરમાં રખેને પરિભવ ન થાય તે માટે વૈક્રિયરૂપવિકુર્વ્યુ. જગન્નાથપુરીમાં તીર્થની પ્રભાવના અતિ અદ્ભુત રીતે કરી, તેમ કરવાથી બીજા ધર્મવાળા પરતીર્થીઓના માનની મ્લાનિ થઈ. તથા તોસલિપુત્ર આચાર્યની પાસે જે દશપુરમાં રક્ષિતે પ્રવ્રજ્યા અંગીકારકરી. શ્રીમાલનગરમાં જ્યારે વજસ્વામી પાસે આવ્યા

જે પ્રમાણે નવ પૂર્વો જુદા સ્થાનમાં રહીને ભણ્યા, આ વગેરે કથાઓ પૂર્વના મહર્ષિઓએ શાસ્ત્રમાં કહેલી છે. વજ્રસ્વામીનું સૌભાગ્ય કોઈ અલૌકિક પ્રકારનું હતું, જે એક રાત્રિ પણ તેમની સાથે રહે, તે તેમના મરણ સાથે જ સમાધિ-મરણ પામે.

આર્યરક્ષિત જ્યારે વજ્રસ્વામી પાસે દશમા પૂર્વના યમકોમાંના ભાંગા ગ્રહણ કરવામાં અસમર્થ થયા,ત્યારે પૂછ્યું કે, 'હજુ આગળ ભણવાનું કેટલું બાકી છે ?' ત્યારે વજ્રસ્વામીએ કહ્યુ કે, 'હજુ માત્ર બિન્દુ સમાન ભણાયું છે અને સમુદ્ર સમાન ભણવાનું બાકી છે.' જ્યારે જ્યારે વારંવાર પૂછવામાં આવતું, ત્યારે ત્યારે ગુરુ પાસેથી આ જ જવાબ મળતો હતો. આ વગેરે આર્યરક્ષિતનું ચરિત્ર આવશ્યકસૂત્રને અનુસારે તેના અર્થીઓએ જાણવું. અહિં તેની જરૂર ન હોવાથી કહેલું નથી. (૩૪૨) વજ્રસ્વામિ ચરિત્ર પૂર્ણ થયું.

## ગૌતમસ્વામિ-ચરિત્ર

પ્રસંગોપાત્ત ભવ્યજીવોને આનંદ આપનાર શ્રીગૌતમસ્વામીનું કંઈક ચરિત્ર કહીશ, તે તમે સાંભળો. અષ્ટાપદ પર્વત ઉપરથી નીચે ઉતરતા પ્રભાત-સમયના ઉગેલાલાલ સૂર્યના કિરણ સરખા ભગવંત ગૌતમસ્વામીને બાલસૂર્યથી જેમ કમળો વિકસિત થાય. તેમ વિકસિત મુખવાળા પૂર્વે જણાવેલા તાપસો કહેવાલાગ્યા કે - 'મસ્તકથી નમેલા અમો તમારા શિષ્યો છીએ અને તમો અમારા ગુરુ તો જગતના જીવોના બંધુ સમાન ભવ્યજીવો રૂપી કમલવનને વિકસ્વર કરનાર સૂર્ય સરખા મંગલ નામવાળા ભગવાન વીર પ્રભુ છે.' શું તમારે વળી બીજા કોઈ ગુરુ છે ? એટલે અતિપ્રસન્ન મુખકમળવાળાગૌતમસ્વામીએ વિસ્તારથી ગુરુના ગુણની પ્રશંસા કરી કે, 'સિદ્ધાર્થ રાજાના પુત્ર, વિનયપૂર્વક નમાવેલા મસ્તકથી જેમનું શરણ ઇંદ્રોએ પણ સ્વીકાર્યું છે - એવા ઇન્દ્ર મહારાજાઓના પણ જેઓ પૂજ્ય છે. કૃતકૃત્ય, ધર્મજનોના મસ્તકોના મુગટ સમાન, હાર સમાન ઉજ્જવલ યશવાળા, દુઃખે કરીને પાર પામી શકાય તેવા ભવસાગર પાર પામવા માટે મહાપ્રવહણ સમાન, સમગ્ર મનોવાંછિત કલ્યાણ-પ્રાપ્તિ માટે નવીન કલ્પવૃક્ષ સમાન, એવા ગુરુમહારાજ મહાવીર પરમાત્માનું કેટલું વર્ણન કરવું ?તે સમયે દેવતાઓએ મુનિવેષ હાજરકર્યો, એટલે તરત જ તેમને પ્રવ્રજ્યા આપી. પર્વતની મેખલાથી નીચે ઉતરીને માર્ગે પહોંચ્યા, એટલે ભિક્ષા-સમય થયો. 'હે આર્યો ! આજે તમો પારણામાં શું લેશો ? તમારા માટે શું લાવું ? તમને કઈ વસ્તુ ઉચિત છે ?' ત્યારે તાપસ સાધુઓએ કહ્યું કે, 'ક્ષીરનું ભોજન કરાવો.' સર્વ લબ્ધિવાળા ભગવાન ગૌતમસ્વામી ભિક્ષાચર્યામાં ઘી-ખાંડ સહિત ક્ષીરથી ભરેલું પાત્ર સહેલાઈથી વહોરી લાવ્યા. અક્ષીણમહાનસ લબ્ધિવાળા ગૌતમસ્વામી ભગવંત તે ક્ષીરપાત્ર લઈને તેમની પાસે આવ્યા એક જ પાત્રથી તેઓ સર્વેને પારણાં કરાવ્યાં, પાછળથી પોતે પારણુ કર્યું. પેલા તાપસો ખૂબ જ આનંદ-સંતોષ પામ્યા. અચિત્ત સેવાલ ભક્ષણ કરનાર સર્વેને કેવલજ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થવાથી પૂર્વે કદાપિ પ્રાપ્ત કરેલ ન હતું, તેવું મહાકેવલજ્ઞાન પ્રગટ થયું. બીજા પ્રકારના જે દિન્ન તાપસો હતા, તેમને જગતના જીવોને જીવન આપનાર ભગવંતનાં છત્રો દેખવાથી કેવલાન પ્રગટ થયું અને કૌડિન્ય ગોત્રવાળા હતા, તેમને પરિવાર-સહિત ભગવંત ધર્મ કહેતા હતા,તેમને

સાંભળીને અનંત એવું કેવલજ્ઞાન થયું-એમ ૧૫૦૦ સર્વે તાપસોને કેવલજ્ઞાન પ્રગટ થયું. હવે ગૌતમસ્વામી આનંદપૂર્વક ભગવંતને પ્રદક્ષિણા આપવા લાગ્યા. તેઓએ પાછળ પાછલ લાગીને પ્રદક્ષિણા કરી અને પછી કેવલિઓની પર્ષદામાં નમો तित्थस्स એમ તીર્થને વંદના કરી બેસી ગયા. પાછલ નજર કરી ગૌતમસ્વામી તેમને કહેવા લાગ્યા કે, 'પ્રભુને વંદન કરો.' પ્રભુએ ગૌતમને કહ્યું કે, 'કેવલિઓની હિલના ન કરો.' પશ્ચાત્તાપ-યુક્ત 'મિચ્છામિ દુક્કડં' આપવા તત્પર બન્યા. ત્યાર પછી સજ્જડ અધૃતિ પામેલા ચિંતવવા લાગ્યાકે, 'આ જન્મમાં હું સિદ્ધિ પામીશ કે નહિ ? આ હમણાં દીક્ષિત થયા અને તત્કાલ કેવલજ્ઞાન પામ્યા.' ત્યારે ભગવંતેકહ્યું, 'દેવતાનું વચન સત્ય કે મારું ?' તો કહ્યું કે, 'જિનેન્દ્રનું વચન સત્ય જ હોય.' તો પછી શા માટે અધૃતિ કરે છે ? પછીના સમયમાં ભગવંતે ચાર પ્રકારના કૃતની પ્રરૂપણા કરી, તે આ પ્રમાણે (૧૦) સુંબકૃત (૨) દ્વિદલકૃત (૩) ચર્મકૃત અને (૪) કંબલકૃત. એ પ્રમાણે ગુરુ વિષે શિષ્યનો સ્નેહાનુબંધ ચાર પ્રકારનો હોય છે. 'હે ગૌતમ ! તને તો મારા વિષે કંબલકડ સમાન મહામોહ છે. તું મારી સાથે લાંબા કાળના સંબંધથી જોડાએલો છે, લાંબા કાળના સ્નેહવાળો છે,પરિચયવાળો છે, લાંબા કાળની પ્રીતિ કરનારો છે. તું મને લાંબા કાળથી અનુસરનારો છે,તો હવે આ દેહનો ભેદ-નાશ થશે, એટલે આપણે બંને સમાન થઈશું. માટે હે ધીર ગંભીર ગૌતમ ! તું નિરર્થક શોક ન કર.'

હવે ગૌતમને આશ્રીને બીજા મુનિઓને પ્રતિબોધ કરવા માટે ભગવંતે 'દ્રુમપત્રક' નામના અધ્યયનની પ્રરૂપણા કરી. તે આ પ્રમાણે-'જેમ પીપળાદિક વૃક્ષનાં પત્રો જીર્ણ થઈ પીળાં પડી જાય છે,તેમ રાજા અને પ્રજાગણ વગેરેથી પૂજા પામેલો હોય-એવો મનુષ્યપણ જીવિત પૂર્ણ થાય, ત્યારે મૃત્યુ પામે છે, માટે હે ગૌતમ ! એક સમય જેટલો કાળ પણ પ્રમાદ ન કરીશ. ઈત્યાદિ.છઠ, અઠમ વગેરે ઉગ્રરૂપ તપકરતા તેઓ હંમેશાં ભગવંતની સાથે વિચરતા મજ્જિમ (મધ્યમા) પુરીએ પહોંચ્યા. ત્યા ચોમાસું કરેલ હતું. ત્યારે સાતમા પખવાડિયાના કાર્તિકની અમાવાસ્યાના દિવસે દિવસના બે પહોરવીત્યા પછી, તેનો મોહવિચ્છેદ કરવા માટે પ્રભુએ ગૌતમને નજીકના ગામમાં મોકલયા અને કહ્યું કે, 'હે ગૌતમ ! આ ગામમાં અમુક શ્રાવકને પ્રતિબોધ કર.' ત્યાં ગયાપછી સાંજનો સંધ્યા-સમય થયો. એટલે તે રાત્રે ત્યાં જ વાસ કર્યો. તે રાત્રે દેવો નીચે આવતા અને ઉપર ઉડતા દેખાય. ઉપયોગ મૂક્યો, તો જાણ્યું કે 'ભગવંત આજે કાલ કરી ગયા !' ગૌતમસ્વામીએ વિરહના ભયથી કદાપિ ચિત્તમાં વિરહદિવસ આગળથી ચિંતવ્યો ન હતો. હવે તે ક્ષણે ચિંતવવાલાગ્યા કે, 'વીતરાગ ભગવંતો આવા સ્નેહ વગરના જ હોય છે. સ્નેહરાગથી રંગાએલા ચિત્તવાળા પ્રાણીઓ સંસારમાં અથડાય છે.' આ સમયે ગૌતમ પ્રભુને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. તેમનો કેવલિકાલ અને વિહારકાલ બાર વરસનો, જેવા ભગવંત તેવો, પરંતુ ગૌતમસ્વામી ભગવાન અતિશયોથી રહિત હતા. પાછળથી આર્યસુધર્માસ્વામીને ગણ સોંપીને પછી પોતે સિદ્ધિ પામ્યા તે પછી આર્ય સુધર્માસ્વામીને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. તેઓ પણ કેવલી પર્યાયપણામાં આઠ વરસ વિચરીને ત્યાર પછી જંબૂસ્વામીને ગણ સોંપીને સિદ્ધિ પામ્યા. ભગવંતના કાળ પામવાથી દેવ-દાનવાદિ ઘણા શોકવાળા થયા. તે નગરી મજ્ઝિમ અપાપા નામવાળી હતી,

છતાં હવે લોકો તેને 'પાપા' નગરી નામથી બોલવા લાગ્યા. (૩)

**ગાથા અક્ષરાર્થ**-વજ્ર નામના મુનિવરંમાં પારિણામિકી બુદ્ધિ હતી.કેવી રીતે ? તો કે, રાજસભામાં માતા અને સંઘનો વિવાદ ચાલ્યો, ત્યારે માતા કરતાં પણસંઘને માન આપ્યું, વર્ષા અને ઉષ્ણકાળમાં જૂંભકદેવોએ નિમંત્રણ કર્યું, ત્યારેગોચરી ગ્રહણ કરતાં પહેલાં સાવધાની રાખી દ્રવ્યાદિકનો ઉપયોગ મૂક્યો. બાકી બીજાં પુરી નગરીમાં સહસ્ર પાંખડીવાળું પદ્મકમળ તથા એકકુંભ પ્રમાણ પુષ્પો લાવવાં. કુસુમ પુરમાં (પાટલિપુત્રમાં) પહેલાં અસુંદર રૂપ પછી હજારપાંખડીવાળા પદ્મ (કમળ)ના આસન ઉપર બેસી પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કર્યું, તે અત્યન્ત અતિશયવાળું રૂપ વિકુર્વ્યુ. આર્યરક્ષિતને યમકો ભણતાં ભણતાં મન ભાંગી ગયું અને તેને મોકલવાનું બન્યું. (ગાથા ૧૪૨મી)

## જમાઈઓની પરીક્ષા

૧૪૩- ગાથાનો ભાવાર્થ કથા દ્વારા જણાવે છે. વસંતપુર નગરમાં નિદ્ધસ નામના બ્રાહ્મણને ક્રીડાના સ્થાન સ્વરૂપ શુભા નામની ભાર્યા હતી. તેને ત્રણ પુત્રીઓ હતી. જે યૌવન વયવાળી થઈ હતી.પોતાના ઘર સરખા વૈભવવાળા કુળોમાં વિવાહ કર્યો. માતાએ પોતાની પુત્રીઓ કેમ સુખી થાય ? તેમ વિચાર્યું. તે માટે તેમના પતિના પરિણામ જાણવા માટે શો ઉપાય કરવો ? તેમ વિચારતાં, 'પતિ સાથે ગમે તેમ વ્યવહાર કરે, તો પુત્રીઓ ગૌરવસ્થાન પણ પામી શકે અને ગૌરવ પામ્યા વગરસુખની પ્રાપ્તિ કેવી રીતે થાય ? માટે મારે જમાઈઓના મનોભાવ જાણી લેવા જોઈએ. પુત્રીઓને શીખવી રાખ્યું કે, 'તારે પ્રથમ પતિ સમાગમ-સમયે લાગ મળે એટલે પગની પાનીથી પતિના મસ્તકમાં પાટુ મારવું.' પુત્રીઓએ તે વાત સ્વીકારી. તે પ્રમાણે કર્યા પછી પ્રભાત-સમયે માતાએ પૂછયું કે, 'તને તેણે પાટુ મારવા સમયે શું કર્યું ? ત્યારે મોટી પુત્રીએ કહ્યું કે, 'તે મારા ચરણને પંપાળવાલાગ્યા અને મને પૂછયુ કે, 'તને કંઈ પગમાં લાગ્યું તો નથી ને ? આપ્રમાણે તારે મને ચરણથી પ્રહાર કરવો ઉચિત ન ગણાય. એ તો મને તારા ઉપર ઘણો મોટો સ્નેહ છે, નહિંતર ઉન્માદરહિત કયો લજ્જાવાળો આવું કાર્ય નભાવી લે ?' એટલે માતાએ પુત્રીને કહ્યું કે, 'તારો પતિ તારા ઉપર ઘણા સ્નેહવાળો છે. તું જે કરીશ, તે સર્વ પ્રમાણ ગણાશે. માટે ઈચ્છા અનુસાર વર્તીશ, તો પણ પ્રેમ ટકી રહેશે.' બીજી પુત્રીએ કહ્યું કે, 'પગથી પ્રહાર કર્યા પછી લગાર તે ખીજાયા, પરંતુ ક્ષણમાં પાછા શાન્ત થઈગયા' તેને પણ માતાએ શિખામણ આપી કે, 'તું તેને ન ગમતાં કોઈ કાર્યો કરીશ, તો તે ચીડાશે, પરંતુ તને બીજી કોઈ શિક્ષા નહિં કરશે.' ત્રીજી એ વળી કહ્યુ કે, 'તારી આજ્ઞા પ્રમાણે મેં કર્યું, એટલે તે મારા ઉપર ખૂબ રોષે ભરાયા અને મને ઘરના થાંભલા સાથે બાંધીને ચાબૂકના ૧૦૦ ચાબખા માર્યા. મને દાસી, તેમ જદુષ્કુલમાં જન્મેલી છો, આવા પ્રકારનાં કાર્ય કરવાતૈયાર થયેલી એવી તારી મને જરૂર નથી.' ત્યાર પછી માતાએ તેની પાસે કહ્યું કે, 'અમારા કુલનો આવો ધર્મ હોવાથી તેમ કરેલ છે. જો તેમ ન કરે તો સાસરાના કુલમાં આનંદ ન વર્તાય.' એ પ્રમાણે તેના ચિત્તની પ્રસન્નતા કરીપુત્રીને શિખામણ આપી કે, 'જેમ દેવ પ્રત્યે વર્તાવ રખાય, તેવો વર્તાવ તેની સાથે તારે રાખવો, નહિંતર તે તારા પ્રત્યે પ્રસન્નતા નહીં રાખશે' જમાઈના ચિત્તને જાણવા માટે પુત્રીઓને આ શિખામણો

આપેલી હતી. આ પ્રમાણે પારિણામિકી બુદ્ધિનું ફલ બ્રાહ્મણી વિષે જાણવું. (૧૬)

## દેવદત્તા ગણિકા

ઉજ્જયિની નગરીમાં ચોસઠ કળાઓ શીખેલી, દેશ-દેશાવરમાં પ્રસિદ્ધિ પામેલી દેવદત્તા નામની ગણિકા હતી.દુર્જન લોકોનાં ચિત્ત જાણવા માટે પોતાના મહેલની ભીંતોના સ્થાનમાં પોતપોતાના વ્યાપારમાં તત્પર હોય અને તેમના સ્વભાવ કેવા હોય ? તે જાણવા માટે તેવા તેવાસ્વભાવવાળાઓનાં ચિત્રો ચિતરાવ્યાં જે જે વ્યાપાર કરનાર ત્યાં આવે, ત્યારે પૂર્ણ આનંદથી તે પોતાના વ્યાપારને લાંબા કાળ સુધી જોતો સ્થિર બની જાય. તેને આશય સમજીને કોઈ પ્રકારે તેની તેપ્રમાણેસેવા કરે. જેથી આવનાર ઘણો ખુશી થાય. આવનાર ગ્રાહક અતિદુષ્કર હોય તેવું દ્રવ્ય માગે તેટલું દાન હોંશથી આપે. આ પણ પારિણામિકી બુદ્ધિકે જે તેણે સામાનું ચિત્ત જાણવા માટે તેમની પ્રકૃતિઓ ચિત્રાવી અને દ્રવ્ય-સંચય કર્યો. (૫)

૧૪૩મી **ગાથાનો અક્ષરાર્થ**-પારિણામિકી બુદ્ધિનાં નિદ્રસ દ્વિજની ભાર્યાએ જમાઈના ચિત્ત જાણવામાટે કરેલા ઉપાય વિષયક ઉદાહરણ તથા લોકોના અભિપ્રાય જાણવા માટે ઉજ્જયિની નગરીની દેવદત્તા ગણિકાએ યોગ્યઉપચાર-જેવા સ્વભાવના માણસ આવે તેને અનુરૂપ ગમતાં કાર્યોકરીને ઘણું ધન એકઠું કર્યું.

૧૪૪ - **ચરણાઘાત નામના દ્વારનો વિચાર**-તેના ઉદાહરણમાં કોઈ રાજાને યુવાનોએ ભરમાવ્યોકે, 'હે દેવ ! આ જર્જરિત દેહવાળા વૃદ્ધ મંત્રીઓ દુર્બલ બુદ્ધિવાળા થયેલા હોવાથી તેમના સ્થાનથી તેમને ખસેડી નાખી દૂર કરવો, સમર્થ બુદ્ધિવાળા તરુણોને તેના સ્થાનમાં બેસાડો.' ત્યાર પછી તેની પરીક્ષા કરવા માટે તરુણો તેમજ બીજાઓને પ્રશ્નકર્યો કે, 'જોકોઈ મને પગથી મસ્તકમાં પાટુ મારે, તો તેના પગનો કયો દંડ કરવો ?' ત્યાર પછી ચપળબુદ્ધિવાળા હોવાથી તરુણોએ કહ્યું કે, 'તેના ચરણનો છેદ કરવો એ જ દંડ' બીજા જે વૃદ્ધો હતા, તેમણે ઉતાવળ કર્યા વગર પરસ્પરવિચારણા કરીને કહ્યું કે, 'તેની પૂજા કરવી. ગાઢ પ્રેમપાત્ર પત્ની જ્યારે લગ્ન પછીના રતિક્રીડાના સમયમાં રતિ-કલહ કરે છે, તે સિવાય બીજું કોઈ પણ આપના મસ્તકને પાટુ મારવા સમર્થ નથી.'

૧૪૫- **આમળું નામના દ્વારમાં**-કોઈકચતુર બુદ્ધિવાળાએ કોઈક રાજસભામાં બનાવટી (નકલી) આમળુંલાવી સ્થાપન કર્યું.સભાલોકો વિચારવાલાગ્યાકે, 'વગર ઋતુએ આ આમળું ક્યાંથી ઉત્પન્ન થયું ?' એમ લોકો તર્ક-વિતર્કકરવાલાગ્યા. ત્યાર પછી એક માણસે પરીક્ષા કરવાનો આરંભ કર્યો. કેવી રીતે ? આ શીતકાલ-શિયાળામાં ઉગ્યું, તેથી કરીક્રમ બદલાયો. ખરા જુના આમળા સાથે કૃત્રિમ આમળાની સરખામણી કરી. પાકેલા આમળાં કેવા પ્રકારનાં હોય ? અનેકૃત્રિમમાં તેવા પ્રકારનાં લક્ષણો હોતાં નથી, ખરા આમળામાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગેરે લક્ષણો હોય છે અને કૃત્રિમ (બનાવટી)મા તેવાં રૂપાદિ લક્ષણો હોતાં નથી. આવી રીતે કૃત્રિમ આમળાની નિપુણ બુદ્ધિ અને તર્ક કરી પરીક્ષા કરી કે, કૃત્રિમ આમળાનાં લક્ષણો અને ખરા આમળાનાંલક્ષણો જુદા પ્રકારનાં હોય છે. ચતુર બુદ્ધિશાળી પુરુષો તેના

ભેદો જાણે છે. આ વિષયમાં તેના જાણકારોએ જણાવેલું છે કે -'આમ્ર-પલ્વોનાં પુષ્પો તેમ જ ફળોનો આકાર સર્વત્ર સમાન હોય છે. પરંતુ રસાસ્વાદમાં નજીકની ભૂમિમાં ઉગેલા વૃક્ષોના સ્વાદમાં ફરક હોય છે.' (૧૪૫)

**૧૪૬ મણિ નામના દ્વારનો વિચાર** કોઈક પ્રદેશમાં એક મણિધર સર્પ એક વૃક્ષથી બીજા વૃક્ષ પરચડીને પક્ષીઓના માળાઓમાં જે ઈંડા મૂકેલાં હોય, તેનું ભક્ષણ કરતો હતો. કોઈક વખતે માળામાં આરૂઢ થયેલા ગીધે સર્પને હણી નાખ્યો. તે સંર્પનો મણિ તે માળામાં પડી ગયો. નીચે રહેલા કૂવામાં તે મણિનાં કિરણો પડવાથી પાણીનો રંગ લાલ દેખાવાલાગ્યો.ત્યાર પછી બાળકોએ વૃદ્ધપુરુષને નિવેદનકર્યું, ત્યાર પછી મણિ ત્યાંથી ખસેડી નાખ્યો, એટલે પાણી સ્વાભાવિક રૂપવાળું, હતું તેવું વર્ણ વગરનુ દેખાવા લાગ્યું. સ્વાભાવિક વર્ણવાળું જળ થવાથી મણિનું જ્ઞાન થયું કે, 'આ લાલવર્ણ ઉપાધિથી થયેલો છે, પણ સ્વાભાવિક નથી.' પછી નીતિ પૂર્વક ઉપાયથી તેણે મણિ ગ્રહણ કર્યો. (૧૪૬)

## ચંડકોશિક કથા

૧૪૭- જેમનો મહાયશ સર્વત્ર ફેલાયો છે, એવા ગુણોના સ્થાનરૂપ કોઈ ગચ્છમાં દીક્ષા, ગ્રહણ શિલા, આસેવનશિક્ષાદિમાં સ્થાપનકરેલ ચિત્તવાળા ગીતાર્થ આચાર્ય હતા. તેઓ વિચરતા વિચરતા પુરાણા એવા વસંતપુર નામના નગરમાં પહોંચ્યા. વિકાર-રહિત એવા તેઓ સાધુવર્ગને ઉચિત એવી વસતિમાં રોકાયા. તે ગચ્છમાં એક છઠ્ઠ, અઠ્ઠમ આદિ આકરા તપ કરવામાં તત્પર એવા તપસ્વી સાધુ હતા.કોઈક સમયે પ્રભાતમાં પારણા માટે ભિક્ષાચર્યાએ નીકળ્યા અને ધર્મમાં રંગાયેલા ભક્ત શ્રાવકને ત્યાં ગયા. એક તો તપસ્યાથી કાયા દુર્બલ પડી ગઈ હતી, તે કારણે ઉપયોગ-રહિતપણે પગથી એક દેડકી ચંપાઈ ગઈ અને તત્કાલ મૃત્યુપામી.પાછલ ચાલતા નાના સાધુએ મરેલી દેડકી દેખી કહ્યુંકે, 'આ દેડકી પ્રમાદથી તમારા વડે મૃત્યુપામી છે.'' કંઈક અલ્પ રોષપામેલા તેતપસ્વી સાધુએ કહ્યું કે, 'માર્ગે ચાલતા અનેક લોકોથીતે મૃત્યુપામી હશે-એમાં મારો શો અપરાધ ?' નાના સાધુએ વિચાર્યું કે, 'હજુ પારણું થયું નથી, એટલે ક્ષુધાના ઉદયમાં અત્યારેતેને ખ્યાલ નથી, હવે જાતે સંધ્યા-સમયે આચાર્યસમક્ષ આલોવશે' એમ ધારી મૌન રહ્યો, તે સમયે યાદ કરાવતો નથી, સંધ્યા-સમયે પ્રતિક્રમણના અવસરે બાકીરહેલા અપરાધ-પદોની આલોચના કરતી વખતે ક્ષુલ્લક સાધુએ પેલા તપસ્વી સાધુને આલોચના કરીને ઊભા થયા ત્યારે યાદ દેવરાવ્યું કે, 'પેલી દેડકી જે પ્રમાદથી છુંદાઈ ગઈ હતી, તે અપરાધ કેમ ભૂલી જાવ છો ?' તે વખતે તેણે ખૂબ ક્રોધે ભરાઈ વિચાર્યું કે, આમ બોલનારા આ સાધુને મારું' એમ વિચારી તેનો વધ કરવા એકદમ દોડયા. વચમાં અતિ કઠિણ થાંભલાનો ખૂણો માથામાં સજ્જડ વાગ્યો. અશુભધ્યાનની પ્રધાનતા વાળા, વિરાધિત વ્રતવાળા તે મૃત્યુ પામી જ્યોતિષ્ દેવલોકમાં ઉત્પન્ન થયા અને ત્યાંથી ચ્યવીને કનકખલ નામના પ્રદેશમાં ૫૦૦ તપાસોના કુલપતિના પુત્ર તરીકે ઉત્પન થયા.તાપસીની કુક્ષિથી ક્રમે કરી તેનો જન્મ થયો. અતિક્રોધી સ્વભાવને કારણે પહેલા એકલું કૌશિક નામ સ્થાપન કર્યું હતું, વળી ત્યાં કૌશિક નામના બીજા પણ તાપસો હતા,તેથી તાપસોએ

'ચંડકૌશિક' એવું બીજું નામ પાડ્યું. કાલ-ક્રમે કરી તે પણ કુલપતિના પદને પામ્યા. વનખંડમાં તેને ઘણી મૂર્ચ્છા હતી, જેથી તે બીજા તાપસોને પુષ્પ, ફલ તોડવા દેતા ન હતા, તે તાપસોને પુષ્પ, ફળાદિ ન મળવાથી બીજી દિશાઓમાં ચાલ્યાગયા. વળી જે ગોવાળિયા વગેરે ત્યાં આવતાહતા,તેમને પણ હણવા માટેદૂર દૂર સુધી પાછલ પડી તગડી મૂકતો કે, ફરી બીજી વખત આ તરફ આવવા પ્રેરાય નહિં.

નજીકના પ્રદેશમાં શ્વેતાંબિકા નામની નગરીના રાજપુત્રોએ તેની ગેરહાજરીમાં આવીને આખો બગીચો વેરવિખેર કરી નાખ્યો. તે વખતે પોતે બગીચા ફરતી કાંટાની વાડ કરવા માટે કાંટાના વનમાં ગયો હતો. તેની પાડોશમાં રહેતા કેટલાક ગોવાળોએ બગીચો તોડી નાખ્યા - તે વૃત્તાન્ત જણાવ્યો. એટલે તેકાર્ય છોડીને ક્રોધે ભરાયેલોધમધમતો હાથમાં કુહાડો લઈને કુમારો તરફ દોડ્યો. યમના સમાન આકારવાળા તેને દેખીને સંતુષ્ટ માનસવાળા તેકુમારો અતિવેગથી પલાયન થઈ ગયા. હાથમા કુહાડાવાળો જોય.ા વગર દોડતાં દોડતાં પોતાનું ભાન ગૂમાવવાં ખાડામાં પડ્યો. કુહાડો આડો પડ્યો, તેની ઉપર જોરથી મસ્તક પડ્યું અને તેના માથાના બે ભાગ થઈ ગયા તે મરીને તે જ વનમાં દષ્ટિવિષ જાતિનો ભયંકર સર્પ થયો. હજુપણ લોભસંજ્ઞાથી અને રોષથી તે વૃક્ષોનું વારંવાર રક્ષણ કરતો હતો. જે કોઈપણ તાપસો ત્યાં આવતા હતા, તેઓને સર્પ બાળીને ભસ્મ કરતો હતો. જે વળીબીજા કોઈ પ્રકારે બચી ગયા. તેઓ દૂર ચાલ્યા ગયા. તે સર્પ ત્રણે સંધ્યા-સમયે વનમાં પ્રદક્ષિણા આપતો હતો અને કદાચ કોઈ ઉડતાંપક્ષી આવે તો પણ દષ્ટિ ફેંકીને વિષાગ્નિથી ક્ષણવારમાં બાળી મૂકતો હતો.

ભગવાન મહાવીર શ્રમણપણું પામ્યા પછીબીજા વરસે ઉત્તરાચલનામના પ્રદેશમાં કનકખલ વનમાં પધાર્યા. (૨૫) જગતના સર્વજીવો વિષયક કરુણામાં તત્પર માનસવાળામહાભાગ્યશાળી મહાવીર તે સર્પને પ્રતિબોધ કરવા માટે યક્ષમંદિરમાં કાઉસ્સગ્ગ-પ્રતિમા ધારણકરીને રહ્યા. અતિ આસુરીભાવને સજ્જડ ધારણકરતો તે સર્પ ભગવાનને દેખીને 'શું અહીં રહેલા મને હજુ તું જાણતો નથી ?' એમ વિચારી સૂર્ય સામે નજર કરી સ્વામીને દેખ્યા, છતાં બળેલા ન જોયા એમ ત્રણ વખત સૂર્ય સામે દષ્ટિ કરી ભગવંત ઉપર ફેંકી છતાં ભગવંતને તેની દષ્ટિની અસર ન થઈ, એટલે વધારે ક્રોધ ભરાયો અને તેમની પાસે જઈને તેમના શરીરના અંગનું મજબૂત તીક્ષ્ણ દાઢાના વિષભરેલા ડંખ મારીને ભક્ષણ કરવા લાગ્યો. 'રખે મૃત્યુ પામી મારા ઉપર પડી મને છૂંદી ન નાખે' - તેમ ધારી પાછો હઠીને આઘો ઉભો રહેતો હતો એમ ત્રણ વખત ભગવંતને ડંખ માર્યો, પરંતુ ભગવંત લગાર પણ વિનાશ ન પામ્યા. એટલે તીવ્ર ક્રોધાધીન બની જિનેશ્વરનું રૂપ જોવા લાગ્યો. જગદ્ગુરુ જગદ્બંધુનુ અમૃતમય શરીર હોવાથી તેમના રૂપને જોતા જોતાં સર્પની આંખો જે ઝેરવાળી હતી,તે તે સમયે આંખમાંનો વિષાગ્નિ એકદમ ઓલવાઈગયો. ભગવંતે સર્પને કહ્યુ "હે ચંડકૌશિક ! ક્રોધ ત્યાગ કરીને શાન્ત થા, આવો ક્રોધભાવ રાખવો યોગ્ય નથી." આ સાંભળીઇહા-અપોહ-વિચાર કરતાં કરતાં તે સર્પને જાતિસ્મરણ જ્ઞાન પ્રગટ થયું ત્યાર પછી ભગવંતને ત્રણ પ્રદક્ષિણા આપી તીવ્ર સંવેગ પામેલા તેણે ભોજનનો સર્વથા જીંદગી સુધી ત્યાગ કર્યો. ભગવંતે જાણ્યું કે, 'આણે અનશન અંગીકાર કરી સમતા પ્રાપ્ત કરી છે.' તે દરના ઉંડાણમાં પોતાનું

મુખ રાખી ત્યાં રહેલો છે. 'જો કદાચ રોષાયમાન થાઉં, તો લોકોને મારનારો ન થાઉં' - એમ વિચારી તેણે મુખ બહાર ન રાખ્યું.

આ અનશન કરેલા સર્પની અનુકંપાથી સ્વામી પણ ત્યાં રોકાયા. એટલા માટે કે, તેને દેખીને કોઈ તેને મારવા માટે પ્રયત્ન ન કરે.હજુ કોઈ ગોવાળીઆ પણ પાસે આવતા નથી. બે ઝાડની વચ્ચેસંતાઈને કેટલાક ગોવાળો પાષાણથી તેને મારે છે, તો પણ તે તલના ફોતરા જેટલો પણ ચલાયમાન થતો નથી. કાષ્ટો ઠોકીને ખસેડે છે, તો પણ બિલકુલ ચલાયમાન થતો નથી. ત્યારે તે ગોવાળિયાઓએ લોકોનાં મનને આશ્ચર્ય કરનાર સમગ્ર વૃત્તાન્ત નજીકના ગામ, નગર વગેરેના લોકોને જણાવ્યો. સર્પ તરફના ભયનો ત્યાગ કરીને એક સરખો લોકોનો પ્રવાહ દર્શન કરવા ઉલટ્યો અને ભગવંતને વંદન કરી ચંદન, પુષ્પ અક્ષત, ધૂપ વગેરેથી તેની પૂજા કરવા લાગ્યા. તે માર્ગે આવનારી દૂધ વેચનારી ગોવાલણો તેના ઉપર ઘી, માખણ વગેરે છાંટે છે. એટલે ઘીની ગંધથી ખેંચાઈ આવેલી કીડીઓ તેને ચટકા ભરે છે. આરપાર નીકળી ચાલણી સરખું શરીર કરે છે, તેનીપીડા સહન કરતો, પોતાના કર્મની પરિણતિના ફલને વિચારતો, બીજા જીવો ઉપર ક્રોધ ન કરતો સમભાવમા રહેલો તે સર્પ પંદર દિવસ તે સ્થિતિમાં રહ્યો. ત્યાર પછી કાલ પામીને આઠમા દેવ લોક વિષે પ્રગટ તિર્ચ્છી કાંતિનાં કિરણો વડે આકાશને મેઘધનુષ સમાન રંગવાળુ કરતો, અતિશય ઋદ્ધિથી અલંકૃત મહર્દ્ધિક દેવ થયો. જે તેણે અનશન કર્યું, તથા કીડીઓના ચટકા વગેરે પીડા સહન કરી અને શ્રેષ્ઠ દેવલોક સ્થાન મેળવ્યું. તે તેની પારિણામિકી બુદ્ધિ સમજવી. (૪૨)

**ગાથા અક્ષરાર્થ** - સર્પ દ્વારમાં ચંડકૌશિક નામનો સર્પ, તેણે વીર પ્રભુને જોતાં ઝેરી દૃષ્ટિ ફેંકી તથા ભગવંતને ત્રણ વખત ડંખ આપ્યા, છતાં પણ ભગવંત મૃત્યુ ન પામ્યા. પોતાના ઉપર ભગવાન પડવાના ભયથી પોતાના સ્થાનથી દૂર ચાલ્યો ગયો. દાઢાનું ઝેર ભગવંત પર નાખ્યા પછી ત્રણ ત્રણ વખત સજ્જડ ક્રોધ કરીને ભગવાનના દેહને અવલોકન કરવા લાગ્યો,ત્યારે તેની દૃષ્ટિનું ઝેર નીકળી ગયું અને બોધિ ઉત્પન્ન થવા સાથે જાતિસ્મરણ, સમ્યક્ત્વ તથા સમાધિમરણ લક્ષણવાળી યથાર્થ આરાધના પ્રાપ્ત થઈ. (૧૪૭)

## શ્રાવકપુત્રમાં થી વિચિત્ર ગેંડો

**૧૪૮-ગેંડા નામના પશુવિશેષ દ્વારના વિચારમાં** કોઈક શ્રાવકપુત્ર યૌવનવયમાં દ્યૂતાદિના વ્યસનવાળો થવાથી સર્વથા ધર્મથી તેનું તન તદ્દન બહાર ભટકતું હતું. મૃત્યુ પામી, તે મોટી અટવીમાં ગેંડો પશુ થયો. તે સર્વ બાજુથી પૂંઠના બંને પડખામા બખ્તરના આકારવાળું લટકતું ચામડું હોય તેવો અને તેને મસ્તક પ્રદેશમાં એક શીંગડું ઉગેલું હોય છે, ભેંશના આકારવાળોહોય છે. ગાઢ અંધકાર સમાન કાળો હોવાથી માર્ગમાં મુસાફર લોકોને હણવા લાગ્યો. કોઈક વખત કોઈક સાધુઓને વિહાર કરતા દેખ્યા. તેને મારવા માટે નજીક આવતો હતો, પરંતુ અતિ તીવ્ર તપના ઢગલા સ્વરૂપ મુનિ હોવાથી સાધુઓનો જે અવગ્રહ અર્થાત્ સાધુ જે સ્થાનમાં રહેલા હતા, તે પ્રદેશમાં તે પ્રવેશ કરવા સમર્થ ન થયો. વિચાર કરવા લાગ્યો, એટલે જાતિસ્મરણ જ્ઞાન થયું, સમ્યક્ત્વ-લાભ થયો, તે તરત જ અનશન કરી કાલ

પામી દેવલોકેગયો. (૧૪૮)

**૧૪૯-સ્તૂપેન્દ્ર નામના દ્વારમાં કૂલવાલકમુનિની કથા** આ પ્રમાણે જાણવી-ચરણાદિક ગુણરૂપી રત્નો આપનાર રોહણ પર્વત સરખા, ઉત્તમ સંઘયણવાળા, મોહમલ્લને જિતનાર, મહાપ્રભાવશાળી અને કોઈથી પરાભવ ન પામનાર, ઘણા શિષ્યોના પરિવારવાળા સંગમસિંહ નામના આચાર્ય હતા. તેમના શિષ્યો પૈકી એક લગાર ઉચ્છૃંખલ સ્વભાવનો હતો. દુષ્કર તપ કરનાર હોવા છતાં સ્વચ્છંદમતિ અને ઈચ્છાનુસાર વર્તન કરતો હોવાથી આજ્ઞાનુ સારી ચારિત્ર-પાલન કરતો ન હતો. આચાર્ય મહારાજ તેને શિખામણ આપતાં કહે છે કે - 'હે અવળચંડા શિષ્ય ! આ પ્રમાણે સૂત્ર વિરુદ્ધ નિષ્ફલ કષ્ટકારી દુચેષ્ટા કરી અમને ખોટો સંતાપ પમાડે છે. ભગવંતની આજ્ઞાનુસાર જે હોય, તે જ ચારિત્ર છે. આજ્ઞાભંગ થયા પછી શું ભાંગવાનું બાકી રહે છે ? આજ્ઞાનો ભંગ કરનાર બાકીનું કોની આજ્ઞાથી કરે છે ?' આ પ્રમાણે ગુરુ હિત-શિખામણ આપતા હતા, એટલે ગુરુના ઉપર તે ઘોર વૈરભાવ વહન કરતોહતો. હવે કોઈક સમયે ગુરુ મહારાજ તે એકલા જ શિષ્યની સાથે એક મોટા પર્વત ઉપર સિદ્ધશિલાના વંદન માટે આરૂઢ થયા. લાંબા કાળ સુધી દેવવંદનાદિક કરીને ધીમે ધીમે નીચે ઉતરવાનું શરૂ કર્યું. હવે દુર્વિનીત એવા તેણે વિચાર્યું કે, 'નક્કી આજનો આ સમય બરાબર યોગ્ય છે, તો દુર્વચનના ભંડાર એવા આ આચાર્યને આજે હુ હણી નાખું. આવું એકલદોકલપણું અને સહાય વગર ને એકલા છે-આવા પ્રસંગની ઉપેક્ષા કરીશ, તો આખી જિંદગી સુધી ખરાબ વચન સંભળાવીને મને તિરસ્કારશે.' એમ વિચારી પાછળથી એક મોટી શિલા ગબડાવી. કોઈ પ્રકારે સૂરિ શિલાથી છંદાઈને મરી જાય, પરંતુ આવતી શિલાગુરુના જોવામાં આવી, એટલે તરત ખસી જઈને તેને કહ્યું કે, "અરેમહાદુરાચારી ! ગુરુનો દ્રોહ કરવા જેવું બીજું કોઈ પાપ નથી, એવું અકાર્ય આચરવા તું કેમ તૈયાર થયો ? તને આ લોકસ્થિતિની ખબર છે કે નહિ ? કે ઉપકાર કરનાર ઉપર પણ તું જે વધબુદ્ધિ કરે છે ? કદાચ તું સમગ્ર ત્રણ લોકનો માલિક થાય અને ઉપકારીને દાન આપી દે, તો પણ અલ્પ છે. ઘાસનો ભારો મસ્તક થી નીચે ઉતરાવે તો પણ તે ઉપકાર માને છે. તને તો લાંબાકાળથી અત્યાર સુધી સાચવ્યો -પાળ્યો, તારી બરદાસ કરી, તો પણ તું કૃતઘ્ન બની વધ કરવા તૈયાર થયો !" અથવા તો કુપાત્ર સંગ્રહ કરવાની બુદ્ધિના કારણે આવી બુદ્ધિ તને નક્કી સૂઝી છે. કદાપિ ઉગ્ર વિષ ધારણ કરનારની સાથે મૈત્રી થતી નથી. આ પ્રમાણે અત્યાર સુધી જે કંઈ પણ સુકૃત કર્યું હશે, તેને મૂળમાંથી ઉખેડી નાખનાર, એવું મહાપાપ કરનાર, સર્વત્ર ધર્મપાલન માટે તદ્દન અયોગ્ય એવા હે પાપી ! તારું પતન સ્ત્રી દ્વારા થશે અને તું આ સાધુપણાનો ત્યાગ કરીશ' એમ કહીને આચાર્ય મહારાજ જેવા ગયા હતા,તેવા પાછા સ્થાને આવી ગયા. હવે તે અવિનીત પાપી શિષ્ય પણ વિચારવા લાગ્યોકે, 'હું તે પ્રકારે કરીશ કે,જેથી આ સૂરિનું વચન અસત્ય થાય.' એમ ચિંતવી તે કુશિષ્ય અરણ્યભૂમિમાં ગયો. જ્યાં લોકોની અવરજવર નથી- એવા એક તાપસના આશ્રમમાં રહ્યો અને નદીના કાંઠે ઉગ્રતપ કરવાનું આરંભ્યું. વર્ષાકાળ આવી પહોંચ્યો, એટલે તેના તપથી તુષ્ટ થયેલી ત્યાંની કોઈ વનદેવતાએ 'રખે નદીના પૂરના જળથી આ તપસ્વી તણાઈ જાય' એટલે તેણે નદીનો પ્રવાહ બદલાવી નાખ્યો અને બે કાંઠા એકઠા થયેલી નદીને દેખીને તે દેશના લોકોએ ગુણવાળું એવું 'કુલવાલક' નામ પાડ્યું. તે

માર્ગેથી જતા-આવતા સાર્થ અને મુસાફરો પાસેથી મળતી ભિક્ષાથી જીવનનિર્વાહ ચલાવતો હતો. હવે લિંગ સાધુવેષનો ત્યાગકેવી રીતેકર્યો, તે કહું છું - —

## કોણિક - ચેટકનું યુદ્ધ

ચંપા નગરીમાં, જેમણે પોતાના પરાક્રમથી શત્રુઓને દાબી દીધા છે, એવો શ્રેણિકરાજાનો પુત્ર અશોકચંદ્ર નામનોરાજાહતો, જેનું બીજું નામ કોણિક તરીકે પ્રસિદ્ધિ પામ્યુંહતું. હલ્લ, વિહલ્લ નામના તેના બે નાના ભાઈઓ હતા.તેને શ્રેણિક રાજાએ સિંચાણો હાથી અને દેવતાઈ હાર તેમ જ દીક્ષા લેતી વખતે અભયકુમારે દેવતાઈ વસ્ત્ર અને કુંડલ-યુગલ જે માતા તરફથી અભયને મળેલ, તે પણ તેમને જ આપ્યા. હવે તે દિવ્ય વસ્ત્ર,હાર, કુંડલ-યુગલથી અલંકૃત બની જ્યારે તે દિવ્ય હાથી ઉપર પોતાની પત્ની સહિત આરૂઢ થવા હતા અને ચંપા નગરીના ત્રણ માર્ગો, ચાર માર્ગો ઉપર દોગુંદક દેવતાની માફકક્રીડા કરતા હતા. એટલે તેમને દેખીને અશોકચંદ્રની પદ્માવતીરાણીએ ઈર્ષ્યાપૂર્વક પતિને કહ્યું કે, 'હે દેવ ! જો પરમાર્થથી વિચારીએ તો આ રાજલક્ષ્મીથી તમારા નાનાભાઈઓ જ અલંકૃત થઈ હાથીની ખાંધ ઉપર આરૂઢ થઈ ક્રીડા કરે છે. તમને માત્ર રાજ્યની મહેનત સિવાય બીજું કાંઈ રાજ્યફલ મળતું નથી. માટે તમે એમની પાસે હાથી વગેરે રત્નોની પ્રાર્થના કરો.' રાજાએ કહ્યું કે, 'હે મૃગાક્ષી ! પિતાજીએ જાતે જ તેમને આપેલા છે, નાનાભાઈઓ પાસે માગતાં મને શરમ ન આવે ?' રાણીએ કહ્યું કે, 'હે નાથ ! આમાં લજ્જા પામવાનું કોઈ કારણ નથી. તેમને ઈચ્છાધિક વધારેરાજ્ય આપીને હાથી વગેરે લેવામાં કોઈ વાંધો નથી.' આ પ્રમાણે વારંવાર તેનાથી ઠપકારાતા રાજાએ એક વખત સમય મળ્યો ત્યારે, હલ્લ-વિહલ્લને સમજાવીને શાંતિથી કહ્યું કે, 'અરે ભાઈ ! હું તમોને વધારે પ્રમાણમાં શ્રેષ્ઠ હાથી, ઘોડા, રત્નો, દેશો આપું, તો તમો આ હસ્તિરત્ન અને દિવ્ય અલંકારો મને આપો.' 'વિચાર કરીને આપીશું'-એમ કહીને તેઓ પોતાના સ્થાને ગયા. હવે 'મોટાભાઈ બલાત્કારથી ઝુંટવી લેશે' એમ ધારી રાત્રિના સમયે હાથી ઉપર બેસીને લોકો ન જાણે તેવી રીતે નગરીમાંથી નીકળીને તેઓ વૈશાલી નગરીમા ચેટક રાજાનો આશ્રય લીધો. આ વાત અશોકચંદ્રે જાણી એટલે વિનયપૂર્વક દૂત સાથે કહેવરાવ્યું કે, 'હલ્લ-વિહલ્લને જલ્દી પાછા મોકલી આપો.' ચેટકરાજાને આ સંદેશો જણાવ્યો. ચેટકે પ્રત્યુત્તરમાં જણાવ્યું કે, 'હું બલાત્કારથી પાછા કેવી રીતે મોકલી શકું ? તું પોતે તેને સમજાવીને ઉચિત રીતિ અજમાવ. તેઓ અને તું એમ તમે સર્વે મારા સમાન પુત્રીના પુત્રો છો. મને તો તમારામાં કંઈ પણ વિશેષતા નથી. ઘરે આવેલાને બલાત્કારથી મારાથી વિદાય ન કરી શકાય.' આ સાંભળીને રોષાયમાન થયેલા તેણે ફરીથી ચેટકરાજાને કહેવરાવ્યું કે, 'કાં તો કુમારોને મોકલી આપો. અથવા યુદ્ધ માટે જલ્દી સજ્જ થાઓ' ચેટકરાજાઓ યુદ્ધની વાત સ્વીકારી, એટલે અશોકચંદ્રે અનેક સામગ્રીઓ એકઠી કરી, યુદ્ધ માટે એકદમ વૈશાલી નગરીએ પહોંચ્યો સામસામા યુદ્ધ ટકરાયા. તેમાં ચેટક મહારાજાએ અશોકચંદ્રના કાલ વગેરે દસ ઓરમાન ભાઈઓનેરોજ અમોઘ એક બાણ ફેંકીને દશ દિવસમાં મારી નાખ્યા. ચેટકરાજાને એક દિવસમાં એક જ બાણ ફેંકવાનો નિયમ હતો. (૪૦)

અગિયારમા દિવસેભયભીતબનેલા અશોકચંદ્રે (કોણિકે) વિચાર્યું કે, 'હવે જો હું યુદ્ધ

કરીશ, તો વિનાશ પામીશ. હવે મારે જ્જુમવું યોગ્ય નથી-એમ કરીને જલ્દી રણાંગણમાંથી ખસી ગયો. હવે દેવતાના સાનિધ્યની અભિલાષાથી તેણે અઠ્ઠમ ભક્તનો તપ કર્યો. પૂર્વના સ્નેહવાળા સૌધર્મઈન્દ્ર તથા ચમરેન્દ્રનું તેણે સ્મરણ કર્યું, એટલે તેઓ તેની પાસેહાજર થયા અને કહેવા લાગ્યા કે, 'અરે હે દેવાનુપ્રિય ! બોલ, તારું શું ઇચ્છિત પ્રિય કાર્ય કરીએ ?' રાજાએ કહ્યું કે, 'મારા વૈરી ચેટકરાજાને મારી નાખો.' ઈન્દ્રે કહ્યું કે,'તે ઉત્તમ સમ્યક્ત્વી આત્મા હોવાથી તેને અમે મારી શકીએ નહિં. જો તું કહે તો યુદ્ધ કરતી વખતે સાંનિધ્યકરીતારું રક્ષણ કરીએ' 'એમ પણ થાવ' એમ કહીને અશોકચંદ્ર રાજા ચેટકરાજા સાથે યુદ્ધ કરવાલાગ્યો. ઈન્દ્ર મહારાજા અને ચમરેન્દ્રની સફળ સહાયથી પરાક્રમી બનેલા અશોકચંદ્રે શત્રુપક્ષનો મોટો સંહાર કર્યો. અને જેટલામાં ચેટકરાજા પાસે પહોંચ્યો, ત્યારે ચેટકરાજાએ યમ રાજાના દૂત સરખું કાન સુધી ખેંચેલ એવું એક બાણ તેના તરફ ફેંક્યું, તે કોણિક રાજાની વચ્ચે ચમરેન્દ્રે સ્ફટિક શિલાના બનાવેલ બખ્તરથી સ્ખલના પામ્યું. તેદેખીને એકદમ વિસ્મય પામેલા ચેટકરાજા વિચારવા લાગ્યા કે, 'આ અમોઘશસ્ત્ર પણ સ્ખલના પામ્યું અને મારું એક બાણ નિષ્ફળ નીવડ્યું, એટલે હવે મારે યુદ્ધ કરવું યુક્ત નથી.' એમ વિચારી વેગથી નગરમાં પ્રવેશ કર્યો. (૫૦)

વળી અસુરેન્દ્ર ચમર અને સૌધર્મઈન્દ્રે નિર્માણ કરેલ રથમુશલ અને શિલાકંટક નામના યુદ્ધ વડે ચતુરંગ સૈન્ય પણ વિનાશ પામ્યું. ચેટકરાજાની વૈશાલી નગરીને ઘેરો ઘાલી અશોકચંદ્ર લાંબા કાળ સુધી ત્યાં રોકાયો, પરંતુ ઉંચા કિલ્લાયુક્ત તે નગરી કોઈ પ્રકારે ભાંગી શકાતી નથી. એક પ્રસ્તાવમાં જ્યારે અશોકચંદ્ર રાજા તેને ભાંગી શકતો નથી અને જ્યારે પાછો પડાવમાં આવી રહેલો હતો, ત્યારે દેવતાઓ આ પ્રમાણે તેને સંભળાવ્યું કે, "જો કોઈ પ્રકારે કૂલવાલક મુનિને માગધિકા ગણિકા પ્રાપ્ત કરે અને અહિં લાવે તો વૈશાલી નગરી સ્વાધીન કરી શકાય." સાંભળી તે હર્ષથી વિકસિત વદનવાળો થયો. જાણે કાનપુટ વડે અમૃતપાન કર્યું હોય, તેમ આ વચન સાંભળીને રાજા લોકોને પૂછવા લાગ્યા કે, 'તે કયો શ્રમણ છે ?' હવે કોઈ પ્રકારે લોકમુખથી નદી કાંઠે રહેલા તેને જાણીને ગણિકા સ્ત્રીઓમાં પ્રધાન એવી માગધિકાને રાજાએ બોલાવી. તેનેકહ્યું કે, 'હે ભદ્રે ! તે કૂલવાલક સાધુને અહીં લઈ આવ.' વિનયવંતી એવી તેણે 'તે કાર્ય હું કરીશ' એમ કબૂલાત આપી.ત્યાર પછી પોતે કપટશ્રાવિકા બની. કેટલાક સથવારા સહિત તે સ્થાને પહોંચી. વિનયપૂર્વક તે સાધુને વંદન કરી કહેવા લાગી કે, 'ગૃહનાથ સ્વર્ગે સીધાવ્યા એટલે જિનેન્દ્રોના ભવનની યાત્રા કરવા માટે નીકળી છું. અહિં તમો છો-એમ સાંભળીને આપને વંદન કરવા માટે આવેલી છું. તો આજનો મારો સોનેરી દિવસ છે. પ્રશસ્ત તીર્થ સ્વરૂપ આપનાં મને દર્શન થયાં, તો 'હે મુનિપ્રવર ! હવે ભિક્ષા ગ્રહણ કરવાની અમારા પર કૃપા કરો.' કારણ કે, તમારા સરખા તપસ્વીના ઉત્તમ પાત્રમાં અલ્પ પણ સ્થાપેલું દાન અલ્પ કાળમાં સ્વર્ગ અને અપવર્ગના સુખનું કારણ થાય છે. તે પ્રમાણે કહેવાયેલ આ કૂલવાલક ભિક્ષા માટે આવ્યો, એટલે માગધિકાએ ખરાબ પદાર્થો ભેળવેલા લાડવા વહોરાવ્યા. તેનું ભોજન કર્યા પછી તરત જ તેને સજ્જડ અતિસાર રોગ ઉત્પન્ન થયો. તેથી કરીને નિર્બલ બની ગયો અને પડખું ફરવા માટે પણ અસમર્થ થઈ ગયો. ગણિકાએ કહ્યું કે, હે ભગવંત ! હું આપની કૃપાથી શાસ્ત્રમા જણાવેલા ઉત્સર્ગ અપવાદને

જાણનારી છું.' એક તો આપગુરુ મહારાજ છો, સાધર્મિક બંધુ છો, તો આપના રોગનો પ્રતિકાર આપને કલ્પે તેવા ફાસુક-અચિત દ્રવ્યોથી કરું.' આ પ્રમાણે રોગના ઔષધ કરવાનાં કયો અસંયમ થવાનો છે ? તો મને વૈયાવચ્ચ કરવાની આજ્ઞા આપો.શરીર જ્યારે નિરોગી થાય, ત્યારે આ વિષયમાં લાગેલા દોષોનું પ્રાયશ્ચિત કરી લેજો. કોઈ પ્રકારે આત્માનું રક્ષણ કરવું. તે માટે કહેલું છે કે, "સર્વ પ્રકારે સંયમનું રક્ષણ કરવું,સંયમની પણ આત્માને જ રક્ષવો, જો આત્મા રક્ષાયેલો હશે, તો જે કોઈ અતિચાર લાગેલો હશે, તેની ફરી વિશુદ્ધિ બની શકશે અને અવિરતિ નહીં પામે.' આ પ્રમાણે સિદ્ધાંતાનુસાર અભિપ્રાય વચનો સાંભળીને વેયાવચ્ચ કરવાની માગધિકાને રજા આપી. તો શરીર સાફ કરવું, તેલ-માલીશકરવું ધોવું, બેસાડવા,સૂવરાવવા વગેરે તેની સર્વ ક્રિયાઓ સામે બેસીને કરવા લાગી એમ તુષ્ટ થયેલી તે ગણિકા દરરોજ તેના શરીરની સાર-સંભાળ કરવા લાગી. કેટલાક દિવસો વીત્યા પછી ઔષધ -યોગથી તેનું શરીર નિરોગી થઈ ગયું.

હવે તે તપસ્વીને એક દિવસ શ્રેષ્ઠ ઉદ્ભટ શૃંગારરસ ઉત્પન્ન કરનાર વસ્ત્રાભૂષણથી અલંકૃત અંગવાળી બની વિકાર-સહિત તેને એમ કહેવા લાગી કે - 'હે પ્રાણનાથ ! ગાઢ અતિશય મમતાથી મનોહર મારું વચન સાંભળો' - 'સુખના રાશિના નિધાનભૂત મારી સાથે ભોગ ભોગવો અને દુષ્કર આ તપો-વિધાનનો ત્યાગ કરો. શરીર શોષવનાર એવાં આ વૈરી સરખાં વિધાનો હંમેશાં કરવાથી શો લાભ ? તમને અહિં મેળવવા લાયકતપનું ફળ તો મળી જ ગયું છે કે, 'બટમોગરાની કળી સરખી દંતપંક્તિવાળી હું આપને સ્વાધીન છું. બીજું અનેક દુષ્ટ શ્વાપદોના સમૂહથી દુર્ગમ એવા જંગલમાં આપ આશ્રયકરીને રહેલા છો, માટે અમારી સાથે ચાલો, જેથી આપણે રતિ સરખા સુંદર રૂપવાળા અને હરણ સરખા નેત્રવાળા સુંદર મનોહર નગરમાંજઈએ.ખરેખર તમે અજ્ઞાની ધૂર્તોના સમુદાયથી લોચ કરાવેલા મસ્તકવાળા અહિં નિવાસ કરી રહો છો, તેમ તમે ઠગાયેલા જણાવ છો. તમે મારા ભવને આવીને મારી સાથે વિલાસક્રીડા નહિં કરો ? હવે તો હે નાથ ! તમારા થોડા વિરહમાં પણ મારા પ્રાણ નીકળી જાય છે, તો મારી સાથે ચાલો અને દૂર દેશાવરમાં રહેલાં તીર્થોને વંદીએ એમકરવાથી તમારા અને મારા કરેલાં સમગ્ર પાપકર્મો ક્ષય પામશે. પાંચ પ્રકારના ઈન્દ્રિયના વિષયો આપણે સાથે ભોગવીએ, તો જ આપણું જીવ્યું પ્રમાણ.' આ પ્રમાણે વિકારવાળી મનોહર વાણીથી તેને પ્રાર્થના કરી, એટલે તે ક્ષોભ પામ્યો અને ધર્મની મક્કમતાનો ત્યાગ કર્યો, પ્રવ્રજ્યા છોડી. અત્યંત હર્ષ પામેલા મનવાળી તે ગણિકા કૂલવાલકને સાથે લઈને અશોકચંદ્ર રાજા પાસે આવી પગમાં પડીને વિનંતિ કરવા લાગી કે, 'હે દેવ ! આ તે જ કૂલવાલક મુનિ અને મારા પ્રાણનાથ. તેમના દ્વારા અત્યારે જે કરવાનુ હોય, તેની આજ્ઞા આપો.' (૮૦) રાજાએ કહ્યું કે, 'હે ભદ્રક ! તેવા પ્રકારનો કોઈ ઉપાય કરો કે, જેથી આ નગરી ભગ્ન થાય.' તે વચન અંગીકાર કરીને તેણેત્રિદંડીનો વેષ ગ્રહણ કરીને નગરમાં પ્રવેશ કર્યો. નગરીની મધ્યમાં મુનિસુવ્રત ભગવંતનો સ્તૂપ દેખીને વિચાર્યું કે, 'નક્કી આના પ્રભાવથી નગરી ભગ્ન થતી નથી. હવે તેવો ઉપાય કરું કે, 'આ નગરના જ રહેવાસી લોકો તે સ્તૂપને ઉખેડી દૂરકરે.' એમ વિચારીને 'અરે લોકો ! જો આ સ્તૂપ તમે જલ્દી ખસેડી નાખશો, તો જ

શત્રુસૈન્ય સ્વેદશમાં પાછું જશે, નહિંતર તમારા જીવતાં સુધી આ સૈન્યનો ઘેરાવો ખસવાનો નથી.' રાજાને પ્રથમથી સંકેત કરી રાખેલો કે, 'જ્યારે સ્તૂપ ખોદી દૂર કરાય, ત્યારે તમારે પોતાનું સર્વ સૈન્ય સાથે લઈ દૂર પાછા હઠી જવું.' હવે લોકોએ કહ્યું કે, 'તેમ થવાની ખાત્રી કઈ ? તેણે કહ્યું કે, 'સ્તૂપ ખોદશો-દૂર કરશો તો શત્રુસૈન્ય સ્વદેશ તરફ ચાલવા માંડશે.' આવી ખાત્રી આપી, એટલે નગરલોકોએ સ્તૂપના શિખરના અગ્રભાગને દૂર કરવાનું કાર્ય આરંભ્યું. જ્યારે શિખર ખોદી ખસેડવામાં આવ્યું, એટલે જતાં શત્રુ -સૈન્યને દેખીને લોકોને વિશ્વાસ ઉત્પન્ન થયો-એટલે આખો સ્તૂપ દૂર કર્યા. ત્યાર પછી રાજાપાછો ફરીને આવ્યો અને નગરીના લોકોને વિડંબના પમાડવા લાગ્યો. જિનપ્રતિમા લઈને ચેટકરાજા કૂવામાં પડ્યા. આ કૂલવાલક મુનિની દુર્ગતિગમન કરાવનારી પારિણામિકી બુદ્ધિ કે, જે સ્તૂપ પાડવાના બાનાથી આવી મનોહર નગરીનો વિનાશ કરાવ્યો ! (૯૦)

**ગાથા અક્ષરાર્થ-** મુનિસુવ્રતસ્વામી સંબંધી સ્તૂપ. બીજા સ્તૂપોની અપેક્ષાએ પ્રધાન સ્તૂપ. એક જ ઉદાહરણ, નહિં કે બે કુલવાલક નામનો દ્રોહી શિષ્ય, ગુરુમહારાજના આક્રોશ-શ્રાપ મળવાથી તાપસાશ્રમમાં ગયો. માગધિકા વેશ્યાએ લાડુ ખવરાવી બિમાર પાડ્યો. તેની ચાકરી કરતાં કરતાં તેના પ્રત્યે કામરાગ પ્રગટાવીને તેને સ્વાધીન કર્યો. ક્રમે કરી વૈશાલી નગરીનો તેના દ્વારા વિનાશ સર્જાવ્યો. (૧૪૯)

૧૫૦-ગાથાના આદિ શબ્દથી સુમતિ નામનો બ્રાહ્મણ પારિણામિકી બુદ્ધિમાં ઉદાહરણ સમજવું. અંધ, તે કેવી રીતે જાણી શકાયો ? સમુદ્રદેવ-સિદ્ધરાજે મંત્રીની શોધ કેવી રીતે કરી ? તેમાં બુદ્ધિશાળી સુમતિ માટે રાજાને કાને વાત આપી. રાજાએ તેને બોલાવ્યો. બોર, અશ્વ અને કન્યાની વિશેષ પરીક્ષા માટે તેને નિયુક્ત કર્યો, નિશ્ચિંત પ્રજ્ઞા હોવાથી રાજાએ ખુશી થઈને માણા-પ્રમાણ લોટ પલ-પ્રમાણ ગોળ, કર્ષક-પ્રમાણ ઘીની આજીવિકા પ્રથમ બાંધી આપી. બીજી વખત બમણી, ત્રીજી વખત ચારગુણી આજીવિકા બાંધી આપી. તાત્પર્ય પામેલા તેણેરાજાને કહ્યું કે,'હે દેવ ! તમે વણિક્પુત્ર છો.'

## સુમતિની કથા

આ ગાથાની વ્યાખ્યા માટે મંડલ વગેરે નવ ગાથાઓ આગળ કહેશે. આ કથા પછી નવ ગાથાઓ ૧૫૧ થી ૧૫૯ છે.

વસંતપુર નામના નગરમાં વસંતમાસ સરખા જ બાકીનો મહિનાઓ હતા. સમગ્ર બીજા રાજાઓમાં સમુદ્રદેવ નામનો મુખ્ય રાજા હતો. બાલ્યકાલમાં જ જેણે રાજ્ય મેળવેલું છે, એવો તે પુણ્યશાળી અને પરાક્રમી હતો. વળી તે ધર્મનાં ઉચિત સામાયિકાદિક સ્થાનોનું પણ સેવન કરતો હતો. પોતે જાતે જ રાજ્યોનાં કાર્યોની ચિંતા રાખતો હતો. તેથી તેની અંદર સુખ કેમ મળે ? એવી રીતે ચિંતા કરતો મંત્રીની શોધ કરવા લાગ્યો. કહેલું છે કે - 'જેમ મહાવતોથી સારીરીતે કેળવાયેલા હાથીઓ માર્ગમાં સરખી રીતે ગમન કરે છે, તે પ્રમાણે લોકોમાં નિપુણ મંત્રીના બુદ્ધિગુણથી રાજ્યોનાં કાર્યો પણ સુખપૂર્વક ચાલે છે. જેમ અંધકારમાં પડેલી વસ્તુ આંખ હોવા છતાં દેખાતી નથી, તેમ સમસ્ત લક્ષ્મી હોવા છતાં પણ અતિગાઢ અંધકાર-અજ્ઞાન

હોય, ત્યાં રાજાઓ પણ પોતાની લક્ષ્મીને જાણી શકતા નથી. જગતમાં પ્રકાશ સહિત રૂપ યથાર્થપણે આંખ દેખે છે, તેમ મંત્રીરૂપી પ્રકાશયુક્ત રાજા પણ તે જ પ્રમાણે કાર્યોનો સાધક થાય છે. જે રાજા પાસે ચતુર બુદ્ધિશાળી કાર્ય વહન કરનાર મંત્રી નથી, તે રાજાને સારી લક્ષ્મી કે હરિણાક્ષી સ્ત્રીઓ ક્યાંથી હોય ? લોકવાયકાથી સાંભળ્યું કે, અહિં સુમતિ નામનો ઉત્તમ બ્રાહ્મણ છે કે, જેણે પોતાની બુદ્ધિના ગુણે કરીને બૃહસ્પતિને પણ જિતેલો છે, પરંતુ તે નેત્ર વગરનો છે. રાજાએ તેને ગૌરવ-પૂર્વક બોલાવ્યો અને રાજાને વહન કરવા યોગ્ય હાથણીની એક બાજુ તેને બેસાડ્યો તેના ઉપર રાજાઆરૂઢ થયો. ત્યાર પછીરાજાએ કહ્યું કે, 'માર્ગમાં આવતી બોરડી ઉપર ઘણાં પાકેલાં ફળ હશે, માટે તેનું ભક્ષણ કરવા જઈએ,' 'નક્કી તે બોરાં ખાવા લાયક ન ગણાય. કારણ કે, વહેતા ચાલુ માર્ગમાં અનેક પથિકલોક આવે-જાય, એટલે કોઈ પણ તે ખાધેલાં હોય, માટે તેવાં બોરોનું ભક્ષણ કરવું યોગ્ય ન ગણાય.' એમ કહી સુમતિએ રાજાને પ્રતિષેધ કર્યો. તેવા પ્રકારના લોકોને ભક્ષણ કરાવવાના પ્રયોગથી તે જાણી લીધાં હતાં. એટલે ખુશ થયેલા રાજાએ પ્રથમ પ્રસાદરૂપે તેની આજીવિકા માટે માણા-પ્રમાણ લોટ, પલ-પ્રમાણ ગોળ અને કર્ષ-પ્રમાણ ઘી આપવાનું નક્કી કર્યું. તેની બુદ્ધિ સ્થિર છે કે કેમ ? તે જાણવા માટે વળી કોઈ વખત રાત્રિએ અતિ બેડોળ આકારવાળા હઠીલા અધમ અશ્વ પાસે લઈ જઈને તેને પૂછ્યું કે, 'આ વેચાવા આવેલો છે, તો ગ્રહણ કરવો કે નહિં ?' ત્યારે તે સુમતિ બ્રાહ્મણે મુખથી માંડી છેક પુંઠ ભાગ સુધી તેને પંપાળી જોયો અને તેનાં રૂંવાડાં બરછટ લાગ્યાં, એટલે જણાવ્યું કે, 'જેનાં રૂંવાડાં કોમળ હોય, તેજાતિવંત અશ્વ કહેવાય. સાચે જ આ મોટો હોવા છતાં જાતિવંત ઘોડો નથી.' આ સાંભળી રાજા અધિક તુષ્ટ ચિત્તવાળો થયો અને પહેલાં જે આજીવિકા બાંધી આપી હતી, તેના કરતાં બમણી કરી આપી. વળી બીજા કોઈક દિવસે અધિવાસિત કરેલી બે કન્યાઓ મોકલી અને પૂછયું કે, 'આમાંથી કઈ પરણશે ?' તેણે કન્યાનું કુલ જાણવા માટે વદન પ્રદેશથી માંડી કટીપ્રદેશ સુધી હાથ વડે એક કન્યાને ધીમે ધીમે સ્પર્શ કર્યો, પરંતુ તે કન્યા લગાર પણ ક્ષોભ વગરની છે.' એમ ચિંતવીને 'આ વેશ્યાની પુત્રી છે' એમ કરીને પ્રતિષેધ કર્યો કે, 'આ પરણશે નહિં.' બીજી કન્યાને સ્પર્શ કરતો હતો, ત્યારે તેણેએકદમ રોષ પામીને આકરાં વચનો સંભળાવીને તેનો તિરસ્કારકર્યો કે, 'હે આંધળા ! તું કુળવાન નથી, તું શરમ વગરનો છે.' ' આ ઉત્તમ કુળમાં જન્મેલી છે, નહિંતર સુશીલપણું કેવી રીતે પામે ? આ કમળ સરખા ઉજ્જવલ શીલવાળી છે' એમ રાજાને નિવેદન કર્યું. વિવાહના મોટા આડંબર કરવા પૂર્વકઘણા આનંદથી તેને પરણાવી. બીજી વખત કરતાં પણ બમણા પ્રમાણવાળી આજીવિકા બાંધી આપી. ત્યાર પછી સુમતિએ કહ્યું કે, 'હે દેવ ! આપ વણિકપુત્ર છો, તેમાં સંદેહ નથી. અમારાં ચિંતવેલ અને બોલેલ વચનોમાં આપે કોપ ન કરવો.' શંકિત મનવાળા રાજાએ એકાંતમાં પોતાની માતાને પૂછ્યું, એટલે સત્યહકીકત જણાવી 'કેમ એમ બન્યું ?' પ્રત્યુત્તરમાં જણાવ્યું કે, 'ઋતુકાળ-સમયે શરીરને પખાળી આભૂષણ પહેરેલા કુબેર વિશે મને અભિલાષા ઉત્પન્ન થઈ.' એમ કહ્યું, એટલે તેને કોઈ સંભોગ કહે છે, પરંતુ તું તેના બીજથી નહિં. પરંતુ રાજાના બીજથી જન્મેલો છે.' માતા ઉપર અપમાન કર્યું, એટલે સુમતિએ તેને સમજાવ્યો કે, 'હે દેવ ! સ્ત્રીઓનો સ્વભાવ ચંચળ હોય છે. જેમ પાકેલા અન્ન ઉપર ક્ષુધાવાળાને અભિલાષા થાય

છે, તેમ સર્વ કામી પુરુષોને સર્વ સ્ત્રીઓ અભિલષણીય થાય છે. જેમ રક્ષણ કરાયેલુ ધાન્ય અખંડિત રહે છે, તેમ આ સ્ત્રીઓ પણ રક્ષાયેલી અખંડિત રહે છે. જો કૌતુકથી પણ.

કહેલું છે કે - 'એકાંત ન હોય, ક્ષણ પ્રસંગ ન હોય, પ્રાર્થના કરનાર મનુષ્યન હોય, તે કારણથી હે નારદ ! નારીનું સતીત્વ ટકી રહે છે.' વળી શાસ્ત્રોમાં પણ સંભલાય છે કે, 'કુંતી અને પાંડુના પાંચપુત્રો થયા સંભળાય છે, પરંતુ ચંદ્ર સમાન ઉજ્જવલ કીર્તિવાળા પાંડુરાજાએ એક પણ પુત્રને જન્મ આપ્યો નથી.'

તો હે સ્વામિ ! તેના ઉપર અવકૃપા ન કરવી અને તેનો દોષ ઉઘાડો ન પાડવો. કારણ કે, 'મુનિએ આ મહિલાનો દોષ ગણેલો નથી.' તેમણે આ પ્રમાણે કહેલું છે કે, "સ્ત્રી જારથી દૂષિત થતી નથી, રાજા રાજકર્મથી દૂષિતથતો નથી, જળ મૂત્ર અને પુરીષ (વિષ્ઠા) દૂષિત થતું નથી અને વિપ્ર વેદકર્મથી દૂષિત થતો નથી." અત્યંત વિચક્ષણ વર્તનવાળો હાથી સર્વ મંત્રીઓના ઉપર તેનેસ્થાપન કર્યો. આ લોક અને પરલોકમાં વિરુદ્ધ ન બને તેવી સુંદર પ્રતિષ્ઠા પામ્યો. (૩૩)

**૧૫૧ થી ૧૫૯ - નવ ગાથાઓનો અક્ષરાર્થ** - તથા પ્રકારના મગધ આદિ દેશના રાજા મંત્રીની શોધ કરતા હતા, ત્યારે કોઈકેરાજાને કહ્યું કે, 'સુમતિ નામનો એક શ્રેષ્ઠ બ્રાહ્મણ ઘણી બુદ્ધિવાળો છે. બાકીના સામાન્ય જનની બુદ્ધિની અપેક્ષાએ ઘણી ચડિયાતી બુદ્ધિવાળો છે, પરંતુ નેત્રો વગરનો આંધળો છે. ત્યાર પછી રાજાએ સુમતિને બોલાવી મંગાવ્યો.સુંદર કાયાવાળી મુખ્ય હાથણી ઉપર રાજા જાતે આરૂઢ થયા અને બીજી બાજુ તેને ચડાવીને હાથણી પર બેસાર્યો.તેની વિશેષ પ્રકારની બુદ્ધિની પરીક્ષા માટે માર્ગમાં પાકેલા બોરવાળી બોરડીઓ હતી. ' તે ફળ ભક્ષણ કરવા લાયક છે.' એમ કહીને રાજા જવા તૈયાર થયા અને ચાલવા લાગ્યા,ત્યારે રાજાને રોકીરાખ્યા. આ બોરડીઓ શુભ નથી,તેની પરીક્ષા કરી. 'આ વાત તેં કેવી રીતે જાણી ?' એમ પ્રશ્ન કર્યો, એટલે તેણે કહ્યું કે, 'માર્ગમાં જે બોરડી હોય,એનાં ફલો બીજાઓ ગ્રહણ કરે જ નહીં' આનું જ્ઞાન કેવી રીતે થયું ?' અહિં અતિશયથી પદાર્થ જાણવો એટલે રાજાને સંતોષ થયો.

ઘઉં પીસવાથી જે જીણો થાય, તે માણા-પ્રમાણ તથા પલ-પ્રમાણ ગોળ અને કર્ષ-પ્રમાણ ઘી તે બ્રાહ્મણના નિર્વાહ માટે આપવાનું રાજાએ નક્કી કર્યું. બ્રાહ્મણે પણ 'દેવની કૃપા' એમ કહી બહુમાનપૂર્વક તે દાનનો સ્વીકારકર્યો. ફરી પણ સ્થિર પ્રજ્ઞા છે કે કેમ ? તે જાણવા માટે રાત્રે જેની પૂજા કરી છે, એવા એક ક્ષુદ્ર અશ્વ વિપ્ર પાસે મોકલ્યો. આ સર્વોત્તમ અશ્વ ખરીદ કરવો કે કેમ ? તેણે તેની પરીક્ષા કરી. 'એ અશ્વને બરછટ-જાડાં રૂંવાડાં હોવાથી તે ઉત્તમ અશ્વ નથી.' એ પ્રકારનાં જ્ઞાનથી સુમતિ વિપ્ર ઉપર રાજા બીજી વખત પ્રસન્ન થયા. આગળ આપેલું દાન બેવડું કરી આપ્યું. તથા કન્યારત્નની પરીક્ષા કરવી આરંભી. એની પણ અશ્વસની જેમ મુખથી આરંભી કટીસ્થાન સુધી સ્પર્શ કર્યો. તેથી ધીરતાથી એક કન્યા ક્ષોભ ન પામી એટલે 'આ વેશ્યાપુત્રી છે' એવું જ્ઞાન થયું. બીજીએ તો અડકતાં જ તિરસ્કારકર્યો, એટલે 'આ કુળવાન કન્યા છે.' એમ જાણ્યું. એટલે સુમતિ વિપ્ર ઉપર કૃપા વધી અને ભંડારીને આજ્ઞા કરી કે, 'હવે સેતિકા પ્રમાણ ઘઉંનો લોટ આપવો તથા ચાર પલનાભાર

પ્રમાણ ગોળ આપવો, તેમ જ પ્રથમ કરતાં ચાર ગણું ઘી આપવું.' આ કારણોથી સુમતિને 'આ વણિકપુત્ર છે' તેવું જ્ઞાન થયું. હવે વળી વિપ્રે કહ્યું કે, 'આપે મારી વાતથી કોપ ન કરવો.' કોઈક આ વિષયમાં આમ જણાવે છે કે, 'આ પ્રમાણે આવા તુચ્છ પદાર્થની ક્રમસર વૃદ્ધિ કરનાર માણા-પ્રમાણ લોટ દાનમાં આપ્યો - આ કારણે 'આ વણિકપુત્ર જણાય છે, રાજપુત્રો પ્રસન્ન થાય, ત્યારે પ્રચુર દાન કરનારા હોય છે.' 'હું વણિકપુત્ર છું' તેની શી ખાત્રી ? તો કે 'માતાને પૂછવું ઉચિત ગણાય' માતાને પૂછતાં તેણે ઘણા દબાણથી પ્રત્યુત્તર આપ્યો કે, આગળ કહેલા વૈશ્રમણ (કુબેર) વિષે અભિલાષા થઈ હતી. જે વખતે ઋતુસ્નાન કર્યું, ત્યાર પછી તે શેઠ દેખવામાં આવ્યા તેના સંબંધી કંઈક અભિલાષા થઈ હતી. કેટલાક 'શ્રેષ્ઠી સાથે સંભોગ થયાનું કહે પરંતુ રાજબીજથી જ સિદ્ધ થયેલો છે. એટલે અપમાન પામેલા તે રાજાને સમજાવ્યા કે, 'હે દેવ ! આ વસ્તુ તમારે બીજા કોઈને નકહેવી, વાત ગુપ્ત રાખવી. તેમ કરવામાં કોઈ દોષ નથી. શાથી દોષ નથી ? તથાવિધ દૈવની પરવશતાથી તેવી સ્થિતિમાં મૂકાવું પડે છે. ત્યાર પછી 'આ કુશળ-ચતુર છે' એમ કહી તેને સર્વ મંત્રીઓના ઉપર સ્થાન આપ્યું. (૧૫૧ થી ૧૫૯)

તે અંધ હોવા છતાં આવા પ્રકારના વિશેષ નિર્ણયસ્થાનો કેવી રીતે મેળવી શક્યો ? એવી શંકા કરીને તેની સામે ઉપમા આપી કહે છે –

૧૬૦ - ભૂમિના ઊંડાણમાં નિધિ દાટેલો હોય, સોનું, હીરા, ઝવેરાત વગેરે નિધાનમાં રાખેલાં હોય એવા નિધાન ઉપર તૃણ-વેલડી વગેરે ઉગીને પથરાઈ ગયાં હોય,એવી ભૂમિમાં આંખથી ન દેખાવા છતાં પણ ચતુરપુરુષો તેવી બુદ્ધિનો ઉપયોગ કરીને ઉષ્ણતા આદિ ચિહ્નોથી નિધાનનો નિશ્ચય કરે છે. જે માટેકહેલું છે કે - 'હૃદયચક્ષુ વગરના નેત્રો જોવે છે, તો પણ દેખતા નથી, પરંતુ નેત્રરહિત હૃદય હોય તો તે દૂર રહેલા પદાર્થને પણ દેખે છે.' (૧૬૦)

આ પ્રમાણે પારિણામિકી બુદ્ધિનાં ઉદાહરણો સમાપ્ત થયાં. યાકિની મહત્તરાના ધર્મસૂનુ આચાર્ય શ્રીહરિભદ્રસૂરિ-વિરચિત ઉપદેશપદ મુનિચંદ્રસૂરિ-વિરચિત તેના વિવરણ સહિતનો આગમોદ્ધારક આ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ.ના શિષ્ય આ. શ્રીહેમસાગરસૂરિએ કરેલ ગૂર્જરાનુવાદમાં પારિણામિકી બુદ્ધિ સુધીનો વિભાગ પૂર્ણ થયો. (સં. ૨૦૨૭ આષાઢ સુદિ ૮ ગુરુ, આદીશ્વર પંચ ધર્મશાળા, પાયધુની મુંબઈ-૩)

હવે **બુદ્ધિ વિષયક વક્તવ્યનો** ઉપસંહાર કરતા એનું જ્ઞાન શ્રવણ કરવાનું ફલ કહે છે-

૧૬૧ - અતિ વિસ્તારથી ઉદાહરણ જણાવવાના પ્રસંગથી હવે સર્યું. કારણ કે, ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળનાં પ્રસ્તુત બુદ્ધિવિષયક ઉદાહરણોનો વિચાર કરીએ તો તેની સંખ્યા ઘણી જ મોટી થાય અને તે સર્વ કથન કરવાં કે જાણવાં અશક્ય છે. દરેક બુદ્ધિનાં એક એક ઉદાહરણ-દૃષ્ટાંત કહેવામાં પણ ચાલુ વિષયનું જ્ઞાન થવાનું સંભવિત ગણાય. ઘણાં ઉદાહરણો કહેવાનું શું પ્રયોજન ? એમ શંકા થતી હોય તો તેના સમાધાનમાં જણાવે છે કે - અહીં કહેલાં (જણાવેલાં) બુદ્ધિવિષયક મુખ્યઉદાહરણો સાંભળવાથી ઘણે ભાગે ભવ્યાત્માઓને રાગ-દ્વેષ દોષ-રહિત યોગ્ય આત્માઓને જાણવાની ઈચ્છા, વસ્તુ ગ્રહણ કરવા માટે બારીક બુદ્ધિ ઉત્પન્નથાય છે. ધર્મ, અર્થ વગેરે અવશ્ય ભાવી ઈચ્છિત ફલની પ્રાપ્તિ માટેસુંદર કુશળ સૂક્ષ્મ

મતિ વૃદ્ધિ પામે છે.પ્રાયઃશબ્દ એટલા માટે વાપર્યો છે કે, નિકાચિત જ્ઞાનાવરણાદિક કર્મવાળા 'માષતુષ' વગેરેને આ દૃષ્ટાંતો શ્રવણ કરવા છતાં પણ તેવા પ્રકારની બુદ્ધિનો વિકાસ ન પણ થાય, પરંતુ આની જિજ્ઞાસા પણ મહાફલ આપનારી છે જ. કહેલું છે કે - "જાણવાની ઇચ્છારૂપ જિજ્ઞાસા થવામાં પણ કંઈક કર્મ ઘટી જાય છે. કુશલમતિવાળાને એકાંતે પાપ ક્ષીણ થયા વગર રહેતું જ નથી." (૧૯૧) બુદ્ધિની વૃદ્ધિમાં બીજા સફળ ઉપાયો છે, તે જણાવે છે -

૧૯૨- પ્રસ્તુત બુદ્ધિરૂપી ધનવાળા મહાત્માઓને ઉચિત અન્ન-પાન વગેરે લાવી આપવાં હાજર કરવાં. તેમના પગ ધોવા, બિમારી અવસ્થામાં તેની ચાકરી સેવા સંભાળ રાખવા રૂપ ભક્તિ કરવાથી, તથા ચિંતામણિ રત્ન, કામધેનુ. કલ્પવૃક્ષ વગેરે વસ્તુ કરતાં પણ અધિક ગ્રહણ કરવા લાયક બહુમાન કરવું. તેથી પણ બુદ્ધિ વધે છે. વળી બુદ્ધિશાળીઓ પ્રત્યે દ્વેષ કર્યા વગર તેમની પ્રશંસા કરવાથી, ઈર્ષ્યાનો ત્યાગ કરવાથી પણ બુદ્ધિ વિકાસ પામે છે. પ્રશંસામાં અહો ! ખરેખર આ ધન્ય પુણ્યશાળી છે કે, 'જેઓ આટલી પુષ્કળ બુદ્ધિ પામીને સ્વનો અને પરનો ઉપકાર કરીરહેલ છે.' શંકા કરી કે, બુદ્ધિવાળા વિષયો ભક્તિથી કેવી રીતે ઉત્પન્ન થાય ?' માટે હેતુ જણાવેલ છે. હે શિષ્ય ! આ વાતતું બરાબર સમજી લે. (૧૯૨) તેઓ કોણ ?

૧૯૩-પોતાના અને પારકા એમ બંનેના ઉપકારક એવા સાધુ કે સાધર્મિક રૂપ મિત્રોનો જે સંબંધ એટલે તેમની સાથેની સર્વ અનુચિત પ્રવૃત્તિ રોકીને અને ઉચિત પ્રવૃત્તિ સાચવીને તે ભવ્યજીવોનો કલ્યાણમિત્ર-યોગ કરવો. તેનો યોગ પણ શાથી થાય,તેજણાવતાં કહે છે કે 'ભવાંતરમાં ઉપાર્જન કરેલા પુણ્યાનુબંધી પુણ્યરૂપ કર્મ-પરિણામ-દૈવ ભાગ્ય તે કારણ જેમાં છે, એવો કલ્યાણમિત્ર-યોગ. પુણ્યાનુબંધી પુણ્ય એ નિર્દોષ સુવર્ણના ઘટાકાર સરખું હોય છે. આવા પુણ્ય વગર પ્રાણીઓ કલ્યાણમિત્રના યોગવાળા બની શકતા નથી. એવો પુણ્યવં[illegible] કલ્યાણમિત્રના યોગવાળો કયા કારણથી થાય ? તો કે તથાભવ્યત્વના કારણે, તે પણ અન્[illegible] પારિણામિક ભાવરૂપ ભવ્યત્વ-એટલે સિદ્ધિગમન માટે યોગ્યતા હોય, તે રૂપ ભવ્યત્વ, [illegible] તથા ભવ્યત્વ તો અભવ્યત્વ છે. તેમાં વિચિત્ર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ આદિ ભેદો વ[illegible] જીવોને બીજ-આધાનાદિના કારણરૂપ જે થાય. વળી તે હેતુ કેવા પ્રકારનો ? તેવા પ્રક[illegible] નજીકના કે દૂરના અર્થાત્ અનંતર કે પરંપરાદિ ભેદવાળા ફલના હેતુભૂત જે છેલ્લા પુદ્[illegible] પરાવર્તનના કારણે પ્રાપ્તથયેલ જીવનો વીર્યોલ્લાસ,તેનાથી યુક્ત સર્વ જીવોને તથા ભવ્ય[illegible] હોય જ છે,પરંતુ તેવા પ્રકારના પુરુષાર્થ-રહિતને ઉદયમાં આવેલા કર્મપરિણામ હેતુપણે [illegible] થતા નથી. એ માટે પુરુષાર્થ-સહિત હેતુને ગ્રહણ કર્યો છે. પુરુષાર્થ વગર ભવ્યત્વ પરિપક્વ થતું નથી. (૧૯૩)

શંકા કરી કે, આ પ્રમાણે અનેક કારણોથી બુદ્ધિ ઉત્પન્ન થાય છે,તેનું સમાધાન કરતાં કહે છે કે, સર્વ કાર્યો અનેક કાલાદિ કારણોથી ઉત્પન્ન થવાવાળાં છે. તે દર્શાવવા કહે છે કે

कालो सहाव-नियति-पुव्वकयं पुरिसकारणेगंता ।

मिच्छत्तं ते चेव, उ, समासओ होंति सम्मत्तं ॥१६४॥

૧૬૪ - કાલ, સ્વભાવ, નિયતિ, પૂર્વકૃત કર્મ, પુરુષકાર આ કારણોને એકાંતપણે એકલાં એકલાં માને તો, મિથ્યાત્વ અને તેઓને પરસ્પર એકબીજાને છોડી ન દેવા, પણ સાથે એકઠાંરૂપે માનવાં-તે સમ્યક્ત્વ સ્વરૂપ માનેલાં છે. (ગાથાનો તાત્પર્યાર્થ)

## કાલવાદ

તેમાં કાલવાદીઓ કહે છે - કાલ એ જ એકાંતે જગતનું કારણ છે. તે આ પ્રમાણે શીત, ઉષ્ણ, વર્ષા વનસ્પતિ, પુરુષ આદિ રૂપ સર્વ જગતનો ઉત્પન્ન, સ્થિર, વિનાશ કરવામાં, ગ્રહચાર, ગ્રહણ સંધ્યારાગ, યુતિ, યુદ્ધ, સૂર્ય-ચંદ્રના ઉદય-અસ્ત થવા, જવું, પાછા આવવું- આ સર્વમાં કાલ કારણ છે. કાલ વગર સર્વના અન્ય કારણ સ્વીકારવામાં આવે તો, તેનો અભાવ માનેલો છે. કાલ એ જ સર્વભૂતોને જીર્ણ કરે છે, કાલ એ જ પ્રજાનું હરણ કરે છે, પ્રાણીઓ ઉંઘતા હોય તો પણકાળ જાગતોહોય છે, કાલનું ઉલ્લંઘન કોઈ કરી શકતા નથી.

**શંકાકાર** → આ વાત ખોટી છે. તે કાળનો સદ્ભાવ હોવા છતાં વરસાદ વગેરે કોઈ વખત દેખાતા નથી.

**કાળવાદી** → વરસાદ ન થવો, તે તેમાં પણ કાળ વિશેષજકારણ છે.શંકા→ કાળ નિત્ય અને એકરૂપ હોવાથી તેના અવાંતર ભેદો થતા નથી. અથવા ભેદ છે-એમ માનો તો ઉત્પન્ન કે અનુત્પન્ન થવાના સ્વભાવથી તેની નિત્યતાનો ભંગ થશે. બે સ્વભાવવાળા નિત્ય ન થઈ શકે.સ્વભાવભેદથી ભેદની સિદ્ધિ થશે. વાયુમંડલાદિથી કરેલો વર્ષાદિવિશેષ નશો તે પણ નિર્હેતુક ભાવથી થનાર છે, પછી તે કાલ જ તેનો હેતુ ન રહ્યો. તેમાં અન્યોન્યાશ્રય દોષ આવશે. હેતુ વગર થાય તેને સદા ઉત્પન્ન થવું જોઈએ, તેમાં હેતુની અપેક્ષા નથી.કાળ છે, તે જ વાયુ-મંડલાદિના ભેદમાં હેતુ છે. અન્યોન્યાશ્રયની આપત્તિ-દોષ આવશે - એકબીજાની ઉપર આશ્રિત થવું તે અન્યોન્યાશ્રયદોષ જેમ દેવદત્તના જેવો યજ્ઞદત્ત. યજ્ઞદત્તના જેવો દેવદત્ત એકબીજાના આશ્રય બનવું.

જ્યારે કાલભેદ થાયછે, ત્યારે વર્ષા આદિના ભેદનાં કારણ જે ગ્રહ-મંડલાદિ છે, તેમાં વ છે, ગ્રહ-મંડલાદિના ભેદથી કાળમાં ભેદ થાય છે. આ રીતે અન્યોન્યાશ્રય દોષ સ્પષ્ટ દોષના નિવારણ માટે જે તમો કહો કે, વર્ષા આદિના ભેદ બીજા કારણથી થાય છે, કારણ કાળ નથી. એક કાળ કારણથી જ તો પછી વસ્તુ સિદ્ધ બધી થાય છે, આવા મતની સાથે વિરોધ થાય છે. તમે કહો કે, કોઈ કારણથી કાલમાં ભેદ થાય છે, ત્યારે કાળમાં અનિત્યતા આવીજશે કા.કે. પહેલા તેવો ભેદ ન હતો હવે આવ્યો એમ જેમાં ફેરફાર થાય તે અનિત્ય હોય છે. તમે એમ કહો કે, ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ માટે બીજો કોઈ કાળ કારણ છે, ત્યારે ત્યાં પણ આ જ પ્રશ્ન થશે તે કાળની ઉત્પત્તિ માટે બીજા કાળનું કારણ થવું જોઈએ. આ રીતે અનવસ્થા હોવાથી વર્ષા આદિ કાર્યોની ઉત્પત્તિ ન થઈ શકે, અને આથી અતિરિક્ત એક વસ્તુની કારણતા ઉચિત નથી. કાર્યોની ઉત્પત્તિ, ક્રમ અથવા યૌગપદ્યથી થાય છે.પણ જે એકવસ્તુ કારણથાય તો, તેની સાથે ક્રમ અને યૌગપદ્યનો વિરોધ થાય છે. જયારે એક જ વસ્તુ છે તો ક્રમ જ ન થઈ શકે

કાળવાદી → એક જ કાળ કારણ છે, તેથી અનવસ્થા ઉભી જ નહી થાય.

શંકા→ તો જે સમજે એ કાળ છે એ આખા જગતનું કારણ છે તેથી વસ્તુ ભાવ ક્રમશઃ પેદા થાય છે એમાં વિરોધ આવશે. કા.ક.તમાને તમામનું કારણ હાજર છે તો બધુ ઉત્પન્ન થઈ જ જવું જોઈને. જો યુવાપદ્ર થાય છે તો લોક સાથે વિરોધ આવશે. કા.ક. જગત એક સાથે નિર્માણ પામતુ દેખાતું નથી. તેથી એક જ કાળ તેથી જગતનું કારણ એક કાળ જ નથી. (૧)

## સ્વભાવવાદ

બીજાઓ એમ કહે છે કે - પોતાના સ્વભાવથી જ ભાવો ઉત્પન્ન થાય છે. સ્વભાવ છે કારણ જેઓનો તેવા ભાવપદાર્થો છે, તે સ્વભાવથી ઉત્પન્ન થાય છે - એમ જો સ્વીકારીએ તો, પોતાના આત્મામાં ક્રિયાનો વિરોધરૂપ દોષ છે. કોઈ પદાર્થ પોતાના સ્વરૂપમાં ક્રિયા ઉત્પન્ન કરી શકે નહિ ઉત્પન્ન થયા પછી વસ્તુમાં સ્વભાવ થાય,તો ઉત્પત્તિથી પૂર્વકાલમાં સ્વભાવ નથી,તો પણ ઉત્પત્તિ થઈ છે. તેથી તેઓની ઉત્પત્તિમાં સ્વભાવ કારણ નથી. જ્યારે પદાર્થો ઉત્પન્ન થાય છે, ત્યારે તેનો (સ્વભાવ) પદાર્થો સાથે સંભવ થઈ શકે છે, પણ ઉત્પત્તિથી પૂર્વકાળમાં સ્વભાવનો અભાવ હોવા છતાં ભાવોની ઉત્પત્તિમાં સ્વભાવ કારણ થઈ શકતો નથી. અથવા કારણ વગર ભાવોની ઉત્પત્તિ થાય છે. કારણ કે, પોતાનાં અને બીજા કારણોથી અમારો જન્મ-ઉત્પત્તિ થાઓ અપેક્ષા ન હોવાથી પદાર્થો બધા હેતુઓની અપેક્ષાથી રહિત છે.ત્યારે પ્રત્યક્ષ સાથે જે વિરોધ તે દોષ છે. તે આ પ્રમાણે - પ્રત્યક્ષ અને અનુપલબ્ધ એટલે જ્ઞાનનો અભાવ-અન્વય-વ્યતિરેકથી બીજ આદિ કાર્યના કારણરૂપ નિશ્ચિત જ છે. બીજ પાણી આદિ કોઈને કોઈ કારણથી જ પદાર્થ પેદા થાય છે એ પ્રત્યક્ષ જોવા મળે છે. માટે ભાવની ઉત્પત્તિનો કોઈ હેતુ નથી" એવું કહેવું પ્રત્યક્ષ વિરુદ્ધ થયું. બીજ હોય ત્યારે ઝાડ જોવા મળે - આ પ્રત્યક્ષથી અન્વય, ન હોય ત્યારે ઝાડ જોવા મળતુ નથી, એમ અનુપલંભથી વ્યતિરેક જોવા મળ્યો. જેના થયા પછી જ જેની ઉત્પત્તિ થાય અને જેના વિકારથી જેમાં વિકાર થાય,તે તેનું કારણકહેવાય છે. જેમ કે, વિકાસ આદિ ઉચ્છૂન-એટલે ફૂલી જવું આદિ વિશિષ્ટાવસ્થા પ્રાપ્તબીજ કંટક આદિની તીક્ષ્ણતાનું કારણ છે." આ વસ્તુ અન્વય પ્રત્યક્ષ-વ્યતિરેકવાળા પ્રત્યક્ષ અને અનુપલબ્ધિથી નિશ્ચિત છે. તેથી એકાંત સ્વભાવવાદ પણ ઉત્તમવાળા નથી. (૨)

**(૩) નિયતિવાદ -**

સર્વ વસ્તુઓ કોઈને કોઈ નિયતરૂપથી થાય છે તેથી નિયતિ જ ભાવોની ઉત્પત્તિમાં કારણ છે - એમ કેટલાકો કહે છે,તે આ પ્રમાણે-નિયતિના બલની સહાયતાથી જે વસ્તુની પ્રાપ્તિ થવાની છે, તે મનુષ્યો માટે શુભ થાય કે અશુભ થાય, તે અવશ્ય જ થાય છે. બહુ પ્રયત્ન કર્યા છતાં પણ જે થવાનું નથી તે થતું નથી. અને જે થવાનું છે, તેનો નાશ થતો નથી, આ વસ્તુ અયુક્ત છે. કારણ કે, જો એમ થાય તો શાસ્ત્રોપદેશ વ્યર્થ નકામો થાય. તેના ઉપદેશ વગર પદાર્થોમાં બધો ફેરફાર નિયતિથી કરાયેલ બુદ્ધિથી (એટલે "બધુ નિયતિથી થાય

છે" આવી બુદ્ધિ થવાથી શાસ્ત્રમાં કોઈ બુદ્ધિ દોડાવાનું મન જ નહી થાય. એથી માત્ર નિયતિથી થઈ જશે માટે શાસ્ત્રોપદેશ વ્યર્થ ગણાય. પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ ફળવાળા જે શાસ્ત્રથી પ્રતિપાદિત શુભ-અશુભ ક્રિયાઓનું જે ફલ, તેની વ્યવસ્થાનો અભાવ થવો જોઇએ. આ કારણે કેવલ નિયતિવાદ પણ વ્યાજબી નથી. (૩)

(૪) કર્મવાદ -

અન્ય જન્મમાં કરેલાં અને ઈષ્ટ કે અનિષ્ટ ફલ આપનાર જે કર્મ છે, તે બધા જગતની વિચિત્રતાનું કારણ છે - એમ કર્મવાદી કહે છે. પ્રાચીન લોકો કહે છે કે - 'જેમ પૂર્વકૃત કર્મનું ફલ જાણે કે નિધાનમાં પડેલું હોય - એમ જેમ જેમ સ્થિર થાય છે, તેમ તેમ તેના પ્રમાણે કરવા માટે ઉદ્યત થયેલી બુદ્ધિ જાણે હાથમાં દીપક ગ્રહણ કર્યો હોય-એમ પ્રવૃત્ત થાય છે. અગર બુદ્ધિ દીપક ગ્રહણ કરીને પ્રવૃત્તિ કરે છે. કર્માનુસારે બુદ્ધિ ફલ આપવા માટે જાણે હાથમાં દીપક લઈને પ્રવૃત્તિ કરે છે.કર્મના અનુસારે બુદ્ધિ પ્રવૃત્ત થાય છે. આ વસ્તુ યુક્ત નથી.

જે કુંભાર આદિ ઘટ આદિના કારણરૂપે પ્રત્યક્ષથી પ્રતીત થાય છે,તેનો ત્યાગ કરીને અન્ય અદૃષ્ટ કારણોની જો કલ્પના કરવામાં આવે તો, અનવસ્થા દોષની આપત્તિ થશે. અર્થાત્ ઘટ આદિનું જે અદૃષ્ટ કારણ છે,તેનું કારણ કોઈ બીજું કર્મ થશે અને તેનું ત્રીજું કારણ થશે, આ રીતે અનવસ્થા થશે. જો અનવસ્થા થાય તો કારણની વ્યવસ્થા ન થઈ શકે. આ વસ્તુનું આ જ કારણ છે - એવી વ્યવસ્થા ન થઈ શકે. કોઈપણ કાર્યમાં કારણની જે વ્યવસ્થા છે, તેનો ભંગ થશે સ્વતંત્ર જે કર્મ છે, તે જગતની વિવિધતાનું કારણ થઈ શકતું નથી. કારણ કે, તે કર્તાને આધીન છે. એક સ્વભાવવાળા કર્મથી જગતની વિચિત્રતા થઈ શકતી નથી.કારણના ભેદ વગર કાર્યમાં ભેદ થઈ શકતો નથી. વળી તમે જે કહો છો કે, કર્મના અનેક સ્વભાવ છે, ત્યારે જે મતભેદ છે, તે માત્ર નામનો જ થયોને ? એટલે નામ માત્રના કારણે જ વિપ્રત્તિપતિ મતભેદ તે વાસ્તવમાં નથી. ત્યારે અર્થની અપેક્ષાએ પુરુષ એટલે જીવ, કાલ અને સ્વભાવ આદિને પણ જગતના ભેદમાં કારણરૂપે તમે સ્વીકાર કરો જ છોને, તેથી એકાંત કર્મવાદ વિચારને સહી શકતો નથી.

ઉપનિષદ્ માનનારાઓ કહે છે કે - 'કેવલ એક બ્રહ્મ જ સમગ્ર સંસારની સ્થિતિ, ઉત્પત્તિ અને નાશનું કારણ છે, અને પ્રલયમાં પણ તેનું ઉત્કૃષ્ટ જ્ઞાનલુપ્ત થતું નથી. જે માટે કહેલું છે કે - 'કરોળિયો જેમ તંતુનું કારણ છે,ચંદ્રકાન્તમણિ જેમ જળનું કારણ છે, પીપળાનું વૃક્ષ જેમાં અંકુરાનું કારણ છે, એ પ્રમાણે બ્રહ્મ સર્વ પદાર્થોની ઉત્પત્તિનું કારણ છે. આ કહેલી વાત પણ યુક્ત નથી. લોકો વિચારપૂર્વકકામ કરનારની પ્રવૃત્તિ પ્રયોજનથી વ્યાપ્ત છે, આ કારણથી આ પુરુષ કયા પ્રયોજનથી જગતની રચનામાં પ્રવૃત્ત થાય છે ? જો તમે કહો કે - 'ઇશ્વરાદિકની પ્રેરણાથી પ્રવૃત્ત થાય છે, તો આમા અસ્વતંત્રતાની આપત્તિ આવશે. એને બીજાના ઉપર ઉપકાર કરવા માટે પ્રવૃત્તિ કરે છે, એમ કહેશો તો તે પણ નહિં ઘટે. જો દયા (ઉપકાર - અનુકંપા)થી પ્રવૃત્ત થાય તો દુઃખી જીવોની ઉત્પત્તિ કરવી ન ઘટે કદાચ તમે એમ

કહેશો કે - તે જીવોના કર્મના નાશ માટે પ્રવૃત્તિ કરે છે, તો તે પણ યુક્ત નથી.કારણ કે દુઃખી જીવોની રચનામાં પ્રવૃત્તિ કરવાથી તે જીવોને જે કર્મ છે, તે પણ બ્રહ્મથી કરેલાં સિદ્ધ થાય, અને પાછળથી તેના નાશ માટે જો જગતની રચનામાં પ્રવૃત્તિ થાય, તો તેમાં વિચાર વગરકાર્ય કરવાની આપત્તિ આવશે, કા.કે. એવો કયો ડાહ્યો માણસ હોય કે પહેલા દુઃખી માણસના દુઃખદાયી કર્મો પેદા કરે પછી પાછો પોતે જ તેનો નાશ કરવા પ્રયત્ન કરે. એટલે ઘરમાં જાતે જ કચરો નાખે અને પછી સાફ કરવા લાગે તેથી આ વાદ પણ વિદ્વાનોના મનને પ્રસન્ન કરનાર નથી.

એથી એકાન્તે કાલાદિ પ્રમાણથી સંભવતા નથી. પરસ્પરની અપેક્ષાવાળાં તે જ સર્વેકારણો અનિત્ય-આદિ એકાંતનો ત્યાગ કરીને એક અને અનેક સ્વભાવવાળાં કાર્યોની ઉત્પત્તિનાં સમર્થ છે, તે જ કાલ આદિ કારણો પ્રમાણોથી સત્ છે. તેથી તે જ અનેકાંતવાદ યથાર્થવાદ સમ્યગ્વાદ છે - એમ સિદ્ધ થયું. (૧૬૪)

આ કાલાદિ કારણ-કલાપ જેમાં અવતાર પામે છે, તેને શાસ્ત્રકાર પોતે જ સમજાવતાં કહે છે કે -

૧૬૫-તેથી કરીને કુંભ, મેઘ, કમલ પ્રાસાદ, અંકુર વગેરેમાં, નારક, તિર્યંચ મનુષ્ય, દેવતાના ભવમાં થનારા, મોક્ષ અભ્યુદય ઉપતાપ-શોક, હર્ષ વગેરેમાં બાહ્ય આધ્યાત્મિક ભેદવાળા સર્વ કાર્યમાં આ કાલાદિક કારણસમૂહ કાર્યોત્પત્તિમાં હેતુ જણાવેલ છે. પરંતુ કોઈક જ વખત કાલાદિસમૂહ હેતુ બને છે,તેમ નહિં. અત્યારે પ્રવર્તતા દુઃષમાકાળરૂપીરાત્રિના બલથી કુબોધરૂપી અંધકાર-સમૂહને દૂરકરનાર સૂર્ય સમાન શ્રીસિદ્ધસેન દિવાકર વગેરે પૂર્વાચાર્યોએ આ પાંચેના સમૂહને ઉત્પત્તિ કરનાર રૂપે નિરૂપણ કરેલ છે. આ વાત શ્રુતજ્ઞાન-ચિન્તાજ્ઞાનપણે ન વિચારતાં ભાવના જ્ઞાન સ્વરૂપે ભાવથી સમજવા લાયક છે. (૧૬૫)

હવે અહિં પ્રસંગોપાત્ત કારણ-કલાપની અંદરરહેલા સારીરીતે સમજી શકાય તેવા અને પ્રધાનતા પામેલા એવા દેવ-ભાગ્ય -નશીબ શબ્દથી ઓળખાતા અને પુરુષાર્થ એટલે જીવનો પ્રયત્ન-વિશેષ એ બેને આશ્રીને કંઈક વિશેષ સમજાવે છે -

૧૬૬- અહિં કાલાદિ કલાપને કારણભાવરૂપે જણાવવાથી વિસ્તારરૂપે વિચારણા કરીહોવાથી નિર્મલ બુદ્ધિશાળીઓ વડે આ વાતનો નિશ્ચયકરવામાં આવ્યો કે, 'દૈવ એટલે પૂર્વે કરેલાં કર્મો અને પુરુષકાર એટલે જીવનો વ્યાપાર-વિશેષ એટલે આ દેવનું ફલ,આ પ્રયત્નનુંફલ આ બંને કંઈકજાણેલાં હોવા છતાં પણ ઘણાભાગે બુદ્ધિશાળીઓને આ પદાર્થ કોઈવખત સુખેથી સમજી શકાય તેમ નથી-એમ વિચારીને આ દૈવ અને પુરુષાર્થનો વિષય આ શાસ્ત્રના પછીના ભાગમાં 'जमुदग्गं थेवेण किं कम्मं परिम०' (૩૫૦ ગા.) એ વગેરે ગ્રન્થથી આગળ સંક્ષેપથી જણાવીશું. કેવી રીતે ? તો કે શાસ્ત્રસિદ્ધ યુક્તિઓ વડે, જો વિસ્તારથી કહીએ તો શ્રોતાનેસમજવું મુશ્કેલ થાય. (૧૬૬) આ પ્રમાણે બુદ્ધિવિષયક ગ્રન્થ શ્રવણ કરવાથી પ્રાપ્ત કરેલ બુદ્ધિવાળા પંડિત જે કરે,તે કહે છે -

૧૬૭-આગળ જણાવેલ ઔત્પાત્તિકી વગેરે બુદ્ધિ પામેલો આત્મા ધર્મની વિચારણા કરે

છે કેવો ધર્મ ? તો કે, સર્વ પુરુષાર્થોમાં પ્રથમ સ્થાન પામેલા ધર્મનો, વળી સર્વ મનોવાંછિત સિદ્ધિનું અમોઘ કારણ એવા શ્રુત અને ચારિત્રની આરાધના રૂપ ધર્મસ્થાનક, વળી કેવો ? ઉપાધિથી વિશુદ્ધ એટલે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ લક્ષણ, ઉત્સર્ગ અને અપવાદના ભાવોથી યુક્ત, જેમાં દોષ ન હોય. જેમ કે, અત્યારે આ દ્રવ્યાદિક પ્રસ્તુત ધર્મસ્થાનકને સાધનારા છે કે બાધક છે. જે માટે કહેલું છે કે - "દેશ, કાલ અને રોગના કારણે તેવીકોઈઅવસ્થા ઉત્પન્નથાય છે કે,જેમાં અકાર્ય એ કાર્ય થાય અને કાર્ય હોયતેનો ત્યાગ કરવો પડે. પોતાનું ઉચિત કર્મ હોયતેવું કાર્યપણ છોડવું પડે. તો પછી ધર્મસ્થાનક માટે પણ, એ ચકારના અર્થથી સમજવું વિચારવું. ક્રિયાપદ તો ચાલ્યું જ આવે છે. જેમ કે - 'હું કયા ધર્મસ્થાનક માટે લાયક છું ?' કહેલું છે કે - "અત્યારે કયો કાળ વર્તે છે ? મારા મિત્રો કોણ છે ? મારી આવક કેટલી છે ? મારે ખર્ચ કેટલો છે ? હું કોણ છું ? મારી શક્તિ કેટલીછે ? આ વસ્તુ વારંવાર વિચારવી." શક્તિ ઉપરાંત કે અનુચિત આરંભને નિષ્ફલ ગણેલો છે. કારણ કે, તેથી ચિત્તમાં વિષાદ વગેરે અનેક અનર્થ-સમૂહ ઉત્પન્ન થવાનો સંભવ છે. તત્સ્વરૂપ કાર્ય સિદ્ધ થવામાં પણ આગળ આગળ ફળ મળતું જાય, તેમ તેમ મહાઆદર-પૂર્વક આલોચના-વિચારણા કરે.જે માટેકહેલું છે કે - "ગુણવાળું અગર નિર્ગુણ કોઈપણ કાર્ય કરતાં પંડિતપુરુષે યત્નપૂર્વક તેનું છેવટનું ફળ વિચારવું. અતિ ઉતાવળપૂર્વક કરેલા કાર્યથી હૃદયને દાહ કરનાર મનમાં શલ્યની વેદના કરનાર એવા વિપાકો ભોગવવા પડે છે." (૧૬૭)

૧૬૮- માત્ર એકલી આલોચના વિચારણા જ ન કરવી, પરંતુ જાણવા યોગ્ય ઇષ્ટ પદાર્થના અંશરૂપ વિષયનું ઉલ્લંઘન કર્યા સિવાય સંશય, વિપર્યાસ અને બોધદોષના પરિહારપૂર્વક તાત્પર્યાર્થ અથવા યથાર્થપણે ધર્મ, અર્થાદિ સર્વવસ્તુ જાણે-સમજે. ઇતિ વાક્યની સમાપ્તિ અર્થમાં, અહીં સમ્યગ્ યથાર્થ વિષયબોધમાંતથા તેનાથી વિપરીત ઉદાહરણ કહે છે.વેદ અધ્યયન કરતા બે શિષ્યોનું ઉદાહરણ કહે છે - વેદ અધ્યયન કરવા આવેલા બે શિષ્યોમાં મારા નિરૂપણ કરેલા અર્થનું યથાર્થજ્ઞાન કોણ મેળવે છે ? અને કોણ નથી મેળવતું ? તેની પરીક્ષામાં બે શિષ્યોને છાગ-પશુના વધ વિષયક આજ્ઞા કરી.

## શિષ્ય બુદ્ધિ-પરીક્ષા

ચેદી નામના દેશમાં મૂર્તિમાન જયશ્રી સરખી સારી રીતે પ્રસિદ્ધિ પામેલા ગુણોવાળી અને જેમાં પુરુષાર્થોને સાધનાનો જનમસૂહ રહેલો છે - એવી શુક્તિમતી નામની નગરી હતી. વર્ષાકાળમાં કદંબપુષ્પની જેમ ઘણાશ્રુતરૂપ પરિમલથી જેની કીર્તિ ઉછળતી છે, એવા ક્ષીરકંદબ નામના અધ્યાપક ત્યાં રહેતા હતા. પર્વત નામનોઅધ્યાપકનો પુત્ર, બીજો નારદ નામનો બ્રાહ્મણપુત્ર, અને ત્રીજો વસુ નામનો રાજપુત્ર એમ ત્રણે તેમના શિષ્યપણે અધ્યયન કરતા હતા. તેઓ આર્ષવેદનું અધ્યયન કરતા હતા અને બીજા કોઈ વિષયમાં અનુરાગ કરતા ન હતા.કોઈક દિવસેતેમની પાસે બે મુનિવરો આવ્યા. તેમના ઘરે ભિક્ષા માટે આવેલા મુનિઓએ વેદ ભણતા તે ત્રણેને દેખીને જ્ઞાની એવા એક મુનિવરે બીજા મુનિને અનુલક્ષીને કહ્યું કે, 'આ ત્રણ છાત્રોમાંથી જે રાજપુત્ર છે, તેરાજા થશે. બાકી રહેલા બેમાંથી એકની નરકગતિ, અન્યની સ્વર્ગગતિ થશે ભીંતની ઓથે રહેલા અધ્યાપકે આ સર્વ હકીકત સાંભળી એટલે તે ચિંતાતુર

થયા. આ નરેન્દ્ર થશે, તેની ચિંતા કરવાની જરૂર નથી, પરંતુ બીજા બેમાં દુર્ગતિગામી કોણ થશે અને સ્વર્ગગામી કોણ થશે ? 'અપાત્રને વિદ્યાદાન ન થાઓ' તેમ ધારી પરીક્ષા આરંભી. 'રખે મેં કરેલાં તપ, તીર્થયાત્રા, સ્નાનાદિ નિષ્ફલ ન જાય.' બોકડાની ખાલમાં લાક્ષારસ ખૂબ ભર્યો. તેમ જ મલ વગેરે ભરીને અષ્ટમી તિથિની રાત્રે અધ્યાપકે પર્વત નામના પુત્રને કહ્યું - 'આ બોકડાને મંત્રથી સ્તંભિત કર્યો છે, તો તેને ઉપાડીને ત્યાં લઈ જા કે, જ્યાં કોઈ તેને દેખે નહિં, ત્યાં એને તારે હણવો - એ પ્રમાણે કરવાથી વેદના અર્થને સાંભળવાની યોગ્યતા મેળવી શકાય છે' તેણે તે વાત સ્વીકારી 'ગુરુવચન અલંઘનીય છે' એમ માનતા તેણે બોકડો ગ્રહણ કર્યો અને શૂન્ય માર્ગના મુખમાં જઈને જેટલામાં હણ્યો, તેટલામાં તે લાક્ષારસથી સર્વાંગે લેપાયો-એટલે પોતે લોહીથી ખરડાયેલો છે - એમ માનતાં સરોવરે ગયો અને સ્નાન કરીને વસ્ત્રસહિત પિતા પાસે આવીને તેણેનિવેદન કર્યું.

પિતાએ પૂછયું કે, 'તેં કેવી રીતે હણ્યો ? કારણ કે, સર્વત્ર ફરતા જૃંભક દેવતાઓ દેખે છે, તથા આકાશમાં તારાઓ, વળી તું પોતે જ દેખતો હતો, તોતું કેવી રીતે કહી શકે કે, કોઈ દેખતું ન હતું. અરે ! તારી મહામૂઢતા કેવી છે ? ત્યાર પછી જયારે અંધારી ચતુર્દશી આવી,ત્યારે નારદને કહ્યું કે, 'તારે આ પ્રમાણે હણવો.' 'એ પ્રમાણે કરીશ' એમ કહીને ગુરુના વચનનું બહુમાન કરતો તે જાય છે કે, જે સ્થાનોમાં બગીચા, દેવતાનાં ભવનો છે, તેમાં ગયો, તો ત્યાં વનસ્પતિ, તેમ જ દેવ તાઓ વગેરેને દેખ્યા. હવે ચિંતવવા લાગ્યો કે, 'એવુ કોઈ સ્થાન દેખાતું નથીકે, જ્યા કોઈ ન દેખે, તો ગુરુની વધ ન કરવાની આજ્ઞા છે.' ગુરુ પાસે આવીને પોતાની સર્વ પરિણતિ નિવેદન કરી. તેની શ્રુતાનુસારી પરિણતિથી ખાત્રી થઈ કે, 'આ વેદના અર્થ ભણવાની યોગ્યતાવાળો છે.' ગુરુ સંતોષ પામ્યા.તેઓ બોલ્યા કે - 'કહેલો અર્થ તો પશુઓ પણ સમજે છે, હાથી કે ઘોડા વગર કહ્યે પણ વહન કરે છે, પંડિત પુરુષો ન કહ્યા છતાં પણ વિચારણા કરે છે. પારકાના ઈંગિત-આકૃતિ-ચેષ્ટાદિના જ્ઞાન રૂપ ફળવાળી બુદ્ધિઓ જણાવેલીછે.' એમકહીને ત્યાર પછી જણાવ્યું કે, 'આ રહસ્યકોઈ પાસે પ્રકાશિત ન કરવું. કારણ કે, મૂઢ-મૂર્ખ પુરુષો કહેલા તત્વપદની શ્રદ્ધા કરતા નથી.' મતિવિશેષથી ગુરુએ વાત જાણી, એટલે પુત્રને નિષેધ્યો અને નારદને વેદ અધ્યયન માટે ઉચિત બુદ્ધિવાળો જાણ્યો (૨૨)

**ગાથા-અક્ષરાર્થ**-વેદનાં રહસ્ય સ્થાનો ભણાવવા બાબત શંકાવાળા ઉપાધ્યાયજીએ બે છાત્રોની પરીક્ષા કરવાનો આરંભ કર્યો. યુક્તિથી નહિં કે સાચે સાચો બોકડો આપ્યો હતો. 'ત્યાં હણવો કેજયાં કોઈ ન દેખે.' ગુરુની આજ્ઞા અધ્યાપકના ઉપદેશ સ્વરૂપ વાળી હોય છે. 'ગુરુની આજ્ઞા અલંઘનીય' હોવાથી તે માટે તેની આજ્ઞાને અનુસારે પ્રયત્ન કરવો જોઈએ. એ માટે બંનેએ વિચાર્યું હતું. પર્વત નામના શિષ્યે જ્યાં લોકોનો જવરઅવર ન હતો, તેવા સ્થળમાં રસ્તાના મુખભાગમાં અતિક્રૂરતાથી તેને મારી નાખ્યો. બીજા નારદ શિષ્યે ગુરુનાં વચનનો નિષેધમાં અર્થ કર્યો એટલે સર્વ કોઈ ન દેખે - તેના સ્થલે વધ કરવાનું કહેવાથી વધનો ગુરુએ નિષેધ જ કરેલો છે. એ કારણથી તે બોકડાનો સર્વથા વધ ન કર્યો. (૧૬૯-૧૭૦)

૧૭૧ પ્રસ્તુત બુદ્ધિશાળી માનવ સર્વ કાર્યો નિપુણ ઉપાય મેળવીને કાર્યનો આરંભ કરે છે. તેમ જ શકુનાદિ બુદ્ધિ-પૂર્વક જેમાં પોતેપાછો ન પડે-નિષ્ફલ ન નીવડે, તેમ લઘુતા ન મેળવે. કહેવાય છેકે - 'ફળનો વિચાર કર્યા વગર નિષ્ફલ આરંભ કરનારા કયા પરાભવનું સ્થાન પામ્યા વગરના રહ્યા છે ? વિચાર પૂર્વકક્રિયા કરનાર સર્વ લોકમાં ગૌરવસ્થાન પ્રાપ્ત કરનાર થાય છે. આ વિષયમાં રોહિણી નામની પુત્રવધૂથી ઓળખાતા વણિકનું દૃષ્ટાંત કહેવું. (૧૭૧)

દૃષ્ટાંતનો વિચાર કરાય છે -

## રોહિણી વધૂનું દૃષ્ટાંત

૧૭૨ થી ૧૭૯-રાજગૃહ નામના નગરમાં પોતાના વૈભવથી કુબેરને પણ હસનાર પ્રસિદ્ધ ધન નામનો વણિક હતો. લજ્જાલુતા, કુલીનતા, શીલ વગેરે અનેક ગુણના ભૂષણને ધારણકરનારી અને જેનામાં અવગુણો કોઈ નથી,તેથી અતિ શોભાને પામેલી તેની ભાર્યા હતી. તેની સાથે મનોહર વિષય સેવન કરતાં અનુક્રમે (૧) ધનપાલ (૨) ધનદેવ, (૩) ધનગોપ અને ચોથો (૪) ધનરક્ષિત-એ નામના ચાર પુત્રો ઉત્પન્ન થયા. તેઓ માતા-પિતા વગેરે વડીલ વર્ગનો વિનય કરવામાં તત્પરરહેતા હતા. તે ચારે પુત્રોને ચાર કુલવધૂઓ હતી. જેમનાં પહેલાનાં નામો તેમનાં પોતાના આચરણનાકારણે લોકોએ બદલાવીને આ પ્રકારનાંગુણાનુસાર રાખેલાં હતા. ૧ ઉજ્જિકા, ૨ ભોગવતી, ૩ રક્ષિકા અને ૪ રોહણી પોતાના કુલ-શીલને અનુરૂપ એવા તેઓના દિવસો પસાર થતા હતા. હવે ધનશેઠ વૃદ્ધ થયા. એટલે કુટુંબની ચિંતા કરવા લાગ્યા કે, 'મારા મૃત્યુપછી કઈ વહુ કુટુંબના ભારને વહન કરી શકશે ? માટેઆ ચારે વહુઓની પોતાના કુટુંબ સમક્ષ પરીક્ષા કરવી યોગ્ય છે. કુટુંબીઓની હાજરી વગર કુટુંબ શોભા પામતું નથી. ભોજન કરાવવા લાયક સુંદર મંડપો તૈયાર કરાવ્યા.સુંદર વસ્ત્રાભૂષણ સજાવ્યાં. મિત્ર, જ્ઞાતિ, સ્નેહીવર્ગને આમંત્રણ આપ્યાં. પોતાના ઘણા મનુષ્યનો ભોજન-સ્થાન પર નિમંત્ર્યા વિવિધ પ્રકારની વાનગીઓ પીરસવા પૂર્વકમહાઆદરથી તેઓને જમાડ્યા અને બીજા સત્કાર-સન્માન કરી સુખાસન પર બેસાડ્યા અને ચારે વહુઓને કલમ જાતના ડાંગરના પાંચ પાંચ દાણા આવેલા સર્વ પરોણા સમક્ષ આપ્યા અને સર્વ સમક્ષ ચારે વહુઓને કહ્યું કે, 'જે સમયે હું આ દાણાઓ પાછા માગું,ત્યારે તમારે જલ્દી પાછા અર્પણ કરવા.' તેઓએ બે હાથની અંજલિ પ્રસારીને, મસ્તક નમાવીને તે દાણાઓ સ્વીકાર્યા. બંધુજનો વગેરે પોતપોતાને સ્થાને ગયા પછી પ્રથમ ઉજ્જિકા નામની વહુએ તો પાંચે દાણાને ફેંકી દીધા. આ ગમે ત્યારે ગમે ત્યાંથી મેળવવા મુશ્કેલ નથી.જ્યારે માગશે, ત્યારે ગમે તે સ્થાનેથી મેળવીને પિતાજીને પાછા આપીશ, એમાં વિલંબ નહિ કરીશ.' બીજી ભક્ષિકા નામની વધૂએ તેના ઉપરના છોતરાં ફોલીને ખાઈગઈ. ત્રીજી રક્ષિકાએ વિચાર્યું કે, 'સસરાજીએ આવો મોટો મેળાવડોકરી ગૌરવપૂર્વક ડાંગરના પાંચ દાણા આપ્યા છે, તો કાળજીથી તેનું મારે રક્ષણ કરવું જોઈએ.' એમ ધારી ઉજ્જવલ સુંદર કિંમતી વસ્ત્રમાં રક્ષિત કરી પોતાના આભૂષણ રાખવાના ડબાનાં રાખ્યા અને ત્રણે કાળ તેની સાર-સંભાળ કરતીહતી.છેલ્લીરોહિણી નામની વધૂએ પોતાના

પિતાના ઘરેથી બંધુ વર્ગને બોલાવીને કહ્યું કે, 'આ દાણાને જુદી ભૂમિમાં રોપી, પાકેત્યારે લણી લેવા અને દરેક દાણા બીજા વરસે ફરી વાવવા. એમ દરેક વર્ષે તેમાં વધારો કર્યા કરવો.' જ્યારે વર્ષાસમય આવ્યો, ત્યારે બંધુવર્ગે પવિત્ર જળ-પૂર્ણ ક્યારામાં રોપ્યા, તેના રોપા થયા, તેને ફરી ઉખેડી ફરી વાવ્યા, ત્યારે શરદકાળમાં તે ડાંગરનો ૧ પ્રસ્થ (માપ વિશેષ) પ્રમાણ ડાંગર ઉગ્યા. બીજા વર્ષે એક આઢક પ્રમાણ, ત્રીજા વર્ષે ખારી પ્રમાણ ડાંગર નીપજ્યા. ચોથે વર્ષેકુંભ-પ્રમાણ, પાંચમે વર્ષે હજારો કુંભ પ્રમાણ ડાંગર તૈયાર થયા.પાંચ વર્ષ પૂર્ણથયા પછી આગળ માફક ભોજન માટે સર્વને નિમંત્રણ કરી બોલાવ્યા અને જમાડ્યા પછીદરેક આવેલા સ્નેહીજન સમક્ષ દરેક વધૂઓને બોલાવીનેકહ્યું કે, 'આજથી પાંચ વરસ પહેલાં મેં મારા પોતાના હાથે તમને અર્પણ કરેલા પાંચ કલમશાલી ડાંગરના દાણા મને પાછા આપો.' પહેલી ઉજ્જિકા નામની વહુને તો તે પાંચ દાણા યાદ જ આવ્યા અને વિલખી પડેલી ઘરના કોઠારથી લઈને સસરાને આપે છે,ત્યારે પોતાના સોગન પૂર્વક પછયું કે, 'આ આપેલા તે જ છે કે, બીજા કણ છે ?' ત્યારે કહ્યું કે, તે નથી. 'તો તે ક્યાં ગયા ?' ત્યારે કહ્યું કે, 'મેં તો પાંચ દાણા ક્યાં સાચવવા ? જરૂર પડશે ત્યારે ઘરના કોઠારમાં પુષ્કળ છે - એમ ધારી કચરામાં ફેંકી દીધા હતા.' (૨૫) બીજી પાસે માગ્યા ત્યારે તેણે કહ્યુંકે, 'તે તો તે જ વખતે મેં ભક્ષણ કરેલઅને આ તો બીજા છે. ત્રીજીએ રત્નના ડાભડામાંથી ઉજ્જવલ વસ્ત્રમાં રક્ષણ કરીરાખેલા હતા, તેને બહાર કાઢીને તે જ ચોખાના દાણા સમર્પણ કર્યા. હવેજે ચોથી પુત્રવધૂ હતી, તેની પાસે માગ્યા, ત્યારે તેણે પ્રત્યુત્તરમાં કહ્યું કે મેં મારા પિતાને ત્યાં પાંચ વરસ સુધી વૃદ્ધિ પમાડી છે અનેતેના કોઠારોનાં મોટા મોટા ઘરો ભરેલા છે. તેના ઓરડાઓની કુંચીઓ પૈકી. આવી આવી રીતે તેનું રક્ષણ કર્યું, ફરી વાવ્યા અને તેનો વધારો કર્યો. 'શક્તિ અનુસાર કોઈપણ કાર્ય કર્યું હોય, તો તે કદાપિ નિષ્ફલ થતું નથી.' તો હવે આપ ઘણાં ગાડાં મોકલો, તો તે સર્વ ડાંગર અહિં લાવી શકાશે-માટે આપ પૂરતાં ગાડાં મોકલીને અણાવો.' હવેતે વહુના આચરણના અનુસારે ઘરમાં, કાર્યોમાં વહુઓની યોગ્યતા પ્રમાણે વિવિધ કાર્યોમા તેમનીગોઠવણી કરી. તેમની જ્ઞાતિઓના બંધુ સમક્ષ તેમની સમ્મતિથી પ્રથમ વહુને ઘરના ઢોરાંનું છાણ સાફ કરવાનું, છાણાં થાપવાનું, કચરો બહાર કાઢવાનું કાર્ય સોંપ્યું બીજીને રસોડાનું તથા અનાજ ખાંડવા, દળવા, સાફસૂફ કરવાનું, ત્રીજીને ઘરમાંના સાર પદાર્થોનું રક્ષણ કરવાનું, ચોથી વહુને ઘરના નાયકપણાનું-બીજાઓએ દરેકકાર્ય તેની રજાથી એને પૂછીને દરેકે કરવાનાં' આ પ્રમાણે ધનશેઠને ત્યાં કોઈ પણ આજ્ઞા ઉલ્લંઘન કરતા ન હોવાથી તેની બુદ્ધિનો પ્રભાવ સમગ્ર કુટુંબમાં તે કારણે વૃદ્ધિ પામ્યો કે, પોતાની વહુઓને સહુ સહુના અનુરૂપ કાર્યોમાં નિયોજના કરી. શરદના ચંદ્રમંડલ સરખી ઉજ્જવલ કીર્તિ સમગ્ર મહીમંડલમાં ઉછલી- તે ધનશેઠની બુદ્ધિનું ફલ સમજવું.

હવે છઠ્ઠાજ્ઞાતાધર્મકથા નામના અંગમાં રોહિણીના ઉદાહરણમાં સુધર્માસ્વામીએ જે કહેલું છે, તે તમે સાંભલો. જેમ ત્યાં ધનશેઠ, તેમ અહિં ગુરુમહારાજ, જેમ જ્ઞાતિવર્ગ, તે અહી શ્રમણસંઘ, જેમ વહુઓ તેમ ભવ્યજીવો, જે ડાંગરના દાણા તે અહિં મહાવ્રતો સમજવાં. જેમ ઉજ્જિકાએ તે શાલિના દાણા કચરામાં ફેંકી દીધા, તેમ કોઈ જીવ કુકર્મવશ બનીને સમગ્ર

મનોરથની સિદ્ધિ કરનાર, ભવદુઃખથી તારનાર, અંગીકાર કરેલાં મહાવ્રતાદિકનો ત્યાગ કરીને મરણાદિ આપત્તિઓનો ભોગવનાર થાય છે. વળી બીજા કોઈ બીજી વહુની જેમ વસ્ત્ર,ભોજન, જલ વગેરેનો લાભ પામીને તેનો ભોગવટોકરીને પરલોકમાં લાખો દુઃખની ખાણ સમાન દુર્ગતિમાં હેરાનગતિ ભોગવે છે. તેનાથી જે ત્રીજો તે મેળવેલાં મહાવ્રતોને પોતાના જીવની જેમ રક્ષણ કરે છે. ત્રીજી વહુ સર્વમાં ગૌરવસ્થાન પામી. વળીરોહિણી વહુ સમાન કોઈક સાધુ પાંચે મહાવ્રતોની વૃદ્ધિ અનેક સાધુ-સમુદાયની વૃદ્ધિ કરનાર થાય,તે સંઘની અંદર પ્રધાન કે ગણધર થાય.

વ્યવહારમાં આનો બીજો પણ ઉપનયઘટી શકે છે - કોઈ ગુરુને ચાર શિષ્યો થયા. પર્યાય અને શ્રુત વડે સમૃદ્ધ એવા તે ચારે આચાર્યપણાની યોગ્યતાવાળા થયા. ગુરુ વિચારવા લાગ્યાકે, 'આ મારો સમુદાય હું કોને સમર્પણ કરું ? પ્રથમ તો તેમની પરીક્ષા કરવા માટે દેશાંતરમાં વિહાર કરાવું.' ઉચિત પરિવાર-સહિત તેમને રજા આપીને મોકલ્યા. કોને કેવી કઈ અહિં સિદ્ધિ થાય છે ? ક્ષમાદિ ગુણયુક્ત તેઓ પણ દેશોમાં ગયા. તેમાં જે સહુથી જ્યેષ્ઠ હતો,તે બહુ માયા-પ્રપંચ કરનાર,કટુ વચન બોલનાર, એકાંત અનુપકારી, આખા પરિવારને તેના ઉપર ઘણો કંટાળો ઉત્પન્ન થયો. એકદમ આખો પરિવાર તેનો ત્યાગ કરવા તૈયાર થયો. બીજો શાતા-ગૌરવપણાની અધિકતાથી પોતાના દેહની જ ટાપટીપ શિષ્યો પાસે કરાવવી, પોતાના શરીર સિવાય શિષ્યવર્ગના અધ્યાપનાદિ કે ક્રિયા તરફ લક્ષ આપતા ન હતા. ત્રીજા હતા, તે પોતાના પરિવારને સારણા, વારણા, નોદના, પ્રતિનોદના આદિ કાર્યોમાં હંમેશાં ઉદ્યમી હતા. અપ્રમત્તભાવથી ગચ્છનું રક્ષણ કરતા હતા. (૫૦) જે વળી ચોથા ગચ્છનાયક હતા, તેમણે તો સમગ્ર પૃથ્વી-મંડળમાં યશ ઉપાર્જન કર્યો. જિનેશ્વરનાં શાસ્ત્રરૂપી અમૃતના મેઘતુલ્ય દુષ્કર શ્રામણ્ય પાળવામાં તત્પર હતા. જાણે દેવલોકમાંથી અવતરેલા હોય, તેમ અતિશય સંતોષ પામેલા, પોતાના ગુણોથી પોતાના વિહાર ભૂમિતલમાં ધર્મ-પ્રભાવના કરતા, દેશના જાણકાર, કાળના જાણકાર, પારકા ચિત્તને ઓળખનાર હતા. કાળજતા મોટા પરિવાર-યુક્ત થયા અને અનેક લોક-સમુદાયને પ્રતિબોધ કર્યો. ગુરુ પાસે આવ્યા અને તે સર્વેના વૃત્તાન્તો જાણ્યા એટલે પોતાના ગચ્છને મૂકી દીધો હતો, તેને એવા પ્રકારના અધિકાર-પદે સ્થાપ્યા કે, ગચ્છમાં સચિત્ત કે અચિત્ત જે કાંઈ છાંડવા યુક્ત કે પરઠવવાં યોગ્ય હોય તેવાં કાર્યો કરવા માટે પ્રથમના શિષ્યને સ્થાપન કર્યો. સમુદાયને પ્રાયોગ્ય જે કંઈ આહાર-પાણી, ઉપકરણ વગેરે બીજાએ ઉત્પન્ન કરવું, તેમા સમુદાયમાં ગ્લાન, નવશિષ્યો વગેરેનું ચતુરાઈ પૂર્વકરક્ષણ કરવાનું કાર્ય ત્રીજા શિષ્યને સોંપ્યું. જે તેઓનો સહુથી નાનો ગુરુભાઈ હતો,તેને બહુ સ્નેહ-પરાયણ મનવાળા ગુરુએ પોતાનો આખો ગચ્છ સોંપ્યો. એ પ્રમાણે યથાયોગ્ય કાર્યની વહેંચણાં કરવા રૂપ નિયોજન કરીને તે સૂરિ અને ગચ્છ શ્રેષ્ઠ આરાધના કરી સર્વ ગુણોના આશ્રયસ્થાન બન્યા. (૫૯)

## પુત્રવધુ-પરીક્ષા

**ગાથા અક્ષરાર્થ**-રાજગૃહ નગરમાં ધનદત્ત નામના શેઠ હતા. તેમને ઉજ્ઝિકા,

ભોગવતી, રક્ષિકા અને રોહિણી એ નામની ચાર પુત્રવધુઓ હતી. વૃદ્ધાવસ્થા-સમયે ચિંતા ઉત્પન્ન થઈ કે, 'પુત્રવધુઓની પરીક્ષા કરી તેમને યોગ્ય ઘરનો અધિકાર સોંપવો.' તે માટે સ્વજનાદિકને ભોજન માટે આમંત્રીને તેમની સમક્ષ વધુઓના બંધુ સમક્ષ એક એક વહુને શાલિના પાંચ પાંચ દાણા આપ્યા. આને સાચવજો અને માગું ત્યારે પાછા આપજો એમ કહીને આદરપૂર્વક પોતાના હાથે તેમને આપ્યા. તેમાં પ્રથમ વહુએ ડાંગરના દાણા ફેંકી દીધા, બીજીએ છોલીને ભક્ષણ કર્યા, ત્રીજીએ પવિત્ર વસ્ત્રમાં બાંધીને પોતાના અલંકારના ડબ્બામાં રાખી રક્ષણ કર્યું. ચોથી રોહિણી નામની વહુએ ખેતરમાં રોપ્યા. દરેક વર્ષે રોપીને વિધિપૂર્વક કર્ષક-પ્રમાણ માપવાળા બનાવ્યા. પાંચ વર્ષના લાંબા કાળ પછી, સમર્પણ કર્યાહતા, તે સમયની માફક સગા-સ્નેહીઓને ભોજન માટે નિમંત્રીને સર્વ બંધુલોક સમક્ષ ડાંગરના દાણાની પાછી માગણી કરી પ્રથમની ઉજ્ઝિકા વહુએ તો યાદ જ રાખેલા ન હોવાથી ભોંઠી પડીને પૂર્વે આપેલા તે, તે વખતે જ સ્મરણ થયું અને તેવી અવસ્થામાં સમર્પણ ન કરી શકવાથી શું કરવું ? તેની મુંઝવણમાં પડી ગઈ. તેવી જ સ્થિતિ બીજી ભોગવતીની પણ બની. ત્રીજી રક્ષિકાએ દાગીનાના દાબડામાંથી કાઢી દાણા આપ્યા. છેલ્લીરોહિણી નામની વહુએ તો શાલિ ડાંગરના કોઠારના ઓરડાઓની ચાવી ધનશેઠના ચરણ-કમળમાં આદર પૂર્વક આપી અને કહ્યું કે, 'તમારા વચનનું પાલન મેં આ પ્રમાણે કર્યું છે. દરેક વર્ષે વાવી વાવીને વૃદ્ધિ પમાડ્યા છે. નહિંતર શક્તિ વિનાશ પામે, તો ફરી ઉગવાનું તેમાં સામર્થ્ય રહે નહિં. તેથી તમારા વચનની પણ સુંદર પાલના કરેલી ગણાય નહિં. વળી વહુઓના બંધુવર્ગ અને સ્વજનોને ધને કહ્યું કે, 'તમે પણ આ કારણથી મારા કલ્યાણ-સાધકો છો. આવા પ્રકારના વહુના આચારો નિયત કરવામાં તમો સાક્ષીભૂત છો, તેઓએ પણ કહ્યું કે, 'આ વિષયમાં જે ઉચિત હોય, તે તમો જાણો છો.' ત્યાર પછી કચરો સાફ કરી તેનો ત્યાગ કરવો, રસોડું સંભાળવું, કોઠારનું રક્ષણ કરવું. ધન-રત્નના ભંડારોનું રક્ષણ કરવું, ઘરનો સર્વ કારભાર સંભાળવો-અનુક્રમે દરેક વહુઓને પોતાનું કાર્ય શેઠે સોંપ્યું. એટલે સર્વત્ર શેઠ માટે લોકોમાં પ્રશંસા થવા લાગી.(૧૭૨-૧૭૯)

અનુબંધની પ્રધાનતાવાળા શુભ પ્રયોજનો પોતાનું સ્વરૂપ મેળવે છે, તે વાત મનમાં ખ્યાલ રાખીને 'अनुबंधं चेव जत्तेण' એ ગાથાના અંશને વિશેષ પ્રકારે સમજાવતા કહે છે –

૧૮૦ - માત્ર સારી રીતે કાર્યનો આરંભ કરે, એટલું બસ નથી, પરંતુ પ્રકૃષ્ટ ઉત્તમોત્તમ ફલ-સાધક એવા અનુગમનની પણ ગવેષણા કરે. આનુષંગિક ફલનો ત્યાગ કરીને પ્રધાનફલને શોધે.જેમ ધાન્ય વાવતાં ઘાસ પણ ઉગે અને ધાન્યપણ ઉગે.તેમા ઘાસ કે પલાલ એ આનુષંગિક ફલ કહેવાય અને ધાન્ય ફલ મળે તે મુખ્ય ફળ-પ્રાપ્તિ કહેવાય. ખેતીમાં ફોતરાં ઘાસનો ત્યાગ અને ધાન્ય-પ્રાપ્તિ એ લક્ષ્ય બુદ્ધિમાન પુરુષનું હોય છે. પ્રધાનફલ એ જ ફલ માનેલું છે. કહેલું છે કે "પ્રધાનફલને જ ફલ માનેલું છે, પરંતુ આનુષંગિકને ફલ માનેલું નથી.પંડિતો પલાલ-ફોતરાદિના ત્યાગ પૂર્વક ખેતીમાં ધાન્ય-પ્રાપ્તિની જેમ મુખ્યફલને જ ફલ માને છે." અહિં પણ અનુબંધ-નિરૂપણમાં વણિકે બે જ્યોતિષીઓને પૂછયું. તેવા પ્રકારના વ્યવહાર આરંભકાલમાં દૈવ (ભાગ્ય) જાણકાર બે જણને પૂછયું, તે ઉદાહરણ છે. (૧૮૦)

એ જ વાત કહે છે –

## પ્રધાનફળ વિષયક જ્યોતિષી ને પ્રશ્ન

૧૮૧-રાજમાં આપવા લાયક કર અથવા જકાત તે જેમાંથી છેદાઈ ગયો છે, જુદો કર્યો છે,તે કર-કૃત્ત, કરથી વીંટળાયેલ, તે કર-સહિત જે અવશ્ય આપવો જ પડે છે. ધન-ધાન્યાદિકનો વેપાર તેનાથી જે અપૂર્વ ધનાગમરૂપ લાભ. તે સંબંધી પ્રશ્નકરવા. કોઈક નગરમાં બે જ્યોતિષીઓ પાસે જઈને બે વેપારીઓએ પ્રશ્ન કર્યો કે, 'અમને દેશાન્તરના વ્યાપારમાં લાભ થશે કે નહિં ?' એમ પૂછયું ત્યારે એક વેપારીએ એક જ્યોતિષીને પ્રશ્ન કર્યો, બીજાએ બીજા જ્યોતિષીને વેપારમાં લાભ કે નુકશાનનો પ્રશ્ન કર્યો,તેમાં એકે એકને લાભ. બીજાએબીજાને પ્રતિષેધ કર્યો. એક વેપારીએ મલય આદિ દેશાન્તરમાં પોતાનું વહાણ મોકલ્યું, તેને ઘણો નફો થયો. નફાના સમાચારો આવ્યા,ત્યારે બીજાને કે જેણે માલ ભરી વહાણ મોકલ્યું ન હતું, તેને જ્યોતિષી પ્રત્યે કોપ થયો.(૧૮૧) ત્યાર પછી શું ?

૧૮૨- જ્યોતિષીએ કહ્યું કે, 'મારા પ્રત્યે રોષ ન કર, (ગ્રન્થાગ્ર ૫૦૦૦) કારણ કે, નગરમાં તે માલનું આગમન થવાનું નથી શાથી ? સાર્થ માર્ગમાં આવે છે,ત્યારે ચોરો માલનો નાશ કરશે - એ કારણે. ત્યાર પછીના કાળમાં તેમ જ બન્યું, એટલે પોતાના વહાણનો ઉપઘાત થયો નથી, તે કારણે વણિકને આનંદ થયો. જ્યોતિષીએ નિવેદન કર્યું કે, 'અમે મુખ્ય ફળ સુંદર આવે,તે પ્રમાણે વર્તનારા છીએ.' આ પ્રકારે નિરનુબંધ કાર્યનું તત્ત્વથી વિચારીએ,તો તે અકાર્ય જ છે. (૧૮૨)

આ પ્રકારે પ્રસંગથી બુદ્ધિના ગુણો તથા તેનાં ઉદાહરણો કહીને હવે 'બુદ્ધિવાળો વિચારે' એ ગાથામાં કહેલા અંશનો અર્થ વિશેષપણે વિચારવાની ઇચ્છાવાળો-વિપક્ષ જેણે જાણેલો હોય, તેને અન્વય સમજવો સહેલો પડે છે-એમ માનીને તે વિપક્ષને આશ્રીને કહે છે –

## અહિંસાનું સ્વરૂપ

૧૮૩-દુર્ગતિમાં પ્રવર્તતા જીવસમૂહને નિવારણ કરવા તત્પર એવા ધર્મનું સ્થાન એટલે જીવની પરિણતિ વિશેષરૂપ જે સ્થાનવિશેષ એવી જે અહિંસા એટલે સર્વજીવોની દયા, સર્વ ધર્મસ્થાનમાં આ અહિંસારૂપ ધર્મ એ સાર એટલે પરમાર્થ છે, આ કારણથી આ હિંસામાં જ ઉદ્યમ કરે, તેનું જ અવલંબન કરે. કેવી રીતે ? તે કહે છે. આ અહિંસા સિવાયબીજા જે ગુરુકુળવાસ,તેમનો વિનયકરવો. શાસ્ત્રાભ્યાસ વગેરે બાકીનાં ધર્મસ્થાનકો તેમજ અહિંસાનું સ્વરૂપ, તેનું જ્ઞાન લેવું, વ્રત ગ્રહણ કરવાં, વ્રતપાલન, અહિંસાનું પાલન કેમ કરવું ? તેના ઉપાયો કયા ? આ સર્વનો ત્યાગ કરીને કોઈ એક અચિત્ત પુષ્પ, ફલ,સેવાળ આદિકનું ભોજન કરે, જનરહિત અરણ્યવાસ સેવન કરનારો અજ્ઞાન-બાલ-તપસ્વી, અગીતાર્થ કે લોકોત્તર મુનિ અહિં બીજા ધાર્મિક લોકની અંદર લૌકિકનીતિ અનુસાર "ધર્મનું સર્વસ્વ શ્રવણ કરો, સાંભળીને તેનું મનમાં અવધારણકરો,તમારા આત્માને જે પ્રતિકૂળ લાગે, તે તમારે બીજા જીવો પ્રત્યે ન કરવું." (૧૮૩)

એ જ વાત અન્વય - વિધિથી જણાવે છે –

૧૮૪ - પહેલાં કહેલ ધાર્મિકથી વિલક્ષણ તો ધાર્મિક જ વિચાર છે કે, આ અહિંસા સ્વરૂપથી અને અનુબંધથી સમગ્ર કુશલલોકને અભિનંદન કરવા યોગ્ય છે આ અહિંસા ગમે તેમ જાણવી શક્ય નથી, પરંતુ આગમશાસ્ત્રથી જાણી શકાય છે. આપ્ત -પ્રમાણિક પુરુષના વચનસ્વરૂપ આગમો છે. કહેલું છે કે - "બુદ્ધિશાળી શ્રદ્ધાવાળા નજીકના મોક્ષગામી આત્માઓ પરલોકવિધિમાં પ્રાયઃશાસ્ત્રો-આગમો સિવાય બીજાની અપેક્ષા રાખતા નથી. જગતમાં અર્થ અને કામ ઉપદેશ વગર પણ લોકો પ્રાપ્તકરે છે, પરંતુ ધર્મ શાસ્ત્ર વગર મેળવી શકાતો નથી. માટે શાસ્ત્રમાં આદર કરવો હિતાવહ છે. પાપરૂપી રોગનું ઔષધ શાસ્ત્ર છે, પુણ્યનું કારણ શાસ્ત્ર છે, સર્વ પદારથને જણાવનાર-દેખાડનાર શાસ્ત્ર ચક્ષુ છે, શાસ્ત્ર સર્વ અર્થને સાધી આપનાર છે." તથા "प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा"- પ્રમાદના યોગથી જીવ અને પ્રાણનો વિયોગ થાય, તે હિંસા-આ હિંસાનો હેતુ કહેવાય. હિંસાનું સ્વરૂપ જણાવે છે - આ જગતના ત્રણે લોકમાં આધિથી વ્યાધિથી અને ઉપાધિથી જે દુઃખ ઉત્પન્ન થાયછે,તે સમગ્ર ફલજો હોય તો હિંશારૂપી વિષવૃક્ષનું જ છે. આનાથી વિલક્ષણ રીતે અહિંસાની યોજના કરવી.સૂત્ર અને અર્થરૂપ આગમ સર્વહિતની પ્રવૃત્તિ અને અહિતની નિવૃત્તિના કારણરૂપ આગમશાસ્ત્ર ગુરુથી જ મેળવી શકાય છે.ગુરુનું લક્ષણ આ પ્રમાણે "શાસ્ત્રના અર્થનાજાણકાર શ્રેષ્ઠ નિઃસંગતતાને પામેલા, ભવ્યજીવોરૂપી કમલને વિકસિત કરનાર સૂર્યમંડલ સમાન ગુરુઓ હોય છે.ગુણોનું પાલન તથા વૃદ્ધિ જેનાથી થાય અને હંમેશાં ભણાવવામાં સાર્થવાહ સમાન ગુરુ મહારાજ હોય છે." બીજા સ્થાને કહેલું છે કે - "જે કારણથી શાસ્ત્રના આરંભો ગુરુને આધીન હોયછે. માટે આત્મહિતના અર્થીઓએ નિરંતર ગુરુની આરાધના કરવામાં તત્પર રહેવું. સંસારમાં ઉત્પન્ન થયેલ કષાયદોષને જેઓય ગુરુના સહારા વગર ઉલ્લંઘન કરવાની અભિલાષા રાખે છે, તેઓ ખરેખર ભયંકર મગરમચ્છાદિ જલચરોથી ભરપૂરએવા સમુદ્રને નાવ વગર તરવાની ઇચ્છા કરે છે." કાલ,વિનય બહુમાન આદિ વિધિપૂર્વકગુરુ પાસે શ્રુત ભણવું. અવિધિથી મેળવેલ શ્રુતજ્ઞાન ઉલટું નુકશાનકારક ફલ આપનાર હોવાથી ન મેળવેલ જ્ઞાન સરખું માનવું. અપાય એટલે નુકશાન આ પ્રકારે સમજવું. "ગાંડપણ મેળવે. રોગ-આતંક લાંબા કાળ સુધીચાલે,જેથી ભણી શકાય નહિં. તીર્થંકર ભાષિત ધર્મથી ભ્રષ્ટ થાય." આવા પ્રકારનું આગમશ્રુત વિધિપૂર્વક ગુરુ પાસેથી પ્રાપ્ત થાય, એટલે શ્રવણકરવાની અભિલાષા,ગ્રહણ કરવું તે.આદરપૂર્વક પ્રયત્ન કરવો,તે લોકોત્તર નીતિ, એકની પાછળ બીજો ગતિ કરે, તે રૂપ લોકહેરિની પ્રવૃત્તિ તે લૌકિક-કુતીર્થિક આદિ ભેદથી ભિન્ન છે તેનાથી ચડિયાતી :ઉપર વાળી નીતિ છે તે સર્વ વિદ્વાન લોકોના વચનને અનુસારે લોકોત્તર નીતિ છે. આના વિષે બુદ્ધિધન પુરુષ પ્રયત્ન કરે છે. એવી રીતે સારીરીતે વાપરેલા ઔષધથી રોગ ચાલ્યો જાય. તેમ ભવભ્રમણનો રોગ પણ મહાપુરુષનો ઘટી જાય છે. એ પ્રકારે આ આગમ સર્વાંગે પરિણમન પામે છે. આગમ-ઔષધના સેવનથી તેવા તેવા ભવવિકારોથી મુક્ત થાય છે. (૧૮૪)

શંકા કરી કે-એવો પુરુષ આગમ વિષે કેમ અત્યંત પ્રયત્ન કરે છે અને અહિંસામાં તે કેમ તેટલો પ્રયત્ન કરતો નથી ?

## આજ્ઞામાં ઉપયોગ સહિત-રહિત પણાનાં બે દૃષ્ટાંત

૧૮૫-જે કારણથી આજ્ઞાથી જ દેશચારિત્ર, કે સર્વચારિત્ર જીવોને પ્રાપ્ત થાય છે, પરંતુ બીજા પ્રકારે નહિં. બીજા સ્થાને પણ જણાવેલું છે કે - 'વચનાનુસાર આરાધના કરવાથી ખરેખર ધર્મ થાય છે અને વચનની બાધા વડે તો અધર્મ થાય છે. અહીં આ જ ધર્મનું ગુહ્યરહસ્ય છે અને એનું સર્વસ્વ છે. આ વચન આજ્ઞા-આગમ જો હૃદયમાં રહેલું હોય, તો જ તત્ત્વથી તે મુનીંદ્ર છે. ભગવંતની આજ્ઞા હૃદયમાં વર્તતી હોય તો નક્કી સર્વ અર્થની સિદ્ધિ થાય છે.' આ વાત આધાકર્મ આદિના દૃષ્ટાંતથી સિદ્ધ થાય છે. અહિં આધાકર્મ- 'સાધુના માટે સચ્ચિત્તને જે અચિત્ત કરવામાં આવે, વળી અચિત્ત વસ્તુને જ જે પકાવે, તે આધાકર્મ કહેવાય.' એ વગેરે સૂત્રમાં કહેલા લક્ષણવાળા અન્ન-પાણી, આદિ શબ્દથી પ્રાસુક અચિત્ત અને એષણીયનો પણ અહીં સ્વીકાર કરવો. તેનું આ ઉદાહરણ પિંડનિર્યુક્તિમાં કહેલું છે. તે આ પ્રમાણે કોઈક ગામમાં કોઈક ભદ્રક બુદ્ધિવાળા, દાનમાં શ્રદ્ધાળુ. જૈનશાસનને અનુસરનારા એવા શ્રાવકેસર્વ સંઘની ભક્તિ કરવા માટે ભોજન તૈયાર કરાવ્યું. તેને ગ્રહણ કરનારા એવાવેષધારી નામસાધુઓને પાત્રાં ભરી ભરીને ભોજનદાન આપ્યું. નજીકના ગામમાં રહેનાર વેષમાત્રથી આજિવીકા ચલાવનાર કોઈક સાધુના ગુણ વગરના એવા સાધુએ તેની ઉદારતાનો દાનનો વૃત્તાન્ત સાંભળ્યો. બીજા દિવસેતે ત્યાં આવી પહોંચ્યો. શ્રાવકે આવવાનું પ્રયોજન પૂછયુ. તેણે કહ્યુંકે, 'તમારા ઔદાર્ય સિવાય બીજું મને આવવાનું કોઈ કારણ નથી.' તે દિવસે તેના ઘરે જમાઈ વગેરે ઘણા પરોણાઓ આવ્યા હતા. દાળ-ભાત,પકવાન્ન વગેરે અનેક વાનગીઓ પરોણાઓ માટે તૈયાર કરીહતી. પેલા શ્રાવકે પણ સાધુનાં પાત્રાંઓ ભરાય, તેટલું ભોજનદાન કર્યું. સાધુએ પણ ભોજન કર્યું.

તથા કોઈક નગરમાં કોઈક તપસ્વી સાધુ મહિને મહિને ઉપવાસ કરી પારણું કરતાહતા. પારણાના દિવસે તેગામમાં લોકો ભક્તિથી સાધુ માટે તૈયાર કરી વહોરાવશે એટલે ભિક્ષાનાદોષ લાગશે-અકલ્પ્ય મળશે એમ સંભાવના કરતા અજ્ઞાત કુળની ભિક્ષા મેળવવાની ઇચ્છાથી નજીકના ગામે ગયા. ત્યાં એક મોટા કુટુંબની ભદ્રિક પરિણામવાળી, સાધુને દાનઆપવાની અતિશ્રદ્ધાવાળી શ્રાવિકાએ મોટા પ્રમાણમાં ખીર રાંધીને તૈયાર કરી જો બહુ આદર કહીને વહેરાવીશ, તો તે મુનિ નહીં ગ્રહણ કરે તેને ગ્રહણ કરાવવાનો કોઈ અપૂર્વ ઉપાય શોધતી હતી. એવામાં તેને બુદ્ધિ ઉત્પન્ન થઈ અને નાનાબાળકોને શીખવી રાખ્યું કે- 'તપસ્વી મુનિ જ્યારે ભિક્ષા માટે આવે, ત્યારે તેમના સમક્ષ જ્યારે હું તમને ક્ષીર પીરસું, ત્યારે અરુચિવાળાં વચનો વડે 'આ ખાવા લાયક નથી' તેમ અનાદર કરી પ્રતિષેધ કરવો. બાળકોએ તેમ કર્યું. તપસ્વી મુનિએ 'દ્રવ્યાદિકનો તીવ્ર ઉપયોગ મૂકી સર્વ પ્રકારે આ નિર્દોષ આહાર છે' એમ વિચારી કેવલી ભગવંતના વચનની આરાધનાથી પ્રધાન ઉપયોગ પૂર્વક ક્ષીરાન્ન ગ્રહણ કર્યું. તે ભોજન કરવા લાગ્યા, ત્યારેચિંતવવા લાગ્યા કે - "હે જીવ ! એષણાના બેંતાલીશ દોષ વગરની ભિક્ષા ગ્રહણ કરવામાં તું છેતરાયો નથી, તો હવે ભોજન કરતી વખતે રાગદ્વેષથી ન ઠગાયે, તેની સાવધાની રાખજે."ઇત્યાદિ શુભ ભાવના ભાવતાં તેઓએ ક્ષપકશ્રેણિ પ્રાપ્તકરીને કેવલજ્ઞાન પ્રગટ કર્યું.

પ્રથમના સાધુને સર્વજ્ઞની આજ્ઞાના ઉપયોગ-રહિત હોવાથી શુદ્ધ નિર્દોષ પિંડ ગ્રહણ કરતાં કરતાં ક્લિષ્ટ કર્મનો બંધ થયો. બીજા તપસ્વી મુનિએ કુશલતા પૂર્વક દ્રવ્ય, ક્ષેત્ર આદિનો ઉપયોગ મૂકીને તે અશુદ્ધ ગ્રહણ કર્યો, તો પણ તે કેવલજ્ઞાન ફળ અને નિર્જરા-લાભ કરનાર થયો. માટે જ શાસ્ત્રમાં કહેલું છે કે - "અચિત્તનું ભોજન કરનાર હોય પરંતુ આધાકર્મ આહારને ટાળવા પ્રયત્ન ન કરે, તો તેને કર્મબંધ કરનારો કહેલો છે. અને શુદ્ધ આહારની ગવેષણા કરતો કદાચ આધાકર્મનું ભોજન કરે તો પણ તેને શુદ્ધ ગણેલો છે." માટે આગમને વિષે શ્રવણ ઇચ્છા, શ્રવણ તેમ જ ભણવું વગેરે રૂપ પ્રયત્ન કરવો. સર્વ મોક્ષના અભિલાષીઓ ને આ આગમ જે મોક્ષનો હેતુ છે, તેના પ્રત્યે પ્રયત્ન વગર મોક્ષનો અભાવ સમજવો વળી કહે છેકે - 'જેમ અતિશય મલિન વસ્ત્ર હોય, તો જલ તેની શુદ્ધિ કરનાર છે, તેમ અંતઃકરણરૂપી રત્નને નિર્મળ કરનાર હોય,તો આગમ શાસ્ત્રો છે-એમ પંડિતો કહે છે.' જગતને વંદનીય એવા તીર્થંકર પરમાત્માએ શાસ્ત્રમાં ભક્તિને મુક્તિની મોટી દૂતીકહેલી છે. માટે અહીં આગમંમા જઆ ભક્તિ ઉચિત છે, મુક્તિની નિકટ પહોચેલાને આ શાસ્ત્રભક્તિ પ્રાપ્ત થાય છે.

આ જ વાત સ્પષ્ટરીતે વિચારતા કહે છે કે -

૧૮૬-જિનવચન ઉલ્લંઘન કરવા રૂપ આજ્ઞા-બાધાથી શુદ્ધ આહારાદિ આધાકર્માદિ સર્વ એષણા કરીને શુદ્ધ પણ પિંડ મેળવ્યોહોય, તો પણ પ્રથમસાધુ માફક દોષવાળો ગણેલો છે. આજ્ઞાને બાધા પહોંચાડ્યા વગર જે આહારાદિ ગ્રહણ કર્યા,તે તદન પ્રગટ આધાકર્માદિ દોષવાળા હોવા છતાં પણ તેબીજા સાધુની જેમ શુદ્ધ છે. આવા પ્રકારની જિનેન્દ્રની આજ્ઞા છે. લૌકિકો પણ બોલે છે કે - "મનુષ્યને ભાવશુદ્ધિ કાર્ય સાધનારી છે. પત્નીને પ્રેમભાવથી આલિંગન કરાય છે અને બહેનને વાત્સલ્યભાવથી આલિંગન કરાય છે." આલિંગન સમાન છતાં મનોભાવ જુદા જુદા પ્રકારના વર્તે છે, તેમ ધર્મમાં આજ્ઞા પ્રધાન છે. આજ્ઞા વગરનો ધર્મ તે વાસ્તવિક ફળ આપનાર થતો નથી, પરંતુ સંસારમાં વધારે રખડાવનાર થાય છે.

## આજ્ઞાબાહ્ય અને સ્વેચ્છાએ શુભક્રિયા કરે તો પણ પરિણામ અશુભ છે.

૧૮૭- આજ્ઞાબાહ્ય ધર્મ-પોતાની ઈચ્છામાત્રથી પ્રવૃત્તિ કરે, તો તે પરિણામ કદાપિ શુભ હોય, તો પણ અંતઃકરણની પરિણતિરૂપ પરિણામ અશુદ્ધ જ છે, કેમ કે, જગતના સર્વ જીવો પ્રત્યે વાત્સલ્યભાવ રાખનાર તીર્થંકર ભગવંતમા અને તેમના વચનમાં અબહુમાન હોવાથી અસદ્ગ્રહ રૂપ ખોટો આગ્રહ રાખવાથી આગળ જણાવશે કે, ગોચરી-પાણીની શુદ્ધિનું કારણ આગળ કરીને જે કોઈ ગુરુકુલવાસનો ત્યાગ કરે ઇત્યાદિની માફક અહિં સમજી લેવું. મોરપીંછ માટે શબર રાજાએ સંન્યાસી પાસે મનુષ્ય મોકલ્યા અને કહ્યું કે, 'તેમના આશન કે કપડાનો સ્પર્શ કરવાથી પાપ લાગે, માટે દૂરથી બાણ મારીને મોરપીંછ લાવવા' તેના સમાન આજ્ઞાબાહ્ય સમજવો. જેકોઈ પણ તેનાં વચનથી નિરપેક્ષ પ્રવર્તતો હોય, તે તેના વિષે બહુમાનવાળો ન થાય. જેમ કપિલ વગેરે બુદ્ધ કે શિવ દેવતા-વિશેષમાં બહુમાનવાળા નથી,કા.કે તેનાવચનની પોતે અપેક્ષા રાખતો નથી. જિનના વચનમાં નિરપેક્ષ એવો સાધુ

ગુરુકુલવાસ વગેરેનો ત્યાગ કરે અને શુદ્ધ પિંડેષણા કરનારું સાધુ ભગવાનના ઉપર બહુમાનવાળો નથી. (૧૮૭)

તેની શુભલેશ્યાને દૃષ્ટાંત દ્વારા તિરસ્કારતા કહે છે –

૧૮૮-ગલ એટલે જેનાછેડા ઉપર માંસ રાખેલહોય, તેવો લોહમય કાંટો મત્સ્યપકડવા માટેપાણીની અંદર સંચાર કરાતો હોય, તે માંસ ખાય એટલે ગળામા કાંટો ભોંકાય અને પકડાઈ જાય અને મોતને શરણ થાય. ગલથી ઓળખાતો મત્સ્યં ઘણા દુ:ખવાળા કુયોનિવાળા દુ:ખી જીવો-જેવા કે, કાગડા, શિયાળ, કીડીઓ, કીડામાખો વગેરેને કુત્સિત વચનના સંસ્કારથી 'પ્રાણનો વિયોગ કરાવી તેઓને ભવદુ:ખથી મુક્તકરવા'-તે 'ભવવિમોચક' નામના પાખંડિ-વિશેષો, વિષભેળવેલ અન્ન ખાવાના સ્વભાવવાળા આ વગેરેના જે પરિણામ હોય છે, નુકશાન ફલ આપનાર થાય. ગલમત્સ્યાદિના પરિણામની માફક જિનાજ્ઞા ઉલ્લંઘન કરનારના પરિણામ ધર્મ આચરવાના પરીણામ હોવાછતાં અશુભ જહોય છે. આજ્ઞાના પરિણામ નીઅશુભ ફળ હોવાથી તેનું શૂન્યતા હોવાથી બંને સ્થલે તુલ્ય ફલ છે. (૧૮૮)

શંકા કરી કે - શાકારણે શુભ પરિણામ છતાં શાથી મોહથી અશુભ પરિણામ પામે છે? તેના સમાધાનમાં જણાવે છે કે –

## ત્રણ પ્રકારનાં રાગનું સ્વરૂપ

૧૮૯-જે કોઈ રાગ કે દ્વેષ તેમાં રાગ એટલે સ્નેહ, તે ત્રણ પ્રકારનાછે (૧) સ્નેહરાગ, (૨) કામરાગ અને (૩) દૃષ્ટિરાગ. તેમાં પિતા-માતા વગેરે સ્વજન લોકના આલંબનવાળો સ્નેહરાગ, પ્રિયપત્ની વગેરે સંબંધી રાગ તે કામરાગ, ત્રીજો દૃષ્ટિરાગ તેકહેવાયકે,જુદા જુદા દર્શન-મતવાળાઓનેપોતાના દર્શન વિષે યુક્તિ માર્ગમાં ઉતરવાનું સહન ન કરી શકે અને તેમનો તે ને દર્શનમાં રાગ કમ્બલ ઉપર લાગેલ લાક્ષારંગ માફક તે લાગેલા ઉતારવો અશક્ય હોય, જે પંહેલાંના બે રાગની અપેક્ષાએ સ્વમતમાં અતિદૃઢ મમતા હોય,તે દૃષ્ટિરાગ.

દ્વેષ એટલે મત્સર, તે પણ સચિત્ત અને અચિત્ત દ્રવ્ય સંબંધી હોય, તેથી બે પ્રકારનો.

આવા રાગ ને દ્વેષ તે લગભગ ફરી પેદા ન થાય તેવા સ્વભાવાળા થયેલા હોવાથી મંદ રાગ-દ્વેષ,અથવા નિર્બીજને અભિમુખ થયેલા એવા મંદ રાગ-દ્વેષ જેને વિષે હોય, તે પરિશુદ્ધ સ્વભાવવાળો જણાવેલો છે. આમ હોવા છતાં પણ પ્રબળ મિથ્યાત્વમોહનીયનો ઉદય થાય. ત્યારે, ફરી તેવા કોઈ ગુણી પુરુષ ઘણી સારી સમજ આપે, તો પણ તે મોહોદય એટલો બળવાળો વૃદ્ધિ પામ્યો હોય કે, અસાધ્યરોગ માફક માર્ગે આવી શકતો નથી. તેના રાગ-દ્વેષની મંદતા થતી નથી. આ રાગ-દ્વેષની શક્તિ કમજોર બનીજાય એની મંદતા થવા માટે નજીકના જે સભ્યોહોય, તેના દેખતાં આપ પોતે જ પ્રયોજન દેખો કે આ રાગ-દ્વેષની મંદતા થાય. એ માટે 'હન્દિ' શબ્દ વાપર્યો. કારણની મંદતા પામ્યા વગરકાર્ય મંદ થવાની શક્યતા ગણાય નથી. મહાહિમ પડે ત્યારેપ્રાણીઓના શરીરમાં રોમ એકદમ ખડાં થઈ જાય છે,એવો વિકાર થાય છે. તેમ રાગ-દ્વેષ થાય એટલે મોહનીયનો ઉદય થાય. (૧૮૯)

વળી શંકા કરી કે, કેટલાક મિથ્યાત્વીઓને પોતાના પક્ષમાં દઢ અનુરાગ હોય છે, છતાં પણ તેમનામાં મતનો પ્રબળ મોહોદય હોવા છતાં ઘણો જ ઉપશમ દેખાય છે,તો તે ઉપશમ કેવીરીતે ઉત્પન્ન થયો હશે ?

૧૯૦-વાત, પિત્ત,શ્લેષમ એ ત્રણે એકસામટા સંક્ષોભ પામે, ત્યારે સન્નિપાત નામનો વ્યાધિવિશેષ ઉત્પન્ન થાય છે. તે રોગ દેહમાંથી સર્વથા નીકળી ગયો નથી તો પણ કાળબળથી તેનું જોર ઘટી ગયું હોય, ત્યારે તે સન્નિપાતમાં સ્વસ્થતા પામેલો ગણાય,તેવી અવસ્થા હોવા છતાં, પણ પૂર્વની અવસ્થાની અપેક્ષાએ ફરી ઘણો સંભોક્ષ ઉત્પન્ન થાય. માટે અમો જે કહીએ છીએ,તે બરાબર જાણીને તેનું અવધારણ કરો કે તેનું પરિણામ મૂર્છા. ગાંડા માફક પ્રલાપ કરવા, શરીર ભાંગવું એ રૂપ દુઃખ જ ફળ મેળવવાનું છે. આજ્ઞાબાહ્ય એવા રાગ-દ્વેષની મંદતા થવાથી તેવા પ્રકારના દેવભવનું ઐશ્વર્ય, મનુષ્યજન્મ રાજ્યાદિ-સુખ કેટલોક સમય પ્રાપ્ત થાય, પરંતુ પાપાનુબંધી પુણ્યના કારણે ભગવંતના સધ્ધર્મરૂપ બીજ વાવવાની વિધિમાં એકાંતે કોણિક બ્રહ્મદત્ત વગેરેની જેમ દુરંત પાપના ભારવાળા આત્માઓને આ સ્વસ્થતાના ભાવી કાળમાં દુઃખપરિણામતુલ્ય આ શમ એટલે કષાયની મંદતા સમજવી. જેના પ્રબલ મિથ્યાત્વાદિ મંદ પડેલા નથી, એવા રાગ-દ્વેષો તે પાપાનુબંધી શાતાવેદનીય મિથ્યાત્વમોહનીય કર્મના બંધહેતુઓ થાયછે. તેથી કરીને ભવાંતરમાં જ્યારે મિથ્યાત્વમોહનો ઉદય થાય છે, ત્યારે હિતાહિતકાર્યોમાં મૂઢતા પામેલા, મલિન પાપકર્મ કરનારા, પૂર્વે પાર્જન કરેલા પુણ્યાભાસ સ્વરૂપ કર્મ પૂર્ણ થાય-અર્થાત્ પાપાનુબંધી પુણ્ય ભોગવી લીધા પછી જીવો પાર વગરના નારાકાદિ દુઃખ-પૂર્ણ સંસાર-સમુદ્રમાં ડૂબી જાય છે. (૧૯૦)

આ જ બીજા તીર્થાન્તરીયના મત સાથે સંવાદ કરતા કહે છે –

## દેડકાનું ચૂર્ણ અને ભષ્મનું દૃષ્ટાંત

૧૯૧- આજ્ઞાબાહ્ય હોય તેવા જીવોના બાલતપ, બ્રહ્મચર્ય, અકિંચનતા, અકામ ટાઢ, તડકા સહન કરવા રૂપ ક્રિયા વિવેક-રહિત હોવાથી તેમની શમાવસ્થા દૂર કરેલી છે. અને જે કામ, ક્રોધ, લોભ, અહંકાર વગેરે દોષો છે, તે તેવા પ્રકારના પ્રયોગથી દેડકાના ચૂર્ણ-સમાન ગણેલા છે. દેડકાઓ માર્ગમાં ઘણા ઉત્પન્ન થાય. ગાડાના પૈડાં નીચે આવી તેના કલેવરોનો જીણો ભૂક્કો થાય, તે દેડકાનું ચૂર્ણની જેમ મંડૂક-ચૂર્ણ થાય અને ભાવનાથી તો તે ભસ્મ-સમાન થાય છે. દેડકાના ચૂર્ણથી ફરી દેડકાની પરંપરા ચાલે છે. જ્યારે ભાવનાથી તો કર્મની સર્વથા ભસ્મ થાય છે. એટલે ભસ્મમાંથી ફરી નવા દેડકા ઉત્પન્ન થતા નથી. જ્યારે ચૂર્ણથી વરસાદના પાણીના યોગે અનેક નવા દેડકા-દેડકીઓ ઉત્પન્ન થાય છે. તેમ આજ્ઞાબાહ્યોની ક્રિયાથી સંસાર-પરંપરા ચાલ્યા કરે છે - છેડો આવતો નથી. (૧૯૧)

૧૯૨- સર્વ અર્થમાં નિઃશંક બોધયુક્ત તેવા પ્રકારના વ્રતાદિ -સેવન કરવા યોગે જેણે કલેશો દૂર કર્યા છે, તે અપુનર્ભાવયોગથી. હવે પ્રથમ પુનર્ભાવયોગની વ્યાખ્યા સમજાવે છે. તેવા પ્રકારની સામગ્રીના કારણે ફરી મિલન થવું, તેનો નિષેધ થવાથી અપુનર્ભાવયોગ, તેનાથી સમજવું. અગ્નિમાં બળી ગયેલ દેડકાના કલેવરની રાખ સરખો અપુનર્ભાવયોગ હોય છે. કેવી રીતે ? કષ, છેદ, તાપ, તાડનરૂપ સુવર્ણની પરીક્ષા કરીને ગ્રહણ કરેલ સુવર્ણમાં બીજી હલકી ધાતુની શંકા રહેતી નથી. તેના સરખા તીર્થંકર પ્રભુના સુવચનના યોગથી કલેશો અપુનર્ભાવથી નાશ પામે છે. જેમ દેડકાના કલેવરનું ચૂર્ણ, અગ્નિના દાહ વગર નિર્જીવતા પામેલ છતાં પણ તેવા પ્રકારના વરસાદના જળથી અનેક દેડકાઓ તત્કાલ ઉત્પન્ન થાય છે, તે જ પ્રમાણે મન વગરની માત્ર કાયાની ક્રિયાથી કલેશો નાશ પામ્યા છતાં ભવાંતરમાં તેવા પ્રકારના રાજ્યાદિલાભ સમયે પુણ્ય-ભોગવટો કરતી વખતે રાગ-દ્વેષ આસક્તિ કરી નરકાદિક ફળ મેળવે છે. તે જ ચૂર્ણ જો અગ્નિમાં બળી ભસ્મ બની જાય, તો નિર્બીજપણાને પામેલ હોવાથી તેવા પ્રકારના વરસાદના જળ આદિની સામગ્રી મળવા છતાં પણ ફરી રાખોડામાંથી દેડકા થતા નથી. તે જ પ્રકારે સર્વજ્ઞની આજ્ઞાના સંપર્કવાળા આકરી ક્રિયાના યોગ-બળથી કલેશોનો ક્ષય કર્યો અને પછી ચક્રવર્તી આદિ પદની પ્રાપ્તિ થવા છતાં પણ આત્માને તેમાં લુબ્ધ થવા દેતા નથી. અને કર્મકલેશને નિર્મૂળ બાળી નાખનારા થાય છે. (૧૯૨)

શંકા કરી કે, 'તીર્થંકર ભગવંતના સુવચનને બરાબર જાણેલા-સમજેલા નથી, તેવા કેટલાકને શાસ્ત્રમાં ચારિત્રરૂપ શુભ પરિણામ માનેલા સંભળાય છે, તો તેઓને કેવી રીતે તેવા પરિણામ થયા ?' તેની શંકાના સમાધાનમાં કહે છે –

૧૯૩ -આગમમાં પ્રસિદ્ધ એવા માસતુસાદિક જડ સાધુઓને તો જીવાજીવાદિક તત્ત્વ-વિષયક સ્પષ્ટ શ્રુતના ઉપયોગનો અભાવ છતાં પણ માર્ગાનુસારીપણાથી તીવ્ર મિથ્યાત્વમોહનીયના ક્ષયોપશમભાવથી શુભ-અવિપરીત સામાન્યપણે અતિવિશેષ અર્થ અવધારણ કરવા માટે અસમર્થ એવાપ્રકારના વસ્તુ-તત્ત્વને જાણવારૂપ જે સમ્યગ્જ્ઞાન એવા તે જ્ઞાનના યોગથી, તેઓ બહારથી બહુશ્રુત ન ભણેલા છતાં પણ અતિતીક્ષ્ણ સૂક્ષ્મ પ્રજ્ઞા વડે બહુ ભણાવનાર જાડી બુદ્ધિવાળા પુરુષે ન જાણેલું તત્વ સારી રીતે સમજી જાય છે. તે માટે કહેલું છે કે - "તીક્ષ્ણ બુદ્ધિવાળા અલ્પ સ્પર્શકરે છે અને બાણની જેમ અંદર પ્રવેશકરે છે, સ્થૂળપુરુષો પત્થર માફક ઘણો સ્પર્શ થવા છતા બહાર જ રહે છે." અહીં માર્ગાનુસારી એટલે માર્ગ તે કહેવાય કે, 'ચિત્તનું સીધે માર્ગે ગમન થવું, નળીમાં સર્પ સીધો ચાલે તેના સરખો, વિશિષ્ટ ગુણસ્થાન-પ્રાપ્ત થવાના કારણે પ્રકર્ષવાળા ગુણોને પામેલો, આત્મગુણમાં રમણતા કરતો, એવો જીવનો પરિણામ-વિશેષ, તેને અનુસરતો તેવા પ્રકારના સ્વભાવવાળો જે છે, તેનાથી શુભ પરિણામવાળો સમજવો.

## માસતુષમુનિ નું દૃષ્ટાંત

ગુણરત્નના મહાનિધાન સમાન શ્રુતના અર્થી એવા અનેક શિષ્યોથી સેવાતા ચરણ-કમળવાળા, સૂત્ર અને અર્થરૂપી જળનું દાન આપવામાં મેઘ સમાન, તેમ જ કોઈ દિવસ તેમને

તેમાં શ્રમ લાગતો ન હતો, સંઘાદિ કાર્ય-ભારનો વિસ્તાર કરવા માટે વૃષભ સમાન એવા કોઈક આચાર્ય હતા. તે આચાર્યના બીજા એક ભાઈ હતાકે, જેઓ વિશિષ્ટ શ્રુતથી રહિત હતા, પોતાની ઈચ્છા પ્રમાણે ખાવા-પીવાનાં સ્વાર્થક્રિયા, નિદ્રા લેવી ઈત્યાદિ કાર્યોમાં પ્રમાદ વગરના હતા. કોઈક દિવસે આચાર્ય થાકી ગયા હતા, છતાં અલ્પબુદ્ધિવાળા અવસરને નહિં ઓળખનારા શિષ્યોએ તેમની પાસે વ્યાખ્યાન કરાવ્યું. ત્યાર પછી થાકેલ દેહવાળા હોવાથી વ્યાખ્યાન કરવા અસમર્થ પણાથી ચિત્તમાં ખેદ પામ્યા અને આ પ્રમાણે ચિંતવવા લાગ્યા કે - 'ખરેખર આ મારોભાઈ પુણ્યશાળી છે. કારણ કે, જ્ઞાનાદિ ગુણ વગરનો સુખેથી આરામ કરે છે, સૂવે છે, કોઈની પરાધીનતા નથી. અમે તો નિર્ભાગી અધન્ય છીએ કે, પોતાના જ્ઞાનાદિક ગુણોવડે પારકાને વશ રહેવું પડે છે અને સુખેથી બેસવા પણ પામી શકાતું નથી. આમ ચિંતવતા તે આચાર્યે અજ્ઞાનાદિ-નિમિત્તે અતિ ઉગ્ર જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યું. તેણે તે વિચારની આલોચના ન કરી અને મૃત્યુ પામી દેવલોકે ગયા, ત્યાંથી ચ્યવેલા તેણે કોઈસારા કુળમાં જન્મ ધારણ કર્યો. કોઈક સમયે સાધુના સમાગમથી જિન શાસનમાં પ્રતિબોધ પામ્યા. વૈરાગ્ય પામી સદ્ગુરુ પાસે દીક્ષા અંગીકાર કરી.ત્યાર પછી આચાર્યની પાસે સામાયિક શ્રુતજ્ઞાન ભણવા લાગ્યા. જન્માન્તરમાં ઉપાર્જન કરેલ જ્ઞાનાવરણીય કર્મ ઉદયમાં આવ્યું. તે કર્મના ઉદયથી તે સાધુ એક પદ પણ મુખપાઠકરી શકતા નથી. અવિશ્રામપણે ગોખવા છતાં તેમજ બહુમાન હોવા છતાં પણ તેને જ્ઞાન ચડતું નથી. તે સાધુને ભણવામાં અશક્ત જાણીને સામાયિક શ્રુતનો અર્થ સંક્ષેપથી આ પ્રમાણે ભણાવ્યો કે 'मा रुस, मा तुस' અર્થાત્ - કોઈના ઉપર રોષાયમાન કે તોષાયમાન ન થા - એ પ્રમાણે ભક્તિથી ગોખાવા લાગ્યા, તેમાં પણ વિસ્મરણ થાય છે. ત્યારપછી પણ મહાપ્રયત્નથી યાદ કરીને કંઈક ગોખવા લાગ્યા અને તેમાં પણ તુષ્ટ થયેલા તેઓ 'માસ તુસ, એટલા જ માત્ર શબ્દ ગોખવા લાગ્યા. ત્યારપછી તેટલું જ માત્ર ગોખવાથી બાલિશએવા રમતિયાળ છોકરાઓએ 'માસ તુસ' શબ્દ ગોખવાના કારણે એ મહાત્માનું નામ પણ 'માસ તુસ'પાડી દીધું. હજુ પણ મોહથી એટલુ પદ પણ વીસરી જાય છે,ત્યારેબાળકો શૂન્યચિત્ત અને મૌન રહેલા, તે મુનિની મશ્કરી કરવા લાગ્યા કે,'અહો ! માસ તુસ મુનિ ગોખતા નથી અને મૌન કરીને બેસી રહેલા છે.' આમ કહેવાયેલા તે મુનિ એમ માનવા લાગ્યા કે, 'અરે ! તમે સારું કર્યું કે, મને યાદકરાવી આપ્યું' ત્યારપછી બાળકોનો ઉપકાર માનતા ફરી ભણવા લાગ્યા, સાધુઓ તો તે પ્રકારે સાંભળીને આદરપૂર્વક તેમને નિવારણ કરતાહતા કે,તમે આમ નહિં, પણ 'મા રુસ, મા તુસ' એમ બરાબર શુદ્ધ ગોખો એમ કહેવાથી પ્રમોદ પામેલા તે પ્રમાણે ગોખવા લાગ્યા. એ પ્રમાણે સામાયિકાદિના અર્થમાં પણ અશક્ત એવા તેણે ગુરુભક્તિથી જ્ઞાનના કાર્યરૂપ કાલે કરીને કેવલલક્ષ્મી પ્રાપ્ત કરી. (૨૧) (૧૯૩)

## ધર્મની પ્રાપ્તિગુરૂકુલ વાસ થી થાય છે

તે જ વાત શુભ સામાન્ય સમ્યગ્જ્ઞાન યોગને ભાવતા કહે છે –

૧૯૪- ખરેખર વિષ-વિકાર આધિની માફક આ સંસાર ભયંકર છે. મનુષ્ય, નારકી,

તિર્યંચાદિ ગતિ, એક ભવથી બીજા ભવમાં ભ્રમણ કરવા સ્વરૂપ છે,જગતના સર્વ પ્રાણીઓને સામાન્ય પારમાર્થિક વ્યાધિ તો વળગેલા જ છે. તેથી પંચનમસ્કાર સ્મરણાદિ રૂપ શુદ્ધધર્મ રૂપી ઔષધ, તે સંસારવ્યાધિ મટાડવાના કારણરૂપ છે. તે માટે કહેલું છે કે - 'પંચનમસ્કાર,વિધિપૂર્વકદાન,શક્તિ અનુસાર અહિંસા, ઈન્દ્રિય ઉપર વિજય, કષાય ઉપર વિજય મેળવવો - આટલો ધર્મ સુખેથી સાધી શકાય તેવો છે. આટલું જાણ્યા પછી ફરી આટલો નિર્ણયકરવો, તે આ પ્રમાણે - ' આગળ જણાવેલ ગુરુના લક્ષણાનુસાર જે ગુરુ, તેના પરિવારમાં તેપરિવારની મર્યાદા-નિયમો પાલન કરવા પૂર્વક તેમાં વાસ કરવો. તે પ્રમાણે વાસ કરવાથી શુદ્ધધર્મ પરમાર્થ વૃત્તિથી નક્કી પ્રાપ્તથાય છે. અનિશ્ચયરૂપ કુત્રિમ સુવર્ણ સરખો ધર્મ તો પરીક્ષાને સહન કરી શકતો ન હોવાથી અન્યથા-બીજા પ્રકારે પણ થાય, તેનાથી કશો લાભ થતો નથી, કારણ કે તેનાથી અસાર એવું સંસાર-ફળ જ મળે છે - એ વાત આપણે જડ સાધુ માસતુસના ઉદાહરણથી જાણી. (૧૯૪) એમ કેમ કહેવાય ? એ પ્રમાણે કહેતા હો તો કહે છે -

૧૯૫- જે કારણ માસતુસ આદિ નિશ્ચયથી ગુરુકુલ સંવાસ કરતા હતા, કેવી રીતે- ઈચ્છા -મિચ્છાકાર-તહક્કારાદિ દશવિધ ચક્રવાલ સમાચારી પાલનકરવા રૂપ આજ્ઞાને સર્વ પ્રકારે મન, વચન, કાયાથી ઉલલંઘન કર્યા સિવાય ગુરુકુળવાસમાં રહેતા હતા. શંકા કરી કે, એકાકી કદાચ મૂકેલા હોય, તેવા પ્રકારના આશીર્વાદના કારણે બીજા સાધુની સહાય વગર કોઈક પ્રમાદિમાં ગુરુએ સ્થાપ્યા હોય, તો પણ ગુરુની આજ્ઞા અખંડિત પાળેલી છે. કહેવાનો મતલબ એ છે કે - ઘણા સાધુઓની મધ્યે રહેલાને લજ્જા, ભય વગેરે કારણે પણ ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન બનતું નથી.જ્યારે તે ગુરુ કુળવાસમાંથી આજ્ઞા પૂર્વક એકલોપણ રહેલો હોય,તો ગુરુકુલ-વાસમાં પ્રવર્તતી સર્વ સામાચારી તે સર્વનું યથાર્થ પાલન કરે છે, ત્યારે જાણી શકાય છે કે, આ ગુરુકુળ-વાસના સંવાસવાળા છે. તે સાધવા યોગ્ય સર્વક્રિયા-કલાપ સર્વથા અખંડિતપણે પાલન કરે છે. અહિં ગુરુ આજ્ઞા ઉલ્લંઘન કરવામાં દ્દષ્ટાંત કહીશું, તે જાણવું. (૧૯૫) તે જ કહે છે -

## ગુરૂઆજ્ઞાહિતકારી વિષેચંદ્રગુપ્તનું દૃષ્ટાંત

૧૯૬- મૌર્યવંશમાં પ્રથમ રાજા ચંદ્રગુપ્ત થયો, જેની કથા પહેલાંકહેલી છે. તેને ચાણક્યમંત્રી ઉપર સર્વ પ્રકારે વિશ્વાસ હતો અને કોઈ પણ પ્રયોજનનીઆજ્ઞા તેને કરે, તેમાં પોતે શંકા કરતો ન હતો. તે જ પ્રમાણે માસતુસ આદિ મુનિઓને ચંદ્ર ગુપ્ત કરતાં પણ અધિક વિશ્વાસ હિતકારીગુરુ વિષે હોય છે. તે વાત યાદ કરતાં કહે છે કે - પાટલિપુત્રને ઘેરો ઘાલ્યો અને નંદના સૈન્યે હટાવીકાઢેલો. ચાણક્ય જ્યારે ચંદ્રગુપ્તને સાથે લઈનાસી જતો હતો,ત્યારે પાછળ નંદરાજાનું સૈન્ય આવી પહોંચ્યું. તે વખતે બીજો કોઈ ઉપાય ન મળવાથી ચંદ્રગુપ્તનું રક્ષણ કરવા માટે વિચારતા એક મોટા સરોવરમાં ઘણાં કમળો ઉગેલા હતાં અને તેનાથી તે શોભતુ હતું, તેમાં ચંદ્રગુપ્તને ઉતાર્યો. એટલામાં નન્દનો ઘોડેસ્વાર આવ્યોઅને ચાણક્યને પૂછ્યું કે, 'ચંદ્રગુપ્ત ક્યાં રહેલો છે ?'એટલે આંગળીના ટેરવાથી બતાવવાં જણાવ્યું કે,'આ પેલો

સરોવરમાં ઉભો છે.' છતાં પણ તેને અવિશ્વાસ ન થયો. પરંતુ 'આર્યોવડિલો હિત-અહિત જાણે છે' તેવી પ્રતીતિ-શ્રદ્ધા-વિશ્વાસ તેને હતો. તે જ પ્રમાણે માસતુસ આદિક મુનિવરોને ગુરુમાં વિપર્યાસભાવ ચાલ્યો ગયો હોય-એટલે સંસારના વિષ-વિકારને દૂર કરનાર એવી ગુરુની સેવાને માનનારા સાધુને ચંદ્રગુપ્તથી પણ અધિક વિશ્વાસ હોય છે. રાજ્યમાત્ર ફલ આપનાર વિશ્વાસકરતાં શુભ ગુરુના વિષે અનંતગુણો વિશ્વાસ પ્રવર્તે છે. (૧૯૬)

શંકા કરી કે, માત્ર ગુરુ-વિષયક વિભ્રમના અભાવમાં પણ વિશેષ તત્ત્વ વિષયક સંભ્રમના સદ્ભાવમાં એનું કૃત્ય ભ્રાન્તિયુક્ત હોય, ત્યારે તેનાં કાર્યો શુદ્ધ ચારિત્રપણે કેવી રીતે ગણવાં ? એનું સમાધાન કરતાં કહે છે કે

## ચારિત્રીમુનિનું લક્ષણ

૧૯૭- ગુરુ સિવાયના જીવાજીવાદિક પદાર્થોમાં અને ગુરુમાં અને તો તેને શંકા છે જ નહિં, માત્ર તેમાં અનુપયોગ જ છે. સજ્જડ શ્રુતાવરણ કર્મના કારણે આ માસતુસ આદિને અત્યંત તત્વ-જિજ્ઞાસા હોવા છતાં પણ નીલ, પીત વગેરે રૂપ જોવાની દૃઢ ઈચ્છા હોવા છતાં પણ જેમ કોઈ અંધ તેવા પદાર્થો દેખતા નથી, તેથી કરીને બુદ્ધિનો વિપર્યાસ-અવળી માન્યતા હોતી નથી. કારણ કે, તેમને મિથ્યાત્વમોહનીય આદિ શબ્દથી અનંતાનુબંધી-બોધ-વિપર્યાસ કરનારા તથા અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ કષાયોનો તેમને અભાવ છે. જો તેમને કરેલા કર્મનો ઉદય વર્તતો હોય, તો ધતૂરાના ઉપયોગ પ્રમાણે કે, મદ્ય વગેરે કેફી ખરાબ દ્રવ્યોની વપરાશ કરનારાની જેમ આત્માને બેભાન અગર ભ્રમઉત્પન્ન કરાવનાર થાય છે. આવા મિથ્યાત્વમોહનીયના ઉદયવાળાને પારમાર્થિકી કોઈ કાર્ય-નિષ્પત્તિ થતી નથી. (૧૯૭)

૧૯૮-માટે કહે છે કે અહિં બોધ થવામાં દોષભૂત એવાની અંદર વિપરીતતા એ મહાન દોષ છે. અનધ્યવસાય અને સંશય એ બે દોષો તેના જેટલા મહાન દોષો નથી. તેમાં અનધ્યવસાય તે કહેવાય કે, સુતેલા મત્ત પુરુષની જેમ કોઈ પણ પદાર્થમાં બોધની પ્રવૃત્તિ થતી નથી. સંશય તેકહેવાયકે, જે અનેક વિષયમાં અનિશ્ચિત પણે પ્રવૃત્તિ કરવી. જે માટે કહેલું છે કે - જે અનેકકાર્યના આલંબનવાળી, દોષથી કુંઠિત જે ચિત્ત છે. આ શત છે કે, સર્વ પદ છે- એમ સંશય થાય, તે સંશયરૂપ અજ્ઞાન છે. જે કારણ માટે પરિશુદ્ધ ન્યાયમાર્ગને ન અનુસરનારી ચેષ્ટા, તે અસત્પ્રવૃત્તિ તે અવળી ચેષ્ટા હોવાથી સર્વ આ લોકના કે પરલોકના પદાર્થોમાં સેંકડો હેરાનગતિનાં દુઃખો ઉત્પન્ન કરનારા છે. કહેલું છે કે - 'મિથ્યાત્વ સમાન કોઈ શત્રુ નથી, મિથ્યાત્વ સમાન કોઈ ઝેર નથી, મિથ્યાત્વસમાન કોઈ રોગ નથી અને મિથ્યાત્વ સમાન કોઈ અંધકાર અજ્ઞાન નથી.શત્રુ, વિષ, અંધકાર, રોગ વગેરે એક જન્મમાં દુઃખ આપનારા છે, જ્યારે દુરંત મિથ્યાત્વ જીવને દરેક જન્મમાં દુઃખ આપનાર થાય છે.' આનાભોગ-સંશયથી આ વિપર્યય ચેષ્ટા થતી હોવા છતાં તત્ત્વનો આમુહ ન હોવાથી સુખેથી માર્ગે લાંબી સમજાવી શકાય તેમ હોવાથી, તે અતિશયઅનર્થ પ્રાપ્તકરાવનારી નથી. (૧૯૮)

અહિં બીજું પણ ચારિત્રીનું લક્ષણ જોડવાની ઈચ્છાવાળા કહે છે -

मग्गाणुसारि सद्धो पण्णावणिज्जो कियावरो चेव ।

गुणरागी सक्कारंभसंगओ जो तमाहु मुणि ॥१९९ ॥

માર્ગાનુસારી શ્રદ્ધાવાળા સુખેથી સમજાવી શકાય તેવા, ક્રિયાતત્પર ગુણાનુરાગી શક્યારંભ કરનાર જે હોય, તેને મુનિ કહે છે. તત્ત્વમાર્ગને અનુસરવાના સ્વભાવવાળો હોય. કારણ કે, તેને ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ થયેલો હોવાથી સ્વાભાવિક તેને તેમાં અનુકૂલ પ્રવૃત્તિ થાય છે. આ તત્ત્વ-પ્રાપ્તિનું સફળ કારણ ગણેલું છે. કોની જેમ ? અરણ્યમાં ગયેલા અંધને કોઈ ચોક્કસ નગરમાં પહોંચવા માટે સારો હિતકારી યોગ્યતાવાળો પુરુષ મળી જાય, તેનીજેમ, તથા તત્વ પ્રત્યે શ્રદ્ધાવાળો-શ્રદ્ધાને નુકશાન કરનાર વચ્ચે આવતાં કલેશો-વિઘ્નો દૂર થવાના કારણે જાણે મહાનિધાન પ્રાપ્ત થયેલ હોય, તેને ગ્રહણ કરવાની વિધિનો ઉપદેશ આપનાર પ્રત્યે શ્રદ્ધા રાખનાર મનુષ્યની જેમ અનુષ્ઠાન કરવાની પ્રતીતિ પૂર્વકની રુચિવાળો, તથા કહેલા બે ગુણોવાળો હોવાથી કોઈ પ્રકારે વગર ઉપયોગે ઉલટી પ્રવૃત્તિ બની ગઈ હોય, પરંતુ તેવા પ્રકારના ગીતાર્થ પુરુષથી સમજાવી શકાય તેવો, તેવા પ્રકારના કર્મના ક્ષયોપશમથી ખોટો આગ્રહ રાખતો નથી. પ્રાપ્તકરવા લાયક મહાનિધિ માટે ગ્રહણ કરવાની ઉલટી પ્રવૃત્તિ કરનારને સીધો ઉપદેશ આપી સમજાવી શકાય તેવા મનુષ્યની જેવો સહેલાઈથી સમજાવી શકાય તેવો, તથા ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ થવાથી મુક્તિ સાધક અનુષ્ઠાન કરવા તત્પર બને. કોની માફક ? તેવા પ્રકારના નિધિને ગ્રહણ કરવામાં કોઈ પ્રમાદ ન કરે, પરંતુ તે ગ્રહણ કરવામાં પરાક્રમ કરનારો થાય, તેમ મોક્ષ-સાધક ક્રિયામાં તત્પર બને, ચારિત્ર સત્ક્રિયા-સ્વરૂપ હોવાથી તેની ક્રિયામાં તત્પર હોય જ. એવ-શબ્દ અવધારણ અર્થમાં હોવાથી અક્રિયા-તત્પરનો નિષેધ કર્યો. તથા ગુણરાગી વિશુદ્ધ અધ્યવસાયપણાથી પોતાનાં રહેલા અને બીજામાં રહેલા જ્ઞાનાદિક ગુણો વિષે જેમને રાગ-હર્ષ છે,તે ગુણરાગી-નિરભિમાની તથા કરી શકાયતેવાં અનુષ્ઠાન કરનારો શક્ય કાર્યમાં પ્રમાદ ન કરનારો, તેમ જ અશક્ય કાર્યનો આરંભ ન કરનાર એમ સમજવું. જે કોઈ આવા ગુણવાળો હોય, તેને શાસ્ત્રના જાણકારો મુનિ-સાધુ કહે છે. (૧૯૯)

જો તમે આ પ્રમાણે સાધુનું લક્ષણ જણાવ્યું, તેથીચાલુ અધિકારમાં તેની કઈ વિશેષતા ? તે કહે છે –

૨૦૦ - આ માર્ગાનુસારીપણું વગેરે ગુણો વળી ગુરુ-વિષયક અબ્રહ્મ, માસતુસ વગેરે ધર્મધનને યોગ્ય એવા ભાગ્યશાળી સમગ્ર મુનિઓનું આ લક્ષણ વર્તે છે. પરંતુ અહિં લિંગ કર્યું ? તે જણાવે છે. જેવી રીતે ગુરુના સન્નિધાનમાં-નજીકમાં રહીને વર્તવું, તેવી જ રીતે તેમની સામે હાજરી ન હોય તો પણ દરેક કાર્યમાં રત્નાધિક વડીલની આજ્ઞા પ્રાપ્ત કરવી, પડિલેહણ, પ્રમાર્જના વગેરે સાધુ-સામાચારી પાલન કરવા રૂપ તેચિહ્ન સમજવું. (૨૦૦)

શાસ્ત્રીઓને મોક્ષ પ્રત્યે અતિ દઢાનુરાગ હોવાથી અત્યંત ઔત્સુક્ય હોવાથી અશક્યારંભ કરવો ગેરવ્યાજબી નથી-એમ શંકા કરનારને કહે છે કે –

૨૦૧– ઇચ્છેલ પ્રયોજનાનુકૂલ સામર્થ્ય હોય તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવો વડે એક

બીજાને હરકત ન આવે, તેવી ઉચિત પ્રવૃત્તિકરીને કાર્ય કરવા પ્રયત્ન કરવો, અન્યથા એટલે કહેલા બે પ્રકારના વિરહમાં પ્રયત્ન કરે, તો નિષ્ફલ ચેષ્ટા રૂપ દોષ લાગે છે. મહાપુરુષોની પ્રવૃત્તિ સફલ આરંભના સારવાળી હોય છે. આ વિષયમાં આર્યમહાગિરિ અને આર્યસુહસ્તિનાં ઉદાહરણો છે.કાલને આશ્રીને વિચાર કરીએ તો જિનકલ્પ આરાધના કરવાલાયક જીવના માટે કાળ ચાલ્યો ગયો છે.કાળ દુ:ષમાં-લક્ષણ વર્તી રહેલો છે. શક્તિ છતાં ઉચિત પ્રવૃત્તિ વડે યત્ન કરવા વિષયક કર્તવ્યપણે ઉપદેશ કરાતા એવા કાળનો વિચ્છેદ થયો છે. (૨૦૧)

આ બંને મહાપુરુષોની વક્તવ્યાને સંગ્રહ કરતા કહે છે કે –

૨૦૨-પાટિલપુત્ર નગરમાં આર્યમહાગિરિ અને આર્યસુહસ્તી નામના બે આચાર્યો કોઈ દિવસ વિહાર કરતા પધાર્યા. ત્યાં આર્યસુહસ્તિએ વસુભૂતિ શેઠને પ્રતિબોધ્યા. ત્યાર પછી અવંતિ દેશમાં ઉજ્જયિની નગરીમાં વર્ધમાનસ્વામીની જીવિતસ્વામી નામથી ઓળખાતી પ્રતિમાને વંદન કરવા માટે ગયા. ત્યાર પછી એકલાક્ષ અને દશાર્ણભદ્ર એવા બીજા નામવાળા તીર્થમાં બંને આચાર્યો પધાર્યા. (૨૦૨)

કહેલી આ સંગ્રહગાથાને શાસ્ત્રકાર પોતે જ નવ ગાથાથી વિસ્તાર કરીને વ્યાખ્યા જણાવે છે –

## આર્ય મહાગિરિ અને આર્યસુહસ્તિની કથા

ગાથા ૨૦૩ થી ૨૧૧ અહિં વીર ભગવંત પછી સુધર્મવાળા સાધુ-સાધ્વીઓના ગણાધિપ સુધર્માસ્વામી થયા અને ત્યારપછી જંબૂ નામના આચાર્ય થયા. ગુણોને ઉત્પન્ન કરનાર એવા તેમના શિષ્ય પ્રભવસ્વામી થયા. ત્યાર પછી ભવસમૂહને હરણ કરનાર શય્યંભવસૂરિ થયા. ત્યાર પછી પવિત્રશીલ અને યશવાળા તથા કલ્યાણક સ્વરૂપ યશોભદ્રસૂરિ થયા.ત્યાર પછી દુર્ધર પરિષહો અને ઇન્દ્રિયનો વિજય મેળવવાથી મેળવેલા અતિ મહાત્મ્યવાળા, ગુણિઓમાં ગૌરવનું સ્થાન પામેલા એક સંભૂતવિજય નામના પટ્ટધર આચાર્ય થયા. જેમને મસ્તક ઉપરગુરુના ગૌરવને આરોપણ કરતા એવા શિષ્યો હતા.ત્યાર પછીઅતિનિર્મલ મતિવાળા સ્થૂલભદ્ર મુનીશ્વર થયા. મહાદક્ષ સ્થૂળભદ્રે સંભૂતવિજય ગુરુ પાસે દીક્ષા ગ્રહણ કરી. જેમને શ્રીભદ્રબાહુ ગુરુની પાસે દૃષ્ટિવાદ શ્રુતની પ્રાપ્તિ થઈ. ત્યાર પછી ચૌદ પૂર્વના પારગામી થઈ યશ ઉપાર્જન કર્યો. વિષમ પરિષહરૂપી પવનગણ આવે, તો પણ મેરુની જેમ અડોલ રહેનારા અને મહાગૌરવ ગુણથી આકાશ-સ્થળને જિતનાર એવા આર્યમહાગિરિ આચાર્ય થયા તેમ જ સર્વજીવો માટે સુખના અર્થી તેમ જ ઉત્તમ હાથીની ગતિ વડે કરીને જનસમુદાયને રંજન કરતા એવા આર્યસુહસ્તી નામના બીજા મુનિપુંગવ હતા. ત્યાર પછી ક્ષીરસમુદ્રના જળ સરખી ઉજ્જવલ કીર્તિ સમૂહથી દિશાઓના અન્તને પૂરતા એવા તે બંને આચાર્યો મહાદેવના હાર અને તુષાર અને તારક સરખા ઉજ્જવલ શીલ ગુણવાળા, વિવિધ પ્રકારના ગામ-નગરોમાં વિહરનાર ભવ્યોરૂપી કમલખંડને પ્રતિબોધકાર્ય કરવામાં

૧ અર્થ શ્લેષ સ્ત્રી અને આરમશ્રેણીનો સમજવો.

સૂર્યમંડલ સરખા, પરોપકાર કરવામાં પોતાના શ્રમને ન ગણકારતા, લોકોમાં દુર્લભ એવા શ્રુતરત્નો માટેરોહણાચલ પર્વતની ખાણ સમાન પ્રભૂત ગુણવાળા તેબંને પણ જ્યારે સ્થૂળભદ્રાચાર્યનો છેવટનો સમય આવી પહોંચ્યો, ત્યારે તેમણે ગચ્છના બેભાગ કરીને બંનેને સાથે સાથે અનુજ્ઞા કરી અને બંનેને સમુદાયની સોંપણી કરી. ત્યાર પછી સમગ્ર જીવવર્ગને ખમાવીને પરિશુદ્ધ અનશન-વિધિ કરી કાળ પામી દેવલોકે ગયા.

વિનય અને નીતિના ભંડાર આર્ય મહાગિરિ અને આર્ય સુહસ્તિસૂરિ ગણનાયકપણું પામ્યા. હવે કોઈક સમયે મુનિઓમાં વૃષભસમાન, મોક્ષમાં જવા માટે સાર્થવાહ સમાન સૂરિજી શ્રમણસંઘ-સહિત કૌશાંબી નગરી તરફ વિહાર કરતા હતા. ત્યાં રાજા તેમજ પ્રધાનવર્ગ અતિશય ભક્તિપૂર્વક દરરોજ વંદન, ધર્મશ્રવણ અને પૂજન કરવા માટે જતા હતા.ત્યાં એક દ્રમક હતો,તે સૂરિ પાસે આવ્યો હતો અને નગરલોક સાથે રોમાંચ ખડાં થાય,તેવો હર્ષ પામ્યો. તે સમયેઅતિ આકરો દુષ્કાળ સમય વર્તતો હતો. સર્વત્ર તેમ હોવાથી ઘણેભાગે સમગ્ર લોકોને ભોજનની અતિદુર્લભતા થઈ ગઈ. કોઈક ધનપતિના ઘરે જ્યારે આચાર્યના સાધુ-સંઘાટકે ગોચરી માટે પ્રવેશ કર્યો. ત્યારે લાંબા કાળથી તેમની પાછળ પાછળ લાગેલા એક દ્રમકે તેમને જોયા અને અતિભક્તિથી સિંહકેસર મોદક વગેરેથી શ્રાવકને પ્રતિલાભતાં દેખ્યા. એટલે જ્યારે તેના ઘરમાંથી સાધુઓ બહાર નીકળ્યા. ત્યારે પ્રણામપૂર્વકદ્રમકે વિનંતિકરી કે 'અહિંથી તમને મળેલા ભોજનમાંથી મને થોડુંક આપો.' ત્યારે સાધુઓએકહ્યું કે, 'ભદ્ર ! અહિં પ્રભુ આચાર્ય વર્તે છે, અમારે આપવું ઉચિત નથી.' એટલે સાધુ સાથે આચાર્યની પાસે જઈને યાચના કરી.સાધુઓએ કહ્યું કે, 'માર્ગમાં અમારી પાસે પણ માગતોહતો.' સાધુઓએ ભિક્ષાના લાભનો વૃત્તાન્ત પણ જણાવ્યો. ગુરુએ કહ્યું કે, 'ગૃહસ્થને આપવું અમને કલ્પતું નથી. જો તું પ્રવ્રજ્યા અંગીકાર કરે, તો તને ભોજન આપી શકાય.' એ વાતનો દ્રમકે સ્વીકાર કર્યો. 'આ શું આરાધના પામશે ?' ત્યારેગુરુએ નિરૂપણ કર્યું કે, 'આ શાસનની પ્રભાવના કરનાર પુરુષ થશે.' ત્યાર પછી અવ્યક્ત (દ્રવ્ય) સામાયિક ઉચ્ચરાવી દીક્ષા આરોપણ કરી ભોજન કરાવ્યું. તે સમાધિવાળો થયો કે, 'આ લોકો કેટલા દયાતત્પર છે કે, મારા ઉપર પ્રસન્ન પરિણામવાળા થઈને સગાભાઈની જેમ મારા વૈયાવચ્ચના કાર્યમાં ખડે પગે સર્વે ઉભા રહેલા છે.' આવા પ્રકારના સુંદર પરિણામરૂપઅમૃતરસથી સિંચાયેલા સર્વ અંગવાળો તેદિવસ પસાર કરવા લાગ્યો. સાધુઓએ અને શ્રાવક -સમુદાયે પણપ્રવ્રજ્યા ગ્રહણ કરેલી હોવાથી તેની ગૌરવવાળી ભક્તિ કરી. રાત્રિસમય થયો, ત્યારે અનુચિત ભોજનના ગુણથી તે દ્રમકને તીવ્ર વિસૂચિકા ઉત્પન્ન થઈ, પરંતુ વૈયાવચ્ચના પ્રભાવથી તેની સમાધિભાવના વૃદ્ધિ પામી અને મૃત્યુ પામી તે પાટલિપુત્ર નગરમાં મૌર્યવંશમાં બિન્દુસાર રાજાના પૂર્વે જણાવેલ અશોકશ્રીનો પૌત્ર થયો. તે રાજાનો પુત્ર બાળપણામાં યુવરાજપદ પામ્યોહતો,તેનું નામ કુણાલ હતું અને તે રાજાને જીવિતથી પણ અધિકપ્રિયહતો. કુમાર માટે ઉજ્જેણી નગરી તેને ભેટ આપી હતી, પરિવાર-સહિત તેકુણાલકુમાર આનંદથી ત્યાં રહેતો હતો. કુમાર સમગ્ર કળા-લક્ષણ ભણવા સમર્થ થયો, ત્યારે રાજાને પોતાને હાથે એક લેખ લખ્યો કે, 'હવે કુમારને ભણાવવો.' તે પત્ર મુદ્રિત બીડ્યા

વગર તેવા પ્રકારનું કાર્ય ઉત્પન્ન થવાથી જેટલામાં ત્યાંથી ઉભો થયો, તેટલામાં પાપિણી સાવકી માતાએ આંખના અંજનને નખના અગ્રભાગથી ગ્રહણ કરી ક્રિયાપદના ઉપરના ભાગમાં 'અધિજ્જઉ કુમાર' રાજાએ લખ્યું હતું, તેમાં અંધિજ્જઉ કુમાર એમ અનુસ્વાર વધારી દીધો. બીજી વખત વાંચ્યા વગર ઉતાવળામાં લેખ બીડી દીધો. દૂત પત્ર લઈને કુમાર પાસે પહોંચ્યો, તેણે પોતે જ લેખ વાંચ્યો. તેનો અર્થ અવધારણકર્યો. લોહની સળી તપાવીને બંને આંખો આંજવા તૈયાર થયો, એટલે પરિવારે કહ્યું કે, 'હે કુમાર ! આવી પિતાની આજ્ઞા હોય નહિં, એમ છતાં માનવું હોય તો એક દિવસનો વિલંબ કરીને આજ્ઞાનો પરમાર્થ મેળવવો.' કુમારે કહ્યું કે, "મૌર્યવંશમાં થયેલા અમારા સર્વ રાજાઓની આજ્ઞા તીક્ષ્ણ કહેલી છે, તો હું પૂર્ણિમાના ચંદ્ર સરખા ઉજ્જ્વલ આશ્ચર્ય કરનાર ચરિત્રવાળા કુલને કલંક લગાડીને વિકૃતિ કેમ પમાડું ? પરિવારની [illegible]મણની અવગણના કરીને જેટલામાં આંખો તપાવેલા સળિયાથી આંજી એટલે પિતાને તે સમાચાર પહોંચી ગયા અને તેમણે મોટો શોક કર્યો. આ શોક્યસ્ત્રી નું કારણ છે - એમ જાણ્યું,પરંતુ કાર્ય બની ગયા પછી હવે શું કરવું ? ત્યાર પછી પિતાએ તેને ઉજ્જેણી નગરીના બદલે મનોહર ગામ આપ્યું, ત્યારે રહેલા તેણે બીજા સર્વ વ્યવસાયોનો ત્યાગ કરી સંગીતવિદ્યાનો સુંદર અભ્યાસ શરૂ કર્યો. અતિચતુર બુદ્ધિથી અલ્પ સમયમાં તે વિદ્યાનો પાર પામી ગયો. કેટલાક બીજા ગાંધર્વિક લોકને એકઠા કરી પૃથ્વીમંડલમાં ભ્રમણ કરવા લાગ્યો. ગાંધર્વિક લોકના ગર્વરૂપ પર્વતને વજ્ર માફક ચૂરી નાખતો હતો. તેનો યશ ચારે બાજુ ફેલાવા લાગ્યો અને દરેક જગા પર શોભાપામવા લાગ્યો.

કાલક્રમે કુસુમપુર નગરે ગયા અને ત્યાં સંગીત સંભળાવવા લાગ્યો. તે સભામાં નગરના પ્રધાનપુરુષો તેમજ ઘણા બીજા નગરવાસીલોકો તે સભામાં સાંભળવા આવ્યા હતા. નગરમાં લોકવાયરા ફેલાઈ કે, 'નક્કી આ કોઈ દેવગાંધર્વ હોવો જોઈએ, કોઈ વખત આવો બીજો કોઈ સાંભળવામાં આવ્યો નથી.' આ પ્રવાદ રાજસભામાં મંત્રીઓએ રાજાએ કહ્યું,તો કુતૂહળ પામેલા રાજાએ પોતાના સેવક-પરિવારને તેને લાવવા માટે આજ્ઞા કરી.ત્યારે તેઓએ કહ્યું કે, 'હે દેવ ! તે નેત્રરહિત હોવાથી આપને દેખવા યોગ્ય નથી, તો તેને પડદાની અંદર બેસાડ્યો. તે સ્વર પૂરીને શુદ્ધ સ્વરથી જ્યારે ગાવા લાગ્યો. ત્યારે જેમ ગૌરીના ગીતથી ઈન્દ્ર આકર્ષાય તેમ રાજાનું મન પણ તત્કાલ આકર્ષાયું. અતિપ્રસન્ન થયેલા રાજાએ તેને વરદાન માગવાનું જણાવ્યું. ત્યારે પ્રાપ્ત થયેલા અવસરવાળા તે કુણાલે આ શ્લોક સંભળાવ્યો કે 'ચંદ્રગુપ્તનો પુત્ર બિન્દુસાર, તેનો પૌત્ર અને અશોકશ્રીનો પુત્ર જે અંધ છે, તે કાગણિની યાચના કરે છે. તો તર્ક-વિતર્ક કરતા મનવાળા રાજાને પૂછયું કે, 'શું તું મારો પુત્ર કુણાલ છે ?' તે વાત યથાર્થ જણાવી, એટલે પડદો દૂર કર્યો.પોતાના ખોળામાં બેસાડી સર્વાંગે તેનું આલિગંન કર્યું. પછીકહ્યું કે, 'આટલું કાગણી જેટલું જ કેમ માગ્યું ?' એટલે નજીક બેઠેલા મંત્રી લોકોએ કહ્યું કે, 'હે દેવ ! મૌર્યવંશમાં કાગણી-શબ્દથી 'રાજ્ય' એવો અર્થ થાય છે - એટલે તેણે રાજ્ય માગ્યું છે.' 'હે પુત્ર ! તું અંધ હોવાથી રાજ્યને યોગ્ય ન ગણાય, તો શું તારે પુત્ર છે ?' 'હા છે.' 'કેવડો ?' તો કે સંપ્રતિ એટલે હમણાં જ જન્મ્યો છે,તો તેનું નામ **સંપ્રતિ** સ્થાપન કર્યું.

તે પેલો દ્રમક સાધુનો જીવ મરીને સંપ્રતિ તરીકે ઉત્પન્ન થયો હતો. દશ દિવસનો વ્યવહાર પૂરો થયો, એટલેરાજ્યાભિષેક કરીને રાજયગાદીએ સ્થાપન કર્યો. મંત્રી વગેરેની વ્યવસ્થા કરી. અશોકશ્રી રાજા પરલોકવાસી થયો. પૂર્વોપાર્જિત પુણ્યના પ્રભાવથી દરરોજ દેહથી અને રાજ્યલક્ષ્મીથી વૃદ્ધિ પામતો તે અનુક્રમે યૌવનવય પામ્યો

હવે કોઈક સમયે અપ્રતિબદ્ધ વિહાર કરતા કરતા પવિત્ર ગુણવાળા ઘણા મુનિવરોના સમુદાયથી પરિવરેલા આર્યસુહસ્તી આચાર્યે પાટલિપુત્ર નગરના બહારના ઉદ્યાનમાં આવીને સ્થિરતા કરી. કોઈક સમયે મહેલના ઝરૂખામાં ઉભેલા રાજાએ રાજમાર્ગમાં ચતુર્વિધ સંઘ જેને અનુસરી રહેલ છે. જેમ આકાશમાં ગ્રહ અને તારાગણ વચ્ચે આહલાદક શરદનો ચંદ્ર શોભે, તેમ અનેક મુનિપરિવાર વચ્ચે તે આર્યસુહસ્તિને જોયા. પોતે નીચે આવ્યો, 'આમને મેં પૂર્વે ક્યાંય પણ જોયેલ છે' એમ મનમાં તર્ક-વિતર્ક કરતોહતો, એટલામાં મૂર્છા આવી ભૂમિ ઉપર ઢળી પડ્યો. ઠંડા પાણીથી છાંટ્યો, વીજંણાનો પવન નાખ્યો. એટલે મૂર્છા ઉતરી ગઈ. જાતિસ્મરણ પાન થયું. પૂર્વજન્મનો વૃત્તાન્ત જાણ્યો તરત જ અતિહર્ષ પામેલ, રોમાંચિત ગાત્રવાળો થઈ, વંદન કરીને આચાર્ય ભગવંતને પૂછવા લાગ્યોકે 'જિનવરના ધર્મનું ફલ કયું?' મુનિપતિએ કહ્યું કે, 'સ્વર્ગ કે મોક્ષ' એમ કહ્યું, એટલે 'સામાયિકનું શું ફલ ?' તો કે પ્રકૃષ્ટપદ, ભાવથી સામાયિક પામ્યો હોય, તો સ્વર્ગ કે મોક્ષ ફલ આપનાર થાય અને જે અવ્યક્ત-દ્રવ્યચારિત્ર પામ્યોહોય, તો તેનું ફલ રાજ્યાદિક પ્રાપ્તિ થાય.' આ વાતની ખાત્રી થઈ, એટલે 'એમ જ છે, આ વાતમાં સંશય નથી' એમ કહ્યું રાજાએ પૂછયું કે, 'હે ભગવંત ! મને ઓળખો છો ? આચાર્ય ભગવંતે ઉપયોગ મૂકીને કહ્યું કે, 'બરાબર ઓળખ્યો અને ત્યાર પછી કૌશાંબીનો વૃત્તાન્ત સંભળાવ્યો કે, જે તને આહાર આપ્યો, રાત્રે વિસૂચિકા-ઝાડાનો રોગ થયો, જેવી રીતે મરણ થયું ઈત્યાદિ સર્વ કહ્યું, એટલે વિકસિત મુખ-કમલવાળો, હર્ષાશ્રુના પ્રવાહથી ભીંજાયેલા નેત્રવાળો, પૃથ્વીતલ વિષે લગાડેલા મસ્તકવાળો ફરી ફરી આચાર્ય ભગવંતને પ્રણામ કરવા લાગ્યો (૭૦)

ત્યાર પછી સજજળ મેઘમાલાના ગંભીર મનોહર શબ્દ સરખા સ્વાર્થી મિથ્યાત્વનું નિર્મથન કરતા આચાર્ય ભગવંતે જિનધર્મ કહેવાનું શરૂ કર્યું. જેમ દરિદ્ર મનુષ્યને નિધાન, જન્મથી અંધ મનુષ્યને ચંદ્રદર્શન, વ્યાધિથી પીડાયેલાને પરમઔષધ અને ભય પામેલાને શરણ મળે, અથવા સમુદ્રમાં ડૂબતાને છિદ્ર વગરનું નાવ મળે, તેની માફક પુણ્યના પ્રભાવથી જેની તુલનામાં કોઈ ન આવી શકે, તેવા પ્રકારનો જિનધર્મ પ્રાપ્ત થાય છે. તો 'આ જિનધર્મની પ્રાપ્તિ થાય એટલે મનમાં શુદ્ધ શ્રદ્ધા ધારણ કરતા એવા ચતુર મનુષ્યે મોક્ષના અપૂર્વ ફલને આપનારી એવી દીક્ષા ગ્રહણ કરવી જોઇએ.' આ પ્રમાણે ઉપદેશ આપ્યો, એટલે તેના અંતે ભાલતલ પર અંજલિ સ્થાપન કરીને રાજાએ કહ્યું કે, 'મારી પાસે એવી શક્તિ નથી કે, જેથી હું દીક્ષા લઈ શકું, (૭૫) તો 'હવે હંમેશાં આપના ચરણકમલમાં ભમરાનું આચરણ કરનાર શિષ્ય થાઉં એવા પ્રકારનો મને આ અવસ્થાને ઉચિત આદેશ આપો.' 'જો દીક્ષા ન લઈ શકે તો શ્રાવકનાં વ્રતો ગ્રહણ કર, તેમ જ જિનચૈત્ય, સાધુ-શ્રાવકવર્ગનું હંમેશાં ઉદાર મનથી વાત્સલ્ય કર, પરમાર્થ-બંધુ એવા શ્રમણસંઘ ભગવંત કે, જેઓ ગામ, ખાણ, નગર, શહેર,

પટ્ટણ વગેરે સ્થાપનમાં પ્રવર્તતા હોય, તેમના તથા ધાર્મિક જનોનાં ધર્મ કાર્યોનો ફેલાવો થાય, તેમ કર અને સર્વ પ્રયત્નથી જૈનશાસનની પ્રભાવના થાય, તેવાં કાર્યો કર, જેથી ક્ષીરસમુદ્રના જળ સરખી ઉજ્જવલ કીર્તિ સર્વ ફેલાય.' આ પ્રમાણે શ્રાવકધર્મનો સ્વીકાર કરી આચાર્ય ભગવંતના ચરણમાં વંદન કરીપોતાને કૃતાર્થ માનતો પોતાના મહેલમાં ચાલ્યો ગયો. (૮૦) ત્યારથીમાંડી આ સંપ્રતિ રાજા ઉદારતાપૂર્વક વિધિ-સહિત જિનબિંબોની પૂજા-વંદન તથા વિનયથી ગુરુના ચરણની પર્યુપાસના-સેવા કરવાલાગ્યો. દીન, અનાથ, અપંગ, અશક્ત વગેરે જનોને દાન આપતો હતો તથા જીવદયા કરતો હતો, તેહિમાલયપર્વત સમાન ઉંચા મનોહર જિનાલયો બંધાવતો હતો. સીમાડાના સર્વે રાજાઓને બોલાવીને તેમને આ સુંદર ધર્મ સમજાવ્યો. તેમાંથી કેટલાક સમ્યક્ત્વ પામ્યા. સુવિહિત સાધુઓ તેમ જ અરિહંત ભગવંતોનાં બહુમાન કરતા એવા માયારહિત માનસવાળા તેઓ પોતાના પરિવાર સહિત શ્રાવકો બન્યા.

હવે કોઈક સમયે રાજાએ જિનગૃહમાં ધન્ય અને પુણ્યશાળી જનોને દેખવા યોગ્ય ઘણી વિભૂતિ અને આડંબર સહિત મહામહોત્સવ આરંભ્યો. રથયાત્રામાં પોતાના શિખરથી જાણે આકાશને સ્પર્શ કરતો હોય તેવો ઉંચો, જેમાં મોટી ધ્વજા-પતાકાઓ ફરકી રહેલી છે - એવો મોટો રથ યાત્રા-નિમિત્તે આખા નગરમાં પરિભ્રમણ કરતો હતો. તેમાં ભેરીના ભંકાર શબ્દથી સમગ્ર આકાશમંડલ પૂરાઈ ગયું હતું. તેવા પ્રકારનો જીવલોક બની ગયો છે અને લોકોના શબ્દો તે બિલકુલ આ વાજિંત્રોના શબ્દોથી અદશ્ય બની ઢંકાઈ ગયા. દરેક ઘરેથી પુષ્કળ કિંમતી અનેક પ્રકારની અર્ધ્યપૂજા સામગ્રી મેળવતાં મેળવતાં અનુક્રમે રાજાના ગૃહાંગણમાં રથયાત્રા પહોંચી. એટલે અતિઆદરપૂર્વક, અત્યુત્તમ પૂજા કરવા પૂર્વક આ રાજા પણ પોતાના પરિવાર-સહિત તેમાં જોડાયો, રથને અનુસરવા લાગ્યો, યોગ્ય સમયે પોતાના સામંત રાજાઓને સ્નેહગર્ભિત વચનથી સમજાવ્યા કે, 'હે સામંતો ! જો તમે મને માનતા હો તો, તમારાં પોતાનાં રાજ્યોમાં જિનમંદિરોમાં જિનેશ્વરોની મોટી રથયાત્રાઓ કરાવો. મને ધનનું પ્રયોજન નથી. મને તો ખરેખર આ જ પ્રિય વસ્તુ છે. તેઓને રજા આપી. તેઓએ પોતાના રાજ્યોમાં જઈ ઘોષણા કરાવી. સીમાડાના પ્રદેશનાં રાજ્યો સાધુઓ માટે સુખેથી વિહાર થઈ શકે તેવાં તૈયાર કરાવ્યાં. તે રાજાઓ પોતાનાં રાજ્યોમાં ચૈત્યોની પૂજા રથયાત્રા, સ્નાત્રમહોત્સવ, પુષ્પો ચડાવવા રૂપ પુષ્પપૂજા, અક્ષત આદિથી વધામણાં કરવાં વગેરે પ્રકારે પ્રભુભક્તિ કરવા લાગ્યા.

હવે કોઈક સમયે સંપ્રતિરાજાએ મસ્તક નમાવીને સુહસ્તી સૂરિને પૂછ્યું કે, 'હે ભગવંત! અનાર્ય દેશમાં સાધુઓ કેમ વિહાર નથી કરતા ?' આચાર્ય ભગવંતે કહ્યું કે - 'વિચરતા સાધુઓ જ્યાં આત્મગુણનીપ્રાપ્તિકરે, ત્યાં વિચરે' એમ વીર ભગવંતે કહ્યું છે. આચાર્ય ભગવંત પાસેથી મેળવેલા અભિપ્રાયવાળારાજાએ પોતાના મનુષ્યોને સાધુઓનો વેષ પહેરાવ્યો અને સાધુ-સામાચારી શીખવી, એટલે તેઓ સાધુના આચાર-વિચાર, ભિક્ષાવૃત્તિ વગેરે જાણીને અનાર્યદેશમાં જઈને જેપ્રકારે સાધુ ભોજન-પાણી, ઉપાશ્રય વગેરે ગ્રહણ કરે અને બોલવા-ચાલવાનો સાધુ-વ્યવહાર પણ તેઓ તેપ્રમાણે કરવાલાગ્યા. શ્રમણ-સુભટોથી ભાવિત એવા તે દેશોમાં ચારે બાજુ સાધુઓ સુખેથી વિહાર કરવા લાગ્યા અને તે કારણે તે

દેશના લોકો પણ ભદ્રિક બની ગયા.

શત્રુસૈન્યને જિતીને તેરાજાએ આંધ્ર, દ્રવિડ, એવા ભયંકર દેશોમાં પણ સાધુઓ સુખેથી વિચરી શકે, તેવાં સુલભ વિહાર-સ્થળો બનાવરાવ્યાં. (૨૦૦)

તે સંપ્રતિ રાજા નગરના દરવાજાઓ પર પોતાના પૂર્વભવના દરિદ્રપણાના અને ભૂખ્યાપણાના દોષવાળા પ્રસંગોનું સ્મરણ કરીને મોટાંચિત્રામણો કરાવતો હતો અને ભિક્ષુકોને ભોજનનું દાન કરાવતો હતો. જેઓ તેવાં પ્રકારના દુઃખી જીવોને તૃપ્તિ પમાડતાહતા,તેઓને રાજાએ ગૌરવપૂર્વક જણાવ્યું કે, 'દાન આપતાં જે કંઈ પણ વધારો રહે,તે તમો આદરપૂર્વક સાધુઓને દાન આપો.' (૨૦૨)

૨૦૩- 'સાધુઓને યોગ્ય તમે જે કંઈ તમારું આપો,તે રાજપિંડ ન ગણાય, તેનું જે કંઈ મૂલ્ય થશે, તેથી અધિક હું અપાવી દઈશ. આ વિષયમાં તમારે બીજો કોઈ વિકલ્પ ન કરવો.' તેઓ મુનિઓને પૂર્ણભાવથી ભોજન અને પાણી આપતા હતા. એવી રીતે બીજા કંદોઈ વગેરે લોકો હતા, તેમને પણ રાજાએ કહી રાખેલ હતું કે, 'સાધુઓને યોગ્ય જે કંઈ હોય, તે તેમના ઉપયોગ પ્રમાણે ઉદારભાવ પૂર્વક આપવું અને તેનું મૂલ્ય જે થાય,તે તમારે માગી લેવું.' આ પ્રમાણે મહાસુભિક્ષકાળ ઉત્પન્ન થયો,ત્યારે ગામ, નગર, ખાણ વગેરેમાં વિહારકરતા કરતા મહાગિરિ આચાર્ય આર્ય સુહસ્તીસૂરિ પાસે આવ્યા. સમગ્ર ભિક્ષાનું સ્વરૂપ જાણીને મનથી કરેલા સમ્યગ્ ઉપયોગથી સુહસ્તીસૂરિને તેમણે ઠપકો આપતાં કહ્યું કે, 'આવો દોષિત રાજપિંડ વગરકારણે કેમ ગ્રહણ કરો છો ?' તેમણે પણ જવાબ આપ્યો કે - 'હે આર્ય ! ભક્તિવંત રાજા હોય, પછી મુનિઓને પ્રચુર ભોજનની સર્વત્ર પ્રાપ્તિ કેમ ન થાય ?'

'શિષ્યના અનુરાગથી જ્યારે આર્ય સુહસ્તી તેમને નિવારણ કરતા નથી, એટલે આ માયા કરે છે - એમ જાણીને ભિન્ન સ્થાનમાં વાસકરીને આહાર-પાણીનો વ્યવહાર જુદો કર્યો. જે માટે કહેવાય છે કે - x x x x

ત્યાર પછી આ તીર્થમાં મુનિઓનો વિસંભોગ-વિધિ શરુ થયો. પશ્ચાત્તાપ પામેલા સુહસ્તીએ મહાગિરિ ગુરુને ચરણકમળમાં વંદન કરી 'મિચ્છા મિ દુક્કડં' આપ્યું. ફરી સાથે ભોજન-વંદન-વ્યવહાર રૂપ સંભોગ-વિધિ પૂર્વની જેમ ચાલુ કર્યો અને વિચરવા લાગ્યા. વજ્ર જેમ મધ્યભાગમાં મોટો હોય,તેમ આ મૌર્યવંશ સંપ્રતિ સરખા ભૂમિનાથથી આનંદથી તપી રહેલો છે.તેરાજા ઉત્તમ શ્રાવકધર્મનું સુંદર પાલન કરીને જિનભવનની પંક્તિથી રમણીય એવું પૃથ્વીમંડલ બનાવીને દેવલોક પામ્યો. ત્યાર પછી આર્ય મહાગિરિ પોતાની પાછલી વયમાં ગચ્છનાં કાર્યો આર્યસુહસ્તીને વિષે સ્થાપન કરીને આ પ્રમાણે ચિંતવવા લાગ્યા- ઘણા લાંબા કાળ સુધી સાધુ-પર્યાય પાળ્યો, વાચનાઓ આપી, શિષ્યો નિષ્પાદન તૈયારકર્યા. હવે મારા પોતાના આત્માનું શ્રેયસાધું અનુત્તર ગુણો અને આશ્ચર્ય પમાડે તેવા વિહાર-પૂર્વક અદ્ભુત સાધન-યુક્ત વિધિથી સમાધિવાળું મૃત્યુ મેળવું. અત્યારે જિનકલ્પની સાધના કરવી મારા માટે શક્ય નથી તો તેનો અભ્યાસ સ્વશક્તિ અનુસાર ગચ્છમાં રહીને કરવો યોગ્ય છે. જિનકલ્પનું નિષ્ઠુર અનુષ્ઠાન અને આકરો તપ કરવાનું શરુ કર્યું. કોઈ વખત વિહાર કરતા કરતા બંને

કુસુમપુર નગરમાં ગયા. ત્યારે સાધુઓ આવી પહોંચ્યા અને બીજા સ્થાને ઉતર્યા અને સુહસ્તીસૂરિએ વસુભૂતિ નામના શેઠને પ્રતિબોધ કર્યો (૧૨૦)

તે બોધિ પામ્યો, એટલે આચાર્ય મહારાજને વિનંતિ કરી કે, 'હે ભગંવત ! મારા ઘરના લોકોને પ્રતિબોધ કરવામાટે મારા ઘરે ધર્મકથા કરો.' કોઈ વખત કથા કરતા હતા ત્યારે મહાગિરિ ત્યાં ભિક્ષા માટે પધાર્યા - એટલે આદર અને સંભ્રમથી આર્ય સુહસ્તી એકદમ ઉભા થઈ ગયા. એટલે ખુશ થયેલા શ્રેષ્ઠી એ પૂછયું કે 'હે ભગવંત ! આ કોણ છે કે, જેથી આપ ઉભા થઈ ગયા ?'ત્યારે તેમણે કહ્યું કે, તે અમારા ગરુ છે અને ઘણી ઉત્કૃષ્ટ ક્રિયાકરનારા છે. જે ફેંકી દેવા લાયક-ત્યાંગ કરવા લાયક અન્ન કે જળ હોય, તે જ ગ્રહણ કરનારા છે, પંરતુ બીજું નહિં. એ વગેરે ગુણના ભંડાર તે શ્રમણસિંહનો વૃત્તાન્ત અતિવિસ્તારથી કહીને સમય થયો, એટલે પોતાની વસતિમાં આવી પહોંચ્યા, ત્યાર પછી બીજા દિવસે વસુભૂતિ શેઠે પોતાના સ્વજનોને સમજાવ્યુ કે, ભોજન કે પાણી તમારે અનાદરવાળા બનીને એકબીજા ઈચ્છતા ન હોય તેમ વ્યવહાર કરતાં આપવું. જ્યારે ગુરુના ગુરુ કોઈ પ્રકારે ભિક્ષા માટે આવે અને ઘરમાં પધારે, ત્યારે તેઓ તે પ્રમાણે કરવા લાગ્યા. આર્ય મહાગિરિ વિચારવા લાગ્યાકે, 'આ સ્વાભાવિકપણે આમ અનાદર કરતા નથી' એટલે વહોર્યા વગર જ તેઓ વસતિમાંપાછા ફર્યા. સંધ્યા-સમયે આર્યસુહસ્તીને કહ્યું કે, 'હે આર્ય ! તેં મારા માટે આજે અનેષણા કેમ કરી ?' 'કેવી રીતે ?' એમ ભ્રાન્તિપૂર્વક પૂછયું, ત્યારે જણાવ્યું કે, 'શેઠને ઘરે તમે ઉભા થઈ ગયા, મારા કલ્પ-વિષયક વૃત્તાન્ત જણાવ્યો.' ત્યાર પછી કુસુમપુરથી ઉજ્જેણી નગરીએ જીવંતસ્વામીની પ્રતિમાને વંદનકરવા માટે પરિમિત સાધુ સાથે શ્રીઆર્ય મહાગિરિ પધાર્યા. ત્યાં જિનબિંબને અભિવંદન કરી સાધુ-સંઘને પ્રતિબોધી ત્યાંથી દશાર્ણદેશમાં એલગચ્છ નામના નગરે ગયા. ત્યાં તે મહાત્મા અનશન-વિધિપૂર્વક અંતિમ આરાધના કરવા માટે ગયા. પહેલાં તે નગર દશાર્ણપુર નામથી પ્રસિદ્ધ હતું, તે અત્યારે 'એલગચ્છ' નામથી ઓળખાય છે.

## રાત્રિભોજન ભાંગનારની કથા

ત્યાં કોઈક દુષ્ટ અભિપ્રાયવાળા કુલપુત્રે એક શ્રાવિકા સાથે લગ્ન કર્યું. શ્રાવિકા સૂર્યાસ્ત સમયે હંમેશાં ચોવિહારનું પ્રત્યાખ્યાન કરતી હતી, ત્યારે તેનો ભર્તાર તેની મશ્કરી કરતો કે, 'શું કોઈ રાત્રે ભોજન કરે છે ? નિરર્થક પચ્ચક્ખાણ કરતી તું આત્માને કલેશ પમાડે છે. બુદ્ધિધનવાળા નિષ્ફલ કાર્યારંભ કરનારા હોતા નથી.' કોઈક દિવસે તેના ભતરિ કહ્યું કે, 'જો આમાં ધર્મ હોય તો મને પણ રાત્રિભોજનનાં પચ્ચક્ખાણ હો.' શ્રાવિકાએ પતિને કહ્યું કે, 'તમે તે ગ્રહણ ન કરશો. કારણ કે, તમે પાલન કરી શકવાના નથી અને ભાંગી નાખશો.' પેલાએ કહ્યું કે, 'હે ભોળી ! કોઈ વખત મને રાત્રે ભોજન કરતા દેખ્યો છે ?' એટલે ક્રોધ પામેલી પ્રવચનદેવીએ તેની પરીક્ષા કરવા માટે બહેનનો વેષ ધારણ કરી ખાવાનું ભાણું લાવીને ત્યાં હાજર કર્યું, એટલે તે તરત ભોજન કરવા લાગ્યો. ભાર્યાએ કહ્યું કે, 'તમે જાતે સ્વમુખેથી પચ્ક્ખાણ કર્યું અને હવે ભાંગવા તૈયાર થયા છો. !' પતિએ જ્યાં કહ્યું કે, 'આવા નકામા ખોટા પ્રલાપ કરવાથી સર્યું.' એમ બોલતાં જ દેવીએ પગની લાત મારી, તેની બે

આંખો બહાર નીકળી ગઈ અને નીચે પડી. દેખવો પણ ન ગમે તેવી સ્થિતિ જોઈ શ્રાવિકા એકદમ કરમાએલી મુખકાંતિવાળી બની ગઈ અને વિચારવા લાગી કે, 'લોકો આમાં મારો દોષ કાઢશે.' એમ ભાવતી તે ભાર્યાએ શાસનદેવીનું સ્મરણ કરી કાઉસ્સગ્ગ કર્યો. તેમાં તે ક્ષણે કોઈ મરતા એવા કોઈક બોકડાની બે આંખો જે સજીવ પ્રદેશમાં હતી, તે તેના સ્થાનમાં સ્થાપન કરી દેવીએ પ્રાર્થનાથી આ કાર્ય કરી આપ્યું. પ્રભાતમાં લોકોએ તેને બોકડાની આંખ લગાડેલ જોયો,ત્યારથી માંડી તે નગર એલગચ્છ (એકકાક્ષ) એ નામથી પ્રસિદ્ધિ પામ્યું. ત્યાં દશાર્ણકૂટનામનો પર્વત છે, શિખરની ઉંચાઈથી સૂર્યનો માર્ગ પણ તૂટી ગયો છે, તે 'ગજાગ્રપદક' નામની પ્રસિદ્ધિ પામ્યો છે ? તે શા કારણે તે સાંભળો –

કોઈક સમયે વીર ભગવંત વિચરતા વિચરતા ત્યાં પહોંચ્યા. દેવોએ સર્વ જીવોને શરણભૂત એવા સમવસરણની રચના કરી. વીર ભગવંતના દરરોજ સમાચારઆપવા નિયુક્તકરેલા પુરુષોએ નગરમાં દશાર્ણભદ્ર રાજાને વધામણી આપી કે - 'ભગવાન વીરસ્વામી દશાર્ણકૂટ પર્વત પર પધાર્યા છે.' (૧૫૦)

## દશાર્ણભદ્ર રાજાનું દૃષ્ટાંત

દશાર્ણભદ્ર રાજા વધામણી આપનારને પારિતોષિક દાન આપીને ચિંતવવા લાગ્યા કે - 'સર્વ શઠભાવ-કષાયોથી મુક્ત, નિરુપમ પ્રૌઢ યશવાળા, દેવતાઓને અને અસુરોને વંદનીય એવા પરમાત્મા વીર ભગવંતને મારે પરિવાર અને સર્વાડંબરથી એવી રીતે વંદન કરવું કે, 'આજ પહેલાં કોઈએ તેવી રીતે વંદન કર્યું ન હોય.' નગરલોકો ચતુરંગ સેના, અંતઃપુર-પરિવાર સર્વને આજ્ઞા કરી અને ઉદ્‌ઘોષણા કરાવી કે, 'સર્વ ઋદ્ધિ સહિત સર્વે નમનીય ભગવંતને વંદન કરવા રાજા સાથે જવાનું છે. સર્વ સ્ત્રી-પરિવાર તૈયાર થયો, એટલે રાજા પણ સર્વાલંકારથી અલંકૃત બન્યો. હિમાલયના શિખર સરખા ઉંચા હાથી પર આરૂઢ થએલા, શ્વેત છત્રથી જેણે આકાશ ઢાંકી દીધેલ છે, હિમ અને રજત સરખા ઉજ્જવલ ચાર ચામરોથી વિંજાતા દેહવાળા, જેના માટે ગરુડ, સિંહ, હાથી, શરભની આકૃતિવાળી સેંકડો ધ્વજાઓથી આગલો માર્ગ શોભિત કર્યો છે, સેંકડો ચારણો વડે જેનો હરના હાર સમાન ઉજ્જવલ યશ ગવાય છે, વાર્જિત્રોના શબ્દથી સર્વ દિશાઓ અને આકાશતલનાં સ્થાનો જેમાં પૂરાઈ ગયેલાં છે, પ્રલયકાળના વાયરાથી ક્ષોભિત સમુદ્રના જળના સમાન નગર-પરિજનો વડે સર્વાદર પૂર્વક જેનો માર્ગ અનુસરાતો છે, એવો તે દશાર્ણભદ્ર રાજા નગરમાંથી નીકળ્યો. ત્યારે સ્વર્ગમાં રહેલા ઈન્દ્રમહારાજાએ તેને જોયો અને તેના મનોગત ભાવ જાણ્યા. કોઈ પ્રકારે તેના અભિમાનને દૂર કરવા માટે ઈન્દ્ર મહારાજએ શરદ-સમય સમાન ઉજ્જવલ શરીરવાળો ઐરાવણ હાથી વિકુર્વ્યો, તે અતિ ઉંચો આઠ દંતૂશળયુક્ત, દરેક દંતૂશળમાં આઠ વાવડીઓ વિકુર્વી, દરેક વાવડીમાં આઠ આઠ કમળો, દરેક કમળને આઠ આઠ પાંખડીઓ, (દંતશૂળ x ૮ વાવડી = ૬૪ વાવડી દરેકમાં ૮ કમળ = ૬૪ x ૮=૫૧૨ કમળ તેની પાંખડી ૮ ૫૧૨ x ૮ = ૪૦૯૬ એ દરેક પત્રે નાટક છે.) એક એક પદ્મકમળ પત્ર પર બત્રીશ પાત્રબદ્ધ નાટ્ય-યુક્ત એવા ઐરાવણ હાથી ઉપર બેસી અનેક દેવ-પરિવારે ઢાંકી દીધેલ

આકાશવાળા ઇન્દ્રમહારાજા પ્રભુની નજીક નીચે આવ્યા, ત્યારે આકાશમાં ત્રણ પ્રદક્ષિણા ફરીને, આગળ ઐરાવત હાથીને નીચે નમાવ્યો અને પોતે વંદન કરવા લાગ્યો. તે સ્થળમાં આવેલા દર્શાર્ણભદ્ર રાજાએ ઐરાવણ વગેરે દેખ્યા અને બોલ્યા કે, 'અરે રે ! આવું અદ્દભુત તો કોઈ દિવસ મેં દેખ્યું નથી. નક્કી આણે ઘણો મહાન ધર્મ કર્યો, જેથી શોભા કેટલી થઈ? પુણ્ય વગરના અમારા સરખાએ પોતાની લક્ષ્મીનું શું અભિમાન કરવું ? તો હવે ધર્મ કરવા પ્રયત્નવાળો બનું, જેથી ઇચ્છિત કાર્યની તરત સિદ્ધિ થાય, તત્કાલ વિરક્ત બની સર્વ સંગનો ત્યાગ કર્યો.

તે વખતે દશાર્ણભદ્ર રાજા પાસે પચાસહજાર શ્રેષ્ઠ રથો હતા. રતિના રૂપને જિતનારી એવી સુંદર સ્વરૂપવતી સાતસો પત્નીઓ હતી. તથા અનેક હજારો હાથી, ઘોડા, અનેક ક્રોડ પાયદળ સેનાનીઓ કે, જે શત્રુ-સુભટો વિષે શૂરવીર ચરિત્રવાળા હતા. ધન-ધાન્યથી ભરપૂર ગામ, નગર, ખેડ, કર્બટ, પુર વગેરે સુંદર હતાં, અને સર્વે લાખોની સંખ્યામાં આ રાજાની આજ્ઞા મસ્તક પર ચડાવનારા હતા. આવા પ્રકારની ઋદ્ધિ-સમૃદ્ધિથી શોભાયમાન ઉદ્દભટ રાજ્ય, ધીર એવો તેણે ભવસ્વરૂપ જાણ્યા પછી તણખલાની માફક છોડી દીધું. સર્વ જગતના જીવને ક્ષેમ કરનારએવી દીક્ષા તેણે ક્ષણમાં ગ્રહણ કરી. આ દેખીને વિતર્ક કરનાર ઇન્દ્ર મહારાજા આ પ્રમાણે ચિંતવવા લાગ્યા કે, 'જેમ આ ધન્ય મહાનુભાવે આગળ એમ ચિંતવ્યું હતું કે, 'કોઈએ પણ ભગવંતને વંદના ન કરીહોય, તે રીતે મારે તેમને વંદન કરવું.' તે સર્વ મહાનુભાવ પણાના ચરિત્રથી તેમણે પ્રાપ્ત કર્યું. આના કરતાં બીજો કયો આ પ્રમાણે દીક્ષા અંગીકાર કરે છે ? તે શુદ્ધચારિત્રનું સેવન કરી કેવલજ્ઞાન પ્રાપ્ત કરી નિરુપદ્રવ ફરી ન આવવું પડે-એવા નિર્વાણસ્થાનને પામ્યા. દેવના ઐરાવણ હાથીના અગ્રપદના પગલાના પ્રભાવના કારણે ત્યાર પછી તે પર્વતને લોકો 'ગજાગ્રપદક' નામથી સર્વ જગો પર કહેવા લાગ્યા. તેવા પ્રકારના પવિત્ર ક્ષેત્રમાં આર્યમહાગિરિ આચાર્ય સૂત્રમાં કહેલ વિધિ અનુસાર સમાધિપૂર્વક કાલધર્મ પામીને દેવલોકમાં ઉત્પન્ન થયા.

બીજા સુવિહિતોએ પણ પોતાની શક્તિ છૂપાવ્યા સિવાય સમ્યગ્પણે ચારિત્રમાં પ્રવૃત્તિ કરવી જોઈએ. (૧૭૯)

॥ नमो नमः शारदायै ॥

હવે આગળ ૨૦૩ થી ૨૧૧ સુધીની મૂળ ગાથાના અક્ષરાર્થ કહે છે : -

આગળ કહેલા આર્ય મહાગિરિ અને આર્ય સુહસ્તી નામના સ્થૂલભદ્રના બે શિષ્યો કહેલા ગુણવાળા હતા. તેમાં પ્રથમ શિષ્યે બીજા આર્યસુહસ્તીને ગચ્છનાયક સ્થાપીને જિનકલ્પ સંબંધી ક્રિયા જે ઘણી આકરી હોય છે, તેને અંગીકાર કરી. ધર્મબિન્દુમાં તે માટે કહેલું છે કે - 'વચનગુરુતા-પ્રભુનાં શાસ્ત્ર-વચન એ જ ગુરુ. અલ્પઉપધિપણું, શરીરની ટાપટીપ-સાફસુફી ન કરવી, શાસ્ત્રમાં કહેલા અપવાદનો ત્યાગ, ગામમાં એક રાત્રિ, શહેરમાં પાંચ વિગેરે પ્રમાણે વિહાર કરવો, નિયતકાલે જ ભિક્ષાદિ લેવા જવું ઘણે ભાગે કાઉસગ્ગ ધ્યાને રહેવું, દેશના ન આપવી ધ્યાનમાં એકાગ્રતા રાખવી. વચનગુરુતા અર્થાત્ વચન એટલે આગમ એ જ ગુરુ-

ધર્માચાર્ય છે, જેને, તેનો ભાવ તે વચનગુરુતા.

## સાત પ્રકારની એષણા

અહિં એષણા સાત પ્રકારની ભોજન સંબંધી અને પાણી સંબંધી. તેમાં અસંસૃષ્ટ એટલે હાથ કે પાત્ર ખરડાયા સિવાય જે સમગ્ર આપવાનું દ્રવ્ય જેમાં છે, તે પ્રથમા એથી વિલક્ષણ તે બીજી જય.ાં પકાવ્યું હોય, ત્યાંથી ઉચકીને બીજા સ્થાનમાં સ્થાપના કર્યું હોય એવા પ્રકારનું આપવાનું દ્રવ્ય તે વિષયક, તે ઉદ્ધૃત નામવાળી ત્રીજી. તેવા અલ્પલેપવાળા વાલ, ચણા વગેરેને ગ્રહણ કરવારૂપ ચોથી, ભોજનશાલામાં સ્થાપન કરેલી હોય,ત્યાંથી ભોજન કરનાર લોકના સ્થાનમાં લાવેલ ભોજન આદિકને ગ્રહણ કરવા, લક્ષણ તે અવગૃહીતા નામની પાંચમી. ભોજન કરવાના ભાજનમાં પીરસેલહોય તેવી, પ્રગૃહીતા નામની છઠ્ઠી, ભોજનશાલા ચાલતીહોય, ત્યાં ભોજન કરનાર લોકો જેને ઈચ્છતા ન હોય એટલે ફેંકી દેવા લાયક જે અન્ન હોય, તેને ગ્રહણ કરવારૂપ ઉજ્જિતા નામની સાતમી એષણા. એ સાતમાંથી જિનકલ્પને પ્રથમ બે એષણામાં ન ગ્રહણ કરવા લાયક અને તેના ઉપરની પાંચ એષણાઓમાં યોગ્યતારૂપે ગ્રહણ કરી શકાય. પરંતુ તે પાંચમાં પણ એક દિવસે બેનો જ અભિગ્રહ અને તેમાં એકથી ભોજન અને એકથી પાણી ગ્રહણ કરવાનું હોય. તે માટેકહેલું છે કે 'ખરડાયેલ, ન ખરડાયલ, ઉદ્ધૃત, અલ્પલેપવાળી, ઉદ્ગ્રાહિત, પ્રગૃહીત, ઉજ્જિત ધર્મવાળી એમ સાત એષણાઓ છે. તથા પાંચમાંથી બેનો જ અભિગ્રહ કરીને ભિક્ષા ગ્રહણ કરવાની હોય. તેથી આ એષણાની શુદ્ધિ-નિર્દોષતા અને આધિ શબ્દથી તપ, સત્ત્વ, સૂત્ર, એકત્વ અને બલ એમ પાંચ પ્રકારની તુલના-અભ્યાસ કરવાનો કહેલો છે. એમાં જે પાર પામે, તે જિનકલ્પ અંગીકાર કરી શકે. આપ્રકારે પાંચ પ્રકારની તુલના સ્વીકારવી પડે. તેથી યુક્ત બનેલા આર્યમહાગિરિને વસુભૂતિ શ્રેષ્ઠિનાં ઘરે તેમના કુકુંબને પ્રતિબોધ કરવા માટે સકારણ ગયેલા તેમના બીજા આચાર્ય આર્યસુહસ્તીએ તેમને ત્યાં ભિક્ષા ભ્રમણ કરતા જોયા અને ઉભા થઈ વિધિપૂર્વક આદર-વિનય પ્રકાશિત કર્યો.

તે સમયે શ્રેષ્ઠીને વિસ્મય (આશ્ચર્ય) થયું કે, 'શું આમના કરતાં આ મહાન છે ?' એટલે સુહસ્તીએ શ્રેષ્ઠી સમક્ષ તેમના ગુણોનું, તેમના ચારિત્રનું, તેમની ભિક્ષાનુ વર્ણન કર્યું, એટલે શેઠને તેમના પ્રત્યે પુષ્કળ બહુમાન પ્રગટ્યું. તેમની સામાચારી સાંભળીને શેઠે ભોજનપાણી ઉજ્જિત ધર્મવાળાં તૈયારકર્યા, શંકા કરીને, 'આર્ય સુહસ્તી સમીપે વસુભૂતિએ સાધુના આચારો સાંભળવા છતાં શા માટે અનેષણા-દોષિત આહાર આપવાની પ્રવૃત્તિ કરી ?' તેના સમાધાનમાં જણાવે છે કે - 'ઘણાભાગે અનાભોગ એટલે શાસ્ત્રના અર્થની વિચારણા કર્યા વગર જેદાન કરવાની અભિલાષારૂપે શ્રદ્ધા ઉત્પન્ન થઈ, તેથી અનેષણા કરી.' હવે મહાગિરિએ ઉપયોગ મૂક્યો. મનથી વિચારણા કરી અને જાણ્યું કે, અણગમતી રસોઈ તૈયાર કરી છે, તેનું જ્ઞાન થયું. તે વાત સાંજ સમયે પ્રતિક્રમણ-સમયે અનેષણા કરી તેમ સુહસ્તીને કથન કર્યું. ત્યાર પછી તે નગરમાંથી વિહાર કરી ચાલ્યા ગયા અને અવંતી દેશની ઉજ્જયિની નગરીએ ગયા. ત્યાં જીવંત સ્વામીની પ્રતિમાની યાત્રા-વંદના કરીને ઉજ્જયિનીમાં શ્રમણસંઘને કહીને ચરમકાલની આરાધના માટે એલકાક્ષ નામના નગર તરફ ગમન કર્યું.

## એલકાક્ષનગર અને ગજગ્રપદ ની ઉત્પત્તિ

એ નગરની ઉત્પત્તિનું કારણ કહે છે - ભર્તાર મિથ્યાત્વી હોવાથી સંધ્યાકાળે કોઈક શ્રાવિકાના સાંજના પ્રત્યાખ્યાન-વિષયક હાસ્યકર્યું. કોઈક વખતે જેમ શ્રાવિકા પ્રત્યાખ્યાન ગ્રહણ કરતી હતી, તેમ ઉછાંછળા-અવિનીત બની વગર પ્રેરણાએ પોતાની મેળે તેના પતિએ 'મારે પણ રાતના ન ખાવું-તેવું પ્રત્યાખ્યાન ગ્રહણ કર્યું.' શ્રાવિકા પત્નીએ ના કહી કે, તમે પાળી નહીં શકો, તોપણ વાર્યો ન રહ્યો. તેની મશ્કરી કરી, એટલે પ્રવચન-દેવતાને રોષ થયો. તેની બહેનનો વેષ વિકુર્વીને લાડુ વગેરે પક્વાન્નની વાનગીઓ ભાજનમાં સમર્પણ કરી. તેણે તે ખાદ્ય પદાર્થોનું ભોજન કર્યું. દેવીએ હાથના તલભાગથી ધોલ મારીને તેની આંખો ઉખેડીને નીચે પાડી શ્રાવિકાએ દેવતાને આરાધના માટે કાઉસગ્ગ કર્યો. બીજા સર્વ મનના દાહથી ચડી જાય તેવો ઉત્કૃષ્ટ એટલે કે સમગ્ર કુશલ-કલ્યાણના અંકુરનાં કારણભૂત-ધર્મબીજને બાળીને ભસ્મરૂપ કરનાર ઉડ્ડાહ થયો. ત્યારે તે કાળે મારી નાંખતા બોકડાની જીવતી આંખો તેની આંખના સ્થાને જોડી દીધી. ત્યાર પછી જિતધર્મ-પ્રાપ્તિ થઈ. પ્રત્યાખ્યાનભંગ થવા બદલ શિક્ષા થવાથી હવે ધર્મની શ્રદ્ધા થઈ. તે કારણે દશાર્ણપુર નામના બદલે 'એલકાક્ષ' નામનું નગર પ્રસિદ્ધિમાં આવ્યું.

એલકાક્ષનગર પાસે દશાર્ણકૂટ નામનો પર્વત હતો, તેનું નામ 'ગજાગ્રપદક' એવું એ કારણે પ્રસિદ્ધિ પામ્યું કે - 'દશાર્ણદેશનું રાજ્યપાલન દશાર્ણભદ્ર નામના રાજા કરતા હતા, ત્યારે છેલ્લા તીર્થંકર શ્રીવીર ભગવંત દશાર્ણકૂટ પર્વતના શિખર ઉપર સમવસર્યા. દશાર્ણભદ્રે જ્યારે ઈન્દ્રની સમૃદ્ધિ દેખી, ત્યારે પોતાની સમૃદ્ધિને તુચ્છ ગણી તેનો અનાદર કરી, સર્વવિરતિ ચારિત્રરૂપ બોધ થયો અને દશાર્ણભદ્ર રાજાએ દીક્ષા અંગીકાર કરી. તથા ઐરાવણ હાથીના પગલાના સુયોગે 'ગજાગ્રપદક' એ નામથી એ પર્વત પ્રસિદ્ધિ પામ્યો.

હવે ઈન્દ્રમહારાજાની વિભૂતિ બતાવે છે - ઈન્દ્રમહારાજા જે ઐરાવણ હાથી ઉપર બેઠા હતા, તેને દંતશૂળો હતાં, તેમાં વાવડીઓ હતી, તેમાં પદ્મકમળો હતાં, તે દરેકને પાંખડીઓ હતી, દરેક દંતશૂળ વાવડી વગેરે દરેકની આઠ આઠ સંખ્યા હતી તે દેખીને દશાર્ણભદ્ર રાજાને સંવેગ ઉત્પન્ન થયો તરત જ પ્રવ્રજ્યા ગ્રહણ કરી. ચાલુ અધિકારમાં આ વાત જોડતાં કહે છેકે - તે આર્ય મહાગિરિ આચાર્યે સુંદર ચારિત્ર પાળી તે ગજાગ્રપદક નામના પર્વતના પુણ્ય ક્ષેત્રરૂપ શિંખર ઉપર દેહત્યાગ રૂપ કાલકર્યો તે ક્ષેત્રથી તેમને સમાધિનો લાભ થયો બીજા આચાર્યો તો આ પ્રમાણે કહે છે - ફરીપણ તે સમાધિલાભથી ત્યાં કાળ કર્યો. કહેવાનો મતલબ એ છે કે - તે ક્ષેત્રમાં સમાધિ મેળવી, તે સાનુબંધ સમાધિલાભ ફલરૂપપણાથી ફરી જન્માંતરમાં સમાધિનો લાભ પ્રાપ્ત થશે - એમ કરીને ત્યાં કાળ કર્યો (૨૦૩ થી ૨૧૧ ગાથાઓ)

આ ગજાગ્રપદક પર્વત તીર્થ છે, એનો પ્રસ્તાવ હોવાથી તીર્થની વ્યાખ્યા કરવાની ઈચ્છાવાળા કહે છે -

## 'તીર્થ' શબ્દની વ્યુત્પત્તિ

૨૧૨ - મોક્ષની ઇચ્છાવાળા જે કોઈ જીવને જે સ્થલમાં જ્ઞાનાદિ-પ્રાપ્તિરૂપ ગણનો લાભ થાય છે, જેમ કે, ગજાગ્રપદ વગેરે તીર્થમાં સમાધિ આદિ ગુણની પ્રાપ્તિ થાય છે. કયા કારણથી ? શાતાવેદનીય વગેરે શુભકર્મનો ઉદય, આદિશબ્દથી ઘાતિકર્મ વગેરે અશુભ કર્મના ક્ષય, ક્ષયોપશમ ગ્રહણ કરાય છે. કર્મોદયાદિકના કારણ ક્ષેત્ર છે. તે કારણથી કર્મોદયાદિકના હેતુથી, તીર્થ-વ્યસનરૂપ જળ તરવાના હેતુરૂપ ક્ષેત્ર પ્રાપ્ત થાય છે. કહેલું છે કે - કર્મના ઉદય, ક્ષય, ક્ષયોપશમ જે મતાંતર છે, તે જણાવે છે. તથા સ્વભાવપણાથી કેટલાક તીર્થ કહે છે. અહિં તાત્પર્ય એ છે કે સમગ્ર મનુષ્યક્ષેત્રમાં એવો કોઈ ક્ષેત્રવિભાગ નથી કે, જેમાં અનાદિ અનંતકાળમાં અનંતા સિદ્ધિ પદને ન પામ્યા હોય. તેમ જ સિદ્ધિ પામશે, માટે નિયત તીર્થ બોલવું ઉચિત કેવી રીતે ગણાય ? પરંતુ તથા સ્વભાવપણાના નિયમથી જીવજયાં વિશિષ્ટ ગુણલાભવાળો થાય,તો તેને તે જ 'તીર્થ' કહેવાય. (૨૧૨)

૨૧૩-ભક્તપરિજ્ઞા નામનું પ્રથમ, ઈંગિણી નામનું બીજું અને પાદપોપગમન નામનું ત્રીજું એમ અનશનના ત્રણ પ્રકારો કહેલા છે.તે પૈકી પાદપોપગમન નામના ત્રીજા પ્રકારના અનશનની આરાધના કરીને મહાસત્ત્વવાળા તે મહાગિરિ ત્યાં 'ગજાગ્રપદક' નામના તીર્થમાં કાળધર્મ પામીને પરિવારાદિ વિભૂતિયુક્ત મહાબુદ્ધિધન એવા વૈમાનિક દેવલોકને વિષે ઉત્પન્ન થયા. (૨૧૩)

હવે આર્ય સુહસ્તીસૂરિની બાકીની વસ્તવ્યતા કહે છે –

## અવંતિસુકુમાલ ચરિત્ર

૨૧૪ થી ૨૨૦ - મુનિઓમાં વૃષભસમાન શ્રીઆર્યમહાગિરિસૂરિજી કાલ પામી ગયા પછી કોઈક સમયે જીવંતસ્વામીની પ્રતિમાને વંદન કરવા માટે દુઃસ્થિતને અર્થયુક્ત કરનાર આર્યસુહસ્તીસૂરિ નામના આચાર્ય ઉજ્જેણીમાં નગર બહાર પધાર્યા હતા. ગોચરી જનાર મુનિઓને તેમણે આજ્ઞા કરી કે, 'આજે લોકોના વસવાટની વચ્ચે સાધુને ઉતરવા યોગ્ય વસતિની માગણી કરજો.' ત્યારે તેમાંથી એક સાધુયુગલ ભિક્ષા માટે ભદ્રા નામની સાર્થવાહીને ઘરે ગયું. તેણે ગૌરવપૂર્વક ઉભા થઈ વંદન કર્યું અને પૂછયું કે, 'આપ કોના શિષ્ય છો ?' અમે આર્યસુહસ્તીના શિષ્યો છીએ,અમો વસતિ મેળવવા માટે અહિં આવેલા છીએ.' એમ કહ્યું, એટલે આનંદથી રોમાંચિત અને વિકસિત દેહવાળી પોતાને કૃતાર્થ માનતી તે મુનિયુગલને કહેવા લાગી કે, 'વગર વપરાશની યાનશાળા બહુપ્રકારે મુનિઓને ઉચિત છે, તે કૃપા કરીને આપ ગ્રહણ કરો.' એ પ્રમાણે ઉચિત કહીને ઘણા આહાર અને પાણીથી તેઓને પ્રતિલાભ્યા. સાધુઓએ પણ ગુરુ પાસે જઈ ઈરિયાવહી પ્રતિક્રમીને નિવેદન કર્યું કે, 'હે ભગવંત ! ભદ્રાશેઠાણીને ત્યાં યાનશાળા પ્રાપ્ત થઈ છે ભોજન કર્યા પછી દિવસ નાં અંતભાગમાં આરક્ય સુહસ્તી ગુરૂઘણાં બાળ, વૃદ્ધિ ભિક્ષા ફરનારા ભિક્ષુકો સહિત ત્યાં પધાર્યા. અનુક્રમે જીવંતસ્વામીની પ્રતિમાને વંદન કર્યા પછી લોકોને પ્રતિબોધ કરવા માટે

આશ્ચર્યકારી ધર્મોપદેશ આરંભ્યો.

આ બાજુ સુભદ્રા સાર્થવાહીને ઘણા ભોગો ભોગવનાર સુકુમાલ નામનો પુત્ર હતો. અવંતિદેશમાં અતિસુકુમાલપણાનો અભાવ હોવાથી તે કુમારનું મૂલનામ ઉડી ગયું અને તેનું 'અવંતિસુમાલ' એવું નામ સર્વ સ્થાનમાં પ્રસિદ્ધિ પામ્યું. સમાન યૌવનવંતી, સમાન ધનવાળા માતા પિતાના કુટુંબવાળી, સમાન લાવણ્ય ગુણવાળી, સમાન દેહ પ્રમાણ-યુક્ત એવી બત્રીશ કન્યાઓ સાથે મહાવિભૂતિથી તેનાં લગ્ન કર્યાં. અતિ પ્રસન્ન વદન-કમળવાળી પુણ્યના સમૂહથી પ્રાપ્તથઈ શકે તેવી આ પત્નીઓ સાથે તે દોગુંદક દેવના યુગલની જેમ ઘણા લોકોને અનુમત એવા વિષય-સુખને અનુભવતો હતો. ઘરનાં સર્વ કાર્યની ચિંતા માતા કરતાં હતાં. કોઈક સમયે આર્ય સુહસ્તીસૂરિ રાત્રિના પ્રથમ પહોરમાં વસતિના એક પ્રદેશમાં રહેલા નલિનીગુલ્મ વિમાનના વૃત્તાન્તને નવીન મેઘ સમાન મનોહર શબ્દો વડે કરીને તે પ્રદેશના દિશા-ભાગો પૂરાય તેમ પરાવર્તન કરવા લાગ્યા. તે વખતે પોતાના મહેલમાં રહેલા તે અવંતિસુકુમાલ તે નલિનીગુલ્મ નામનું અધ્યયન શ્રવણ કરીને વિસ્મય પામેલા મનવાળો વિચારવા લાગ્યો કે, 'આ કોઈ કિન્નર દેવતા ગાય છે કે શું ?' કુમારે ચિંતવ્યું કે, 'મેં આ પ્રમાણે ક્યાંઇક દેખેલું છે' એમ વિચારતા તેને એકદમ જાતિસ્મરણ જ્ઞાન થયું. તેને કોઈ ન દેખે તેવી રીતે સુહસ્તી ગુરુ પાસે પ્રહોંચ્યો. તેમણે ઓળખ્યો કે, 'આ ભદ્રાનો પુત્ર અવંતિસુકુમાલ છે.' ચરણમાં પ્રણામ કરીને 'હે ભગવંત ! આ વિમાનનો વૃત્તાન્ત જાણવો અહિં દુષ્કર ગણાય, તો આપે તેને કેવી રીતે જાણ્યો ?' હે ભાગ્યશાળી ! જિનેશ્વરના વચનથી.' 'હે ભગવંત ! હું તે જ વિમાનમાંથી અહિં આવેલો છું. તે સ્થાન યાદ આવતાં અહિં મારી સર્વ ઇન્દ્રિયો અને શરીર રોકયા છે.અહિંના કોઈ પદાર્થ પર મને રતિ થતી નથી. વિષ્ટાની કોઠીમાં રહેલો કૃમિ કદાચિત્ મનુષ્યપણું પામે અને ફરી તે જ પૂર્વના સ્થાનમાં જાય તો અધિક દુઃખ અનુભવે તે પ્રમાણે હું દેવલોકથી અહિં આવેલો છું, ત્યાંનું ચરિત્ર વગેરે સંભારી ને અત્યંત ઉદ્વેગ મનવાળો હું લગાર પણ શાંતિ અનુભવી શકતો નથી. તો મારા પર આપ કૃપા કરો અને મને પ્રવજ્યા આપી આપના હસ્તે જ મને અનશન-દાન કરો. (૨૫) ત્યારે ગુરુએ કહ્યું કે, 'સારથવાહી ભદ્રા, પરિવાર અને તારી સ્ત્રીઓને પૂછ.' અતિશય ઉત્સુક બનેલો હું પૂછવા જેટલો પણ વિલંબ સહી શકું તેમ નથી કાલાનુવર્તન-કાલવિલંબ કરવો તથા સૂત્ર પરિણતિ પ્રમાણથી 'આ સ્વયં સાધુવેષ અંગીકાર કરનાર રખે ન થાય.' એમ ધારીને તે જ ક્ષણે તેને દીક્ષા આપી,તથા નિરાગાર અનશન પણ શુદ્ધ ઉપયોગવાળા એવા મહાન સુહસ્તી ગુરુએ પોતે જ કરાવ્યું કાંટાળા કંથારી વૃક્ષવાળા ઝાડી સ્થલમાં તે સમયે તેણે ગમન કર્યું. ધારેલા સ્થળમાંબેઠો. તેની પાછળ પાછળ કાંટાથી વિંધાએલા પગના લોહીની ગંધથી તત્કાળ જન્મ આપેલા પોતાનાં બચ્ચાં સહિત એક શિયાલણી આવી અને તેને જોયો. ખૂબ ભૂખી થયેલી તે શિયાળ એક જાનુભાગમાં ચોંટી અને ખાવા લાગી.બીજી જાંઘમાં તેનાં બચ્ચાં તેનું માંસ ખાવા લાગ્યાં. રાત્રિના બીજાપહોરમાં, ત્રીજા પહોરમાં અને ચોથા પહોરમાં અનુક્રમે બંને સાથળોમાં, ઉદર પ્રદેશમાં માંસ કરડવા લાગી. તે અવંતિસુકમાલ મહાત્મા મેરુ માફક અડોલપણે પોતાની સમાધિમાં સ્થિર રહ્યા. હવે તે પોતાના આત્મા અને દેહને ભિન્ન માનતા

હતા. આ લોક કે પરલોક વિષે મમતા વગરના વિચારવા લાગ્યાકે, 'આ વ્રતોથી જે કંઈ સ્વર્ગ કે મોક્ષ જે ફલ થવાનું હોય, તે થાઓ. ઉદર-પ્રદેશમાં શિયાળ ભક્ષણ કરતી હતી, તે સમયે મરીને તે નલિનીગુલ્મ નામના વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા અને ત્યાં અઢળક વિભૂતિ વગેરે પ્રાપ્ત કર્યાં. દુષ્કર રીતે સર્વ ત્યાગ કરીને નીકળેલા હોવાથી નલિની ગુલ્મ વિમાનની અભિલાષારૂપ લેશ્યા હોવાથી, મોક્ષની કાંક્ષાનો પક્ષપાત ઘણો હોવા છતાં પણ તે નલિનીગુલ્મ વિમાનમાં ઉત્પન્ન થયા. કારણ કે, એકાગ્ર ચિત્તવાળા તે વિમાન મેળવવાના પરિણામવાળા હતા,તો તેઓને મર્યા પછી મહર્ષિકેવી રીતે ગણવા ? તો કે (૧ ઉપદેશમાળા આદિ) બીજા શાસ્ત્રોમાં તે પ્રમાણે કહેલું હોવાથી મહર્ષિ-પદ ઔપચારિક રીતેગણાવેલું છે. કારણ કે, વિમાનમાં ભોગાભિલાષા હતી.જેમ કાયોત્સર્ગ કરેલા સુકોશલમુનિ વગેરેને વ્યાઘ્રીએ ભક્ષણ કરેલ તેમની સરખામણીમાં મહર્ષિ પદ વાપરેલું છે. બીજાના દુઃખને દેખીને શરીર કંપી જાય તેવા દુઃખને જણાવનાર અવંતિસુકુમાલ મહર્ષિનું ચરિત્ર ખરેખર દુષ્કર છે. અહીં બહિરાત્મ રૂપ શરીરને જણાવનાર આત્મશબ્દ સમજવો. કારણ કે, 'અંતરાત્માને છોડવો અશકય છે, એટલે અહીં આત્મા એટલે શરીર પણ કથામાં કહેલા પ્રકારે છોડવું - તે પણ આશ્ચર્ય જ છે.

આ દેવલોકનાં સુખ મેળવવામા આ શરીર ઘણો જ ઉપકાર કરનાર થયું છે - એમ માનનાર તે નવીન દેવતા દેવપણાનાં તરતનાં કાર્યોનો ત્યાગકરીને તત્કાળ અહિં આવીને ગંધોદકની વૃષ્ટિ કરી, સુગંધી પુષ્પોનાપગર-ઢગલાદિક કરી, તે કલેવરનું અર્ચન કર્યું. પોતાનું રૂપ પ્રત્યક્ષ કરી આર્ય સુહસ્તીને વંદન કરીને જેવો આવ્યો હતો, તેવો ચાલ્યો ગયો.

હવે સૂર્યોદય થયો અને માતાને પગે લાગવા દરરોજ આવતો, તે પ્રમાણે આજે આવેલો ન જોયો, તેની તપાસ કરી તો ક્યાંયથી પણ તેના સમાચાર ન મળ્યા. એટલે પર્વત જેમ વજ્રા હત થાય, તેમ બંધુવર્ગ આકુળ-વ્યાકુલ બની ગયો. એપછી આર્ય સુહસ્તી આચાર્યે પરિવારવાળી ભદ્રા માતાને કહ્યું કે, 'રાત્રિએ અવંતિસુકુમાલ આ પ્રકારે દીક્ષા અંગીકાર કરી. વિધિપૂર્વક અનશન વ્રત પણ સ્વીકાર્યું. કંથેરીના વનમાં કાયાની મમતા પણ છોડી અને મૃત્યુ પામી નલિનીગુલ્મ વિમાનમાં મુખ્ય દેવપણે ઉત્પન્ન થયો.' આ સાંભળી સર્વ વહુઓ સહિત ભદ્રા તે વનમાં ગઈ. મરણોત્તર ક્રિયા કરી તે સ્થાનથી પાછી આવી, એટલે આચાર્યે તેમને આ પ્રમાણે પ્રતિબોધ આપ્યો - 'નદીના પૂરમાં પડીને તણાતા જનનો ફરી સમાગમ થવો મુશ્કેલ છે,તેમ સંસારમાં જીવોનો વિયોગ થયા પછી સહયોગ થવો મુશ્કેલ છે. આ જીવલોક સ્વપ્ન સરખો છે. અથવા ઈન્દ્રજાળની ક્રીડા સરખો કે બાલ-ધૂલિઘર-લીલા સરખો ક્ષણમાં દેખતાં જ નાશ પામવાના સ્વભાવ સરખો છે. અહિં સંસારમાં વૈભવવાળો દરિદ્ર થઈ જાય છે, દુઃખી પણ સુખી, ગુણી પણ અવગુણી, બંધુ પણ શત્રુરૂપ બની જાય છે. આ ભવમાં રહેનારાઓની સ્થિતિ અનિયમિત થઈ જાય છે.' એ પ્રમાણે ઉપદેશ આપીને ભદ્રા તથા વહુઓને ઉગ્ર વૈરાગ્યવાળી બનાવી એટલે એક સિવાય બાકીની સર્વ પત્નીઓએ તથા માતાએ આર્ય સુહસ્તિના ચરણમાં દીક્ષા અંગીકાર કરી. તેમાંથી એક વહુ ગર્ભવતી હોવાથી તેને તે વખતે

૧ દોઘટ્ટી ટીકાના આધારે આ અર્થ લખેલો છે.

ઘરે રાખી, કાલે કરીને તે સ્ત્રીને ઘણા લક્ષણ વાળો પુત્ર જન્મ્યો. પિતાના પક્ષપાતી એવા તે પુત્રે તે સ્થાને અતિમનોહર પિતાના સમાન માપવાળી-ગુણવાળી પ્રતિમા-સહિત ઉંચું મંદિર બંધાવ્યું. કાલાંતરે બૌદ્ધ ભિક્ષુક લોકોએ તીવ્ર રોષથી પોતાના કબજે કરી 'મહાકાલ' નામથી તેને ઓળખાવ્યું જે અત્યારે પણ તે નામથી પ્રસિદ્ધિ પામેલું છે. (૫૨)

હવે આગળ સાત ગાથાઓ કહેલી છે, તેનો અક્ષરાર્થ કહે છે –

બીજા સુહસ્તીસૂરિ ઉજ્જયિની નગરીમાં જીવંતસ્વામીની પ્રતિમાને વંદન કરવા માટે વિહાર કરતા કરતા પધાર્યા. ત્યાં સાધુઓએ ભદ્રાના ઘરે વસતિની માંગણી કરી. યાનશાળામાં સાધુઓએ સ્થિરતાકરી. સુહસ્તીસૂરિ રાત્રે સુંદર શબ્દો બોલવાપૂર્વક 'નલિનીગુલ્મ' નામના અધ્યયનનું પરાવર્તન કરતા હતા. ભદ્રાના પુત્ર અવંતિસુકુમાલે તે સાંભળ્યું. તેને સાંભળીને આશ્ચર્ય થયું કે, 'આ શું સંગીત ગાય છે ? તે સાંભળીને પૂર્વભવનું સ્મરણ થયું. ત્યાર પછી મનુષ્યભવથી વૈરાગ્ય થયો. ત્યાર પછી તરત જ શ્રીમદ્ આર્યસુહસ્તી પાસે આવી પોતાનો વૃત્તાન્ત જણાવ્યો પોતાનો તત્કાલ પ્રવજ્યા લેવાનો અભિપ્રાય જણાવ્યો કે, 'મારે તત્કાલ પ્રવજ્યા ગ્રહણ કરવી છે. લાંબા કાળ સુધી પ્રવ્રજ્યા પાલન કરવા હું સમર્થ નથી, એટલેદીક્ષા લઈને તરત જ હું અનશન અંગીકાર કરીશ.' ગુરુએ કહ્યું કે, 'તારી માતાને પૃચ્છા કરવી ઉચિત છે.' પરંતુ તેટલો સમય પણ રોકાવા માટે તૈયાર નથી. એટલે ગુરુએ વિચાર્યું કે, 'રખે પોતાની મેળે લિંગ-વેષ ગ્રહણ કરનારો થાય' એમ ધારીને ગુરુએ તેને વેષ આપ્યો અને દીક્ષા આપી. અનશન અંગીકાર કરીને તે કંથેર કાંટાળા વૃક્ષવાળા વનમાં ગયા અને ત્યાં ઇંગિનીમરણ-સમાધિમરણ અંગીકાર કર્યું નવા જન્મેલા બચ્ચાવાળી શિયાળ રાત્રિએ ત્યાં આવી અને એક એક પહોરે અનુક્રમે બે પગ, બે સાથળ અને ઉદર ભક્ષણ કર્યું, એટલે તે મરણ પામ્યો. તે વેદના-ભક્ષણની વ્યથાને સહન કરી ત્યારે તેનું ચિત્ત નલિનીગુલ્મવિમાન મેળવવાનું હતું, પરંતુ શિયાળ ઉપર જરાપણ રોષ કર્યો ન હતો, એટલે તે વિમાનમાં ઉત્પન્ન થયો. નવા ઉત્પન્ન થયેલા તે દેવે પોતાના શરીર ઉપર સુગંધી જળના વૃષ્ટિ કરી, તેના ઉપર સુંગંધી પુષ્પો વેર્યાં. ગોશીર્ષ ચંદનનુંવિલેપન કર્યું અને તે મરેલા દેહનો સત્કાર કર્યો. તે સર્વ હકીકત ગુરુએ ભદ્રા તથા તેની પત્નીઓને કહી. પ્રાતઃકાળે વહુઓ સાથે ભદ્રા માતા ત્યાં ગયાં. ત્યાં તેના શરીરની મરણોત્તરક્રિયા કરી ગુરુ પાસે પાછા આવ્યા, ત્યારે ભવસ્વરૂપની વિચિત્રતા વિષયક ધર્મદેશના આપી. સમગ્ર વહુઓ સાથે ભદ્રાએ દીક્ષા લીધી.પરંતુ એક સ્ત્રી ગર્ભવતીહતી, તેને પુત્ર જન્મ્યો. તેણે પોતાના પિતાનો પક્ષપાત હોવાથી તે સ્થલે દેવકુલલક્ષણ મંદિર બંધાવ્યું. એ વગેરે સમ્પ્રતિ રાજા, અંવંતિસુમાલને પ્રતિબોધ કરવો, વગેરે ઉચિત-પોતપોતાને અનુરૂપ અનેક ગામ નગરાદિકમાં વિવિધ પ્રકારના ભવ્ય જીવોને દેશવિરતિ, સર્વ વિરતિ ચારિત્ર, આદિ શબ્દથી સમ્યક્ત્વ અને બોધિબીજ પમાડવારૂપ ધર્મોપદેશ આપીને આર્યસુહસ્તીસૂરિ પણ ગચ્છનાં સર્વ પ્રયોજન પૂર્ણ કરીને પંડિતમરણની આરાધના કરવા પૂર્વક કાળ પામીને દેવલોકે ગાયા. હવે ઉપસંહાર કરતાં જણાવે છે કે - 'પ્રસ્તુત આ બંને આચાર્ય સંબંધી પોતપોતાની યોગ્યતાનું ઉલ્લંઘન કર્યા વગર ગચ્છની સાર-સંભાળ કરવા રૂપ પૂર્વાચાર્યોયએ જે અનેક પ્રકારની સામાચારી જણાવેલી છે,તે રૂપ પ્રવૃત્તિ

સૂક્ષ્મબુદ્ધિ કુશલ પુરુષોએ વિચારવી. બીજા સ્થાને પણ કહેલું છે કે - 'જેનાથી જે જેને યોગ્ય હોય, તે તેને સર્વ પ્રકારે વિચારીને ઉપાયપૂર્વક આરંભ કરવો' - આ સત્પુરુષોની સાચી નીતિ છે. (૨૧૪ થી ૨૨૦ ગાથા)

આ બંને આચાર્યો સંબંધી યોગ્ય પ્રવૃત્તિનો વિચાર કરે છે -

૨૨૧ - જંબૂનામના મહામુનિના કાલ પછી વિચ્છેદ પામેલા જિનકલ્પના સરખી કઠણ ક્રિયાનું સેવન આર્યમહાગિરિસૂરિએ તથા આર્યસુહસ્તિ સૂરિએ ગચ્છનાં ઉપકાર સ્વરૂપ સારણા-વારણાદિકપ્રવૃત્તિ થી ગચ્છનું પાલન કરવું, તેને લગતી ક્રિયાઓ સ્પર્શ કર્યો. ગચ્છનું સારીરીતે પાલન-પોષણ કરવું, તેમ કરનાર પુરુષ જિનકલ્પ કરવાની યોગ્યતાવાળો થાય છે. ગચ્છનું પરિપાલન કરવું, તેપરમાર્થથી જિનકલ્પની યોગ્યતા જ છે, ઉપસંહારકરતા કહે છે કે, 'આ પ્રમાણે કહેલા પુરુષના ન્યાયથી સર્વ પ્રયોજનમાં ઉદ્યમ કરવો. (૨૨૧) હવે આમ પ્રવૃત્તિ કરવાનું ફલ કહે છે –

## ઉચિતપ્રવૃત્તિ માટે ઉપદેશ અને તેનુફળ

૨૨૨ - આ પ્રમાણે આર્યમહાગિરિ અને આર્યસુહસ્તીસૂરિના દાખલાથી સ્વ અવસ્થાને ઉચિત અનુષ્ઠાન કરવા રૂપ અર્હદ્વચનોના પાલન કરવા સ્વરૂપ અત્યંત વિશુદ્ધ તેવા પ્રકારના કાલ, ક્ષેત્ર આદિના બલરહિતપણે અલ્પ આજ્ઞાનું આરાધન થાય તો પણ પરિપૂર્ણ તે આજ્ઞા, ઉચિત પ્રવૃત્તિ, પરિપૂર્ણ આજ્ઞા આરાધવાના બીજરૂપેજ થાય છે. જેમ શુકલપક્ષમાં પ્રવેશ કરેલ ચંદ્રમાં પરિપૂર્ણ ચંદ્રમંડલમાં કારણરૂપ બને છે, તેમ સર્વજ્ઞની આજ્ઞામાં પ્રવેશ કરનાર અલ્પ અનુષ્ઠાન કરે, તો પણક્રમે કરીને પરિપૂર્ણ અનુષ્ઠાનના કારણરૂપ બને છે. (૨૨૨)

એ જ વાત હજુ વિચારે છે -

૨૨૩ - આચેલકય, ઉદ્દેશીને તૈયાર કરેલ ગોચરી, શય્યાતર, રાજપિંડ, વંદનક, વ્રત, જયેષ્ઠ, પ્રતિક્રમણ, માસકલ્પ પર્યુષણાકલ્પ આ રૂપ દશ કલ્પો સ્થવિરકલ્પના સાધુઓ માટે કહેલા છે. આ વચનથી સ્થિત કલ્પના અનુસારે માસકલ્પ-વિહારની આજ્ઞા પામેલા સાધુઓ કાલ અને ક્ષેત્રના દોષથી તે પ્રકારે વિચરતા જ્ઞાનાદિ-વૃદ્ધિ ન મેળવે, તો એક જ ક્ષેત્રના નવ વિભાગ કરીને ઉપાશ્રય-વસતિસ્થાન પરાવર્તન કરીને તેમ જ ભિક્ષાચર્યા-પરાવર્તન કરીને ત્યાં જ યત્નપૂર્વક -જયણા પૂર્વક રહેવાનો પ્રયત્ન કરે. કદાચ તેવા કોઈક બીજા કારણથી તેમ કરવા પણ શક્તિમાન ન થાય,તો એ ક જ ઉપાશ્રય કે વસતિમાં નવ વિભાગકરીને દરેક મહિને સંથારાની ભૂમિ બદલાવવાની પ્રવૃત્તિ કરી, આજ્ઞાની મર્યાદા જાળવે. આમ કરવાથી પણ માસકલ્પ પરિપૂર્ણ આરાધેલો ગણાય છે. તથા જિનકલ્પ વગેરે વિશેષ અનુષ્ઠન માટે અસમર્થ હોય,તેવી ક્રિયા સહન કરવા અસમર્થહોય તો તે દ્રવ્યાદિક વિવિધપ્રકારના આશ્ચર્યકારી એવા અભિગ્રહોનો સ્વીકાર કરી આગળ વધવા પ્રયત્ન કરે. આવી અલ્પ પણ ઉચિત પ્રવૃત્તિ, પરિપૂર્ણ અનુષ્ઠાનરૂપ બીજના કારણરૂપ હોવાથી, ઉત્સર્ગ-અપવાદ સ્વરૂપ શુદ્ધબુદ્ધિવાળો જિનમત પામેલો હોવાથી નિપુણમતિવાળો માસકલ્પાદિક વિહારમાં

ભિક્ષુપ્રતિમા વગેરે કરવા લાયક જે પ્રાપ્ત કર્યા હોય,તેનું સેવન-આરાધન કરે છે. દ્રવ્યાદિ અભિગ્રહો આ પ્રકારે ગ્રહણ કરાય કે-લેપવાળી અગર લેપ વગરની આહારની કોઈ વસ્તુ ગ્રહણ કરવા રૂપ, આજે તો અમુક દ્રવ્ય ગ્રહણ કરીશ, અમુક દ્રવ્ય મળે તો જ અભિગ્રહનો નિર્વાહ થાય,તે દ્રવ્ય અભિગ્રહ, આનો વિસ્તાર બીજા ગ્રંથથી જાણી લેવો. (૨૨૩) આ જ વાત સારી રીતે સમજાવે છે –

૨૨૪ - સારામાં સારો વરસાદ વરસેલો હોય અને જમીન તરબોળ થયેલી હોય, પરંતુ ડાંગર, મગ, ઘઉં વગેરે ધાન્ય વાવવામાં ન આવે-બીજ રોપવામાં ન આવે, ત્યાં સુધી ધાન્ય પાકતું નથી.તે પ્રમાણે ધર્મની પ્રશંસાદિક સમ્યક્ત્વાદિક ઉત્પન્ન કરાવનાર હેતુઓ ત્યાગ કરવામાં આવે તો તીર્થંકરાદિક મહાપુરુષોને જન્માદિક કલ્યાણક કાર્યોમાં સહાય કરનાર હોવાથી અતિશયવાળો જે સુષમા કાળ-ચોથો આરો, તેમા પણ ધર્મબીજ પ્રગટ થતું નથી,તો પછી દુષમાદિ લક્ષણવાળા કાળમાં તો ધર્મ બીજ વગર ધર્મ ક્યાંથી પ્રાપ્ત થાય ? ધાન્ય સમાન ધર્મ,વિષયાકાંક્ષારૂપી ભૂખનો નાશ કરનાર હોવાથી ધર્મરૂપી ધાન્ય ગણેલું છે. કહેલું છે કે - "કારણ વગર કાર્ય થતું નથી. અન્યનું કારણનું સ્વકાર્યનું કારણ હોતું નથી. કાર્ય કારણ વગર ન થાય અને જે અન્યકાર્યનું કારણ તે સ્વકાર્યનું કારણ ન થાય, પટનું કારણ હોય, તે ઘટનું કારણ ન થાય, નહિં તર કાર્યકારણની વ્યવસ્થા કદાપિ થાય નહિં." (૨૨૪) જો એમ છે,તો શું કરવું ? તે કહે છે –

૨૨૫ ઐકાંતિક આત્યંતિક આનંદના પૂર્ણ સુખની ઇચ્છાવાળા જીવોએ સર્વજ્ઞ ભગવાનના વચનને આધીન બની સાધ્ય એવા ધર્મને વિષે પોતાની શક્તિ અનુસાર ધર્મબીજ વાવવું જોઇએ. બીજા સ્થલે ધર્મનાં બીજો આ પ્રમાણે જણાવેલાં છે - જિનેશ્વરો વિષે કુશલ ચિત્ત રાખવું, તેમને નમસ્કાર કરવા, પરમેષ્ઠી આદિ પવિત્ર પદાર્થમાં કુશલ ચિત્ત કરવું, તે લક્ષણ બીજાધાન, મુનિઓને પ્રણામ કરવા, સેવા કરવી ઇત્યાદિ સંશુદ્ધ અત્યુત્તમ ઉપાદેય બુદ્ધિથી ધર્મબીજ માનેલું છે. આહારાદિ દશ સંજ્ઞાનો નિરોધ, ફલની ઇચ્છા-રહિત થવું-આ શુદ્ધ ધર્મનું બીજ છે.

ફલના અભિપ્રાય-રહિત તદ્દન નિર્મલ એવું આ ધર્મબીજ છે. ભાવયોગી એવા આચાર્યાદિકને વિષે પણ વિશુદ્ધ કર્મક્ષય કરવા માટેના પરિણામવાળું વિધિપૂર્વક શુદ્ધ આશયની વિશેષતાવાળું વૈયાવૃત્ય ધર્મબીજ છે. સ્વાભાવિક ભવ તરફ ઉદ્વેગ થવો, દ્રવ્યોના અભિગ્રહનું પાલન, તથા સિદ્ધાન્ત -શાસ્ત્રને આશ્રીને વિધિપૂર્વક આગમાદિ ધર્મશાસ્ત્રો લખાવવાં, તેને સાચવવાં, લખાવવું તેની જ્ઞાનપૂજા, સાધુ-સાધ્વીને તેવા ગ્રંથોનું દાન કરવું, શ્રવણ કરવું, વાંચનારને અને સાંભળનારને સહાયકરવી, અર્થોની સ્પષ્ટ વ્યાખ્યાઓ કરવી સ્વાધ્યાય કરવો,ચિંતન-અનુપ્રેક્ષા કરવી. અનિત્યાદિક ભાવનાઓ ભાવવી, દુઃખી જીવો વિષે અત્યંત દયા કરવી, ગુણીઓ વિષે અદ્વેષ-ઇર્ષ્યાત્યાગ કરવો, સર્વ કાર્યોમાં ઔચિત્યનું આસેવન કરવું - આવગેરે ધર્મબીજ આધાન કરવાના કારણો છે. (૨૨૫)

આ વિષયમાં દૃષ્ટાંત આપે છે -

૨૨૬- સર્વજ્ઞ પ્રણીત આગમશાસ્ત્રમાં, બોધિપ્રાપ્તિમાં વિઘ્ન કરનાર એવા બે ચોરોનું દૃષ્ટાંતતથા તુ-શબ્દથી સાર્થવાહ વગેરેનાં દૃષ્ટાંતો સંભળાયછે,તે કુશળ એવા વિદ્વાન પુરુષોએ પ્રયત્નપૂર્વક વિચારવાં. (૨૨૬) તે જ ત્રણ ગાથાથી કહે છે -

## બોધિપ્રાપ્તિમાં વિઘ્ન કરનાર બે ચોરોનું દૃષ્ટાંત

૨૨૭ થી ૨૨૯ ગાથાનો અર્થ કથા દ્વારા જણાવે છે. સમગ્ર પૃથ્વીરૂપી કામિનીના મંડનની ઉપમાવાળી કૌશાંબી નામની નગરી હતી. ત્યાં એકછત્રી રાજ્યકરનાર ગુણભંડાર પૃથ્વી પાલન કરનાર પ્રસિદ્ધિ પામેલો જિતારિ નામનો રાજા હતો. ત્યાં આગળ પુષ્કળ લક્ષ્મીને ધારણ કનાર,લોકોથી પૂજા પામેલા, ઔદાર્યાદિક ગુણવાળા ધન અનેયક્ષ નામના બે શ્રેષ્ઠીઓ હતા. ધનશેઠ કુલને આનંદ કરાવનાર ધર્મપાલ નામનો અને યક્ષને ધનવૃદ્ધિ કરાવનાર એવો વસુપાલ નામનો પુત્ર હતો. કોઈક તેવા જન્માન્તરના સંસ્કારથી બાલ્યાકાળથી તેઓને લોકને આશ્ચર્ય ઉત્પન્ન કરાવનાર અત્યંત મિત્રભાવ હતો. એકને જે ગમે, તે બીજાને પણ ગમે જ, તે કારણે લોકોમાં એક ચિત્તિયા નામથી તે બંનેની પ્રસિદ્ધિ થઈ. એ પ્રમાણે કુલોચિત કાર્યકરતા કરતા તેઓના દિવસોપસાર થતા હતા. કોઈક સમયે ઈક્ષ્વાકુકુલને આનંદ આપનાર, ભુવનને પ્રમોદ કરાવનાર, વાણી રૂપી જળથી લોકોના સંતાપને દૂરકરવામાં મેઘ સમાન એવા મહાવીર ભગવંત ત્યાં સમવસર્યા. દેવોએ મનોહર વ્યાખ્યાનભૂમિ-સમવસરણ તૈયાર કર્યું. ત્યાં વિરાજમાન થઈ ભગવંતે દેવો અને અસુરોની પર્ષદામાં ધર્મ સંભળાવ્યો. 'ભગવંત પધાર્યા છે' એમ સાંભળીને કૌશાંબી નગરીના રાજા લોકો વગેરે એમના ચરણ-કમલને વંદન કરવા આવ્યા. કુતૂહલ-પરાયણ પેલા બે એકચિત્તિયા મિત્રો પણ લોકોની સાથે પ્રભુ પાસે આવ્યા. કરુણાતત્પર એવા ભગવંતે તો જીવોના સર્વકલ્યાણના કારણ સ્વરૂપ શાશ્વતા મોક્ષમાર્ગનું સ્વરૂપ સમજાવ્યું. પેલા બે વણિકૂપુત્રોમાંથી એકને ભગવંતે કહેલ માર્ગની શ્રદ્ધા ઉત્પન્ન થઈ અને મનમાં તે પરિણમ્યો નેત્રો વિકસિત કરી મસ્તક ધૂણાવતો કાન દઈને વાણી સાવધાનીથી શ્રવણ કરતોહતો રોમાંચિત શરીર કરી અમૃતપાન કરવા માફક જિનેશ્વરના વચન-જળને પીતો હતો, ત્યારે બીજા મિત્રને તે વચનો રેતીના કોળિયા સરખા નિરસ જણાયા. એકબીજાએ સામસામાના ભાવો વિપરીત જાણ્યા. વ્યાખ્યાનભૂમિથી ઉભા થઈને પોતાને ઘરે ગયા. તેમાં એકે કહ્યું કે, 'હે બન્ધુ ! તું ભગવંતની વાણી સાંભળીને ભાવિત થયો અને હું ન થયો, તેનું શું કારણ ? અત્યાર સુધી એકચિત્તિયા તરીકે આપણી પ્રસિદ્ધિ થયેલી છે, અત્યારે આપણાં બંનેનાં ચિત્તો જુદાં પડી ગયાં છે.ત્યારે બીજાએ કહ્યું કે, 'વાત સાચી છે, મને પણ આ વિષયમાં વિકલ્પ આવે છે, તો કેવલી ભગવાન આનો આપણને નિશ્ચય કરાવશે. આ પ્રશ્નનો ખુલાસો તેમની પાસે જઈશુ ત્યાં જ થશે.' એમ નિશ્ચય કરીને પ્રાતઃકાળે તેમની પાસે બંને ગયા.વિનયપૂર્વક પોતાનો સંશય પ્રભુને પૂછયો. ભગવંતે પણ પ્રત્યુત્તર આપ્યોકે 'તમારામાંથી એકજણે આગલા ભવમાં મુનિની પ્રશંસા કરી હતી. તે આ પ્રમાણે –

કોઈક ગામમાં તમે બંને એકગામના મુખીના પુત્રો થયા હતા. કાલક્રમે લાવણ્યયુક્ત તારુણ્યપદ પામ્યા. તેના વિકારને પામેલા, પરંતુ સંપત્તિ ચાલી ગયેલી હોવાથીકોઈપણ

મનોરથ પૂર્ણ થતા ન હતા એટલે અનાર્યને લાયક એવાં ચોરીના કાર્યો કરવા લાગ્યા. બીજા ગામે જઈ ત્યાંથી ગાયોનું હરણ કરી રાત્રે અતિ ઉતાવળથી જતા હતા, ત્યારે કોટવાળ વગેરે અધિકારીઓએ તમોને ત્રાસ પમાડ્યા એટલે ભાગી જવા તૈયાર થયા, ત્યારે તમે બંનેએ પર્વતની ગુફામાં એક ધ્યાનસ્થ અને મૌન ધારણ કરનાર તેમ જ સુંદર ક્રિયા કરતા ત્યાં રહેલા સાધુને જોયા. ત્યારે ધર્મપાલના જીવે આમ વિચાર્યું કે - 'આમનો જન્મ સફળ છે. ઉત્તમ આચારના સ્થાનવાળા છે કે. જેઓ આ પ્રમાણેનિર્ભય શાન્ત ત્યાગ કરેલા સંગવાળા અહિં આ પ્રમાણે રહેલા છે. જ્યારે આપણે તો નિર્ભાગીના શિરોમણિ છીએ. ધન મેળવવાની ઇચ્છાથી વિરુદ્ધ કાર્ય કરનારા છીએ, લોકો તરફથી પરાભવ ધિક્કાર પામી આત્માને પાપી બનાવ્યો છે. અહિંથી મૃત્યુ પામી કઈ ગતિમાં જઈશું ? આપણા ખરાબ સ્વભાવથી આપણે બંને લોકને બગાડ્યો છે. પાપરહિત નિર્મલ એવા સાધુના વર્તનથી આપણું વર્તન તદ્દન વિપરીત છે, અર્થાત્ મલિન અને પાપી વર્તન હોવાથી આપણું કલયાણ કેવી રીતે થશે ?' હવે જે બીજો મિત્ર હતો, તે તો મુનિને દેખીને અપશકુન ગણી ઉદાસીન ભાવવાળો થયો. એકને ગુણરાગથી બોધિબીજ પ્રાપ્ત થયું અને બીજાને તે બીજ ન થયું. ત્યાર પછી કષાયો પાતળા પડ્યા અને બંનેદાન આપવા તત્પર બન્યા એટલે અનિન્દિત એવું મનુષ્યજન્મ-યોગ્ય કર્મ ઉપાર્જન કર્યું. તમે બંને મૃત્યુ પામીને અહીં વણિકપુત્રો તરીકે ઉત્પન્ન થયા, સુંદર આચાર સેવનારા અને વણિક્ધર્મ-તત્પર બન્યા.તેથી કરીને અહિં એકને તેબીજનું ફળ પ્રાપ્તથયું, સુંદર પ્રતિબોધ પામ્યો, અને બીજાને બીજ ન વાવેલું હોવાથી સદ્બોધ પામવા રૂપ ફલ ન થયું. આમાંના એકને જિનેશ્વરે કહેલ વિસ્તારવાળી પૂર્વભવની આરાધના સાંભળીને ક્ષણવારમાં જાતિ સ્મરણ ઉપાદેય બુદ્ધિથી જ્ઞાન થયું. ત્યાર પછી વિશ્વાસ થયો, એટલે વૈરાગ્યવાસિત બન્યો અને ભાવથી જિનેશ્વરે પ્રરૂપેલું શુભ શાસન અંગીકાર કર્યું. તેની પ્રતીતિના સામર્થ્યથી શુભકર્મની પરંપરાથી તે યોગ્યકાલે સિદ્ધિ પામશે અને બીજો હજુ સંસારમાં રખડશે. (૩૭)

**ત્રણ ગાથાના અક્ષરાર્થ કહે છે** - ગાઢ પ્રીતિવાળા શેઠના પુત્રો ઘણી વખત વ્યવહારમાં પ્રવૃત્તિ કરતા સમાન ફલવાળા એકચિત્તિયા નામે પ્રસિદ્ધિ પામ્યા. એક વખત વીરપ્રભુ કૌશામ્બી નગરીમાં સમવસર્યા, ધર્મનું શ્રવણ કર્યુ, તેમાં એકને બોધિ, બીજાને તેનો અભાવ થયો. તે જ વાત વધારે કહે છે. ધર્મપાલના જીવને શ્રવણ કરીને હર્ષ થયો. બીજાને મધ્યસ્થ-અથવા ઉદાસીનભાવ થયો. પરસ્પર બંનેને એ ચિત્તજ્ઞાન થયું કે, 'એક મનવાળા આપણા ચિત્તનો ભેદ કેમ પડ્યો ? અબોધિ-વિષયક મોટાએ ભગવંતને પ્રશ્ન કર્યો. "હે ભગવંત ! અમારો બેનો ઘણો જ સ્નેહ છે. હંમેશાં વ્યવહારના કાર્યોમાં અમે એકમનવાળા છીએ.ત્યાર પછી મુક્તિરૂપી કલ્પવૃક્ષનું બીજ જેને થયું છે, એવો અને તે નથી થયું તે બોધિબીજ વગરનો એમ બંને શા કારણથી ભેદવાળા થયા ? ત્યાર પછી ભગવંતે તે બંનેને પહેલાનો વૃતાન્ત કહ્યો.

જેમાં ગાયોનું ધન ઘણું હોય, એવા પ્રકારનો સન્નિવેશ, તે જેનીપાસે હોય, તે દ્રાંગિક એટલે ગામનો મુખી,તેના તમે બે પુત્રો હતા. તમે કોઈક દિવસ ગાયનું હરણ કરતા હતા, ત્યારે કોટવાળો-રાજ્યાધિકારીઓ તમારી પાછળ આવ્યા અને તમોને ત્રાસ પમાડ્યો. પલાયન

થતા તમોએ એક પર્વતની ગુફામાં એક સાધુને જોયા. તેમાં એકે સાધુને દેખી તેના ધર્મની પ્રશંસા કરી અને પોતાના અપકૃત્યની નિંદાકરી, બીજાને અપશકુન લાગ્યાં અને તેથી સાધુ ઉપર દ્વેષ થયો. બીજ અને અબીજ એમ બંનેમાં આ કારણ મળ્યું. (૨૨૭) થી ૨૨૯)

પૂર્વે કહેલ ઉદાહરણનું નિગમન કરતાં બીજશુદ્ધિ કહે છે –

૨૩૦ - આ પ્રમાણે ગામના મુખીના પુત્ર માફક ઘણા અંધકાર-પટલને પ્રવર્તાવનાર મિથ્યાત્વમોહનીય કર્મના મંદપણાથી એટલે કર્મનો ઉપશમ થવાથી શુદ્ધ ધર્મને અનુકૂળ, આહારાદિ દશ સંજ્ઞાના નિરોધ ફલરૂપ જે ઉપાધિ, તેના અભિપ્રાય-રહિત હોવાથી નિર્મલ ભાવયુક્ત, એવા અલ્પ પણ પ્રણિધાન એટલે કુશલચિત્ત અને આદિ શબ્દથી પ્રશસ્ત ઉચિત કાર્ય કરવાનો આગ્રહ તે સદ્ધર્મના બીજરૂપે અવન્ધ્ય-સફળ કારણ છે. (૨૩૦)

આ જ વાતને વિશેષરૂપે જણાવે છે –

૨૩૧ - લોકોત્તર ધર્મ આરાધનાના પ્રસંગમાં આ ધર્મબીજ છે. [1]કાકતાલીય અથવા [2]અંધકંટકીય વગેરે ઉદાહરણો અનુસાર કર્મનો ઉપશમભાવ થયોહોય. આ લોકના કે પરલોકના ફલની અભિલાષા રહિત,તેમ જ જૈનશાસનને કહેલા દયા. દાન વગેરે નિર્દોષ ભાવની શ્રદ્ધાની પ્રધાનતા યુક્ત અને લૌકિકભાવમાં દૃઢ વિપરીતતાવાળી શ્રદ્ધામાં આ બીજ પ્રાપ્ત થાય છે.વિપર્યય દૂર થયા છે, જેથી એવું સદ્ધર્મનું બીજભાવ રૂપ તે થઈ શકતો નથી. (૨૩૧)

તે જ વાતને અનુલક્ષીને કહે છે –

## ધર્મબીજનાં કારણો

૨૩૨ - આ ધર્મબીજ બીજાને સમજાવવું અશક્ય છે, તો પછી આ ન જાણી શકાય કે ન અનુભવાય તેવું થયું - એમ શંકા કરીને કહે છે કે -નિર્મલ મનવાળાને આ પોતાના અનુભવથી જાણી શકાયતેવું છે. તથા સંસાર-વ્યાધિને નાશ કરવાના કારણભૂત છે. આ કારણથી સર્વલોકનો પ્રિય એવા ચિન્તામણિ રત્ન, કામધેનુ, કલ્પવૃક્ષ વગેરેથી પણ આ ધર્મબીજ મહાન છે.પંડિતોએ સ્વયં પોતાના તર્ક-વિતર્કના યોગથી આ વાતનો નિર્ણય કરી લેવો.શેરડી, દૂધ, ઘી વગેરેના રસની મધુરતા-વિશેષની જેમ અનુભવ છતાં તેના રસનો આસ્વાદ મુખેથી વર્ણવી શકતા નથી. કહેલું છેકે - 'શેરડી, દૂધ ગોળ, ઘી આદિના રસનું માધુર્ય તેમાં જે પ્રકારનું આંતરૂં -ફરક છે, તે મોટું છે, તો પણ તેને કહેવા માટે સરસ્વતી પણ સમર્થ નથી. તેમ આ બીજનું સ્વરૂપ અનુભવ-ગમ્ય છે.(૨૩૨) આનું મહાનપણું વિચારે છે -

૨૩૩ - જે કારણ માટે હું જગતમાં પૂજા પામું.પ્રસિદ્ધિ પામું. દેવલોકાદિ-સુખો મેળવું - એવા પ્રકારની અભિલાષાથી દ્રવ્યલિંગ-માત્ર સાધુવેષ અને સાધુપણાની ક્રિયાઓ કરી, પરંતુ મિથ્યાત્વ વગેરેનો મોહમલ હજુ ખસેલો નથી - અર્થાત્ સંસારના સુખની અભિલાષા ઘટી

૧ અકસ્માત્ કાગડાને બેસવું અનેતાડનું પડી જવું, ૨ આંધળાને ચાલવું અને કાંટો ભોંકાવો.

નથી - એવા રૂપે વીતરાગ-ધર્મનો માત્ર વેષ ધારણ કર્યો એટલે કે, શુદ્ધ શ્રમણભાવ યોગ્યપડિલેહણ, પ્રમાર્જનાદિ ચેષ્ટારૂપ દ્રવ્યસાધુપણું અત્યાર સુધીના સંસારમાં અનંતી વખત પાળ્યું. ઘણા ભાગે સંસારમાં રહેલા સર્વ પ્રાણીઓને તથાવિધ સામગ્રી-યોગે આ દ્રવ્યસાધુપણું અનંતી વખત મળેલું છે. માત્ર અવ્યવહાર રાશિના તથા તેમાંથી નીકલેલાને અલ્પકાળ થયો હોય,તેવા જીવોને છોડીને, તેવી સમગ્ર દ્રવ્યલિંગની ક્રિયામાં આ સદ્ધર્મનું બીજ ઉત્પન્ન થયું નથી.

કદાચ દ્રવ્યસાધુપણામાં પ્રવૃત્તિ લક્ષણ લેશ્યાની શુદ્ધિ થાય, તો પણ મર્યાદા વગરના કાળ સુધી ભવભ્રમણની યોગ્યતાવાળા સ્વાભાવિક ભાવમલ હજુ ઘણા જ મોટા પ્રમાણમાં રહેલો છે.જે માટેકહેલું છે કે, "ઘણા આ ભાવમલ-કષાયો જીવના ક્ષય થાય, ત્યારે આ સદ્ધર્મનું બીજ મનુષ્યને પ્રાપ્ત થાય છે. અપ્રગટ ચૈતન્યવાળો મહાન કાર્ય કદાપિ કરી શકતો નથી. (૨૩૩)

૨૩૪ - માટે ધીર પુરુષોએ આ ધર્મબીજ વિષે વિશેષ યત્ન કરવો. કેવા લક્ષણવાળો પ્રયત્ન કરવો ? તેના સમાધાનમાં જણાવે છે કે - વીતરાગ ભગવંતે પ્રતિપાદન કરેલા આગમ વિષે, તેમ જ અપુનર્બંધકની ચેષ્ટાથી માંડી અયોગીકેવલીપણા સુધી તેના ચિત્તના શુદ્ધ સુંદર આચારમાં જે બહુમાન-ભાવ-પ્રતિબંધ કરવો - એટલે કે, બુદ્ધિશાળી પુરુષોએ ક્ષયોપશમની વિચિત્રતા અંગે અલ્પ, મધ્યમ કે અધિક એવું બહુમાન કરવું. ઉપસંહાર કરતા કહે છે કે, 'હવે ઘણું કહેવાઈ ગયું. ધર્મબીજ-વિષયક વિશેષ હકીકત કહેવાથી સર્યું. (૨૩૪)

હવે આજ્ઞાપૂર્વક પ્રવૃત્તિ કરવા છતાં પણ આગળ વિસ્તાર સહિત કહેલી બુદ્ધિપરિણતિરૂપ વિચારણા જ કાર્યસાધનાર થાય છે, તે વાત વિસ્તારથી જણાવવાની ઇચ્છાવાળા કહે છે કે -

## વૈયાવૃત્યનું સ્વરૂપ

૨૩૫ - વૈયાવૃત્ય એટલે અન્ન-પાન, ઔષધ-ભેષજ વગેરેનું દાન આપવું, પગ ધોવા, શરીર દાબવું.સંથારો,આસન તૈયાર કરી આપવાં, સાધુજન-યોગ્ય વિવિધ ક્રિયા-વિશેષ દ્વારા જે સેવા કરવી,બીજા બદલાની આશા રાખ્યા વગર નિસ્પૃહભાવે ગુણી પુરુષોની-સાધુપુરુષોની સેવા કરવી, તે વૈયાવૃત્ય, તે પતન પામતું નથી-અર્થાત્ તેનું ફળ ચાલ્યું જતું નથી.કારણ કે, અનુબંધ-અનુગમ-અવ્યવચ્છેદ આ એકાર્થવાચી પર્યાયવાચક શબ્દો છે, તેનું ફળ વિચ્છેદ પામતું નથી, પણ અવશ્ય પાછલ સાથે આવે છે. તે માટે કહેલું છે કે - "ચારિત્રથી ભ્રષ્ટ થયેલાનું,મરી ગયેલાનુંચારિત્ર નાશ પામે છે, પરાવર્તન ન કરવાથી શ્રુતજ્ઞાન ચાલ્યું જાય છે, પરંતુ શુભોદયવાળું વૈયાવૃત્ય કર્મ નાશ પામતું નથી." આ કારણથી પ્રમોદ પ્રગટ કરનાર કોઈક સ્વભાવથી જ વૈયાવૃત્યની રુચિવાળો 'કરેલું વૈયાવૃત્ય નિષ્ફલ થતું નથી.' એમાં સર્વજ્ઞના વચનથી આવા વૈયાવૃત્યમાં અતિશય પ્રવર્તે છે. પોતાની શક્તિનો વિચાર કર્યા વગર અલ્પબુદ્ધિથી જેમ કોઈ અપકવ બુદ્ધિવાળો અજ્ઞાની અતિશય ભૂખ્યો થયોહોય, પોતાની જઠરાગ્નિના બળનો વિચાર કર્યા વગર એકદમ અતિશય આહાર કરે, તો કોઈ પ્રકારનો ગુણ

મેળવતો નથી, પરંતુ ઉલટું અગ્નિની મંદતા પ્રાપ્તકરીને દોષ મેળવે છે,તેમ ચાલુ વૈયાવચ્ચના અધિકારમાં પણ પોતાની શક્તિને ઉલ્લંઘીને જે વૈયાવૃત્ય કરે, તેમાં પણ દોષ ઉત્પન્ન થાય, તેવી ભાવના સમજવી. (૨૩૫)

આ પ્રમાણે અલ્પમતિ-વિષયક વૈયાવૃત્ય કહીને કહે તેને વિપરીતપણે કહેવાની ઈચ્છાવાળા કહે છે કે -

૨૩૬ - વળી બીજો કોઈ બહુબુદ્ધિશાળી વૈયાવૃત્યની રુચિવાળો ધાર્મિક પુરુષ શાસ્ત્રમાં વૈયાવૃત્યનું સ્વરૂપ કેવું બતાવેલું છે ? તેની વિચારણા કરે. અજ્ઞાનીને તો તે કાર્ય કરવું અશક્ય છે. તેથી શાસ્ત્રના વચનથી સંયતલોકને ઉચિત પદાર્થ પ્રાપ્ત કરાવવા રૂપ જ્ઞાન થાય છે. તથા કયા પ્રકારે ? ગુરુ બાલ વૃદ્ધ વગેરે લોકોને ઉચિત પ્રવૃત્તિરૂપ જે કર્તવ્ય એ વગેરેની વિચારણા તર્કથી પોતાની શક્તિ અનુસાર તે પ્રમાણે પ્રવર્તે. એવીરીતે વૈયાવૃત્ય કાર્યમાં પ્રવૃત્તિ કરે, જેથી તેમાં ઘણો લાભ મેળવે. આ જ વૈયાવૃત્ય, શક્તિ તોડ્યા સિવાય હંમેશાં ભાવની વૃદ્ધિ થતી હોવાથી આ ભાવ સમજવો. (૨૩૬)

માટે આગળ-પાછળ શુદ્ધ વૈયાવૃત્ય- વિષયક આજ્ઞા બતાવે છે -

૨૩૭ - આચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, સ્થવિર, ગણાવચ્છેદક લક્ષણ પાંચ પદસ્થ લક્ષણ પુરુષો રૂપ તથા ગ્લાન, આદિ શબ્દથી બાલ, નવદીક્ષિત, પ્રાઘૂર્ણક વગેરેને ઉપકારક- આજ્ઞાદિ વૃદ્ધિ ન કરનાર, તેમ જ તથાવિધ અવસ્થામાં અવગુણ થવાથી, - સળેખમ આદિ ને વધારનાર બને તે અપકાર અને પોતાને પણ શુદ્ધ સમાધિ-લાભરૂપ ઉપકાર તથા પોતાનાં આવશ્યક કાર્યો કે બીજાં તેવાં પોતાનાં કાર્યોને હાનિ ન પહોંચે, તે અપકાર ને તેવી રીતે બારીકીથી વિચારણા કરવા પૂર્વક જાણીને વૈયાવૃત્ય કરવું.સર્વજ્ઞ ભગવંતે આવા પ્રકારના વૈયાવચ્ચ કરવાનો ઉપદેશ આપેલો છે - એમ મનમાં નિર્ધાર કરીને કીર્તિ, બદલા વગેરેની અભિલાષા રાખ્યા વગર વૈયાવચ્ચ કાર્ય કરવાં. (૨૩૭)

એમ ન બોલવું કે - 'ક્રિયાથી જ ફલસિદ્ધિ થશે' વારંવાર આજ્ઞા શા માટે બોલ્યા કરવી ? તેના માટે કહે છે

૨૩૮ - ભગવાનના વચનના બહુમાનથી તથા કુગ્રહ આદિ દોષ-રહિત થવાથી વૈયાવૃત્યાદિ કાર્યોનું પુણ્યાનુબંધી પુણ્યરૂપ અને નિરનુબંધ અશુભ કર્મરૂપે વિશિષ્ટ ફલની પ્રાપ્તિ થાય છે. માત્ર એકલી ક્રિયાથી ફલ મળતું નથી. જેમ મંત્ર વગર સર્પ કરડેલા મનુષ્યને પ્રમાર્જન કરવાની ક્રિયા કરે, તો ઝેર ઉતરતું નથી, પણ સાથે મંત્ર હોય તો જ પ્રમાર્જનની ક્રિયા સફળ થાય, તેમ એક સાધુના શુદ્ધ આચાર માત્ર સેવન કરવાથી વિશિષ્ટ ફલ મળતું નથી. એ જ વાત મજબૂત કરતા કહે છે કે, પૂર્વાચાર્યોએ જે પ્રમાણે કહેલું છે, તે જ પ્રમાણે અમો પણ કહીએ છીએ. (૨૩૮)

જે કહેલું છે, તે જ વાત બે ગાથાથી કહે છે -

## આજ્ઞા-બહુમાનનું સ્વરૂપ

૨૩૯ - અંતઃકરણના આજ્ઞા-બહુમાનથી પોતાની શક્તિ અનુસાર દર્શન પ્રભાવનાદિ વિવિધ માર્ગાનુસારી ઉત્તમ ક્રિયાઓ ઉત્સાહવાળી થાય છે. કારણ કે, ભાવઆજ્ઞાનું બહુમાન તેને થયેલું જ છે. શુદ્ધભાવ આજ્ઞાનું બહુમાન તેવા પ્રકારના મેઘની ઉન્નતિ સમાન છે, કે તેમાં જલવૃષ્ટિની ક્રિયા ન થાય, તે બને જ નહિં. જો સુક્રિયાની પ્રવૃત્તિ અટકીપડે, તો બહુમાનરૂપ ભાવઆજ્ઞા શુદ્ધ વર્તતી ગણાય નહિં. નિશ્ચયથી પોતાનું કાર્ય સાધી આપનાર કારણને કારણ માનેલું છે. આ કારણથી ભાવઆજ્ઞાના બહુમાનમાં તે સુક્રિયા ઈચ્છેલી છે. એટલે આજ્ઞાનું સાચુ બહુમાન હોય તો તેવી ક્રિયા કર્યા વગર સાધકને ચેન પડેજ નહીં - (૨૩૯) તેથી પણ શું થયું ? તે કહે છે -

૨૪૦- આવા બહુમાનવાળી સુક્રિયાથી બીજી ક્રિયાથી થયેલા પુણ્યથી ચડિયાતું એટલે કે, સુવર્ણના કુંભ-સમાન એવું આગળ આગળ જેનો પ્રભાવ વધતો જાય, તેવું પુણ્યાનુબંધી પુણ્યરૂપ ફલ અહિં પ્રાપ્ત થાય છે. કારણ કે,પ્રાણી-દયા આદિ સમગ્ર હેતુઓ તેને પ્રાપ્ત થયેલા છે.કહેલું છે કે - "પ્રાણી માત્રની દયા, વૈરાગ્ય પામવો, વિધિપૂર્વક ગુરુઓની સેવા-ભક્તિ-પૂજન કરવું, નિર્મલ શીલ પાલન કરવું- સારું વર્તન રાખવું. આ સર્વે પુણ્યાનુબંધી પુણ્ય બંધાવનાર છે." આ યથાર્થ સમજવું. પૂર્ણ કારણથી આરંભેલા ભાવો કદાચિત અનુબંધ વગરના થતા નથી, નહિંતર તે પણે તેની પ્રાપ્તિ થાય નહિં. (૨૪૦)

આજ્ઞા-બહુમાન-રહિત માત્ર એકલી ક્રિયા છે,તે કેવી રીતે જાણી શકાય ? તેના સમાધાનમાં જણાવે છે કે -

૨૪૧-દુર્ભવ્યો, અભવ્યોને વિષે વસ્ત્ર, પાત્ર, કીર્તિ વગેરેના લાભની અપેક્ષાએ આદિશબ્દથી સ્વજનોનો અવિરોધ, કુલની મર્યાદા જાળવવા લાજશરમ, દાક્ષિણ્યતાની અપેક્ષાએ માત્ર ક્રિયા કરે, પરંતુ આજ્ઞા બહુમાન તેમને હોતું નથી. ગુણથાય કે દોષ લાગે તેવી પ્રવૃત્તિ રહિત, શાસનનું ગૌરવ થશે કે લઘુતા થશે,તેની ચિંતા વગરનો હોય આદિશબ્દથી સત્ત્વો જીવો વગેરે ઉપર મૈત્રી આદિ ચાર ભાવો રાખવા એવા શુદ્ધજ્ઞાન-રહિત ઘણે ભાગે હોય, શુદ્ધ આજ્ઞાબહુમાન વગરનાની માત્ર આ લોકના સુખની અપેક્ષાએ માં એકલી ધર્મક્રિયાઓ તેમને હોય છે. (૨૧)

૨૪૨- આવી આજ્ઞા બહુમાન વગરની ક્રિયા માત્રથી માટીના ઘડા જેમાં 'ઉત્તરોત્તર ફલ વધતું જાય', તેવું ફલ મળતું નથી, પણ માત્ર પુણ્યબંધરૂપ ફલની પ્રાપ્તિ થાય છે. એ જ વાત બીજા દૃષ્ટાંતથી સમજાવે છે કે, 'કુલટા સ્ત્રી બ્રાહ્મણને દાન આપે પર્વ દિવસે ઉપવાસ કરે, તીર્થસ્નાનાદિ ધર્મની ક્રિયા કરે, તો તેમાં અનુબંધ વગરનું ફળ મળે, લોકમાં માત્ર સારુ લાગે અને કોઈને શંકાન થાય પરંતુ પર લોકમાં તો કશુ ફળ ન મળે. આ માત્ર ક્રિયાદ્વારા થતું ફલ છે. સોનાનો ઘડો ભાંગી જાય, તો ફરી પણ આગળ કામ લાગે, પણ માટીનો ઘડો ભાંગ્યા પછી ફરી કામ લાગતો નથી. તેથી નિરનુબંધન ફલ ક્રિયા માત્રનું જણાવ્યું (૨૪૨)

૨૪૩-જે કારણથી ભાવ વગરની આજ્ઞા વગરની ક્રિયા નિરનુબંધ ફલવાળી છે, માટે રાગ-દ્વેષ-મોહના મલ રહિત શુદ્ધ મનના પરિણામરૂપ ભાવ, પોતાના સામર્થ્યને છૂપાવ્યા વગર-સર્વ પ્રયત્નથી સ્વર્ગ મોક્ષલક્ષણ સાધ્ય વિષે બુદ્ધિશાળી પુરુષે જિનાજ્ઞાનુસારી ધર્માનુષ્ઠાનોમાં પ્રશસ્તભાવ લાવવા પ્રયત્ન કરવો. (૨૪૩)

હવે આજ્ઞાને આગળ કરતા દૃષ્ટાંત જણાવે છે -

૨૪૪ જે નજીકનો મોક્ષમાગી આસન્ન ભવ્યાત્મા આજ્ઞા પ્રત્યે બહુમાન કરનારો છે, તે તીર્થંકર ભગવંત ધર્માચાર્ય,શ્રુત-ચારિત્રરૂપ ધર્મને બહુમાન આપનારો જ હોય છે. આજ્ઞા પ્રત્યે બહુમાનવાળો હોય,તે તીર્થંકરાદિના પ્રત્યે બહુમાન વગરનો ન હોય, તેવા બહુમાનવાળો આત્મા કલ્યાણરૂપ પુરુષાર્થને સાધનારો જ થાય છે. આ આજ્ઞા-બહુમાન વિષયમાં ભીમ નામના રાજપુત્રનું દૃષ્ટાંત કહેવું. (૨૪૪) એ દૃષ્ટાંત વિચારે છે -

## રાજપુત્ર ભીમ - કથા

૨૪૫ થી ૨૫૦ -બીજી નગરીઓની સમૃદ્ધિના અભિમાનને દૂર કરનાર એવી તગરા નામની મહાનગરી હતી. પોતાના લાવણ્યથી કામદેવને જિતનાર એવો સુંદર રૂપને ધારણ કરનાર રતિસાગર નામનો ત્યાં રાજા હતો.તેને ભીમ નામનો એકપુત્ર થયો હતો. બાલ્યકાળ પૂર્ણ થયા પછી પિતા તેને ધર્માચાર્યપાસે લઈગયા. ધર્મ શ્રવણકરી બોધિ પ્રાપ્ત કર્યું. ભીમે વિચાર્યું કે, 'મારા પિતાજી મારા અત્યંત હિતકારી છે કે, 'જેમણે મને સમગ્ર ત્રણે લોકમાં સારભૂત એવા જૈનધર્મમાં જોડ્યો.' ત્યાર પછી વિચાર્યું કે, 'પ્રાણદાન કરું તો પણ તેમના ઉપકારનો બદલો વાળી શકું તેમ નથી, તો હવે મારે કાયમ માટે તેમનું અપ્રિય ન કરવું' એવો અભિગ્રહ કર્યો. ત્યાર પછી સમ્યગ્દર્શન સહિત અણુવ્રતો, ગુણવ્રતો અને શિક્ષાવ્રતો રૂપ શ્રાવકજન-યોગ્ય નિર્મલ દેશવિરતિ ધર્મ અંગીકાર કર્યો. આ પ્રમાણે સ્વર્ગ અને મોક્ષના સુખના કારણભૂત, સુખેથી આચરી શકાય તેવા શ્રાવકધર્મનું સેવન કરતો હતો.

એ પ્રમાણે નિરંતર દરરોજ અપૂર્વ પરિણામની પરંપરાની શ્રેણીએ ચડતા તેના દિવસોપસાર થતા હતા.

આ બાજુ ત્યાં સાગરદત્ત નામના વણિકની શૃંગારરૂપ ક્ષીરસમુદ્રની લહેરો સરખી, સૌભાગ્ય, લાવણ્યગુણથી દેવાંગનાઓના રૂપને હરાવનાર એવી ચંદ્રલેખા નામની પુત્રી હવેલીના તલભાગમાં સુવર્ણના દડાથી ક્રીડારસને અનુભવતી હતી, ત્યારે ગવાક્ષસ્થળમાં ઉભેલાં રતિસાગરરાજાના નેત્રમાર્ગમાં આવી અર્થાત્ દેખી. રાજહંસ સરખી લીલાપૂર્વક ગમન કરતી અને બીજા ગુણથી આકર્ષાયેલા મનવાળોરાજા તેના વિષે રાગવાળો થયો અને ભયંકર મદનાવસ્થા પામ્યો. તે પ્રકારની અવસ્થા દેખીને મંત્રીએપૂછયું કે, - 'હે દેવ ! આમ અણધાર્યું વગર કારણે આપનું શરીરકેમ અસ્વસ્થ થયું ?' રાજાએ પણ આની પાસે વાત છૂપાવવી યોગ્ય નથી-એમ ધારીને પોતાનું સ્વરૂપ જણાવ્યું ત્યારપછી મંત્રી સાગરદત્તને ઘરે જઈને ચંદ્રલેખા માટે વરવાની માગણી કરી,સાગરદત્તે કહ્યું કે, 'હું રાજાને મારી પુત્રી નહિ આપીશ.

કારણ કે, તેને રાજ્યયોગ્ય પુત્ર છે અને તે ભીમકુમાર રાજા થશે.' ત્યાર પછી આ વૃત્તાંત ભીમના જાણવામાં આવ્યો, એટલે તેનેકહ્યું કે, 'હું રાજ્ય નહિં કરીશ, માટે રાજાને કન્યા આપો.' ફરી વણિકે કહ્યું કે, 'કદાચ જો તું રાજાને અણમાનીતો થઈશ અને પિતાતારો ત્યાગ કરશે,તો તું રાજ્ય ન કરે તો પણતારો પુત્ર રાજ્ય કરશે.' આ પ્રમાણે સજ્જડ આગ્રહવાળા વણિકને જાણીને ફરીપણ ભીમે તેને કહ્યું કે, 'જો તું આટલો ચતુર દીર્ઘદર્શી છે, તો હું તને વચન આપું છું કે, 'હું કદાપિ કોઈ કુલબાલિકા સાથે પરણીશ નહિં.' એટલે મને પુત્ર થવાનો સંભવ જ નથી.' એમ પ્રતિજ્ઞા કરી.કાલ જતાં ભીમકુમાર બ્રહ્મચારી થયો. એ પ્રમાણે પોતાના મનોરથો પૂર્ણ થવાથી વણિક ચંદ્રલેખા કન્યા રાજાને આપી. ઘણા દ્રવ્યનો ખર્ચ કરીને સારા દિવસે તેની સાથેરાજાએ લગ્ન કર્યા. તેની સાથે વિષયસુખ અનુભવતા તેને એક પુત્ર થયો. યોગ્ય સમયે તેને રાજા કર્યો. ગૃહસ્થપણામાં રહેલો ભીમકુમાર પણ આજ્ઞાભાવિત આત્મા અપાર સંસારમાં પડવાના ભયથી નિષ્કલંક અબ્રહ્મની વિરતિનું વ્રત પરિપાલન કરતાં દિવસો પસાર કરતો હતો.

હવે કોઈક સમયે સૌધર્મસભામાં દેવતાઓની સભામાં બેઠેલા ઈન્દ્રમહારાજા તેના દઢવ્રતના અભિપ્રાયને જાણીને તેની પ્રશંસા કરવા લાગ્યા કે - 'આ ભીમકુમારને દેવતાની સહાયતાવાળા ઈન્દ્રમહારાજા પણ સર્વજ્ઞની આજ્ઞાથી ચલાયમાનકરવા સમર્થ નથી. જગતના લોકોને ચમત્કાર કરાવનાર તેનામાં સૌભાગ્યાદિ અનેક ગુણોહોવા છતાં પણ તે અખંડ બ્રહ્મચર્ય એવું પાલન કરે છે કે, કોઈતેને ચલાયમાન કરી શકે નહીં. ત્યારપછી દેવે કામજ્વરથી પીડાતા દેહવાળી વેશ્યાવિકુર્વીને તેના સન્મુખ હાજર કરી. વેશ્યાની માતાના રૂપને ધારણકરનારીએ ભીમકુમારને કહ્યું કે, 'આ પુત્રી મને અત્યંત વલ્લભ છે,પોતાના ઈચ્છિત મનોરથ પૂર્ણ ન થવાના કારણે અતિકષ્ટવાળી દશા પામેલી તે નક્કી મૃત્યુ પામશે. હે નિર્દય ! સ્ત્રીહત્યાની ઉપેક્ષા કરનાર હે કૃપા વગરના ! તને અધર્મ થશે તેવા પ્રકારના અનુષ્ઠાનથી પણ તને અસાધ્ય સિદ્ધિ પ્રાપ્ત થશે. આ પ્રમાણે કહેવાયેલ 'એકબાજુ વાઘ અને બીજી બાજુ ન તરી શકાયતેવી નદી' ન્યાયનો વિચાર કરી આજ્ઞાબહુમાન કરવાના કારણે જે બન્યું,તે કહે છે - તીર્થંકર ભગવંતની આજ્ઞાની વિચારણા કરવા લાગ્યો કે -

"અપકાર કરવામાં તત્પર એવી સ્ત્રીઓની રચના કોણે કરી ? ખરેખર નરકના ઉંડા કૂવાના પગથિયાની પંક્તિ સરખી આ સ્ત્રીઓ છે. દોષોનો ઢગલો, પરાભવનું મોટું સ્થાન, મોક્ષમાર્ગનો ધ્વંસ કરનારી અને નક્કી પ્રત્યક્ષ આપત્તિરૂપ આ સ્ત્રીઓ છે. આ સ્ત્રીઓ પોતાનાં કાર્ય સાધવા માટે હસે છે, રુદન પણ કરે છે. વિશ્વાસ પમાડે છે, પરંતુ તે પોતે બીજાનો વિશ્વાસ કરતી નથી. માટે મનુષ્યે સ્મશાનની ઘટિકાની જેમ કુશીલવાળી સ્ત્રીનો ત્યાગ કરવો જોઇએ. કામો -વિષયો એ શલ્યસરખા છે, ઝેર જેવા છે અને સર્પ જેવા છે કામની પરાર્થના કરનારા નિષ્કામ દુર્ગતિમાં જાય છે." ત્યારપછી આજ્ઞાભાવના સંબંધથી આ ધીર પુરુષ આ પ્રમાણે વિચારવાલાગ્યો કે, બ્રહ્મચર્યવ્રતના વિનાશમાં નક્કી પાપ થવાનું જ છે. તે માટે કહેલું છે કે "ભડભડતા અગ્નિમાં પ્રવેશ કરવો સારો,પરંતુ લાંબા કાળથી પાળેલ વ્રતનો

ભંગ કરવો ઠીક નથી, સુવિશુદ્ધ કાર્ય કરતા મંરણ પામવું બહેત્તર છે, પણ સ્ખલના પામેલા શીલ સહિત જીવવું સારું નથી.” માટે વ્રત-રક્ષણ કરવાનો ઉપાય કરવો જોઇએ. મારા વિષે અનુરાગવાળી છે, તેનું મૃત્યુ થાય,તેથી મને પાપબંધ નથી. જેમાટે આગમમાં કહેલું છે કે - “કોઈને પણ પર વસ્તુ વિષયક નાનામાં નાનો પણ કર્મબંધ કહેલો નથી. તો પણ યતનાથી વર્તનારા મુનિઓ પરિણામની વિશુદ્ધિ ઇચ્છતા તેઓ યતના કરીને વર્તન કરનારા છે.” તો પણ મરણથી રક્ષણ કરવું તે સુંદર છે. તેને જૈનધર્મ કથન કરવા રૂપ અતિઉત્તમ કરુણા કરવી યુક્ત છે. એમ વિચારકરીને દુસ્સહ કામદેવના દાવાનળને ઓલવવામાં મેઘ સમાન એવો ધર્મ તેને સમજાવ્યો. તે આ પ્રમાણે - “શાસ્રમાં અધર્મનું મૂળ, ભવ-ભાવને વધારનાર એવું આ કાર્યજણાવેલ છે, માટે તેવાં પાપકાર્યનો ત્યાગકરવો યોગ્ય છે. ખરેખર તેઓ ધન્ય છે, તેઓ જ વંદનીય છે અને તેઓએજ ત્રિભુવન પવિત્ર કરેલુછે કે, જેમણે ભવનને ક્લેશ પમાડનાર એવા કામમલને ભોંય ભેગોકરી નીચે પાડેલો છે.” ત્યાર પછી તેને મેરુપર્વતની જેમ અડોલ જાણીને દેવપોતાનું રૂપબતાવીને સ્વર્ગમાં ચાલ્યો ગયો. ત્યાર પછી ભીમકુમારે જે કર્યું. તે કહે છે - આત્મા જ નન્દનવન-સમાન જેને છે તેવો, અર્થાત્ બાહ્ય વસ્તુ-વિષયક રતિ-રાગ વગરનો હોયતેવો આત્મારામી થયો. વીતરાગ પરમાત્માની આજ્ઞાનું સ્મરણકરીને, આજ્ઞા કેવી ? તો કે “આત્મહિત કરવું, જો શક્તિહોય તો સાથે પરહિત પણ કરવું, આત્મહિત અને હિત બે કાર્યસાથે આવી પડે,તો પ્રથમ આત્મહિત જ કરવું.” આ લક્ષણવાળી આજ્ઞા યાદ કરવી. હવે તેમના મુખ દ્વારા બીજાને ઉપદેશ આપતાકહે છે કે - ‘આ પ્રકારે શ્રુત-ચારિત્રરૂપ ધર્મ ભીમ સિવાય બીજાઓને પણ થાય છે. વિષયમાં જે જે વખતે અર્થ કરવો ઉચિત લાગે, તેમાં આ પ્રમાણે ભીમના ન્યાયે ઉચિત પ્રવૃત્તિકરવા રૂપ આજ્ઞાનું પાલન કરે. તે માટે કહેલું છેકે - “બુદ્ધિશાળી મનુષ્યે હંમેશાં દરેક સ્થાને ઉચિત કાર્ય જ કરવું, એવી રીતે જ ફલની સિદ્ધિ થાય છે અને આ જ ભગવંતની આજ્ઞા છે.” (૨૪૫ થી ૨૫૦) લૌકિકોએ પણ આજ્ઞા પ્રામાણ્યનો આશ્રય કરેલો છે, એ બતાવતા ભીષ્મની વક્તવ્યતા કહે છે -

## લૌકિકોએ પણ આજ્ઞા પ્રમાણ્ય સ્વીકારેલ છે.

૨૫૧ - બીજા આચાર્યો ભીષ્મ પિતામહને જ આ વાત લાગુ પાડે છે, તે આ પ્રમાણે - કોઈક સમયે લોકોમાં પ્રસિદ્ધ એવી ગયા નામની નગરીમાં પિતાને પિંડ આપવામાટે ગયો. ત્યાં પિંડ-પ્રદાનને ઉચિત એવા જલાભિષેક, અગ્નિકાર્યો કર્યા પછી પિંડદાન આપવા માટે તૈયાર થયા, ત્યારે પિતૃઓએ દર્ભાંકુર-યુક્ત હસ્ત - તે દર્ભહસ્તક सर्वापर पिण्डप्रदातृ- સર્વ બીજા પિંડ આપનાર જેવો સાધારણ વડલામાંથી બહાર કાઢીને પિંડ લેવા માટે તૈયાર કર્યો. તેના બ્રહ્મચર્યાદિ ગુણોથી પ્રભાવિત થયેલા એવા તેઓએ વિવિધ પ્રકારના મણિઓના ખંડથી શોભિત સુવર્ણ-ચૂડાભૂષણથી અલંકૃત કર્યો ત્યાર પછી બીજા હાથ જેનાથી તિરસ્કૃત થયા છે, એટલે ‘હાથમાં દર્ભ ગ્રહણ કરવાપૂર્વક પિંડ આપવો.’ એવા પ્રકારની આજ્ઞાથી દર્ભ હાથમાં રાખી પિંડનું દાન કરવું, તેથી ઓળખાતું. શાંતનુનો પુત્ર ભીષ્મ તેનું ગાંગેય એવું બીજું પણ નામ છે. તેઓ પાંડવ-કૌરવોના પિતાના પણ પિતા સમાન એવા ભીષ્મને પણ ઘણે ભાગે

ભીમકુમારની જેમ આજ્ઞા-બહુમાનવાળા જણાવે છે. (૨૫૧)

હવે 'આજ્ઞા-પરતંત્ર બની અહિં બીજાધાન કરવું' આ વાત વિસ્તારીને હવે જેમને આ આજ્ઞા-પારતંત્ર્ય ન હોય,તેમને આશ્રીને કહે છે –

## ગ્રન્થિ ભેદ ન કરેલ ને આજ્ઞા પરતંત્ર નથી

૨૫૨ - આ પ્રમાણે ભીમકુમારની જેમ આજ્ઞાનું પરવશપણું પામવું, તે જેમણે હજુ સજ્જડ રાગ-દ્વેષ-મોહની ગાંઠ ભેદી નથી, એવા પરિણામવાળા-અભિન્ન ગ્રંથિવાળા જીવો હોય, તેમને આજ્ઞાનું પારતંત્ર્ય હોતું નથી,તે કેવા પ્રકારના હોય ? તેકહે છે - જળના વહેણની સામે જનારા સરખા પણ, અહિં જીવનદીપની પરિણિત રૂપ સ્રોત પ્રવાહ બે પ્રકારનો હોય છે. એક સંસાર - સ્રોત અને બીજો નિર્વૃત્તિ-સ્રોત, તેમાં સંસાર-સ્રોત એટલે ઇન્દ્રિયોની અનૂકલ પ્રવૃત્તિ પ્રમાણે વર્તવું, તે અનુસ્રોત કહેવાય, બીજો તેનાથી ઉલટાપણે વહે, તે પ્રતિસ્રોત કહેવાય. ત્યાર પછી કંઈક પરિપકવ થયેલી ભવિતવ્યતાના કારણ ધન, જીવિત આદિ પૌદ્ગલિક પદાર્થોને તણખલા સમાન માનતો, અને સંસારથી વિરુદ્ધ ચેષ્ટાને કરતોહોવા છતાં પણ તેવા પ્રકારના અજ્ઞાન બાલતપસ્વીઓને ઘણે ભાગે તેવા પ્રકારના સમજાવનાર ન મળવાથી અજ્ઞાનતાના કારણે આજ્ઞાસ્વરૂપ જાણ્યુ નથી. કેટલાક અન્ય તીર્થોવાળા પણ ભવના કામભોગોથી વૈરાગ્ય પામેલા હોય. નિર્વાણ-મોક્ષપ્રત્યે દૃઢ અભિલાષા પણ તેમનામાં જોવામાં આવે છે, પરંતુ હજુ રાગ-દ્વેષ-મોહની અનાદિની ગાંઠ ભેદાઈ નથી,તેથી આજ્ઞાનું સ્વરૂપ ન જાણતા હોવાથી તેઓ પ્રભુની આજ્ઞાની પરતંત્રતાને પામી શકતા નથી. વળી એમ પણ ન કહેવું કે - ગ્રંથિભેદ ન કરેલો હોય,તેમને આજ્ઞાનો લાભ નથી જ. (૨૫૨)

અહિં કેવા પ્રકારની આજ્ઞા-પરતંત્રતા વિચારવી ?-

૨૫૩- અહિં ગ્રંથિ એટલે સજ્જડ રાગ-દ્વેષના પરિણામરૂપ ગાંઠ ઝાડના મૂળની ગાંઠ સરખી આ પરિણામરૂપ ગાંઠ સમજવી તે માટે શાસ્ત્રમાં કહેલું છે કે - 'ગ્રંથિ એટલે દુઃખે કરીને ભેદી શકાય. કર્કશ-કઠણ મજબૂત સજ્જડ મૂળમાં ઉગેલી ગૂઢ એવી જમીનમાં ગુપ્ત રહેલી વૃક્ષના મૂળની ગાંઠ જેવી જીવની કર્મપરિણતિથી ઉત્પન્ન થયેલ એવા સજ્જડ રાગ-દ્વેષ અને મોહના જે પરિણામ, તેને શાસ્ત્રમાં ગ્રંથિ કહેલી છે. તેથી ગ્રંથિસ્થાન નજીક આવેલા પ્રાણીઓ, તથા અપુનર્બંધકઆદિ જીવો, તેઓને પણ દ્રવ્યરૂપે આજ્ઞા હોય છે.તેમાં અપુનર્બંધક એટલેહવે ફરી કોઈ વખત કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધવાનો નથી, તીવ્રભાવથી પાપ ન કરે, તે વગેરે લક્ષણવાળા, તથા આદિશબ્દથી માર્ગાભિમુખ અને માર્ગપતિત અર્થાત મોક્ષમાર્ગની સન્મુખ થયેલા તેમજ મોક્ષના માર્ગે ચડેલા 'यथाप्रवृत्तकरण - चरमभागजौ सन्निहितग्रन्थिभेदो' યથાપ્રવૃત્ત કરણના છેલ્લા ભાગમાં થવાવાળા, ગ્રન્થિભેદ થવાના નજીકના સમયમાં થનારા, અભવ્યો, દુર્ભવ્યો, સુકૃત્બંધક વગેરે ગ્રહણ કરવા. માત્ર અહિં દ્રવ્યશબ્દના વિચારમાં અર્થની અપેક્ષાએ શાસ્ત્રની નીતિ મર્યાદા-સિદ્ધાંતની સ્થિતિએ દ્રવ્ય શબ્દના એ અર્થો થાય છે.(૨૫૩)

ભજના-વિકલ્પ દ્રવ્યશબ્દને આશ્રીને કહે છે –

૨૫૪- એક દ્રવ્યશબ્દ અપ્રધાનભાવમાં જ કેવલ વર્તનારો છે - પ્રધાનભાવકારણ ભાવના અંશથી સર્વથા રહિતદ્રવ્યશબ્દ વર્તે છે. અહીં દ્રવ્યશબ્દની અંદર દૃષ્ટાંત આપે છે કે - 'જેમ અંગારમર્દક આચાર્યદ્રવ્યાચાર્યહતા, ભવિષ્યમાં પણ કદાપિ ભાવાચાર્યની યોગ્યતા તેને થવાની નથી, સર્વ કાલ માટે આગળ કહીશું, તેવો તે અભવ્ય આત્મા છે. (૨૫૪)

## અપુનર્બંધકનું લક્ષણ અને દ્રવ્યશબ્દનાં અર્થો

૨૫૫ - બીજો વળી દ્રવ્યશબ્દ યોગ્યત્વમાં તેનાપર્યાય યોગ્ય ભાવરૂપમાં જુદા જુદા રૂપે નયભેદથી કે ભવ સંબંધી બાંધેલા આયુષ્યવાળા નામ અને ગોત્રકર્મની સન્મુખતાને પામેલો સંગ્રહ-વ્યવહાર નયવિશેષથી જાણવો. જે માટે કહેલું છે કે - નામ, સ્થાપના અને દ્રવ્ય આ ત્રણ દ્રવ્યાસ્તિક નયમાં રહેલા છે,જયારે ભાવ તો પર્યાય નયમાં રહેલો છે.પ્રથમ દ્રવ્યાસ્તિક નયની સાથેસંગ્રહ અને વ્યવહારનય જોડાયેલા છે, બાકીના ઋજુસૂત્રાદિક નયો પર્યાયાસ્તિક નયને આધીન છે." આ જ વાત પ્રયોગથી કહે છે - વૈમાનિકાદિ દેવો વિષે જેનો ઉપપાત થશે તે, એમ કરીને દ્રવ્યદેવ જેમ કે,સાધુ-મુનિ જે દેવપણું પામવા માટે કારણ પામેલો હોય તે. એટલે જે સાધુ કે શ્રાવક તેના સુંદર આચારો પાળી દેવપણું પામવાનો હોય, તેવા શ્રાવક કે સાધુને ભવિષ્યમાં થનાર હોવાથી કારણરૂપે દ્રવ્યશબ્દનો અહિ પ્રયોગ કરાય. સાધુને દ્રવ્યદેહ કહેવાય. બીજા સ્થાને પણકહેલું છે કે - "માટીના પિંડને દ્રવ્યઘટ, સુશ્રાવકને દ્રવ્યસાધુ તથા સાધુને દ્રવ્યદેવ એ વગેરે શ્રુતમાં કહેલું છે." (૨૫૫) આ પ્રમાણે દ્રવ્યશબ્દના બે અર્થ કહીને તેને યથાયોગ્ય જોડે છે.

## અભવ્ય સકૃતબંધકને દ્રવ્ય આજ્ઞાથી કયો લાભ

૨૫૬- તે બે દ્રવ્ય શબ્દોની મધ્યે અભવ્ય સકૃદ્‌બંધક આદિ ગ્રંથિક-ગાંઠ ન ભેદેલી હોય, તેવા જીવોને દ્રવ્યથી આજ્ઞાભ્યાસ-તત્પર એવાઓને અપ્રધાન અર્થમાં દ્રવ્યશબ્દ વપરાય છે. અભવ્યો કે, જે ગ્રંથિસ્થાન નજીક આવેલા છે, તેવાઓ કેટલાકને આજ્ઞાલાભ દ્રવ્યથી થાય છે. જે માટેકહેલું છે કે - "તીર્થંકરાદિકની પૂજા દેખીને અથવા તેવા અન્ય કાર્યથી અભવ્યજીવોને પણ શ્રુતસામાયિકનો લાભગાંઠ હોવા છતાં પણ થાય છે." બાકીના અપુનર્બંધકાદિકોને યોગ્યતા અર્થમાં દ્રવ્યશબ્દ વપરાય છે. શાથી ? તો કે ભાવઆજ્ઞાનું કારણ, સદ્‌ભૂત આજ્ઞાના હેતુરૂપ થવાથી. (૨૫૬) હવે પ્રધાન અને અપ્રધાન એવાં દ્રવ્યઆજ્ઞાનાં ચિહ્નો કહે છે -

૨૫૭ - બંને દ્રવ્યશબ્દના ચિહ્નોના ભાવ જણાવે છે. તેમાં અપ્રધાન આજ્ઞામાં તે કહેવાય છે. આજ્ઞા કહેવા લાયક પદાર્થના અર્થનું ચિંતન તેમાં હોતું નથી. આ જ્ઞાની પ્રરૂપણા કરનાર અધ્યાપક-ગુરુ આદિ પુરુષના ગુણનો પક્ષપાત ગુણાનુરાગ તેને હોતો નથી. તથા વિસ્મય એટલેકે 'અહો ! અનાદિ સંસારમાં પૂર્વે કોઈ દિવસ પણ મેં આ જિનેશ્વરની આજ્ઞા પ્રાપ્ત કરી ન હતી,તેવો વિસ્મય પણ તેને જ થાય. તથા સંસારનો ભય હોતો નથી, સામાન્યથી આજ્ઞા-વિરાધવામાં આટલાં અપ્રધાન દ્રવ્ય-આજ્ઞાનાં લિંગો સમજવાં પ્રધાન દ્રવ્ય. આજ્ઞાનાં તેથી વિપરીત લિંગો સમજવાં જેમ કે, 'તેના અર્થની વિચારણા,ગુણરાગ વિસ્મય, ભવનો ભય

એવાં લિંગો-ચિહ્નો હોય. આ પ્રમાણે પ્રધાન અને અપ્રધાન દ્રવ્યશબ્દના પ્રયોગમાં લિંગો જણાવ્યાં (૨૫૭)

આગળ અપ્રધાન અર્થવાળા દ્રવ્યશબ્દના પ્રયોગની ચિંતામાં એકલા અંગાર-મર્દક માત્ર કહેલા છે. હવે બંને સાથે પ્રધાન-અપ્રધાન અર્થવાળા દ્રવ્યશબ્દની યોજના કરતાં અંગારમર્દક અને ગોવિંદ વાચક-એમ બંનેને આશ્રીને કહે છે.

૨૫૮-આ આજ્ઞા-વિચારપક્ષમાં દ્રવ્યશબ્દના પ્રથમપક્ષમાં અપ્રધાન અર્થમાં અંગારમર્દકનું અને બીજા પ્રધાન અર્થલક્ષણમાં ગોવિંદવાચકનું એમ બે ઉદાહરણો જાણવાં.

## અભવ્ય અંગારમર્દકનું ચરિત્ર

અહિં અંગારમર્દકનું ઉદાહરણ એ પ્રમાણે જાણવું. મહાભાગ વિજયસેન નામના આચાર્ય માસકલ્પના વિહાર કરતા કરતા ગર્જનક નામના નગરમાં પધાર્યા. અહિં રહેતા થકા તેમના મુનિવરોએ કોઈક દિવસેગાયો છોડવાના સમયે આવું સ્વપ્ન જોયું. મદોન્મત્ત પાંચસો ભદ્રજાતિનાહાથીઓથી પરિવરેલો એક ડુક્કર આપણા સ્થનમા આવ્યો.' ત્યાર પછી તે સાધુઓએ તે અદ્ભુત સ્વપ્ન સૂરિજીને જણાવ્યું, ત્યારે આચાર્ય ભગવાને તેમને કહ્યું કે, 'અમુક સાધુને તેનો અર્થ પૂછો. (૬૦૦૦ ગ્રંથાગ્ર)

આજે સુસાધુઓથી પરિવરેલ એક આચાર્ય તમારા પરોણા થશે, પરંતુ તે ભવ્ય નથી, તેનો નિશ્ચય છે. જેટલામાં હજુ આ વાત ચાલી રહેલી છે, તેટલામાં અતિસૌમ્ય ગ્રહ-સમૂહયુક્ત શનૈશ્વર સરખા, મનોહર કલ્પવૃક્ષોના સમૂહથી વીંટાયેલ એરંડવૃક્ષ સરખા રુદ્રદેવ નામના આચાર્ય સાધુઓ સાથે ત્યાં આગળ આવી પહોંચ્યા.તે સ્થાનિક સાધુઓએ તરત જ ઉભા થઈ ઇત્યાદિક ઔપચારિક વિનયક્રિયા કરી, તેમ જ આગમવિધિ પ્રમાણે આખા ગચ્છ-સહિત યથાયોગ્ય પરોણાગત સાચવી. ત્યાર પછી સંધ્યાસમયે સ્થાનિક સાધુઓએ ભુંડ આકારવાળાની પરીક્ષા કરવા માટે માત્રું પરઠવવાની ભૂમિમાં અંગારા પાથર્યા. પોતાના આચાર્યના કહેવા પ્રમાણે સ્થાનિક છુપાઈ રહેલા તે સાધુઓએ પરોણા સાધુઓએ પગથી ચંપાતા અંગારાના ક્રશ ક્રશ થતા શબ્દો સાંભળવાથી પ્રાણિની શંકા થવાથી કે 'આપણાથી આ જીવો ચંપાય છે' એમ ધારી 'મિચ્છા મિ દુક્કડં' શબ્દ બોલ્યા. ક્રશ ક્રશ એવા શબ્દો જે સ્થલે થયો, ત્યાં કંઈક નિશાની કરીકે, 'દિવસે તપાસકરીશું કે શાથી આવો શબ્દ ઉત્પન્ન થયો ?' હવે રુદ્રદેવ આચાર્યે મૂત્રભૂમિમાં જવા પ્રયાણ કર્યું અને પગ નીચે અંગારા ચંપાવાથી જે ક્રશ ક્રશ કરતો શબ્દ સાંભળ્યો, એટલેજીવોની અશ્રદ્ધા કરતો મૂઢી એમ બોલ્યો કે 'જિનેશ્વરોએ પ્રમાણથી તિરસ્કારાએલા એવા આને જીવ કહેલા છે !'

સ્થાનિક સાધુઓએ જે પ્રમાણે દેખ્યું, તે પ્રમાણે વિજયસેનસૂરિને જણાવ્યું. તેમણે પણ કહ્યું કે, 'સ્વપ્નમાં જે ભુંડ દેખ્યો હતો,તે આ સૂરિ અને જે ભદ્ર જાતિના ઉત્તમ હાથીઓ દેખ્યા હતા,તે આ તેના શિષ્યો સમજવા. તમારે આમા શંકા ન કરવી' સ્થાનિક સાધુઓએ તેના શિષ્યોને હેતુ-યુક્તિઓ વડે સમજાવ્યા કે, 'આવી ચેષ્ટાથી આ અભવ્યને તમે ઓળખો.' ઘોર

સંસારવૃક્ષના કારણ સરખા આ ગુરુનો ત્યાગ કરવો તમારે ઉચિત છે.' તેવા ઉપાયથી તેઓએ તે અભવ્ય ગુરુનો ત્યાગ કર્યો. પેલા સુશિષ્યો નિષ્કલંક સાધુપણું પાળીને દેવલોક પામ્યા, ત્યાંથી ચ્યવીને તેઓ સર્વે આ જ ભારતમાં વસંતપુર નગરમાં જિતશત્રુ રાજાના પુત્રો થયા. અનુક્રમે તેઓ યૌવનલક્ષ્મી પામ્યા. કોઈક સમયે તેઓ ઘણા સુંદર રૂપવાળા, તેમજ કળામાં કૌશલ્ય મેળવેલું હોવાથી, સર્વે તેમની કીર્તિ પ્રસરેલી હોવાથી હસ્તિનાગપુરમાં કનકધ્વજ નામના રાજાએ પોતાની કન્યાના વર નિર્ણયકરવા માટે તેના સ્વયંવર મંડપમાં આવ્યા. ત્યાં આવેલાએ રાજપુત્રોએ ત્યાં આવ્યા પછી ઉંટપણે ઉત્પન્ન થયેલા. પીઠ પર ઘણો ભાર લાદેલા, ગળામાં બાંધેલા મોટા વજનદાર કુતુપવાળા, ધીમે ધીમે ચીસો પાડતા, આખા શરીરે ખસ-ફોલ્લા થયેલા છે, તેથી જીર્ણ શરીરવાળા, જેને કોઈનું શરણ નથી, અતિદુઃખિત એવાપહેલાના ગુરુ અંગારમર્દકને જોયા. તે ઉંટ તરફ કરુણાથી નજર કરતાં કરતાં તેઓ સર્વેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તે સમયે શુભભાવથી દેવભવના ઉત્પન્ન થયેલા જ્ઞાનથી સાચું સ્વરૂપ જાણી લીધું. એટલે આ ઉંટને સ્પષ્ટ પણે ઓળખ્યો કે, 'આ આપણા ગુરુ હતા.' ત્યાર પછીતેઓ સંસારને ધિક્કારવાલાગ્યા કે, સંસારની ચેષ્ટાઓને ધિક્કાર થાઓ. જેણે આટલું જ્ઞાન મેળવ્યા છતાં પણ કુભાવનાથી આવા પ્રકારની દયામણી સ્થિતિ પ્રાપ્તકરી અને હજુ પણ સંસારમાં પરિભ્રમણ કરશે. ત્યાર પછી કરુણાવાળા તે રાજપુત્રોએ તેને છોડાવ્યો તેનાથી જ ભવનિર્વેદનું કારણ પામીને કામભોગોનો પરિત્યાગ કરીને દીક્ષા અંગીકારકરી. ત્યાર પછી અનુક્રમે સદ્ગતિની પરંપરા પામી ટૂંકા કાળમાં આ સર્વે મુક્તિ પામશે. જ્યારે બીજો તો અભવ્યાત્મા હોવાથી ભવ-અરણ્યમાં ભ્રમણ કર્યા કરશે. (૩૦)

## ગોવિન્દવાચકનો વૃત્તાન્ત

ગોવિંદવાચકનો વૃત્તાન્ત આ પ્રમાણે મળેછે - પાપનાં સ્થાન સરખી કોઈકનગરીમાં સમગ્ર વિદ્વાન લોકોના મદને દૂર કરનાર દાનવ સરખી અધમ ચેષ્ટાવાળો મોટો વાદી એવો શાક્યમતનો ગોવિન્દ નામનો પંડિતહતો.

કોઈક સમયે વિહાર કરતાં કરતાં અનેક મુનિવરોથી પરિવરેલા સિદ્ધાન્ત વ્યાકરણ, સાહિત્ય છંદ, ન્યાય,તર્કશાસ્ત્રોમાં પારંગત અનેક ભવ્યજીવો રૂપી કમળોને વિકસિત કરવામાં સૂર્ય સમાન એવા શ્રીગુપ્ત નામના આચાર્ય મહારાજ પધાર્યા. સ્થિર યશ સમૂહવાળા તેઓ સાધુને ઉચિત એવા સ્થાને વિરાજમાન થયા. આકાશતલને પ્રકાશિત કરતા ગ્રહગણો વડે જેમ ચંદ્ર તેમ અનેક અંતેવાસી શિષ્યોથી પરિવરેલા તે આચાર્ય અત્યંત શોભતા હતા. જેમ સૌરભ-સમૂહથી ભરપૂરસમગ્ર દિશાઓવાળા માનસ-પદ્મસરોવરમાં ભ્રમરો લીન બને, તેમ ત્યાં રહેલગુણ જાણનાર હર્ષપૂર્ણ લોકો પાપનો નાશ કરનારા એવા તે આચાર્યના ચરણકમળમાં લીનબન્યા. તેઓ જિનેશ્વરોએ કહેલ કર્મક્ષય કરનાર ધર્મ સાંભળ્યો, જ્યારે આચાર્ય ધર્મ કહેતા હતા,ત્યારે આનન્દ શબ્દથી સમગ્ર આકાશ પણ વ્યાપી ગયું હતું. નગરમાં વાત ફેલાઈ કે, 'આ સૂરિ કરતાંબીજા કોઈ શ્રુતરત્નના સમુદ્ર નથી' એમ આશ્ચર્યપામેલો હું માનું છું. જેમ સપ્તચ્છદ વૃક્ષની સુગંધથી હાથી મદ પામે છે,તેમ તેપ્રવાદ સાંભળવાથી ગોવિંદ પણ વ્યાકુલ

બન્યા મારા સરખા પંડિતપણા રૂપી મહાસાગરનો પાર પામનાર હોવા છતાં જગતમાં આવા ઉજ્જવલયશને પ્રાપ્તકરનાર બીજો કોણ ટપકી પડ્યો ગર્વથી ઉંચી ગ્રીવા કરતો અને આગળ કંઈ પણ ન દેખતોવાદ-યુદ્ધ કરવા માટે આચાર્યની સમીપે પહોંચ્યો. મેઘની ધારા વડે જેમ ધૂળ ઉડતી બંધ થઈ શાન્ત થઈ જાય, તેમ આશ્ચર્યકારી મહાયુક્તિ અને વાચાથી તરત જ તેને બોલતો બંધ કર્યો નિરુત્તર કર્યો. અતિ વિલક્ષભાવને પામેલો તે વિચારવા લાગ્યોકે, 'જયાં સુધી તેના સિદ્ધાંતનું ઉંડું રહસ્ય મેળવ્યું ન હોય,ત્યાં સુધી તેને જિતી શકાતો નથી. તેથી તે પ્રદેશમાંથી દૂર પ્રદેશમાં રહેલા આચાર્યની પાસે વિશ્વાસ ઉત્પન્ન કરીને દીક્ષા અંગીકાર કરી. દક્ષભાવથી જલ્દી ભણીને તૈયાર થવાની ઝંખના હોવાથી સિદ્ધાંતો ભણવા લાગ્યો. પરંતુ વિપરીત શ્રદ્ધા હોવાથી સમ્યગ્ રીતે બોધ પામી શકતો નથી. કેટલાક દિવસો પસાર થયા પછી ફરી પાછો બૌદ્ધ પંડિત બની તેમની પાસે હાજર થયો, ત્યારે પણ એને તે આચાર્યે નિરુત્તર કર્યો. ફરી પણ બીજી દિશામાં જઈને આગમ ભણીને આગળની જેમ તે અભિમાનીને વાદ કરવાની અભિલાષા થઈ, એટલેતે આચાર્ય પાસે પહોંચ્યો. તેમણે પણ શક્તિથી નિરુત્તર કરી વિલખો પમાડ્યો ફરી ત્રીજી વખત દૂર દેશાન્તરમાં પહોંચી દીક્ષા ગ્રહણ કરી આચારાંગ સૂત્રના પ્રથમ અધ્યનમાંવનસ્પતિના ઉદ્દેશામાં વનસ્પતિના જીવોની સિદ્ધિ કરનારા શુદ્ધ યુક્તિઓવાળા આલાપકોને ભણતો હતો.. તે આ પ્રમાણે -

## વનસ્પતિ-જીવસિદ્ધિ

આ ત્રસાદિક જીવો જાતિધર્મવાળા છે, તેમ આ વનસ્પતિના જીવો પણ જાતિ ધર્મવાળા છે. આ વૃદ્ધિ પામવાના ધર્મવાળા છે, તેમ વનસ્પતિ પણ અંકુર, થડ, ડાળી, પાંદડાં ફલ,ફૂલ આદિથી વૃદ્ધિ પામનારી છે. આ ચિત્ત-ઉપયોગવાળા છે, તેમ આ વનસ્પતિ પણ આહારાદિક સંજ્ઞા-જ્ઞાનના ઉપયોગવાળા છે. જેમ આપણા શરીરમાં છેદ થયો હોય, તો રુઝ આવી જાય છે, શરીર મળી જાય છે, તેમ વનસ્પતિ પણ છેદ કર્યા પછી પાછી ઉગે છે. આ બીજા જીવો જેમ આહારકરે છે, તેમ વનસ્પતિ પણ આહાર કરે છે. આ અનિત્ય છે, તેમ વનસ્પતિ પણ અનિત્ય છે. આ અશાશ્વત છે,તેમ વનસ્પતિ પણ અશાશ્વત છે. આ બીજાજીવોમાં શરીરમાં વધારો-ઘટાડો થાય છે, તેમ વનસ્પતિમાં પણ વધારો-ઘટાડો ચય-ઉપચય-અપચય થાય છે. આમા જેમ વિપરિણમન થાય છે, તેમ વનસ્પતિમાં પણ વિરુદ્ધ પરિણમન થાય છે. તે શક્ય મતના સંસ્કારવાળો હોવાથી પહેલાં વૃક્ષો વનસ્પતિને જીવરૂપે શ્રદ્ધા કરતો ન હતો, પરંતુ હવે તો મોહનો ઘટાડો થવાથી જન્મથી અંધ હોય, તેને આંખ મળી ગઈ હોય, તો જેમ દેખી શકે, તેમ વનસ્પતિને જોવા લાગ્યો - એટલે જીવપણું સ્પષ્ટપણે સ્વીકાર્યું અને પોતાના આશયો પ્રગટ કર્યાં. ત્યાર પછી ગુરુએ તેને ફરી દીક્ષા આપી અને અનુક્રમે વાચકપણાની લબ્ધિ મેળવીને તે યુગપ્રધાન થયા. એ પ્રમાણે પહેલાં તેને એકલી દ્રવ્યાજ્ઞા હતી,ત્યાર પછીતે જ આજ્ઞા ભાવાજ્ઞાના અમૃતરૂપે પરિણમન પામી. (૨૫૭-૨૫૮) હવે ભાવાજ્ઞાને આશ્રીને તેના અધિકારી કોણ ? તે કહે છે —

૨૫૯ - આ સદ્ભૂત આજ્ઞા-પરિણામરૂપ ભાવાજ્ઞ યથાર્થ વસ્તુ - તત્ત્વને માનનારા

એવા ભિન્નગ્રંથિવાળા સમ્યગદષ્ટિને નક્કી થાય છે. વળી તે કેવા પ્રકારની ? તો કે, પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્યરૂપ મોક્ષના કારણનાસદ્ભાવવાળી હોવાથી તે નિર્વાણને પ્રાપ્ત કરાવનારી ભાવાજ્ઞા સમજવી. (૨૫૯)

## ભાવાજ્ઞાનું સ્વરૂપ

આ ભાવાજ્ઞામાં તે જે કરે છે,તે કહે છે –

૨૬૦ - આ ભાવજ્ઞા હોય, એટલે જીવ પોતાનું આ લોક અને પરલોક સંબંધી હિત અને કાર્યો કર્યા છે, તેનો વિચાર કરે છે. નીતિ રાખવી, વ્યવહાર સાચવવો ઇત્યાદિ હિત કાર્યોકરે,તેનાથી વિપરીત પારકા દ્રવ્યોનું અપહરણ કરવું, વગેરે અહિત કાર્યોનો ત્યાગ કરે,તે પદાર્થોની યથાર્થ શ્રદ્ધા કરે, વજ્રની સોય કરતાં પણ અતિ તીક્ષ્ણ બુદ્ધિથી તર્કકરવાપૂર્વ યુક્તિવાળી નીતિથી હિતાવહિતની આલોચના કરે, ઘણે ભાગે ધર્મશ્રવણકરવું, ઇત્યાદિ કાર્યોમાં સારી પ્રવૃત્તિકરનારો થાય. તેમ જ ધર્મ, અર્થરૂપ કાર્યની સાધના ઘણે ભાગે એવી રીતેકરે કે, જેથી તેમાં તે સફળતા મેળવે.' (૨૬૦) કદાચિત્ કોઈ વખત અસફળતા પણ મેળવે, તેથી અહિં પ્રાયઃશબ્દ મૂકેલો છે. તેના સમાધાનમાં કહે છે કે , કદાચિત્ કોઈકને તેમાં વિઘ્ન પણ આવે તે જબતાવે છે -

૨૬૧ - ભાવાજ્ઞા પ્રાપ્ત થયા છતાં કોઈ વખત સ્ખલના પમાડનાર, કોઈક અવશ્ય ભોગવવા લાયક કર્મના વિપાકથી ઇચ્છિત સિદ્ધિ સમ્પાદન કરાવનાર, સુંદર માર્ગમા પ્રવૃત્તિ કરનારને કાંટો વાગવો, તાવ આવવો, અગર ભૂલાપડવું, તેના સમાન જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એવાં વિઘ્નો-પ્રતિબંધો પણ નડતર કરનારા ઉભા થાય,જેમ પાટલિપુત્ર નગરમાં જવા માટે કોઈક પથિકને માર્ગમાં કાંટા વાગવા, માર્ગમા તાવ ચડી આવ્યો, અગર માર્ગ ભૂલી ગયો,તે જેમ માર્ગે ચડેલાને વિઘ્નભૂત અંતરાય કરનાર છે, તેમ મોક્ષમાર્ગે ચડેલાને પણ તેવાં વિઘ્નો આવી નડતર કરે છે.એમ ધીરપુરુષોએસમજી લેવું. (૨૬૧) તથા -

૨૬૨ - જે નગર-ગામપહોંચવું હોય,તે સુરાજ્ય સુભિક્ષ લોકો યોગ-ક્ષેમ વગેરે કેવા કેવા ગુણવાળા છે ? તેનું જ્ઞાન મેળવીને તેમાં વચ્ચે આવતા કાંટા વગેરે દૂર થાય, એટલે તે મેળવવા લાયક સ્થાને જ પહોંચવાની પ્રવૃત્તિકરે, પણ બીજે ન જાય. તેમ જણાવેલા પથિકની જેમ સિદ્ધિ-લક્ષણ પદાર્થમાં, અજરામરપણું, નિરોગિતા અવૃદ્ધાવસ્થા, અપુનર્જન્મ આદિ ગુણોના જ્ઞાનથી તે જ સ્થલે જવાની પ્રવૃત્તિ કરે,પરંતુ ચારગતિરૂપ દુઃખપૂર્ણ સંસારમાંજવા પ્રવૃત્તિ ન કરે. (૨૬૨)

હવે આગળ કહેલા પ્રતિબંધો - વિઘ્નોને આશ્રીને દૃષ્ટાંતથી કહે છે –

૨૬૩- અહિં મેઘકુમારનું દૃષ્ટાંત પ્રતિબંધ વિષયમાં જણાવેછે,તથા બીજું દહન દેવતાનું, ત્રીજું અર્હદત્તનું અનુક્રમે કંટકાદિક-પ્રતબંધમાં જ્ઞાતાધર્મકથા આદિ આગમશાસ્ત્ર-સ્થિતિથી જાણવાં. (૨૬૩) તેમાં પ્રથમ મેઘકુમારનું ઉદાહરણ કહેવાની ઇચ્છાવાળા નવ ગાથાઓ કહે છે -

૨૬૪ - રાજગૃહ નગરમાં શ્રેણિક રાજા તેને ધારિણી નામનીરાણીહતી. તેને હાથીનું સ્વપ્ન આવ્યુંહતું. ત્યાર પછી ત્રીજે મહિને મેઘ સંબંધી દોહલો થયો. અભય કુમારે દેવનું આરાધન કરી વરસાદ વરસાવ્યો. કાલક્રમે પુત્ર જન્મ્યો, મેઘકુમાર નામ થાપ્યું હવે વિસ્તારથી મેઘકુમારની કથાકહે છે -

## મેઘકુમાર-કથા

જેમાં ઉંચા ઉજ્જવલ મહેલોની પંક્તિથી આકાશભાગે શોભિત છે, ભોગ-તત્પર લોકોના સંવાસથી સુરલોકની લક્ષ્મીની શોભાની સ્પર્ધા કરનાર, નગરોમાં અતિમનોહર એવું પ્રાચીન રાજગૃહ નામનું નગર હતું. તે નગરના ગુણોની કીર્તિ સમગ્ર પૃથ્વીમંડલમાં વિસ્તાર પામી હતી. ત્યાં રાજલક્ષણોથીયુક્ત શ્રેણિક નામનો રાજા હતો. શત્રુ-સંપત્તિરૂપી ઉપાર્જન કરેલ હાથણીને પોતાની ભુજારૂપી હાથીના સ્તંભે સ્થિર કરીહતી. એવા તારાને ચંદ્રમંડલ-સમાન મુખવાળી, સંપૂર્ણ લક્ષણયુક્ત મનોહર અંગવાળી, સર્વ ગુણોને ધારણકરનારી એવી ધારિણી નામની તે રાજાને પ્રિયા હતી.કોઈક સમયે તે રતિઘરમાં ગંગાનદીના કિનારા સમાન ઉજ્જવલ વિશાળ શય્યાતલમાં સૂતેલી હતી, ત્યારે રાત્રિના મધ્યભાગમાં ચાર દંતૂશળયુક્ત, ઉન્મત્ત, શાન્ત, મદજળના સતત પ્રવાહ-સહિત, રજતપર્વત-સમાન ગૌર કાયાવાળા, મોટા, આકાશમાંથી ઉતરી પોતાના મુખમાંપ્રવેશ કરતા, ઉંચી કરેલ સૂંઢવાળા, મનોહર શરીરવાળા હાથીને સ્વપ્નમાં દેખ્યો. તરત જ જાગી અને તે સ્વપ્ન મનમાં સ્થાપન કરી રાખ્યું. શ્રેણિક પાસેજઈને કોયલના આલાપ સરખી કોમળ કર્ણપ્રિય વાણીથી તેમને જગાડ્યા અને કહ્યું કે, 'આવું સ્વપ્ન મેં જોયું, તો તેનું મને કેવું ફલ થશે ?' પોતાની સ્વાભાવિક બુદ્ધિથી કહ્યુંકે, 'હે પ્રિયતમા ! હું માનું છું કે, આ સ્વપ્નના પ્રભાવથી તને પુત્ર થશે' તે પણ કેવો ? તોકે, 'કુલમાં મુગટમણિ સમાન, કુલમાં કલ્પવૃક્ષ સમાન, સર્વેના મનોરથો પૂર્ણ કરનાર, કુલના નિધાન સરખો અને ધર્મિષ્ઠ, પોતાના ચરિત્રથી પ્રાપ્ત કરેલી ઉત્તમ કીર્તિવાળો પુત્ર તને પ્રાપ્ત થશે. ' એ પ્રમાણે કહ્યા પછી તેને જવાની રજા આપી, એટલે પાછી પોતાની શય્યામાં ગઈ, કદાચ બીજું કુસ્વપ્ન આવી જાય, તે ભયથી બાકીનીરાત્રીમાં નિદ્રાનો ત્યાગ કરી, શંખસરખી ઉજ્જવલ આશ્ચર્ય કારી ધાર્મિક કથાઓમાં સમય પસાર કરવાલાગી. પ્રભાત-સમય થયો, એટલે સ્વપ્નશાસ્ત્ર જાણનાર એવા આઠપંડિતોને રાજાએ બોલાવ્યા. તેમને સારા આસન પર બેસાડી યોગ્ય સત્કારાદિ ઉપચાર કર્યો. ત્યાર પછી સુખે બેઠેલા સર્વેને પૂછયું કે, 'ધારિણીદેવીને આ સ્વપ્ન આવેલ છે,તો તે સ્વપ્ન દેખ્યાનું શું ફલ ?' તે પંડિતો પણ પોતપોતાનાં સ્વપ્નશાસ્ત્રો પરસ્પર વિચારીને વિકસિત વદનવાળા કહેવા લાગ્યા કે, 'હે સ્વામિ ! તીર્થંકરોની અને ચક્રવર્તીની માતાઓ મંગલ-કલાપ કરનાર એવાં આ ચૌદ સ્વપ્નો દેખે છે, તે આ પ્રમાણે-હાથી, વૃષભ, સિંહ, શ્રીદેવીનો અભિષેક, પુષ્પમાળ ચંદ્ર, સૂર્ય, ધ્વજ, કળશ પદ્મસરોવર, સમુદ્ર, વિમાન-ભવન, રત્નરાશિ અને અગ્નિ વળી જે વાસુદેવની માતાહોય, તે આમાંથીકોઈ પણ સાત સ્વપ્નો દેખે, બલદેવની માતા વળી ચાર સ્વપ્નો, માંડલિકારાજાની માતા તોગમે તે કોઈ એક સ્વપ્ન દેખે ગર્ભના લાભ સમયે આ કહેલ સ્વપ્નો

દેખે. માટે આને ઉત્તમપુત્ર થશે, સમય આવશે,ત્યારે તેરાજ્યસ્વામી અથવા મુનિ થશે. સ્વપ્નપાઠકોને રાજાએ ઉદારતાથી પુષ્કળ આજીવિકાવૃત્તિ બાંધી આપી, એટલેતેઓ પોતાના ઘરે ગયા. ધારિણીદેવી તો સુખપૂર્વકતેગર્ભનું વહન કરવા લાગી. ત્રણ મહિના પસાર થયા પછી અકાલે વરસાદ વરસવા વિષયક દોહલો ઉત્પન્ન થયો.તે કેવા પ્રકારનો ? તો કે હું સેચનક હસ્તિરાજ ઉપર આરૂઢ થયેલીહોઉં,મારા ઉપર છત્ર ધરેલું હોય, સાથે શ્રેણિકરાજા પણ બેઠેલા હોય, આખા પરિવાર-સહિત વર્ષાકાળની શોભાના સમૂહથી મંડિત નગર વચ્ચેથી વૈભારગિરિની તળેટીમાં તેમ જ બહાર બીજી પર્વતનદીઓ વહેતી હોય મોરનાં મંડલો નૃત્ય કરતા હોય,ભયંકર વિજળી દંડ આડંબરથી દિશાચક્રો શોભાયમાન બનેલાં હોય, દેડકાનાં કુલોના શબ્દોથી આકાશનાં વિવરો પૂરાયેલા હોય, પોપટના પિચ્છા સમાન વર્ણથી ચારે બાજુ પૃથ્વીપ્રદેશો પથરાયેલા હોય, અથવા લીલાવર્ણના અંકુરાઓથી જાણે ધરતીએ લીલારંગનું વસ્ત્ર ધારણ કર્યું હોય, ધવલ મેઘપંક્તિઓના ચાલવાથીદિશાઓઅલંકૃત થયેલી હોય, એવા વર્ષાકાળમા સર્વ અલંકારોથી અલંકૃત બનેલી હું જો ફરવાનીકળું તો કૃતાર્થ થાઉં, (૨૫) મારા જન્મને સફલ માનું. કદાચ મારો આ દોહલો પૂર્ણ કરવામાં ન આવે, તો શું થાય ? એવા સંદેહમાં તે ધારિણીદેવી દુર્બલ દેહવાળી તેમ જ અત્યંતપડી ગયેલા ઉદાસીન મુખવાળી બની ગઈ તેના શરીરની સંભાળ રાખનારી સેવિકાઓએ રાણીને તેવી અવસ્થાવાળી દેખીને રાજાને નિવેદન કર્યું કે - 'હે દેવ ! દેવી આજે ચિંતાવાળા જણાય છે.'

આ પ્રમાણે દેવીનો વૃત્તાન્ત સાંભળીને રાજા ગભરાયેલો ઉતાવળો ઉતાવળો તેની પાસે જઈને આ પ્રમાણે કહેવા લાગ્યો કે - 'દુઃખે કરી જિતી શકાય. તેવા વૈરીઓને તો મેં પરાસ્તકરેલા છે. એવા પરાક્રમી મારી હાજરીમાંતારો પરાભવકરવાકોણ સમર્થ છે ? સ્વપ્નમાં પણ મેં તારોકદાપિ સ્નેહભંગ કર્યો નથી. હંમેશાં તું મને મારા જીવિત કરતાં પણ અધિક છો. ઈચ્છામાત્રમાં તારા ચિંતવેલા પદાર્થો તને સંપાદન કરવા તૈયાર છું.સમગ્ર અભિલાષા પૂર્ણ કરવા સમર્થ અને તારા ચરણ-કમળના ભમરા સરખા સખીવર્ગમાં તેવો કોઈ દઢ અપરાધ હું દેખતો નથી. બંધુવર્ગમાં પણ તારી આજ્ઞાનો ભંગ દેખાતો નથી, તો વળી શી આજ્ઞાછે ? એમ આજ્ઞા ઉઠાવનાર સેવક વર્ગમાં તો આજ્ઞાભંગનો સંભવ જ ક્યાંથીહોય ? હે શરદચંદ્ર સરખા સૌમ્ય મુખવાળી ! આવાં કોઈ અસંતોષનાં કારણો ન હોવા છતાં તારા મનમાં ઉદ્વેગનું કયું કારણ છે ? તે જણાવે." આ પ્રમાણે શ્રેણિક વડે પુછાયેલી દેવી કહેવા લાગી કે, 'હે સ્વામિ ! મને અકાલે જલ વહન કરનાર મેઘ-વરસાદ વરસાવવાનો દોહલો ઉત્પન્ન થયો છે.' રાજાએ કહ્યું કે, 'તું ચિતાં ન કર, આ તારો મનોરથ એકદમ પૂર્ણ થાય,તેમ હું પ્રયત્ન કરીશ.'

ત્યાર પછી તે રાજાને મોટો ચિંતા-પિશાચ વળગ્યો. રાજસભામાં બેઠેલા રાજા વિલખા બની દૃષ્ટિ-સંચાર કરતા હતા, ત્યારે ચિંતા કરતા રાજાને અભયકુમારે પૂછ્યું કે, અત્યારે તમે શાની ચિંતા કરો છો ?' રાજાએ કહ્યું કે, 'એક અસાધ્ય મનોરથ તારી નાની માતાને થયો છે અને તેનો કોઈ ઉપાય નથી. તેદોહલાની હકીકત અભયને જણાવી. તે જ ક્ષણે પ્રાપ્ત કરેલા ઉપાયવાળા તેણે કહ્યું કે, 'હું આ કાર્ય જલ્દી સાધી આપીશ, આપ નિશ્ચિતપણે ચિંતાનો ભાર છોડી દો' તરત જ પૌષધશાળામાં પ્રવેશ કર્યો, ઉપવાસ કરી,તૃણસંથારામાં રહેલો ઉત્તમ

બ્રહ્મચર્યવ્રતને વહન કરતો રહેલો હતો. પૂર્વના પરિચયવાળા કોઈ દેવતાંની તે આરાધના કરતો હતો, એટલેત્રીજા દિવસે પ્રભાત-સમયે પોતાનું સ્વરૂપ પ્રગટ કરતો તે દેવતા દિવ્ય વસ્ત્રોને ધારણ કરતો, રત્નાભૂષણનાં કિરણોથી દિશાચક્રોને પ્રકાશિત કરતો, શનિ અને મંગળ સહિત જાણે ચંદ્ર હોય, તેવા ચલાયમાન મનોહર કુંડલવાળા, દેદીપ્યમાન વિશાળ મુગુટવાળા, જાણે મસ્તક ઉપર સૂર્ય ધારણ કરેલ હિમાલય ન હોય તેવા, જાનુ સુધી લટકતી દિવ્ય પુષ્પોની વનમાળાથી શોભતા તે દેવે પ્રેમપૂર્વક કહ્યું કે, 'શા માટે મને યાદ કર્યો ?' તો અભયકુમારે પ્રત્યુત્તર આપ્યો કે, 'મારી નાની માતાને આવા પ્રકારનો દોહલો થયો છે, તો તેની ઈચ્છા જેવી રીતે પૂર્ણ થાય, તેમ તમે જલ્દી કરો.' તે વાતનો સ્વીકાર કરી કહ્યું કે, 'તેમ થશે' તરત જ સજ્જડ મેઘમાળાઓ વિકુર્વી, સમગ્ર વર્ષાની શોભા બતાવીને તેના દોહલાને સન્માનિત કર્યો અને જેવો આવ્યો હતો,તેવો દેવ પાછો ગયો. દેવીએ કંઈક નવ માસ અધિક થયા, ત્યાર પછી જે વ્યાધિ, વિયોગ વગેરેથી રહિત હતી,ત્યારે સર્વે અંગે વિરાજમાન એવા પુત્રને જન્મ આપ્યો. ત્યારે ગ્રહો ઉચ્ચ સ્થાનમાં રહેલા હતા. વાયરો,ધૂળ શાંત થયા હતા. સર્વે દિશાઓ અને આકાશ તદ્દન સ્વચ્છ હતાં. તે વખતે વધામણાંઓ થવા લાગ્યાં ઉદારતા પૂર્વક સમગ્ર નગરલોકને પુષ્કલ દાન આપ્યું, વાજિંત્રોના સમૂહ વાગવા લાગ્યા, કર માફ કરવામાં આવ્યા, કોઈના ઘરમાં ભટોનો પ્રવેશ બંધ કર્યો, દંડો માફ કર્યા, કુદંડો છોડી દીધા, સર્વ નગર મુક્તાફલના સાથિયાઓથી શોભાયમાન બની ગયું. દશ દિવસો પૂરા થયા, એટલે સગા-સ્નેહીઓને,સંબંધીઓને આમંત્રણ આપી તેમનું સન્માન કર્યું. તે પુત્રનું માતા પિતાએ 'મેઘકુમાર' એવું નામ સ્થાપન કર્યું. (૫૦)

ચલાવવું, રમાડવું ઈત્યાદિક હજારો મહોત્સવથી લાલન-પાલન કરાતો, પર્વતમાં રહેલા ચંપકવૃક્ષની જેમ દેહશોભાથી વૃદ્ધિ પામવા લાગ્યો. યોગ્ય સમય થયો, એટલે સમગ્ર કળાઓમાં કુશળ બન્યો. વિશાળ શોભાના સ્થાન સરખી, સૌન્દર્યરૂપ જળરાશિ જેમાં પરિપૂર્ણ છે એવી ન્યૂનતા-રહિત યૌવનવય પામ્યો. ત્યાર પછી સમાન કળા-સમાન ગુણો-સમાન કાયાવાળી આઠ કન્યાઓ સાથે પ્રશસ્ત ઉચિત વિધિથી તેનો વિવાહ કર્યો. શ્રેણિક રાજાએ તે દરેક કન્યાઓને એક એક અલગ અલગ મહેલ આપ્યો. તેમ જ દરેકને ક્રોડ ક્રોડ-પ્રમાણ સુવર્ણ અને રૂપાનાણું આપ્યું. બીજા પણ ધનવાન લોકોના ઘર યોગ્ય જે કંઈ પણ વસ્તુઓ હોય, તે સર્વ આઠે આઠ વહુઓને તે જ ક્ષણે અર્પણ કરી, દેવલોકમાં દોગુંદક દેવો જેવી રીતે વિલાસ કરે તેની જેમ તે મેઘકુમાર તે સ્ત્રીઓ સાથે વિષાદરૂપી વિષના વેગ રહિત થયો થકો વિષયો ભોગવવા લાગ્યો. એટલામાં ભુવનના અપૂર્વ સૂર્ય સમાન સર્વ જીવો ઉપર વાત્સલ્ય રાખનાર એવા છેલ્લા તીર્થંકર વર્ધમાનસ્વામી ત્યાં સમવસર્યા. 'ગુણશિલ નામના ચૈત્યોદ્યાનમાં ભગવાન પધાર્યા છે' એવા સમાચાર સાંભળીને ઈન્દ્રની જેમ સપરિવાર રાજા વંદન કરવામાટે નગરમાંથી નીકળ્યો. તેની સાથે મેઘકુમાર પણ અશ્વ જોડેલા, મનોહર ઘંટવાળા રથમાં આરૂઢ થઈ ત્યાં ગયો અને વિકસિત નેત્રોથી ભગવંતને દેખીને તેમને પ્રણામ કર્યા. ભગવંતે ધર્મ સંભળાવ્યો કે, 'બુદ્ધિશાળીઓ એ સળગતા અગ્નિની જ્વાલાવાળા ઘરમાં રહેવું જેમ યુક્ત નથી, તેમ જન્મ, જરા અને મરણથી ભયંકર, પ્રિયના વિયોગ અનિષ્ટના સંયોગથી વિરસ

વિજળીના ચમકારા સરખા અસ્થિર, ફોતરા ખાંડવા સરખા અસાર એવા ભવમાં રહેલું યોગ્ય નથી. આ અતિદુર્લભ મનોહર મનુષ્યભવ છે. અને આ વિષયો ઘણા વિષમ છે. માટે સર્વ ઇન્દ્રિયોનો નિગ્રહ કરવા પૂર્વક ધર્મમાં આદર કરવો જોઈએ. પથકના સમાગમ સમાન સર્વના સંગમો દુઃખના અંતવાળા છે. જીવન પણ મરણના છેડાવાળું છે, તો હવે તેનું નિર્વાણ કરવું અર્થાત્ કાયમ માટે જન્મ-મરણ બંધ થાય, તેવા ઉપાય કરવા યુક્ત છે.

આ પ્રમાણે તે જન્મને ઓલવવા માટે-બંધ કરવા માટે જિનધર્મરૂપી જળ વરસાવનાર મેઘ સમર્થ કહેવાય છે, તો તેને સમ્યગ્પણે ગ્રહણ કરવો. આવા પ્રકારની દેશનાના અંતે ઘણા પ્રાણીઓ બોધ પામ્યા. તે સમયે આંસુ-યુક્ત નેત્રવાળો રોમાંચથી અંકુરિત સર્વાંગવાળો મેઘકુમાર ત્રણ પ્રદક્ષિણા આપીને ભગવંતને કહેવા લાગ્યો કે, 'આપે જે ધર્મોપદેશ આપ્યો. તે સર્વથા યથાર્થ જ છે, તેમાં લગાર પણ ફેરફાર કે જૂઠુ નથી. હું આપની પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરી આ ભવરૂપી મસાણમાંથી બહાર નીકળવાની ઇચ્છા કરું છું. તેથી કરીને માતા-પિતાને પૂછી લઉં' એમ કહીને પોતાના ઘરે ગયો. માતાને કહ્યું કે, 'હે માતાજી ! જે મેં ભગવંતને વંદન કરી તેમની પાસેથી કાનને સુખ કરનાર અમૃત સરખો ધર્મ શ્રવણ કર્યો. તે માતા મેઘકુમારને કહેવા લાગી કે, 'હે જાયા ! તું એકલો જ ભાગ્યશાળી અને કૃતાર્થ બન્યો, આજે તું પૂર્ણ મનોરથવાળો થયો,કારણ કે જગતના એક ગુરુ ત્રણેલોકમાં ચૂડામણિ સમાન ગુણના ભંડાર એવા ભગવંતના ચરણકમળને વિકસિત મનથી જોયા, ત્યારે મેઘકુમારે કહ્યું કે, 'હે માતાજી ! એ ભગવાનના ચરણ-કમળમાં ગૃહવાસનો ત્યાગ કરીને આ સંસારના તીવ્રદુઃખથી હું દીક્ષા લેવાની ઇચ્છા કરું છું. તીક્ષ્ણ કુહાડીથી કપાયેલી ચંપકવેલડીની જેમ તે એકદમ પૃથ્વીપીઠ ઉપર ઢળી પડી. સર્વ અંગનાં આભૂષણો તૂટી જવાથી ભગ્ન સૌભાગ્યવાળી એવી તે બેભાન બની ગઈ. પવન અને શીતલ જળ, ઘણો ચંદનરસ વારંવાર છાંટ્યો, વીંજણાથી પવન નાખ્યો, ત્યારે નયન ખોલી તે કહેવાલાગી કે, 'હે પુત્ર ! ઉંબરપુષ્પની જેમ તને મેં અતિદુર્લભતાથી પ્રાપ્ત કરેલો છે, તો જ્યાં સુધી હું જીવું, ત્યાં સુધી અહીં વ્રત વગરનો મારી પાસે જ રહે. હે કુલતિલક ! તારા વિરહમાં મારો આત્મા જલ્દી ચાલ્યો જશે. હું પરલોકગમન કરું, પછી તું પ્રવ્રજ્યા અંગીકાર કરજે. એમ કરવાથી હે સુંદર ! તે કૃતજ્ઞતા કરેલી કહેવાશે.

મેઘ - 'પાણીના પરપોટા, વિજળીલતા, કુશાગ્ર જળબિન્દુ, ધ્વજાપટ આદિની ઉપમાવાળા મનુષ્યના જીવિતમાં મરણ પ્રથમ કોનું થશે અને પાછળ કોણ મૃત્યુ પામશે ? તે કોણ જાણી શકે છે ? આ અતિદુર્લભ બોધિ ફરી ક્યારે થશે ? હે માતાજી ! ધૈર્યનું અવલંબન કરીને મને રજા આપી મુક્ત કરો.'

ધારિણી - મિત મધુર વચન બોલનાર, લજ્જા-મર્યાદા ગુણથી મનોહર, શરદચંદ્ર સમાન મુખવાળી, નીલકમલના પત્ર સમાન નેત્રવાળી, નિપુણ વિનય કરનારી એવી આઠ રાજપુત્રીઓ સાથે તારો વિવાહ કરેલો છે. તેનીસાથે પાંચ પ્રકારના સારભૂત વિષયો ભોગવ. અત્યારે પોતાના કુળમાં રહીને ધર્મ કર, પાછળ એકાંતે વૈરાગી બની પ્રવ્રજ્યા સ્વીકારજે.

મેઘ - આ સ્ત્રીઓ અશુચિસ્થાન સ્વરૂપ છે, જન્મ પણ અશુચિથી થાય છે. અશુચિ પદાર્થનું જ અવલંબન કરનારી છે, ઘણા ભાગે અનાર્ય-કાર્ય કરવામાં સજ્જ, રોગ, વૃદ્ધાવસ્થાથી જર્જરિત થનારી મરણના છેડાવાળી એવી સ્ત્રીઓ વિષે પરમાર્થ જાણનાર કયો પુરુષ તેમાં રાગ કરે ?

ધારિણી - હે પુત્ર ! વંશ-પરંપરાથી મેળવેલું આ ધનનું સન્માન કર, દીન-અનાથને દાન આપ, બંધુવર્ગ સાથે તેનો ભોગવટો કર, એમ કરવાથી તારો અખૂટ યશ ઉછળશે અને બંદીજનો પણ તારા ગુણોનું કીર્તન કરશે જ્યારે તરુણાવસ્થા પૂરી થાય, એટલે પાછળની વયમાં દીક્ષા અંગીકાર કરજે.

મેઘ - પિતાની ધનસંપત્તિના વારસદાર-સમાન ગોત્રવાળા, જળ અને અગ્નિને સાધારણ, નદીના તરંગ સરખી ચપળ એ સંપત્તિઓમાં કયો બુદ્ધિશાળી મમત્વભાવ કરે ?

ધારિણી - હે પુત્ર ! ખડ્ગની તીક્ષ્ણધારા ઉપર ચાલવા સરખા દુષ્કર વ્રત પાલન સામાન્ય માણસ માટે પણ મુશ્કેલ છે, તો પછી તારા સરખા સુકુમાળ દેહવાળા અને રાજવૈભવ ભોગવનારા માટે તે અતિદુષ્કર છે.

મેઘ - જેણે તેના ઉદ્યમ કરવાનો વ્યવસાય કર્યો ન હોય, તેવા પુરુષને આ સર્વ દુષ્કર જ જણાય, પરંતુ ઉદ્યમ-ધનવાળાને સર્વકાર્યો એકદમ સિદ્ધ થયેલાં જણાય છે. એ પ્રમાણે સખત વિરોધ કરતા માતા, બંધુવર્ગ તથા દીક્ષાની પ્રતિકૂળ બોલનારા સર્વને નિરુત્તર કરી વિનયોપચાર કરવા પૂર્વક વિવિધ સેંકડો યુક્તિ-સહિત તેઓને પ્રત્યુત્તરો આપી પોતાના આત્માને મુક્ત કર્યો. છતાં ઇષ્ટ પદાર્થોનો ત્યાગકરી, કાયર માણસને વિસ્મય પમાડનારી, સમગ્ર ભવ-દુઃખથી મુક્ત કરાવવા સમર્થ એવી દીક્ષા મેઘકુમારે ગ્રહણ કરી.

જિનેશ્વર ભગવંતે કરવા લાયક વસ્તુ સંબંધી મનોહર સ્વરથી તેને સમજણ આપી કે, 'હે સૌમ્ય ! તારે હવે આ પ્રમાણે જયણાથી બેસવું, ઉઠવું, સુવું, લેવું, મૂકવુ ઇત્યાદિક ચેષ્ટાઓ જયણાથી કરવી-એમ હિત-શિખામણ આપી.શિક્ષાઓ માટે ગણધર મહારાજને સોંપ્યો. સંધ્યા-સમયે સંથારાની ભૂમિની વહેંચણી કરતાં મેઘકુમારની સંથારાભૂમિ દ્વાર દેશમાં આવી. કારણે જતા આવતા સાધુઓ દ્વારા પાસેથી મેઘના સંથારાનું ઉલ્લંઘન કરતા કરતાં અને કદાચ કોઈક વખતે પગ વગેરેથી તને સજ્જડ સંઘટ્ટ થયા કરે છે તેથી આંખ મીંચવા પણ ન મળી, એટલે રાત્રે વિચારવા લાગ્યો કે - 'હું ગૃહવાસમાં હતો, ત્યારે આ સાધુઓ મારું ગૌરવ કરતા હતા. અત્યારે મારા તરફ નિઃસ્પૃહ ચિત્તવાળા થઈને આ મુનિઓ મારો પરાભવ કરે છે, તો મુનિપણું મારા માટે દુષ્કર અને અશક્યલાગે છે. તો હવે સવારે ભગવંતને પૂછીને ફરી પાછો ઘરે જાઉં.' પછી સૂર્યોદય સમયે સાધુઓ સહિત ભગવંત પાસે ગયો અને ભક્તિથી સ્વામીને વંદન કરી પોતાનાં સ્થાને બેઠો એટલે અરિહંત ભગવંતે તેને સંબોધ્યો કે, 'હે મેઘ ! તને રાત્રે મનમાં આવો સંકલ્પ ઉત્પન્ન થયો કે 'હું ઘરે જાઉં, પરંતુ તેમ કરવું યોગ્ય નથી કારણ આ ભવથી પહેલાના ત્રીજા ભવમાં તું હાથી હતો. (૧૦૦) કેવો ? તો કે –

## મેઘકુમારનો પૂર્વભવ

આ જ ભરતક્ષેત્રમાં વૈતાઢ્ય પર્વતની તળેટીમાં વનવાસીઓએ 'સુમેરું' એવું નામ પાડ્યું હતું, સર્વ પૂર્ણ અંગોવાળો,હજાર હાથણીનો સ્વામી, નિરંતર રતિક્રીડામાં પ્રસક્ત ચિત્તવાળો, અત્યંત મનગમતા હાથીના પુરુષ બચ્ચા અને નાની હાથણીઓ સાથે પર્વતના આંતરાઓમાં, વનોમાં, નદીમાં, તેમ જ ઝરણાઓમાં, સરોવરોમાં અત્યંત પ્રચંડ ક્રોધભાવવાળો હરતો ફરતો હવે કોઈક સમયે ઉનાળાનો ગ્રીષ્મકાળ આવ્યો, ત્યારે ગરમ - કર્કશ ન ગમે તેવો સખત ભયંકર તથા જેમાં ઘણી ધૂળ ઉડતી હોય તેવા વંટોળિયા સરખો વાયરો સર્વત્ર ફુંકાવા લાગ્યો. એટલે તરુગણો પરસ્પર ઘસાવા લાગ્યા, એટલે તેમાંથીભયંકર દાવાનળ સળગ્યો. પ્રલયકાળના અગ્નિ સરખા આ અગ્નિને તેં દેખ્યો. તે સમયે વનો બળવા લાગ્યાં, શરણ વગરનો જંગલી જાનવરોનો -સમુદાય ભયંકર અવાજ કરીને ભુવનતલ ભરી દેતો હતો. તેઓ નાસભાગ કરવા લાગ્યા. વન-દાવાનળ ચારે બાજુ ફેલાયો, એટલે તેના ગોટેગોટા ધૂમાડાઓ પણ સર્વત્ર ફેલાઈ ગયા, સર્વ તૃણ અને કાષ્ઠો ભસ્મરૂપ બની ગયા. તે દાવાનળના જ્વાલાઓના તાપથી જળી રહેલા દેહવાળો ઘોર સૂંઢ-પ્રસર સંકોચીને મોટી ચીસો પાડતો, લિંડાના પિંડાને છોડતો, વેલા અને તેના મંડપોને તોડતો, તરસ લાગવાના કારણે સર્વાંગે શિથિલ બનેલો, યૂથની ચિંતાથી મુક્ત બનેલો તે દોડતો દોડતો અતિ અલ્પજળવાળા, ઘણા કાદવવાળા, એક સરોવરમાં પહોંચ્યો. ત્યાં કિનારા પરથી અંદર ઉતરવા લાગ્યો,પરંતુ જળ ન મેળવ્યું અને કાદવમાં અંદર ખૂંચી ગયો, હવે ત્યાંથી એકડગલું પણ ખસી શકે તેમ ન હતો. તે દરમ્યાન નસાડી મૂકેલા એક યુવાન હાથીએ તેને જોયો અને રોષપૂર્વક દંતૂશળના અણીવાળા આગલા ભાગથી પીઠપ્રદેશમાં ઘાયલ કર્યો, એટલે ન સહન કરી શકાય તેવી આકરી વેદના પામ્યો. સાત દિવસ સુધી ભારી વેદના સહન કરીને એકસો વીશ વર્ષ જીવીને આર્ત-રૌદ્રધ્યાનના માનસવાળો મૃત્યુ પામીને આ જ ભરતના વિન્ધ્યપર્વતની તળેટીમાં ચાર દંતશૂળવાળો, પોતાની ઉત્કટ ગંધથી સર્વ હાથીઓના ગર્વને દૂર કરતો, જેનાં સાતે અંગો લક્ષણવંતાં છે, શરદકાળના આકાશ સરખા ઉજ્જવલ દેહવાળો હાથી તરીકે ઉત્પન્ન થયો. કાલક્રમે યૌવનવય પામ્યો, સાતસો હાથણીઓનો સ્વામી થયો, વનવાસી શબરોએ 'મેરુપ્રભ' એવું નામ સ્થાપન કર્યું. પોતાના પરિવાર-સહિત વનમાં પરિભ્રમણ કરતાં કરતાં કોઈક સમયે ગ્રીષ્મ-સમયમાં વનમાં દાવાગ્નિ સળગેલો દેખ્યો. ધીમે ધીમે અગ્નિ વધવા લાગ્યો, તે દેખીને તે સમયે પૂર્વભવની જાતિ યાદ આવી. તે વખતે તે દાવાનળથી પોતાને મહાકષ્ટ પૂર્વક બચાવ્યો, તે વખતે તેં વિચાર્યું કે, 'દરેક વખતે ઉનાળામાં આ દાવાગ્નિ સળગશે, તો પહેલાથી જ તેનો પ્રતિકાર ચિંતવું. પ્રથમ વર્ષાવાસમાં પોતાના પરિવાર-સહિત તેં અને તારા પરિવારે ગંગાનદીના દક્ષિણ બાજુના કિનારે સર્વ વૃક્ષોને ઉખેડી નાખ્યા અને તેનો ઢગલો દૂર દૂર બહાર ફેકી દીધો. એક એવા પ્રકારનું ઝાડ-બીડ, ઘાસ વગરનું એકાંતે અગ્નિ ન સળગે તેવું મોટું મેદાન તૈયાર કર્યું. ફરી પણ વર્ષાકાળમાં પોતાના પરિવાર-સહિત સર્વ જગો પર શુદ્ધિ કરી. એવી રીતે ચોમાસામાં ત્રીજી વખત પણ જમીનની શુદ્ધિ કરી ઝાડ-બીડ ઘાસ

વગરનું સપાટ મેદાન એવું ચોખ્ખું તૈયાર કર્યું કે, આગનો ભય લાગે નહિ. આ પ્રમાણે દરેક વર્ષે દાવાનળથી બચવા માટે બનાવતો અને સ્વસ્થતા અનુભવતો હતો.

કોઈક સમયે દાવાનળ સળગ્યો, એટલે તું પરિવાર-સહિત તે ભૂમિસ્થળમાં ગયો. બીજા પણ વનમાં વસનારા જીવો દાવાગ્નિથી ભય પામેલા ત્યાં આવી ગયા એવી રીતે અનેક જીવો ત્યાં એકઠા થયા કે, કોઈ હાલવા-ચાલવા કે ખસવા સમર્થ ન થયા. જેવી રીતે હાથી રહેતો હતો, તેવી રીતે પરસ્પર ઈર્ષ્યા-અભિમાન છોડીને તે પ્રાણિસમુદાય ઘણા ભયના ભાવથી તે સ્થાનમાં સમાઈને રહેતા હતા. હાથીએ કોઈ વખત શરીર ખંજવાળ માટે એક પગ ઉંચો કર્યો. બીજા બળવાને તેને તે પ્રદેશમાં ધકેલ્યો, એટલે એક સસલો પગના સ્થાને આવી ગયો. (૧૨૫) તેં દેખ્યો, એટલે દયાથી તારું હૃદય પૂરાઈ ગયું. પોતાની પીડા ન ગણકારતાં તેં પગ અદ્ધર ધરી રાખ્યો તે સસલાની અતિદુષ્કર દયા કરવાના પરિણામે તેં ભવ ઘટાડી નાખ્યા. મનુષ્ય-આયુ ઉપાર્જન કર્યું, તેમ જ સમ્યક્ત્વ બીજ મેળવ્યું. અઢી દિવસ પછી દાવાનળ શાન્ત થયો. એટલે વનના પ્રાણીઓ તે પ્રદેશમાંથી નીકળી ગયા, એટલે તે પગ નીચે મૂકવાની જેટલામાં ચેષ્ટા કરી, તેટલામાં તું વૃદ્ધપણાના કારણે શરીર પણ સર્વાંગે ઘસાઈ જીર્ણ થયું હતું. સર્વ સાંધાનાં સ્થાનોમાં લોહી વહતું અટકી ગયું હતું, સાંધાઓ જકડાઈ ગયા હતા, અતિ પરેશાની સહેતો વજાહત પર્વતની જેમ તું એકદમ ધસ્ કરતાં ભૂમિ પર ઢળી પડ્યો. શરીરમાં દાહજ્વરની પીડા થઈ કાગડા, ગીધ, શિયાળ વગેરે ચાંચ અને દાંતથી તેના શરીરનું ભક્ષણ કરતા હતા. ત્રણ રાત્રિ-દિવસ તીવ્ર વેદના અનુભવીને એકસો વર્ષોનું આયુષ્ય જીવીને શુભ ભાવના પામેલો તું કાલ પામીને અહિં ધારિણીનું કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થયો. તો હે મેઘ ! જે વખતે ભવસ્વરૂપ સમજતો ન હતો, ત્યારે તિર્યંચ-ભવમાં તેં આવા પ્રકારની આકરી વેદના સહન કરી.તો પછી આજે આ મુનિઓના દેહસંઘટ્ટાની પીડા કેમ સહન કરતો નથી ? પૂર્વના ભવો સાંભળીને ક્ષણમાં જાતિસ્મરણ જ્ઞાન થયું. તીવ્ર વૈરાગ્ય ઉત્પન્ન થયો. નેત્રમાં હર્ષાશ્રુ ભરાઈ ગયાં. ભગવંતને ત્રણ પ્રદક્ષિણા ફરીને, ભાવથી વંદન કરીને 'મિચ્છા દુક્કડં' કહેવા પૂર્વક મેઘે કહ્યું કે, 'મારાં નેત્ર-યુગલસિવાય બાકીના મારાં અંગોને હું સાધુઓને અર્પણ કરું છું. તેમની ઇચ્છા પ્રમાણે ભલે સંઘટ્ટકરે.' એ પ્રમાણે મેઘમુનિએ અભિગ્રહ કર્યો.તેણે અગિયાર અંગોનો અભ્યાસ કર્યો. ભિક્ષુ પ્રતિમા અંગીકાર કરી. તે ગુણરત્ન સંવત્સર તપ કરીને સર્વ શરીરની સંલેખના કરીને ચિંતવવા લાગ્યો કે, જ્યાં સુધી સર્વ શુભાર્થી એવા જિનેશ્વર ભગવંત વિહાર કરે છે, તો ચરમકાળની ક્રિયા મારે કરી લેવી યુક્ત છે. ત્યાર પછી ભગવંતને પૂછે છે કે, 'હે સ્વામી ! હું આ તપવિશેષના અનુષ્ઠાનથી બેસવાની વગેરે કષ્ટવાળી ક્રિયાઓ આપની આજ્ઞાથી કરું. આપની અનુજ્ઞાથી રાજગૃહ બહાર આ 'વિપુલ' નામના પર્વત ઉપર અનશન-વિધિ કરવાની મારી ઇચ્છા વર્તે છે. ત્યાર પછી પ્રાપ્ત થયેલી અનુજ્ઞાવાળા તે મેઘમુનિએ સર્વ શ્રમણસંઘને ખમાવીને, બીજા કૃતયોગી મુનિવરો સાથે ધીમે ધીમે તે પર્વત ઉપર ચડવા લાગ્યા. સમગ્ર શલ્ય રહિત એવા તે મેઘમુનિ વિશુદ્ધ શિલાતલ ઉપર બેઠા. એક પક્ષનું અનશન પાલન કરીને 'વિજય' નામના વિમાનમાં ઉત્પન્ન થયા. તેમનો દીક્ષા-પર્યાય બાર વરસનો હતો. ત્યાંથી ચ્યવેલા તેઓ મહાવિદેહમાં જલ્દી બોધ પામી

સિદ્ધિ પામશે. (૧૪૩)

**સંગ્રહગાથા અક્ષરાર્થ**-મેઘકુમાર નામ પાડ્યું, ભગવંત પાસે ધર્મશ્રવણ કરતાં પ્રથમ વખત જે મોક્ષાભિલાષા થઈ, તેથી તરતજ પ્રવ્રજ્યા થઈ, સાંકડી વસતિમાં સંથારાની ભૂમિમાં તેના પગના સંઘટ્ટા લાગવા તે કારણથી, ચારિત્રમોહના ઉદયથી સંક્લેશ ઉત્પન્ન થયો. 'આ સાધુઓ હું ગૃહસ્થ હતો,ત્યારે મારુ ગૌરવ જાળવતા હતા, તો હવે હું ઘરે જાઉ. એવી ચિંતા ઉત્પન્ન થઈ.પ્રભાતે વીર ભગવંતે તેને કહ્યું કે, 'રાત્રે તેં આ પ્રકારે ચિંતવ્યું.' 'સાચી વાત' એમ કબૂલ્યું, ભગવાને તેને કહ્યું કે,'રાત્રે તેં આ પ્રકારે ચિંતવ્યું.' 'સાચી વાત' એમ કબૂલ્યું, ભગવાને કહ્યું કે, 'તારે આમ વિચારવું યોગ્ય નથી. કારણ કે આ ભવ પહેલાના ત્રીજા ભવમાં તું 'સુમેરુ' નામનો હાથી હતો. વૃદ્ધ થતાં વનમાં દાવાગ્નિ સળગ્યો. ભયપામી નાઠો. તરશ લાગી, એટલે તું કાંઠા વગરના અલ્પજળવાળા કાદવવાળા સરોવરમાં ઉતર્યો. બીજા હાથીએ દંતશૂળથી તને ઘાયલ કર્યો. સાત દિવસ વેદના સહી મૃત્યુ પામ્યો. ફરી 'મેરુપ્રભ' નામનો હાથી થયો. ફરી દવ લાગ્યો, એટલે જાતિસ્મરણ થયું. પૂર્વભવમાં વનદવથી મારૂં મરણ થયું હતું, માટે તેનો પ્રતિકાર થાય તેમ કરું. વર્ષાકાલ થયો, એટલે તૃણ કાષ્ઠ વગેરે બાહ્ય વસ્તુઓ દૂર કરીને જ્યારે ઉષ્ણકાળમાં વનદવ ફેલાય, તો તે સ્થાનમા તેને રહેવાનું થાય, તેમ જ બીજા જીવોને પણ તે સ્થાન શરણ આપનારું બને. ત્યાર પછી વનદવ લાગવાથી તે ઉજ્જડ સ્થાનમાં ઘા પશુઓ જીવ બચાવવા દોડી આવ્યા, જેથી સંકડામણ થઈ ગઈ. હાથીએ પગ ઉંચો કર્યો. તેં તે વખતે શરીર ખણ્યું. પગની જગામાં સસલું આવીને સ્થિર થયું. અનુકંપાથી તે પગ અદ્ધર રાખ્યો દયા-પરિણામથી ભવ ટુંકા કર્યા, મનુષ્ય-આયુષ્ય બાંધ્યું. ત્રીજા દિવસે તું ભૂમિ પર ઢળી પડ્યો. ત્યાર પછી રાજગૃહમાં જન્મ થયો. ધર્મ શ્રવણ કર્યો ચારિત્રની ભાવના થઈ. આગલા ભવમાં તિર્યંચમાં હતો. ત્યારે કાગડા, ગીધ, શિયાળ વગેરે તારું ભક્ષણ કરતા હતા તેને સહન કરવાથી,સસલાની અનુકંપાથી ગુણ-ઉપકાર થયો. જેથી આ પ્રવ્રજ્યારૂપ લાભ થયો. આ સાંભળી સંવેગ થયો. 'મારું દુષ્કૃત મિથ્યા થાઓ' એવા પ્રકારના પ્રાયશ્ચિત્તથી, ચારિત્ર-પરિણતિની નિર્મલતા થાય છે. તથા આખી જિંદગી સુધી શુદ્ધ પ્રવૃત્તિરૂપ પ્રવ્રજ્યા પાળી, ત્યાંથી 'વિજય' વિમાનમાં ઉત્પન્ન થયો. ત્યાંથી બોધ પામી સિદ્ધિ પ્રાપ્ત કરશે (૨૬૫ થી ૨૭૨)

૨૭૩ - કંટક સ્ખલના સમાન, માર્ગમાં ચાલતા પથિકને કાંટો વાગવા સમાન આ મેઘમુનિને ચિત્તનો સંક્લેશ થયો. તે કેવો? તો કે, પરિમિત વિઘ્ન કરનાર, તે કાંટા સમાન વિઘ્ન નીકળી ગયું - એટલે છેક છેલ્લા ભવ સુધી સમ્યગ્દર્શનાદિ રૂપ સિદ્ધિમાર્ગે અસ્ખલિતપણે ગમન કરી શકે. (૨૭૩)

## તાવસરખાવિઘ્નમાં દહન દેવતાનું દ્રષ્ટાંત

હવે દહન દેવતાનું દષ્ટાન્ત કહેવાની અભિલાષાવાળા કહે છે –

૨૭૪ - પાટલિપુત્ર નામના નગરનાં હુતાશન નામનો બ્રાહ્મણ, તેને જ્વલનશિખા

નામની પત્ની હતી. આ બંને શ્રાવકો હતા. તેમને જ્વલન અને દહન નામના બે પુત્રો થયા. તે બંને દીક્ષા લીધી, સૌધર્મ દેવલોકમાં પાંચપલ્યોપમના આયુષ્યવાળા દેવો થયા. આમકલ્પના નગરીમાં મહાવીર ભગવંતની પાસે નીચે આવ્યા અને તેમની આગળ નાટક કરવા માટે વૈક્રિયરૂપ વિકુર્વ્યું. ગણધર ભગવંતે પૃચ્છા કરી. (૨૭૪)

એ સંબંધી છ ગાથાથી વિચાર કરે છે -

૨૭૫ થી ૨૮૦ - પાટલ વૃક્ષના પુષ્પની સુગંધ સમાન ઉત્તમ શીલ વડે જ્યાં લોકો મનોહર હતા, લોચન અને મનને હરણ કરનાર અને સુંદર ભોગો વડે દેવ-સમૂહની પણ જ્યાંના લોકો હરીફાઈ કરતા હતા, એવા પાટલિપુત્ર નગરમાં સારી રીતે આહુતિ આપેલ દુર્વિનયરૂપ કાષ્ઠને બાળવામાં અગ્નિ સરખો હુતાશન નામનો વિપ્ર હતો તેને દુઃશીલ લોકોના માનસના વિકલ્પો રૂપી ભ્રમ-પંક્તિ માટે અગ્નિશિખા સરખી, વિનયરૂપી માણિક્યનું ભાજન એવી જ્વલનશિખા નામની ભાર્યા હતી.કુલના સમુચિત રીતીરીવાજોનું પાલન કરતા અને શ્રાવકધર્મમાં તત્પર એવા તે બંનેના દિવસોપસાર થતા હતા, ત્યારે કેટલાક દિવસો પછી તેમનું સુખ સ્વરૂપવાળા અનુક્રમે જ્વલન અને દહન નામના બે પુત્રો થયા. ઉંમર લાયક થયા, એટલે માત-પિતાનાં સર્વ કાર્યોમાં તેના ચિત્તને અનુસરનારા થયા. સમગ્ર ભવ્યજીવો રૂપી કમળોને વિકસિત કરનાર સૂર્ય સરખા ધર્મઘોષસૂરિ વિહારકરતા કરતા પધાર્યા અને મુનિઓને યોગ્ય એવા સ્થાનમાં રોકાયા. એટલે ઉત્પન્નથયેલા અતિહર્ષ પૂર્વક નગરલોકોએ તે ભગવંતને વંદના કરી અને ભવરૂપી કેદખાનામાંથી બહાર કાઢનાર એવો ઘણો ધર્મ શ્રવણ કર્યો. ત્યાર પછી પોતાના આસનનો ત્યાગકરીને હુતાશને કહ્યું કે, 'હે ભગવંત ! ભવથી ભય પામેલા મનવાળો હું આખા કુટુંબ-સહિત દીક્ષા લેવાની અભિલાષાવાળો છું અનેતે આપના ચરણ-કમળમાં જ અંગીકાર કરીશ ગુરુએ' કહ્યું કે, 'હે સૌમ્ય ! આમાં વિલંબ કરવો યોગ્ય નથી.' આ પ્રમાણે ગુરુનું મન જાણીને જિનમંદિરમાં પૂજાદિક કાર્યો કરાવ્યા. સકુટુંબ-પરિવાર આ હુતાશને આશ્ચર્ય ઉત્પન્ન થાય, તેવા પ્રકારની પ્રવજ્યા અંગીકાર કરી અને સર્વ આસ્રવદ્વાર બંધ કર્યાં. અતિ ઉગ્ર ભવ-વૈરાગ્યવાળા કુટુંબને ઘોર તપ કરાવે છે, તેમ જ શુદ્ધ પરિણામયુક્ત વજ્રના ચણા ચાવવા સમાન પ્રવ્રજ્યાનું પાલન કરતા હતા. પરંતુ દહન, જ્વલન સાધુને માયાથી સર્વ ક્રિયામાં છેતરતો હતો. 'અરે ! આ હું હમણા આવું છું' ઈત્યાદિ માયાસ્થાનને કહીને માયા આચરતો હતો, પરંતુ વિપરીત પદાર્થની પ્રરૂપણા કરતો ન હતો. એ પ્રમાણે પ્રાયઃ તેનો જન્મ પ્રમાદમાં ગયો. કોઈ દિવસ પણ ગુરુ પાસે માયાશલ્યની આલોચના પ્રાયશ્ચિત ન કર્યાં. સંલેખના વગેરે વિધિ સહિત અનશન કરીને મૃત્યુ પામી સૌધર્મ-દેવલોકમાં ઉત્પન્ન થયો. સરળભાવથી જ્વલન પણ તેવા પ્રકારની ક્રિયાઓમાં તત્પર બનેલો તે જ દેવલોકમા દેવપણું પામ્યો, ઈન્દ્રમહારાજને બાહ્ય, મધ્યમ અને અભ્યંતર એમ ત્રણ પર્ષદાઓ હોય છે. તેમનાં અનુક્રમે જવણા, ચંડા અને સમિતા એવાં ત્રણ નામો છે. અભ્યંતર પર્ષદા સાથે વિચારણા કરે અને બીજી સાથે તેનો દઢનિર્ણય કરે. વિકલ્પ વગર કરવાનું જ એવો કાર્યનો આદેશ ત્રીજી પર્ષદામાં નક્કી થાય. સમિતા મધ્યપર્ષદાને બોલાવીને બંને સાથે

જયણા-પૂર્વક ઇન્દ્ર પાસે જાતે જ આવે અને પરમ સંતોષને પામે. ત્રીજીની સાથે કાર્યાદેશ વિના વિકલ્પથી કરવા યોગ્ય થાય છે.

તે બંને ઇન્દ્રમહારાજાની અભ્યંતર પર્ષદામાં પાંચ પલ્યોપમના આયુષ્યવાળા દેવો ઉત્પન્ન થયા. પૂર્વભવના સ્નેહના કારણે આમ્રશાલ વનમાં બંને સાથે આમકલ્પા નામની નગરીમાં ભગવાન વર્ધમાન સ્વામીના થયેલા સમવસરણમાં પોતપોતાના પરિવાર-સહિત આવ્યા. ત્રણ પ્રદક્ષિણા ફરીને ભગવંતને વંદના કરી, અતિભક્તિ-પૂર્ણ માનસથી તેઓ ત્યાં નાટક પ્રવર્તાવ્યું. તેમાં જ્વલનદેવ જે ચિંતવે, તેવાં રૂપો વિકુર્વી શકે છે, જ્યારે બીજા દેવને વિપરીત રૂપો થતાં હતાં. ગૌતમ ભગવંત આ વૃત્તાન્ત જાણતા હોવા છતાં પણ ન જાણનારને પ્રતિબોધ કરવા માટે ભગવંતને પૂછતા હતા કે, 'ક્યા કારણથી એકને વિપરીત રૂપ થાય છે. ભગવંતે કહ્યું કે, પૂર્વજન્મમાં તેણે માયા-કપટ કરેલાં હતાં,તેનાથી ઉપાર્જન કરેલા કર્મના કારણે તેમ થાય છે. પૂર્વજન્મ સંબંધી સમગ્ર વૃત્તાન્ત જણાવ્યો. તે કર્મનો ભયંકર અનુગમ-પાછળ પાછળ કર્મનું આવવાનું થવાંરૂપ અનુબંધ તેને થશે. તે સાંભળીને અનેક પ્રાણીઓ પ્રતિબોધ પામ્યા અને વિષધરની વાંકી ગતિ -વિષના વેગ સમાન વિષમ એવા કર્મના દોષોથી અનેક લોકો પાછા હઠ્યા. (૨૯)

**સંગ્રહગાથાનો અક્ષરાર્થ**-હુતાશન અને જ્વલનશિખા નામના પતિ-પત્ની હતાં. જ્વલન અને દહન નામના તેમના બે પુત્રો હતા. આ ચાર માણસોના કુટુંબને પાટલિપુત્ર નગરમાં ધર્મઘોષ ગુરુ પાસે ભવ-વૈરાગ્ય પ્રાપ્ત થયો અને તેમની પાસે દીક્ષા ગ્રહણ કરી, તેમની શક્તિ અનુસાર અનશનાદિક તપ અને સમગ્ર સાધુ-સામાચારી સેવતા હતા. બે ભાઈઓમાં જે પ્રથમ જ્વલન નામનો હતો, તે સરલાશય હતો અને સમયગ્ પ્રકારે યથાર્થ તપ-પ્રવજ્યા કરતો હતો. જ્યારેદહન નામનો બીજો માયાવી હતો. પડિલેહણા, પ્રમાર્જનાદિ સામાચારી જ્વલનની જેમ કરતો હતો. તેથી શું ? તો કે - 'હમણાં હું આવું છું' વગેરે કબૂલકરીને પણ માયાસ્થાન વગેરે સેવન કરીને બીજા મોટાભાઈને ઠગતો હતો.શું અનુપયોગથી ઠગતો હતો ? તેના સમાધાનમાં જણાવે છે કે - ત્રીજા કષાયરૂપ માયા-પ્રપંચ, ક્રિયા સંબંધી માયા કરતો હતો, નહિ કે પદાર્થ - પ્રજ્ઞાપનાદિ વિષયક માયા. એ પ્રમાણે ક્રિયા-વંચનપણે ઘણો ભાગ તેનો સમય પસાર થતો હતો. છેડે દ્રવ્ય-ભાવથી દુર્બળ કરવા લક્ષણ સંલેખના બંનેએ કરી. ત્યાર પછી સૌધર્મ-દેવલોકમાં બંને ગયા, બંને ભાઈઓ અભ્યંતર પર્ષદામાં પાંચ પલ્યોપમના આયુષ્યવાળા મહર્ધિક દેવ થયા. કોઈક સમયે આમલકલ્પા નામની નગરીમાં આમ્રશાલ વનમાંમહાવીર ભગવંતનું સમવસરણ થયું હતું, ત્યા બંને વંદના માટે આવેલા હતા. નાટ્યવિધિ બતાવતાં તેઓનો વિપર્યાસ થયો. કેવી રીતે ? તો કે 'સ્ત્રી, પુરુષ વગેરેપણે રૂપ વિકુર્વીશ' એમ ચિંતવતાં એક જ્વલનદેવને ઇચ્છા પ્રમાણે રૂપ થતું હતું. જ્યારે બીજા દહનને ચિંતવેલા રૂપ કરતાં પ્રતિકૂલ રૂપ થતું હતું.ત્યારે ગૌતમ ભગવંતે આ સ્વરૂપ પોતે જાણતા હોવા છતાં પર્ષદાના બોધ માટે પ્રશ્ન કર્યો કે, 'હે ભગવંત ! ઉલટું કેમ થયું ?' ભગવંતે પ્રરૂપણા કરી કે, 'આણે ક્રિયાવિષયક ઠગવાનો અપરાધ કર્યો હતો. આગલા ભવની ચારિત્રની

ક્રિયામાં માયા કરેલી હતી, તેથી તેને વિપરીત રૂપ ઉત્પન્ન થાય છે. ઘણે ભાગે સર્વ ક્રિયાઓમાં આ માયા પાછળ-પાછળ જનારી છે. નાટ્યાવિધિ-ન્યાયથી કેટલાક ભવો સુધી માયાનુ ફળ તેને અનુસરશે. કહેવાનો ભાવ એ છે કે - બોધિનો વિપર્યાસ થયો હોય તો-આ ભવમાં શ્રદ્ધાનો ફેરફાર થયો હોય તો અનેક ભવમાં બોધિનો વિપર્યાસ-મિથ્યાત્વ સાથે ચાલ્યું આવે અને ક્રિયામાં વિપર્યાસ થાય, તો ક્રિયામાં અનેક જન્માંતરમા વિપરીતતા સાથે ચાલી આવે. (૨૭૬ થી ૨૮૦)

એ જ વાત વિચારવા કહે છે –

૨૮૧ - વિપરીત અગર અપૂર્ણ ક્રિયાઓ - વર્તનો દહન દેવે કરેલીહોવાથી જે કર્મ બાંધ્યુ હતું, તે એવા પ્રકારની ક્રિયાથી વિપરીત કાર્યરૂપ તેને દેવભવમાં ઉદયમાં આવ્યું. (૨૮૧)

૨૮૨ - જે કારણથી કર્મ સાનુબંધ છે, એટલે ભવાંતરમાં પણ સાથે સાથે આવે છે, તેથી દહનને કેટલાક ભવો સુધી તે વિચિત્ર કર્મ નડતર રૂપ બન્યું. સ્વર્ગ કે મોક્ષ ફળ આપનાર ધર્માનુષ્ઠાનની ક્રિયા અલ્પ પણ માર્ગથી પ્રતિકૂલ પણે વારંવાર સેવન કરવામાં આવે અને તેનાથી જે કર્મ ઉપાર્જન કરવામાં આવે, તે લાંબા કાળ સુધી મોટા યત્નથી દૂર કરી શકાય છે. (૨૮૨) ચાલુ અધિકારમાં જોડતાં કહે છે –

૨૮૩ - તેવા પ્રકારના માર્ગમાં પ્રવર્તતા પથિકને વાત આવવાથી ઉત્પન્ન થયેલ વિઘ્ન-સમાન વિઘ્ન દહનના જીવને ઉત્પન્નથયું - તેમ શાસ્ત્રના જાણનાર કહે છે. જે કારણ માટે આમ છે, તેથી કરીને વિઘ્ન દૂર થયા પછીના ઉત્તર કાળમાં તાત્વિક સમ્યગ્દર્શનાદિના સેવન કરવા સ્વરૂપ ભાવ આરાધનાના સંયોગથકી નિર્વાહમાં અખંડ ગમન થશે. (૨૮૩) હવે અર્હદ્દત્તનું ઉદાહરણ કહે છે –

## અર્હદ્દત્ત ઉદાહરણ

ઈન્દ્રની સંપત્તિની સ્પર્ધા કરનાર એલપુંર નામના નગરમાં બળવાન શત્રુઓને મહાત કરનાર જિતશત્રુ નામનો રાજા હતો.તે રાજા પવિત્ર સામ, દામ વગેરે નીતિના માર્ગે સમગ્ર પથ્વીતલનું પાલન કરતો હોવાથી દેશ-દેશાવરમાં તેની ઉજ્જવલ કીર્તિ પ્રસરી, રૂ-પ અને યૌવન સાથે વિનયાદિ ગુણરૂપી મણિની ખાણ સમાન આવનારને પ્રથમ આવો-પધારો' એમ કહેનારી, લક્ષ્મીદેવી સરખી કમલમુખી નામની તે રાજાને પત્ની હતી. ઈન્દ્રની જેમ વિષાદ જેનો દૂર થયો છે, એવા તેનેપ્રિયાની સાથે વિષય સુખ ભોગવતાં તેમ જ લક્ષ્મીનો વિલાસ કરતાં તેમના દિવસો સુખમાં પસાર થતા હતા, તેટલામાં તેમને અનુક્રમે અપરાજિત અને સમરકેતુ નામના બે પુત્રો થયા. સમગ્ર કળારૂપી સમુદ્રનો પાર પામેલા કામદેવના સમાન સુંદર આકૃતિવાળા અપરાજિત કુમારને યુવરાજપદે સ્થાપન કર્યો, જ્યારે સમરકેતુ કુમારને ઉજ્જેણી નગરી નાના કુમાર તરીકે આપી. આ પ્રમાણે દિવસો વીતી રહેલા હતા. કોઈક વખત તેના દેશને ભાગંફોડ કરતો કોઈક રાજા હતો, તેના ઉપર ઘણો રોષપામેલા આ રાજાની

અનુજ્ઞાથી અપરાજિત યુવરાજ કુમાર તેની સામે જય મેળવવા માટે ગયો. ચતુરંગ સેના સહિત કુમાર ગયો, અતિ ખળભળતા સમુદ્રના કલ્લોલ સરખા તેના સૈન્ય સાથે ભયંકર યુદ્ધ જામ્યું. યુદ્ધ કેવા પ્રકારનું હતું ? તો કે - આકરાં તીક્ષ્ણ બાણો ફેંકાવાના કારણે આકાશ મંડલ ઢંકાઈ ગયું, સુભટો સામસામે બાથ ભીડવા લાગ્યા. ઉદ્ભટ હાથીની ઘટના આડંબરથી દૂર ચાલ્યું ગયું છે, સર્વ શત્રુસૈન્ય જેમાં, તીક્ષ્ણ અર્ધચંદ્રાકાર બાણોના સમૂહથી છેદાઈ ગયાં છે, ધ્વજાચિહ્નો, છત્રો જેમાં, ભયંકર શબ્દોવાળી ચીસોથી દિશા ભાગો શબ્દસ્વરૂપ બની ગયા હતા. અતિ ઉગ્રતાથી ખડ્ગ વડે હણાતા ભયાનક મસ્તક વગરનાં ધડો નૃત્ય કરતાં હતાં. યમરાજાની નગરીના સીમાડા સરખું બીભત્સ અને ન જોઈ શકાયતેવું યુદ્ધ થયું.ત્યાં કુમારે જયલક્ષ્મીનો સંગ પ્રાપ્તકર્યો. ત્યાંથી પાછા વળતાં કુમારે ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં વિહાર કરતા ઉજ્જવલ ચારિત્ર ધારી સુવિશુદ્ધ શ્રુતરત્નના ભંડાર એવા રાધ નામના આચાર્યને જોયા. તેમની પાસે ધર્મશ્રવણ કરીને ભવથી વિરક્ત મનવાળો થયો. વસ્ત્રના છેડે લાગેલા તણખલાની જેમ રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરી વજ્ર સરખા દૃઢ ચિત્તવાળો તે એકમદ દીક્ષિત થયો.શાસ્ત્રમા કહેલ બંને પ્રકારની શિક્ષાઓ ગ્રહણ કરી. હમેંશાં ગુરુના ચરણ-કમળમાં ભ્રમર-સમાન કુશલ આશયવાળો ધરતીમાં સર્વત્ર વિહાર કરવા લાગ્યો. હવે રાધાચાર્ય કોઈ વખત વિહાર કરતા કરતા તગરા નગરીએ પધાર્યા. ઉનાળામાં તપેલી ભૂમિમાં નવીન મેઘની જોરદાર ધારાઓ વરસવાથી નવીન અંકુર-સમૂહવાળી લીલીછમ વનસ્પતિ ઉત્પન્ન થાય, તેમ રાધાચાર્યની વાણી રૂપી મેઘ-ધારાથી તગરા નગરીના લોકોનો કષાયરૂપી દાવાગ્નિ ઓલવાઈ ગયો. અને વૈરાગ્ય-અંકુરો ઉત્પન્ન થયા, તેથી તગરા નગરી અત્યંત મનહર બની ગઈ. ઉજ્જેણી નગરીથી એક સાધુયુગલ તેમની પાસે આવ્યું. એટલે અહિં તગરામાં રહેલા સાધુઓએ તેમની યથોચિત સેવા-ભક્તિ કરી. તે સાધુઓને આચાર્ય ભગવંતે ત્યાંના ચૈત્યો, સંઘની કુશળતાના સમાચાર પૂછયા, એટલે તેઓએ કહ્યું કે, 'ત્યાં જિનચૈત્યોમાં શ્રેષ્ઠ પૂજાઓ, મહોત્સવો થાય છે, રથયાત્રાઓ નીકળે છે, ગુરુઓ પાસે નવીન જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવાય છે, સંઘ પણ પરમ પદ પામેલ છે. કોઈ વિઘ્ન રહેવા દીધું નથી, શ્રાવકો પણ પોતપોતાની અવસ્થાને ઉચિત ગુરુની શુશ્રૂષા આદિ ક્રિયાઓમાં તત્પરરહેલા છે. માત્ર તોફાની રાજપુત્ર અને પુરોહિતપુત્ર સાધુઓને કનડગત કરી પરાભવ પમાડે છે. 'ત્યાં નિરુપસર્ગ વિહાર કરવો શ્રેય છે.' તે સાંભળી અપરાજિત સાધુ અતિશય ચિંતાગ્રસ્ત થયા કે, જે મારો સગોભાઈ હોવા છતાં રાજા બની પ્રમાદી થયો ! સર્વ જગત પ્રત્યે વાત્સલ્ય રાખનારા ઉત્તમ ક્રિયા કરનાર એવા સાધુઓને દુર્વિનીત કુમારો હેરાન કરે છે, તેને નિવારતો નથી.' "અરિહંતોનાં ચૈત્યોનો દ્રોહ કરનાર, તથા તે ચૈત્યોનો અને જિનપ્રવચનો અવર્ણવાદ કરનાર હોય, અહિત કરનાર હોય, તો તેનું નિવારણ સર્વ સામર્થ્યથી કરવું." એ આજ્ઞા અનુસાર તેમનો નિગ્રહ કરવા માટે વિચાર્યું. તેને નિગ્રહ કરવાની શક્તિ છે અને એમકરવાથી મોટી દયા કરેલી પણ ગણાશે. બીજી વાત એ છે કે સાધુ ઉપર આમ પ્રદ્વેષ-ઉપસર્ગ કરવાથી વજર્ય-દુર્જય અજ્ઞાન અંધકાર સમૂહથી વ્યાપ્ત બનેલા દુઃખ કલેશ પામેલા બિચારા જન્માંધની જેમ અનંતા સંસારમાં પરિભ્રમણ કરશે. પરમ વિનયથી આચાર્ય ભગવાનની રજા લઈને ઉજ્જેણી નગરીમાં પહોંચ્યો

અનુક્રમે કરી સાધુની વસતિમા ગયો. વંદનાદિક વિધિ પાદશુદ્ધિ રૂપ ઉચિત સ્થિતિ કરી. ભિક્ષા સમય થયો અને પાત્ર ગ્રહણ કરવા તૈયાર થયા, એટલે સ્થાનિક સાધુઓએ વિનંતિ કરી કે, 'આજે તમે અમારા મહેમાન છો, આપ આરામ કરો.' એટલેતેણે કહ્યુંકે, 'હું આત્મલબ્ધિવાળો છું.અન્યની લાવેલી ગોચરી મને ઉપકાર કરનારી થતી નથી, તો સ્થાપનાકુલો, અભક્તિવાળાં કુલો, લોકમાં દુગંછિત કુલો, જેહોય, તે કુલો મને બતાવી દો.' એ પ્રમાણે બતાવતા બતાવતા તેના ક્રમમાં એક સાધુએ પ્રત્યનીક હેરાન કરનારકુમારનું ઘર બતાવ્યું. તે ઘર જાણી લીધું, એટલે તે સાધુને રજા આપી. પેલા મુનિ તેના ઘરમા મોટા શબ્દથી 'ધર્મલાભ' આપતા અંદર ગયા. ભયવાળી અંતઃપુરની સ્ત્રીઓ તેને સાવધાનીથી સંજ્ઞા કરીને હાથ-સંચાલન કરીજણાવે છે કે, 'તમે મોટા શબ્દથી ન બોલો' પણ સાધુએ તે ન ગણકાર્યું. તે મોટા શબ્દથી બોલ્યા, એટલે તેના શબ્દો સાંભળીને પેલા કુમારો દ્વાર ખોલીને બહાર આવ્યા, મશ્કરી કરતા અભિવંદન કરી પૂછે છે કે, 'હે ભગવંત ! આપ નૃત્ય કરો.' સાધુએ કહ્યુંકે, 'ગીત અને વાજિંત્ર વગર નાચીએ, તો તમને તે સુખ કરનાર કેવી રીતે થાય ?' કુમારો એ કહ્યું કે, 'અમે ગીત-વાજિંત્ર કરીશું.' તેમ કરવાલાગ્યા. ઉંચા-નીચા, આડા-અવળા વિષમ તાલવગાડનારા-વગાડનારા કુમારોને, મનમાં કોપ નથી પણ બહારનો કોપ બતાવતા મુનિ કહે છેકે - 'આવા મૂર્ખલોક-યોગ્ય ગીત ગાવ છો અને વાજિંત્ર વગાડો છો, તો હું નૃત્ય નહિં કરીશ.' રોષવાળા કુમારો તેને ખેંચવા લાગ્યા. જયણાથી બાહુયુદ્ધ કરતાં કરતાં કુશલભાવથી ચિત્રમાં ચિતરેલા સરખા તેના શરીરના સાંધાઓનાં બંધનો તોડી નાખી, પીડા પમાડી ત્યાંથી તે સાધુ ચાલ્યા ગયા. આ કુમારોને પીડા પમાડ્યા છે, તેમને પણ ભોજનાદિનો અંતરાય કર્યો છે. ઇત્યાદિક સ્મરણ કરતા તે નગર બહાર પણ ભિક્ષા ફરવા ન ગયા. એકાંત સ્થાનમાં ચિંતા કરતાતે બેસી ગયા. તે સમયે કંઈક તેવાં શુભ નિમિત્ત મળવાથી નિર્ણય કર્યો કે, 'નક્કી તેઓ ચારિત્ર ગ્રહણ કરશે.' મનમાં કંઈક શાંતિ થઈ.

નિર્મલ અંતઃકરણવાળા તે મુનિ જ્યારે ત્યાં સ્વાધ્યાયકરતા હતા,ત્યારેકુમારના પરિવારે કુમારની આ સર્વ હકીકત રાજાને જણાવી. તો રાજા ગુરુપાસે જઈને આ પ્રમાણે કહેવા લાગ્યાકે - 'મુનિ ભગવંતો હંમેશાં ક્ષમાપ્રધાન ગુણવાળા હોય છે. અપરાધ કરનાર ઉપર પણ કોપ કરતા નથી, તો હવે કૃપા કરી મારા કુમારનો અપરાધ માફ કરો.' ગુરુ કહે છે, 'હું કંઈ જાણતો નથી, તો કોઈ સાધુએ કુમારોને થંભાવ્યા છે. તો કહે છે કે, 'અમારામાંથીકોઈએ એ કાર્યકર્યુ નથી.' રાજા કહે કે, 'એમાં ફેરફાર નથી.' નક્કી નવા આવનાર મુનિએ કર્યું હશે' એમ ધારીને તેની શોધકરવા તત્પર બનેલો રાજા તપાસ કરાવે છે. જાણ્યું એટલે તેમની પાસે રાજા ગયો. જ્યાં મુનિને દેખ્યા એટલે ઓળખ્યા કે, 'આ તો અપરાજિત નામના મારા મોટા બંધુ છે. અરે રે ! ખોટું થયું, અત્યાર સુધી પરાભવ પામતા, મુનિઓનું મેં રક્ષણ ન કર્યું' એમ લજ્જાથી મ્લાન વદનવાળો રાજા તે મોટાભાઈ-મુનિવરને ભૂમિનો સ્પર્શ થાય, તે રીતે મસ્તક નમાવી ચરણમાં પડ્યો. નિસ્પૃહ મનવાળા ઉપાલંભ આપતા તે રાજાને કહેવા લાગ્યા કે - 'શરદના ચંદ્ર જેવા ઉજ્જવલ તમારા કુળમા જન્મેલાને અધમલોકને યોગ્ય એવો પ્રમાદ (ઉપેક્ષા) કરવો યોગ્ય ન ગણાય. ભયંકર જ્વાલા-યુક્ત અગ્નિ જો જળપાત્રમાંથી ભભુકે, તો

તેવું જળ કોઈ છે કે, જેનાથી તે ઓલવાય ? તો આવા કુળમાંથી સાધુઓને પરેશાની-હેરાનગતિ-પરાભવ ઉત્પન્ન થયો, તે થોડો પણ બચાવવા કોઈ સમર્થ નથી. પગે વળગીને તે મુનિને ખમાવે છે. અને કહે છે કે - 'કૃપા-દયા કરીને જેવી રીતે સાજો થાય તેમ કરો.' મુનિ કહે કે, 'જો મારી પ્રવ્રજ્યા અંગીકારકરે, તો તેમ કરું.' રાજાએ કહ્યું કે - આપને સમર્પણ કર્યા, પરંતુમનમાં વિકલ્પ થાય છે કે, તેઓ બોલવા સમર્થ નથી, તો જેમ બોલી શકે તેમ ક્ષણવાર બોલતા કરો' એમ વિનંતિકરી, એટલે મુનિ તેની પાસે ગયા. તેઓના મુખયંત્રો સાજાં કરીને વિસ્તારથી ધર્મ સમજાવ્યો. પ્રવ્રજ્યા માટે પૂછયું,તો સંવેગ પામેલા તે કુમારોએ ક્ષાંતિ આદિ ગુણો અને યોગો વડે તેવા પ્રકારના પૂર્વભવના અભ્યાસથી તે વાતનો સ્વીકાર કર્યો. આગળ જેવા પ્રકારનું નિરોગી શરીર હતું,તેવા પ્રકારનુ સર્વ અંગોના સાંધાઓ જોડીને કરી આપ્યું. મુનિચર્યા સહિત બીજા દિવસે શુભ મુહૂર્તે રાજકુલને ઉચિત નીતિથી બંનેએ દીક્ષા અંગીકાર કરી. રાજપુત્ર વિચારે છે કે, 'આમણે મારા ઉપર ઉપકારકર્યો.' બીજો પુરોહિતપુત્ર વિચારે છે કે, 'ખરેખર આણે દુષ્ટ અધ્યવસાયથી, બળાત્કારથી અમને છોડાવ્યા છે, નરકમાં પતન પામવા સિવાય આનું બીજું ફલ તેને થવાનું નથી. આ ઉપાય વગર બીજોઉ પાય ન હતો ? તો આ પીડા ઔષધ સરખી હિતકારી છે, પરંતુ તત્ત્વભૂત ન હતી.

આ પ્રમાણે પુરોહિતપુત્ર વિચારતો હતો, બીજું જે વિડંબના કરીને પરાણે દીક્ષા લેવરાવી, તે સુંદર કાર્ય તેણે કર્યું નથી, નિકલંક પાલન કરેલા વ્રતવાળા સમાધિ તત્પર બનેલા, ત્યાંથી મૃત્યુ પામી દેવપણે ઉત્પન્ન થયા. પરંતુ પુરોહિતપુત્રના મનમાંથી ગુરુદ્વેષ ન ગયો. તે દ્વેષ સહિત સર્વ અંતક્રિયાઓ કરી દેવલોકમાં ઉદાર ભોગો પ્રાપ્ત થયા. જિનેશ્વરોનાં મહોત્સવો કર્યા. કલ્પદ્રુમ આદિના પ્રભાવ ઘટવા લાગ્યા, તેથી પોતાનો ચ્યવનકાલ નજીક જાણ્યો, એટલે મહાવિદેહમાં જિનેશ્વરોની પાસેજઈને ધર્મ શ્રવણ કર્યો. અવસર મળ્યાએટલે ભગવંતને પૂછયું કે, 'અમે હવે આગલના ભવમાં સુલભબોધિ કે દુર્લભબોધિ થઈશું ?' એમ પ્રશ્ન કર્યો, એટલે ભગવંતે તેમને કહ્યું કે - 'આ પુરોહિતપુત્ર દુર્લભબોધિ થશે' તેને અબોધિ થવાનું નિમિત્ત શું ? પ્રભુએ કહ્યું કે, 'ગુરુ ઉપરનો ઉદ્વેગ.' આ તો નાનું કારણ છે. તો હવે ફરી ક્યારે બોધિ-લાભ થશે ? જિન-'આગલા જન્મમાં' દેવ- કેવીરીતે ? જિન-પોતાના ભાઈના જીવથી દેવ-તે અત્યારે કયાં છે ? જિન-કૌશાંબી નામની ઉત્તમ નગરીમાં દેવ-હે ભગવંત ! તેનું શું નામ છે ? જિન-તેનું બીજું નામ મુંગો છે. પ્રથમ નામ અશોકદત્ત છે. દેવ-એ નામ કેવીરીતે થયું ? કે, લોકો તેને મુંગો કહેવા લાગ્યા,જિન-તે વાત એકચિત્તથી સાંભળ.

પોતાની શોભાથી અમરાપુરીને ઝાંખી પાડનાર એવી કૌશાંબી નગરીમાં ધન-ધાન્યથી સમૃદ્ધ એવો તાપસ નામનો શેઠ હતો. તેને વિશ્વાસભૂત સર્વાંગ-સંપૂર્ણ સુંદરભાર્યા હતી. તેના ગર્ભથી ઉત્પન્ન થયેલો અનેક ગુણવાળો કુલધર નામનો પુત્ર હતો શેઠ પરિગ્રહમાં ઘણા આસક્ત હતા. અનેક પ્રકારના આરંભ કરીને ધનોપાર્જન કરતા હતા, પરંતુ ધર્મ કરવામાં પરાઙ્મુખવાળા હતા. કાળે કરીને મૃત્યુ પામ્યા.પોતાના ઘરમાં જ (૭૫) જડ સ્વભાવવાળા, ખાડાના ડુક્કરપણે ઉત્પન્ન થયા. પોતાના કુટુંબને દેખી પોતાની જુની જાતિ યાદ આવીકે, 'હું

આ ઘરનો સ્વામી હતો. તેનાં પ્રેમપાશમા જકડાયેલો તે આમ-તેમ ભમવા લાગ્યો. પિતાની મૃત્યુની વાર્ષિક સંવત્સરી આવી, ત્યારે બ્રાહ્મણોના ભોજન-નિમિત્તે ઘણું માંસ પકાવીને તૈયાર કર્યું. ત્યારપછી રસોયણનો કોઈ પ્રકારે પ્રમત્તભાવ થવાથીતે માંસ બિલાડીએ બોટ્યું-એઠું કર્યું. એટલે કોપ પામેલી,તેને બીજું માંસ ન મળવાથી તે ડુક્કરને હણ્યો અને જલ્દી તેનું માંસ પકાવીને તૈયાર કર્યું. વળી તે ડુક્કરનો જીવ રોષ પામવાથી મરીને તે જ ઘરે સર્પપણે થયો.ત્યાં તેને જાતિસ્મરણ થયું અને પૂર્વસ્નેહથી ત્યાં જ ભ્રમણ કરતો હતો નિઃશંકપણે પોતાના કુટુંબને અવલોકન કરતો ત્યાં જ રહેતો હતો. એદરમ્યાન રસોયાણીએ તે સર્પને દેખ્યો એટલે કોલાહલકરી મૂક્યો.પોતે ભયભીત બની ગઈ અને મજબૂત કાષ્ઠ મારીને મૃત્યુ પમાડ્યો. તે સમયે પરિણામની શુભ લેશ્યા થવાથી પોતાના પુત્રનો તે પુત્ર થયો. માતા-પિતાએ અશોકદત્ત નામ પાડ્યું. પ્રતિદિન શરીરથી વૃદ્ધિ પામતો તે બાળક કોઈ સમયે જાતિસ્મરણવાળો થયો. હવેપોતાને લજ્જા આવી, એટલે 'પુત્રને બાપા કહી શી રીતે સંબોધવા અને પુત્રવધૂને માતા કેવી રીતેકહેવી ?' એમ ધારીને તે ઉત્તમ મૌનવ્રતને ધારણ કરવા લાગ્યો અને તે આ પ્રમાણે મૂકપણે રહ્યો છે કુમારપણામાં રહેલો તે એકાંતે વિષયોથી વિમુખ રહેલો હતો,ત્યારે કોઈક સમયે નિર્મલ ચાર જ્ઞાનવાળા, ગામ, નગર, ખાણ વગેરે યુક્ત ભૂમંડલમાં વિહાર કરતા કરતા ધર્મરથ નામના આચાર્ય ગામ બહારના ઉદ્યાનમાં પધાર્યા, તેમણે ઉપયોગમૂક્યો કે, 'અહિં ગામમાં કોને પ્રતિબોધ થશે ?' જાણ્યું કે, તાપસ શેઠનો જીવ મૂકપણ' પામેલો છે. અવસર જાણીને હવે તેને બોધિલાભ થશે, એટલે બે સાધુને તેની પાસે મોકલ્યા. તેની પાસે જઈ આ ગાથા સંભળાવી કે - 'હે તાપસ ! ધર્મ જાણવા છતાં તે અહીં મૌનવ્રત કેમ ધારણ કર્યું છે ? તું મૃત્યુપામીને ડુક્કર, સર્પ અને પુત્રનો પુત્ર થયો છે.' તે સાંભળીને વિસ્મય ચિત્તવાળો તે સાધુને વંદન કરે છે. ત્યાર પછી પૂછ્યું કે, 'તમે આ મારો વૃત્તાન્ત કેવી રીતે જાણ્યો ? તોતેઓએ જણાવ્યું કે, 'અમારા ગુરુ જાણે છે, અમે તો કંઈ જાણતા નથી.' 'તેઓ ક્યાં રહે છે ?' એમ પૂછ્યું, ત્યારે કહ્યું કે, 'મનોરમ નામના ઉદ્યાનમાં' આશ્ચર્ય પામેલો તે ત્યાં ગયો. વંદન કર્યું. ત્યાર પછી જિનભાષિત ધર્મ શ્રવણ કર્યો. સમગ્રઆધિ, વ્યાધિ-મસૂહરૂપીપર્વતને ચૂરો કરવામાં વજ્ર સમાન બોધિ પ્રાપ્ત કર્યું, મૌનવ્રતનો ત્યાગ કરી તે બોલવા લાગ્યો, પરંતુ પ્રસિદ્ધિ પામેલું 'મૂંગો' એવું નામ ન ભૂંસાયું. આ પ્રમાણે મૂંગો એવા પ્રકારનું નામ લોકોમાં પ્રસિદ્ધિ પામ્યું.

**દેવ** - હે ભગવંત ! આ મુંગાથી મને બોધિ કયાં થશે ?

**જિન**- વૈતાઢ્ય પર્વતમાં શિખરના સિદ્ધાયતનકૂટમાં.

દેવ-કયા ઉપાયથી આ થસે ? **જિન**-પૂર્વના જાતિસ્મરણથી.

**દેવ**- તે પણ ક્યારે થશે ? **જિન**-પોતાનાં કુંડલોને દેખવાથી.

- એ પ્રમાણે બોધિ પ્રાપ્તકરવાનો ઉપાય પ્રાપ્ત થવાથી બહુમાનપૂર્વક ભગવંતને નમસ્કારકરીને તે દેવ કૌશાંબીમાં મૂંગાની પાસે ગયો. પોતાની રૂપલક્ષ્મી બતાવીને કહ્યું કે, 'હું તારો નાનો ભાઈ થઈશ. તું તેમ કરજે કે, જેથી મને જલ્દી બોધિ ઉત્પન્ન થાય.' તો તેને

વૈતાઢ્ય પર્વત ઉપર સિદ્ધકૂટના જિનભવનમાં લઈ ગયો. પોતાનુંકુંડલયુગલ તેના દેખતાં ત્યાં સ્થાપન કર્યું. (૧૦૦) તેણે ચિંતવેલા મનોરથો પૂર્ણકરનાર એવું ચિંતામણિરત્ન દેવે તે મૂંગાને આપ્યું-એમ કરીનેતે દેવ સ્વર્ગમાં ગયો. પેલા રત્નથી તેની દરેક ઈચ્છાઓ પૂર્ણ થાય છે. કોઈક સમયે અકાલે આમ્રફલખાવાનો માતાને દોહલો થયો. દોહલો પૂર્ણ ન થવાથીતે દુર્બલ દેહવાળી થઈ, એટલે તેને શંકા થઈ. જિનવચન સત્ય જ હોય છે. પેલો દેવ અહિં ઉત્પન્ન થયો છે. તે રત્નના પ્રભાવથી અકાલે પણ આમ્રવૃક્ષો ફળ્યા. સન્માનિત દોહલાવાળી તે ગર્ભને વહન કરવા લાગી.નવ મહિનાથી અધિક કેટલાક દિવસ વીત્યા પછી પૂર્વદિશા જેમ સૂર્યને તેમ તેણે મનોહર પુત્રને જન્મ આપ્યો. નવા જન્મેલા બાળકને દાનમાં નવકારનું સુંદર દાન આપ્યું. તેમ જ કુલવૃદ્ધિ કરનાર તેનો ઘણો મોટો જન્મોત્સવ કર્યો. નામકરણની વિધિમા 'અર્હદ્દત્ત' એવું નામ સ્થાપન કર્યું. ક્રમે કરી વૃદ્ધિ પામ્યો, એટલે બાળકને જિનેશ્વરના મંદિરમાં તેમ જ સાધુઓ પાસે લઈ જવાતો હતો, તેમના ચરણ-કમળમાં પગે લગાડાતો હતો. અતિકટુક રુદન કરે, ત્યારે તેને મારતા પણ હતા. યૌવનવય પામ્યો ત્યારે ઘણા લાવણ્યવાળી ચાર કન્યાઓ સાથે તેનો વિવાહ  કર્યો. બાધા વગરના ચિત્તથી તેની સાથે રાત્રિ કે દિવસનો વિભાગ કર્યા વગર વિષયસુખ ભોગવતો હતો સમય પાક્યા એટલે અશોકદત્તે પૂર્વનો સંકેત કહ્યો, તો પણ તલના ફોતરા જેટલી પણ તેની વાત સ્વીકારતો નથી. એટલે અશોકદત્ત તીવ્ર સંવેગથી પ્રવ્રજ્યા અંગીકાર કરીને ઉગ્રતપની આરાધના કરીને દેવ થયો. સમયે અવધિજ્ઞાનનોઉપયોગ મૂક્યો, તો જાણ્યું કે અતિગાઢ મિથ્યાત્વનો ઉદય છે, તેથી તેને હજુ શ્રદ્ધા થતી નથી. જ્યાં સુધી પીડાથી શરીરવાળો નહિં થાય, ત્યાં સુધી આ પ્રતિબોધ પામવાનો નથી. એમ વિચારીને દેવે તેનાં દેહમાં વ્યાધિ ઉત્પન્ન કર્યો. જેમાં વૈદ્યના ઉપાયો ન ચાલે, તેવો જલોદર નામનો અસાધ્ય પેટનો વ્યાધિ ઉત્પન્ન કર્યો. તેને યંત્રમાં પીલાવા સરખી વેદના આખા શરીરમાં ઉત્પન્ન થઈ. પોતાના જીવનની ઉદ્વેગ પામ્યો અને અગ્નિપ્રવેશની અભિલાષા કરી, એટલામાં શબરનું રૂપકરી તે દેવ ત્યાં આવ્યો ઉદ્દ્ઘોષણા કરતા કહેવાં લાગ્યોકે, ગમે તેવા દરેક વ્યાધિઓ મટાડનાર હું વૈદ્ય છું.વૈદ્યે આ અર્હદત્તને દેખ્યો અને કહ્યું કે, 'ઘણો ભયંકર વ્યાધિ થયો છે. ઘણા કષ્ટથીતેની ચિકિત્સા કરવી પડશે. મને પણ પહેલાં આવો વ્યાધિ થયો હતો. સર્વ સંગનો ત્યાગ કરી હું દરેક નગરમાં પરિભ્રમણ કરું છું. આ રોગ મટાડવા માટે તું સર્વસંગનોત્યાગ કરી મારી સાથે તું ફરે તો તારો રોગ દૂર કરૂં' દુઃખથી પીડા પામેલા તેણેતે સર્વ વાત કબૂલ કરી. તેને નગરચૌટામાં લઈ ગયો. માતાના મંદિરમાં બેસાડ્યો. દેવીની પૂજાકરાવી અને વ્યાધિ નીકળતો બતાવ્યો.વેદના દૂર કરી. ક્ષણવારમાં તદ્દન નિરોગી બની સ્વસ્થ થયો. દીક્ષા આપવા માટે તેણે મુનિનું રૂપ ગ્રહણ કર્યું. દિવ્ય રૂપ બતાવી મુનિની દીક્ષા આપી અને મુનિઓનોઆચાર બતાવ્યો. એમ કરી દેવ પોતાના સ્થાનકે ગયો. ત્યાર પછી તે પણ પ્રવ્રજ્યા છોડી ઘરે ગયો અને પહેલાની જેમ ભાર્યાદિકનો સ્વીકાર કર્યો.એટલેતે જ પ્રમાણે દેવે તેને વ્યાધિ ઉત્પન્ન કર્યો. દુઃખ પામેલો સ્વજનવર્ગ તેને અતિશય વેદના પામેલો દેખીને શબરાકાર વૈદ્યને દેખીને તેને કહે છેકે, 'આને નિરોગી કરો.' દેવ પણ તેને આગળ માફક કહે છે પેલો પણ તે વાત સ્વીકારે છે. હવે પૃથ્વીમાં તારે મારી સાથે ભમવું પડશે.

તો તે શરત કબૂલ કરી.ગોણક નામનો વૈદ્યનાં ઔષધો અને સાધનો ભરેલો કોથલો તેને ઉચકવા આપ્યો. સુપ્રસન્ન વદનથી આદર પૂર્વક તે ગ્રહણ કર્યો. જ્યારે ત્યાંથી પ્રયાણ કર્યું, ત્યારે તે દેવે તેને કહ્યુંકે, 'તારે હંમેશાં મારા સરખીક્રિયાઓકરવી.' હવેકોઈક સમયેગામમાં જ્વાલા-સમૂહથી ભયંકરએવો અગ્નિ વિકુર્વ્યો એકદમ પીડાવાવાળો શોરબકોર થયો. વૈદ્ય તે ઓલવવા માટે એક મોટો ઘાસનો પૂળો હાથમા લઈને તે તરફ જતો હતો, ત્યારે આ અર્હદત્તે તેને સમજાવ્યો કે, 'ઓલવવા માટે જળ-સંજોગો ઉચિત છે, તું વળી આ પૂળો કેમ લઈ જાય છે ?'

વૈદ્ય - આ જન્મ-જરા-મરણ સ્વભાવવાળા આ ભયંકર ભવારણ્યમાં લીધેલાં વ્રતોનો ત્યાગ કરીને ચાલ્યો જાય છે,તો તું પણ સારા વર્તનવાલો નથી. તો તે મૌન થયો. હવે વૈદ્ય માર્ગ છોડીને ઉન્માર્ગે ચાલવા લાગ્યો, એટલેતેને દેખીને તે (અર્હદદત્ત) કહેવા લાગ્યો કે, 'સન્માર્ગ છોડીને કાંટા માર્ગ પકડ્યો ?' મને લાગે છે કે, 'તું માર્ગ ચૂકી ગયો છે.'

વૈદ્ય-આ સિદ્ધિનો માર્ગ છોડીને તું પણકેમ ભવ-માર્ગમાં ઉતર્યો ? ફરીકોઈદેવકુલિકામાં એક યક્ષની પ્રતિમા બતાવી. જ્યારે તેની પૂજા કરવામાં આવતી હતી, ત્યારે તે અધોમુખી થઈ જલ્દી નીચે પડતી હતી. વળી પાછી તેને ઉપર સ્થાપન કરતા હતા,તો પણ પાછી નીચામુખવાળી થઈ નીચે પડતી હતી.

અર્હદ્દત્ત - અરે ! આ તો ઘણી વિપરીત જણાય છેકે - આમ ચેષ્ટા કરે છે.

વૈદ્ય - સકલ લોકોને પૂજનીય પ્રવ્રજ્યાનો ત્યાગ કરીને જે પાપવાળા ગૃહકાર્યમાં જોડાય છે, તે તેનાથી વિપરીત કેમ ન ગણાય ? દેવે ફરી દુર્ગંધી ખાડામાં ભુંડ વિકુર્વીને શાલિધાન્યને છોડીને તે અતિઅનિષ્ટ વિષ્ટાયુક્તભોજન ખાતો દેખાડ્યો.

અર્હદ્દત્ત - આ ભુંડ અતિ કુત્સિત પ્રકૃતિવાળો છેકે, જે આ પવિત્ર આહાર છોડીને આવા પ્રકારનું અતિ અનિષ્ટ વિષ્ટાનું ભોજન કરે છે.

વૈદ્ય - તું તો એના કરતાં પણ ભુંડો છે, કારણ કે, 'આવા ઉત્તમ સંયમને છોડીનેદુર્ગંધ મારતા અશુચિ ચરબી, આંતરડાં, માંસ, મૂતર વગેરે ભરેલી મશકસમાન સ્ત્રીઓમાં રમણતા કરે છે ! ફરી એક બળદ વિકુર્વ્યો, તેની પાસે ઉંચી જાતનું સુગંધી ઘાસ વિકર્વ્યુ. તે બળદે આ સ્વાદિષ્ટ સુગંધી ઉત્તમ જાતિનું ઘાસ ખાવાનુ છોડીને અતિ ઉંડા કૂવાના મોટા કિનારા પર ઉગેલા અતિતુચ્છસ્વાદ વગરના દૂર્વાંકુરને ખાવાની ઇચ્છાથી તે તરફ મુખ કર્યું. તેમ જ તેની આગળ સ્થાપેલું સુયોગ્ય ઘાસ બે ઓષ્ટથી બળદ કૂવામાં ફેંકતો હતો.

અર્હદ્દત્ત - ખરેખર સાચે જ આ પશુ છે, નહિતર આવું સુંદર સહેલાઈથી મળેલું છોડીને અતિતુચ્છ દૂર્વાંકુરનીકેમ અભિલાષા કરે ?

વૈદ્ય - આ પશુ કરતાં પણ તું મહાપશુ સરખો છે. કારણ કે, સુખના એકાંત ફળ મળવાનો નિશ્ચય હોવા છતાં આ ચારિત્રનો ત્યાગ કરીને નરકાદિક દુઃખ આપનાર ફળવાળા વિષયસુખમાં તું રાચી રહેલો છે. આ પ્રમાણે પગલે પગલે વારંવાર નિપુણતાથી પ્રેરણા આપતા તેના વિશે શંકા થવાથી પૂછયું કે, 'તું મનુષ્ય નથી.' 'હવે આને સંવેગ થયો છે' -

એમ જાણીને તેને પૂર્વભવ સંબંધી સર્વ વૃત્તાન્ત નિવેદન કર્યો. તેને બોધિલાભ પ્રાપ્ત થાય,તે માટે વૈતાઢ્ય પર્વત ઉપર તે દેવ લઈ ગયો અને સિદ્ધકૂટમાં આગળ સ્થાપેલ કુંડલયુગલ બતાવ્યાં. તે જ ક્ષણે જાતિસ્મરણ જ્ઞાન થવાથી પ્રતિબોધ પામ્યો અને ભાવથી દીક્ષા અંગીકાર કરી.અતિ ક્ષમાવાળો, ઇન્દ્રિયોનું દમન કરનારો, ગુરુભક્તિ કરવામાં તત્પર બન્યો. ઉત્તમ પ્રકારની ઉછળતી શ્રદ્ધાવાળો તેણે ઘણા પ્રકારના શ્રુતનો અભ્યાસ કર્યો, અપૂર્વ-અપૂર્વ અભિગ્રહ કરવામાં હંમેશાં તે પ્રયત્નશીલ બન્યો. આવા પ્રકારનું સુંદર ચારિત્ર પાળીને અંતસમયે સર્વથા શલ્યરહિત બનીને શરીરની અને કષાયની સંલેખના કરીને અર્થાત્ બંને પાતળા-દુર્બલ બનાવીને શુદ્ધ સમાધિ-સહિત મૃત્યુ પામી ત્યાંથી વૈમાનિક દેવપણે ઉત્પન્ન થયો. ત્યાં પણ ચૈત્યોજિનેશ્વરોને વંદન-પુજાદિકના વ્યાપારમાં અપૂર્વ રસ ધરાવતો હતો ત્યાંની સ્થિતિનો ત્યાગકરી ત્યાંથી મહાવિદેહમાં વિશાળ કુળમાં જિનધર્મની આરાધના કરી શાવત સ્થાન-મોક્ષ પામ્યો. (૧૪૯)

**આની સંગ્રહગાથાઓનો અક્ષરાર્થકહે છે -**

એલપુર નામના નગરમાં જિતશત્રુ રાજા, તેને અપરાજિત નામનો પુત્ર બીજો સમરકેતુ નામનો હતો, તેને ઉજ્જયિની નગરી આજીવિકા માટે આપી હતી. કોઈક સમયે સીમાડાના રાજા સાથે લડાઈ થઈ,તેમાં શત્રુને પરાજય આપી પાછા ફરતા યુવરાજ અપરાજિતે રાધાચાર્ય સમીપે ધર્મ શ્રવણ કરતાં, પ્રતિબોધ થતાં દીક્ષા અંગીકારકરી. તગરા નગરીમાં રાધાચાર્યનો વિહાર થયો. તેવા કોઈક સમયે તગરા નગરીમાં ઉજ્જયિની નગરીથી રાધાચાર્યના સાધુઓનું આવવું થયું. પરોણાને ઉચિત તેમનો સત્કાર આદિ થયો. સન્ધ્યાકાળે આચાર્યે વિહાર સંબંધી વૃત્તાન્ત પૂછયો. તેમણે કહ્યુ કે,'ત્યાં રાજપુત્ર અને પુરોહિતપુત્ર બંને સાધુઓને ઉપસર્ગ કરતા હોવાથી તોફાની છે. બાકી અન્ન-પાનાદિકની શુદ્ધિ તેનો લાભ વગેરે ઉજ્જયિનીમાં બાધારહિત વર્તે છે તેથી દરેક કાળમાં સાધુઓ માટે યોગ્ય વિહારક્ષેત્ર છે.' સાંભળી અપરાજિતને ચિંતા થઈ. મારા ભાઈને પ્રમાદનો મોટો દોષ લાગ્યોકે, કુમારની ઉપેક્ષા કરી અને બોધિ લાભનો નાશ કર્યો, માટે તેને મારે શિક્ષા કરવી યોગ્ય છે. તેમ થવાથી કુમારોની પણ દયા કરવી ઉચિત છે. તેનો નિગ્રહ કરવાની મારી શક્તિ છે.

ગુરુની અનુજ્ઞા મેળવી ઉજ્જયિની તરફ વિહાર કરી ત્યાં પહોંચ્યા. ત્યાં સાધુઓના ઉપાશ્રયે ગયા. ત્યાં રહેલા સાધુઓને વંદના વગેરેકરી ઉચિત મર્યાદા સાચવી. ભિક્ષા કરવાના સમયે પાત્રાદિક પડિલેહણાદિક કરી તૈયાર કરી એટલેસ્થાનિક સાધુઓએ વિનંતિ કરી કે, 'આપ આસન પર બિરાજમાન થાવ, અમે ભિક્ષા લાવીશું.' તેમણે કહ્યુ કે, 'હું આત્મલબ્ધિવાળો છું. પરલબ્ધિનો આશ્રય હું કરતો નથી.' ત્યાર પછી સ્થાપના કુલો, આદિશબ્દથી દાનશ્રદ્ધાલુ શ્રાવક, સમ્યગદષ્ટિ વગેરે કુળોવાળા ઘરો બતાવ્યા-અપ્રીતિવાળાં કુળોને જયણાથી બતાવ્યાં. સૂવાવડ આદિ સ્તૂપ વાળાં, દુગંછિત કુલો, હિંસક કુલો, 'મમ્મા ચચ્ચા' વગેરે અપશબ્દ બોલનાર, અતિમમત્વ રાખનાર કુલોનો ગોચરીમાં ત્યાગ કરવો. એ પ્રમાણેસ્થાપનાદિ કુલોનો વિભાગ જાણી સમજી લીધા પછી તે સાધુ સાધુનો દ્રોહ કરનારને ત્યાં

ગયા. 'ધર્મલાભ' એ પ્રમાણે બોલ્યા. એટલે અંતઃપુરની સ્ત્રીઓએ સંજ્ઞા કરી કે, 'મુંગા મુંગા ચાલ્યા જાવ' એમ તેમની અવહેલના-અપમાન કર્યું. 'ધર્મલાભ' શબ્દ શ્રવણ થતાં કુમારો તેમની પાસે આવ્યા. કુમારો એ બારણાં બંધ કર્યાં. તેમને વંદન કર્યું. 'તમે નૃત્ય કરો' એમ કહ્યું એટલે સાધુએ કહ્યું કે, 'ગીત-વાજિંત્ર સિવાય નૃત્ય કેવી રીતે થાય ?' એમ કહ્યું, એટલે બંને કુમારોએ કહ્યુ કે, 'અમે બંને તે કરીશું.' શરૂઆતમાં જ ગીત વાજિંત્ર બેસુર અને આડા-અવળા તાલ ઠોકવા લાગ્યા.ગીત-વાજિંત્રોનો સમાન તાલ, સુર ન થવાથી નૃત્ય બરાબર કરી શકાતું નથી, એટલે સાધુને કોપ થયો. 'વિષય તાલમાં હું નૃત્ય નહિં કરીશ, કારણ કે, નૃત્યમાં તે વિડંબનારૂપ છે.' એટલે બંને કુમારો તેના હાથ પગ વગેરે શરીરના અવયવો ખેંચવા લાગ્યા. એટલે યતના-પૂર્વક અત્યંત પીડા ન થાય, તેમ તેનીસાથે બાહુયુદ્ધ કરીને તેમને ચિત્રામણમાં આલેખેલાં ચિત્રો સરખા સ્તબ્ધ બનાવ્યા. સાધુ તે સ્થાનેથી બીજે ચાલ્યા ગયા. કુમારોના શરીરની પીડા તેમ જ તેમને ભોજનનો અંતરાય થયો-એમ વિચારી તે સાધુએ ભિક્ષા-ભ્રમણ ન કર્યું- - તપ કર્યોઅને એકાંત સ્થાનમાં સ્થિરતાકરી. ત્યાં વિચાર્યું કે, 'આ મારી ચેષ્ટા સુંદરપરિણામવાળી કેમ થાય ?' તે સમયે જમણા અંગનું ફરકવું વગેરે શુભ નિમિત્ત કંઈક બન્યું. તેથી નક્કી ચારિત્ર થસે-તેમ તેને ધૃતિયોગ થયો. ત્યાર પછી સ્વાધ્યાય કરવાનું શરું કર્યું. સમરકેતુ રાજાને પરિવારેકુમારનો વૃત્તાન્ત જણાવ્યો.

રાજા ગુરુ પાસે આવીને કુમારના અપરાધ માટે ક્ષમા માગવા લાગ્યા. તેને ગુરુએ કહ્યું કે,'કોઈ સાધુએ કુમારોને થંભાવ્યા છે, તે હું જાણતો નથી.' પછી સાધુઓને પૂછયું, સાધુઓએકહ્યું કે, 'અમારામાંથી કોઈએ આ કરેલ નથી.' રાજાએ કહ્યુ કે, 'સાધુ સિવાય કોઈ કુમારને થંભાવી ન શકે.' એટલે નવીન આવનાર સાધુ ઉપર શંકા થઈ, રખે કુમારોને તેણે આમ કર્યું હોય. એટલે ગુરુએ રાજાને જણાવ્યું કે, એક પરોણા સાધુ આવેલા છે, ત્યાર પછી રાજા તેમની પાસે ગયા. એટલે રાજએ મોટા ભાઈ તરીકે તેમને ઓળખ્યા. તેમને દેખી રાજા શરમાઈ ગયા. મુનિઓનેશિક્ષા કરવા માટે ઠપકો આપ્યો. તે બદલ મિથ્યાદુષ્કૃત આપ્યા પછી કુમારો માટે વિનંતિ કરી કે, 'તેમને સાજા કરી આપો.' 'તે કુમારોને હું સમ્યગ્દર્શનજ્ઞાન-ચારિત્ર સાથે જોડવાની ઈચ્છા કરું છું. તે કુમારોને પૂછો.' એ પ્રમાણે મુનિએ કહ્યું, એટલે યુવરાજેકહ્યુ કે, તેઓ બોલવા કે જવાબ આપવા શક્તિમાન નથી. એટલે સાધુકુમારોના સ્થાને ગયા. એટલે મુખભાગને સ્વસ્થ કર્યો. ધર્મ શ્રવણ કરાવ્યો, પછી પૂછયું, એટલે તેમને સંવેગ થયો. કેવી રીતે ? તે કહે છે –

તેવા પ્રકારના જન્માન્તરમાં કરેલા ગુણજ્ઞ પ્રત્યે પ્રમોદ વગેરે ચાર ભાવનાઓ રૂપી ધર્મ-કલ્પવૃક્ષના મૂળરૂપ બીજના અભ્યાસથી તેઓને સંવેગ થયો. તેમાં રાજકુમારને એવા પ્રકારની ભાવના થઈ કે, 'આ આપણા ઉપકારી આ પ્રમાણે થયા કે, આ રીતે પણ ધર્મ પમાડ્યા.' પુરોહિતપુત્રને પણ રાજપુત્ર જેવી જ ભાવના થઈ, પરંતુ આ પ્રમાણે અવિધિથી-બલાત્કારથી દીક્ષા લેવડાવી, તે માટે ગુરુ ઉપર દ્વેષ થયો. ગુરુ ઉપર કરેલા દ્વેષ બદલ યાવજ્જીવ સુધી તે દોષની આલોચના પ્રાયશ્ચિત્ત ન કર્યા. તેવા શલ્ય-સહિત મૃત્યુ થયું. દેવલોકમાં ગયા પાંચે ઈન્દ્રિયોના શબ્દાદિક ઉદાર ભોગો મળ્યા. માલા કરમાય, કલ્પવૃક્ષો કંપે શોભા અને લજ્જાનો

નાશ થાય, વસ્ત્રોના રંગો જુદા જણાય, દીનતા, તન્દ્રા કામરાગ શરીરભંગ થાય,દૃષ્ટિમાં ભ્રમ થાય, પ્રૂજારી વછૂટે, અરતિ-શોક થાય,તે સર્વ દેવલોકમાં થવા લાગે-એટલે દેવતાઓ સમજી જાય કે, નજીકના કાળમાં ચ્યવન થસે. આ ચિહ્નો દેખીને પુરોહિતપુત્રે મહાવિદેહમાં જિનેશ્વર પાસે જઈને પોતાના બોધિબીજ સંબંધી પૃચ્છાકરી કે, 'હું સુલભબોધિ કે દુર્લભ બોધિ થઈશ ?' ભગવાને કહ્યું કે, 'તને બોધિ મુશ્કેલીથી મળશે.'

સુર-કયા કારણથી બોધિદુર્લભ થયો છું અને તે કેટલા પ્રમાણવાળું છે ?

જિન-નાનું નિમિત્ત છે અને તે ગુરુ ઉપર પ્રદ્વેષ માત્ર લક્ષણ છે,પણ અત્યંત પરંપરા ફળવાળું મહાનિમિત્ત નથી.

સુર-બોધિલાભ કયારે થશે ?

જિન-પોતાના ભાઈના જીવ પાસેથી (૩૦૦)

સુર - ભાઈનો જીવ હાલ ક્યાં છે ? તો કે કૌશાંબીમાં.

સુર - તેનું શું નામ છે ? પ્રથમ નામ અશોકદત્ત, પાછળથી મૂક-મૂંગો એવું નામ પાડ્યું છે. ત્યાર પછી જિનેશ્વરે પૂર્વભવની વાત કરી કે, 'કૌશાંબી નગરીમાં હંમેશા આરંભ-સમારંભ કરી ધન મેળવનાર તાપસ શેઠ હતો. તે મર્યા પછી પોતાના જ ઘરમાં ભુંડપણે ઉત્પન્ન થયો. પૂર્વભવનું સ્મરણ થયું. રસોયણે મારી નાખ્યો. બિલાડી બીજા માંસને બોટી ગઈ, તેથી તેને મારી તેનું માંસ પકાવ્યું. વળી પોતાના જ ઘરમા સર્પપણે ઉત્પન્ન થયો. રસોયણ ભય પામી. કોલાહલ કર્યો, એટલે લોકોએ તેને મારી નાખ્યો, મરીને પોતાના પુત્રનો પુત્ર થયો. પૂર્વભવની જાતિઓનું સ્મરણ થયું. લજ્જા પામેલા તેણે પુત્રવધુને માતા અને પુત્રને પિતાકેમ કહેવાય ? તે કારણે મૌનવ્રત લીધું. ત્યાર પછી તે કુમારે લગ્ન કર્યાં. ત્યાં કોઈક ચારજ્ઞાની મુનિ પધાર્યા. તે મુનિએ ક્ષેત્ર-સંબંધી ઉપયોગ મૂક્યો, એટલે જ્ઞાન થયું કે, તેને બોધિલાભ થવાનો આ અવસરછે.એમ વિચારી સાધુ-સંઘાટકને તેના વૃત્તાન્ત સંબંધી પાઠ શીખવીને મોકલ્યા. કેવી રીતે ? 'હે તાપસ ! નિરર્થક એવા આ મૌનવ્રતથી શો લાભ ? જિનપ્રણીત એવા ધર્મને અંગીકાર કર, તું મૃત્યુ પામીને ભૂંડ, સર્પ અને પુત્રના પુત્રપણે ઉત્પન્ન થયો છે.' પ્રથમ તો આ સાંભલી વિસ્મય પામ્યો,પછી વંદન કર્યું, ત્યાર પછી પૂછયુ કે, 'આપે આ હકીકત કેવી રીતે જાણી ? તેઓએ કહ્યુંકે, 'અમારા ગુરુ જાણે છે, અમે કાંઈ જાણતા નથી.' તે મહાભાગ્યશાળી અત્યારે ક્યાં વર્તે છે ? તેઓએ કહ્યું કે, 'ઉદ્યાનમાં રોકાયા છે.' પેલો મુંગો ઉદ્યાનમાં ગયો. ત્યાં જઈ વંદના કરી ગુરુએ ધર્મકથાનક કર્યું, એટલે સમ્યક્ત્વરૂપપ્રતિબોધ થયો. તેવા પ્રકારની વાસનાથી લોકોમાં મુંગા નામની પ્રસિદ્ધિ ન ભૂંસાઈ તેથી કરીને તેનું તે જ મુંગો એવું નામ કાયમ રહ્યું. આ વિધિથી તેનું બીજું નામ મુંગો એવું જાણવું.

સુર-આ ભાઈના જીવનથીકયા સ્થાને બોધિ થશે ?

જિન-મનોહર વૈતાઢ્યના શિખર પર સિદ્ધકૂટમાં સર્વ કૂટશ્રેણિના પ્રથમ સ્થાનમાં.

સુર - કેવી રીતે જ, કઈ વિધિથી ? જિન - જાતિસ્મરણથી

સુર - તે જાતિસ્મરણ કોનાથી થશે ? જિન-કુંડલયુગલથી

ત્યાર પછી કૌશાંબી આવ્યો. તીર્થંકરે કહેલા વૃત્તાન્તને તેણે મુંગા આગળ નિવેદન કર્યો, સંકેત કર્યો. બંને વૈતાઢ્ય પર્વત ઉપરસિદ્ધ નામના કૂટમાં ગયા અને ત્યા કુંડલની સ્થાપના કરી. તથા સ્મરણ કરતાં જ ફલ આપનાર ચિંતામણિરત્ન આપ્યું દેવતા પોતાના સ્થાને ગયો. ચ્યવન-સમયે ચ્યવ્યો, માતને આમ્રફલનો દોહલો થયો. દોહલો ન પૂરાવાથી શરીર દુર્બળ થયું. ત્યાર પછી મૂકને ગર્ભવિષયકતર્ક ઉત્પન્ન થયો કે, એ કે બીજો કોઈ ઉત્પન્ન થયો હશે? નિશ્ચય થયો કે, 'જિનેશ્વરો સાચા જ હોય છે.' ગર્ભ તૈયાર થયો, કાલક્રમે જન્મ થયો. જન્મ-સમયે આપવા યોગ્ય ગળથુંથીમાં નમસ્કાર સહિત પાન કરવાની વસ્તુ આપી.'અર્હદ્દત્ત' નામ પાડ્યું. શાથી ? તો કે અર્હંત ભગવાનનું નામ વારંવાર યાદ કરાવવા માટે. ચૈત્યો અને સાધુ સમીપે વારંવાર બાળકને લઈ જવામાં આવતો હતો જ્યારે તેમ કરતાં તેને ભક્તિ ન થતી અને અબહુમાનથી રુદન કરતો હતો. ત્યારે જાણ્યું કે, ધર્મમાં તેનું ચિત્ત સ્પૃહાવાળું નથી. તે યૌવનવય પામ્યો, એટલે પિતાએ ચાર કન્યાઓ પરણાવી. મૂંગાએ આગળના વૃત્તાન્તને યાદ કરાવી આપ્યો. તેને તેમાં અશ્રદ્ધા થઈ, તે કારણે મુંગાને વૈરાગ્ય થયો અને દીક્ષા લીધી, તે મૃત્યુ પામી દેવલોકે ગયો. ત્યાં રહેલા દેવે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકી જાણ્યું કે, 'આને ગાઢ મિથ્યાત્વ છે, તે કારણે તેને માર્ગની અશ્રદ્ધા પ્રાપ્ત થઈ છે.'

ત્યાર પછી તેને પ્રતિબોધ કરવા માટે જલોદર નામનો મહારોગ અને બીજા વ્યાધિઓ ઉત્પન્ન કર્યા. તે વ્યાધિ મટાડવા માટે માતાપિતાએ વૈદ્યોને બોલાવ્યા. તેઓએ પ્રત્યાખ્યાન કરવાનું કહ્યું, એટલે તેના તરફ અનાદરકર્યો. તેકારણે વેદના વધી ગઈ. વેદનાથીકંટાળીને અગ્નિસાધન કરવા લાગ્યો, દેવે શબરરૂપ કરી ઘોષણા કરીકે, હું સર્વ વ્યાધિ મટાડનાર વૈદ્ય છું. તેણે તેને તપાસ્યો અને કહ્યું કે, આ વ્યાધિ ભયંકર છે, પરંતુ પ્રયત્ન કરવાથી નક્કી મટશે. મને પણ આ વ્યાધિ હતો. તેમ હોવાથી હું નગર, ગામ વગેરે સ્થાને નિઃસંગરૂપે ભ્રમણ કરું છું. સાથી ? તો કે 'રોગનીપીડા દૂર કરવા માટે.' જો આ પણ મારા પ્રમાણે ગામ, નગરાદિમાં નિઃસંગ પણે ભ્રમણ કરશે. તો તેના વ્યાધિને હઠાવી દઈશ.' એમ કહ્યું, એટલે તેણે કબૂલાત કરી ત્યાર પછી ચૌટામાં લઈ જઈ માયા કરી, તે આ પ્રમાણે કે, ચોકની પૂજા કરી ત્યાં બેસાડ્યો, તેવા પ્રકારના મંત્રોચ્ચારપૂર્વક ઔષધ-પ્રયોગ કર્યો. તે વખતે પ્રત્યક્ષ જતા વ્યાધિને બતાવ્યો, તે જ ક્ષણે વેદના ચાલી ગઈ. ક્રમે કરી સાજો થઈ ગયો. 'પ્રવ્રજ્યા માટે આ સમય નથી' - એમ ધારી દેવે પોતાનામાં સાધુરૂપ વિકુર્વ્યું. આ ઉપાય છે, એમ ફરી તે વખતે લિંગ ગ્રહણ કરવા રૂપ તેને દ્રવ્યપ્રવ્રજ્યા આપી. દેવ પોતાના સ્થાનકે ગયો, એટલે પ્રવ્રજ્યાનો ત્યાગ કરી તે ઘરે આવ્યો. આગળ પ્રમાણે વળી સ્ત્રી વગેરે અંગીકાર કર્યાં. એટલે દેવે ફરી વખત તેના શરીરમાં વ્યાધિ ઉત્પન્ન કર્યો. ફરી સ્વજનો દુઃખ પામ્યા. ફરી વૈદ્યરૂપધારી શબરનાં દર્શન થયાં, એટલે ફરી તે જ સમજણ આપી. એ પ્રમાણે આગળ માફક ફરીપણ દીક્ષા આપી. વળી કબૂલાત કરાવી કે, મારી સાથે મારાં ઔષધો અને શસ્ત્રોનો કોથલો

લઈને ભ્રમણ કરવું પડશે, તે સ્થાનેથી નીકળ્યા. કહ્યું કે, 'હંમેશાં મારી સરખી તમામ ક્રિયા તારે કરવાની જ.'

કોઈક સમયે દેવે આખા ગામને સળગાવ્યું, ઉન્માર્ગેગમન કર્યું. યક્ષની પૂજા કરે તો પતન થવાલાગ્યું. ધાન્યના ભોજનનો ત્યાગ કરી ભુંડને વિષ્ટા ચાટતો દેખાડ્યો,તથા બળદને સ્વાદિષ્ટલીલા ઘાસની ચારી છોડીને કૂવા પાસે દૂર્વા ખાવાનો અભિલાષ કર્યો આ વગેરે વિકુર્વીને તેને બતાવ્યા. સળગતા ગામનો તૃણથી ઓલવવામાં આદિ શબ્દથી વૈદ્ય ઉન્માર્ગે ગયા.પૂજા કરાતા યક્ષ પતન પામતા હતા. કુડંગ-ધાન્યનો ત્યાગકરીને વિષ્ટાનું ભક્ષણ, બળદ લીલા ઘાસની ચારીનો ત્યાગ કરીકૂવા પાસે દૂર્વા ખાવા ગયો. આ વગેરે બોલતો હતો, ત્યારે અર્હદત્તે કહ્યું કે, ' આ દરેકનું આચરણ અયુક્ત છે - એમ બોલ્યો. ફરી દેવથી પ્રેરાયેલો તે નિઃસ્પૃહવૃત્તિથી વિચારવા લાગ્યોકે, આ મનુષ્યવૈદ્ય નથી.' કંઈક સંવેગ પામ્યો, એટલે આગળની સર્વ હકીકત દેવે કહી. ત્યાર પછી તેને વૈતાઢ્ય પર્વત પર 'સિદ્ધિ' નામના કૂટમાં બે કુંડલો બતાવ્યાં, એટલે ભાવથી સમ્યક્ત્વ-પ્રાપ્તિ થઈ.ત્યાર પછી ક્રમે કરી પ્રવ્રજ્યા અંગીકાર કરી. તેમાં પણ ખાસ ગુરુભક્તિનો અભિગ્રહ આરાધવાથી દેવલોકમાં ઉત્પન્ન થયો. (૨૮૪ થી ૩૨૦ ગાથા) ઉપસંહાર કરતાં કહે છે –

૩૨૧ - જેમ પવિત્ર માર્ગમાં ભૂલો પડે અને દિશા-મોહ-અણસમજ થાય, તેના વિઘ્ન સમાન આ મોહ સ્ખલના -સ્વરૂપ આ પ્રથમ તો અત્યત ધર્મની અરુચિરૂપ હોય છે, અહિં અર્હદત્તને મોક્ષમાર્ગમાં જે પ્રતિબંધક -રોકનાર ધર્મની અરુચિ છે. ત્યાર પછી તે પછીના ઉત્તરકાળમાં સર્વ અતિચાર પરિહાર-પૂર્વક સમ્યગ્દર્શનાદિ રૂપ મુક્તિ માર્ગની આરાધના પ્રાપ્ત થઈ. (૩૨૧)

આ પ્રમાણે ગ્રંથિભેદ થયો હોય, તેવાને પણ અવશ્ય વેદવા લાયક વિવિધ ચિત્રકર્મના કારણે ત્રણ પ્રકારના પ્રતિબંધો-રૂકાવટ થાય છે, તે દૃષ્ટાન્તોથી પ્રતિપાદન કરીને હવે કહેલા પદાર્થનો ઉપસંહાર કરતા જે પ્રમાણે તે વિઘ્ન પ્રાપ્ત ન થાય, તેનો ઉપદેશ આપતાકહે છે –

૩૨૨ - આ પ્રમાણે મેઘકુમાર, દહન દેવ અને અર્હદત્તનાં ઉદાહરણ અનુસાર ભયંકર પરિણામવાળાં, ધર્મને રૂકાવટ કરનારા કારણોજાણીને સર્વઅતિચારનો પરિહાર-ત્યાંગ કરવા પૂર્વક શ્રુતચારિત્ર ધર્મની આરાધના રૂપ, અનેક કલ્યાણ-સમૂહરૂપ, કલ્પવૃક્ષના અંકુરના આકરણરૂપ ધર્મબીજને અનુલક્ષીને કહેલ બુદ્ધિરૂપ ધનવાળા પુરુષે તે મેળવવા માટે સર્વ અવસ્થામાં અજ્ઞાન, સંશય, મિથ્યાજ્ઞાન વગેરે આઠ પ્રકારના પ્રમોદોનો ત્યાગ કરી આચરવાનો આદરથી પ્રયત્ન કરવો જોઇએ. સડેલું બીજ વાવનાર ખેડૂતો ચાહે તેટલો પ્રયત્ન કરે તો પણ ખેતીમાં સંપૂર્ણ ફલ કદાચિત્ પણ મેળવી. શકતા નથી. જો તે શુદ્ધબીજ હોય તો અધિક ફળ મેળવે છે, તે પ્રમાણે-ચાલુ ધર્મબીજની શુદ્ધિમાં ભવભીરુ એવા ભવ્યાત્માઓએ આદર તત્પર બનવું જોઇએ. (૩૨૨)

## ધર્મબીજ શુદ્ધિનું સાક્ષાત ફળ

હવે ધર્મબીજ-શુદ્ધિનું સાક્ષાત્ ફલ કહેવાની ઇચ્છાવાળા કહે છે –

૩૨૩ - સર્વ અતિચાર રહિત ધર્મારાધન કરવા રૂપ પરિશુદ્ધ આજ્ઞાયોગથી પ્રાયઃઅત્યંત નિકાચિત અવસ્થા સુધી પહોંચેલાં પાપકર્મ ફલ આપનાર થતાં નથી. જેમનાં ચિત્ત માત્ર પોતાના આત્મામાં જ રહેલાં છે - એટલે પારકી પંચાયતને અંગે જેઓ અંધ બહેરા, મૂંગા ભાવને પામેલા છે. બાહ્યભાવ-પૌદ્‌ગલિક પદાર્થો સંબંધી ચિત્તનો ત્યાગ કરેલો હોય તેવા, સદા આત્મામાં સ્થાપન કરેલા શુદ્ધ ચિત્તવાળાને નરકાદિગક દુર્ગતિના વિડંબના આપનાર ભયંકર જ્ઞાનાવરણીયાદિ પાપકર્મો પોતાના વિપાકથી ફળીભૂત થતા નથી. શાથી ? તેવા પ્રકારના સ્વભાવથી જ, જેમ આમ્રવૃક્ષો ઉપરપુષ્કળ મોર-પુષ્પો આવેલા હોય અને તેની શાખાઓનો સમૂહ પણ તેનાથી શોભા પામતો હોય, પરંતુ વિજળી પુષ્કળ ચમકતી હોય, તેનાથી સ્પર્શાયેલ આમ્રપુષ્પો નિષ્ફળીભાવ બતાવે છે, તેથી આમ્રફળો મેળવી શકાતાં નથી,તેવા પ્રકારના સ્વભાવ નિયમ હોવાથી તે પ્રમાણે પરિશુદ્ધ આજ્ઞાયોગથી અતિશય આત્મામાં રમણતા કરનાર, તેમાં જ ત્રિકરણયોગ સ્થાપનાર, નિર્ગુણ ભવ-ભ્રાન્તિથી અત્યંત કંટાળેલા પ્રાણીઓને ભયંકર અશુભ પરિણામ તથા મિથ્યાત્વ આદિ નિમિત્તે ઉપાર્જન કરેલાં-બાંધેલાં કર્મો પણ પોતાનું ફલઆપવા સમર્થ બની શકતાં નથી. (૩૨૩) એ જ વાત પ્રતિપક્ષ વસ્તુની ઉપમા દ્વારા વિચારાય છે.

૩૨૪ - કોઢ, તાવ વગેરે વ્યાધિઓ ઉત્પન્ન થવા પહેલાં જ પ્રત્યક્ષ તેને ન ઉત્પન્ન થવા દેવામાટે અનાગત પ્રયત્ન કરતા દેખીએ છીએ, માંસ, ઘી વગેરે ન ગ્રહણ કરવા રોગનું નિદાન પામેલાઓ તેનું સેવન કરતા નથી.રોગ-નિદાન-કારણનો પરિહાર આ પ્રમાણેકહેવાય છે. શૂલના રોગવાળાને કઠોળ,કોઢવાળાઓ માંસ, તાવવાળાએ ઘી, અતિસારવાળાએનવું ધાન્ય અને નેત્રરોગવાળાએ મૈથુનનો ત્યાગ કરવોજોઇએ. કેટલાક ભવિષ્યમાં આ રોગ ન થાય તે માટે પ્રયત્ન ન કરાવનારા, તેના કારણોનો ત્યાગ ન કરનારા, સમાન નિમિત્તવાળા બંને હોવા છતાં રોગ ઉદ્‌ભવ થવો, ન થવો તે રૂપ વિશેષ પ્રત્યક્ષસિદ્ધિ વર્તતો દેખાય છે. (૩૨૪) એનો એ જ અર્થવિશેષ વિચારે છે –

૩૨૫ એક મનુષ્ય દાળ-ભાત રૂપ એક જાતિનું હલકું ભોજન કરે, તો તેને ન પચવા રૂપ કંઈક અજીર્ણ થાય છે, ખાધેલું અન્ન પાચન ન થાય તે રૂપ અજીર્ણ, તેના ચાર પ્રકારો માનેલાછે. હંમેશાં રોગો અજીર્ણથી ઉત્પન્ન થનારા છે અને તે ચાર પ્રકાર આ પ્રમાણે-આમ, વિદગ્ધ વિષ્ઠબ્ધ રસશેષ તથા રોગ ઉત્પન્ન થવા પહેલાં કારણનો પરિત્યાગ કરવો. અજીર્ણ થાયતેવા આહારનો ત્યાગ કરવો. તેમ કરનાર એકને આરોગ્ય થાય છે, બીજાને અજ્ઞાનાદિ દોષના કારણે નિદાનનો ત્યાગ ન કર્યો. એટલે વ્યાધિ ઉત્પન્ન થયો. જે જેના નિમિત્તનો દોષ હોય, તે તેના પ્રતિપક્ષની સેવાથી તેનું નિવર્તન થાય છે. જેમ કે,ઠંડી સેવન કરવાથી ઉત્પન્ન થયેલી જડતા અગ્નિની ઉષ્ણતા સેવવાથી દૂર થાય છે. (૩૨૫)

શંકા કરી કે - કારણભેદ પૂર્વક કાર્યભેદ હોય, આ સર્વ લોક-પ્રસિદ્ધ વ્યવહાર છે. તો

પછી ભોજનાદિ નિમિત્ત તુલ્ય છતાં પણ બંનેમાં નિષ્ફલતા-સફલતા રૂપ વ્યાધિની વિશેષતા થઈ તે જણાવે છે —

૩૨૬ - વ્યવહારનયના આદેશથી લગભગ ઘણા સરખા ભાવો હોય તેને એક સ્વરૂપે માનવમાં આવે, વ્યાધિનાં ભોજનાદિ તુલ્ય કારણ છે, પરંતુ તે કારણ વ્યવહારનયથી, નહિં કે નિશ્ચયનયથી. નિશ્ચયનયથી ભોજનાદિ એ વ્યાધિનું સમાન કારણ નથી. વ્યવહારથી સમાન કારણ છે. જ્યાં સમાન કાર્ય છે, ત્યાં સમાન કારણનું અનુમાન થાય, જ્યાં અસમાન કાર્યની ઉત્પત્તિ થાય, ત્યાં કોઈ અપેક્ષાથી સમાન કારણનો અભાવ થાય.તથા તેમનો આ મત છે કે - 'કારણ વગર કાર્ય ન થાય, વળી જે અન્ય વસ્તુનું કારણ છે,તે કારણવાળું પણ આ કાર્ય ન થાય. જેમ કે, પટનું કારણ સૂતર, તે ઘટનું કારણ ન થાય, નહિંતર કાર્ય-કારણની વ્યવસ્થાક્યાંય ન થાય.

તેમાં સોપક્રમ, નિરુપક્રમ કર્મની સહાયતાથી ઉત્પન્ન થયેલ વ્યાધિ નિદાનનો અંતરંગ ભેદ રહેલો છે.કારણ કે, આ વ્યાધિ સફલભાવવાળા થાય છે. વળી વ્યવહાર તે કલ્પિત રૂપ નથી, પણ પારમાર્થિક છે. એવા અકલ્પિત વ્યવહારનો આશ્રય લઈને પ્રકૃત વ્યાધિનું પ્રકરણ ચાલી રહેલું છે. તેમાં કારણની સમાનતાકેમકહો છો ? આ શંકાના સમાધાનમાં કહે છે કે - 'આ પણ એક વ્યવહાર છે. કારણ કે, જેવ્યવહાર છે, તે તાત્વિક લાભનું સાધન છે. કારણ કે, વ્યવહાર નય પછી જ છદ્મસ્થ લોકોની પ્રવૃત્તિ થાય છે. તો તેનું જ આ કારણછે. નિશ્ચયથી જે પ્રવૃત્તિ થાય છે, તેનું આ વ્યવહાર પ્રવૃત્તિકારણ નથી. નિશ્ચયનયથી જે પ્રવૃત્તિ થાય છે, તે પાની પુરુષમાં થાય છે. નિશ્ચયનયાનુસાર જે પ્રવૃત્તિ થાય છે, ત્યાં ફલની સાથે સંબંધ થાય છે. બીજ આદિની શુદ્ધિ કરીને ખેડૂતો રોકાવટ ન થાય, અતિવૃષ્ટિ જીવોત્પત્તિનો ઉપદ્રવ, હિમ વગેરેના ઉપદ્રવો ન થાય તો અવશ્ય અભિલષિત ફલનો લાભ થશે. એમ ઉપાયને નિશ્ચિત કરીને પ્રવૃત્તિકરે છે : ત્યારે તેમને વાંછિત ફલનો લાભ થાય છે - તેમ દેખાય છે. (૩૨૬) એ જ વાત ચાલુમાં જોડે છે —

૩૨૭- જેમ અહિં લોકોમાં અજીર્ણ દોષ થયો હોય, તો ઔષધનું નિદાન કરી વ્યાધિ દૂર થતી પ્રત્યક્ષ અનુભવાય છે. તેપ્રમાણે ચાલુ આજ્ઞાના પ્રભાવ માટે કથન કરવાનું આરંભ્યું, તેમાં પરિશુદ્ધ આજ્ઞાથી સર્વ દોષોથી મુક્ત -નિર્મલ સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગની આરાધનાથી જ્ઞાનાવરણ આદિ દુષ્ટ આઠકર્મોનો નાશભાવ પ્રાપ્ત થાય છે. કારણ કે, જળ અને અગ્નિ એ બંનેનો હંમેશાં વિરોધહોય છે. તે પ્રમાણે કર્મના ઉપક્રમનાં-નાશભાવમાં તો વળી સર્વવ્યાધિથી અધિક એવા સંસાર-વ્યાધિનો ક્ષય થાય છે. તથા ક્ષપકશ્રેણિ વગેરેના લાભ પ્રકારથી સર્વ આસ્તિક મતને સમ્મત ઈષ્ટ મોક્ષપ્રાપ્તિ થાય છે. (૩૨૭) હવે આજ્ઞાયોગની જ તેવી સ્તુતિ કરતા કહે છે —

૩૨૮ — કર્મને દૂર કરવા માટે આ પરિશુદ્ધ આજ્ઞાયોગ એ જ વીર્ય છે- આત્મ સામર્થ્ય છે. આગળ જેની વ્યાખ્યા સમજાવી ગયા, તે જ આજ્ઞાયોગ તે જ કર્મ ખસેડવા માટે પુરુષકાર પુરુષાર્થ છે, નહિં કે, દોડવું, કુદવું, વળગવું એવા પુરુષાર્થ કર્મ ખસેડવા સમર્થ નથી.મોહની

બહુલતાવાળા આ જીવલોકમાં ઘણે ભાગે કેટલાકના ગળે આ વાત ઉતરતી નથી. સમજી શકવી મુશ્કેલ છે, પરંતુ હકીકત તો આ જ છે કે, વિવેકી આત્માઓ આ આજ્ઞાયોગનો જ પ્રચાર-અનુષ્ઠાન આદિકરે છે. પરંતુ ગતાનુગતિક લક્ષણા લોકહેરિ એકે કર્યું, તે બીજો કરે એવો આગળ-પાછલનો, લાભ ગેરલાભનો વિચાર કર્યા વગર આંધળી પ્રવૃત્તિ ન કરે. વાસ્તવિક રીતે આગહન પદાર્થનું વિવેચન કરી જ્ઞાનનો નિશ્ચય કરાવનાર, સ્વરૂપ જણાવનાર આ જ્ઞાનયોગ છે. તે માટે કહેલું છે કે 'બુદ્ધિનું ફળ હોય તો તત્વની વિચારણા કરવી તે છે.' કહેવાનો આશય એ છે કે જેને ગ્રંથિભેદ થયોહોય,તેને પરિશુદ્ધ જ્ઞાનપ્રાપ્તિ થાય છે, તે ઔદયિક ભાવને રોકીને આત્મવીર્ય પ્રગટ કરનાર થાય છે. એ જ આ પુરુષાર્થ કહેલો છે. શાથી ? સર્વ કર્મના વિકાર-રહિત અથવા વિલક્ષણ એવા મોક્ષ સાથે એકાત્મસ્વરૂપ હોવાથી, માટે જ આ જ્ઞાન એ કર્મને ખસેડનાર-દૂર કરનાર એવો હેતુ નિશ્ચિત કરાય છે. આ જ્ઞાનયોગ દ્વારા - આજ્ઞાયોગ દ્વારા દૂર થયેલો કર્મોને ફરી ઉદય થવાનો અભાવ હોય છે. મૂઢમતિવાળાઓને વાત વાત સમજતી મુશ્કેલ છે, માટે પ્રોઢજ્ઞાનના વિષયપણે આ વીર્ય પુરુષાર્થ આદિ વ્યવસ્થિત કરેલા છે. (૩૨૮)

હવે કહેલા પદાર્થને સિદ્ધ કરવા દૃષ્ટાંત કહે છે –

૩૨૯ - આ વિષયમાં પુરુષકારક-પરાક્રમ-વીર્ય સમાર્થ્ય ઉદ્યમથી કર્મના ક્ષયોપશમાદિક થાય છે. તે વાત સિદ્ધ કરવા માટે સર્વનયવિશારદ વાર્તા, દંડ, નીતિ લક્ષણ ત્રણ આન્વીક્ષિકીરૂપ ન્યાયની વિચારણામાં જે મહામંત્રી વિચક્ષણ ન હોય, તો રાજ્ય ચિંતા કરવાલાયક તે બનતો નથી. રાજ્યનાં સર્વ કાર્યની ચિંતા કરનાર હોય, તો બાકીના સર્વ મંત્રીઓના ઉપર ભાગમાં રહેલો મારી-નિવારણકરવાથી પ્રસિદ્ધિ પામેલો અણધાર્યા સર્વ કુટુંબને મરણથી નિવારણકરનારો હોવાથી તેનું અસલ રૂઢ નામ તો ભૂલાઈ ગયું પણ ગુણને અંગે નવા નામથી પ્રસિદ્ધિ પામ્યો, તે જ્ઞાનગર્ભ ન મંત્રી અહિં આન્વીક્ષિકી નીતિ એટલે જૈન, જૈમિની આદિ મતવાળાઓએ રચેલા ન્યાયશાસ્ત્રની વિચારણા, ત્રયી એટલે સામવેદ, ઋગ્વેદ, યજુર્વેદ લક્ષણા, વાર્તા તો લોકોના નિર્વાહના હેતુરૂપ ખેતી, પશુ પાળવા વગેરે આજીવિકા રૂપા, દંડનીતિ તો રાજાની નીતિ સામ, દામ, ભેદ દંડરૂપ નીતિઓ જાણવી. આ ઉદાહરણ વિસ્તારથી સમજવા માટે ૧૦ ગાથા કહે છે –

## જ્ઞાનગર્ભ મંત્રીની કથા

૩૩૦ થી ૩૩૯ - અતિવિશાળ કુલીન નિર્મલ શીલ ધારણ કરનારા લોકોના નિવાસવાળી, શ્રીવર્ધમાન સ્વામીના મોસાળ યુક્ત, હિમાલયના ઉંચા સુંદર શિખરો સરખા ઉંચા મહેલોવાળી, શ્રીમુનિસુવ્રતસ્વામીના સ્તૂપથી શોભાયમાન મધ્યપ્રદેશવાળી પુરાણકથામાં જેનું પ્રસિદ્ધ નામ સંભળાય છે - એવી વૈશાલી નામની પ્રાચીન નગરીમા જેણેપોતાના પરાક્રમથી રાજ્યો સ્વાધીન કરેલાં છે, એવો જિતશત્રુ નામનો રાજા હતો.

રાજાના વંશ સાથે જ જન્મેલા, વંશ-પરંપરાથી પવિત્ર જન્મવાળા, સામવગેરે

રાજ્યનીતિઓનું યથાવસરે યથાર્થ પાલન કરનાર, સમગ્ર રાજ્યકાર્યો કરવામાં હંમેશાં સાવધાન, તેવા તેવા ચરિત્રમાં આશ્ચર્ય કરાવનાર, તેના વંશની વૃદ્ધિ કરવાનાં મૂળ સમાન, સર્વ શત્રુઓના વૈરી સરખા, પ્રજાનાં દુ:ખ જાણવાં અને તેનાં નિવારણ કરવાના કાર્યોમાં આંખ સમાન, પિતાની જેમ પ્રજાલોકોનો હિતચિંતક, સામંતાદિ લોકોને બહુમાન્ય એવો જ્ઞાનગર્ભ નામનો મંત્રી હતો. નિરંતર રાજપ્રસાદ મેળવનાર, સર્વ અર્થથી પરિપૂર્ણ, ઘણા ઉત્તમ વિસ્તારવાળા સુશીલ કુલવાળો,સમગ્ર અનુચિત વર્તનનો ત્યાગ કરનાર, રાજાના સમાન ચિત્તને અનુસરનારો તે સમય પસાર કરી રહેલો હતો. ત્યારે કોઈક સમયેપોતપોતાના યોગ્ય સ્થાપનમાં જ્યારે રાજપરિવાર સભામાં બેઠેલો હતો અને ઈન્દ્રની જેમ રાજા સભામાં બેઠેલા હતા, ત્યારે પૃથ્વી પર મસ્તક સ્પર્શ કરે તેવી રીતે દ્વારપાળે રાજાને પ્રણામ કરીને વિનંતિ કરી કે, 'હે સ્વામી ! કોઈક બહારથી આવેલો એક નિમિત્તિયો આપનાં દર્શનની ઉત્કંઠાવાળો દરવાજે ઉભો છે'રાજાની અનુજ્ઞા મળી, એટલે તેને પ્રવેશ કરાવ્યો. ઉચિત શિષ્ટાચાર જાળવી સામે બેસાડ્યો. ત્યારે પછી કૌતુક-સહિત રાજાએતેના જ્ઞાનની જાણકારી માટે સુખાસન પર બેઠેલા તેને પૂછયું કે - 'થોડા દિવસની અંદર કોને અપૂર્વસુખ તે દુ:ખ થશે ?' તો અષ્ટાંગ નિમિત્તશાસ્ત્ર જાણનાર તે નિમિત્તિયાએ કહ્યું કે, 'હે સ્વામી ! મને પ્રશ્ન કર્યો, તો હું શાસ્ત્રમાં કહેલો અર્થકહીશ, તો આપે મને દોષ ન દેવો. કારણકે, હું મારી સ્વચ્છંદ બુદ્ધિથી અર્થ કથન કરનારો નથી. જે આપના મંત્રીઓની પંક્તિમાં શિરોમણિભાવને પામેલા છે, તેના પોતાના કુળમાં અતિભયંકર મારી ઉત્પન્ન થવાની છે.

રાજા - કેટલા કાળની અંદર તે થશે, તેનો તમે નિશ્ચય કર્યો છે ?

**નિમિત્તિયો** - વરસ નહિ, મહિનાઓ નહિં, પરંતુ આ પખવાડિયામાં જ.

આ સાંભળતાં જ વજ્રનો આઘાત લાગ્યો હોય, તેમ ક્ષણવારમાં આખી સભા દુ:ખી અને મૌન બની ગઈ, ત્યારે મંત્રી એકદમ તે સભા-પ્રદેશમાંથી કોઈ ન જાણે તેવી રીતે ખૂબ જ ધીરજ રાખી નીકળી ગયો અને વસ્ત્ર, પુષ્પ, શ્રેષ્ઠ ભોજન આદિ દાનપૂર્વક તેનો ગૌરવવાળો સત્કાર કરી નિમિત્તિયાને પોતાના ઘરમાં એકાંત સ્થલમાં બેસાડીને આદરપૂર્વક વાતચીત કરી સંતોષ પમાડ્યો અને પછી પૂછયું કે, 'આ મારી કોનાથી શરુ થશે ?' તો કે, 'મોટા પુત્રથી' તે વાતની પ્રતીતિ-વિશ્વાસ કેવી રીતે રાખવો કે, નક્કી આ મારા ઘરેથી જ , મારા કુળથી જ થશે ?

**નિમિત્તિયો**-અમુક દિવસે રાત્રે તમોને અશુભ સ્વપ્ન આવશે.

આ પ્રમાણે કાર્યનો સાર જેણે જાણી લીધો છે, એવા તે મંત્રીએ અતિઆદરથી નિમિત્તિયાની પૂજા કરી અને કહ્યું કે, 'કોઈ પ્રકારે સર્વથા આ વાત કોઈ પાસે પ્રકાશિત ન કરવી.' પોતાના સ્થાને આવીને તેના બીજા દિવસે સ્વપ્ન દેખ્યું કે, અતિશય ગાઢ અંધકાર-સમૂહ સમાન શ્યામ ધૂમાડાના ગોટે ગોટા પોતાના મહેલની ચારે બાજુ રહેલા દેખ્યા. એટલે મંત્રીને ખાત્રી થઈ, એટલે મોટાપુત્રને કહ્યુ કે, 'તારા જન્મકાલના મળતા જ્યોતિષીઓએ સારી રીતે સમજાવેલ, તે પ્રલય તારાથી જ અત્યારે દેખાય છે, તો હાલ એક પક્ષ સુધી ઘણી જ શુદ્ધ

બુદ્ધિપૂર્વક સુંદર વર્તાવ રાખી રહેવું અને જે સંકટ આપણા માથે આવેલું છે,તેને કોઈ પ્રકારે નિષ્ફલ બનાવવું. જો આવા પ્રકારના આવેલા સંકટને હું સ્ખલના ન પમાડું તો સમગ્ર જગતમાં પ્રસિદ્ધ આવી આ મારી બુદ્ધિનો ગુણ કયો ગણાય ? ગ્રહચાર, સ્વપ્ન, શકુનાદિક નિમિત્તો, દૈવ ભાગ્યઅતિવિચિત્રહોય છે, અને તે ગમે ત્યારે ગમે તે કોઈને દેવની આરાધના માફક ફળ આપે છે. તો ધૈર્ય વહન કરનારા, બુદ્ધિધનવાળા પુરુષોએ ત્રાસ પામ્યા વગર કે ગભરાયા વગર હંમેશાં તેવા ઉચિત ઉપાયો પૂર્વક વિઘ્ન દૂર કરવા પ્રયત્ન કરવો. ઉન્માર્ગ-ગમનના ખોટા માર્ગને દૂરથી ત્યાગ કરનારા, પરિપકવ નિપુણ નીતિવાળા-બુદ્ધિવાળા પુરુષોએ દૈવ વિપરીત થયુંહોય, તો પણ કરવા લાયકકાર્યનો આરંભ કરવો, તે દોષવાળો નથી. માટે હે પુત્ર ! ભોજન, જળ અને શરીરસ્થિતિ જળવાય તેવાંઆ સ્થાનોની ગોઠવણ આ પેટીમાં કરેલી છે. માટે એક પખવાડિયા સુધી રહેવા માટે તેમાં પ્રવેશ કર.' તેપ્રમાણે કર્યા પછી રાજા પાસે જઈને મંત્રીએ વિનંતિ કરી કે - 'પુરુષ-પરંપરાથી -વંશપરંપરાથી અત્યાર સુધી મેળવેલું આ ધન કાર્ય પૂરતું આપને સ્વાધીન કરું છું' રાજાએ કહ્યું કે - 'તું ભય ન રાખ, કોણ જાણે છે કે ભવિષ્યમાં શુ થશે ? રાજા તે લેવા ઇચ્છતો ન હતો, તો પણ પરાણે મંત્રીએ-મંજૂષાનો સ્વીકાર કરાવરાવ્યો. તે મંજૂષાને ભંડારગૃહમાં લઈ ગયા અને રાજાને કહ્યું કે, 'હે દેવ ! આમાં સર્વ સારભૂત વસ્તુ રહેલી છે, તો એક પખવાડિયા માટે મારા આગ્રહથી સર્વાદરપૂર્વકતેનુંબરાબર રક્ષણ કરવું, તે મંજૂષાને સર્વ બાજુથી સખત તાળાં મારેલાં છે. તેમ જ દરેક પહોરે તેના ઉપર સીસાની મુદ્રાઓ મારેલી. છે. તેને બંને પહેગીરો તપાસતા રહે' આ પ્રમાણે તે પ્રધાને દરેક પ્રકારની સુવિધા કરી.

હવેતે મંત્રી ક્ષણે ક્ષણે શું આ મારો પ્રયોગ ખુલ્લો પડીને નિષ્ફળ તો નહિ જાય તે ? 'દૈવ અચિન્ત્ય ચરિત્રવાળું છે.' એમ ચિંતા કરતો રહેલોહતો, ત્યારે તેરમા દિવસેપ્રભાતસમયે રાજાના કન્યાના અંતઃપુરમાંરહેલી એક કન્યાનો વેણીછેદ થયો. આ વેણીછેદ કોણે કર્યો હશે ? એના નિમિત્તભૂત કોણ હશે ? તે વિષયમાં લોકવાયકા ચાલી કે, 'મંત્રીના મોટા પુત્રે આ વેણીચ્છેદ કર્યો છે. આ કન્યા પોતાના મહેલમાં શય્યાની અંદર સૂતેલી હતી, ત્યારેમોટા મંત્રીપુત્ર આવ્યો અને તેણે કન્યાને વિનંતિકરી કે, 'હે વિકસિત નેત્ર-કમળવાળી ! તું મારી સાથે ક્રીડા કર.' ઘણી વખત કહેવા છતાં પણ તે કન્યા અભિલાષા કરતી ન હતી, એટલે રોષવશ બની તેણે હાથમાં રહેલી છૂરિકાથી તેની વેણી કાપી નાખી. એટલે અશ્રુપૂર્ણ-નેત્રવાળી, કરુણ મુખવાળી ખરાબ સ્વરથી રુદન કરતી પિતા પાસે ગઈ અને સર્વ વૃત્તાન્ત નિવેદન કર્યો.' જાગૃત થયેલા પ્રચંડ કોપ-દાવાનળથી લાલચોળ દેહવાળા રાજાએ નગરના રક્ષકોને આજ્ઞા કરી કે, 'મંત્રીપુત્રને શૂલી ઉપર ચડાવીને જેમ વધારે દુ:ખી થાય,તેમ માર મારીને મૃત્યુ પમાડો' આ પ્રમાણે જલ્દી કરો અથવા તો મંત્રીના ઘરની ચારે બાજુ તૃણ, છાણાં અને કાષ્ઠોના ડગલાઓ ગોઠવી સળગતા અગ્નિથી સર્વ કુટુંબને સળગાવી દો, મારા પ્રસાદથી તેઓ આવા ઉન્મત્ત બન્યા, નહિંતર તેમનું આવું અયોગ્ય આચરણ કેમ હોય ?

ત્યાર પછી ઉદ્ભટ લલાટ ઉપર ભ્રકુટી ચડાવીને યમના સુભટ સરખા ભયંકર લાલ

નેત્રોવાળા તે રાજપુરુષો તરત જ પ્રધાનના ઘરે પહોંચ્યા. રાજપુરુષો મંત્રીપુત્રોને અને કુટુંબને હાથ પકડીનેગ્રહણ કરવા લાગ્યા,ત્યારે મંત્રીના સુભટો પણ આકરા બની સામે ભંડણ કરવા લાગ્યા. તેમને દેખીને સ્થિર મનવાળા મંત્રીએ રાજપુરુષોને રોકીને પૂછયું કે, 'ક્યા કારણથી આ પ્રમાણે આવું ખોટું કાર્ય કરો છો ?' ત્યારે રાજપુરુષો કહેવા લાગ્યા કે, 'આજે રાજકન્યાનો વેણીચ્છેદ તમારા પુત્રે કર્યો છે.' ત્યારે મંત્રી વિચારવા લાગ્યા કે, 'ખરેખર કર્મની ગતિ અકળ છે.'' તેવા પ્રકારનો પ્રતિકાર કરેલો હોવા છતાં પણ આશ્ચર્યની વાત છે કે, ભયંકર આપત્તિ ઉભી થઈ. આવા પ્રકારના અપરાધ સેવનારને આવો મોટો દંડ ન હોય, પણ બીજો દંડ હોય, તો પણ હું પ્રભુને જાતે મળું.' એ પ્રમાણે કહ્યું.

ત્યાર પછી મંત્રીએ રાજસભામાંબેઠેલા, તેના પ્રત્યે ક્રોધ દૃષ્ટિવાળા રાજાને પ્રણામ કરીને વિજ્ઞપ્તિ કરી કે, 'હે દેવ ! આપને સોંપેલી મંજૂષા દેખ્યા પછી, તત્ત્વ વિચારીને પછી આપ મારો દંડ કરો તે યોગ્ય છે. કારણ કે, 'મહાપુરુષો સુંદર વિચાર કરીને પછી કાર્ય કરનારા હોય છે.' 'ભલે એમ થાવ' - એમ કહીને જ્યારે મંજૂષા પાસે ગયા, ત્યારે તેના પર લગાવેલી મુદ્રાઓ અને તાળાંઓ તે જ પ્રમાણે બરાબર હતાં. નગરના આગેવાન પુરુષો સમક્ષ તાળાંઓ ખોલ્યાં, તો અત્યંત પ્રસન્ન મનવાળા હાથમાં વેણી અને છૂરિકા રહેલાં હતા, તેવા મંત્રીપુત્રને દેખ્યો. સર્વે ગભરાયેલા અને અસાધ્ય સ્વરૂપને વહન કરતા એક બીજા સામું નજર કરતા કહેવા લાગ્યા કે, 'હે અમાત્ય ! આ આશ્ચર્ય શું છે ? તે કહે.' તેણે પ્રત્યુત્તર આપ્યો કે, 'આનો પરમાર્થ દેવ જ જાણી શકે, પરંતુ બીજો કોઈ નહિં. જેને ઘરે આ મંજૂષા છે, તેની દરેક પહોરે ખબર રાખનારા પહેરગીરો છે, જેના ઉપર મુદ્રાઓ કરેલી છે, તાળાંઓ વાસેલાં છે, તેમાં જાણનારા બીજો ક્યાંથી લાવવાં ?' મૂઢતા પામેલો રાજા કહેવા લાગ્યો - 'આ હકીકત તારા જ્ઞાન-વિષયક છે.' એટલે રાજાએ સર્વાંકાર આપીને પરમાર્થ પૂછયો. મંત્રીએ કહ્યું કે, 'હે દેવ ! જો આપ મારી વાત સાંભળતા હો, તો હું એટલું સમજી શકું છું કે, થાય તો સર્વ વિનાશ થાય, પરંતુ એકલો વેણીચ્છેદ ન થાય. તોઆપની પ્રતીતિ માટે મેં પુત્રને મંજૂષામાં સારીરીતે ગુપ્ત રાખ્યો અને આપના કબજામા મંજૂષા રાખી કે જેથી કરી હું અપરાધ-સ્થાન ન પામું. પૂર્વભવના કોઈક વૈરી દેવે મને સંકટમાં નાખવા માટે એના સરખો આકાર ધારણ કરીને આ સર્વકાર્ય કરેલું છે.' ઉત્પન્નથયેલી ખાત્રીથી સર્વેએ કહ્યું કે, 'બરાબર એમ જ છે, નહિંતર આ પ્રમાણે સારી રીતે રક્ષાએલો આવું કાર્ય કેમ કરે ? હે દેવ ! જેનો પ્રતિકાર કર્યો હોય, એ પણ આવી રીતે ફળવાળું થયા છે. બુદ્ધિમંતોનાં ચરિત્રો પણ કર્મના જોરને હરી જાય છે. અવસર પ્રાપ્ત થયો હોય, ત્યારે કોઈ વખત કર્મ બળવાન થાય છે, કોઈ વખત પુરુષાર્થ બળવાન થાય છે, કોઈ વખત ધનવાન બળવાન થાય છે, તો કોઈ વખત બુદ્ધિવાળો બળવાન થાય છે. એ પ્રમાણે જ્ઞાનગર્ભ મંત્રી પોતાના નામ સમાન ચેષ્ટાવાળો હોવાથી લોકમાં ચંદ્ર સમાન ઉજજવલ લક્ષ્મી અને યશને પ્રાપ્ત કરનાર થયો. (૬૭)

**હવે સંગ્રહ ગાથાઓનો અક્ષરાર્થ કહે છે** - વૈશાલી નગરીમાં જિતશત્રુ રાજાનો જ્ઞાનગર્ભ મંત્રી હતો. કોઈ વખત સભામાં બેઠેલા રાજા પાસે નિમિત્તિયો આવ્યો રાજાએ તેને

પૂછયું. અતિકુતૂહલ-તત્પર સભામાં વગરપ્રસંગે પ્રશ્ન કર્યો-'કોને કેવા પ્રકારનું અપૂર્વ સુખ કે દુ:ખ ઉત્પન્ન થશે ?' નિમિત્તિયાએ કહ્યું કે, 'મંત્રીને મારી-પત્નીનુ દુ:ખ આવી પડશે.' રાજા ક્યારે ? નિમિત્તિયો-એક પખવાડિયામાં. ત્યારપછીરાજા અને સભાજનો એકદમ મૌન બની ગયા.ત્યાર પછી સભામાંથી નીકળી જઈને સમયે મંત્રીએ નિમિત્તિયાને પોતાના ઘરે આદરથી બોલાવ્યો. એકાંતમાં પૂછયું કે, 'મારું-પતન ક્યાંથી અને શાથી થશે ?'

નિમિત્તિયો-પુત્રદોષથી અને તે માટે તેને કુસ્વપ્ન આવશે, તે તેની પ્રતીતિ સમજવી. ત્યાર પછી નિમિત્તિયાનીપૂજા-સત્કાર કર્યા. આ વાત બીજા કોઈને ન કહેવી. તેને મના કરી સ્વપ્નથી નિર્ણય થયો. પુત્ર સાથે વિચારણા કરી અને તેને મંજૂષામા પૂરીને એક પખવાડિયાની ખાવા-પીવાની અને બીજી વ્યવસ્થા કરી સમજણ પાડી. ઉપર તાળાં માર્યાં. ત્યાર પછી મંત્રીએ કહ્યુ કે, 'આ મારું ધન આપ સાચવવા સ્વીકારો.' રાજા ના કહે છે, છતાં મંત્રીના આગ્રહથી મંજૂષા રાજકુલમાં લાવ્યા. મંત્રીએ રાજાને કહ્યું કે- 'સર્વ સાર વસ્તુઓ આ પેટીમાં છે.'

રાજા - તમે જયારે મહાસંકટ આવવાનું છે, તો પછી સર્વ સાર વસ્તુઓનું શું પ્રયોજન ?

મંત્રી- તો પણ હે દેવ ! એક પખવાડિયા માટે આપ રક્ષણ કરાવો. ત્યાર પછી દ્વારમાં બીજાં તાળાં અને ઉપર મુદ્રા કરાવી દિવસથી રાત્રિ સુધી પહોરે પહોરે સંભાળ રાખનારા પહેરેગીરો રાખ્યા. એ વ્યવસ્થા થયા પછી તેરમા દિવસની રાત્રિએ રાજાની પુત્રીનો અકસ્માત્ વેણિચ્છેદ થયો. 'આ કાર્ય મંત્રીના પુત્રે કર્યું છે.' એવો લોકોમાં પ્રવાદ ફેલાયો. પુત્રીનું રુદન જાતે દેખ્યું, એટલે જિતશત્રુ રાજાને મહાકોપ પ્રગટ્યો. તરત જ એ મંત્રીપુત્રનો ઘાત કરવાની રાજાએ આજ્ઞા કરી, અથવા તેનો એકલાનો ઘાત કરવાથી શું ? માટે મંત્રીના સર્વકુટુંબનો અગ્નિ સળગાવી બાળી ભસ્મ કરો. કારણ કે, આવા ઉન્મત્ત થઈને આવા અધમ આચરણ કરે છે. ત્યાર પછી મંત્રીગૃહે શું કર્યું ? કુટુંબને પકડવાનું આરંભ્યું. મંત્રી-પરિવાર સાથે ઝગડો કર્યો. મંત્રીએ કહ્યું કે, 'હુંરાજાની જાતે મુલાકાત લઉં છું.' રાજાને મળ્યા, એટલે મંત્રીએકહ્યું કે - 'પ્રથમ આપ મંજૂષા તપાસી લો, જેથી આપ જાણી શકશો કે, મારા પુત્રથી કે બીજા કોઈથી આ કાર્ય થયું છે, તે આપ યથાર્થ જાણી શકશો.' ત્યાર પછી રાજા મંજૂષા ખોલવા માટે ગયા. મુદ્રાઓ, તાળાંઓ અખંડ દેખ્યાં.પછી પેટી ખોલી અને તેની તાલ-તપાસ કરી, તો તેમાં છૂરિકાસહિત અને વેણી હાથમાં હતી,તેવા મંત્રી પુત્રને જોયો. તે દેખવાથી ભય થયો કે, 'આ સંભવિત વસ્તુ કેવી રીતે બની ?' આ પ્રમાણે તર્ક-વિતર્ક કરવા પૂર્વક વિચારણા કરવા લાગ્યા. ત્યારે મંત્રીએ કહ્યુ કે, 'જેઓ આની વ્યવસ્થા -રક્ષણ કરનાર છે,એવા દેવ જ આનો પરમાર્થ જાણી શકે.' તેથી લોકોને આશ્ચર્ય થયું કે, 'આવું કંઈ દેખ્યું કે સાંભળ્યું નથી.' પછી મંત્રીને પૂછયું, રાજાએ તેની પૂજના કરી. મંત્રીએ કહ્યુંકે, 'હે દેવ ! નિમિત્તિયાએ એટલું જ કહેલું કે, 'સર્વનાશ તારા પુત્રથી જ થશે, પણ વેણિચ્છેદથી આમ થસે-તેમ કહેલ ન હતું.'

આપ્ત એવા આ નિમિત્તિયાના વચનથી હું પુત્રને છૂપાવવા માટે પ્રવૃત્તિવાળો બન્યો.

એટલામાં નિમિત્તિયાએ કહેલું બન્યું. (ઈતિશબ્દ ગાથામાં છે, તે અર્થસમાપ્તિ માટે જાણવો.) હવે વાતનો ઉપસંહાર કરતાં કહે છે કે - અચિન્ત્ય સામર્થ્યવાળુ કર્મ આ પ્રમાણે પ્રતિકાર કરવા છતાં પણ ફળ આપે છે અને મંત્રીને ફલ પ્રાપ્ત થયું બુદ્ધિશાળીનું પરાક્રમ આ પ્રમાણે અચિન્ત્ય એવા આવી પડેલા કર્મને પણ નિષ્ફલ બનાવે છે.(૩૩૦ થી ૩૩૯) જ્ઞાનગર્ભનું દૃષ્ટાંત પૂર્ણ થયું.

શંકા કરી કે - "કરેલાં શુભ કે અશુભ કર્મ અવશ્યમેવ ભોગવવાં જ પડે છે. કોડો-સેંકડો કલ્પ સુધી પણ ભોગવ્યા સિવાય કર્મ નાશ પામતું નથી. આ પ્રમાણેના લોક-પ્રવાદના પ્રામાણ્યથી તે કર્મ ફલ આપવા સન્મુખ થયુંહોવા છતાં પણ કેમ ફલ આપ્યાસિવાય જ ચાલ્યું ગયું ? તેના સમાધાનમાં કહે છે –

૩૪૦ - અહિં અધ્યવસાય - પરિણામની વિચિત્રતાહોવાથી પહેલાં તો જીવો બે પ્રકારનાં કર્મ બાંધે છે. તેમાં એક શિથિલ પરિણામથી બાંધ્યું હોયતે અનિયત ફલ આપનારું હોય છે. બીજું અત્યંત દઢ સજ્જડ પરિણામથી બાંધ્યું હોય તે અવશ્ય પોતાનુ ફળ પ્રાપ્તકરાવીને અવશ્ય ભોગવટો કરાવે છે. કારણ કે, તે સફલ સામર્થ્યયુક્ત છે. આ પ્રમાણે કર્મ બે પ્રકારમાં વ્યવસ્થિત કર્યા. આ હમણાં જે દૃષ્ટાંત કહી ગયા, તે અનિયત સ્વભાવવાળા ફળને આશ્રીને સમજવું. સોપક્રમ એટલે ફળમાં ફેરફાર થનારું કર્મ, તે તે દ્રવ્યાદિક સામગ્રીની અપેક્ષાએ પ્રતિકાર સહન કરી શકે તેવાં કર્મ-જેવા કે, અશાતાવેદનીય, અપયશ-અપકીર્તિ,લાભાંતરાય આદિ લક્ષણ કર્મ, તે કર્મનું સ્વરૂપ સ્વલક્ષણ સમજવું. જો એમ છે, તો શું કરવું ? તેના સમાધાનમાં જણાવે છે કે - 'આગળ જે તદ્દન શુદ્ધ એવા આજ્ઞાયોગને જણાવેલ છે - "ઘણે ભાગે પરિશુદ્ધ આજ્ઞાયોગવાળા આત્મા અને ચિત્તયુક્ત હોય,તેવા આત્માઓને અતિઘોર કર્મ પણ તે ભાવથી ફળ આપનાર થતું નથી." આ ગ્રંથથી સર્વકર્મનો ઉપક્રમ કારણપણે સામાન્યથી જણાવેલો છે. એટલે તે અહિં અનિયત સ્વભાવવાળા કર્મ-સ્વરૂપમાં જાણવું આજ્ઞાયોગથી સ્વફલને સાધી આપનાર ઉપક્રમ સ્વરૂપ કર્મ સફલ થાય છે. (૩૪૦)

## કર્મસંજ્ઞાવાળા દૈવ અને આત્મવીર્ય પુરૂષાકારની સમાનતા

હવે અહિં જેનો અધિકાર ચાલે છે, તે કર્મસંજ્ઞાવાળા દૈવ અને આત્મવીર્યપુરુષકારની સમાનતા જણાવતાકહે છે –

૩૪૧ - દૈવ ભાગ્ય-કર્મ તેમ જ પુરુષકાર-વીર્ય-સામર્થ્ય-ઉદ્યમ આ બંને જુદા જુદા પર્યાયવાળા શબ્દો જેને દૈવ અને પુરુષકાર તરીકે અહીં કહેલા છે,તેઓ બંને કર્મના ઉપક્રમ થવાના કારણે સમાન છે. કારણ કે, તે બંને સમાન સામર્થ્યવાળા છે અને સર્વ કાર્યમાં તે બંનેને આધીન છે. જો સમાન ન હોય અને વિપરીત હોય, તો નક્કી તેનું કંઈપણ ફલ મળતું નથી. જો એકને આધીન કાર્ય હોય તો બીજાને વંધ્યાપુત્રની જેમ નિષ્ફલ ભાવથી અવસ્તુ સ્વરૂપ માનવું પડે. માટે બંનેના સહયોગથી ફળ-પ્રાપ્તિ થાય છે. (૩૪૧) આ દૈવ અને પુરુષકારક બંનેના સ્વરૂપને કહે છે : -

૩૪૨ - કાષ્ઠ, પાષાણ, આમ્ર વગેરેમાં જેમ પ્રતિમા, દેવકુલિકા, પાકવું વગેરે સાધ્ય વસ્તુઓ વિચિત્ર સ્વરૂપવાળી હોય છે, તેમાં યોગ્યતા સમાન એવું આ દૈવ-કર્મ છે. બુદ્ધિશાળી લોકો તે દૈવને પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, આગમ પ્રમાણથી પ્રતિષ્ઠિત છે - એમ વિચારે છે તે જ પ્રમાણે સુતાર, કડિયા, ખેડૂતો વગેરે પ્રતિમા, મંદિર, ધાન્ય ઉગવું એ વગેરે ફલાનુસારતે તે પદાર્થોની યોગ્યતાનો નિર્ણય કરે છે. ખેડૂતો મગઅડદ, વગેરે ધાન્યના અંકુરાદિકં થશે-તેવો નિર્ણય કરે છે અને કાર્યની યોગ્યતા જાણે છે, તેમ દિવ્યદૃષ્ટિવાળા ભાવિ ફલ યોગ્ય એવા કર્મનો દૈવનો સાક્ષાત નિર્ણય કરે છે. બીજા કેટલાક તેવા તેવા સારા-માઠા શકુન-શબ્દોના ઉપાય દ્વારા દૈવનો નિર્ણય કરે છે. આ પ્રમાણે દૈવનું લક્ષણ કહ્યું. (૩૪૨)

હવે 'ભાવોની યોગ્યતા અનુસાર પોતાના કર્મનું ફળ મળશે. વચનમાં નિરર્થક અન્તર્ગડુ-રસોળી સરખા કલ્પેલા પુરુષકારને લાવાની શી જરૂર છે ?' એમ શંકા કરતા પુરુષકારનું સમર્થન કરતા તેનું લક્ષણ કહે છે –

૩૪૩ - 'પ્રતિમા વગેરે આકૃતિ બનાવી શકાય તેવા દલભાવને પામેલા કાષ્ઠાદિકમાં નક્કી જ તેમાંથી પ્રતિમાદિ થશે' એવો નિયમ નથી. પરંતુ કોઈક તેવા કાષ્ઠાદિકમાં પુરુષાકાર કર્યો હોય, તો જ પ્રતિમાદિ તૈયાર કરી શકાય છે. વળી એમ ન બોલવું કે - "સર્વ ભાવોની શક્તિઓ કાર્ય અને અર્થાપત્તિ દ્વારાજાણી શકાય છે, કાર્યના અનુદયમાં યોગ્યતા છે - એમ તો જાણી શકાય છે. તેની શંકાના સમાધાનમાં કહે છે કે - 'યોગ્યપણે સંભાવિત પદાર્થોનું અયોગ્યપણું થતું નથી. અયોગ્યતાના લક્ષણથી વિપરીત હોવાથી વ્યવહારમાં ફલના અનુદયથી કારણ ને અકારણપણે વ્યવહાર કરતા કે બોલતા નથી. યોગ્ય અને અયોગ્ય બંનેના લક્ષણો જુદાં છે, તે વાત રૂઢ પ્રચલિત છે. જ્યારે જો આમ છે. તો શુભ કે અશુભ કાર્યની અનુકૂળતા રૂપેરહેલ દૈવ આ સ્વરૂપવાળું છે, તો પછી ત્યાં પુરુષકાર કેવા સ્વરૂપવાળો પ્રવર્તે છે ? તેના સમાધાનમાં કહે છે કે - પ્રતિમા ઘડવાની અને તૈયાર કરવાની ક્રિયા સરખો પુરુષકાર છે. જેમ કે, પ્રતિમા ઘડવા લાયક કાષ્ઠ હોય, પણ પોતાની મેળે તે પ્રતિમાપણે પરિણમતો નથી, પરંતુ પ્રયત્ન કરવામાં આવે - પુરુષાર્થ કરવામાં આવે, તો જ પ્રતિમાપણે કાષ્ઠ પાષાણ તૈયાર થાય છે. એ પ્રમાણે પુરુષકારની અપેક્ષાએ દૈવ પણ સફળનું કારણ કહેલું છે. (૩૪૩) અહિં પ્રતિપક્ષમાં બાધા કહે છે –

૩૪૪ - કાષ્ઠ પોતે જ પ્રતિમાની રચના કરે છે, જો તેમ થાય તો સર્વ કાષ્ઠો (સર્વ પાષાણો) પ્રતિમાપણે થવા જોઈએ, પરંતુ એમ તો થતું નથી. અને જે તમે કહો છો કે - કોઈપણ કાષ્ઠે પ્રતિમાપણે થવું ન જોઇએ, ત્યારે જે યોગ્ય કાષ્ઠ છે,તે પણ અયોગ્ય કરી જશે. પરંતુ એમ તો છે નહિં. (૩૪૪)

ભલે એમ થાવ તો કયો દોષ છે ? તેના સમાધાનમાં કહે છે –

૩૪૫ – યોગ્ય પદાર્થને અયોગ્યકહેવો - એ શિષ્ટપુરુષોનો વ્યવહાર નથી. જેથી યોગ્યમાં યોગ્યનો વ્યવહાર કરવો ઉચિત છે, એટલેકે આ પ્રતિમાને યોગ્ય કાષ્ઠ છે - એવા પ્રકારના શબ્દજ્ઞાનની પ્રવૃત્તિરૂપ, વ્યવહાર લાકડામાં થાય છે કદાચ કોઈક કારણથી પ્રતિમા

ઉત્પન્ન થયેલી ન હોય, તેમાં કોઈક કારણથી પુરુષકારની ખામીના કારણે ઉત્પન્ન ન થવા છતાં, તેમાં=લાકડામાં બાલ, સ્ત્રી વગેરે આ પ્રતિમાની યોગ્યતાનો વિરોધ વગર સ્વીકાર કરે છે. એટલે તેમને આમાં પ્રતિમાની યોગ્યતા છે એવું વગર આનાકાનીએ જ્ઞાન થઈ જાય છે. (૩૪૫)

૩૪૬ - આ પ્રમાણે બીજાએ સ્થાપન કરેલ અપ્રતિમા વિષયક પક્ષની જેમ આ ચિત્રપ્રકૃતિવાળા દૈવનામથી ઓળખાતા કર્મ ભાગ્ય જ પોતાના ફલને સંપાદન કરે, એટલે કે, 'ભાગ્ય છે, તે જ પ્રત્યેક કાર્યને સમીપવર્તી કરે છે, તેમાં ઉદ્યમની જરૂર રહેતી નથી' તેમ તમે કહો છો. ગળે પકડેલા તેવા પ્રકારના કિંકરને જેમ કરાવીએ તેમ કરે છે, તેમાં પુરુષકારની જરૂર નથી.

અધ્યવસાયના ભેદથી જે દાન આદિ ક્રિયાઓમાં શુભ કે અશુભ આદિનો ભેદ થાય છે, તે ન થવું જોઈએ. અધ્યવસાય તે પુરુષકાર જ છે. જે લોકો એમ કહે છે કે, સર્વ કાર્ય પ્રવૃતિ જ કરે છે, પુરુષ કોઈ કાર્ય કરતો જ નથી, તેના મતના અનુસારે બધું કાર્ય ભાગ્યથી જ થાય છે. પુરુષકાર કોઈ કાર્ય કરતો નથી. ત્યારે આ દાનાદિ ક્રિયાઓમાં અધ્યવસાયના ભેદથી જે પુણ્ય-પાપનો ભેદ છે, તે ન થવો જોઈએ. તે માટેપ્રાચીનશ્લોકાર્થ કહે છે - "અભિપ્રાયનું ફલ ભિન્ન થાય છે. જો કાર્ય સમાન થાય તો પણ, માટે કૃષિકર્મમાં જેમ પાણી પ્રધાન છે, તેમ કાર્યમાં પુરુષકાર અથવા અભિપ્રાયરૂપ માનસ-પુરુષકાર તે મુખ્ય કારણ છે." (૩૪૬) ફરી પણ પરમતની આશંકા કરી તેનો પરિહાર કરે છે –

૩૪૭ - ભાવી જે અધ્યવસાય છે, તેને અનુકૂલ જ કર્મ શુભાનુબંધી અભિપ્રાયને ઉત્પન્ન કરે છે. અર્થાત્ શુભ-અશુભાનુબંધી અભિપ્રાયનું કારણ કર્મ છે. ત્યારે આ પણ કહી શકાય કે, 'પુરુષકારક પણ એવું જ છે. આ પુરુષકાર કર્મથી જે ફલ પ્રાપ્ત થાય છે, તે પુરુષકારક જ ફલ આપે છે અને ફલ આપનાર કર્મને પણ તે જ લાવે છે.' જો એમ કહેવામાં આવે તો અમે પણ એમ જ કહીએ છીએ. પુરુષકારના કર્મના કારણે વિચિત્ર સ્વભાવ થાય, ત્યારે કર્મ પુરુષકારના કારણે ફલ આપવામાં ઉદ્યત થાય છે, અથવા તેનો નાશ થાય છે, આ વસ્તુ જો કહેવામાં આવે તો શું દોષ છે ? જેમ કાર્મવાદીના મતનાં કર્મ જ કાર્ય કરનાર છે અને પુરુષકાર તેનાથી લાવેલ છે, કોઈ ફલ આપનાર નથી, તેમ જો પુરુષકારવાદી બોલે - ''આ પુરુષકારક જ આવા સ્વભાવવાળા હોવાથી કર્મથી ઉત્પન્ન શુભ-અશુભ ફલને લાવશે, કર્મથી કોઈ વસ્તુ સાધ્ય નથી' ત્યારે તેમાં શું દોષ છે ? (૩૪૭)

૩૪૮ - હવે કેવલ કર્મવાદીના મતમાં અનાદિ સંતાનરૂપ પરંપરાના કારણે પૂર્વવર્તી જે કર્મ છે, તે ભાવી કાળમાં જે કર્મ ઉત્પન્ન થશે, તેના સમાન છે - એમ કર્મવાદીને બોલવું પડશે. જેપરંપરાથી કારણો થાય છે, તે ભાવી કાર્યની ઉત્પત્તિમા અનુકૂલ થાય, તો જ કાર્યની ઉત્પત્તિ કરી શકે છે - એમ વિદ્વાનો વિચાર કરે છે. કર્મની જેમ પુરુષકારમાં પણ પુરુષકારવાદી-એમ કહી શકે છે કે, 'પુરુષકારની પરંપરામાં પૂર્વવતી જે પુરુષકાર છે. તે ભાવી કાળમાં ઉત્પત્તિવાળા પુરુષકારની સમાન છે.' આ પક્ષમાં કોઈ દોષ આવી શકતો

નથી, ન્યાય-યુક્તિ બંને પક્ષમાં સમાન છે. ત્યારે પુરુષકારથી જ વાંછિત ફલની સિદ્ધિ થશે. કર્મથી શું લાભ છે ? (૩૪૮)

આ પ્રમાણે દૈવ અને પુરુષકારના પ્રત્યેક પક્ષના દોષ કહીને સિદ્ધાંતને કહે છે –

૩૪૯– ભાગ્ય અને પુરુષકાર બંને પરસ્પર સહાયક થઈને કાર્ય ઉત્પન્ન કરવાના સ્વભાવવાળા છે. ન્યાયના જાણકારોએ આ જ સ્વભાવ માનેલો છે. તેથી બુદ્ધિમાનોએ આ પક્ષ સ્વીકારવો જોઈએ. તથા લોકમાં આ વ્યવહારજોવાય છે કે 'આ ભાગ્યથી કરેલું છે અને પુરુષકારથી કરેલું છે, તે પણ બંનેના પ્રધાન અને ગૌણ ભાવથી ઉત્પન્ન થયેલા છે. (૩૪૯) પ્રધાનગુણને જ વિચારતા કહે છે કે -

૩૫૦ - ટૂંકા કાળમાં ઉગ્ર રસપણે જે શાતાવેદનીયાદિ કર્મ પહેલાં ઉપાર્જન કર્યું અને ફળપણે પ્રાપ્ત થયું, તેને લોકો દૈવપણે પ્રાપ્તકર્યું કહે છે જેમ કે, લોકોમાં રાજસેવા કરવા રૂપ પુરુષકારથી એમ કહેવાય છે, તેનાથી વિપરીત અર્થાત્ બહુ પ્રયાસથી પરિણમે છે, તે પુરુષકારક કહેવાય છે. (૩૫૦)

૩૫૧ - અથવા અલ્પકર્મની સહાયતાથી યુક્ત જે પુરુષ-પ્રયત્ન, તે પુરુષકાર અને બહુકર્મની સહાયતાથી યુક્ત જે પુરુષકાર, તે દૈવ બહુ પ્રયત્નની સહાયતાથી જ્યાં કર્મ ફલ આપે છે, તે અલ્પપ્રયત્ન-દૈવ કહેવાય છે. જ્યાં પૂર્વકર્મની સત્તા અલ્પ છે, પુરુષયત્ન ઘણો છે. તે પુરુષકારથી સાધ્ય કહેવાય કે, જ્યાં કાર્યની સિદ્ધિમાં પુરુષયત્ન બહુ છે. તેનાથી વિપરીત તે દૈવકૃત કહેવાય. આગલી ગાથામાં અલ્પ પ્રયાસની સહાયથી ફલ મેળવાતું હતું, તે દૈવ કહેલું છે. તેથી વિપરીત તે પુરુષકાર કહેવાય છે. અહિં તો પુરુષકાર અલ્પકર્મ સહાયતાવાળો હોય, તેને જ કહેલો છે. બહુ કર્મની સહાયતા યુક્ત હોય,તેવો જે પુરુષકાર તે દૈવ કહેવાય. આ પ્રમાણે પ્રજ્ઞાપનાનો તફાવત સમજવો. (૩૫૧) આ જ અર્થ ઉદાહરણથી સિદ્ધ કરતા કહે છે –

## ભાગ્યઉપર પુણ્યસાર અને વિક્રમસારની કથા

૩૫૨ થી ૩૫૬ - પર્વત સરખા ઉંચા મનોહર દેવભુવન સમાન ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં અતિમહાન શત્રુપક્ષના મદનો ચૂરનાર હોવાથી ઉપાર્જન કરેલો ઉજ્જવલ યશવાળા પુણ્યયશનામના રાજા હતા. તેને સૌભાગ્ય અંગવાળી પ્રિયા હતી.રાજ્યોચિત વ્યવસાય કરતાં તેઓનો સમયપસાર થતો હતો. તે નગરમાં પુણ્યસાર નામનો ધનપ્રતિ(ધનાઢ્ય) ભાનો પુત્ર, બીજો વિક્રમ વણિકનો વિક્રમસાર નામનો પુત્ર હતો. અનેક વિદ્યા-કળા મેળવ્યા પછી તેઓ પૂર્ણ તરુણપણાને પામ્યા, ત્યારે ધન મેળવવાની અભિલાષવાળા બંને એમ ચિંતવવા લાગ્યા - 'જો પૂર્ણ તારુણ્ય મેળવ્યા પછી લક્ષ્મી ઉપાર્જન કરવાનો પ્રયત્ન ન કરીએ, તો તેવા અનાર્ય ચરિત્રવાળાનો પુરુષાર્થકયો ગણાય ? ત્યાં સુધી જ ઉત્તમ કુલ ગણાય ત્યાં સુધી જ યશ મેળવેલો ગણાય અને ત્યાં સુધી જ તેનું અખૂટ સૌભાગ્ય ગણાય કે, જ્યાં સુધી જેની લક્ષ્મી દાનાદિક ક્રિયામાં વપરાયા કરે છે. પરાક્રમ રૂપ પર્વત સરખા દેશાન્તરમાં આરોહણ કરીએ, તો પછી લોકોને વલ્લભ એવી લક્ષ્મી આપણને દુર્લભ નથી. પુણ્યસારે સાર્થ સાથે પ્રયાણ કર્યું

અને પ્રથમ પડાવ નાખ્યો, એટલામાં તેના ભાગ્યયોગે ક્ષણવારમાં મહાનિધિ પ્રાપ્ત થયો. તે ગ્રહણ કરીને ઘરે આવ્યો. ત્યાર પછી તેનાં ઉચિત કાર્યો કરવામાં લાગી ગયો. બીજો વિક્રમસાર તો સમુદ્રમાં મુસાફરી કરી ધનોપાર્જન કરી કેટલાક કાળ સુધી જીવને હોડમાં મૂકીને પોતાના ઘરે પાછો ફર્યો અને પોતાના ધનને ઉચિત ક્રિયામાં વાપરવા લાગી ગયો. નગરમાં એવી વાત વહેતી થઈ કે, 'એક પુણ્યશાળી પુરુષ સમગ્ર મનોવાંછિત લક્ષ્મી-સમૃદ્ધિ મેળવી સુખી થયો છે, વળી બીજો પુરુષ ભયંકર સમુદ્રની લાંબી મુસાફરી કરી, અઢળક ધન-સમૃદ્ધિ પ્રાપ્ત કરીને પોતાના બંધુઓમાં અતિગાઢ સ્નેહવાળો બની તેમની સાથે ભોગો ભોગવે છે. આ બેની અંદર પહેલો સજ્જડ અસ્ખલિત ભાગ્યશાળી છે અને બીજો પણ તેવો સજ્જડ પુરુષાર્થવાળો છે.રાજાના કાને આ વાત આવી, એટલે કૌતુકથી તેણે પણ તેમને રાજસભામાં બોલાવ્યા અને પૂછયું કે, 'આ લોકપ્રવાદ સાચો છે કે ફેરફાર છે ?' પ્રત્યુત્તર મળ્યો કે, 'હે દેવ ! ઘણે ભાગે લોકપ્રવાદ ખોટો હોતો નથી.કારણ કે, અતિગુપ્ત કાર્ય પણ એકદમ પ્રકાશમાં આવતાં વાર લાગતી નથી. રાજાને પોતાને આ વિષયની ખાત્રી કરવા ઈચ્છા થઈ, એટલે પ્રથમને એકલાને પોતાને ત્યાં ભોજન કરવા માટે આમંત્ર્યો.

રસવતી બનાવનારા રસોઈયાને રાજાએ કહ્યું કે, 'આજે તમારે રસવતી તૈયાર ન કરવી. કારણ કે, આજે તો તેના પુણ્યયોગથી ભોજન કરવું છે. જ્યારે ભોજન સમય થયો, એટલે દેવીએ એક વૃદ્ધપુરુષને રાજાપાસે વિનંતિ કરવા મોકલ્યો કે, આજે તમારે દેવીને ત્યાં ભોજન કરવા પધારવું. શા માટે ? તો કે આજે હમણાં જ જમાઈ તેમના નગરથી આવેલા છે અને તેને માટે સૂપ-ઓદનાદિક સર્વ ભોજન સામગ્રીઓ તૈયાર કરી છે. હે દેવ ! આપ પધારશો, એટલે તેની સાથે ભોજન કરતાં તે સૌભાગ્ય મેળવશે.' તો અતિ સ્વસ્થતાથીદરેકે ભોજન કર્યું. બીજાને પછીના દિવસે નિમંત્ર્યો અને સર્વ રસોયાને કહ્યુ કે, 'આજે સર્વ પ્રકારની રસવતીઓ તૈયાર કરજો.' તેઓએ પણ આદરથી જલ્દી રસોઈ તૈયાર કરી. ભોજન-સમયે દરેક ભાણા ઉપર આવીને બેસી ગયા. ભાણામાં ભોજન પીરસાવવાનું શરૂ થયું, તે સમયે રાજકન્યાનો આમલક પ્રમાણ મોટા મોતીનો અઢાર સેરવાળો હાર વગર-નિમિત્તે તૂટી ગયો. દીનવદનવાળી રુદન કરતી તે રાજકન્યા તરત પિતા પાસે આવીને કહેવા લાગી કે - 'પહેલાં હમણાં જ આ હાર પરોવી આપો, તે સિવાય હું ભોજન નહિં કરીશ' એમ કહ્યું, એટલે જેટલામાં રાજા જ્યાં વિક્રમસારના મુખ તરફ નજર કરે છે, તેટલામાં ભોજનકાર્યનો ત્યાગ કરી તેના પર લક્ષ્ય આપી નવા સૂતરના તંતુઓ તૈયારકરી ક્ષણવારમાં હાર પરોવી આપ્યો. ત્યાર પછી બંનેએ યથાસ્થિતિ વિધિથી સુખપૂર્વક ભોજન કર્યું. રાજાએ વિચાર્યુ કે, 'જનપ્રવાદ એ સાચો જ નીવડ્યો.' (૨૮) (ગ્રન્થાગ્ર ૭૦૦૦)

હવે સંગ્રહગાથા અક્ષરાર્થ કહે છે ' અહીં દૈવ અને પુરુષાર્થના ગુણોમાં પ્રધાન ભાવમાં પુણ્યસાર અને વિક્રમસાર નામના બે વણિકપુત્રો હતા. નિધિ પ્રાપ્ત થયો અને સમુદ્રતરણ દ્વારા ધન મેળવ્યું, એ પ્રમાણે બંને સુખી થયા, તેમ જ વગર કલેશે સુખવાળા થયા, તેમાં પ્રથમ દૈવ-ભાગ્યની પ્રધાનતાવાળો દીન -અનાથાદિને દાન અને પોતે કુટુંબ-સહિત વસ્ત્ર, તામ્બૂલ

વગેરેનો ભોગવટો તે નિધાનના પ્રભાવથી કરતો હતો. બીજો સમુદ્ર ઉલ્લંઘીને મહેનત-મજૂરી રૂપ પુરુષાર્થ કરીને ધન મેળવી લાવ્યો અને તે ધનથી પુણ્યસારની માફક વિક્રમસારે પણ દાન અને ઉપભોગમાં તે ધનનો ઉપયોગ કર્યો, આ વૃત્તાન્ત રાજાએ સાંભળ્યો, એટલે તેઓ પૂછ્યું કે, 'લોકોનો આ પ્રવાદ સાચો છે ?' તેઓએ પ્રત્યુત્તર આપ્યો કે, 'તે વાત યથાર્થ છે.' ત્યાર પછી રાજા અને બીજા મનુષ્યોએ પ્રવાદની પ્રતીતિ -ખાત્રી કરવા માટે રાજાએ પરીક્ષા કરવાનું નક્કી કર્યું. પ્રથમ પુણ્યસારને એકલાને ભોજન કરવાનું નિમંત્રણ આપ્યું. ત્યારે વગર પ્રયાસે સહેલાઈથી સર્વ પ્રકારના ભોજનનો યોગ અનાયાસે પ્રાપ્ત થઈ. તે પુરુષાર્થ ક્યો ? તો કે, રાજપુત્રીનો હાર તૂટી ગયો, એટલે રુદન કરવા લાગી, તેને હાર પાછો પરોવી આપવા રૂપ પુરુષાર્થ કરવાથી તેના પુરુષાર્થની ખાત્રી થઈ. (૩૫૨ થી ૩૫૬)

આ પ્રમાણે લૌકિક દૈવ-પુરુષાર્થનાં ઉદાહરણ કહીને હવે તેવા લોકોત્તર ઉદાહરણ કહે છે –

પૂર્વના ઉદાહરણની અપેક્ષાએ હવે લોકોત્તર ઉદાહરણમાં શાસ્ત્રપ્રસિદ્ધિ પહેલા - છેલ્લા એવા ભરત અને બ્રહ્મદત્ત ચક્રવર્તીના ઉદાહરણો જાણવાં, સ્નેહ-સંગની સાંકળ તોડનાર ભરતનું ઉદાહરણ પ્રગટ છે. આ જ કારણે હરિભદ્રાચાર્યે માત્ર નામ સૂચવી વ્યાખ્યાનો અનાદર કર્યો છે, છતાં સ્થાન શૂન્ય ન રહે, તે માટે વિવરણકાર કંઈક કહે છે.

## ભરત ચક્રવર્તી

શ્રીઋષભદેવ ભગવંતના મોટાપુત્ર, ભરતભૂમિના સ્વામી, પરાક્રમથી શત્રુપક્ષને જિતીને મેળવેલા નિરવદ્ય સામ્રાજ્યવાળા ભરત મહારાજ હતા. નવનિધિના સ્વામી, અખૂટ સૌભાગ્યવાળા, અસ્ખલિત માનવવાળા,ચોસઠ હજાર મનોહર સુંદરીઓના સ્વામી હતા. આદર પૂર્વક નમ્ર મહાભક્ત સામંતોના હજારો મસ્તકોમાંથી સરી પડતા પુષ્પ-સમૂહથી હંમેશાં અર્ચન કરાતા ચરણ-કમળવાળા, તેઓએ છલાખ પૂર્વસુધી રાજ્યલક્ષ્મીનો ભોગવટો કરી, કોઈક સમયે શ્રેષ્ઠ આભૂષણાદિકનો શૃંગાર સજી, સ્ફટિક પાષાણમાંથી ઘડીને તૈયાર કરેલા અતિમનોહર આરિસાભુવનમાં પોતાના શરીરની શોભા દેખવા માટે પ્રવેશ કર્યો. કલ્પવૃક્ષની જેમ પોતાને પણ શોભા-સમૃદ્ધિવાળા જોયા. જેટલામાં પોતાના હસ્તની એક અંગુલિકામાંથી એક આભૂષણ સરી પડ્યું. તે વખતે શોભા લગાર ઓછી થઈ, એટલે ભરત મહારાજા આમ ચિંતવવા લાગ્યા કે, નક્કી આ શરીરની પોતાની શોભા ઓછી થઈ નથી, પરંતુ હાથની આંગળી આ આભૂષણથી ઓછી થઈ, તેથી મુદ્રિકાથી આ આંગળીની શોભા છે. માટે આવાં બહારનાં આભૂષણોથી કરેલી શરીરની શોભાથી સર્યું. એમ ક્રમે ક્રમે દૃઢ વૈરાગ્યવાળા તેણે આભૂષણો છોડવાનો આરંભ કર્યો. વળી ભાવના ભાવવા લાગ્યાકે, 'આ રાજ્યલક્ષ્મી સખત પવનના ઝપાટાથી ડોલાયમાન મેઘસમાન અસ્થિર-તુચ્છ અને છેવટે વિચ્છેદ પામવાના ફલવાળી છે, તો હવે મને તે રાજ્યલક્ષ્મીની જરૂર નથી. અહિં શુદ્ધ પરિણામમાં જ્યારે વર્તતા હતા,ત્યારે પ્રથમ સંયમ-સ્થાનક પામ્યા અને ક્રમે ક્રમે તે કેવલજ્ઞાન પામ્યા. અસંખ્યાતા લોકપ્રમાણવાળા સંયમ-સ્થાનકો વિષે જે પ્રથમ સ્થાન પામે, તે વૃદ્ધિ પામતા પરિણામવાળા

ક્ષણવારમાં સંયમશ્રેણિના મસ્તકે પહોંચીને ભરત ચક્રવર્તીની જેમ કેવલજ્ઞાન મેળવનાર થાય છે. આ હીકકત કલ્પભાષ્યમાં કહેલી છે. ત્યાર પછી ગૃહસ્થલિંગનો ત્યાગ કરી વિશિષ્ટ મુનિવેષ ધારણ કનાર થયા. ઈન્દ્ર મહારાજાએ પોતે તેમનો પ્રગટ કેવલમહોત્સવ કર્યો. દેવતાએ નિરમાણ કેરલા પદ્મકમળના આસન પર બેસી તે જિનેશ્વરની જેમ પર્ષદામાં નવીન મેઘ સમાન ગંભીર સ્વરથી ધર્મ કહેવા લાગ્યા. એક લાખ ખંડ પૂર્વ સુધી પૃથ્વીમાં વિચરીએ તે અષ્ટાપદ નામના પર્વત ઉપર સર્વ કર્મરજને ખંખેરીને સિદ્ધિ પામ્યા. (૧૫)

## બ્રહ્મદત્ત ચક્રવર્તી

જન્માંતરમાં કરેલા નિયાણાનું ફલ જે અહીં બ્રહ્મદત્ત ચક્રવર્તીનું સંભળાય છે, તે આ પ્રમાણે જાણવું કે- સાકેત નામના નગરમાં શ્રાવકોલોકના મુગટ સમાન, નિર્મલ ન્યાયમાર્ગમાં રહેલો ચંદ્રાવતંસક નામનો રાજા હતો. તેને સુપવિત્ર ચિત્તવાળો, કામભોગથી કંટાળેલો મુનિચંદ્ર નામનો પુત્રહતો, તે સાગરચંદ્રની પાસે દીક્ષા અંગીકાર કરી તીક્ષ્ણપણે પાલન કરતો હતો. ગુરુકુળવાસમાં રહેલા, તે તે દેશોમા વિહારકરતા કરતા તેણે કોઈક સમયે ભિક્ષા માટે ગામમાં પ્રવેશકર્યો. તે સમયે સાથે હતો, તે અટવીમાં આગળ ચાલ્યો ગયો, એટલે ભયંકર અટવીમાં ભૂલો પડ્યો. ભૂખ-તરશની પીડા સહન કરતો રહેલો હતો, તે જગંલમાં ચાર ગોવાળના પુત્રો તેના પ્રત્યે ભક્તિ-બહુમાનવાળા થયા, તેની દેશનાથી પ્રતિબોધ પામી દીક્ષા અંગીકાર કરી. તેમાંથી બે મહોદોયના કારણે ધર્મની દુર્ગંછા કરીને મૃત્યુ પામી દેવલોકે ગયા. ત્યાંથી ચ્યવીને દશપુરનગરમાં સાંડિલ્ય નામના બ્રાહ્મણની યશોમતી દાસીના યુગલરૂપે બે પુત્રોપણે ઉત્પન્ન થયા. અનુક્રમે યૌવનવય પામ્યા. ધાન્ય-પાકેલા ખેતરોનું રક્ષણ કરવા માટે ગયા.ત્યાં રાત્રે એક વડવૃક્ષની નીચે સૂઈ ગયા, ત્યારે વૃક્ષની બકોલમાંથી નીકળી એક સર્પે તેને ડંખ માર્યો. તેને શોધવા માટે બીજો ફરતો હતો,ત્યારે તે જ સર્પ વળી તે જ ક્ષણે તેને પણ ડંખ્યો. તેનો પ્રતિકાર કર્યા વગરના તે બંને મૃત્યુપામીને કાલિંજર નામના ઉત્તમ પર્વતમાં યમલપણે મૃગલીના બચ્ચા થયા. પૂર્વભવના સ્નેહવાળા તેઓ નજીક નજીક વનમાં ચરતા હતા, ત્યારે કોઈક શિકારીએ એક બાણ મારીને બંનેને મૃત્યુ પમાડ્યા. ત્યાર પછી મૃતગંગાના કિનારા વિષે તે બંને એક હંસીની કુક્ષિમાં યુગલપણે હંસરૂપે જન્મ્યા. ત્યાં યૌવન પામેલાને એક માછીમારે જાળમા ફસાવ્યા અને પકડીને તેમની ડોક મરડી નાખી મૃત્યુ પમાડ્યા. ત્યારપછી વારાણસી નગરીમાં ભૂતદિન્ન નામનો ચંડાળનો અધિપતિ હતો,તેના બંને પુત્રો થયા. તેઓ પરસ્પર અત્યંત સ્નેહપૂર્ણ ચિત્તવાળા હતા. તેમનાં નામો અનુક્રમે ચિત્ર અને સંભૂત હતાં. તે વખતે ત્યાં શંખ નામનો રાજા અને નમુચિજ નામનો તેને પ્રધાન હતો. કોઈક તેવા અપરાધના કારણે નમુચિને ભૂતદિન્નને વધ-શિક્ષા માટે સોંપ્યો. પરંતુ ચંડાલ વિચાર કરવા લાગ્યો કે, 'આવેશમાં આવી રાજાએ મૃત્યુની શિક્ષા કરી છે, પરંતુ આ મારવા યોગ્ય નથી.' એમ ધારી એને ગુપ્તપણે સંતાડી રાખ્યો, તે એટલા માટે કે, 'તું ભોંયરામાં રહીને મારા પુત્રોને કળાઓ ભણાવ, તો તું જીવતો રહી શકીશ, નહિતર તારું જીવન સલામતનથી.' પોતાનું કુલ-જાતિ-વિજ્ઞાન, વિજ્ઞાનનુ પાર પામવાપણું આ સર્વની અવગણના કરી પોતાના

જીવિતના અર્થીએ તે જ ક્ષણે તે વાત સ્વીકારી લીધી.ત્યાર પછી ભૂતદિન્ન ચંડાળનાપુત્રોને કળાઓ ગ્રહણ કરાવતાં દિવસો પસાર થતા હતા. તે દરમ્યાન ભૂતદિન્નના જાણવામાં આવી ગયું કે, 'આ નમુચિ સાથે આડો વ્યવહાર કરીને મારી પત્ની વિનાશ પામી છે.' ચંડાળને સહજમાં ઉત્પન્ન થતો કોપ આ કારણે પ્રચંડ કોપ ઉત્પન્ન થયો. પુત્રો સમજી ગયા કે, 'આપણને ભણાવનારને પિતા મારી નાખશે' એમ ધારી પુત્રોએ ખાનગી સંકેત કરી તેને નસાડી મૂક્યો.ત્યાંથી તેહસ્તિનાપુર નગરમાં સનત્કુમાર રાજાનો મંત્રી થયો અને પોતાના બુદ્ધિબળે સર્વ મંત્રીઓમાં પ્રધાનમંત્રી બન્યો.

હવે પેલા ચંડાલના બંને પુત્રો યૌવન, લાવણ્ય, રૂપાદિક ગુણોવડે તેમ જ નાટક, સંગીત, વાજિંત્ર વગેરે કળાના સમૂહથી નગરીના લોકોને અતિશય આનંદ પમાડનારા થયા. હવે કોઈક વસંત -મહોત્સવ સમયે નગરની અંદર વિવિધ પ્રકારની રાસમંડલીઓ તેમ જ નૃત્ય કરનાર નર-નારીનો સમુદાય નૃત્ય,સંગીત વગેરે આનંદ-ક્રીડાઓ કરતા હતા. ત્યારે ચંડાળોએ પણ આ બે પુત્રોને આગળ કરી ચંડાળતરુણો પણ સાંભળવા નગરમાં ગયા. બીજી રાસમંડળીને જોતા લોકો આ ચંડાળનાં ગીત-વાજિંત્ર સાંભલી આકર્ષાયા, અને બ્રાહ્મણની સર્વભક્ત મંડળીઓ આ ચંડાળપુત્રોનાં ગીતોમાં પ્રભાવિત થઈ, એટલે ઈર્ષ્યાથી તેઓ રાજાને ફરિયાદ કરવા લાગ્યા કે, 'આ ચંડાળોએ પણ નગરના લોકોને વટલાવી નાખ્યા-અભડાવ્યા' એટલે તેમને નગરીમાં પ્રવેશ કરવાની મના કરી તેમજ માર મારીને બહાર કાઢ્યા. કેટલોક સમય પસાર થયા પછી કૌમુદી નામનો મહામહોત્સવ નગરમાં પ્રવર્ત્યો. એટલે ભૂતદિન્નનાં બંને પુત્રો પોતાના કેટલાક પરિવાર સાથે કુતૂહલ મનવાળા બની રાજાની આજ્ઞા ભૂલી જઈને નગરમાં પ્રવેશ કરી નગરલોકોના પ્રેક્ષણકને જોવા લાગ્યા. જેમ ગોરીના ગીતો હરણ સાંભળે, તેમ આ ચંડાલપુત્રો પણ સાંભળવા લાગ્યા.

હવે વસ્ત્ર વડે પોતાનાં મુખ ઢાંકીને આ ચંડાલપુત્રો પણ સુંદર રાગથી ગીત ગાવા લાગ્યા. તેના ગીતથી આકર્ષિતથયેલ લોક એકદમ એકઠા થવા લાગ્યા. 'અમૃતરસ સરખાં આવાં ગીતો કોણ ગાય છે ?' એમ બોલતા લોકોએ જ્યારે વસ્ત્ર ઊંચું કરી જોયું તો ભૂતદિન્ન ચંડાળના પુત્રો જણાયા. 'મારો મારો, ઠોકો' એમ બોલી તે બ્રાહ્મણ લોકોએ તેઓને નગરમાંથી હાંકી કાઢ્યા, એટલે તેઓ બહારના ઉદ્યાનમાં આવીને રહ્યા. 'આપણા કુળને ધિક્કાર થાઓ કે, જેના દોષથી આપણો કળાકલાપ પણ ધિક્કારપાત્ર અધન્ય બન્યો. હવે આપણા માટે મરણ સિવાય બીજી કોઈ સારી ગતિ નથી.' ત્યાંથી તેઓ દક્ષિણદિશા તરફ ઘણેદૂર દેશાંતરમાં ગયા. ત્યાં એક મોટો પર્વત આવ્યો તેના ઉપર ચડતા ચડતા એક શિલાતલ ઉપર હાથ લાંબો કરીને કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહેલા વિકૃષ્ટ-આકરું તપ કરતા મહામુનિને જોયા. આદર-સહિત તેમને પ્રણામ કર્યા. ધ્યાન પૂર્ણ થતાં અતિમધુર ગંભીર સ્વરથી આદર-સહિત ધર્મલાભના આશીર્વાદ આપ્યા. (૪૦)

આનંદિત થયેલા તેઓને પૂછ્યું કે, 'ક્યા કારણે તમે અહિં આવ્યા છો ?' ત્યારે તેઓએ કહ્યું કે, 'આ પર્વત ઉપર મરણ પામવા માટે. કારણ કે, અમે અમારી સર્વથી અધમ

ચંડાલજાતિથી અતિ ઉદ્વેગ પામ્યા છીએ. જાતિના કારણે મેળવેલા ગુણો પણ અમારે દોષભૂત થયા છે.' મુનિએ તેમને કહ્યુ કે, 'આત્મઘાત કરનારને ભવાંતરમાં પણ કલ્યાણ થતું નથી. તમારો આ મનોરથ સારો કે યુક્ત નથી. સમગ્ર દુઃખરૂપ વ્યાધિને દૂર કરવામાં ઔષધ-સમાન આ જિનેન્દ્રનો ધર્મ છે, માટે કલ્પવૃક્ષ સરખા ઇચ્છિત ઇચ્છાને પૂર્ણ કરનાર આ ધર્મનું સેવન કરો.' ત્યાર પછી તે મુનિવર પાસેથી મુનિ-દીક્ષા પ્રાપ્ત કરી, જે કારણ માટે તેણે તેને ઉચિત ભાવથી આપેલી પાલન કરી. કાલક્રમે કરી તેઓ ગીતાર્થ બન્યા છઠ્ઠ, અઠ્ઠમાદિ તપ કરવામાં તત્પર બન્યા. અનિયત વિહાર કરતા કરતા તેઓ બંને મુનિ ગજપુર નગર ગયા. બહાર ઉદ્યાનમાં સ્થિરતા કરી. માસખમણના પારણાના દિવસે સંભૂતમુનિ નગરની અંદર ભિક્ષા લેવા માટે ગયા. એક ઘરમાંથી ક્રમસર બીજે ઘરે જતાં જતાં ઇર્યાસમિતિ-પૂર્વક માર્ગમાં ચાલતાં નમુચિ નામના પ્રધાનના જોવામાં તે આવ્યો એટલે તેણે આ ચંડાલનો પુત્ર છે-એમ ઓળખ્યો. હવે કદાચ આ મારી જુની વાત અહિં પ્રકાશિત કરે. અપયશ ફેલાય, તેવા ભયથી ગુપ્તપણે પોતાના વિશ્વાસુ દ્વારા પુરુષને મોકલાવ્યા, તે તેને માર મારવા લાગ્યા. એક તો તપથી શરીર શોષાઈ ગયુંહતું, તેવા વગર અપરાધી ચારિત્રવાળા મુનિને મારતા હતા, ત્યારે મુનિ ધર્મકાર્ય વિસરી ગયા અને તેનો કોપાનલ ભભુકયો. (૫)

વર્ષાકાળના પ્રથમ સમયમાં જે પ્રમાણે આકાશમાં શ્યામ મેઘમંડલો શોભે છે, તે પ્રમાણે મુનિના મુખના પોલાણમાંથી નીકળતી શ્યામ ધૂમાડાની શ્રેણિઓ શોભવા લાગી. એટલે પ્રલયકાળના મેઘયુક્ત આકાશતલને નીરખતા બાલવૃદ્ધ-સહિત નગરલોક ક્ષોભ મનવાળા થયા. ત્યાર પછી સનત્કુમાર ચક્રવર્તી વૃત્તાંત જાણી પોતાના પરિવાર સહિત તેમને પ્રસન્ન કરવા માટે આવી પહોંચ્યો. ભાલતલ પૃથ્વી સાથે અડકાડીને પ્રણામ કર્યા, બે હાથ જોડી તેણે વિનંતિ કરીકે, 'મુનિવરો ક્ષમા પ્રધાન ગુણવાળા હોય છે. જો કોઈ અલ્પદ્રોહ કરનારા અનાર્યના વર્તનથી આપનો અપરાધ થયો હોય,તો તેના સરખું વર્તન કરવું આપને યોગ્ય ન ગણાય. જો કોઈ સર્પ કોઈ પ્રકારે કોઈને ડંખે, તો શું તેને ભક્ષણ કરવા માટે મૂઢમનવાળો મનુષ્ય તૈયાર થાય ખરો ?' આ પ્રમાણે બોલીને જેટલામાં રાજા પ્રસન્ન કરતા હતા, તેટલામાં જાણેલા વૃત્તાન્તવાળા ચિત્રમુનિ તરત જ તેમની પાસે આવ્યા અને કહેવા લાગ્યાકે, તમે શાન્ત થવા, સમતા પામો. આ કોપાગ્નિ નિરંકુશ બની ગુણરૂપીવનને સળગાવી નાખી ભસ્મ કરે છે. ક્ષણવારમાં પ્રચંડ ક્રોધ તપ-સંયમને બાળી નાખે છે. જે માટે સૂત્રમાં ભગવંતે કહેલું છે કે - "જેમ વન-દાવાનલ વનવૃક્ષોને ક્ષણવારમાં બાળીને ભસ્મરૂપ કરે છે,તેમ કાયપરિણત જીવ તપ-સંયમને બાળી નાખે છે. તથા કીરમજી રંગથી રંગાએલા સમૂહની જેમ કોઈનો ક્રોધ બહુ નિંદનીય વિસ્તારવાલો થાય છે. ક્રોધ ઉદ્વેગનું કારણ અને ભયંકર દુઃખની ખાણ ક્રોધ છે." એ વગેરે વચનરૂપી વર્ષાની ધારા વરસાવીને તેનો ક્રોધાગ્નિ ઓલવી નાખ્યો, એટલે હવેતે સજ્જડ વૈરાગ્ય પામ્યો. રાજાએ નમુચિ પ્રધાનને બંધાવીને મુનિના ચરણકમળમાં નમાવ્યો દયાપૂર્ણ ચિત્તવાળા મુનિએ તેને મુક્ત કરાવ્યો. તે બંને મુનિ વૈરાગ્યથી અંતસમયે કરવા લાયક ક્રિયાઓની આરાધના કરી રહેલા હતા,ત્યારે કોઈક દિવસ વંદન કરવા માટે રાજા ત્યાં આવ્યા. તે વખતે તેમના ચરણની પર્યુપાસના સેવા કરતા એવા રાજાની પાછળ

રહેલ તે ચક્રવતીનું સ્ત્રીરત્ન પણ આદરથી પ્રણામ કરતાં કરતાં કોઈ પ્રકારે તેના કેશનો અગ્રભાગ પગને સ્પર્શ્યો. તરત જ સંભૂતમુનિ પ્રમાદચિત્તવાળા-મોહચિત્તવાળા થયા. 'જો માત્ર આ સ્ત્રીનો વાળનો અણિનો ભાગ સ્પર્શ કરવાથી આટલો સુખ કરનારો થાય છે, તો તેના સર્વાંગના સમયે કોઈ અપૂર્વ સુખ હોવું જોઈએ.' એમ વિચારતા વિચારતા ચિત્તમાં તેણે આ પ્રકારનો સંકલ્પ એકદમ કર્યો અને નિયાણું કર્યું કે, 'જો મારા તપમાં પ્રભાવહોય,તો તેનાથી હું જન્માંતરમાં આવાં સ્ત્રીરત્નને ભોગવનારો થાઉં.' બીજા ભાઈ ચિત્રમુનિએ ઘણો રોકાયો કે, કોડી માટે ક્રોડને ગુમાવવા તેતારા માટે યોગ્ય નથી. ત્યાંથી મૃત્યુ પામી તેઓ સૌધર્મ દેવલોકમાં નલિનીગુલ્મ વિમાનમાં સૌભાગ્યના સમુદ્ર એવા દેવો થયા. ત્યાંથી ચ્યવેલા તેઓએ આ ભરતક્ષેત્રમાં સંભૂત હતો, તે બ્રહ્મદત્ત નામનો ચક્રવર્તી,તેમ જ જે આગળ ચિત્રમુનિ હતા, તે પુરિમતાલ નામની પ્રાચીન નગરીમાં શેઠપુત્ર થયા ધર્મશ્રવણ કરીને ભવ-કેદખાનાથી એકદમ વિરક્ત બની દીક્ષા ગ્રહણ કરી ક્ષમાધારી ઇન્દ્રિય-દમન કરનાર શ્રેષ્ઠ મુનિ થયા. ત્યાર પછી તે મુનિ કાંપિલ્યપુરમાં બ્રહ્મદત્ત ચક્રવર્તી પાસેઆવ્યા.તેને આગળ કહીશું. તે કારણે જાતિસ્મરણ થયું.

રાજાને એક નટે વિનંતિ કરી કે - 'હે દેવ ! આજે 'મધુકરી' નામના ગીતથી નાટકવિધિથી મારે નૃત્યુ કરવાનું છે. અતિસુંદર ઉદ્ભટ વિવિધ વેષ ધારણ કરીને પોતાના પરિવાર સાથે દિવસના પાછળા સમયમાં નૃત્ય કરવાનું પ્રારંભ્યું. તે દેખીને રાજાપ્રભાવિત ચિત્તવાળો બન્યો. તે વખતે એક દાસી સર્વઋતુનાં સુગંધ પ્રધાન પુષ્પોના બનાવેલ અતિ સુગંધયુક્ત દડાની આકૃતિવાળા સ્થાપન કરેલાં પુષ્પોમા ભ્રમરશ્રેણીઓના ગુંજારવથી મનોહર મોટી પુષ્પમાળા ત્યાં લાવી. એટલે નાટકની વિધિ દેખતો, તેમ જ પુષ્પમાળાની ગંધને સૂંઘતો રાજા જાતિસ્મરણવાળો થયો કે - 'હું પહેલાં નલિનીગુલ્મ વિમાનમાં સૌધર્મ દેવલોકમાં મોટો દેવ હતો. ત્યાં મેં આ સર્વ અનુભવ્યું છે. તે જ ક્ષણે રાજાને મુર્છા આવી, નજીકના લોકે શીતળ જળ અને ચંદનરસથી સિંચ્યો, એટલે ફરી ચેતના આવી. ત્યાર પછી પોતાના પૂર્વભવના ભાઈને શોધવા માટેપોતાના હૃદયભૂત વરધનુ મંત્રીને આજ્ઞા કરી. તે મંત્રીએ પણ લોકોની વચ્ચે તેમ જ ગોવાળિયાઓપાસે જઈને રાજાના ચરિત્રનુંરહસ્ય જણાવનાર એવું પૂર્વાર્ધશ્લોક લખેલ પત્રક સંભળાવ્યું અને રાજકુલના દ્વારભાગમાં લટકાવ્યું. તે આ પ્રમાણે - "પહેલા એકભવમાં અમે દાસ, પછી મૃગો, પછી હંસો, પછી માતંગપુત્રો, પછી દેવો થયા હતા, તથા" આ લખેલા શ્લોકનો ઉત્તરાર્ધ જે પૂર્ણ કરશે, તેને હું અર્ધ રાજય આપીશ. આ અર્ધશ્લોક પત્રમાં લખાવીને રાજકુળના દ્વારમાં રાખ્યું. રાજ્યના અભિલાષી લોકો તેને પૂર્ણ કરવા પ્રયત્ન કરવા લાગ્યા. ત્રણ માર્ગો, ચાર માર્ગો, ચોક વગેરે સ્થળોમાં પત્રમાં લખેલ તે અર્ધશ્લોક ભણતા હતા.

હવે પેલા ચિત્રમુનિનો જીવ તે સાધુ વિચરતાં વિચરતાં જાતિસ્મરણવાળા થયા અને કાંપિલ્યપુરના ઉદ્યાનમાં આવીને રહેલાહતા. ત્યાં અરઘટ્ટવાહક ખેડૂત પત્રમાં રહેલો શ્લોક ભણતો હતો, તે વખતે મુનિએ આ શ્લોક પૂર્ણ કર્યો. તે આ પ્રમાણે 'અન્યોઅન્યવિયોગ પ્રાપ્ત કરેલા એવા આપણી આ છઠ્ઠી જન્મજાતિ છે.' તે સાંભળીને પેલો ખેડૂત તરત જ રાજા પાસે

જઈને બોલવાલાગ્યોકે - 'એક બીજાના વિયોગવાળી આપણી આ છઠ્ઠી જાતિ છે.' એ સાંભળતાં જ મૂર્છા પામવાથી વિકરાલ નેત્રવાળોરાજા એકદમ ભૂમિ ઉપર ઢળી પડ્યો. રાજા આની પાસેથી સાંભળીને તરત મૂર્છા પામ્યા છે. તેથી આ કામ આનું છે-એમ ધારી તેને મારવા લાગ્યા, ત્યારે તેના પરિવારે કહ્યું કે, આ પદો તો સાધુ પાસેથી મળેલાં છે.રાજા સભાન બન્યો અને ઉત્તરાર્ધનો અર્થ વિચારવા લાગ્યો. પૂછ્યું કે, 'તે સાધુ ક્યાં છે ?' હે દેવ ! તેઓ તો મારા ઉદ્યાનમાં છે. રાજા પોતાની સર્વ ઋદ્ધિ સહિત તેમનાં દર્શન કરવા આવ્યા અને સૂર્યને દેખવાથી જેમ કમલવન વિકસિત થાય, તેમ વિકસ્વર મુખવાળો થયો. વંદન કરી નીચે બેઠો. શરુઆતનો સર્વ વૃત્તાન્ત કહ્યો, ત્યાર પછી રાજાએ કહ્યું કે, 'આ સર્વ રાજ્ય સાથે ભોગવીએ આવા પ્રકારની મહારાજ્ય સંપત્તિ મળી છે, તો તેના ભોગકાલમાં આ સાધુપણાની ક્રિયા દુષ્કર કરવી, તે તો કરેલો ધર્મ નિષ્ફલ કરવા જેવો ગણાય.' તે સમયે પ્રત્યુત્તર આપતા મુનિએ 'આ રાજ્યાદિ ભોગવવાનું છેવટનું ફલ નરકાદિક દુર્ગતિમાં પારાવાર દુઃખ સહન કરવા લક્ષણ જણાવ્યું અને 'વિષયો વિષની ઉપમવાળા છે.' તેવી વિષય ભોગોની નિંદા કરી- 'કામ-ભોગો એ શરીરમાં રહેલા શલ્ય સરખા છે, કામભોગો ઝેર સમાન છે, સર્પ સરખા ભયંકરછે, કામભોગોની ઈચ્છા કરનારા વગર ઈચ્છાએ બળાત્કારથી નરકાદિક દુર્ગતિમાં જાય છે. આ ગીત એ વિલાપ સમાન છે, નાટકો એ વિડંબના સરખા છે, આભૂષણો ભારરૂપ છે. સર્વે કામભોગો દુઃખના છેડાવાળા છે, ઉપમાગર્ભવાળી વિવિધ પ્રકારની દેશનાથી ચક્રવર્તીને કંઈક વૈરાગ્ય પ્રાપ્ત કરાવ્યો, ત્યારે તે કહેવા લાગ્યોકે - હે મુનિવર ! તમે જે કહ્યું કે, આ ભોગોનો સંગ કરવાથી દુર્ગતિ થાય છે, તે વાત હુ સમજી શકું છું, પરંતુ અમારા સરખાથી આ જિતવા ઘણા દુર્જય છે.

મુનિ - જો આ ભોગો છોડવા અશક્ત છે,તો હે રાજન્ ! પાપકર્મો ન ઉપાર્જન કર. ધર્મમાં રહેલો સર્વ પ્રજાની અનુકંપા કરનારો થાય છે અને તેમ કરીશ, તો તું દેવ થઈશ. તને હજુ ભોગો છોડવાની બુદ્ધિ થતી નથી, આરંભ-પરિગ્રહોમાં ગાઢ આસક્તિવાળો થયો છે. ખરેખરતારી પાસે આટલું કહ્યું-ઉપદેશ આપ્યોતે ફોગટ ગયો. હેરાજન્ ! તેં આમંત્રણ કરી લાવ્યો, તો હવે હું અહીંથી જાઉં છું.' (૧૦૦) પંચાલના રાજા બ્રહ્મદત્ત ચક્રવર્તીએ તે સાધુનાં વચનને સાંભળીને તેનો અમલ ન કર્યો અને અનુત્તર નરકગતિમાં પ્રવેશ કર્યો.

મહર્ષિ ચિત્રમુનિ તોકામભોગોથી વિરક્ત બની ઉત્તમ ચારિત્ર-તપની આરાધના કરી અનુત્તર સંયમ પાલન કરી, અનુત્તર સિદ્ધિગતિમાંગયા. જે અહિં બીજા બ્રહ્મદત્તે તે નિયાણાથીચીકણાં કર્મો ઉપાર્જન કરી, મિથ્યાત્વ અને ચારિત્રમોહનીય કર્મ બાંધીને તેનાં કારણે દુઃખના માર્ગમાં પ્રવેશ કર્યો. (૧૪) (૩૫૭)

ઉપસંહાર કરતા કહે છે –

૩૫૮ - દૈવ અને પુરુષકારનું સ્વરૂપ વર્ણવવા સ્વરૂપ આ આજ્ઞા માહાત્મ્યના વર્ણનથી હવે સર્યું. બુદ્ધિધન આત્મા હંમેશા કહેલા સ્વરૂપવાળા આજ્ઞાયોગથી સમ્યક્ત્વાદિક સ્વીકાર લક્ષણ ધર્મસ્થાનકોમાં પ્રવૃત્તિકરનારો થાય. તેમાં હેતુ જણાવે છે કે - શુદ્ધ આજ્ઞાનુસારી ધર્માનુષ્ઠાન અલ્પ પણ કરવામાં આવે, તો આગળના દેશવિરતિ આદિ ધર્મસ્થાનકોમાં વૃદ્ધિ

પામતો જાય છે. ૯૩૫૮) એ જ વસ્તુ વિચારે છે -

૩૫૯ - કહેલા લક્ષણવાળા ધર્માનુષ્ઠાન આગળ જણાવીશું તેવા સ્વભાવવાળું એટલેકે, આગળ વિશેષ ધર્માનુષ્ઠાનમાં જોડનાર થાય છે. એકલું પોતે જ થાય છે એમ નહિ પરંતુ નક્કી બીજાં કાર્યો કરવાની તાકાતવાળું - બીજા નવા નવા આગળ આગળના ધર્મોમાં જોડાવા રૂપબીજાં કાર્યો કરવા આ આજ્ઞાવાળું ધર્માનુષ્ઠાન થાય છે. ઉત્તરોત્તર સદ્ગતિ પમાડનાર થાય છે. તે માટે દૃષ્ટાંત આપે છેકે - દીપકની જેમ. વાયરા વગરના કાચના ફાનસમાં રહેલો સ્થિર દીપક બીજાં કાર્યોકરવા જેમ સમર્થ થાય છે. ચાલુ પ્રકાશ આપવો તે મુખ્ય કાર્ય અને સારા સ્થાનમાં સ્થાપન કરેલો તે કાજળ પણ ત્યાં એકઠું કરીરાખે છે. તે કાજળ તરુણી સ્ત્રી કે બાળકના નેત્રમાં નિર્મળતા લાવવા સમર્થ છે. આ રૂપ દીપકનું કાર્યાન્તર, તેમ આજ્ઞાયોગવાળું અનુષ્ઠાન પણ બીજા અનુષ્ઠાનને લાવનારું છે. (૩૫૯)

હવે શુદ્ધ આજ્ઞાયોગના મહાત્મ્યનો સંગ્રહ કરતા કહે છે કે –

૩૬૦ - અનુબંધવાળા શુદ્ધ આજ્ઞાયોગ-સહિત જે ધર્માનુષ્ઠાન, તે સમ્યગ્દર્શનની નિર્મલતા કરનાર થાય છે.આત્માની અંદર અપ્રગટ ઉત્પન્ન થયેલા અદ્ભુત ગુણવિશેષો સાધુજન યોગ્ય અનુષ્ઠાનનો સંગ્રહ કરનાર સિદ્ધાન્ત-આલાપકો જે બત્રીશ સંખ્યામા, સુધર્માસ્વામી આદિ આચાર્ય ભગવંતોએ કહેલા છે. "દોષ છૂપાવ્યા સિવાય આલોયણા લેવી, આપત્તિમાં દૃઢધર્મતા રાખવી" એ વગેરપાંચ ગાથામાં કહેલા બત્રીશ યોગસંગ્રહ લૌકિક દૃષ્ટાંતોથી પૂર્વાચાર્યે કહેલા છે. (૩૬૦) તે જ દૃષ્ટાન્ત કહે છે –

## શુદ્ધઆજ્ઞાયોગ ઉપર ચિત્રકારનું દૃષ્ટાંત

૩૬૧ - સાકેત નગરમાં મહાબલ નામના રાજા, ત્યાં વિમલ અને પ્રભાકર નામના બે ચિત્રકારો હતા. તે બંનેએ ચિત્રકાર્ય શરૂ કર્યું. એકે છ મહિનામાં પૂર્ણ કર્યું, બીજાએ તેટલા સમયમાં માત્ર ભૂમિકર્મ-તેને સાફ-મજબૂત લીસી-ચકચકાટ બનાવી. (૩૬૧)

૩૬૨ થી ૩૬૬ - વિષાદ, પ્રપંચ, અભિમાન વગેરે દુર્ગુણોથી રહિત સાકેત નામનુ નગર હતું. ત્યાં ચતુરંગ સેના-યુક્ત મહાબલ નામનો રાજા હતો. મંથન કરાતા સમુદ્ર જળમાં ઉત્પન્ન થયેલ ફીણ-સમૂહ સમાન ઉજ્જવલ કીર્તિ પામેલો, સ્નેહીજન-પ્રણતવર્ગને નિર્મલ ફલ આપનાર એવી કીર્તિથી જગતને ઉજ્જવલ કરનાર તે રાજા હતો. રાજ્ય કાર્યો પૂર્ણ થયા પછી સભામાં બેઠેલો તે રાજા કોઈક દૂતને પૂછવા લાગ્યો કે - 'બીજા રાજાઓને ત્યાં જે છે, તેવું અહિં મારા રાજ્યમાં શું નથી ?' દૂતે કહ્યું કે, 'હે દેવ ! આપને ત્યાં સર્વથી કંઈક અધિક રાજ્ય-સામગ્રીઓ છે, માત્ર જઘન્ય રાજાને ત્યાં હોય, તેવી એકે ય ચિત્રસભા નથી. ચિત્રકારોની શ્રેણિકના નાયક એવા વિમલ અને પ્રભાકર નામના બે ચિત્રકારોને મોટું માન આપી, રાજાએ બોલાવ્યા તેમને કહ્યું કે, લોકોના ચિત્તને આહ્લાદ આપનારી સર્વ શ્રેષ્ઠ એવી આ સભાને ચિત્રામણવાળી જલ્દી બનાવી દો. 'આપની આજ્ઞા પ્રમાણ' કહી તે કાર્યનો સ્વીકાર કર્યો. રાજાના ગૌરવ સન્માનના પાત્રભૂત એવા તે બંને ચિત્રકારોએ તે કાળને ઉચિત

સમગ્ર ચિત્રની જરૂરીયાતવાળી પવિત્ર સામગ્રી તૈયાર કરી. તે સભાની વચ્ચમાં આરપાર ન દેખાય તેવી ઘન યવનિકા (પડદો) કરાવી. 'રખે એકબીજાની અતિશયવાળી કળા ચોરે.' વિમલ નામના ચિત્રકારે પોતાના પરિવાર-સહિત પોતેકરેલી પ્રતિજ્ઞાનુસાર વિવિધ પ્રકારના ચિત્રામણવાળી સભા છ મહિનામાં તૈયાર કરી.

કૌતુકપૂર્ણ રાજાએ તે બંનેને સાથે પૂછયું કે, 'અરે ! તમે કેટલું ચિત્રામણ તૈયાર કર્યું ?' એટલે વિમલે રાજાને જણાવ્યું કે, 'મારું કાર્ય પૂર્ણ થયું છે, આપ દૃષ્ટિ-પ્રદાન કરવાનો ક્ષણવાર અનુગ્રહ કરો.' વળી બીજાએ કહ્યુ કે, 'હજુ મેં તો એક પણ રેખા આલેખી નથી, માત્ર ચિત્રકર્મને યોગ્ય કેવલ ભૂમિ તૈયાર કરી છે. વિમલે ચિતરેલો સભાખંડ રાજાએ જોયો, એટલે ઘણો પ્રસન્ન થયો અને તેની યોગ્યપૂજા કરી. સભા વચ્ચેનો પડદો ખસેડીને બીજી સભાનો ખંડ અહિં જયા દેખે છે, એટલે ચિત્રામણવાળી ભીંતનું ચિત્રામણ આ ભીંતમાં સંક્રાન્ત-પ્રતિબિંબરૂપે દેખ્યું. એટલે પ્રતિબિંબનું મનોહર રૂપ તરત જોવામાં આવ્યું. રાજા ચિત્રકારના વચનમાં શંકા કરતો એકદમ વિલખો બની ગયો અને તેને કહેવા લાગ્યો કે, 'આમ કહીને તેં અમને પણ છેતર્યા.' 'હે દેવ ! તેમ નથી, આ તો પ્રતિબિંબ પડવાના કારણે આ ચિત્રામણ દેખાય છે.' શંકિત મનવાળો રાજા તે પડદાને હતો તેમ કરે છે, એટલે ચંદ્ર સરખી નિર્મલ ભૂમિ દેખતો હતો. સ્ફુરાયમાન વિસ્મિત મુખવાળા રાજાએ પૂછયું કે, 'હજુ તેં ચિત્રામણ કેમ નથી આરંભ્યું ? આટલો કાળ હજુ ભૂમિમાં જ ગયો ?' 'હે દેવ ! અહિં ભૂમિની વિશુદ્ધિ વગર કરેલું ચિત્રામણ રમણીય ન લાગે, તેમ જ જે વર્ણો પૂર્યા હોય,તે સ્થિરતા-શુદ્ધિને ન પામે.' અરે ! ખરેખર આ ચિત્રકાર સર્વથા શિરોમણિ છે. તેણે બીજાને કહ્યું કે, 'એમને એમ હવે રહેવા દે, આ ચિત્રનું પ્રતિબિંબ તેમાં પડશે, પ્રતિબિંબ પડવાના કારણે તે અધિક રમણીય લાગે છે. આદર્શમાં રૂપજોઈએ તો અધિક શોભા લાગે છે, તે ચિત્રકારનો યાવજ્જીવ સુધીની આજીવિકાનો સત્કાર કર્યો, તેના સર્વ પરિવાર અને બંધુઓને પણ આજીવિકા બાંધી આપી, જેથી તે અત્યંત સુખીભાવને પામ્યો. (૨૨)

હવે ગાથા અક્ષરાર્થ કહે છે –

મહાબલ રાજાને દૂતને પૃચ્છા કરી કે, 'મારા રાજયમાં કઇ વસ્તુની ઉણપ છે ?' તો કે ચિત્રસભા નથી. તરત જ બે ચિત્રકારને તે તૈયાર કરવા આજ્ઞા આપી. ત્યાર પછી મુખ્ય ચિત્રકારોનું બહુમાન કર્યું. એક સભામાં સામસામી ભિત્તિ ઉપર ચિત્રામણ આરંભ કરેલા બંને વચ્ચે એકબીજાની કળા કોઈ જોઈ ન જાય તેવી રીતે વચ્ચે એક પડદો કરાવ્યો, વિમલ નામના ચિત્રકારે છ મહિનામાં ચિત્રકાર્ય પૂર્ણ કર્યું, બીજા પ્રભાકર નામના ચિત્રકારે માત્ર ભિત્તિની ભૂમિ જ સ્થિર સાફ અને મજબૂત ચળકાટ કરવામાં છ મહિના પસાર કર્યા. રાજાએ પૂછયું, વિમલે તૈયાર થઈ ગયું.' બીજાએ 'ભૂમિકર્મ માત્ર થયું.' - એમ કહ્યું. ઉત્સુક થયેલા રાજા દર્શન કરવા ગયા, ભિત્તિ ઉપરના ચિત્રામણથી રાજા ખુશ થયો. વિમલને યોગ્ય ઇનામ આપ્યું ત્યાર પછી વચલો પડદો ખસેડીને સામેની ભીંતનુ ચિત્રામણ પ્રતિબિંબિત થવાથી અતિમનોહર ચિત્રામણ દેખ્યું. વિલખા થયેલા રાજાએ કહ્યું કે, 'શું અમને પણ ઠગે છે ? પ્રભાકરે કહ્યું

કે, 'ના દેવ ! હું આપને ઠગતો નથી, આ તો સામેની ભિત્તિનું પ્રતિબંબ છે.' ત્યાર પછી પડદો કર્યો, પછી પ્રતબિંબ ન પડ્યું. રાજા આશ્ચર્ય અને સંતોષ બંને પામ્યા. રાજાએ પૂછયું કે, 'તેં આ પ્રમાણે ભૂમિ-શુદ્ધિ કેમ આરંભી ?' આ વિધિથી ચિત્રામણ કરવાથી તે બરાબર સ્થિર મનોહર થાય છે. ચિત્ર જાણે જીવતું ન હોય, વર્ણોની શુદ્ધિ સ્થિરતાની વૃદ્ધિ થાય છે. દેખાવ પણ ઉપસી આવે છે. ભૂમિની મલિનતા હોય તો સર્વ વિપરીત થાય છે. 'બહુ સારૂં બહુ સારૂં' એમ કહી તે ચિત્રકારની મહાપૂજા કરી. વળી કહ્યુ કે, 'આ ભિત્તિને એમ જ વગર ચિત્રામણની જ રહેવા દે.' (૩૬૨ થી ૩૬૬)

આ પ્રમાણે દૃષ્ટાન્ત કહીને દાર્ષ્ટાન્તિક યોજના કહે છે –

૩૬૭ - અભવ્યો, દુર્ભવ્યો, આસન્નભવ્યો, ભિન્ન ગ્રંથિવાળા વગેરેની ચૈત્યવંદન, સ્વાધ્યાય, સાધુ ઉપાસના, તપસ્યા આદિ સમાન ક્રિયા કરનારા આત્માઓની ધર્મસ્થાન શુદ્ધિ-ચિત્રકર્મની જેમ વિશેષ નિર્મલ થાય છે. શુદ્ધ બોધિલાભ લક્ષણ આત્માની ભૂમિની શુદ્ધિ થાય, પછી કરેલી ચૈત્યવંદનાદિક ધર્મક્રિયા નિષ્કલંક કલ્યાણ -લાભ પ્રયોજનવાળી બને છે. નહિંતર તેનાથી વિપરીત સંસારફળ આપનારી થાય છે. (૩૬૭)

આ વાત પરમતવાળાઓ પણ કેવીરીતે સ્વીકારે છે,તે કહે છે –

## અધ્યાત્મનું લક્ષણ

૩૬૮ - અહિં અધ્યાત્મનું લક્ષણ આ પ્રમાણે સમજવું-ઔચિત્ય પાલન કરનારો હોય, સુંદર વર્તન-વ્રતો-નિયમો કરનારો હોય, આપ્તના વચનાનુસાર તત્ત્વ-ચિંતન કરનારો હોય, મૈત્રી આદિ ચાર ભાવનાવાળો હોય, તેવાને અધ્યાત્મશાસ્ત્રને જાણનારા અધ્યાત્મી અથવા તેવું અનુષ્ઠાન તે અધ્યાત્મ કહેવાય. તેથી અધ્યાત્મ એ જ મૂલ તેમાંથી બાંધેલું-સ્વાધીન કરેલું તે અધ્યાત્મ મૂલબદ્ધ, આથી કરીને આત્માની ભૂમિકા સંસારના વિષયાદિક પદાર્થોને મમત્વભાવ દૂર કરી, આત્મકલ્યાણના સાધનસ્વરૂપ સમ્યગ્દર્શન આદિ પદાર્થો મેળવવાની અભિલાષા રૂપ જો આત્મભૂમિની વિશુદ્ધિ થઈ હોય તો, ધર્માનુષ્ઠાન ઈષ્ટ મોક્ષાદિક ફળ આપનાર થાય છે, એવા અનુષ્ઠાનને પરમાર્થથી અનુષ્ઠાન-આરાધના કહેવાય છે. તે અધ્યાત્મ મૂલબંધથી રહિત અનુષ્ઠાનને બીજા મતવાળાઓ શરીરે લાગલો તુચ્છ અસાર મલ સરખી ક્રિયા ગણે છે. તેથી અધ્યાત્મબંધની પ્રધાનતાવાળું અનુષ્ઠાન હોય, તે જ મળ-વ્યાધિનો ક્ષય કરનાર પરમાર્થ અનુષ્ઠાન કહેલું છે. તેનાથી વિલક્ષણ શરીર પર ચોંટેલા મેલની જેમ શરીર મલિન કરનાર છે - તેમ બીજા યોગશાસ્ત્રના જાણકારો કહે છે. (૩૬૮) આ અધ્યાત્મ જેનાથી થાય છે, તથા તેનાથી જે પ્રવર્તે છે, તે દેખાડે છે –

૩૬૯ - શુદ્ધ આજ્ઞાયોગથી કહેલા લક્ષણવાળું અધ્યાત્મ સદાકાળને માટે થાય છે, પરંતુ બીજા કોઈ પ્રકારે થતું નથી. તેનું શુદ્ધ આજ્ઞાયોગરૂપ એક કારણ હોવાથી. ત્યાર પછી એટલે આ અધ્યાત્મથી વિમર્શ-હવે શું કરવું ? આવો વિચાર પેદા થાય છે, અનુષ્ઠાન સંબંધી વિવિધ ક્રિયા-કાંડ વિષયક કયું અનુષ્ઠાન કરવું ? તે રૂપ વિમર્શ પ્રવર્તે. તે વિચાર કરવાથી નિયમથી

અનુષ્ઠાન થાય છે. એટલે જે આવો વિચાર કરે છે તે અવશ્ય અનુષ્ઠાન કરવામાં જોડાય છે કા.કે. વિમર્શ એ તેનો અવંધ્ય-ક્યારેય નિષ્ફળ ન જાય એવો હેતુ છે. (૩૬૯)

## ગ્રન્થિભેદ કર્યા વગર શુદ્ધાજ્ઞાયોગ થતો નથી

આ શુદ્ધ આજ્ઞાયોગ જેવી રીતે થાય છે, તે બતાવે છે –

૩૭૦ – આ શુદ્ધ આજ્ઞાયોગ તો તથાભવ્યપણાના સંયોગથી જીવોને નક્કી થાય છે. કેવા પ્રકારના જીવને વિષે થાય ? તો કહે છે કે - અપૂર્વકરણરૂપી વજ્રસૂચિથી આત્મામાં સજ્જડ રાગ-દ્વેષરૂપ પરિણામની ગાંઠને વિંધવામાં આવે અને છિદ્ર પડે અર્થાત્ પરિણામરૂપ ગાંઠ ભેદાય, તો આજ્ઞાયોગ શુદ્ધ થયેલો ગણાય. ગ્રન્થિભેદ થયા વગર તો તે થાય જ નહિં. કારણ કે, મહામોહરૂપ સન્નિપાતથી ઘેરાયેલા છે. (૩૭૦) તે માટે કહેલું છે કે –

૩૭૧ - જેમ પદ્મરાગ વગેરે રત્નમાં તેવા પ્રકારના આકરા પ્રયોગથી છિદ્ર પાડવામાં આવતું નથી, ત્યાં સુધી તેમાં દોરીનો પ્રવેશ થઈ શકતો નથી, તેવી રીતે જ્યાં સુધી જિનેશ્વરે કહેલ સૂત્રાધાન તત્ત્વવૃત્તિથી વાસ્તવમાં વગર ભેદાયેલી ગાંઠવાળા જીવમાં પ્રવેશ પામતું નથી. તેમાં હજુ સૂત્રાધાન-સદ્બોધ પ્રાપ્ત કરવાનું સામર્થ્ય હોતું નથી. જો સૂત્રાધાન-સદ્બોધ-પ્રાપ્તિ થાય, તો તેને યથાર્થ-સ્વરૂપ-લાભ થવાનો સંભવ છે. (૩૭૧)

હજુ તે જ વાત વિચારે છે –

૩૭૨ - વેધ પાડ્યા વગરના રત્નમાં દોરો પરોવી શકાતો નથી, કદાચ લાખ વગેરે ચીકણા પદાર્થથી ચોંટાડીને દોરો જોડે, તો રત્નની છાયા-તેજ ઉડી જાય છે, વળી થોડા કાળ પછી તે ચીકાશ દ્રવ સ્થિરતાવાળું રહેતું નથી, તો દોરો છૂટી જાય તો રત્ન ખોવાઈ પણ જાય. તે જ પ્રમાણે ઘણાભાગે દ્રવ્યસૂત્રના યોગો જીવોને માટે પણ સમજવા. અહિં દ્રવ્યશબ્દ કારણપર્યાય અને અપ્રધાનપર્યાય અર્થવાળા શાસ્ત્રોમાં કહેલા છે. તેમાં જેઓ હજુ ગ્રન્થિભેદની નજીક નથી આવ્યા,તેવા દુર્ભવ્યો કે અભવ્યોને જે અપ્રધાન સૂત્રયોગ છે તે એકાંતે કારણ કે, તેમને સમ્યગ્ બોધ પેદા કરનાર ન હોવાથી (તત્ત્વની વિચારણા તેમને થવાની જ નથી.) એટલે તાત્વિક રીતે તે નહીં ને બરાબર છે. વળી જે અપુનર્બંધક, માર્ગાભિમુખ કે માર્ગપતિત છે,તેઓને તો શુદ્ધ બોધિલાભનું અવંધ્ય કારણ હોવાથી વ્યવહારથી તો તાત્વિક સૂત્રયોગ છે. યોગબિન્દુમાં કહેલું છે કે - 'અપુનર્બંધકને આ સૂત્રયોગ વ્યવહારથી તાત્ત્વિક છે.' સમકિત પ્રાપ્ત થયું ન હોવાથી ઇત્યાદિ. એ પ્રમાણે હૃદયમાં રાખીને સૂત્રકારે મૂળગાથામાં પ્રાયઃશબ્દ કહેલો છે,તેથી અવિરતિવાળા આદિને જે પ્રધાનસૂત્રયોગો છે, તે નિશ્ચયથી અને વ્યવહારથી તત્ત્વરૂપ જ છે. જે સદ્બોધના કારણભૂત છે, તે વ્યવહારથી તાત્વિક છે. (૩૭૨)

કયા કારણે એ પ્રમાણે કહેવાય છે ? એમ જો કહેતા હો, તો કહે છે –

૩૭૩- અહિં સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એ પાંચ ઇન્દ્રિયો અને સ્પર્શ, રસ, ગન્ધ, રૂપ શબ્દ એ તેના વિષયો. જે પરંતુ તે વિષય બોધ માત્ર તેમાં રહેલા ગુણ-દોષનો વિચાર જેમાં ન કરવામાં આવે-એવા પ્રકારનું બાળકની જેમ જે જ્ઞાન થાય, તે વિષય-

પ્રતિભાસ માત્ર જ્ઞાન-અક્ષ એટલે ચંદનક અથવા સ્થાપનાજી, પદ્મરાગ રત્ન તેનું વચનમાત્ર રૂપ જ્ઞાન થાય. બાળકને અક્ષ કે રત્ન હાથમાં આવે, તેને ગ્રહણ કરવા લાયક કે છોડવા લાયક એવું જ્ઞાન થતું નથી, માત્ર वचनात्-દ્રવ્યશ્રુત યોગરૂપના જ્ઞાન થાય છે. એ જ પ્રમાણે જેમને ગ્રંથિભેદ થયો નથી, તેવા લોકો વિષે જે જ્ઞાન થાય, તે માત્ર શબ્દ અને તેના વિષય પુરતું જ્ઞાન થાય છે. તેમાં ઈહા-અપોહ-વિચારણાશૂન્ય જ્ઞાન થાય છે. કયા વિષયોમાં ? તો કે, જીવાદિક તત્ત્વોમાં જ્ઞાનનું ફલ જે હેય-ઉપાદેયના વિભાગ વગરનું જે જ્ઞાન તેવું અજ્ઞાન જ થાય છે, પરંતુ તાત્વિક હેયોપાદેય રૂપ જ્ઞાન બાળજીવોને -ગ્રંથિભેદ કર્યા વગરના આત્માઓને થતું નથી. (૩૭૩) આજ વાતમાં વ્યતિરેક (નિષેધ) રૂપે કહે છે –

૩૭૪ - ગ્રન્થિભેદ થાય, એટલે તો તરત જ નિર્મળ વિચારણાના કારણે વિશુદ્ધ તત્ત્વ-સ્વરૂપ જેણે જાણેલ છે, એવો તે આત્મા નિર્મળ બોધમાં વૃદ્ધિ પામતો જાય છે. તે માટે દષ્ટાંત કહે છે કે, તે જ બાળક જ્યારે સમજણો થાય છે, ત્યારે અક્ષ અને રત્નનો તફાવત સમજે છે કે, 'આ કિંમતી છે, આ તેટલું કિંમતી નથી.' તેમ ગ્રંથિભેદ પામેલો આત્મા હેય-ઉપાદેયનો વિભાગ સમજનારો થાય છે. શંકા કરી કે, ગ્રંથિભેદ કરનાર કેટલાક 'માસ તુસ' સરખાને જ્ઞાન-વૃદ્ધિ થતી દેખાતી નથી. તેના સમાધાનમાં કહે છે કે - તેવા પ્રકારના જ્ઞાનાવરણાદિના ઉદયથી જ્ઞાન થતું રોકાય છે, તો પણ "તે જ સાચું નિઃશંક છે કે, જે જિનેશ્વરે પ્રરૂપ્યું છે." એવી શ્રદ્ધા કરનારને આદિ શબ્દથી ગીતાર્થની આજ્ઞા પ્રમાણે વર્તન કરનારો હોવાથી તેનું જ્ઞાન અલ્પ હોય, તો પણ સમ્યગ્જ્ઞાન જ છે. કારણ કે, પરિપૂર્ણતા સુધી પહોંચનારું જ્ઞાન છે જેમ શુક્લપક્ષના બીજનો ચંદ્ર ઘણો જ નાનો હોય છે, છતાં તેની ઉજ્જવલતા સુંદર હોય છે, ક્રમે કરીને તે જ પૂર્ણિમા-ચંદ્રની ઉજ્જવલતા પૂર્ણપણાને પામે છે. તેમ શ્રદ્ધાળુનું અલ્પ જ્ઞાન ક્રમે કરી કેવલજ્ઞાન સુધી પહોંચનારૂં થાય છે. (૩૭૪)

તેની સમ્યગ્રૂપતા કહે છે –

૩૭૫ - પ્રબલ ચારિત્રમોહનીય - ઈન્દ્રિયના અનુકૂળ વિષયો ભોગવાવા રૂપ દ્રવ્યથી = મનની રુચિ વગરનો હોવાથી અપ્રધાનભાવે સમ્યગ્જ્ઞાન સંગત છે, પરંતુ તે એકાંતે મોક્ષના કારણરૂપે થાય જ છે. શાથી ? જ્ઞાનાવરણાદિ અશુભ પાપપ્રકૃતિઓના ઉત્તરોત્તર વૃદ્ધિરૂપ અનુબંધ અહિં વિચ્છેદ પામતો હોવાથી (૩૭૫) અશુભાનુબંધ આશ્રીને કહે છે –

૩૭૬ - આ પાપપ્રકૃતિઓનો અશુભાનુબંધ સંસારવિષવૃક્ષ-નરકાદિ દુઃખફલનું આદિ કારણ છે અને તે અત્યંત અધમ છે, મિથ્યાત્વજલથી જેના મૂળીયા સિંચવામાં આવે છે એવા કલેશવૃક્ષો દુખરૂપી ફળને આપનારા બને છે, અને તે સમ્યગ્જ્ઞાનથી ભવવૃક્ષનાં મૂળ બળી જાય છે, ત્યારે ફળદાનની શક્તિઓ ચાલી જાય છે, દુઃખ -ક્લેશ આદિ ફલો આપવા અસમર્થ થાય છે. (૩૭૬)

એ પ્રમાણે થતાં જે સિદ્ધ થયું, તે બતાવે છે –

૩૭૭ - ભવવૃક્ષના મૂળ સમાન પાપપ્રકૃતિના અનુબંધનો વિચ્છેદ થયો, એટલે ભવનો પણ વિચ્છેદ થયો. આ કારણે તેનો વિચ્છેદ કરવા માટે નિન્દા-ગર્હા કરવા રૂપ પ્રયત્ન કરવો,

એટલે **બીજા** અનુષ્ઠાનની અપેક્ષાએ પાપની નિન્દા-ગર્હા કરવા રૂપ વિશેષ પ્રયત્ન કરવો. બીજા મતમાં પણ આ કહેલું છે,તો પછી આપણા જૈનોમાં તો તે વિશેષ પ્રકારે અશુભાનુબંધની નિન્દા-ગર્હા કરવી જોઈએ. અનુબંધ અટકાવવાના વિષયમાં વાનપ્રસ્થત્રીજા આશ્રમનું સેવન કરતા બે શિષ્યોનું ઉદાહરણ આપે છે. આશ્રમોનો ક્રમ અનુક્રમે ૧ બ્રહ્મચારી, ૨ ગૃહસ્થ, ૩ વાનપ્રસ્થ અને ચોથો આશ્રમ યતિનો છે. (૩૭૭)

## પ્રાયશ્ચિતમાં લૌકિક દૃષ્ટાંત

૩૭૮ થી ૩૮૨ - મગધ નામના દેશમાં **આંગિરસ** અને **ગાલવ** નામના બે બ્રાહ્મણ પુત્રો બે આશ્રમનું પાલન કરી વાનપ્રસ્થાશ્રમમાં જોડાયા. કોઈક સમયે ગાલવ નામના નાનાભાઈને કોઈ પણ કારણસર પોતાના વનખંડમાંથી આંગિરસના વનખંડમાં આવવાનું થયું. તે વખતે મોટાભાઈને પોતાના વનમાંથી દર્ભ, કન્દ, ફલ, જળ, ઈન્ધન વગેરે તાપસલોકોને ઉપયોગી વસ્તુઓ લાવવાની હોવાથી બીજાએ ત્યાં રહીને તેની રાહ જોઈ. આવવાની રાહ જોવામાં વધારે સમય થયો, તેથી ગાલવને ભૂખ લાગી, એટલે તેણે મોટાના વનમાંથીદાડમફલ તોડીને ખાધાં. એક મુહૂર્ત પછી મોટો પોતાના વનમાં પાછો આવ્યો અને નાનાએ તેને વંદના કરી. મોટાએ દાડમ ગૂમ થયેલું દેખ્યું પૂછયું કે, 'આ કોણે કર્યું ?' નાનાએ પોતે લીધું છે, તેમ કહ્યું, ત્યાર પછી આંગિરસે કહ્યું, અહિંથી તારી મેળે ગ્રહણ કરવાથી તને અદત્તાદાનનું પ્રાયશ્ચિત્ત લાગ્યું. જો કે - "જે કારણથી પાપ છેદાય છે, તે કારણથી પ્રાયશ્ચિત્ત એમ બોલાય છે, ઘણે ભાગે જેનાથી ચિત્ત શુદ્ધ થાય, તે પ્રાયશ્ચિત કહેવાય." આ વનથી અપરાધ-શુદ્ધના ઉપાયભૂત અનુષ્ઠાન તે પ્રાયશ્ચિત કહેવાય. તથાપિ ઉપચારથી પ્રાયશ્ચિત્તથી શુદ્ધ કરી શકાય, તેવો અપરાધ પણ પ્રાયશ્ચિત્ત-શબ્દથી વ્યવહાર થાય છે. તેથી પ્રાયશ્ચિત જેને લાગુ પડે, તે પ્રાયશ્ચિત્તી કહેવાય. માટે તું પણ પ્રાયશ્ચિત્તી હોવાથી હું તને પ્રતિવંદન નહી કરીશ. નિશીથસૂત્રમાં પણ કહેલું છે કે " મૂલગુણ અને ઉત્તરગુણોમાં શક્તિવાળા હોવા છતાં તેમાં જેઓ પ્રમાદ કરે છે- આળસ સેવે છે - ખેદ પામે છે, તેઓ પણ વંદન કરવા લાયક નથી."

ગાલવે કહ્યું કે - 'તમો મને પ્રાયશ્ચિત્ત આપો.' આંગિરસે કહ્યું કે - આ મંડલાધિપતિના નગરમાં જા અને રાજા પાસે શુદ્ધિ માગ.' દુષ્ટને શિક્ષા અને શિષ્ટનું પરિપાલનકરવું, તે રાજાનું કર્તવ્ય છે અને સર્વ આશ્રમના ગુરુપણે હોવાથી તેના અધિકારનું આ કર્તવ્ય છે. ગાલવે કહ્યુ કે,તે રાજા તો અહીંથી ઘણા લાંબા આંતરે રહેલા છે, ત્યાં સુધી જવું તે અશક્ય છે. એટલે આંગિરસે પાદલેપ આપ્યો, જેના સામર્થ્યથી રાજા પાસે જઈ શકાય.તે પાદલેપના પ્રભાવથી ત્યાં પહોંચ્યો. રાજાપાસે પ્રાયશ્ચિત્તની માગણી કરી.રાજાથી આદેશ પામેલા મનુ વગેરે મુનિએ રચેલા ધર્મશાસ્ત્રોના પંડિતોએ તેના બંને હસ્તોનો છેદ કરવો-એવું પ્રાયશ્ચિત્ત આપ્યું, પરંતુ ઉપવાસાદિ રૂપ પ્રાયશ્ચિત્ત ન આપ્યું, લૌકિક શાસ્ત્રોમાં જે અંગવડે કરીને અપરાધ કર્યો હોય, તેની શુદ્ધિ માટે તે અંગને શિક્ષા કરાય છે. ત્યાર પછી તેના હાથ છેદી નાખ્યા પછી આંગિરસ પાસે આવ્યો. તેણે કહ્યુંકે તેં શાસ્ત્રવિધિ પ્રમાણે પ્રાયશ્ચિત્ત સેવન કર્યું, એટલે તેણે વંદના કરી અને કહ્યું કે, 'નદીમાં સ્નાન કર' ત્યાં સ્નાન કરતાં હાથપાછા ઉત્પન્ન

થયા. મોટાભાઈને તે વાત નિવેદન કરી કે - હાથ હતા તેવા ફરી બની ગયા. ત્યારે મોટાએ કહ્યું કે, મેં શ્વાસોશ્વાસ સમસ્ત પણે રોકયા, ચિત્તવૃત્તિના નિરોધરૂપ પ્રાણાયામ કર્યો, તે કારણે તારા હાથ ફરી નવા પ્રાપ્ત થયા નાનાએ પૂછયું કે, 'નદીસ્નાન પહેલાં કેમ ન કર્યા ?' મોટાએ કહ્યું કે, 'હજુ તારામાં અશુદ્ધિ હતી, જે કારણથી તું વ્રતી હતો, તે કારણથી અલ્પ સ્ખલનામાં મોટો દોષ લાગે છે હતો. જેમ ચિકિત્સા- પ્રવૃત્તિમાં જયારે દવા ચાલુ હોય ત્યારે અપથ્યનું સેવન કરવું વધારે નુકશાન દાયક બને છે નદીમાં સ્નાન કર્યા વગર કસ્તક છેદ દૂર ન થાય તેમ નાનો અપરાધ પણ દૂર થતો નથી, માટે મેં તને આ અનુષ્ઠાન કરાવ્યું છે.' (૩૭૮-૩૮૨)

અનુબંધને આશ્રીને કહે છે —

૩૮૩ - આ જગતમાં ભયંકર એવો અશુભ અનુબંધ નિન્દા-ગર્હા વગેરેના ઉપાયોથી પરિહાર કરવા લાયક છે. જેઓ સાધુ-શ્રાવકનાં ધર્માનુષ્ઠાનોથી યુક્ત હોય તેઓ એયત્ન કરવો જોઇએ. હવે જો આ અશુદ્ધ અનુબંધનો ત્યાગ ન કરે, તો તેમને જે ધર્મ થાય છે, તે પણ આગળ કહેલ અનુસાર અધર્મ થાય છે. (અપિનો અહીં એવકાર અર્થ કર્યો છે) કારણકે, શબલક-એટલે અતિચારરૂપ કાદવથી ખરડાયેલ હોવાથી મલિનતા પામેલો ધર્મ થાય છે. કહેવાનો આશય એ છે કે -મોટા દોષના અનુબન્ધમાં મૂલગુણ આદિના ભંગ કરવામાં પણ ધર્મ-સ્વરૂપને પામતો નથી, અલ્પ અતિચારના અનુબંધમાં થતો ધર્મ શબલ સ્વરૂપવાળો મલિનધર્મ થાય છે. માટે જ કહેવાય છે કે - 'સર્વ શલ્યને પ્રગટકરીને' ઇત્યાદિ ધર્મ આચરવો. (૩૮૩)

## લોકોત્તર વાતનો વિચાર

આ પ્રમાણે લૌકિક ઉદાહરણ કહીને હવે લોકોત્તર કહેવાની અભિલાષાવાળા કહે છે –

૩૮૪ - લોકોત્તરમાં પણ અશુભ અનુબંધમાં ઉદાહરણ કહેલાં છે. વિશુદ્ધ સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્રની સંપત્તિ મેળવેલી હોય તેવા પણ "અપિ" કહેવાથી તે સમ્યક્ત્વાદિકથી રહિત એવા જીવો પણ અશુભઅનુબંધથી અનંતસંસારી-એટલે સંસારમાં અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણી કાળ પ્રમાણ ભટકવું પડે, તેવો અશુભાનુબંધ કર્મ બાંધનારા ઘણા જીવો હોય છે. (૩૮૪) એ જ વિચારે છે –

૩૮૫ - સમ્યગદર્શનાદિ બાકીના ગુણવાળાની વાત તો ઠીક, પરંતુ પુલાક, બકુશ પ્રતિસેવના કુશીલ ચારિત્રવાળા સાધુઓ જે પ્રમાદસેંવે તેવા - સાધુયોગ્યપ્રમાદાવસ્થા સેવન નહી કરનારા એવા ચૌદપૂર્વ-સમગ્ર શ્રુત - સમુદ્રના પાર પામેલા સાધુઓ અપ્રમત્ત હોવા છતાં પણ જો પ્રસ્તુત ગુણથી નીચે પડી ગયો, તો ફરી તે ગુણ મેળવવા માટે જિનાગમમાં કેટલા કાળનું અંતરકહેલું છે ? તો કે - અનંતો કાલ. જે માટે કહેલું છે કે બહુ આશાતના કરનારને શાસ્રમા તે ગુણ ફરી મેળવવા માટેનું અંતર કંઈક ન્યૂન અર્ધપુદ્ગલ-પરાવર્તન કાળ કહ્યો છે. તેટલો કાળ પણ અનંતકાળ કહેવાય. આટલો કાળ કોણ બાંધે ? પરિણામની રૌદ્રતાવાળા આત્માઓ. અવશ્ય ભોગવવાલાયક અશુભાનુબંધ સિવાય 'મેળવેલ ગુણ ગૂમાવ્યા પછી ફરી

તે ગુણ મેળવવા કેટલોક કાળ વચ્ચે આંતરું પાડવામાં' બીજો કોઈ હેતુ નથી. (૩૮૫)

એ જ કહે છે –

૩૮૬ - ગ્રન્થિભેદ થવાના કાળ પહેલાં પણ જ્ઞાનાવરણ આદિ અશુભ કર્મોનો બંધ અનંતી વખત આત્માએ બાંધ્યો છે. તે અશુભાનુબંધ વગર કર્મબંધ થતો નથી.સર્વ કાર્યો પોતપોતાને અનુરૂપ કારણોથી ઉત્પન્ન થવાવાળાં હોય છે, તેથી આ અનંત વખત કર્મબંધરૂપ અસકૃત્‌બંધ તે પણ એવા અશુભાનુબંધ મૂળવાળો સમજવો. ઘટની જેમ કાર્ય-કારણનો કતંચિત્ અભેદ છે, માટે કારણ અને કાર્યરૂપ અશુભાનુબંધ તોડવામાં પ્રયત્ન કરવો. (૩૮૬)

હવે પરમતની આશંકા કરનારને કહે છે –

૩૮૭- શુદ્ધ આજ્ઞાયોગ એટલે જિનેશ્વરે કહેલા દોષરહિત આગમ વચનોની આરાધના કરવી-તેમના વચનાનુસાર વર્તવું. એવા પ્રકારના સમ્યગ્દર્શનાદિ પ્રાપ્ત કરેલા આત્માઓનો અશુભાનુબંધ હજુ કેમ દૂર થતો નથી ? તમે એમ તો કહો જ છો કે, શુદ્ધ આજ્ઞાયોગથી અશુભાનુબંધ વિચ્છેદ દૂર થાય છે. (૩૮૭) એમ હોવાથી -

૩૮૮ - આ શુદ્ધ આજ્ઞાયોગ કેટલાક જીવોને અશુભાનુબંધ-પાપકર્મ ઉપાર્જનને અટકાવનાર કહેલો છે, તો આ વાત પરસ્પર વિરુદ્ધ જણાય છે. જે ભાવો તેકાર્ય કરનારા હોય, તે ન કરનારા બનતા નથી, વૃક્ષ છાંયડાને કરનારહોય, તે ન કરનાર ન કહેવાય. નહિંતર કાર્ય-કારણ વ્યવસ્થાનો લોપ થવાનો પ્રસંગ આવે આથી તમે કહેલ કેટલાક જીવોને શુદ્ધ આજ્ઞાયોગ અશુભાનુબંધ અટકાવનાર છે, તો બાકીના જીવો જે શુદ્ધ આજ્ઞાયોગવાળા છે, તેમનું શુ ? આ વાત પરસ્પર વિરુદ્ધ લાગે છે. (૩૮૮) અહિં સમાધાન આપે છે –

૩૮૯ - અહિં જવાબ અપાય છે કે - ત્રિફલાદિ ઔષધ ઉચિત - પથ્ય આહારપાન વગેરેનું સેવન કરવા સહિત ન્યૂનાધિક પૂર્ણ યત્નથીદરેક અવસ્થામાં લેવું જેમ યોગ્ય છે, એમ કરે તો રોગીનો રોગ દૂર કરનાર થાય છે, ઉલટા ક્રમે-અવિધિથી સેવન કરવામાં આવે તો ખરજ વગેરે વ્યાધિ મટતા નથી. એ પ્રમાણે ઔષધની જેમ આ શુદ્ધ આજ્ઞાયોગ યત્નપૂર્વક સેવન કરવામાં આવે, તો અશુભાનુબંધી વ્યાધિને દૂર કરે છે. (૩૮૯)

૩૯૦- ઔષધના ઉદાહરણ સમાન આ શુદ્ધ આજ્ઞાયોગ અશુભ અનુબંધને ઉચ્છેદ કરનાર કારણ હોય તો ઉપયોગ ભાવરૂપ અપ્રમાદ કહેલો છે. ચૈત્યવંદન,આવશ્યક, પડિલેહણ વગેરે સાધુ-શ્રાવકના અનુષ્ઠાનમાં અપ્રમાદભાવ રાખવો-એમ તીર્થંકર ભગવંતે કહેલું છે. જો તેવાં અનુષ્ઠાનોમાં ઉપયોગ રાખવા રૂપ અપ્રમાદભાવ ન રાખવામાં આવે, તો અશુભાનુબંધ વ્યવચ્છેદનો અભાવ થાય છે અને તેથી શુદ્ધ આજ્ઞાયોગનો લાભ થતો નથી. પોતાનું કાર્ય ઉત્પન્ન ન કરનાર કારણભાવને કારણ કહેવાતું નથી. એ પ્રમાણે અશુભાનુબંધ ન અટકાવનાર તેના સાધનરૂપ શુદ્ધ આજ્ઞાયોગ લક્ષણ અપ્રમાદ તે પોતાના સ્વભાવને પ્રાપ્ત કરવા સમર્થ બની શકતો નથી. એમ તો ઘણા શુદ્ધ આજ્ઞાયોગવાળા અશુભાનુબંધ વ્યવચ્છેદ ન પામ્યા હોય, તો પણ તેમનાં વર્ણનો શાસ્ત્રોમાં સાંભળવા મળે છે, તો તે દોષ કેમ નહિં ? ત્યારે તેનો જવાબ આપતાં કહે છે કે - અશુભાનુબંધ અત્યારે વિચ્છેદ ન પામે, પરંતુ શુદ્ધ

આજ્ઞાયોગની સાધના કરનાર એવો તે પણ પરંપરાએ અશુભાનુબંધ વ્યવચ્છેદના હેતુભૂત આજ્ઞાયોગ પ્રાપ્ત કરેલો માનેલો છે. જો કે, અત્યારે તો અતિગાઢ અશુભાનુબંધ અતીવ્ર આજ્ઞાયોગ છે,ત્યારે તે સર્વથા તેનો વ્યવચ્છેદ કરવા સમર્થ બની શકતો નથી. તો પણ સર્વથા તેનો ઉચ્છેદ કરનાર તીવ્ર આજ્ઞાયોગરૂપ કારણભાવને પામવા વડે કરીને તે સુંદર જ છે. (૩૯૦) આમાં હેતુ કહે છે –

૩૯૧ - કર્મવ્યાધિની ચિકિત્સા રૂપ પહેલાં સમ્યગ્દર્શનાદિ પાળેલાના ગુણનો સાધુ તરફ પ્રદ્વેષ આદિ કરીને તેનો નાશ કર્યો, એટલે જે તેનો વિકાર થયો અને તેથી દુર્ગતિમાં પડી તેના દુઃખોનો અનુભવ કર્યો - દુર્ગતિની વેદનાઓ સહન કરી. વળી જે જન્માંતરમાં સમ્યગ્દર્શનાદિ પાલન કર્યા હતા - આરાધ્યા હતા, તેનો અભ્યાસ પાડ્યો હતો, તે માટે કહેલું છે કે - "ક્ષાયોપશમિક ભાવનાં જે શુભ અનુષ્ઠાનનો દૃઢ પ્રયત્ન કર્યો હોય, કદાચ તે ચાલ્યું પણ જાય, તો પણ ફરી તે તે ભાવની વૃદ્ધિ કરનાર થાય છે." તે વચનના પ્રામાણ્યથી કોઈ પ્રકારે પ્રાપ્ત કરેલા ક્ષાયોપશમિક ભાવના અનુષ્ઠાનોનો વારંવાર કરેલો અભ્યાસ તે ઇચ્છેલો હેતુરૂપ અશુભાનુબંધના વ્યવચ્છેદનું કારણ થાય છે. દૃષ્ટાંત અને તેનો ઉપનય કહે છે –

વ્યાધિને કાબુમાં લાવનાર અસ્ખલિત સામર્થ્યયુક્ત ઔષધની જેમ આ ક્ષાયોપશમિક ભાવનાં અનુષ્ઠાનોનો અભ્યાસ છે. અભ્યાસ એટલે વારંવાર તેનું અનુશીલન-ટેવ-મહાવરો કરવો. કોઈ રોગી મનુષ્યે કોઈ પ્રકારે, પ્રમાદના કારણે ચિકિત્સાકાર્યની વિધિ ન સાચવી એટલે વ્યાધિનો વધારો થયો. તેની વિડંબનાનો અનુભવ થયા પછી પ્રમાદનો ત્યાગ કરી વ્યાધિ હટાવવા માટે જે પ્રયાસ થાય,તેની માફક ભવરોગ દૂર કરવા માટે જન્માંતરમાં આરાધેલા સમ્યગ્દર્શનાદિ ક્ષાયોપશમિક ભાવના ગુણોના અભ્યાસથી અશુભાનુબંધના નાશ થવા રૂપ ફળની પ્રાપ્તિ થાય છે. (૩૯૧)

જો કે, આ અર્થ આગળ કહેલો જ, છતાં તેને અહિં ચાલુ અધિકારમાં જોડતા કહે છે કે –

૩૯૨-પ્રતિબંધ અર્થાત્ સ્ખલના વિષયક વિચારમાં (ગા. ૨૬૧મી) શોભન માર્ગમાં પ્રવર્તનારને અહિં સ્ખલના થવી, એ વગેરે ગ્રન્થથી કહ્યું, ફરીથી આ અર્થ પ્રકાશિત કર્યો. ફરી કથન કરવું નિરર્થક ગણાય છે - એમ શંકાના સમાધાનમાં કહે છે કે - મેઘકુમાર આદિના દૃષ્ટાંતોથી, બીજા દૃષ્ટાન્તભૂત ઔષધના ઉદાહરણથી બીજી વખત કહેવામાં આવે, તો આ અન્યૂનાધિક થાય છે - તેમ સમજવું. એમાં કોઈ દોષ નથી. કારણ કે, આ ઉપદેશ કરવાનો હોવાથી કહેલું છે કે - "સ્વાધ્યાય, ધ્યાન, તપ, ઔષધોમાં, ઉપદેશ, સ્તુતિ, દાનમાં, છતા ગુણોનું કીર્તન કરવામાં, પુનરુક્ત દોષો લાગતા નથી." (૩૯૨)

એ જ વાતનું સમર્થન કરતા કહે છે –

૩૯૩ - આજ્ઞાનો અભ્યાસ અભિલષિત મોક્ષનો હેતુ હોવાથી શિવસુખના સ્પૃહાવાળા રુદ્ર ક્ષુલ્લક આદિ વીરપુરુષો કોઈ પ્રકારે તથાવિધિ ભવ્યત્વના પરિપાકના આભાવથી નિર્વાણ નગર પહોંચાડનાર એવા સુંદર આચારનું ખંડન થવા છતાં પણ જ્યારે સ્ખલના દૂર થઈ,

એટલે પહેલાંની જેમ શુદ્ધ આજ્ઞાયોગથી નિર્વાણ નગરના માર્ગમાં પ્રવૃત્તિ કરવા રૂપ સ્વકાર્યમાં પ્રવર્તવા લાગ્યા. (૩૯૩)

તેને જ બતાવે છે –

૩૯૪ - સાધુનો પ્રદ્વેષ કરનાર નાનો સાધુ, ચૈત્યદ્રવ્યનો ઉપયોગ કરનાર સંકાશ શ્રાવક, શીતલ (શિથિલ) વિહારી, દેવએ વગેરે ચાલુ અધિકાર સંબંધી ઉદાહરણો જાણવાં. આદિ શબ્દથી મરીચિ, કૃષ્ણ, બ્રહ્મદત્ત વગેરેના જીવોએ આજ્ઞાનું ખંડન કર્યા પછી કાળમાં શુદ્ધ આજ્ઞાયોગની આરાધના કરી અને કરશે તે રૂપ આજ્ઞાયોગો અહિં ગ્રહણ કરવા. (૩૯૪) કહેલાં ઉદાહરણો અનુક્રમે વિચારતાં રુદ્રના ઉદાહરણને આશ્રીને આઠ ગાથા કહે છે –

## રુદ્ર ક્ષુલ્લક-કથા

૩૯૫ થી ૪૦૨ - શરદકાળના સ્વસ્થ સ્થિર નિર્મળ જળ સમાન ઉજ્જવલ, અનેક સાધુના આચારવાળા, જેથી સ્વ અને પર પક્ષના સર્વ ક્લેશોનો ઉચ્છેદ થયો છે, જેમાં આકાશતલ સરખાં નિર્મળ મંગળ કાર્યો ઝળકી રહેલાં છે. જેણે પૃથ્વીમંડલમાં પ્રસિદ્ધિ મેળવી છે. એવા દેવો અને માનવોને માન્ય ગુરુવાળા, કાવ્યની રચના કરનારા, એવા કોઈક ગચ્છમાં પહેલાં વિશુદ્ધ અનુષ્ઠાન કરનારો હોવા છતાં અત્યારે જાણેરાહુનો પર્યાય હોય,તેવો સ્વભાવથી જ મલિન પ્રકૃતિવાળો રુદ્ર નામનો એક ક્ષુલ્લક સાધુ હતો. તેવા તેવા સાધુઓના આચારોમાં જ્યારે જ્યારે પ્રમાદ કરતો હતો, ત્યારે ત્યારે બીજા સાધુઓ સારણા, વારણા, પ્રેરણા, પ્રતિપ્રેરણા વગેરેથી વારંવાર શિખામણ આપતા હતા, ત્યારે હિત શિક્ષા આપનાર સાધુઓ ઉપર તે તીવ્ર ક્રોધ કરતો હતો.

કોઈક દિવસે આખા ગચ્છને મારી નાખવાની બુદ્ધિથી તે પાપી શિષ્યે પાણી અને ભોજનમાં વિષ નાખ્યું. તે દેખીને ગચ્છના હિતાહિતનો વિચાર કરનાર કોઈ દેવે તેનો ભાવ જાણી લીધો. ત્યાર પછી પાણી લેવા માટે પાણીના ભાજનવાળો હાથ લાંબો કર્યો, એટલે આકાશમાં રહેલા દેવે સાધુઓને નિવેદન કર્યું કે, 'આ પાણી ગ્રહણ ન કરશો. કારણ કે, વિષથી દૂષિત કરેલું છે.' પ્રશ્ન કર્યો કે, 'આમ કોણે કર્યું ? સાધુઓ વિચારણા કરતા હતા, ત્યારે દેવે જ સત્ય હકીકત જણાવી કે, 'રુદ્ર ક્ષુલ્લકે આ અકાર્ય કર્યું છે.' એટલે આ મોટા અપરાધના કારણે તેને ગચ્છમાંથીકાઢી મૂક્યો. તે માટેકહેલું છે કે- 'પાનના કરંડિયામાં એક પાન સડી ગયું હોય, તો તે કાઢી નાખવું, નહિંતર આખા કરંડિયાનાં તમામ પાનને સડાવી નાખે છે.' એ દૃષ્ટાંતે બીજા સાધુઓને પણ ન બગાડે, તે પ્રમાણે બીજા ન કરે, માટે તેને ગચ્છમાંથી બહાર કાઢી મૂકવો. ગચ્છમાંથી નીકલ્યો, એટલેદીક્ષાનો ત્યાગ કર્યો. ત્યાર પછી જલોદર વગેરે અસાધ્ય વ્યાધિ ઉત્પન્ન થયા, મૃત્યુ પામી રત્નપ્રભા વગેરે સાતે નારકીઓમાં ક્રમસર ઉત્પન્ન થયો. વળી અસંજ્ઞી એકેન્દ્રિય આદિમાં ઉત્પન્ન થઈ તેમાં દાહ, ભારવહન, બંધન, શરીર કપાવાં વગેરે દુઃખની પ્રચુરતાવાળા સ્થાનમાં અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી રૂપ કાયસ્થિતિઓ પૂરી કરી.

ત્યાર પછી તે બર્બરકૂલવાસી અનાર્ય, મ્લેચ્છ, ભીલ, કોળી, પર્વતનો આશ્રય કરનારા, વૃક્ષપત્રોથી શરીર ઢાંકનારા, ચંડાળ, ચામડાં પકાવનારા, ધોબી, રંગારા, દાસ વગેરે તુચ્છ જાતિમાં ઉત્પન્ન થયો. ત્યાર પછી ચૂર્ણપુરમાં શેઠપુત્રપણે ઉત્પન્ન થયો. વૃક્ષપત્રનાં વસ્ત્રો પહેરવાં ઇત્યાદિ જેમાં સાધુ-પ્રદ્વેષ સંબંધી ઉપાર્જન કરેલ લાભાન્તરાય, દૌર્ભાગ્યાદિ પાપકર્મ ખપી ગયું-તે કર્માનુબંધનો વિચ્છેદ થયો-તૂટી ગયું તે ભવમાં કોઈક તીર્થંકર ભગવંતનો યોગ થયો, એટલેપૂર્વજન્મ સંબંધી વૃત્તાન્ત પૂછયો, એટલે સમગ્ર જન્મનો સર્વ વૃત્તાન્ત કહ્યો. ફરી બોધિલાભરૂપ ધર્મપ્રાપ્તિ થઈ. વૈરાગ્ય પામેલા તેણે પૂછયું કે, 'અહિ સાધુના ઉપર કરેલા પ્રદ્વેષરૂપ અપરાધનું શું પ્રાયશ્ચિત્ત કરવું જોઇએ ?' ભગવંતેકહ્યુ કે, 'સાધુપરુષોનું બહુમાન, પોતાની અપેક્ષાએ તેઓને મહાન ગુણવાળા માનવા જોઈએ.' એ પ્રાયશ્ચિત્ત જણાવ્યું. ત્યાર પછી તેણે દરરોજ પાંચસો સાધુઓને વિનય-બહુમાન પૂર્વક વંદન કરવાનો અભિગ્રહ કર્યો. જે દિવસેકોઈ પ્રકારે અભિગ્રહ પૂર્ણ ન થાય, તે દિવસે તેને અન્ન-પાનનો ત્યાગ થાય છે.એ પ્રમાણે પોતાની પ્રતિજ્ઞામાં દઢ રહ્યો અને પોતાનું જીવન પસાર કરતો હતો. બોધિલાભ પછી છ મહિના જીવીને સમાધિપૂર્વક કાલધર્મ પામીને બ્રહ્મ-દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો. દેવલોકમાં પણ તીર્થંકરોની ભક્તિ, મહાવિદેહ આદિ ક્ષેત્રોમાં, નંદીશ્વરાદિકનાં ચૈત્યોમાં અરિહંત પરમાત્માઓની નિરંતર ભક્તિ કરતો હતો. જગતના સર્વ જીવ પ્રત્યે વાત્સલ્યભાવ રાખનાર, અપાર કરુણાસમુદ્ર, સ્મરણમાત્રથી નમન કરનારા જીવોનાં મનોવાંછિત પૂરનાર એવા તીર્થંકર ભગવંતની ભક્તિ, વંદન, પૂજન, ધર્મશ્રવણ વગેરે ધર્માનુષ્ઠાન કરવા લાગ્યો. દેવલોકનું આયુષ્ય પૂર્ણ થયું, એટલે ત્યાંથી ચ્યવીને ચંપાપુરીમાં ચંદ્રરાજાના પુત્રપણે ઉત્પન્ન થયો. (૪૦૦)

૪૦૧- જન્મની સાથેતે બાળકને સાધુનાં દર્શન થયાં, એટલે ભવાંતરના સંસ્કારથી તેમના વિષે પ્રીતિ-આદરભાવ જાગ્યો. પૂર્વભવનું સ્મરણ થયું, ચારિત્ર-રક્ષણ વિષયક અધીરજ ઉત્પન્ન થઈ કે, 'સાધુનાં દર્શન વગર મારા પરિણામ કેવી રીતે ટકશે ? માતા પિતાએ 'પ્રિયસાધુ' એવું તેનું નામ પાડ્યું. બાલભાવ પૂર્ણ થયા પછી સાધુપણાની દીક્ષા અંગીકાર કરી.તે ગ્રહણ કર્યા પછી 'મારે સર્વાંગથી સર્વ પ્રકારનો સાધુનો વિનય કરવો' એવો અભિગ્રહ ગ્રહણ કર્યો. (૪૦૧)

૪૦૨ - અભિગ્રહ પરિપાલના-આરાધનાના છેડે સમાધિથી મૃત્યુ પામી શુક્ર આદિ દેવલોકની અંદર ક્રમે ક્રમે દરેક ભવમાં સંયમશુદ્ધિના યોગે ઉત્પન્ન થયો. છેલ્લા ભવમાં સર્વાગમના અર્થપૂર્ણ અથવા આગમાનુસારી સંપૂર્ણ પ્રવ્રજ્યાની આરાધના કરી સર્વવિમાનોની શ્રેણીના મુગટના માણિક્ય સમાન સર્વાર્થસિદ્ધ વિમાનથી અહિં આવ્યો છે. ત્યાં પણ દીક્ષા ગ્રહણ કરી. તેમાં કેવલજ્ઞાન મેળવી સિદ્ધિપદમાં પહોંચ્યો. આ પ્રમાણે સાધુનો પ્રદ્વેષ કરનાર ક્ષુલ્લકની વાતકરી. (૪૦૨)

હવે ચૈત્યદ્રવ્યનો ઉપયોગ કરનાર સંકાશ સંબંધી વ્યાખ્યા કરાય છે –

## ચૈત્યદ્રવ્યનો ઉપયોગ કરનાર

૪૦૩ થી ૪૧૨ અહિં સંકાશ નામનો શ્રાવક સ્વભાવથી જ ભવ વૈરાગ્યવાળો શાસ્ત્રાનુસાર શ્રાવકના આચાર પ્રમાણે વર્તન કરનારા ગંધિલાતી, નામની નગરીમા રહેતો હતો. ત્યાં 'શક્રાવતાર' નામના જિનચૈત્યને વિષે સુંદર સાર-સંભાળ ચિંતા કરતો હતો. કોઈક વખત ઘરનાં બીજા કાર્યોમાં રોકાવાના કારણે દેવદ્રવ્યનો પ્રમાદ, અજ્ઞાન, સંશય, વિપર્યાસ વગેરેથી ઉપયોગ કર્યો. તેના આલોચન, પ્રતિક્રમણ કર્યા વગરનો તે મરણ પામ્યો. ત્યાર પછી સંસારમાં ભૂખ, તરશ વગેરે દુઃખથી પરાભવ પામતાં તેણે સંખ્યાતા ભવો સુધી ભવોમાં પરિભ્રમણ કર્યું. તે ભવોમાં શસ્ત્રઆદિકથી ઘાત થવો, પીઠ, ગળા ઉપર ભાર ભરીને વહન કરવો, ટાઢ-તડકામાં તિર્યંચ ગતિમાં ભાર વહન કરી ભૂખ્યા-તરશ્યા ચાલવું પડે, છૂંદાવું પડે એ પ્રમાણે અનેક વેદનાઓ સહન કરી. તથા દરિદ્રકુલમાં ઉત્પન્ન થવું, અનેક વખતલોકો તરફનો તિરસ્કાર, કારણ કે, વગર કારણે ઘણા લોકો તેનો અવર્ણવાદ બોલે, મનુષ્યોમાં ઉત્પન્ન થવા છતાં પુત્ર, સ્ત્રી આદિક તરફથી પરાભવ, તિરસ્કાર મેલવીને પછી તગરા નગરીમાં ધનવાન શેઠનો પુત્ર થયો.

સંકાશના ભવમાં ચૈત્યદ્રવ્યનો ઉપયોગ કર્યો હતો, તે કાળે ઉપાર્જન કરેલા કર્મનો અલ્પ અંશ હજુ ભોગવાનો બાકી રહેલો હતો. હજુ લાભાન્તરાય કર્મનો છેલ્લો અંશ ભોગવવાનો બાકી હતો,ત્યારે પણ દરિદ્રતા, મનોવાંછિતની અપ્રાપ્તિ વારંવાર થયા કરતી હતી. એટલે મનમાં ચિત્તનો ઉદ્વેગ કાયમ રહેતો હતો.

કોઈક સમયે કેવલી ભગવંતનો યોગ થતાં પૂછયું કે, 'હે ભગવંત ! મેં ભવાંતરમાં એવું શું કર્મ ઉપાર્જન કરેલું છે કે, જેથી મારા કોઈ મનોરથ પૂરાતા નથી.' એટલે સંકાશના ભવથી માંડી અત્યાર સુધીના ભવોના વૃત્તાન્તનું કથન કર્યું. ક્ષુલ્લક જીવની જેમ બોધિ તથા વૈરાગ્ય પામ્યો. પૂછયું કે, 'અહિં હવે ચૈત્યદ્રવ્યનો કરેલો વપરાશ, તેનો થયેલો અપરાધ, તે વિષયમાં અત્યારે મારે શું કરવું ઉચિત છે ?' કેવલીએ કહ્યું કે - "ચૈત્યદ્રવ્યની વૃદ્ધિ, જિનભવન, જિનબિંબ, રથયાત્રાદિ, સ્નાત્ર-મહોત્સવ વગેરેના કારણભૂત સુવર્ણાદિકની વૃદ્ધિ કરવી ઉચિત છે. ત્યાર પછી માત્ર પોતાની ખોરાકી અને જરૂરી વસ્ત્રો સિવાય મારી ઉપજ જે થાય, તે સર્વ ચૈત્યદ્રવ્ય જાણવું, એવા પ્રકારનો અભિગ્રહ આ જીવન સુધીનો ગ્રહણ કર્યો. ત્યાર પછીની શુભ પ્રવૃત્તિથી પૂર્વે જણાવેલા અભિગ્રહ-લક્ષણ ભાવની પ્રવૃત્તિથી આગળનું કિલષ્ટ કર્મ ક્ષય પામ્યું. એટલે ધન-ધાન્યાદિ રૂપ લાભ-પ્રાપ્તિ થવા લાગી આગળ કહ્યા પ્રમાણેનો અભિગ્રહ નિશ્ચલતાથી પાલન કરતોહતો. ધનની મૂર્છાનો ત્યાગ કરેલો હતો. લાંબા કાળે પુષ્કળ દ્રવ્ય એકઠું થયું એટલે જેમાં બીજાના દ્રવ્યની સહાયતા વગર તે જ તગરા નગરીમાં ચૈત્યમંદિર કરાવ્યું.

તે જિનમંદિરમાં હંમેશાં સ્વચ્છતા રાખવી, સાર-સંભાળ કરવી. જેમાં પોતાનો અંગતકોઈ પણ ઉપયોગ કર્યા સિવાય, તેમ જ થુંકવું, મલ-મૂત્ર વિસર્જન, તામ્બૂલ ખાવું, નાસિકા-કાનનો મેલ કાઢવો. સ્ત્રીકથા, ભોજનકથા, ચોર દેશ વગેરેના વૃત્તાન્તની કથાઓ

વાર્તાલાપો કરવા રૂપ પાપકથાઓ કરવી, અનુચિત આસનથી બેસવું, વડીલોથી ઉંચા કે સમાન આસને બેસવું. ઉભા પગરાખી, વસ્ત્ર વીટાળી બાંધે, તેવાપર્યસ્તિક આસને બેસવું - આ કહેલાં કાર્યો જિનગૃહમાં કરવામાં આવે, તે અભોગ અથવા આશાતના થવારૂપ ગણાય. (અહીં નગ્ કુત્સાર્થમાં છે, એટલે જિનભવનનો કુત્સિતપણે ઉપયોગ કરવામાં જિનભવનની આશાતના ગણેલી છે.) જેમ કે, દુર્વચન તે અવચન, કુત્સિત-ખરાબ શીલ તે અસતીનું અશીલ, તે જ પ્રમાણે મિથ્યાદષ્ટિનું જ્ઞાન તે અજ્ઞાન કહેવાય છે, તેમ અહિં જિનમંદિરનો આવો કુત્સિત ઉપયોગ કરવો, તે અભોગ કહેવાય છે. ચૈત્યની આશાતના કરવાથી દુર્ગતિના ફલની પ્રાપ્તિ થાય છે. અહિં ભોગની પરિશુદ્ધિમાં ભવનપતિ વગેરે દેવોનું ઉદાહરણ છે.

એ જ વાત વિચારતા કહે છેકે - નંદીશ્વર વગેરે સ્થાનમાં રહેલાં જિનભવન તેમ જ જિનેશ્વરોના જન્મમહોત્સવોમાં દુષ્ટચારિત્રમોહનીય કર્મના ઉદયવાળા વિષય-વિષમાં મુંઝાયેલા દેવતાઓ હોવા છતાં પણતેઓ કદાપિ પોતાના પ્રાણાધિક પ્રેમપદ પ્રાપ્ત કરાયેલી અપ્સરાઓ સાથે ત્યાં હાસ્ય-ક્રીડા, રમત-ગમત વગેરેક્રીડાઓ કરતા નથી. આદિશબ્દથી બીજી વિચિત્ર ક્રીડાઓ કે સંભોગ વગેરે મોટા દોષોનું સેવન તે સમયે તે સ્થલે કરતા નથી. અહિં અપસરા-શબ્દ એટલા માટે વાપર્યો કે, હાસ્ય-ક્રીડાદિ સ્થાનો તેમની સાથે આ કાર્યો છોડવાં દુષ્કર છે. તે જણાવવા માટે 'અપ્સરા' શબ્દનો પ્રયોગકર્યો છે. આ પ્રમાણે કહેલી નીતિથી સંકાશ શ્રાવકનો જીવમહાનુભાવ પ્રશસ્ત પુરુષાર્થ કરનાર આ લોક અને પરલોકના ફલના અવિધિભાવનો ત્યાગ કરીને, અનુચિત પ્રવૃત્તિ બંધ કરીને, વિશુદ્ધ ધર્મનું સેવન કરીને, શ્રુત-ચારિત્ર લક્ષણ ધર્મનું નિરતિચારપણે આરાધન કરીને નિર્વાણ-મોક્ષ મેળવનાર થયો.

અહિં સાધુપ્રદ્વેષી ક્ષુલ્લક જીવનો નરકપ્રવેશ, એકેન્દ્રિયાદિક ભવોમાં કાયસ્થિતિના કારણે અનંતા ભવભ્રમણરૂપ સંસાર જણાવ્યો. જ્યારે સંકાશ શ્રાવકના જીવને તો 'ભવગહનમાં સંખ્યાતા ભવ-ભ્રમણ કરીને' એમ કહેલ હોવાથી તેના સંખ્યાતા ભવ-ભ્રમણના લેવા. તેમાં આવો અભિપ્રાય સમજવો. સંકાશને ચૈત્યદ્રવ્યનો ઉપભોગ પ્રમાદ-દોષથી થયો હતો,જેથી તેને નરકપ્રવેશ કરીને કર્માનુભવ કરવો ન પડ્યો. પરંતુ ખરાબ મનુષ્યપણું, તિર્યંચભવોમાં ભૂખ, તરશ, માર પડવો, ભાર વહન કરવો ઇત્યાદિ દુઃખ સહન કરવા દ્વારાકર્માનુભવ કર્યો. ક્ષુલ્લક સાધુનો જીવ ઘણા જ દુષ્ટ પરિણામથી જાણી બુજીને સર્વ સાધુઓને હણવા-મારવા તૈયાર થયો હતો.તેના ભયંકર પરિણામથી નરકાદિકમાં પ્રવેશ કરવારૂપ ફલ અને અનંતાકાળ સુધી સંસારમા રખડાવનાર કર્મ ઉપાર્જન કર્યું. આ બંને વચ્ચે આટલો સંસાર પરિભ્રમણનો વિશેષ તફાવત છે. (૪૦૩ થી ૪૧૨) સંકાશનું ઉદાહરણ પૂર્ણ થયું.

## ચૈત્યદ્રવ્ય ઉપયોગ કરનાર અનર્થનું ફળ છે

૪૧૩ - જે માટે ચૈત્યદ્રવ્યનો ઉપયોગ કરવો, તે અનર્થ ફલઆપનાર છે - એ કારણથી આ સ્થલે પૂર્વાચાર્યોએ ચૈત્યદ્રવ્યના ઉપયોગની અનર્થફલરૂપે અન્વય-વ્યતિરેક દ્વારા સ્પષ્ટ સમજણ આપેલી છે. 'આમ કરવાથી આમ થાય' તે અન્વય, અને તેથી વિપરીત - 'આમ ન કરવાથી આમ ન થાય' તે રૂપ વ્યતિરેકએ બંને પ્રકારે અજ્ઞાનાદિ દોષના ઉપઘાત-રહિત

મનવાળા એવા પૂર્વાચાર્યો એ આ વિષયમાં શુદ્ધ સમજાવેલું છે. (૪૧૩)

કહેલી વાત સ્પષ્ટ સમજાવે છે –

चेइअदव्वं साहारणं च, जो दुहति मोहियमतीओ ।

धम्मं व सो न याणाति, अहवा बद्धाउओ पुव्वि ॥४१४॥

૪૧૪ - ચૈત્ય-દેરાસર - જિનમંદિરમાં ઉપયોગી ધન-ધાન્યાદિક, કાષ્ઠ-પાષાણાદિક, ચૈત્યદ્રવ્ય તથા સાધારણદ્રવ્ય-તેવા પ્રકારના સંકટસમયમાં બીજું દ્રવ્ય ન હોય, તેવા સમયમાં જિનભવન, જિનબિંબ, જિનાગમ, ચતુર્વિધ સંઘરૂપ સાત ક્ષેત્ર સંબંધી ધર્મકૃત્યો સીદાતાં હોય, ત્યાંરે જે તેને સહાયરૂપ થાય, તેવા દેવદ્રવ્યકે સાધારણ દ્રવ્યનો લોભની અધિકતાથી જે મોહિતમતિવાળો બની તે દ્રવ્યનો દ્રોહ કરે વિનાશ કરે, તે કાં તો જિનપ્રણીત ધર્મ જાણતો નથી, એમ કહીને તેને મિથ્યાદષ્ટિ જણાવ્યો, અથવા તો કંઈક ધર્મ જાણતો હોય,તો પણ ચૈત્યદ્રવ્યાદિની ચિંતાકરવાના કાળ પહેલાં તેણે નરકાદિક દુર્ગતિનું આયુષ્ય બાંધેલું હોવું જોઈએ. (૪૧૪) તથા —

चेइयदव्वविणासे, तदव्वविणासणे दुविहमए ।

साहू उवेक्खमाणो, अणंतसंसारिओ भणिओ ॥४१६ ॥

૪૧૫ - ક્ષેત્ર, સુવર્ણ,ગામ, વન, ઘર વગેરે તે તે સમયે ઉપયોગી થતું હોય, તેવા ચૈત્યદ્રવ્ય-દેવદ્રવ્યનો તેની વ્યવસ્થા કરનારાઓ દ્વારા અગર પોતાની મેળે તે દ્રવ્યનો વિનાશ થતોહોય, અથવા બીજાઓ ચૈત્યદ્રવ્યને લૂંટી જતા હોય, તો આગળ કહેવાશે, તેવા બંને પ્રકારના ચૈત્યદ્રવ્યની સર્વસાવદ્યના વ્યાપારથી વિમુખ થયેલા સાધુઓ ઉપેક્ષા કરે-તેનું રક્ષણ ન કરે, તો અનંતસંસારી થાય છે. સર્વજ્ઞની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાના કારણે. પંચકલ્પભાષ્યમાંકહેલું છે કે - "ખેતર, સુવર્ણાદિક, ગ્રામ, ગાયો વગેરે જે ચૈત્યોનાં હોય, તેની સાર-સંભાળ રાખવાની પ્રેરણા ન આપે, તો સાધુને ત્રિકરણ શુદ્ધિ કેવી રીતે થાય ? આ વિષયમાં જો કોઈ દેવદ્રવ્યના રક્ષણમાં, નાશ થતું બચાવવામાં ચારિત્રવાળા કે ગૃહસ્થ શ્રાવકહોય તેવા ચતુર્વિધ શ્રીસંઘે પોતાના સર્વ સામર્થ્યથી તેનારક્ષણ કાર્યમાં લાગી જવું - આ કાર્ય બંને માટે સામાન્ય ગણેલું છે." (૪૧૫)

ચૈત્યદ્રવ્ય - વિનાશ બે પ્રકારે જણાવ્યો, તે બે પ્રકાર કહે છે –

૪૧૬ - ચૈત્ય-જિનમંદિર નિર્માણપણ કરવા માટે ઉચિત ઈંટ, પાષાણ, કાષ્ઠ આદિ તે યોગ્ય ચૈત્યદ્રવ્ય, બીજું અતીત-ભૂતકાળના ભાવને પામેલ જિનંદિર નિર્માણ કરવાની અપેક્ષાએ બીજી વખત કામ લાગી શકે,તેવીરીતે જુના ચૈત્યમાંથી જુદું પાડેલું. મૂલ અને ઉત્તરભાવથી બે પ્રકારો તેમાં સ્તંભ, કુંભિકા, પાટિયાં યોગ્ય કાષ્ઠદલ તે મૂળભાવ પામેલું દ્રવ્ય ગણાય,પીઠ વગેરે ઉપરમાં ઢાંકણરૂપે જે કાષ્ઠ આદિ હોય, તે ઉત્તરભાવ. આ પ્રમાણે વિનાશનીય ચૈત્યદ્રવ્યના બે પ્રકારો. હવે વિનાશકના બે ભેદો કહે છે. સ્વપક્ષ અને પરપક્ષ વગેરે, સાધુ-શ્રાવક સ્વપક્ષ, મિથ્યાદષ્ટિ લક્ષણ ચૈત્યદ્રવ્યનો વિનાશ કરનાર પરપક્ષ વગેરે, સાધુ-શ્રાવક સ્વપક્ષ, મિથ્યાદષ્ટિ લક્ષણ ચૈત્યદ્રવ્યનો વિનાશ કરનાર પરપક્ષ, આદિશબ્દથી મિથ્યાદષ્ટિના

ભેદો ગૃહસ્થો, પાખંડીઓ સમજવા. તેથી કરીને કહેવાનો મતલબ એ છે કે યોગ્ય અને અતીત ભેદથી, મૂળ અને ઉત્તરભેદથી, સ્વપક્ષ અને પરપક્ષમાં રહેલા ગૃહસ્થ અને પાખંડીરૂપ વિનાશકના બે ભેદો અને પૂર્વે કહેલા દ્રવ્યનો વિનાશ બે પ્રકારે થાય છે. (૪૧૬)

## ચૈત્યદ્રવ્ય-રક્ષા કરનારને શું ફળ થાય છે ? તે કહે છે

जिणपवयणवुड्ढिकरं, पभावगं णाण-दंसणगुणाणं ।

रख्खंतो जिणदव्वं, परित्तसंसारिओ होई ॥४१७॥

ભગવંતે કહેલા શાસનની ઉન્નતિ કરનાર એટલે કે જ્ઞાન, દર્શન, ચારિત્રગુણોનો વિસ્તારકરનાર, તેમાં શાસ્ત્રની વાચના આપવી, પ્રશ્નો કરવા, પરાવર્તન, અનુપ્રેક્ષા ધર્મકથારૂપ પાંચ પ્રકારના સ્વાધ્યાય કરવા તે જ્ઞાનગુણ, સમ્યક્ત્વના હેતુભૂત જિનશ્વરોના રથયાત્રાદિ, સ્નાત્રમહોત્સવાદિ કરવા, જિનદ્રવ્યનું રક્ષણ કરવું, વૃદ્ધિ કરવી વગેરે રૂપ દર્શનગુણ. એમ જ્ઞાન-દર્શન ગુણની વૃદ્ધિ કરનાર, શાસનની પ્રભાવના કરનાર એવા ચૈત્યદ્રવ્યનું રક્ષણ કરનનાર સાધુ કે શ્રાવક ટૂંકા સંસારવાળો થાય છે. તે આ પ્રમાણે-જિનદ્રવ્યનું રક્ષણ કર્યું, એટલે તે દ્રવ્યને ચૈત્યકાર્યમાં જોડયું.સુંદર જિનચૈત્ય તૈયાર થવાથી તેવા ભવ્યાત્માઓ અતિહર્ષપૂર્વક ત્યાં દર્શનાદિ કરવા માટે આવતા થાય. એટલે નિર્વાણનુ સફલ કારણ બોધિબીજ આદિ ગુણોનું ભાજન બને. વળી સંવિગ્ન ગીતાર્થ સાધુભગવંતો પણ ચૈત્યને આશ્રીને નિરંતર આવે, વળી સાધુભગવંતો ત્યાં સિદ્ધાન્તોની વ્યાખ્યાઓ વિસ્તારથી સમજાવે. એ સંભાળવા દ્વારા સમ્યગ્જ્ઞાન અને દર્શનગુણની વૃદ્ધિ થાય. આ પ્રમાણે ચૈત્યદ્રવ્ય-રક્ષા કરનારને મોક્ષમાર્ગને અનૂકુલ,દરેક ક્ષણે મિથ્યાત્વાદિ દોષને ઉચ્છેદ કરવાનું કારણ મળતું હોવાથી તેનો સંસાર મર્યાદિત-ટૂંકાકાળવાળો થાય છે - અર્થાત્ જલ્દી મોક્ષે જાય છે. (૪૧૭)

હવે ચૈત્યદ્રવ્યની વૃદ્ધિ કરનારનું ફલ કહે છે –

जिणपवयणवुड्ढिकरं, पभावगं नाण-दंसण-गुणाणं ।

वड्ढंतो जिणदव्वं, तित्थगरत्तं लहइ जीवो ॥ ४१८ ॥

શ્લોકના પૂર્વાર્દ્ધની વ્યાખ્યા પહેલા માફક, અપૂર્વ દ્રવ્ય ઉમેરી ઉમેરીને જિનદ્રવ્યની વૃદ્ધિ કરનાર જીવ ચારવર્ણ સ્વરૂપ શ્રમણપ્રધાન સંઘની સ્થાપના કરવા રૂપ તીર્થંકરપણું પ્રાપ્તકરે છે. (૪૧૮)

चेइय-कुल-गण-संघे, उवयारं कुणइ जो अणासंसी ।

पत्तेयबुद्ध-गण्णहर-तित्थयरो वा तओ होई ॥४१९ ॥

ચૈત્ય-જિનમંદિર, કુલ, ગુણ,સંઘને વિષે આ લોક કે પરલોકના ફલની અભિલાષા રાખ્યા વગર જે કોઈ ઉપકાર કરે છે, તે પ્રત્યેકબુદ્ધ, ગણધર અથવા તીર્થંકર પણું પામે છે. બાહ્ય વૃષભાદિ પદાર્થો દેખીને જેને સાપેક્ષ દીક્ષા લાભ થાય, તે પ્રત્યે બુદ્ધ કહેવાય. ત્રિપદી પામવા પૂર્વક જેમને સમગ્ર શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ થાય છે - એવા તીર્થંકરના મુખ્ય શિષ્યો તે ગણધર કહેવાય. અહિં 'ચૈત્ય' એટલે જિનાય તરીકે પ્રસિદ્ધ છે. ચાન્દ્ર, નાગેન્દ્ર વગેરે કુલો

કહેવાય, ત્રણ કુલોનો સમાન સામાચારી વાળો સમુદાય, તે ગણ કહેવાય. એટલે જેઓને પરસ્પર સાપેક્ષભાવથી સાથે આહાર,વંદનાદિક વ્યવહાર હોય. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાનો સમુદાય પ્રભુની આજ્ઞાને અનુસરનારો હોય, તે સંઘ કહેવાય (૪૧૯)

શંકા કરી કે, ચૈત્યદ્રવ્ય-રક્ષાદિ પરિણામ એક આકારવાળા હોવા છતાં પ્રત્યેક બુદ્ધ વગેરેમાં ફલભેદ કેમ પડ્યો ? તે કહે છે –

કોમળ, મધ્યમ, તીવ્ર અથવા જઘન્ય, મધ્યમ અને તીવ્ર એવા શુભ પરિણામના ભેદોથી પ્રત્યેક બુદ્ધિ, ગણધર, તીર્થંકર વગેરેમાંથી કોઈપણ પદ પામીને દેવો, અસુરો અને માનવોથી પૂજા પામેલો એવો જીવ સમગ્ર કર્મનો ક્ષય કરીને સિદ્ધિ પામે છે. (૪૨૦)

## શીતલવિહારી દેવનું દૃષ્ટાંત

હવે શીતલવિહારી દેવનું ઉદાહરણ આઠ ગાથાથી કહે છે –

૪૨૧ થી ૪૨૮ - પ્રબળ ચારિત્રમોહનીય કર્મના ઉદયવાળા, સાધુ-સામાચારી બરાબર ન પાળતા હોવાથી શીતલ (શિથિલ)વિહારી, મૂલ અને ઉત્તરગુણના અતિચાર-દોષ તરફ ઉપેક્ષાવૃત્તિવાળા હોવાથી પાપનો ભય ન રાખનારા એવા 'દેવ' નામના એક સાધુ હતા. આ અપરાધના કારણે મૃત્યુપામી તે સંસારની ગતિઓમાં ભ્રમણ કરતા હતા. કહેલા શીતલ(શિથિલ) વિહારથી ભગવાનના શાસનની લઘુતા-આશાતના નક્કી થાય છે. એ જ વાત વિચારતા કહે છે કે - તેવાં તેવાં પ્રમાદસ્થાનો પામેલા સાધુને દેખીને તેવા પ્રકારના લોકો એમ વિચારે છે કે - 'નક્કી તેમના શાસ્ત્રકારોએ આવો અસંયમ રૂપ વ્યવહાર શાસ્ત્રમાં નિરૂપણ કર્યો હશે. એ પ્રમાણે મનમાં વિચારતા જિનેશ્વર ભગવંત વિષે અતિશય અવજ્ઞા કરનારો થાય છે અને તેવાં તેવાં આશાતના-પદો આચરે છે. આ કારણે શીતલ (શિથિલ) વિહારી સાધુ પોતે જ આજ્ઞા-ઉલ્લંઘનના કારણે નક્કી ભગવંતની આશાતના કરનારો થાય છે. તેકારણે પરિણામ વગરના અનંતાકાળ પ્રમાણ શારીરિક, માનસિક પીડાથી પરાભવ પામતો સંસારમાં કલેશ અનુભવતો રખડે છે.

ચાર વર્ણયુક્ત શ્રીશ્રમણ-પ્રધાન સંઘની ઉત્પત્તિમાં કારણભૂત એવા ઋષભાદિક તીર્થંકર-વિશેષો વસ્તુતત્ત્વના સ્વરૂપને જે યથાર્થપણે કહે, તે પ્રવચન-સંઘ, દ્વાદશાંગ શ્રુતજ્ઞાન, આચાર્ય-યુગપ્રધાન, તીર્થંકરના મુખ્ય શિષ્યરૂપ ગણધર વૈક્રિય વાદ ચારણાદિ લબ્ધિવાળા એવા મહાપુરુષોના દોષો કથન કરવા, તેમના પ્રત્યે અનુચિત આચરણ કરવું, અવજ્ઞા-સ્થાન પમાડવા, ઇત્યાદિક આશાતના કરનાર અનંતસંસારીથાય છે શાથી ? તો કે સમ્યક્ત્વાદિ ગુણોનો ઘાત કરનાર, મિથ્યાત્વાદિ પાપકર્મોને ઉપાર્જન કરી સન્માર્ગથી અતિશયદૂર થયેલા આચારોનું સેવન કરવાથી (૪૨૩) ચાલુ અધિકાર સાથે આ સંબંધ જોડતા કહે છે કે –

શીતલ(શિથિલ)-વિહારીપણાથી ઉપાર્જન કરેલા કર્મોદયથી તે દેવ નામનો સાધુ, હલકા કુલ-જાતિમાં શારીરિક દુઃખો,પારકા ઘરે દાસપણે કાર્ય કરવારૂપ દુઃખ અનુભવતો હતો. તથા કાયાથી ક્રિયાઓ કરે, વચન બોલે, મનોરથ કરે, તે સર્વ તેના નિષ્ફલ જતા હતા. તેવા

પ્રકારનો હિતાહિત-વિવેકરહિત મતિવાળો બન્યો. એમ કરતાં શીતલ(શિથિલ)-વિહારીપણામાં ઉપાર્જન કરેલ પાપકર્મ ખપાવીને કૌશાંબી નગરીમાં બ્રાહ્મણપુત્ર થયો. ચૌદવિદ્યાનો પારગામી બનવા છતાં રાજસભા કે મહાજનના સ્થાનમાં ક્યાયં પણ ગૌરવ મેળવી શકતો ન હતો. તેથી તેને ચિંતા થઈ કે, 'મેં તેવો કોઈ અપરાધ ન કરેલો હોવા છતાં પણ લોકો મારા તરફ અવજ્ઞાવાળા કેમ જણાય છે ?' તે સમયેત્યાં કોઈક અરિહંત ભગવંત સમવસર્યા, દેશના સાંભળી અને અંતે તેણે દીક્ષા અંગીકાર કરી. ભગવંતને લોકઅવજ્ઞાનું કારણ પૂછયું કે, 'ક્યા નિમિત્તે હું તિરસ્કાર પામું છું ?' ભગવંતે શિથિલવિહારરૂપ આગળનો વૃત્તાંત કહ્યો, એટલેતીવ્ર વૈરાગ્ય થયો. ત્યાર પછી સમગ્ર સાધુઓના સુંદર આચારોમાં વિશેષ ઉદ્યમવંત અને ઉપયોગવાળો બન્યો. કોઈક સમયે તેના સતત જાગૃત અને ઉદ્યમ સંબંધી ઈન્દ્રે સ્તુતિ કરી. એટલેઈન્દ્રની વાતમાં શ્રદ્ધા ન કરનાર એક દેવે હાથીનું રૂપ વિકુર્વીને ઈર્યાસમિતિરૂપ પ્રથમ સમિતિની પરીક્ષા કરવાનું આરંભ્યું. કેવી રીતે ? માર્ગમાં ચાલતીકીડીઓના રક્ષણમાં જેનું ચિત્ત રહેલું છે, એવા તે સાધુને હાથીએ સૂંઢથી ઉંચે ઉપાડી નીચે નાખ્યો. ભૂમિ પર પડવા છતાં પોતાની વેદનાને ગણકાર્યા વગર માત્ર કીડીઓની રક્ષાથી પરિણતિથી આ જીવોનું રક્ષણ કરવું અશક્ય છે, પોતાની કાયાથી તેને ઉપદ્રવ થાય છે, તે દેખે છે. પોતાના જીવિતથી નિરપેક્ષ બની વારંવાર મિથ્યાદુષ્કૃત આપે છે.તેથી જે સંવેગની વૃદ્ધિ થઈ અને તેના યોગે તેના બે ગતિનાં પાપકર્મો વિચ્છેદ ગયાં, એટલે તે ગતિ અપાવનાર કર્માનુબંધનો વિચ્છેદ થયો. ત્યાર પછી સૌધર્મ આદિ દેવલોકમાં, શુભ મનુષ્યભવોમાં પોતાની અવસ્થાને ઉચિત અનુષ્ઠાન પાલન કરવામાં સાવધાન થયો.સાત દેવભવો અને કૌશાંબીમા બ્રાહ્મણપુત્રના જન્મથી માંડી આઠમા મનુષ્યભવમાં ચક્રવર્તી થઈ સિદ્ધિ પામ્યા. (૪૨૮) પ્રસંગાનુયોગે કહે છે –

૪૨૯ - તે સિવાય બીજા પ્રશસ્ત પરિણતિવાળા અતિચારવાળા છતાં પીઠ, મહાપીઠ આદિકની જેમ અતિચારના ફલરૂપ સ્ત્રીપણાનું આદિ કર્મ ભોગવીને નિર્મળ માર્ગમા તત્પર બની અનંતાભૂતકાળમાં અનંતા જીવો સિદ્ધિ પામ્યા. (૪૨૯) ઉપસંહાર કરતા કહે છે –

## દ્રવ્યઔષધ સાથે ભાવ ઔષધનું સ્વરૂપ

૪૩૦ - આગળ કહેલા ઔષધના ઉદાહરણ અનુસાર હંમેશાં વિધિયુક્ત ધર્માનુષ્ઠાનો કરવાં. નિપુણબુદ્ધિથી, લાંબી સૂક્ષ્મ વિચારણાપૂર્વક એટલે અત્યારે આ માટે સમય યોગ્ય છે કે કેમ ? સમય, અસમયના પ્રયોગને આશ્રીને વિધિનું હંમેશાં પરિપાલન કરવું ઉચિત છે. (૪૩૦) તે જ ફરી વિચારે છે –

૪૩૧ - નવો તાવ આવ્યો હોય,ત્યારે ઔષધ લેવાનો પ્રયોગ કરવો, તે નિરર્થક ગણેલો છે, ચાલુ વ્યાધિમાં તે સમય ઔષધદાન માટે અસમયનો પ્રયોગ છે. કેમ કે, તે વખતે આપેલું ઔષધ વ્યાધિનોકોપ કરનાર વધારનાર થાય છે. સુંદર ઔષધ છતાં વ્યાધિ મટાડનાર સફળ ઔષધ છતાં સમય પાકેલા ન હોવાથી અપકાર કરનાર થાય છે. આ વાત લોકોમાં અને આર્યુવેદ શાસ્ત્રોમાં પણ પ્રસિદ્ધ છે. (૪૩૧)

દાષ્ટાન્તિકપણે કહેલા સંસાર-રોગી વિષે વચન ઔષધના પ્રયોગનો અકાળ જણાવતા ઘનમિથ્યાત્વી આદિ બે ગાથા કહે છે –

૪૩૨-૪૩૩ - મહામેઘોથી આચ્છાદિત થયેલ, જેમાં સમગ્ર ગ્રહો અને નક્ષત્રો પ્રભાવનો સમૂહ પણ સર્વથા લુપ્ત થયેલો છે, એવા ભાદ્રપદ અમાવાસ્યા-ગુજરાતી આસો માસની અમાવાસ્યાના મધ્યભાગમાં ઉત્પન્ન થયેલ અતિગાઢ અંધકાર સમાન, જેમા તત્ત્વ-વિપર્યાસ લક્ષણ મિથ્યાત્વ છે, એવો ચરમ પુદ્ગલ-પરાવર્ત સિવાયના બાકીના પુદ્ગલ-પરાવર્ત લક્ષણ જે કાળ આ કાળ વચન ઔષધ પ્રયોગ માટે અકાળ જ છે-એમ સમજવું. ચરમ પુદ્ગલ-પરાવર્ત લક્ષણ કાળ તો હજુ તથાભવ્યત્વ પરિપાકથી બીજાધાન થવું, અંકૂર ફૂટવો, તેને પોષણ કરવું ઇત્યાદિક પ્રવર્તતા હોવાથી કાલ ગણાય માટે જ કહે છે કે - 'કાલ એટલે અવસર તે તો અપુનર્બંધક વગેરે 'તીવ્રભાવથી પાપ ન કરે' ઇત્યાદિ લક્ષણવાળો, વગેરે કહેવાથી માર્ગાભિમુખ-માર્ગ પતિત લેવા. તેમા લલિતવિસ્તારમાં 'મગ્ગદયાણ'નાં અધિકારમાં માર્ગશબ્દની વ્યાખ્યા કરેલી છે. અહિં માર્ગ એટલે ચિત્તનું અવક્રમગમન, સર્પ નલિકામાં ગમન કરે, તેના સરખો સીધો, વિશિષ્ટગુણસ્થાન પ્રાપ્ત કરવામાં તત્પર, સ્વરસવાહી-આત્મ-સ્વરૂપનો અનુભવ કરાવનાર હેતુ સ્વરૂપ ફલથી શુદ્ધ તેને સુખા કહે છે. એવા પ્રકારના ક્ષયોપશમ વિશેષ તેવા માર્ગમાં પ્રવેશ કરેલો હોય, તેવો ભવ્યજીવ તે માર્ગપતિત અર્થાત્ માર્ગે ચડેલો, પાટા પર ચડેલો એમ કહેવાય છે. તે તેવા આદિ ભાવને પામેલો, તે માર્ગાભિમુખ આ બંને છેલ્લા યથાપ્રવૃત્તકરણને ભજનારા સમજવા. તીર્થંકરાદિકોએ વ્યવહારથી અપુનર્બંધક વગેરે છે.જેને, એવો કાલ જણાવેલો છે. (૪૩૨)

નિશ્ચયનયના મતથી તો વળી આ વચન-ઔષધ પ્રયોગનો કાળ આ પ્રમાણે સમજવો. કયો ? - તો કે, ગ્રન્થિભેદ થાય તે કાલ જ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણરૂપ બે કરણોથી જે કાળમાં ગ્રંથિભેદ થાય,તે જ કાળમાં, જે કારણથી આ ગ્રન્થિભેદ થયો, એટલે વિધિથી અવસ્થાને ઉચિત કૃત્ય કરવા લક્ષણ સર્વકાળ જે વચન-ઔષધની પાલના-આરાધના કરીને સંસાર-વ્યાધિ અટકાવનાર જોકોઈ હોય તો આ વચન ઔષધના પ્રયોગથી જ સંસાર-વ્યાધિ રોકાય છે. અપુનર્બંધક વગેરેમાં વચનપ્રયોગ કરવામાં આવે, તો પણ તે તેવો સૂક્ષ્મબોધ કરનારો થતો નથી.કારણ કે, તે કાળ અજ્ઞાનતાની બહુલતાવાળો છે. જેમનો ગ્રન્થિભેદ થયોહોય, તે અને તેની આગળ વધેલા બીજાઓને તો મોહ-અજ્ઞાન દૂર થયેલું હોવાથી અતિનિપુણ બુદ્ધિથીતેવાં તેવાં કાર્યો વિષે પ્રવૃત્તિ કરતા તેવી તેવી વ્યાધિઓનો ઉચ્છેદ કરનારા થાય છે. (૪૩૩) ગ્રન્થિભેદને જ આગળ કરતા કહે છે -

૪૩૪ - હંમેશાં વિધિ પાલનાં કરવી ઇત્યાદિક વગર પણ આ ગ્રન્થિભેદકર્યે છતે આ વચન-ઔષધ પ્રયોગ ભાવ-આરોગ્ય આપનાર થાય છે. તે માટે કહેલું છે કે - "શાશ્વતપદ આપનાર સમ્યક્ત્વરત્ન એક મુહૂર્ત કાળ માત્ર મેળવીને પછી કદાચ ચાલ્યું જાય, તો પણ તે સંસાર-સમુદ્રમાં લાંબો કાળ ભ્રમણ કરતો નથી. માટે તે રત્નને ઘણા લાંબા કાળ સુધી ધારણ કરી રાખો. આમાં તમને વધારે શું કહેવું." તેવાનો સંસાર કંઈક ન્યૂન અર્ધપુદ્ગલ-

પરાવર્તનથી અધિક હોતો નથી. પુદ્ગલ-પરાવર્તન કોને કહેવાય ? તો કે, ઔદારિક, વૈક્રિય, તૈજસ, ભાષા, શ્વોસોશ્વાસ, મન, કર્મવર્ગણાના તમામ પુદ્ગલોના દરેક વર્ગણારૂપે પરિણામ થાય અને એક જીવ સમગ્રરૂપે ગ્રહણ કરી તેનો ત્યાગ કરે, કોઈ પણ એક પુદ્ગલ પરિણામ ગ્રહણ-વિસર્જન રૂપે ગ્રહણ કરી તેનો ત્યાગ કરે, કોઈ પણ એક પુદ્ગલ પરિણામ ગ્રહણ-વિસર્જન રૂપે બાકી ન રહે, એમ કરતાં જેટલો કાળ પસાર થાય,તે શાસ્ત્રની પરિભાષાથી પુદ્ગલ-પરાવર્તન કાળ કહેવાય છે.તેટલાકાળનો અર્ધો કાળ તે અર્ધપુદ્ગલ-પરાવર્ત કાળ કહેવાય. જ્યારે તીર્થંકર આદિ મહાપુરુષોની ઘોર આશાતના કરી હોય, ત્યારે અર્ધપુદ્ગલ-પરાવર્તન કાળ સમજવો. આમાં કૂલવાલક, ગોશાળો આદિકનાં દૃષ્ટાંતો સમજવાં. (૪૩૪)

૪૩૫ - આ વચન-ઔષધ પ્રયોગ પ્રાપ્ત થવા રૂપ ગ્રન્થિભેદ થયો, એટલે દેવ, ગુરુ, ધર્મ અને તત્ત્વભૂત પદાર્થ-વિષયક વિપરીતતા ઘણે ભાગે જીવ પ્રાપ્ત કરતો નથી. પ્રાયઃ-એમ કહેવાથી અવશ્ય વેદવા લાયક મિથ્યાત્વાદિ ક્લિષ્ટકર્મવાળા કેટલાકોને વિપરીતતા થવા સંભવ હોવાથી વ્યભિચારદોષ પરિહરવા માટે કહેલ છે. કહેવાનોસાર એટલો છે કે - હવે અદ્ભુત પુષ્કળ કુશલપુણ્યકર્મ જેનું નજીક આવી ગયું હોય, તે મળેલા કલ્યાણમાર્ગથી વિપરીત આચરણ કરનારો ન થાય. જેનું કલ્યાણ નજીકમાં થવાનું હોય, તે તેનાથી વિપરીત વર્તનવાળો ન થાય, તેમ ગ્રન્થિભેદ પામ્યા પછી જિનવચન ઔષધ-પ્રોયગની સાવધાનીવાળો જીવ વિપરીત મતિવાળાને ન થાય (૪૩૫) તે જ કહે છે -

૪૩૬ - "પરલોક નથી, જિનેશ્વરો નથી, ધર્મ નથી, શીલપાલન તે તો ગૂમડાની પીડા સહન કરવા સરખું નિરર્થક છે, આઠમી નારકી તો નથી ને ?" આવા પ્રકારની વિપરીત માન્યતાઓ ભિન્નગ્રંથિવાળા આત્માઓ માનતા નથી. ગાથાનો ભાવાર્થકહી હવે વિસ્તારથી અર્થ કહે છે - આ વર્તમાન ભવની અપેક્ષાએ બીજા ભવો કે તેમાં જન્મ નથી, એટલે પરલોક નથી, ત્યાંથી આવતા કે જતા કોઈને કદાપિ કોઈએ દેખ્યા ન હોવાથી. પરંતુ પાંચ ભૂતના સમુદાયરૂપ એક કલેવર છે અને તેમાં ચૈતન્યશક્તિપ્રગટ થાય છે. તેવી ક્રિયામાં પ્રવર્તે, ત્યારે આ 'જીવ છે' એવો તેમાં વ્યવહારકરાય છે. એ પાંચ ભૂતો અંદરથી વિખરાઈ જાય,ત્યારે 'મરી ગયો' એવો લોકો વ્યવહારથી શબ્દ પ્રયોગ કરે છે. તથા જિનો અરિહંત ભગવંતો-સર્વથા રાગ-દ્વેષ મોહ-મલિનતા-રહિત એવા કોઈ મનુષ્યો નથી. તેવા પ્રકારના કોઈનો અત્યારે ભેટો થતો નથી.કારણ કે દેખવાના અનુસારે ન દેખેલાની કલ્પના સિદ્ધ કરી શકાય છે. દુર્ગતિમાં પડતા જીવને ધારી રાખનાર એવો કોઈ ધર્મ નથી, તેમ જ સદ્ગતિમાં સ્થાપન કરનાર કોઈ જીવપરિણામ વિશેષ નથી, સાક્ષાત્ તે દેખી શકાતો નથી. તેવા પ્રકારનું ગુમડું પાક્યું હોય અને તેની પીડાની જે શાંતિ થાય, તેના સમાન બસ્તિનિરોધ-લક્ષણ શીલ છે. એટલે કે, જેમ ગુમડાની પીડા સહન કરવામાં કોઈ ગુણ નથી, માત્ર દબાવીને લોહી, પરુ બહાર કાઢી નાખો, એટલે પીડાની શાંતિ થાય છે, એ જ પ્રમાણે ઇન્દ્રિયોના વિષયોને રોકવા રૂપ શીલની પીડા સહન કરવી નિરર્થક છે, એવી ભાવના કરવી તેમ રત્નપ્રભા નારક પૃથ્વી વગેરે સાત નારકી નીચે આઠમી નારકી તો નથી ને ? કહેવાનો અભિપ્રાય એ છે કે - સાત

નારકી સુધી તો જીવો જાય છે, પછી તેનો ભય શો ? તમે 'આઠમી નારકી છે' એમ તો પ્રતિપાદન કરતા જ **નથી**. અર્થાત્ ઇન્દ્રિયોને ગમે તેવા અનકૂલ ભોગો ભોગવવા યુક્ત છે, પરંતુ નરકગતિ કે પાપના ભયથી અનૂકૂળ વિષયભોગોનો ભોગવટો દૂર કરવો યોગ્ય નથી."

આ અને આ સિવાયનાં બીજાં પણ પુરુષ સિવાયનાં વચનો છે, જગત્કર્તા ઇશ્વર વગેરે, નાસ્તિક, મીમાંસક, નૈયાયિક વગેરે દર્શનકારોની મનઘડંત કલ્પનાઓ ભિન્ન ગ્રંથિવાળો ન માને કારણ કે, સયગ્બોધરૂપ દીપકની પ્રભાએ ગાઢ મિથ્યાત્વ-અંધકારભાવને દૂર કરેલો છે,તેવો નિર્મલ સમ્યક્ત્વવાળો આત્મા તો આ પ્રમાણે માને કે - તેના અનુરૂપ કારણથી ઉત્પન્ન થયેલું કાર્ય હોય. જેમ ડાંગર, ઘઉં વગેરે ધાન્યરૂપ બીજ-કારણથી તેને અનુરૂપ ડાંગર-ઘરું કાર્ય ઉત્પન્ન થાય છે. આ ભવમાં હર્ષ શોક વગેરે કાર્યો ઉત્પન્ન થયાં, તે સર્વેના અનુરૂપ કારણ હોય તો પૂર્વભવનું ચૈતન્ય. આથી પરલોકની સિદ્ધિ થાય છે. તેમ જ જિનેશ્વરો હોય છે, તેને સાધી આપનારાં અબાધિત વિષયવાળાં પ્રમાણો હાજર હોવાથી. તે આ પ્રમાણે - જે કારણથી જે પદાર્થો દેશથી ક્ષીણ થવાવાળા દેખાય છે, તે પદાર્થો તેવા કારણથી પ્રકર્ષને પ્રાપ્ત થાય,એટલે સર્વ ક્ષય થવાના સંભવવાળાં પણ ગણાય. જેમ ચિકિત્સા કરવાથી સમગ્ર રોગનો, પવનથી મહામેઘો સર્વક્ષય થવાનો સંભવ છે, તેમ પ્રતિપક્ષ ભાવનાથી કોઈક જીવમાં દેશથી રાગ, દ્વેષ મોહાદિક ક્ષીણ થતા દેખાય છે, તેમ ચાલુ શુભ ભાવનાની અતિપ્રકર્ષતાથી કદાચિત સર્વ રાગ, દ્વેષ મોહનો ક્ષય થઈ શકે છે. જેમણે સર્વ દોષોનો ક્ષય કર્યો છે, તે જ જિનો છે. તેમને ન દેખવા માત્રથી તેઓનું અસત્ત્વ કથન કરવું કે વિચારવુ યોગ્ય નથી. કારણ કે, અતીન્દ્રિય જ્ઞાનવાળાઓને જણાતાં પાતાલતલમાં રહેલા-મૂળ ખીલો એ વગેરે ઘણા પદાર્થોનો ત્યાં સદ્ભાવ હોવા છતાં સાક્ષાત્ દેખાતા નથી, તેથી પદાર્થોનું અસત્ત્વ ન મનાય. ધર્મ-પુણ્ય-પાપ છે. કારણ કે, સૂત્રોમાં તે જણાવેલાં છે. જો તે ન હોય, તો સમાન વ્યવસાય-ઉદ્યમ હોવા છતાં બેની ફલસિદ્ધિમાં ભેદ દેખાય છે અને તે દરેક લોકોને અનુભવસિદ્ધ દેખાય છે. કહેલું છે કે - "સમાન પ્રતાપપ્રભાવ ઉદ્યમ-સાહસ કરનારા હોવા છતાં તેમાંથી પોતાની કાર્યસિદ્ધિ કેટલાકને જ થાય છે, બીજા બાકીના નિષ્ફલ જાય છે, તો અહિં કર્મની અસ્તિતા સિવાય બીજો કોઈ હેતુ હોય તો કહો."

આ જગતમાં પૂર્વે કરેલાં વિવિધ કર્મોને બાદ કરીએ, તો વિવિધ પ્રકારના પ્રાણીઓની વિવિધ દેહાકૃતિઓ, વર્ણો, ગંધ, પ્રભાવ જાતિઓ, ઉત્પન્ન થવાના સ્વભાવો કોણે બનાવ્યા હશે ? માતાની કુક્ષિમાં નવ મહિના સુધી ગર્ભપણે વૃદ્ધિ પામી, તેમ જ કલલ આદિ ધાતુભાવો પામી સર્વાંગો ઉત્પન્ન કરી, માતા દ્વારા ગર્ભથી જે જન્મ થયો, તેમાં કર્મ સિવાય બીજો કયો હેતુ માનવો ?" વળી જે ગુમડાની પીડા સહન કરવા સરખું શીલ કહો છો, તે પણ સુંદર નથી. ગૂમડાની પીડાનો પ્રતિકાર તેવા પ્રકારના રાગ-દ્વેષના અભાવપૂર્વક પ્રવૃત્તિ કરાય છે, જ્યારે બસ્તિનિરોધ-પીડાનો પ્રતિકાર કરવામાં આવે છે. તે તો સંસારના મૂલસમાન તીવ્ર કામરાગ-મૂલક અત્યંત દુષ્ટ વર્તન સ્વરૂપ હોવાથી તે બંનેનું બિલકુલ પ્રતિકાર તરીકેનું સામ્ય નથી. વળી પૂર્વાચાર્યોએ કહેલું છે કે - "આ મૈથુનનો સંસર્ગ અધર્મનું મૂલ છે, મહાદોષોને ઉત્પન્ન કરનાર છે, તે કારણે નિર્ગ્રંથ સાધુઓ તેનો સર્વથા મન, વચન, કાયાથી ત્રિકરણયોગે

ત્યાગ કરે છે." વળી નાસ્તિકો વાહિયાત દલીલો કરે છે કે, 'આઠમી નારકી તો નથી ને ?' પાપ શઠનું જ વચન છે. આ સંસારને અસાર ન માનનારા જ આવું વચન બોલે. સંસારથી ભય પામનારા કોઈપણ નારકીના દુઃખને દુઃખ માનનારા હોય છે, તો પછી નારકીની સર્વ પૃથ્વીમાં થતા દુઃખને દુઃખ જરૂર માને જ.

વળી અહિં કુમારિલ ભટ્ટાચાર્ય-મીમાંસકો વચનને અપૌરુષેય એટલે પુરુષથી નહિં ઉત્પન્ન થયેલ જાહેર કરે છે, પરંતુ બુદ્ધિશાળીઓ તે રીતે માનવા ઈચ્છતા નથી. તે આ પ્રમાણે- 'બોલાય તે વચન પુરુષના વ્યાપારવાળું જેનું સ્વરૂપ છે, તે એમ બોલવાની ક્રિયાના અભાવમાં તે કેવી રીતે હોઈ શકે ? તે કોઈ માત્રધ્વનિમાંથી મેળવી શકાતું નથી, જાણી શકાવા છતાં અદૃશ્ય વક્તાની શંકા ચાલી જતી નથી. આ અવાજ કોનો છે, અરે કોણ બોલે છે એવી શંકા તરત જ અવાજ સાંભળતા થાય છે વળી જે એમ કહે છે કે, 'આ જગતને ઈશ્વરે બનાવ્યું છે' તે પણ ઉન્મત્તના વચન સમાન અસમજસ સમજવું. ઈશ્વરને બીજાથી ઉત્પત્તિ વગરનો કલ્પાય છે, અને જેને ઉત્પન્ન કરનાર કોઈ નથી, તેવાથી કોઈ દિવસ કંઈપણ કાર્ય ઉત્પન્ન થતું નથી. કહેલું છે કે - 'ઉત્પત્તિ -રહિત હોવાથી બીજા જીવોને કરવાનોહેતુ બની શકતો નથી આકાશપુષ્પની માફક, નહિતર સર્વએક સાથે બની જાય.'જે કારણ પોતે કોઈથી ઉત્પન્ન થયેલુ નથી તેવા અસત કે સત કારણ સર્વદા વિદ્યમાન રહેવાના જ છે તો પછી તેનાથી બધા કાર્ય પણ એકસાથે ઉત્પન્ન થઈ જ જશે ને ! (૪૩૬)

આ પ્રમાણે વચન-ઔષધ-પ્રયોગ માટેના અકાલ અને કાલનું પ્રતિપાદન કરીને દૃષ્ટાન્તપણે સ્થાપન કરેલ સદૌષધને આશ્રીને કાલનો ઉપદેશ કરતા કહે છે –

૪૩૭ - વાયુ, પિત્ત, શ્લેષ્મના પ્રકોપથી થયેલા તાવ, ઝાડા, અતિસાર વગેરે રોગો તે રૂપ દોષની અપેક્ષાએ કોમળ, મધ્યમ અને આકરા સ્વરૂપવાળા રોગની અપેક્ષાએ સ્નિગ્ધ, ઉષ્ણ, શીતળ એવા સુંદર ઔષધ-સેવનરૂપ સમ્યગ્ કાલ હંમેશાં બુદ્ધિશાળીઓએ જાણી લેવો જોઈએ. કેવી રીતે જાણવો ? તો કે 'આત્રેય, ચરક, સુશ્રુત વગેરે ચિકિત્સા-શાસ્ત્રોના અનુસારે જાણવો.તેમાં અધિક માત્રાવાળારોગમાં સુંદર ઔષધનો અપ્રયોગ અવસર જ છે.જે ઔષધિ પોતાના બલને પ્રાપ્ત કરતી નથી અને રોગના સ્વરૂપને પુષ્ટ-વૃદ્ધિ કરે છે. રોગની મધ્યમ અવસ્થામાં તો તેના પ્રયોગથી કંઈક ગુણ થાય, રોગની શરુની કોમળ અવસ્થામાં તો તેવા કુશળ પુરુષો-વૈદ્યો ઉપચાર કરે, તો રોગનો સર્વથા નાશ થાય જ. સારાં ઔષધો શાસ્ત્રોમાં આ પ્રમાણે કહેલાં છે. "કડવાં અને તીખાં ઔષધોથી કફ, તુરાં અને મધુર ઔષધોથી પિત્ત, સ્નિગ્ધ ઔષધોથી વાયુ અને બાકીની વ્યાધિઓ અનશન-ઉપવાસ કરીને મટાડવી. એટલે રોગ ઉપર જય મેળવવો." (૪૩૭) વાદી શંકા કરીને કહે છે –

૪૩૮- હું તમને પૂછું છું કે - 'તથાભવ્યત્વ પરિપકવ ન થયું હોય, તે સ્વરૂપ અકાલમાં વચન-ઔષધ-પ્રયોગ થવાથી કેટલાક દુર્ભવ્યો અને અભવ્યોને તે વચન ઔષધ-પ્રયોગ થવાના કારણે ગ્રૈવેયક દેવલોકના સુખની સિદ્ધિ-પ્રાપ્તિ થયેલી શાસ્ત્રમાં સંભળાય છે. તેમાં કહેલું છે કે - "ભવ્ય આત્મા હજુ જેણે ગાંઠ ભેદી નથી, પણ મિથ્યાત્વમાં છે, તેઓ તીર્થંકરાદિકની

પૂજા, ઋદ્ધિ દેખીને કે બીજા કોઈ કાર્યનિમિત્તે શ્રુતસામાયિકની પ્રાપ્તિ કરે છે. તેથી તેઓ સમ્યક્ત્વ-રહિત હોવા છતાં સાધુપણાનું લિંગ[૧] ગ્રહણ કરે છે, ઉત્કૃષ્ટથી તેવા જીવોનો ઉત્પાત ગ્રૈવેયક સુધી થાય છે."

અહિં પૂછેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં જણાવે છે કે - 'તે ગ્રૈવેયકાદિ દેવલોકના સુખની પ્રાપ્તિ અધિકૃત ઔષધ-પ્રયોગના સુખ સરખી જાણવી. જેમ સુંદર ઔષધનો સમયે પ્રયોગ કરવાથી ક્ષણવાર માત્ર પોતાના સંબંધના સામર્થ્યથી અસાધ્ય વ્યાધિમાં સુખ ઉત્પન્ન કરે છે, પરંતુ ત્યાર પછી તેને વ્યાધિનો અધિક પ્રકોપ થાય છે. એ જ પ્રમાણે અહિં અકાલમાં અધિકૃત વચન ઔષધ-પ્રયોગ પણ નહીં પરિપક્વ થયેલા ભવ્યત્વવાળા જીવોને ગ્રૈવેયક આદિકમાં સુખની સિદ્ધિ માત્ર ભોગવીને પછીના ભવોમાં નરકાદિક દુઃખસ્વરૂપ દુર્ગતિમાં પ્રવેશ કરવાનું ફલ પ્રાપ્ત થાય છે. (૪૩૮) આ હકીકત પોતે પણ વિચારે છે –

૪૩૯ - વાત, પિત્ત, કફ રૂપ ત્રણેદોષો એકી સામટા પ્રકોપ પામેલા હોય,ત્યારે સન્નિપાતના અસાધ્ય વ્યાધિમાં કરિયાતું, કડવા, તિખ્ખા ઔષધોના ઉકાળારૂપ સુંદર ઔષધનો પ્રયોગ કરવામાં આવે, તે ઔષધનો યોગ થાય, તેટલા સમય માટે માત્ર સુખ આપનાર થાય છે, પણ સન્નિપાત છે, પરંતુ તે રોગનો નિર્મૂલ નાશથાય તેમ નથી. તે પ્રમાણે આ ગ્રૈવેયક આદિક સુખ શાસ્ત્રવચન-ઔષધ-પ્રયોગથી ઉત્પન્ન થાય છે, પરંતુ પાર વગરના સંસારમાં દુઃખનો સર્વથા ઉચ્છેદ કરતું નથી. (૪૩૯)

૪૪૦ - નિશ્ચયવૃત્તિથી ગ્રૈવૈયકાદિક દેવલોકમાં રહેલું સુખ, તે સુખ જ નથી. કારણ કે, તે જીવો સજ્જડ વિપર્યાસરૂપ પિશાચના વળગાડ યુક્ત ચિત્તવાળા મિથ્યાત્વમોહિત મતિવાળા હોય છે. જેમ ભયંકર વ્યાધિથી ઘેરાયેલો હોય, દુઃસાધ્ય વ્યાધિપીડાથી ઘવાયેલા શરીરવાળા કોઈકને ઔષધથી સુખભાવ જણાય, તો પણ તે નિરોગતાનું સ્વાભાવિકતત્ત્વથી સુખ નથી. જે કંઈસુખ થયું છે, તે માત્ર ઔષધના પ્રભાવનું. વળી તેમાં પણ અત્યંત ભયંકર રોગથી અંદરથી તો પીડાય છે, બહારથી જ સુખલાલ જણાય છે.જેમ શરદકાળમાં કઠોર સૂર્યનાં કિરણોના સમૂહથી મોટા સરોવરોમાં ઉપરનું બહારનું જળ તપેલું હોય છે, પરંતુ અંદરના મધ્યસ્થાનમાં અત્યંત શીતલભાવવાળું જળ હોય છે. એવી રીતે સુંદર ક્રિયાયોગે બાહ્ય સુખનો યોગ થાય, તો પણ મિથ્યાત્વ ગાઢ હોવાથી દુઃખમાં સુખની કલ્પના કરે છે. કારણ કે, જે સુખથી ભાવિમાં દુઃખ થવાનું હોય તેને વિવેકીઓ સુખ માનતા નથી, પણ અવિવેકી અજ્ઞાની-અવળી બુદ્ધિવાળા મિથ્યાત્વીઓ જ સુખ માને છે. (૪૪૦) ફરી પણ દૃષ્ટાન્ત દ્વારા તે જ કહે છે –

૪૪૧- મળો વગેરે આંખના રોગથી પીડા પામેલો સ્ત્રી-પુરુષને દેખી કે ઓળખી શકતો નથી, તેવીરીતે જેનો સાચો બોધ હણાયો છે, એવો મિથ્યાદૃષ્ટિ આત્મા સામે સાચું સુખ હાજર થયું છે, તો પણ તે સુખ મેળવી શકતો નથી. (૪૪૧) કેમ ? તેનો જવાબ આપે છે –

---

૧ લિંગ એટલે માત્ર વેષ ગ્રહણ કરવો એમ નહિ, પરંતુ સાધુપણાના તમામ આચારો સંપૂર્ણ પાલન સાથે લિંગ-વેષ ગ્રહણ કરવો, નહિતર આચાર વગર ગ્રૈવેયક સુધી ઉત્પાત થાય નહિં.

## સત્ અસત્નું સ્વરૂપ

૪૪૨ - ખોટી વસ્તુનો આગ્રહ રાખનાર મિથ્યાદષ્ટિ આત્માને નક્કી હેય-ઉપાદેય પદાર્થના વિવેકનો અભાવ હોવાથી જેમ વિષ-વિકારથી વિહવલ બનેલા ચિત્તવાળો હોય અને તેને પુષ્પમાળા, ચંદન,સ્ત્રી વગેરેનો ભોગ પ્રાપ્ત થાય, તો પણ તે અભોગ છે, તેમ મિથ્યાદષ્ટિ આત્માને ચક્રવર્તી વગેરે પદવીઓ પ્રાપ્ત થયેલી હોય, તો પણ વિપરીત જ્ઞાન હોવાથી તેને કોઈ ભોગ ગણાતા નથી. (૪૪૨) તે જ કહે છે –

૪૪૩ - જીવાદિક પદાર્થ વિષયક જે જ્ઞાનનો અવબોધ મિથ્યાદષ્ટિ આત્માને સમ્યગ્ પ્રકારનો હોતો નથી. જ્ઞાન ન હોવાથી સ્ત્રી આદિનો કે ભોગ્ય વસ્તુ વિષયક જે ભોગ, અંધપુરુષ સમાન જાણવો. અંધપુરુષને મહેલ, સુંદર શય્યા, આસન, સ્ત્રી વગેરેના ભોગો મળવા છતાં રૂપ દેખાતું ન હોવાથી પરમાર્થથી તે ભોગપણાને પામતું નથી, તે જ પ્રમાણે મિથ્યાદષ્ટિ આત્માઓને સાચા પદાર્થનું સમ્યગ્જ્ઞાન ન હોવાથી તે ભોગ તે પરમાર્થથી ભોગ નથી. આ જ વાતને વધારે દઢ કરતા જિનભદ્રગણી ક્ષમાશ્રમણ શ્રી વિશેષાવશ્યક ભાષ્યમાં આ વસ્તુની સિદ્ધિ કરતા તે પ્રમાણે જણાવે છે. (૪૪૩) કહેલી વસ્તુ કહે છે –

सदसदविसेसणाओ, भवहेउ जहिच्छि ओवलंभाओ ।
णाणकलाभावाओ, मिच्छदिट्ठिस्स अन्नाणं ॥ ४४ ॥

એને સત્ એટલે સાચા અને અસત્ એટલે ખોટા એ બેમાં વિશેષતા માનતો ન હોવાથી મિથ્યાદષ્ટિ છે અને તેથી તેનું જ્ઞાન પણ અજ્ઞાન જ ગણેલું છે. મિથ્યાદષ્ટિઓ જે પદાર્થ છે, ને વિશેષણ લગાડ્યા વિના સર્વથા અસ્તિ પ્રકારે જ માને છે. એવી રીતે નાસ્તિ-નથી પણ સમજવું. જેનથી તે સર્વથા નથી જ એમનાને છે. પરંતુ વસ્તુસ્વરૂપ તે પ્રમાણે નથી. સર્વ ભાવો સ્વઅપેક્ષાએથી સત્પણે રહેલા છે, એ જ પ્રમાણે વિવક્ષિત પર્યાયથી અસત્પણે પણ રહેલા છે, પરંતુ સર્વ પર્યાયની અપેક્ષાએ નહીં. પર્યાયવિશેષની અપેક્ષાએ અસત્વ-વિવક્ષાકાળે પણ ઘટાદિક પદાર્થના સત્ત્વપણાનો સ્વીકાર કમાનેલો છે. જેમ કે, ઘટમાં ઘટત્વ રહેલું છે, પણ પટત્વ પર્યાયનો અભાવ માનેલો છે. એટલે ઘટમાં ઘટત્વ ધર્મ તથા પટાભાવ ધર્મ એમ ભાવ અભાવ બંને પર્યાયો અને બીજા પણ પર્યાયો રહેલા છે. તે રૂપે પદાર્થનો સ્વીકાર કે, પદાર્થનું જ્ઞાન મિથ્યાદષ્ટિને હોતું નથી. આવું હેયાદિક વિભાગ વગરનું જ્ઞાન મિથ્યાદષ્ટિને હોવાથી તે સંસાર વધારવાનું કારણ બને છે. વિપરીત જ્ઞાન રૂપ પ્રવૃત્તિ હોવાથી કર્મબંધના કારણરૂપ થાય છે. તથા મિથ્યાદષ્ટિ આત્માઓને સર્વ ભાવોનો અવબોધ પોતાની મતિકલ્પના પ્રમાણે સ્વચ્છંદ હોય છે, પરંતુ સમકિતદષ્ટિની જેમ સર્વજ્ઞ-વચનના પારતંત્ર્યથી નથી હોતો. તથા તેને જ્ઞાનનું ફલ પરિહારરૂપ યતના,સંયમ, વિરતિના અમલ સ્વરૂપ છે. મિથ્યાદષ્ટિ આત્માને તો વિપરીત બોધના કારણે તેનું જ્ઞાન હણાઈ ગયેલું હોવાથી જ્ઞાનનો જ તેને અભાવ છે. પછી તેનો અભ્યુપગમ અને યતનાનો સંભવ જ ક્યાં રહ્યો ? પોતાનું કાર્ય ન કરનાર એવા કારણને કારણપણે પંડિતો માન્યતા આપતા નથી. તેઓ અહિં કહે છેકે - "જે કોઈ પદાર્થ ક્રિયા કરનારો હોય, તે જ પરમાર્થથી સત્ પદાર્થ છે." તેથી કરીને તેવા

પ્રકારના જ્ઞાનના ફલનો અભાવ હોવાથી મિથ્યાત્વમોહના ઉદયવાળા મિથ્યાદષ્ટિનું શાસ્ત્રાભ્યાસ આદિથી ઉત્પન્ન થયેલું જ્ઞાન હોય, તે અજ્ઞાન છે. (૪૪૪)

આ જ હકીકતનું સમર્થન ચાર ગાથાઓથી કરે છે –

૪૪૫-૪૪૬ - સ્યાદ્વાદથી વિપરીત રૂપ એકાન્ત નિત્વાદમાં નિત્ય-'અપ્રચ્યુત અનુઉત્પન્ન સ્થિર એકસ્વભાવવાળા' આત્માને સ્વીકારનારા એવા સાંખ્યાદિક બીજા મતવાળાઓ સદ્ અને અસદ્ બંનેને અવિશેષ-ફરક વગરના સ્વીકારે છે. વિવક્ષિત અવસ્થાના સત્ત્વકાળમાં દ્રવ્યનું જુદા જુદાપણું માનતા નથી. તેથી જે માટીનો પિંડ છે, તે જ ઘટ છે, તેથી માટીપણાવાળું દ્રવ્ય તે ઉભયાવસ્થાને અનુસરનારું થયું. તલના ફોતરા જેટલો પણ માટીપિંડ અને ઘટમાં સ્વરૂપભેદનો અભાવ છે. જે તમે કહો છો કે - દ્રવ્ય એકાકારે છે, તેમાં આ વ્યવહાર છે કે - 'આ ઘટ છે, આ પિંડ છે.' આ વ્યવહાર અવસ્થાઓના ભેદના કારણે લોકો કરે છે. તો આ પણ યુક્ત નથી. કારણ કે, જે સ્થિર દ્રવ્ય છે, તેમાં કોઈ પ્રકારનો ભેદ તમે સ્વીકારતા નથી. ત્યારે તેના કારણે અવસ્થાઓમાં પણ અભેદ થવો જોઈએ.

જે વિરુદ્ધ ધર્મનો સંબંધ આભાસ-પ્રતિતિ થાય છે આ જ ભેદ છે અને કારણનો ભેદ થાય,તે જ ભેદ અને ભેદનો હેતુ કહેવાય. અનિત્યવાદમાં જે એકાંત રૂપથી ક્ષણમાં વિનાશવાળો આત્મા થાય, ત્યારે પુરુષ જે દેવભવની પ્રાપ્તિ માટે યોગ્ય પુણ્યકર્મ દ્વારા મૃત્યુ પછી દેવભવને પ્રાપ્ત થાય છે. ત્યારે દેવ પૂર્વકર્તાની અપેક્ષાએ સર્વથા ભિન્ન જ દેવ છે. આ આપત્તિ થાય છે - તો હોવાથી આનો ભાવ આ પ્રમાણે છે - જેમ જેણે પુણ્ય ઉપાર્જન કર્યુ છે એવા મનુષ્યથી નારક તરીકે ઉત્પન્ન થયેલો જીવ સર્વથા અત્યજય છે, તેમ મરણ છે. કા.કે. તમે ઉત્પત્તિમાં કારણનો અન્વયતો માનતા નથી એટલે પૂર્વ મનુષ્યથી (બન્ને સર્વથા ભિન્ન જ છે ? કા.કે. બન્નેમાં પૂર્વમનુષ્યનો અન્વયનો અભાવ સરખો જ છે. નારક અને દેવભવમાં સમાન છે, પણ આ વસ્તુ યુક્ત નથી કરેલા કર્મનો ત્યાગ અને અકૃત કર્મફળની પ્રાપ્તિ, આ દોષ પ્રાપ્ત થશે. એ પ્રમાણે સર્વથા નિત્યવાદમાં જેપિંડ છે, તે જ ઘટ છે અને ઘટ છે તે જ પિંડ છે. આ કારણે સત્ અને અસત્ અવસ્થાઓમાં કોઈ ભેદ નથી. અનિત્યવાદમાં-એકાંત ક્ષણભંગ-વાદમાં પણ દેવ મનુષ્યથી ભિન્ન છે અને દેવથી મનુષ્ય ભિન્ન છે. ત્યારે જેમ મનુષ્યની વિદ્યમાનતામાં કોઈ દેવભવથી ઉત્પન્ન સર્વથા ભિન્ન થાય છે, તેમ તેના મૃત્યુ પછી ઉત્પન્ન પણ દેવ ભિન્ન જ છે. તેથી મનુષ્યની સત્તા કાળમાં અથવા અસત્તાના કાળમાં દેવપણે ઉત્પન્ન થયેલ પ્રાણી સમાન જ છે. આ જે યુક્તિ છે, તેથી સત્ અને અસત્માં કોઈ ભેદ નથી. (૪૪૫)

આ મિથ્યાદષ્ટિને શાસ્ત્રાભ્યાસ આદિથી જે જ્ઞાન ઉત્પન્ન થાય છે, તે સંસારનુ કારણ છે. કેમ ? તો કે - મોટે ભાગેતે વિપરીત ચેષ્ટાનું કારણ બને છે. યથાપ્રવૃત્તિ કરણ અંતિમ ભાગમાં જે વર્તી રહેલા છે અને ગ્રંથિના ભેદ સમીપ વર્તી રહેલા છે, જેનો મિથ્યાત્વ -જ્વર નષ્ટ થયો છે, જેઓની પ્રવૃત્તિ દુઃખીઓ ઉપર દયા અને ગુણવાનો ઉપર દ્વેષ ન થાય તે માટે પ્રાયશઃ કહેલ છે.

૪૪૬ - અને જે વિપરીત પ્રવૃત્તિ છે, તેના કારણે જ ભવાંતરમાં પણ અસત્ પ્રવૃત્તિ થાય છે અને મિથ્યાત્વના કારણે જેની વિપરીત વસ્તુમાં રુચિ છે, તે પારમાર્થિક અરિહંત દેવની નિંદા કરે છે અને જે તત્ત્વ નથી, તેને દૂષિત હેતુઓથી સિદ્ધકરે છે, તેથી કરીને તત્ત્વભૂત પદાર્થોની નિંદા અને અતત્ત્વભૂતની સિદ્ધિ-પ્રશંસા રૂપ દોષથી ભવાંતરમાં પણ અસત્પ્રવૃત્તિ પણ અનુબંધવાળી જ થાય છે. (૪૪૬)

૪૪૭ - મદ્યપાનથી પરાધીન મનવાળા ઉન્મત્ત મનુષ્ય સરખા મિથ્યાદષ્ટિનો વસ્તુનો અવબોધ પોતાની કલ્પનાથી ઘડેલો સમજવો. મિથ્યાત્વમોહનીય કર્મના વિપાકથી જેમ કે, મદિરાપાન કરેલ મનુષ્ય મદના કારણે સેવકને પણ રાજા કહે છે, રાજાને પણ સેવક બનાવે છે, તેમ મિથ્યાત્વમોહનીય કર્મ ઉદયમાં આવ્યું હોય, તેવો જીવ સદ્ભૂત વસ્તુને અતત્ત્વસ્વરૂપપણે અને અસદ્ભૂતને તત્ત્વપણે વ્યવહારકરે છે. માટે પોતાની મરજી મુજબ જ્ઞાન હોવાથી પારમાર્થિક ગ્રહસ્વભાવ સરખા મિથ્યાત્વને ભાવગ્રહરૂપ જણાવેલું છે. કારણ કે, પિશાચાદિક રૂપ બીજા વળગાડ કરતાં એટલે દ્રવ્યગ્રહો કરતાં આ ભાવગ્રહ સ્વરૂપ મિથ્યાત્વ મહાઅનર્થ કરનાર મહાગ્રહ છે. (૪૪૭)

૪૪૮ - વસ્તુબોધરૂપ જ્ઞાનનું ફલ કે કાર્ય હોય, તો પાપકાર્યોની વિરતિ અને સ્વાધ્યાય, ધ્યાન, તપ, ચારિત્ર આદિક શુભ કાર્યમાં પ્રવૃત્તિ કરવી, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવપણાની અનૂકૂળતા સહિત યોગ્યતા પ્રમાણે નિવૃત્તિ-પ્રવૃત્તિ કરવા સ્વરૂપ, તેથી મિથ્યાદષ્ટિને ભાવાર્થરૂપ પાપની વિરતિ કે પુણ્યકાર્યમાં પ્રવૃત્તિ યોગ્યતાવાળી પ્રાપ્ત થતી નથી. તેથી તેનું જ્ઞાન તેપણ કુત્સિત-વિવેક વગરનું હોવાથી અજ્ઞાન ગણેલું છે. અશુદ્ધ અથવા કડવા તુંબડાપાત્રમાં નાખેલા મીઠા દૂધસાકર મિશ્રિત મધુર પદાર્થોપણ કડવા બની જાય છે, અગર અશુદ્ધ બની જાય છે, તેમ તેના મિથ્યાત્વના ઉદયના કારણે જ્ઞાન હોય તે પણ વિપરીતભાવને પામેલ હોવાથી અજ્ઞાન બની જાય છે. (૪૪૮)

ઉપસંહાર કરતા કહે છે –

૪૪૯ - પૂર્વે જણાવેલી વસ્તુ અતિબારીક બુદ્ધિથી વિચારણા કરીને આત્માના કલ્યાણ માટે આજ્ઞાયોગને મનમાં રાખી દરેક ધર્મ, અર્થ આદિ કાર્યમાં યથાર્થ સુંદર પ્રવૃત્તિ કરવી. (૪૪૯) ત્યાર પછી –

૪૫૦ - તીવ્ર કોપ, વેદોદય આદિક એવા પોતાને થતાં દોષો જાણીને તે દોષોને નિગ્રહ કરવા સમર્થ પોતાનું સામર્થ્ય, ક્ષેત્ર, કાળ જાણીને અર્થાત્ ક્ષેત્ર અને કાળમાં પોતે ધારણ કરેલ અભિગ્રહને નિર્વાહ કરી શકશે કે કેમ ? ક્રોધાદિક દોષોના પ્રતિપક્ષી ક્ષમા આદિકના અભિગ્રહો અરિહંત, સિદ્ધ આદિ સમક્ષ પોતાની મેળે જ ગ્રહણ કરવા. કેવા અભિગ્રહો કે, 'મારે ક્ષમા રાખવી, શરીરની ટાપટીપ શોભાદિક ન કરવા, મોક્ષના અભિલાષીઓએ ક્ષણવાર પણ અભિગ્રહ વગરના ન રહેવું જોઇએ (૪૫૦)

અભિગ્રહો ગ્રહણ કરવા માત્રથી ફલદાયી નીવડતા નથી, પણ તેનું યથાર્થ પરિપાલન કરવાથી, તે માટે ઉપદેશ કહે છે –

૪૫૧ - ગ્રહણ કરેલા અભિગ્રહો, અતિચાર ન લાગે તેમ શુદ્ધ રીતે શાસ્ત્રમાં કહેલા ઉપાયથી નિરંતરમોટા આદરથી પાલન કરવા, કદાચ બાહ્ય અભિગ્રહ-ક્ષમા આદિના રાખેલા હોય, ટેલી ક્ષમા પ્રાપ્ત ન થાય, તો પણ અભિગ્રહ તે નિગ્રહ કરવા માટે-ક્રોધાદિક કર્મ ઘટાડવા માટે અભિગ્રહ કરવાથી વિપુલ પ્રમાણમાં નિર્જરા તો થાય જ. (૪૫૧) તે ક્યાંથી થાય ? તે કહે છે –

૪૫૨ - અભિગ્રહ વિષયક પદાર્થ મેળવવાના એકધારા પરિણામ વગર-તૂટયા ચાલુ જરહે છે. જેમ કે, 'હું અમુક યાત્રા ન કરું, દીક્ષા ન લઉં, અથવા ક્રોધ થઈ જાય તો મારે અમુક તપ કરવો.' તે મેળવવાના પરિણામની સતત ધારાથી જૈન પ્રવચનમાં મહાવિપુલ નિર્જરા જણાવેલી છે. અભિગ્રહ વિષયક પદાર્થ મેળવવામાં જે ક્રિયા થાય છે, તેમાં પણ નિર્જરા કહેલી છે. ભાવશૂન્ય એકલી ક્રિયામાત્રથી કંઈ ફલ નથી, પરંતુ ભાવથી ફલ-પ્રાપ્તિ થાય છે. તે માટે કહેલું છે કે - 'ક્રિયાશૂન્ય જે ભાવ અને ભાવશૂન્ય જે ક્રિયા તે બંનેનું સૂર્ય અને ખજવાના તેજના જેટલો તફાવત ગણેલો છે.ખજવો રાત્રે ચકચક થાય, પણ તે જ ક્ષણવારનું અલ્પ અને વિનાશ સ્વભાવવાળુ છે અને સૂર્યનું તે જ કાયમી વિપુલ અને અવિનાશી છે. તેમ દ્રવ્ય-ક્રિયા એટલે ભાવ વગરની ક્રિયા અને ભાવસહિત ક્રિયાનું પણ સમજવું (૪૫૨) આ જ અર્થ દૃષ્ટાન્તથી સિદ્ધ કરે છે –

## અભિગ્રહ ઉપર જીર્ણ શેઠ અને અભિનવ શેઠ

૪૫૩ - આ વિષયમાં મહાવીર ભગવંત છદ્મસ્થપણામાં વિચરતા હતા, ત્યારે જીર્ણ શેઠ અને અભિનવ શેઠ એ બે ભગવંતને, પારણું કરાવવાના પ્રસંગે વિધિ-ભક્તિનો ભાવ અને અભાવ થયો. તેમાં મોક્ષનું કારણ શું બન્યું ? તો કે, પારણા-સમયે વિધિ અને ભક્તિ કરી, તે કારણ બન્યું. (૪૫૩) આ ગાથાનું વિવેચન ત્રણ ગાથાથી કરે છે -

૪૫૪ - ૪૫૫ - શ્રી મહાવીર ભગવંત છદ્મસ્થકાળમાં વિચરતાં વિચરતાં વૈશાલી નગરીમાં ગયા અને ચૌમાસાના કાળમાં ત્યાં જ સ્થિર રહ્યા. ત્યાં જીર્ણશેઠે કામદેવના મંદિરમાં કાઉસગ્ગ-પ્રતિમાપણે રહેલા ભગવંતને દેખ્યા, એટલે તે હંમેશાં તેમનાં દર્શન કરવા આવતો હતો. તેમની ભક્તિ કરવાની તીવ્ર અભિલાષા તેને ઉત્પન્ન થઇ, દરરોજ તો ભગવંત ગોચરી સમયે નીકળતા ન હોવાથી જીર્ણશેઠને ચોમાસીના દિવસે મનમાં એમ થયું કે, ભગવાને ચાર મહિના તો ઘણો જ આકરો તપ કર્યો છે, તો આજે તો પારણું કરશે જ અને એ લાભ મને મળશે જ. જીર્ણ શેઠ ભગવંતની ભક્તિ કરવાના અનેક મનોરથ કરતા કરતા, પોતાના ઘરના દ્વારમાં ભગવંતને આવવાની દિશામાં વિનયપૂર્વક અવલોકન કરતા રાહ જોતા જેટલામાં ઉભા હતા, તેટલામા મહાવીર ભગવંતે અભિનવ શેઠના ઘરમાં પ્રવેશ કર્યો. તે શેઠે પોતાના મહાત્મ્ય ઔચિત્યથી તેમને ભિક્ષા અપાવવી. તે સ્થાનમાં વિચરતા જૂંભક દેવોએ પારણાથી સન્તુષ્ટ થઈત્યાં વસુધારાની વૃષ્ટિ કરી.તેનું લક્ષણ આ પ્રમાણે જાણવું.ઉત્કૃષ્ટથી સાડાબારક્રોડ સોનેયા પ્રમાણ અને જઘન્યથી સાડાબાર લાખ-પ્રમાણ વસુધારામાં વરસેલું ધન હોય છે, ત્યાર

પછી લોકોમાં આ કૃતપુણ્ય છે' એવી આ નવીન શેઠની પ્રશંસા પ્રસરી. કોઈક સમયે પાર્શ્વનાથ ભગવંતની પરંપરામાં થયેલા કેવલી પધાર્યા, ત્યારે ઘણા કુતૂહલથી આકુલ ચિત્તવાલા લોકોએ પ્રશ્ન કર્યો કે, 'હે ભગવંત ! અહિં પરિપૂર્ણ પુણ્યશાળી કોણ કોણ છે ? કેવલી ભગવંતે કહ્યુ કે, જીર્ણ શેઠ' (૪૫૪-૪૫૫)

શંકા કરી કે, જીર્ણ શેઠે પારણા સંબંધી મનોરથકર્યો હતો, પણ અભિગ્રહ કર્યો ન હતો, તો તેને અહિં દૃષ્ટાંત તરીકે કેમ સ્થાપન કર્યો છે ?' તેના સમાધાનમાં જણાવે છે –

૪૫૬ - **આ પારણા સંબંધી** - પાત્રમાં દાન આપવાનો મનોરથ એ જ અભિગ્રહ છે, બીજું કંઈ નથી. 'જો કોઈ પ્રકારે આ ભગવાન મારે ત્યાં પધારે, તો હું તેમને ભિક્ષા વહોરાવું' એ પ્રમાણે ચિંતવન કરતા હતા. અહિં કહેવાનો પરમાર્થ આ છે. સર્વ અભિગ્રહ ઇચ્છા, પ્રવૃત્તિ સ્થૈર્ય અને સિદ્ધિ એમ ચાર ભેદવાળા જણાવેલા છે. તેમાં જીર્ણશેઠને ઇચ્છારૂપ તદ્દન શુદ્ધ અભિગ્રહ હતો. તે જીર્ણશેઠ પારણે ભેરી-શબ્દ શ્રવણકાલ સુધી તેમના પરિણામ વૃદ્ધિ પામ્યા અને તેના ફલની પરંપરાએ તેનું છેવટ મોક્ષફલમાં થયું. બીજા નવીન શેઠને તો ગૃહસ્થોચિત આવેલા અતિથિને દાન આપ્યું, પરંતુ ગુણવાન પ્રત્યે બહુમાન ભક્તિ-વિનયાદિકનો અભાવ હોવાથી મોક્ષફલની અપેક્ષાએ ઘણું નજીવું વસુધારા વગેરેનું અલ્પદાન-ફલ મળ્યું, પરંતુ નિર્વાણફલ ન મળ્યું. તીર્થંકર સરખા શ્રેષ્ઠ પાત્ર અને તેમાં ચાર માસના ઉપવાસનું પારણું, તેમના દાનનું ફલ સર્વોત્કૃષ્ટ હોય, છતાં માત્ર વસુધારા-વૃષ્ટિ પૂરતું સામાન્ય ફળ મેળવ્યું. (૪૫૬) અભિગ્રહ સંબંધી બીજું માહાત્મ્ય પણ કહે છે –

૪૫૭ - જાણી-બુજીને નિર્દય પરિણામ પૂર્વક તત્કાલનું તાજું કરેલું પાપ-જેવું કે, ઋષિઘાત વગેરે અશુભ પાપકર્મ, સમ્યગ્‌પણે કરેલા અભિગ્રહોનું પરિપાલન કરવાથી ક્ષય પામે છે, તો પછી જુનાં પાપકર્મો તો અભિગ્રહ-પાલન કરવાથી ક્ષય પામે જ એટલું જ નહિ, પરંતુ અભિગ્રહના શુભ સતત પરિણામથી પુણ્યકર્મ પણ નવાં નવાં બંધાય છે. આ વિષયમાં યમુન રાજાનું દૃષ્ટાંત જાણવું. (૪૫૭) આઠ ગાથાથી તેનો સંગ્રહ કરતા કહે છે –

## યમુનરાજાનું દૃષ્ટાંત

૪૫૮ થી ૪૬૫ - જે નગરીના મધ્યભાગમાં દેવતાઓએ રત્નમય શિખરોથી યુક્ત જિનેશ્વર ભગવંતના સ્તૂપોનું નિર્માણ કરેલ છે અને જેનો પ્રભાવ સર્વ દિશા-મંડલમાં પ્રસરેલો છે, એવા 'મથુરા' નામના નગરમાં યમુન નામનો રાજા હતો. તે નગરની યમુના નદીના મુખ નજીક દંડ નામના અનગાર આતાપના કરતા હતા. યમુન રાજાએ તે મુનિનો વધ કર્યો.સાધુ કાળ કરી ગયા, ઇન્દ્ર મહારાજાનું ત્યાં આગમન થયું. ત્યાર પછી યમુન રાજાની દીક્ષા થઈ. આ ગાથાનો અર્થ વિસ્તારથી સાત ગાથા દ્વારાકહે છે –

યમુના નદીના કૂર્પર ભાગમાં-કૂર્પર એટલે બાહુ-હાથ લાંબા હોય અને ખેંચ કાટખૂણાવાળો બનાવીએ,તેવા આકારવાળું. જેસ્થાનમાં ઠંડી, તાપ વગેરે પરિષહ સહન કરતાં પોતાના આત્માને પરિશ્રમ પમાડતા પ્રશસ્ત પરિણામવાળા દંડ નામના સાધુ આતાપના લેતા હતા. તે દરમ્યાન કોઈ વખતે યમુન રાજા નગર બહાર નીકળ્યા, ત્યારે તે સાધુને જોયા ત્યારે

વગર કારણે રાજાના કિલષ્ટ પાપના ઉદયથી તે સાધુ ઉપર તેનેકોપ થયો. 'આ લોક કે પરલોકમાં પાપનાં ફળ મારે ભોગવવાં પડશે.' એવો આગળ-પાછલનો વિચાર કર્યા વગર તે સાધુના મસ્તકનો છેદ કરી નાખ્યો. બીજા આચાર્યો એમ કહે છે કે - 'બીજોરાના ફળ આદિ વડે તે રાજાએ તાડના કરી.'

ત્યાર પછી રાજસેવક લોકોએપણ ઢેફાં વગેરે ફેંકી ઇંટાળા-ઢેફાં વગેરે ફેંકી ઇંટાળા-ઢેફાઓનો મોટો ઢગલો ત્યાં કર્યો. સાધુ પણ સહન કરતાં કરતાં સમભાવથી વિચારવા લાગ્યા કે, 'મારાં પૂર્વકૃત કર્મ જ અત્યારે મને ઉદયમાં આવેલાછે - આમાં કોઈનો અપરાધ નથી.' આવા પ્રકારનું શુકલધ્યાન સમુલ્લસિત થવાથીતેઓ કેવલજ્ઞાન પામ્યા. ત્યાર પછી તરત જ સર્વ કર્મનો અંત કર્યો અને અંતકૃત્ - કેવળી થઈ સિદ્ધિપદને પામ્યા. ત્યાર પછી તરત જ ઇન્દ્ર મહારાજા આવ્યા, પુષ્પ, ધૂપાદિકથી તેમના શરીરની પૂજા કરી. ઇન્દ્રમહારાજનું આગમન, તેમના દેહની પૂજા થઈ, એટલે યમુન રાજાએ પોતાના અનુચિત વર્તનના કારણે લજ્જા ઉત્પન્ન થઈ. 'અત્યંત દુષ્ટ વર્તન કરનારા મને ધિક્કાર થાઓ' એમ વિચારતાં પોતાના આત્માનો વધ કરવા તૈયાર થયા. તેનો અભિપ્રાય જાણી ઇન્દ્રે તેમ કરતા અટકાવ્યા. અને કહ્યું કે - 'આ અપરાધની યથાર્થ શુદ્ધિ થાય, તેવું પ્રાયશ્ચિત કરો. પછી સાધુ સમીપે ગયા, ધર્મશ્રવણ કર્યું. અનુક્રમે આલોચનાથી માંડીને પારાંચિત સુધીનાં પ્રાયશ્ચિત્તો પૂછયાં. 'મારા અપરાધનું શું પ્રાયશ્ચિત્ત ? મેં પૂછયું.સાધુઓએ કહ્યું કે, શુદ્ધચારિત્ર એ પ્રાયશ્ચિત્ત છે. સર્વ સાવદ્યયોગના ત્યાગ રૂપ પ્રવ્રજ્યા અંગીકાર કરી. દીક્ષા અંગીકાર કર્યા પછી સાધુહત્યા-વિષયક અતિશય પશ્ચાત્તાપના કારણે તેણે અભિગ્રહ ગ્રહણ્ કર્યોકે, 'ભોજન-સમય પહેલા જો આ અપરાધ યાદ આવી જાય, તો તે દિવસે ભોજન ન કરવું. થોડોક આહાર લીધા કે અર્ધ આહાર ગ્રહણ કર્યા પછી પણ જો અપરાધ યાદ આવી જાય, તો પણ ભોજન નહિં કરીશ.' આ પ્રમાણે અભિગ્રહ ધારણ કરનાર તે સાધુભગવંતે એક પણ દિવસ ભોજન ન કર્યું. કારણ કે, દરરોજ તે અપરાધનું સ્મરણ થતું હતું. છેલ્લે ફરી વ્રતોચ્ચારણ પૂર્વક અંતિમ આરાધના કરી પંડિતમરણની સાધના કરી. કાલ પામી વૈમાનિક દેવલોકમાં ઉત્પન્ન થયા. ઉપસંહાર કરતા કહે છે કે યમુન રાજર્ષિએ આ પ્રમાણે અભિગ્રહ કર્યો, તે આ પ્રવચનમાં કલ્યાણના કારણરૂપ થયો-એમ સમજવું (૪૫૮ થી ૪૬૫) અહિં પરમતની આશંકાકરે છે —

૪૬૬ - જો જાણી બુજીને નિર્દયતાથી મુનિઘાત-દંડ નામના અનગારનો ઘાત કર્યો અને તેથી બોધિલાભના મૂળમાં અગ્નિ સળગાવ્યો, છતાં પણ યમુન રાજાને સદ્ગતિના લાભરૂપ પરિશુદ્ધ પ્રવ્રજ્યાની પ્રાપ્તિ થઈ, તો પછી સાધુઓના ઉપર પ્રદ્વેષ કરનાર ક્ષુલ્લક વગેરેને થોડા દોષથી અનંત સંસાર અને ઉપલક્ષણથી કેટલાકને અસંખ્યાત અનેસંખ્યાત કાળ સંસાર કેમ થયો (૪૬૬)

૪૬૭-તેનું સમાધાન અહિં કહે છે કે, થોડા દોષનું પણ જો પ્રાયશ્ચિત્તરૂપ પ્રતિવિધાન કરવામાં ન આવે, તેથી ક્ષુલ્લક વગેરેને તેનો વિકાર થયો અને સંસાર વૃદ્ધિ થઈ.જ્યારે યમુન રાજર્ષિએ તે જ ક્ષણે આકરૂં પ્રાયશ્ચિત્ત ગ્રહણ કર્યું. તેથી કરીને જેનું પ્રાયશ્ચિત કરેલું હોય,તેવો અલ્પદોષ ફળતો નથી. આ માટે સ્થાવર વગેરે ભેદવાળા વિષનો દાખલો આપે છે. (૪૬૭)

તે જ વિચાર છે –

૪૬૮ - મંત્ર, તંત્ર આદિના પ્રતિવિધાન વગર ખાધેલું અલ્પવિષ મૃત્યુ પમાડે, તો પછી ઘણું ખાધું હોય તો શું ન થાય ? પરંતુ પ્રતિકાર કરેલો હોય, તેવા વિષનો કરેલો ઉપયોગ અથવા મારેલું વિષ મારતું નથી, આ વાત લોકમાં અને શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. (૪૬૮) પ્રતિકારને જ વિચારે છે –

૪૬૯ - ગારુડશાસ્ત્રમાં પ્રસિદ્ધ મંત્રો, ઔષધો જેમ કે - 'મરી, લિંબડાના બીજ અને સૈંધવ સાથે મધ, ઘૃતપાન આ સ્થાવર અને જંગમ વિષનો ઘાત કરે છે' સર્પના મસ્તકમાં રહેલ મણિરત્નો, તે મંત્ર-ઔષધ-રત્નોનો સમ્યગ્ વિષ ઉપર પ્રતિકારની યોજના કરવાથી ઝેર નિષ્ફળ થાય છે, તે પ્રમાણે સર્વજ્ઞના વચનાનુસાર એષણીય આધાકર્માદિ દોષ વગર અન્ન, પાન, વસ્ત્ર, પાત્રાદિ ગ્રહણ કરવા, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવરૂપ અભિગ્રહો દોષરૂપ ઝેરને દૂર કરનારા સમજવા. જેમ મંત્રાદિકના પ્રતિકાર કરી મારેલું ઝેર નિષ્ફલ થાય છે, તેમ મંત્ર-ઔષધ-રત્ન સમાન આજ્ઞા એષણારૂપ અભિગ્રહો વડે દોષરૂપ વિષનો પ્રતિકાર કરવામાં આવે, તો તે લાગેલા દોષો પણ ફળ આપતા નથી. (૪૬૯)

## અભિગ્રહ દ્વારા કર્મ નિર્જરા

૪૭૦ - જેમ સ્થાવર-જંગલ વિષના વેગથી વ્યાકુલ દેહવાળા બુદ્ધિયુક્ત મનુષ્ય વિષના પરિણામનું ભયંકર દુઃખ દેખનારો મંત્રાદિના સમ્યગ્ પ્રયોગો કરીને વિષના વેગને દૂર કરે છે, તેમ અપ્રમત્ત સાધુ પણ અસંખ્યાત ભવના એકઠા કરેલા દોષો-સર્વ અતિચારો તેને સમ્યગ્ ઉપાયકરીને એષણીય આહારાદિકના અભિગ્રહ કરીને નિર્જરે છે - આત્માથી કર્મને વિખૂટાં પાડે છે. (૪૭૦)

એ જ વાત વિસ્તારથી સમજાવે છે –

૪૭૧ - મન, વચન અને કાયાના વ્યાપારરૂપી યોગ, તે નિમિત્તે જ્ઞાનાવરણીય આદિ કર્મ બંધાય છે. કહેલું છેકે - "મનથી, વચનથી અને કાયાથી યુક્ત જીવના આત્મીય ભાવરૂપી વીર્ય-પરિણામ તેને જિનેશ્વરે યોગસંજ્ઞા કહેલી છે. તેથી કરીને યોગ એ નિમિત્ત છે જેનુ, તે યોગથી જે ગ્રહણ કરાય-બંધાય તે કર્મ, તે કર્મબંધની સ્થિતિ અર્થાત્ તેવા પ્રકારના કષાયયોગે જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ભેદવાળા બન્ધ-અવસ્થાનકાલ, તે બંધસ્થિતિ. જો એમ છે, તો હવે શું કરવું ? તે કહે છે - અકષાયભાવથી સાધુલોકને યોગ્ય પડિલેહણા, સંયમાદિ શુભયોગની પ્રવૃત્તિકરવાથી જેમ વાટ ક્ષય પામે, તો દીપક દૂર થાય, તેમ કર્મ પણ જલ્દી ક્ષય પામે છે. (૪૭૧) અહિં યુક્તિ જણાવે છે –

જે કારણથી અહિં શુભયોગની પ્રવૃત્તિમાં તીર્થંકર ભગવંતની આજ્ઞા નક્કી સહાયભૂત થયેલી હોવાથી શુભયોગમાં તે તે ક્રિયાનો ઉપયોગ બળવાન-મહાન છે. (૪૭૨)

૪૭૩ - ઋષિઘાત આદિ જે દોષ, તે તો જીવનસ્વરૂપથી વિલક્ષણ કષાયોરૂપી કર્મોથી ઉત્પન્નથયેલ,તે દોષ તો આ સર્વજ્ઞની આજ્ઞાને આશ્રીને ઘણો તુચ્છ-અલ્પ છે. અહિં

પ્રતિવસ્તુની ઉપમાલક્ષણ દૃષ્ટાંત જણાવે છે કે , ઘાસની ગંજી મોટી ખડકેલી હોય, તેને પણ અગ્નિનો નાનો તણખો બાળીને ભસ્મ કરી નાખે છે,તો પછી ઘણો વધારે અગ્નિ હોય તો શું બાકીરાખે ? (૪૭૪)

કેવી રીતે તેકહે છે –

૭૪૭ - દાહ્ય તૃણ તેની સન્મુખ પ્રવર્તતા પવનના યોગથી, પરંતુ તેના એટલે પવનના વિરહમાં નહિં, આ વાત દરેકને પ્રત્યક્ષ સિદ્ધ છે. અહિં દૃષ્ટાંતની યોજના કરતા કહે છે કે - અહિં પ્રાયશ્ચિત ગ્રહણ કરવાની અભિલાષા-પરિણામરૂપ ભાવ અને દોષ-અપરાધરૂપ તૃણસમૂહને બાળવા સમર્થ આજ્ઞારૂપ પવન, ભાવરૂપ અગ્નિને ઉત્તેજિત કરનાર આજ્ઞારૂપ પવન સમજવો. (૪૭૪)

શંકા કરી કે, આજ્ઞા અને પવન વચ્ચે મોટું અતંર હોવાથી દૃષ્ટાન્ત અને દાષ્ટાન્તિકભાવ કેવીરીતે ઘટે ? તે માટે કહે છે કે –

૪૭૫ - તે મહાપ્રભાવાળી ભગવંતની આજ્ઞા તો પવનને આશ્રીને દાહ્ય-કર્મ-કચરાને ભસ્મરૂપ બનાવવા સમર્થ હોવાથી, લોકને પ્રતીત બાકીની ઉપમાઓનો અભાવ હોવાથી પવનરૂપ આજ્ઞા અહિં કહેલી છે.બીજા સ્થાનમાં તોકહેલું છે કે - "આજ્ઞા મોહ-વિષ ઉતારવા માટે શ્રેષ્ઠ મંત્ર છે, રાગાદિ અગ્નિ લોપવા માટે આજ્ઞા જળસમાન છે, કર્મરૂપી વ્યાધિ મટાડવા માટે ચિકિત્સા-વૈદકશાસ્ત્ર છે, જિનેશ્વર ભગવંતની આજ્ઞા મોક્ષફલ મેળવવા માટે કલ્પવૃક્ષ-સમાન છે." આ વગેરે સૂત્રોમાં શ્રેષ્ઠ મંત્રાદિની ઉપમાઓ આપેલીછે. જો આ આજ્ઞાથી વિપરીત દ્રવ્ય, ક્ષેત્રાદિથી અનુચિતપણે વર્તન કરવામાં આવે, તો શાસ્ત્રથી અવળી રીતે વર્તન કરવામાં આવે તો કર્મનો સંચય કરનારી એટલે સંસાર વધારનારી સમજવી. (૪૭૫)
ઉપસંહાર કરતા કહે છે –

૪૭૬ - સજ્ઞાનપણે ગુણપાત્ર જનયોગ્ય પુરુષની બુદ્ધિની અપેક્ષાએ યથાર્થ પણે અહિં વિચારવું જોઈએ કે, જો પ્રભુની આજ્ઞાને સમ્યગ્પણે પાલન કરવામાં આવે, તો ભાવરૂપી અગ્નિ માટે પવન-સમાન છે અને જો વિપરીત પણે વર્તન કરવામાં આવે, તો કર્મબંધને વધારનારી છે. આ વાત અયોગી પુરુષની બુદ્ધિથી સંમજાય તેવી નથી. તે માટે દૃષ્ટાન્ત આપે છે કે, જન્મથી અંધ હોય, તેને નીલ, પીળો, રાતો વગેરે રૂપનું જ્ઞાન થતું નથી, જે માત્ર હસ્તસ્પર્શાદિ દ્વારા આકારથી જાણી શકે છે, વાસ્તવિક વર્ણાદિકનું જ્ઞાન જન્માન્ધને ન થાય તેમ. (૪૭૬) **હવે ભાવથી અન્ધ અને દેખનાર કોણ ? તેનો વિભાગ કહે છે –**

૪૭૭ - જન્મથી જ જે અંધ હોય, તે જાત્યંધ કહેવાય છે. હજુ સંસારચક્રમાં કોઈ વખત પણ મિથ્યાત્વ અંધકાર પટલ જેનો દૂર થયો નથી, એટલે છતા સદ્ભૂત ભાવસ્વરૂપ પદાર્થો જાણવા માટે અનાદિ મિથ્યાત્વજેનું દૂર થયું નથી. એવો જીવ તથા બીજો અન્ધક સમાન, પાછલથી જેની દૃષ્ટિ ચાલી ગઈ છે, એવા અંધક સમાન મિથ્યાદૃષ્ટિ ૧. અવશ્ય વેદવા લાયક મિથ્યાતત્વમોહના ઉદયથી ગ્રન્થિભેદ થવા છતાં પણ સમ્યક્ત્વ ચાલીગયા પછી મિથ્યાત્વ પામેલો જીવ ૨, જેનાં નેત્રો ચોખ્ખાં છે, તેના સમાન સર્વકાલ સમ્યગ્દૃષ્ટિ, જેનો બોધ યથાર્થ

છે, જેની દૃષ્ટિમાં ફેર પડતો નથી, એવો જીવ ૩. જેમ એક જાતિઅંધ, બીજો પાછળથી થયેલો અંધ, ત્રીજો નિર્મલ નેત્રવાળો. આ ત્રણ રૂપ જાણવાની યોગ્યતાવાળા ગણાય. તેમ ધર્મતત્ત્વરૂપ જાણવાના વિષયમાં પણ ૧ ગ્રંથિભેદ ન કર્યો હોય, અને ૨ ગ્રંથિભેદ કર્યોહોય, તેવા મિથ્યાત્વદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિ. અહિં સમ્યગ્દૃષ્ટિ યોગ્ય રૂપને યથાર્થ દેખી શકે. (૪૭૭) આ ત્રણમાં સજ્જ નેત્ર સરખો સમકિત દૃષ્ટિ જે કરે છે, તે કહે છે –

૪૭૮ - સમ્યગ્દૃષ્ટિ જીવ પ્રભુની આજ્ઞાને તથા દ્રવ્યક્ષેત્ર, કાળ, ભાવ આદિ શુદ્ધ યથાર્થ ઉત્સર્ગ અને અપવાદનું સ્વરૂપ નક્કી બરાબર જાણે છે. કદાચ દૃઢ ચારિત્રમોહનીયના અને તીવ્ર વીર્યાન્તરાયથી કાર્યકરવામાં-આજ્ઞા પાલન કરવામાં પોતાને આજ્ઞાનું સ્વરૂપ પૂર્ણ ખ્યાલમાં છે, છતાં કોઈ વખત તે પ્રમાણે આજ્ઞાનો અમલ ન કરી શકે તેથી આજ્ઞા પાલન કરવામાં ભજના સમજવી. તે આ પ્રમાણે-કૃષ્ણ મહારાજા અને શ્રેણિક રાજા હથેળીમાં રહેલા મુક્તાફલ સાક્ષાત્ દેખાય તે ન્યાયાનુસાર ક્ષાયિક સમ્યક્ત્વ-સમાન સમ્યક્ત્વવાળા હોવાથી તેમને ભગવંતની આજ્ઞા નિશ્ચિત આજ્ઞારૂપ હોવા છતાં પોતે ત્યાગ કરી શકતા ન હતા, પરંતુ જેઓ ભવથી કંટાળેલા હતા અને પ્રવ્રજ્યા લેવાની ભાવનાવાળા હતા, તેમને અદ્ભુત સહાય કરનારા બન્યા હતા. તથા 'જિનેશ્વરે સ્વયં આચરિત અને કથિત એવાં મુનિનાંમહાવ્રતો સમગ્ર ભવોમાં એકઠા કરેલા કર્મસમૂહને પાતળા કરનાર છે, તેવા મહાવ્રતને સ્વયં અંગીકાર કરવા અને ત્યાર પછી તપ કરે અને ભાવના ભાવે કે, 'એવો સમયકયારે આવશે કે હું ભોગોમા નિઃસ્પૃહ બની સર્વથા સંગમુક્ત બનીશ ?' આ પ્રમાણે સમકિત આત્મા ત્યાગના પરિણામમાં વૃદ્ધિ પામતો હોય છે, પરંતુ પૂર્વભવમાં નિકાચિત કિલષ્ટ કર્મના વિપાકોદયથી તેમને ચારિત્રનો લાભ ન થયો. તેથી કહેવાય છે કે - 'વજ્ર સરખા કઠિન ઘટ ચીકણાં કર્મો ઉદયમાં આવે છે, ત્યારે જ્ઞાનથી યુક્ત એવા સમજુ પુરુષને પણ ઉન્માર્ગે લઈ જાય છે.' (૪૭૮) **ઉપસંહાર કરતા કહે છે –**

૪૭૯ - આજ્ઞાનું સ્વરૂપ-માહાત્મ્ય અહિં ઘણું વર્ણવ્યું. હવે આ વિષય કહેવાથી સર્યું. આ ઉપદેશપદ ગ્રન્થ તો સંક્ષેપથી કહેવાનો પ્રયત્ન કરેલો છે. પરિપૂર્ણપણે કોઈને ઉપદેશ અશક્ય છે. આ તો માત્ર દિશા બતાવવા પૂરતો ઉપદેશ છે. તેથી હવે અભિગ્રહ વિષયક ચાલુ અધિકારમાં તેનું સ્વરૂપમાહાત્મ્ય કહીશ. (૪૭૯) એ જ બતાવે છે –

૪૮૦ - પૂર્વે કહેલા-અભિગ્રહ માહાત્મ્યના અધિકારમાં જણાવેલાથી વિલક્ષણ એવા બે વણિકપુત્રો-બે ભાઈઓના ઉદાહરણ કહે છે. બે ભાઈ પ્રતિબોધ પામ્યા છે, તેમાં એક પ્રવ્રજ્યા અંગીકાર કરીને સમુદાય, ઉંચા પ્રકારના આચાર, ગુરુકુલવાસ ગચ્છની મર્યાદાનું પાલન આ વગેરે સહકારી કારણથી રહિત બન્યો, એટલે શીતલ (શિથિલ) વિહારીઢીલા આચારવાળો થયો. બીજો ભાઈ શુદ્ધ નિરતિચાર પ્રવ્રજ્યા પાલવાના સુંદર મનોરથ કરતો હતો, પણ પ્રવ્રજ્યા અંગીકાર કરી શકતો ન હતો. મૃત્યુ પામ્યા પછી બંનેના ફલમાં ભેદ પડ્યો. શીતલ(શિથિલ)-વિહારી અને પ્રવ્રજ્યાનો મનોરથ કરનાર તેમાં એક વિરાધક અને બીજો આરાધક બની બંને જઘન્ય દેવત્વ પામ્યા. (૪૮૦)

આ હકીકત બીજી બે ગાથાથી વિસ્તારથી સમજાવે છે (ગ્રંથાગ્ર ૮૦૦૦)

## આરાધક અને વિરાધકનું દૃષ્ટાંત

૪૮૧ - ૪૮૨ - તગરા નગરીમાં વસુ નામના શેઠને સેન અને સિદ્ધ એવા નામવાળા બે પુત્રો હતા.કોઈક વખત ધર્મ નામના ગુરુની પાસે ગયા. જ્યાં તેમને ધર્મની પ્રાપ્તિ થઈ.એકને પ્રવ્રજ્યાની પ્રાપ્તિ થઈ, પરંતુ પડિલેહણા, પ્રમાર્જના વગેરે ક્રિયા પ્રમાદ-યોગે ઘટી ગઈ. બીજાને શુદ્ધ ચારિત્ર ગ્રહણ કરવાના મનોરથ થયા, પણ કંઈ ચારિત્ર ગ્રહણ કરી શક્યો નહિ.

કેટલોક કાળ ગયા પછી તેઓ બંનેનું એક સ્થલે મીલન થયું. સુખેથી બંને બેઠેલા હતા અને યોગ્યપણે પોતપોતાના વૃત્તાન્તો કહેવા અને સાંભળવા પ્રવર્તતા હતા, ત્યારે અકસ્માત આકાશમાંથી વિજળીનું પડવું થયું, એટલે બંને મૃત્યુ પામ્યા. ત્યાર પછી વિરાધક વ્યંતરના વિમાનમાં અને આરાધક એવા બીજા સૌધર્મ નામના વૈમાનિક વિમાનમાં ઉત્પન્ન થયા. કોઈક સમયે કેવલજ્ઞાની તે ગામમાં પધાર્યા, એટલે લોકોએ પૂછયું કે, તેમનો ક્યાં ઉત્પાત થયો હશે ? જે પ્રમાણે વૃત્તાન્ત બન્યો, તે પ્રમાણે કહ્યું. ત્યારપછી લોકોને શુદ્ધધર્મના મનોરથોમાંબહુમાન થયું, પણ અશુદ્ધ અનુષ્ઠાનમાં બહુમાન ન થયું. (૪૮૧-૪૮૨)

ચાલુ વિષયમાં જોડતા જણાવે છે –

૪૮૩ - આગળ જીર્ણ શેઠના ઉદાહરણમાં મનોરથ એ જ અભિગ્રહ એમ નહિં, પરંતુ શુદ્ધ પ્રવ્રજ્યા ગ્રહણ કરવાના મનોરથ કરવા. તેવા શુદ્ધ પ્રવ્રજ્યા ગ્રહણ કરવા રૂપ મનોરથોનું બહુમાન કરવાથી અવિરાધનાવાળા ધર્મની પ્રાપ્તિ થાય છે. અભિગ્રહનો ભંગ ન થાય અને શુદ્ધ પ્રવ્રજ્યામાં બહુમાન થાય - તેમ થયું, એટલે અવિરાધિત દેવપણાનું ઉદાર ફલ મેળવ્યું. (૪૮૩)

એમ હોવાથી જે કર્તવ્ય છે, તે જણાવે છે –

૪૮૪ - ભાવથી અંગીકાર કરેલ એવા પ્રકારના ચૈત્યવંદન વગેરે નિર્મલ ધર્મ સ્થાનકમાં તેવા તેવા ઉચિત ગુણસ્થાનકમાં તલના ફોતરાના ત્રીજા ભાગ જેટલી અલ્પ વિરાધના કર્યા વગર બુદ્ધિશાળી આરાધક આત્માએ આરાધના કરવા આદરપૂર્વક પ્રયત્ન કરવો. જ્યારે શુદ્ધ ધર્મના મનોરથનું ઉત્તમફળ પ્રાપ્ત થાય છે, તો પછી શુદ્ધ ધર્મના અનુષ્ઠાનનું ફળ કેવું અધિક ઉત્તમફળવાળું થાય ? આથી ઉલટું શુદ્ધ મનોરથોનું ઉલ્લંઘન કરી ક્રોધાદિ કષાયના સંકલેશની બહુલતાવાળા ધર્માનુષ્ઠાનમાં યત્ન-આદર ન કરવો (૪૮૪) કેમ ?

તપ, સૂત્રજ્ઞાન, વિનય,પૂજા આદિ ધર્માનુષ્ઠાન સંસારના ખાડામાં પડતા જંતુને આલંબન થતાં નથી. કોને ? કોને ? તો કે, સંક્લિષ્ટ કષાયવાળા જીવને અહિં મહિના મહિનાના ઉપવાસ કરનાર તપસ્વી સાધુ, જિનેશ્વરના આગમસૂત્રોના અને અર્થના બંનેમાં કુશલ એવા આચાર્ય, ઉદાયિરાજાને મારનાર વિનયરત્ન સાધુ, કુન્તલ દેશના રાજાની પત્ની આ વિષયમાં આ ઉદાહરણો જાણવાં. (૪૮૫)

## અગ્નિશિખને અરૂણમુનિ

આ ચારે ઉદાહરણો, દરેકને ત્રણ ત્રણ ગાથા વડે-એમ બાર ગાથાઓ કહે છે –

૪૮૬ થી ૪૯૭ - પાટલિપુત્ર જેનું બીજું નામ છે, એવા **કુસુમપુર** નગરમાં છઠ્ઠ-અઠ્ઠમ આદિ કઠિન તપકરી પોતાના દેહને દુર્બળ કરી નાખનાર અગ્નિશિખ નામના એક તપસ્વી સાધુ હતા. બીજા માત્ર વેષ ધારણ કરનાર, સાધુવેષને લજવનાર એવા અરુણ નામના તેઓ અનુક્રમે વિહાર કરતાં કરતાં ચોમાસાના સમયમાં ચોમાસું રોકાવા માટે વસુભૂતિ શેઠની સમીપના મકાનમાં ઉપરના અને નીચેના ભાગમાં ઉતર્યા.*તપસ્વી નીચેના સ્થાનમાં અને બીજા વેષધારી ઉપરના માળ ઉપર ઉતર્યા. તેમાં નીચે ઉતરેલા તપસ્વી મુનિ તપસ્યાના અભિમાનમાં મત્ત પોતાના આત્માને વધારે મહત્ત્વ આપતા. તેમને સહન ન થવારૂપ અશુભ પરિણામ થયા કે, 'આ કેવો અધમ પાપી અરુણ સાધુ છે કે, આ પ્રમાણે મારો પરાભવ કરી મારા મસ્તક ઉપરના માળ ઉપરચડી બેઠો છે અને ઉપર રહેલો છે ! આમ દુર્ગતિ આપનાર અધ્યવસાય દરરોજ કરવા લાગ્યો. બીજા અરુણ સાધુને તો લગભગ દરરોજ પશ્ચાત્તાપ અને સંવેગના પરિણામ થતા હતા કે, 'આવા તપસ્વી ઉજ્જવલ શીલાંગોના ધારણ કરનાર, સર્વ જગતના જીવો પ્રત્યે વાત્સલ્યભાવ રાખનાર પરમકરુણાના સમુદ્ર સરખા દર્શનમાત્રથી લોકોનાં નેત્રોને પવિત્ર કરનારના ઉપર હું વાસ કરું છું. તેથી ખરેખર હું તેમની આશાતના કરી અધન્ય થયો છું. એક તો મારામાં સાધુના જે સુંદર આચારોહોવા જોઈએ તે નથી, અને વળી આ શ્રમણસિંહ ઉપર સ્થાન કરીને રહેલો છું.' એ પ્રમાણે રહેલા તેઓ પૈકી એકના ભવની વૃદ્ધિ, બીજાએ સંસારને ટૂંકો કરવો અગ્નિશિખે સંસારની વૃદ્ધિ અને અરુણસાધુએ ભવની અલ્પતા કરી, ચાતુર્માસ પૂર્ણ થયા પછી બંનેએ ત્યાંથી વિહાર કર્યો. કોઈક દિવસે કેવલી ભગવંત ત્યાં સમવસર્યા. લોકોએ તેમને આ સાધુમાં વધારે નિર્જરા કોણે કરી ? તેવો પ્રશ્ન કર્યો. કેવલીએ આગળ કહેલો વૃત્તાન્ત જણાવ્યો. કે, એકને ભવવૃદ્ધિ અને બીજાએ સંસાર ટૂંકો કર્યો, તે લક્ષણ જવાબ આપ્યો. (૪૮૬ થી ૪૮૮)

હવે આગમિક ઉદાહરણ કહે છે કોઈક આગમિક જ્ઞાનના જ્ઞાતા સ્વભાવથી જ બુદ્ધિ આદિ ગુણોના પાત્ર હોવાથી ઉત્તમ ગુરુની કૃપાથી સમસ્ત આગમના અભ્યાસી નિર્મલ ગચ્છનું નાયકપણું અનુભવતા હતા, પરંતુ ઋદ્ધિ-રસ-શાતા ગારવમાં પરાધીન થઈ ગયા હતા.

હવે તે આચાર્યના ગચ્છમાં એક નાની વયના સાધુ હતા, તે પ્રમાર્જન, પડિલેહણા, જયણા વેગરે સાધુની સુંદર ક્રિયા કરનાર હોવાથી સમગ્ર બુદ્ધિશાળીના માનસને સંતોષ પમાડનારા હતા. વળી વ્યાકરણ, તર્ક, ગણિત, જ્યોતિષ, સ્વસમય અને પરસમયના શાસ્ત્રોના એવા જાણકાર હતા કે, તે સમયના વિદ્વાનોમાં શિરોમણિભાવને સૂચવતા હતા. તેવા પ્રકારની કર્મની લુઘતાથી જ્ઞાન અને ક્રિયા બંને સાથે તેને વર્યા હતા. ત્યાર પછી લોકોને તેના ગુણો પ્રત્યે આદરભાવ વધ્યો અને ગુરુની પૂજાની ઉપેક્ષા કરી, તે નાના સાધુ પ્રત્યે વન્દન, પૂજન, ગુણગ્રહણ, વસ્ત્ર, પાત્રાદિ પ્રતિલાભના રૂપ બહુમાન વૃદ્ધિ પામ્યું. આ વિષયમાં કહેવાય છે કે - "શુદ્ધ ઉજ્જવલ આચારવાળા નાના હોય, તો પણ પ્રસિદ્ધિ પામે

છે. પરંતુ તેથી ભિન્ન મલિનો નહીં, અંધકારમાં હાથીના દંતૂશળ દેખાય છે, પરંતુ હાથી દેખાતો નથી."

આ સ્થિતિ થઈ, એટલે તેના ગુરુને શિષ્ય ઉપર અતિશય ઈર્ષ્યારૂપી ક્ષાર વૃદ્ધિ પામ્યો અને શિષ્ય પ્રત્યે પારાવાર દ્વેષકાલિમા પ્રવર્તી. નિરંતર પ્રદ્વેષ પ્રવર્તતો હોવાથી તેવો અશુભ કર્માનુબંધ થયો. તેવા અનુબંધમાં મૃત્યુ પામીને આ મુનિ લોકના નિવાસ સ્થાનભૂત આ જ ઉદ્યાનમાં અંજનના ઢગલા સમાન કાળી કાયાવાળો અને અતિકોપ પ્રસર-સહિત સર્પ થયો. કોઈક સમયે સ્વાધ્યાયભૂમિમાં આ નાના સાધુ જતા હતા ત્યારે અકસ્માત વગર નિમિત્તે અપશકુન થયાં. નવા આચાર્યે ત્યાં જવા માટે દરેકને રોક્યા. ગુરુએ કહ્યું કે, 'આ કૃત્રિમ અપશકુનનું નિમિત્ત થયું છે. ક્ષુલ્લક તરફ વેગથી આવતો 'આ કોઈક આનો પ્રત્યનીકશત્રુ જણાય છે,' તેમ ઓઘ જ્ઞાન થયું, પરંતુ આ તે જ છે એવું વિશેષ જ્ઞાન ન થયું. સર્પ દેખ્યા પછી નવીન આચાર્યને પ્રત્યનીકપણાનું સામાન્ય જ્ઞાન થયું. કોઈક સમયે કેવલીનું આગમન થયું. વિશેષ કથન કરી એમ જણાવ્યું કે - 'આ સર્પ તે તમારા પૂર્વના આચાર્ય છે, આ ક્ષુલ્લક પ્રત્યે કોપ વધારવાથી મરીને સર્પપણે ઉત્પન્ન થયા છે. આ પ્રમાણે કથન કર્યું. એટલે સાધુઓ સંવેગ પામ્યા. 'અહો ! કષાયોની દુરંતતા કેવી આકરી અને દુઃખદાયક છે.'

જેઓ સમગ્ર વિદ્વાનોના સમુદાયના ચિત્તને ચમત્કાર કરાવનાર વર્તમાનયુગમાં એક અપૂર્વ આગમજ્ઞાન પ્રાપ્તકરીને, આપણા સરખાને ધર્મ પમાડીને હવે ઉદ્વેગ પમાડનાર સર્પપણું પામ્યા ! કેવલિના વચનથી સર્વ સાધુઓએ એક સાથે હાથ જોડીને 'અમારા અપરાધોની ક્ષમા કરો.' એમ ક્ષમાપના માગી.તે સર્પને પણ જાતિસ્મરણ થયું. અનશન કર્યું, આરાધના કરી, પંડિતમરણથી મૃત્યુપામી દેવલોક-લાભ લક્ષણ ફળ મેળવ્યું. (૪૮૯ થી ૪૯૧) આગમિક આખ્યાનક પૂર્ણ થયું.

## વિનયરત્ન સાધુનું દૃષ્ટાંત

વિનયરત્નનું ઉદાહરણ જે રૂપે બન્યું હતું,તે રૂપે કહેવાય છે –

આગળ કલ્પકમંત્રીના ઉદાહરણમાં કહેલ આ પાટલિપુત્ર નગરમાં ઉદાયી નામના રાજા હતા. તેવા તેવા કારણોમાં સામંતોને વારંવાર આજ્ઞા મોકલતા હતા અને કાલ પસાર કરતા હતા.કોઈક વખત એકસામંત રાજા ઉપર આજ્ઞા આવી એટલે તેને ચિંતા ઉત્પન્ન થઈ કે, અંકુશથી જેમ હાથી, તેમ આની આજ્ઞા કાયમ આવ્યા કરે છે, મસ્તકથી આજ્ઞા ઉતરતી નથી, જેથી કષ્ટપૂર્વક ભયમાં જીવિત પસાર કરવું પડે છે. તેથી પોતાની પરિમિત વિશ્વાસુ પર્ષદામાં પોતાનો અભિપ્રાય પ્રકાશિત કર્યો કે, આપણામાં તેવો કોઈ જીવ નથી કે, 'જે ઉદાયિરાજાના ઉગ્ર શાસનને નાશ કરે.' હવે આગળ ઉદાયી રાજાએ કોઈક તેવા અપરાધથી એક રાજાનું રાજ્ય છીનવી લીધું હતું, તે રાજાનો એક કુમાર તેનું વેર લેવા પાછળ લાગેલો હતો, તેણે અહિં પર્ષદામાં કહ્યું કે 'હું એકલો જ તેને વિનાશ પમાડું, માટે મને આજ્ઞા આપો.' આ રાજાએ તેની વાત સ્વીકારી. તે પાટલિપુત્ર નગર ગયો. ઘણા ઉપાય કર્યા, પરંતુ રાજકુલમાં

પ્રવેશ મેળવી શક્યો નહિ. ત્યાં સાધુઓને રોક-ટોક વગર અસ્ખલિતપણે જતા આવતા જોયા. તેણે વિચાર્યું કે, 'રાજકુલમાં પ્રવેશ કરવાનો આ ઉપાય સુંદર છે.' તેથી દીક્ષાનાં વ્રતો સ્વીકારવા લક્ષણ સંસાર-નિષ્ક્રમણ કાર્ય કર્યું. ચક્રવાલ સામાચારી લક્ષણવાળી સાધુક્રિયા ભણવાની શરુ કરી. સર્વસાધુવિષયક વિનયમાં મહાપ્રયત્ન-આદર કરવા લાગ્યો એવો વિનય દરેકનો કરતો, જેથી દરેક સાધુઓ પ્રભાવિત થયા અને વિનયમાં રતએવો અર્થવાળું, ગુણપ્રધાતનાવાળું 'વિનયરત્ન' નવું નામ સ્થાપન કર્યું. એમ વિનય કરતાં તેનાં બાર વરસ પસાર થયાં. ગુરુ મહારાજ પણ તેના ઉપર વિશ્વસ્ત બન્યા.રાજા અષ્ટમી, ચતુર્દશીએ પર્વ દિવસનો પૌષધ કરતાહતા. ગુરુ સાથે રાજકુલમાં તેનો પ્રવેશ થયો. પૌષધવાળારાજા અને આચાર્ય બંને રાત્રે સુઈ ગયા. એટલે કંકલોહની છરી રાજાનું ગળું કાપવા માટે ગળા પર મૂકી, પેલો વિનયરત્ન ત્યાંથી બહાર નીકળી ગયો ગુરુને ખબર પડી, એટલે જાગ્યા. વૃત્તાન્ત જાણ્યો કે - 'અધમશિષ્ય આ કાર્યકરીને ચાલ્યો ગયો છે, નક્કી શાસન-ઉડ્ડાહના થવાથી મારો સંસાર ઘણો લાંબો થશે.' એમ વિચારી તે કાળે કરવા યોગ્યકાર્યો કરી તે જ કંકલોહની છરી પોતાના ગળા ઉપર વાપરી બંને દેવલોકે ગયા. જ્યારે પેલો બાર વરસ વ્રત પાલન કરીને અતિસંક્લેશ પરિણામના યોગે અનંતા ભવો સુધી દુઃખમય સંસારમાં રખડશે. વિનયરત્નનું આખ્યાનક સમાપ્ત થયું. (૪૯૨ થી ૪૯૪)

## કુંતલદેવીનું ઉદાહરણ

જિનભવન, જિનબિંબ, જિનયાત્રાદિક સમ્યક્ત્વના આચારો પોતાની શોકયોને કુંતલદેવી શીખવતી હતી. તે બીજી રાણીઓ પણ કુંતલાદેવી પાસે સમ્યક્ત્વ-પામી હતી અને સમ્યકત્વની કરણીઓ કરતી હતી. રાજ્યલક્ષ્મી એક ભર્તારની છે. દરેક રાણીઓ તે પતિના દ્રવ્યથી વિશેષ પ્રકારના ઉપચારવાળી પ્રભુભક્તિ કરતી હતી,તે વિષયમાં કુંતલા રાણીને સર્વેની વિશેષ પૂજા કરતી દેખી ઈર્ષ્યા ઉત્પન્ન થઈ, એટલે ઈર્ષ્યાદોષના વિકારવાળી પુષ્પ, ધૂપ વગેરે ઉપચાર પૂજા હંમેશાં બીજી દેવી ઓના કરતાં અધિક દ્રવ્યના ખર્ચવાળી પ્રભુપૂજા કરવા લાગી. એ પ્રમાણે તેનો કાળ પસાર થતો હતો. કોઈક સમયે કુંતલાદેવીને મરણાવસ્થા ઉચિત માંદગી આવી. તેવી અવસ્થામાં તેવા પ્રકારના પ્રયોજન યોગે પૂર્વે અનુભવેલ પટરત્ન, કંબલરત્ન વગેરે તેની પાસેથી રાજાએ ગ્રહણ કરી લીધાં. આથી તેને આર્તધ્યાનરૂપ અપધ્યાન થયું. ત્યાર પછી મૃત્યુ પામી. તે સ્થલમાં જ કૂતરીપણે ઉત્પન્ન થઈ. કોઈક કાળે કેવલી ભગવંત ત્યાં પધાર્યા. ત્યારે લોકોએ તેના સંબંધી પ્રશ્ન કર્યો. કેવલીએ તે વૃત્તાન્ત કહ્યો. બાકીની રાણીઓને સાંભલીને વૈરાગ્ય થયો કે - "અહો ! આ ઈર્ષ્યા દુરંત છે કે, આટલો ધર્મ કરનારી હોવા છતાં આ કૂતરી થઈ !" ત્યાર પછી બાકીની દેવીઓ તે કૂતરીને દેખવા લાગી. કૂતરીને પેલી દેવીઓ ઉપર સ્નેહ પ્રગટ થયો. દેવીઓએ ધૂપ, પુષ્પાદિકથી અનુરૂપ તેની પૂજા કરી. પૂર્વભવનું તેને સ્મરણ થયું. તેને બોધિ પ્રાપ્તિ થઈ. પેલીઓએ તેને ખમાવી. શાન્ત બની, તેને આરાધના કરાવી. (૪૯૫ થી ૪૯૭)

કુંતલાદેવીનું ઉદાહરણ સમાપ્ત.

હવે ઉપસંહાર કરતા કહે છે –

૪૯૮ - ક્ષપણાદિ ઉદાહરણાનુસારે દુઃખસ્વરૂપ, કષાયસ્વરૂપ દુઃખફલ, શારીરિક માનસિક આધિ, ઉપાધિની પરંપરાવાળા, કષાયની મલિનતાવાળા આ સંક્લેશો છે. આ કારણે આજ્ઞાના સમ્યગ્ પ્રયોગ પૂર્વક-જિનાજ્ઞા પ્રમાણે મન, વચન અને કાયાના યોગની પ્રવૃત્તિ કરી હંમેશ માટે આવા ક્લેશનો સર્વથા ત્યાગ કરવો. (૪૯૮)

જે જીવોને વિષે દેવાતો ઉપદેશ સફલ થાય,તે પ્રતિપક્ષ-સહિત કહે છે –

## આજ્ઞાઉપર ઉપદેશ

सफलो एसुवएसो, गुणठाणारंभगाण भव्वाणं ।

परिपडमाणाण तहा, पायं न उ तट्ठियाणं पि ॥४९९॥

૪૯૯ - સમ્યગ્દૃષ્ટિ આદિ ગુણસ્થાનકો જેના આત્મામાં પ્રવર્તતા હોય, ગુણસ્થાન આરંભેલા હોય, તેવા ભવ્યાત્માઓને આ સંક્લેશનો ત્યાગ કરવા રૂપ આપેલો ઉપદેશ તે સફલ થાય છે. વિવક્ષિત ગુણસ્થાનોને યોગ્ય પ્રાપ્ત કરેલા સંપૂર્ણભાવવાળા જીવોએ જો તેવા પ્રકારના ક્લિષ્ટ કર્મોદયથી તે તે ગુણસ્થાનકરૂપી મહેલના શિખર ઉપરથી નીચે પડવાનો પ્રારંભ કરેલો હોય,તો તેવા આત્માને પ્રાયઃ આ ઉપદેશ સફલ થાય છે. પ્રાયઃ એટલા માટે જણાવ્યું છે કે, નિકાચિત કર્મના ઉદયવાળા હોય અને તેઓએ પતન પામવાનું આરંભેલું હોય, તેને જો ઉપદેશ આપવામાં આવે, તો નિષ્ફળ થાય છે, પરંતુ જેઓ સોપક્રમ કર્મવાળા હોય તેઓને આ ઉપદેશ સફળ થાય જ. પરંતુ જેઓ સર્વપ્રકારે ગુણસ્થાનકમાં રહેલા હોય, તેઓ પ્રત્યે ઉપદેશ સફળ ન થાય. (૪૯૯) એ ઉપદેશ આશ્રીને કહે છે –

૫૦૦ - આ ઉપદેશ તે સહકારી કારણ જ છે, પોતપોતાની યોગ્યતાનુસાર ગુણસ્થાનકનો આરંભ કરનાર, તેમજ સ્થિરતા કરી શકે તેવા ગુણસ્થાનકથી પડતા આત્માઓ માટે. તે માટે દૃષ્ટાંત આપે છે કે - કુંભાર ચક્રભ્રમણ કરવામાં જેમ દંડનો ઉપયોગ કરે છે તેમ. તે આ પ્રમાણે ભ્રમણ શરુ ન થયું હોય તો દંડથી ચક્રભ્રમણ કરાય છે, આરંભેલું ભ્રમણ તેનો વેગ ઘટી ગયો હોય, તો વેગ વધારવા દંડનો ઉપયોગ કરાય છે. એ પ્રમાણે ઉપદેશ આપવામાં વિચારવું ભ્રમણ ચાલુ હોય અને મંદભ્રમણ દૂર થયું હોય, પછી ભ્રમણકાર્યમાં તે દંડ નકામો ગણાય છે. તે પ્રમાણે સ્વગુણસ્થાનકની ક્રિયા યોગ્યપણે જેઓએ આરંભેલી હોય, તેમને ઉપદેશ આપવો નિરર્થક છે. (૫૦૦) હવે અહિં પરમતની આશંકાનો પરિહાર કરતા કહે છે –

૫૦૧ – આ ઉપદેશ કોને કરેલો સફળ થાય,તે આગળ જણાવી ગયા. તો પછી દરરોજ સૂત્ર અને અર્થની પોરિસી કરવાનું કેમ જણાવ્યું ? અહિં શ્રુત ભણનારા બે પ્રકારનાહોય છે. એક તીવ્ર બુદ્ધિવાળા અને બીજા મંદબુદ્ધિવાળા, જે તીવ્ર બુદ્ધિ વાળા છે, તે પ્રથમ પોરિસીમાં સૂત્ર ગ્રહણ કરે છે અને બીજી પોરિસીમાં અર્થ એટલે પ્રથમ પોરિસીમાં કરેલા સૂત્રના અર્થ બીજી પોરિસીમાં શ્રવણ કરે છે. જે તેવા પ્રકારના તીવ્ર બુદ્ધિવાળા નથી,

તેઓ બંને પોરિસીમાં સૂત્ર જ ભણે છે.કાલાંતરે બુદ્ધિ-પ્રકર્ષ પ્રાપ્ત કરે, ત્યારે બંને પોરિસીમાં પણ ભણેલાં સૂત્રના અર્થ સાંભળવાનો પ્રયત્ન કરે. અહિં સમાધાન આપે છે. તે સૂત્ર અને અર્થના આગળ આગળના સ્થાનોના અપૂર્વ અપૂર્વ સ્વરૂપવાળા વિષયો પ્રતિપાદન કરેલા છે, એવા રૂપે સૂત્ર અને અર્થની પોરિસીઓ કહેલી છે તેથી સૂત્ર અને અર્થ પોરિસીના ઉપદેશનો દોષ ગણેલો નથી.(૫૦૧) તે જ વિચારે છે –

૫૦૨ – દરરોજ નવું નવું અપૂર્વ શ્રુતરૂપ સૂત્ર અને અર્થનું ગ્રહણ કરે, તો શાસ્ત્રમાં કહેલું છે કે - 'દરરોજ અપૂર્વ અપૂર્વ જ્ઞાનાભ્યાસ કરે, તેને સમગ્ર જ્ઞેય પદાર્થો અવલોકન કરાવવામાં કુશળ એવા કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તે કારણથી આ સૂત્ર અને અર્થ પોરિસીનો ઉપદેશ સમજવો. કહેવાનો એ અભિપ્રાય છે કે - આ નવું નવું જ્ઞાન મેળવવું, તે ગુણસ્થાન આરંભ કરનારનું નથી કે ગુણસ્થાનકથી પડતાનું પણ નથી, પરંતુ આરંભેલા ગુણસ્થાનક ઉચિત કાર્યોનું છે, કેવલજ્ઞાન-પ્રાપ્તિનું અવંધ્ય બીજ-કારણ હોય તો સૂત્ર અને અર્થ છે - માટે તે પોરિસીનો ઉપદેશ કરેલો છે. (૫૦૨) વળી –

૫૦૩ - સમ્યગ્દર્શનાદિ ગુણ વિશેષ -પરિણતિ સ્વરૂપ ગુણસ્થાનના પરિણામ હોવા છતાં તીર્થંકર, ગણધર વગેરેની સૂત્ર-અર્થની વ્યાખ્યા સ્વરૂપ પ્રજ્ઞાપના વગર પોતાનામાં રહેલી ગુણસ્થાનકની પરિણતિને પોતાની મેળે ગુણઠાણાની પરિણતિને નુકશાન કરનાર અશુભ અધ્યવસાયને દૂર કરવા સમર્થ બની શકતો નથી. આ વાત નક્કી છે,ચાલુ ગુણસ્થાનકને અત્યંત આરાધવાથીતેને નડતા સંકલેશોની હાનિ થાય છે. (૫૦૩)

૫૦૪ પૂર્વે જણાવેલા ગુણસ્થાનક વિષયક અણુવ્રતો જેવા કે સ્થૂલ પ્રાણાતિપાત-વિરમણથી માંડી રાત્રિભોજનની વિરતિ સુધી અને અપિશબ્દથી બીજાં પણ ગુણવ્રતશિક્ષાવ્રતોને આશ્રીને ઇષ્ટ વસ્તુ સિદ્ધ કરનાર એવાં આગળ જણાવીશું, તે ઉદાહરણો જિનપ્રવચનમાં પ્રસિદ્ધિ પામેલાં છે. (૫૦૪) તે જ કહે છે –

૫૦૫ -૧ શ્રાવકપુત્ર જિનધર્મ, ૨ સત્ય નામવાળો, ૩ ગોષ્ઠી શ્રાવક, ૪ પ્રશસ્ત મતિવાળો સુદર્શન, ૫ ધર્મનન્દ, ૬ આરોગ્યદ્વિજ, ૭ કૃતપુણ્ય (૫૦૫) ઉદ્દેશ-ક્રમાનુસાર નિર્દેશ હોય, તે પ્રમાણે ન્યાયથી જિનધર્મ દૃષ્ટાંત પાંચ ગાથાથી કહે છે –

## શ્રાવકપુત્ર જિનધર્મનું દૃષ્ટાંત

૫૦૬ થી ૫૧૦ દક્ષિણાપથ દેશના મુખની શોભા સમાન ભરુકચ્છ(ભરૂચ) નામના નગરમાં અણુવ્રતો ધારણ કરનાર જિનધર્મ નામનો શ્રાવકપુત્ર હતો. કોઈક સમયે મ્લેચ્છોએ તે નગરનો ભંગ કર્યો અને મ્લેચ્છો તે શ્રાવકપુત્રનું અપહરણ કરી લઈ ગયા.સામા કિનારા પર રહેલા કોંકણ આદિક દેશમાં તેને વેચી નાખ્યો. અનુક્રમે કિનારા પર રહેલાકોઈક ગામનારાજાના રસોયાના હાથમાં તે આવ્યો. રાજરસોયાએ કોઈ દિવસ આ જિનધર્મ શ્રાવકને આજ્ઞા કરી કે, લાવક (તેતર) નામના પક્ષીઓને ઉચ્છ્વાસ લેતા બંધ કર અર્થાત્ મારી નાખ. તેને અત્યંત દયા આવી. એટલે પિંજરામાં રહેલા લાવક પક્ષીઓને ઉચ્છ્વાસ-મોચન એટલે

તેને પાંજરામાંથી મુક્ત કર્યા-ઉડાડી મૂક્યા. રોષાયમાન થયેલા રસોઇયા તેને અત્યંત માર માર્યો. વળી બીજી વખત આજ્ઞા કરી અને ઉપરાંત કહ્યુ કે, કિંમત આપીને ખરીદેલો તું ખરેખર અમારો દાસ-ગુલામ છે, માટે અમારી આજ્ઞા પ્રમાણે કર. શ્રાવકપુત્રે કહ્યું કે, 'આ લાવક પક્ષીઓને કે, બીજા કોઈ પ્રાણીઓને ન મારવાની મારી પ્રતિજ્ઞા છે. તમારી આજ્ઞા સત્ય અને ઉચિત હોય, તે કરવા તૈયાર છું, પરંતુ લાવક પક્ષીઓને મારવાની પાપવાળી આજ્ઞા નહિં પાલન કરું.' ત્યારે રસોયાએ કહ્યું કે, 'લાવકના વધ કરવામાં જેપાપ-દોષ લાગે, તેપાપ હું ભોગવીશ.' જિનધર્મેકહ્યુંકે, 'આ તારીવાત તત્ત્વ-પરમાર્થ વગરની અજ્ઞાનતા ભરેલી છે કે, 'બીજા જીવોને હણે અને વધનું પાપ બીજાને લાગે અને ઘાતકને પાપ ન લાગે ! અગ્નિના ઉદાહરણથી. 'પોતાના સંબંધવાળી વસ્તુ સિવાયની બીજી વસ્તુને અગ્નિ વડે દાહ લાગી શકતો નથી. પોતાના સંબંધમાં આવતી વસ્તુને અગ્નિ બાળે છે. સંબંધમાં ન આવે, તેને દાહ થતો નથી' એમ જવાબ આપ્યો, એટલે જિનધર્મને લાકડી, મુષ્ટિ પ્રહાર વગેરેથી તેને ખૂબ માર્યો. દીન-પ્રલાપ કરતો હતો, એટલેરાજાના સાંભળવામાં આવ્યો. વૃત્તાન્તપૂછયો. જીવોની અહિંસાની પ્રતિજ્ઞા-વિષયક રાજાને આશ્ચર્ય થયું કે, 'પારકાને આધીન થયેલો હોવા છતાં પોતાના પ્રાણથી નિરપેક્ષ બની પરિણામની પરીક્ષા કરવામાટે કપટથી કોપ પ્રદર્શિત કર્યો અને કહ્યું કે, 'અરે સેવકો ! આંના ઉપર હાથી ચલાવી તેને મારી નાખો.' હાથીએ પૃથ્વી ઉપર તેને રૂલાવ્યો, પછી રાજાએ કહ્યું કે, 'તારો અભિગ્રહ છોડે છે કે કેમ ?' ત્યાર પછી રાજાને ખાત્રી થઈ તેના અભિગ્રહ-વિરુદ્ધ આજ્ઞા ન કરવી.' હાથી પાસેથીતેને મુક્ત કર્યો. ત્યાર પછી રાજાને ખાત્રી થઈકે, 'નક્કી આ પોતાના પ્રાણના ભોગે પણ પારકાના પ્રાણ રક્ષણ કરવાના કુશળ ચિત્તવાળો છે' એમ વિચારીને સુંદર આદર-સત્કાર પૂર્વક રાજા-યોગ્ય વિસ્તીર્ણ ભોગ-સુખવાળો બનાવ્યો. 'તારે મારા અંગરક્ષક તરીકે હંમેશાં રહેવું' એવો રાજ્યાધિકાર આપ્યો. (૫૧૦) ચાલુ વ્રતપરિણામને આશ્રીને કહે છે –

૫૧૧ - આ પ્રકારે જિનધર્મ-શ્રાવકપુત્રના ઉદાહરણ અનુસાર નિરૂપણે કરેલા વ્રતપરિણામ ધીર, ઉદાર, મહાન સમજવા. બીજા ચાહે તેટલા વ્રત છોડાવવા પ્રયત્ન કરે, તો પણ વ્રતમાં અડોલ રહે, તે ધીર, ઉત્તમ મોક્ષફલ-દાક હોવાથી ઉદાર, ચિંતામણિ કામધેનુ, કલ્પવૃક્ષપ્રસન્ન થયેલ દેવ કરતાં પણ વ્રત પાલન ચડિયાતું છે - આવી દઢ માન્યતા રાખવી. આમાં હેતુ કહે છે - વ્રત-પાલનમાં હેતુ, સ્વરૂપ ફલ જાણેલું હોવાથી, બીજું આ આમ જ છે, એવી નિર્મલ સાચી શ્રદ્ધા હોવાથી, વળી વ્રતપરિણામના તત્ત્વસ્વરૂપ ભાવ ઉત્પન્ન થયેલો હોવાથી. કહેવાની મતલબ એ છે કે - વ્રત ન ગ્રહણ કરવાના પરિણામ તો તત્ત્વભૂત પદાર્થોનું અજ્ઞાન અને અશ્રદ્ધા હોવાથી થાય છે, માટે અવ્રત પરિણામ એ જીવનો સ્વભાવ નથી, પણ વિકાર છે, તેથી તે ધીર, ઉદાર અને મહાન ન હોવાથી તેને ચલાયમાન કરવો સહેલો અને શક્ય છે. જ્યારે વ્રતના પરિણામ તો તેનાથી વિપરીત હોવાથી ક્ષોભાયમાન કરવો શક્ય નથી. (૫૧૧) તે જ કહે છે –

૫૧૨ - હેતુ સ્વરૂપ અને ફલથી જીવહિંસારૂપ દોષને જાણે, મિથ્યાત્વમોહનીયનો ઉદય ચાલ્યો ગયેલો હોવાથી વિરતિની શ્રદ્ધાવાળો હોય, તે મનની શુદ્ધિપૂર્વક ભાવથી દોષોથી

નિવૃત્તિ અર્થાત્ વિરતિ ગ્રહણ કરે છે. નહિંતર જ્ઞાન અને શ્રદ્ધાના અભાવમાં કોઈ પણ બાળાદિ કારણે દોષમાં પ્રવૃત્તિ ન કરે, તો પણ પરમાર્થથી વિરમેલો ગણાતો નથી. જેમ દાહક શક્તિ નાશ પામી ન હોય, અને કોઈ કારણથી વિરુદ્ધ ગુણના કારણે અગ્નિ ન બાળતો હોય, તો પણ તે બાળનારો જ છે, એ પ્રમાણે જ્ઞાન-શ્રદ્ધાના અભાવમાં દોષની નિવૃત્તિ ન થાય તો ભવથી, દોષથી ન નિવર્તેલો જ ગણાય છે. હજુ કોઈ પણ દોષશક્તિ નાશ ન પામેલી હોવાથી (૫૧૨) ફરી પણ ચાલુ વાતને જ સમર્થન કરતા કહે છે –

૫૧૩ - અંગીકાર કરેલા વ્રતના વિનાશમાં નરકનાં દુઃખો ભોગવવાં પડે, તે દોષ ફળને જાણવા છતાં, એ જ પ્રમાણે વ્રત-પાલનથી સ્વર્ગાદિક સુખ પ્રાપ્ત થાય છે- એમ શ્રદધા કરતો એવો સાત્વિક ધીરપુરૂષ વિપરીત કાર્ય કેમ કરે છે ? અર્થાત્ વ્રત અંગીકાર કરીને તેનો ભંગ કદાપિ ન કરે - એ ભાવ સમજવો. (૫૧૩)

૫૧૪ - વ્રત-ભંગ કરવામાં ઇન્દ્રિયાનુકૂળ મનને પ્રીતિ ઉત્પન્ન કરનાર અલ્પકાલીન અલ્પમાત્ર સુખનીપ્રાપ્તિ થાય છે, અને વ્રત-ભંગ ન કરવામાં નિર્વાણાદિ મહાફલની પ્રાપ્તિ થાય છે. આ વાત નિશ્ચિત જ છે - એમ માનનાર મહાબુદ્ધિશાળી આરાધક આત્મા પરમગુરુ અરિહંત ભગવંતની વ્રત-પરિપાલન કરવા રૂપ આજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી. (૫૧૪) તથા–

૫૧૫ - સુંદર ક્રિયારૂપ વ્રત- પરિણામ એ જીવના પોતાના સ્વભાવરૂપ છે. કર્મસામર્થ્યનો નિગ્રહ કરવાથી ઉત્પન્ન થયેલ હોવાથી વ્રતપરિણામ-વિરતિ એ બાહ્ય સ્વરૂપ નથી, પણ આત્મસ્વરૂપ છે. જો એમ ન માનીએ, તો આ જીવ કર્મોદયથી ઉત્પન્ન થયેલા એવા વિકારવાળો, અવ્રતવાળો માનવો પડે. આ કહેલા ન્યાયથી આ વ્રતના પરિણામ તે સ્વરૂપથી જીવનું લક્ષણ છે -એમ પરમાર્થથી વિચારવું જોઇએ-એટલે વિરતિ પચ્ચક્ખાણ કરવાં -પાપનો પરિહાર કરવો, સંયમમાંરહેવું - આ વગેરે જીવનો પોતાનો સ્વભાવ છે અને વિરતિ ન કરવી, પચ્ચક્ખાણ ન કરવાં, પાપ ન છોડવાં, અસંયમમા રહેવું - આજીવનો વિકાર છે. તેથી કરીને "અંતરંગ અને બહિરંગ વિધિમાં અંતરંગ વિધિ બળવાન છે." તે ન્યાયથી વ્રતપરિણામ એ બળવાન જ છે. (૫૧૫)

## સત્યવ્રત ઉપર સત્યપુત્રનું દૃષ્ટાંત

હવે પહેલાં ૫૦૫ મી ગાથામાં કહેલા સત્યના બીજા ઉદાહરણને કહે છે –

૫૧૬ થી ૫૨૦ - 'વટપદ્રક' નામના ગામમાં અણુવ્રત આદિ શ્રાવકનાં વ્રતો ધારણ કરનાર તરીકે પ્રસિદ્ધિ પામેલ **સત્ય** નામનો વણિકપુત્ર હતો.કોઈક સમયે પોતાના ભાઈ સાથે **પારસકૂલ** નામના દ્વીપ વિષે જતો હતો. હવે પાછા આવતાં જે વૃત્તાન્ત બન્યો તે કહે છે. વહાણમાં રહેલા બીજાઓ સાથે જળમાં ઉપરના ભાગમાં રહેલા એક મહામત્સ્યને દેખીને એમ કહેવા લાગ્યા કે, 'આ મોટો મત્સ્ય છે.' ત્યારે આ સત્યના ભાઈએ એમ કહ્યું કે, 'આ તો એક બેટ છે.' એમ તેમની સાથે વિવાદ થયો. ભાઈએ તે વિવાદ વિષયક હોડમાં 'જો હું હારી જાઉં તો' પોતાના ઘરનું સર્વસ્વ આપી દેવું. સત્ય ભાઈએ મના કરી કે, 'આવી શરત કરવી

યોગ્ય નથી.' તો પણ બલાત્કારથી હઠ કરીને પોતાની વાત પકડી રાખી અને શરતથી પાછો ન વળ્યો. હવેઆ મોટો મત્સ્ય છે કે બેટ છે, તેની પરીક્ષા કરવા માટે વહાણ ચલાવનાર એકપુરુષે તેની પીઠ ઉપર અગ્નિ સળગાવ્યો ત્યાર પછી પીઠ બળવા લાગી, એટલે મત્સ્યે પાણીમાં ડૂબકી મારી. સત્યના ભાઈએ વાત શરત માન્ય ન કરી, એટલે રાજદરબારમાં વિવાદ ચાલ્યો. રાજાએ પૂછયું કે, 'આ વિષયમાં સાક્ષી કોણ છે ?' પ્રતિવાદીએ કહ્યું કે, 'સત્ય નામનો તેનો સગોભાઈ સાક્ષી છે.' રાજાના મનમાં થયું કે, 'ભાઈ સાથે ભાઈ તો ભળી જાય, ભાઈ વિરુદ્ધ સાક્ષી નહિ આપે, આમ તેને સાક્ષી તરીકે લાવવો યુક્ત ન ગણાય' એ કારણથી રાજાએ તેની પરીક્ષા આરંભી. નગરના પ્રધાનભૂત એવા વણિક આગેવાનનો પૂજા સત્કાર કર્યો અને તેને ભલામણ કરી કે - 'સત્યને પૂછો કે, વિવાદમાં શો સાચો પરમાર્થ છે ?' શેઠે સત્ય પાસેથી સાચો પરમાર્થ જાણ્યો, તે વાતરાજાને નિવેદન કરી, તેણે પણ પ્રતિવાદીને સર્વસ્વ સમર્પણ કર્યું. વળી સત્યની પૂજારૂપ સર્વ શ્રેષ્ઠીઓના વર્ગમાં પ્રધાનભાવને પામેલો, જેથી આખા નગરની ચિંતા કરનાર બન્યો અને આખી જિંદગી માટે નગરશેઠની પદવી અને આજવિકા સ્વઈચ્છાનુસાર પ્રાપ્તકરી.લોકો વિચારવા લાગ્યા કે - 'સત્યે ખરેખર ભાઈના સ્નેહની ઉપેક્ષા કરીને સત્ય વ્યવહારનું આલંબન કર્યું.' આમ થયું, એટલે ઉત્પન્ન *થયેલા સંતોષવાળા વણિકે તેમનું સર્વસ્વ ધન છોડી દીધું અર્થાત્ પાછું આપ્યું.* (૫૧૬ થી ૫૨૦) **શ્રાવકપુત્રનું ત્રીજું ઉદાહરણ કહે છે –**

## સદાચારી શ્રાવક પુત્રનું દૃષ્ટાંત

૫૨૧ થી ૫૨૫ - અહિં દક્ષિણ-મથુરા જે કાંચી તરીકે સર્વત્ર પ્રસિદ્ધ હતી. ત્યાં કોઈકદુર્જનોની એક ટોળી એકઠી થઈ હતી. સદાચારવાળો એક શ્રાવકપુત્ર તેમાં જોડાયો હતો. એ પ્રમાણે કાળ પસાર થતો હતો. કોઈક સમયે દક્ષિણ-મથુરામાંથી લોકો બહાર ગયા હતા-વેરાન બન્યું હતું, ત્યારે એક બિચારી ઘરડી ડોસીને ત્યાંથી તેનું સર્વસ્વ હરણ કરવા ગયા. તેમાં શ્રાવકે કશા કાર્યમાં સાથ ન આપ્યો. ડોસીએ જાણ્યું કે, 'દુર્લલિત ગોષ્ઠીએ (ટોળકીએ) મારું સર્વસ્વ હરણ કરવાનું કાર્ય શરૂ કર્યું છે, તે સમયે ડોસી પગમાં પડવાના બાનાથી 'અરે ! મારું ઘર ન લૂંટો'' એમ કહેતી અને પગનો સ્પર્શ કરતી હતી અને દુર્લલિત ટોળીના પુરુષોના પગમાં મોરના તાળવામાં લાગેલા પિત્તના રસવડે કરીને નિશાનીકરી લીધી. તેમાં ડોસીના ઘરના દ્રવ્યની વહેંચણી ચોરો કરતાહતા, તેમાંથી શ્રાવકે ભાગ ગ્રહણ ન કર્યો. તથા તેમની ગોષ્ઠી છોડવાના શ્રાવકના પરિણામ થયા. આમની સોબત સુંદર પરિણામવાળી નથી, માટે તેમનાથી છૂટી જવું સારું છે. પ્રાતઃકાળે ડોસીએ રાજાને ફરિયાદ કરી એટલે રાજાએ તે ટોળકીને બોલાવી લાવવા આજ્ઞા આપી. તેમાં શ્રાવકપુત્ર ન આવ્યો. રાજદરબારમાં આવેલા સર્વેને પૂછયું કે - 'તમે આટલા જ છો કે, બીજા પણહજુ કોઈસાથીદાર છે ?' એટલે તે દુર્લલિતમંડળીએ શ્રાવકપુત્રનું નામ આપ્યું. તેને બોલાવ્યો આવેલો છતાં પણ મયૂરના પિત્તની નિશાની વગરનો તે એકલો હતો. 'તેને નિશાની કેમ નથી ?' તેનું કારણ કહેવું કે ન કહેવું ?' આ પ્રકારે મૌન બાંધી રાખ્યુ અને શ્રાવકપુત્રે રાજાને જવાબ ન આપ્યો. એટલે રાજાએ

પૂછયું કે, 'આ ગોષ્ઠીનો આશ્રય તે ક્યારથી કર્યો છે ?' શ્રાવકપુત્રે કહયું કે, 'આજથી જ' રાજાએ પૂછયું કે, 'ક્યા કારણથી આશ્રય કર્યો ?' શ્રાવકપુત્ર-અજાણપણામાં-બિનસાવધાનીમાં, ત્યાર પછી ચોરી વિષયક પ્રશ્ન કર્યો કે, 'તમે ડોસીને ત્યાં રાત્રે ચોરી કેમ કરી ?' એવા પ્રકારના પ્રશ્નનુ દુર્લલિત-સોનેરી ટોળીવાળા સર્વે ક્ષોભ પામ્યા, શ્રાવક ન ગભરાયો. પરંતુ માત્ર પોતે એકલો અપરાધી ન હોવાથી ક્ષોભ ન પામ્યો. ત્યાર પછીરાજાએ તેની યથાર્થ મનોવૃત્તિ જાણવા માટે ક્ષોભ અને અક્ષોભ દ્વારા તેના પરિણામ-વિશેષનો નિશ્ચય કર્યો વિશેષ પૃચ્છા કરી. તેમાં 'તમારામાં ચોર કોણ છે અને અચોર કોણ છે ?' એમ ફરીથી પૂછયું, ત્યારે સાચી હકીકત નિવેદન કરી. ત્યાર પછી ચોરો હતા, તેને શિક્ષા કરી અને પોતાના વ્યવહારને ઉચિત એવી શ્રાવકપુત્રની સત્કાર-પૂજા કરી. ચોરોને અપરાધ હેતુથી શિક્ષા અને શ્રાવકની ગુણને અંગે પૂજાકરી (૫૨૧ થી ૫૨૫) હવે ચોથું ઉદાહરણ કહે છે –

## સુદર્શન - કથા

અનેક પુરાણી દેવકુલિકાઓ અને સરોવરથી યુક્ત જેનો તલભાગ છે અને આકાશ સ્થલમાં ઉંચે અનેક ધ્વજાઓ ફરકી રહેલીછે, એવી **કૌશાંબી** નામની નગરી હતી. જે નગરની કુલવધૂઓનાં મુખો ચંદ્રમંડલ સમાન આહ્‌લાદક હતાં, વળી તેમને જેટલો આદર પોતાના સૌભાગ્યમાં હતો, તેટલો આદર બાકીના પહેરવાના અલંકારમાં ન હતો. વળી ત્યાંના પુરુષો અતિ ઉત્તમ સત્વના ઉત્કર્ષવાળા તેમજ વિષાદ વગરના હતા. વળી પરાક્રમ સિવાય બીજાને આભૂષણ માનતા ન હતા. ત્યાં રાજદરબારમાં બંધન ન હતું, પણ કાવ્યમાં બંધ હતો. રાજદંડ ન હતો, પણ દંડ માત્ર છત્રમાં હતો, પદ્મના નાળમાં કાંટા હતા, પરંતુ દુર્જનરૂપી કાંટાઓ ત્યાં ન હતા. રાત્રે માત્ર ચક્રવાકોને વિરહ-વ્યથા હતી, પણ બીજા કોઈને વિરહની વ્યથા ન હતી. જે નગરીમાં સંતાપ દૂરકરનાર, ઉંચા, ઘણા ફલવાળા, સર્વ પ્રકારે ફળવાળા હોવાથી નમેલા, રસવાળા, સુંદર સુંદર છાયડાવાળા-સુંદર આકૃતિવાળા એવા વૃક્ષો તેમજ કુળવાન પુરુષો હતા. (વૃક્ષ અને કુલીન પુરુષો બંનેમાં સર્વ વિશેષણો ઘટી શકશે.)

જ્યાં દુર્જન લોકો તરફથી અપાતાં કલંકો કોઈને સ્પર્શ કરતાં ન હતાં, તેવા હંમેશાંસદાચારવાળા લોકો હતા, અથવા ત્યાં દુષ્ટગ્રહોથી થતા ઉપદ્રવો ભાગ્યશાળીઓને થતા ન હતા.

જે દીવાનાં પ્રભાવથી પરિપૂર્ણ સ્થાન હોય, ત્યાં અંધકાર આવી શકતો નથી, તેમ ધર્મગુણની પ્રધાનતાવાળી તે નગરીમાં ક્ષુદ્રલોકોનો સંતાપ પ્રવેશ પામી શકતો ન હતો. ત્યાં પ્રચંડ પુરુષાર્થયુક્ત, નીતિપૂર્વક રાજ્યવ્યવહારકરીને જેણે ક્ષીરસમુદ્ર-જળ સમાન ઉજ્જવલ યશસમૂહ ઉપાર્જન કરેલ છે - એવો **જિતશત્રુ** નામનો રાજા હતો. તેને દેવી સરખી, સુંદર અવયવવાળી હૃદયવલ્લભ, લાવણ્યરૂપી જળના સમુદ્ર જેવી **કમલસેના** નામની રાણી હતી. કામદેવરૂપ સેનાપતિની જાણે સેનાહોય, ઉન્નત તારુણ્ય ગુણથી બાકીના સૌભાગ્યગુણાતિશયનો જેણે અનાદર કરેલ છે. એવી તે રાણીની સાથે પાંચે પ્રકારના વિષયોપભોગ કરવામાં તેઓના દિવસો પસાર થતા હતા અને તેમના મનોરથ સંપૂર્ણ થતા

હતા.તેઓનો વિરહ કોઈ દિવસ થતો ન હતો.

આ બાજુ તે નગરમાં મોટી પ્રતિષ્ઠાવાળો, સમ્યગ્દર્શનાદિ રત્નરૂપ ઋદ્ધિયુક્ત જેમાંથી ગંગાનદીનું નિર્ગમન થાય છે, તેવા હિમાચલ પર્વત સરખો, શીલ અને વૃત્તિઓનું પાલન કરવામાં નિશ્ચલ, જિનેશ્વરે કહેલાં શસ્ત્રોનો અભ્યાસી, શ્રાવકયોગ્ય સુંદરવર્તનવાળો, શ્રાવકધર્મનું પાલન કરતો શેઠપુત્ર સુદર્શન હતો. કમલસેના રાણીને સુગંધી પદાર્થો અને તેવી બીજી સામગ્રી ખરીદ કરવા માટે તેની સાથે મોટા વ્યવહાર પ્રવર્ત્યો. આ શેઠ વ્યવહારનો ઉચિત અનેક પરોપકારનાં કાર્યો કરતા હતા, વળી ગૃહસ્થોચિત ઘણા ઘરોમાં તેનો લેવડ-દેવનો વ્યવહાર ચાલતો હતો. વળી તેની પ્રામાણિકતા, અતિસ્વચ્છતા ગુણથી પ્રભાવિત થયેલ રાણીનો સેવકવર્ગ તે શેઠ વિષે આદરપાત્ર બન્યો. હવે કોઈક સમયે દેવીએ જાતે તેને દેખ્યો, એટલે રાગપરવશ બનેલી તે ચિંતવવા લાગી કે, ખરેખર તે યુવતીઓને ધન્ય છે કે, 'જેઓ આ પુરુષના દર્શનરૂપી અમૃતથી સિંચાય છે અને હર્ષથી જેના દેહો રોમાંચ-પુલિકત થયા છે, વળી તેઓ અધિકતર ધન્ય છે કે, જેઓ કમલપત્રાક્ષ સરખા નેત્રોવાળીસુંદરીઓ તેની સાથે સ્નેહપૂર્વક સંભાષણ કરનારી હોય છે. તેના કરતાં પણ અધિકતર ધન્ય તો તે સુંદરીઓ જ છે કે, જેઓ શરદકાળના ચંદ્રના કિરણ સરખી ઉજ્જવળ રાત્રિઓમાં સર્વાંગના આલિંગન સાથે ક્રીડાઓ કરે છે. જ્યારે હું કેટલી નિર્ભાગી અને નિકૃષ્ટ છું કે, પોતાના રૂપથી કામદેવને જિતનાર એવા તેનું કોઈ દિવસ દર્શનમાત્ર પણ ન થયું. ત્યાર પછી તે ઠંડા જળથી સિંચેલા, ચંદ્ર સરખા આહ્લાદક એવા પોતાના શયનમાં પણ શાંતિ ન પામી. કારણ કે, તેના હૃદયમાં કામાગ્નિ સળગ્યો હતો. એક બાજુ હિમાલયના શિખર સમાન કુલની મર્યાદા અલંઘનીય છે, જ્યારે બીજી બાજુ પ્રલયકાળના અગ્નિસરખો મદનાગ્નિ મને બાળી રહેલો છે, તો ખરેખર લોકોમાં અનાથની જે દશા થાય,તેવી મારી અવસ્થા ઉત્પન્ન થઇ છે 'જેમ એક બાજુ ભયંકર નહોરવાળો વાઘ-સિંહ હોય અને બીજી બાજુ બંને કાંઠે ઉભરાતી જળપૂર્ણ નદી હોય.' તો હવે હું શું કરું ? જેથી મારા મનોરથ પૂરા થાય-એમ ચિંતવતી અતિપ્રૌઢરાગાધીન બનેલી રાણીએ તેની પાસે એક દાસીને મોકલી. દાસીએ જઇને સંદેશો જણાવ્યો કે, 'સૌભાગ્યવંતીના સમૂહમાં ચૂડામણિ સમાન મારી દેવીએ આપને કહેવરાવ્યું છે કે, 'આપનાં દર્શન થયાં, તે દિવસથી આપના વિષે ગાઢ પ્રીતિ ઉત્પન્ન થઈ છે.' અતિ દૃઢ શીલ-કવચયુક્ત તેણે તેનો અભિપ્રાય જાણી લીધો અને કહ્યું કે, 'જો સાચો સ્નેહ થયો હોય તો, જિનેશ્વરે પ્રરૂપેલો ધર્મ કરે, એ રીતે સ્નેહની સફલતા કરે. જે વળી કામસ્નેહ છે,તે તો પોતાને અને બીજાને નરકે લઈ જનાર છે. જેઓ અંધની જેમ રાગાંધો થાય છે, તેઓ અતિ ઊંડા સંકટરૂપ કૂવામાં પડે છે અને કુકર્મના ભારથી ભારી થયેલા જીવો અમૂલ્ય મનુષ્ય જન્મ હારી જાય છે. તથા સારા કુળની છાયાનો ભ્રંશ થાય છે, પંડિતાઈનો નાશ છે વળી અનિષ્ઠ માર્ગાધીન બની ઇન્દ્રિયાધીન થાય છે, તેઓ રમણુખમાં-યુદ્ધમાં પ્રવેશ પામવા સરખા અનેક દુઃખોનો અનુભવ કરનારા થાય છે. જ્વાલાકુલથી ભડભડતા અગ્નિમાં પ્રવેશ કરવો સારો છે, પરંતુ અપવિત્રચિત્ત કરીને શીલનો વિનાશ કરવો તે ઠીક નથી. કલ્પવૃક્ષ, ચિંતામણિ કે કામધેનુ તેટલાં ફલ આપતા નથી કે, જે પ્રમાણે આત્માને શુદ્ધ ચારિત્ર અને ઉત્તમ શીલ આપે છે. કયો ડાહ્યો પુરુષ પવિત્રતા

માત્રથી પ્રાપ્તકરી શકાય એવા આત્માના પોતાના ગુણો વિષે અવગુણ-સંભાવનારૂપ મેશનો કૂચડો ફેરવે.' એ પ્રકારે નિપુણ ધર્મવચનો વડે ઘણી ઘણી સમજાવી, પરંતુ તેના રાગ-વિષયનો વિકાર એવો મોટો હતો કે, તે ન ઉતર્યો.

હવે કોઈક પર્વદિવસે પર્વતિથિની રાત્રિએ ચૌટાના માર્ગમાં તે મહાત્મા પૌષધોપવાસ સહિત કાઉસ્સગ્ગ-પ્રતિમા ધારણ કરી ઉભા રહેલા હતા. ત્યારે ચક્રવાલ નામની દાસીએ દેવીને સમાચાર આપ્યા. દેવીએ જાણ્યું, એટલે બીજાને અતિદુસ્સહ એવો તેને અનુકૂળ ઉપસર્ગ કર્યો. જ્યારે તે કોઈ પ્રકારે દેવીને અનુકૂળ ન થયો, ક્ષોભ ન પામ્યો. પોતાના નિયમથી ચલાયમાન ન થયો, એટલે દેવી રોષપામી અને કહેવા લાગી કે - 'અરે ! તું મારી પ્રાર્થનાને ગણકારતો જ નથી, તો હે ભગ્નભાગ્યવાળા ! તેનું પરિણામ પણ હવે દેખ કે, તારી શી વલે થાય છે ?'

દેવીને વ્યંતરદેવની પ્રતિમાનું પૂજન કરવું છે - એ બાનાથી ચક્રવાલ દાસી દ્વારા રાત્રે જ છૂપાવીને તે દેવીએ તેને પોતાના મહેલમાં અણાવ્યો. પાકટ વય અને પરિણત બુદ્ધિવાળો, ક્ષીરસમુદ્રની ગંભીરતા સરખો તે અનૂકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગો વડે ક્ષોભ ન પામ્યો. ત્યાર પછી અનેક અંગોના વિકારો બતાવ્યા,પોતાના નખોથી પોતાના શરીરે જાતે જ વલુરા-ઉજરડા કર્યા અને બૂમરાણ મચાવી કે, 'આ શેઠપુત્રે મારી લાજ લૂંટી, તેના મનોરથ પૂર્ણ ન થયા, હું તેની ઇચ્છાને આધીન ન બની, તો તેણે મારી આ દશા કરી. આ વિષયમાં મૂઢમનવાળી મારે હવે શું કરવું ? તેની સમજ પડતી નથી.' રાણીએ કપટથી રાજાનેપણ આ વૃત્તાન્ત જણાવ્યો, સુદર્શનને સેવકો પાસે પકડાવીને અતિ ઉંડાણવાળા કેદખાનામાં પૂરાવ્યો.

પૂર્વોપાર્જિત શરદચંદ્ર-સમાન ઉજ્જવલ સુંદર ચારિત્રગુણની પ્રધાનતાયુક્ત કીર્તિથી અતિશય પ્રભાવિત થયેલા માનસવાળા રાજા ચિંતવવા લાગ્યો કે - 'નક્કી આ મહાભાગ્યશાળી આવું અકાર્ય ન આચરે, આનું સુંદર રૂપ દેવીને દેખીએ જ આ સ્ત્રીચરિત્રનું નાટક કરેલું જણાય છે. જે માટે કહેલું છે કે - "બુદ્ધિશાળી પુરુષો ગંગામાં રહેલી રેતીનું સમુદ્ર -જળનું અને હિમવાન પર્વતની ઉંચાઈનું પ્રમાણ જાણી શકે છે, પરંતુ સ્ત્રીનું હૃદય જાણી શકતા નથી." દેવીના પરિવાર પાસેથી આ વિચિત્ર વૃત્તાન્ત જાણીને રાજા વિચારે છેકે, 'આ વિષયમાં કોપકરવો યોગ્ય નથી. જે માટેકહેલું છે કે 'હે રાજેન્દ્ર ! તૈયાર પકવાન્ન કે પાકેલા ફળની જેમ આ સ્ત્રીઓ સર્વને સામાન્ય છે, માટે તેઓના ઉપર કોપ ન કરવો કેરાગ નકરવો અને વિલાસ ન કરવો.' પછી તેને છોડી મૂકયા, તેના ગુણથી રંજિત થઈને તેની સર્વ પ્રકારે પૂજા કરી. એટલામા પ્રચંડ ઝેરવાળા સર્પે દેવીને ડંખ માર્યો, એટલે તરત તે અતીવ પીડાથી પરવશ બની ગઈ. કરુણાસમુદ્ર સુદર્શને દેવીનું ઝેર ઉતારવા માટે વિવિધ પ્રકારના મંત્રો અને તંત્રોની વિધિ કરી, તેવા તેવા ઝેર ઉતારવાના પ્રયોગો કર્યા, જેથી તે દેવી સર્વથા નિર્વિષ પ્રભાવિત થયો. રાજાને પ્રાર્થના કરી દેવીને અભય અપાવ્યું (૫૦) અતિ સુંદર પરિણામવાળા તેણે યોગ્ય અવસર દેખીને સ્વર્ગ અને મોક્ષસુખ આપનાર શ્રાવકને યોગ્ય ધર્મ સમજાવ્યો. તે આ પ્રમાણે : -

"પ્રથમ તો પોતાના દ્રવ્યનો વ્યય કરીને જિનભવનું નિર્માણ કરવું જોઇએ. કારણ કે,

દરેક શુભ ક્રિયાઓની શરૂઆત જિનભવનથી થાય છે.તેમાં જિનબિંબોની પ્રતિષ્ઠાઓ,ઉત્તમ ગીતાર્થ સાધુભગવંતો પાસેથી જિનધર્મની દેશનાઓનું શ્રવણ કલ્યાણ આદિ અષ્ટાન્હિકા મહોત્સવનો અને નિત્યપૂજાનાં ધર્માનુષ્ઠાનો ત્યાંથી પ્રવર્તે છે. સંસાર-સમુદ્રમાં ડૂબેલાઓ માટે જિનભવન તારનારું નાવ છે, જિનભવન વગર દર્શનની શુદ્ધિ સંભવતીનથી. ઉંચાં શિખરોથી યુક્ત, મનોહર આકાશને આચ્છાદિત કરતું દેવવિમાન સમાન, લક્ષ્મીના ઘર સરખું જિનાયતન રાજાએ બંધાવરાવ્યું. તેઓને અને બીજાઓને પાપથી વિરમણ-પ્રાણાતિપાદાદિકની વિરતિની ત્યાં પ્રાપ્તિ થઈ. (૫૬) **હવે સંગ્રહગાથા અક્ષરાર્થ કહે છે –**

કૌશાંબી નગરીમાં જિનવચનની શ્રદ્ધાવાળો, શ્રાવકધર્મ પાલન કરનાર સુદર્શન નામનો એક શ્રેષ્ઠિપુત્ર હતો. ત્યાં જિતશત્રુ રાજાની કમલસેના નામની રાણીને કરિયાણા આદિના લેવડ-દેવડ વ્યવહારમાં કોઈ પ્રકારે તેનું દર્શન થયું.રાણીને કોઈ પ્રકારે સુદર્શનને દેખીને તેના ઉપર કામરાગ પ્રગટ થયો. પ્રલયકાળના અગ્નિ સરખા કામદાહને સહન ન કરી શકવાથી દાસીને મોકલાવી કહેવારવ્યું કે, 'દેવીને તમારા ઉપર પ્રીતિ પ્રગટી છે.' સુદર્શને કહેવરાવ્યું કે, 'જો દેવીને સાચે જ પ્રીતિ થઈ હોય, તો જિનપ્રણીત ધર્માચરણ કરે. તથા પરપુરુષના ત્યાગ-સ્વરૂપ નિર્મલ અંતઃકરણની શુદ્ધિ સહિત શીલવ્રત અંગીકારકરે. આ પ્રમાણે ધર્મ કરવામાં મારા ચિત્તને પ્રભાવિત કરવામાં મારા વિષેની પ્રીતિ સફલ થઇ. આ કામરાગની શાંતિ થશે, તો ધર્મ કરવો શક્ય બનશે, માટે મારી માગણીપ્રથમ પૂર્ણ કરો.' ત્યારે સુદર્શને 'પારકી સ્ત્રી સેવન કરનાર બંનેને નરકનું કારણ થાય છે.' આ પ્રમાણે ધર્મદેશનાથી પ્રતિષેધાયેલી એવી તેણે એક પર્વદિવસની રાત્રિએ સુદર્શન શ્રાવક કાઉસગ્ગ-ધ્યાન રહેલા હતા,ત્યારે પોતે આવીને ઉપસર્ગ કરવા લાગી અને તેના વ્રતનો ભંગ કરવાનું શરૂ કર્યુ. વ્રતથી ચલાયમાન ન થયો એટલે રાણી તેના પર અતિદ્વેષ પામી. ત્યાર પછી રાણીએ કપટ-નાટક કરી રાજાને જણાવ્યું કે, 'આણે મારા ઘરમાં પ્રવેશ કરીને મને પરાભવ પમાડી, મારી મર્યાદા લૂંટવાની અભિળાષા કરી છે.' એટલે રાજાએ તેને પકડાવ્યો. સહી હકીકત જાણ્યા પછી તેને મુક્ત કર્યો. એવી રીતે પ્રતિકૂલ કદર્થના અને પ્રાર્થના કરનારી રાજપત્નીથી તે ધીર શ્રાવક ક્ષોભ ન પામ્યો. જ્યાં તેને છોડ્યો એટલામાં તરત જ કમલસેના રાણીને સર્પે ડંખ માર્યો. સુદર્શને મંત્ર-તંત્રના પ્રયોગપૂર્વક મૃત્યુથી બચાવી જીવિત-દાન કર્યું. દેશના આપી એટલેરાજાએ જિનચૈત્ય કરાવ્યું અને બીજાઓએ પાપની વિરતિ અંગીકાર કરી શ્રાવકધર્મ સ્વીકાર્યો.(૫૨૬ થી ૫૩૦)

## શીલધારી સુદર્શન શેઠની કથા

બીજાં શાસ્ત્રોમાં શીલ-પાલન વ્રતવિષયમાં ચંપા નગરીમાં સુદર્શન થયો છે, તેને પણ અહિં પ્રસંગોપાત્ત કહીએ છીએ શ્રીવાસુપૂજ્ય સ્વામીના પદયુગલથી પવિત્ર અને તેમનાં ચૈત્યથી શોભાયમાન ચંપા નામની નગરીમાં ઈન્દ્ર સમાન ઋદ્ધિસંપન્ન ચંદના સાધ્વીના પિતા તરીકે પ્રસિદ્ધિ પામેલા દધિવાહન નામના રાજાહતા. ચંદનના આર્યો કેવાં ? તો કે વીર ભગવંતના પ્રથમશિષ્યા, ગુરુવર્ગની આજ્ઞા મસ્તકે ચડાવનાર, પોતાના શીલના પ્રભાવથી ઈન્દ્ર

દ્વારા મુખ અને હૃદયથી અભિનંદિત કરાયેલાં છત્રીશ હજાર સાધ્વીઓના પરિવારવાળાં, ઉત્પન્ન કરેલા કેવલજ્ઞાન અતિશયવાળાં, મુક્તિગતિને પામેલા છે. બાલ્યકાળમાં પણ પુણ્યયોગે રાજ્ય પ્રાપ્તકરનાર, અખંડિત ભુજદંડને ધારણ કરનાર કરકંડુના પણ દધિવાહન પિતા હતા. તેને શરદચંદ્ર-સમાન મુખવાળી નીલકમલપત્ર સમાન નેત્રવાળી સર્વ અંત:પુરમાં પ્રધાનભૂત ગુણવાળી અભયા નામની પ્રિયા હતી. અભયાએ ચિંતવેલાં કાર્યને પાર પમાડનારી દરેકકાર્યમાં ચુતરાઈવાળી પંડિતા નામની ધાવમાતા હતી.

ત્યાં આગેવાન મહાજન પુરુષોમાં સુપ્રતિષ્ઠિત ક્ષીરસમુદ્ર સમાન ઉજ્જવલ લક્ષ્મીવાળા, જેણે ઉત્તમ ગુરુપાસેથી શાસ્ત્રના પરમાર્થ પ્રાપ્ત કરેલા, પોતાની અવસ્થાને ઉચિત ધર્મકાર્યમાં દિવસો પસારકરતા ઋષભદાસ નામના એક શ્રેષ્ઠી હતા. તે શ્રેષ્ઠીને પવિત્ર કાર્ય કરનાર, લજ્જા-મર્યાદાના આશ્રયભૂત, સર્વાંગે મનોહર એવી અર્હદાસી નામની ભાર્યા હતી. તેમના ઘરે ભેંશોની રક્ષા કરનાર અને તેને લાયકના કાર્યોમાં સમર્થ ભદ્રક સ્વભાવવાળો સુભગ નામનો સેવક હતો.કોઈક દિવસે વિકાલ સંધ્યાસમયે શિયાળાની સખત ઠંડીમાં નદીના કિનારે ભેંશો લઈને જતો હતો, ત્યારે કોઈ ચારણસાધુ આકાશભાગમાંથી નીચે ઉતરી બે હાથ લાંબા કરી કાઉસ્ગ્ગમાં તદ્દન ઉઘાડા શરીરવાળા રહેલાહતા, તેમને જોયા, તેમના ગુણમાં લાગેલા બહુમાન વાળા, ગુણોનું સ્મરણ કરતાં કોઈ પ્રકારે તેણે રાત્રિ પસાર કરી અરુણોદય થયો અને જેટલામાં તે ત્યાં જાય છે, તેટલામાં સૂર્યોદય થવાનો સમય થયો. અંધકાર ભેદાઈ ગયો, એટલે ભુજાયુગલ ઉંચાકરી 'नमो अरिहंताणं' એમ બોલીને તે જ ક્ષણે તે સાધુ ગગનતલમાં ઉડી ગયા આકાશમાં ઉડતા મુનિવરને તેણેદેખ્યા,તે નમુક્કાર પણ સાંભળ્યો, તો તે નમુક્કારમાં ઉત્પન્ન થયેલી શ્રદ્ધાવાળો રાત્રિ-દિવસ તે જ ભણ્યા કરતો હતો. હવે શ્રેષ્ટીએ કોઈક વખત આ પ્રમાણે એકપદ બોલતા તેને દેખીને પ્રતિષેધ કર્યો કે, 'આ પ્રમાણે બોલવામાં નક્કી દોષલાગે છે.' ત્યારે તે સુભગે શેઠને કહ્યું કે, 'હું ક્ષણવારપણ પદ બોલ્યા વગર રહી શકતો નથી.' આમ કહ્યું એટલે શેઠ વિચારવા લાગ્યા કે, 'આ જીવ કોઈ નજીકનો મોક્ષગામી જણાય છે. કારણ કે,તે પદમાં તેની કેટલી ભક્તિ છે, તો હવે એને સમગ્ર નવકાર આપવો જોઈએ. જેને જિનપ્રતિમા સમક્ષ સારા મુહૂર્તે આખો સંપૂર્ણ નમસ્કાર આપ્યો અને શેઠે કહ્યુ કે, 'હે સૌમ્ય ! શુદ્ધપણે હંમેશાં આ નમસ્કાર મનમાં ચિંતવવો જોઈએ.

કોઈક સમયે વર્ષાકાળ પ્રવર્તતો હતો, ત્યારે ભેંશોને લઈને નદી પાસે પહોંચ્યો અને તેને ચરાવવા લાગ્યો. વળી સામા કિનારે ગયો અને ત્યાં બીજાની ક્ષેત્રભૂમિમા ચરાવવા લાગ્યો. વરસાદ ખૂબ વરસ્યો, જેથી નદી ઉભરાઈ ગઈ. કદાચ ઘરે નહિંપહોંચ્યા તો શેઠ ઠપકો આપશે, તે ભયથી ભેંશોના રક્ષણ માટે તેણે નદીમાંકૂદકો માર્યો, જેથી ઉદરમાં ખીલો ભોંકાયો. (૨૫)

જે નવકારનું સ્મરણ કરવાથી આ લોકમાં આરોગ્ય, અર્થ-કામની ઇચ્છા પ્રમાણે સિદ્ધિ, સ્વર્ગ અને ઉત્તમકુળમાં પરલોકમાં જન્મ થાય છે. ભાવથી તે નવકારનું સ્મરણ કરવામાં આવે, તો આવા ગુણો પ્રાપ્ત થાય છે. આ પ્રમાણેનિરંતર પંચનમસ્કારનું અતીત સ્મરણ કરતો

કરતો મરણ પામ્યો. મૃત્યુ પામ્યા પછી તે જ શેઠની ભાર્યાના ગર્ભમાં સમુદ્રમાં મોતીની છીપમાં જેમ મોતી, તેમ ઉત્પન્ન થયો, ગર્ભના પ્રભાવથી માતાનું અંગ કંઈક નિર્મલતા-નિર્દોષતાવાળું થયું, વદન-કમલ ઉજ્જવલ થયું, મંદગતિવાળી ચાલ સ્વભાવથી હતી,તે હવે ગર્ભના ભારથી દૃઢગતિ થઈ, તેનું સ્તનયુગલ નીલમુખવાળું, ચંદ્રમંડલની સમાન વર્તુલાકારયુક્ત સફેદ કાંતિવાળું, કમલયુગલ માફકભમરાઓથી સેવાતા શુભ દેશવાળું, અત્યંત શોભાને પ્રાપ્ત થયેલ સૌભાગ્યવાળું હતું. સખીઓ સરખી બે જંઘાઓ અતિશય રૂપવાળી થઈ, મિત્રસમાન આલસ્ય તેની પાસેથી ખસતું ન હતું. ઉદરવૃદ્ધિ સાથે લજ્જા પણ વૃદ્ધિ પામી, અને ઉદ્યમત્યાંથી દૂર ખસીગય,ો પેટની વલી-કરચલીઓ સાથે નયનયુગલ ઉજ્જવલ બન્યું. અતિપ્રૌઢ ગર્ભાનુભાવથી કમલવદનવાળી તેને ત્રણ મહિના પૂરા થયા પછી આવા પ્રકારનો દોહલો ઉત્પન્ન થયોકે - 'જિનગૃહોમાં પૂજા કરાવવી, જીવોને વિષે ઘણી દયા કરાવવી, સર્વ લોકો સુખી થાઓ' એવા પ્રકારની મતિ તેને થઈ. તેવા પ્રકારના મનોરથો પૂર્ણ ન થવાના કારણે નિસ્તેજ મુખવાળી ફિક્કા પડી ગયેલા શરીરવાળી, દૂધ સરખા સફેદ કપોલતલવાળી, ઉંડા-વિસ્તારનેત્રવાળી તે જલ્દી થઈ ગઈ તેને તેવા પ્રકારના દુર્બલ અંગવાળી દેખીને શેઠે આગ્રહથી પૂછયું, ત્યારે કહ્યુ કે, 'મારા મનમાં આવા મનોરથ થયેલા છે અને તે પૂર્ણ ન થવાના કારણે મારી અવસ્થા થઈ છે.' તે સમયે કૃપણતાનો ત્યાગકરીને ઘણો વૈભવ ખરચીને હર્ષ પામેલા તે શેઠે તેના સર્વ મનોરથો સારી રીતે પૂર્ણ કર્યા. એકાંતમાં સુખ આપનાર શય્યામાં આરામ કરતી હતી અને ત્યાં જ ભોજન કરતીહતી. આ પ્રમાણે મહાસમાધિ-પૂર્વક ગર્ભ વહન કરતાં નવ મહિનાથી કંઈક અધિક સમય પસાર થયા પછી શુભયોગવાળા લગ્ન-સમયે પૂર્ણાતિથિમાં શુક્લપક્ષમાં સારા નક્ષત્રમાં, ગ્રહો જ્યારે ઉચ્ચ સ્થાનકમાં હતા, દિશામંડલો નિર્મલ હતાં, ત્યારે પૂર્વદિશા જેમ સૂર્યને તેમ તેણે જલ્દી પુત્રને જન્મ આપ્યો. વધામણીઓકરવામાં આવી. વાજિંત્રોના શબ્દોથી દિશાચક્રો પૂરાઈ ગયા. સમગ્ર નગરલોકનાં નેત્રોને અને મનને આનંદ આપનાર તેનું બહુમાન કર્યું. બાર દિવસો વીત્યા પછી શુચિકર્મ કર્યા બાદ બંધુવર્ગાદિકનો ભોજનાદિ સત્કાર કર્યા પછી માતા-પિતાએ આ પ્રમાણેતેના નામની સ્થાપના કરી. 'જ્યારે આ પુત્ર ગર્ભમાં આવ્યો ત્યારે માતા દર્શન-શુદ્ધિમાં તત્પર બની, તેથી પવિત્ર ગુણવાળો આ સુદર્શન' નામવાળો થાઓ.' નિરોગી, શોક વગરનો વિયોગ વગરનો તે બાળક શુકલપક્ષમાં ચંદ્રમંડળની કળા માફકઅનુક્રમે વૃદ્ધિ પામવા લાગ્યો યોગ્યવયનો થયો, ત્યારે તેને સર્વ કળાઓનો અભ્યાસ કરાવ્યો.ગુણજ્ઞ લોકોને સંતોષ પમાડતો, તે મનોહર તરુણવય પામ્યો. તેને વ્યસન દાનનું હતું, તે મુનિઓને પ્રણામ કરતો હતો, સુગુરુઓ વિષે વિનય કરતોહતો,તેને શીલમાં રતિ હતી અને સ્વપ્નમાં પણ અકાર્ય કરવાની બુદ્ધિ તેનામાં ન હતી. પિતાજીએ ઉત્તમ કુળમાં જન્મેલી ગુણસમૂહવાળી સમગ્ર કન્યાઓમાં શ્રેષ્ઠ એવી મનોરમા નામની કન્યા સાથે તેનાં લગ્ન કર્યા. મતિના વૈભવ વડેકરીને બૃહસ્પતિને જિતનાર, જેમની જેમની ગુણગૌરવની ગાથાઓ સ્થાને સ્થાનેગવાઈ રહેલી છે, એવા તે દિવસોપસાર કરતોહતો.

આ બાજુ દધિવાહન રાજાને કપિલ નામનો પુરોહિત હતો,તેને કપિલા નામની ભાર્યા

હતી, એક વખત તે પુરોહિત કપિલા પત્ની સામે સુદર્શન શેઠ પ્રત્યે બહુમાન ધરાવતો તેના ગુણોની પ્રશંસા કરવા લાગ્યો (૫૦) કે,'અત્યારે અહિં તેની સમાન ગુણોવાળો કોઈ નથી. આ લોકમાં બીજાને પ્રતીતિ કરાવનાર એવા બે જ પુરુષો છે. 'સ્ત્રીઓ બીજાથી જે ઇચ્છાયો હોય,તેની ઇચ્છા કરનારી હોય છે અને લોક જે પૂજિત હોય, તેની પૂજા કરનારા છે.' પતિના આ વચનને યાદકરતી તે એકદમ ખૂબ કામ પરવશ બની. તેનો સમાગમ કરવા માટે ઘણા ઉપાય શોધવાલાગી. હવે કોઈક વખત પોતાની દાસીને શીખવીને મોકલી કે, તારે સુદર્શન શેઠને ત્યાં જઈને કહેવું કે, 'પુરોહિત બિમાર પડેલા છે,શરીર અવસ્થ-દુર્બલ થઈ ગયું છે અને તમારાં દર્શનની ઇચ્છા કરે છે.' એટલે અતિસરળ સ્વભાવવાળો પોતાના ચરિત્ર સમાન બીજાને સરળતાથી દેખતો, તેમાં આડોઅવળો કોઈ તર્ક કર્યા સિવાય તે વાતને સત્ય માનતો હતો. 'ઘણાભાગે સર્વથા સર્વ લોકોપોતાના અનુમાનથી પારકાના આશયની કલ્પના કરે છે. અધમોને કોઈ ઉત્તમ નથી અને મહાનોને કોઈ અમહાનુભાવ નથી.'

પરિમિત પરિવારવાળા તેણે પુરોહિતના ઘરે જઈને પુરોહિતને ન દેખવાથી પુછયું કે, 'પુરોહિત ક્યાંગયા ?' ત્યારે મનોભાવ પ્રગટ કરીને કપિલા કહેવા લાગી કે, 'ભટ્ટજી તો રાજાના ઘરે ગયા છે. હું તમારા ઉપર પરોક્ષપણે ઘણા દિવસથી રાગ વહન કરી રહેલી છું.હવે તો તમારા વિયોગનું દુઃખ ક્ષણવાર પણ સહન કરી શકું તેમ નથી,તો મારામનોવાંછિત પૂર્ણ કરો.' ત્યારે 'કસાઈખાનામાં ગયેલા બોકડાની માફક હું ભયવિહવલ બન્યો. મારી દેવપરિણતિને ધિક્કાર થાઓ, આ દુર્ઘટના કેમ ઉભી થઈ ? સમગ્ર સમીહિત પ્રાપ્ત કરાવનાર લાંબા કાળથી પાળેલા મારા શીલવ્રતનો નક્કી આનાથી ભંગ થશે. મેં વગર વિચારેલું પગલું-ભર્યું. બીજું નિષ્કલંક ચરિત્રવાળા મને વગર અપરાધે આ મહાઈર્ષ્યાથી ભરેલી કલંકિત કરશે. તો હવે નિપુણબુદ્ધિના યોગથી કોઈ પણ પ્રકારે આ સંકટ -ઝળથી પાર પામવું'-એમ કહીને તેણે જવાબ આપ્યો કે - 'હે ભદ્રે ! હું પુરુષ-નપુંસક છું. આ પ્રમાણે નગરમાં ફરુ છું. તો હું શું કરું ? તારે આ વિષયમાં સ્નેહ ભંગ ન ગણવો.' એમ કહી જલ્દી ત્યાંથી પોતાને કૃતાર્થ માનતો બહાર નીકળીગયો 'મારા શીલનો નાશ ન થયો અને હું નિષ્કલંક બહાર નીકળી ગયો.' અહિં જેણે લોકોને હર્ષ કર્યો છે, એવા ચતુર પુરુષ વાસ કરતાં જ માણસને ઓળખી શકે છે, ત્યારે ગુણોરહિત પુરુષો મહિનાઓ થાય, તોપણ તેઓ લોકોને હર્ષ ઉત્પન્ન થાય તેવા ગુણોથી રહિત હોઈ માણસને ઓળખી શકતા નથી.

## વસંત-વર્ણન

લોકોના મનમાં કામનો ઉન્માદ કરાવનાર એવા કોઈક સમયે વસંત-સમય આવી પહોંચ્યો. તે કેવો હતો ? જાતિપુષ્પ વગેરે વિવિધ પ્રકારનાં નવપુષ્પોનો પરિમલ જેમાં ફેલાઈ રહેલો છે,જેમાં મધુર શબ્દ બોલનાર કોયલનાં કુલોથી બગીચાનો પ્રદેશ મનોહર બનેલો છે. ભોગી લોકોએ જેમાં ઉદારતાથી ધનનો વ્યય કરેલો છે. જેમાં મધુર ગુંજારવ શબ્દ કરતા ભ્રમરો વડે પીવાતા મકરંદયુક્ત કમળથી સરોવરો શોભાયમાન છે, જેમાં ઘણાં નવીન પાંદડાઓની પંક્તિ એકઠી થયેલી હોવાથી વૃક્ષસમૂહ શોભાયમાન બનેલા છે, સુગંધી પુષ્પો

યુક્ત હોવાથી ઠેકાણે ઠેકાણે લોકો બોલતા હતા કે, આ સુગંધ માલતીની છે, આ કેવડાની, આ મોગરાની, આ ગુલાબની, આ ચંપાની સુગંધ છે, એ પ્રમાણે જેમાં નામો નિરૂપણ કરવામાં આવતાં હતાં, વળી જેમાં. ચંદનવૃક્ષોની શાખાઓ-ડાળીઓ પવનથી આંદોલિત થતી હતી, તે કારણે તેનો સંપૂર્ણપરિમલ મલયાચલથી નીકળી પૃથ્વીતલને શાન્ત કરતો હતો. ઉદ્યાનપાલકોએ દધિવાહન રાજાને પ્રાર્થના કરી કે, 'હે સ્વામી ! વસંતરાજ પૃથ્વીતલમાં ઉતર્યા છે. ઉત્પન્ન થયેલા કૂતૂહલવાળા રાજા અતિવિશાળ સમૃદ્ધિ સહિત, અનેક શ્રેષ્ઠી પ્રમુખ નગર લોકોને સાથે લઈ નગરમાંથી નીકળ્યો. દેવી અભયા, પુરોહિતપત્ની કપિલા તથા ત્રીજી સુદર્શનશેઠની પત્ની મનોરમા શિબિકામાં બેસીને જતી હતી.

તે સમયે જેણે પોતાના દેહની કાંતિથી દિશામુખો પ્રકાશિત કરેલાં છે - એવી ચંદ્રકળા માફક શોભતી ચારે બાજુ પુત્રોથી પરિવરેલી, પોતાના વૈભવાનુસાર વસ્ત્રભૂષા કરેલીમનોરમાને અભયા રાણીએ દેખી અને 'કપિલાને પૂછયું કે, 'કયા પુણ્યશાળીની આ પત્નીછે ?' તે ક્ષણે કપિલા હાસ્યકરતી બોલી કે - 'અહો ! આશ્ચર્યની વાત છે કે આ મનોરમાનો પતિનપુંસક હોવા છતાં વગર દોષે આટલા પુત્રોને જન્મ આપ્યો.' અભયાએ પૂછયુ કે, 'તેનો પતિ નપુંસક છે, તે કેવીરીતે જાણ્યું ?' પૂર્વનો બનેલો વૃત્તાન્તપ્રગટ કરીને કપિલાએ સર્વ કહી જણાવ્યું. 'કામશાસ્ત્રમાં કહેલા પ્રપંચથી એકાંત વિમુખ તારી સરખી પરસ્ત્રી માટે તે નપુંસક છે, પરંતુ જિનશાસમાં અનુરાગી એવી પત્ની શ્રાવિકા મનોરમા વિષે નપુસંક નથી. તો તેં એમ કેમ કહ્યું કે આ ઘણી ચતુર છે કે, જેણે આટલા પુત્ર-ભાંડરડાઓને જન્મ આપ્યો અને નિષ્કલંક રહી લોકોના અપવાદનું રક્ષણકર્યું. પોતાનો સુંદર ચરિત્રવાળો સુદર્શન પતિ મનોરમાનો છે.' સાચી હકીકત જાણવામાં આવી, એટલે કપિલા વિચારવાલાગીકે, ખરેખર તે ધૂર્તજનથી હું ઠગાઈ છું' કાર્ય વીતી ગયા પછી હવે તેને ઠગવાનો મારો કોઈ ઉપાય નથી, એટલે અભયા રાણીને ઉત્તેજિત કરવા કહ્યુ કે - 'જો મારા માટે તે નપુંસક નીવડ્યો,તો હવે હું પણ જોઉં છુ કે, તું તેને પુરુષ બનાવવામાં કેટલી અતિકુશલ નીવડે છે ?' ત્યારે અભયા રાણીએ કહ્યુંકે, 'જો હું તેને રમાડવા સફળ ન થાઉં, તો નક્કી જાવજીવ અતિનીચ ચરિત્રવાળા આ સ્ત્રીપણાનો ત્યાગ કરવો-અર્થાત્ મારે અગ્નિનું શરણુ લેવું-બળી મરવું' આ પ્રતિજ્ઞા કરીએ સમય થયો એટલે નગરમાં પ્રવેશ કર્યો.

ત્યાર પછી પંડિતા નામની ધાવમાતાને કહ્યું કે - 'સુદર્શન સાથે રતિ-સમાગમ થાય,તેમ જલ્દી પ્રયત્ન કર. એ કાર્ય નહિં થશે, તો મારું જીવન નથી.' ત્યારે પંડિતાએ કહ્યું કે, 'આ તારો વિચાર સુંદર નથી. તે તો પરસ્ત્રીઓ માટે એકાંત સહોદરપણું જ વહન કરે છે - અર્થાત્ પોતાની પત્ની સિવાય દરેક સ્ત્રીઓને સગી બહેન સમાન જ ગણનારો છે. તો પછી તારા સરખી રાજપત્ની માટે તો બીજું કેમ હોઈ શકે ?' ત્યારે રાણી કહેવા લાગી કે, 'કોઈ પ્રકારે તારે મને તેને અહિં લાવીને હાજર કરવો જ પડશે.કારણ કે, કપિલા સમક્ષ મેં આવી પ્રતિજ્ઞા કરેલી છે. 'ધાવમાતાએ વિચાર્યું કે, 'આ વિષયમાં એક સુંદર ઉપાય છે. તે સુદર્શન પર્વદિવસે ચાર પ્રકારના પૌષધ કરે છે, ત્યારે શૂન્ય અવાવરા ઘરમાં કે મસાણમાં એકાંતમા જીવિત-નિરપેક્ષ બની કાઉસ્સગ-પ્રતિમાપણે એકલો રહે છે. તે વખતેરાત્રે કોઈ ન જાણે તેવી

રીતેકામદેવની પ્રતિમાના બાનાથી અહીં દ્વારપાળોને છેતરીને લાવી શકાશે. તો હવે તમે કહો તેમ કરું.' ત્યાર`દેવીએ કહ્યુંકે, 'સંદેહ વગરઆ કાર્ય સફળ થશે.'

હવે અષ્ટમીપર્વના દિવસે શૂન્યઘરમાં કાઉસગ્ગ-પ્રતિમાપણે ઉભા રહેલા દેખીને નિષ્ઠુર હૃદયવાળી ધાવમાતાએ તેને ત્યાંથી ઉપાડવાનું કાર્ય આદર્યું અને બીજી સાથેની દાસીઓએ તેને ઉપાડીને અભયાદેવીને અર્પણ કર્યો. ત્યાર પછી સમગ્ર લજ્જાનો ત્યાગ કરીને કામશાસ્ત્રમાં વિસ્તારથી નિરૂપણ કરેલા વિવિધ પ્રકારના ઉપાયોથી તેને ક્ષોભ પમાડવા પ્રયત્ન કરવા લાગી. એટલે સુદર્શન તો પોતાના પચ્ચ્ક્ખાણ સ્થાનોમાં વિશેષ પ્રકારે મનનો નિરોધ કરીને મોગરાનાં પુષ્પો, તથા શંખ સમાન ઉજ્જવલ અને સ્વચ્છ સિદ્ધશિલા ઉપર પોતાના આત્માને સ્થાપન કરીને જેમણે સમગ્ર કર્મ-ક્લેશ ખંખેરી નાખેલા છે, એવા તે દેશની સમીપમાં રહેલા સિદ્ધ ભગવંતોને એકાગ્રપણે ચિંતવવા લાગ્યો. નિર્જીવ કાષ્ઠ-સમાન તદ્દન ચેષ્ટા વગરના દુર્ધર દેહને ધારણ કરતા તેણે રાત્રિ પસાર કરી, પરંતુ તેને કોઈ પ્રકારનો વિકાર ન થયો.

એમ કરતાં પ્રભાત-સમય થયો, અતિ વિલક્ષણભાવને વહન કરતી રાણી અતિતીક્ષ્ણ નખોથી પોતાનું શરીર વલુરવા લાગી. વળી તેણે મોટી બૂમરાણ કરી મૂકી કે, 'મેં તેની અયોગ્ય માગણી ન સ્વીકારી, એટલે પ્રદ્વેષ પામેલો તે મને આ પ્રમાણે પરેશાન પમાડવા લાગ્યો છે ! 'નક્કી આ સ્ત્રીઓ અમૃત અને વિષ બંનેનું સ્થાનક છે, જો રીઝી જાય તો અમૃત છે અને ખીજાઈ જાય તો વિષ છે.' (૧૦૦) મોટો ઘોંઘાટ ઉછળ્યો, એટલે રાજાએ આવીને દેવીની તેવી અવસ્થા દેખીને એકદમઆકરો રોષ કર્યો. 'મનુષ્યો કોઈ પણ પ્રકારે બીજા પરાભવો નભાવી શકે છે, પરંતુ સ્ત્રીનો દુસ્સહ પરાભવ કોઈસહી શકતા નથી.' એટલે રોષ પામેલા રાજએ એવી રીતે વધ કરવાની આજ્ઞા આપી કે - લાલ ગેરુ રંગથી તેના શરીરને વિલેપન કરાવવું, મસ્તક ઉપર તૂટેલા સૂપડાનું છત્ર ધરાવવું, ગધેડા ઉપર બેસાડવો, આગળ મોટો ખોખરા ઢોલ જોરથી પીટાવવા વગડાવવા, કાજળથી મુખ રંગવું, ગળામાં ફૂટેલા કોડિયાની માળા પહેરાવવી, માર્ગમાં લઈ જાવ, ત્યારે ઉદ્ઘોષણા કરવી કે, 'બીજો કોઈ આવો અપરાધ કરશે, તો તેને પોતાના દુશ્ચરિત્રનું આવું ફળ મળશે.' કાનને દુઃખ આપનાર આ વૃત્તાન્ત મનોરમાએ સાંભળ્યો અને વિચાર્યું કે, 'આ મહાનુભવા આવું કાર્ય સ્વપ્નમાં પણ ન કરે. જો મેં અને મારા પતિએ આજ સુધીમાં અખંડ શીલનું સેવન કર્યું હોય, તો મારા પતિ અક્ષતપણે આ સંકટનો જલ્દી પાર પામો.'

એમ વિચારીને પ્રવચન-દેવતાની આરાધના કરવામાટે નિશ્ચલ શરીરનો કાઉસ્સગ્ગ કર્યો. વધ્યાસ્થાનમાં પહોંચેલા સુદર્શને પ્રવચનદેવીએ ઓળખ્યો. સુદર્શન શેઠ તો પોતાના કર્મનું ફળ ચિંતવે છે, પરંતુ બીજા કોઈને દોષ આપતા નથી. મેં પૂર્વભવમા કોઈને ખોટું કલંક આપ્યું હશે, તેનું ફલ મને અત્યારે ઉદયમાં આવ્યું હશે.' જે વખતે શેઠને શૂળી ઉપર આરોપણ કર્યા, તે જ ક્ષણે તે મણિ-સમૂહથી જડેલું સ્ફુરાયમાન તેજવાળું સિંહાસન બની ગયું. ત્યાર પછીતેના ખભા ઉપર તલવારનો પ્રહાર કર્યો, તે પણ તેના ગળામાં માલતી-પુષ્પોની માળા બની ગઈ. જે વૃક્ષશાખાનું અવલંબન કરી દોરડું ગળામાં ફાંસારૂપે બાંધેલું હતું, તે પણ

નિર્મળ મોટા મુક્તા ફલયુક્ત હાર તરત થઈ ગયો. રાજપુરુષો અને વધભૂમિના સેવકો જે જે તેને પ્રતિકૂળપણે શિક્ષા કરે છે, તે તે સર્વ તેને અનૂકુળપણે પરિણમે છે. તે પુરુષોએ કોઈ વખત પૂર્વે ન દેખેલ અને નહિં સાંભલેલ સર્વ વૃત્તાન્ત ભય પામતાં પામતાં રાજાને નિવેદન કર્યો અને કહ્યુ કે, 'હે દેવ ! આ શિક્ષા માટે યોગ્ય નથી. આ તો કોઈ બીજા પ્રકારનો દૈવી પુરુષ જણાય છે, તેની હીલના-લઘુતા કરવી ઠીક નથી. જો એ વિફરશે તો સર્વનો વિનાશ થશે.' 'નક્કી દુર્જનના ચરિત્રનું આચરણ કરનારી મારી રાણીએ ખોટું કલંક ચડાવ્યું જણાય છે, માટે તે ખમાવવા લાયક છે.'

- એમ ચિંતવીને ચતુરંગ સેના-સહિત નગરલોકોથી અનુસરતા માર્ગવાળો વિનયથી નમી રહેલા મસ્તકવાળો દધિવાહન રાજા જયકુંજર નામના હાથી પર બેસીને ત્યાં ગયો અને પોતાની સાથે હાથી ઉપરબેસાડીને નગરના મધ્યભાગમાંથી જેટલામા લઈ જવાયો, ત્યારે લોકોની પ્રશંસાના શબ્દો ઉછળ્યા. 'મંથન કરેલા ક્ષીરસમુદ્રના ફીણ સરખા ઉજ્જવલ શીલયુક્ત જેનું ચરિત્ર છે, એવામનુષ્યનેકોઈદિવસ સ્વપ્નમાં પણ કલંક લાગે ખરું ? આવા કાળમાં પણ, આવા પ્રકારના સંકટ સમયમાં સર્વાંગથી ડૂબી ગયેલો હોવા છતાંપણ મહાપુણ્ય અને સત્ત્વશાળી પાર ઉતરી જાય છે, તો શીલનું ફળ પ્રત્યક્ષ અનુભવાય છે. તેં આજે પોતાનું કુળ ઉજાળ્યું, દેશાન્તરોમાં કીર્તિ ફેલાવી સજ્જનનો માર્ગ ખુલ્લો કર્યો.'

આવા પ્રકારનાં સજ્જન લોકો વડે બોલાતાં વચનો શ્રવણ કરતો અને મસ્તક પર લોકો વડે વધાવાતાં પુષ્પોને જીલતો રાજભવનમાં પહોંચ્યો.રાજાને વિનંતિ કરી કે - 'હે સ્વામિ ! હવે મારું મન શ્રમણપણું અંગીકાર કરવાનું થયું છે, તો તે ગ્રહણ કરવાની મને રજા આપો.' દધિવાહન રાજાએ,સમગ્રબંધુઓ અને નગરલોકોએ તે વાતની અનુમતિ આપી. એટલે તેણે મહાવ્રતો અંગીકાર કર્યાં. અતિનિષ્ઠુર હૃદયવાળી, ખરાબ વર્તનવાળી પેલી અભયા રાણી અતિલજ્જા પામવાના કારણે 'હવે પોતાની બીજી કોઈ ગતિ નથી' (૧૨૫) તેમ ધારી કોઈ ન જાણે તેવીરીતે ગળે ફાંસો બાંધી ઉદ્બંધનથી મૃત્યુ પામી, કુસુમપુર નગરની બહાર વ્યંતરી બની.પેલી પંડિતા ધાવમાતાને ત્યાંથી કાઢી મૂકી, એટલેતે પણ અહીં આવીને દેવદત્તા નામની ગણિકાના ઘરમાં દાસી થઈ. ત્યાં પોતાનો અને તે સુદર્શનનો વૃત્તાન્ત કહેવા લાગી કે, અભયા સરખાએ માનપૂર્વક પ્રાર્થના કરી, તો પણ તે ક્ષોભ ન પામ્યો અને વશ ન થયો. તે મહાત્મા પણ વિહાર કરતા કરતા તે નગરમાં ગયા. પેલી ધાવમાતાએ ધીમે ધીમે ગોચરી-ભ્રમણ માટે જતાં હતા,ત્યારે તેને જોયા. એટલે ગણિકાને કહ્યું કે, 'મારી સ્વામિનીનું જેના કારણે મરણ થયું, તે સુદર્શન શ્રેષ્ઠી આ જાય છે.' (૧૩૦)

પોતાનાં રૂપ, સૌભાગ્ય આગળ કોઈ પદાર્થ અસાધ્ય નથી-એમ જોનારી આ ગણિકાએ કુતૂહળથી તેને ક્ષોભ પમાડવા માટે દાસીનેકહ્યુ કે, 'અલિ ! કોઈ પ્રકારે તેવાં તેવાં વચનથી વિશ્વાસ પમાડીને તેને કોઈ પ્રકારે મારા ઘરમાં પ્રવેશ કરાવ, જેથી હું તેને જે યોગ્ય હશે, તે કરી લઈશ.' ત્યારપછી પ્રણામ કરવા પૂર્વક તેણે મુનિને વિનંતિ કરી કે, 'આપણા ચરણ-કમળના સ્પર્શ કરવા વડે કરી આ ઘરના ઘણા પ્રદેશોને આપ પવિત્ર કરો, મુનિજનને યોગ્ય આહાર-પાણી પણ આપ ગ્રહણ કરો.' અતિસરળ મનવાળો તે કુટિલ સ્ત્રીઓનાં મનને ન

ઓળખતો તેના ઘરમાં પહોંચ્યો.ત્યાર પછી તેને મુખ્યદ્વાર બંધ કર્યું અને જ્યાં અનેક ચિત્રામણો આલેખ્યા હતાં, ત્યાં સુધી દોરીને લઈ ગઈ. ગણિકાએ કહ્યુ કે, 'હે સૌભાગી ! આવી નાની વયમાં વ્રતો શા માટે અંગીકાર કર્યા ? કૃપા કરો અને આ મંદિરમાં રહો અને મનોહર વિષયો ભોગવો. મારું તમારું અનુરૂપ યૌવન સફળ કરો, મારા સ્નેહનો ભંગ ન કરશો. આ જન્મનું આ સિવાય બીજું કોઈ ઉત્તમફલ નથી. અનર્ગલ રતિસુખ આપનાર, પ્રૌઢ પ્રેમ રાખનાર, દેવાંગના સમાન હું તમને પ્રાર્થના કરું છું, તો તે કેમ માન્ય કરતા નથી ? પ્રત્યક્ષ મળેલા-દેખેલા પદાર્થનો ત્યાગ કરીને પછી ખેદ પામશો, આ કરતાં પરલોકમાં શું વધારે મેળવવાનું છે ? વિલાસ કરતા-ઝુલતા હારવાળી સર્વ મનોવાંછિત પદાર્થ કરનારી એવી મને છોડી દેતાં તમને લજ્જા કેમ આવતી નથી ? વળી ચાહે તેવા દુષ્કરકારક વ્રતોનું સેવન કરવામાં આવે, પરંતુ તેનું છેવટનું ફલ તો આ જ પ્રાપ્તથવાનું છે ને ? પરલોકની પ્રાર્થનાનું અનુસ્મરણ કરનાર અહિં આત્માને કયો સમજુ કદર્થના પમાડે ? આ વયમાં મારા ચિંતવેલા વિષયો ભોગવ્યા પછીની પાછલી વયમાં આપણે બંને દુર્ગતિ -નિવારણ કરનાર એવા ઉગ્રતપ અને ચારિત્ર સેવનારા થઈશું.

આ પ્રમાણે પ્રાર્થના કરવા છતાં પણ જ્યારે મેરુપર્વત સમાન પોતાની ધૈર્યતાથી સાધુ પ્રતિજ્ઞા છોડતા નથી, ત્યારે આલિંગન આદિ તથા કામશાસ્ત્રમાં નિરૂપણ કરેલા વિવિધ ઉપાયોથી ચલાયમાન કરવામાટે પ્રયત્નકરવા લાગી, તો પણ મુનિ જરાપણ ક્ષોભ ન પામ્યા એમ કરતાં દિવસ આથમવાનો સમય થયો,ત્યારે મુનિને ખમાવીને પોતાના આત્માની નિંદા કરીને સર્વેન્દ્રિયોનો સંવર કરેલો હોવાથી પડદા સમાન તેને દાસીઓ પાસે ઉપડાવીને સ્મશાનના સ્થાનકમાં ત્યાગ કર્યો,.ત્યાં કાઉસગ્ગપ્રતિમાપણે ઉભા રહેલા તેને અભયા-વ્યંતરીએ ઉપસર્ગ કરવાનો આરંભ કર્યો. સમતાથી સહન કરતા સાત દિવસો પસાર કર્યા,ત્યારે આઠમા દિવસના સૂર્યોદય સમયે તેણે જેમાં લોક, અલોક સાક્ષાત્ પ્રગટ દેખાય. તેવું કેવલજ્ઞાન પ્રાપ્તકર્યું.સુંદર ચારિત્રથી પ્રભાવિત થયેલા ચારે નિકાયના દેવો ત્યાં આવી પહોંચ્યા. અતિ ઉજ્જવલ વિશાલપત્રયુક્ત સુવર્ણકમલ આકારનું આસન રચ્યું. તેના ઉપર આ વિરાજમાન થયા, દેવોએ તેમના કેવલજ્ઞાનનો મહોત્સવ કર્યો.ત્યાર પછી ભવસમુદ્રમાંથી પાર પમાડનાર ઉત્તમ નાવ સમાન ધર્મોપદેશ આપ્યો. તે આ પ્રમાણે –

## ધર્મોપદેશ

"કોઈપણ તેવા પુણ્યોદયના પ્રતાપે આ ઉત્તમ મનુષ્યપણું મેળવીને, તેમાં પણ વિશેષ પુણ્યયોગે વળી તીર્થંકર પરમાત્માના અનુત્તમ ધર્મની પ્રાપ્તિ કરી. તોહવે તમે નીહાર-હિમ અને ચંદ્ર સમાન ઉજ્જવલ-નિર્મલ મનથી જિનેશ્વરદેવનીપૂજા કરો, ત્યાર પછી આદરપૂર્વક મહાસન્માન કરો. દરેકક્ષણે પાપનાં પચ્ચ્ખાણ કરો, તથા સતત મોટી ધાર પડે તેવા મેઘની ઉપમાવાળા કામ, ક્રોધરૂપી દાવાગ્નિ નાશ કરનાર-ઓલવનાર, સ્વર્ગ-મોક્ષ આપનાર એવો સ્વાધ્યાય કરો. જેઓએ મહાવ્રતો રૂપપૂર્ણનિયમો ગ્રહણ કર્યા હોય, તેમણે હંમેશાં તેમાં ઉદ્યમ કરવોજોઇએ. જિનકથિત વિધિ અનુસાર સુપાત્રદાન અને દીન-દુઃખીઓ વિષે અનુકંપા કરવી.

ન્યાયમાર્ગનું અનુસરણ,આયતનસેવ,ન અનાયતન-વર્જન, નીહાર-તુષાર, મુક્તાહાર સમાન ઉજ્જવલ યશ સંગ્રહ કરવામાં લોભ રાખવો, મહાદાક્ષિણ્ય બુદ્ધિ રાખવી, નિરંતર મૃત્યુનો ઝડપી પ્રવાહ ત્રાસ પમાડી રહેલો છે, તો તેનો નાશ કરવા માટે સૂત્રમાં તે માર્ગ નિરૂપણ કરેલો હોય, તેમજ પર્યંત કાલને ઉચિત અત્યંત નિપુણ આરાધના કરવી જોઇએ. (૧૫૦) સાધર્મિકોનું શ્રેષ્ઠ વાત્સલ્ય, જીવોની દૃઢ રક્ષા, દુર્ગતિના માર્ગે લઈ જનાર ક્ષણિક વિષયો વિષે વૈરાગ્ય, આ જિનેશ્વરના શાસનમાં બીજા પણ જે બ્રહ્મચર્યાદિક વિધિઓ કહેલી હોય તેને જો આગળ અતિપવિત્ર સંપદા પ્રાપ્તકરવી હોય, તો તમારે હંમેશાં તે ધર્મનું સેવન કરવું જોઇએ. મનથી કલ્પના કરો, તે ફળ આપનાર કલ્પવૃક્ષો આગળ ઘણા મેળવ્યા ચિંતિત પદાર્થ આપનાર, ચિંતામણિ, ઇચ્છા પ્રમાણે કામભોગો આપનાર કામધેનુઓ પણ ઘણી મેળવી, કિંમતી નિધાનો, દિવ્ય ઔષધિઓ પણ અનેક વખત આ જીવે જન્માંતરોમાં મેળવી,પરંતુ સમ્યગ્જ્ઞાનરૂપ જળના સમુદ્ર સરખા ગંભીર અખૂટ જ્ઞાનવાળા, શુદ્ધ આચાર પાળવામાં તત્પર, સુંદર દેશના આપનારા, હંમેશાં આક્રોશ અને રોષ વગરના એવા ગુરુ સહેલાઈથી મેળવી શકાતા નથી.

વળી જેઓ ગોશીર્ષ ચંદન-સમાન સુગંધથી ભરેલા શીલ વડે આત્મરમણતાના આલય સમાન છે, શીલના વિલાસગૃહ સરખા, કામશત્રુના પ્રસાર વગરના કામને જિતનારા છે, જેને આગમોને શુદ્ધપણે જાણેલા છે - એવા સાધુઓ અને સમાન ધર્મ વાળા શ્રાવકોનો સમાગમ છોડશો નહિં. કારણ કે, તે આપણા દોષરૂપ ઝેરને ઉતારનાર ઔષધ સમાન છે. વિષધરના વિષને ઉતારનાર એવા માણિક્યસ્થાન સમાન સાધુસમાગમનો પ્રભાવ છે. સાધુસમાગમનો આનંદ મનમાં થાય છે, તેની આગળ ભૂપાલ પદ-પ્રાપ્તિનો, રોગ-નાશનો આનંદ કશા વિસાતમાં નથી. નથી દેવાલમાં તે આનંદ, નથી ચિંતામણિરત્નની પ્રાપ્તિમાં, નથી કલ્પવૃક્ષની પ્રસન્નતામાં, તે આનંદ કે જે ભવ-સમુદ્રથીકંટાળેલા હોય જેઓ અતિશય મોક્ષની અભિલાષાવાળા હોય અને જેમનામાં આશ્ચર્યભૂત તપ અને સંયમના ગુણો હોય,એવા સજ્જન ગુરુમહારાજને દેખવાથી મન જેમકારે પ્રસન્ન થાય છે, તેની તુલના કોઈ આનંદ સાથે કરી શકાતી નથી.

જેમણે સમ્યગ્ પ્રકારે આગમના અર્થો.જાણ્યા નથી, સંવિજ્ઞ માર્ગને અનુસરનારા ગુરુકુળવાસમાં રહી ગુરુકુળવાસસેવ્યો નથી, તેમજ સ્વભાવવશ પ્રશમભાવ હજુ જેણે ઉત્પન્ન કર્યો' નથી, તેવા મૂઢમનવાળા અયોગ્યોની દેશનાગુણરહિત દેશના દવાગ્નિથી બલેલા મહાઅરણ્યની જેમ દૂરથી ત્યાગ કરવા લાયકછે. શસ્ત્ર તેટલું અહિં અનર્થ બળેલા મહાઅરણ્યની જેમ દૂરથી ત્યાગ કરવા લાયક છે. શસ્ત્ર તેટલું અહિં અનર્થ કરનાર થતું નથી. વિષ, શાકિની, ભૂતનો વળગાડ, દુરાકુલ દુષ્કાળ,જ્વાલાઓથી ભયંકર અગ્નિ આ પદાર્થો તેટલા અનર્થ કરનારા થતા નથી, જેટલા જગતની અંદર મિથ્યાદૃષ્ટિ કુમતિ લોક વડે જિનભાષિત સિદ્ધાંતોને અન્યથા-વિરુદ્ધપણે દેશના દ્વારા સમજાવીને અહિં અનર્થ ઉત્પન્ન કરનારા થાય છે. સજ્જડ ગાઢ અંધકાર-સમૂહને દૂર કરનાર, તેજસ્વી દીપક સમાન આ

ધર્મોપદેશ સમજવો, અતિ આકરી મહાવ્યાધિને મટાડનાર આ દિવ્યઔષધિ સમાન આ ધર્મોપદેશ જાણવો. મોક્ષસુખરૂપ ભવનમાં ચડવાની શ્રેણીની નીસરણી સમાન આ ધર્મોપદેશ માનવો.હે ભવ્યજનો ! આ ધર્મોપદેશ મનમાંથી લગાર પણ દૂર ન કરવો." ઘણા જીવો તથા વ્યંતરદેવી, દેવદત્તા ગણિકા, ધાવમાતા પંડિત વગેરે પ્રતિબોધ પામ્યા-એ પ્રમાણેતેણે કલ્યાણસાધ્યું. કેવલી ભગવંત વિહાર કરી ગયા. અનુક્રમે સર્વકર્મનો ભય કરીને કલ્યાણકારી ચલ, રોગરહિત, અભય એવું મોક્ષસ્થાન પ્રાપ્તકર્યું. આ પ્રમાણે જેઓને વ્રત પાલન કરવાની સુંદરપરિણિતિ થાય છે. તેવા ભવ્યાત્માઓને આ કથા કલ્યાણનું કારણ થાય છે, તેમજ પોતાને અને બીજાને રત્નહારની ઉજ્જવલ શોભા સરખી શાસનની શોભા થાઓ (૧૬૦) હવેપાંચમું ઉદાહરણ કહે છે –

## (૨) નંદ શ્રાવક અને મિથ્યાત્વી

૫૩૧ થી ૫૩૫ -નાસિક નામના નગરમાં નન્દ નામના બે વેપારીઓ હતા. તે બેમાંથી એક શ્રાવક જિનવચનમાં શ્રદ્ધાવાળો, શ્રાવકજન-યોગ્યગ્રહણ કરેલા અણુવ્રત અને સામાચારી પાલન કરનારો 'સર્વ ઇચ્છિતસિદ્ધિનાકારણભૂત તરીકે ભગવાન અરિહંતનું જ વચન છે-એમ હંમેશા માનનારો, સંતોષરૂપ અમૃત-પાનના પ્રભાવથી જેણે વિષય-તૃષ્ણાના વેગો નિવારણ કરેલા છે, પ્રશમસુખની ખાણમાં મગ્ન બનેલો પોતાનો સમય પસાર કરતો હતો.જ્યારે બીજો નંદવણિક તો મિથ્યાત્વી હતોકે, જેને યોગ્ય, અયોગ્ય, યુક્ત, અયુક્ત,સત્ય, અસત્ય વસ્તુવિષયક વિવેક-ઓળખ ન હતી. એવા પ્રકારના જીવ-પરિણતિવિશેષથી પીડા પામેલો હોવાથીતે મિથ્યાત્વથી આર્ત હતો, અથવા મિથ્યાત્વરૂપ દંડથી દંડાતો હોવાથી, તે આ પ્રમાણે- અતિતીવ્ર લોભ હોવાથી સર્વ ક્રિયામાં લાભ-નુકશાનના પરિણામને ન ગણકારતો. માત્ર પાપની પ્રવૃત્તિ આચરવામાં સમય પસાર કરતોહતો.

કોઈક સમયે રાજાએ કોશો વડે તળાવ ખોદાવવાનું કાર્ય આરંભ્યું. તેમાં પૂર્વકાલમાં કોઈકે સુવર્ણમય નિધાન તરીકે દાટી હતી, તે જોવામાં આવી. તે સર્વ નિધાન તાંબાના પાત્રમાં રાખેલ હોવાથી તે સુવર્ણ ઉપર પણ કાટ ચડી ગયો. સુવર્ણની કાંતિ ઉડી ગઈ હતી અને લોઢાના રંગ સરખી હોવાથીલોકોએ 'આ લોઢાની જ છે' એમ સંભાવના કરીને તેનો અનાદર કર્યો. સેવકવર્ગે તળાવ ખોદનારાઓને તેનું દાન કર્યું. દુકાનમાર્ગે આવતા ખોદકામ કરનારાઓએ તે વેચવાનું આરંભ્યું. તેમાં નન્દ શ્રાવકની દુકાને તેઓ વેચવા આવ્યા, ત્યારે આકાર-વિશેષથી, તોલ વિશેષથી,તથા ઉપર કાટ ચડી ગયેલો હોવાથી જ્ઞાનવિશેષથી જાણી લીધું કે, આ સોનામય છે, શ્રાવકે તે ખરીદ ન કર્યું. કેમ ? તો કે, પોતે રાખેલ પરિગ્રહ-પરિમાણ વ્રતનો ભંગ થતો હોવાથી. જો કે, રાજલોકને આ હકીકત ખબર પડે તો ખરીદેલું જાણવામાં આવે તો પોતાના ઘરની મૂળ મુડી સહિત સર્વસ્વનું અપહરણ કરી લે-એવો આકરો દંડ પ્રાપ્ત થાય,તે વાત પણ તેના મનમાં હતી જ. એ સર્વહકીકત બાજુ પર રાખીએ, પરંતુ પોતાના ગ્રહણ કરેલા વ્રતની -ઇચ્છાપરિમાણ વ્રતની આ સુવર્ણકોશ ખરીદ કરવાથી મુડીની અધિકતા થાય, તો વ્રતભંગ થાય, પ્રાણનાશથી પણ વ્રતભંગ ઘણો ભયંકર છે - એ

અભિપ્રાયથી પોતે ખરીદ ન કરી તેવા પ્રકારના સુવર્ણની આ કોશો છે, તેથી ભયંકર લોભરૂપ સર્પના વિષથી વિહ્વલ બનેલા એવા મિથ્યાદષ્ટિ નન્દે તે ખરીદ કરી. તેને સુવર્ણની છે, તેમ માલૂમ પડેલું, જેથી મજુરોને કહી રાખેલું કે, તમારે દરરોજ આ કોશો અહીં વેચવા માટે લાવવી, મારે આનું ઘણું પ્રયોજન છે. લોહમય કોશ કરતાં પણ અધિક મૂલ્ય આપીને તે ખરીદ કરવા લાગ્યો. દરરોજ કોશો ખરીદ કરતા કરતા તેને ત્યાં ઘણી કોશો એકઠી થઈ.

હવે કોઈક સમયે જેને ના પાડી શકાય તેમ નથી, એવા કોઈક સગા સ્નેહીએ આવીને ઉત્સવમાં આવવા માટે દબાણથી આગ્રહ કર્યો. તે ઉત્સવમાં પોતાને ફરજિયાત હાજરી આપવાની હોવાથી પોતાના પુત્રોને સમજાવીને કહ્યું કે, 'તળાવ ખોદનારા મજુરો અહિં કોશો વેચવા આવે, તો તે તમારે ખરીદ કરી લેવી.' એમ પુત્રોને કાર્ય ભળાવીને તે ત્યાં ગયો. હવે તળાવના મજુરો કોશો લઈને તેની દુકાને આવ્યા અધિક ધન લઈને તેઓ કોશો આપવા લાગ્યા. તે પુત્ર પણ અધિક મૂલ્ય આપવા લાગ્યા. તેમ તેમ કેટલાક ઉતાવળિયા મજુરો અધિક મૂલ્ય માગવા લાગ્યા ત્યારે પુત્રે તેમની કોશ દુકાનની બહારના પ્રદેશમાં ફેંકી, એટલે ઉપરનો મેલ અને કાટ ખરી પડ્યા એટલે અંદરનું સુવર્ણ દેખાયું. તેઓએ કોટવાળા અને બીજા રાજ્યાધિકારીઓને આ વાત નિવેદન કરી. રાજાએ કોટવાલો ને પ્રશ્ન કર્યો કે, બાકીની કોશો તમે ક્યાં વેચી છે ? તેઓએ નિવેદના કરી કે, પહેલાં બીજા એક નન્દ નામના વેપારીએ દેખી ખરી, પણ તેણે તે ખરીદ ન કરી. કેમ ન ખરીદી ? તો કે તેના ઇચ્છાપરિમાણવ્રતના ભંગના ભયથી,એટલે શુદ્ધ વ્યવહાર કરનાર શ્રાવકની મહાગૌરવરૂપ પૂજા, જ્યારે બીજાએ તો ઘણી કોશો, ખરીદી. તેને તો રૌદ્રધ્યાન થયું, રાજાએ તેનું અસલ ધન પણ સાથે ઝુંટવી લીધું. હવે પાછો પેલો મિત્રના ઘરે આવ્યો અને આ વૃત્તાન્ત સાંભળ્યો એટલે હું આ મારી બે જંઘા છે, તેના બળથી જ દુકાનેથી ઉઠીનેબીજે ગયો, તો આ અપરાધ બે જંઘાનો જ છે, માટે આ બંને છેદવા યોગ્ય છે -એમ વિચારી તીક્ષ્ણ ધારવાળી કુહાડીથી તે બંને જંઘાઓ કાપી નાખી. રાજાએ વૃત્તાન્ત જાણ્યો, છતાં તેવી અવસ્થામાં પણ તેનો દંડ કર્યો. (૫૩૧ થી ૫૩૫)

હવે પાંચ ગાથાથી છટ્ઠું ઉદાહરણ કહે છે –

## અરોગી બ્રાહ્મણ-શ્રાવક

૫૩૬ થી ૫૪૦ ઉજ્જયિની નગરીમાં બાલ્યાકાળથી જ નિન્દનીય બ્રાહ્મણ જાતિમાં મહાલોભપણાના કારણે બીજાની પાસે પ્રાર્થના કરવામાં પ્રવીણ એવો તે અણુવ્રતાદિક શ્રાવકના શુદ્ધ આચારો બરાબર પાલન કરનારો હોવાથી મહાશ્રાવક હતો. જન્મ્યો ત્યારથી ઘણા રોગો થયા હતા,તેથી રોગી નામથી ઓળખાતોહતો. ભવાંતરમાં ઉપાર્જન કરેલા અશાતાવેદનીય કર્મના વિપાકથી કોઈક એવો રોગ થયો હતો કે, તેનું સ્વરૂપ નિર્ધાર કરી શકાતું ન હતું. તેને ચિકિત્સાની સામગ્રી મળવા છતાં પણ તેણે રોગ સહન કરવાનો આશ્રય લીધો. તે આ પ્રમાણે- "હે કલેવર ! તું ખેદને ચિંતવ્યા વગર ઉદયમાં આવેલું કર્મ સ્વાધીનતાએ સહન કરીલે, ફરી આવી કર્મ સહનકરવાની સ્વાધીનતા મળવી ઘણી દુર્લભ છે.

નહિંતર પરવશપણેઘણું જ કર્મ સહન કરવું પડશે અને તે પરાધીનતાએ સહન કરવામાં જરાએ ગુણ હોતો નથી. શુભ કે અશુભ કોઈ પણ કરેલું કર્મ અવશ્યમેવ ભોગવવું જપડે છેઃ કોઈ દિવસ ભોગવ્યા વગર કર્મ ક્ષય પામતું નથી, ચાહે તો સેંકડો કલ્પકોટી કાળ વહી જાય તો પણ કરેલાં કર્મ દરેકને ભોગવવાં જ પડે છે." આ પ્રમાણે તે રોગી નામનો મહાશ્રાવક તે ઉદયમાં આવેલા અશાતા-વેદનીય કર્મને સમભાવથીસહન કરતો હતો. તેથી રોગના પ્રતિકાર માટે પરાઙ્મુખ બનેલા એવા તેના દિવસો પસાર થતા હતા. ત્યારે દેવેન્દ્રે તેમની પ્રશંસા કરી કે, 'અહો ! ઉજ્જયિનીમાં રોગી નામનો બ્રાહ્મણ આ પ્રમાણે ચિકિત્સા હાજર હોવા છતાં પણ તેની અપેક્ષા ન રાખતો, કર્મ ખપાવવાના હેતુથી ઉદયમાં આવેલ અશાતાવેદનીય સમભાવથી જ્ઞાનપૂર્વક સ્વાધીનતાએ સહન કરી રહેલ છે. ઇન્દ્રે કહેલી આ વાતની શ્રદ્ધા ન કરનાર બે દેવોએ વૈદ્યનું રૂપ વિકુર્વીને કહ્યુ કે, 'જો તમો રજા આપો તો અમે તમનેનીરોગી કરીએ, પરંતુ અમારી એક વાત માન્ય રાખવી પડશે કે, તમારે રાત્રે મધ, મદિરા, માંસ, માખણ ચારેયનો પરિભોગ કરવો પડશે. એટલે બૃહસ્પતિથી પણ અધિક પ્રતિજ્ઞાવાળા રોગી નામના બ્રાહ્મણે તેમની વાતનો અસ્વીકાર કર્યો. તેણે વિચાર્યું કે - "કોઈક વિષમ મહાપર્વતના ઊંચા શિખર ઉપરચડીને ત્યાંથી પતન પામીને કઠોર પત્થર વચ્ચે દળાઈ મરવું બહેત્તર છે, સર્પના મુખના તીક્ષ્ણ દાંત વચ્ચે હસ્ત સ્થાપન કરવો સુંદર છે, અથવા તો ભડભડતા અગ્નિમાં પડવું પણ સારું છે. પરંતુ મારું ચારિત્ર તે તો કોઈ પ્રકારે અખંડિત જ રહેવું જોઈએ." એટલે ત્યાર પછી તે ચિકિત્સાની ઇચ્છા કરતો નથી - એમ રાજાની પાસે સ્વજનો અને બાંધવો વગેરેને બંને વૈદ્યોએ નિવેદન કર્યું કે, 'અમો ચિકિત્સા કરીએ છીએ,તેની પણ તેઇચ્છાકરતો નથી - એ સુંદર ન કહેવાય' જે માટે કુશલ પુરુષો કહે છેકે - "કુપઠિત વિદ્યાવિષ છે, વ્યાધિની ઉપેક્ષાકરવી તે પણ વિષ છે, દરિદ્રની સાથે મૈત્રી કરવી તે વિષે છે અને વૃદ્ધને તરુણી વિષે છે. " ત્યાર પછી ચિકિત્સા કરાવવામાં આદર વધે તેવી કથાઓ રાજાને, સ્વજનોને કહેવા લાગ્યા કે જેથી તેને ચિકિત્સા કરાવવાની પ્રેરણા કરે. તે આપ્રમાણે-'ધર્મયુક્ત શરીરનું પ્રયત્નપૂર્વક રક્ષણ કરવું.' કેમ કે, જેમ પર્વતપરથી જળ-પ્રવાહ નીકળે છે તેમ ધર્મનો સ્રોત આ શરીરથી વહે છે. આ દેહનો વિનાશ થયા પછી કોઈની પણ કોઈ પણ આશા સફલ થતી નથી, માટે સર્વથા આ દેહ રક્ષણ કરવા લાયક છે. આ હકીકત રાજાએ, સ્નેહી સ્વજનાદિકે રોગી નામના બ્રાહ્મણને કરી, એટલે તેણે દેહ આદિ સંબંધી નિરોગતાની તૃષ્ણાનો ત્યાગ કર્યો અને નિર્વાણ પ્રત્યેની અભિલાષા વૃદ્ધિ પામી. કહેલું છે કે - "જે સુખ આજે છે, તે તો ભાવીમાં આવતી કાલે માત્ર યાદ કરવાનું જ છે, તે કારણે પંડિતપુરુષો નિરુપસર્ગ મોક્ષસુખની માગણી કરે છે." ત્યાર પછી દેહ અને ધનની પીડાના દૃષ્ટાંતથી રાજાદિકને પ્રતિબોધ પમાડી તેમને સાચો માર્ગ બતાવ્યો, પરંતુ પોતે ચિકિત્સા ન કરાવી. "ભવિષ્યમાં આપત્તિથી બચવા માટે ધનનું રક્ષણ કરવું અને સ્ત્રીઓને તો ધન ખરચીને પણ બચાવવી, તેનું રક્ષણ કરવું, તેના કરતાં પણ આત્માનું સ્ત્રીઓના અને ધનના ભોગે પણ સતત રક્ષણ કરવું." અહિં જે દૃષ્ટાન્ત દાર્ષ્ટાન્તક ભાવના કલ્પના કરી છે, તે બતાવે છે. આ આત્મા શરીર સરખો,દેહ વળી અર્થ-ધન સરખો જણાય છે, જેમ લોકનીતિ

અનુસાર દેહ અને ધન બંનેની એકી સાથે પીડા આવી પહોંચે, ત્યારે દેહનું જ રક્ષણ કરવાનું હોય છે, અર્થનોત્યાગ કરીને પણ શરીર બચાવવાનું હોય છે, તેવી રીતે ધાર્મિક આત્માઓએ દેહની પીડાની ઉપેક્ષા કરીને આત્માને જબચાવવાનો હોય. આ ઉત્સર્ગ-રાજમાર્ગ વિચ્છેદ-રહિત સતત ગણાય છે. બીજાપ્રયોજનમાટે હોય, તેવાએ તેહની ચિંતા કરવી યોગ્ય ગણાય.તે માટે **નિશીથ-ભાષ્યમાં કહેલું છેકે –**

"આ શાસનના માર્ગો સતત પ્રવાહ વહેતો રહે તેવા પ્રકારનો એટલે કે, નવા નવા શિષ્યોને ભણાવી-ગણાવી એવા તૈયાર કરવા કે, તેઓ પણ આ પ્રમાણે તીર્થની પરંપરાનો સતત પ્રવાહ ચલાવ્યા કરે, તેમ હું ક્યારે કરીશ ? અથવા ક્યારે તેવું અધ્યયન કરીશ, તપ અને ઉપધાન વિષે ક્યારે હું પ્રયત્ન ઉદ્યમ કરીશ, ગણને અને સિદ્ધાંતની નીતિને સંભાળનારો હું ક્યારે બનીશ ? આવીરીતે આલંબનોનું સેવન કરનાર મોક્ષ મેળવે છે."

ત્યાર પછી બંને દેવતાઓએ ઉપયોગ મૂક્યો અને જાણ્યું કે, 'આ પોતાની પ્રતિજ્ઞાના વિષયમાં નિશ્ચલ છે' એમ અવધિથી જાણ્યું એટલે તેઓને હર્ષ થયો અને બોલી ઉઠયા કે, ઇન્દ્ર મહારાજે જે પ્રશંસા કરી હતી, તે સત્ય અને યથાર્થ જ કરી હતી. ત્યાર પછી પોતાનું દિવ્યભાવવાળું દર્શન કરાવ્યું. ત્યારપછી તે દેવોએ રોગી બ્રાહ્મણના જ્વર, અતિસાર વગેરે રોગોને મટાડી દીધા અને તેને સર્વથા નિરોગી કર્યો. ત્યાર પછી તેનું નામ પણ 'અરોગી' એમ બદલી નાખ્યું-એટલે તેનું રોગી એવુ રૂઢ નામ હતું, તે પરિશુદ્ધ આરોગ્ય ગુણ મેળવેલો હોવાથી, દેવના પ્રસાદથી મેળવેલા આરોગ્ય ગુણથી જુદા રૂપે ન હોવાથી 'અરોગી' એવું નામ પ્રચલિતથયું. ઉપસંહાર કરતા કહે છે કે - પ્રાણાતિપાત વગેરેની વિરતિના પરિણતિ રૂપ વ્રતપરિણામને કષ્ટદસામાં પણ અવિચલ મનથી ટકાવી રાખવા-એમ સમજવું. (૫૩૬ થી ૫૪૦) તેમ હોવા છતાં જે થાય, તે કહે છે –

૫૪૧ - આ વ્રત-પરિણામ હોય, ત્યારે શું થાય છે, તેનો વિચાર કરે છે. યથાવસ્થિત સર્વ પ્રવૃત્તિઓમાં ગુણ-દોષનું અલ્પ-બહુત્વ, લાભ-નુકશાનનું ઓછા-વધારે પણું નહિ કે જેનો પોતે અર્થી હોય તેની અધિકતાથી, એટલે તેમાં વિવેકબુદ્ધિ કરવી. જો વિપરીત માર્ગે ચડી ગયો તો છતા પણ અનેક દોષો પોતાને સમજણાં આવતા જો વિપરીત માર્ગે ચડી ગયો તો છતા પણ અનેક દોષો પોતાને સમજણમાં આવતા નથી. તથા તપ-અનુષ્ઠાનાદિક ધર્મ તથા સર્વ શુભ ક્રિયાઓમાં પરિશુદ્ધ ઉપાય પૂર્વક પ્રવૃત્તિ કરે, જેથી કર્મ અને આત્મા બંને કાયમ માટે વિખૂટા પડે, તે રૂપ વિપુલ નિર્જરા પ્રાપ્ત કરે.જેઓને વ્રતની પરિણતિ પ્રાપ્ત થતી નથી, તેવા ઘણા લોકોઅત્રે માર્ગમાં દાખલ થયેલા હોવા છતાં પણ લાભ-નુકશાનની વિચારણાથી રહિત હોય છે. તે કારણે તેમની વિપરીત બુદ્ધિ હોય છે. તેઓને વિપરીત બુદ્ધિહોવાથી દિશામૂઢ નિર્યામક-દરિયામાં વહાણ ચલાવનાર દિશા ન જાણનારની જેમ એવી અવળી પ્રવૃત્તિઓ કરે,જેથી પોતાનું અને બીજાનું અકલ્યાણ થાય અથવા અકલ્યાણના હેતુ પોતેબને (૫૪૧) એ જ વિચારાય છે –

૫૪૨- પૂર્વના ભવાન્તરોમાં અશુભ પાપકર્મો એકઠાં કરેલાં હોય, એટલે તેનાથી

સજ્જડ અશુભ અધ્યવસાય ઉત્પન્ન થાય, એટલે જ્ઞાનાવરણીયાદિ કર્મો નિકાચિત અવસ્થા પામનારાં થયા. તેવા કર્મોનો ક્ષય કર્યા વગર મહાપુરુષાર્થ સ્વરૂપ મોક્ષ મેળવી શકાતો નથી, પરંતુ સકલ કર્મનો સર્વથા ક્ષય થાય, તો જ મોક્ષ મેળવી શકાય છે. માટે કર્મક્ષયના અર્થીઓએ જો સહેજે ઉપસર્ગો ઉદયમાં આવી ગયા, તો સમતાભાવથી આર્તધ્યાન કર્યા વગર ભોગવી લેવા. મેં પૂર્વભવમાં પાપ બાંધ્યાં છે, તે જ મને ઉદયમાં આવ્યાં છે. તે મારે જ ભોગવીને ક્ષય કરવાનાં છે - એમ ચિંતવે. કદાચ કોઈ સહન કરવા સમર્થ ન થાય, તો પ્રતિકાર-પ્રવૃત્તિ કરવી, તે પણ કલ્યાણકારી છે. અહિં અશુભ પાપકર્મ ક્ષય કરવામાં કલ્પ-વ્યવહાર આદિ ગ્રન્થસૂત્રોમાં કહેલ ગ્લાનની ચિકિત્સા વિષયક સૂત્રાનુસારી પ્રવૃત્તિ સમજવી. જેમ કે - "પ્રાસુક-અચિત્ત એષણીય-નિર્દોષ પ્રાસુક ખરીદ કરેલા ઔષધાદિકથી, પૂતિકર્મ, મિશ્ર અને આધાકર્મ દોષવાળા ઔષધ કે પથ્ય આહાર-પાણીથી જયણાથી ગ્લાનની ચિકિત્સા-માંદાની માવજત કરવી. પરંતુ લાભ-નુકશાનના વિચાર વગર પોતાની મતિકલ્પનાથી ચિકિત્સા પ્રવૃત્તિ ન કરવી." (૫૪૨) એને આશ્રીને કહે છે –

## આર્ત્તધ્યાનનું સ્વરૂપ

૫૪૩ - **આર્તધ્યાનના અભાવમાં** - હવે આર્તધ્યાન કોને કહેવાય છે, તે પણ પ્રસંગાનુસાર જણાવે છે - ધ્યાનશતક નામના ગ્રન્થમાં આર્તધ્યાનના અધિકારમાં કહે છે કે - "શૂલ, મસ્તક-વેદના વગેરે શરીરની અશાતાના ઉદયમાં તે વેદનાનો વિયોગ કેમ થાય ? તેવું મન, વચન, કાયાથી પ્રણિધાન કરવું-વિચારવું, વળી તે વેદના ફરી ન થાય તેની ચિંતા, વેદના મટાડવા મટે આકુલ-વ્યાકુલ મન થાય-આ પ્રમાણે જે ધારણા-વિચાર મનમાં થાય, તે આર્તધ્યાન કહેવાય. તે અશુભધ્યાન છે. તે આર્તધ્યાન કરવાથી અશુભ પાપકર્મ નવાં બંધાય છે. આર્તધ્યાન ન થાય, તેમ પૂર્વે ઉપાર્જન કરેલા કર્મની નિર્જરા કરવાથી અભિલાષાયુક્ત બની મોક્ષની ઇચ્છાવાળા આત્માઓએ સનત્કુમાર રાજર્ષિની જેમ સમતાભાવ સહિત ઉદયમાં આવેલા કોઢ, અતિસાર વગેરે વ્યાધિ સહન કરવા. તે માટેકહેલું છેક - "ખરજ, અન્ન-અરુચિ, આંખ અનેકુક્ષિપેટમાં તીવ્ર વેદના, શ્વાસ, ખાંસી, તાવ આ વગેરે રોગોની વેદનાઓ સાતસો વરસો સુધી આર્તધ્યાન કર્યાવગર સમભાવે સહન કરી, તે સનત્કુમાર રાજર્ષિ એમ વિચારતા હતાકે - "પૂર્વે કરેલા દુષ્પ્રતિકાર્ય કર્મોને ભોગવ્યા પછી જ મોક્ષ થાય છે. ભોગવ્યા વગર તપશ્ચર્યા કે પ્રાયશ્ચિત કર્યા વગર કર્મ ક્ષય પામતાં નથી કે મોક્ષ થતો નથી."

અહિં શંકા કરી કે - વ્યાધિની વેદના સહન ન કરી શકે, તેવાને સંયમના યોગો સીદાય છે અને આર્તધ્યાન થાય છે, ત્યારે શું કરવું ? તેના પ્રત્યુત્તરમાં જણાવે છે કે - આર્તધ્યાનના ભાવમાં અને સંયમયોગો પણ સાધી ન શકે, ત્યારે શાસ્ત્રમાં કહેલા વિધિથી ચતુર વૈદ્યાદિને બોલાવી તે વ્યાધિનો પ્રતિકાર કરનાર ચિકિત્સા આદિક ઉપાયો કરવા. જો પ્રતિકારના ઉપાય ન કરવામાં આવે, તો વ્યાધિની શાંતિ થાય નહિં, બલ્કે વ્યાધિની વૃદ્ધિ થાય. (૫૪૩)

શંકા કરીકે, કોઈક સાધુ આદિ નક્કર કારણને આશ્રીને રોગનો પ્રતિકાર કરે તો તેથી તેને નિર્જરા થાય કે કેમ ? તે કહે છે.

૫૪૪ - ગૃહસ્થ સંબંધી વ્યવહારનાં કાર્યો હોય, કે સાધુ સંબંધી ધર્માનુજ્ઞાનો હોય, તેમાં માયા-કપટ ન જ પ્રવર્તવા જોઈએ. અને પરમાર્થથી તો વ્રતના પરિણામ સહિત ધર્મ-પ્રાપ્તિ થાય, તેમાં તો બિલકુલ કપટભાવ ન હોવો જોઈએ. શાથી ? તો તે સર્વ બીજા પ્રિયપદાર્થોથી અધિક એવા આત્માનો યથાર્થ સાચો બોધ મેળવનાર ધીરપુરુષ આ જગતમાં કદાપિ તે આત્માનો દ્રોહ ન કરે. (૫૪૪)

આ કેવી રીતે અને કેમ ન કરે ? તે કહે છે –

૫૪૫ - વીશ કોડી બરાબર એક કાકિણી. ક્રોડ સોનામહોરનો ત્યાગ કરીને કાકિણી નાણુંગ્રહણ કરવા સમાન અંતરાયાદિ પ્રચુર અશુભ કર્મ ઉપાર્જન કરવું, તે ધર્મ-ધન મેળવેલા માટે યોગ્ય ન ગણાય. નિષ્કલંક વ્રત-પરિણામ પામેલા ચારિત્ર ધર્મવાળાહંમેશાં ધર્મને જ સારભૂત માનનારા હોય છે. તેમને કપટભાવ હોતો નથી. ક્રોડ સોનૈયા સમાન નિર્જરાનો અયોગ કરીને કપટભાવ-પ્રધાન વર્તન કરવું, તે તો માત્ર પોતાની પૂજા, કીર્તિ, ગૌરવ આદિ આ લોકના પૌદ્ગલિક લાભ મેળવવા, તે કાકિણીના તુચ્છ નાણા-સમાન છે. આ કારણે ધન્યાત્મા તેવા કપટભાવથી ધર્માચરણ કરતો નથી. (૫૪૫)

અહિં પુષ્ટિ કરનાર બીજી યુક્તિ કહે છે –

## વ્રતપરિણામનું સ્વરૂપ

૫૪૬ - આત્મામાં જીવદયાદિરૂપ ગુણસ્થાનકના પરિણામ હોય, વળી યોગ્યાયોગ્યની વહેંચણી કરવામાં ચતુર બુદ્ધિ ધરાવતોહોય, તો પણ તે હંમેશાં ઘણા ભાગે ધર્મ એ જ માત્ર સાર છે' એવી પરિણતિવાળો થતો નથી. કેટલીક વખત મહાન પુરુષોને પણ કૃત્યમાં-કરવા લાયક ધર્મકાર્યમાં પણ અકાર્યબુદ્ધિ થાય છે. આ વિષયમાં બીજા આચાર્યોનું માનવું બીજું પણ થાય છે,તે કહે છે - સ્વર્ગ -અપવર્ગાદિ ફલ પ્રાપ્તિની અપેક્ષાએ તે અવશ્ય તેવી ગુણસ્થાનકની પરિણતિમાં તેમ થાય છે. કહેવાની મતલબ એ છેકે નિરતિચાર વ્રત-પરિણામવાળા પ્રાણીઓ 'આ જિનેશ્વરેકહેલું છે.' એ પ્રમાણે શ્રદ્ધા કરનારો હોવા છતાં પણ કોઈક પદાર્થમાં અજ્ઞાનતાની બુહલતાથી કે પ્રજ્ઞાપકના દોષથી વળી શ્રદ્ધાવાળો થયો હોય, તો સમ્યક્ત્વાદિ ગુણનો ભંગપાત્ર બનતો નથી. તે માટે કહેલું છે કે - "સમ્યગ્દૃષ્ટિ જીવ જિનશ્વરે પ્રરૂપેલ પ્રવચન તેની શ્રદ્ધા કરે, વળી ગુરુનિયોગના કારણે પોતે પદાર્થનો અજાણહોય અને ગુરુએ કહેલા અસદ્ભાવ-અછતા પદાર્થની પણ શ્રદ્ધા કરે." તો તેના સમ્યક્ત્વને બાધા આવતી નથી. એમ તાત્પર્યાર્થ સમજવો. બુદ્ધિ હોય તો, વ્રતપરિણામનું ફલ જરૂર મેળવેજ છે. (૫૪૬)
અહિં હેતુ કહે છે –

૫૪૭ - દેશવિરતિ કે સર્વવિરતિ ચારિત્ર-પાલનથી નારક, તિર્યંચરૂપ દુર્ગતિ તથા કુમનુષ્યપણું, હલકા દેવપણે ઉત્પન્ન થવું અને તેવા સ્થાપનમાં જે દુઃખાનુભવ કરવો પડે, તે જીવને કદાચિત્ પણ ન થાય. તે કારણથી મોક્ષમાર્ગને અનુકૂલ એવી જ પ્રવૃત્તિ કરનારો તે જીવ વ્રત-પાલન કરવાના પરિણામવાળો હોય એટલે ગુણસ્થાનકની પરિણતિવાળો તે

જીવહોય. તે માટે દષ્ટાંત કહે છે કે - 'નેત્રના વ્યાપાર વગરના અંધ જીવની જેમ, અશાતાવેદનીય કર્મના ઉદય વગરનો હોય, માર્ગમા ચોર, લુંટારાના ઉપદ્રવ વગરનો હોય, પાટલિપુત્ર વગેરેના માર્ગે જવાની પ્રવૃત્તિવાળો બની શકે છે. જેમ અશાતાના ઉદય વગરનો નિરુપદ્રવ માર્ગે પહોંચી શકે છે, તેમ વિપરીત અથવા દુર્ગતિમાં જવાય તેવા કાર્યથી અટકેલો હોય, તે મોક્ષમાર્ગ તરફની પ્રવૃત્તિ કરતો હોય છે. (૫૪૭)

આ જ અર્થને આશ્રીને ઉદાહરણોની પ્રસ્તાવના કરતા કહે છે —

૫૪૮ - જેમને સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ ગુણસ્થાનકો પરિણામ પામ્યા છે એવા ગુણસ્થાનકવાળા જીવોના વ્રત વિષયક તથા વ્રતોના દાન, આદિશબ્દથી વ્રત ન આપવા ઇત્યાદિક તીક્ષ્ણબુદ્ધિથી સમજી શકાય તેવાં ગંભીર ઉદાહરણો સિદ્ધાંતમાં નિરૂપણ કરેલાં છે. (૫૪૮) **દષ્ટાન્તોનો સંગ્રહ કહે છે —**

૫૪૯ - શ્રીપુર નગરમાં શેઠ અને પુરોહિતની પુત્રીઓ શ્રાવકનાં અણુવ્રતોનું પાલન કરતા અને નિપુણ નીતિપૂર્વક એવી રીતે પ્રવૃત્તિકરતા હતા કે જેથી ઉત્તરોત્તર કલ્યાણની પરંપરા પ્રાપ્ત કરી-એમ પૂર્વાચાર્યોએ શાસ્ત્રોમાં નિરૂપણ કરેલું છે. (૫૪૯)

હવે તે જ દષ્ટાંત ૪૯ - ઓગણપચાસ ગાથાથી કહે છે —

## શ્રીમતી અને સોમા શ્રાવિકા

૫૫૦ થી ૫૯૭ જેના ઉંચા ઉજ્જવલ કોટનાં શિખરોએ આકાશના અગ્રભાગને પરિચુંબિત કરેલા છે, એવા, જેમાં ત્રણ ચાર માર્ગો સુવ્યવસ્થિતરીતે વિભાજન કરેલા છે, અનેક દુકાનો અને ચૌટાના સમૂહવાળા, વિશાળ હાટના માર્ગોથી યુક્ત, જયાં ધમધોકાર વ્યાપાર ચાલી રહેલો છે, એવા પ્રકારનું ભુવનની લક્ષ્મીનું જ જાણે નગર ન હોય તેવું શ્રીપુર નામનું નગર હતું. તે નગરમાં ઘરે આવેલાને પ્રથમ 'આવો પધારો' એમ પ્રથમ બોલાવનાર, પરોપકારી, દાક્ષિણ્યયુક્ત સુંદર વર્તનવાળા અતિકૃતજ્ઞ, સધ્ધર્મકર્મ-મુક્ત એવો પુરુષવર્ગ હતો. દેવાંગનાઓના રૂપને જિતનાર, મનોહર ઉત્તમ વેષભૂષાથી સુંદર, સૌભાગ્યવંતી, ઉત્તમ શીલાલંકાર ધારણ કરનાર સ્ત્રીવર્ગ હતો. ત્યાં મનોહર સમાન સર્વાંગ સુંદર દેહવાળો, પ્રશસ્ત આચરણના કારણે ઉપાર્જન કરેલકીર્તિવાળો પ્રિયંકર નામનોરાજા હતો. નવીન કમલના સમાન મુખવાળી બાલહરિણ સમાન નેત્રવાળી, ચંદ્રસમાન નિર્મલ શીલવાળી, નવીન નવીન ગુણો મેળવવામાં ઉદ્યમી, આખા અંતઃપુરમાં પ્રધાન, દેવાંગનાના રૂપને હસી કાઢનાર બ્રહ્માજીને જેમ સાવિત્રી તેમ તેને સુંદરી નામની પ્રિયા હતી. વળી તે નગરમાં સજ્જન વર્ગના મનને આનંદિત કરનાર, અતિપ્રૌઢ વૈભવશાળીકુબેરના ધનભંડારને નાનો કરનાર એવો નંદન નામનો શેઠ હતો. ઉત્તમકુળમાં જન્મેલી, લજ્જાનું મંદિર, આનંદપૂર્ણ મનવાળી, સજ્જનવર્ગ વડે પ્રશંસા કરાતા શીલાદિગુણવાળીરતિ નામની ભાર્યા હતી. તેઓને ઉત્તમ લક્ષણોથી અંકિત દેહવાળી શ્રીમતી નામની પુત્રી જન્મી હતી, જે બાલ્યકાળથી જિનધર્મ વિષે એકાગ્ર મનવાળી હતી.તે નવાં નવાં સૂત્રોનો હંમેશાં અભ્યાસ, તથા ભણેલાનું પરાવર્તન, અનુપ્રેક્ષા આદિ

યથાશક્તિકરતીહતી. એમ કરતાં ભવભ્રમણથી વૈરાગ્ય પામી. ગુણી લોકોના સમાગમથી રાજી, પારકી નિંદાથી રોષાયમાન થતી હતી. શીલાલંકારથી હંમેશાં પોતાના કુળને દીપાવતી હતી. તેને સોમા નામની પુરોહિત-પુત્રી પ્રિય સખી હતી.કાળ જતાં તે બંનેને કોઈ દિવસ છૂટી ન પડે તેવી પ્રીતિ વૃદ્ધિપામી. તે બંનેને ધર્મવિચાર ગમે તે કારણે પ્રવર્તતા હતા, શ્રીમતીના પ્રતિબંધ મમત્વભાવથી સોમા પોતાના ધર્મથી પાછી હઠી અર્થાત તેનું મિથ્યાત્વ દૂર થયું. સમગ્રકુશળ-પુણ્યનાહેતુભૂત એવું સમ્યક્ત્વ પ્રાપ્ત થયું અને બાળકો ધૂળમાં ઘરની બનાવટ કરી રમત રમે, તેમ ભવ અસાર લાગવા લાગ્યો પોતાની શક્તિની તુલના કરતી એવી તેને અણુવ્રતોગ્રહણ કરવાની બુદ્ધિ ઉત્પન્ન થઈ. વળી તેણે શ્રીમતી સખીને કહ્યુ કે, 'હે સખિ ! જે વ્રતો, નિયમો તારે હોય, તે મને પણ હો.' એ પ્રમાણે મને વ્રતો અંગીકાર કરાવ, એટલે સમાન ચરિત્રવાળા ધર્મપાલન કરવામાં સમાન ચિત્ત થાય, જેથી ગતિ પણ સમાન જ થાય, શ્રીમતીએ સોમાને કહ્યું કે, 'જેઓ, વ્રત, નિયમ, ધર્મ આગળ પોતાના પ્રાણને પણ તૃણ સરખાગણે છે, એવા ધીર આત્માઓ જ આ વ્રતો પામી શકે છે, પણ બીજા અલ્પપુણ્યવાળા આ વ્રત-નિયમો પામી શકતા નથી.બીજું તારો બંધુવર્ગ બળવાન અસહ્ય છે, તે તને ઉપસર્ગ કરશે. તે સમયે ઝુંટણ વણિકે ઝુંટણ પશુનો જેમ ત્યાગ કર્યો, તેમ તું પણ ક્ષણવારમાં ગ્રહણ કરેલાં વ્રતનો ત્યાગ કરે, તો તે ઘણુ દુઃખ આપનાર થાય., માટે હે ભદ્રે ! તારી ઇચ્છા અને શક્તિ પ્રમાણે પાળી શકે, તેટલાં જ વ્રતો ગ્રહણ કર. ત્યારે સોમાએ શ્રીમતીને કહ્યું કે, આ ઝુંટણ વણિક કોણ હતો ? અને તેણે[1]ઝુંટણ પશુનો કેવી રીતે ત્યાગ કર્યો ? તે જાણવાનું મને ઘણું કુતૂહલ થયું છે, તેથી અનુગ્રહ કરીને મને તે કહો, નહિંતર આ કરવું યોગ્ય ગણાશે નહી. એટલેપ્રસન્ન વદનવાળી શ્રીમતી કહેવાલાગી કે –

## ઝુંટણ વણિક્‌ની કથા

"હે સૌમ્ય ! શાંત બનીને એકાગ્ર ચિત્તથી તું આ વાત સાંભળ. અંગકિકા નામની નગરીમાં ધન નામના શેઠ હતા. તથા સ્વામીપુરમાં શંખસમાન ઉજજવલ ગુણવાળા શંખ નામના શેઠ હતા. કોઈ સમયે વ્યવસાય માટે અંગકિકા નગરીએ ગયા. તેણે ધન શેઠની સાથે મોટી રકમની લેવડ-દેવડનો વેપાર કર્યો અને તેને ત્યાં સર્વ અવસરે હિતકારક બની ઘણા દિવસ રોકાઈને રહ્યો. ૯૨૫) હંમેશાં એકબીજાના દર્શનથી તથા પરસ્પર મનને અનુસરવાથી, દાન પ્રતિદાન આપ લે કરવાથી તેઓ બંને વચ્ચે અતિગાઢ પ્રીતિંબંધાઈ. જગતમાં પુત્રનિધિ, મિત્રનિધિ, ધર્મનિધિ, ધનનિધિ અને શિલ્પ-કળાનિધિ એમ પાંચ નિધિઓ ગણાય છે, પરંતુ તેમાં તેઓ મિત્રનિધિને અધિક ગણતા હતા. આપણી આ પ્રીતિ દૃઢ થાય, તે માટે આપણી પ્રજાનો વિવાહ અરસપરસ થાય, તો અતિશય ઉત્તમ અને દૃઢ પ્રીતિ કાયમ માટે ટકી રહે. તો જ્યારે આપણે ત્યાં તેવા પુત્ર-પુત્રીઓનો યોગ થાય, ત્યારે તેનો પરણાવવાનો વિધિ

---

૧ જે પશુ મનુષ્યની ગરમીથી જીવી શકે છે અને તેનાં રૂંવાડાંથી બનેલાં વસ્ત્રો-કામળી ઘણી કિંમતી હોય છે. તે પશુ કુતરાની આકૃતિવાળો, બોકડાની જાતિનો, ચારપગવાળો પશુવિશેષ (ઘેટો) હોય છે.

આપણે નક્કી કરવો.

આ પ્રમાણે વિવાહ કરવાનું નક્કી કરીને ચોમાસાના કાળમાં પોતાના સ્થાનકે ગયા. અનુક્રમે કેટલાક સમય પછી ધનશેઠને ત્યાં પુત્રનો જન્મ થયો. વળી શંખને ત્યાં શરદચંદ્રના બિંબ સમાન વદનવાળી આહ્લાદ આપનાર પુત્રી જન્મી. બંને યૌવનવય પામ્યા, એટલે તેમનો વિવાહ કર્યો. શંખની પુત્રી સમય થયો એટલે સાસરે ગઈ. ત્યાં લોકોના જ્ઞાતિના જાણવા માટે પોતાની વૈભવાવસ્થાને ઉચિત તેનો મહોત્સવ કર્યો. વિષયો ભોગવતા એવા તેઓના દિવસો અતિઆનંદમાં પસાર થવા લાગ્યા. ત્યાર પછી કેટલાક દિવસે તેમના ઘરમાં દારિદ્રયનો પ્રવેશ થયો. અંધકારથી જેમ કમલવન શિશિર કાળમાં તારાની જ્યોત્સ્ના શોભા વગરના થાય છે, તેમ શેઠના ઘરમાં ગૃહકાર્યો નિસ્તેજ બની ગયાં. હવે પુત્રવધૂ વિચારવા લાગી કે, 'આ દરિદ્રતાનો પ્રભાવ કોઈ અપૂર્વ જણાય છે કે - પર્વતના શિખર કરતાં પણ જે મોટો દેખાતો હોય, તે પણ લક્ષ્મીપતિઓને તણખલા સમાન દેખાય છે અને જાણે પહેલાં ઓળખતા ન હોય, દેખ્યો ન હોય તેવું વર્તન કરે છે. ગમે તેટલી જાતિ ઉત્તમ હોય, રૂપવાન હોય, વિદ્યા હોય આ ત્રણે ગુણો પૃથ્વીના પોલાણમાં પેસી જાય છે. જો ધન વર્તતું હોય, તો ગુણો પ્રગટ થાય છે. આ વગરે ચિંતા-પરવશ બનેલી હૃદયવાળી પત્નીએ કહ્યુ કે - 'આ દરિદ્રતા રૂપી ઝેરનો નાશ કરવા માટે બીજો કોઈ માર્ગ નથી. દરરોજ આપણો પ્રભાવઘટતો જાય છે. વૈભવ ક્ષીણ થયો હોય, તેને માત્ર ભોજન મેળવવું પણ મુશ્કેલ બને છે, તો તમે સાસરાના ઘરે જાઓ અને એક ઝુંટણક (ઘેટા) પશુની માગણી કરો. તે કૂતરાના આકારનું બોકડાની જાતિનું ચારપગવાળું જાનવર-પશુ હોય છે. હું તેના રોમાવડે છ માસમાં એક કંબલરત્ન કાંતી આપીશ, જેથી તેના એક લાખ સોનૈયા ઉત્પન્ન થશે. તે પશુ હંમેશાં મનુષ્યના શરીરની ગરમીથી જીવી શકે છે, તેને ક્ષણવાર પણ તારા શરીરથી છૂટું ન મૂકવું. માર્ગમાં આવતા કેટલાકખોટા બળવાન મૂર્ખ લોકો મળી જાય, તેઓ હર્ષથીતાળી વગાડી મશ્કરી કરે, તો પણ તમારે તે પુશનો ત્યાગ ન કરવો તમારે તમારા પોતાના કાર્યમાં એકાગ્ર ચિત્ત રાખવું, 'શું જૂ પડશે એ ભયથી અહિં કોઈ વસ્ત્રનો ત્યાગ કરે છે ?'

આ વાતનો સ્વીકાર કરીને તે શ્રીસ્વામી નામના નગરે ગયો. અનુક્રમે સાસરાના ઘરે ગયો એટલે ત્યાં તેનું ગૌરવ કર્યું. સમય મળ્યો એટલે આવવાનું પ્રયોજન અને એકલા કેમ આવવું થયું તે પણ પૂછયું. એટલે પોતાના ઘરનો સર્વ વૃત્તાન્ત શ્વસુરપક્ષના લોકોને કહ્યો. અક્ષયનિધિ સમાન સમર્થ શરીરવાળા તે ઝુંટણ (ઘેટા) પશુને પ્રાપ્ત કર્યું. શ્વસુરપક્ષના લોકોએ પણ કહ્યુ કે, 'આત્માધિક ગણી તેને ખૂબ જ જાળવવું. લોકો મશ્કરી કરશે, મુર્ખ ગણશે, તો પણ તેને છોડીશ નહિં' એમ શિખામણ આપી. અનુક્રમે પોતાના નગર તરફ જવા લાગ્યો. માર્ગમાં લોકો તેનું હાસ્ય કરતાહતા. તેમ કરતાં પોતાના નગરની બહાર બગીચામાં ગામલોકની લજ્જાથી હીનપુણ્યના કારણથી તેને છૂટો મૂક્યો ઉત્સુકતાથી ગૃહાંગણમાં પગ મૂકતાં તેની ભાર્યાએ તેને દેખ્યો. ભાર્યાએ જાણ્યું કે, નક્કી લક્ષણ વગરનાઓ આણે કાર્યનો વિનાશકર્યો. પૂછયું કે,તે ઝુંટણક પશુ (ઘેટો) મેળવ્યું કે નહિં ? હા. તો કે ક્યાં મૂક્યું, તો

કે બહાર એટલે પત્નીએકહ્યું કે, નિર્ભાગ્ય-શિરોમણિ તમો છો. તરત તેને લઈ આવવા પતિએ જણાવ્યું. પત્નીએ કહ્યુ કે, 'પવન અને બીજાનો સ્પર્શ થવાથી અત્યારે તે મૃત્યુપામ્યું હશે.' તે પત્ની ઉતાવળા પગલે ત્યાં પહોંચી અને જ્યાં દેખે છે, એટલામાં તો તેના શરીર ઉપર રૂંવાડાનો સમૂહ નિસ્તેજબની ગયો.

ત્યાર પછી તેનાં રૂંવાડાં કાપી લીધાં અને તેની કામળી કાંતીને તૈયારકરી, પરંતુ અલ્પમૂલ્યવાળી બની. શ્વસુરના ઘરે બીજો માગ્યો, પણ ન મેળવી શક્યો. 'હે સોમે ! ઝુંટણુક (ઘેટા) સમાન આ ધર્મ ગ્રહણ કર્યા પછી તારો સ્વજનવર્ગ તારા આ ધર્મ-સ્વીકારીને કારણે હાસ્યકરનાર થશે, ગ્રહણ કર્યાપછી તેના પરિત્યાગમાં આ લોકમાં અને ભવાંતરમાં ફરી આ મળવો દુર્લભ થાયઅને અહીં પણ તેનાં માઠાં પરિણામો ભોગવવાં પડે. આ કારણથી તને આ ધર્મ આપવા યોગ્ય નથી. આ ધર્મ ન આપવામાં પણ તેઓનું અને તારું હિત છે. નહીતર અતિગાઢ રોગથી જેઓ પીડાતા હોય, પરંતુ અકાલે જો ઔષધ આપવામાં આવે, તો તે અનિષ્ટ ફલના કારણરૂપ થાય છે.' આ પ્રમાણે શ્રીમતીએ કહ્યું. એટલે ચંદ્ર સમાન સૌમ્ય મુખવાળી સોમા કહેવા લાગી કે - 'સર્વે પ્રાણીઓ તેવા હોતા નથી. જગતમાં એવા પણ કેટલાક હોય છેકે, જેઓ સમુદ્રના જળની ગંભીરતા સરખી ગંભીર બુદ્ધિવાળા અને મેરુપર્વત સરખા કાર્યમાં અડોલ તેમ જ બાલિશ જનોના મૃદુ આલોપોને ગણકારતા નથી. વિવિધ પ્રકારનાં આખ્યાનકોમાં કુશલ એવી તેં ગોબર વણિકનું કે, જે મૂર્ખાઓના વચનની અવહેલનાની દરકારકર્યા વગર પોતાના કાર્ય સાધવામાં તત્પર બન્યો. તે આખ્યાનક સાંભળ્યું નથી ? તો શ્રીમતીએ કહ્યુ કે - 'મૂર્ખોના વચનને અવગણીને જેણે પોતાનુ કાર્ય સાધ્યું, તે વણિકકોણ અને કેવો હતો ? ત્યારે સોમા કહેવા લાગી કે -

## ગોબર વણિક - કથા

ધનવાન લોકોથી યુક્ત એક વિશ્વપુરી નામની નગરી હતી. તેમાં ઘણું ધન ઉપાર્જન કરેલ દત્ત નામનો શેઠ હતો. પુણ્યની હાનિ થવાના કારણે કોઈક કાળે દરિદ્રપણાને પામ્યો. નિરંતર મનોરથો અપૂર્ણ રહેવાથી તે વિચારવા લાગ્યો કે, 'કયો ઉપાય એવો છે કે જેથી હું ફરી પણ વૈભવનો સ્વામી બનું ?' તે સમયેપોતાના પિતાનું વચન યાદ આવ્યું કે, 'હે પુત્ર ! કદાચ કોઈ પ્રકારે વૈભવ ન હોય, તો કાષ્ઠની પેટીના સજ્જડ મધ્યભાગમાં તાંબાની એક કરંડિકામાં-મંજૂષામાં તારા માટે એક પટ્ટક લખીને રોકેલો છે, તે તારે એકલાએ નિરીક્ષણ કરવો અને આ વાત કોઈ પાસે પ્રકાશિત ન કરવી. માત્ર અંદર કહેલું કાર્ય અતિનિપુણ મનથી તારે કરી લેવું. લખ્યા પ્રમાણે કરીશ. તો સર્વ બાજુથી તને લક્ષ્મી પ્રાપ્ત થશે. એ પ્રમાણે પિતાના વચનને સંભારતો કોઈ ન જાણે તેવી રીતે એકાંતમાં તે પેટી ઉઘાડીને અદંરની ડાબડી કાઢીને તેમાંનો પટ્ટક વાંચ્યો. અંદર લખેલું હતું કે - 'ગોમય નામના દ્વીપમાં રત્નનું તૃણ ચરનાર એવી ગાયોનો સમુદાય સર્વત્ર ચરે છે. આ દેશમાંથી જો ઉકરડામાંથી ખાતર ત્યાં લઈ જવામાં આવે અને તે પ્રદેશમાં નાખવામાં આવે, તો તેના ઉષ્ણ સ્પર્શના લોભથી રાત્રિ-સમયે તે ગાયો ત્યાં આવશે અને ત્યાં છાણના પોદળા મૂકશે તે પોદળાને મોટા ઉદ્ભટ અગ્નિ વડે

જલાવવામાં આવે, તો તેમાંથી કિંમતી પાંચે વર્ણના રત્નો ઉત્પન્ન થશે. આ પ્રમાણે પટ્ટ વાંચીને અર્થ સમજ્યો, એટલે તે વિચારવા લાગ્યો -

બુદ્ધિશાળી બીજા હિતકારી પુરુષોના વચનોમાંકદાપિ ફેરફાર ન હોય, તો પછી એકાંત વાત્સલ્ય-ભક્તિવાળા મારા નિપુણ પિતાજીની તો વાત જ શી કરવી ? કાર્યના પરમાર્થનો વિનિશ્ચય કર્યાપછી નગરમાં ઘોષણા કરાવે છે કે - 'મારી પાસે બુદ્ધિ પુષ્કળ છે, પરંતુ વૈભવ નથી, તો શું કરું ?' આ પ્રમાણે માર્ગમાં ત્રણ-ચાર માર્ગોમા, ચોક-ચૌટામાં બોલતો બોલતો ભ્રમણ કરતો હતો. લોકોએ કલ્પના કરી કે, 'બાપડો વૈભવ-રહિત થયેલો હોવાથી આમ વ્યાકુળ બની ગયો છે. '(૭૫) તે નગરના સ્વામી રાજાએ સાંભળ્યું અને તેને કૌતુક થયું, તેને બોલાવ્યો. છેવટે ધન આપવાનું નક્કી કર્યું. એક લાખ સોનામહોરો ગ્રહણ કરીને દેખાવનું ગાંડપણ કંઈક ઓછું કર્યું. ગોમયદ્વીપના માર્ગના જાણકાર એક નિર્યામકને સાથે આવવાનું નક્કી કર્યું. ગામ, ખાણ, નગર વગેરેના ઉકરડાના કચરા વહાણોમાં ભર્યા. લોકો બોલવા લાગ્યા કે, 'આ બેમાંરાજા ગાંડો થયો છે કે શું ? કે જે આવાને ધન આપે છે અને ધનનો ઉપયોગ કચરો ભરીને સામે પાર વેપાર કરવા લઈ જાય છે.' હવે આ પણ અહીંથી પ્રયાણ કરવા પૂર્વક લોકોના વચનની અવગણના કરીને નિર્વિઘ્ને તે દ્વીપે પહોંચી ગયો. પટ્ટમાં લખેલ હતું, તે પ્રમાણે સર્વ અનુષ્ઠાન કર્યું. (૮૦)

ગાયો જોવામાં આવી. તે ગાયોનું ઘણું છાણ ગ્રહણ કરીને વહાણો ભર્યાં અને જલ્દી પોતાના દેશમાં આવ્યો. સમુદ્રકિનારે સર્વેવહાણોમાંથી છાણ નીચે ઉતાર્યું રાજાને મળ્યો.રાજાએ આદર-ગૌરવપૂર્વક પૂછ્યુંકે, 'પ્રાણોનો સંશય થાય, તેવું સાહસ કરીને બીજા દ્વીપે ગયો હતો, તો તે દ્વીપાન્તરમાંથી શું કરિયાણું અહીં આણ્યું છે ?' તેણે કહ્યુ કે, 'હે દેવ ગોબર-છાણ લાવ્યો છું.' 'શું આ ગાંડો છે ? એ હકીકત સત્ય જ છે કે શું ? અથવા તોહવે કાર્ય થવાનું થઈ ગયું, જે થયું તે ખરું આની પાસેથી દાણ ન ગ્રહણ કરવું' એમ વિચારી તેનું વહાણ શુલ્ક વગરનું કર્યું 'આપની મહાકૃપા' એમ કહ્યું.રાજા અને લોકો તેન હસવા લાગ્યાકે, 'ધિક્કાર થાઓઆના ગાંડપણને જેના પ્રસાદયોગે આવો અપૂર્વ લાભ મેળવ્યો, ડાહ્યો છતાં ગાંડામાં ખપીલોકોના અપમાનને હીલનાને સહન કરીને તે છાણાના પિંડાઓ પોતાની ઘરમાં દાખલ કરાવી દીધા. ત્યાર પછી અગ્નિ પ્રજવલન કરી રત્નો બનાવ્યાં રાજા પાસેથી જે લાખ દીનાર-સોનામહોરો ગ્રહણ કરી હતી.તે બમણી કરીને રાજાના ભંડારમાં પાછી આપી. હવે તેને અહિં વેપાર કરવાનો અધિકાર મળી ગયો. દરરોજ રત્નોનો મોટો વેપાર કરવા લાગ્યો, તેનાપ્રભાવથી ભુવનમાં ભોજન, વસ્ત્રાદિ વસ્તુઓનો ભોગ ભોગવનારો તથા બંધુ, મિત્ર,તેના રહેવાસી લોકોવડે પૂજનીય બન્યો. ઇચ્છિત પદાર્થ પ્રાપ્ત કરવા વડે મનનાં સંતોષને પામેલોબન્યો. જેમ તે પિતાના નિરૂપણ કરેલા પટ્ટકમાં લખેલા અર્થથી નિશ્ચલ બન્યો, તેમ જ ચિંતવેલા મનોરથોથી અધિક ભાવ પામ્યો.તેમ પટ્ટક સમાન જિનેશ્વરની આજ્ઞાનો નિશ્ચય કરનાર કોઈકકદાચ ક્યાંક મુર્ખ લોકોથી હીલના-તિરસ્કારપામતો હોય, તો તેથી આ જિનેશ્વરનો ધર્મ આચરવાને માટે તે અયોગ્ય બની જાય છે ? તે વાત તું જ મને કહે. ધનવાન લોકોને એકલા પોતાના પેટ ભરનારા બનવું, તે અનુચિત છે. અર્થાત્ તું એકલી જ ધર્મ કરે

અને બીજાને ન કરાવે તે તારા માટે ઉચિત ન ગણાય. શ્રીમતી સોમાના વચનની નિપુણતાથી સંતોષ પામેલીકહેવા લાગી કે, 'ધર્મ-દાન કરવા માટે તું યોગ્યપાત્ર છો, નહિંતર બીજા કોણ આવાં વચન બોલી શકે ? આ ધર્મ તો હું તને માત્ર કહી શકું છું.' આપી શકતી નથી, ગુરુમહારાજ જ ધર્મ આપી શકે છે, એટલે શ્રીમતી સોમાને સાધ્વીજીના ઉપાશ્રયમાં લઈ ગઈ, એટલે ત્યાં પ્રવર્તિનીનાં દર્શન થયાં. તે કેવા ગુણવાળાં હતાં ? તે કહે છે –

જેણે પોતાના શીલની શુદ્ધિ રૂપગંગાના પ્રવાહથી ત્રણ લોકને નિર્મલ કર્યા છે, અથવા તેના શીલની કીર્તિ ત્રણે લોકમાં ફેલાઈ છે.લજ્જા, મર્યાદા,સંયમાદિ રૂપ ગુણોનો પ્રત્યક્ષ પુંજ હોય તેવી, જેણે વિહિત અનુષ્ઠાન માટેસારી રીતે લીન બની એકાગ્ર મન સ્થાપન કર્યું છે, રાજાના-શ્રીમંતોના કુલોમાં જન્મેલી સુકુમાર કાયાવાળી, બીજી પણ અનેક સાધ્વીઓના ગુરુપણાને પામેલી, અતિસુકુમાર દેહના રૂપ,વર્ણ,શરીરની કાંતિ દઢસંયમના કારણે વૃદ્ધિ પામેલાં હતાં. અસુરો, દેવો, ખેચરોની સ્ત્રીઓને પ્રાપ્ત કરેલ મંગલ લાવણ્યાદિકને એક પગલે જ નિર્ભત્સના સ્થાનને પમાડતા હતા. (૧૦૦)

કોકિલાઓનાં કુલથી પણ અતિકોમલ સ્વરથી કર્ણામૃત ઝરાવતાં વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, સ્વાધ્યાય રૂપ પાંચ પ્રકારના મધુર શબ્દથી અનુષ્ઠાન કરતાં એવા પ્રવર્તિનીને દેખ્યાં. પૂર્ણ આદરથી મસ્તક મદિતલમાં સ્પર્શ થાય, તેવી રીતે તે સાધ્વીને વંદના કરી, તેમ જ નજીકમાં બીજાં સાધ્વીઓ હતાં, તેમના તરફ પણ ધર્મસ્નેહ-દષ્ટિથી અવલોકન કર્યું. તે સમયે બોલવા લાયક વચનો લાંબાકાળ સુધી બોલ્યાં. દાનાદિક ચાર પ્રકારનો ધર્મ સમજાવ્યો. તે આ પ્રમાણે - "દાન, શીલ, તપ અને ભાવના એવા ચાર પ્રકારનો ધર્મ છે. તેમાં જ્ઞાનદાન, અભયદાન, ધર્મોપગ્રહદાન અને અનુકંપાદાન-એમ દાન ચાર પ્રકારનાં છે. તેમાં જ્ઞાનદાન તેને કહેવાય કે મોહની અધિકતાવાળા જીવોને તથા તત્ત્વની ચિંતા રહિત એવા પ્રાણીઓને ભદ્રિક સુંદર વચનો કહીને તેના આત્મામાં સુંદર બોધ ઉત્પન્ન કરવો. આ વિષયમાં સ્વ-પર શાસ્ત્રોને જાણનારા કુશલગુરુમહારાજાએ ભવ્યજીવોને જે જ્ઞાન આપવું, તેનું નામ જ્ઞાનદાન જગતમાં સહુ કોઈ જીવોને પોતાના પ્રાણો અધિક વહાલા હોયછે. તેથી તેઓને પ્રાણદાન કરવારૂપ અભયદાન આપવું-તેદેશથી અને સર્વથી એમ બે પ્રકારના અભયદાન જાણવાં. જે ધર્મ કરનારા અને ધર્મમાં મન રાખનારા એવા સાધુઓ અને શ્રાવકો અને ભગવંતના વચનમાં યથાર્થ શ્રદ્ધા રાખનારા એવા સમકિતવંત આત્માઓને અન્ન-પાન, વસ્ત્ર, પાત્ર, ઔષધ આદિ ધર્મમાં ઉપકાર કરનાર વસ્તુનું પાત્રાનુસાર જે દાન કુશળ ચિત્તથી આપવું. તે ધર્મોપગ્રહદાન જે દુઃખીઓ, ખરાબ સ્થિતિવાળા રોગી, અપંગ હોય, તેમને દુઃખ નિવારણ થાય,તે પ્રમાણે ઉચિત ઉપકાર કરવા રૂપ અનુકંપાદાન. આ પ્રમાણે દાનના પ્રકારો સમજાવ્યા.

જે ઇન્દ્રિય, મનના વિકારોનો ત્યાગકરવો, ચારે કષાયોનો જય કરવો, ચિત્તને સમાધિમાં રાખવા લક્ષણ શીલ ધર્મ કહેલો છે. કર્મક્ષયકરવાના કારણભૂત એવા ઉપવાસાદિક અનેક પ્રકારના તપ કરવા, આ તપ પણ ગ્લાનિખેદ પામ્યા વગર તેમ મરવાની કે જીવવાની

કોઈ અભિલાષા રાખ્યા વગર, વિવેકી આત્માઓએ ગુરુની આજ્ઞાનુસાર વિધિ પ્રમાણે કરવા જે જીવિત ધન, યૌવન આદિ જગતના પદાર્થો અનિત્ય ક્ષણભંગુર અને પાપ બંધાવનારા છે, તે પ્રમાણે બાર ભાવનાઓ ભાવવારૂપ ભાવનાધર્મ સમજવો. આ ધર્મ સમગ્ર સુખની ખાણ સ્વરૂપ સમજવો. ચારે પ્રકારનો આ ધર્મ પાર વગરનાં સંસારરૂપ ખારા જળવાળા સમુદ્રને તરવા માટે નાવ-સમાન છે, વિશાળ દુઃખાટવીને બાળી નાખનાર પ્રચંડ જ્વાલાવાળા અગ્નિસમાન આ ધર્મ છે. વળી આ ધર્મ સમગ્ર ત્રણે ભુવનના લોકોની લક્ષ્મીરૂપ વેલડીના મંડપ સમાન છે. સમગ્ર ઇચ્છિત ફલ-પ્રાપ્તિ માટે એકાંત કલ્પવૃક્ષ સમાન આ ધર્મ છે. વધારે કેટલુ કહેવું ? આ જગતમાં આ ધર્મ કરતાંઅધિક સુંદરબીજું કંઈ નથી."

આ પ્રમાણે પ્રવર્તિની સાધ્વીની પાસેથી જ્યારે ધર્મ સાંભળ્યો, ત્યારે વાસિત કરેલા વસ્ત્રમાં જેમ રંગ સર્વરીતે વ્યાપી જાય, તેમ તે જ ક્ષણે સોમાના આત્મામાં ધર્મ પરિણમ્યો. સમગ્ર ભુવનના મુગુટ સમાન ભક્તિપૂર્ણ સમગ્રદેવોએ જેમને નમસ્કાર કરેલ છે, એવા અરિહંત ભગવંતને દેવબુદ્ધિથી, તૃણ અને મણિ બંનેમાં સમાન બુદ્ધિવાળા, સમગ્ર ઉત્તમ ગુણો મેળવેલા હોવાથી ગૌરવવાળા એવા જે મુનિ તેઓ જ ગુરુ અને સમગ્ર કર્મ-પર્વતોનો ચૂરો કરનાર વજ્રાશનિ-સમાન જિનેન્દ્રનો ધર્મ એવા પ્રકારનાદેવ,ગુરુ અને ધર્મરૂપ સમ્યક્ત્વને તથા ત્યારપછી પાંચ અણુવ્રતો, છટ્ઠું રાત્રિભોજન-વિરમણ એમ સમ્યક્ત્વ-સહિત પાંચ અણુવ્રતો, તથા રાત્રિભોજન-ત્યાગ વ્રત અંગીકાર કર્યાં. જેનો કર્મમલ નાશ થયો છે, અમૃત-રસ-પાન કરવા માફક સોમા એકદમ અપૂર્વ આનંદ પામી. ઘરે આવીને પિતા વગેરેને આ ધર્મનો વૃત્તાન્ત જણાવ્યો (૧૨૦)

હવે પિતાએ કહ્યુ કે, 'આજ સુધી આપણા વંશમાં કોઈએ કદાપિ જે ધર્મ કર્યો નથી, તે ધર્મ માત્ર શ્રવણ કરતાં જ મારી પુત્રીએ ગ્રહણ કર્યો. આ કારણે જનક લોક વગેરેને અતિશય ન કલ્પી શકાયતેવો ગુસ્સો ઉત્પન્ન થયો. પછી કહ્યું કે 'હે વત્સે ! આપણો પોતાનો વંશ-પરંપરાથી ચાલ્યો આવતો ધર્મ તેં છોડી દીધો, તે કાર્ય તેં ઘણુ જ ખરાબ કર્યું, એમ કરાવનારે પણ તને બાલિશપણામાં આરોપણ કરી, માટે પુત્રિ ! આ ધર્મનો ત્યાગ કર અને પોતાના વંશથી ચાલ્યો આવતો અને પૂર્વના પુરુષોને અલંઘનીય એવા આ ધર્મનું સેવન કર. પૂર્વના પુરુષોને લંઘન કરવા, તે તો અમંગળનું મૂળ છે. સોમા મનમાં વિચારવા લાગી કે, 'દેવતા સમાન માતા પિતાદિક વડીલોને પ્રત્યુત્તર આપવો મને યોગ્ય ન ગણાય, તો હવે તેમને સંતોષ કેમ પમાડવા ?' એમ વિચારકરી તેમને જણાવ્યું કે, 'જેમની પાસેથી ધર્મ ગ્રહણ કર્યો છે, તે પ્રવર્તિની પાસે જ જઇને તેમને પાછો અર્પણ કરવો.' તે પ્રમાણે તેઓને પણ, ત્યાં લઈ જાય છે કે, કોઈ પ્રકારે તેઓ પણ ધર્મ પામે.' એમ ચિતંવીને પેલા પ્રવૃત્તિની પાસે જેટલામાં લઈ જાય છે, ત્યારે રાજમાર્ગમાં કોઈ મહાઘોર ઘરની મારામારી જોવામાં આવી, તે અહિં કેવી રીતે થઈ ? તેને સંક્ષેપથી કહીશ (૧૨૮)

## હિંસા-પ્રપંચ ઉપર મુનિચંદ્રનું દૃષ્ટાંત

તે નગરમાં ઘણા વૈભવવાળો, સમગ્ર વણિકલોકને બહુમાન્ય, સર્વ જગો પર પ્રસિદ્ધિ પામેલો સાગરદત્ત નામનો શેઠહતો.તેને સંપદા નામની ભાર્યા,મુનિચંદ્ર નામનો તેમને પુત્ર હતો, બંધુમતી નામની પુત્રી અને સ્થાવર નામનો નાની વયનો સેવક હતો તે નગરથી બહુ દૂર નહિં તેવા 'વટપદ્ર' નામના પોતાના ગોકુળમાં શેઠ દરેક મહિને ત્યાં જઈને પોતાની ગાયોના સમૂહની ચિંતા-સાર-સંભાળ કરતા અને જેટલું ઘી, દૂધ વગેરે હોય, તે ગાડામાં ભરીને શહેરમાં લાવી બંધુ, મિત્રો, દીન-દુઃખી લોકોને આપતા હતા. બંધુમતી જિનેશ્વરનો ધર્મ સાંભળીને શ્રાવિકા બની.પ્રાણિવધ-પ્રમુખ પાપસ્થાનકોની વિરતિ ગ્રહણ કરી, તેમાં પોતે સમાધિ મેળવતી હતી. હવે કોઈ વખત ઈન્દ્ર ધનુષ્ય માફક ચપલજીવિત હોવાથી સાગરદત્ત શેઠ પંચત્વ પામ્યા એટલે ઘરના સમગ્ર લોકોએ શેઠના પદમાં મુનિચંદ્ર પુત્રને સ્થાપન કર્યો. આગળની શેઠની રીતિને અનુસરીને સર્વ-સ્વ-પર કાર્યો તે કરતો હતો. આગળ પ્રમાણે સ્થાવર સેવક પણ બહુમાન બતાવતો, તેમ જ સ્વજન, પુત્ર અને બંધુની જેમ સર્વકાર્યોપોતાનાં ગણી કરતો હતો. પરંતુ સ્ત્રીઓના, સ્વભાવ વિવેક રહિત હોવાથી દુઃશીલવાળી સંપદા સ્થાવરને દેખીને કામદેવના બાણથી ઘવાયેલી વિચારવા લાગી કે - 'ક્યા ઉપાયથી આ સ્થાવરની સાથે વગર રોક-ટોકે નિર્વિઘ્ને એકાંતમાં રહીને હું વિષયસુખનો અનુભવ કરું ? પુત્ર મુનિચંદ્રને મરાવી નખાવીને આ મારા ઘરના ધન, સુવર્ણ આદિ સમૃદ્ધિના સ્વામી તરીકે કેવી રીતે સ્થાપન કરવો ? એમ વિચારતી તે સ્થાવરને સ્નાન, ભોજન આદિમા વિશેષ પ્રકારે તેની સરભરા કરવા લાગી. અરે ! પાપી સ્ત્રીઓની દુષ્ટતા કેટલી નીચ હદની હોય છે ? જેણે તેનો અભિપ્રાય નથી જાણ્યો, એવો સ્થાવર તો તેના પ્રત્યે તે જ પ્રમાણે નીહાળતો અને વિચારતો કે, 'આ માતાપણાના અંગે મારી વિશેષપણે સંભાળ કરે છે.'

હવે કોઈક સમયે એકાંતમાં લજ્જાનો સર્વથા ત્યાગ કરી, કુલમર્યાદાને છોડીને તેણે પોતાનો સર્વ આત્મા સ્નેહથી સમર્પણ કર્યો. વળી તેને કહ્યું કે - 'હે ભદ્ર ! મુનિચંદ્ર પુત્રને મારી નાખીને આ જ ઘરમાં વિશ્વસ્ત બની સ્વામીની જેમ મારી સાથે ભોગો ભોગવ. હું તેને તારી સાથે ગોકુળમાં મોકલીશ, માર્ગમાં તારી તરવાર વડે તેનો વધ કરી નાખવો.' આ વાત સ્થાવર નોકરે પણ સ્વીકારી. કારણકે, 'લજ્જા છોડનારને કોઈ અકાર્ય હોતું નથી.' આ ખાનગી મંત્રણા બંધુમતી બહેનના સાંભળવામાં આવી, એટલે અતિ સ્નેહભાવથી જેવો બંધુ ઘરમાં આવી પહોંચ્યો, એટલે તરત જ તેના કાને વાત નાખી. બહેનને મૌન રાખવાનું કહીને મુનિચંદ્ર ઘરમાં ગયો, એટલે માતાને કપટથી રુદન કરવાનું આરંભ્યું. પુત્રે પુછ્યુ કે, 'હે માતાજી ! શા કારણે રુદન કરો છો ?' ત્યારે માતાએ કહ્યુ કે, 'ઘરનાં કાર્યો સીદાતાં દેખીને રુદ્દન કરું છું. તારા પિતા જીવતા હતા, ત્યારે નક્કી દરેક મહિને ગોકુળમાં જઈને ઘી, દૂધ વગેરે લાવીને આપતા હતા. અત્યારે તો હે પુત્ર ! તું અત્યંતપ્રમાદવાળો બની ગોકુળની કશી સાર-ંભાળ-ચિંતા રાખતો નથી. આ મારા ઘરની વાતક્યાં જઈને કરું ?' પુત્રે કહ્યું કે, 'હે માતાજી ! તું રોવાનું બંધ કર, સવારે સ્થાવરની સાથે હું ગોકુળમાં જઈશ, માટે શોકનો ત્યાગ

કર.' પુત્રનાં વચન સાંભળી મનમાં ખુશ થઈ અને મૌન બની.બીજા દિવસે ઘોડા ઉપર સ્વાર થઈને સ્થાવરસાથે ગોકુળમાં ચાલ્યો. ચાલતાં અને જતાં સ્થાવર વિચારે છે કે - 'જો કોઈ પ્રકારે મુનિચંદ્ર આગળ ચાલે, તોપાછળથી ખડ્ગથી પ્રહારકરી જલ્દી તેને હણી નાખું' હવેમુનિચંદ્ર પણ બહેને કહેલા વૃત્તાન્તથી સાવધાન હતો અને તેથી એક સાથે બંને માર્ગમાં અપ્રમત્તપણે જતો હતો હવે ઘોડો કોઈક વિષમ પ્રદેશમાં આવ્યો, એટલે ચાબૂકના મારથી સ્થાવરે તેને માર્યો, એટલે મુનિચંદ્ર આગળ ચાલવા લાગ્યો. શંકા સહિત મુનિચંદ્ર જેટલામાં આગળ ગયો, તેટલામાં સ્થાવર પાછલા ભાગમાં તરવાર ખેંચીને તેનો વધ કરવા તૈયાર થયો. મુનિચંદ્રે તે પ્રમાણે પડછાયો દેખ્યો, એટલે તરત પોતાનો ઘોડો વેગથી આગળ દોડાવ્યો અને તરવારનો પ્રહાર ચૂકવાયો. ગોકુળમાં પહોંચ્યો, ગોકુળના સ્વામીએ તેની સરભરા કરી. એકબીજાએ બીજી, ત્રીજી વાતો કરીને દિવસ પૂરો કર્યો.

હવે પ્રથમ દાવમાં નિષ્ફલતા પામેલો સ્થાવર બીજા પ્રકારે ઘાત કરવાનો ઉપાય દેખે છે અને વિચારે છે કે, 'રાત્રે નક્કી તેનો ઘાત કરીશ.' હવે મકાનના મધ્યભાગમા રાત્રે જ્યારે પથારી તૈયારકરી, એટલે મુનિચંદ્રે કહ્યુ કે, 'હું લાંબા સમયે અહિં આવ્યો છું, તો ગાયના વાડામાં આ શય્યા તૈયાર કરો, જેથી ત્યાં રહેલો હું ગાય અને ભેંસોની સંખ્યા દરેકની કેટલી કેટલી છે ? તે સર્વ હું તપાસી લઉં.' તે પ્રમાણે પરિવારે કર્યું, તો ત્યાં રહેલો તે વિચારવા લાગ્યોકે, 'આજે આ નોકરની સર્વ ચેષ્ટાઓ અને કપટજાળ દેખી લઉ.' આ એકાંતમાં રહ્યો- એમ જાણીને અને તેને દેખીને સ્થાવર મનમાં આનંદ પામ્યો. કારણ કે, આજે સુખેથી તેનો વધકરી શકાશે અને મારું કાર્ય પૂર્ણ થશે.' જ્યારે સર્વે મનુષ્યો સુઈ ગયા, ત્યારે મુનિચંદ્ર તીક્ષ્ણ તરવાર ગ્રહણ કરીને શય્યાની અંદર તેવી કોઈ નકામી વસ્તુ ગોઠવીને ઉપર ખોળનું વસ્ત્ર આચ્છાદિત કરીને સ્થાવરનું માયાજાળનું દુર્વિલસિત દેખવા માટે સાવધાનીપૂર્વક અપ્રમત્તપણે મૌન ધારણકરીને એકાંતમાં કોઈ ન દેખે તેમ ઉભો રહ્યો. હવે રાત્રિના છેડાના કાળમાં વિશ્વસ્ત સ્થાવર ત્યાં આવીને જેટલામાં ત્યાં પ્રહાર કરવા ગયો, એટલે તરત જ મુનિચંદ્રે તેને તરવારનો ઝાટકો મારીને મૃત્યુશરણ કર્યો. આ ચિંતાનો અંત લાવવા માટે અર્થાત્ આને માર્યાનો આરોપ પોતાનાં ઉપર ન આવે, તે માટે ગાયના વાડામાંથી ગાયોને બહારકાઢીને તેને નસાડી મૂકી અને બૂમ પાડવા લાગ્યો કે, 'અરે ! દોડો દોડો, આપણી ગાયોને ચોરો હરણ કરી જાય છે. આ સ્થાવરનો વધ કર્યો.' એટલે પુરુષો ચારે બાજુ દોડ્યા. ગાયો પાછી વાળી, ચોરો નાસી ગયા-એમ લોકોએ વિચાર્યું. ત્યાર પછી સ્થાવરનું મરણોત્તર સર્વ કાર્ય પતાવ્યું. 'શું થયું હશે ?' એમ ચિંતાવાળી માતા માર્ગમાં નજર કરતી હતી, એટલામાં મુનિચંદ્ર જલ્દી એકલો ઘરે આવી ગયો. તરવાર ખીલી ઉપર લટકાવીને આપેલા આસન ઉપર બેઠો એટલે તેની ભાર્યા તેના પગ ધોવા લાગી. પુત્રને જીવતો દેખી શોકવાળી માતાએ પૂછ્યું કે, 'હે વત્સ ! સ્થાવર કયાં ગયો ?' તેણે કહ્યું કે, 'ધીમે ધીમે તે પાછળ આવે છે.' તો ક્ષોભ પામેલી માતા જ્યાં તરવારતરફ નજર કરવા લાગી, તો તરવાર પર લાગેલા લોહીની ગંધથી કીડીઓ આવતી દેખી. બરાબર બારીકીથી નજર કરી લોહીથી ખરડાયેલી તરવાર દેખી, તો પ્રબલ કોપાગ્નિથી સળગેલી એવી તે પાપિણીએ નજીકમાં યવ, ઘઉં આદિ

દળવાથી ઘંટીનું શિલાતલ હતું, તે પુત્રના મસ્તક ઉપરફેંક્યું, એટલે એકદમ પુત્ર મૃત્યુપામ્યો. સ્વામીને મારી નાખવાથી ઉત્પન્ન થયેલા તીવ્ર કોપવાળી તેની ભાર્યાએ બંધુમતી પુત્રીના દેખતાં તેને તરવાથી મૃત્યુપમાડી, ઘરની સારભૂત વસ્તુઓ રાજાએ જપ્ત કરી અને તેની ભાર્યાને રાજાએ કેદ કરી. બીજીની પૂજા થઈ. આ સર્વ સોમાના ગુરુવર્ગે-માતા પિતાએ જોયું, 'અહો ! આ હિંસા કેવી પાપિણી છે !' જીવોનું ચરિત્ર આવા પ્રકારનું થાય છેકે, 'માતા પુત્રને, પુત્રવધુ સાસૂને હિંસાના પ્રભાવથી મારનારાં બને છે. તે હિંસાથી આ ભવમાં અને પરભવમાં પણ દુ:ખનું કારણ બને છે. લાગ મળ્યો, એટલે સોમાએ કહ્યું કે, 'આ વિરતિમય ધર્મ મેં સ્વીકાર્યો છે,તે કરવો કે છોડવો ? 'હે પુત્રિ ! હિંસાદિકની વિરતી ન છોડવી !

હવે જ્યાં થોડે આગળ જાય છે, ત્યાં જુઠા પ્રલાપ કરનાર, લોકોનાં અતિનિષ્ઠુર વચનો વડે તિરસ્કાર પામતો નાશ પામેલા વહાણવાળો વહાણથી વેપાર કરનાર એક વેપારી જોવામાં આવ્યો. તેનો વૃત્તાન્ત જે પ્રમાણે બન્યો તે પ્રમાણે કહે છે –

## અસત્યના પ્રપંચો

વસંતપુર નગરમાં વહાણથી વેપાર કરનાર શુભંકર નામનો વેપારી હતો. તેને ઘરનું સમગ્ર કાર્ય સંભાળનાર મંદોદરી નામની ભાર્યા હતી. તેમને સુકુમાર દેહવાળી, ખીલેલા યૌવનવાળી, દેહમાં એક પણ દોષ વગરની શંખિણી નામનીપુત્રી હતી. કોઈક સમયે શુભંકર આ દેશમાં ઉત્પન્ન થતી અનેક વસ્તુઓથી ભરેલાં વહાણ લઈને સમુદ્રના બીજા કિનારા પર રહેલા દ્વીપે પહોંચ્યો. ઘણા આદરથી વેપાર કર્યો, તો અઢળક ધન-લાભ મેળવ્યો. ત્યાંથી સ્વદેશમાં આવવા પાછો ફર્યો, ત્યારે પુણ્ય પાતળાં પડવાથી, સમુદ્રની અંદર કોઈ પ્રકારે પર્વત સમાન ઊંચા જળતરંગો ઉઠવાથી, વાહણ સાથે અફળાવાથી તેનું વહાણ ભાંગી ગયું અને અંદર કિંમતી ખરીદ કરેલાં મોતીઓ, પ્રવાલ, દક્ષિણાવર્ત શંખ વગેરે સારભૂત વસ્તુઓ સમુદ્રમાં ડૂબી ગઈ. તેને લાકડાનું પાટિયું મળી જવાથી એક નોકર સાથે સમુદ્ર-કિનારાના ઉપર રહેલા એક ગામમાં ઉતર્યો. ત્યાં અતિનિર્દય છિદ્રો ખોળવામાં તત્પર એવા દૈવે અતિતીવ્ર વ્યાધિ ઉત્પન્ન કરીને તેને નિર્બળ કરી નાખ્યો. અતિભક્તિવાળા સેવકે તેને ઔષધાદિક ખવરાવીને પહેલા જેવો નિરોગી સ્વસ્થ શસક્ત બનાવ્યો. ખૂબ સેવા કરવાના કારણે અને પોતાને જીવતર તેની સેવા દ્વારા મળ્યું, એટલે ખુશ થયેલાતેણે પોતાની પુત્રી તેને આપી. 'સાક્ષી વગરનો વ્યવહાર જૂઠો થાય છે, તો અહિં સાક્ષી કોણ ?' ત્યારે સેવકે કહ્યું કે, 'જીવકા નામના પક્ષીઓ અહીં છે, તે આપણા સાક્ષીઓ.' કારણ કે તેઓ કંઈક વિશેષ વિજ્ઞાનવાળા હોય છે. 'આપણી વાતમાં કાંઈ વાંધો પડે, તો જીવકા પક્ષી તારો સાક્ષી.' તે પક્ષીને કન્યાદાન-ગ્રહણ વગેરે સર્વ વૃત્તાન્ત નિવેદન કર્યો. કેટલાકસમયપછી બંને પોતાના દેશમાં પહોંચ્યા. કન્યાદાનના સંબંધમાં સ્વજન અને સ્ત્રીવર્ગના કારણે તે બદલાઈ ગયો. ભાર્યા કહેવા લાગી કે, 'ઉત્તમકુળમાં જન્મેલી ઉત્તમ રૂપ-સંપત્તિ પામેલીપોતાની પુત્રીને તમારા નોકરને આપવા મારું મન કેવી રીતે ઉત્સાહ પામે ? માટે આ વાત છોડી દેવી એટલે શુભંકરે સેવકને કહ્યું કે, 'અરે સેવક ! તું હવે આ આગ્રહ છોડી દે, નકામો ખીજાઈશ નહિં.' આ પ્રમાણે

પ્રતિષેધ કર્યો, એટલે નોકર રાજા પાસે ફરિયાદ લઈ ગયો. રાજાને કહ્યું કે, 'આ પ્રમાણે વૃત્તાન્તબન્યોહતો, મેં તેને નિરોગી કર્યો, એટલે મને પોતાની પુત્રી આપી.' 'આ કાર્યમાં કોઈ સાક્ષી છે ?' 'હે દેવ ! છે.' 'તો તે કોણ છે ?' 'જીવકા નામના પક્ષી.' 'તે ક્યાં છે ?' એમ રાજાએ પૂછયું. એટલે નોકરે કહ્યું કે, 'હે દેવ ! સામા કિનારે,' 'તે પક્ષીને અહિં લાવો, જેથી તમારા બને વચ્ચેનો વિવાદ ટળી જાય' સેવક ત્યાં ગયોઅને પાંજરામાં રાખીને તેને લાવ્યો. લોકોને ખસેડી નાખ્યા, એકાંત કર્યું, એ રાજાએ તે પક્ષીએ પૂછયું કે, 'આ વિવાદમાં તું કહે, તે પ્રમાણ છે, તો કહે કે, આમાં શું સત્ય છે ?' કૃમીઓનું ભક્ષણ કરનારા તેઓની આગળ જુનું કીડાવાળું છાણ વેર્યું, એટલે તેમાં છુપાયેલા મોટા કીડાઓ સળવળવા લાગ્યા અને પ્રગટ થયા. (૨૦૦) તે કીડાઓને દેખીને પોતાની ચાંચથી ચલાયમાન કર્યાઅને તે દ્વારા એવો સંકેત કર્યો કે, જૂઠુ બોલનાર મનુષ્યો ભવાંતરમાં આવા સડેલા છાણના તુચ્છ કીડાઓનું ભક્ષણ કરનારા આવા થાય છે. પોતાની જિહ્વાથી બોલીને ફેરવી બોલનારની આ દશા થાય છે.' નોકરની તરફેણમાં ચૂકાદો આવ્યો, એટલે કન્યા નોકરને મળી. લોકો તરફથી ધિક્કાર પામ્યો. સોમાના વડીલોએ જૂઠ બોલનારના હાલ દેખીને તે જ પ્રમાણે વ્રત છોડવાની ના પાડી. એ પ્રમાણે થોડા આગળ ગયા, તો કોટવાળા વગેરે આકરા રાજપુરુષો વડે હાથ-પગ કાપેલો તલચોરનાર તલચોર નામનો એક પુરુષજોવામાં આવ્યો. તેની હકીકત આ પ્રમાણે જાણવી –

## ચોરીના ત્યાગ ઉપર તલચોરની કથા

તે નગરમાં એક સ્ત્રી હતી, તેને અતિવલ્લભ એક પુત્ર હતો કે,જેના જન્મ સમયે પિતા મૃત્યુ પામ્યોહતો, તે તરુણપણું પામ્યો. કોઈક દિવસે માતાએપુત્રને સ્નાન કરાવ્યું. લૂંછયા વગરના ભીના શરીરવાળો તે વેપારીઓને એકઠા થવાના દુકાનના સ્થાને ગયો. કોઈ પ્રકારે કોઈક સમર્થ શરીરવાળા સાંઢે તેને ધક્કો માર્યો, એટલે તલના ઢગલા ઉપર પડ્યો. શરીરે ચોંટેલા તલ સહિત ઘરે ગયો. ત્યારે પછી માતાએ તે તલના દાણા શરીર પરથી ખંખેરી લીધા. માતાને તલનો લોભ લાગ્યો, એટલે તે તલની તલસાંકળીબનાવીને કરી આપી. દરરોજ તે પ્રમાણે કરીને તસલસાંકળીમાં લુબ્ધ બનેલો તે તલનું હરણ કરવા લાગ્યો. ત્યાર પછી ઘણા તલના જથ્થા પણ ચોરવા લાગ્યો. માતા નિવારણ કરતી નથી. કોટવાળે તેને પકડ્યો, એટલે પુત્ર વિચારવા લાગ્યો કે, 'માતાએ પ્રથમથી મને ચોરીકરતાં ન અટકાવ્યો, તેથી પ્રથમ દોષ માતાનો છે, તલ ચોરવા તત્પર બનેલા મને શરૂઆતથી જ નિષેધ કરવો હતો.' આ પ્રકારનો માતા ઉપર રોષ વહન કરતા તેણે માતાના સ્તનનો એક ખંડ ખાઈલીધો કોટવાળે તેના હાથ-પગ કાપી નાખ્યા. સોમાના વડીલોએ તેને દેખ્યો. એટલે વિચાર થયો કે, 'અરે ! આ ચોરી આવી ભયંકર છે ! એટલે તેઓએ તે વ્રતના ત્યાગનો નિષેધ કર્યો. ત્યાર પછી થોડો પ્રદેશ આગલ ચાલ્યા, એટલે જેણે પોતાના પતિને મૃત્યુ પમાડ્યો છે અને નગરલોકો તેને ફીટકાર કરી રહેલા છે, એવી એક મહિલાને દેખી.

## બ્રહ્મચર્ય વ્રત પતિ-મારિકાની કથા

કોઈક પ્રદેશમાં મોટા કુળમાં એક યુવાન દેહવાળી, ચપળતાના કારણે કુલને કલંક લગાડનાર, ખંડિત શીલવાળી એક સ્ત્રી હતી. પોતાના ઘરમાં ઘોડાના રક્ષણ કરનાર પુરુષ સાથે હંમેશાં તેને દેખતાં બોલતાં તેવા પ્રકારનો સંબંધ વૃદ્ધિ પામ્યો.પોતાના પતિની અવગણના કરવા લાગી, કુલ અને શીલ સંબંધી મર્યાદાનું ઉલ્લંઘન કર્યું. આ ભવના અને પરભવના રહેલા દુઃખો માટે આત્માને તૈયારકર્યો. અગ્નિ કાષ્ઠોથી, સમુદ્ર હજારો નદીઓથી, તેમ ચંચળ ચિત્તવાળી સ્ત્રી અનેક પુરુષોથી પણ તૃપ્તિ પામતી નથી.સ્ત્રીઓને કોઈ પ્રિય કે અપ્રિયહોતો નથી. જેમ અરણ્યમાં ગાયો નવા નવા તૃણની અભિલાષા કરે છે, તેમ આ રામાઓ પણ નવા નવા પુરુષોની અભિલાષા કરે છે. તો અશ્વરક્ષકમાં લુબ્ધ બનેલી તે સ્ત્રીએ પોતાનો પતિ આની સાથેના સ્નેહમાં વિઘ્ન કરનારો છે એમ જાણીને ઉંઘતો હતો કે પ્રમાદમાં હતો ત્યારે એકાંતમાં તેને નિધન પમાડ્યો,તેના ટુકડે ટૂકડા કરીતેનો ત્યાગ કરવા માટે પેટીમાં ભરીને મસ્તક ઉપર તે પેટી આરોપણ કરીને જ્યારે ઘરમાંથી બહાર નીકળી ત્યારે કોઈ પ્રકારે જેણે કુલરક્ષણની સજ્જડ ચિંતા રાખેલી છે. એવી કુલદેવતા તેને દેખીને રોષાયમાન બની. તે પેટી મસ્તક સાથે બરાબર ચોંટાડી દીધી. એક સરખી ધારાથી ઝરતા ચરબી. લોહી આદિથી જેનું આખું શરીર ખરડાયેલું છે, ઉદ્વેગ મનવાળી પોતાના અધમ કાર્યથી લજ્જા પામેલી જેટલામાં અટવી તરફ પ્રયાણ કરે છે, ત્યારે મૂળમાંથી નેત્રો ઉખડી ગયાં હોય, તેમ અંધભાવ પામી. વળી વસતિવાળા ગામ તરફ જવા લાગી, એટલે નેત્રો સાજાં થઈ ગયાં. પૂર્વે કોઈ વખત ન દેખ્યો હોય,તેવો વૃત્તાન્ત દેખવાથી કૌતુક મનવાળાબાળકોનાં ટોળાંઓથી અનુસરતા માર્ગવાળી, વળી બાળકો પાછળ પાછળ મોટા શબ્દો કરતા અને નગરલોકો ધિક્કાર કરીને 'પતિમારિકા' એમ કહીને નિર્દયપણે અતિરોષ પ્રકટ કરતા. તેને નગરના ચૌટા, શેરી, ચાર માર્ગોમાં હલકી પાડતા હતા, ચીડવતા હતા.ચાલતી ચાલતી ભિક્ષા માત્ર પણ મેળવતી ન હતી. પગલે પગલે કરુણસ્વરથી અનેક દીન પ્રલાપ કરતી હતી. તેના પિતાપક્ષના લોકોએ દેખી અને તેનો વૃત્તાન્ત જાણ્યો, એટલેતેઓ બોલ્યા કે, 'શીલ ખંડન કરવું એટલે દુર્લધ્યા લાખો દુઃખની ખાણ સમાન આ મહાપાપ છે. જે કારણ માટે આ તો અહિં જ મહાઆપત્તિ પામી.' ત્યાર પછી સોમાએ માતાને કહ્યુ કે, 'હે માતાજી ! મેં આની જ વિરતિ ગ્રહણ કરેલી છે.' 'હે પુત્રિ ! તું ખરેખર કૃતાર્થ છો, મરણાંતે પણ આ ન છોડીશ.' ત્યાર પછી થોડા આગળ ગયા, એટલે માર્ગમાં દૃષ્ટિ કરતાં ત્યાં અત્યંત અસંતોષી જેનું વહાણ ભાંગી ગયેલું છે, એવા એક મનુષ્યને જોયો. તે મનુષ્ય કોઈ પ્રકારે સમુદ્રના મધ્યભાગમાંથી કાંઠે આવેલો છે, મત્સ્યનો આહાર કરતોહોવાથી રોગી થયો છે. સર્વ લોકો તેના પરાભવ કરતાહતા.શાથી ? તો કે, લોભરૂપી સર્પ· ઝેર વ્યાપેલા, ભમતા એવા તેણે કોઈક સમયે બીજાને ઠગનારા ધૂર્તલોકો પાસેથી સાંભળ્યું હતું કે –

## પરિગ્રહ પરિમાણ વ્રત ઉપર લોભાસક્ત પુરૂષની કથા

'જો પુત્રનો બલિ અર્પણ કરવામાં આવે, તો અમુક સ્થાનમાં જે નિધિ-ભંડાર છે, તે પ્રગટ થાય છે, જેથી જીંદગીનું દારિદ્રય, દુઃખ અને બીજી વિડંબનાઓ નાશ પામે છે - એટલે કાળી ચતુર્દશીની રાત્રિએ તેણે નિધાન-રક્ષા કરનારી દેવીને પુત્રનો વધ કરીને અર્પણ કર્યો. અત્યંત પાપ-પરવશ બનેલા તેને નિધાન પ્રગટ થવાછતા પણ નિધિ તેને ફળ્યો નહિ.બીજા લોકોના જાણવામાં આવ્યું કે, નિધાનની વાંછાએ બલિ આપ્યો, પરંતુ પુત્ર ગુમાવ્યો અને નિધાન મળ્યો નહિ, લોકોએ તેને ધિક્કાર્યો કે, આ અધમાધમ અને ન દેખવા લાયક પુરુષ છે. તેનુંનામ પણ લેવું ઠીક નથી.' એને મહા અભિમાની નગરના કોટવાલ લોકોએ પકડ્યો, તેને નગ્ન કરીને શરીરે ક્ષાર રાખ ચોપડીને કેદખાના તરફ લઈ જવાતા હતા, ત્યારે સોમાના માતા -પિતાએ દેખ્યો. ત્યારે ઘણે ભાગે આ સંતોષનું ફલ અનુભવે છે - એમ જાણ્યું. દુઃખ પૂર્વક કહ્યું કે, લોભાધીન ચિત્તવાળા જીવોને ગુણ અને દોષનું જ્ઞાન હોતું નથી અને લોભના કારણે આવાં દુરંત દુઃખો પ્રાપ્તકરેલ છે, ત્યારે સોમાએ કહ્યુ કે, 'આ લોભ-સર્પ એકદમ આગળ વધતોહતો, તેને મેં ચારે બાજુથી થંભાવી દીધો છે. ' હે પુત્રી ! તેં ખરેખર સુંદર આચરણ કર્યું છે કે, જેથી તને સંતોષ પ્રાપ્ત થયો છે, તો હવે અર્ધક્ષણ જેટલો સમય પણતેનો ત્યાગ ન કરીશ.પાંચે આસ્રવોનું અનુક્રમે ફલ દેખીને જેમને મહાસંવેગ ઉત્પન્ન થયો છે-એવા ભાવિતમતિવાળા તેઓ ગણિની-સાધ્વીજીની વસતિ ઉપાશ્રયે પહોંચ્યા,ત્યારે અણધાર્યું રોમાંચ ખડાં થાયતેવા પ્રકારનું આ પાપકૃત્ય તેમના જોવામાં આવ્યું —

## રાત્રિ-ભોજન-ત્યાગ ઉપર

રાત્રિ-સમયે કોઈ પુરુષ ગાઢ અંધકારમાં વેંગણના શાક સાથે રોટલો ભોજન કરતાકોઈ પ્રકારે મુખમાં કોળિયો નાખતા, ન દેખાય તેવા પ્રકારના નાના દેહવાળા વિંછીને કોળિયા સાથે નાખ્યો. તેના અતિતીક્ષ્ણ કાંટાથીતેનું તાળવું ભેદાયું તે વ્યંતર જાતિનો હોવાથી તેનું ઝેર ઘણું ભયંકર સ્વભાવવાળું હતું.ત્યારપછી તેનું સમગ્ર મુખ સૂઝી ગયું અને તે મહાભયંકર દુઃખઅનુભવવા લાગ્યો. (ગ્રન્થાગ્ર ૯૦૦૦) વિવિધ પ્રકારનાં ઉપાયકરનાર વૈદ્યોએ વિવિધ જાતિનાહજારો ઔષધોના પ્રયોગો કર્યા. બે હાથ ઉંચા કરીને કૂદવાલાગ્યો. પીડા ન સહી શકવાથી ગદગદ સ્વરે બોલવા લાગ્યો. ન સાંભળી શકાયતેવા વિરસ શબ્દથી રડવાલાગ્યો. આવી સ્થિતિ દેખવાથી તેઓએ વિચાર્યું કે, 'આ રાત્રિભોજન કરવાનું ફલ ભોગવે છે.' ત્યારે સોમાપુત્રી કહ્યું કે, 'મેં રાત્રિભોજનનો ત્યાગ કર્યો છે.' 'હે પુત્રી ! તેથી કરીને જગતમાં તું કૃતાર્થ થયેલી છો,તો સમગ્ર દોષને નાશ કરનાર એવા તારા ગુરુણીનાં દર્શન કરીએ.' ત્યાર પછી વિનયપૂર્વક તેમની પાસે ગયા. પ્રથમ પ્રણામ કર્યા, વસતિ-સ્વામીનાગૃહચૈત્યની નજીકના સ્થાનમાં અતિસાવધાનીથી રહેલા હતા. (૨૫૦) તે પરિવાર સહિત ગણિની અતિઉજ્જવલ શીલવંતી અનેક સાધ્વીજીની વચ્ચે તારાગણની વચ્ચે ચંદ્રબિંબ શોભા પામે, તેમ અતિશોભા પામતાં હતાં. હર્ષ પામેલા હૃદયથી દર્શન કરી, વિનયપૂર્વક વંદના કરી સોમા કહેવા લાગી

કે, 'આ મારા પિતાજી અને મારુ કુટુંબ છે. ગણીનીએ પણ ઉચિત નીતિથી તેમના તરફ દૃષ્ટિ કરી અને પૂછવાના અનુસારે ધર્મ પણ કહ્યો. તેમણેકયા પ્રશ્નો કર્યાઅને તેના જે ઉત્તરો આપ્યા તે, આ પ્રમાણે જાણવા –

## સોમા અને સાધ્વીજીનાં પ્રશ્નોત્તરો

સોમાના સ્વજનો-લોકોમાં રૂઢ અનેકભેદવાળાધર્મમાં ધર્મ કયો ?

ગણિની - ત્રસ અને સ્થાવર જીવોની વિધિપૂર્વક દયા કરવી, તે ધર્મ.

સોમા-ત્રણે ભુવનમાં પ્રિયસમાગમ આદિ સુખોમાંસુખ કોનેકહેવાય ?

ગણિની - તાવ, કુષ્ટરોગ, ક્ષયરોગ-(કેન્સર)આદિ વ્યાધિનો દેહમાં અસંભવ છે. અર્થાત્ રોગ હોય પછી ધન, કુટુંબ, સ્ત્રીઆદિનું સુખ ગણાય નહિ.

સોમા - આ બોલવું, ભોજન આપવું, વસ્ત્ર-દાન વગેરેમાં કયો સ્નેહ થાય ?

ગણિની-જે પરસ્પર અતિનિપુણ પણે સર્વ કાર્યોમાં કોઈને ન છેતરવા. તે

સોમા - ઘણા શાસ્ત્રોના અભ્યાસમાં લોકમાં પાંડિત્ય કોનુંકહેવાય ?

ગણિની - અલ્પશ્રુતથી પણ જેને કાર્યમાં નિશ્ચય થાય,તે પંડિત કહેવાય.

સોમા-ગ્રહ, રાજા, નારીવર્ગ વગેરેના ચરિત્રોમાં કોનું ચરિત્ર જાણવું દુષ્કર ?

ગણિની - અતિવિષમ એવા દૈવ-વિધિની ગતિ-ચરિત્ર જાણવું મુશ્કેલ છે. કારણ કે, ન કરવાનું કરે અને કરવાનું ન કરે કે ઉલટું કરે, તેની કાર્યગતિ કોઈ વિચિત્ર છે.

સોમા - સૌભાગ્ય, વૈભવ, આભૂષણ સુંદર ભોજન વગેરે વસ્તુઓમાં શ્રેષ્ઠ કોણ ?

ગણિની - જે તારાઓ સમાન ઉજ્જવલ ગુણોનો લોકોમાં પ્રકાશ થવો.

સોમા - બંધવ આદિ સ્વાભાવિક સ્નેહીઓ અને કરેલી સગાઈઓ રૂપ વેવાઈવર્ગ તે લોકોમાં સુખેથી ગ્રહણ કરી શકાય કોણ ?

ગણિની-આચારરૂપ ધનવાળાલોકો સલેહાઈથી મનાવી-સમજાવી શકાય છે.

સોમા-મંત્ર, હાથી, કોપેલો સર્પ વગેરેમાં અહિં દુઃખે ગ્રહણ કરી શકાય તેવો કોણ ?

ગણિની-ઘણી વખત પ્રિયકરવા છતાં પણ આ દુર્જનલોક દુઃખેથી વશકરી શકાય છે.

સોમા-હે આર્યા ! સજ્જન લોકો અવિદ્યા કોને કહે છે, તે મને કહો.

ગણિની - મનુષ્યોના મનમાં જે સર્વ ગુણોને બાળી નાખનાર દાવાગ્નિ-સમાન અહંકાર.

સોમા-કાર્ય કરવા ઉદ્યત થયેલા પુરુષોમાં અહિં સાધ્ય કોને કહેવાય,તે કહો.

ગણિની-સુપ્રશસ્ત શાસ્ત્રોમાંકહેલા વિનીતોના સૂત્ર અર્થો, તે સાધ્ય કહેવાય.

સોમા - કઈ લક્ષ્મી આ અને આવતા ભવમાં ભવ્યોને સુંદર પરિણામ લાવનારી થાય?

ગણિની - વૈભવ હોયકે ન હોય,તો પણ જે સંતોષ કરવો, તે સોમા-સ્થાવર,જંગમ

આદિ ભેદવાળા ઝેરમાં અહિં ઝેર કયું છે ?

આ વગેરે ઘણા પ્રશ્નો થયા, તેમ જ તેના ઉત્તરો પણ આપ્યા. જે ઉત્તરો ભદ્રિક જીવોને સમજવા દુર્લભ છે. આ પ્રમાણે તેમને જિનધર્મ પરિણમ્યો અને તેમાં તેઓ ભદ્રિક પરિણામવાળા બન્યા.હવે સ્વપ્નમાં પણ માતા-પિતા સોમાને ધર્મકાર્યમાં રોકનારા ન થયા, પરંતુ તેના ઉત્સાહને વધારનારા થયા.તે શ્રીમતી અને સોમા બંનેને સખીઓ જિનધર્મને પરિપાલન કરીને અનુક્રમે સદ્ગતિ પામી અને પરંપરાએ સર્વ કર્મનો ક્ષય કરીને શિવપદ મેળવશે. (૨૬૮)

**હવે સંગ્રહગાથાનો અક્ષરાર્થ કહે છે –**

શ્રીપુર નગરમાં નન્દન વણિકની શ્રાવિકાધર્મનું પાલન કરતી જિનશાસનની પૂર્ણ શ્રદ્ધાવાળી શ્રીમતી નામની પુત્રી હતી.પુરોહિતપુત્રી સોમા નામની તેની સખી હતી. કાલક્રમે તેમની મૈત્રી વૃદ્ધિ પામી. દરરોજ ધર્મ-વિચારણા કરતી સોમાને સમ્યક્ત્વરૂપ બોધિની પ્રાપ્ત થઈ, તેમ જ શ્રાવકજન-યોગ્ય વ્રત ગ્રહણ કરવાની અભિલાષા થઈ. તેની પરીક્ષા માટે શ્રીમતીએ ઝુંટણ વણિકનું દૃષ્ટાંત જણાવ્યું.તે આ પ્રમાણે

અંગદિકા નગરીમાં ધનશેઠ હતા.કોઈક સમયે સ્વામીપુર નગરથી શંખશેઠ ત્યાં ગયા. વેપારના સંબંધથી બંનેની પ્રીતિ વૃદ્ધિ પામી. તે કાયમ વધારવા માટે તેમણે કોઈ સંતાન ન હોવા છતાં અરસપરસ પુત્ર-પુત્રીના વિવાહ-સંબંધ જોડવામાટે નિર્ણય કર્યો.ક્રમે કરી ધનને પુત્ર, શંખને દુહિતા-પુત્રી થઈ.યોગ્ય વયના થયા, એટલે વિવાહ લગ્ન થયા. ભોગો ભોગવવા લાગ્યા. કોઈક સમયે ભાગ્યપલટવાથી દરિદ્રતા ઉત્પન્ન થઈ. પત્નીએ ભર્તારને કહ્યુ કે, 'મારાપિતાને ત્યાં જઈ ઝુંટણક નામનું ઘેટા જેવું પશુ માગી લાવો, કૂતરાના જેવી તેની આકૃતિ હોય છે, તે પશુના રૂંવાડાથી છ મહિનામાં કંબલરત્ન હું કાંતી આપીશ અને તેનું લાખ સોનૈયાનું મહામૂલ્ય ઉપજશે. આ પશુને બિલકુલ શરીરના સ્પર્શ વગર રાત કેદિવસ ક્ષણવાર પણ છૂટું ન મૂકવું. આપણા મનુષ્યના શરીરની ઉષ્ણતા વગર એ જીવી શકતું નથી. કાર્યના પરમાર્થને ન જાણનાર એવા મૂર્ખલોકો હાસ્યકરે, તો તેમને ગણકારવા નહિં, આપણે આપણા કાર્યની સફળતા માટે સાવધાની રાખવી.' પતિએ આ વાત સ્વીકારી.સાસરાને ત્યાં ગયો. ઝુંટણક પશુ પ્રાપ્ત કરીને ઘરે પાછા આવતી વખતે સાસરાપક્ષમાંથી પણ વારંવારશીખામણ આપી હતી કે, 'મૂર્ખલોકો માર્ગમાં મશ્કરી કરે, તોપણ શરીરથી તેને છુટું ન પાડીશ' ઘર તરફ પાછા આવતાં માર્ગમાં લોકોહાસ્ય કરવા લાગ્યા. એટલે લજ્જા પામવાના કારણે તેનો ઉત્સાહ મંદ પડી ગયો અને નગર બહારના બગીચામાં મૂકીને તે ઘરે ગયો. પત્નીએ પૂછયુ કે, 'ઝુંટણક કયાં છે ? તો કહે છેકે, 'બહાર મૂક્યું છે' પત્નીએ કહ્યું કે, 'ખરેખર ભલા-ભોળા લાગો છો, આટલા વખતમાં તે મૃત્યુ પામ્યો હશે.'

હવે અલ્પકિંમતનું રત્નકંબલ થશે. જો સીધે સીધું અહીં લાવ્યા હોત, તો મહામૂલ્યવાળું રત્નકંબલ કાંતી શકાતે.' ચાલુ અધિકારમાં જોડતા કહે છે - ઝુંટણપશુ સમાન પારમાર્થિક શુદ્ધ ધર્મ. બાકીનું સર્વપોતાની બુદ્ધિથી જોડી દેવું. જેવો ધનનો પુત્ર દરિદ્ર હતો, તે પ્રમાણે આ

સંસારી જીવ ગુણોથી દરિદ્ર છે. જેમ પત્નીના વચનથી પ્રેરાયેલો ઝુંટણના લાભ માટે સાસરના ઘરે ગયો. ત્યાં તે મેળવ્યોપણ ખરો, એ પ્રમાણે મોહનીયતાના ક્ષયોપશમથી સાસરાના ગૃહ-સમાન ગુરુકુલ, ઝુટણ સમાન ધર્મ, તે મેળવવા માટે કોઈ જાય છે.તે ત્યાં ધર્મ મેળવેલ પણ જે. જેમ તેને આટલી શિખામણો આપી હોવા છતાં નિર્ભાગીપણાના યોગે, લોકોના હાસ્યના ભયથી અંતરાલમાં જ પોતાના શરીરથી છૂટું પાડીને ત્યાં મૂકી દીધું,તેમ દીર્ઘસંસારના કારણે ધર્મ પ્રાપ્તકરેલો હોવા છતાં પણ અજ્ઞાની લોકોના ભયથી કાર્ય કર્યા પહેલાં જ તેનો ત્યાગ કરે છે. જેમ ઝુંટણનો ત્યાગ કરવાથી ઘણો દુઃખી થયો, તેમ ચાલુ ધર્મ-ત્યાગમાં પણ જીવ દુઃખી થાય છે. જેમ તેને ફરી તે પશુ દુર્લભ છે,તેમ આ ધર્મ પણ ફરી પામવો અતિદુર્લભ છે. તેથી ઝુંટણક વણિક સમાન જીવોને આ ધર્મ ન આપવો. પ્રબલ જ્વર વગેરે રોગોથી પીડા પામતા સજ્જડ માંદગી ભોગવનારાઓને જો ઘી, ગોળ વગેરેથી મિશ્રિત ભારી ખોરાક કે દાળ-ભાત આપવાથી રોગની વૃદ્ધિ થાય છે, પણ તે આહાર તેના શરીરને ગુણકારી નીવડતો નથી, તેમ મિથ્યાત્વ-રોગથી ઘેરાએલા આત્માને સાત્વિક ધર્મરૂપ આહાર ગુણકારક નીવડતો નથી. જો અધવચ્ચમાં ધર્મનો ત્યાગ કરે, તો ભાવીમાં બોધિ દુર્લભ થાયછે. અહીં હવે પુરોહિતપુત્રી સોમા શ્રીમતીને કહે છે કે - 'જગતમાં સર્વે લોકો ઝુંટણ વણિક સરખા હોતા નથી, કેટલાક બુદ્ધિશાળી પણ હોય છે. આ વિષયમાં ગોબ્બર વણિકનું દૃષ્ટાંત છે –

વિશ્વપુરી નામની નગરીમાં પ્રસિદ્ધિપામેલો અને દરિયાની મુસાફરી કરનારો દત્ત નામનો વહાણવટી હતો. કાલ જતાં તેને દરિદ્રતા ઉત્પન્ન થઈ. પરલોકમાં પ્રયાણ કરતાં પહેલાં તેના પિતાએ આપેલી શિખામણ યાદ આવીકે, આપત્તિ – સમયમાં આ પ્રમાણે કરવું જેપેટીમાં તાંબાની કરંડિકા અને તેમાં આલેખેલ એક પટ્ટક છે, તેમાં લખેલું હતું કે, 'ગૌતમ નામના દ્વીપમાં ઉકરડાને કચરો-ખાતર પાથરવું. તેમ કરવાથી ખાતરની ઉષ્ણતાથી રત્નતૃણ ચરનાર ગાયોનાં દર્શન થશે. તે ગાયોનાં છાણથી રત્નો થશે.' તેમ પટ્ટકમાં લખેલું હતું. આ લખાણ જાણ્યા પછી નગરના ત્રણ-ચાર માર્ગો ઉપર અને સર્વ જગો પર બોલવાલાગ્યો કે, 'બુદ્ધિ છે, પણ વૈભવ નથી.' આને કઠઈ વળગાડ લાગ્યો છે - ગાંડો થઈ ગયો છે' એમ ધારીને લોકોએ તેની અવગણના કરી.આ વાત રાજાના સાંભળવામાં આવી, એટલે તેને બોલાવ્યો. વૈભવ લઈ જા, લાખ સોનામહોરો ગ્રહણ કરી. ગૌતમદ્વીપ લઈ જનાર નિર્યામક સાથે લીધો. વહાણમાં ક્ચરો-ખાતર ભર્યું. આમ કરવાથી લોકો તેની મશ્કરી કરવા લાગ્યાકે, 'ગાંડો થયો છે અને હજુ વેપાર કરવો છે.' તે દ્વીપે ગયો કચરો ત્યાં ઉતાર્યો, ત્યાં તેવી ગાયોનાં દર્શન થયાં. વહાણમાં તે ગાયોનું પુષ્કળ છાણ ભર્યું. વળી પાછો પોતાના નગરે આવ્યો.રાજાને મળ્યો. બીજા દ્વીપોમાંથી શું લાવ્યો ? 'હે દેવ ! ગોબર-છાણ લાવ્યો છું.' ત્યારે તેનું શુલ્ક-જગાત-કરમાફ કર્યો. 'આપની મહાકૃપા' લોકો મશ્કરી કરવા લાવ્યા કે, 'લાવી લાવીને છાણ લાવ્યો.' એમ કરી છાણ ઘરમાં પ્રવેશ કરાવ્યું. સમય થયો, એટલે ગાયના છાણના પિંડાને સળગાવ્યા, એટલે તેમાંથી રત્નો પ્રગટ થયાં. રત્નો વેચીને અન્નાદિનો પરિભોગ કરવા લાગ્યો. વળી લોકોનો પૂજ્ય બન્યો. લોકના હાસ્યની અવગણના કરીને જે કાર્યનો નિશ્ચય કર્યો હતો, તેમ જીવે પણ લોકોની અવગણના કરીને કરવા લાયક ધર્મ

કરવાનો નિશ્ચય કરવો જોઈએ. પટ્ટક સરખી ભગવંતની આજ્ઞા, એ પ્રમાણે ધર્મ વિષયમાં સર્વ યોજના કરવી. પિતૃસ્થાનીય ગુરુ, મશ્કરીના સ્થાન સરખા અજ્ઞાની બીજા મતવાળાઓ, ગૃહીસ્થાનીય પોતાના અભિપ્રાયનું જ્ઞાન લોકોમાં પ્રકાશિત કરવું રત્નસ્થાનીય ધર્મ. આવા પ્રકારનાગોબ્બાર વેપારી સરખા જીવોને ધર્મ આપવો.કોણે આપવો ? તો કે પરહિત કરવા તૈયાર થયેલા ગુરુએ, નહિંતર આ જગતમાં આવાને ધર્મ ન અપાય, તો આત્મંભરી-એકલપેટો કહેવાય. ઈશ્વરોની જેમ. તે આત્મંભરીપણું અનુચિત કહેવાય. (૫૭૦)

આ પ્રમાણે શ્રીમતી તેનો અભિપ્રાય જાણીને તેને સાધ્વી પાસે લઈ ગઈ. કેમ ? તોકે, તને સમજાવવું કલ્પે, પરંતુ વ્રતો આપવાનો અધિકાર મારો નથી, પરંતુ સાધુ-સાધ્વીનો તે અધિકાર છે. ઉપાશ્રયે ગયા, મોટાં સાધ્વીજીએ ઉચિત રીતે તેને બોલાવ્યા દાનાદિ ચારભેદવાળો ધર્મ કહ્યો. કર્મ પાતળાં થવાથી સોનાને તે ધર્મ પરિણમ્યો. ત્યાર પછી વિધિપૂર્વક અણુવ્રતોનું ગ્રહણ-પાલન કરવા લાગી. સોમાએ પોતાના માતા પિતાદિક ગુરુવર્ગને જણાવ્યું એટલે તેઓને પ્રીતીતિ થઈ તેઓએ કહ્યું કે - 'આ ધર્મનો ત્યાગકર.' સોમાએ કહ્યું કે - જયાંથી લીધો છે, ત્યાં ગુરુ પાસે જઈને છોડવો જોઇએ.એટલે વડીલોને ગુરુ પાસે લઈ જવા લાગી ચતુર સોમાએ વિચાર્યું કે, ગુરુઓ-માતા પિતાદિક વડીલો સમક્ષ પ્રત્યુત્તર આપવા સામા બોલવું, તે મને યોગ્ય નથી. બીજુ પ્રવર્તિની-સાધ્વીને દેખવાથી તેમને પણ બોધિ થશે. ઉપાશ્રયે જતાં માર્ગમાં વણિકને ઘરે હિંસાની નિવૃત્તિ ન કરેલીહોવાથી કુલને વિનાશ કરનારું મહાઘોર હિંસાનું કાર્ય જોયું. એક ગૃહસ્થની વ્યભિચારી સ્ત્રી નોકરના પ્રેમમાં પડી, તેની સાથે પુત્રને મારી નાખવાનો સંકેત કર્યો. તેઓને પોતાના ગોકુળમાં સાથે મોકલ્યો. પુત્રે નોકરને મારી નાખ્યો. પાછો ઘરે એકલો પુત્ર જ આવ્યો. માતાએ ઘંટીના શિલાના પડથી પુત્રનો ઘાત કર્યો. પુત્રવધુએ તરવારથી તેની સાસુનો વધ કર્યો. પુત્રીએ ઘોંઘાટ કર્યો આ એકદમ શું થયું? લોકો એકઠા થઈને બોલવા લાગ્યાકે, તેં પણ માતાનો ઘાત કરનારીને કેમ ન મારી નાખી ? પેલી કહેવા લાગી કે, 'મેં હિંસા ન કરવાની પ્રતિજ્ઞા કરેલી છે' વળી લોકો બોલવા લાગ્યા કે - 'હિંસાથી જેઓ પાછા હઠ્યા નથી, તે અવિરતિનું પાપ છે.' ત્યારે સોમાએ માતા-પિતાને કહ્યું આ પ્રમાણે માર્ગમાં જતાં કુટુંબની મારામારી દેખી તથા વહાણનાશ પામેલાકોઈક નાવનો વેપારી હતો, તે બીજા દ્વીપમાં ગયો, ત્યાં માંદો પડ્યો. નોકરે તેની સેવા-ચાકરી આદરપૂર્વક સારી રીતે કરી, એટલે નોકરને પોતાની પુત્રી આપીશ.' કહ્યું. નોકરેકહ્યુ કે, 'કદાચ આ વાતમાં વિવાદ થાય,તો જીવકા નામના પક્ષીઓ આમાં સાક્ષીઓ નક્કી કર્યા. જો તમો ફેરફાર બોલો, તો તે પક્ષી નિર્ણય આપશે' ઘરે આવ્યો, એટલે સ્ત્રીઓ વગેરે દ્વારા પુત્રી નોકરને આપવા વિષયમાં વિવાદ જાગ્યો, શેઠ પલટાઈ ગયો. આ ફરિયાદ રાજા પાસે ગઈ કે, 'પુત્રીદાન મને કર્યું છે અને હવે ના પાડે છે હે દેવ ! આમાં પક્ષી સાક્ષી છે.' રાજાની આજ્ઞાથી ત્યાં જઈને તેને લઈ આવ્યો.રાજાને આશ્ચર્ય થયું.ત્યાર પછી નજીકના મનુષ્યનો દૂર કર્યા. પછી પૃચ્છા કરી. 'આની સાક્ષી કેવી રીતે' ત્યાર પછી છાણમાં કીડા બતાવવા દ્વારા-અર્થાત્ ચાંચના અગ્રભાગથી ભોજન માટે કીડાઓને જુદા સ્થાપન કરીને બીજા નજીકમાં રહેલાહોય, તેમને જાતિ જ દેખી લો. એવા પ્રયોજનથી સાક્ષીએ કહેલું. કેવી રીતે ? તે કહે

છે - 'જુઠ બોલનારને આવા પ્રકારના છાણ ભક્ષણ કરનારા કીડા તરીકે ભવાંતરમાં થવું પડશે' એમ આ પક્ષી જણાવે છે. લોકોએ તે જુઠ બોલનારાને ધિક્કારીને હાંકી કાઢ્યો. સોમાના વડીલોએ તેની આ સ્થિતિ દેખી, એટલે બીજું વ્રત છોડવાની પણ તેને મના કરી.

આ પ્રમાણે તલના ચોરની હકીકત કહે છે –

સ્નાન કરીને શરીર કોરૂં કર્યાં સિવાય એક છોકરો હાટ અને લોકોને વેપાર માટે એકઠા થવાના સ્થલે ગયો. કોઈક બળદની હડફેટમાં આવવાથી તલના ઢગલામાં પડી ગયો. એટલે તેના ભીના શરીર ઉપર ઘણા તલના દાણા ચોંટી ગયા. તેવી સ્થિતિમાં ઘરે ગયો, એટલે માતાએએક કપડામાં બધા ખેંખેરીને ઉખેડી લીધા. તેને સાફસુફ કરી તેની રેવડી બનાવી.તે રેવડી સ્વાદિષ્ટ લાગવાથી તેવી રીતેચોરી કરવાનો પ્રયોગ કરવામાં વિશેષ આનંદ માણવા લાગ્યો. તેપ્રમાણે સ્નાન કરીને ભીના શરીરથી વારંવાર તલ હરણ કરવા લાગ્યો. એ પ્રમાણે તલની જેમ વસ્ત્ર વગેરે ચીજોની પણ ચોરી કરવા ટેવાઈ ગયો. કોઈક વખતે રાજપુરુષોથી પકડાયો, એટલે માતાના સ્તનનો એક ખંડ ખાઈ ગયો કે, શરૂથી મને માતાએ ચોરી કરતો ન અટકાવ્યો. રાજ્યાધિકારીઓએ તેના હાથ-પગ કાપી નાખ્યા. એવી સ્થિતિમાં સોમા અને તેની માતાએ તે ચોરને જોયો. એટલે ત્રીજા વ્રતને પણ છોડવાનું નિવારણ કર્યું. એ જ પ્રમાણે અશ્વરક્ષક પુરુષસાથે આસક્ત થયેલીકોઈક વ્યભિચારી સ્ત્રી કામના ઉન્માદથી પોતાના પતિને મારીને તે પાપિણી ભયંકર આકૃતિવાળી એવી રીતે બની ગઈ કે, માથા પર એક પેટીમાં પતિના શરીરના ટૂકડા ભરી બહાર ફેંકવા જતી હતી, તે પેટી તેના મસ્તક સાથે કોઈક દેવતાએ એવી રીતે ચોંટાડી દીધી કે, હવે મસ્તક પરથી જુદી પાડી શકાતી નથી. હવે અંદરથી રૂધિર-લોહી, ચરબી પીગળવા લાગ્યા, જેથી મોં, સ્તન, પીઠ વગેરે તેનાથી લેપાઈ ગયાં. વન તરફ જતાં આંખે દેખતી પણ બંધ થઈ ગઈ. નગર તરફ આવી, એટલે આંખો સાજી થઈ ગઈ. તેની આસપાસ બાળકો ટોળે મળીને તેની જાતિ ઉગાડતા ખીજવતા હતા. લોકો તિરસ્કારતા હતા.કરુણ સ્વરથી તે વિલાપ કરતીહતી. આવી સ્થિતિવાળી આ સ્ત્રીને દેખીને સોમાના માતા-પિતાએચોથું વ્રત છોડવાની પણ મના કરી.

એ પ્રમાણે લોભની અધિકતા રૂપ અસંતોષથી ભાંગી ગયેલા વહાણનો વેપારી કોઈ પ્રકારે સમુદ્રમાંથી બહાર આવ્યો. મત્સ્યોનો આહાર કરવાથી અત્યંત કુષ્ઠ નામનો વ્યાધિ થયો. ત્યાર પછી ક્યાંઈક સાંભળ્યું કે, 'પુત્રનો બલિ આપવાથી નિધિની પ્રાપ્તિ થાય છે.' પુત્રને બલિદાન દેવાનો વિધિ કર્યો. પરંતુ તેમાં તે નિષ્ફલ નીવડ્યો-નિધિ ન મળ્યો. કેમ ન મેળવ્યો? તો કે પુત્રને બલિદાન કરનાર સિવાયનો બીજો કોઈ ભળતો જ પુરુષ નિધાન લઈ ગયો. નગરના રાજા અને કોટવાળાના જાણવામા આવ્યું કે, 'નિધિ માટે પુત્રનો બલિ આપ્યો છે.' ત્યાર પછી ક્ષોભ પમાડાતો, નિન્દાતો, ઘણા લોકોથી ધિક્કારાતો, વસ્ત્ર વગરનો નગ્ન બનેલો તે દરિદ્ર દેખ્યો. ત્યાર પછી પાંચમા વ્રતનો ત્યાગ કરવાનો જનક-જનનીએ નિષેધ કર્યો જેમ આગળના વ્રતોમાં કરેલ તેવી રીતે.ત્યાર પછી સોમાનાં માતા-પિતા સાધ્વીના ઉપાશ્રય નજીક આવ્યાં. ત્યાં પણ તેમણે અકસ્માત્ અકાર્ય જોયું. કેવું ? તો કે, કોઈ પુરુષ રાત્રે રોટલા અને

વેંગણના શાકનું ભોજન કરતો હતો, તેમાં ન દેખવાથી મુખમાં વીંછી આવી ગયો, એટલે મુખમાં તેણે ડંખ માર્યો. વ્યંતર જાતના વિષવાળો વિંછી હોવાથી તેનું મુખ એટલે મુખમાં તેણે ડંખ માર્યો. વ્યંતર જાતિના વિષવાળો વિંછી હોવાથી તેનું મુખ સૂઝી ગયું. એટલે વૈદ્યો આવીને તેની ચિકિત્સા કરવા લાગ્યા. ઘણા ઔષધાદિના પ્રયોગો કર્યા. ઉંચો-નીચો થાય, અંગ-ભંગ થવા લાગ્યા, ગદગદ સ્વરે ચીસો પાડીને રુદન કરતો સોમાનાં માતા-પિતાએ જોયો. તેથી 'આ રાત્રિભોજન ખરાબ છે.' એમ માનતા તેઓએ છઠ્ઠા વ્રતના ત્યાગનો પણ નિષેધ કર્યો. (૫૯૫)

અહિં સોમાએ કહ્યું કે, 'મેં આ ધર્મ ગ્રહણ કર્યો છે.' બીજા કેટલાકોને પણ નિયમ વિશેષો ગ્રહણ કરાવ્યા. ત્યાર પછી સોમાના માતા-પિતાએ કહ્યું કે - 'હવે તું યત્નથી આ વ્રતોનું પાલન કરજે. હવે તારાં ગુરુ સાધ્વીનાં દર્શન કરીએ.' પછી સાધ્વીના ઉપાશ્રયમાં ગયા. નજીકના શય્યાતરના ચૈત્યગૃહમાં ચૈત્યવંદન કર્યું. ત્યાર પછીસોમાએ ગણિનીને બતાવ્યાં-ઓળખાવ્યાં કે, આ મારો ગુરુવર્ગ છે. ગણિનીએ ઉચિત વિધિથી પ્રથમ બોલાવ્યા. ત્યાર પછી ધર્મોપદેશ આપ્યો. તેને સાંભળીને સંતોષ થયો. સામાન્યથી ધર્મકથા કહ્યા પછી કેટલાક વિશેષ પદાર્થોના પ્રશ્નો કર્યા. ગણિનીએ તેના આગળ કહેવાઈ ગયા, તે પ્રમાણે ઉત્તરો પણ આપ્યા. (૫૯૭).

૫૯૮ થી ૬૦૦ - કયો ધર્મ ? તો કે જીવદયા, જીવને સુખ કયું ? તો કે, આરોગ્ય કયો સ્નેહ કહેવાય ? તો કે સદ્ભાવ પાંડિત્ય કોને કહેવાય ? કાર્યનો નિશ્ચય કરવો તે વિષમ શું છે ? દેવની કાર્યગતિ. શું મેળવ્યું ? તો કે લોકો ગુણગ્રાહી થાય તે. શું સુખે ગ્રહણ કરી શકાય કે કોને સમજાવી શકાય ? તોકે, સજ્જનને, દુગ્રાહ્ય શું ? દુર્જનલોક આ વગેરે પ્રશ્નોના ઉત્તરો આપવાથી તેઓ તેવા ભદ્રિક પરિણામવાળા થયા, જેથી સોમાને સ્વપ્નમાં પણ ઘણે ભાગે વિઘ્ન-અંતરાય કરનારા ન થયા. આ ગાથાઓ ઘણા વિસ્તારથી આગળ સમજાવેલી હોવાથી અને સુગમ હોવાથી વ્યાખ્યા કરતા નથી. (૫૯૮ થી ૬૦૦) શ્રીમતી, સોમાના ઉદાહરણ કહીને ચાલુ વિષયમાં જોડે છે –

૬૦૧- તેવા હલુકર્મી આત્માને ગુણસ્થાનકના પરિણામ ચાલતા હોય, તેને સમગ્ર કલ્યાણ-પરંપરાઓ પ્રાપ્ત થાય છે, કારણ શુદ્ધ નીતિમાર્ગને જ અનુસરી રહેલો છે, માર્ગાનુગામી હોવાથી તે પરંપરાએ સુખાનુબંધની પ્રધાનતાવાલો થાય છે. ગુણસ્થાનકના પરિણામવાળા આત્માઓ નક્કી જિનેશ્વરે કહેલા માર્ગનું જ અનુસરણ કરે છે. શાથી ? તો કે ઉન્માર્ગે લઈ જનાર મિથ્યાત્વાદિ કર્મનો ક્ષય થયેલો હોવાથી ગુણસ્થાનક-પરિણામનો જ સંભવ હોય છે. તેથી ઉત્તરોત્તર સમગ્ર કલ્યાણના લાભનો અધિકારી થાય છે. (૬૦૧)

**હવે મહાવ્રતોને આશ્રીને કહે છે –**

## સમિતિ-ગુપ્તિનું સ્વરૂપ

૬૦૨ - કહેલા લક્ષણવાળા ગુણસ્થાનકના પરિણામ હોય, તેને અનુલક્ષીને જે મહાવ્રતો

હોય, તેને આશ્રીને સમિતિ-ગુપ્તિ સંબંધી ઉદાહરણો આગળ કહીશું, તે પ્રમાણે જાણવાં, સમિતિઓ અને ગુપ્તિઓ મહાવ્રત-સ્વરૂપ હોવાથી આ પ્રમાણે અહિં ઉપન્યાસકર્યો છે. (૬૦૨) હવે સમિતિની સંખ્યા અને સ્વરૂપ કહે છે –

૬૦૩ – ૧ ઈર્યાસમિતિ, ૨ ભાષાસમિતિ, ૩ એષણા સમિતિ, ૪ આદાનભંડમત્ત નિક્ષેપણા સમિતિ, ૫ ઉચ્ચાર -પ્રસ્રવણ-ખેલ સિંઘાણ-જલ્લ-પારિષ્ઠાપનિકા સમિતિ-આ નામની પાંચ સમિતિઓ જાણવી. કેવા લક્ષણવાળી ? તો કે,કાયાઅને વચનની ચેષ્ટા-પ્રવૃત્તિ સ્વરૂપ, તે માત્ર એ ચેષ્ટાનું અનુવર્તન કરે છે, જેઓ એવી સંગત પ્રવૃત્તિવાળી તે અર્થયોગથી સમિતિ કહેવાય. આના પછી હવે ગુપ્તિ કહીશું. (૬૦૩)

૬૦૪ - ૧ મનોગુપ્તિ, ૨-વચનગુપ્તિ, ૩-કાયગુપ્તિ-એમ ત્રણ ગુપ્તિઓ, રાગ-દ્વેષ આદિ દોષો વડે વિક્ષોભ પામતા આત્માનું રક્ષણ કરવું. સિદ્ધાંતરૂપ ઉજ્જવલ મહેલની ધ્વજા સરખા આચાર્યોએ આ ત્રણે ગુપ્તિઓને ચેષ્ટા-સ્વરૂપ નિરૂપણ કરેલી છે. જે માટે શાસ્ત્રકારોએ કહેલું છે કે - (૬૦૪) કહેલ વાતને જ દર્શાવે છે. –

૬૦૫ - સમ્યગ્ યોગપૂર્વક-જયણાના ઉપયોગ-સહિત ગમન કરવું, વચન બોલવું એ વગેરે સમિતિઓમાં પ્રવર્તતો મુનિ જરૂર સ્વની અને બીજાની રક્ષા કરનારો હોવાથી ગુપ્તિવાળો છે. જે ગુપ્ત હોય તે સમિતિવાળા હોય કે ન પણ હોય. અહિં હેતુ જણાવે છે કે, કુશલતાથી વિધિ અનુસાર મધુરત્વ આદિ વિશેષણવાળી વાણીને બોલતો હોય, તે વચનથી ગુપ્ત હોવા સાથે સમિતિ-સમ્યગ્પ્રવૃત્તિવાળો પણ થાય છે. આથી સમિત હોય, તે નક્કી ગુપ્ત હોય. માનસિક ધ્યાનાદિ અવસ્થામાં કાયચેષ્ટા-રહિતમાં પણ ગુપ્ત થાય જ. (૬૦૫) આ જે પ્રમાણે શુદ્ધ થાય,તે કહે છે –

૬૦૬ - પૂર્વ એટલે સમિતિ-ગુપ્તિના પ્રયોગકાળની પહેલાં 'સરૂવ' એટલે પદના એક દેશમાં પદ સમુદાયનો ઉપચાર કરવાથી તે સમિતિ ગુપ્તિના સ્વરૂપનું જ્ઞાન થાય. ત્યાર પછી તેના પ્રયોગકાળમાં ધર્મકથા આદિ બીજા વ્યાપાર-રહિત આગુપ્તિ સમિતિઓ શુદ્ધ થાય છે. કેવા સાધુને આ સમિતિ-ગુપ્તિ શુદ્ધ થાય ? તે કહે છે – સર્વ પ્રકારે જ્ઞાનાદિક કાર્યો કરવાના પ્રસંગ ઉપસ્થિત થાય, ત્યારે તેમાં સાવધાન હોય-ઉપયોગવાળો હોય,તેને સમિતિ-ગુપ્તિ નિર્મલ હોય છે. કહેવાનું તાતપર્ય એ છે કે - પ્રથમ તો સમિતિ-ગુપ્તિનું પ્રવૃત્તિ-નિવૃત્તિ-ચેષ્ટા-અચેષ્ટાદિ રૂપ લક્ષણ-સ્વરૂપ જાણવું, ત્યાર પછી પ્રયોગકાળમાં બીજા વ્યાપારોનો ત્યાગ કરવો, સર્વ પ્રકારે ઉપયોગવાળા બનવું. ત્યાર પછીના યોગમાં પણ ઉપયોગ ચાલુ જ રહેલો હોય, એ પ્રમાણે જો થાય તો ગુપ્તિ-સમિતિઓ શુદ્ધિ પામે છે. કારણ કે, હેતુ સ્વરૂપ, અનુબંધ એમ ત્રણેની વિશુદ્ધિ હોવાથી અહિં સ્વરૂપનો બોધ-જ્ઞાન થવું તે હેતુ, બીજા વ્યાપારોનો ત્યાગ કરવો અને કાર્યમાં ઉપયોગ રાખી પ્રવૃત્તિ કરવી, તે સ્વરૂપ, ત્યાર પછી જે ઉપયોગવાળો યોગ ચાલુ રહે તે અનુબંધ. (૬૦૬)

હવે તેનાં ઉદાહરણો કહેવાની ઈચ્છાવાળા કહે છે –

૬૦૭ - આ સમિતિ-ગુપ્તિ સંબંધી અહિં જૈનમતમાં પૂર્વાચાર્યો એ જે દૃષ્ટાન્તો વરદત્ત

વગેરે સાધુઓનાં આઠ ઉદાહરણો કહેલાં છે, તેને સંક્ષેપથી કહીશ. (૬૦૭)

૫૬ ગાથાથી તે કહે છે –

### (૧) ઈર્યાસમિતિ ઉપર વરદત્ત સાધુનું ઉદાહરણ

૬૦૮ થી ૬૬૩ - કોઈક સન્નિવેશમાં વરદત્ત નામના મુનિવર પોતાના સ્વભાવથી જ ઈર્યાસમિતિમાં અત્યંત ઉપયોગવાળા હતા. હંમેશાં આત્મામાં પૂર્ણ ઉપયોગવાળા, જેમનું નામ ગ્રહણ કરરવાથી કલ્યાણ થાય,તેવા તે મુનિવરના ગુણોમાં ઉત્પન્ન થયેલા સ્વભાવથી ગુણાનુરાગવાળા સૌધર્માધિપતિ ઈન્દ્ર મહારાજે મનુષ્યલોકમાં દેખતાં ઉપયોગ મૂક્યો, તો વરદત્ત સાધુ સંબંધી જ્ઞાન થયું. તેની ઈર્યાસમિતિમાં અત્યંત નિશ્ચલતા દેખીને સુધર્માસભામાં ઈન્દ્રે તેની પ્રશંસા કરીકે - 'અહો ! આ વરદત્ત સાધુને દેવો અને દાનવો કે જગતના મનુષ્યોમાંથી કોઈપણ ઈર્યાસમિતિથી ચલાયમાન કરવા માટે સમર્થ નથી. આપ્રમાણે ઈન્દ્ર મહારાજાએ કરેલી સ્તુતિમાં અશ્રદ્ધા કરનાર એક મિથ્યાદૃષ્ટિ દેવને તેના વચનમાં વિશ્વાસ ન આવ્યો. તેથી બોલી ઉઠ્યો કે - 'કોઈ એ આ બરાબર જ કહેલું છે કે - "જે ઈચ્છા થાય, તેનો અમલ કરી લેવો, મનમાં જે આવે, તે બોલી નાખવું, બીજાએ તેમાં શંકા ન કરવી - આવા પ્રકારનું સ્વામીપણું રમણીય છે." ત્યાર પછી તે શ્રદ્ધા ન કરનાર દેવ અહિં નીચે આવ્યો. બહાર સ્થંડિલભૂમિ જવાના માર્ગમાં આગળ દેડકીઓ, માખીઓ ઢગલાબંધ વિકુર્વી. પાછલા ભાગમાં પર્વતના શિખર સરખા, પવન સરખા વેગવાળા, લાંબે સુધી ઉંચી કરેલી સૂંઢવાળા હાથીની વિકુર્વણા કરી. ત્યાર પછી મહાવતે મોટી બૂમ પાડીને કહ્યું કે, 'જલ્દી માર્ગમાંથી ખસી જા, નહિંતર જીવતો નહિ રહીશ' સમગ્ર ત્રાસનો ત્યાગ કરીને જવાના માર્ગમા બરાબર ઈર્યાસમિતિને શોધતા શોધતા ગમન કરતા હતા. હાથીના ત્રાસથી લગાર પણ ગભરાયા વગર જેમ પહેલાં ઈર્યાસમિતિના ઉપયોગથી ચાલતા હતા, તે જ પ્રમાણે હાથીની વિકુર્વણા થયા પછી સમિતિનો ભંગ કર્યા સિવાય ચાલતા હતા. ત્યાર પછી હાથીએ સૂંઢથી પકડીને તેમને આકાશતલમાં ઉંચે દૂર સુધી ફેંક્યા. તરત જ ભૂમિ ઉપર તેનું પતન થયું. ફેંકવું અને પતન થવું - તે બેના કાળ વચ્ચે આંતરૂ ન હોવાથી બંને સાથે થયાં-તેમ જણાયું. (૬૧૦)

આટલું થવા છતાં તે મુનિની ઈર્યાસમિતિની પરિણતિ-ભાવનામાં લગાર પણ પતન ન થયું. ભાવનામાં ફરક ન પડ્યો. શાથી ? મારા શરીરના પડવાથી જે દેડકીઓ માખીઓના જીવને પીડા થાય છે, તેનું 'મિચ્છા મિ દુક્કડં' મને હોજો. એટલું જ નહિં, પરંતુ પોતાનાં અંગોપાંગ-ગાત્રો સંકોચીને ઈર્યાસમિતિ પ્રધાન પણે તેણે સાચવી. તેનો યથાર્થ ભાવ દેવતાએ જાણયો એટલે દેવને સંતોષ થયો, પરંતુ ઉદાસીનભાવ કે બીજા ભાવો દેવને ન થયા. ત્યાર પછી દેડકીઓ, માખીઓ, હાથીનું સંહરણ કરી પોતાનું રૂપ પ્રગટ કરી બતાવ્યું કેવું રૂપ ? તો કે ચલાયમાન હલન-ચલન થતાં કુંડલોના  વક્ષસ્થલ ઉપર ફેલાએલ હારનાં કિરણોથી અદૃશ્ય થયેલ અંધકાર - સમૂહથી જેનો મુકુટ પ્રગટ થયેલ છે, એવા દેવે પોતાનું રૂપ બતાવ્યું. ત્યાર પછી મુનિને પ્રાર્થના કરી કે, આપ કંઈક વરદાન સ્વીકારો.' - એમ કહ્યું, ત્યારે સ્પૃહા

વગરના ત્યાગ કરેલા સંગવાળા મુનિએ અનિચ્છા દર્શાવી. ત્યાર પછી ભક્તિપૂર્ણ અતિસંતોષ પામેલો તે દેવ તેમના ચરણ-કમળમાં વંદન કરીને પોતાના સ્થાને ગયો. વરદત્ત સાધુએ પણ ત્યાંથી જઈને પહેલાં જ્યાં ગમન કર્યુંહતું, સ્થંડિલ જવાના માર્ગે જીવોનું અવલોકન કર્યું કે, 'મારાથી કેટલા જીવો વિરાધના પામ્યાહશે ?' મેં દેવને દેખ્યા, એવું મનમા તેને આશ્ચર્ય પણ ન થયું અને સ્થંડિલ જઈ આવ્યા પછી સ્વાધ્યાય-ધ્યાનના બીજા યોગમાં સમ્યગ્પણે પ્રવૃત્તિ કરવા લાગ્યા. (૬૧૨)

## (૨) ભાષાસમિતિ પર સંગતસાધુનું ઉદાહરણ

કોઈક નગરમાં સમગ્ર સાધુ-સામાચારી પાલન કરવામાં તત્પર સંગત નામના સાધુ હતા. "જે સત્યભાષા હોય, છતાં પણ તેમ જ સત્યામૃષા અને મૃષાભાષા હોયતે. જેને પંડિતોએ આચરેલી ન હોય, તેવી ભાષા ન બોલવી." એ સ્વરૂપ ભાષા બોલવાની શુદ્ધિમાં સ્વભાવથી જ પૂર્ણ ઉપયોગવાળા રહેલાહતા.હવે કોઈક સમયે માંદા સાધુની વેયાવચ્ચના કારણે નગરમાં પુષ્કળ નિર્દોષ ભિક્ષાદિની પ્રાપ્તિ હોવા છતાં મમત્વભાવનો ત્યાગ કરવા માટે નગરને ઘેરો ઘાલેલા શુત્રસૈન્યમાં બહાર ભિક્ષા લેવા માટે ગયા. સૈન્યના લોકો સાધુને પૂછવા લાગ્યા કે, 'તમે અહિં ક્યાંથી આવ્યા ?' મુનિએ જવાબ આપ્યો કે, 'નગરમાંથી' સૈન્યલોકો પૂછયું કે, 'નગરના રાજાનો શો અભિપ્રાય છે ? શું તે રાજા અમારી સાથે અથડામણ-લડાઈ કરશે કે નહિ ?' મુનિએ કહ્યું કે, 'કોઈ શું અભિપ્રાય કરશે અગર કયા અભિપ્રાયમાં વર્તે છે ? તેહું જાણતો નથી.' સૈનિક-'નગરમાં વસનાર તમને તેમના અભિપ્રાયનું જ્ઞાન કેમ ન થયું ?' મુનિ-'સાધુઓ લોકવ્યવહારના વ્યાપાર-રહિત હોય છે.' સૈન્ય- 'જો અભિપ્રાય ન જણાયો હોય, પરંતુ નગરના લોકો સંધિ અને લડાઈના વિષયમાં શું વાતો કરે છે ?' મુનિ- 'આ વિષયમાં પણ બોલવાના વ્યાપારથી રહિત છું.' સૈન્ય- 'નગરના રાજા પાસે હાથી, ઘોડા વગેરે સંગ્રામ કરવા લાયક સૈન્ય વગેરેની સંખ્યા કેટલી છે ?'

મુનિ - 'આ બાબતમાં પણ કેટલું લશ્કર આદિ છે ? તેના જ્ઞાનમાં અમો વ્યાપાર વગરના છીએ.' વળી મુનિએ કહ્યું કે, 'અમો બે કાનથી સાંભળીએ છીએ, આંખોથી દેખીએ છીએ. કારણ કે, શબ્દ અને રૂપના વિષયને ગ્રહણ કરવાનો તે ઇન્દ્રિયોનો સ્વભાવ છે, પરંતુ તેનાથી પાપવાળું કાર્ય સાધતા કે કથન કરતા નથી, પરંતુ કાર્ય પડે ત્યારે પાપરહિતનો જ ઉપયોગ કરીએ છીએ. તમે જે પૂછો છો, તે તો સર્વ પદાર્થો પાપવાળા છે. આ કારણે જ એમ કહેવાય છે કે, "કાનથી ઘણું સંભળાય છે. નેત્રો વડે ઘણું દેખાય છે, પરંતુ સાધુઓએ જેટલું દેખાયું કે સંભળાયું હોય, તે સર્વ કથન કરવું યોગ્ય નથી."

સૈન્ય - જો તમે વ્યાપારવગરના છો, તો તમે અહિં નગરમાં કેમ વસો છો ?

મુનિ - અમારા એક સાધુ ગ્લાન-બિમાર છે.

સૈન્ય - તો અમારા સૈન્યમાં કેમ ફરો છો ?

મુનિ - અમને મમત્વભાવ ઉત્પન્ન ન થાય તે માટે, કોઈ પણ નગર, ગામ, કુલ વગેરેમાં અમે રાગના સંગ વગરના હોવાથી.

સૈન્ય - તમે જાસુસ અને ચોર છો.

મુનિ - અમે જાસુસ નથી, પણ સાધુ છીએ.

સૈન્ય - કોણ જાણે છે કે, તમો કોણ છો ?

મુનિ-જેમાં અમારો આત્મા સાક્ષી છે, એવો ધર્મ, એટલે કે ધર્મની વસ્તુમાં બીજા કોઈની સાક્ષીની જરૂર નથી - એમ નક્કી કર્યું.

સૈન્ય - આવાં પ્રત્યુત્તરો આપવાથી અમારી પાસેથી છૂટી શકાતું નથી.

મુનિ - તો પછી જે જાણો, તે પ્રમાણે કરો.

સૈન્ય - સામર્થ્યરૂપ એવી તમારામાં કઈ શક્તિ ઉત્પન્ન થઈ છે ? તેથી એમ માની શકાય કે, કોઈ પ્રકારે તમારામાં એવી શક્તિ ઉત્પન્ન થઈ છે કે, જે શિક્ષા અમે કરીએ, તે તમો સહન કરી શકો ?

મુનિ - સમગ્ર ત્રણે લોકના સામર્થ્યથી પણ અધિક સામર્થ્યવાળા પુરુષ-વિશેષના ઉપદેશથી અમે તેવી સહનશક્તિ મેળવી છે.

સૈન્ય - તેવા શક્તિવાળા પુરુષ તે કોણ ?

મુનિ - સર્વ ભૂત, ભવિષ્ય અને વર્તમાન-એમ ત્રણે કાળના પદાર્થોને હથેળીમાં રહેલા મોટા મુક્તાફળની માફક સાક્ષાત્ જેઓ જાણી શકે છે અને સમગ્ર સુરોઅસુરોના સમૂહ વડે જેઓનાં ચરણ-કમળો પૂજનીય છે- એવા અરિહંત ભગવંતો.

ત્યાર પછી સંતોષ પામેલા સૈનિક લોકોવડે એ મુનિ મુક્ત કરાયા, એટલે તેઓપોતાના સ્થાને ગયા. 'આ વગેરે નગરના અભિપ્રાયને પ્રગટ કરવા, તે વગેરે કાર્યો સાધુલોક માટે અયોગ્ય છે.' એટલે હંમેશાં ભાષાસમિતિવાળા સાધુ તેવાં અનુચિત વચન ન બોલે,પરંતુ સંગત નામના સાધુ જેમ ઉપયોગ પૂર્વક સાવધાનીથી નિરવદ્ય વચન બોલ્યા, તેમ ભાષાસમિતિના ઉપયોગપૂર્વક બોલવું. (૬૧૭)

## (૩) એષણા સમિતિ ઉપર નંદિષેણ ઉદાહરણ

કૃષ્ણ વાસુદેવના પિતા વસુદેવ-સ્વાભાવિક પોતાના અતુલ સૌભાગ્યના કારણે બીજા મનુષ્યોના - જેમણે પોતાના સૌભાગ્યનું અભિમાન કરેલું છે, તેઓના સૌભાગ્યને ભગ્ન કરનાર એવા દશમાં દશાર્હ, અન્ધવૃષ્ણિ નામના મહારાજના પુત્ર, તે કાળે હરિવંશના કુળના પિતામહ સ્વરૂપ થયેલા છે, તેમના પૂર્વજન્મમાં નંદિષેણ મુનિ થયા અને તેઓ એષણા સમિતિમાં કેટલા ઉપયોગવાળા-સાવધાન જાગ્રત હતા, તે બતાવે છે.

મગધદેશમાં નન્દિ નામના ગામમાં ગૌતમ નામનો બ્રાહ્મણ હતો. કુંભારના ચક્રનીમાફક જે ગ્રામ, નગરાદિક ભ્રમણ કરે, તે ચક્રચર-ભિક્ષાચાર કહેવાય એમ તે ગૌતમ ચક્રચર હતો. તેને ધારિણી નામના ભાર્યા હતી. એ પ્રમાણે કુટુંબધર્મ પ્રવર્તતો હતો. ત્યાર પછી કેટલોક

સમય ગયા પછી ધારિણીની કુક્ષિમાં ગમે તે કોઈ ગતિમાંથી આવેલો જીવ ગર્ભપણે ઉત્પન્ન થયો. તે સ્વાભાવથી જ અભિલષિત સિદ્ધિના હેતુભૂત પુણ્યસમૂહને એકઠું નહિં કરેલ હોવાથી ગર્ભને છ મહિના થયા, એટલે પિતા મૃત્યુ પામ્યા અને જન્મતાં જ તેની માતા મૃત્યુ પામી.

ત્યાર પછી તેના મામાએ તેને કોઈ પ્રકારે પાલન-પોષણ કરી વૃદ્ધિપમાડ્યો અને 'નંદિષેણ' એવું નામ સ્થાપન કર્યું. તે છોકરો મામાને ઘરે ખેતી, પશુપાલન આદિ કર્મ કરવા લાગ્યો. ગૃહકાર્યમાં તેના મામા નિશ્ચિત બન્યા. એ પ્રમાણે કાળ પસાર થતો હતો, ત્યારેકેટલાક બીજાના સંકટમાં આનંદ માનનારા ઈર્ષ્યાલુ લોકે તે નંદિષેણને ભરમાવ્યો કે, 'તું આ મામાનાં ચાહે તેટલા વૈતરાં કરીશ અને તેઓ ચાહે તેટલા ધનની વૃદ્ધિ પામશે, તો પણ તેમાં તને કશો લાભ થવાનો નથી.' એટલે નંદિષેણ મામાના ઘરના કાર્યોમાં મંદ આદરવાળો થયો અને કાર્ય ઓછું કરવા લાગ્યો. મામાને ખબર પડી કે, 'આ ગામમાં સ્વભાવથી પારકા ઘરની ચિંતા કરનારા ઉચ્છૃંખલ લોકો ઘણા છે અને તેનો તને આડીઅવળી વાતો કરીને નકામો ભરમાવે છે, માટે તું તેમના વચન સાંભળીશ નહિ.બીજા લોકો તો પારકાં ઘર કેમ ભાંગે ? તેનાથી જ ખુશ થનારા હોય છે. બીજું મારે ત્રણ પુત્રીઓ છે, તેમાં સૌથી મોટી છે, તે જ્યારે યૌવનવય પામશે ત્યારે તેના તારી સાથે લગ્ન કરીશ.' આ પ્રમાણે મામાએ કહ્યું, એટલે વળી પાછો મન દઈને ઘરનાં કાર્યો કરવા લાગ્યો. અનુક્રમે વિવાહ સમય પ્રાપ્ત થયો અને વિવાહનો કાર્યારંભ પિતા કરવા લાગ્યા. ત્યારે પિતાને કન્યાએ તેની સાથે વિવાહ કરવાની અનિચ્છા પ્રગટ કરી. શાથી ? તો કે, નંદિષેણના હોઠ જાડા-પહોળા ખુલ્લા હોવાથી, વળીતેના દાંત મુખ બહાર નીકળેલા છે, નાસિકા ચીબી-બેઠેલી છે, નેત્રના છિદ્રો અતિ ઉંડાં છે. બોલે તો તેનું વચન અપ્રિય લાગે છે, લાંબા પેટવાળો છે, છાતી સાંકડી છે, પગલાં લાંબા ભરનારો છે, ભ્રમર ભેંષ સર્પ સરખી શ્યામ કાયાવાળો છે, સાક્ષાત્ પાપના ઢગલા સરખા એવી તેની સાથે મારે લગ્ન કરવા નથી. એમ છતાં પરાણે લગ્ન કરશો, તો નક્કી મારે મરણનું શરણ છે.' એટલે તે ખેદ પામ્યો અને ઘરકામમાં આલસ કરવા લાગ્યો. એટલે વળી મામાએ તેને સમજાવ્યોકે, આ પુત્રીએ તને ભલે ન ઇચ્છયો, તો હવે બીજી પુત્રી તને આપીશ, તે પુત્રી પણ પ્રથમની જેમ ઈચ્છતી ન હતી, એટલે ત્રીજી આપવાનું જણાવ્યું, પરંતુ છેલ્લી પણ પ્રથમ પુત્રીની જેમ તેની અભિલાષા કરતી નથી.

ત્યાર પછી તે વૈરાગ્ય પામ્યો, ઘરેથી નીકળી નંદિવર્ધન નામના આચાર્યની પાસે ચારિત્ર અંગીકાર કર્યું. હવે પોતે પૂર્વ ભવમાં આકરાં પાપકર્મો કરેલાં છે, તે તપ કર્યા વગર નાશ પામવાનાં નથી-એમ માનતા તેણે છઠ્ઠને પારણે છઠ્ઠ કરવા રૂપ તપ આદર્યો તે છઠ્ઠ તપમાં પાંચ વખતના ભોજનનો પરિહાર કરવો અને છઠ્ઠા ભોજનને ગ્રહણ કરવા રૂપ જે તપમાં વિધિ છે, એવા અન્વર્થ પ્રધાનતાવાળા અથવા તો બે ઉપવાસ લાગલાગટ કરવા રૂપ છઠ્ઠ તે જે ખમે છે-સહન કરે છે, તેવો તે છઠ્ઠ ક્ષપક-પોતાના સામર્થ્ય-અનુસાર વિચાર કરીને આગળ કહીશું, તે પ્રમાણે અભિગ્રહ ગ્રહણ કરે છે, તે અભિગ્રહ આ પ્રમાણે જાણવો —

"બાળ સાધુ, રોગી સાધુ, વૃદ્ધ, પરોણા, આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, નવદીક્ષિત

વગેરે ભેદવાળા સાધુઓની અન્ન-પાન આપીને તેમની સાધનામાં મદદગાર બનવા રૂપ વૈયાવૃત્ય મારે જ દરરોજ કરવું, પરંતુ મારે કોઈ દિવસ બીજાના ઇચ્છાકારના વિષયભૂત ન બનવું-અર્થાત્ મારું કાર્ય મારે બીજા પાસે ન કરાવવું."

આ પ્રમાણે ગ્રહણ કરેલા અભિગ્રહવાળો તે નિધિલાભથી પણ અધિક સંતોષને સંઘની અંદર વેયાવચ્ચ કરનાર તરીકે પ્રસિદ્ધિ પામ્યો. તે વખતે સૌધર્મના ઇન્દ્રે નંદિષેણ મુનિના વેયાવચ્ચ ગુણની પ્રશંસા કરી. ત્યારે શક્રની પ્રશંસામાં અશ્રદ્ધા કરનાર એકદેવ અહિં આવ્યો. તે દેવ બે સાધુનાં રૂપો વિકુર્વ્યાં. તેમાંથી એક સાધુ ગ્લાન બન્યો અને જંગલમાં રહ્યો. બીજો જ્યાં નંદિષેણ સાધુ હતા, ત્યાં ઉપાશ્રય ગયો. (૬૨૫)

ત્યાં જઈને નંદિષેણ સાધુને કહ્યું કે - 'અટવીમાં એક બિમાર સાધુ પડેલા છે જે કોઈ વૈયાવચ્ચ કરવાની અભિલાષાવાળા તે જલ્દી ઉભા થાવ, તેમાં ઢીલ ન કરો. તે વચન નંદિષેણ મુનિએ સાંભળ્યું. આ સમયે પોતે છઠ્ઠતપના પારણા માટે સર્વ સંપત્કરી નામની પ્રથમ ભિક્ષા વિશેષ લઈને આવ્યા હતા. પારણું કરવા બેઠા હતા. પ્રથમ કોળિયો હાથમાં લીધેલો હતો. જેવું દેવનું વચન કાને પડ્યું કે, તરત જ ઉતાવળા ઉભા થઈને પૂછવા લાગ્યા કે, 'બોલો, ત્યાં કઈ વસ્તુનું પ્રયોજન છે ?' ત્યાં સન્નિવેશમાં પાણી નથી, એટલે પાણીની જરૂર છે.' એટલે નંદિષેણ મુનિ ઉપાશ્રયેથી નીકળીને પાણીની ગવેષણા કરવા નીકળ્યા. ત્યાં બે ઉપવાસવાળા હોવાથી, તરસ-ભૂખથી દુર્બલ કુક્ષિવાળા પાણી માટે ભ્રમણ કરતા હતા, પરંતુ આ દેવ દરેક જગો પર પાણી ન કલ્પે તેવું અશુદ્ધ કરી નાખે છે. આ સાધુ તે અશુદ્ધ પાણી ગ્રહણ કરતા નથી, તેમ તેને કહેતા નથી કે, કેમ આમ કરે છે ?

આ પ્રમાણે એક વાર, બીજી વાર શાસ્ત્રાનુસાર પાણી ગ્રહણ કરવા માટે ફર્યા, પરંતુ તે સ્થાનમાં પાણીની પ્રાપ્તિ ન થઈ. ત્રીજી વખત પાણી મળી ગયું. હવે નંદિષેણ મુનિ ગ્લાનસાધુની અનુકંપા-ભક્તિથી ઉતાવળા ઉતાવળા માંદા સાધુ પાસે ગયા. ત્યાં જતાં જ તે ગ્લાનસાધુ અતિશય આક્રોશ કરી કઠોર, આકરા, નિષ્ઠુર વચનો વડે જેમ-તેમ બોલવા લાગ્યા. વળી ભવાં ઉપર ચડાવી, ચહેરો ક્રોધવાળો કરીને આક્રોશવાળાં વચનો કહેવા લાગ્યા કે, 'હે મંદભાગ્યાવાળા ! અલ્પપુણ્યસ્કંધવાળા ! ફુંકથી ફોતરાં ઉડી જાય, તેવા અસાર તુચ્છ પુણ્યવાળા ! 'હું વૈયાવૃત્ય કરનારો છું.' એવા નામથી પ્રસિદ્ધિ પામવાની અભિલાષાવાળો છે, પણ તેવો ગુણોને તો ધરાવતો નથી. ભોજન કરીને પછી અહિં આવ્યો. મારી આ માંદગીની અવસ્થા દેખ્યા પછી પણ તું હજુ ભોજન કરવાના લોભવાળો છે.' (૬૩૧)

આવા પ્રકારનાં અતિ આકરાં વચનોને પણ તે અમૃતસમાન માનતો હતો. 'ગામના દુર્જર પુરુષોનાં આક્રોશ વચનો સાંભળવામાં આવે, પદાર્થ ખૂંચવી લે, તર્જના કરે, ભય પમાડે, ભયાનક શબ્દોથી હાસ્યકરે, તો પણ શાન્તભાવથી સહન કરે, સુખ-દુઃખમાં સમાનભાવ રાખે, તે ભિક્ષુક-સાધુ કહેવાય' આ સર્વે સૂત્રવાસિત અંતઃકરણ હોવાથી તે નંદિષેણમુનિ આદરસહિત તેમના પગમાં પડ્યા અને ખમાવા લાગ્યા કે, 'મારો અપરાધ માફ કરો, ફરી આમ નહિં કરીશ.' એમ કહીનેપોતાનાં મલ-મૂત્રથી તે સાધુની કાયા ખરડાયેલી

હતી, તેને ધોઈને સાફ કરવા લાગ્યા વળી કહ્યું કે, 'આપ ઉભા થાવ, આપણે આ સ્થાનથી જઈને, વસતિવાળા સ્થાનમાં જઈને હું તે પ્રમાણે કરીશ, જેથી અતિ શીઘ્ર કાળમાં તમે નિરોગી થઈ જશો.' ત્યારે ગ્લાનમુનિએ કહ્યુંકે, 'હું આ સ્થાનેથી ક્યાંય પણ જવા શક્તિમાન નથી.' નંદિષેણે કહ્યું કે, 'તમે મારી પીઠ પર ચડી જાવ' એટલે તે ખભે ચડી ગયા. ત્યાર પછી તે દેવસાધુએ દૈવીમાયાથી અતિશય અશુચિ દુર્ગંધમય મૂત્ર અને વિષ્ટા એવાં છોડ્યાં કે, જેથી અતિશય દુર્ગંધ ઉછાળતા, મરેલા કોહાએલા શિયાળ, બિલાડી, ઉંદર વગેરેના કલેવરોથી પણ અધિક દુર્ગંધ ફેલાવતા એવા અત્યન્ત કલેશ કરાવનાર અશુભ સ્પર્શ હોવાથી પીઠપ્રદેશને અપકાર કરનાર હતા. વળી તેનો તિરસ્કાર કરતા બોલવા લાગ્યા કે, 'હે મુંડિય ! તને ધિક્કાર થાઓ, તેં મારા ઝાડા-પેશાબના વેગનો નાશ કર્યો, તેથી હું વધારે દુઃખ પામું છું.' એમ ડગલે-પગલે આક્રોશ કરવા લાગ્યા. આ સાંભળીને નંદિષેણ મુનિભગવંત જે સમતા રાખતા હતા, તે કહે છે. (૬૩૫)

તેનાં કઠોર અરુચિકર વચનોને ગણકારતા નથી કે મન ઉપર લાવતા નથી. તેવાં કઠોર વચનો બોલનાર પ્રત્યે ગર્હા કરતા નથી, અતિદુઃસહ્ય અશુભગંધ આવવા છતાં નાક મચકોડતા નથી. ત્યારે શું કરતા-વિચારતા હતા ? તે કહે છે - તેની દુર્ગંધને ચંદન સમાન માનતા, મેં તેમના માટે જે કંઈ પ્રમાદ આચર્યો હોય, તેનું 'મિચ્છામિ દુક્કડં' થાઓ-એમ બોલતા હતા. વળી આ સમતાધારી મુનિવર વિચારતા હતા કે, 'ગામમાં પહોંચીને આ મુનિને સમાધિ થાય, તેવા કયા અન્ન-પાન પાણીની એષણામાં જાણી જોઈને વિઘાતો ઉભા કર્યા. આક્રોશ વચનો સંભળાવ્યાં. તેનાથી બને તેટલો સાધુનો સમતાગુણ હરાવવા પ્રયત્ન કર્યો, પરંતુ સમતાના સમુદ્ર એવા આ સાધુને ક્ષોભ પમાડવા તે દેવ સમર્થ ન થયો, ત્યારે તે દેવ તે મુનિની સ્તુતિ કરવા લાગ્યો કે, 'ખરેખર તમારો જન્મ સફલ છે, જીવિત પણ સફળ છે' વગેરે વચનોથી પ્રશંસા કરીને દેવ પોતાના સ્થાને ગયો. નંદિષેણમુનિ પોતાના ઉપાશ્રયે પાછા આવ્યા. ગુરુ સમક્ષ જે બન્યું હતું, તેની આલોચના કરી, એટલે ગુરુએ ધન્યવાદ આપીને તેની પ્રશંસા કરી હવે ચાલુ અધિકાર સાથે આ વાતને જોડતા કહે છે કે, 'જેમ નંદિષેણ મુનિએ પાણીની એષણાશુદ્ધિનો વિનાશ ન કર્યો, તેમ સાધુએ અદીનભાવથી સૂત્રયોગના અનુસારે હંમેશાં એષણા-સમિતિ પ્રયત્ન કરવો.' (૬૩૯) પ્રસંગોપાત્ત નંદિષેણ મુનિનું આગળના ભવનું ચરિત્ર કહે છે —

ત્યાર પછી નંદિષેણ મુનિએ પોતાના અભિગ્રહને અખંડિતપણે પૂર્ણ કરી સાધવાનું કાર્ય સાધી લીધું. મૃત્યુકાળ પ્રાપ્ત થયો, ત્યારે સુંદર મનોહર ભાવના ભાવવા લાગ્યા કે, 'જીવે જે કોઈ દુષ્કર્મ કર્યાં હોય, તે અવશ્ય ભોગવવાં જ પડે છે.' હું એમ માનું છું કે, 'મારા જેવું દુર્ભગપણું બીજા કોઈને મળ્યું નહિં હશે કે જેવું મને હતું' એમ વિચારી મૂઢે આ પ્રકારનું નિયાણું કર્યું - 'મેં આ મારા જીવનમાં જે તપ કર્યું છે, તેનું ફલ હું આવતા ભવમાં સમગ્ર સૌભાગ્ય-સમૂહના શેખરરૂપ આકૃતિને ધારણકરનારો થાઉં' એવા પ્રકારના સંકલેશથી કરેલા તપનું અલ્પ સાંસારિક ફલ માગી લીધું. તેની આલોચના, પ્રતિક્રમણાદિ ન કર્યાં અને મૃત્યુ

પામ્યો,એટલે વૈમાનિક દેવ થયોઅને ત્યાં ઘણા કાળ સુધી રહ્યો. ત્યાં આયુષ્ય પૂર્ણ થયું, એટલે ત્યાંથી ચ્યવીને આ જ ભારતમાં ઉત્તમ પ્રસિદ્ધિ પામેલા સમૃદ્ધિવાળા લોકોથી વસેલી હોવાથી સુંદર, મેરુપર્વત સમાન દેવોનાં ભવનો સરખા આકારવાળા સુંદર મહેલો પગલે પગલે જેમાં શોભી રહેલા હતા. તેવી શૌરિપુર નામની નગરીમા અતિશય વૈરરૂપી વિષસ્વરૂપ એવા શત્રુરૂપ સર્પોનો નાશ કરનાર, અનેક કુલકોટિવાળાનકુલ (નોળિયા)ની આકૃતિવાળા યાદવોથી પરિપૂર્ણ તે નગરીમાં હરિવંશના મસ્તકના રત્ન-સમાન અન્ધકવૃષ્ણિ રાજાની શ્રેષ્ઠ પત્નીના ગર્ભમાં તે ઉત્પન્ન થયો. ઉત્પન્ન થયેલો દોહદ પૂર્ણ કર્યો, નવ મહિના પૂર્ણ થયા, એટલે દેવીએ તેને શુદ્ધતિથિમાં જન્મ આપ્યો.

સમુદ્રવિજય વગેરે દેવતાના આકારને ધારણ કરનારા, સૌભાગ્યરૂપ મણિ માટે રોહણાચલ સમાન છેલ્લા એટલે દશમા પુત્ર તરીકે થયા. યાદવોને આનન્દ આપનાર એવો તેનો મોટો જન્મોત્સવ કર્યો અને 'વસુદેવ' એવું રાજાએ નામ સ્થાપન કર્યું. અનેક કલા-કલાપ શીખ્યો, અનુક્રમે ઉત્તમ યૌવનવય પ્રાપ્ત કરી. પ્રથમ પુત્રને રાજ્ય આપી, પિતા દીક્ષા અંગીકાર કરીને સિદ્ધિ પામ્યા ઇન્દ્ર મહારાજા જેમ સ્વર્ગમા તેમ બંધુવર્ગ-સહિત યથાસ્થિત રાજ્યપાલન કરતાં આનંદ પામતા હતા. જ્યારેજ્યારે વસુદેવકુમાર ઘર બહાર ભ્રમણ કરવા નીકળતો હતો, ત્યારેતેના સૌભાગ્ય, લાવણ્ય, રૂપાદિ ગુણાતિશયમાં આકર્ષાયેલી નગરની-નારીઓ ન નિવારણ કરી શકાય તેવા કૌતુકથી કુલ-મર્યાદાનો ત્યાગ કરીને તેના તરફ ખેંચાયેલા મનવાળી તેને જોવા માટે પોતાના ઘરના ઉપરના ભાગમાં અગાસીમાં, ગવાક્ષમાં, બારીમાં એવી રાહ જોઈએ ઉભી રહેતી હતી કે, કદાચ સમીપમાં-નજીકમાં ઘરના મોટા વડીલ આવે, તો પણ ત્યાંથી ખસતી ન હતી. ચારે બાજુ આખું નગર તેના રૂપ તરફ અત્યંત ઉન્મત્ત-ગાંડું બન્યું. નગરના પ્રધાન પુરુષો એકઠા મળીને રાજાને વિંનંતિ કરવા લાગ્યા કે - 'હે દેવ! આ કુમાર તો શીલનો સમુદ્ર છે, કદાપિ મર્યાદાનું ઉલ્લંઘન ન જ કરે, કુમારની ચેષ્ટા મોટા જેવી સમજણવાળી છે, પ્રાણના નાશમાં પણ કદાપિ તે અઘટિત ચેષ્ટા ન જ કરે, તેની અમોને પૂર્ણ ખાત્રી છે. આમ હોવા છતાં પણ નગરની અંદર તેના સૌભાગ્યની અધિકારના કારણે બીજી યુવતીઓ લજ્જા છોડીને તેનાં દર્શન કરવા માટે વિકારવાળી ખોટી ચેષ્ટાઓ કરે છે. તો કોઈક પ્રકારે તેઓ રાજ-દરબારમાંથી બહાર ન નીકળે, મહેલમાં જ તેમની કાયમી સ્થિત રહે, તેમ દેવે ઉપાય વિચારવો.' રાજાએ કુમારને કહ્યું, 'એટલે સુકુમારપણાને કારણે દરેકક્રિયાઓ ઘરમાં રહીને જ કરવા લાગ્યો. રાજાએ કહ્યું, એટલે વિનીતરૂપ કુમારે હર્ષથી રાજાનીવાણી માન્યકરી અને પાંજરામાં પૂરેલા પોપટની જેમ ઘરમાં જ રહી ઉદ્યમ કરવા લાગ્યો.

કોઈક વખતે પોતાના મોટા બંધુની ભાર્યા શિવાદેવી માટે અતિસુંગધિત પદાર્થોની મિશ્રણ કેરલી ઘસેલી ગંધમુષ્ટિને લઈને દાસી જતી હતી, ત્યારેક્રીડાથી બલાત્કાર કરી,ગ્રહના વળગાડવાળાની જેમ તેની પાસેથી ખૂંચવી લીધી. દાસી પણ રોષની અધિકતાથીતેને કહેવાલાગી કે, આ પ્રમાણે અનર્થથી યુક્ત હોવાથી તમને બહાર જતા રોકેલા છે. કાનને ન

સંભળાય તેવું કટુક વચન સાંભળીને તેને ધીમે ધીમે તે પૂછવા લાગ્યો કે, 'હે ભદ્રે ! આ શો વૃત્તાન્ત છે ? તે જણાવ.' દાસીએ પણ તેને યથાર્થ વૃત્તાન્ત નિવેદન કર્યો કે, તમે નગરમાં ભ્રમણ કરતા હતા, ત્યારે નગરની સ્ત્રીઓ તમને દેખવાથી અતિશય રૂપમોહિત બની મર્યાદા ઉલ્લંઘન કરનારી બની. એટલેરાજાએ તમને ઘરમાં જ પ્રવેશ કરાવ્યો. આ સાંભલી કુમાર મનમાં કંટાળ્યો અને લાંબા કાળ સુધી ચિંતવવા લાગ્યો કે, 'હું તદન નિષ્કલંક પ્રવૃત્તિવાળો હોવા છતાં નગરલોકોએ મારો અસદ્વાદ આમ કેમ કર્યો ? માટે હવે અહિંથી હું ગમે ત્યાં એકદિશામાં ચાલ્યો જાઉં કે, જ્યાં આ નગર મને ન દેખે.' (૩૦)

જગત્‌ના બંધુભૂત સૂર્યનો અસ્ત થયો. અંધકાર-સમૂહ ચારે બાજુ ફેલાવા લાગ્યો, ઘૂવડોનાં નેત્રો દેખતાં થયાં. પદ્મસરોવરો બીડાઈ ગયાં-એવા રાત્રિના શરુના સમયમાં નગરદ્વારો પણ બંધ કરવામાં આવ્યાં. માર્ગમાં કોઈની અવર-જવર જ્યારે બંધ થઈ ગઈ. તેવા સમયે સર્વ કોઈ ન જાણે તેવી રીતે એકલો નગરમાંથી બહાર નીકળી ગયો બહારના દરવાજા પાસે એક મડદાને બાળીને વસ્ત્રના એક ટૂકડામાં કાળા કોલસાની કલમ બનાવીને એમ લખ્યું કે, 'અતિશય કિર્તિ પામેલા પરાક્રમી સમુદ્ર વિજય વગેરે રાજાઓને શલ્યથી પણ અધિક લોકોના અપવાદના વચન-શ્રવણરૂપ મહાદુઃખથી પીડા પામેલા મેં આ પ્રમાણે અગ્નિની જ્વાલામાં પડવાનું કાર્ય કર્યું છે.' આમ લખીને નગરના મુખ્યદ્વારમાં વાંસના ખંડ સાથે બાંધીને લટકાવ્યું અને ઉતાવળે પગલે ત્યાંથી દૂર દૂર ચાલી ગયો. આગળ ઘરે રહેલો હતો, ત્યારે તેણે શરીરનો વર્ણ, ભાષા વગેરે પલટાઈ જાય, તેવાં ઔષધો ભેગાં કરીને ગુટિકા તૈયાર કરી હતી, તેના પ્રભાવથી 'આ વસુદેવ છે' એમ તેને કોઈ ઓળખી ન શકે, કોઈ દિવસ ક્યાંય પણ તે પોતાની આકૃતિ છૂપાવી  રાખતો હતો. સાચો માર્ગ જાણતો ન હોવાથી જવાની ઇચ્છાથી ગમે તે માર્ગે ચાલવા લાગ્યો. જતાં જતાં રસ્તો મળી ગયો.ત્યારે લાંબા સમયે રથમાં બેઠેલી મનોહર શ્રેષ્ઠ કોઈયુવતીએતેને ચાલતો જોયો.તે યુવતીને તેના પિતા તેના સાસરેથી પોતાના ઘરે લઈ જતા હતા. તે યુવતીએ પિતાજીને કહ્યું કે, 'હે પિતાજી ! આને રથમાં બેસાડો, તો તે આગળ ગામે આપણી સાથે પહોંચી શકશે.' તેમ કરવાથી તે આગળના ગામે પહોંચ્યો. ત્યાર પછી ભોજન કરીને સંધ્યા સમયે તે ગામના મધ્યભાગમાં યક્ષના મંદિરમાં ગયો. ત્યાં તે દિવસેલોકો પાસે એવી વાત સાંભળવામાં આવી કે, 'શૌરીપુર નગરમાં આજે અંધકવૃષ્ણિના પુત્રો પૈકી નાના પુત્રે અગ્નિ-પ્રવેશકર્યો, તેથી અંતઃપુર-સહિત યાદવો તે કુમાર-નિમિત્તે મહાઆક્રંદન કરવા લાગ્યા છે. હે વત્સ ! મૂર્ખજનોચિત આવું અયોગ્ય વર્તન તેં કેમ કર્યું ? સ્વપ્નમાં પણ તમે તારું અપ્રિય કાર્ય કર્યું નથી.તું દરરોજ ઉંચા ઉંચા પ્રકારના પ્રિય મનગમતાં કાર્યોકરી અમારા મનને રંજન કરતો હતો. અમો સર્વે તારા ગુણો પ્રત્યેવત્સલતાવાળાહતા. આ પ્રમાણે લાંબા સમય સુધી આક્રંદન-વિલાપ કરીને ત્યાર પછી તેની મરણોત્તર ક્રિયાકરીને શોકપૂર્ણ ચિત્તવાળા, મલિન મુખ-સહિત તેઓ નગરમાં પાછા ફર્યા' આ વાત સાંભળીને વસુદેવે વિચાર્યું કે, 'નક્કી શૌરીપુરના નગરલોકોએ મારા સંબંધી ચિંતા છોડી દીધી છે અને હવેમને શોધવાની ચેષ્ટા પણ કરવાના નથી એટલે હવે મારે મારી ઇચ્છા પ્રમાણે ભ્રમણ કરવું ઉચિત છે.' ત્યાર પછી સૌભાગ્યના સમુદ્ર સરખા વસુદેવકુમાર તે પ્રમાણે ભ્રમણ કરવા લાગ્યા.

ત્યાર પછી વિજયસેન નામના નગરના બહારના ભાગમાં રોકાયો. લોકોએ તેને દેખ્યો કે, ' અકસ્માત્ અહિં કોણ આવેલા છે ?' (૫) તેને પૂછયું, એટલે તેણે જણાવ્યું કે, 'વિદ્યા ભણવા માટે હું અહિં આવેલો છું, હું બ્રાહ્મણપુત્ર છું. તેને દેખીને પ્રીતિ ઉત્પન્ન થયેલા માનસવાળા તેને કહેવા લાગ્યા કે - 'આ વાવડીમાં સ્નાન કરીલે અને દેહના પરિશ્રમને દૂર કર.' એ પ્રમાણે કર્યુ. ત્યાર પછી નગરના લોકો સાથે અશોકવૃક્ષની વિશાળ છાયામાં આશ્રય કર્યો. પછી નગરલોકોએતેને કહ્યું કે, 'હવે તમે સાંભળો કે, 'આ નગરમાં શું બની રહેલું છે ?'

'દુઃખે કરી નિવારણ કરી શકાય તેવા વૈરીરૂપી હાથીઓના અભિમાનને મર્દન કરનાર કેસરી સિંહ-સમાન વિજય નામના અહિં રાજા છે. સુજયા નામની તેની રાણી છે. તેના ગર્ભથી ઉત્પન્ન થયેલી એક શ્યામા નામની અને બીજી વિજયાનામની એમ બે પુત્રીઓએ ગાન્ધર્વવિદ્યા અને નૃત્યમાર્ગમાં શ્રેષ્ઠ કળા પ્રાપ્ત કરી છે. એના પિતાએ તે બંનેનો સ્વયંવરવિધિ હર્ષપૂર્વક દેવરાવ્યો છે, તે બંને લક્ષ્મીનું પાત્ર તમો જણાવ છો' એમ વિચક્ષણ પુરુષોએ કહ્યું. વળી જણાવ્યું કે, 'જો તમારામાં ગીત-નૃત્યનું કૌશલ હોય, તો તમે ત્યાં જાવ.કારણ, લોકો સમક્ષ તે બંને કન્યાઓએ પ્રતિજ્ઞા કરી છે કે, 'જે કોઈ ગીત-નૃત્યમાં ચડિયાતો નિષ્ણાત હશે, તે હમારો ભર્તાર થશે.' ત્યારે રાજાએ આજ્ઞા કરી કે, 'જે કોઈ કહેલી વિદ્યાઓમાં કુશલ હોય, તેવા બ્રાહ્મણ કે ક્ષત્રિયકુમાર હોય, તેને તમારે જલ્દી અહિં લાવવો. (૬૦)

કહેલી પ્રસ્તુત ગીત-નૃત્યની વિદ્યામાં મેં કંઈક શિક્ષણ મેળવેલું છે. એટલે તેને રાજા પાસે લઈ ગયા અને બતાવ્યો, સ્નેહવાળી દષ્ટિથી રાજાએ તેને જોયો અને તેનો યોગ્ય સત્કાર પૂજા કર્યા. ત્યારે રાજભવનમાં સ્થિરતા કરી. ગાંધર્વ-નૃત્યના દિવસો પવિત્ર દર્શનવાળી તે બંને કન્યાઓને દેખી. કેવી કન્યાઓ હતી ? તે કહે છે — 'વિકસિત નેત્રકમલવાળી, હાથીના કુંભસ્થલ સમાન સ્તનવાળી, સ્વર્ગંગાનદીના કિનારાની આકૃતિ-સમાન વિશાળ કટી-પ્રદેશવાળી, ઉન્મત્ત કોયલ સરખા મધુર શબ્દ બોલનારી, કોમલ વચન કહેનારી, ગીત-નૃત્યશાસ્ત્રોમાં નિપુણતા મેળવેલી હોવા છતાં પણ તે કુમારે બંને કળાઓતેના કરતાં વિશેષ બતાવી. એટલે સંતોષપામેલા રાજાએ શુભ દિવસે તે બંને કન્યાનું પાણિગ્રહણ તેની સાથે કરાવ્યું. તથા રાજ્યનો અર્ધોભાગ તેને આપ્યો. વિન્ધ્યપર્વતનો હાથી જેમ પોતાની સ્વેચ્છાથી સ્વૈરવિહાર કરે, તેમ તે બંનેના સમાગમના આનંદમાં સ્વૈર વિહાર કરતો, ત્યાં રહેલો હતો. છતાં સમગ્ર કલા-સંગ્રહમાં આટલું કૌશલ્ય ક્યાંથી પ્રાપ્ત કર્યુ ? હવે તેઓનોસ્નેહ પાકો થઈ ગયેલો હોવાથી સાચો વૃત્તાન્ત-સદ્ભાવ જણાવ્યો. તેમાં શ્યામા પત્ની ગર્ભવતી થઈ અને પુત્રને જન્મ આપ્યો,ત્યાં રહેલા તેણે અક્રૂર એવુંપુત્રનું નામ સ્થાપન કર્યું. હવેલોકોને પ્રતીતિ થવા લાગી કે - 'આ વસુદેવ છે' તેથી તે સ્થાનેથી ગુપ્તપણે નીકળી ગયો અને અનેક વિસ્મયપૂર્ણ પૃથ્વીમાં ભ્રમણ કરતાં કરતાં તેણેપોતાની પરાક્રમી ચેષ્ટાથી યૌવનપૂર્ણ દેહવાળી વિજયસેના આદિ કન્યાઓ સાથે લગ્ન કર્યાં.કેટલાક સમયપછી તે વસુદેવે કૌશલ નામના દેશમાં આવ્યો. ત્યાં આકાશમાં રહેલી સોમા નામની દેવીએકહ્યું કે - 'રોહિણી નામની કન્યાએ

તમોને સ્વયંવરમાં આવવાનું આમંત્રણ આપ્યું છે,ત્યાં જઈને તું વિવાહમાં ત્રિવિષ્ણુ ઢોલ વગાડજે. તે વાત માન્ય કરીને રોહિણી કન્યાના લાભની સ્પૃહાવાળા, જેમણે બહારપોતાનો પડાવ નાખેલો છે, ઉંચા મોટા મંડપો બંધાવ્યા છે, એવા જરાસંઘ વગેરે રાજાઓથી ચારે બાજુ શોભાયમાન એવી રિષ્ટા નામની નગરીમાંગયો. ત્યાં ઢોલ-વાંજિત્રો સહિત જઈને એક સ્થાનમાં રોકાયો. સંધ્યાકાળ-સમયે રાજાએ પ્રવર્તાવેલી ઉદ્ઘોષણા સાંભળી કે - 'આવતી કાલે રુધિર રાજાની મિત્રાદેવી રાણીથી જન્મેલી જેરોહિણી નામની પુત્રી છે, તેનો સ્વયંવર થશે,તો વિવાહ માટે તૈયાર થયેલા વિવાહની સ્પૃહાવાળા સર્વે રાજાઓએ આભૂષણો સહિત વિવાહમંડપને શોભાવવા પધારવું.'

હવે બીજા દિવસે જ્યારે સૂર્ય પૂર્વદિશામાં અધિષ્ઠિત થયો,ત્યારે જાણે કંકુના રંગથી રંગાએલ હોય, તેમ લાલકિરણના લેપથી આકાશ લાલદેખાતું હતું. તેવા પ્રાતઃકાળથી કલ્પવૃક્ષ સરખા દેખાતા આભૂષણ અને શૃંગારને ધારણ કરનારા, તાલવૃક્ષ, સિંહ, ગરુડ વેગેર રાજચિહ્નોથી શોભતા, ઉતાવળ કરતા, જોરથી વાજિંત્રો વગડાવીને શબ્દોથી આકાશના બાગને પૂરતા, ઉંચા દંડવાળા ઉજ્જવલ છત્રોની છાયા વડે જેમનો આતપરોકાઈ ગયો છે. યથાયોગ્ય કોઈ હાથી, ઘોડા રથ કે બીજા વાહન ઉપર બેઠેલા, સૈન્ય અને વાહનથી પોતાની સંપૂર્ણ શોભાને ધારણ કરત્તા, સ્વયંવર સ્થાનકે રાજકુમારો આવી પહોંચ્યા અને યથાયોગ્ય મેરુપર્વતના શિખર સરખા ઉંચા સિંહાસને તેઓ બિરાજમાન થયા. જ્યારે જરાસંઘ વગેરે સર્વે રાજાઓ ચામર ઢોળાતા ત્યાં આવી પહોંચ્યા, ત્યારે સ્વયંવરની ભૂમિ પરચેટિકા-સમૂહથી વીંટાયેલી, તથા અંતઃપુરના વૃદ્ધ પુરુષોથી પરિવરેલી,છત્રથી ઢંકાએલ મસ્તક પ્રદેશવાળી, વીંજાતા ઉજ્જવલ ચામરવાળી, જેણે તાજાં પુષ્પોની સુંગંધ મહેંકતી શ્રેષ્ઠ પુષ્પમાળા હસ્તમાં ગ્રહણ કરેલી છે,ધારણ કરેલા અનેક શણગારવાળી, જાણે સાક્ષાત્ લક્ષ્મીજી જાતે આવ્યાં હોય, તેવી રોહિણી સ્વયંવરમંડપમાં આવી પહોંચી.

ત્યાર પછી લેખિકા નામની ધાવમાતાએ આગળ બેઠેલા ઈન્દ્ર સરખા રાજાઓને ઓળખાવતાં જણાવ્યું કે - 'હે વત્સે ! આ સમગ્ર રાજાઓના મસ્તકરૂપી પુષ્પોથી પૂજાયેલ છે, એવા સિંધુદેશના જરાસંઘ નામના રાજા છે. હેપુત્રિ ! શૂરસેનદેશના સ્વામી ઉગ્રસેનના પુત્ર એવા આ કંસ નામના રાજપુત્ર સૂર્ય-સમાન પ્રતાપવાળા અહિં બેઠેલા છે. આ સર્વે નીતિના સમુદ્ર સમાન અંધકવૃષ્ણિના પુત્રો સમુદ્રવિજયને આગળ કરીને વિધિપૂર્વક ક્રમસર બેઠેલા છે. (૯૦) આ કુરુદેશના સ્વામી પોતાના પુત્રોસહિત પાંડુરાજા બેઠેલો છે, વળી ચેદિરાજ દમઘોષ નામના રાજાને દેખી.પાંચાલદેશના સ્વામી એવા આ દ્રુપદ નામના રાજા છે. એ પ્રમાણે ક્રમસર તેણે બીજા રાજાઓને પણ ઓળખાવ્યા. આ સર્વેમાં કોઈપણની પસંદગી ન કરી અને ક્રમસર આગળ વધી રાત્રિમા શ્યામ અંધકાર ઉત્પન્ન થયો હોય અને દીપક-શૂન્ય રાજમાર્ગો હોયત્યારે ઢોલના શબ્દોથી જાગૃતિ થાય છે, તે પ્રમાણે ઢોલના શબ્દોથી સંબોધાયેલી રોહિણીએ પ્રાતઃકાળની શોભાએ જેમ કમળને તેમ વસુદેવને અંગીકાર કર્યો.

વિકસિત પારિજાત આદિ જાતિવાળાં પુષ્પોની ગૂંથેલી માળા તેના કંઠમાં અને નેત્રો

સર્વાંગમાં સ્થાપન કર્યાં. જ્યારે રોહિણીએ તેના મસ્તક ઉપર અક્ષતો વધાવ્યા, ત્યારે પ્રલયકાળમાં સમુદ્રના કલ્લોલો ઉછળે, તેમ ભયંકર કોલાહલકરતા સર્વેરાજાઓ ક્રોધાયમાન બની માંહોમાંહે પ્રશ્નો કરવા લાગ્યા કે, 'આ કન્યાઓ કયો પતિ વર્યો વળી કોઈક કહેવા લાગ્યો કે, આ સર્વ રાજાઓનું ઉલ્લંઘન કરીને જેનું કુલ, જાતિ, વંશ, ગુણસમૂહ આદિ જાણ્યા નથી, જેનો દેખાવ પણ સારો નથી, તેવાને કેમ વરમાળા પહેરાવી ? દંતવક્ર નામના રાજાએ રુધિર રાજાને ઉંચા શબ્દોથી કહ્યું કે, જો તમારે કુલનું પ્રયોજન ન હતું, તો પછી આ ઉત્તમવંશના સર્વે રાજાઓને કેમ બોલાવી એકઠા કર્યા ? રુધિર રાજાએ પ્રત્યુત્તર આપ્યો કે, તેનો સ્વયંવર આપ્યો હતો, એટલે પોતાની રુચિ અનુસાર તેણે વર્યો. (૧૦૦) માટે કરીને તેમાં તેનો શો દોષ ? હવે કુલવાન પુરુષોએ પરદારા વિષે કોઈ વ્યવહાર કરવો યોગ્ય ન ગણાય.' ત્યારે દમઘોષ રાજાએ કહ્યું કે - 'જેના કુલ, વંશ, સ્થિતિ જાણઈ નથી, તેવા માટે આ કન્યા યોગ્ય નથી, માટે કોઈક ક્ષત્રિયકુળમાં જન્મ થયો હોય, તેવાને કન્યા આપો.' વળી વિદુરે કહ્યું કે, 'આ કોઈ કુલીનપુરુષ જણાય છે, તો તેને આદરપૂર્વક વંશની પૃચ્છા કરો.' ત્યારે વસુદેવે કહ્યું કે, 'અહિ મારા કુલને કહેવાનો પ્રસ્તાવ જ કયો છે ? અને તમારે જો કહેવરાવવું જ હોય, તો મારા બાહુબલથી જ કુલ આપોઆપ પ્રગટ થશે.' ગર્વવાળું તેનું વચન સાંભળીને જરાસંધે આ પ્રમાણે કહ્યું કે, 'રત્નનાભ સહિત રુધિરને જલ્દી પકડી લો. કારણ કે, તેણે જ આ પડહો વગાડીને આવી પદવીએ પહોંચાડેલ છે.' તેની આજ્ઞાથી જેટલામાં તેને ક્ષોભ પમાડવા આવી પહોંચ્યા, તેટલામાં રુધિરરાજાએ રોહિણી અને વસુદેવ સહિત રત્નનાભને લઈને પોતાના રિષ્ટ નામના નગરમાં પ્રવેશ કર્યો અને યુદ્ધને ઉચિત તૈયાર કરી. પહેલા વિદ્યાધરના સ્વામીને વસુદેવે વશ કર્યો હતો, તે અત્યારે હાજર થયો. તેને સારથિ બનાવી પુષ્કળ સેના સહિત નગરમાંથી બહાર નીકળ્યો અને તીક્ષ્ણ આકરા બાણસમૂહ પડવાથી છેદાયા છે, દિશાવિભાગો જેમાં એવું તેમનું પરસ્પર યુદ્ધ જામ્યું.

તેની પાછળ રત્નભાવ સહિત રુધિર રાજા ગયો. અહિં થોડો સમય યુદ્ધ કરીને હારેલો તે નગરમાં પાછો આવ્યો. વિદ્યાધરના સ્વામીએ સ્વીકારેલ સારથિપણાવાળા એવા માત્ર એકલા વસુદેવ યુદ્ધભૂમિમાં રહ્યા. તરુણ સિંહ સરખા તેને અક્ષોભ પામેલો આગળ દેખીને રાજાઓ વિસ્મયથી આકુલ-વ્યાુલ બની ગયા. એટલે ઉજ્જવલ કીર્તિવાળા પાંડુરાજાએ વિચારીને કહ્યું કે - 'આ આપણો રાજધર્મ ન કહેવાયકે - એ એકલો અને આપણે ઘણા છીએ.' ત્યારે જરાસંધે કહ્યું કે, કોઈ પણ એક, તેની સાથે યુદ્ધમાં જે જીતશે, તેની રોહિણી થશે. ત્યાર પછી બાણસમૂહને ફેંકતો શત્રુ જયરાજા સામે આવ્યો, એટલે વસુદેવે ક્ષણમાં તેના રથના ધ્વજને છેદી નાખ્યો. વળી યમની જિહ્વા સરખા આકારવાળાને છોલી નાખે તેવા અસ્ત્રાથી કાલમુખના મસ્તકને મુંડી નાખ્યું. એ પ્રમાણે બીજા રાજાઓને પણ એવા હણ્યાકે, તેઓ પલાયન થઈ ગયા. તે વખતેરોષાયમાન થયેલા સમુદ્રવિજય પોતાના જીવિતની પણ સ્પૃહા કર્યા વગર સામે ગયા અને એક પછી એક એમ બાણોની શ્રેણીને છોડવા લાગ્યા. વસુદેવ પોતે જાણે છે કે, સામા મોટા બન્ધુ આવેલા છે, તેથી તેમના શરીર ઉપર પ્રહાર કરતો નથી, પરંતુ તેમનાં આયુધો અને ધ્વજાઓને છેદી નાખે છે. જ્યારે સમુદ્રવિજય આયુધ

વગરના થઈ ગયા પછી વિલખા થયા, એટલે વસુદેવે પોતાના નામથી અંકિત અને ચરણ-કમળમાં વદન સૂચવતું આગળ એક બાણ છોડ્યું; તે બાણ ગ્રહણ કરીને વાંચ્યું, એટલે પોતાના સગાભાઈ આ તો વસુદેવ છે.' એમ જાણ્યુ તરત જ પ્રસન્ન હૃદયવાળા મોટાભાઈએ ધનુષ્યછોડી દીધું. એટલામાં વસુવેદ રથમાંથી નીચે ઉતરીને સન્મુખ આવે છે, ત્યારે સમુદ્રવિજયરાજાએ પણ ઉતાવળા ઉતાવળા રથમાંથી નીચે ઉતરીને પગમાં પડતા એવા વસુદેવને સર્વાંગથી આલિંગન કર્યું.

ત્યાર પછી મોટી પોક મૂકીને તેઓ મુક્તપણે રુદન કરવા લાગ્યા. ત્યાર પછી અક્ષોભ્ય, સ્તિમિત અને બીજા પણ સહોદરો, તેમ જ જેમણે આ વૃત્તાન્ત જાણ્યો, તે સર્વ સ્વજનોને હર્ષ પૂર્વક મોટાબંધને કહ્યું (૧૨૫) જરાસંઘ વગેરે ઘણા સંતોષવાળા થયા, રોહિણીએ ભર્તારને સ્વીકાર્યા, રુધિરને દરેક અભિનંદન આપ્યું કે, 'ખરેખર તું કૃતાર્થ થયો કે તારી પુત્રી હરિવંશના શિરોમણિ સાથે વરી છે. ત્યારે યોગ્ય આદર સાથે તેની પૂજા કરી, યથોચિત ધનવ્યય કરીને વિધિપૂર્વક તે રાજાઓએ સારો દિવસ આવ્યો, ત્યારે પાણિગ્રહણ-વિધિ કર્યો. રુધિરરાજાએ ઘણું ધન ખરચીને આવેલારાજાઓનીપૂજા કરી અને પ્રીતિપૂર્ણ તે રાજાઓ પોતપોતાના સ્થાનકે ગયા. રાજાએ વસુદેવ જમાઈને બત્રીશ કોટિ હિરણ્ય, ઉત્કટ મદવાળી ચતુરંગ સેના આપી. સમુદ્રવિજયે રુધિરને પોતાના નગર તરફ પાછા મોકલ્યા. કારણ કે, હવે વસુદેવ બંધુને દરેક ભાઈ પોતાનીસાથે લઈ જવાની ઉત્કંઠાવાળા હતા, પરંતુ રુધિર રાજાએ પ્રયાણ સમયે કહ્યુ કે, 'મારા સંતોષ ખાતર આ કુમારને હાલ કેટલોક કાળ અહિં રહેવા દો.' કુમારે તે વાત સ્વીકારી હવે તારે બહુ રખડપટ્ટી ન કરવી, કોઈ પ્રકારે તને જોયો એટલે બસ કદાચ લઈ જઈએ, તો ફરી ચાલ્યો જાય પગમાં મસ્તક નમાવીને બંધુઓને તે કહેવા લાગ્યો કે, ત્યાં દરેક બંધુ આદિ નગરલોકોને પડહો વગડાવીને મારા તરફથી જણાવવું કે, 'આગળ મેં તમોને જે ઉદ્વેગ કરાવ્યો, તે -અપરાધની તમારે મને ક્ષમા આપવી.બીજુંહવે તમારે મારામાં એટલા લાગણીવાળા ન બનવું કે, સ્વપ્નમાં પણ આવા પ્રકારનો શોક ન થાય.'

સમુદ્રવિજય વગેરે યાદવો પોતાના બંધુઓની સાથે પોતાની સ્થાને પાછા ગયા અને તે વસુદેવ ત્યાં રોકાયો.

કોઈક સમયે વસુદેવે રોહિણીને પૂછયું કે, 'આટ આટલા બીજા રાજાઓની અવગણના કરીને તું મને કેમ વરી ?' ત્યારે કહ્યું કે 'રોહિણી નામની દેવતા મારા ઉપર પ્રસન્ન છે, તેણે મને નિવેદન કર્યું કે, 'હે ભદ્રે ! સ્વયંવર-મંડપમાં જે પણ-ઢોલ વાજાં વગાડે, તેની તું ભાર્યા બનીશ. તેના શબ્દ સાંભળવાથી આનંદ પામેલી મેં તમને પતિ તરીકે વર્યા.' ઉંચા પ્રકારના દરેક ભોગો ભોગવતા વસુદેવ ત્યાં રહેલા હતા, ત્યારે એક મધ્યરાત્રે રોહિણીએ હાથી આદિ ચાર સ્વપ્નો જોયાં. અનુક્રમે પુત્રને જન્મ આપ્યો,પરમ મહોત્સવ-સહિત તેનું રામ-'બલરામ' એવું નામ સ્થાપન કર્યું. ત્યાર પછી કેટલાક કાળે વૈતાઢ્યની ભૂમિમાં અપ્સરા-સમાન ઘણા લાવણ્યવાળી અનેક કન્યાઓ સાથે તેનાં લગ્ન થયાં.

હવે યાદવોના નિવાસસ્થાનની નગરી તરફ આવતાં કોઈક સમયે મૃત્તિકાવતી નામની

નગરીમાં દેવકની પુત્રી દેવકી સંબંધી કાનને આનન્દ આપનાર કેટલાક ગુણો સાંભળ્યાં. તેના પ્રત્યે કરેલી સ્પૃહાવાળો તે જેટલામાં રહેલો હતો, તેટલામાં નારદજી ત્યાં આવી પહોંચ્યા,તેમની યથાયોગ્ય પૂજા-સત્કાર કર્યાપછી દેવકી સંબંધી રૂપની પૃચ્છા કરી, તુષ્ટ થએલા નારદજીએ વિસ્તારથી તેના રૂપનું વર્ણન કરી સંભળાવ્યું. ત્યાર પછી ક્રીડા કરતાં કરતાં તે નારદજી તે જ નગરીમાં દેવકીની પાસે જ ગયા અને તેના ઘણા ગુણોજાણીને તેવી રીતે કહી સંભળાવ્યા, જેથી તેનો કામસાગર ક્ષોભાયમાન થયો. ત્યાર પછી દેવકરાજાને પુત્રીના ચિત્તની ખબર પડી, એટલે વસુદેવ કંસની સાથે ત્યાં આવ્યા. શુભ દિવસ આવ્યો, ત્યારે તેની સાથે દેવકીનાં લગ્ન કર્યાં. ભાર પ્રમાણ વજનથી અધિક સુવર્ણ, વિવિધ રત્નોના ઢગલા, નન્દ ગોપથી રક્ષણ કરાતી કોટિ સંખ્યા પ્રમાણ ગાયો ભેટમાં આપ્યા. અનુક્રમે ભોગો ભોગવતા સાત સ્વપ્નોથી સૂચિત શ્રીકૃષ્ણ નામનો પુત્ર જન્મ્યો. તેનાવક્ષસ્થલમાં શ્રીવત્સ શોભતુંહતું અને તમાલપત્ર સમાન શ્યામ કાંતિ હતી કૃષ્ણપુત્ર જયારે પૂર્ણ યૌવન પામ્યા અને તેવા પ્રકારના બહુ વિસ્તારવાળા વૃત્તાન્તથી કંસનો ઘાત કર્યો, એટલેકંસના સસરા જરાસંઘ અધિક ક્રોધાયમાન થયા. એટલે ભય પામેલા યાદવો શૌરીપુરીનો ત્યાગ કરીને પશ્ચિમ દિશામાં ગયા. અનેક કુલ કોટિ યાદવો સહિત કૃષ્ણજીએ લવણસમુદ્રના અધિપતિ પાસે ત્રણ ઉપવાસ કરીને માગણી કરી. ઈન્દ્રમહારાજે ત્યાં આગળ નિર્માણ કરવા માટે કુબેરને આજ્ઞા કરી કે, ત્યાં સર્વ પ્રકારની સગવડવાળી સુવર્ણમય નિવાસ કરવા લાયક નગરીનું નિર્માણ કરી આપવું. ત્યાં વસુદેવની સંતતિ પુત્ર-પૌત્રાદિકની વૃદ્ધિ થઈ, અનુક્રમે વંશમાં પિતામહ-દાદાની પદવી પ્રાપ્તકરી. પૂર્વભવમાં પાલન કરેલા વિશુદ્ધ અભિગ્રહના ફલરૂપ વસુદેવને સૌભાગ્ય લોકસમહૂમાં શિરોમણિપણું પ્રાપ્ત થયું. પ્રસંગ ન હોવા છતાં પણ નંદિષેણના પૂર્વભવમાં કરેલા ધર્મના ફલ સ્વરૂપ વસુદેવનું ચરિત્ર પણ મેં અહીં અહીં તેમના ચરિત્રમાંથી ઉદ્ધર્યું છે. (૧૫૭)

**નંદિષેણ-ચરિત્ર સમાપ્ત.**

**((૪) આદાનભંડ મત્ત નિકખેવણા સમિતિ ઉપર સોમિલ મુનિનું ઉદાહરણ કહે છે)**

બ્રાહ્મણની જાતિવાળા કોઈક સોમિલ નામના મુનિ ગુરુકુળવાસમાં રહેતા હતા. તે સ્વભાવથી જ લેવા-મૂકવાના પ્રસંગે એટલે પાત્રાં, પુસ્તક, દંડ વગેરે વસ્તુ નીચે મૂકતાં કે ગ્રહણ કરતાં તે સમિતિમાં દરરોજ પૂર્ણ પ્રયત્ન કરતા અર્થાત્ત તેમાં ઉપયોગ વાળા રહેતા હતા. એ પ્રમાણે સમય પસાર થતાં કોઈક વખતે ગુરુએ સંધ્યા-સમયે જણાવ્યું કે 'હે ભદ્ર! આવતી કાલે પ્રાતઃકાળે બીજે ગામ વિહાર કરવાનો છે. તેણે પણ મોટા ગામમાં જવા નિમિત્તે પાત્રાં, ઝોળી વગેરે બાંધવા. વસ્ત્રોનાં વીંટિયા કરવા રૂપ તૈયારી કરી, જવા નીકળ્યા, પરંતુ ગમે તે કારણે અપશકુન થવાથી ગુરુ પાછા ફર્યા. ત્યારે ગુરુએ મધુર વાણીથી પ્રેરણા કરી કે, 'નેત્રથી બરાબર સ્થાન દેખીને, અને રજોહરણથી બરાબર સ્થાનની પ્રમાર્જના કરીને યથાસ્થાને તારાં ઉપકરણ-પાત્રાં વગેરે સ્થાપન કર.' તે સમયે કેટલાક અસહન થવાના પરિણામના કારણે અકસ્માત્ એમ ગુરુની સામે બોલી નંખાયું કે - 'શું ઉપકરણ સ્થાપન કરવાના સ્થલે

સર્પ રહે છે ? ત્યાર પછી બે ઘડીમાં ચિત્તથી પશ્ચાત્તાપ કરવા લાગ્યા કે, મેં ગુરુમહારાજને સામો જવાબ આપ્યો, તે ઠીક ન કર્યું. કારણ કે, 'ગુરુમહારાજ આજ્ઞા કરે, તે કોઈ દિવસ વિચારવાની ન હોય.'

આ પ્રમાણે સંવેગ પામેલો છતાં ગુરુની અધિષ્ઠાયક દેવતાએ તે પાત્રાદિ સ્થાપન કરવાના સ્થાન પર સર્પદિખાડ્યો. ત્યાર પછી તે સર્પ દેખવાથી અત્યંત શ્રદ્ધાયુક્ત બન્યો. તેથી સાધુઓ બહાર વિચારભૂમિ આદિ કારણે બહાર જાય, ત્યારે ખૂણામાં સ્થાપન કરેલા દાંડાને ઉપર-નીચે -લેવાના વચલા સ્થાપનમાં પ્રમાર્જના પૂર્વકઆપે. બહારથી પાછા આવે, ત્યારે તેમના હાથમાંથી દાંડો લઈ નીચે-ઉપર બંને જગા પર પૂંજી - પ્રમાર્જન કરી લે-મૂકે. એ પ્રમાણે મારા આખા ગચ્છના સાધુઓને આ પ્રમાણે દાંડા આપવા-લેવા, જયણાથી મૂકવાનો અભિગ્રહ કર્યો. આ ગચ્છમાં બીજા સાધુઓ પણ આવતા-જતા હતા. આ કારણે તેઓ આવે, ત્યાર`વિનયપૂર્વક ઉભા થઈ પગે પ્રમાર્જના કરવી, દંડક લેવો, તેના સ્થાને સ્થાપન કરવો, તેમને આસન આપવું આ વગેરે સાધુના સમાચારી સાચવવાથી આસેવાને અમૃતપાન-સમાન ગણતો ઘણો આનંદ પામતો હતો અનેપૂર્ણ આદરથી નીચે-ઉપર દંડને તથા મૂકવાના સ્થાનથી પ્રમાર્જના કરવામાં ઉદ્યમી બન્યો. યાવજ્જીવ-પર્યંત આ અભિગ્રહનો અમલ કર્યો એક વખત ગ્લાનાવસ્થા પામ્યો, તેમાં પણ તેના પરિણામ તુટ્યા ન હતા, આ આદાન-ભાંડ માત્ર-નિક્ષેપણા સમિતિનું મન, વચન અને કાયાના ત્રિકરણયોગે આરાધના કર્યું. આ સમિતિનો આરાધક, તે બીજીનો પણ આરાધક બને છે. 'એક ભાવથી બીજા ભાવની ઉત્પત્તિ થાય છે.' (૬૪૪)

## (૫) પાંચમી પારિષ્ઠાપનિકા નામની સમિતિનું ઉદાહરણ

એક ગચ્છમાં ધર્મરુચિ નામના નાના સાધુ ઉચ્ચાર, ખેલ, સિંઘાણ, જલ્લ-પારિષ્ઠાપનિકા નામની છેલ્લી સમિતિમાં ઘણા તીવ્ર ઉપયોગવાળા હતા. કોઈક વખત ઉપયોગ ન રહેવાથી રાત્રે માત્રું પરઠવવા માટે ભૂમિની પ્રત્યુપેક્ષણા સંધ્યાકાળ પહેલાં કરવી જોઈએ, તે કરવાનું ભૂલથી ભૂલી ગયા. તેથી પેશાબ કરવાની અભિલાષા (ખણજ) થવા છતાં પેશાબ-માત્રું કરતા નથી. કારણ કે, રાત્રે સ્થંડિલભૂમિમા જીવરક્ષા કરવાની દૃઢ પરિણતિ છે. પેશાબ રોકવાના કારણે શરીરમાં સખત પીડા ઉત્પન્ન થઈ. કોઈ દેવને તેના ઉપર અનુકંપા-ભક્તિ ઉત્પન્ન થઇ, તેથી તેણે સૂર્યોદય થાય તેવા પ્રકારનું પ્રકાશપૂર્ણ પ્રભાત વિકુર્વ્યુ. ત્યાર પછી ભૂમિની પ્રત્યુપેક્ષણા પ્રમાર્જનાકરીને તેણે માત્રું કર્યું. ત્યાર પછી ઉદ્યોતનો સંહાર કરવાથી તત્કાલ એકદમ અંધકાર વ્યાપી ગયો. 'આમ કેમ થયું ?' એમ વિચારતા દેવમાં ઉપયોગ ગયો, દેવસંબંધી જ્ઞાન થયું કે, 'આ અજવાળું દેવે કર્યું હતું.' ત્યાર પછી 'મિથ્યાદુષ્કૃત' આપ્યું કે, સ્વાભાવિકે કૃત્રિમ પ્રભાત વિશેષ ન જાણ્યું (૬૪૭)

આ જ સમિતિ વિષયકબીજું દૃષ્ટાંત કહે છે –

પહેલાં ધર્મરુચિ નામવાળા જણાવ્યા,તે અપેક્ષાએ **ધર્મરુચિ નામના મહિનાના ઉપવાસ કરનાર તપસ્વીનું દૃષ્ટાંત કહે છે –**

કોઈક વખત પારણામાં કડવી તુંબડી પ્રાપ્ત થઈ, તેનું ભોજન કરતાં ગુરુએ નિવારણા કરી. 'ભોજન માટે અયોગ્ય છે.' એમ જાણ્યા પછી ગુરુએ કહ્યું કે, 'આને ખાઈશ નહીં,પણ પરઠવી દે.' ત્યાર પછી ઈંટ વગેરે પકવવાના સ્થાને, કે જ્યાં ભૂમિ અચિત્ત હોય, ત્યાં પરઠવા માટે ગયા. તેમાંથી એકાદ છાંટો ભૂમિ પર પડ્યો, તેની ગંધથી કીડીઓ ત્યાં આવી ખાવા લાગી તે મૃત્યુ પામવા લાગી. તે ઈંટો પકાવાના નીભાડાના ભૂમિપ્રદેશમાં કીડી સંબંધી તીવ્ર દયાના પરિણામરૂપ કરુણાથી સિદ્ધોને સાક્ષી કરીને આલોચના આપીને તંબુડીનું ભોજન કરીને તે મહાસત્ત્વાળી આત્મા મૃત્યુ પામી સદ્ગતિએ ગયા. આનો વિસ્તારથી અર્થ આ કથાનકથીઆ પ્રમાણે જાણવો –

## કડવી તુંબડીનું શાક વહોરાવનાર નાગશ્રીનું ઉદાહરણ

આજ જંબુદ્વીપ નામના દ્વીપમાં દક્ષિણભરતના મધ્યભાગમાં અતિ આકાશ સુધી પહોંચનારા કિલ્લાવાળી ચંપા નગરી હતી. જેનો મધ્યભાગ ઉજ્જવલ ઉંચા દેવના ભવન સામાન હજારો મકાનોથી શોભાયમાન છે, એવી તે વિખ્યાત નગરીમાં સોમ, સોમદત્ત, તેમજ સોમભૂતિ એ નામના પરસ્પર ગાઢ પ્રીતિવાળા ત્રણ સગાભાઈઓ હતા. સર્વે ભાઈઓ પુષ્કળ વૈભવવાળા, સ્ફુરાયમાન મહાકીર્તિવાળા અને વિશાળ ભવનોવાળા હતા. વળી તેઓ સર્વે કોઈથી પરાભવ પામતા ન હતા.તે સર્વેને હૃદયપ્રિય ચિત્તાનુસાર વર્તનારી પ્રમાણોપેત મધુર વચન બોલનારી, પોતાના કુલ ક્રમાનુસાર શીલયુક્ત, સુકુમાલ હસ્તપાદવાળી, સર્વાંગે સંપૂર્ણ, મનોહર લાવણ્યવાળી પ્રિયાઓ સાથે વિષયસુખ ભોગવતા દિવસોપસાર કરતા હતા. એક વખત તે ત્રણે બંધુઓ એકઠા મળેલા હતા,ત્યારે તેવા પ્રકારનો વાર્તાલાપ ચાલ્યો કે, 'આપણી પાસે સાતમા વંશપુરુષ સુધી ચાલે, તેટલી ભોગવવાની, આપવાની અને વહેંચણી કરવા લાયક અતિવિશાલ પ્રમાણમાં લક્ષ્મી છે, તો હવે આપણાત્રણે ઘરોમાં વારા ફરતા ક્રમપૂર્વક એકઠા થઈને સાથે ભોજન કરવું યોગ્ય છે, તો બંધુભાવનું ફળ મેળવેલું ગણાય. કારણ કે, શાસ્ત્રમાં મુનીશ્વરોએ કહેલું છે કે - 'સાથે ભોજન કરવું, સાથે બેસી વાતચિત કરવી, સાથે પ્રશ્નો કરવા, સમાગમ કરવો, આ જ્ઞાનિકાર્યો કદાપિ ઉલ્લંઘન ન કરવાં.' એકબીજાઓએ આ વાત માન્ય રાખી અને દરરોજ તે પ્રમાણે ભોજન કરવા લાગ્યા-એમ વિશ્વાસથી દરેક વર્તે છે.

કોઈક સમયે ત્યાં સૂર્યસમાન સમગ્ર ભવ્ય જીવોરૂપી કમળોને પ્રતિબોધ કરતા નવીનમેઘ સમાન ગંભીર ઘોષવાળા, ઘણા પરિવારવાળા, બહુશ્રુતના જાણકાર, દુષ્કર ચારિત્ર પાળનારા ગુરુજી વિહાર કરતા કરતા અનુક્રમે ચંપાનગરીએ પધાર્યા. ઈશાનકોણમાં રહેલા રમ્ય ઉત્તમ ભૂમિભાગના ઉદ્યાનમાં શાસ્ત્રમાં કહેલી વિધિથી સ્થિરતા કરી. તેમને વંદન કરવા માટે ધર્માનુરાગથી રંગાએલો નગરજન હર્ષ-પૂર્વક ક્ષોભાયમાન સમુદ્ર -કલ્લોલ સરખો ટોળે ટોળા વળીને બહાર આવવા લાગ્યો. કાનને અમૃત સમાન મનોહર શબ્દથી બોલતા, સ્વ શાસ્ત્ર અને પરમતના શસ્ત્રોના જાણકાર એવા ગુરુએ કહેલો ધર્મ આ પ્રમાણે સાંભળ્યો કે - 'હે ભવ્યો ! ક્ષણવાર મનને સમાધિમાં સ્થાપન કરીને નિષ્પાપ કહેવાતો થોડા ઉપદેશને તમે સાંભળો. દુર્લભ મનુષ્યપણું, તેમ જ આર્યક્ષેત્ર, તથા નિર્મલ કુલ, જાતિ નિરોગતા, સુંદર રૂપ વેરે દુર્લભ સામગ્રી મેળવીને વળી તેમાં મોટાદ્રહમાં રહેલા કાચબાએ જેમ સંપૂર્ણ શરદઋતુના ચંદ્રમંડળને

દેખવું, તે જેટલું દુર્લભ છે, તેમ અનેક પ્રકારે ધર્મની આરાધના કર્યા વગર આ જિનધર્મ પણ જીવને મળવો દુષ્કર છે. કદાચ કોઈક પ્રમાદી જીવને આ ધર્મની પ્રાપ્તિ થઈ જાય, પરંતુ પાત્રતા વગર સમુદ્રમાં ચિંતામણિરત્નની જેમ તે ભવ હારી જાય છે. તો આ મનુષ્યત્વાદિ સામગ્રીઓ મેળવીને, પ્રમાદ છોડીને ચતુર પુરુષે આની સ્થિરતા માટે આગળ કહીશું, તેવા અનુષ્ઠાનોનું સેવન કરવું જોઇએ. જિનશાસનના અને તેના અંગો પ્રત્યે અનુરાગ, નિરંતર સુસાધુના સામગમનો અત્યાગ, સમ્યકત્વ અને શ્રુતનો અભ્યાસ, ભવનો નિર્વેદ, ભાવનાઓ ભાવવી, આ ઉલ્લાસ પૂર્વક આરાધના મારવાડ પ્રદેશમાં રણમાં મુસાફરી કરતાં કલ્પવૃક્ષની પ્રાપ્ત થવા માફક, સમુદ્રજળમા પડેલાને અણધાર્યા વહાણની પ્રાપ્તિ થવાની જેમ લાંબા કાળથી દરિદ્રતાથી પરાભવ પામેલાને ચિંતામણિરત્ન પ્રાપ્ત થાય અને જે ઉલ્લાસ થાય, તેનાથી અધિક ઉલ્લાસ જિનશાસનના અનુરાગ આદિ પ્રાપ્ત થવામાં થવો જોઇએ.

'હે જીવ ! અત્યારે તેં સર્વજ્ઞ ભગવંતે કહેલો ધર્મ કોઈ પ્રકારે પ્રાપ્ત કર્યો છે.

તો તું નક્કી સંપૂર્ણ પુણ્યશાળી બનેલો છે. હે જીવ ! જગતમાં ઇન્દ્રપણાની પ્રાપ્તિ સુલભ છે, પરંતુ નિર્વૃતિસુખના કારણભૂત જિનધર્મની પ્રાપ્તિ ઘણી જ દુર્લભ છે. (૨૫) માટે જિનધર્મને આગળ કરીને, પાપકાર્યોનો ત્યાગ કરીને પ્રવૃત્તિ કરવી યોગ્ય છે. કારણ કે, ફરી આ ક્ષણ મળવો દુર્લભ છે, આ પ્રમાણે હિતશિક્ષા પામેલો આત્મા હંમેશા ભવવિરક્ત ચિત્તયુક્ત બનીને કદાપિ જિનમત છોડવાની ઇચ્છા ન કરે. કમલ-સમાન ઉજ્જવલ શીલની શોભા સુગંધીવાળા, ભુવનના બંધુએવા ગુણી મુનિવરોની હંમેશા આદરપૂર્વક આરાધના કરવી. દઢપણે ગુણોમાં આરૂઢ થયેલો એવો જીવ જો અહિં સાધુસમાગમથી રહિત થાય તો ગુણનો વિનાશ પ્રાપ્ત કરનાર થાય છે, માટે તેમના સમાગમ માટે પ્રયત્ન કરવો. સિદ્ધાંતોને ધારણ કરનાર વિશુદ્ધ શીલાંગોના સંગથી સૌભાગી એવા ઉત્તમ મુનિઓ કદાચ દૂર રહેલા હોય,તો પણ મનમાં તેમનું સ્મરણ કરવું. મંત્ર-રહિત સ્નાનની માફક નિર્જીવ દેહની ક્રિયાની જેમ શ્રુતબહુમાન વગરનું અનુષ્ઠાન શૂન્ય માનવું. તેમાં પ્રથમ સૂત્ર ભણવું, ત્યાર પછી તેના અર્થ સાંભળવા, સૂત્ર વગરનું શ્રુતજ્ઞાન અપકવફલ-ભક્ષણ-સમાન નિરસ સમજવું. જેના અર્થ જાણ્યા નથી, એવા પ્રકારનાં ઘણાં સૂત્રો ભણ્યા હોય, તે સુક્કી શેરડી ચાવવા માફક કાર્ય-સિદ્ધિ કરનાર થતું નથી. ભણ્યા પછી તેનું આચરણ ન કરનાર એવા શાસ્ત્રના પંડિત જ્ઞાનની પ્રરૂપણા કરે છે, પરંતુ દર્ભગ સ્ત્રીને ઘણાં આભૂષણો ભારરૂપ થાય છે, તેમ આચરણ વગરનું જ્ઞાન ભારરૂપ થાય છે. સુસ્થિત પ્રશસ્ત પરમાર્થ સ્વરૂપ છે. ભવરૂપી વ્યાધિની ચિકિત્સાના શાસ્ત્રસ્વરૂપ જિનવચન હંમેશાં ભણવું, સાંભળવું અને આચરવું. ભવનું સ્વરૂપ એ પ્રમાણે ભાવવું કે, શરદના આકાશવિભ્રમ સમાન જીવિત, યૌવન, પ્રિયસમાગમ આદિ ક્ષણમાં દેખતાં જ નાશ પામવાના સ્વભાવવાળાં છે. પ્રચંડ વાયરાથી ઉત્તેજિત મોટા ભડકાવાળા અગ્નિની જ્વાળાથી સળગતા ઘર સમાન ભવમાં વાસ કરવા ક્ષણવાર પણ હવે હું સમર્થ નથી. જેમ દુર્જનપુરુષો સંગ નુકશાન કરનાર, દુઃખના છેડા વાળો થાય છે, તેમ સંસારમાં દેવતાઓના સુખના પરિણામ શરુ અને છેડામાં સુંદર પરિણામયુક્ત હોય, તેમજ સમર્થ હોય તો એક માત્ર

જિનેશ્વરે કહેલો ધર્મ જ છે. માટે જો ન મેળવ્યો હોય તો તેને મેળવવો. જો તેને મેળવ્યો હોય,તેનું પરિપાલન કરતા હો,તો તેમાં વૃદ્ધિ કરવાનો પ્રયત્ન કરો. તેઓ ધન્ય છે કે, જેઓ અસંખ્ય લાખો સંખ્યાવાળાં તીક્ષ્ણ દુઃખોનો અંત લાવનાર એવા વચનોપદેશ-ઔષધને પ્રાપ્ત કરે છે." ત્યાં આગળ અનેક પ્રાણીઓ પ્રતિબોધ પામ્યા અને પોતાના ઘરે પાછા ફર્યા.

આ પ્રમાણે બોધ પામ્યા પછી કેટલાક કાળે ધર્મરુચિ તે ખરેખર નામથી અને ગુણથી સાચા **ધર્મરુચિ અણગાર** છે. માસક્ષપણના પારણાના દિવસે પ્રથમ પોરિસીમાં સ્વાધ્યાય કરવામાં તેમનું મન અક્ષીણ પ્રવૃત્તિવાળું હતું. બીજી પોરિસીમાં ધ્યાનયોગ કરીને, ત્રીજી પોરિસીમાં પાત્ર-પડિલેહણાદિક વિધિ કરીને ઈર્યાસમિતિની સાધવાની પૂર્વક તેણે ચંપાનગરીમાં પ્રવેશ કર્યો. કુદરતી તે દિવસે નાગશ્રીને ભોજનાદિક તૈયાર કરવાનો વારો આવ્યો. કોઇ પ્રકારે પ્રમાદથી તે નાગશ્રીએ એક કડવી તુંબડીનું ઘણા રસવાળું, ઘણા તીખા, મધુર રસવાળાં દ્રવ્યોથી મિશ્રિત શાક તૈયાર કર્યું. કોઇક તેવા કુજોગ દોષથી તે વિષરૂપ બની ગયું. તેની ગંધથી તેણે જાણી લીધું અને વિલખી બનેલી તે ચિંતવવા લાગી કે, મારા કુટુંબની અંદર આવું શાક બનાવ્યાની ખબર પડશે, તો મારી આબરૂ કેવી ખરાબ થશે ? ધિક્કાર થાઓ મને. જો મારીબીજી નણંદ-ભોજાઇઓને આવી રસોઇ કર્યાની ખબર પડશે. તો મારી નિંદા-હલકાઇ કરવામાં તેઓ કશી કચાશ નહિં રાખશે અને કદાપિ તેમ કરતાં તેઓ અટકશે નહિં. તો હવે કોઇ ન જાણે તેવા ગુપ્ત સ્થળમાં તેને સંતાડીને ઘરના એક સ્થળમાં હાલ મૂકી રાખું.' એમ વિચારીને સ્થાપન કર્યું અને ત્યાર પછી તરતજ બીજી સ્વાદિષ્ટ તુંબડી લાવી સમારીને ઘણાં મોટા સંભાર ભરીને શાક વધાર્યું, સ્નાન કરી પવિત્ર વસ્ત્રવાળી થઇ તેણે બ્રાહ્મણોને જમાડ્યા. (૫૦)

ત્યાર પછી અનુક્રમે તે બ્રાહ્મણીઓએ પણ ક્રમસર ભોજન કર્યું. ઘરના સર્વ માણસો જમી રહ્યા પછી દરેક પોતપોતાના કાર્યમાં લાગી ગયા. એટલામાં ધર્મરુચિ સાધુ ઊંચા, મધ્યમ, નીચ કુલો-ઘરોમાં આહાર માટે ભ્રમણ કરતા કરતા નાગશ્રીને ત્યાં આવ્યા. નાગશ્રીએ દૂરથી આવતા અને પોતાના ઘરમાં પ્રવેશ કરતા દેખીને ઉગ્ર પ્રમોદથી પેલા કડવી તુંબડીના શાકને ઠેકાણે પાડવા-આપી દેવા ઉતાવળી ઉતાવળી આસન પરથી જલ્દી ઉઠીને તે કડવી તુંબડીનું શાક લાવીને રસોડામાં પ્રવેશ કર્યો. ધર્મરુચિ સાધુના પાત્રામાં સમગ્ર રસવાળું તે શાક ઠાલવી દીધું. 'મારે આટલું પૂરતું છે, હવે વધારે આહારની જરૂર નથી' એમ કહીને તે ઘરેથી બહાર નીકળીને જે ઉદ્યાનમાં આચાર્ય રહેલા હતા, ત્યાં પાછા આવ્યા. તે આચાર્યની નજીકના સ્થળમાં રહીને 'ઇરિયાવહિયં' વિધિ કરીને ભોજન-પાની કરતલમાં રાખીને આચાર્યને બતાવવા લાગ્યા. તેની ઉગ્ર અશુભ ગંધથી પરવશ થયેલા ઘ્રાણેન્દ્રિયવાળા આચાર્ય વિચારવા લાગ્યા કે, 'ઝેરયુક્ત ભોજન છે, નહિંતર આવા પ્રકારની ખરાબ ગંધ ન હોય. હથેલીમાં એક બિન્દુ માત્ર લઇને જ્યાં દેખે છે,તો તેજ પ્રમાણે ઝેરવાળું છે. ત્યારે આચાર્ય ભગવંતે ધર્મરુચિને કહ્યું કે, 'જો તું આનું ભોજન કરીશ, તો અકાલે મૃત્યુ પામીશ, માટે બહાર સ્થંડિલભૂમિમાં જઇ ત્યાં નિરવદ્ય શુદ્ધ સ્થાનમાં પરઠવી દે. અને બીજો પ્રાસુક એષણીય શુદ્ધ આહાર ગવેષણા

કરી વહોરી લાવ.' એ પ્રમાણે કહ્યું-એટલે ધર્મરુચિ સાધુ ત્યાંથી આહાર પરઠવવા માટે નીકળ્યા. વિષાદ વગરના મનવાળા દશ દોષરહિત સ્થંડિલભૂમિમાં જઈને સમગ્ર દિશાઓનું અવલોકન કરીને પ્રતિક્ષણે ઉલ્લસિત પરિણામવાળા જેટલામાં ત્યાં પરઠવવા તૈયાર થયા, તેટલામાં તેની ગંધથી વનમાં રહેલી કીડીઓ એકઠી થઈને ક્ષણવારમાં મૃત્યુ પામવા લાગી રખે, મારા પ્રમાદથી આ સર્વે આટલી બધીનો વિનાશ થાય, આના કરતાં તો મારે પોતાને જ આનું ભોજન કરી લેવું યોગ્ય છે.' મનમાં સિદ્ધ ભગવંતોને સ્થાપન કરીને તેમની સાક્ષીએ પોતાના અપરાધો પ્રગટ કરીને, વ્રતોને ઉચ્ચરીને, પરિશુદ્ધ ભાવનાવાળો તે કડવી તુંબડીના ઝેરવાળા ભોજનને વાપરીને તેની વેદના ભોગવતો પંચનમસ્કારના શુભ પરિણામવાળો મૃત્યુ પામી સર્વાર્થસિદ્ધિ નામના વિમાનમાં ઉત્પન્ન થયો. (૬૫) ગયાને લાંબો કાળ થયો, હજુ ધર્મરુચિ સાધુ પાછા ઉપાશ્રયે ન આવ્યા, એટલે આચાર્ય મહારાજે સાધુઓને આજ્ઞા કરી કે, 'ચારે બાજુ તપાસ કરો કે, 'તે મુનિ હજુ પાછા કેમ ન આવ્યા ? તપાસ કરતાં બહારની સ્થંડિલભૂમિમાં તેમને મૃત્યુ પામેલા દેખ્યા. પાછા આવીને સૂરિને જણાવ્યું કે, 'તેઓ તો કાળધર્મ પામ્યા.'

આચાર્ય ભગવંત પૂર્વના જ્ઞાનવાલા હોવાથી ઉપયોગ મૂક્યો, તો તે જ ક્ષણે જાણવામાં આવ્યું કે, 'કડવી તુંબડીનું દાન કરનાર નાગશ્રી છે અને તેનો સમગ્ર વૃત્તાન્ત પણ જાણી લીધો. સમર્થ પુરુષોએ ચૈત્ય નાશ કે યતિઘાત કરનારની ઉપેક્ષા કે પ્રમાદ કરવો મૌન બેસી રહેવું, તે કોઈ પ્રકારે ઉચિત નથી. કારણ કે, તેવા દોષો ઉત્પન્ન થવાના ફરીથી પ્રસંગો ઉત્પન્ન ન થાય - અર્થાત્ સામર્થ્યવાળા પુરુષોએ આવાં અપકાર્યોનો પ્રતિકાર ફરજિયાત કરવો જોઈએ,' આ પ્રમાણે વિચારણા કરીને સર્વ શ્રમણસંઘને બોલાવ્યો. તેમને જણાવ્યું કે, આ કારણે ધર્મરુચિ સાધુ કાલધર્મ પામ્યા. આ પ્રમાણે કરીને નાગશ્રીએ સુંદર કાર્ય ન કર્યું કે, જેણે ઉત્તમ ભાવસાધુને મૃત્યુ પહોંચાડ્યા. નિર્ભાગીઓ દુર્ભાગીઓ એવા લોકોના શિરોમણિભાવને તથા નરકાદિક દુર્ગતિના દુઃખની ખાણી ભાવને તે પામી છે. આ નાગશ્રીનો ગુનો હવે છાનો રાખી શકાય તેવો નથી.'

આ પ્રમાણે વિચારણા કરીને મુનિઓએ નગરના મધ્યભાગમાં ત્રણ-ચાર રસ્તા હોય તેવા તથા ચોક-ચૌટામાં ઘણા લોકો સમક્ષ આ પ્રમાણે ઉદઘોષણા-જાહેરાત કરી કે 'નાગશ્રીએ આવા પ્રકારનું સાધુના પ્રાણ લેવાનું નિષ્કારણ અકાર્ય આચર્યું છે. માટે હે નગરલોકો ! આ સાધુહત્યા કરનાર નાગશ્રીને જોવી કે તેની સાથે વાર્તાલાપ કરવો યોગ્ય નથી. તેમ દેખનાર કે, તેની સાથે બોલનારને પણ તેની તુલ્ય ગણવો.' આ પ્રમાણે ગુરુના વચનથી તે મુનિઓએ નગરના મધ્યભાગમાં સ્થાને સ્થાને જઈને આ પ્રમાણે ઉદ્ઘોષણા જાહેર કરી.' તેનો વૃત્તાન્ત જાણ્યા પછી તે બ્રાહ્મણોએ તેને ઘરમાંથી કાઢી મૂકી. નગરીના ત્રણ-ચાર રસ્તા વગેરેમાં પરિભ્રમણ કરતી, લોકો વડે નિંદા પામતી, તિરસ્કારાતી, ફીટકાર કરાતી, સ્થાને સ્થાને ભીખ માગે છે, તો પણ કોઈ ખાવા આપતું નથી-એવી રીતે કાલ પસાર કરતી હતી. તેના શરીરમાં એક સામટા સોળ વ્યાધિ ઉત્પન્ન થયાં. એ પ્રમાણે જીવન પસાર કરતાં કરતાં છેવટે મૃત્યુ

પામી, છઠ્ઠી નારકીમાં ઉત્કૃષ્ટ આયુષ્યવાળી નારકીપણે ઉત્પન્ન થઇ. ત્યાંથી નીકળીને મત્સ્ય થઇ, મત્સ્યપણામાં અગ્નિમાં શેકાવાના, તીક્ષ્ણ શસ્ત્રોથી કપાવાના, સર્વાંગે બળવાના, હણાવાના, સર્વ નારક પૃથ્વીઓમાં અનેક વખત જન્મ પ્રાપ્ત કરીને, તેમ જ બીજા અનેક અતિકુત્સિત સ્થાનોમાં જન્મો ધારણ કર્યા,વધારે કેટલું કહેવું, ? જેમ ગોશાળાનો અધિકાર ભગવતી સૂત્રમાં કહેલો છે અને તેમાં અનેક ભવોમાં અનેક દુઃખો ભોગવનાર બન્યો, તેમ આ પણ અનેક દુઃખો ભોગવનારી થઇ.

અનંત કાલ પછી આ જ દ્વીપમાં ચંપા નગરીમાં સાગરદત્ત સાર્થવાહની ભદ્રા નામની ભાર્યાની કુક્ષિમાં પુત્રીપણે ઉત્પન્ન થઇ. નવ માસ પછી માખણ સરખા સુકુમાલ હસ્ત-પાદવાળી પુત્રીને જન્મ આપ્યો. સુકુમાલિકા એવું નામ પાડ્યું. અનુક્રમે કામદેવના મોટા ભાલાના એક ભવન સમાન, અખૂટ લાવણ્યયુક્ત યૌવનવય પામી. હવે એક દિવસ સ્નાન કરી આભૂષણોથી અલંકૃત બનેલી અનેક દાસી અને સખીઓથી પરિવરેલી ઘરના ઉપરના અગાસીતલમાં ક્રીડા કરતી હતી, ત્યારે જિનદત્ત સાર્થવાહ તેનાં રૂપ અને યૌવનગુણને દેખીને વિસ્મય પામ્યો. મનમાં વિચારવા લાગ્યો કે, 'આ સાગર અને ભદ્રાની પુત્રી સિવાય બીજી કોઇ પણ ભાર્યા મારા પુત્ર માટે યોગ્ય નથી.' નજીકમાં રહેલા લોકોને પૂછયું કે, 'સમગ્ર યુવતીઓમાં જેની દેહ-કાંતિ ઝળહળી રહેલી છે, એવી આ કોની ઉત્તમ પુત્રી છે ?' તે લોકોએ કહ્યું કે-' આ સાગરદત્ત સાર્થવાહની પુત્રી છે.'

ત્યાર પછી સ્નાન કરી, વેષ-આભૂષણથી અલંકૃત બની પોતાના કેટલાક પરિવાર સહિત એવા તેણે જ્યાં સાગરદત્તનું ઘર હતું, ત્યાં જવા પ્રયાણ કર્યું. પોતાના ઘરે આવતા તેને દેખીને એકદમ તે ઉભો થયો અને બેસવા માટે આસન બતાવ્યું, સુખાસન પર બેઠેલા તેને આગમનનું પ્રયોજન પૂછયું. ત્યારે તેણે કહ્યું કે-'સુકુમાલિકા જે તમારી પુત્રી છે, તેની સમાન રૂપ અને સમાન લાવણ્યાદિ ગુણ-નિધાન એવા મારા સાગર નામના પુત્ર સાથે વિવાહ કરવાની માગણી કરવા આવેલો છું. જો આ વાત તમને યોગ્ય લાગતી હોય, તો મારી માગણી સ્વીકારો. કારણ કે, એક વખત કાર્ય ચૂકી ગયા, તો ફરી તેવો પ્રસંગ પ્રાપ્ત થવો મુશ્કેલ છે. જિનદત્ત કહી રહ્યા પછી સાગરદત્તે એમ જણાવ્યું કે, 'અમારે ત્યાં આંગણામાં પધારેલા હોય, તેમને શું એવું હોય કે ન અપાય ? પરંતુ ઉંબરવૃક્ષના પુષ્પ માફક આ પુત્રી મને એક જ છે અને તે દુર્લભ છે. મન અને નેત્રને અતિવલ્લભ એવી, તેનો વિરહ હું ક્ષણવાર પણ સહી શકતો નથી; તો જો તમારો સાગર પુત્ર મારો ઘરજમાઇ થઇ ને અહીં રહે તો મારી સુકુમાલિકા પુત્રી આપું, નહિંતર નહિં.' ઘરે આવેલા પિતાએ સાગરને કહયું કે-'હે વત્સ ! જો તું ઘરજમાઇ થાય, તો સુકુમાલિકા કન્યાની પ્રાપ્તિ થાય. તે કન્યાના અતિ દઢ અનુરાગના કારણે તેણે સર્વ વાત કબૂલ રાખી, એટલે જિનદત્તે સર્વાદરથી ઠાઠમાઠથી મહાઉત્સવ પૂર્વક લગ્ન-સમારંભ કર્યો. હજાર પુરુષ ઉપાડી શકે તેવી શિબિકામાં બેસીને સાગર સાગરદત્તના ઘરે હર્ષથી ઉલ્લાસિત હૃદયવાળો પહોંચ્યો. (૧૦૦) તેણે પણ ગૌરવ સહિત મહાવિભૂતિ સત્કાર કરી, પુત્રી સાથે વિવાહોત્સવ કર્યો.

જે સમયે કન્યાના હાથનો લગારસ્પર્શ થયો, ત્યારથી સાગરના શરીરમાં મસ્તકશૂલ, દાહવાળો જવર એવો ઉત્પન્ન થયો કે, જાણે ઝેરી સર્પે અથવા વીંછીએ ડંખ માર્યો હોય, અથવા અગ્નિથી સીંલો હોય, તેવા પ્રકારનું તે સમયે અતિઆકરું દુઃખ ઉત્પન્ન થયું. લજ્જાને આધીન બની તે ક્ષણે તો તે મૌન બેસી રહ્યો. જ્યારે શયન-સમય થયો, તે સમયે શય્યાતલમાં બેઠેલા તેની પાસે ક્ષોભાયમાન સ્નેહસમુદ્રવાળી સુકુમાલિકા સર્વ અંગોને અલંકૃત કરી, ધીમે ધીમે તેની પાસે સૂઇ ગઇ, ત્યારે જાણે સ્વર્ગમાંથી અપ્સરા ઉતરી આવેલી હોય તેવી જણાતી હતી.

હવે ફરી પણ તેના અંગના સ્પર્શથી વિષાદ પામેલો ચિંતવવા લાગ્યો કે-'હવે આનો વિરહ કરનાર ક્ષણ મને ક્યારે પ્રાપ્ત થશે ?' ત્યારે સુખે નિદ્રા કરતી તેને છોડીને શય્યામાંથી ઉભા થઇને જાણે મરણથી છૂટ્યો હોય, તેમ કાગડાની જેમ તે ઘરથી ઘણે દૂર દૂર પલાયન થયો. તે ક્ષણે નિદ્રામુક્ત બનેલી અને સાગર-પતિને ન દેખતી પતિવિરહિણી ચારે બાજુ જોવા લાગી.વાસગૃહનું દ્વાર દેખ્યું, તો ખુલ્લું દેખ્યું. શોકાતુર મનવાળી હથેલીમાં મુખ ઢાળીને ઉદ્વેગથી ચિંતવવા લાગી કે-'મેં કે બંધુલોકોએ તેવો કોઇ અવિનય કર્યો નથી, તો ક્યા મારા દુર્ભાગ્યના દોષથી તે દૂર ચાલ્યા ગયા. આ પ્રમાણે ઝુરતી, રુદન કરતી, કરુણ સ્વરથી વિલાપ કરતી, અગ્નિમાં શેકાતી હોય, તેમ તેણીએ બાકીની રાત્રિ પસાર કરી. રાત્રિ પૂર્ણ થઇ, પ્રભાત થયું, એટલે દાસીને બોલાવીને માતાએ કહ્યું, 'તું જા, સુકુમાલિકા અને તેના પતિ માટે મુખશુદ્ધિ કરવા માટે તેને દાતણ-પાણી આપ.' જેટલામાં તે દાસી તેનાં વાસઘરમાં ગઈ ત્યાં તેને વિલખી દષ્ટિવાળી અને મનમાં કંઇક ઉંડી ચિંતા કરતી દેખી. દાસીએ તેને પૂછયું કે-' અત્યારે તું આમ કેમ ઝુરે છે ?' ત્યારે તે કહેવા લાગી કે-'સાગર મને સૂતેલી મૂકીને ક્યાંઇક ચાલ્યા ગયા.' વૃત્તાન્ત જાણીને દાસીએ તેના માતા-પિતાને જે પ્રમાણે બન્યું, તે કહી જણાવ્યું. ત્યાર પછી સાગરદત્ત સાગર ઉપર ક્રોધ કરતો જિનદત્તના ઘરે જઇને કહેવા લાગ્યો કે, 'અરે ! આ તમારા પુત્રને ઉચિત છે કે, નિર્દોષ સુકુમાલિકાને છોડીને ચાલ્યો ગયો ! સાગરે જે કંઇ પણ કર્યું છે, તે તેના કુલને ઉચિત ન ગણાય. એવો ત્યાગ કરવાનો કોઇ કાળ નથી, તેમ યુક્ત પણ નથી. આજે તેણે જે કર્યું છે, તે ઉત્તમકુલીન જનને યોગ્ય ન ગણાય. અતિનિસ્પૃહ માનસવાળો તે આ પ્રમાણે ઘણાં ઉપાલંભ-ઠપકા આપીને રહેલો છે, એટલે પિતાએ સાગરપુત્રને કહ્યું કે, 'હે સાગરપુત્ર ! ઘરજમાઇપણું સ્વીકારીને તું સાગરદત્તના ઘરેથી પાછો આવ્યો, તે કાર્ય અઘટિત થયું.' ત્યાર પછી સાગરપુત્રે પિતાને કહ્યું કે, 'પર્વતના શિખર પરથી નીચે પતન પામવા સમાન, જળમાં પ્રવેશ કરવા સમાન, ઝેર ખાવા સમાન બીજું ગમે તે કાર્ય કરીશ, સાગરદત્તના ઘરે કદાપિ આ ભવમાં તો પ્રવેશ નહીં કરીશ. તે સુકુમાલિકા નામથી માત્ર પ્રસિદ્ધિ પામેલી છે, પરંતુ હે પિતાજી ! તેના હસ્તનો સ્પર્શ માત્ર કરવાથી પણ ભયંકર દાહજવર મને ઉત્પન્ન થયો છે. દીવાલના આંતરે ઉભો રહેલો સાગરદત્ત તેણે કહેલું સર્વ સાંભળે છે, આ કારણે સાગરદત્ત પોતે પણ ઘણી લજ્જાવાળો બન્યો. પોતાની પુત્રીનું આવું પ્રમાણવાળું દુર્ભાગ્ય સાંભળીને જિનદત્તના ઘરેથી નીકળી ગયો અને પોતાના ઘરે જઇને સુકુમાલિકાને પોતાના ખોળામાં બેસાડીને આ પ્રમાણે કહેવા લાગ્યો કે, 'અવિનય કરનાર

એવા તે સાગરપતિનું આપણને પ્રયોજન નથી. મારે તો હવે તને તેને આપવી છે કે, જેને તું મનપ્રિય હોય.' (૧૨૫) કર્ણામૃત સમાન એવાં આશ્વાસનનાં વચનો વડે સાન્ત્વન આપીને તેને પોતાના સ્થાનમાં જવા રજા આપી.

હવે કોઇક સમયે ઘરના ઉપરના માળથી દિશામાર્ગોનું અવલોકન કરતા રાજમાર્ગમાં પેલાં સડેલાં વસ્ત્ર પહેરેલ, તથા હાથમાં ઠીબડાંને ધારણ કરનાર એક દ્રમકને દેખ્યો. તેને પોતાના ઘરમાં બોલાવીને કહ્યું કે-'હે દ્રમક ! આ ખાવાનું ગ્રહણ કર, તથા આ સુંદર વેષ પહેર. જે તારાં મલિન વસ્ત્રો છે, તથા ભાંગેલો ઘડો (ઠીબ) છે, તેને એકાંતમાં સ્થાપન કર. તેને કિંમતી વસ્ત્રો પહેરાવ્યાં અને ગૌરવ પૂર્વક તે દ્રમકને ભાર્યાપણે અર્પણ કરી, રાત્રે યોગ્ય ઉપચાર આદર પૂર્વક વાસગૃહમાં પ્રવેશ કરાવ્યો. ચપલ નેત્રવાળો થયો થકો, તે જેટલામાં શય્યામાં સુકુમાલિકા નજીકમાં સૂતો અને તો દેહના સ્પર્શના દોષથી સર્વાંગે ઉત્પન્ન થયેલા જવર-તાપથી વિચારવા લાગ્યો કે, 'નક્કી મને મરણ પમાડવા માટે જ વગર કારણના વૈરી એવા આણે મને આ આપેલી છે. જ્યાં સુધીમાં તેના અંગના સ્પર્શથી મને નજીકમાં મૃત્યુની પ્રાપ્તિ ન થાય,તેટલામાં અગ્નિના દાહની ઉપમાવાળી દુર્ભાગ્યથી ભરપૂર એવી આની પાસેથી મારે જલ્દી મારાં વસ્ત્રોનો ત્યાગ કરીને પણ અહીંથી ખસી જવું જોઇએ.' તેનું ઠીબડું, વસ્ત્ર છોડીને તેને સૂતેલી છોડીને ત્યાંથી દૂર ચાલ્યો ગયો. જ્યારે જાગી, ત્યારે તેને પણ ન દેખ્યો, ત્યારે એ વિચારવા લાગી-'મારા શરીરના દોષના કારણે તથા મારા પોતાના દુર્ભાગ્યના દોષના કારણે આ પણ ચાલ્યો ગયો.' વૃત્તાન્ત જાણ્યા પછી પ્રભાતમાં પિતાએ બોલાવી કહ્યું કે, 'હે પુત્રી ! આમાં કોઇનો દોષ નથી, પરંતુ તારાં પોતાનાં કરેલાં કર્મનો જ દોષ છે. માટે જે પ્રકારે આ કર્મનો ક્ષય થાય, તે પ્રકારે સાધુઓને, શ્રાવકોને, દીન, અનાથ વગેરેને દાન આપ.' ત્યાર પછી પિતાની આજ્ઞાથી સૂર્યોદયથી માંડીને સૂર્યાસ્ત સમય સુધી નિરંકુશપણે હંમેશાં દાન આપવા લાગી.

આ પ્રમાણે નિરંતર દાન આપતાં કેટલોક સમય પસાર થયા પછી, 'સુંદર વ્રતો પાલન કરનાર, ઘણા શ્રુતના અભ્યાસ અતિનિર્મલ શીલરૂપી હાથણીને બાંધવા માટે આલાનસ્તંભ સમાન એવાં ગોપાલિકા નામની આર્યાઓ ત્યાં પધારી.' તેમની સાથે વિચરતાં બે સાધ્વીનું એક યુગલ તેના ઘરે ગોચરી માટે ગયું, સારી રીતે બહુમાન સહિત તેને પ્રતિલાભ્યાં. પગમાં પડીને, અંજલિ જોડીને તેને વિનંતિ કરવા લાગી કે, મને સાગર સાથે પરણાવી, છતાં હું તેને અણગમતી થઇ, બીજા દ્રમકને આપી, તો પણ હું અણગમતી બની, તો કૃપા કરીને કોઇક તેવી ઔષધિ-જડીબુટ્ટી, મંત્ર-તંત્ર હોય તે આપો, જેના પ્રભાવથી હું મારા પતિને સુભગ બનું.' તે બોલતાં જ તે આર્યાઓએ કાન ઢાંકી દીધા અને કહ્યું કે-'હે ભદ્રે ! તે વિષયમાં અમો કંઇ પણ જાણતા જ નથી, તેમ જ અમારા માટે આ કાર્ય અનુચિત છે. ધર્મવિષયક શાસ્ત્રમાં અમારું કૌશલ્ય છે. તો તું કહે, તો તને જિનેશ્વરોએ કહેલો ધર્મ શ્રવણ કરાવીએ. (૧૪૫)

સવિસ્તર ધર્મ સંભળાવ્યો, એટલે સારી રીતે પ્રતિબોધ પામી અને ઉત્તમ શ્રાવિકા બની. ત્યાર પછી પિતાની સમ્મતિથી દીક્ષા લીધી. ઇર્યાસમિતિ આદિ પાંચ નવગુપ્તિ-સહિત દૃઢ શીલ

પાલન, કરતી, ક્ષમા રાખનારી, ઇન્દ્રિયોને દમન કરનારી, તથા સારી રીતે ઉપશાંત થયેલી, દુર્ધર અઢારહજાર શીલાંગને ધારણ કરનારી બની નજીકમાં રહેલી ગોપાલિકા આર્યાને વંદન કરીને કહેવા લાગી કે, 'જો આપ અનુજ્ઞા આપો, તો નજીકના ઉદ્યાનમાં સારી ભૂમિના ભાગમાં ઉપરા ઉપર છઠ્ઠ છઠ્ઠનું તપકર્મ કરીને સૂર્ય સન્મુખ આતાપના લેવાની ઇચ્છા રાખું છું. (૧૫૦) ત્યારે તેને તે આર્યાએ કહ્યું કે-'હે આર્યે ! આપણ સાધ્વીને ગામ બહાર કાઉસગ્ગ કરવો યુક્ત નથી માત્ર ઉપાશ્રયની અંદર જ્યાં ચારે બાજુ સાધ્વીઓ વીંટલાયેલી હોય અથવા સાધ્વીજીઓની હાજરીમાં, શરીર વસ્ત્રથી આચ્છાદિત હોય, પગનાં તળિયાં સરખાં સ્થાપન કરેલાં હોય, તો ઉપાશ્રયની અંદર આતાપના કરવી યોગ્ય છે. વડીલ સાધ્વીઓનાં વચનને અવગણીને પોતાની ઇચ્છાથી આતાપના લેવા લાગી. હવે કોઇક વખત દેવદત્તા નામની પાંચ પુરુષોથી સેવા કરાતી એક વેશ્યા તે ઉદ્યાનના ઉત્તમભૂમિ ભાગની ચારે બાજુ કુદરતની શોભા દેખતી હતી. પાંચ પુરુષોમાંથી એક પુરુષ મસ્તક ઉપર પુષ્પોના શેખરની રચના કરતો હતો, એક પુરુષ તેની પગચંપી કરતો હતો, એક મસ્તકે છત્ર ધરતો હતો. એક ચામર વીંજતો હતો, એક તેણીને ખોળામાં બેસાડી હતી. આ વેશ્યાને આવો સૌભાગ્ય-પ્રકર્ષ પ્રાપ્ત થયેલો દેખીને તે સુકુમાલિકા સાધ્વી ચિંતવવા લાગી, કે, 'દુર્ભગા એવી મને એક સાગર પણ આદર કરનારો ન થયો, જ્યારે આના પ્રત્યે તો પાંચ જણ આવા આદર કરનારા થયા, તેથી આનો જન્મ સફળ થયો અને જીવ્યું પણ સફલ થયું. પોતાનાં સૌભાગ્યના ગર્વના કારણે ઇચ્છા પ્રમાણે તે વર્તન કરે છે. જો મારાં તપ અને આ નિયમનું મને ફળ પ્રાપ્ત થાય, તો મારા પોતાના સૌભાગ્યના પ્રભાવથી સમગ્ર સ્ત્રીવર્ગને હું નમનીય બનું. અર્થાત્ સર્વમાં હું ચડિયાતી સૌભાગ્યવતી બનું.' આ પ્રમાણે નિયાણું કરીને અહીં લગાર પણ સૌભાગ્યને ન વહન કરતી, શરીર, વસ્ત્રાદિકને ધોવાના કાર્યમાં - અસંયમમાં પ્રવર્તવા લાગી. ગણિનીએ શિખામણ આપી કે, 'આ પ્રમાણે તો કરવું યોગ્ય નથી.' એમ કરવાથી તારા અને તારી સાથેના બીજાને ચારિત્રનો ભંગ થાય છે, બીજું આ ચારિત્રમાં શિથિલાચાર સેવવો તને યોગ્ય નથી. આ પ્રમાણે અનેકવાર સમજાવી, પરંતુ પ્રેરણા સહન ન કરવાથી પોતાનાં ઉપકરણ સહિત બીજા જુદા ઉપાશ્રયમાં જઇને રહી. પાસત્થા વગેરે પ્રમત્ત સાધુનાં પ્રમાદસ્થાનો તે સેવન કરવા લાગી, પરંતુ યથાછંદસ્થાનો નહિં. ઘણાં વર્ષો સુધી તે પ્રમાદસ્થાન સેવન કરતી વિધિથી વિહાર કરતી હતી. છેલ્લા કાળમાં એક પક્ષનું અનશન કરીને કાળધર્મ પામીને ઇશાન દેવલોકમાં ગણિકાદેવીપણે ઉત્પન્ન થઇ, નવ પલ્યોપમનું ઉત્કૃષ્ટ આયુષ્ય ભોગવીને ત્યાંથી ચ્યવીને આ જ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં પંચાલદેશમાં કાંપિલ્યનગરમાં દ્રુપદ રાજાની ચુલણિ નામની પ્રિયાની કુક્ષિમાં પુત્રીપણે ઉત્પન્ન થઇ.

ધૃષ્ટદ્યુમ્ન યુવરાજની સૌથી નાની ભગિની દ્રુપદની આ પુત્રી છે, આ કારણએ પ્રશસ્ત શાસ્ત્રોમાં તેનું નામ 'દ્રૌપદી' એમ સ્થાપન કરેલું. ઉજ્જવલ પક્ષમાં ચંદ્રકલાની જેમ દરેક ક્ષણે વૃદ્ધિ પામતી કોઇક અનન્ય-અપૂર્વ તારુણ્ય પામી. તેને દેખીને તેના પિતા વિચારે છે કે-'રૂપ અને યૌવનના વિષયમાં આના સમાન બીજું અહિં કોઇ નથી.' દેવાંગનાની સરખામણી કરતી એવી કોઇ સ્ત્રી આની તુલના નહિં કરી શકે. તો આનો સ્વયંવર કરવો યોગ્ય છે, જેથી તે

અતિશય સુખ પામશે. ત્યાર પછી રાજા પોતાના ખોળામાં બેસાડી દ્રૌપદી પુત્રીને કહે છે કે, 'હે વત્સે ! તને જે રુચે તે વર સ્વયંવરવિધિથી વર.' ત્યાર પછી સહુ પ્રથમ દ્વારિકા નગરીમાં કૃષ્ણને પોતાના પરિવારયુક્ત બોલાવવા માટે દૂતને મોકલ્યો. ત્યારે સમુદ્રવિજયાદિક દશ દશાર્હો, મુશલપાણિ વગેરે પાંચ મહાવીરો, તથા ઉગ્રસેનાદિ સોળહજાર રાજાઓ, આઠ ક્રોડ કુમારો, પ્રદ્યુમ્ન, શાંબ વગેરે સાઠ હજાર દુર્દાંત કુમારો કે, જેમની ગતિ ક્યાંય પણ નિવારણ કરી શકાતી નથી. વીરસેન વગેરે એકવીશ હજાર વીરો, મહસેન વગેરે અનેક ગુણી લોકો પાસે જઇને બે હાથની અંજલિ જોડીને પ્રણામ કરી સંદેશો આપ્યો કે-'કાંપિલ્યપુર નગરમાં દ્રુપદ રાજાની દ્રૌપદી નામની પુત્રીનો સ્વયંવર આપ્યો છે,તો તેમના પિતાએ આપને પ્રાર્થના કરવા પૂર્વક નિમંત્રણ મોકલ્યું છે કે-'કાલનો વિલંબ કર્યા વગર કાંપિલ્યપુર નગરની બહાર પોતપોતાની ઋદ્ધિસહિત સપરિવાર દરેકે પધારવું.' (૧૮૦)

એ પ્રમાણે હસ્તિનાપુર નગરના પાંડુરાજાના પુત્રોને, તે જ પ્રમાણે ત્રીજો દૂત ચંપાના કૃષ્ણ અંગરાજાને, ચોથો દૂત પાંચસો ભાઇઓને, શુક્તિમતી પુરીમાં શિશુપાલ રાજાને, પાંચમો દૂત હસ્તિશીર્ષ નગરમાં દમદંત રાજાને, છઠ્ઠો દૂત મથુરામાં ધર નામના રાજાના ઉપર, સાતમો દૂત રાજગૃહમાં સહદેવ નામના રાજા પાસે, આઠમો દૂત કૌડિન્ય નગરીના ભેષક રાજાના પુત્રની પાસે મોકલ્યો. નવમો વિરાટદેશમાં સો ભાઇઓ સહિત કીચકરાજાને, બાકી રહેલા રાજાઓ અને બાકી રહેલા નગરમાં દશમાં દૂતને મોકલ્યો. આ પ્રમાણે પૂર્ણ ગૌરવ સહિત અનેક રાજાઓ, રાજકુમારો વગેરેને આમંત્રણ આપી બોલાવ્યા. તેઓ પણ મન સરકા વેગથી ઉતાવળા એકી સાથે કાંપિલ્યપુરમાં વિશાળ ગંગાનદીના કિનારા ઉપર પડાવ નાખીને રહેલા છે.દ્રુપદરાજાએ તેઓ માટે ઉતારા નક્કી કરેલા હતા, ત્યાં તેઓએ નિવાસ કર્યો. સમુદ્રના કલ્લોલો ઉછળે, તેના સમાન સત્ત્વવાળા સર્વે રાજાઓ ત્યાં રહેલા છે, હવે ત્યાં **સ્વયંવરમંડપ** કેવો કરાવ્યો ? ઉંચા અનેક સ્તંભોના સમૂહથી શોભતો, ઉંચા દંડયુક્ત સેકડો ધ્વજાઓ યુક્ત, રત્નમય અનેક તોરણવાળો, મનોહર પૂતળીઓથી શોભાયમાન, અતિમદોન્મત્ત હાથીઓને આવતા રોકવા માટે **હાથીદાંતથી નિર્માણ કરેલો સ્વયંવર-મંડપ રાજાએ કરાવ્યો.** હવે શુભ દિવસે દ્રૌપદી કન્યાની અભિલાષા કરનારા સર્વે રાજાઓ તેમના યોગ્ય ક્રમે બેસી ગયા. દ્રૌપદી પણ સ્નાન કરી, વસ્ત્રાભૂષણથી અલંકૃત બની, ગૃહચૈત્યોમાં જિનબિંબોને વાંદીને આગળ કહેલા રોહિણી કન્યાના દૃષ્ટાંતાનુસાર સ્વયંવરમંડપમાં આવી પહોંચી.

સાક્ષાત્ કોઇપણ રાજાનું વદન-કમલ ન દેખતી તે દ્રોપદી દર્પણતલમાં પ્રતિબિંબિત રાજાઓનાં મુખ-કમલો નીરખવા લાગી. જે જે દેખ્યા, તે પસંદ ન પડ્યા, એટલે જ્યાં આગળ પાંચ પાંડવો બેઠેલા હતા, ત્યાં ગઇ, તેમને દેખ્યા. ત્યાર પછી આગળ કે પાછળ દૃષ્ટિ ન કરતાં સ્વાભાવિક પૂર્વભવના નિયાણા અનુસાર તે પાંચે પાંડવોના ગળામાં વરમાળા નાખી. એટલે અતિહર્ષ પામેલા વસુદેવ વગેરે સર્વ રાજાઓ મોમાં શબ્દો બોલીને કહેવા લાગ્યા કે, 'અહો ! સારું કર્યું, સુંદર વરો વરી. ખરેખર દ્રુપદ રાજા અને ચુલનિકા માતા ધન્ય છે કે,

જેમની પુત્રીએ આવા શ્રેષ્ઠ પાંચ ભર્તાર સાથે મેળવ્યા. પાણિગ્રહણ થયું, ત્યારે દ્રુપદ રાજાએ આઠ ક્રોડ સુવર્ણ અને તેટલું જ રૂપુ દ્રૌપદી વધૂથી અતિ વિરાજતો પાંડુરાજા પણ પોતાની નગરી તરફ દ્રુપદરાજાની આજ્ઞાથી ગયો.તે પાંચે પાંડવો વારફરતી દ્રૌપદીની સાથે ઉદાર સ્વરૂપ ભોગો ભોગવતા હતા. અને તે પ્રમાણે દિવસો પસાર કરતા હતા. (૨૦૦)

કોઇક સમયે યુધિષ્ઠર વગેરે પાંચે પુત્રો, કુંતી રાણી, દ્રૌપદી આદિ સાથે પરિવરેલા પાંડુરાજા બેઠેલા હતા, ત્યારે અંતઃપુરમાં એકબીજાને લડાઇ કરાવવાની ઇચ્છાવાળા નારદમુનિ ગમે ત્યાંથી ત્યાં આવી પહોંચ્યા. ઉપરથી અતિપ્રસન્નતા બતાવતા, પરંતુ હૃદયમાં તો અતિકલેશ મનવાલા, બહારથી મધ્યસ્થભાવ જણાવતા, કાળમૃગના ચામડાના વસ્ત્રવાલા, શ્રેષ્ઠ દંડ અને કમંડલ જેમના હાથમાં રહેલા છે, જનોઇ, ગણવાની માળાયુક્ત, નવીન મુંજની દોરડીની મેખલા-કંદોરાવાળા, વીણાથી ગાયન ગાવાવાળા દાક્ષિણ્ય દેખાડતા, કજિયો ઇચ્છતા એવા આવતા નારદને દેખીને પુત્રો અને રાણી કુંતી સહિત પાંડુરાજાએ ઉભા થઇ, પ્રદક્ષિણા કરીને વંદના કરી, નમસ્કાર કર્યો. જળબિન્દુ છાંટેલા ઋષિ-આસનને દર્ભતૃણ ઉપર પાથરેલ હોય, તે રૂપે આસન આપ્યું, એટલે તેના ઉપર નારદ બેઠા.

નારદજી અંતઃપુરના કુશલ સમાચાર પૂછતા હતા, તેટલામાં પોતાના સત્કાર સન્માનથી વિમુખ થયેલી દ્રૌપદીને દેખી, 'આ મિથ્યાદષ્ટિ અસંયત હોવાથી તેને પ્રણામાદિ કરવા મને ન કલ્પે' એટલે હાથ જોડ્યા વગરની એમ ને એમ રહી, ઉભી ન થઇ, તેને તેવા પ્રકારની અનાદરવાળી દેખીને રોષાતુર નારદ વિચારવા લાગ્યા કે-'આ પાંચ પાંડવોને પતિ પામવાથી અભિમાનમાં આવી ગઇ છે. માટે આ પાપિણીને ઘણી શોક્યો હોય તેવા કોઇ સ્થાનમાં ધકેલી આપું. ત્યાં ઇર્ષ્યાના મોટા શલ્યથી તે દુઃખી થાય-તેમ તેનું હરણ કરાવું.' ત્યાર પછી ઉડીને ધાતકીખંડના ભરતક્ષેત્રમાં અપ(મ)રકંકા નામની નગરીના પદ્મ નામના રાજા પાસે ગયા. તે રાજાએ પણ પૂજારૂપ અર્ધ્ય અર્પણ કર્યું. અંતઃપુરમાં રહેલા રાજાએ નારદને પૂછયું કે, 'જેવું અંતઃપુર મારું છે,તેવું બીજા કોઇનું છે ?' કંઇક હાસ્ય કરતાં નારદે જણાવ્યું કે-'જેમ કૂવાનો દેડકો, જેણે જન્મથી સમુદ્રનો જળસમૂહ દેખેલ ન હોય, તે એમ જ માનનારો હોય કે, આ મારા સ્થાન કરતાં કોઇ મહાન નથી. એ પ્રમાણે તમે પણ બીજા ભૂમિપાલોનાં અંતઃપુરો નથી દેખ્યાં, એટલે એમ માની અભિમાન કરો છો કે મારા અંતઃપુર જેવું કોઇનું નથી.પરંતુ જંબૂદ્વીપના ભરતક્ષેત્રના હસ્તિનાપુરમાં પાંડુરાજાના પાંચ પાંડવપુત્રોની દ્રૌપદી નામની ભાર્યાના એક પગના અંગૂઠાની તુલનામાં પણ ન આવી શકે. તે દેવો, અસુરો અને વિદ્યાધરોની સ્ત્રીઓ કરતાં અતિસુંદર છે.જગતમાં સામાન્ય નિયમ છે કે-જે વસ્તુ દુર્લભ હોય, દૂર હોય, જે બીજાઓને આધીન હોય, તેમાં લોકો રાગવાળા થાય છે. ઘણે ભાગે બીજા રૂપમાં ન થાય. આ પ્રમાણે નારદનું વચન સાંભળીને પ્રબલ પવનથી જેમ અગ્નિ ઉત્તેજિત થાય, તેમ તે રાજાને નિર્ભર ઉન્માદ કરાવનાર અતિતીવ્ર કામદેવ ઉત્તેજિત થયો. એટલે પૂર્વના પરિચિત દેવનું પ્રણિધાન કરવા પૂર્વક તેણે અઠ્ઠમતપ કર્યો. તેના અંતે તે દેવ પોતે આવીને પદ્મ નાભ(થ)ને કહેવા લાગ્યો કે, 'તારે જે ઉચિત કહેવું હોય તે કહે.' એટલે તેણે કહ્યું કે-

'જંબૂદ્વીપના ભરતના હસ્તિનાપુર નગરમાં જે પાંચ પાંડવોની પત્ની અને દ્રુપદ રાજાની પુત્રી છે, તે ભુવનની સર્વ સ્ત્રીઓમાં રૂપથી સહુથી ચડિયાતી છે, તે દ્રૌપદી દેવીની હું અભિલાષા રાખું છું, માટે તેને અહિં લાવી આપો.' ત્યારે દેવ રાજાને કહ્યું કે, 'એ કાર્ય કદાપિ બની શકવાનું નથી. કારણ કે, પાંચ પાંડવો સિવાય એ બીજાની અભિલાષા કરતી નથી. માત્ર તારા પ્રિય મનોરથ પૂર્ણ કરવા માટે હાલ તેને અહિં લાવી આપું' યુધિષ્ઠિર સાથે સૂતેલી હતી, ત્યારે રાત્રે તે દેવ દ્રૌપદીનું હરણ કરીને પદ્મનાભના મંદિરના અશોકવનમાં લાવ્યો અને તેને ત્યાં બેસાડી. જે પ્રમાણે વૃત્તાન્ત બન્યો, તે પ્રમાણે કહીને દેવ પોતાના સ્થાને ચાલ્યો ગયો. તે તરત જ જાગી અને તે ભવન જોવા લાગી, તો તે પોતાનું ભવન કે બગીચો ન દેખ્યો. વિલખી બનેલી ચિંતા કરવા લાગી કે-'આ શું થયું હશે ? કોઇક દેવ કે દાનવે મને કોઇક રાજાને ત્યાં આણેલી છે. નહિતર આટલા ટૂંક સમયમાં કેવી રીતે આ કાર્ય બને ? પદ્મનાભ રાજા પણ સ્નાન કરી આભૂષણોથી અલંકૃત થઇ પોતાના અંતઃપુર સહિત જયાં દ્રૌપદી હતી, ત્યાં જઇ તેને દેખે છે.અનેક પ્રકારના સંકલ્પ-વિકલ્પ કરતી તે દ્રૌપદીને તે રાજાએ કહ્યું કે, 'કેમ આટલી ચિંતા કરે છે ? મેરા પરિચિત દેવે મારા માટે તને અહિં આણેલી છે. માટે હે ભદ્રે! 'મારી સાથે ક્રીડા કર, આ સર્વ પરિવાર તારે આધીન છે.' ત્યારે દ્રૌપદીએ તેને કહ્યું કે, 'કૃષ્ણજી મારા પ્રિયબંધુ છે, તેઓ હાલ દ્વારામતી નગરીમાં છે, જો છ મહિના સુધીમાં મારી તપાસ નહિં કરે, તો પછી તું કહીશ તેમ હું કરીશ.' તે વાત સ્વીકારીને તેને કન્યાના અંતઃપુરમાં રાખી. છઠ્ઠતપ ઉપર આયંબિલ કરવું-તેમ નિરંતર તપ કરવાનું ચાલુ રાખ્યું. તપકર્મ ચાલુ રાખીને, ધીરતા ધારણ કરીને તે ત્યાં રહેવા લાગી.

આ બાજુ બે ઘડી પછી યુધિષ્ઠર જેટલામાં જાગીને દેખે છે, ત્યારે શય્યાતલમાં દ્રૌપદી ન દેખાઇ, એટલે ગભરાતા ઉતાવળા બની તેની શોધ ચારેબાજુ કરવા લાગ્યા. જ્યારે પત્તો ન લાગ્યો, એટલે પ્રાતઃસમયે રાત્રે બનેલો વૃત્તાન્ત પોતાના સેવકવર્ગ દ્વારા તે આખા નગરમાં જાહેર કરાવ્યો. જાહેર ઉદ્‌ઘોષણા પૂર્વક નગરલોકોને કહ્યું કે,-'જે કોઇ દ્રૌપદીદેવીના સમાચાર લાવી આપશે,તો તેના ઉપર અકાલે ઘણો મહાઉપકાર કરીશ.' જ્યારે કોઇ નગર કે ગામમાં પત્તો ન લાગ્યો, ત્યારે કુંતીમાતાને કહ્યું કે, 'તમો દ્વારકાનગરીમાં જલ્દી કૃષ્ણ સન્મુખ ચાલો. દ્વારકામાં પહોંચ્યા. એટલે ઘણા જ આદરપૂર્વક તેમનું ગૌરવકર્યું. કૃષ્ણે પૂછયું કે, 'શા કારણે આપનું આગમન થયું ?' ત્યારે કહ્યું કે, 'હે પુત્ર ! રાત્રે યુધિષ્ઠિર પાસે શય્યાતલમાં સુખે સૂતેલી દ્રૌપદીનું કોઇક અપહરણ કરી, ગમે તેને ઉઠાવી લઇ ગયેલ છે, તો હવે તેના જલ્દી સમાચાર મળે તે પ્રમાણે યોગ્ય પ્રયત્ન કરો, તારા સિવાય આવાં કાર્ય કરવામાં બીજો કોણ સમર્થ છે ?' આ પ્રમાણે કહ્યું, એટલે તે જ ક્ષણે જેને પુરુષાર્થનો ઉત્કર્ષ ઉત્પન્ન થયેલ છે,એવા કૃષ્ણે જણાવ્યું કે-'અરે ! પાતાલ, દેવલોક કે સમુદ્રમાં ગમે ત્યાં તે હશે, ત્યાંથી મારે તેને મેળવવી અને તે માટે મારે પ્રયત્ન કરવો'-એમ તેની સમક્ષ પ્રતિજ્ઞા કરી. હે માતાજી ! આપ તદ્દન નિરાંતે રહો. સત્કાર-સન્માન કરી તેને પાછાં ગજેંપુર નગરે મોકલી આપ્યાં. ચારે બાજુ શોધ કરાવી, પરંતુ ક્યાંયથી પણ સમાચાર ન મેળવ્યા. એટલામાં કોઇ પ્રકારે નારદજી વાસુદેવના ભવનમાં આવી પહોંચ્યા.

કૃષ્ણે અર્ધ્ય-દાનપૂર્વક સુંદર આસન ઉપર બેસાડી, પોતાના કુશલ સમાચાર પૂછનાર તેમને ઘણા ગૌરવથી પૂછયું કે, 'તમે ક્યાંય દેખેલ કે સાંભળેલ હોય અથવા કોઇના રતિગૃહમાં અપહરણ કરાએલી દેવી દ્રૌપદીની હકીકત જાણી હોય, કહો. કારણ કે, યુધિષ્ઠર સાથે રહેલી અને રાત્રે સૂતેલી તેને કોઇ ન જાણે તેવી રીતે કોઇ હરણ કરી ગયું છે.' ત્યારે નારદે કહ્યું કે, અન્ય હોય, તેવો મને કોઇ નિશ્ચય નથી. પરંતુ અપરકંકા નગરીમાં પદ્મનાભ રાજાના ભવનમાં તેના સરખી શોકપૂર્ણ મુખવાળી, ભૂમિ ઉપર સ્થાપન કરેલા નેત્રવાળી, પાસેથી કોણ જાય છે, તેને ન દેખતી એવી એક નારી જોવામાં આવી હતી.' (૨૫૦) ત્યારે કૃષ્ણે કહ્યું કે, 'તમે જ આ કજિયો ઉભો કર્યો છે.' આકાશગામિની વિદ્યાનું સ્મરણ કરીને નારદ અદશ્ય થયા. દૂત મોકલીને ગજપુરમાં પાંડુરાજાને જણાવ્યું કે, 'દ્રૌપદીના શરીરના કુશળ સમાચાર મળી ગયા છે. તો તમારા પાંચે પુત્રોને ચતુરંગ સેના સહિત પૂર્વસમુદ્રના કિનારે જલ્દી આવી પહોંચે તેમ મોકલાવો.' કૃષ્ણજીએ પણ ઢોલ-દુંદુભિના શબ્દોથી દિશાન્તર પૂરતા સર્વ પરિવારયુક્ત દ્વારકાપુરીમાંથી પ્રયાણ કર્યું.

પૂર્વસમુદ્રના રેતાળકાંઠા ઉપર પાંડુના પાંચે પુત્રોનો સમાગમ થયો. ત્યાં સેનાસહિત પડાવ નાખ્યો. ત્યાં પૌષધશાલા બનાવી, અઠ્ઠમતપ અંગીકાર કરી સુસ્થિતદેવનું મનમાં પ્રણિધાન કર્યું. તે તપ પૂર્ણ થતાં લવણાધિપતિ સુસ્થિતદેવે કૃષ્ણને પ્રત્યક્ષ દર્શન આપ્યાં. દેવે આવી જણાવ્યું કે-'મારે જે કાર્ય કરવાનું હોય,તે જણાવો.' ત્યારે કૃષ્ણે કહ્યું કે-દ્રૌપદીદેવીનું પદ્મનાભે હરણ કર્યું છે, તેના ઘરમાં રહેલી છે, તેથી અપરકંકા નગરીએ જવા માટે પાંચ પાંડવો અને છઠ્ઠો હું એમ છએના રથો લવણસમુદ્રના જળ મધ્યે ચાલી શકે, તેવો માર્ગ અમને જલ્દી આપો.' દેવે પ્રત્યુત્તર આપ્યો કે, 'આટલા સામાન્ય કાર્યમાં શું ? તમોને અહીં બેઠા તમને તે હસ્તગત કરું. જો તમે કહેતા હો તો તે નરેશ યા નગરલોક તથા સૈન્ય-સહિત આખી નગરીને લવણસમુદ્રના જળની અંદર પ્રવેશકરાવું.' 'તે પશુ સરખા રાજાની કેટલી માત્ર શક્તિ છે, તે હું જાણું છું, પરંતુ મારે તેની પરીક્ષા કરવી છે અને મારે જાતે જ તેને અહિં આણવી છે.' આ પ્રમાણે કૃષ્ણનું વચન સાંભળીને તે દેવે પાણી દૂર કર્યું એ છએને સમુદ્રના જળની અંદર રથ માટે માર્ગ આપ્યો. સમુદ્રની મધ્યમાં થઇને તેઓ તેને ઓળંગીને અપરંકકા નગરીએ પહોંચ્યા. ઉદ્યાનના આગલા ભાગમાં રથો છોડીને તે વિશ્રાંતિ કરવા માટે રોકાયા. દારુક નામના સારથીને બોલાવીને કૃષ્ણે આ પ્રમાણે રાજાને સંદેશો કહેવરાવ્યો. તેને કહ્યું કે, નગરમાં જઇને પદ્મનાભરાજાને તેના પાદપીઠમાં પગ ઠોકીને ભાલાની અણિપર રાખેલા લેખને આપીને જણાવ્યું કે, 'દ્રૌપદીને તું ચોરી લાવેલો છે, એને પાછી સોંપી દે, નહિતર યુદ્ધ કરવા તૈયાર થા, એ સિવાય તારો છૂટકારો નથી. તેં એ નથી સાંભળ્યું કે, 'દ્રુપદકન્યાનો કૃષ્ણ ભાઇ છે. ભુવનમાં રણ-યુદ્ધકાર્યમાં તેના સમાન બીજો કોઇ સમોવડિયો નથી.'

આ પ્રમાણે કૃષ્ણજીએ કહેવરાવેલ સંદેશને વિનયપૂર્વક ગ્રહણ કરીને હવે અપરકંકા નગરી તરફ ચાલતો તે રાજભવનમાં પહોંચ્યો. દૂતજન યોગ્ય વિનય કર્યા પછી કહ્યું કે-' આ મારો વિનય છે, પરંતુ મારા સ્વામીનો તો વળી આવો હુકમ છે કે-'તેના આસનને લાત મારીને ભાલાની અણીથી આ લેખ અર્પણ કરવો.' એટલે પદ્મનાભ રાજાએ અપમાનિત કરી

તેને પાછલા દ્વારે લઈ જઈ કહ્યું કે- 'પાછી અર્પણ કરવા માટે મેં નથી અણાવી, તો હવે જો યુદ્ધ કરવું હોય તો ભલે તૈયાર થાઓ, હું આવી પહોંચું છું.' એમ તું કહેજે. પદ્મનાભે વિચાર્યું કે, પારકી ભૂમિ ઉપર આવેલો છે, હું બલવાન સૈન્ય - પરિવારવાળો છું અને મારી પોતાની ભૂમિમાં છું. તે અલ્પ પરિવારવાળો છે, હું અહિં ઘણા પરિવારવાળો છું.'-એમ વિચારી રણમેદાનમાં ચતુરંગ સેના-સહિત હાથીની ખાંધપર આરૂઢ થઈને રોષથી ધમધમી રહેલો તે નગરથી બહાર નીકળ્યો. કૃષ્ણે તે પાંચે પાંડુપુત્રોને કહ્યું કે-'આજે અહિં શું કરવું ?' તેઓએ કહ્યું કે, 'કાં તો આજે અમે નથી, કે તેઓ નથી.' (૨૭૫)

વિવિધ પ્રકારનાં આયુધો સહિત તૈયાર કરેલા રથવાળા સર્વે યુદ્ધ કરવા માટે સજ્જ થયા. પદ્મનાભની સેનાએ છોડેલા વિચિત્ર શસ્ત્રોના સમૂહથી ધ્વજ, છત્ર અને મુકુટો તૂટીને છેદાઈ-ભેદાઈ ગયા અને બાણની વૃષ્ટિથી તેમના શરીરમાં છિદ્રો પડી ગયાં, એટલે હાર પામી કૃષ્ણજી પાસે ગયા અને કહેવા લાગ્યા કે, 'અરે રે ! આ તો મહાબળવાન છે.' ત્યારે કૃષ્ણે તેમને કહ્યુ કે, 'તમે તો અનિશ્ચિત ભાષા બોલનારા છો.' તે સાંભળીને 'આજે અમો છીએ અને પદ્મનાભ નથી' તે પ્રમાણે નિશ્ચય કરીને તેવું વાક્ય બોલ્યા હોત, તો દુર્જન શત્રુપક્ષને હરાવીને પાંડવોએ ઉજ્જવળ કીર્તિ પદ સ્થાન પ્રાપ્ત કર્યું હોત. ત્યાર પછી કૃષ્ણજીએ કહ્યું કે 'જુઓ આજે પદ્મનાભ નથી અને હું છું' - એમ કહીને વદનના પવનથી પાંચજન્ય મહાશંખ ફૂંકયો. એટલા તે શંખશબ્દથી શત્રુ-બલ તરત હણાયું, સૂઈ ગયું. કોઈ ઉન્માદ પામ્યું-એમ સૈન્યના ત્રણ વિભાગ પડી ગયા. ત્યાર પછી ધનુષદંડને હાથમાં લીધું. તેની દોરીના ટંકારથી એવો શબ્દ ઉછળ્યો કે-સેનાનો બીજો વિભાગ બહેરો બની ગયો. ત્યાર પછી એકલો અને શસ્ત્રરહિત બનેલો પદમરાજા પણ ત્યાંથી નાઠો. પોતાની નગરીમાં પ્રવેશકરીને દરવાજા મજબૂત બંધ કરીને રહ્યો.

કૃષ્ણજીએ અને પાંડવોએ નગર ફરતો ઘેરો ઘાલ્યો. રથમાં આરૂઢ થઈ કૃષ્ણકિલ્લાની નજીકમાં જઈ અદંર ઉતરીને તરત નરસિંહ-મનુષ્ય અને સિંહની શરીરાકૃતિ વિકુર્વીને તેવા પાદપ્રહાર કર્યા, જેથી ટલટલિત અવાજ કરતા દેવાલયોના શિખરોના ભારથી ભગ્ન બનતું પૃથ્વી પીઠ, ઉંચા પ્રાસાદ-મંડલવાળી એવી તે નગરી ક્ષોભાયમાન બની ગઈ. જેને પ્રાણોનો સંદેહ થયો છે-એવો તે પદ્મરાજા હવે જીવવાનો બીજો કોઈ ઉપાય નથી, એટલે દ્રુપદપુત્રી-દ્રૌપદી પાસે જઈને ગરીબડું મુખ કરીને કરગરવા લાગ્યો કે - 'તને ચોરી કરી અહિં લાવ્યો, તેનું ફલ પ્રત્યક્ષ મને મળી ગયું. હવે મારે બચવા માટે શું કરવું ?' ત્યારે દ્રૌપદીએ કહ્યું કે, 'તો મને સાથે લઈ ચાલ અને કૃષ્ણને મને સોંપી દે. કારણ કે, પ્રણામ કરવાથી ઉત્તમ પુરુષોનો કોપ શાન્ત થાય છે. એમ કરવાથી તારો જીવ, રાજ્ય અખંડિત થઈ જશે.' ત્યાર પછી સ્નાન કરી પવિત્ર વસ્ત્રો પહેરી દ્રૌપદીને આગળ કરીને તેમના ચરણમાં પ્રણામ કરીને પદમનાભરાજા ખમાવવા લાગ્યો. 'આપનું અદ્ભુત પરાક્રમ દેખ્યું, હવે કદાપિ આવું કાર્ય ફરી નહિં કરીશ, આ મારા અપરાધની મને આપ ક્ષમા આપો.' (૨૯૦) પદ્મનાભ રાજાના ગર્વને સર્વ પ્રકારે દૂર કરીને તેને પોતાના ઘરમાં જવા રજા આપી. દ્રૌપદીને લઈને પોતે રથમાં આરૂઢ થયા, હવે કૃષ્ણ અને પાંડવો જે માર્ગે આવ્યા હતા, તે માર્ગે ઉપડ્યા, અને

પોતાની નગરી તરફ ચાલ્યા. પોતાના અને પાંડવોના રથ મળી છ રથો ચાલવા લાગ્યા.

હવે જે સમયે યુદ્ધમાં પાંચજન્ય શંખ ફુંકીને વગાડ્યો હતો, ત્યારે તે દ્વીપના ભરતક્ષેત્રની ચંપાપુરીમાં કપિલ નામના વાસુદેવ હતા, તથા તે નગરીની બહાર મુનિસુવ્રત નામના તીર્થંકર ભગવંત સમોસર્યા હતા. ધર્મ સાંભળ્યા પછી છેવટે શંખનો શબ્દસાંભળ્યો, ત્યારે વિલખા થયેલા વાસુદેવ વિચારવા લાગ્યા કે, અહિં બીજા વાસુદેવ કેમ થયા ? કોઈ બીજાપાસે આ પાંચજન્ય ન હોય. ત્યારે જિનેશ્વરે તેને કહ્યું કે - 'આમ બન્યું નથી કે બનશે નહિં કે, એક ક્ષેત્રમાં બે જિનેશ્વરો કે, ચક્ર વર્તીઓ, કે વાસુદેવાદિ સાથે બંને હોય' ભગવંતે કપિલ વાસુદેવને કહ્યું કે, જંબુદ્વીપના ભરતક્ષેત્રમાંથી હસ્તિનાગપુરના પાંડુરાજાના પાંચે પુત્રોની ભાર્યાને કોઈ પૂર્વનો પરિચિત દેવ પદ્મનાભ રાજા માટે લાવ્યો છે, તો દ્વારવતી નગરીથી પાંડવો અનેકૃષ્ણ તેને ખોળવા માટે એકદમ અપરકંકા નગરીએ આવ્યા છે, તે પદ્મનાભ સાથે તેઓનો સંગ્રામ ચાલુ થયો. તે સમયે આ પાંચજન્ય નામનો મહાશંખ વગાડ્યો, તે વચન સાંભળીને તેનાં દર્શન માટે ઉત્સુક બનેલ તે કપિલ વાસુદેવ ઉભો થાય છે. (૩૦૦) ત્યારે સુવ્રત જિનેશ્વર ભગવંતે તેને કહ્યું કે - કદાપિ બે જિનો, ચક્રીઓ, વાસુદેવો કે બળદેવો એકઠા થતાં નથી, તો પણ તને કૃષ્ણ વાસુદેવના છત્ર, ધ્વજારૂપ ચિહ્નોનાં દર્શન થશે તરત જ હાથી પર આરૂઢ થઈને સમુદ્ર-કિનારે પહોંચ્યો અને લવણસમુદ્રના મધ્ય ભાગમાં તેઓ પહોંચ્યા, ત્યારે તેમને દેખીને અતિહર્ષ પામ્યો. ચિંતવ્યું કે, પોતાના સમાન પ્રધાન પુરુષનાં મને દર્શન થયાં.

ત્યાર પછી કપિલ વાસુદેવે પણ પોતાનો પાંચજન્ય શંખ ફુંક્યો, એ પ્રમાણે બીજાએ પણ શંખનો પ્રત્યુત્તર શંખ ફુંકીને આપ્યો. આમ શબ્દ દ્વારા તેમનું મિલન થયું. કપિલ વાસુદેવે 'આ પદ્મનાભ મહાઅપરાધી છે'-એમ કહીદેશનિકાલ કર્યો અને આજ્ઞા પામેલા તેના પુત્રનો રાજ્યાભિષેક કર્યો. તેઓ સર્વે બે લાખ યોજન-પ્રમાણ લવણસમુદ્રનું ઉલ્લંઘન કરીને ગંગા મહાનદીના પ્રવેશમાર્ગમાં પણ પહોંચ્યા. કૃષ્ણે પાંડવોને કહ્યું કે, તમે ગંગાનદીને ઉતરો. હું ક્ષણવાર લવણસમુદ્રના સ્વામી સુસ્થિત દેવને મળી લઉં. પાંડવો આદરથી નાવડીની ગવેષણા કરી, તેમાં આરૂઢ થઈને જેટલામાં ઉતરતા હતા, એટલામાં તેઓને પરસ્પર વાતો થઈ કે, 'કૃષ્ણ મહાબળવાળા છે, માટે તેઓ ગંગાનદી ઉતરી શકે છે કે નહિં, તેની પરીક્ષા કરીએ' પાંડવોએ નાવડી આ કાંઠે સ્થાયી રાખી, કૃષ્ણને લેવા માટે સામે ન મોકલી. કિનારે પહોંચેલા પાંડવો કુતૂહળથી ત્યાં કૃષ્યણનીરાહ જોઈને નદી-કિનારે ઉભા રહેલા હતા, એટલામાં કૃષ્ણે સારથિ-સહિત રથને એક બાહુથી ઉચક્યો અનેબીજા બાહુ-હાથથી દુર્દ્ધર ગંગા-નદીને તરવા લાગ્યા, પરંતુ જ્યાં નદીના મધ્યમભાગમાં આવ્યા, એટલે ખૂબ થાકીગયા. ત્યાં ગંગાદેવીએ સ્થાનની રચના કરી, થોડો સમય વિશ્રાંતિ લઈને પછી ચાલવા લાગ્યા. કિનારે પહોંચીને પાંડવોને દેખ્યા, એટલે તેમને કહ્યું કે, 'અરે પાંડવો ! તમે ઘણા બળવાન છો કે, કષ્ટ વગર નદીનો પાર પામી ગયા, મને કિનારે પહોંચતાં અત્યંત પરિશ્રમ ઉત્પન્ન થયો, મહામુશીબતે હું નદી પાર પામી શક્યો. 'હે સ્વામી ! અમે તો નાવડીથી ગંગા ઉતર્યા છીએ, પરંતુ તમારું

સામર્થ્ય કેટલું છે ? તેની પરીક્ષા કરવા માટે કૌતુકથી આ નાવડી અહિં સ્થાપન કરીરાખી છે.' ત્યારે અગ્નિ-સમાન ભયંકર કોપાટોપ કરીને કૃષ્ણજીએ તેમને કહ્યું કે, 'મારી પરીક્ષા તમારે આ સમયે કરવાની હતી ! ધિક્કાર થાઓ તમારા આ ચરિત્રને જે વખતે યુદ્ધના મોખરે પદ્મના ભનો પરાભવ કરી નિસ્તેજ કર્યો, તેમ જ અપરકંકાને ભગ્ન કરી, તે સમયે મારી પરીક્ષા ન કરી ? અતિ ઉગ્ર લોહદંડ વડે રોષથી તેણે તેમના રથો જેમ તેમ ચૂરેચૂરો કરી પરમાણુ સરખા કરી નાખ્યા. પોતાની સેના-પરિવાર સહિત કૃષ્ણે તેમને દેશનિકાલ કર્યા. તેઓએ ગજપુર પહોંચીને પાંડુપિતાને સર્વ વૃત્તાન્ત જણાવ્યો. તેણે પણ તરત કુન્તીને કૃષ્ણ પાસે મોકલાવી અનેકહ્યું કે, જે પ્રકારે કૃષ્ણ પ્રસન્ન થાય,તેમ પ્રયત્ન કરવો. ઘણા સ્નેહ-પૂર્વકતેવાં તેવાં વચનોથી પ્રાર્થના કરવા છતાં તેનો રોષ ઓછો ન થયો, ત્યારે કુંતીએ પૂછયું કે, 'અર્ધભરત તો તમારે આધીન છે, તો અમારે ક્યાં જવું ? તે તું જાતે કોમલ મન કરીને જણાવ.' એટલે કૃષ્ણે દક્ષિણ સમુદ્રના કિનારે જવા જણાવ્યું

ત્યાર પછી હસ્તિનાપુરથી પરિવારસહિત ત્યાં ગયા અને રહ્યા. 'પાંડુમથુરા' નામની નગરી 'કાંચી' એવા બીજા નામથી પ્રસિદ્ધિ પામી. તેઓ ત્યાં વિપુલ ભોગભાજન બન્યા અને સુંદર રીતે રાજ્યભાર વહન કરવા લાગ્યા. હવેકોઈ વખત દ્રૌપદી સમર્થ ગર્ભવાળી બની. નવ માસ વીત્યા પછી ઉદાર રૂપ ધારણ કરનાર,સુકુમાલ હાથપગવાળા, નિરોગી શરીરવાળા પુત્રને જન્મ આપ્યો. બાર દિવસ ગયા પછી પાંચ પાંડવોનો પુત્ર હોવાથી આનું 'પાંડુસેન' નામ પાડ્યું. (૩૨૫) યોગ્ય કાલે અતિનિર્મલ બહોંતેર કળાઓ ભણ્યો. એમ કરતાં ભોગ-સમર્થ બન્યો, જેથી યુવરાજપદનો અભિષેક કર્યો. હવે કોઈક સમયે ત્યાં સમુદ્રના મધ્ય સરખા ગંભીર માનસવાળા, ભવ્યકમળોને પ્રતિબોધ કરવા માટે સૂર્ય સમાન સરળ પરિણામવાળા એક સ્થવિર આચાર્યભગવંત સમવસર્યા નગરલોકો તથા પાંચે પાંડવો તેમને વંદન કરવા માટે નીકળ્યા. તેમને ધર્મ સંભળાવ્યો, એટલે પાંચે પ્રતિબોધ પામ્યા. ભાલતલ પર બે હાથ જોડી અંજલિ કરવા પૂર્વક પાંચે પાંડવો વિનંતિ કરવા લાગ્યા કે - 'દ્રૌપદીના પુત્રનો રાજ્યાભિષેક કરીને અમો આપના ચરણ-કમળમાં મહાવ્રતો અંગીકાર કરીએ.' પુત્રનો રાજ્યાભિષેક કરીને દ્રૌપદીદેવી સાથે પાંચેએ પ્રવ્રજ્યા અંગીકાર કરી. ક્ષાંતિ આદિ ગુણોની રાજધાની સરખા તેઓ શ્રમણ બન્યા. **દ્રૌપદી સુવ્રતા નામની આર્યાની શિષ્યા બની.** મોક્ષ મેળવવાના કારણભૂત એવાં સર્વ અંગોનો ક્રમસર અભ્યાસ કર્યો છઠ્ઠ-અઠ્ઠમ આદિ કષ્ટાકારી તપોનુષ્ઠાન આરંભ્યા. તે સ્થવિર ભગવંત સપરિવાર અનેક નગરોમાં વિહાર કરતા કરતા તે તરફ આવ્યા કે, જે દેશમાં ભગવંત અરિષ્ટનેમિ વિહાર કરતા હતા. એટલે કે સૌરાષ્ટ્રમાં આવ્યા. પાંચે પાંડવો વિચારતા હતા કે, કોઈપ્રકારે નેમિનાથજીને વંદન થાય, તો આપણે કૃતકૃત્ય બનીએ અને જન્મની સફળતા પામીએ. જ્યારે સૌરાષ્ટ્ર તરફ સ્થવિર વિહાર કરતા હતા, ત્યારે ભગવંતને વંદન કરવાના અપૂર્વ ચિત્તવાળા પાંચે પાંડવો હસ્તિકલ્પ (હાથપ) નગરના સહસ્ત્રામ્ર નામના ઉદ્યાનમાં સ્થિરતા કરી. માસક્ષમણના પારણાના દિવસે ત્રીજી પોરિસીમાં નગરની અંદર ભિક્ષા માટે ભ્રમણ કરતાહતા, ત્યારે નાના ચારે પાંડવોના કાનમાં સાંભળવામાં આવ્યું કે,

'રૈવતપર્વત ઉપર આજ રાત્રે નેમીશ્વર ભગવંત નિર્વાણ પામ્યા' તરત જ તે ચારે પાછા ફર્યા અને ત્યાં આવ્યા કે, જ્યાં યુધિષ્ઠિર મુનિ હતા. તેઓએ નિર્ણય કર્યો કે, હવે જીવન-પર્યંત ભોજન-પાણીનો ત્યાગ કરવો. ભાવના ભાવના લાગ્યા કે-કર્મની ચેષ્ટાઓ વિષમ છે કે, 'આપણા આવા પરાક્રમના પ્રયત્ન હોવા છતાં ભગવંતનાં દર્શન કરવાના આપણા મનોરથો ફળીભૂત ન થયા. હવે જિનેશ્વરના વિરહરૂપી ભયંકર અગ્નિથી દાઝેલા એવા આપણને જીવિતનું શું પ્રયોજન છે ? માટે હવે 'શત્રુંજય' ઉપર જઈને અનશન કરવું. ત્યાં જઈને બે મહિનાની સંલેખના કરી. ઉત્તમ જ્ઞાન દર્શન-કેવલજ્ઞાન દર્શન ઉત્પન્ન કરીને સિદ્ધિગતિ પામ્યા. દ્રૌપદી સાધ્વી પણ સામાયિકાદિ અગિયારે અંગો ભણીને છેવટે માસક્ષપણનું અનશન કરી કાલધર્મ પામી. દસ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિવાળા બ્રહ્મદેવલોકમાં ઉત્પન્ન થઈ, ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધિ પામશે. અહિં પ્રસંગોપાત્ત નાગશ્રી અને ધર્મરુચિનું જન્માંતરો સહિત ચરિત્ર જણાવ્યું (૩૪૪)

**ધર્મરુચિ કથાનક સપ્રસંગ સમાપ્ત.** (૬૪૮ મૂ.ગા.)

## મનોગુપ્તિ વિષયક ઉદાહરણ

૬૪૯ -મનોગુપ્તિ સંબધી ઉદાહરણની વક્તવ્યતામાં કોઈક સાધુ ધર્મ-ધ્યાન અથવા શુક્લધ્યાન રૂપ શુભ ધ્યાનમાં સજ્જડ એકાગ્ર મનવાળા હતા. કોઈક વખતે ઈન્દ્રે તેમની પ્રશંસા કરી. તે વાતમાં શ્રદ્ધા ન કરનાર એક દેવ ત્યાં આવ્યો. કાયોત્સર્ગમાં રહેલા તે સાધુને દેવે દેખ્યા. દેવે સાધુના માતા-પિતા વિકુર્વીને કારુણ્ય પ્રદર્શિત કરનારા અનેક વિલાપો કર્યા.'હે પુત્ર ! તારા વગર અમે જીવી શકવાના નથી. માટે તું વચન માત્રથી અમને બોલાવ,અમારા ઉપર કૃપાવાળો થા.' જ્યારે માતાપિતાના કરુણ વચનથી ક્ષોભિત થયો નહિં, એટલે દેવે બીજા પુરુષ સાથે સ્નેહ કરતી, સમગ્ર શરીરે આભૂષણોથી અલંકૃત બનેલી, વળી તે સાધુની અભિલાષા કરતી અત્યંત પતિસ્નેહ પ્રદર્શિત કરતી તેની ભાર્યા વિકુર્વી. તો પણ મુનિ ક્ષોભ ન પામ્યા અને મનોગુપ્તિથી ચલાયમાન ન થયા, ત્યાર પછી દેવે પોતાનું સ્વાભાવિક રૂપ વિકુર્વ્યું અને મુનિને વંદના કરી.' 'તમોએ તમારે જન્મ સફળ કર્યો. આપનો આચાર બરાબર આચર્યો. આપની મન-નિરોધ પ્રવૃત્તિ ઘણી દૃઢ છે. બીજો કોણ આ પ્રમાણે આ લોક અને પરલોક-વિષયક નિસ્પૃહતા ટકાવી શકે ?' એ પ્રમાણે દેવે મુનિની સ્તુતિ કરી. ત્યાર પછી લોકમાં સાધુની પ્રશંસા થઈ કે, 'આ મહાત્માને આમ ઉપસર્ગ થવા છતાં ચિત્ત ચલાયમાન ન થયું !' (૬૫૨)

## વચનગુપ્તિ-વિષયક ઉદાહરણ

૬૫૩-૬૫૮ કોઈક સાધુ પોતાના પૂર્વ સગા-વહાલાને મળવા માટે કોઈક ગામ તરફ જવા નીકળ્યા હતા. જતાં જતાં માર્ગમાં ચોરોએ સાધુનેપકડ્યા. તેને છોડી મૂકતા ચોરના સેનાપતિએ કહ્યું કે - 'અમે અહીં રહેલા છીએ-એમ તારે કોઈને ન કહેવું.' જેટલામાં થોડો માર્ગ કાપ્યો એટલામાં એક વિવાહ કરવા જતી જાન સામે મળી, તેમાં સાધુના સ્વજનો મળી ગયા. માતા-પિતા, બન્ધુ, ભગિની આદિ વચમાં મળી ગયા, તેથી હવે સાધુ પાછા ફર્યા. સાધુ

અનેસ્વજનો આગળ ચાલવા લાગ્યા, એટલે પેલા ચોરો મળ્યા. ચોરોએ જાનના લોકોને, તથા સાધુના માતા-પિતાદિકને લૂંટી લીધા અને છોડી મૂક્યા. ત્યારેચોરો બોલ્યા કે, 'આ તો પેલા સાધુ કે, જેને આપણે પકડીને પાછો છોડી મૂક્યો હતો, તે છે.' આ વચન માતાએ સાંભળીને ચોરોને પૂછયું કે, 'આ વાત સત્ય છે કે, તમે તેને પકડીને છોડી મૂક્યો હતો,' ચોરોએ હા પાડી. ત્યારે માતાએ છરી લાવવા કહ્યું, શા માટે ? તો કે 'નક્કી આ સ્તનોએ તેને દૂધ પાયું છે, તેથી મારા સ્તનો અપરાધી છે, માટે તેને છેદી નાખું.' (ગ્રંથાગ્ર ૧૦૦૦૦) ચોરોએ પૂછયું કે, 'આ તમારો શું સંબંધી થાય છે ?' માતાએ કહ્યું કે, 'આ દુષ્ટપુત્રને મેં જન્મ આપ્યો છે. આ સાધુએ તમોને દેખવા છતાં અમને એમ ન જણાવ્યું કે, 'માર્ગમા ચોરો છે, તો પછી આને મારે પુત્ર કેવી રીતે કહેવો ? જે ખરેખર પુત્ર હોય, તે કદાપિ માતા-પિતાદિના સંકટની ઉપેક્ષા કરે ? પરંતુપોતાની શક્તિ પ્રમાણે આપત્તિથી રક્ષણ ન કરે.' ત્યારે વિસ્મય પામેલા સેનાપતિએ સાધુને પૂછયું કે - 'હે સાધુ ! માર્ગમાં ચોરો છે' એમ કેમ ન કહ્યું ?' એટલે સાધુએ ધર્મકથા શરુ કરી કે - 'અનાદિ અનંત સંસારમાં પરિભ્રમણ કરતા દરેક જીવોને કોણ બંધુપણે અને તે સિવાયના સંબંધપણે ઉત્પન્ન થયો નથી ? માટે વિવેકવાળાઓ કોઈ દિવસ સ્નેહ કરતા નથી, તથા કષાય-વિષયનો નિગ્રહ કરેલો હોવાથી દ્વેષ પણ કરતા નથી. તથા કાનથી ઘણું સાંભળવા છતાં, નેત્રોથી બહુ દેખવા છતાં જેટલું સાંભળ્યું કે દેખ્યું હોય, તે સર્વ સાધુઓએ બોલવું યોગ્ય નથી.' એ વગેરે અમૃતવૃષ્ટિ-સમાન વચનો શ્રવણ કરવાથી દુઃખ દૂર કરનાર એવા પ્રકારની સમ્યક્ત્વ-બોધિ સેનાપતિએ પ્રાપ્ત કરી, ત્યાર પછી તે ચોરીના ખરાબ પરિણામથી અટકી ગયો, ઉપશાન્ત થયો અને સાધુની માતાને મુક્તકરી કહ્યું કે, 'તમે મારાં પણ માતા છો. ત્યાર પછી વિવાહ ઉચિત જે સામગ્રીઓ લૂંટી લીધી હતી, તેપાછી સમર્પણ કરી. આ સાધુની જેમ બીજા સાધુઓએ પણ વચન-ગુપ્તિ સાચવવાની જોઇએ (૬૫૩-૬૫૮)

## કાયગુપ્તિ-વિષયક ઉદાહરણ

૬૫૯-૬૬૨ કોઈક સમયે એક સાર્થ સાથે કોઈક મહાસાધુ અટવી-માર્ગમાં વિહાર કરતા હતા. સાર્થે પડાવ નાખ્યો, એટલે સાર્થે રોકેલા સ્થાનમાં થોડી પણ ભૂમિ ઉતરવા માટે ન મળી કે, જેમાં સાધુ-સામાચારીને બાધા ન પહોંચે-તેવી રીતે રહી શકાય. કોઈ પ્રકારે ખોળતાં ખોળતાં એક સ્થાન મળ્યું કે, 'જેમાં માત્ર એક જ પગ સ્થાપન કરી શકાય તે સ્થાનમાં આખી રાત્રિ એક પગ અદ્ધર રાખીને મુનિ ઉભા રહ્યા. એટલે એક પગ ઝલાઈ પકડાઈ ગયો-સ્તંભ સમાન થયો. પરંતુ સાધુજનને અયોગ્ય ભૂમિભાગનો પરિભોગ તે સમયે તે ધીર સાધુએ ન કર્યો. ત્યારે દેવલોકની સભામાં ઈન્દ્રે તેમની પ્રશંસા કરી કે, 'દુષ્કરકારક સાધુએ અયોગ્ય ભૂમિનો ત્યાગ કરીને એક પગ ઉપર આખી રાત્રિ પસાર કરી.' ઈન્દ્રમહારાજની પ્રશંસા સહન ન કરનાર એક દેવે નીચે આવી, તેને હાથી વગેરે ભય પમાડનાર રૂપોની વિકુર્વણા કરી, તો પણ તે મહાપુરુષ ક્ષોભ ન પામ્યા. કદાચ આમ સંયમ પાલન કરતાં મૃત્યુ પામું, તો પણ મારા કાર્યની ક્ષતિ-હાનિ થવાની નથી-એવા પરિણામથી. જ્યારે બીવરાવવા છતાં ક્ષોભ ન પામ્યો ત્યારે દેવે પરવશ પમાડનાર ઠંડી વિકુર્વી, ઠંડીથી સખત શરીરની પરેશાની

અનુભવવા છતાં અડોલ દેહવાળા, મનમાં ભાવના ભાવવા લાગ્યાકે, 'પૂર્વભવમાં ઉપાર્જન કરેલાં કર્મ અત્યારે લેણું વસૂલ કરવા આવ્યાં છે.' એમ ધારી સમતાભાવમાં સ્થિર રહ્યા. ત્યારે પછી દેવે પ્રગટ થઈ કાયાથી પ્રણામ કર્યા,તથા 'તમે ધન્ય છો ! એમ પ્રશંસા કરી તથા લોકો પણ અતીવ પ્રમોદ વહન કરવા લાગ્યા. (૬૫૯ થી ૬૬૨) ઉપસંહાર કરતાં કહે છે –

૬૬૩ - પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ સ્વરૂપ ચારિત્રના ઉત્તરગુણોનુંપાલન કરતાં ચાહે તેવું સંકટ આવે, તો પણ તેનું ઉલ્લંઘન નજીકના મોક્ષાગામી અને ચારિત્રલક્ષણ ગુણસ્થાનક પામેલા ચારિત્રમોહનીય કર્મનો વિશિષ્ટ પ્રકારનો ક્ષયોપશમ પામેલા ભવ્યાત્માઓ પ્રાણના છેડા સુધી પણ સમિતિ ગુપ્તિને હાનિ પહોંચાડતા નથી. (૬૬૩) કેવી રીતે ? તો કહેવાય છે કે –

૬૬૪ - દુષ્કાલ, રોગ, વૃદ્ધાવસ્થા વગેરેદેહના કારણે ભગવંતે કહેલા કાર્યમાં અસામર્થ્ય સમયમાં પણ પરિણામની નિર્મલતા રૂપ આશયશુદ્ધિ સામાન્યથી ઘટતી કે વિપરીત થતી નથી. ક્યારે ? તો કે-સર્વ પાપ વ્યાપારના ત્યાગરૂપ ચારિત્રમાં અહિં સામાન્ય ઓઘ-એમ કહેવાથી તેવા પ્રકારના ઉચ્ચ ચારિત્રની અપેક્ષાએ મેઘકુમાર વગેરેની જેમ થોડીક મલિનતા પણ સંભવે, તે વ્યભિચારદોષ દૂર કરવા માટે ઓઘતઃ કહેલું છે. તે વાતનું સમર્થન કરતા કહે છે કે - 'શાન્ત દાન્ત સ્વભાવવાળા એવા પુરુષો શરીર, વૈભવ, સહાયક આદિના બલથી રહિત થયેલો હોય-દુર્બલ બન્યો હોય. તો પણ કુલને કલંકલાગે તેવા પ્રકારનું કે, આ લોક કે પરલોક બગડે, તેવું અકાર્ય સેવતો નથી. અસત્સંગથી, દૈન્યથી, જુદા જુદા દુષ્ટ વર્તનથી, સાચા-ખોટા અપવાદોકલંકોથી કદાચ વિભૂતિનો અભાવથાય, તો પણ સહનશીલ અને ઉત્તમબુદ્ધિવાળા પરહિતમાં તત્પર ઉન્નત આશયવાળાઓને પોતાના પ્રયત્નથી કરેલા વલ્કત, તે ઉત્તમ આભૂષણ છે.

## ઉત્તમસત્ત્વવાળા ચારિત્રીને વિઘ્ન આવતા નથી

વળી કહેલું છે કે - 'નીતિવાર ચતુર પુરુષો કદાપિ નિંદા કરે અથવા તો સ્તુતિ કરે, ઈચ્છા પ્રમાણે લક્ષ્મી પ્રાપ્ત થાય અગર ચાલી જાય, મરણ આજે થાવ અગર અનેક યુગો પછી થાવ, તો પણ ધીર-ઉત્તમ-સત્ત્વશાળી સુપુરુષો ન્યાયમાર્ગથી એક ડગલું પણ ચલાયમાન થતા નથી. એટલે કે સાચા માર્ગને છોડતા નથી, તે મસ્તકના રત્ન સમાન ચારિત્રવંત ઉત્તમ પુરુષ કહેવાય છે, નહિતર તેને ભાવશુદ્ધિ કેવી રીતે પ્રાપ્ત થાય ? (૬૬૪)

૬૬૫-ઘણા ભાગે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવો કોઈપણ વિરુદ્ધ કારણ પ્રાપ્ત થવા છતાં પ્રતિકૂળભાવ પમાડનારા શુભભાવવાળા માટે થતા નથી. એટલે કે શુભ મનની ચારિત્રની પરિણતિને વિઘ્ન કરનારા થતા નથી. શ્લોકમાં પ્રાયઃગ્રહણ કરવાથી મોહાદિક મંદ પડેલા હોય અને ક્લિષ્ટકર્મનો ક્ષયોપશમ થયો હોય, તેવા શોભન ભાવમાં વિઘ્નો સંભવ ન થાયન્તે માટેકહે છે –

કહેલું છે કે - "કેટલાક બાલિશ-મૂર્ખજનો કંઈક તેવુંનિમિત્ત પામીનેપોતાના ધર્મનો માર્ગ ત્યાગ કરેછે,જ્યારે તપ, શ્રુતજ્ઞાનરૂપી ધનવાળા સાધુપુરુષો અતિકષ્ટ વાળા સમયમાં પણ પોતાના ધર્મમાં દૃઢ રહી આચારને છોડતા નથી, કાયા સંબંધી બાહ્યક્રિયામાં જેવા પ્રકારના

દ્રવ્યાદિક વર્તતા હોય, તેના અનુસાર એજ દુનિયામાં પ્રવૃત્તિ કરવામાં આવે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જો પ્રતિકૂલ ભાવમાં પ્રવર્તતા હોય, તો સામાન્યથી શિષ્ટલોકોના દાનાદિક પ્રવર્તતા નથી, સાધુઓને દુર્ભિક્ષાદિકમા એષણા-શુદ્ધિ વગેરે તેમ જ અધ્યયન આદિ કાર્યો તેવા પ્રવર્તતા નથી. એટલા જ માટે કહેલું છે કે -અવસર્પિણી કાલની હાનિ વધતી જતી હોવાથી સંયમ-પાલન યોગ્ય ક્ષેત્રો પ્રાપ્ત થતાં નથી. માટે જયણાથી વર્તવું. જેમ ઉપયોગ પૂર્વક-જયણાથી ચાલનાર બેસનાર, ઉઠનાર, બોલનારને અંગનો ભંગ થતો નથી, તેમ ચારિત્રમાં પણ દરેક કાર્યમાં જયણા ઉપર લક્ષ્ય રાખનારને ચારિત્રના અંગનો ભંગ થતો નથી. આ જ વાતને પુષ્ટ કરતાં કહે છે કે - અમે એકલા જ નહિં, પરંતુ શિષ્ટજનો પણઆમ જ કહે છે - એ અપિશબ્દથી સમજવું. આથી શિષ્ટનો પણ આમ જ કહે છે - એ અપિશબ્દથી સમજવું. આથી સિદ્ધ થયું કે, 'દ્રવ્યાદિક શુદ્ધ ભાવને વિઘન કરનારા થતા નથી. (૬૬૫) એ જ વસ્તુ ત્રણ ગાથાથી વિચારાય છે —

૬૬૬ થી ૬૬૮ - રાજાની આજ્ઞાથી યુદ્ધ માટેપ્રયાણ કરનાર સૈનિકને વચમાં કદાચ બાણ વાગે, તોપણ તેને, રતિક્રીડા-સમયે કોપ પામેલી પોતાની પ્રિયપત્નીએ અતિસુગંધયુક્ત મકરંદથી આકર્ષાયેલ ભ્રમરકુલવાળું સહસ્રપત્ર કમલ હાથથી ફેંકેલું હોય, તેને જેમ ઇષ્ટ માને છે, તે પ્રમાણે પેલા વાગેલા બાણને માને છે. શાથી ? ઇચ્છિત મનોરથ પૂર્ણ કરનાર લાભ થનાર હોવાથી કોને ? તો કે - 'રાજાની આજ્ઞારૂપ કૃપાયોગે શત્રુપક્ષના સમાચાર મેળવવા માટે પ્રયાણ કરનાર સુભટને એક બાણ વાગે, તો પણ, કેવો હર્ષ માને છે ? તો કે પ્રિયાએ રતિકલમાં મારેલ કાનના ઉપર રાખેલ સહસ્રકમળને ફેંકે અને જે સ્પર્શ સુખ થાય, તેવો તે બાણસમયે પણ આનંદ માને છે. તો પછી રાજા ઉજ્જવલ પુષ્પમાળા પહેરાવે, તો તેથી વિશેષ આનંદ થાય છે. તેવી રીતે જિનેશ્વર ભગવંતની આજ્ઞાનુસાર દ્રવ્યાદિક અનુસાર જયણાના ઉપયોગ પૂર્વક પ્રવૃત્તિ કરનાર ઇચ્છિત મોક્ષની સિદ્ધિના હેતુભૂત તે વિઘ્નો થાય છે. જેમ સૌરાષ્ટ્ર પોતાના દેશમાં રહેલો હોય, કોઈ પણ કારણસર મગધ વગેરે પરદેશમાં સત્ત્વશાળી પુરુષ ગયો હોય, વિરોધ પુરુષો તેના ઉપર વિવિધ યાતનાઓ કરે, તો પણ રાજસેવાદિક કાર્યો તેવા પુરુષોનું સત્ત્વ ચલાયમાન થતું નથી. કહેવાનો આશય એ છે કે પૂર્વની પુરુષ પરંપરાથી જે એક બીજાના સારા નરસા પ્રસંગે સહાયક બનનારા લોકોવાળા સ્વદેશમાં નીતિનિપુણ પુરુષને મરણ સમાન કોઈપણ તેવાં કષ્ટકાર્યો આવી પડે, તો પણ તેના સત્ત્વની હાનિ થતી નથી. તેમ જ જ્યાં કોઈ ઓળખતા નથી, આપણા આચાર-વિચાર જાણતા નથી અને જ્યાં અન્યાયની નિષ્ઠુર પ્રવૃત્તિ કરનારા લોકો હોય, એવા પ્રદેશમાં પણ તેવા પુરુષોનું સત્ત્વ ભ્રંશ થતું નથી. દુર્ભિક્ષાદિ રૂપ કાળ ભિક્ષુક લોકોને જે કાળમાં અલ્પ લાભ થાય, તે દુર્ભિક્ષકાલ કહેવાય. આદિ શબ્દથી રાજાના કર, કોઈ રાજ્ય પર હલ્લો લાવે, તેવો જેકાળ, તે દુર્ભિક્ષાદિ કાળ કહેવાય. અહિં દાનશૂર, સંગ્રામશૂર અને તપસ્યાશૂર એવા શૂરવીરના ત્રણ પ્રકાર કહેલા છે. તેમાં કુબેર વગેરે દાનશૂર, વાસુદેવાદિ સંગ્રામશૂર દઢપ્રહારાદિ તપસ્યાશૂર. તેમાં અહિં દાનશૂર વીરોગ્રહણ કરવા. તાત્પર્ય અહિં એ સમજવાનું છે કે, આવા દુષ્કાળાદિક સમયે દાનશૂરવીરને ઔદાર્યની અધિકતા થાય છે. જેમ કોઈ ઉત્કટ

કામી પુરુષને ભોગને યોગ્ય કામિનીની પ્રાપ્તિમાં કામના વિકારો અતિશય-ન નિવારી શકાય તેવા વૃદ્ધિ પામે છે, તેમ દાનશૂરવીર પુરુષને ચારે બાજુથી પ્રાપ્ત થતા યાચકલોકવાળો કાળ દેખીને તેના હૃદયમાં દાન આપવાના વિશેષ પરિણામ ઉત્પન્ન થાય છે. પરંતુ તેનું ઔદાર્ય લક્ષણ આશયરત્ન ભેદ પામતું નથી-ચલાયમાન થતું નથી. (૬૬૬ થી ૬૬૮)

આ પ્રમાણે દ્રવ્યાદિકો લોકમાં પણ શુભ ભાવમાં વિઘ્ન કરનાર થતા નથી, તેની સિદ્ધિ કરીને ચાલુ અધિકારમાં તે વાતને જોડતા કહે છે —

૬૬૯ - જેમ સુભટોને પોતાની કાર્યસિદ્ધિ-પ્રસંગે આવી પડેલા બાણ વાગવા રૂપ વિઘ્નો પોતાના ઉત્સાહમાં પરિવર્તન પમાડતા નથી, તેમ ચારિત્રમોહના દૃઢ ક્ષયોપશમવાળા શુભ સામર્થ્યવાળા પડિલેહણા, પ્રમાર્જના, જયણાદિક શુભ સમાચારીવાળા મહાનુભાવ ભવ્યાત્માઓને કદાપિ દુર્ભિક્ષાદિ કાળ, ક્ષેત્ર, દ્રવ્યો પરિણામને પલ્ટાવનાર થતા નથી. કારણ કે, તે મહાનુભાવ ચારિત્રવંતને શુભસમાચારી અત્યંત પ્રિયહોવાથી, અને તે સિવાયના પ્રતિબંધનો અભાવ હોવાથી (૬૬૯) તથા —

૬૭૦ - સાકર-મિશ્રિત ઘીથી ભરપૂર એવા ઉત્તમ ભોજનના સ્વાદને જાણનાર, તેમજ જેઓને ધાતુઓને ક્ષોભ થયો ન હોય એવા નિરોગી પુરુષ તેને કદાચિત્ તેવા પ્રકારના કેદખાનામાં અગર જંગલમાં કષ્ટ સમયે લાંબા સમયના વાસી, વાલ, ચણા, સ્વાદ વગરનાં કે બે સ્વાદવાળાં ભોજન કરવાં પડતાં હોય, તો તે વખતે જણાવેલા સ્વાદિષ્ટ ભોજન વિષે હંમેશાં જે પક્ષપાત બહુમાન, ફરી આવું સ્વાદિષ્ટ ભોજન મને ક્યારે પ્રાપ્ત થાય ? તેવી ચેષ્ટા -ઇચ્છા શું તેને થતી નથી ? અર્થાત્ થાય છે. (૬૭૦)

૬૭૧૨ - એ પ્રમાણે સ્વાદિષ્ટ ભોજનના રસજ્ઞની જેમ વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, સ્વાધ્યાય, ધ્યાન, નિયમ, મૌન આદિ સાધુના સુંદર આચારો વિષે કદાચિત્ દ્રવ્યાદિકસંકટોમાં સપડાએલો હોય, જેથી સ્વાધ્યાયાદિ સમાચારી સેવન કરી શકતો ન હોય, તો કોઈ પ્રકારે તેવા ચારિત્રવંત જીવને તેનો પક્ષપાત બહુમાન યથાશક્તિ-ક્રિયાનું અનુષ્ઠાન વિપરીતપણા રૂપે ન પ્રવર્તે, તે ક્રિયા કરવાનો મનોરથ ચાલ્યો ન જાય. (૬૭૧) હવે પ્રસંગોપાત્ત ચાલુ કાલે આશ્રીને કહે છે —

૬૭૨- ચારિત્રવંત આત્માઓ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ રૂપ આપત્તિ આવી પડે, તો પણ તેના ભાવમાં પરિવર્તન ન કરે, તેથી કરીને ચાલુ દુઃષમાકાળરૂપ પાંચમા આરામાં પણ નિરંકુશ ખોટા આચારમાં પ્રવર્તવાની ઇચ્છા ન કરે, 'અપિશબ્દથી દુષમા-સુષમારૂપ ચોથા આરાના કાળની તો વાત જ ક્યાં રહે ? પોતાની મતિ-કલ્પનાથી અથવા તો તેવા પ્રકારના અગીતાર્થ સમજાવનાર, કે ઉપદેશ આપનારથી વિપરીત પણે કોઈક શાસ્ત્રના અર્થને અવધારણ કર્યો હોય, તેથી રહિત માટે જ કોઈ પણ અનાભોગથી ખોટા આગ્રહનો યોગ થયો હોય, પરંતુ સંવિગ્ન-ગીતાર્થોથી સમજાવવા યોગ્ય, તથા આગળઆગળના અનુષ્ઠાન કરવાની ઇચ્છાવાળા ક્ષાંતિ આદિ દસ પ્રકારના સાધુધર્મથી યુક્ત એવા સામાયિક, છેદોપસ્થાપનીય ચારિત્રવાળા સાધુઓ દ્રવ્યાદિક આપત્તિઓ પામવા છતાં ભાવમાં પલટો ન લાવે-તે

ચારિત્રવાળા સાધુઓ જાણવા. (૬૭૨) અસદ્ગ્રહના ત્યાગમાં જ ચારિત્રીઓ હોઈ શકે, તે સમર્થન કરે છે –

૬૭૩ - મતિ શ્રુત આદિ જ્ઞાન, તેમ જ જિનેશ્વરે કહેલાં તત્ત્વોની શ્રદ્ધારૂપ સમ્યક્ત્વ હોતાં ચારિત્ર હોય છે. તેકારણથી તેવા પ્રકારનું ચારિત્ર હોય, ત્યારે કહેલા લક્ષણવાળા અસદ્આગ્રાહિદક કે, જે ભવોની વૃદ્ધિ કરનાર હેતુઓ છે,તે હોતા નથી. માટે નરકના ખાડામાં પાડવાના ફલસ્વરૂપ, તેના મૂલ-બીજ સ્વરૂપ મિથ્યાત્વના નાશથી ચારિત્રની પ્રાપ્તિ થાય છે. (૬૭૩)

શિષ્ય શંકા કરે છે કે - 'ચારિત્રીઓને ખોટા આગ્રહાદિક અને ચારિત્રનો ઘાત કરનાર પરિણામો ન થાય, પરંતુ 'ક્રિયાઓ સર્વથા બંધ થાય, તે સ્વરૂપ મોક્ષ કહેલો છે.' તો જ્યારે સર્વક્રિયા નિરોધરૂપ સાધના આરંભી છે, ત્યારે વળી સ્વાધ્યાયાદિક ક્રિયાવિશેષમાં શા માટે પ્રયત્ન કરવાનો ઉપદેશ અપાય છે ? તે શંકાના સમાધાનમાં કહે છે કે -

## ચારિત્ર નિર્મલ બનાવવા માટે જ્ઞાન સાધના ઉપયોગી

૬૭૪ - ચારિત્રની નિર્મલતા સાધવા માટે પોતાની શક્તિ અનુસાર આગળ કહેલા લક્ષણવાળા સ્વાધ્યાય-વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષાદિકમાં આદર સહિત પ્રયત્ન કરવો જોઇએ. જે માટે શય્યંભવસૂરિજીએ દશવૈકાલિકસૂત્રમાં કહેલુ છે કે - પ્રથમ જીવને જ્ઞાન થાય, ત્યારે તે જ્ઞાન દ્વારા દયા એટલે સંયમ-જયણા ઉત્પન્ન થાય છે - એમ કરતાં સર્વ સંયત બને છે. બિચારો અજ્ઞાની આત્મા જાણ્યા વગર શું દયા કે સંયમ આચરી શકશે ? અથવા પુણ્ય કે પાપને જ્ઞાન વગર કેવી રીતે જાણી શકશે ? અર્થાત્ ચારિત્રમાં ઉપયોગી પાપત્યાગ કરાવનાર એવું જ્ઞાન જૈનશાસનને માનેલું છે. પરંતુ સામાન્ય લોકોને ઉપયોગી એવા પ્રકારનું હસ્તિશિક્ષા, ધનુર્વેદ, નૃત્ય, ગીત આદિ સંસાર વધારનાર જ્ઞાનમાં પ્રયત્ન કરવાનું શાસ્ત્રકારો જણાવતા નથી. એવું જ્ઞાન તો વગર ઉપદેશે દરેકગ્રહણ કરે છે. કહેવાની મતલબ એ છે કે - ચારિત્રીઓએ ચારે કાળમાં સ્વાધ્યાયાદિ આરાધના કરવી. પાપશ્રુતની અવજ્ઞા એટલા માટે કરાય છે કે - તે મોક્ષના કારણભૂતચારિત્રની શુદ્ધિના કારણરૂપ જ્ઞાન નથી માટે જ "પૈશાચિક આખ્યાન સાંભળીને, તથા કુલવધુના શીલનું રક્ષણ કરવાનુ દૃષ્ટાંત સાંભળીને હંમેશાં ચારિત્રીઓએ નિર્મલસંયમ-યોગોમાં પોતાના આત્માને ઉદ્યમવાળો રાખવો." (૬૪૭) આવી આરાધના ચાલતી હોય, ત્યારે જે થાય તે કહે છે –

૬૭૫ - સ્વાધ્યાયાદિના સંયોગ પ્રાપ્ત થવાનાકારણે દરરોજ સમ્યગ્જ્ઞાનની વૃદ્ધિ થાય, તેનાથી માર્ગાનુસારી પણું,તેનાથી રાગાદિક શત્રુનો નાશ, તેમ થવાથી પુણ્યાનુબંધી પુણ્યોગે દેવલોકરૂપ મહેલમાં ચડવા માટેના પગથિયા સમાન શ્રુતજ્ઞાનની વૃદ્ધિ અધિકપણે થાયછે.તેવા જ્ઞાનથી કલ્યાણની ભદ્રભાવની પરંપરા પ્રાપ્ત થાય છે. કેવી રીતે ? તે કહે છે - 'તેવા જ્ઞાનથી લાભ-નુકશાનના ભાવને જણાવનાર ગુણ-દોષની અપેક્ષાએ ઉત્સર્ગ-અપવાદની પ્રવૃત્તિ ભાવનો જે અવબોધ-જ્ઞાન થવું. આ કહેવાનો સાર એ છે કે - શુદ્ધચારિત્રથી હંમેશાં સમ્યગ્

જ્ઞાનની વૃદ્ધિ થાય, તેનાથી સર્વ પ્રવૃત્તિઓમાં લાભ-નુકશાન ગુણ કે દોષનું અવલોકન કરતાં ગુણ-ગૌરવના પક્ષનો આશ્રય કરીને પ્રવૃત્તિ કરતા રહે ત્યાર પછી વગર સ્ખલનાએ કલ્યાણની શ્રેણિ પ્રાપ્ત કરીને પરમપદ મોક્ષને ભજનારા થાય છે. (૬૭૫)

**હવે ખોટા આગ્રહનું ફળ કહેવાની ઈચ્છાવાળા કહે છે –**

## ગુરૂકુલવાસનો ત્યાગએ અલ્પકર્મ નિર્જરા છે

૬૭૬ - ધર્મપ્રવૃત્તિમાં મને લાભ કે નુકશાન થશે, તેના જ્ઞાન વગરના મિથ્યા અભિનિવેશવાળા કેટલાક પોતાની બુદ્ધિ-કલ્પનાથી ધર્મનું આચરણ કરનાર હોવા છતાં યથાર્થ ગરુવચનના ઉપયોગ- શૂન્યપણે માત્ર શરીરના વ્યાપારરૂપ અનુષ્ઠાનમાં અતિશય આદર કરનારા ગીતાર્થ ગુરુની આજ્ઞામાં રહેવારૂપ ગુરુકુલવાસનો ત્યાગ કરે છે, તેમાં ઘણી અલ્પકર્મનિર્જરા થાય છે. કારણકે, તેને મહાભારી મિથ્યાત્વમોહાદિક કર્મનો વિપાક પ્રાપ્ત થયેલો છે, તે દોષના કારણે ગુરુકુલ વાસમાં રહી શકતો નથી. (૬૭૬)

અહિં બાહ્યયોગ ત્યાગ કરવામાં જેવું થાય છે, તે કહે છે –

૬૭૭ - આહારના બેંતાળીશ દોષ રહિત શુદ્ધ આહાર ગ્રહણ કરવા રૂપ ભિક્ષાવૃત્તિ આદિશબ્દથી વિચિત્ર દ્રવ્ય ક્ષેત્રાદિકના અભિગ્રહ સેવન કરવા. વળી બીજા સાધુઓના સમ્યગ્ આચારોમાં પ્રયત્ન-આદર કરનારા કેટલાક સિદ્ધાન્તનો મર્મ ઊંડાણથી ન સમજનારા ગુરુકુલવાસનો ત્યાગ કરનારા અને આદિશબ્દથી સૂત્રપોરિસી, અર્થપોરિસી, રત્નાધિકનો વિનય, વૈયાવૃત્ય આદિનો ત્યાગ કરવો, તે શૈવસાધુ પાસેથી મોરના પિચ્છા લેવા માટે તેનો ઘાત કર્યો,પરંતુ પોતાના ચરણનો સ્પર્શ થાય, તો આશાતના-પાપ લાગે, તે કારણે પગના સ્પર્શનો પરિહાર કર્યો, તેના સમાન અહિં ધર્મ-વિચારમાં ગુરુકુલ-વાસ છોડનાર સમજવો. કહેવાનો અભિપ્રાય એ છે કે - કોઈક, જેને જિનવચન યથાર્થ પરિણમેલું નથી,તે ગુરુકુલવાસમાં તેવા પ્રકારની ભિક્ષાશુદ્ધિ ન દેખવાથી, પંચકલ્પભાષ્ય સૂત્રની શ્રદ્ધા ન કરતો શુદ્ધાહારનો અર્થી ગુરુકુલવાસીનોત્યાગ કરીને ગીતાર્થ ગુરુની નિશ્રા વગર વિહારનું અવલંબન લે છે, તે પ્રસ્તુત ભીલના પગના સ્પર્શ તુલ્ય ઘણા દોષ અને અલ્પગુણવાળો સંભવે છે. તેમાં 'કાલ વિષમ છે, સ્વપક્ષ-સ્વગચ્છ વિષયક દોષો ઉત્પન્ન થાય, તો યતિધર્મના અધિભૂત ઉદ્ગમ, ઉત્પાદનનાએ ષણાશુદ્ધિ એમ ત્રણ શુદ્ધિનો ભંગ થાય, તો પણ આહાર ગ્રહણ કરવો એમ પ્રકલ્પસૂત્રમાં કહેલું છે,' અહિં યતિધર્મના આદિ સ્વરૂપ ઉદ્ગમ,ઉત્પાદનના, એષણા શુદ્ધિ રૂપ ત્રણ ભાંગા વિનાશ પામે છે, તે પ્રકલ્પનો અપવાદ સમજવો.

## શબર દૃષ્ટાંત

શબર દષ્ટાંત વિસ્તારથી આ પ્રમાણે જાણવું. કોઈક પ્રસંગે કોઈક ભીલને ધર્મશાસ્ત્ર શ્રવણ કરતાં એમ જાણવામાં આવ્યું કે - 'તપોધન-શૈવસાધુઓને પગથી સ્પર્શ થઈ જાય, તો મહાઅનર્થ-મહાપાપ બંધાય છે.' તેવા સાંભળેલા ધર્મશાસ્ત્રને બરાબર ખ્યાલમાં રાખતાં તેને કોઈક વખત મોરના પિચ્છાની જરૂર પડી બહાર તેની ઘણી તપાસ કરાવી, પરંતુ ક્યાંયથી

પણ તેની પ્રાપ્તિ ન થઈ. ત્યારે તેના સાંભળવામાં આવ્યું કે - 'ભૌતશૈવસાધુ પાસે મોરપિચ્છા હોય છે.' તેમની પાસે માગણી કરી પરંતુ તેઓએ ન આપ્યાં. એટલે શસ્ત્રોનો ઉપયોગ કરી ઘાયલ કરીને મોરપિચ્છો ગ્રહણ કર્યાં, પરંતુ રખેને તેમને પગનો સ્પર્શ ન થઈ જાય તેની પૂરેપૂરી સાવચેતી રાખી. જેમ અહિં તેનો પગથી સ્પર્શ કરવાનો પરિહાર કરવારૂપ ગુણ હોવા છતાં શસ્ત્રનો પ્રયોગ કરી તેને ઘાયલ કર્યો, તે ગુણ નથી, પરંતુ દોષ જ છે - એ પ્રમાણે ગુરુકુલવાસના દ્વેષીએ શુદ્ધ આહારની ગવેષણા આદિમાં યોજના કરવી. (૬૭૭)

વળી અહિં શંકા કરી કે - જો શુદ્ધ આહાર વગેરે કરવા છતાં પણ કોઈ ગુણ વહન કરતા નથી, પરંતુ દોષ જ થાય છે, તો પછી એમ કેમ કહેવાય છે કે - "પિંડની ગવેષણા ન કરે, તેની શુદ્ધિમાં બેદરકારી રાખે, તો તે અચારિત્રી છે. આ વિષયમાં સંદેહ નથી, વળી ચારિત્ર ન હોયતો સર્વ દીક્ષા નિરર્થક સમજવી." ઈત્યાદિ શંકાના સમાધાનમાં કહે છે કે –

૬૭૮ - સર્વજ્ઞની આજ્ઞાનુસાર ગુરુકુલ-વાસમાં કદાચ કેટલાક દોષો જણાતા લાગે, તે ગુણરૂપ પરિણમન થનાર હોય છે. શુદ્ધ આહાર ગ્રહણ કરવો વગેરેથી અધિક મહાન ફલઆપનાર થાય છે. જેમ કે ગુરુકુલવાસમાં વધારે સાધુના કારણે કદાચ અશુદ્ધ આહાર ગ્રહણ કરવા રૂપ અલ્પ દોષ ઉત્પન્ન થાય, તે અપેક્ષાએ ગીતાર્થ ગુરુ પાસેથી નવીન નવીન શ્રુતના પદાર્થો સમજવામાં આવે, દરરોજ નવું નવું શાસ્ત્ર સાંભળવાથી અતિતીવ્ર વૈરાગ્યની વૃદ્ધિ, સંસારનો નિર્વેદ ઉત્પન્ન થાય, સ્મારણ આદિની પ્રાપ્તિ થાય, રત્નાધિકનો વિનય-વૈયાવૃત્યનો પ્રસંગ સાંપડે, એમ સર્વ કાર્યોમાં લાભ અને વૃદ્ધિ થાય. જ્યાં કશો અધિક ગુણ મળતો નથી. મળેલા જ્ઞાનાદિક ગુણોની હાનિ થાય છે એવાં અનુષ્ઠાનો અવિધિથી થયેલાં પંડિતો કહે છે. (૬૭૮) એનું જ સમર્થન કરે છે –

૬૭૯ - સાધુધર્મ અને શ્રાવકધર્મ એવા બંને ધર્મના મૂલકારણરૂપે જો કોઈ હોયતો તીર્થંકર ભગવંતની આજ્ઞા કે તેમનો ઉપદેશ છે. આ ઉપદેશ ઇન્દ્રિય કે મનથી આપણને પ્રત્યક્ષ નથી, પરંતુ આ અતીન્દ્રિય વસ્તુ છે. બુદ્ધિશાળીપુરુષોને આ અતીન્દ્રિય વસ્તુમાં છદ્મસ્થની આજ્ઞા કે ઉપદેશ પ્રીતિકર બનતો નથી. એકાંતે જ તેનો તેમાં અધિકાર નથી. જેમ કે, જન્મથી અંધ હોય, તેને ભિંત કે પાટિયા ઉપર માણસ, હાથી, ઘોડા વગેરેના રૂપનું ચિત્રામણ આલેખવું,તે કાર્ય તેના અધિકારથી બહાર ગણાય. તીર્થંકર ભગવંતની આજ્ઞાનો લોપ કર્યા પછી કયુ અનુષ્ઠાન ધર્મ ગણાય ? અથવા તો અધર્મ કોને કહેવાય ? બીજા સ્થાને પણ કહેલું છે કે - "આજ્ઞાપૂર્વકની પ્રવૃત્તિ હોયતો ચારિત્ર-ધર્મ, આજ્ઞાનો ભંગ થાય, પછી શાનો ભંગ થતો નથી ? આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર બાકીનો ધર્મ કરતો હોય, તો પણ કોની આજ્ઞાથીતે કરે છે ?" આ પ્રમાણે તેના નિયામકનો અભાવ હોવાથી 'આ ધર્માનુષ્ઠાન છે' એમ વિવેક કરવાને માટે સમર્થ બની શકતો નથી. તેમ જ 'આ અધર્મ છે' એ પણ તે જાણી શકતો નથી. આ પ્રકારે હિતાહિતના વિચારથી રહિત મૂઢ-અજ્ઞાની શું ધર્મ અને શું અધર્મ એ વિચારતા નથી.(૬૭૯) હવે ગુરુકુલવાસ એ પ્રથમ ધર્મનું અંગ છે - એમ વિસ્તારથી કહે છે

## ગુરૂકુલવાસ એ ધર્મનું પ્રથમ અંગ છે

आयारपढमसुत्ते 'सुयं मे' इच्छाइलक्खणे भणिओ ।

गुरुकुलवासो सक्खा, अइणिउणंमूलगुणभूओ ॥६८०॥

૬૮૦ - મોક્ષની ઈચ્છાવાળાઓ વડે જે સેવન કરાય,તે પાંચપ્રકારના આરાધના કરવા લાયક જ્ઞાનાચાર, દર્શનાચાર આદિ, તેપાંચે પ્રકારના આચારોનું પ્રતિપાદન કરનારા હોવાથી બાર અંગરૂપપ્રવચનપુરુષનું પ્રથમ અંગ જે આચારાંગ, તેના પ્રથમ સૂત્રમાં 'सुयं मे आउसंतेणं भगवया एवमक्खायं' ભગવંતની પર્યુપાસના કરતાં મેં તેમની પાસેથી સાંભળેલું છે કે, તેમણે આ પ્રમાણે કહ્યું. આમ જણાવીને એમ સમજાવ્યું કે, ધર્મ્માચાર્યના ચરણ-કમળ નજીક વાસ કરવા રૂપ ગુરુકુલ-વાસ સેવન કરવાનું, પ્રથમ અંગના પ્રથમ સૂત્રમાં ગણધર ભગવંતોએ પોતે સેવન કરીને, બીજાને સેવન કરવાનું સૂત્રદ્વારા જણાવ્યું છે. આ વાત સૂત્રના અક્ષરદ્વારા સાક્ષાત્ જણાવી છે, તે અતિસૂક્ષ્મ બુદ્ધિથી તેનું તાત્પર્ય સમજવું. સાધુધર્મ મુખ્ય ઉપકાર હોય, તો આ ગુરુકુલવાસ મૂળગુણભૂત કહેલો છે. તે સૂત્રમાં ભગવંતના ચરણારવિંદને સેવન કરતાં મેં તેમનીપાસેથી આ પ્રમાણે સાંભળ્યું છે. સિદ્ધાર્થરાજાના કુલરૂપ આકાશના શરદચંદ્ર સમાન શ્રીવર્ધમાનસ્વામી નામના જિનેશ્વરે આ પ્રમાણે કહેલું છે. એ વગેરે અનેક પ્રકારની વ્યાખ્યા કરવામાં આવે ત્યારેસમજાય છે. જેમ કે, ભગવાન સુધર્માસ્વામી જંબૂ નામના પોતાના શિષ્યને ભણાવે છે અને તેમાં એમ કહે છે કે - 'ગુરુના ચરણની સેવા કરતાં આ આચારગ્રન્થ મેં જેવો તેમની પાસેથી મેળવ્યો, તેવો હું તારીપાસે પ્રતિપાદન કરું છું. આમ કહેવાથી આ સૂત્રના અર્થી એવા બીજાએ પણ ગુરુકુલવાસમાં વસવું જોઇએ - એમ સૂચવ્યું. (૬૮૦)

ગુરુકુલવાસનું મૂલગુણભૂતપણું બતાવે છે —

णाणस्स होइ भागी, थिरतरतो दंसण-चरित्ते य ।

धन्ना आवकहाए, गुरुकु लवासं ण मुंचंति ॥६८१॥

૬૮૧ - અંગપ્રવિષ્ટ, અંગબાહ્ય વગેરે ભેદવાળા શ્રુતજ્ઞાનના પાત્ર ગુરુકુલવાસમાં વસવાથી બની શકાય છે. જે માટે કહેલું છે કે "શાસ્ત્રના સર્વેગંભીર અર્થો જાણવા હોય, તો તેમના આધીન થવું જોઇએ. ગુરુને સમર્પણભાવ થઈને રહેવું જોઇએ. કારણ કે, સર્વે શાસ્ત્રના આરંભો તેમને આધીન હોય છે. માટે હિતની ઈચ્છાવાળા આત્માઓએ ગુરુની આરાધનામાં તત્પર બનવું જોઈએ. તથા ગુરુકલ વાસમાં રહેવાથી તત્ત્વની યથાર્થ શ્રદ્ધામાં વિશેષ સાર્થકતાવાળો થાય છે. વિહિત અને નિષિદ્ધ વસ્તુમાં પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ ચારિત્રમાં પણ તે જ પ્રમાણે અધિક સ્થિર થાય છે. નિર્મળ ગુરુકુલવાસ વગર સર્વતોમુખી અગીતાર્થ અથવા પરતીર્થિકો વડે પ્રવર્તાવિલી કુયુક્તિવાળી પ્રજ્ઞાપનાઓ વડે હંમેશાં ચકડોલે ચડાવેલ ચારિત્રમાં સ્થિરતા પમાડે પોતાના ચિત્તમાં પણ વિવિધ ઇન્દ્રિયોના વિષય તરફ આકર્ષણ થાય અને અયોગ્ય આચારમાં પ્રવર્તન થાય, બીજા લોકોના સંસર્ગ અને તેમના કેટલાક પુદ્ગલાનંદી વચનો વડે ચારિત્રમાં મન્દભાવ આવી જાય. આ સર્વેથી બચવા માટે અને દર્શન તથા

ચારિત્રની નિર્મલતા તથા સ્થિરતર ભવની સિદ્ધિ માટે ગુરુકુલવાસ સર્વ પ્રથમ શ્રેષ્ઠ છે. તેથી કરીને ધર્મધન પ્રાપ્તકરનાર ધન્ય પુરુષો યાવજ્જીવ-જિંદગીના છેડા સુધી ગુરુકુલવાસનો ત્યાગકરતા નથી. (૬૮૧)

૬૮૨- જે કારણ માટે ગુરુકુલવાસમાં રહેવાથી મહાગુણોની પ્રાપ્તિ થાયછે, માટે પોતાની કલ્પના પ્રમાણે તેના ત્યાગથી શુદ્ધ આહાર-પાણી મળે છે ઇત્યાદિ આગળ જણાવી ગયા, તે પ્રમાણે પોતાના બુદ્ધિશાળી આત્માએ આંખ બંધ કરીને યથાર્થ આલોચના કરવી કે, ગુરુકુલવાસ છોડીને આત્માનો કયો ઉપકાર કરવાના ? તો કે, કુલટા સ્ત્રીના ઉપવાસ માફક કોઈ ગુણ પ્રાપ્ત કરવાના નથી. (૬૮૨)

૬૮૩- ઉપવાસ એ જૈનોમાં પ્રસિદ્ધ છે અપિ શબ્દના અર્થથી એમ સમજવું કે, ગુરુકુલવાસનો ત્યાગ કરીને શુદ્ધ આહાર-પાણી માટે પ્રયત્ન કરવો કે, ઉપવાસ કરવો, અરે ! દરરોજ એક વખતના ભોજનનો ત્યાગ કરી માત્ર નિર્દોષ આહાર-પાણીનું એકાસણું કરવું, તે પણ પ્રાયઃ સુંદર ગણેલું નથી. અહિં હેતુ કહે છેકે, 'એકાશન કરવું, તે તો દરરોજ કરવાનું હોય છે, ઉપવાસ કરવાનો તે તો નિયત પર્વદિવસોને આશ્રીને કરવાનો હોવાથી તેવા પ્રકારના નિમિત્તે સૂત્રોમાં કરવાનો કહેલો છે. (૬૮૩)

તે જ બતાવે છે –

૬૮૪ - "સર્વજ્ઞ ભગવંતોએ હંમેશાં સાધુઓને તપકર્મ કરવાનું લજ્જાવાળા તથા સમાનવૃત્તિવાળા એકભક્ત ભોજન કરનારા થવું - એમ કહેલું છે." એ સૂત્રથી પૂર્વે કહેલએકભક્ત ભોજન કરવાનું સ્વીકારવું. તેમાં પર્વદિવસ જેવા કે ચતુર્દશી વગેરેમાં વ્યવહાર-ભાષ્યમાં કહેલું છે કે, "અષ્ટમી-પાક્ષિક, ચોમાસી અને સંવત્સરી પર્વો વિષે ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ ન કરવાથી અનુક્રમે લઘુમાસ, ગુરુમાસ, ચતુર્લઘુમાસ, ચતુર્ગુરૂમાસ સમજવા." પક્ષ એટલે પાક્ષિક પર્વ અને તે તો ચતુર્દશી જ સમજવી. વ્યવહાર-ભાષ્યમાં તેને જ 'ચાતુર્દશિકા હોઈ કોઈ' એ વગેરે સૂત્રમાં ચતુર્દશીપણે કહેલું પ્રાપ્તથાય છે. આદિશબ્દથી આંતકાદિ તેવા અસાધ્યરોગાદિ કારણ વિશેષ ગ્રહણ કરવા. તે માટેકહેલું છે કે, "આશુઘાતી રોગમાં, ઉપસર્ગ-સમયે બ્રહ્મચર્યની ગુપ્તિના રક્ષણ માટે તપ કરવામાટે, દેહ વોસિરાવવા માટે સહનશીલતા, પ્રાણિદયા, ઉપવાસ કરવો."

આ કહેવાની મતલબ એ છે કે, 'કહેલા કારણના અભાવમાં એકભક્તની અપેક્ષાએ ઉપવાસ કરવામાં આવે, તો સૂત્રપોરિસી વગેરે બાકીના સાધુના સમાચારીકર્તવ્યોમાં જે અતિશય નિર્જરાનાં ફલવાળાં કાર્યો છે, તે સીદાય છે-એમ વિચારીને ઉપવાસને નૈમિત્તિક અને એકવખત ભોજનને નિત્યકાર્ય ગણાવેલ છે. (૬૮૪)

ફરી પણ ગુરુ-લાઘવ અથવા લાભ-નુકશાનની વિચારણામાં કંઈક પાપવાળી પ્રવૃત્તિ પણ બુદ્ધિશાળીઓને ગુણ કરનારી દર્શાવતા કહે છે –

૬૮૫ - શાસ્ત્રની પરિભાષામાં અયુક્ત એટલે કલ્પપત્ર લક્ષણ-ત્રણ વખત પ્રક્ષાલન સાફ કરવું. આદિશબ્દથી તેવા પ્રકારના જલ્દી મૃત્યુ પમાડનાર એવા આતંક-રોગ થયા હોય, જેને

કોઈ સ્પર્શ ન કરે, તેવી શરીરસ્થિતિ થાય, ત્યારે પ્રબલ શૌચવાદી બ્રાહ્મણજાતિ વગેરે નજીકમાં રહેતા હોય, તેમના નજીકમાં સ્થાનમાં દુર્દૈવયોગે વાસ કરવાનો પ્રસંગ ઉત્પન્ન થયો હોય,. ત્યારે કાંજી આદિ વડે કરીને શૌચ કરવામાં આવે,ત્યારે સચિત્ત જળ-આદિશબ્દથી દોષવાળા અનેષણીય ગરમ પાણીવડે કરીને વિષ્ટા આદિથી મલિન થયેલા શરીરનું પ્રક્ષાલન કરી શુદ્ધ કરવાનું કાર્ય પ્રવચનની નિંદા હલકાઈ આદિ ન થાય, પ્રવચનની રક્ષા થાય - તે માટે ગીતાર્થ સાધુને કોઈક સમયે આ કહેલ જળનો ઉપયોગ કરવો પડે છે. તેનો હેતુ એટલો જ કે, શાસનની નિંદા કરી બીજા આત્માઓ આપણા નિમિત્તે દુર્લભ બોધિ ન બને, એ પ્રમાણે કોઈક સમયે અગીતાર્થ સાધુ હોય અને આવા બ્રાહ્મણાદિક શૌચવાદીઓ પ્રવચનની નિંદા કરતાહોય કે આ દર્શન અશૌચવાદી-ગંદવાડમાં ધર્મ માનનારું છે - એમ શાસનની નિંદા કરાતી હોય,ત્યારે અપૂરાયાદિ યોગથી શરીરશુદ્ધિનો ત્યાગ કરે અને કાંજીવાળા પ્રાસુક-અચિત્ત એષણીય જળથી જ શરીર-શુદ્ધિ કરે. ગુરુકુલ-વાસનો ત્યાગ કરીને નિર્દોષ આહાર-પાણી ગ્રહણ કરવા, તેમ જ ચાલુ અધિકારમાં જે વસ્તુ જણાવી, તે લાભ-નુકશાનનો યથાર્થ વિવેક પૂર્વકનો વિચાર કરનારા બહુશ્રુત-ગીતાર્થ મહાપુરુષોએ વિચારવું કે, આ કાર્ય કયા ગુણને કરનારું છે.

ચારિત્રવંત આત્માઓને જ્યારે પ્રવચન-શાસનની અપભ્રાજના થવાનો પ્રસંગ ઉપસ્થિત થાય, ત્યારે પોતાના પ્રાણનો ભોગ આપીને પણ શાસનની મલિનતા થતી અટકાવે છે. જેમ કે, ઉદાયીરાજાની કથામાં દુર્વિનીત વિનયરત્ન શિષ્યે ઉદાયિ રાજાનું ગળું કંકલોહની છરી રાખી કાપી નાખ્યું રાજા મૃત્યુ પામ્યા, ત્યારે ગીતાર્થ આચાર્યભગવંતે પ્રવચનની મલિનતા અટકાવવા માટે બીજો કોઈ ઉપાય ન મળવાથી તે કાળે ઉચિત અંતની ક્રિયા કરી, ચારિત્રતત્પર સાધુની જેમ પોતાના આત્માને જ મૃત્યુપમાડ્યો. (૯૮૫) હવે આનો ઉપસંહાર કરતા કહે છે –

## ગુરુકુલવાસમાં દોષોનું સેવન પણ લાભકારી છે

૯૮૬ - આગળ જણાવી ગયા કે ગુરુકુલવાસનો ત્યાગ કરીને શુદ્ધ આહાર-પાણી આદિ માટે પ્રયત્ન કરવો, તે લાભ કરતાં નુકશાનકારક છે અને ગુરુકુલવાસમાં રહી કદાચ દોષો સેવન કરવા પડે, તો પણ બીજા અનેક દોષોથી બચવા ઉપરાંત સ્વાધ્યાય જ્ઞાન, દર્શન,ચારિત્રની વિષે શુદ્ધિ કર્મની નિર્જરા વગેરે અનેક લાભ થાય છે. આ રૂપ લાભ-નુકશાનની વિચારણાકરવામાં તત્ત્વવૃત્તિથી સંસારની નિર્ગુણતા અવધારણ કરવાથી જીવ સાધુના નિર્મળ સ્વાધ્યાયવગેરે આચારો સારી રીતે આસેવન કરે છે. (૯૮૬) સ્વાધ્યાયદિક સુંદર આચારોનું ફળ કહે છે –

૯૮૬ - સમ્યક્ત્વને પ્રગટ કરનાર એવા જીવાદિક પદાર્થોનું અસ્તિત્વ અને તેના ગંભીર ભાવો સમજાવનાર જે અવબોધ, તેનાથી તત્ત્વરુચિ વૃદ્ધિ પામે છે, દઢ થાય છે. તે શ્રદ્ધાતિશયથી નિર્વાણફલ સાધી આપનાર સુંદર આચારો રૂપ ચારિત્રનું પ્રવર્તન થાય છે. ભગવંતે કહેલી આ ચારિત્રની સત્ક્રિયા નવાં આવતાં કર્મને રોકે છે અને પૂર્વગ્રહણ કરેલાં

કર્મોની નિર્જરા કરાવે છે. એવા પ્રકારનું આ ચારિત્ર હોય છે. (૯૮૭) દૃષ્ટાંત અને દાર્ષ્ટાન્તિક ભાવના ચાર ગાથાથી સમજાવે છે –

૯૮૮ - થી ૯૯૧ - ઉત્તમ પદ્મરાગમણિ હોય, પરંતુ દરિદ્રતા નાશ કરનાર વગેરે રત્નના પ્રભાવો જેણે જાણેલા ન હોય,રત્નના યથાર્થ ગુણો હજુ જેને જાણવામાં આવ્યા ન હોય, તો પણ સ્વભાવથી તેના ઉપરરુચિ ઉત્પન્ન થાય-એવા કલ્યાણી જીવ કરતાં જેણે રત્નના ગુણો, પ્રભાવ વગેરે જાણેલા હોય, કાંતો કોઈ પાસેથી શિક્ષા મેળવી હોય, અગર બીજાનાકહેવાથી રત્નના ગુણો, પ્રભાવ જાણવામાં આવેલો હોય તો તેના કરતાં જાણકારને અનંતગુણી વિશેષ શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. જેમ ગુણનો અજાણ હોય, તે કરતાં જાણકાર, તેને સાચવવા, રક્ષણ કરવા આદિ વિષયમાં અધિક શ્રદ્ધાવાળો થાય છે, તેમ રત્ન કરતાં પણ સમ્યક્ત્વ રત્નના ગુણ-પ્રભાવ જાણ્યા પછી તેના વિષે અતિગાઢ આદરભાવ ઉત્પન્ન થાય છે. અમે કહેલી વસ્તુ અતિઆદરથી વિચારવી. જો તેમ વિચારવામાં ન આવે, તો સાચો બોધ ન થાય. આ પ્રમાણે સુંદર રત્નની જેમ સ્વાધ્યાય વગેરે જેનાં લક્ષણો આગળ કહેવાયાં છે. તેના વિષે હંમેશાં ચારે કાળ જ્ઞાનની આરાધના કરવી. તેમ કરવામાં તત્ત્વવિષયક પદાર્થોનો પક્ષપાત થાય અને શક્તિ અનુરૂપ કર્યા કરવાથી હંમેશાં શુભ પરિણામ-યોગે જેમ સમ્યગ્ ચિકિત્સા પ્રયોગથી તેવા પ્રકારના વ્યાધિનો નિગ્રહ થાય-રોગ કાબૂમાં આવી જાય, તેમ જ્ઞાનાવરણીય વગેરે કર્મોનો વિશિષ્ટ પ્રકારનો નક્કી ક્ષયોપશમ પણ થાય. વિશિષ્ટ ક્ષયોપશમ તેને કહેવાય કે, તેમાં કર્મ હવે બીજી વખત ન બાંધે. ઘણે ભાગે તેવા આત્મા હવે નરકાદિક અશુભગતિના કારણભૂત એવું અનાચાર કારણ ન સેવે. કારણ કે, અહિં સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર વિષયક શુભ ભાવનાની પ્રાપ્તિ થયેલી છે. પ્રાયઃ શબ્દ એટલા માટે ગાથામાં જણાવ્યો કે - કેટલીક વખત શુભભાવનાની પ્રાપ્તિ થઈ હોય, પરંતુ નિકાચિત અશુભકર્મવાળા સ્કંદકાચાર્ય વગેરેની માફક અનાચારના કારણભૂત અશુભકર્મના બંધમાં વ્યભિચારદોષ ન લાગે. તેથી અનાચારના કારણભૂત કર્મબંધનો અભાવહોવાથી હંમેશાં નિર્મલ મનવાળો તેવો આત્મા અનુક્રમે સર્વકર્મનો ક્ષયકરનારો થાય છે અને સિદ્ધિ પામે છે. (૯૯૧). આ ક્ષયોપશમ પરમતવાળાઓએ પણ સ્વીકારેલો છે, તે કહે છે –

## તીર્થાન્તરીયો 'પાપ-અકરણ' નિયમ માને છે

૯૯૨ - પાતંજલ વગેરે બીજા તીર્થાન્તરીયો વડે પોતાનાં શાસ્ત્રોમાં પાપની અપ્રવૃત્તિકરવા રૂપ એકાંતે અકરણનો નિયમ સ્વીકારેલો છે. કયા કારણથી અકરણનો નિયમ માન્યો છે, તે કહે છે. વજ્ર હીરા માફક પ્રશસ્ત પરિણામરૂપ શુભભાવ ભેદ પામતા ન હોવાથી,શાસ્ત્રાભ્યાસરૂપ ભસ્મલગાડીને સ્વચ્છ કરેલા હૃદયદર્પણ સમાન ભાવસાધુઓને બંધનો ક્ષય.ોપશમ, એ જ બીજાઓએ 'અકરણનિયમ' તરીકે ઓળખેલો છે. આમ તાત્પર્ય જાણવું ભલે બીજાઓ પોતાના મતો એ પ્રમાણે કહે, પરંતુ તે વસ્તુ અમને સુંદર જણાતી નથી- એમ કહેનારને સમાધાન આપતા કહે છે કે, 'બીજા મતવાળાઓએ કહ્યું, આ કારણ અકરણનો નિયમ યુક્ત નથી - એમ કહેવું, પરંતુ આ યુક્ત જ છે. (૯૯૨)

'આ પ્રમાણે જ છે-એમ શાથી કહો છો ?' તેવી શંકાના સમાધાનમાં કહે છે કે –

૬૯૩ - જે વાક્ય અર્થથી વચનભેદ હોવા છતાં પણ અર્થની અપેક્ષાએ એક અભિપ્રાયવાળું હોય છે, તથા શબ્દના અન્વર્થથી પણ અભિન્ન જ છે. અહિં બીજા મતમાં બે પ્રકારનાં વાક્યો મળે છે, કેટલાંક અર્થથી જ એક અભિપ્રાયવાળાં -અભિન્ન છે. જેમ કે, "આત્મા વૈતરણી નદી છે, મારો આત્મા જ કૂટ કાંટાળું શાલ્મલી વૃક્ષ છે આત્મા જ ઇચ્છા પૂરી કરનાર કામધેનુ છે અને મારો આત્મા જ આનંદ આપનાર નંદનવન છે." આ વગેરે ભારત ગ્રન્થમાં કહેલાં વાક્યો છે. જે સ્વર્ગ અને નરક બંને છે, તે જ સર્વ ઇન્દ્રિયોનું કાર્ય છે, અર્થાત્ જો ઇન્દ્રિયોને કાબૂમાં લેવામાં આવે તો, તે સ્વર્ગ આપનાર થાય છે અને તે જ ઇન્દ્રિયોને નિરંકુશપણે વર્તવા દેવામાં આવે તો, નરક આપનાર થાય છે. ઇન્દ્રિયોનો અસંયમ, તે આપત્તિના માર્ગે પ્રયાણ કરાવનાર થાય છે, તેનો જય કરવામાં આવે, તો સંપત્તિઓ આગળ આવીને સેવામાં હાજર થાય છે, તમને બેમાંથી જે માર્ગ ઇષ્ટ હોય, તે માર્ગે ગમન કરો.' એ વગેરે કેટલાંક વાક્યો શબ્દ અને અર્થથી સમાન-એક અભિપ્રાયવાળાં હોય છે. જેમ કે, 'જીવદયા, સત્યવચન.' એ વગેરે પ્રસિદ્ધિ વાક્યો સાથે જેમ કે, "સર્વે ધર્મ કહેનારાઓએ આ પાંચ વસ્તુ સામાન્યરૂપે પવિત્ર માનેલી છે. ૧ અહિંસા, ૨ સત્ય, ૩ અચૌર્ય, ૪ પરિગ્રહનો ત્યાગ, ૫ મૈથુન છોડવું." આ વગેરે આ પ્રમાણે તે હોતાં છતાં સમાન અભિપ્રાયવાળા, અભિન્ન અર્થવાળા અકરણનિયમ વગેરે વાક્યમાં વિશિષ્ટ ક્ષયોપશમાદિ વાક્યની સાથે આ પરશાસ્ત્રનું વાક્ય છે - એ રૂપ ઇર્ષ્યા મૂઢભાવરૂપ મોહ, બૌદ્ધ વગેરે સામાન્ય ધાર્મિકજનને થાય અને વિશેષથી તો જિનમતની શ્રદ્ધાવાળા સર્વ નયોને સંગ્રહરૂપે માનનાર મધ્યસ્થભાવને પામેલા એવા સાધુ-શ્રાવકોને ઇર્ષ્યા થાય. માટે જ બીજા સ્થાને એમણે કહેલું છે કે, 'ગુણથી તત્ત્વો સમાન હોવા છતાં નામના ભેદથી શાસ્ત્રો-આગમો સંબંધી જે વિરુદ્ધ દૃષ્ટિ થાય છે, તે ખરેખર દૃષ્ટિસંમોહ દૃષ્ટિરાંગ નામનો અધમ દોષ છે.' (૬૯૩)

આ સર્વનું સમર્થન કરતાં કહે છે કે –

सव्वपवायमूलं दुवालसंगं जओ समक्खायं ।

रयणागरतुल्लं खलु, तो सव्वें सुंदरं तम्मि ॥६९४॥

૬૯૪ - બૌદ્ધ, શૈવ, વૈશેષિક, અક્ષપાદ વગેરે બીજા દર્શનવાળાની પ્રજ્ઞાપનાઓનું આદિ કારણ એવા પ્રકારનાપ્રવચન પુરુષના અંગભૂત આચાર આદિ બાર અંગો છે. જે માટે સિદ્ધસેન દિવાકર વગેરે આચાર્યોએ તે માટે બરાબર કહેલું છે કે –

"उदधाविव सर्वसिन्धवः, समुदीर्णास्त्वयि नाथ ! दृष्टयः ।

न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधि : ॥१॥"

"હે જિનેશ્વર ભગવંત ! સમુદ્રમાં જેમ સર્વ નદીઓ સમાઈ જાય છે, તેમ આપના સિદ્ધાંતમાં સમગ્ર દૃષ્ટિઓ-દર્શનો મતો સમાઈ જાય છે, પરંતુ જુદી જુદી વિભાગવાળી નદીઓમાં જેમ સમુદ્ર સમાઈ શકતો નથી,તેમ તે દૃષ્ટિઓ-મતો-શાસ્ત્રોમાં આપ દેખાતા નથી-સમાઈ શકતા નથી." માટે જ બાર અંગને ક્ષીરસમુદ્ર વગેરે સમુદ્ર સમાન નિશ્ચયથી કહેલું છે. માટે સમગ્ર જે કંઈ પણ સુંદર બીજા પ્રવાદોમાં કહેલું પ્રાપ્ત થાય,તે તેમાં તેનો સમવતાર -

સમાવેશ કરવો. આ પ્રમાણે અકરણનિયમ વગેરે વાક્યો પણ તેવા તેવા વ્યાસમુનિ, કપિલમુનિ અતીત પતંજલિ વગેરેએ રચેલા-પ્રરૂપેલા યોગવિષયક શાસ્ત્રોમાં જિનવચન-સમુદ્રના મધ્યમાંથી જ મેળવેલાં વચનબિન્દુઓ સમજવાં. તે વચનોની અવજ્ઞા કરવામાં સમગ્ર દુઃખના મૂલભૂત ભગવંતની આજ્ઞાની અવજ્ઞાનો પ્રસંગ ઉત્પન્ન થાય છે અને તેથી કોઈ કલ્યાણની સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. (૬૯૪)

**હવે અકરણનિયમનું લક્ષણ જણાવે છે –**

૬૯૫ - શીલભંગ કરવારૂપ પાપ ન કરવાનો નિયમ, તે ઘણા ભાગે વિવક્ષિત પાપ પ્રત્યે જેણે અત્યંત ઉત્સાહ કર્યો છે, એવા કેટલાક ભવ્યાત્માઓને જે પાપની નિવૃત્તિ કરવી-તેમ સમજવું. એટલે કે, પહેલાં તે પાપ કરવાની તીવ્ર અભિલાષા હોય અને પછી તે પાપ ન કરવું, તે અકરણ નિયમ. વળી જ્યારે ગ્રન્થિભેદ થાય, ત્યારેચારિત્રમોહની ગાંઠ ભેદાય, ત્યારે વળી ફરી પણ પાપથી પાછા હઠવારૂપ તે પાપ ન કરવારૂપ અકરણનિયમ. અહિં બે વાત સમજવાની છે - એક તો કોઈક નિરોગી મનુષ્ય હોય, પરંતુ દુર્ભિક્ષકાળમાં તેવા પ્રકારના પૌષ્ટિક ખોરાકના અભાવમાં શરીરની દુર્બળતા થાય છે, બીજો એક એવો છે કે, 'પૂર્ણ ભોજનની પ્રાપ્તિ થવા છતાં પણ રાજયક્ષ્મા નામના ક્ષયરોગથી દુર્બળ દેહવાળો થયો છે. તેમાં પ્રથમને ફરી સમુચિત ભોજનની પ્રાપ્તિ થાય, ત્યારે તેના સંપૂર્ણ શરીરની પુષ્ટિ થાય જ.બીજા ક્ષયવાળાને તો તેવા તેવા પુષ્ટિકારક ખોરાકથી પોષવા છતાં પણ દરરોજ શરીરની દુર્બળતા વધતી જ જાય છે. એ પ્રમાણે ગ્રંથિભેદ થયા પહેલાં સામાન્ય ક્ષયોપશમથી જ પાપની નિવૃત્તિ કરી છે, પરંતુ સામગ્રી-પ્રાપ્તિથી ફરી પણ તે પાપની વૃદ્ધિ થાય છે. ગ્રંથિભેદ થયા પછી ચારિત્રમોહનીયના વિશિષ્ટ ક્ષયોપશમથી જે પાપની નિવૃત્તિ થાય છે, તે ક્ષયરોગવાળાના શરીરની જેમ દરેક ભવમાં પાપ પાતળું પડતું જાય છે અને છેવટે સર્વ કર્મકલેશથી મુક્ત બની મુક્તિ પ્રાપ્ત કરે છે. તેમ જ બીજાઓને પણ તે પોતાના આચારની નિશ્ચલતા અને બળથી તેવા તેવા ઉપાયોથી પાપની નિવૃત્તિના કારણભૂત બને છે. (૬૯૫)

**અહિં ઉદાહરણો જણાવે છે –**

૬૯૬ - રાજા, મંત્રી, શ્રેષ્ઠી અને પુરોહિત એમ ચારની રતિ, બુદ્ધિ, ઋદ્ધિ અને ગુણસુન્દરી એ નામની ચાર પુત્રીઓએ પાપ ન કરવા રૂપ લીધેલ નિયમ વિષે ઉદાહરણો કહેલાં છે. તેઓ શરદઋતુના ચંદ્રસમાન સુન્દરશીલ પાળવાની ભાવનાઓવાળી હતી. (૬૯૬)

## રતિ સુંદરીની કથા

આ ચારેનાં કથાનકો બત્રીશ ગાથાઓ દ્વારા કહે છે –

૬૯૭ થી ૭૨૮ - મોરોનાંકુલયુક્ત, વાંદરાવૃન્દથી શોભાયમાન, ગહન શાલવૃક્ષવાળું, પર્વતના આરામમાં જાણે સ્વચ્છંદ રાજપોપટ સમાન * સાકેતપુર નામનું નગર હતું. તેમાં

* કળા-સમૂહ યુક્ત, કવિસમૂહથી શોભાયમાન, મોટી સભા-યુક્ત, પર્વતના ઉદ્યાનમાં સ્વચ્છંદ રાજપુત્ર-સમાન સાકેતપુર નામનું નગર હતું. (શ્લેષાર્થ)

હાથી, ઘોડાના સ્વામી ઉંચી કેશવાળીવાળો, સ્ફુરાયમાન પૌરુષવાળો કેસરીસિંહ સરખો નર-પૌરુષી નામનો રાજા હતો, લક્ષ્મીદેવી સમાન કમળ સરખા કોમળ હાથવાળી કમલસુંદરી નામની તેને પ્રિયા હતી. તેઓએ રતિસમાન રૂપવાળી અતિપ્રસિદ્ધિ રતિસુંદરી નામની પુત્રી હતી. વળી તે નગરમાં બુદ્ધિ, સમૃદ્ધિ અને શ્રુતસંપત્તિથી યુક્ત, હંમેશાં ગૌરવ પ્રાપ્તકરતો એવોશ્રીદત્ત નામનો મંત્રી, સુમિત્ર નામનો શ્રેષ્ઠી અને સુઘોષ નામનો પુરોહિત હતો. જેઓ ઘણી પ્રસિદ્ધિ પ્રાપ્ત કરતાં રાજાને ઘણા માન્ય હતા. તેઓ સમુદ્રની જેમ કદાપિ પોતાની મર્યાદા ઉલ્લંઘન કરતા ન હતા. તે ત્રણેયને લક્ષ્મણા, લક્ષ્મી ને લલિતા નામની પત્નીઓ હતી. જેમની કુક્ષિઓમાં અતિકિંમતી એવાં ત્રણ કન્યારૂપી રત્નો ઉત્પન્ન થયાં હતાં. દેવાંગનાઓના રૂપને તિરસ્કારકરનાર એવી, લાવણ્યરૂપવાળી બુદ્ધિસુંદરી, ઋદ્ધિસુંદરી અને ગુણસુંદરી એવા નામથી આ ત્રણેય કન્યારત્નો પ્રસિદ્ધિ પામ્યાં હતાં. રાજપુત્રી રતિસુંદરી સાથે એક જ લેખશાળામાં તેઓ કળાઓ ગ્રહણ કરતી હતી, એટલે સમાન ગુણવાળી એવી તેઓને પરસ્પર પ્રીતિ ઉત્પન્ન થઈ. પંડિતો, ઉત્તમકુલવાળાઓ, ધનવાનો, ધર્મીઓ, તેમ જ કહેલાથી ઉલ્ટાઓને જે સમાનગુણવાળા હોય, તેવા જીવોને ઘણા ભાગે મૈત્રી થાય છે. નિરંતર સ્નેહવાળી એવી રીતે ચારે સખીઓ લોકોનાં નેત્રોને આનંદ પમાડતી. ઘણાભાગે એક સાથે જ ભોજન કરે. શયન કરે અને ક્રીડાઓ કરતી હતી. આ ચારેય સખીઓને દેખીને વિસ્મય પામેલા મનવાળા નગરલોક એમ પ્રલાપ કરવા લાગ્યા કે, 'શું કામદેવની પ્રિયાએ કાંઈકકાર્ય-પ્રસંગ ઉપસ્થિત થતાં પોતાના ચાર રૂપો વિકુર્વ્યાં છે કે, દેવી સરસ્વતીએ આવાં પોતાનાં રૂપો પ્રગટ કર્યાં હશે ? તેમનાં રૂપ અને જ્ઞાનગુણ કોઈ અનન્ય પ્રકારના જણાય છે - એમ લોકો તેમના ગુણો માટે વિસ્મય પામતા હતા.

હવે કોઈક વખતે શેઠપુત્રી ઋદ્ધિસુંદરીના ઘરમાં સર્વે ક્રીડા કરતી હતી, ત્યારે ગુણશ્રી નામનાં કોઈ પ્રવર્તિની તેમના જોવામાં આવ્યાં કે, જેઓ અભિમાન-કલંકથી રહિત હતાં, દોષોની ઉત્પત્તિ જેનાથી દૂર થયેલી છે, સ્થિર સ્વભાવવાળી, નિરંતર અખંડ આચાર પાળનારી, અપૂર્વ ચંદ્રબિંબ સમાન આનંદ આપનાર, ઇન્દ્ર સમાન સુબુદ્ધિવાળી, દોષ તરફ નજર ન કરનારી, કર્મરજના સંગથી રહિત અથવા બાલ-બ્રહ્મચારી, ચંદ્રકિરણ સમાન ઉજ્જવલ વસ્ત્ર ધારણ કરનારી અને તેવા જ સ્વચ્છ માનસવાળી જાણે શરદલક્ષ્મી હોય, શ્રેષ્ઠ ગૌરવને ધારણ કરનાર, હેમંત ઋતુની જેમ કમલ સરોવરની શોભાને નાશ કરનાર અર્થાત્ તેના કરતાં અધિક શોભાવાળી, જેમણે સમગ્ર દોષોનો અંતકર્યો છે, શિશિરઋતુ માફક અતિશીતલ સ્વભાવવાળી, કોયલ સમાન મધુર વચન બોલનારી, વસંતમૂર્તિની જેમ ભવનના લોકોને આનંદ પમાડનાર, ગ્રીષ્મઋતુની જેમ લોકોને અતિ પરસેવો કરનાર, બીજા પક્ષે જેણે ઘણા લોકોનું શ્રેયકલ્યાણ કરેલછે, એવા ઉગ્રતપની પ્રભાવવાળાં, આ પ્રમાણે સર્વકાળમાં શીલસંપન્ન પવિત્ર ચિત્તવાળાં પ્રવર્તિની દેખીને વિકસિત કમળ-સમાન મુખવાળી રાજપુત્રીએ કહ્યું કે, 'તારાઓ સહિત ચંદ્રકળા-સમાન ઉજ્જવલ વેષ ધારણકરનારાં આ ક્યા સાધ્વી છે ? રાજહંસી સાથે બીજી હંસીઓ હોય તેવાં સમાન વેષધારી સાધ્વીઓ સહિત આ કોણ સાધ્વી હશે ? ત્યારે વણિકપુત્રીએ કહ્યું કે, 'અમારા ગુરુઓને પણ ગૌરવ સ્થાન, ઉગ્ર તપથી દુર્બલ

કરેલા અંગવાળાં, જેમણે પાપ શમાવેલાં છે, એવી આ શ્રમણી છે, હે સ્વામિની ! એના વિશાળ નિર્મલ દયા-યુક્ત માનસમાં રાજહંસ પણ સ્થાન પામી શકતો નથી. જે ધન્ય હોય, તે જ એમના દર્શન પામી શકે છે. ધન્ય હોય, તે જ ભક્તિ-રાગથી તેમને વંદન કરે છે, ધન્ય પુરુષો જ તેમનાં વચનને શ્રવણકરે છે અને હંમેશાં તેનો અમલ કરે છે.' તે સાંભળીને સર્વ સખીઓ ત્યાં ગઈ અને વંદના કરી સાધ્વીએ પણ સૂત્રમાં કહેલી વિધિ પ્રમાણે તેઓને ધર્મકથા કહેવી શરુ કરી કે, 'દરિદ્રને જેમ રત્નપૂર્ણ રોહણાચલ પર્વતની પ્રાપ્તિ થાય, તેમ દુર્લભ મનુષ્યપણું પ્રાપ્ત કરીને બુદ્ધિશાળીએ રત્ન-સમાન ધર્માનુષ્ઠાન જરૂર ગ્રહણ કરવું જોઇએ.સિદ્ધ કરેલી મહાવિદ્યા પણ ફરી સ્મરણ કરવામાં ન આવે, તો જેમ નિષ્ફલ થાય છે, તે પ્રમાણે ધર્મમાં પ્રમાદ કરનાર પામેલું મનુષ્યપણું પણ હારી જાય છે. પ્રાર્થના કરવામાં પ્રમાદ કરનારને ચિંતામણિરત્ન પણ ધનસમૃદ્ધિ આપતું નથી, તેમ ધર્માચરણમાં આળસ કરનારનો મનુષ્યજન્મ નિષ્ફલ થાય છે. (૨૫) જેમ દુર્લભ કલ્પવૃક્ષને દેખીને મૂઢ મનુષ્ય તેની પાસે કોડી માગે, તેમ મોક્ષફલ આપનાર મનુષ્યપણામાં મૂર્ખ મનુષ્ય વિષયોની માગણી કરે છે. તો હવે તમે સમ્યક્ત્વને ગ્રહણ કરો, પાપ દૂર કરનાર સંયમને અંગીકાર કરો, મહાતપની સેવના કરો. જો તમે જન્મ-મરણનો છેડો લાવવાની ઇચ્છા કરતા હો, તો જીવરૂપી સુવર્ણને સંયમરૂપ કુલડીમાં નાખીને તપસ્યારૂપ અગ્નિથી ખૂબ તપાવીને કર્મ-કલંકથી મુક્ત કરવામા આવે, તો તદ્દન નિર્મલ સુવર્ણ સરખો કર્મરહિત આત્મા થાય, તેમાં સંદેહ નથી.' નક્કી આ દેહ વિનાશ પામવાના સ્વભાવવાળો છે. દેહનું ફળ હોય તો તપ અને સંયમની સાધના કરવી. જીવન તો એકદમ વહી જાય છે, માટે ધર્મમાં પ્રમાદ ન કરવો."

આ પ્રમાણે ગણિનીના મુખચંદ્રમાંથી ઝરેલ વચનામૃતનું પાન કરતી એની તે ચારેય સખીઓનું સમગ્ર મિથ્યાત્વ-વિષ ક્ષણાર્ધમાં નાશ પામ્યું. ત્યારે તેઓએ કહ્યું કે, 'હે ભગવતી ! આપે અમારા ઉપર કૃપા કરી. આપે જે કહ્યું તેમાં ફેરફાર નથી, પરંતુ અમે હજુ મંદસત્ત્વવાળા આત્માઓ છીએ. તમોએ તો તપ અને ચારિત્રનો આ ભાર આકડાના રૂ માફક સહેલાઈથી ઉચક્યો છે, જ્યારે અમોને તો આ તપચારિત્રનો ભાર મેરુપર્વત કરતાં પણ અધિક લાગે છે. તો હવે મોહ-મદારીથી નૃત્ય કરાવાતા અને પ્રમાદની ઊંડી ખાઈમાં પડેલા એવા અમોને હસ્તાલંબન સમાન ગૃહસ્થોચિત ધર્મ આપો.' 'આ યોગ્યાત્માઓ છે.' એમ વિચારીને સાધ્વીએ પ્રધાન અને માર્ગના મુખ્ય સાધનભૂત એવું નિર્મલ સમ્યક્ત્વ નિસ્પૃહ ભાવથી તેમને આપ્યું વળી ઉપરાંત કહ્યું કે, 'સર્વ અણુવ્રતો, ગુણવ્રતો ધારણ કરવા તમે સમર્થ ન બની શકો, તો પણ તમે પતિ સિવાય બીજા પુરુષનો સંગ ન કરવાનો દૃઢ નિયમ કરો. અકરણ નિયમનું સ્વરૂપ મતિવૈભવવાળા પુરુષો નીતિનિપુણપણે આવી રીતે કહે છે કે – 'પોતે જાતે પાપ ન કરે, બીજાપાપ કરતા હોય તેમને પણ પાપ કરતાં રોકે.' આમ કરવાથી નિર્મલ કીર્તિ ચંદ્ર, સૂર્ય સુધી વિસ્તાર પામે છે, તેમ અકરણ નિયમનું પાલન કરવાથી પરંપરાએ કલ્યાણ પામી મુક્તિ પ્રાપ્ત કરનાર થાય છે. આ લોકમાં પણ દેવતાઓ આ નિયમથી પ્રભાવિત થઈ આધીન બને છે, તેમ જ જીવોએ ચિંતવેલાં સમગ્ર કાર્યોની સિદ્ધિ થાય છે. કુલવતી સ્ત્રીઓ માટે આ

ઉચિત છે, આ પરલોકના સુખ માટે થાય છે. ત્યારે હર્ષથી ઉલ્લસિત ગાત્રવાળી તે સર્વેએ એમ કહ્યું કે, 'અમને ગમતું લહતું એવું, મહારોગ દૂર કરનાર એવું ઇષ્ટ ઔષધ આપે આપ્યું.' ઘણા જ બહુમાન સહિત આ ઉત્તમ નિયમ તેઓએ ગ્રહણ કર્યો. આ નિયમનું પાલન કરતી, જિનેશ્વર અને ગુરુમહારાજની સત્કાર-ભક્તિ કરવામાં તત્પર બનેલી, પવિત્ર જિનમતમાં રસિક બનેલી વીતે ચારેય સખીઓનો કેટલોક કાલ સુખમાં પસાર થયો.

હવે નંદન નામના નગરમાં ચંદ્રરાજાએ પોતાના દૂતદ્વારા રતિસુંદરીનો રૂપાતિશય સાંભળ્યો. મનને આકર્ષણ કરનાર અનુરાગરસના અતિશયથી તે રાજાએ તેની માગણી કરવા માટે મંત્રીને નિયુક્ત કર્યો, એટલે મંત્રી ત્યાં ગયો, નિપુણ બુદ્ધિવાળા મંત્રીનો સત્કાર કર્યો, કન્યાની માગણી કરી. તેને પ્રાપ્ત કરી. ઘણા આડંબર સહિત સારા મુહૂર્તે રાજાએ મોકલી. પૂર્ણનિધિવાળી જાણે લક્ષ્મીદેવી હોય, એવી કે સ્વયંવરા કન્યા તેની પાસે પહોંચી. હવે પ્રશસ્ત દિવસે મનોહર મંગલ-વિવાહ પ્રવર્ત્યો અને નંદનનગરમાં વધામણાનો આનંદ વિસ્તાર પામ્યો. તે નગરમાં નગરજનો અને નારીવર્ગના વચનઉલ્લાપો એવા પ્રકારના સાંભળવામાં આવતા હતા કે, 'શું આ કોઈ દેવાંગના છે કે નાગકન્યા છે ? આ લક્ષ્મી ગૌરી, વિદ્યાધરી કે રતિ છે ? દરેક ભવનોમાં, દરેક દુકાનોમાં, દરેક માર્ગમાં, દરેક જળસ્થળોમાં આવાં રૂપાતિશયનાં વચનો શ્રવણ થતાં હતાં. સમય જતાં વિશુદ્ધ વંશપક્ષ પ્રાપ્ત કરેલ હોવાથી જ્યોત્સ્નાથી ચંદ્રની જેમ, આ ચંદ્ર પણ રતિસુંદરીના યોગે પ્રસિદ્ધિ પામ્યો.

કોઇક સમયે કુરુદેશના સ્વામી મહેન્દ્રસિંહનો દૂત ચંદ્રરાજા પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે, 'મારા રાજાએ આપને સંદેશો મોકલાવી કહેવરાવેલ છે કે, 'આપણો અને તમારો દૃઢ સ્નેહ-રાગ પૂર્વના પુરુષોથી ચાલ્યો આવે છે, તો બીજા મનુષ્યોની અપેક્ષાએ અસલા માન્ય છે. (૫૦) તે જે સુપુત્રો સારા જન્મેલા ગણાય કે, જેઓ પોતાના વંશનાં અગ્રભાગ ઉપર રાખેલી ધ્વજા, ચાહે તેવો ખરાબ પ્રચંડ વાયરો વાય, તો પણ વંશ(વાંસ)ને છોડતી નથી, તેમ વંશ-પરંપરાથી ચાલ્યો આવતો સ્નેહ પણ છોડતા નથી. સમુદ્ર અને ચંદ્ર, મેઘ અને મોર, સૂર્ય અને કમલ દૂર રહેલા હોવા છતાં સ્વીકારેલ વસ્તુથી વિરુદ્ધ ચાલતા નથી-અર્થાત્ દૂર રહેવા છતાં પરસારનો સ્નેહાનંદ નભાવી રાખે છે. તમો તો અગણ્ય સૌજન્યવહન કરો છો, તેથી તમને વધારે શું કહેવું ? જે કંઈ પ્રયોજન કહેવાનું, જે સર્વ તમોને નિવેદન કરવું જ જોઇએ. ખાસ તો તમોને એ કહેવાનું છે કે, 'તમોએ હમણાં નવોઢા રતિસુંદરી પ્રિયદેવી સાથે લગ્ન કર્યાં છે - એ સમાચાર અમે સાંભળ્યા છે, તો તેને અમારે ત્યાં પરોણા તરીકે મોકલી આપો, જેથી અમો તેનું યોગ્ય સન્માન કરીએ જે સ્વજન તરફ સ્નેહ ધરાવતા હોય, તેને તેની પત્ની પણ ગૌરવનું સ્થાન હોય જ જે કારણથી પુત્ર તરફ સ્નેહનો પક્ષપાત હોય, તો તેનું વસ્ત્ર ઢીંગલ પણ પ્રિય જ હોય છે. તે દૂતવચન સાંભલીને ચંદ્રરાજાએ કંઈક હાસ્ય કરતાં પ્રત્યુત્તર આપ્યોકે, જેમણે સ્નેહ ઉત્પન્ન કરેલ છે, એવા સજ્જનો સર્વ કોઈને વલ્લભ કેમ ન હોય ? સજ્જન પુરુષો હોય, તેમનામાં ભક્તિ, પરોપકાર, ઉત્તમ શીલ, સરળતા, પ્રિયવચન બોલવાપણું, દાક્ષિણ્ય, વિનયવાળી વાણી આ ગુણો તો સ્વાભાવિક હોય છે. માટે હે દૂત !

તારા રાજાએ અમારા ઉપર સંદેશો તો યોગ્ય જ મોકલાવ્યો છે. ઉત્તમ યશવાળા સજ્જન પુરુષો પોતાના કુલની મર્યાદાનું ઉલ્લંઘન કરતા નથી, તો હવે અમારા તરફથી પણ તેમને કહેવું કે, 'અત્યારે દેવીને મોકલવાનો કોઈ અવસર નથી. તમારો સ્નેહ તો વાણીના વિલાસથી અમે બરાબર કળી લીધો છે. બાહ્ય સ્નેહ બતાવવાથી સર્યું, જે માટે પંડિત પુરુષોકહે છે કે –

"મૂર્ખ પક્ષીઓ સ્નેહરહિત બાહ્ય (કણ) દાનથી (જાળમાં) બંધાય છે, જ્યારે સમજુ પંડિતપુરુષોને સદ્ભાવવાળાં વચનો સિવાય બીજાં બંધન હોતાં નથી. હજાર વચનો કરતાં પણ સ્નેહવાળી એક અમીનજર ઘણી ચડી જાય છે, તેના કરતાં પણ સજ્જન મનુષ્યનો સદ્ભાવ ક્રોડગણો વધી જાય છે. ફરી દૂત કહે છેકે, 'અમારા દેવ દેવીનાં દર્શન કરવા માટે ઘણા ઉત્કંઠિત થયા છે, તો આપે આ પ્રમાણે વિરુદ્ધ વ્યાપાર કરવો ઉચિત નથી. ગજેન્દ્ર ત્યાં સુધી સુભગ હોય છે. કે, જ્યાં સુધી હૃદયમાં મર્યાદા ધારણ કરે છે. જો કોઈ અન્ય પ્રકારે રોષાયમાન થાય, તો તે અત્યંત ભયંકર કોના માટે ન થાય ? અમે તો તેમને શાંતિથી હિતવચન કહીએ છીએ કે, 'તેની આજ્ઞાનું તમે સારી રીતે પાલન કરો, નહિંતર હે સૌમ્ય ! છેવટે બલાત્કારથી એકલી ગ્રહણ કરાશે.' એટલે ચંદ્રરાજાએ ભ્રકુટિ ચડાવીને ક્રોધાવેશથી જવાબ આપ્યો કે, 'તે રાજા બીજાની પત્નીની માગણી કરીને કુલમર્યાદાનો આચાર પાળવા માગે છે ને ? અથવા તો માતાએ યૌવનમદના કારણે તેવા કોઈક સમયે છાની રીતે અનાચરણ કર્યું હોય, તે વાત શીલનો ત્યાગ કરનાર એવા પુત્રોએ અત્યારે પ્રગટ કરવી જોઈએ ખરીને? હે દૂત ! આ વાત બની શકે ખરી કે, જીવતો કોઈ પુરુષ પોતાની પ્રિય પત્નીને છોડી દે, જીવતો સર્પ પોતાનું મસ્તકાભૂષણ કોઈ દિવસ અર્પણ કરે ખરો ? ચંદ્ર અને સૂર્યના કર એટલે કિરણોથી સ્પર્શાતી પોતાની પ્રિયાને દેખીને જે રાજાઓ દૂભાય છે, તેઓ પ્રિયાને પારકા ઘરે કેવી રીતે મોકલી શકે ?' ફરી પણ દૂતે કહ્યું કે, 'હે રાજન્ ! શાસ્ત્રનો પરમાર્થ સાંભળો કે, સર્વ પ્રયત્નથી આત્માનું રક્ષણ કરવું.' જે માટે કહેલું છે કે - 'સેવકોથી ધનનું રક્ષણ કરવું, ધન અને સેવકો બંને દ્વારા સ્ત્રીઓનું રક્ષણ કરવું,પરંતુ પોતાનું જીવિત, ધન, પત્ની અને સેવકો સર્વ દ્વારા સારી રીતે રક્ષિત રાખવું.'

આ પ્રમાણે દૂત બોલતો હતો, ત્યારે ચંડસિંહ નામના રાજસેવકે તેનો હાથ પકડી તિરસ્કાર કરી ગળેથી પકડી બહાર કાઢ્યો. દૂતે જઈ રાજાને સર્વ વૃત્તાન્ત કહ્યો, એટલે મહેન્દ્રસિંહ ખૂબ કોપાયમાન થયો અને સમુદ્રના કલ્લોલ સમાન પુષ્કળ સૈન્યરૂપ પવનથી અમર્યાદાપણે યુદ્ધ માટે ચાલ્યો. મોટા હાથીઓ રૂપ કલ્લોલવાળો, સ્ફુરાયમાન પુષ્કળ ઉજ્જવલછત્રરૂપ ફીણવાળો, ફેલાતો અનેક પ્રવાહવાળો અતિ ભયંકર ક્ષોભપામેલા સમુદ્ર સમાન સૈન્ય-પરિવાર સહિત તે રાજાને નજીક આવતો સાંભળીને ચંદ્રરાજા વૃદ્ધિ પામેલા ક્રોધવાળો વિશેષ સ્ફુરાયમાન થયેલા રણોત્સાહવાળો એકદમ તેની સન્મુખ ચાલ્યો. પોતપોતાના સ્વામીના કાર્યમાં ઉત્સાહવાળા, યશ મેળવવાની તૃષ્ણાવાળા બંનેના સૈન્યોનું એકદમ ભયંકરયુદ્ધ આરંભાયું. સુભટો સાથે સુભટો' અશ્વસ્વારો સાથે અશ્વસ્વારો, રથિકો

સાથે મહારથિકો, હાથીઓ સાથે હાથીઓ લડવા લાગ્યા. સમુદ્રના પુષ્કળ પાણીથી અલ્પ નદીજળ જેમ દૂર ફેંકાઈ જાય, તેમ ક્ષણવારમાં સામાઆવેલા તે રાજા વડે ચંદ્રરાજાનું અલ્પ સૈન્ય ખેદાન-મેદાન રૂપ બની ફેંકાઈ ગયું. એટલે હવે પવન સરખા વેગવાળા ઉંચા અશ્વોથી જોડાએલા રથમાં આરૂઢ થયેલ રોષાગ્નિથી બળતો હોવાથી ન દેખી શકાય તેવો ચંદ્રરાજા જાતે જ લડવા તૈયાર થયો.

ત્યાર પછી ભાલાથી હણાએલા હાથીઓની ચીસથી બાકીની હાથીઓની શ્રેણીને તોડતા, મોગરના પ્રહાર કરીને વધ કરતા, ઘોડેસ્વારોએ બાણશ્રેણીને વરસાવી જેણે અશ્વોના સમૂહને ત્રાસ પમાડેલા છે, સતત હાથીઓની પંક્તિઓને વિંધી નાખવાથી પાયદળ-સેના પલાયન થવા લાગી. કેસરીસિંહ જેમ હરિણના ટોળાંને, તેમ ચંદ્રરાજાએ શત્રુસૈન્યને ભગાડી મૂક્યું. એટલે અત્યંત કોપાયમાન થયેલો મહેન્દ્રસિંહ જીવિતથી નિરપેક્ષ બની ઉભો થયો અને વનના હાથીઓ માફક લાંબા કાળ સુધી તે બંનેનું યુદ્ધ ચાલ્યું. મહામુશીબતે ગદાના ઘાતથી મૂર્છા પામેલો તે છલ પામીને ભવિતવ્યાતાના નિયોગથી મહેન્દ્ર રાજાએ ચંદ્રરાજને બાંધ્યો. 'અરે ! સુપુરુષ શાબાશ શાબાશ ! આજે તેં સુભટવાદનો નિર્વાહ બરાબર કર્યો' એમ બોલતા તેના જીવની રક્ષા માટે મંત્રીને અર્પણ કર્યો. ચંદ્રનું સૈન્ય જ્યારે પલાયન થઈ રહેલું હતું,ત્યારે એકદમ ત્યાં જઈને હાહારવ કરતી રતિસુંદરીને મહેન્દ્રસિંહે પકડી. ચંદ્રરાજથી છોડાવેલી અને પોતાને રતિસુંદરી પ્રાપ્ત થવાથી આનંદ પામેલો તે રાજા હવે પોતાના નગરે પહોંચ્યો.

'હે સુંદરિ ! તેં સાંભળ્યું જહશે કે, 'તારા વિષે મારો એટલો અનુરાગ થયો છે કે, તે કારણે મારે આવો યુદ્ધનો પ્રયાસ કરવો પડ્યો છે. તો હવે તારા પ્રસાદથી આ પ્રયાસ-વૃક્ષ ફળવાળું થાઓ, હે સુંદરાંગિ ! હવે તું આ કુરુદેશનું સ્વામિનીપણું સ્વીકાર' હવે ચંદ્ર-પ્રિયા રતિસુંદરી વિચારવા લાગી કે, 'આ પાપી સંસારના સ્વભાવને ધિક્કાર થાઓ કે, 'આ મારું રૂપ પણ આ પ્રમાણે અનેક આત્માઓને અનર્થ કરનારું થયું. વળી આ મારા નિમિત્તે મારા પતિ પ્રાણના સંશયમાં પડ્યા, વળી આણે પણ લજ્જાનો ત્યાગ કરી આ પ્રમાણે નરકમાં પડવાની અભિલાષા કરી. મારું ચિત્ત જાણ્યા વગર કામગ્રહથી મૂંઝાએલા આણે શા માટે નિરર્થક ઘણા જીવોનો સંહાર કર્યો ? વધારે શું કહેવું ? ખરેખર તે લોકો ધન્ય છે કે, 'જેઓ ઉત્તમ મુક્તિને પામ્યા છે ! જે કારણથી તેઓને અલ્પ પણ દુઃખનું કારણ હોતું નથી. આવા પાપચરિત્રવાળાઓ પાસે હવે શીલનું રક્ષણ કેવી રીતે કરવું ? અથવા તો 'અશુભ સમયે કાલ હરણ કરવાનું' નીતિશાસ્ત્રમાં કહેલું છે. તો હવે તેને સમજાવટ પૂર્વક કાલક્ષેપ કરાવું. હવે એટલો કામલુબ્ધ થયેલો છે કે, હવે સમજાવ્યા સિવાય નિવારણ કરવો શક્ય નથી. એ પ્રમાણે વિચાર કરીને હવે તે કહેવા લાગી કે, 'તમારો મારા ઉપર ગાઢ રાગ થયો છે, તો હવે હું તમારી પાસે કંઈક પ્રાર્થના કરું, તેનો ભંગ ન કરશો.' ત્યારેરાજાએ રતિસુંદરીને કહ્યું કે, 'હવે આ મારા જીવ ઉપર તારો સંપૂર્ણ અધિકાર છે, તો પછી આમ કેમ બોલે છે ? હે સુંદરિ ! જે કોઈ મસ્તક આપે,તેની પાસે નિપુણતાથી પ્રાર્થના કરવાની હોય ખરી ? અથવા આ ત્રણ લોકમાં જે દુર્લભ વસ્તુ હોય, તેની માગણી કરે, તો પણ મારા જીવને તણખલા સમાન ગણી

એટલે જીવની હોડ કરીને અવશ્ય તે વસ્તુને હું તને પ્રાપ્ત કરાવું.' રતિસુંદરીએ કહ્યું કે, 'બીજું મારે કંઈ જોઈતું નથી. મારી એટલી નાની માગણી છેકે, 'ચાર માસ માટે મારું બ્રહ્મચર્યવ્રત તું ભગ્ન ન કરીશ.' રાજાએ પ્રત્યુત્તર આપ્યો કે,'આ કાર્ય વજ્રના પ્રહારથી પણ અતિભયંકર છે, તો પણ તારી આજ્ઞાનો મારે ભંગ ન કરવો' - એમ અનિચ્છાએ તે વાતનો સ્વીકાર કર્યો. એટલે મહાસંકટરૂપ સમુદ્રમાં પડેલાને એકદમ દ્વીપ-બેટની પ્રાપ્તિ થાય તેમ આટલી વાત કબૂલ રાખી, તેથી રતિસુંદરીને કંઈક શાંતિ થઈ. (૧૦૦)

હવે રતિસુંદરીએ સ્નાન, અંગરાગ વગેરે શરીરની સાફસુફી કરવી બંધ કરી અને હંમેશના આયંબિલ તપ કરીને તે પોતાનું શરીર શોષવવા લાગી. હવે ગાલ કોથલી જેવા, લોહી-માંસ વગરના ફિક્કા લાગવા લાગ્યા. શરીરમાંથી પણ લોહી, માંસ, કાંતિ ઉડી ગયાં, જાણે સુક્કા કટીપ્રદેશવાળી સિંહણ હોય તેવી દુર્બલ અંગવાળી, નસો પ્રગટ દેખાવા લાગી અને કેશપણ ન ઓળવાથી જાણે જટાજૂટ, ગુંચવાયેલા,સ્નેહ વગરના બરછટ દેખાવા લાગ્યા. મેલથી વ્યાપ્ત એવી કાળી કાયાવાળી, દવાગ્નિથી બળેલી કમલિની-સમાન જાણે પ્રતિપૂર્ણ વ્રત ધારણ કરેલી શ્રમણી સરખી હતી, ત્યારે કોઈ વખત રાજા ત્યાં આવ્યો અને તેને દેખી. રાજાએ પૂછયું કે, 'હે ઉત્તમ દેહવાળી ! આ તારી આવી અવસ્થા આમ થવાનું શું કારણ છે ? શું તારા શરીરમાં તેવો કોઈ રોગ થયો છે કે, મનમાં એવો કોઈ તીવ્ર સંતાપ છે ?' રતિસુંદરીએ કહ્યું કે, 'હે નરવર ! મને મહાઘોર વૈરાગ્ય થયો છે,તેથી આ વ્રત અંગીકાર કર્યું છે, તે કારણે દુર્બલ દેહવાળી થઈ છું. આ અવસ્થામાં પણ મારે આ વ્રત દુષ્કર હોવા છતાં પાળવાનું જ છે. કારણ કે, વ્રતભંગ કરવો તે તો નક્કી નરક આપનાર જ થાય છે.' ત્યારે રાજાએ પૂછયું કે, તને વૈરાગ્ય થવાનું શું કારણ થયું છે કે, જેથી કરીને હે મુગ્ધે ! તેં આવું આકરું તપ કર્મ કરવાનું આરંભ્યું છે ? તે કહેવા લાગી કે, 'હે પૃથ્વીપતિ ! આ મારું શરીર જ પાપી અને વૈરાગ્યનું કારણ થયું છે. કારણ કે, તેમાં સેંકડો પ્રગટ દોષો દેખાય છે. તે ચરબી, માંસ શુક્ર, વીર્ય, લોહી, મૂત્ર, અશુચિ, નાકના મેલ, પિત્તથી પરિપૂર્ણ છે. તેનાં નવ દ્વારોથી હંમેશાં અશુચિનો પદાર્થ ઝર્યા જ કરે છે. આ શરીરને વારંવાર ધોઈએ, ધૂપ આપીએ, વિલેપનાદિકથી તેની સાર-સંભાળ-ટાપ ટીપ કરીએ, તો પણ તે દુર્ગંધભાવનો ત્યાગ કરતું નથી. સારાં સારાં આભૂષણોથી શરીરને અલંકૃત કરીએ, તો તે દ્રોહ કર્યા વગર રહેતું નથી. આ શીરરને અંદર કે બહાર અનેક સુગંધયુક્ત ભોગાંગોથી સત્કારીએ, તો પણ તરત જ તે પવિત્ર પદાર્થોને અશુચિભાવ પમાડે છે. દુર્જન સમાન આ ખલ શરીરની દુર્ગંધ કોઈ પ્રકારે સહન થઈ શકે તેવી નથી. ક્યા એવા ચતુર પુરુષને આ શરીર મહાવૈરાગ્યને ન ઉત્પન્ન કરે? વળી આ પાપ શરીરમાં એક બીજો પણ દોષ કહેલો છે કે - 'જે ગુણયુક્ત જ્ઞાની પણ હોય, તે નિર્ગુણ આ શરીરમાં મોહ પામે છે.' આવી વૈરાગ્ય ઉત્પન્ન કરનારી દેશના સાંભળવા છતાં ઘણા જળથી મગશેલીઓ પાષાણ ભીંજાય નહિં, તેમ આ રાજા પણ ભાવિત થયો નહિં. રાજ ચિંતવવા લાગ્યોકે, 'શરીરની સાર-સંભાળ ટાપ-ટીપ-પરિક્રમ ન કરવાના કારણે આ વૈરાગ્ય પામેલી છે, પરંતુ જ્યારે તેનો નિયમ પૂર્ણ થશે, એટલે નક્કી ફરી પણ

સ્વસ્થ થશે.' રાજાએ કહ્યુ કે, હે સુંદરી ! તું ખેદ ન કર, તું તારો આ નિયમ સુખેથી પૂર્ણ કર.'

એમ હસતો રાજા ત્યાંથી ચાલી ગયો. જ્યારે સમયની મર્યાદા પૂર્ણ થઈ, એટલે ભોજન પછી મહેન્દ્ર રાજાએ તેને કહ્યું કે, 'હે સુંદરિ ! આજે તો તારો સમાગમ કરવા એકદમ હું ઉત્કંઠિત થયોછું.' તો દેવીએ રાજાને કહ્યું કે, 'એકનો મરણ-સમય આવ્યો,ત્યારે પાંચસોની માગણી કરવા આવ્યો' આવી જે કહેવત છે, તે અત્યારે સાચી પડી. આજે મેં ઘણા લાંબા કાળે રસવાળું ઘી આદિથી મિશ્રિત મનોહર સ્નિગ્ધ ભોજન કર્યું. તેથી શરીરમાં અત્યારે અતુલ મહાકુલતા ઉત્પન્ન થયેલી છે. વેદનાથી મારું મસ્તક ફૂટી જાય છે, પેટમાં ભયંકર શૂલની વેદના થાય તે, મારા શરીરના સર્વ સાંધાઓ જાણે તૂટતા હોય, તેમ એકસામટી વેદના ઉત્પન્ન થઈ છે.' આટલું બોલતાં તેણેરાજાના લક્ષ્ય બહાર મદનફલ મુખમાં મૂક્યું, એટલે તરત જ એકદમ ભોજન કર્યું હતું, તે સર્વ વમન કરી નાખ્યું. તેણે કહ્યુંકે, 'હે રાજન્ ! આ શરીરનું અશુચિપણું દેખ કે, તેવા પ્રકારનાં મનોહર ભોજનનોને પણ જેણે ક્ષણ વારમાં અશુચિમયકરી નાખ્યાં. વળી હે ભાગ્યશાળી ! અતિશયક્ષુધા પામેલો હોય, તેવો કોઈ પણ તમારા સરખા મૂર્ખ શિરોમણિ પુરુષ સિવાય આ વમન કરેલાભોજનની અભિલાષા કરે ખરો ? ત્યારેરાજાએ પૂછયું કે, 'હે સુંદરી ! હું બાલિશ પુરુષ કેવી રીતે થાઉં ? હે મૃગાક્ષી ! આવા ભોજનની અભિલાષા કરનારો કેવી રીતે ગણાઉં ?' રતિસુંદરીએ કહ્યું કે, 'હે વિચક્ષણ ! આ વાત પ્રગટ હોવા છતાં તમે લક્ષ્યમાંકેમ લાવતા નથી ? બીજાએ ભોગવેલી સ્ત્રી એ તો વમન કરતાંપણ વધારે હીનવસ્તુ છે.' રાજાએ કહ્યું કે, હે સુંદરી ! તારી વાત સત્ય છે. આ લોક અને પરલોકમાં આ અત્યંત વિરુદ્ધ છે. વિષયરાગની અધિકતાથી હું તારા સમાગમ માટે અતિલુબ્ધ બન્યો. આ પ્રમાણેબોલતા, નીસાસો મૂકતા રાજાને કહયું કે - 'આ તુચ્છ શરીરમાં તમને રાગનું કારણ શું દેખાય છે ? ત્યારે રાજાએ કહ્યું કે, 'હે સુંદરી ! તપથી શોષિત થયેલા તારા દેહમાં નેત્રોનું મૂલ્ય આખી પૃથ્વી આપી દઉં, તો પણ અપૂર્ણ રહે છે.' રાજાનો નિશ્ચય જાણીને બીજા ઉપાય હવે કામ નહિં લાગે - એમ જાણીને પોતાના શીલરત્નનું રક્ષણ કરવા માટે શરીરનો વિનાશ ન ગણકારતી રતિસુંદરીએ મહાઆશ્ચર્યકારી સાહસનું અવલંબન કરીને એકદમ પોતાનાં બે નેત્રો ઉખેડીનેરાજાને અર્પણ કર્યાં. (૧૩૦)

તેણે કહ્યું કે, 'હે સુપુરુષ ! તમારા હૃદયને આ અત્યંત વલ્લભ છે, તો સુખેથી આ નેત્રો ગ્રહણ કરો, પરંતુ દુર્ગતિમાં પાડનાર બાકીના શરીર-સમાગમ કરવા વડે કરીને હવે સર્યું.' નેત્રવગરની તેને દેખીને રાજાનો રાગ પીગળી ગયો, વૃદ્ધિ પામતા મહાવિષાદથી વિસ્મય પામેલો તે કહેવાલાગ્યો કે - 'હે દેવાંગી ! આવા પ્રકારનું અતીવ ભયંકર કાર્ય તેં કેમ કર્યું ? મારા આત્માને પણ અતિશય દુષ્કર દુઃખરૂપદાહને આપનારું આ કાર્ય તેં કર્યું. રતિસુંદરીએ કહ્યું કે, 'હે રાજન્ ! તમને અને મને બંનેને આ સુખનું કારણ થયુ છે. પ્રબલ રોગવાળાને આકરાં કડવાં ઔષધ રોગને મટાડવાસમર્થ થાય છે. હે નરવર ! પરદારાનો સંગ કરવાથી વંશની મલિનતા થાય છે. વળી જગતમાં હંમેશાં રાવણની જેમ અપયશનો ઢોલ વાગે

છે, નરકગતિપ્રાપ્ત થાય છે. વળી પરદારા-સેવનથી ભવાંતરમાં દરિદ્રતા, દુર્ભાગ્ય, નપુંસકપણું, ભગંદર, કોઢ આદિ રોગોનાં દુ:ખો પરદારાનો પ્રસંગ કરનારા આત્માઓ અનંતી વખત પ્રાપ્ત કરે છે. આવા પ્રકારનાં દુ:ખોથી હવે આપણે બંને આજથી મુક્ત થયા છીએ. આ કારણે આપણા બંનેના હિત ખાતર આ દુષ્કર કાર્ય હોવા છતાં મેં કર્યું છે. બીજી વાત એ છે કે - 'હે મહાયશવાળા ! મારા જ દોષથી તમે પાપ-સન્મુખ થયા, તેથી કરીને નિર્ભાગી હું તમને મારું મુખ કેવી રીતે દેખાડી શકું ? મારાં લોચન જવાથી તમારું દુર્ગતિમાં ગમન થતું અટકીગયું, તો તેથી શું મને લાભ ન થયો ? કારણ કે, પરોપકાર થાય તો આપણા પ્રાણો સફળ ગણાય.' (૧૪૦) આ વગેરે યુક્તિ -પૂર્ણ ગંભીર દેશના શ્રવણ કરતાં રાજા પ્રતિબોધપામ્યા. અતિશય સંતોષ પામેલો તે દેવીને કહેવા લાગ્યોકે, 'હે સુંદરી ! હિત અને અહિતના યોગ્ય વિભાગો તું જાણે છે, તો હવે તું મને આજ્ઞા કર કે- મંદપુણ્ય એવા મારે હવે શું કરવું યુક્ત છે ? રતિસુંદરીએ કહ્યું કે, 'હે સુંદર ! હવે પારકી સ્ત્રીના સંગની વિરતિ કરો કે, જેથી ભવમાં ઉત્પન્ન થનારાં દુ:ખોના ભાજન તમે ન થાવ.' ત્યાર પછી અતીવ પશ્ચાત્તાપ રૂપી તીવ્ર અગ્નિથી ઝળતા મનરૂપી વનવાળા, તેનેધર્મગુરુ માનતારાજાએ તેની આજ્ઞાને અંગીકાર કરી. હવે રાજા ચિંતવવા લાગ્યો કે, 'અનાર્ય એવા મેં આ મહાસતીનો મહાઅનર્થ કર્યો. આ પ્રમાણે સહન ન કરી શકાય તેવા શોકવાળો થયો અને સર્વ વ્યાપાર છોડી દીધો.

હવે રતિસુંદરી પણ મનમાં શાસનદેવીનું સ્મરણ કરીને જિન અને નવકારનું ધ્યાન કરતી કાઉસગ્ગમાં ઉભી રહી. એટલે એકદમ શાસનદેવી આકંપિત થઈ તરત જ ત્યાં હાજર થઈ અને તેના શીલના પ્રભાવથી પહેલાં કરતાં પણ અધિક વિલાસ અને શોભાવાળાં બંને નેત્રો કર્યાં. નેત્રવાળી એવી તેનાં દર્શનરૂપી શીતલ જળથી જેના સમગ્ર શોક-સંતાપ નિવારણ થયા છે. એવા તે નરેન્દ્રે અતિશય સ્થિર ચિત્તવાળા બનીને વ્રતો અંગીકાર કર્યાં. ઘણા પ્રકારે પોતાના અપરાધ ખમાવીને વિશ્વાસુ એવા બીજા મોટા સત્પુરુષોને સાથે મોકલીને, ઘણા પ્રકારનો સત્કાર કરીને તેને નંદન-નગર મોકલી આપી. ચંદ્રરાજાને કહેવરાવ્યું કે - 'આ મારી સગી ભગિની, ધર્મગુરુ, મહાત્મા મહાસતી અને દેવથી રક્ષા કરાએલી છે. એના ઉપર કોઈ પણ અશુભ આશંકા ન કરવી. પાપિષ્ઠ એવા મારા અપરાધોની પણ ક્ષમા આપવી. તું ખરેખર ધન્ય છો કે જેના ઘરમાં ત્રણે ભુવનની લક્ષ્મી-સમાન આ કમલસમાન નેત્રવાળી, સારપદાર્થનો નિશ્ચય કરનારી, દેવથી રક્ષાએલી, આવી સતી રહેલી છે. દુર્બલ અંગવાળી તેને દેખીને મહેન્દ્રસિંહે કહેવરાવેલ સંદેશો, તથા તેના પવિત્ર વૃત્તાન્તને સાંભળીને ચંદ્રરાજા અતિશય તુષ્ટ થયો.તેની સાથે સુંદર ધર્મ વિધિપૂર્વક કરતો હતો, તથા મનોહર રાજ્યપાલન કરતો હતો. આ પ્રમાણે કરતાં તેણે સ્ફુરાયમાન યશ-કીર્તિ ઉપાર્જન કરી. રાજપુત્રીએ આ પ્રમાણે પાપવિષયક અકરણ નિયમનું સારી રીતે આરાધન કર્યું. હંમેશાં પ્રવર્તિનીનું વચન યાદ કરતી ધર્મારાધન કરવા લાગી. (૧૫૫)

## બુદ્ધિસુંદરીની કથા

હવે મંત્રીપુત્રી બુદ્ધિસુંદરીને પિતાએ સુસીમનગરમાં ઘણી વિનંતિ કરી, ત્યારે સુકીર્તિ નામના મંત્રીને આપી. ઉત્તમ કળા-સમુહથી પૂર્ણ ચંદ્ર-સમાન પતિને પામીને સૌભાગ્યવંતી તે પૂર્ણિમાની રાત્રીની જેમ જગતમાં અતિ શોભાયમાન બની. કોઈક વખત રાજા રાજપાટિકાએ નીકળતો હતો, ત્યારે પ્રાસાદતલ ઉપર રહેલી સ્ફુરાયમાન દેવાંગના-સમાન તેને દેખી. અપૂર્વ લાવણ્ય દેખીને રાજાનું મન જાણે શિલાજિતમાં ખૂંચી ગયું હોય, તેમ ત્યાંથી આગળ જવા શક્તિમાન ન થયું.કામાગ્નિથી તપેલા દેહવાળારાજાએ બીજો ઉપાય ન દેખવાથી બીજા દિવસે પોતાની અંગત દાસીને તેની પાસેદૂતી તરીકે મોકલી. તે દાસીએ અનેક મનોહર વિચિત્ર યુક્તિ અને વચનોવડે લોભાવવા છતાં તેનો તિરસ્કાર કરી તેનો હાથ પકડી ત્યાંથી કાઢી મૂકી. તો પણ મોહાંધ રાજા કામગ્રહથી અત્યંત પીડા પામ્યો અને લાજનો ત્યાગ કરી અનાર્ય એવો તે તેને ગ્રહણ કરવા માટે તૈયાર થયો.રાજાએ એકદમ તેના પુત્ર, પત્ની સહિત મંત્રીને જકડીને કેદખાનામાં પૂર્યો અને "આણે ખાનગી મંત્રણા પ્રગટકરી" એવો અપરાધ કપટથી જાહેર કરવા લાગ્યો. હે પ્રભુ ! નગરલોકો આપને વિનયપૂર્વક પ્રાર્થના કરે છે કે, 'આ વૃત્તાન્ત આ પ્રમાણે છે' એમ કરીને કોઈ પ્રકારે મંત્રીને છોડાવ્યો, પરંતુ રાજાએ સુંદરીને ન છોડી.

ત્યાર પછી મંત્રી મોટા શબ્દોથી લોકોનેકહેવા લાગ્યોકે, 'અરે નગરલોકો ! તમે મારી ખાત્રી કરો. હું કોઈ પ્રકારે લાંબા કાળે પણ તેને છોડાવ્યા વગર જંપીશ નહિં' તેનો અભિપ્રાય જાણીને ઉદ્વેગ ચિત્તવાળા નગરલોકો ફરી રાજાપાસે ગયા. ત્યારે જાણકાર બીજા કોઈએ જણાવ્યુ કે, સુંદરીને અંતઃપુરમાં પ્રવેશ કરાવ્યો છે. વળી રાજદૂતીએ ફરી તેને વિનંતિ કરી કે, 'મારું વચન તું કેમ માનતી નથી ? હે મુગ્ધા ! આવા સૌભાગ્ય ઉપર હજુ તારે મંજરીની માગણી કરવી છે ? જો તે પ્રથમથી જ આ વાત સ્વીકારી હોત, તો આટલો પરિશ્રમ કોણ કરતે ? શાંતિથી કાર્ય સરતું હોય તો પ્રચંડ દંડ કોણ આચરે ? આવાપ્રકારનો આગ્રહ મારામાં સ્નેહ સદ્‌ભાવ જો તેં જાણ્યો છે, તો હવે તું મારી અવજ્ઞા ન કર કે, જેથી તે સ્નેહભાવ અખંડિત થયા રાજાનું વચન સાંભળીને અતિશય સંવેગને અનુભવતી તેને પ્રતિબોધ કરવાની અભિલાષાવાળી મંત્રિપ્રિયા કહેવા લાગી કે, આવા પ્રકારના અધમ અકાર્યનું આચરણ તો જેઓ હીનજાતિવાળા હોય, તે જ આચરે છે. હે નરનાથ ! તમારા સરખા ઉત્તમ કુળમાં જન્મેલાને આવું કાર્ય છાજતું નથી. સજ્જન મનુષ્ય ગમે તેવી આપત્તિમાં આવે, તો પણ તે પોતાની મર્યાદા છોડતો નથી, ગમે તેવો પવન ફુંકાય, તો પણ સમુદ્ર પોતાની મર્યાદાનું ઉલ્લંઘન કરે ખરો ? અન્યાય કરનારને શિક્ષા કરનાર તમે તો રાજઋષિ છો. જે પોતે જ દુર્નીતિ આચરે, તે બીજાને કેવીરીતે નિવારણ કરી શકશે ? બીજું રાજાને પોતાના દેશમાં રહેલા પ્રજાજનો પોતાના પુત્ર-પુત્રી સમાન હોય છે, તો તેમના વિષે ન્યાયયુક્ત રાજાઓએ પ્રેમરાગ કરવો, તે ઘટતું નથી. તમોને ઉત્તમ કુળમાં જન્મેલી અનેક વધૂઓ છે, તો પછી મારા

સરખી મહાહીનજાતિની સ્ત્રીઓ સાથે રાગ કરવામાં શરમાતા કેમ નથી ? પરાક્રમ અને પ્રતાપરૂપી વૃક્ષને બાળી નાખવામાં અગ્નિ સમાન પરસ્ત્રી છે, તો હવે તમે નિરર્થક ચંદ્રસમાન નિર્મળ યશને કલંક કરનાર ન બનો.' આ પ્રમાણે તેણે ઘણી યુક્તિપૂર્વક રાજાને સમજાવ્યો છતાં ભરેલા ઘડામાં નાખેલુંજળ નિરર્થક વહી જાય છે. તેમ તે મૂઢ રાજાના કાનમાં સ્થાન ન પામ્યું હવે હાસ્ય કરતાં રાજાએ કહ્યું કે, 'હે સુંદરી ! આ સર્વ હું બરાબર જાણું છું,પરંતુ આ સર્વ વિચારણા સ્નેહ-વગરનાને માટે છે. કહેલું છે કે - 'જ્યાં ગણતરી કરતાં કરતાં અર્થ-ધન ચાલ્યું જાય છે, તો તેનાથી અલ્પ પણ પ્રાણપીડાનું રક્ષણ કરવું. જ્યાં યોગ્ય અને અયોગ્ય, યુક્ત અને અયુક્ત કાર્ય છે એમ જોવાય, એવા સ્નેહ કરનાર વિષે જલાંજલિ અપાય છે.' તેનો નિશ્ચય જાણીને હવે કાલક્ષેપ કરવો-એમ બુદ્ધિથી વિચારીને બુદ્ધિસુંદરીએ આદર-સહિત રાજાને કહ્યું કે - (૨૫)

'જો હવે તમારો આ નિશ્ચય જછે, તો પણ મારી પ્રાર્થના છે કે, જ્યાં સુધી મારા નિયમની સમાપ્તિ ન થાય, ત્યાં સુધી હાલ રાહ જોવી. કારણ કે, જે કોઈ પોતાના ગ્રહણ કરેલા નિયમનો ભંગ કરે છે. અથવા તો કોઈ દુર્બુદ્ધિ માણસ ભંગ કરાવે છે,તે બંને ભયંકર ભવારણ્યમાં અનેક દુઃખો ભોગવનારા થાય છે. રાજાએ અનિચ્છાએપણ તેની વાત કબૂલ રાખી, તે એટલા માટે કે - 'આ સ્ત્રીને ભય ન થાવ.' પ્રધાનપત્ની પણ હવે કંઈક શાંતચિત્તવાળી થઈ અનેરાજાને કેમ પ્રતિબોધ પમાડવો ? એમ ઉપાયો વિચારતી વિવિધ પ્રકારના વિનોદમાં સમયપસાર કરતીહતી.

હવે કોઈક દિવસે ઘણું પ્રશસ્ત એવું ઔષધ-વિશેષ મંગાવીને કોઈક હોશિયાર શિલ્પી પાસે પોતાની સરખી પ્રતિકૃતિ-પૂતળી બનાવરાવી. અંદર થી તે પોલાણવાળી રાખી. તેમાં અતિશય દુર્ગંધ મારતી અશુચિ વસ્તુ ભરી. બહારથી મજબૂત અને કરેલાસુગંધ વિલેપનવાળી સુશોભિત પોતાના સમાન સુંદર મૂર્તિ તૈયાર કરાવી. હવે ત્યાર પછી વાતચિત્તનો વિનોદ કરવા માટે જ્યારે રાજા આવ્યા,ત્યારે કાંઈક હાસ્ય કરતાં રાજાને તે મૂર્તિ બતાવાં પૂછયું કે, 'હું આવી જ છું કે કેમ ?' વિસ્મય પામેલા મનવાળા રાજાએ પણ કહ્યું કે 'હે સુંરાંગી ! તારું કળા-કૌશલ્ય પણ કોઈ અસાધારણ જણાય છે. તેં તો તારું આ રૂપ આબેહૂબ અને અધિક બનાવ્યું છે. તું જેના હૃદયમાં રહેલી છે, એવા નિશ્ચિત મનવાળા તેના મનને તો હે સુંદરી ! આ જરૂર શાંતિ આપનારી છે, એમાંસંદેહ નથી.' 'તો જો એમ જ છે, તો હે સુપુરુષ ! આ મૂર્તિને તમારા ઘરમાં સ્થાપન કરો અનેકુલને કલંક લગાડનારી એવી મને હવે છોડી દો.' આ પ્રમાણે જ્યારે તેણે કહ્યું, ત્યારે રાજાએ કહ્યું કે, 'પવનથી જેમ વાદળાં વિખરાઈ જાય, તેમ મારા પ્રાણો પણ જલ્દી વિખરાઈને નાશ પામે. જે પ્રાણો તારા સમાગમ-સુખની આશારૂપ દોરડાથી બંધાએલા છે, દુઃખથી મેં રોકેલા છે, તેવગર બંધનવાળા હરિયાણાની જેમ મારા પ્રાણો એકદમ પલાયન જ થઈ જાય.' ત્યારે મંત્રીપત્નીએ રાજાનેકહ્યું કે, 'હે સોભાગી ! મારા સંગમ કરતાં પણ આનો સંગમ વિશેષ સુખકર થશે કારણ કે, હું તો મદન-કામદેવથી રહિત

છું. જ્યારે આ મદનકામદેવ(મીણ મય છે.')

એમ વિચારી તેણે આ મદનમહિલા-(પૂતળી) રાજાને અર્પણ કરી. રાજાએ તો મત્સરથી હોય તેમ ખસેડી, એટલે ભાંગી ગઈ. અંદરથી અશુચિ અને દુર્ગંધ બહાર નીકળી. રાજા પૂછવા લાગ્યો કે, 'હે મુગ્ધે ! આ અતિશય દુગુંછનીય બાળક જેમ આ શી ચેષ્ટા કરી ?' પેલીએ કહ્યુ કે, 'હે દેવ ! આ તો મેં મારું પ્રતિબિંબ બતાવ્યું છે, હું આવી જ અથવા તો આના કરતાં પણ અધિક હીન છું. અગ્નિ અને જળના પ્રયોગથી આ અશુચિને શુદ્ધ કરી શકાય છે, પરંતુ હે નરનાથ ! આ મારું અંગ શુદ્ધ કરવું શક્ય નથી. માતા-પિતાના શુક્ર શોણિતરૂપ અશુચિથી આ ઉત્પન્ન થયું છે. અશુચિ રસથી વૃદ્ધિ પામ્યું છે, અંદર અશુચિ પદાર્થ ભરેલા છે અને અશુચિ પદાર્થ નિરંતર તેમાંથી વહ્યાકરે છે. જે વસ્તુ આ શરીરની અંદર છે, તેને જો ઉલટાવી બહાર પ્રગટ કરવામાં આવે, તો તેને કાગ અને કૂતરાથી ચાહે તેવો ચતુર પુરુષ હોય તો પણ કોઈ રક્ષણ કરવા સમર્થ થાય ? તમારા કુલકલંકની અવગણના કરીને આ કોહાએલા હાડપિંજર માટે શા કારણે નારક-તિર્યંચનાં દુ:ખોને અવકાશ આપો છો ? તલના ફોતરા માત્ર સુખના માટે માછલી માફક માંસની પેશી માટે લુબ્ધ બની શા માટે તમારા આત્માને ભંયકર નરકની અંદર ધકેલો છો ? હે નરનાથ ! પારકી સ્ત્રીનો ભોગવટો કરનાર નરકનું મહાકેદખાનું પ્રાપ્ત કરે છે. એટલું જ નહિં, પરંતુ તે દુ:ખની પરંપરાનો લાંબા કાળે પણ અંત પામતો નથી. હે સુભગ ! તમારા સરખા સજ્જનો સાથે સંગ કરવાની કોને અભિલાષા ન થાય ? પરંતુ નરકમાં વજ્રાગ્નિની જ્વાલાઓ સહન કરવી એ આપણે માટે શક્ય નથી. મનુષ્યપણાનું ભોગસુખ ગણતરીના દિવસો સુધી અલ્પ કાળ માટે ભોગવાય, પરંતુ તેના વિપાકરૂપે નારકીનાં ભયંકર દુઃખો સાગરોપમ અને પલ્યોપમના લાંબા કાળ સુધી ભોગવવાં પડે છે. બીજું કે - હે નરવર ! તમારા અંત-પુર કરતાં તમે મારામાં શું અધિક દેખો છો ? કે, પરમાર્થ સમજ્યા સિવાય બાળકની માફકખોટો આગ્રહ કરો છો ? (૫૦)

જેમ જુદા જુદા જળના ભાજનોમાં એક ચંદ્ર અનેકરૂપે દેખાય છે અને બાળકો તેમાં વિસ્મયપામે છે, તે પ્રમાણે દુર્લભ ભોગ-સુખને મૂઢલોકો જુદી જુદી સ્ત્રીઓમાં ખોળે છે." આ પ્રમાણે શ્રવણ કરતો રાજા એકદમ સંવેગ પામીને કહેવા લાગ્યો કે - 'હે સુંદરી ! તે સુંદર રીતે સમજાવ્યું. હવે મેં સાચું તત્ત્વનું સ્વરૂપ જાણ્યું. મોહાંધ એવા મને તેં અતિનિર્મલ વિવેક-નેત્રો આપ્યાં, તેમ જ નરકના ઉંડા ખાડામાં પડતાં મને તેં વચમાંથી પકડી રાખી ઉગાર્યો. હે સુંદરાંગી ! ખરેખર હું મંદભાગ્યવાળો છું. હવે કહે કે, 'અત્યારે તારું શું પ્રિય કરું છું ? તેણે કહ્યું કે - 'પરસ્ત્રી-ત્યાગની વિરતિ અંગીકાર કરો.' સૂર્યોદયને દેખીને ચક્રવાક પક્ષી જેમ હર્ષ પામે, તેમ હર્ષથી રોમાંચિત થયેલા અંગવાળો રાજા પરદારા-વિષયક વિરતિને ગ્રહણ કરનાર થયો, તેમ જ ધર્માનુરાગી બન્યો. 'હે સત્પુરુષ ! શાબાશ શાબાશ ! તત્ત્વને ખરાબ જાણ્યું, તેમ જ સત્ત્વ અંગીકાર કર્યું, ખરેખર તમે તમારા વંશની મલિનતા ન કરી' એમ તેની પ્રશંસા

કરી. તેની વારંવાર ક્ષમા માગી, પૂજા-સત્કાર કરી તેને પોતાના સ્થાને જવા રજા આપી. મંત્રીના ઉપર પણ આગળ માફક કૃપાવાળો થયો. આ પ્રમાણે બુદ્ધિસુંદરીએ પણ નિષ્કલંક પાપ ન કરવા રૂપ નિયમનું યથાર્થ પાલન કર્યું. જિનશાસનનરૂપી કમળને શેષનાગ જેમ મસ્તક ઉપર મણિ ધારણ કરે, તેમ ધારણ કરતીપોતાનું શીલ પાલન કરી નિયમનું પાલન કર્યું. (૫૮)

## ઋદ્ધિસુંદરીની કથા

તામ્રલિપ્તી નગરીના ઉત્તમ કલ્પદ્રુમ સમાન જિનધર્મ જાણનાર ધર્મ નામનો વણિકપુત્ર તામ્રલિપ્તી નગરીથી વેપાર માટે સાકેત નગરીએ આવ્યો.દુકાન પર બેઠેલા તેણેકોઈક સમયે રાજમાર્ગમાં સખીઓ સાથે જતી અણધારી ઋદ્ધિસુંદરીને દેખી. ધર્મવણિકે ત્યારે વિચાર્યું કે, 'અસાર એવા આ સંસારમાં આ મૃગ સમાન નેત્રવાળી દેવાંગના સમાન રૂપવાળી દેખાય છે. તો જો ગૃહવાસની આશા કરવી હોય અને અલ્પ પણ વિષયસુખ ભોગવવું હોય તો, આની સાથે સંબંધ કરવો યોગ્ય છે. નહિતર બીજા સાથે તો વિડંબના ભોગવવાની છે. આમ ચિંતવતાં તેની નજર વારંવાર નિવારણ કરવા છતાં એકવાર વિયાયેલી ગાયની નજર જવાસા તરફ જાય, તેમ બલાત્કારે જવા લાગી. દૈવયોગે આ સમયે કૂતુહલ જોવામાં વ્યાકુલ મનવાળી એવી તેની દૃષ્ટિ પણ એકદમ તેના ઉપર પડી. તેને જોવાની ઇચ્છાવાળી તેને ઉદ્દેશીને સખીવર્ગને કહેવા લાગી કે, 'અલી ! આ કોઈ નવીન વેપારી આવ્યો જણાય છે.' તેના મનોભાવને જાણીને તેની એક સખીએ કંઈક હાસ્ય કરતાં તેને સમજાવ્યું કે - 'હે સખી ! આ કોઈકતલનો નવો વેપારી આવેલો જણાય છે.' બીજી સખીએ કહ્યુ કે - 'આ તો કોઈ ચતુર ખેડૂત છેકે, જે સમગ્ર છોડવા વિષે એકદમ પુષ્કળ તલ ઉગાડે છે.' વળી ત્રીજી સખી કહેવા લાગી કે, 'અરે ! તું તો ભોળી જણાય છે. કારણ કે, આ તો આપણા દેખતાં જ ચોરીકરનારો છે. કારણકે, આપણી પ્રત્યક્ષ જ આણે આપણી સખીનું ચિત્તરૂપી સર્વ ધનનુ હરણ કર્યું છે. માટે હે મુગ્ધે ! આને જલ્દી મહારાજા પાસે પકડી લઈ ચાલો, જેથી આપણી સ્વામિનીનું સમગ્ર ચોરેલું હૃદય-ધન પાછું અર્પણ કરે.' વળી અન્ય કોઈ સખી બોલી કે, 'અરે સખી ! આને આપણી સખીએ ગાઢ અનુરાગથી ગ્રહણ કરેલો છે. હવે તો જીવવા માટે સ્વામિની શરણની જ ઇચ્છા કરે છે. એટલે વિલખી થયેલી ઋદ્ધિસુંદરી તેમને કહેવાલાગી કે, 'અરે ! હવે તમે જલ્દી આગળ ચાલો, આવી નકામી અસંબદ્ધ વાતો કરવાનું બંધ કરો.' એટલામાં તે ધર્મ વેપારીને છીંક આવી, એટલે પોતાના તેવા નિમિત્તકારણે આવેલી હોવાથી છીંક પછી 'નમો જિણવરિંદાણ' એમ ઉચ્ચારણ કર્યું. તે શબ્દો સાંભળીને ઋદ્ધિસુંદરીનું હૃદય અધિક ઉલ્લાસ પામ્યું અને તે બોલી ઉઠી કે, 'જિનવરનો આ ભક્ત દીર્ઘકાળ જીવો.'

આ સર્વ વૃત્તાન્ત સુમિત્ર શ્રેષ્ઠીએ જાણ્યો. તેણે ભવ્યજીવની જેમ ધર્મનું સ્વરૂપ પૂછયું. પરિવારને સાથે લઈ જિનમંદિરમાં ગયો. ત્યો એકચિત્તથી પ્રભુની પૂજા કરી, પછી ગુરુને વંદન કર્યું. ઋદ્ધિસુંદરીના પિતાએ પોતે જાતે જઈ તેને સારા મુહૂર્તમાં ધર્મ વણિકને આપી.

આગળ તેના પિતાએ કુલ, રૂપ, વૈભવ, ભંડાર, કૌશલ્ય, કીર્તિવાળા જે જિનમતની બહાર હતા,તેમને ઘણાએ માગણી કરવા છતાં જે કન્યા આપી ન હતી, તે આ ધર્મ પામેલા ધર્મવણિકને આપી. અત્યારે ન માગવા છતાં જિનમતમાં અનુરાગવાળા એવા ધર્મે પ્રાપ્ત કરી. અથવા તો 'જિનમતમાં રહેલાને વગર માગ્યે સુખ આવીને સાંપડે છે.' સંપૂર્ણ મનોરથવાળા તેનો વિવાહ પૂર્ણ થયો. ત્યારે પ્રિયા સહિત ધર્મ સર્વ કરવા યોગ્યકાર્યો નીપટાવીને તામ્રલિપ્તીએ પહોંચ્યો, તે બંનેનો સ્નેહ-સદ્ભાવવાળો પ્રેમ થયો. જેથી આંખના પલકારા જેટલો સમય પણ પરસ્પર એકબીજાનો વિયોગ સહન કરી શકતા નથી. હવે કોઈક સમયે ઘણાં કિંમતી કરિયાણાંઓ ભરીને વહાણ તૈયાર કરી. પોતાના ભાર્યા સહિત ધર્મ ધનોપાર્જન કરવા માટે સિંહલ દ્વીપ નામના દ્વીપે ગયો. ત્યાં ઘણું ધન ઉપાર્જન કરીને પ્રફુલ્લિત ચિત્તવાળો ઘરે આવવા પાછો ફર્યો, ત્યારે ભવ-સમાન ભયંકર એવા સમદ્રની અંદર ભવિતવ્યતાના નિયોગથી અણધાર્યો મેઘનો અંધકાર ફરી વળ્યો. મોટા મોટા કલ્લોલોને ઉછાળનાર એવો કલિકાવાત ઉછળ્યો. પ્રલયકાળના પવન વડે હણાયેલ મહાભયંકર મહાસમુદ્રને દેખીને અલ્પકાળમાં વહાણનાં લંગરોને વહાણના સેવકોએ લંબાવ્યાં. (૨૫)

જે શ્વેતપટવાળો સઢ હતો, તેને પણ સંકેલી લીધો. સમુદ્ર-દેવતાઓને પ્રાર્થના શરુ કરી. આ બંને વણિક દંપતીએ ત્યાં આગાર-સહિત પચ્ચક્ખાણ અંગીકાર કર્યું. ચક્ર ઉપર રહેલો માટીનો પિંડ જેમ ભ્રમણ કરે, તેમ યાનપાત્ર ભ્રમણ કરીને એક ક્ષણમાં સ્ત્રીના હૃદયમાં રહેલીગુપ્ત વાત જેમ ફૂટી જાય, તેમ તે તરત ભાંગી ગયું. જેમણે જીવવાની આશા છોડી દીધી છે, પાણીમાં ઉંચા-નીચા ડૂબતા અને તરતા એમ કરતાં કોઈ પ્રકારે સુંદરીએ અને ધર્મે બંનેએ બે લાકડાનાં પાટિયાં પ્રાપ્ત કર્યાં. ચાર-પાંચ દિવસ પછી તેઓ બંને એક દ્વીપમાં પહોંચી ગયા અને હર્ષ-વિષાદ કરતાં બંનેનો ફરી મેળાપ થયો. સમુદ્ર-સમાન પાર વગરના આ ઘોર સંસારમાં વિપત્તિઓ પ્રાપ્ત થવી સુલભ છે, પરંતુ સુવિશુદ્ધ ધર્મની પ્રાપ્તિ થવી દુર્લભ છે. અસાર સંસારનું સ્વરૂપ અને જિનેશ્વરોએ કહેલાં તત્ત્વોનાજાણકારે સંપત્તિ પ્રાપ્ત થાય,ત્યારે પ્રમોદ અને આપત્તિમાં વિષાદ કરવો યોગ્ય નથી. ધીરપુરુષ હોય કે કાયરપુરુષ હોય, પરંતુ બંનેએ અવશ્ય સુખ-દુ:ખ સહન કરવાનાં જ હોય છે. માટે બુદ્ધિશાળી ધીર-પુરુષોએ આ ઉદયમાં આવેલાં સહન કરી લેવા યોગ્ય છે. ખરેખર તે પુરુષો ધીર અને સાહસિક ઉત્તમ સત્ત્વવાળા અને મહાયશવાળા છે કે, જેઓ આપત્તિ પામવા છતાં પણ અહિં ધર્મકાર્યમાં પ્રમાદ કરતા નથી.

- આ પ્રમાણે સામસામા ધર્મદેશના કરીને ધીરભાવોને ભાવતા, શ્રાવકધર્મનું સુંદર પાલન કરતા હતા. ધર્મમાં અતિસ્થિરતા પામેલા એવા તેઓએ બેટના કિનારા ઉપર વહાણ ભાંગી ગયાના ચિહ્ન તરીકે વૃક્ષ ઉપર ધોળી ધજા ફરકાવી. તે ધ્વજા દેખીને નાની નાવડીમાં બેસીને કેટલાક મનુષ્યો ત્યાં આવી પહોંચ્યા. તેઓએ ધર્મનેકહ્યું કે, 'અમને લોચન નામના વેપારીએ મોકલ્યા છે. જો તમારે જંબૂદ્વીપમાં આવવું હોય, તો આ નાવડીમાં આવી જાય.' ત્યારે પ્રિયાસહિત ધર્મતે નાવડીમાં ચડી બેઠો. એટલે પછી મોટા વહાણના માલિકે તેને ગૌરવ-

સહિત મોટા વહાણમાં બેસાડ્યો. હર્ષ પામેલા તે બંને સ્નેહવાળી કથા કરતા કરતા ભરત સન્મુખ જતા હતા, જેટલામાં સમુદ્ર કાંઠેથી નીકળ્યા. બે રાત્રિ-દિવસ ગયા. એટલે હૃદય હરણ કરનારી ધર્મની ભાર્યાને લોચન જોતો હતો, ત્યારે કામદેવાગ્નિ વ્યાપેલા દેહવાળો તે ચિંતવવા લાગ્યો કે, 'અહો ! વિધિએ લાંબા કાળે પોતાના વિજ્ઞાનનો પ્રકર્ષ અત્યારે આ રમણીનું શ્રેષ્ઠ રૂપ રચીને પ્રગટ કર્યો, અથવા તો નિરંતર કાર્ય કરતાં કરતાં અતિશય થાકી ગયેલા કામદેવના ઉપર જયનો વિજય મેળવવા માટે હાથબાલાના બાનાથી આને બનાવી હશે-એમ હું માનું છું. મારાં યૌવન કે ધન અથવા તો રૂપ કે જીવિતનું મને શું પ્રયોજન છે? જો આ સુંદરી જાતે ઉત્કંઠિત બની મારા ગળે ન વળગે તો નક્કી આ પોતાના ભર્તારને છોડીને બીજા પુરુષની ઇચ્છા નહીં જ કરે. કારણ કે, 'પાકેલી કેરી છોડીને લીંબોળી ખાવાની અભિળાષા કોણ કરે ?' આ પ્રમાણે તે પાપકર્મી અનેક કુવિકલ્પ-સર્પથી ડંખાએલા આત્માવાળો દુર્ભવીની જેમ ધર્મને મારી નાખવા તૈયાર થયો. મધ્યરાત્રિ-સમય થયો અને બીજાઓ ઉંઘી ગયા હતા, તેમ જ બીજા કાર્યમા રોકાએલા હતા, ત્યારે તેણે પ્રમત્તચિત્ત-ઉંઘતા તે ધર્મને ઉંડા સમુદ્રમાં ફેંકી દીધો. પ્રભાત-સમય થયો, ત્યારે ઋદ્ધિસુંદરીએ પોતાના પતિને ન દેખવાથી 'હવે મારે શું કરવું ?' તેમ મૂઢ બનેલીએ કરુણશબ્દથી રુદન ચાલુ કર્યું. 'હું તારું દાસપણું સ્વીકારીને તારા મનની શાંતિ કરીશ.હવે તું કહે કે, અત્યારે અમારા સરખાએ શું કરી શકાય ?' આ પ્રમાણે તેનો વચનોલ્લાપ સાંભલીને વિચક્ષણા એવી તેણે તેના મનોભાવ ઓળખી લીધા. સંવેગ :ભાવિત મનવાળી તે પોતાના રૂપની નિંદા કરવાલાગી.વિચારવા લાગી કે, 'નક્કી આણે જ આ મહાપાપ કરેલું છે. કારણ કે, 'રાગગ્રહના વળગાડવાળાને કાર્યાકાર્યનો વિવેક હોતો નથી.' તો હવે રાત્રે મારે પણ આ સમુદ્રમાં પડવું યુક્ત છે. કારણ કે, 'પતિના વિયોગમાં કુલસ્ત્રીઓને મરણ એ જ શરણ હોય છે.' (૫૦)

અથવા તો જિનમતમાં બાલ-મરણ પ્રયત્નથી નિષેધેલું છે, જો જીવતી હોઈશ તોકદાચિત્ સુંદર ધર્મ અને ચારિત્ર લેવું સંભવે છે, તો જીવતા રહેવું યોગ્ય છે, પરંતુ સમજી શકાતું નથી કે, આવા સંકટમાં સમુદ્રના છેડે પહોંચતાં સુધીમાં અખંડિત શીલગુણ કેમ ટકાવી શકીશ ? અથવા એક ઉપાય છે, હાલ શાંતિથી સમજાવીને કાલ પસાર કરવો, 'આશામાં પડેલો પુરુષો સો વરસ પણ પસારકરે છે.' એમ વિચાર કરીને તેણે કહ્યું કે, 'હવે મારી બીજી કઈ ગતિ હોઈ શકે ? માટે સમુદ્રનો પાર પામ્યા પછી ઉચિત વિચારીશું.' આશાએ બંધાએલ એવા તે મહોાંધે તેની વાત સ્વીકારી અને 'શ્વાન જેમ રોટલીના ટુકડા માટે રાહ જુવે' તેમ કિનારો આવવાની રાહ જોવા લાગ્યો.

હવે અનીતિ કરનારને દેખીને કોપાયમાન થયેલ દેવતાએ ખરાબ વાયરો વિકુર્વીને એકદમ યાનપાત્ર ફોડીને નાશ પમાડ્યું. પુણ્યયોગે સુખ આપનાર જેમ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય, તેમ પાટિયું પ્રાપ્તકરીને સંસાર સરખા ભયંકર સમુદ્રને તે પાટિયાથી સુંદરીપાર પામી ગઈ. આગળ કોઈ ભાંગી ગયેલા યાનપાત્રાનું પાટિયું પ્રાપ્ત થવાથી ધર્મ પુણ્યયોગે એકદમ સ્થાનેશ્વરના સ્થલમાં મળ્યો એકબીજાનો અણધાર્યો મેળાપ થવાના કારણે આનંદામૃતરસથી

સિંચાએલા સર્વ ગાત્રવાળા તેઓએ પોતપોતાના અનુભવોકહી જણાવ્યા.લોચનનું ચરિત્ર જે એકબીજાએ જાણ્યું હતું, તે પણ એક બીજાએકહ્યું. લોચનની આપત્તિ જાણીને ધર્મ ઘણો વિષાદ પામ્યો. કરુણાવંત પુરુષો અપકારીઓ ઉપર પણ ઉપકાર કરનાર થાય છે. વળી તેણે કહ્યું કે, 'હે પ્રિયે ! જિનેશ્વરો, ગણધરો વગેરે મહાભાગ્યશાળીઓને ધન્ય છે કે, જે જીવો શાસ્ત્રોનો અભ્યાસ કરીને અશુભ ભાવોનો ત્યાગકરે છે. આપણને તો આ અશુભભાવ વિશેષ અધિક થયો છે. જેણે નિસ્પૃહભાવથી આપણને સમુદ્રનો કિનારો પ્રાપ્ત કરાવ્યો, તે કેમ અહિં જીવિતનો સંદેહ અને ધન-હાનિ પામ્યો ?' આ પ્રમાણે લોચનનો શોક કરતા હતા ત્યારે નજીકના ગામના સ્વામીએ તેમને દેખ્યા અને તેમનું અપૂર્વ રૂપ દેખીને તે ચિંતવવા લાગ્યો કે, પ્રિયા-સહિતકામદેવ-સમાન આ કોઈ ઉત્તમ પુરુષ છે,પરંતુ દૈવયોગે અહિં આ એકાકી આવેલો જણાય છે. માટે દેવસ્વરૂપ-સમાન એમનું ઉચિત ગૌરવ તથા મારા વૈભવાનુસાર તેમનો સત્કાર-સન્માન કરું.

કાદવમાં ખૂંચી ગયેલા હાથીને બીજા મોટા ગજેન્દ્રો બહાર ખેંચીકાઢે છે, તેમ આપત્તિમાં આવી પડેલા સજ્જનોનો ઉદ્ધાર સુજનો કરે છે, એમ વિચારીને તે ગામનાં સ્વામીએ તે વણિકને બહુમાન-પૂર્વક પોતાને ત્યાં આવવા આમંત્રણ આપ્યું અને એક સુંદર કામકાનમાં ઉતારો આપ્યો, તેની સારી આગતા-સ્વાગતા કરી તેનો ક્લેશ દૂર કર્યો. અનાકુલ મનવાળા ધર્મના કાલોચિત વ્યવસાયમાં ત્યાં દિવસો પસાર થતા હતા અને તે ભાગ્યશાળી સુખેથી ત્યાં રહેલો હતો.

પવનથી વહાણ ભાંગીગયા પછી કંઠે આવી ગયેલા પ્રાણવાળો લોચન પણ સમુદ્રમાંથી એક જીર્ણ કાષ્ઠની પ્રાપ્તિ થવાથી મહામુશ્કેલીથી સમુદ્રના કિનારે પહોંચ્યો. ત્યાં મૂર્છા આવવાથી બેભાન બની ગયો, કોઈ પ્રકારે વળી મૂર્છા ઉતરી, એટલે નજીકની પલ્લીસરખા ગામમાં રહ્યો. મોહાંધ મનુષ્ય જેમ અતિગૃદ્ધ બની જાય છે, તેમ આ લોચન પણ મત્સ્યાહારમાં એકદમ ગૃદ્ધ બન્યો, એટલે થોડા દિવસમાં તેના શરીરમાં તેના રસના અંશના દોષથી દુષ્ટ કુષ્ટ-રોગ થયો, જેથી સર્વથા નિદ્રા ઉડી ગઈ અને હવે કોઈ ચેષ્ટા પણ કરી શકતો નથી.મહાકષ્ટથી જીવે છે. મનુષ્યધર્મનો વિઘાત કરીને પ્રિયસુખોને માણવાની અભિલાષા કરે છે, તે બુદ્ધિ-નેત્રથી રહિત લોચનની જેમ દુઃખનો ભાજન બને છે. આવા દુઃખથી ક્લેશ પામતો તે લોચન ભ્રમણ કરતો કરતોકોઈ વખત થાણેશ્વર પહોંચ્યો. પાણિ ભરવા માટે નીકળેલી ધર્મની પત્નીએ દેખ્યો. સજ્જડ સંવેગ ઉત્પન્ન થાય તેવા, ઘૃણા ઉત્પન્ન થાય તેવા કુષ્ઠરસ વહેતા તે લોચનને પત્નીએ પોતાના ધર્મપતિને ઓળખાવ્યો. કારુણ્યથી ધર્મ પણ તેને પોતાના ઘરે લાવ્યો. (૭૫)

વળી માર્ગ ભેગા થતા હોય, તેવા સ્થાનમાં રહેલું વૃક્ષ દરેકને સુખ કરનારું થાય,તેમ ઘણાના મન ઉપર ઉપકાર કરી, સુખકારી ચરિત્રવાળા એવા તમોને આવી ભયંકર અવસ્થા કેમ થઈ ? તેમ પૂછયું. અથવા તો આ જગતમાં મોટાહોય, તેમને આપત્તિ આવે છે, પણ નાનાને નથી આવતી. સૂર્ય અને ચંદ્ર મહાન છે, તો તેમને રાહુ ઘેરે છે, પરંતુ તારાઓનાના

છે, તેમને ઘેરતો નથી. તો હવે તું ચિત્તમાં ધીરજ ધારણકરજે, સ્વપ્નમાં પણ અલ્પ વિષાદ ન કરીશ, હું ઘણું ધન ખરચીને પણ મિત્રનો દેહ નિરોગી કરીશ.' આ પ્રમાણે આશ્વાસન આપવા પૂર્વક સુંદર ઔષધોથી તેની સારી રીતે ઘણી માવજત કરી. ઉત્તમ મિત્રની સામગ્રી અને તેના પુણ્યયોગે તે નિરોગી કાયાવાળો થયો. તેઓનું અનન્ય સૌજન્ય દેખીને લોચન અત્યંત લજ્જાથી બીડાયેલા નેત્રવાળો બની નિરંતર આનંદ-રહિત બની વિચારવાલાગ્યો કે, 'ચંદનવૃક્ષ અને સજ્જન પુરુષના મનોહર એવા સર્વાંગોનો સમાગમ કલ્યાણકરનાર થાય છે, તેઓ અગ્નિમાં બળે અગર આપત્તિમાં આવી પડે, તો પણ તેમની સુગંધ ભુવનને સુખ આપનાર થાય છે. સજ્જન પુરુષો સો અપકાર ભૂલી જઈને એક નાનો કરેલો ઉપકાર ભૂલતા નથી.ચંદન બળે તો પણ તેની ગંધ ભુવનને સુખ કરનાર થાય છે. શૂન્ય હૃદયવાળા કે સુહૃદયવાળા હોય એવા સજ્જનો જાણીશકાતા નથી. નિર્દય અનાર્યબની મેં આવું ન કરવાલાયક કાર્ય કર્યું, જ્યારે હું આવો પાપી હોવા છતાં આનું માનસ સ્નેહની મમતાવાળું છે. તે સમયેહું સમુદ્રજળમાં મૃત્યુપામ્યો હતો, તો ઘણું સુંદર થતેકે, આવા પ્રકારનાં કરેલા પાપવાળો જીવતાં તેના નેત્રના વિષયમાં ન આવતે.' આ વગેરે ચિંતવતો હતો, ત્યારે પુણ્યકર્મવાળા ધર્મે તેને કહ્યું કે, 'હે મિત્ર ! તું ચિંતાથી મ્લાનવદનવાળોરહેલો કેમ જણાય છે ? શું ધનનાશ થવાથીકે સ્વજનનો વિયોગ ઉત્પન્ન થવાથી, અગર તો કોઈ વ્યાધિનું દુઃખ ઉત્પન્ન થયું છે ? આમાં જે સાચો પરમાર્થ હોય, તે કહે.

ગ્રીષ્મકાળની ગરમીથી સુકાઇ ગયેલા એવા નદી અને તળાવોમાં કેટલાક દિવસો પછી ફરી શોભા ઉત્પન્ન થાય છે, ક્ષીણતા પામેલો ચંદ્ર પણ કેટલાકદિવસ પછી ફરી પૂર્ણતા પામે છે. ઝાડ ઉપરથી પલ્લવો-પાંદડાઓ પાનખરઋતુમાં સર્વથા ઝુડાઈ જાય છે, તો પણ વસંતઋતુમાં વૃક્ષો પત્રોની શોભાથી સમૃદ્ધ દેખાય છે,તેમ ધીરપુરુષોને ગયેલી લક્ષ્મી ફરી દુર્લભ હોતી નથી. બીજી વાત એ છે કે - સુખ કે દુઃખ એ તો પૂર્વે ઉપાર્જન કરેલા સુકૃત-દુષ્કૃતના વિપાકો છે. એ કર્મનો જ્યારે જીવને ઉદય થાય છે, ત્યારે પોતાના કરેલા કર્મના ભોગવટા વખતે શા માટે ખેદ કરવો ? માટે તત્ત્વ સમજેલા આત્માએ હંમેશાં સુકૃતનું ભાથું તૈયાર કરવું જોઇએ કે, જેથી જન્માંતરમાં દુસ્સહ દુઃખ ઉદયમાં ન આવે. તેની શિખામણનાં વચનો સાંભલીને લોચને પણ નીઃસાસો મૂકીને તેને કહ્યું કે, મારું પોતાનું દુશ્ચરિત્ર છોડીને મને બીજું દુઃખનું કારણકોઈ નથી.જે તે વખતે તને મેં ઊંડા સમુદ્રમાં ફેંકી દીધો હતો, તે હૃદયમાં રહેલદુઃખ બારીક અદશ્ય શલ્યની જેમ અતિશય સાલ્યાકરે છે. વળી ક્રૂર ચરિત્રવાળા એવા મેં આ મહાસતીની અભિલાષા કરી,તે મારા હૃદયમાં જાણે બલી મરવાને ઉત્સુક થયો હોઉં તેમ નિરંતર જળ્યા કરે છે. તે પાપનું ફળ તો મને અહિં આ લોકમાં જ મળી ગયું છે. આ હજુ ઘણો પાપી છે, એમ માનીને વિધિ મને પ્રેતવનમાં ન લઈ ગયો, અથવા તો 'આને નિર્ધૂમ અગ્નિ માફક લાંબા કાળ સુધી સજ્જડ બળવા દો' એમ ધારીને પાપથી ભરેલા મને હજુ દૈવે પકડી રાખેલો હશે હે મિત્ર ! મારા કારણે જેટલી વખત તું વધારે ઉપકાર કરનાર થાય છે, તેટલી વખત પશ્ચાત્તાપ રૂપી અગ્નિમાં મને અધિક ફેંકનાર થાય છે.'

આ પ્રમાણે વિવિધ પ્રકારનાં પશ્ચાત્તાપનાં વચનો બોલતો હતો, ત્યારે ઋદ્ધિસુંદરીએ પણ તેને કહ્યુ કે 'ખરેખર તું ધન્ય છે કે,તને પાપનો આટલોપશ્ચાત્તાપ થાય છે. કારણ કે, કેટલાક પાપીઓ પાપ કરીને પણ મહા આનંદ પામે છે, જ્યારે ધીરપુરુષો પ્રથમ તો પાપ કરતા નથી અને કદાચ પાપ થઈ જાય, તો પણ તેના પશ્ચાત્તાપનું દુઃખ પામે છે. આમાં તારો દોષ નથી,પરંતુ તે સર્વ દોષ જો અહીં હોયતો અજ્ઞાનની પરાકાષ્ટાનો છે. અંધપુરુષ કૂવામાં પડે, તો કોઈ ડાહ્યો પુરુષ તેને ઠપકો ન આપે. (૧૦૦) તો હવે અજ્ઞાનનો ત્યાગ કર, માર્ગમાં લાગી જા, નિર્મળ જ્ઞાન ગ્રહણ કર, આત્મહિતની બુદ્ધિ ધારણ કર તથા હંમેશાં મનની વિશુદ્ધિનો પ્રયત્ન કર. પાંચ ઇન્દ્રિયોરૂપી ચોર સુકૃત-ધનનું હરણ કરી જાય છે, તેનું રક્ષણ કર જો ભવિષ્યમાં કુયોનિની પ્રાપ્તિ તથા દરિદ્રતા દુઃખનો સંતાપ પામી શોક ન પામવો હોય તો મૃગજળ (ઝાંજવા)માં મૂંઝાએલા મૃગલાની જેમ કેટલાક પુરુષો ખોટા સુખની આશામાં તણાતા તણાતા યમરાજાના મુખમાં પડે છે, તે આપણે સાક્ષાત્ દેખીએ પણ છીએ. 'ઝેર પીવું ઘણું સારું છે, ધગધગતા અગ્નિમાં પ્રવેશ કરવો સુંદરછે, પરંતુ કોઈ પ્રકારે ઇન્દ્રિયોના વિષયોમાં ગમે તેમ મન કરવું સારું નથી.હાથી મત્સ્ય, સર્પ, પતંગિયો, હરણ વગેરે પ્રાણી-સમુદાય ઇન્દ્રિયોને આધીન બની મૂઢ થઈને વધ-બંધનાદિક મારણાંતિકદુઃખ પામે છે. મનુષ્યો પણ હંમેશાં ઇન્દ્રિયોના વિષયોના અર્થોનો વિસ્તાર પામવા માટે હંમેશા દુઃખ અનુભવે છે - તે તરફ નજર કરો. વળી તેઓ ધન આદિ માટે રાજા આદિની પ્રાર્થના વગેરે કાર્યોમાં કલેશ પામતા દેખાય છે. વિષયોની ખાતર મૂઢ પ્રાણીઓ વિવિધ પ્રકારનાં પાપકર્મો કરે છે અને મનોરથ પૂર્ણ થયા વગર તે મહાપાપ કરનારા નરકમાં પડે છે, પરંતુ જેઓ વિષયોથી પરાઙ્મુખ થયેલા હોય, છતે સાધને વિષયોનો ભોગવટો ત્યાગ કર્યો હોય અને સર્વજ્ઞના શાસનમાં લીન બનેલા હોય, તેવા આત્માઓને દેવતાનાં અને મનુષ્યપણાનાં તેમ જ મોક્ષનાં સુખો હથેળીમાં હાજર થાય છે.' એ વગેરે વચનો સાંભલીને પ્રતિબોધ પામેલો લોચન કહેવા લાગ્યો કે, 'તમે મને ઉત્તમ માર્ગ બતાવ્યો. હે પુણ્યશાળી હે સુંદરી ! તું મારી ગુરુ છે, માટે મને આજ્ઞા કર કે, હવે મારે શું કરવું ?' ત્યારે તેણે કહ્યુ કે, 'યાવજ્જીવ-જિંદગી સુધી પરસ્ત્રીનો ત્યાગ કરવો.' હર્ષ પામેલા મનવાળા તેણે શ્રાવકનાં અણુવ્રતો અને પરદારાવર્જનનો પાપ-અકરણરૂપ નિયમ અંગીકાર કર્યો. એટલે ઋદ્ધિસુંદરીએ તેની પ્રશંસા-અનુમોદના કરી. ત્યાર પછી ખમાવીને નિરોગી દેહવાળો તે પોતાના નગરે ગયો. ધર્મ પણ પોતાની પ્રિયાસહિત ઇચ્છા પ્રમાણે ધનોપાર્જન કરીને સુખપૂર્વક તામ્રલિપ્તી નગરીએ પહોંચીને પોતાના કુલનો આચાર પાલન કરવા લાગ્યો. આ પ્રમાણે ગુરુવર્ગના બહુમાન અને પૂજા કરવાથી પવિત્ર થયેલી એવી ઋદ્ધિ સુંદરીએ અકરણ-નિયમનું સમ્યગ્ રીતે શુદ્ધ ભાવથી પાલન કર્યું. (૧૧૩)

## ગુણસુંદરીની કથા

દેવાંગના માફક વિકાસ પામતી સુંદરતાવાળી ગુણસુંદરી પણ લોકોનાં મનને આકર્ષણ કરનાર મનોહર તારુણ્ય પામી. કોઈક સમયે સખીઓ સાથે ક્રીડા કરતી હતી,ત્યારે યૌવનગુણ

પામેલા વેદધર્મની રુચિવાળો વેદશર્મા બ્રાહ્મણના બટુક નામના પુત્રે તેને દેખી. વિચાર્યું કે, 'ખરેખર હું કેવો ભાગ્યશાળી કે,લક્ષ્મી સમાન પદ્મ સમાન કોમલ હસ્તવાળી, અનિમેષવાળી દેવાંગના-સમાન આ આર્યકન્યાને દેખી. પ્રજાપતિએ આ લીલાવતીનાહસ્તકમળ, નેત્રરૂપ નીલકમલ, અધરરૂપિ બિંબફલ મુખચંદ્રનું નિર્માણ કરીને પોતાની ઉચ્ચ સર્જનશક્તિ કરી, જેથી કમલ કાદવમાં વહી ગયું. નીલકમલ પદ્મદ્રહમાં, બિંબફલ વાડમાં ઘૂસી ગયું અને ચંદ્રને આકાશમાં ફેંક્યો.

દેશની લક્ષ્મી સમાન આ મૃગાક્ષી કન્યા જો મારા ઘરમાં ન હોય, ત્યાં સુધી કાસપુષ્પની જેમ મારું જીવિત અને જન્મ હું અતિનિષ્ફલ માનું છું. આ પ્રમાણે મદનાગ્નિથી તપેલો તે વિવિધ વિકલ્પો કરતો ઉભો રહેલો હતો અને નયનના વિષયમાં તેને દેખતો હતો, એટલામાં તે મુગ્ધા કન્યાબીજે ચાલી ગઈ. તેના મિત્રો તેનો અભિપ્રાય જાણી ગયા, એટલેદેહમાત્રથી તેને ઘરે લઈ ગયા, પરંતુ તેનું મન ભ્રમર તો તે કન્યાના મુખારવિંદમાં જ ચોંટી ગયું. તેણે ભોજન, સ્નાનાદિ આવશ્યકોનો કામદેવના કારણે ત્યાગ કર્યો. એટલે મિત્રોએ કોઈ પ્રકારે આ વાતથી વેદશર્માને વાકેફ કર્યો. પુત્રના સ્નેહાતિશયના કારણે પુરોહિતે જાતે જઈને કન્યાની માગણી કરી. તેણે પણ ઘણી પ્રતિપત્તિ-સત્કાર કરવા પૂર્વક જણાવ્યું કે, 'શ્રાવસ્તી નગરીના પુરોહિતના પુત્રને આપેલી હોવાથી તેને ન આપી. 'ઉત્તમ પુરુષોએ સ્વીકારેલ વચન ફેરફાર થતું નથી.' રાગ-ગ્રહનો વળગાડ વળગવાથી વિકાર મનવાળો, વિષમ દુઃખ પામેલો, અનેક વિકલ્પો કરવા લાગ્યો. જો કે વેદશાસ્ત્રોની અરુચિ થઈ ન હતી, પરંતુ વિષય સંબંધી કામદેવ(વેદ)ની અભિલાષા ઉત્પન્ન થઈ હતી. ખરેખર આ કામ એ ઉલટો જ છે કારણ કે, જે અતિદુર્લભ અને પરાધીન પદાર્થ છે, તેમાં અનુરાગ કરાવે છે અને જે સ્વાધીન પદાર્થો હોય, તેમાં આદર કે અનુરાગ કરાવતો નથી. કામદેવરૂપ પિત્ત જેનું ઉછળેલ છે, એવો તે ગુણસુંદરીમાં ચિત્ત સ્થાપન કરીને મંત્રોનાં પદો શીખવા લાગ્યો,તેમ જ સેંકડો માનતાઓ કરવાની અભિલાષા કરવાલાગ્યો, પરંતુ ઉખરભૂમિમાં વાવેલું બીજ નિષ્ફલ જાય, તેમ તેનાં તેસર્વ કાર્યો નિષ્ફલ થયાં 'પુણ્યરહિતનાં આરંભેલાં કાર્યો કેવીરીતે ફળીભૂત થાય ?' કોઈક સમયે શ્રાવસ્તી નગરીથી આવેલ ભાગ્યશાળી પુણ્યશર્માએ સારા મુહૂર્તમાં તે બાલાની સાથે વિધિપૂર્વક પાણિગ્રહણ વિધિ કરી.તે પુરોહિતપુત્ર તે મૃગ-સમાન નેત્રવાળી ગુણસુંદરીને ગ્રહણ કરીને પોતાના નગરમાં ગયો. જ્યારે બીજો ખેદથી દુઃખિત થયેલો વ્યાકુલ બનેલ રાંકજેવો બની ગયો. કુલના અભિમાન-રહિત થઈ દેવ અને બ્રાહ્મણોનું બહુમાન જેનું ચાલ્યું ગયું છે, અનેક ખોટા સંકલ્પ-વિકલ્પ કરતો એવો તે વેદરુચિ ભટ્ટ તે વખતે જાણે મદિરાપાન કર્યુંહોય, ઝેર પીધું હોય, ગાંડો બન્યો હોય અને કાર્યાકાર્યાદિથી વિમુખ બનેલો હોય તેવો બની ગયો. બીજા દિવસે એવી સંભાવના કરી કે, 'તેના વગર હવે જીવવાથી શો લાભ ?' એમ વિચારી સર્વનો ત્યાગ કરીને સાકેત નગરીથી બહાર નીકળીગયો. તેને મેળવવાના ઉપાયો ખોળવામાં તત્પર બનેલો શ્રાવસ્તી નગરી તરફ ચાલ્યો અને ક્રમે કરી ગિરિદુર્ગ નામના પર્વત પાસે

ભીલોની મોટી પલ્લીમાં પહોંચ્યો. અતિવિનયપૂર્વક તેના સ્વામીની સેવા કરવા લાગ્યો. એમ કરતાં મોટા ભીલનો વિશ્વાસપાત્ર બની ગયો.

એક વખત એકાંત સ્થાનમાં બટુક પુરોહિતે ભીલના સ્વામીને પ્રાર્થના કરી કે, શ્રાવસ્તી નગરીમાં પુરોહિતના ઘરમાં ધાડ પાડવા જવું.' તે વાતનો સ્વીકાર કરીને પ્રથમથી સ્થાનનું જાણપણું કરીને તેવા સમર્થ ચરપુરુષોસહિત ત્યાં જઈને પુણ્યશર્માને ઘરે એકદમ ઓચિંતી ધાડ પાડી. અવસ્વાપિની વિદ્યાથી એકદમ પરિવાર લગભગ ઉંઘી ગયો, ત્યારે ભીલના સમુદાયે તેના ઘરનું સર્વ સારભૂત દ્રવ્ય હરણ કર્યું. હર્ષિત થયેલા બટુકે વિલાપ કરતી ગુણસુંદરીનું હરણ કરી,તેને મધુર વાણીથી આશ્વાસન આપતાં પલ્લીમાં પહોંચાડી (૨૫) ભોજન, વસ્ત્ર, આભૂષણાદિ સર્વ અખૂટ પદાર્થો તેને અર્પણકરવા પૂર્વક મનોહર સ્નેહાળ વચનોથી વિનોદ કરતા કરતા કેટલાક દિવસોપસાર કર્યા. કોઈકદિવસે તેને બટુકે કહ્યુ કે - 'હે સુંદરાંગી ! વિવિધ પ્રકારના ગુણરૂપ કરિયાણા વડે કરીને જે મારું હૃદય વગર હું મરેલા સરખો હોઉં, તેવો શૂન-મુન આમ-તેમ અથડાયા કરું છું, તો હવે તું મારા પર કૃપા કર. હે ધર્મિણી ! તું આટલી અતિનિષ્ઠુર કેમ બેસી રહી છો ? બીજું તું હૃદયમાં નિશ્વાસ ખાય છે, સૂતાં સૂતાં દિશામુખો તરફ નજર કરે છે, નેત્રો ઘૂમે છે,દૈવે તને દૂર કરી હોવા છતાં હવે તું સ્પષ્ટ જિહ્વાગ્રથી બોલતી કેમ નથી ?' આ પ્રમાણે તે બોલ્યો.

ત્યાર પછી તર્ક કરવા પૂર્વક ગુણસુંદરીએ તેને કહ્યુ કે - 'હે સુંદર ! આ તું બોલ્યો, તેનો પરમાર્થ હું સમજી શકતી નથી. મેં ક્યારે તારું હૃદય હરણ કર્યું ? અથવા તું કોણ છે ? પહેલાં તું ક્યાં હતો ? આ વગેરે પૂછયું, એટલો બટુકે પોતાનુ સર્વ વીતક કહી સંભળાવ્યું તે સાંભળીને સંવેગ પામેલી ગુણસુંદરી ચિંતવવા લાગી કે, 'આ મૂઢનો મારા વિષે ઘણો મોટો અનુરાગ જણાય છે. અત્યારે આ મ્લેચ્છો અનાર્યો વચ્ચે શરણ વગરની હું એકલી છું. આ કામરાગાંધથી હવે ક્યારે છૂટી શકાશે, તે જાણી શકાતું નથી. અથવા કદાચ મેરુપર્વતની ચૂલા ચલાયમાન થાય, સૂર્યોદય પશ્ચિમ દિશામાં થાય,તો પણ મારા જીવતાં તો કદાપિ મારું કુલ મલિન નહીંકરીશ અને શીલનું પણ ખંડન નહિં કરીશ. વળી આ પણ એટલો બિચારો નિર્ગુણ નથી.કારણ કે, હજુ નીતિથી માત્ર પ્રાર્થના કરે છે, પરંતુ બલાત્કારથી શીલનું ખંડન કરતો નથી. માટે તેને પ્રતિબોધ કરવો અને મારું શીલ અખંડિત રાખવું. એમ કરવાથી અમોને પ્રતિબોધ કરનાર અમારી પ્રવર્તિનીનું વચન પાલન થયું ગણાશે. આ વિષયમાં નિઃશંક હૃદયવાળા થઈને માર્યા-કપટ કરવું પડે, તો તેનો પણ પ્રયોગ કરવો કારણ નીતિશાસ્ત્રમાં તેવા પાપજન સાથે શાઠ્ય કરવાનું કહેલું છે - એમ વિચારીને તેને કહ્યુંકે, 'જો હવે તે માટે તમે ઉદ્યમી થયા છો, તોતે વખતે તમે મને આ હકીકત કેમ ન જણાવી ? જો તમે નજીક હતા, તો પછી મારે દૂર જવાનું કોઈ પ્રયોજન ન હતું. આંગણામાં જ આમ્રફળ પ્રાપ્ત થતાં હોય, તો પછી દૂર રહેલી આંબલીની સિંગમાટે કોણઅભિલાષા કરે ? એમ કરવામાં કોઈ પરલોક-વિરુદ્ધ ન હતું, નિર્મલ એવા બંને કુલનું કોઈ કલંક ન હતું, આપણે બંને કુંવારા હતા, જો પ્રથમથી તેમ થયું હોત, તો ઘણું સુંદર હતું. હવે તો લગ્ન થઈ ગયાં. લોકોમાં નિંદા થાય,

કુલની મલિનતા થાય, દુર્ગતિમાં ગમન કરવું પડે અને બીજા લોકમાં ઘણી વખત ભયંકર દુઃખો ભોગવવાં પડે. માટે હે મહાસત્ત્વશાળી ! અત્યારે કાલોચિત કરવા યોગ્ય કાર્ય હોય, તેનો સમ્યગ્ પ્રકારે વિચાર કરો. પંડિતપુરુષો પરિણામ સુંદર આવે, તેવા સુંદર વિચાર કરનારા હોય છે. જે સિદ્ધ થવાનું નથી, એમ જાણ્યા પછી તે પદાર્થ માટે ચિંતન કરવું નિષ્ફલ છે. દડાને જેમ અફાળીએ, તેમ તે વધારે ઉછલે છે, અર્થાત્ વધારે ચિંતા કરવાથી ચિંતા વૃદ્ધિ પામે છે."

એ વગેરે વચનરૂપ રત્નોથી રંજિત થયેલા ચિત્તવાળા બટુકે વિચાર્યું કે, 'ખરેખર આ ગુણસુંદરી વિશેષ બુદ્ધિ-ચાતુર્યવાળી છે. મારા પ્રત્યે અતિવાત્સલ્ય રાખી મને સ્નેહથી સર્વ હિતવચનનો ઉપદેશ આપે છે. તે વખતે કાર્યનો શ્રેષ્ઠ ઉપાય મેં જાણ્યો ન હતો, પરંતુ આ માટે તો મેં આટલો મોટો કલેશ-પરિશ્રમ ઉઠાવ્યો, તો હવે હાથમાં-મુખમાં આવેલો કોળિયો જતો કેમ કરું ? અતિક્ષુધા પામેલો એવો હું મેળવેલ ભોજનને કેમ છોડું ?' એમ વિચારીને તેણે કહ્યું કે,'હે સુંદરિ ! આટલા કાળ સુધી તો તારા સમાગમની આશારૂપ દિવ્ય-ઔષધિના પ્રયોગથી વિયોગમાં પણ હું જીવતો ટકી શક્યો છું. ભલે કુલની મલિનતા થાય અને પરલોકમાં પણ દુઃખે અંત આણી શકાય તેવાં દુઃખો ભોગવવાં પડે, પરંતુ હે સુંદરિ ! તારા વિરહાગ્નિથી તપેલા મારા અંગને આલિંગન આપી શાન્ત કર.' તેનો નિશ્ચય જાણીને ગુણસુંદરીએ તેને કહ્યું કે, જો હવે એમ જ છે, તો હે સુંદર ! તારું હિત મારે કરવું જ જોઇએ (૫૦) જો તારો મારી સાથે યોગ થશે, તો હે સુભગ ! આ પલ્લી પણ મને અને તને સ્વર્ગ સમાન લાગશે, પરંતુ મેં એક દુર્લભ મહામંત્રની સાધના શરુ કરેલી છે, તે માટે મેં ચાર મહિના માટેબ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું છે, તેમાં બે મહિના તો વીતી ગયા છે, હજુ બે મહિના બાકી રહેલા છે તમે અત્યાર સુધી ઘણું સહન કર્યું છે, તો આટલું થોડું વધારે પણ સહી લો. તે મંત્રસાધના કરવાનો એવો કલ્પ છે કે, સર્વ પુરુષોને ભાઈ અને પિતા સમાન દેખવા. વળી ભોગના કોઈ પણ પ્રકારનો વિકલ્પ ન કરવો.' ત્યારે તેણે કહ્યુ કે, 'હે સુંદરિ ! તે મંત્રના પ્રભાવથી ક્યા કાર્યની સિદ્ધિ થાય ? ત્યારે જવાબ આપ્યો કે, 'વૈભવ-પ્રાપ્તિ, પુત્રોત્પત્તિ, અવૈધવ્ય' આ તો એકાંત મારા હિતની વાત છે.' એમ માન્ય કરીને ખુશ થયેલા તેણે તે કાર્યની અનુમતિ આપી. ગુણસુંદરીપણ આ બટુકથી અને સંસારના બંધનથી -એમ બે પ્રકારે મુક્ત થવાની અભિલાષાથી ત્યાં રહેવા લાગી તેને વિશ્વાસ પમાડવા માટે સર્વાદરથી ઘરનાં સર્વ કાર્યો કરવાં, શયન બિછાવવાં, આસન સાફસૂફ કરવા રૂપ સ્નેહ બતાવવા લાગી. આ પુરોહિતપુત્રી વિવિધ પ્રકારનાં શાક, સુંદર પક્વાન્ન, ભરપૂર ઘી, દૂધ-ગોરસવાળી ભોજનની વાનગીઓ પકાવીને પીરસવા લાગી, ગુણસુંદરી શ્રેષ્ઠ ભોજન વડે તેને જોતીહતી અર્થાત્ સંભાળતી હતી, પરંતુ સ્નેહવાળા નેત્રથી નહિં, હંમેશાં સ્વચ્છ માનસથી સ્વાદ લેતીહતી, નહિ કે જળથી કૃત્રિમ સ્નેહ બતાવીને તેને બરાબર વિશ્વાસ પમાડ્યો, તેને બરાબર માનવા લાગી હવે તેના હિત માટે અહિં રહું, આયંબિલતપ અને ઉણોદરી ભોજન કરીને પોતાનો દેહ

શોષવી નાખ્યો. સ્નાન, વિલેપન, કેશમાર્જન આદિ શરીરની સંભાળનો ત્યાગ કર્યો. કોઈક સમયે જ્યારે નિયમ પૂર્ણ થવાનો સમય પાકી ગયો, ત્યારે રાત્રિના પાછલા પહોરમાં એકદમ આક્રન્દન કરવા લાગી. ત્યારે બ્રાહ્મણ બટુકે પૂછયું કે, 'હે સુંદરી ! તારા શરીરમાં શી પીડા થાય છે ? દુઃખ સહિત તેણે કહ્યું કે, ન કહી શકાય તેવા શૂલના દર્દની પીડા થાય છે.' તેને દેખીને નિરાશ પામેલા વેદરુચિએ પીડા મટાડવા માટે મણિ, મંત્રો ઔષધિઓના સેંકડો ઉપાયો કર્યા, જેને જે વિષયનું જ્ઞાન હતું, તે સેંકડો ઉપાયો કર્યા.

ગુણસુંદરીને પ્રાતઃકાળે લગાર વેદના ઓછી થઈ, ત્યારે ધીમે ધીમે સ્ખલના પામતી પડી જતી હતી, છતાં ઘરનાં કાર્યો કરતીહતી. 'હે સુભગ ! હું તારા ઘર માટે અયોગ્ય છું, નિર્ભાગી છું. કારણ કે, 'મને આવું ભયંકર દુઃખ ઉત્પન્ન થયું, મારા મસ્તકમાં ઘણી જ આકરી વેદના ઉત્પન્ન થઈ છે, 'અગ્નિથી ગ્રસાયેલી હોઉં' તેવી શરીરમાં બળતરા થાયછે, અંદરનાં આંતરડાંઓ કપાઈ જાય છે, સર્વ અંગના સાંધાઓ તૂટી જાયછે. આ દુઃખ-તાપથી જળી રહેલી હું માનું છું કે, હવે મારા પ્રાણ ધારણ કરી શકીશ નહિ, એક વાત મનમાં અધિક ચાલ્યા કરે છે કે, 'તારી મહાઆશાઓ મારાથી પૂરી શકાઈ નહિ. પાપિણી એવી મારા માટે ઘણા લાંબા સમય સુધી તમે તમારા આત્માને ઘણો પરિશ્રમ પમાડ્યો, પરંતુ મૃગતૃષ્ણાના જળ માટે દોડેલા હરણિયાની જેમ તમે ફળ ન મેળવી શક્યા. બીજું પૂર્વે મેં બીજાને પીડા કરીને મારું પોતાનું સુખ મેળવ્યું, તેના અતિભયંકર વિપાકો અત્યારે શરણ વગરની બનીને હું સહન કરી રહી છું - એમ મારું માનવું થાય છે. અથવા તો કોઈને આપીને વળી પાછું પડાવી લીધું હશે, અથવા તો કોઈકને ચંદ્રના કલંક સમાન કલંક આપ્યું હશે અથવાતો મેં પૂર્વે ગ્રહણ કરેલાં વ્રતો ભાંગી નાખ્યાં હશે અથવા તો કોઈકના પ્રેમીનું હરણ કર્યું હશે, તેવા પૂર્વે કરેલા પાપયોગે અત્યારે હું તારા નેત્ર-સમક્ષ બળી-ઝલી રહેલી છું.હવે મને જલ્દી કાષ્ઠો આપો, એ સિવાય આ મારો દાહ દૂર થવાનો નથી. આ પ્રકારે વિવિધ પ્રકારના વિલાપ કરતી, આહાર ન ગ્રહણ કરતી,પોતાની નિંદા કરતી, એવી તેને દેખીને પશ્ચાત્તાપ કરતોબટુક બ્રાહ્મણ નિર્વેદ-સહિત કહેવા લાગ્યોકે - 'મારા પ્રાણ પણ આડા રાખીને એટલે પ્રાણોનો ભોગ આપીને પણ હે સુંદરિ ! હું તારું પ્રિય થાય,તો કરીશ જ. દૈવયોગે તને આવું દુઃખ આવી પડ્યું છે, તો હવે જો તને શ્રાવસ્તી નગરીએ લઈ જાઉં, વિદ્યા, ઔષધ વગેરેનો યોગ કરવાથી નિરોગતા થવાનો ત્યાં સંભવ છે.' (૭૫)

ગુણસુંદરીએ ત્યારે કહ્યું કે, 'હે સુંદર ! ત્યાં જવાથી દુર્જન લોકો બોલવામાં શું બાકીરાખે ? તે સમજી શકાતું નથી. અતિઈર્ષ્યાલુ મારો પતિકેવી રીતે વિશ્વાસ પામી શકે ? એક તો આ વેદનાનું દુઃખ, બીજું દુર્જનોનાં ગમે તેવા અણઘટતાં વચનો સાંભળવાં પડે, ક્ષત ઉપર ક્ષાર નાખવા સમાન આ દુઃખ કેવી રીતે સહન કરી શકાય ? તો હવે બીજો કોઈ વિચાર કરો અને સારો ઉપાય ચિંતવો. આવા દુઃખનીપીડાથી હવે તો મારે રણએ જ શરણ છે' વેદરુચિએ કહ્યું કે - 'જ્યાં આ જ દુઃખ જોવા સમર્થ બની શકતો નથી, તો પછીપ્રચંડ

અગ્નિજ્વાલા-સમૂહથી ભરખાતી તને હું કેવીરીતે દેખી શકું ? માટે હે મુગ્ધે ! તો હવે નિઃશંકપણે જા, હું તારી સાથે મૈત્રીભાવ રાખીશું, 'જીવતો મનુષ્ય મોટાં ભદ્રો પામી શકે છે.' આ પ્રમાણે બટુક ઘણું બોલતો હતો, ત્યારે તેને ગુણસુંદરીએ કહ્યું કે, 'હે સુભગ ! તને દુઃખ ન થાય,તેમ કર,' બીજું વધારે શું કહું. હવે બટુક તેને વાહનમાં બેસાડીને નગર બહાર લઈ ગયો. તેને કહ્યું કે, નગરના લોકોને મારું મુખ કેવી રીતે બતાવી શકીશ ? જો હવે તું જવા માટે શક્તિમાન છે, તો હવે હું તો અહિંથી જ પાછો ફરુ છું.' સ્ત્રીએ વિચાર કર્યો કે, 'પ્રતિબોધ કર્યાવગર મારે કેવી રીતે છોડવો ?

ત્યાર પછી કહ્યું કે, ઠીક હવે બીજી વાતથી સર્યું. હવે તો મારો સ્નેહી સગો ભાઈ થયો છે. હવે લજ્જાનો ત્યાગકર, એટલે આપણે ઘરે પ્રયાણ કરીએ. પોતાની બહેનને સાસરે મૂકવા જવામાં વળી લજ્જા કેમ થાય ? ઉલટો એ તો ઉત્સવ ગણાય. અહિંથી તું પાછો ઘરે જાય, પણ તારા મનની શાંતિ કેવી રીતે થાય ? આ પ્રમાણે ગુણ-દોષની વિચારણા કરીને બંને ઘરે પહોંચ્યા. સ્વજનોને ઘણો આનંદ થયો અને પુણ્યશર્મા ઘણો હર્ષ પામ્યો. સુંદરીએ પતિનેકહ્યું કે, 'હે પ્રિયતમ ! આ સગાભાઈ કરતાં અધિક છે.કારણકે, ક્રૂર ભીલોના હાથમાંથી મન છોડાવીને મારું રક્ષણ કર્યું છે. માટે આ પલ્લીવાસી હોવા છતાં આ મહાસત્ત્વ મોટો ઉપકારી છે. આને જે ઉચિત કરવું યોગ્ય લાગે, તે પ્રિયતમે સમજવાનું' ત્યારે પુણ્યશર્માએ તેનેકહ્યુંકે, 'હે ભાગ્યશાળી ! તમારા સરખા પંડિતપુરુષને હંસને જેમ કાગડાની સાથે વાસ કરવો યોગ્ય ન ગણાય, તેમ પલ્લીપતિ સાથે વાસ કરવો યોગ્ય ન ગણાય, તો હવે તારે અહિં જ રહેવું તને જે કોઈ અપૂર્ણતા હશે તેને હું પૂર્ણ કરીશ' આવાં વચનામૃતથી સિંચાએલો તે લજ્જાથી નમી પડેલો વિચારવા લાગ્યો કે, ખરેખર આ બંનેને સમુદ્રની ગંભીરતા, મેરુપર્વતની મોટાઈ અને વનમાં વાસ કરતાં પક્ષીઓની અમૃત સમાન વાણીના ગુણો ગ્રહણ કરી લીધા છે. બીજા કોઈમાં આવું અને આટલું સૌજન્ય સંભવી શકે નહિં. મને સમજ પડતી નથી કે, મારા સરખા ખલશેખરવિષે પણ આવા અમૃત-સમાન મધુર આલાપો. અથવા તો પોતાના મહાગુણોને કારણે મહાપરુષો ક્ષુદ્રોના વર્તનને જાણી શકતા નથી. જેના કાંઠા ઉપર ઘણું ઘાસ ઉત્પન્ન થયું હોય, તેવી કૂપિકાઓ વિષે ઉંચા હાથીઓ પણ પટકાય છે અરે રે ! મેં આ સજ્જનને નકામો અનર્થ કર્યો કેટલીક વખત બિલાડો સારભૂત એવી ઉત્રડને પોતાની વિષય તૃષ્ણાથી તોડી ફોડી નાખે છે.'

આવા પ્રકારના ગંભીર-ગુણવાન પુરુષને છોડી મારા સરખા અયોગ્ય ઉપર સુંદરી કેવી રીતે પ્રીતિ કરી શકે ? કમલવનની લક્ષ્મીકોઈ દિવસ આકડાના વનમાં ક્રીડા કરી આનંદ પામે ખરી ? આની બુદ્ધિ ઘણી સુંદર છે કે જેણે આ પ્રમાણે પોતાના શીલનું અખંડિત પાલન કર્યું અને મને પણ વિધિપૂર્વક પાપ-અગ્નિમાં પડતો બચાવ્યો. મેં મહાઅપરાધ કર્યો છે, જો હવે અહિંથી જીવતો નીકળી જાઉં,તો ફરી આવા પ્રકારનાં દુર્વિનીત કાર્યો નહીં કરીશ.' હવે સ્નાન સમય થયો છે, એમ નોકર વર્ગે વિજ્ઞપ્તિ કરી, પુણ્યશર્માએ તેને આમંત્રણ આપ્યું. ત્યાર પછી અભ્યંગન, વિલેપન, સ્નાનાદિક એને પ્રથમ કરાવ્યાં, ત્યાર પછી પોતાના શરીરનાં સ્નાનાદિક

કાર્યો પતાવ્યાં. પહેરવા માટે નિર્મલ વસ્ત્રજોડી આપી, વિધિપૂર્વક ભોજનાદિ કરવા લાયક કાર્યો કર્યા. એ પ્રમાણે દિવસ પસાર કરીને રાત્રે ઉચિત શય્યામાં સૂઇ ગયા. (૧૦૦)

'હું પોતે અપરાધી છું' એવી શંકાવાળો વેદરુચિ બ્રાહ્મણ નિદ્રા પામી શકતો નથી, અતિચપળ નેત્રવાળો તે ત્યાંથીચાલી નીકળવાના ઉપાયો શોધવા લાગ્યો.ચપળ સ્વભાવવાળા પાપી મનુષ્યો સરળ સ્વભાવવાળા સજ્જનોમાં પણ વિશ્વાસ કરતા નથી.પોતાના અપરાધથી ભય પામેલા અશંકનીય વસ્તુમાં પણ શંકા કરે છે. આ પ્રમાણે મધ્યરાત્રિ સમયે જવાની ઇચ્છાવાળો ધીમે ધીમે નીકળવા તૈયાર થયો, એટલે દેવયોગે એકદમ સર્પે તેને ડંખ માર્યો. તરત જ પોકાર કર્યો, એટલે તે સાંભલીને સર્વે જાગી ઉઠ્યા. દીવો મંગાવીને તપાસ કરી તો પરિવારસહિત પુણ્યશર્માએ ભયંકર કાળો નાગ જોયો. તે વખતે તરત જ નગરના પ્રસિદ્ધિ ગારુડિકોને બોલાવ્યો, એટલે તેઓએ મંત્ર તંત્ર, ઔષધવડે પોતાની શક્તિ અનુસારચિકિત્સાકરી. તેઓના દેખતાં જ તેની વાણી રોકાઈ ગઈ. શરીર સ્થિર બની ગયું, પરંતુ મન, શ્રવણ અને નેત્રો સચેતન હતાં, એટલે તે વૈદ્યોએ પ્રત્યક્ષ કહ્યુ કે, ખરેખર આને કાલસર્પે ડંખ માર્યો છે, એટલે વેદરુચિ અને પુણ્યશર્મા બંને નિરાશ બની ગયા. એટલામાં અંજલિમાં જળ ગ્રહણ કરીને ગુણસુંદરી ત્યાં આવી અને એમ કહીને જળથી છંટકાવ કર્યો કે, જો મારા દેહની શીલસંપત્તિ નિષ્કલંક વર્તતી હોય,.તો આ મારો બંધુ આજે જલ્દી નિર્વિષથાઓ.' આ પ્રમાણે બોલીને ત્રણ વખત જળ છાંટ્યુ એટલે ક્ષણાર્ધમાં તે ઝેર વગરનો થયો. આશ્ચર્ય મનવાળાલોકો બોલવા લાગ્યાકે, 'આ જગતમાં શીલ જયવંતું વર્તે છે. મહાસતી ગુણસુંદરીનો જય થાઓ. આવા વચનની ઘોષણા કરતાં નગરજનો એકઠા થયાઅને પુષ્પાંજલિ અને અક્ષત વધાવી તેની પૂજા કરી વેદરુચિએ પૂછયું કે 'અરે લોકો ! અહિં આ અત્યંત વિસ્મયનો કયો પ્રસંગ છે, તેનો સંબંધ મને કહો. ત્યારે લોકોએતેને કહ્યુંકે- હે બ્રાહ્મણ ! તને નવો જન્મ પ્રાપ્ત થયો છે તને આ તારી બહેને જીવાડ્યો છે. તે કારણે આ મહાસતીની અમોએ પૂજા અને સત્કારકર્યો છે.આમ કહીને લોકો ચાલ્યાગયા, ત્યારે વેદરુચિ તેને પ્રણામ કરીને કહેવા લાગ્યો કે, પહેલાં તો તું મારી ભગિની હતી,પરંતુ અત્યારે તો જીવિતદાન આપવાથીમારી જનેતા છો અને પાપમતિથી નિવારણ કરનારી હોવાથી મારી નક્કી ગુરુણી પણ છો. મેં તારું માહાત્મ્ય જાણ્યું અને તે મારું પાપવર્તન જાણ્યું,તો હવે મને જણાવ કે હું પાપકર્મી તારો કેવીરીતે ઉપકાર કરું ? તેણે કહ્યુ કે, 'હે સુંદર ! જો પરમાર્થ-બુદ્ધિથી પરદારા -સેવનની વિરતિ કરે, તો તેં મારો સર્વ ઉપકાર કર્યો ગણાય. પરદારા-ગમન એ દુર્ગતિનું મૂલ છે, અપકીર્તિનું કારણ,કુલના કલંક અને કુલનો ક્ષય કરવાના કારણભૂત છે, અનેક પ્રકારની વિટંબણા કલેશ, મહાવિરોધ ઉત્પન્ન કરનાર છે. અથવા તો તેં પોતે જ પરદારા-વર્જનનો પ્રભાવ પ્રત્યક્ષ દેખ્યો. તો હવે સમજ. હે બંધુ ! વધારે કહેવાની જરૂર નથી.' ગુણસુંદરીનું આ વચન અંગીકાર કરીને પુરોહિતને સાચો સદ્ભાવ જણાવી ને, ઘણા પ્રકારે તેને ખમાવીને બટુક પોતાના સ્થાને ગયો. સાસરિયા અને પિયરિયા એમ બંને પક્ષની ઉત્તમ પ્રકારની કીર્તિ

ફેલાવતી ધીર એવી ગુણસુંદરીએ આ પ્રમાણે સાધ્વી પાસે ગ્રહણ કરેલો 'અકરણ નિયમ' લાંબા કાળ સુધી દઢપણે પાલનકર્યો. (૧૨૨)

## રતિસુંદરી આદિ ચારે ય સખીઓના પછીના ભવો

— આ પ્રકારે રતિસુંદરી વગેરે ચારેય સખીઓ પરપુરુષના પાપ સંબંધી અકરણ નિયમનું લાંબા કાળ સુધી પાલન કરીને દેવલોકમાં રતિસુંદર નામના વિમાનમાં જેમણે સ્ફુરાયમાન તેજયુક્ત શરીરની શોભા વડે કરીને દિશાઓ ઉદ્યોતવાળી કરી છે – એવી દેવી તરીકે ઉત્પન્ન થઈ. લાંબા કાળ સુધી દિવ્ય સુખનો ભોગવટો કરીને કંઈક પુણ્ય બાકી રહેલું, તે ભોગવવા માટે ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરીને ત્યાંથી ચ્યવેલી એવી તે ચારે ય ચંપા નગરીમાં કંચનશ્રેષ્ઠિની વસુંધરા નામની પ્રિયા, કુબેરશેઠની પદ્મિની નામની, ધરણની મહાલક્ષ્મી નામની અને પુણ્યસારની વસુંધરા નામની પત્નીઓની કુક્ષિઓમાં છીપ સમાન વિશાળ ઉદર-સંપુટોમાં મુક્તામણિની જેમ અતિગોળાકાર, નિર્મલ, સારાવર્તનવાળી એવી સુંદર પુત્રીઓપણે ઉત્પન્ન થઈ. પોતાના કુલમાં સારભૂત તારા, શ્રી, વિનયા અને દેવી એવાં તેમનાં નામો સ્થાપન કરવામાં આવ્યા. શ્યામકમળ-સમાન ખીલેલા નેત્રકમળવાળી તેઓ શોભતી હતી. અનેક સારીકળાઓ ગ્રહણ કરેલી, ચંદ્રના લાવણ્યને પણ હાસ્ય કરતી,લોકોનાં નેત્રોનું હરણ કરનાર અનુક્રમે તેઓ તરુણવયને પામી. પણ તેઓ પરસ્પર અતિ સ્નેહપૂર્ણ હૃદયવાળી હતી, વળી શ્રાવકકુળમાં જન્મ થવાના કારણે ઉત્તમ વિરતિધર્મને પણ અંગીકાર કરનારી થયેલી હતી.

જિનેશ્વર ભગવંતને દાન આપવાના પ્રભાવથી પૂર્ણ ગુણથી આકર્ષાએલી એવી આ કન્યાઓનો વિવાહ વિનયંધર નામના શેઠપુત્ર સાથે થયો હતો. આ ભરતક્ષેત્રમાં પ્રસિદ્ધ એવી ગજશીર્ષ નામની નગરીમાં વિચારધવલ નામના રાજ્યધુરા વહન કરવામાં શ્રેષ્ઠ વૃષભસમાન એવા રાજાના ઉદાર ચિત્તવાળો, દયાદિગુણવાળો, નિરંતર ઉપકાર કરનાર, પાપનો ત્યાગ કરનાર તે વિનયંધર સ્તુતિપાઠક હતો. વળી તે ઉદારતાના કારણે દરોરજ મનોહર એવા આહારાદિકનું દાન કરીને પછી જ ભોજન કરવાના નિયમવાળોહતો. કોઈક દિવસેબિન્દુનામના ઉદ્યાનમાં મેરુપર્વતની સ્થિરતાની ઉપમાવાળા કાઉસ્સગ્ગ-પ્રતિમાપણે રહેલા ઉત્સર્પિણી કાળના નવમા તીર્થંકરનાં તેને દર્શન થયાં. તેમનાં રૂપ, ઉપશમલક્ષ્મી, મનોહર તપ-ચારિત્ર દેખીને અતિહર્ષ પામેલો તે આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો કે, 'અહો ! આ પરમાત્માનો દેહ કેવો સુંદર છે ? અંગોની રચના ઘણી મનોહર છે, તેજલક્ષ્મી વિસ્મય પમાડનાર છે, લાવણ્ય અનુપમ છે, તેમનો ઉપશમગુણ લોકોત્તર છે, ચારિત્રધર્મ બળવાન છે, નેત્રો દેદીપ્યમાન છે, હે આર્ય ! આજે તેમની ફરી ફરી સેવા કરો, આજે મને અપૂર્વ દર્શન થયું. આ પરમાત્મા દેવ મને વારંવાર દર્શન આપો."

આ પ્રકારની ઉલ્લસિત શ્રદ્ધાવાળો અસીમ ભક્તિરાગથી સ્તુતિ કરીને હૃદયમાં તેમના

પ્રત્યે બહુમાન વહન કરતો તે વિનયંધર ઘરે પહોંચ્યો. તેના કુશલાનુબંધી પુણ્યયોગે ભોજન-સમયે તેનાં ગૃહદ્વારમાં ત્રિલોકનાથ તીર્થંકર ભગવંત ભિક્ષા માટે પધાર્યા. તેમનાં દર્શનથી આ સ્તુતિપાઠક આનંદરસને અનુભવતો ભગવંતને પ્રતિલાભે છે. નિષ્કામવૃત્તિથી દાન આપીને તે વિચારવા લાગ્યો કે, 'ખરેખર હું ધન્ય છું, આજે મારું જીવન સફલ થયું કે, 'મેં મારા બંને હાથના સંપુટથી ભગવંતને દાન આપ્યું.' આ સમયે ગગનમાં દેવદુંદુભિનો નાદ ઉછળ્યો. દેવતાઓ 'અહો ! દાણં અહો ! મહાદાણં' એવા પ્રકાનરા મહાઉદ્‌ઘોષણા કરવા લાગ્યા.લોકોને આશ્ચર્ય ઉત્પન્ન કરે, તેવા પ્રકારની ગંધોદક અને સુગંધી પુષ્પોની વૃષ્ટિ થઈ, એકદમ ઉત્કૃષ્ટ સંખ્યાવાળી વસુધારા ઘરના આંગણામાં આવીને પડી. વળી લોકો અને રાજા, દેવો અને  અસુરો તેઓ પણ તેની સ્તુતિ કરવા લાગ્યો, ઉત્તમોત્તમ એવા સુપાત્રદાનથી જગતમાં અતિઅદ્‌ભુત કઈ વસ્તુ ન બની શકે ? વિશુદ્ધ દાનધર્મનો પ્રગટ પ્રત્યક્ષ પ્રભાવ દેખતો એવો તે વિનયંધર કર્મની ગાંઠ ભેદીને સમ્યક્ત્વ પામ્યો અને દર્શનશ્રાવક થયો. ઉત્તમ સાતક્ષેત્રરૂપ પવિત્ર પાત્રોમાં પોતાનું પુષ્કળ ધન વાપરીને આ અપવિત્ર દેહનો ત્યાગ કરીને પ્રથમ દેવલોકમાં ગયો. દેવાંગનાઓના પરિવાર સાથે અમોઘ ભોગો ભોગવીને લાંબા કાળ પછી દેવલોકમાંથી ચ્યવીને અહિં આ વિનયંધરથયો છે. આ જન્મ પામવાના યોગે રત્નસાર શેઠ પણ યથાર્થ નામવાળા રત્નોના સ્વામી બન્યા અને પૂર્ણયશા માતા પણ પૂર્ણ યશ પામી. (૨૫)

સુંદરરૂપ, કળા-સમુદાય, લક્ષ્મી, કલંકરહિત કીર્તિ, અતિસુંદર અતંઃપુર આ વગેરેની પ્રાપ્તિ જે થાય છે, તે ઉત્તમપાત્રમાં આપેલા દાનનું ફલ સમજવું કહેલું છે કે "દાન એ પુણ્યવૃક્ષનું અક્ષય મૂળ છે, પાપસર્પના ઝેરને ઉતારનાર મંત્રાભરણ છે, દારિદ્રય વૃક્ષના મૂળને બાળી નાખનાર દાવાનળ છે, દૌર્ભાગ્યરૂપી રોગને મટાડનાર ઔષધ છે, મહાસ્વર્ગરૂપી પર્વત ઉપર ચડવાના પગથિયા સમાન છે, મોક્ષનો શ્રેષ્ઠ માર્ગ છે, તો હંમેશા જિનેશ્વરોએ કહેલી વિધિ અનુસાર સુપાત્રમાં દાન આપવું જોઇએ. સમગ્ર કામચરિત્રને ઉત્તેજિત કરનાર એવું યોવન ક્રમે કરીને પામ્યો,ત્યારે જિનેશ્વરને દાન આપેલ, તેના પુણ્યપ્રભાવ-યોગે આ વિનયંધરની સાથે તે ચારેયનો યોગ થયો. તે સમયે તે નગરમાં ઉજ્જવલ યશસમૂહવાળો અને યથાર્થ નામ પ્રમાણે ગુણવાળો ધર્મબુદ્ધિ નામનો રાજા હતો. લાવણ્યજળની નદી સરખી, ગુણોરૂપી મણિઓથી ભરપૂર, નિષ્કલંક ચરિત્રવાળી,સુંદર દંતશ્રેણિ-યુક્ત, સુંદર કાંતિવાળી વૈજયંતી નામની રાણીહતી. જેની ભૂમિની સીમાઓ સારી રીતે પ્રતિષ્ઠિત થયેલી છે,તેમ જ દેશ અને ગામોથી અતિશોભાયમાન છે, એવી શ્રેષ્ઠ પૃથ્વીને પોતાની પત્નીની માફક ભોગવતા તે રાજાના નગરમાં રાજસભા વચ્ચે એવી ચર્ચા ચાલી કે, 'આપણા નગરમાં ન્યાય પુરસ્સર વર્તન કરનાર સૌભાગી, સુખી, શરીરે પણ સ્વસ્થ એવો પુરુષ કોણ હશે ?' ત્યારે કોઈક રાજસેવકે કહ્યું કે, 'આ નગરમાં અહિં સુખીઓમાં પણ અગ્રભાગ ભજવનાર બુદ્ધિશાળી મોટા શેઠના વિનયંધર નામના પુત્ર છે કે, 'જેની પાસે કુબેરની જેમ અખૂટ ધન-ભંડાર છે, લોકોને

મોહ પમાડનાર કામદેવ-સમાન રૂપ છે, બૃહસ્પતિને પણ આનંદ આપનાર દેવ-ગુરુ સરખું ઘણું વિજ્ઞાન છે. તેમ જ દેવોની અને વિદ્યાધરોની સ્ત્રીઓકરતાં સુંદર રૂપવાળી, પતિની આજ્ઞા થતાં જ જેમનાં મુખકમલો વિકસિત થાય, તેવી આજ્ઞાંકિત ચાર શ્રેષ્ઠ પત્નીઓ છે, એટલે વચમાં વળી બીજો બોલી ઉઠ્યો કે, 'અરે ! અનાર્ય ! તું એક વણિકની સ્ત્રીના ગુણનું વર્ણન કરીને દેવાંગનાઓ અને વિદ્યાધરીઓનાં રૂપની અવહેલના ન કર. કેમ કે, તેવા કેટલાક તરુણો દેવોની અને અસુરોની માનતાઓ એટલામાટે માને છે કે, તેમને તેવા રૂપવાળી પત્નીઓની પ્રાપ્તિ થાય, પરંતુ તેવી કેટલીક કામિની પોતાના રૂપનો ગર્વ કરતી હોવા છતાં તે ચારેયની ચાલ, મનોહર વચન વગેરેની ખૂબ આનંદથી પ્રશંસા કરે છે. આ પ્રમાણે તેમની ઘણી જ પ્રશંસા સાંભળીને ભવિતવ્યતા-યોગે રાજા તેમના વિષે રાગવાળો થયો. લોકો ગુણવાન પુરુષોને દેખવાછતાં તેવા પ્રકારના રાગવાળા થતા નથી, જ્યારે બીજાએ વર્ણવેલા નિર્ગુણ હોય, તો પણ તેના પ્રત્યે અનુરાગવાળા થાય છે. આવી જગતની સ્થિતિ છે. (૪૦)

તેરાજા ધર્મબુદ્ધિવાળો હોવા છતાં ક્ષણવારમાં અધર્મબુદ્ધિવાળો થઈ ગયો. 'મદનથી મૂઢ બનેલો હોય તેવા કોની બુદ્ધિ વિપરીત થતી નથી ?' એક બાજુ નિર્મલકુલ મલિન થાય છે, બીજી બાજુ કામદેવનો તાપ મને પરેશાન કરી બાળી મૂકે છે. એક બાજુ જળથી ભરપૂર બે કાંઠાળી નદી છે, બીજી બાજુ વાઘ છે વચ્ચે દુ:ખી થઈને રહેલો છું, ન આમ જવાય, ન તેમ જવાય-આવી ભયંકર મારી કપરી સ્થિતિ થઈ છે. અનેક ન કરવા લાયક કુવિકલ્પોરૂપી લહેરોથી તણાતા ચિંતા-મહાસાગરના ખોળામાં રહેલા એવા તેણે આવા પ્રકારના આશ્વાસનરૂપ દ્વીપ પ્રાપ્ત કર્યો નગરના લોકોને વિશ્વાસ પમાડીને તે વણિક્નો કોઈક દોષ ઉત્પન્ન કરીને બલાત્કારથી તે સ્ત્રીઓને ગ્રહણ કરું, જેથી હું નિંદાપાત્ર ન બનું.' એમ નિશ્ચય કરીને ખાનગી પુરોહિતને કહ્યું કે, 'કપટસ્નેહથી વિનયંધર સાથે તારે મૈત્રી કરવી' ત્યાર પછી તરત ભોજપત્રમાં એક ગાથા લખાવીને કોઈને ખબર ન પડે તેવી રીતે ગુપ્તપણે તે અજાણ રહે તેમ મને આપવી. તે ગાથા આ પ્રમાણે - "હે હરણસરખા નેત્રવાળી ! રતિકળામા ચતુર ! આજની ચાર પહોરાવાળી રાત્રિ અભવ્ય એવા મેં તારા વિયોગથી હજાર પહોર સરખી મહામુશીબતે પસાર કરી."

પુરોહિત બ્રાહ્મણે તે પ્રમાણે કર્યું અને રાજાએ નગરલોકને તે ભોજપત્ર મોકલ્યું અને કહેવરાવ્યું કે, 'રાણી ઉપર સુગંધી પદાર્થોના પડિકામાં વિનયંધરે આ મોકલ્યું છે, માટે હે લોકો ! આ કોના હસ્તાક્ષરની લિપિ છે, તેની પરીક્ષાનો નિશ્ચય કરીને મને જણાવો, પાછલથી તમો એમ ન કહેશો કે, રાજાએ આ અયોગ્ય કર્યું' નગર લોકો પણ વિચારવા લાગ્યા કે, 'દૂધમાં પોરાઓ ન સંભવે, છતાં પણ સ્વામીની આજ્ઞા છે, તો તે અનુસાર આપણે આજ્ઞા પાલન કરવી જોઇએ. (૫૦) એમ બોલતા લિપિ-હસ્તાક્ષરોની પરીક્ષા શરુ કરી. અક્ષરો મળતા આવ્યા, નગરલોકોને ખાત્રી હતી કે, 'આ વિનયંધર આવું અકાર્યકદાપિ ન કરે. વળી જે મનગમતા દ્રાક્ષના વનમાં નિ:શંકપણે સુખેથી ચરતા હોય, તેવા હાથી જ્યાં શરીરમાં કાંટા

ભોંકાય તેવા કેરડાંના જંગલમાં આનંદ માણી શકે નહિં. તે ભાગ્યશાળી વિનયંધરની સાથે જે કોઈ મુહૂર્ત માત્ર પણ ગોષ્ઠી-વિનોદ આચરે છે, તે અશોકવૃક્ષના સંગથી જેમ વિષ ચાલ્યું જાય, તેમ તેના સંગથીપાપ ચાલ્યું જાય - આવો પુણ્યશાળી વિનયંધર છે તો હે દેવ ! આ વિષયમાં શો પરમાર્થ હશે તેનો આપ બરાબર સાવધાનીથી વિચાર કરો. કોઈક દુષ્ટે આ બની શકે તેવું કાવત્રું ઉભુ કર્યું છે.

સ્વભાવથી સ્ફટિકરત્ન તદ્દન નિર્મલ હોય છે, પરંતુ ઉપાધિયોગે તે શ્યામ દેખાય છે. એ પ્રમાણે કોઈ હલકા દુષ્ટ પુરુષના સંગથી અસ્ખલિત ચરિત્રવાળા તેને આ કલંક ઉત્પન્ન થયું છે.'' આ પ્રમાણે નગરલોકોએ તો ઘણો પ્રતિકાર કર્યો, પરંતુ મર્યાદારૂપી હાથ બાંધવાના સ્તંભથી મુક્ત થયેલ મત્તહાથી માફક નગરલોકોને ન ગણકારતો રાજા અયોગ્ય કાર્યકરવા તૈયાર થયો. સેવકોને આજ્ઞા કરી કે, 'અરે ! તમે બલાત્કારથી પણ તેની પત્નીઓને લાવીને જલ્દી તેના પરિવારને દૂર હઠાવીને મારા મહેલમાં પૂરી દો.' વળી નગરલોકોને કહ્યું કે, 'તમે પણ વિરુદ્ધ આચરણ કરનારાઓનો પક્ષપાત કરનારા છો. તો તમે બરાબર મારી સમક્ષ તેની શુદ્ધિ કરાવો, હું છોડી મૂકું.' આ પ્રમાણે કઠોર વાણીથી નગરલોકોને તદ્દન નિરાશ કર્યા અને કૃપણ મનુષ્ય માગનારા ભિખારીઓને જેમ, તેમરાજાએ નગરલોકોને પોતાના મહેલમાંથી હાંકી કાઢ્યા. આ સમયે વિનયંધરની ચારેય ભાર્યાઓ 'પોતાનો સ્પર્શ રખે કરે' એ ભયથી રાજસેવકોની આગળ જાતે આવીને ઉભીરહી. રાજસભામાં આવેલી તેઓને દેખીને રાજા વિચારવા લાગ્યો કે, 'અમરાલયમાં પણ આવા રૂપવાળી દેવાંગનાઓ ખરેખર નહિં જ હશે- એમ અતિસુંદર રૂપ છે. જરૂર દૈવઅત્યારે મારે માટે અનૂકૂળ થએલ છે કારણ કે, રૂપ સાંભળ્યું હતું, વળી મને દેખવા મળી, વળી આ અમૃતકૂપિકાઓ મારા ઘરમાં આવી પહોંચી.

હવે આ નવીન સ્નેહરસથી રોમાંચિત શરીરવાળી બની પોતાની મેળે આવી મારા કંઠને કેમ ઉત્કંઠાથી વળગે ? મનુષ્યોની સાથે ભોગ ભોગવતાં જ મદનરસનું કારણ ઉત્પન્ન થાય છે, મદનરસ વગર તો મરેલી રમણી સાથે રમણ કરવા બરાબર સુખ ઉત્પન્ન થતું નથી. અથવા તો કાલક્ષેપ કરવો ઉચિત છે, કાળ પાકશે એટલે આ સર્વ કાર્ય સિદ્ધ થશે. 'જ્યારે ભૂખ લાગી હોય, ત્યારે કદાપિ ઉંબરફળપાકી જતાં નથી.' એમ ચિંતવીને રાજાએ તરત તે ચારેય ભાર્યાઓને અંતઃપુરમાં દાખલ કરાવી શયન, આસન અને મનોહર ભોગોનાં સાધનો સેવકો દ્વારા અર્પણ કરાવ્યાં. પરંતુ તે સાધનોને ઝેર સમાન ગણી તેઓ મહાદુઃખ તાપાગ્નિથી ઝળતી થકી નિર્મલ શીલરત્નને ધારણકરનારી શુદ્ધ પૃથ્વીતલ ઉપર બેઠી. ત્યાર પછી રાજાએ નિયુક્ત કરેલી અશ્રુયુક્ત દાસીઓને વિનયપૂર્વક તેઓને કહ્યુ કે, 'હે દેવીઓ ! તમો શોકનો ત્યાગ કરો.આજે તો તમારું પૂર્વે ઉપાર્જન કરેલ પુણ્ય-વૃક્ષ ફળીભૂત થયું છે કે, આ અમારા સ્વામી આપના પ્રત્યે અત્યંત અનૂકુળ થયા છે. જેમના પર તેઓ પ્રસન્ન થાય છે, તેમને ચિંતામણિ માફક સુખના કારણ થાય છેઅને જો રોષાયમાન થાય છે,તો નક્કી જીવનનો અંતકરનાર થાય છે. તો હવે વિષાદનો ત્યાગ કરીને તેની કૃપાથી ઇચ્છા પ્રમાણે ભોગો

ભોગવો અને મનના સંતાપનો ત્યાગ કરો, કૃતાર્થ બનેલી તમે હવે સ્નેહપ્રણયભાવ કરો.' આ પ્રમાણે બોલતી દાસીઓને અતિ નિષ્ઠુર વચનથી તરછોડીને કહેવા લાગી કે, 'અરે ! ઉદ્વેગ કરાવનારી ! તમો અહીંથી બકવાદ કરતી દૂર જાઓ. જો તે રાજા કોપાયમાન થઈને અમારા જીવનનો અંત કરશે તો અમે તેને સુંદર માનીશું કારણ કે,અસ્ખલિત શીલવાળાને મરણ પણ સુખ કરનાર થાય. ભિલ્લો પણ પારકી સ્ત્રીઓને બળાત્કારથી ગ્રહણ કરી ભોગવતા નથી, જ્યારે આ કુલની મર્યાદાઓનું ઉલ્લંઘન કરનાર તેઓથી પણ અધમ થયો છે.' આ વગેરે વચનોથી તિરસ્કાર પામેલી દાસીઓએ સર્વ હકકીત રાજાને સંભળાવી. 'હે દેવ ! સ્ફટિકની નિર્મલ શિલા વિષે કોઈપ્રકારે ચક્રવાક પક્ષી ઉડીને ચડતું નથી. (૭૫)

તેમનો નિર્ણય જાણીને રાજા પણ ખૂબ ચિંતાતુર થયો, સૂર્યતાપથી તપેલ રેતી વાળા પ્રદેશમાં માછલી જેમ તરફડે, તેમ શયનમાં આનંદ પામતો નથી અને આમતેમ પડખાં ફેરવી તરફડવા લાગ્યો. ઘણા કાંટાળા બિછાનામાં રહેલો હાથી સુખેથી નિદ્રા લે છે, પરંતુ હંસની રૂંવાડી સમાન કોમળ શય્યામાંસૂતેલો કામાનુરાગી મનુષ્ય નિદ્રા મેળવી શકતો નથી. ચિંતાગ્નિથી ઝળી રહેલો રાજા વરસની ઉપમાવાળી રાત્રિ પસારકરીને સૂર્યોદય-સમયે વસ્ત્રાભૂષણની સજાવટકરી તેઓનીપાસે ગયો.તેઓએ તે સમયે ઉભા થવા જેટલો પણ રાજાને આદર ન આપ્યો, લગાર પણ તેના તરફ ઈચ્છા પ્રદર્શિત ન કરી. કુબેર કે ધનપતિ જેમ દરિદ્રને પ્રાર્થના ન કરે, તેમ તેઓએ પ્રાર્થના ન કરી. હવે રાજાએ તેઓનાં રૂપ તરફ નજર કરી, તો ચારેય સ્ત્રીઓના મસ્તકના કેશ અગ્નિની જ્વાલા સમાન કપિલવર્ણવાળા, ચીબા-ચપટી નાસિકાવાળી, જીર્ણ મલિન વસ્ત્ર પહેરેલી, બિલાડી સરખી માંજરી આંખવાળી, લાંબા દાંત અને લબડતા ઓષ્ઠવાળી, વાંકા મુખવાળી, જેમની યૌવનવય વીતી ગયેલી હોય તેવી સૂકાઈ ગયેલા ચરણવાળી, દરિદ્રપત્ની સમાન તુચ્છ અતિશય બીભત્સ દેખાવવાળી,રાગીઓને પણ વૈરાગ્ય ઉત્પન્ન કરનાર, આવા પ્રકારનું વિરૂપ દેખીને નિરાનંદ થયેલો રાજા ઉંડી ચિંતા કરવા લાગ્યોકે, 'શું મને દષ્ટિમોહ થયો હશે ? કે, મારો મતિમોહ થયો હશે ? અથવા તો હું સ્વપ્નદશામાં હોઈશકે કોઈદેવનો પ્રયોગ હશે ? અથવા તો મારા પાપનો પ્રભાવ હશે ? અરે ! આ તો કોઈ વખત ન દેખેલ એવું મહાન આશ્ચર્ય થયું છેકે, 'આવી વાત સાંભળી પણ નથી.અરે ! ક્ષણવારમાં આ સર્વેનું રૂપ પલટાઈ કેમ ગયું ?'

આ સર્વ વૃત્તાન્ત જાણીને એકદમ ત્યાં આગળ રાજાની મહાદેવી આવી પહોંચી. સ્નેહ-કોપ પ્રગટ કરીને તે રાજાને ઠપકો આપવાલાગી કે, 'અરે ! અનાર્ય ! આવી વહી ગયેલી હીન સ્ત્રીઓમાં તમે અનુરાગ કરો છો ? પાત્રવિશેષને ઓળખ્યા વગર આ રાજપુત્રીઓની અવગણના કરો છો ? કુલના કલંકની પણ ખેવના કરતા નથી આ સ્ત્રીઓ તમારા તરફ વૈરાગ્યપામેલી છે, એવા તેના ગુણને પણ તમે ઓળખી શક્યા નથી. આ પ્રમાણે તમારા કુલની મર્યાદા છોડીને તમે અમારા થઈને પારકા જણ તરફ કેમ દોડો છો ? આ પ્રમાણે રાણીએ ઘણા પ્રકારે રાજાને ઠપકાર્યો, ત્યારે લજ્જાથી શરમાઈ ગયેલા રાજાએ નીચું મુખ

કરીને તત્કાલ વિનયંધરની સ્ત્રીઓને છોડી દીધી. જ્યારે તેઓએ મુક્ત કરી,ત્યારે ફરી તેઓનાં રૂપો સ્વાભાવિક-અસલ હતાં, તે જ થઈ ગયાં. જેની આશાઓ ભાંગી પડી છે, એવો કારણ જાણવાની જિજ્ઞાસાવાળો તેરાજા હંમેશાં ચિંતાસાગરમાં ડૂબેલો રહેતો હતો.કોઈક દિવસે સાંભળ્યું કે, ઉત્તમજ્ઞાન-સંપત્તિના નિધાનભૂત એવા સૂરસેન નામના આચાર્ય ભગવંત નગરના મનોહર ઉદ્યાનમાં સમવસર્યા છે.પૌરલોકો અને પોતાના પરિવાર સહિત હર્ષ પામેલો તેરાજા તેમનાં દર્શન-વંદન કરવા માટે ચાલ્યો. ત્યાં પહોંચી હર્ષપૂર્વક વંદના કરી નીચેબેઠો. ભગવંતે ધર્મકથા શરુકરી.મોહ-કંદને ઉખેડનાર એવી ભગવંતની દેશના સાંભળ્યા પછી યોગ્યસમય મળ્યો, એટલે રાજાએ આચાર્યભગવંતને પૂછ્યું કે, 'હે ભગવંત ! પૂર્વભવમાં વિનયંધરે એવું શું પુણ્યકાર્યકર્યું કે, 'દેવાંગનાઓના રૂપને જિતનાર એવા રૂપવાળી કન્યાઓ તેને જલ્દી પ્રાપ્ત થઈ. આ પ્રમાણે જ્યારે રાજાએ પ્રશ્ન કર્યો, ત્યારે નગરલોકો અને પ્રિયાસહિત વિનયંધર એમ સર્વે કૌતુકથી ગુરુવચન સાંભળવા માટે આવી પહોંચ્યા.

હવે દુંદુભિ સમાન ઘોષવાળા, પર્ષદાના લોકોને ઉત્પન્ન કરેલા મહાતોષવાળા, પરહિત કરવાના સ્વભાવવાળા એવા કેવલી મહર્ષિએ યથાસ્થિત વિનયંધર કુમારનો પૂર્વભવ તેમ જ તેની પત્નીના પૂર્વભવો કહી સંભળાવ્યા. તેમ જ દેવતાના પ્રભાવથી વિરુદ્ધ રૂપ વિકુર્વ્યું હતું, તેપણ જણાવ્યું. દેશના સાંભળીને તરત જ ભવ્યાત્માઓ તેમ જ રાજાદિક નગરલોકોને તીવ્ર સંવેગ -ભાવના પ્રગટ થઈ.તેમ જ વિષયતરફ વૈરાગ્ય થયો. લોકોનાં મનને આનંદ આપનાર એવા મહાઆડંબર પૂર્વક દીક્ષા અંગીકાર કરી અને અનુક્રમે શાશ્વત મોક્ષ-સ્થાનક પ્રાપ્ત કર્યું. આ પ્રમાણે પોતે અનાચારના ત્યાગ ના કારણભૂત અકરણ નિયમ' ગ્રહણ કરવો, બીજાઓએ પણ આ ઉદાહરણથી તેવો નિયમ ગ્રહણ કરવો. આ કથાનક સંબંધી સંગ્રહગાથાનો અર્થ વિસ્તારવાળા આ કથાનકથી સુખેથી સમજી શકાય તેવો હોવાથી અતિ વિસ્તારના ભયથી અમે સંગ્રહગાથાઓની વ્યાખ્યા અહિં કરી નથી. (૧૦૦) (૭૨૮)

**આ પ્રમાણે રતિસુંદરી, બુદ્ધિસુંદરી ઋદ્ધિસુંદરી અને ગુણસુંદરીનું કથાનક સમાપ્ત થયું.**

આ પ્રમાણે દેશવિરતિની અપેક્ષાએ 'અકરણ નિયમ' વિષયક ઉદાહરણો જણાવીને સર્વવિરતિમાં તેનું વૈશિષ્ટ્ય કહેવાની ઈચ્છાવાળા કહે છે –

૭૨૯ - દેશવિરતિ ગુણસ્થાનકમાં જિંદગી સુધી 'પરપુરુષનો ત્યાગ કરવા રૂપ 'અકરણનિયમ' સંબંધી રતિસુંદરી વગેરેના શીલપાલક કરવા રૂપ નિયમનો સદ્ભાવ જણાવ્યો. એટલે દેશવિરતિ ગુણસ્થાનકમાં પાપ ન કરવા રૂપ નિયમ સંભવે છે. જ્યારે સર્વવિરતિરૂપ ગુણસ્થાનક વિષે જિંદગી સુધી સમગ્ર પાપના ત્યાગરૂપ વિશેષ પ્રકારનો 'અકરણ નિયમ' હોય છે. (૭૨૯) અહિં હેતુ જણાવે છે –

## પાપ-અકરણનો નિયમ અને ભાવાર્થ

૭૩૦ - જે કારણથી તે સર્વવિરતિ લક્ષણ 'અકરણ નિયમ' પરિણામ-વિશેષ સ્વરૂપ

હોવાથી અતિશય પ્રશસ્ત ગણેલો છે. માટે આશયભેદથી ક્ષપકશ્રેણિ નામની શ્રેણિમાં 'अणमिच्छ-मीस-सम्मं अविरयसम्माई अप्पमत्ता' આ વગેરે કર્મપ્રકૃતિમાં ક્ષપણના અધિકારમાં કહેલ છે. સર્વ કર્મમાં તે તે ગુણસ્થાનકના વિષે ક્ષય પામેલા હોય, ત્યાં 'અકરણ નિયમ' જે ક્ષયપામ્યું હોય, તે ફરીથી ન કરાય-એવો ભાવાર્થ સમજવો. કર્મ-પ્રકૃતિઓનો ક્ષય ક્રમ 'કર્મસ્તવ' નામના શાસ્ત્રમાં આ પ્રમાણે પ્રસિદ્ધિ છે - તે આ પ્રમાણે-અનંતાનુબંધી ચારે કષાય. ત્રણે મોહનીય, અવિરતિ - (૪થા)થી અપ્રમત્ત સુધીના ચાર ગુણસ્થાનકો, ત્રણ આયુષ્યો (મનુષ્ય સિવાય) સકલક્ષપક નિશ્ચે ત્રણ આયુષ્યનો ક્ષય કરે. સોળ અને આઠની વચ્ચે એક એક, નરકગતિ, નરકાનુંપૂર્વી, તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વી, એકેન્દ્રિય, બે ત્રણ ચતુરિન્દ્રિય-એમ ચાર જાતિ, સ્થાવર, આતપ, ઉદ્યોત,સૂક્ષ્મ, સાધારણ,સ્ત્યાનર્ધિત્રિક, નરક અને તિર્યંચ ગતિ-પ્રાયોગ્ય નામકર્મની તેર પ્રકૃતિઓ-એમ ૧૬ પ્રકૃતિઓ. અપ્રત્યાખ્યાનીના ચાર અને પ્રત્યાખ્યાનીના ચાર મળી ૮ કષાયો, તેનો ક્ષય કરે. આઠમે ખપાવાની શરૂઆત કરી, નવમે નપુંસકવેદ, સ્ત્રીવેદનો ક્ષય કરે. ઉપરની પ્રકૃતિઓનો ક્ષયકર્યાપછી હાસ્ય,રતિ શોક, અરતિ, ભય જુગુપ્સા રૂપ છ નો કષાય 'અનિવૃત્તિ બાદર' નામના નવમા ગુણઠાણે ક્ષય કરે. એ પ્રમાણે 'સૂક્ષ્મસંપરાય' નામના દશમાં ગુણસ્થાનકે 'ક્ષીણકષાય' નામના બારમા ગુણઠાણે સોળનો ક્ષયકરે. બારમાના દ્વિચરમ-સમયે નિદ્રા અને પ્રચલાનો ક્ષય કરે, બારમાના ચરમસમયે પાંચ જ્ઞાનાવરણીય, ચાર દર્શનાવરણીય,પાંચ અંતરાય આ ચૌદ-એમ સોળનો ક્ષય કરે. ચૌદમાના દ્વિચરમ-સમયે બોંતેર પ્રકૃતિનો ક્ષય કરે, ચૌદમાના ચરમસમયે તેર પ્રકૃતિઓનો ક્ષય કરે. ૧૪૮ પ્રકૃતિઓનો ક્ષય કરી નિર્વૃતિ એટલે મોક્ષ પામેલા જિનેશ્વરોને વંદન કરું છું. (૭૩૦)

૭૩૧ - ચાલુ આ 'અકરણ નિયમ' થી 'ક્ષીણમોહ' આદિ ગુણસ્થાનકમાં-બારમે ગુણઠાણે રહેલા મુનિવરો દેશોન-પૂર્વકોટિ કાલ સુધી જીવે તો પણ પાપસ્વરૂપ નિંદનીય જીવહિંસાદિ કોઈ પણ પ્રવૃત્તિ ન જ કરે.તે કારણથી નારક-તિર્યંચગતિનો નિર્મૂલ છેદ થાય છે,તે તો બંને ગતિનો છેદ 'અનિવૃત્તિ બાદર' ગુણસ્થાનક નામના નવમાં ગુણસ્થાનકે તેર નામકર્મની પ્રકૃતિના ક્ષપકકાળમાં ક્ષય થાય છે. આદિશબ્દથી અનુદયરૂપ અનુબંધનો વ્યવચ્છેદ સમજવો. તે તો જેમની પ્રકૃતિઓ નિવૃત્ત થયેલી હોય અને હજુ ક્ષપકશ્રેણિ પ્રાપ્ત કરેલી ન હોય, તેવા શાલિભદ્ર વગેરે માટે જાણવું (ગ્રન્થ ૧૧૦૦૦) આ 'અકરણ નિયમ' સમજવો. આનો ભાવ એમ સમજવો કે -નરકગતિ આદિ કર્મક્ષયાદિની સાથે અનુદય-યોગ્યતાને પમાડ્યું હોય,તો પણ કદાચિત્ ઉદય પ્રાપ્ત કરે નહિ. તથા 'અકરણ નિયમ' થયા પછી કદાપિ જીવોને પાપમાં પ્રવૃત્તિ થતી નથી. (૭૩૧)

૭૩૨ - સર્વ શલ્યરહિત અને માત્ર મોક્ષની જ અભિલાષાવાળા, ભગવંતની આજ્ઞાને પ્રધાન સ્થાન આપનારા કાલ આદિ અનુરૂપ સંયમનું યથાશક્તિ પાલન કરનારા, ગુરુકુલવાસ સેવનાર એવા ભાવ-સંત મુનિવરો આ જૈન પ્રવચનમાં સંભળાય છે કે, જેઓ દરેક ભવમાં ઉત્તરોત્તર ચડિયાતી મોક્ષમાર્ગની આરાધના કરીને આગળ આગળના ભવમાં ઋષભ, ભરત

વગેરેની માફકવધારે વધારે સુખની પ્રાપ્તિ કરીને છેવટે નિર્વૃતિ-મોક્ષની પ્રાપ્તિ કરી છે, તેમણે માત્ર એકલી સુખ-પરંપરાની સિદ્ધિ મેળવી છે, તેમ નહિં, પરંતુ એ પ્રકારે 'પાપ-અકરણ નિયમ'થી તે તે ગતિ નામકર્મને ફરીથી તે કર્મ ન બંધાય કે ઉદયમાં ન આવે તે રૂપ તે કર્મપ્રકૃતિનો ક્ષય-નિર્મૂલ કરેલ છે. આ જે અમે જણાવ્યું, તેને બીજા પ્રકારે ન વિચારવું. (૭૩૨) એ જ વિચારાય છે.

૭૩૩- શીલભંગ વગેરે કુત્સિત-પાપચેષ્ટારૂપ વિષવૃક્ષના કારણભૂત-નિંદા કરવા યોગ્યક્રિયાના બીજસ્વરૂપ મિથ્યાત્વમોહનીય કર્મનો ક્ષય થયા પછી સ્વપ્નાવસ્થામાં પણ ફરી તે કાર્ય બનતું નથી, તેથી સુખની પરંપરા પ્રાપ્ત કરનારો થાય છે.

૭૩૪ - આ ચાલુ વિષયનાં ઉદાહરણો ઋષભ, ભરત આદિ વગેરે પ્રસિદ્ધ છે. અહિં વિસ્તારના ભયથી દરેક જણાવતા નથી. ચાલુ આ દુઃખમાં કાલને આશ્રીને તેમાંથી એક ઉદાહરણ કરીશ. (૭૩૪) તેની પ્રસ્તાવના કરે છે –

૭૩૫ - જે કાળમાં પોતાના શાસનમાં રહેલા અન્ય મતોમાં રહેલા એવા ચારે બાજુ કલેશ-કજીયા-અસમાધિ કરાવનારા લોકોથી વ્યાપ્ત એવા પાંચમા આરામા પણ સિદ્ધિફલ આપનાર બાહ્ય અનુષ્ઠાન થાય છે-એમ સંબંધ જોડવો. કોને ? તો કે, 'આજીવિકા વગેરે દોષોના પરિહાર કરવાવાળા અને યથાર્થ વ્રત પાળનારા સાધુરૂપ ભાવસંયતો તેવા પ્રકારના ઉત્તમ સંઘયણ આદિના અભાવમાં, જે કાળ હોય, તેના અનુસારે ઇચ્છા-મિચ્છાદિક દશવિધ સાધુ-સમાચારી રૂપ બાહ્ય અનુષ્ઠાનનું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ આદિ અનુસાર પાલન કરનારા પરંપરાએ કુશલાનુબંધી પુણ્યોપાર્જન કરી ચડિયાતા દેવભવો પામી, પરંપરાએ મોક્ષમાં જ જાય છે. જેવા પ્રકારના ધનના સ્વામી હોય, તેવા પ્રકારે દેવતાના પૂજન વગેરે સમમાં ક્રોડો પ્રમાણ ધન ખરચીને પરિણામઆશયની શુદ્ધિ પ્રાપ્ત કરે છે, તેવી જ આશય-શુદ્ધિ દરિદ્ર મનુષ્યપણ કાકિણી (કોડી) રૂપ અલ્પ ધન ખરચનાર આશય-શુદ્ધિ મેળવી શકે છે. આ લૌકિક દૃષ્ટાંતના સામર્થ્ય થી અહિં સરળ પ્રકૃતિ-આશયવાળા વર્તમાનકાળને અનુરૂપ મુનિવરો તીર્થંકરના કાળમાં થનારા ભાવિ સાધુઓની જેમ મોક્ષફલ આપનાર ચારિત્રવંત થશે. (૭૩૫)

આ વિષયમાં શંખ વગેરે ગાથા સમૂહ કરીને શંખ-કલાવતીનું વિસ્તારથી ચરિત્ર કહે છે –

## શંખ-કલાવતીની કથા

૭૩૬ થી ૭૬૮ - જંબૂદ્વીપના દક્ષિણ ભરતાર્ધના મધ્યભાગમાં સંતોષ માનનાર લોકો જેમાં છે, એવો શ્રીમંગલ નામનો દેશ હતો. શત્રુપક્ષ, ચોર વગેરેના ઉપદ્રવથી રહિત અને ચોપગાં જાનવરો સ્વેચ્છાએ સુખથી જેમાં હરી-ફરી-ચરી શકે, તેવા દેશમાં મનોહર શ્રેષ્ઠ એવું શંખપુર નામનું નગર હતું. વળી તે નગરી તરુણીના મુખ માફક લાંબાનેત્ર-સમાન લાંબી

શેરીવાળી હતી, તેમ જ તેની ઉજ્જવલ દંતપંક્તિ માફક ઉજ્જવલ દ્વિજ એટલે બ્રાહ્મણોવાળી હતી.તારાઓનાં હરણ થાય, તેવા આકાશ માફક સ્ત્રીઓની કીકીઓનું જેમાં હરણ થતું, ક્યારે ? તો કે, સદા સૂર્યનો સંચાર થતો હોવા છતાં, શબ્દ-અર્થ શ્લેષવાળી ગાથા છે) વળી નગર ઉદ્યાન સરખું હતું. કેવી રીતે ? નગરમાં વિવિધ પ્રકારનાં ચિત્રોવાળી ચિત્રશાળા હતી, ઉદ્યાનપક્ષે વિવિધ પ્રકારના વૃક્ષોથી શોભાયમાન ઉદ્યાન હતું, ઘણા લોકોના આધારભૂત નગર, ઘણા આમ્રવૃક્ષોથી યુક્ત, ઉત્તમ જાતિઓથી રમણીય નગર, ઉત્તમ જાઈપુષ્પોથી મનોહર ઉદ્યાન, પુરુષો અને દેવાલયોથી મનોહર નગર, સોપારીવૃક્ષો અને નાગરવેલનાં પાંદડાઓથી ઉદ્યાન સરખું શંખનામનું નગર હતું. (આ પણ શબ્દશ્લેષ છે) નગરના દેવાલયોની ધ્વજાઓ ઉંચે ફરકતી હતી અને વાજિંત્રોના ગંભીર શબ્દો નીકળા હતા.

ધ્વજાના બાનાથી જાણે નગરલોકને એમ કહેતી હોય કે, 'અરે લોકો ! જો આવી બીજી કોઇ નગરી દેખી હોય તો જણાવો.'

તે નગરીમાં શંખની જેમ ઉજ્જવલ વર્ણવાળા, પોતાના મધુર શબ્દથી લોકોને સંતોષ પમાડનાર, શુદ્ધકુલરૂપ સમુદ્રમાં ઉત્પન્ન થયેલા એવો શંખ નામનો રાજા હતો. તે રાજા પોતાનો પ્રતાપ દૂર સુધી ફેલાવતો, અન્યાયરહિતપણે હલકા કરો નાખીને, ચંદ્રની જેમ સુખ આપીને રાજ્યપાલન કરતો હતો. ચંદ્રનો પ્રતાપ પણ દૂર સુધી ફેલાય છે. તેનાં ઠંડા કારણો પણ સુખ કરનારાં હોય છે. ચંદ્ર કલંકવાળો હોય છે, પરંતુ આ રાજા અન્યાયના કલંક વગરનો હતો. ચંદ્રની ઉપમા સાર્થક થાય છે. કોઇક દિવસે રાજસભામાં રાજા બેઠેલા હતા, ત્યારે પ્રતિહારે નિવેદન કરેલ વિનય ગુણયુક્ત ગજશેઠનો દત્ત નામનો પુત્ર ત્યાં આવ્યો. રાજાના ચરણમાં રાજાને યોગ્ય નજરાણું ધરાવીને પ્રણામ કરી આદરસહિત જ્યારે આસન ઉપર બેઠો, ત્યારે રાજાએ તેને પૂછયું કે-'હે ગજનંદન ! તું કેટલા લાંબા સમયે દેખાયો ? તારો દેહ તો સારી રીતે કુશળ વર્તે છે ને ? પ્રત્યુત્તર આપ્યો કે, આપના મુખારવિંદને દેખીને વિશેષ કુશળ છે. હે મહાપ્રભુ ! અહિં લાંબા સમયે દેખાવાનું કારણ એ છે કે, વેપારીઓનો કુલધર્મ એવો છે કે-દિગ્યાત્રાએ દૂર જઇને પણ ધન ઉપાર્જન કરવું. દુઃખે કરીને છોડી શકાય એવી સ્ત્રી અને ઘરવાળો જે મનુષ્ય પૃથ્વીતલનું અવલોકન કરતો નથી, તે કૂવાના દેડકાની જેમ સાર કે અસાર પદાર્થને જાણી શકતો નથી. પૃથ્વીમાં પર્યટન કરનાર વિવિધ પ્રકારની અનેક ભાષાઓ જાણે છે, ચિત્રવિચિત્ર દેશ-પરદેશના રીતિરિવાજો અને નીતિઓ જાણે છે, વળી અનેક આશ્ચર્યો જોઇ શકે છે. તેથી હું જગતમાં પ્રસિદ્ધ એવા દેવશાલ નામના નગરમાં ધન ઉપાર્જન કરવાના કારણભૂત વેપાર માટે સુખપૂર્વક ગયો હતો.

રાજાએ પૂછયું કે, 'ત્યાં જતાં-આવતાં માર્ગમાં જે કંઇ પંડિતોના મનને આશ્ચર્ય પમાડનાર એવું અપૂર્વ આશ્ચર્ય દેખ્યું હોય, તે કહે.' ત્યારે દત્તે કહ્યું કે, સેકડો આશ્ચર્યોથી પૂર્ણ એવું દેવશાલ નામનું મહાનગર છે, તેને ચારે બાજુ વીંટળાએલા સ્ફટિક પાષાણનો કિલ્લો છે, વળી તેમાં અનુપમ દેવમંદિરો છે. જાણે સૂંઢ વગરનો, બીજા પક્ષે કર એટલે રાજગ્રાહ્ય કર જેમાં લેવામાં આવતો નથી, એવો સુહસ્તી હતો. ત્યાં કોઇ લોકો માયા-કપટ કરતા નથી. તથા

સર્વે લોકો પીડા વગરના છે. ત્યાં સ્ત્રીઓની રક્ષા ઇચ્છતા નથી, વેશ્યાવર્ગને કોઇ માનતા નથી, ક્લેશની બુદ્ધિને જ્યાં સર્વથા અમાન્ય ગણેલી છે. વળી જ્યાં માંસના આહાર કરનારા હતા નહિ. ત્યાં ઉત્તમ બુદ્ધિવાળા પંડિતોના ચરિત્રવાળા લોકો હતા, પણ ધીવર એટલે માછીમારના ચરિત્રવાળા ન હતા. જ્યાં પ્રધાન-મુખ્ય મુનિઓ કળા સહિત હતા, પરંતુ સ્ત્રીઓ સહિત ન હતા. હે દેવ ! આપની પાસે તે નગરીનું કેટલું વર્ણન કરવું ? બીજાં પણ કેટલાંક આશ્ચર્ય દેખેલાં છે, પણ તે કહેવા અસમર્થ છું. હે દેવ ! શ્યામ કમળ-સમાન નેત્રવાળા એવા આપ તેને જાતે જ સાક્ષાત્ દેખો.' એમ કહીને પ્રયત્નપૂર્વક છૂપાવી રાખેલ એક ચિત્રનું પાટિયું બહાર કાઢીને રાજાને અર્પણ કર્યું. જેને રાજા હાથમાં ધારણ કરીને નિહાળવા લાગ્યો. તે ચિત્રપટ્ટકમાં દેવાંગનાના રૂપનો તિરસ્કાર કરનાર, તેમ જ મનમાં ચમત્કાર કરાવનાર, લાવણ્યજળથી પૂર્ણ કળશની ઉપમાને ધારણ કરનાર સ્તનોવાળી એક કન્યા જોવામાં આવી. આ રંભા કે તિલોત્તમા દેવી છે; એમ માનીને રાજાએ તેને પ્રણામ કર્યા અને માનસમાં વિચારવા લાગ્યો કે, તારા સરખા સરળ સ્વભાવવાળાથી આ કુટિલ સ્વરૂપ કેમ થઈ ? એ પ્રમાણે વચન-પ્રવૃત્તિ કરતા તેણે તેને હાસ્યનાં વચનો સંભળાવ્યાં. લાંબા સમય સુધી તે ચિત્રામણ દેખીને કહ્યું કે, અરે ! જેણે આ આલેખી છે, તેનો વિજ્ઞાન-પ્રકર્ષ-ચિતરવાની કળા કોઈ અપૂર્વ જણાય છે. (૨૫)

ત્યાર પછી રાજાએ દત્તને પૂછયું કે, 'આ દેવી કયાં છે ?' ત્યારે દત્તે કહ્યું કે, દેખીને અન્યૂનપણે ચિત્રાલેખન કરવું, તેમાં વળી વિજ્ઞાનનો કયો પ્રકર્ષ ગણાય ? ખરેખર વિજ્ઞાનમાં નિષ્ણાતપણું તો પ્રજાપતિનું જ ગણાય. કારણ કે, પ્રતિબિંબ વગર આને નિર્માણ કરી. આ ચંદ્રના બિંબ સમાન વદન છે, કમલપત્રની ઉપમાવાળું નેત્ર-યુગલ છે, વળી અંગોની રચના રમણીયતા ઉત્પન્ન કરનારી છે, લાવણ્ય તો સમુદ્રજળ કરતાં પણ અધિક છે, કામદેવના નાટક કરનારા કરતાં તેનો દષ્ટિભંગ-કટાક્ષ ચડિયાતો છે. કાન સુધી પહોંચે તેવા નેત્રના અંતભાગો છે, હાસ્ય ઝરતાં વચન બોલનારી છે. પછી આમાં હજુ અપૂર્ણતા કઇ છે ? આ દેવી ચિત્રમાં રહેલી હોવા છતાં મારા મનનું હરણ કરે છે. દત્તે રાજાને કહ્યું કે, 'આપે તો મનુષ્યસ્ત્રીને પણ દેવી બનાવી, અથવા તો માનુષી હોય, પરંતુ દેવના (આપના) પ્રભાવથી તે દેવી થઇ જાય છે. ત્યારે રાજાએ કહ્યું કે, 'હે દત્ત ! કોઇ દિવસ માનુષીઓ આવી ક્યાંય હોય ખરી ? ત્યારે હાસ્ય કરતા મુખવાળા તેણે કહ્યું કે, 'હે દેવ ! સાચી હકીકત આપ સાંભળો. તેની જે લીલા છે, તે બીજી છે અને તેના અંગની સુંદરતા વળી કોઇક બીજીજ રહે તે માટે. તો વિસ્મય પામેલા રાજાએ પૂછયું કે, 'હે ભદ્ર ! આ કોણ છે ? દત્તે પ્રત્યુત્તર આપ્યો કે, 'હે દેવ ! આ મારી ભગિની છે.' હે દત્ત ! જો આ તારી ભગિની જ છે, તો મેં નથી દેખી-એમ કેમ બોલે છે ? ત્યારે દત્તે કહ્યું કે, 'હવે આ વાતનો પરમાર્થ દેવને જણાવું છું.

પિતાજીના અત્યંત આગ્રહથી કેટલાક કિંમતી વેચવા લાયક કરિયાણાં ભરેલાં મહાયાનપાત્રો (વહાણો) ભરીને દેશો જોવાની અભિલાષાથી અખંડ પ્રયાણ કરતો કરતો અનેક દેશોનું ઉલ્લંઘન કરતો કરતો દેવશાલ નામના નગરના સીમાડાના પ્રદેશમાં ગર્જના કરતા ફાડી

ખાનારા જાનવરોવાળા શૂન્ય અરણ્યમાં પહોચ્યો. ત્યાં આગળ કેટલાક હથિયારોથી સજ્જ બનેલા સુભટપરિવાર સાથે ચપળ ઘોડા ઉપર સ્વાર થઇને ભીલ અને લૂંટારા વગેરેની શંકાથી માર્ગની નજીકમાં જેની નજીકમાં મરેલો ઘોડો હતો અને અચલાયમાન અંગવાલો એક પુરુષ ઓચિંતો મારી નજરે પડ્યો. શું રતિના વિરહમાં અહિં કામદેવને મૂર્ચ્છા આવી ગઇ છે કે શું ? એવો કોઇ સર્વાંગે સુંદર પુરુષ દેખ્યો. આમ સંકલ્પ કરી અને તેની નજીક ગયો. 'હજુ આ જીવતો છે' એમ જાણીને શીતળ જળનો છંટકાવ કર્યો. ફરી બરાબર ભાન આવ્યું, એટલે તેને જળપાન કરાવ્યું, ભૂખ્યા પેટવાળો ધારી તેને એક લાડવો ખવરાવ્યો-એમ તૃપ્ત થયો.

ત્યાર પછી મેં પૂછયું કે, 'હે સજ્જન પુરુષ ! આવા ગહન વનમાં તમે કેવી રીતે આવી ચડ્યા છો ? તેણે પ્રત્યુત્તર આપ્યો કે-'જેના કોઇ દિવસ મનોરથ કર્યા ન હોય, કાર્ય માટે પણ જ્યાં જવાનું ન હોય, ત્યારે કર્મ-દૈવરૂપી પવનવડે પ્રાણીને ઉપાડીને ત્યાં લઇ જવાય છે. તો દેવનંદી નામના દેશમાંથી કોઇક તેવા ઘોડાથી હરણ કરાઇને હું અહિં આવેલો છું, હે સુપુરુષ ! તમે અહિંક્યાંથી આવી ચડ્યા છો ? મેં પણ મારી હકીકત જણાવી. એમ તે દેશના વિભૂષણસમાન શ્રીદેવશાલ નગરમાં જઇશું ત્યાર પછી બંનેનો એક સથવારો થયો, 'તમે અશ્વસ્વારી કરીને ઘણા તપી ગયા છો, આ મારું સુખાસન વાપરો,' એમ કહ્યું, એટલે તે સુખાસન-પાલખીમાં આરૂઢ થયો. ત્યાર પછી હાસ્ય અને આનંદ કરતા બંનેએ કેટલુંક અરણ્ય વટાવ્યું એટલે રાત્રિ પડી, ત્યાં રાતવાસ કર્યો. બીજા દિવસે એકદમ ઉતાવળા ઉતાવળા અશ્વોની શ્રેણી મુખમાંથી ફીણ કાઢતી તથા મોટા ભયંકર શબ્દોના કોલાહલથી દિશાચક્રો ભરી દેતા, તથા ઢોલ, ઢક્કા, ભુંગળ, કાંસા-જોડી, કાહલના મોટા વાજિંત્રોના શબ્દોથી ભુવન ગજાવતા એવા સૈન્યને અમે આગળ જોયું અમારી સાથેના સુભટો એકદમ ક્ષોભાયમાન થઇને તરત પોતાના હથિયારો સજ્જ કરવા લાગ્યા, ત્યારે એક ઘોડેસ્વાર આગળ આવીને અમને કહ્યું કે, 'તમે ડરશો નહિં.' (૫૦) અરે ! તમોએ ક્યાંય દેખ્યો-એટલું બોલતામાં તેણે પોતાની મેળે હાથની સંજ્ઞા કરીને હકીકત સ્પષ્ટ કરી. એટલે તેઓ બંને હર્ષાકુલ બની ગયા.

ત્યાર પછી વૃત્તાન્તથી વાકેફ બનેલા વિજયભૂપાલ ત્યાં આવ્યા. બંદી લોકો 'જયસેનકુમાર જય પામો'-એમ ઉદ્‌ઘોષણા કરવા લાગ્યા. ત્યાર પછી સુખાસનથી નીચે ઉતરી પગેથી ચાલી થોડાં ડગલાં પિતા-સન્મુખ સામે ગયો અને ઘણા સ્નેહથી નીચે ઉતરી પગેથી ચાલી થોડાં ડગલાં પિતા-સન્મુખ સામે ગયો અને ઘણા સ્નેહથી રોમાંચિત શરીરવાળા તેણે પિતાને પ્રણામ કર્યા. પિતાએ પૂછયું કે, 'હે વત્સ ! આવા અરણ્યની અંદર તું કેવી રીતે આવી ચડ્યો ?' હે દેવ ! પેલા દુષ્ટ અવલચંડા અશ્વે મને આ મનુષ્ય - રહિત અટવીમાં પ્રવેશ કરાવ્યો. ત્યાર પછી અતિશય કંટાળી ગએલા મેં લગામ છોડી દીધી, એટલે અશ્વ તરત ઉભો રહ્યો. હું અશ્વ પરથી નીચે ઉતર્યો, ત્યાર પછી 'આ અકાર્ય કરનાર છે' એમ ધારી જાણે પ્રાણો તેને છોડીને ચાલ્યા ગયા હશે-એમ માનું છું.

ત્યાર પછી હે પિતાજી ! તે સમયે ગ્રીષ્મના તડકાથી ઉત્પન્ન થયેલી ભયંકર તૃષ્ણા મને સતાવવા લાગી. આખું જગત જાણે અંધકારમય બન્યું હોય, તેમ મને ભાસવા લાગ્યું. ત્યાર પછી શું બન્યું ? તે મને પણ ખબર નથી, પરંતુ નિષ્કારણ બંધુ એવા આ પુરુષસિંહે આ

સાર્થવાહે મને જીવિતદાન આપ્યું છે.-એમ બોલતાં તે રાજાએ પણ મને સાક્ષાત્ દેખ્યો. મેં પણ પ્રણામકરીને કહ્યું કે—'પ્રાણ આપવાની મારી કઇ તાકાત છે ? આ કુમાર જીવતા થયા, તે દેવનો જ પ્રભાવ છે. રાજા અત્યંત હર્ષ પામીને સજ્જડ આલિંગન આપીને તેને કહેવા લાગ્યા કે, 'હે ભાગ્યશાળી ! તું મારો પ્રથમપુત્ર છે, તારે અહિં તદ્દન સુખશાંતિ અને નિઃસંકોચપણે રહેવું. ત્યાર પછી સાર્થના રખેવાળોને સાર્થની ભલામણ કરીને હું તેમની સાથે દેવસાલ નગરમાં ગયો. મારું પૂર્ણ સન્માન, મનોહર આદર-સત્કાર કર્યો. ત્યાર પછી કોઇ પ્રકારે તે રાજાએ અને રાજકુમારોએ મારું હૃદય એવું તો આકર્ષી લીધું કે, હું તે વખતે માતા-પિતા, નગર જન્મભૂમિ સર્વને ભૂલી ગયો.

હવે તે રાજાને શ્રી દેવી નામની રાણીની કુક્ષિથી જન્મેલી લક્ષણવંતી અત્યંત રૂપવાળી જયસેનકુમારની નાની ભગિની રૂપમાં તિલોત્તમા દેવીની તુલના કરનારી, કલા સમુદાયોમાં નિષ્ણાત થયેલી, લોકોનાં મનને પોતાના ચારિત્રગુણથી હરણ કરનારી 'કલાવતી' નામની, નામ પ્રમાણે ગુણવાળી એક રાજપુત્રી છે. તેના પિતા અને બંધુ ચિંતાગ્રંથિ દરરોજ બળ્યા કરે છે. કહ્યું છે કે "જ્યારે-જે દિવસે પુત્રીનો જન્મ થાય છે, ત્યારે પિતાને દીનતા ઉત્પન્ન થાય છે, યૌવન પ્રાપ્ત કરે છે, ત્યારે પિતા ચિંતા-સાગરમાં ફેંકાઇને ગોથાં ખાધા કરે છે, પરણીને પારકા ઘરે ગયા પછી પણ પતિ તેનો ત્યાગ કરે છે, જો પુત્ર ઉત્પન્ન ન થાય, તો પણ પિયરિયાને તાપ ઉત્પન્ન કરનારી થાય છે, જન્મે ત્યારથી જ પુત્રી નક્કી નિંદાપાત્ર થાય છે." ત્યાર પછી તેઓએ મને કહ્યું કે, 'તું પૃથ્વીમાં ફરનારો છે. જગતમાં-પૃથ્વીમાં ઘણા નરરત્નો હશે, તો તું આ પુત્રી માટે કોઇક યોગ્ય વર શોધી લાવ. આ પ્રમાણે કહેવાયેલા મેં તેના ચિત્રનું પ્રતિબિંબ આલેખીને તૈયાર કર્યું, તેમની રજા મેળવીને હું મારા ઘરે આવ્યો. મારા મનમાં એવી સ્ફૂરણા થઇ કે, આ કન્યા આપને માટે ઉચિત છે, પોતાના સ્વામીને છોડીને બીજાને રત્ન કેવી રીતે શોભા પમાડી શકે ? કુલરૂપી પર્વતમાં ઉત્પન્ન થયેલ સૂર્યનું સ્થાન સમુદ્ર છે (અસ્તસમયે સૂર્ય સમુદ્રમાં પ્રવેશ કરે છે, તે કારણે) ચંદ્રને છોડી જ્યોત્સ્ના બીજે ક્યાંય પણ જોડાતી નથી.' તે સાંભળીને તે સમયે રાજા અતિશય ચિંતાતુર બન્યો કે, 'હવે આની સાથે જલ્દી મારો સમાગમ ક્યારે થશે ?'

આ સમયે મંદિરમાં મધ્યાહ્ન સમય સૂચવનાર શંખનો શબ્દ કર્યો. ત્યારે રાજાના કાલનિવેદકે સંભાળાવ્યું કે-'ઉલ્લસિત થયેલ પ્રતાપ-સમૂહવાળો સૂર્ય લોકોના મસ્તક પર આક્રમણ કરે છે, તો પછી આ જીવલોકમાં તેજ ગુણથી જેઓ અધિક હોય, તેને શું અસાધ્ય છે ? દેવનું અર્ચન-પૂજન કરવાથી શૃંગારરસની વૃદ્ધિને ઉત્પન્ન કરનાર ઘણા મહોત્સવ-સહિત મનોહર લક્ષ્મી તથા કમળપત્ર સમાન નેત્રવાળી પ્રિયાની પ્રાપ્તિ થાય છે. (૭૫) રાજસભામંડપમાંથી ઉભા થઇને સ્નાનાદિક કાર્યો કરી, દેવાદિપૂજન કાર્ય કર્યાં અને ત્યાર પછી કંઇક ભોજન ગ્રહણ કર્યું. ભોજન કરતા મધુર, અમ્લ, તીખા કે તેવા સ્વાદની કે રસની તેને ખબર ન પડી, માત્ર મનમાં કલાવતીનું સ્મરણ જ સતત ચાલ્યા કરતું હતું ત્યાર પછી શયનમાં

સૂઈ ગયો પરંતુ કોઈ વસ્તુમાં રતિ પામી શકતો ન હતો અને વિચારવાયુવાળો બની આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો કે-'હે દૈવ ! તારું કલ્યાણ થાઓ કે, જેણે દેવાંગના-સમાન તે મૃગાક્ષીને નિર્માણ કરી છે, પરંતુ એક વાત એવી ખૂંચે છે કે, મનુષ્યોને આકાશ-માર્ગે જવા સમર્થ થઇ શકે તેવી પાંખો પ્રાપ્ત ન થઈ, તો હવે હે દૈવપ્રભુ ! અમોને જલ્દી સુંદર પિંછાનો સમૂહ નિર્માણ કરી આપ કે, જેથી અમો તરત દુર્લભ એવું વલ્લભાનું વદન-કમલ નીરખી શકીએ. અમૃત-સ્વરૂપ નિર્માણ કરેલ એવી કોઇ રાત્રિ અથવા તો દિવસ ક્યારે આવશે કે, જેમાં જેમ માનસ-સરોવરમાં હંસ, તેમ હું તેના વક્ષઃસ્થળમાં ક્રીડા કરીશ. (૮૦) ક્યારે એવો સમય પાકશે કે, તેના મધુર ઓષ્ઠ-પત્રયુક્ત અતિસુગંધવાળા મુખકમળ વિષે અતૃપ્તપણે હું ભ્રમરની લીલા કરીશ.' એ વગેરે ચિત્તની ચિંતામાં તણાતો કેટલોક સમય પસાર કરીને ફરી પણ સભામંડપમાં રહેલો રાજા તેની કથામાં દિવસ પસાર કરવા લાગ્યો.

હવે બીજા દિવસે વિનયવાળા સામંતોના સમૂહથી સેવા કરતા ચરણારવિંદ-યુગલવાલા રાજાને મહાશ્વાસથી રૂંધાઇ ગયેલા કંઠવાળા ચરપુરુષે ઓચિંતા સમાચાર આપ્યા કે, 'હે દેવ ! આપના પ્રદેશમાં ક્યાંથી પણ આવીને મહાસૈન્ય પ્રવેશ કરી રહેલું છે. રથના ચક્રોના મેઘસરખા ગંભીર શબ્દો, હાથીઓના ગર્જારવો, અશ્વોની ખરીના શબ્દોથી મિશ્રિત મહાકોલાહલ દિશાઓ ભરી દે છે અને વનના પ્રાણીઓ પણ સાંભળીને ત્રાસી ઉઠેલા છે. જાણે કે, ઉંચા દંડયુક્ત ધરેલા શ્રેષ્ઠ ઉજ્જવલ છત્રો રૂપ ફીણના સમૂહથી ઉજ્જવલ, ઉન્માર્ગે લાગેલ ક્ષીરસમુદ્રના જળની શંકા કરાવતું હોય, તેટલું પુષ્કળ સૈન્ય આવી રહ્યું છે. હે સ્વામી ! સીમાડાના સર્વે સામંતો તો આપના પ્રત્યે વિનયથી નમન કરનારા વર્તે છે. તો વળી આ અનાર્ય આચરણ કરનારો ક્યાંથી નીકળી આવ્યો ? યુદ્ધ-ક્રીડાના કોડવાળો ભૃકુટીની ભયંકર રચના કરી ભય પમાડનાર દેહવાળા, ક્રીડા કરવાનું સ્થાન હોવા છતાં નિર્દયતા પૂર્વક પૃથ્વીપીઠ પર પગ અફાળતા એવા આ રાજાએ આવા સમાચાર સાંભળીને આજ્ઞા આપી કે, અરે સુભટો ! તમે એકદમ યુદ્ધ માટે પ્રયાણ કરાવનારી ઢક્કા વગડાવો, ઉતાવળ કરો. કારણ કે, કોઇક ખેલ કરનાર નટનું ટોળું આવ્યું જણાય છે. આજ્ઞા મળતાં જ સુભટો સૈન્યને સાબદુ કરવા લાગ્યા. રથ, હાથી, ઘોડા, વાહન, બખ્તર, હથિયાર વગેરે સમૂહો સજીને તૈયાર કર્યા. 'અરે ! શું થયું, શું થયું ? એમ બોલતા નગરલોકો પણ ભમવા લાગ્યા. ડગલે-પગલે મોટો કોલાહલ શબ્દ સંભળાવા લાગ્યો.

આ સમયે હાસ્ય કરતો દત્ત રાજા પાસે આવી પહોંચ્યો અને કહેવા લાગ્યો કે, 'હે દેવ ! વગર કારણે ઓચિંતી વળી આ શી ધમાલ માંડી છે ? આ કોઇ દુશ્મન ચડાઇ કરવા માટે નથી આવતો, પરંતુ જે ચિત્રમાં અને તમારા ચિત્તમાં જે રત્ન રહેલું છે, તે અહિં દેવની પાસે સ્વયં વરવા માટે આવી રહેલ છે. આ તો દરેક દિશામાં કીર્તિનો વિસ્તાર ફેલાવતો રૂપથી કામદેવને જિતનાર કલાસમુદ્રનો પાર પામેલો એવો જયકુમાર આવે છે. દત્તનું વચન સાંભળીને રાજા એકદમ જાણે અમૃતકુંડમાં બૂડી ગયો હોય, તેવા ચિત્તના દાહને શાંતિ

પમાડનાર થયો, સજ્જડ હર્ષિત મનવાળો થયો. સુવર્ણની જિહ્વા, તેમ જ અંગ પર રહેલાં સમગ્ર આભૂષણો દત્તને આપીને કહેવા લાગ્યો કે, 'હે સુંદર ! આ ન બની શકે તેવી અતિ દુર્ઘટના કેમ બની ? ત્યારે સહેજ હાસ્ય કરતાં કરતાં દત્તે જણાવ્યું કે, 'દેવના અચિન્ત્ય પ્રભાવથી ન બનવાનાં અણધારેલાં કાર્યો પણ સહજમાં બની જાય છે, બીજું તો અમો શું કહી શકીએ ?

ત્યાર પછી મતિસાગર મંત્રીએ કહયું કે-'હે દેવ ! આ દત્ત સત્પુરુષ ઉપાર્જન કરેલા વૈભવની જેમ સદા કાળ પોતાના નાયક-રાજા પ્રત્યે પણ એકાંત હિતકારી વલણ વાળો છે. સજ્જન પુરુષો સ્વજનોને આનંદ પમાડનાર હોય છે, પુષ્પ વગરનું વડવૃક્ષ હોવા છતાં મધુર ફલો વડે જેટલું તે આનંદ પમાડનાર થાય છે, તેટલું ઘણા પુષ્પોવાળું બેસ્વાદ ફળ આપનાર ખાખરાનું-પલાસ વૃક્ષ આનંદ આપનાર થતું નથી. મેઘો ઘણા જળથી ભરેલા હોય છે, તે પ્રમાણોપેત ગાજે છે અને મધુર જળ વરસાવે છે અને જળ વગરના મેઘ-વાદળાં વધારે કઠોર શબ્દ કરે છે અને વરસતા નથી, તેની તુચ્છતા આપ દેખો. (૧૦૦)

સ્વાર્થ વૃત્તિવાળા સર્વે લોકો શત્રુ પાસે પણ મધુર ગમતી વાતો કરે છે, પરંતુ જેના અંતરમાં સાચું બહુમાન હોય, તેને ઓળખાવાનું ચિહ્ન પરોક્ષમાં ગુણોનું વર્ણન કરવું તે છે. કેટલાક તેવા સ્વાર્થી સેવકો વિવિધ મીઠાં વચનો બોલીને, વિનયથી પ્રણામ કરીને ઘણી સ્તુતિ કરે છે, પરંતુ નિઃસ્વાર્થી ઉત્તમ સેવકો પ્રભુની ભક્તિ-સ્વામીની સેવા વગર બોલ્યે, કાર્યથી કરી બતાવે છે. તો સર્વથા આ શેઠપુત્ર દત્ત આપના વિશે અકૃત્રિમ (સ્વાભાવિક) સ્નેહભાવ-ભક્તિભાવ રાખનારો છે. માત્ર ગંભીરતાથી આ હકીકત આપને નિવેદન નથી કરી-તેમ સંભવે છે. આપના વિષે ભક્તિને અનુસરનારા તેણે આ કન્યા આગળ આપના ગુણોનું કીર્તન કર્યું હશે, જેથી તેને રાગ ઉત્પન્ન થયો જણાય છે. તે કન્યાના પિતાએ તેની સાથે દત્તને મોકલેલો હોવો જોઇએ. આણે આગળ આવીને માત્ર આપને પ્રથમ સર્વ નિવેદન કર્યું જણાય છે. મતિસાગર મંત્રી કહેવા લાગ્યો કે, 'નક્કી આ સત્ય બોલનાર છે, નહિંતર જે વાત આપણાથી દૂર અને પરોક્ષ અને દેશાંતરોથી આંતરિત છે, તે અત્યારે પ્રતીતિ સહિત પ્રત્યક્ષ પ્રાપ્ત થએલી છે અને આપણને કહેલી હકીકત પ્રમાણ-સહિત પ્રત્યક્ષ પ્રાપ્ત થએલી છે અને આપણને કહેલી હકીકત પ્રમાણ-સહિત મળી આવી છે. અથવા તો ભૂમિની અંદર ઘણા ઉંડાણમાં સ્થાપન કરેલ નિધિ જે નેત્રોથી દેખાતો નથી, છતાં પણ કુશલ પુરુષો તેના ઉપર તૃણ કે વેલડીઓ ઉગેલી હોય, તો તેના આધારે અનુમાનથી નિધાનનાં દર્શન કરે છે.

ત્યાર પછી રાજાએ તરત તૈયારી કરતા સૈન્યને રોકવાની આજ્ઞા કરી. તેમ જ મોટા દરવાજા પાસે મંત્રને નિયુક્ત કરી સર્વ વ્યવસ્થા કરવાની આજ્ઞા કરી, નગરના રક્ષકોને કહ્યું કે, 'આદર સહિત નગરની અંદર અને બહાર મહોત્સવ-કાર્ય પ્રવર્તાવો. કેદીઓને છોડી મૂકો, સમગ્ર દેવોનાં સ્થાનોને - મંદિરોને ઉજ્જવલ રંગાવો, રાજ્ય-કર, નગર-કર લેવાનો બંધ

કરાવો, સર્વ પ્રજાવર્ગને-માળીઓ, તંબોલીઓને અત્યારે પોતપોતાના વ્યાપારમાં તત્પર બનવાનું જણાવો. તોરણો બંધાવો. યજ્ઞ કરવાના સ્થાનમાં, અગાસીઓમાં ધ્વજાઓ ફરકાવો. હાથી ઘોડા વૃષભ, ઉંટ આદિને ખાવા માટે ઘાસ વગેરે નીરો, આ પ્રમાણે રાજાની આજ્ઞા પામીને સર્વેએ યથાયોગ્ય કાર્યો કર્યાં. રાજા પણ અપૂર્વ આનંદ અનુભવવા લાગ્યો.

બુદ્ધિશાળી મંત્રીએ જયસેનકુમારના સમગ્ર સૈન્યલોકને સત્કાર-સન્માન કરવા માટે એવી સુંદર વ્યવસ્થા કરાવી કે, જેથી તેઓનાં મસ્તક નાચી ઉઠ્યાં. યથોચિત સ્થાને તેઓનો પડાવ નંખાવ્યો અને નગરી જાણે આનંદ અને સંતોષ અનુભવતી બની ગઇ. જમીન પર મસ્તક અડકે તેવીરીતે જયકુમારે રાજાને પ્રણામ કર્યા. રાજાએ આદરથી આલિંગન આપ્યું અને સ્વાગત કર્યું. પરિવાર-સહિત તેનું ગૌરવ કર્યું. પછી સુંદર આસન પર બેઠો. તેણે પણ ઉચિત માન-સન્માન અને રિવાજ પ્રમાણે મંત્રી વગેરે પરિવારનું સન્માન કર્યું. હવે જ્યારે સર્વે સુખાસન પર બિરાજમાન થાય, ત્યારે પ્રસન્ન મુખકાંતિવાળા કુમારના વિરંગ નામના મંત્રીએ રાજાને નિવેદન કર્યું કે, 'આપના ગુણોથી અમારા રાજાનું ચિત્ત આપે હરી લીધું છે. આપનું સમગ્ર સ્વરૂપ દત્ત નામના વણિકપત્રે અમને જણાવ્યું, તે અમારી નિર્મલ ચિત્તભૂમિમાં છીણીથી કોતરાએલા અક્ષરો માફક કોતરાઇ ગયું છે. મારા પિતાજીએ આપને સ્નેહપૂર્ણ સંદેશો કહેવરાવેલ છે કે, હે ધીરપુરુષ ! દૂર બેઠેલા એવા અમો તમારા સરખા ગુણભંડારનું શું ગૌરવ કરી શકીએ ? જે પુરુષ ગુણીઓને પોતાની અતિઇષ્ટ પ્રશસ્ત વસ્તુ ન આપે, તો પછી તેની કઇ દક્ષતા, ઉદારતા કે કયો ગુણાનુરાગ કહેવાય ? તો મહાગુણાનુરાગથી પિતાજીએ લાવણ્ય અને ગુણ-કળાસમૂહવાળી પોતાને અતિવલ્લભ એવી આ બાલાને આપને અર્પણ કરવા મારી સાથે મોકલી છે. તેને બીજા કોઇ પણ રાજકુમારો સાથે અનુરાગ ન થયો, કમલ-સરોવરનો ત્યાગ કરીને લક્ષ્મીદેવી બીજે આનંદ માણતી નથી. તો પ્રણામ કરનાર અને સ્નેહ રાખનાર જનોનું પાલન કરવામાં તત્પર હે સુપુરુષ ! આ કન્યાનું પાણિગ્રહણ કરીને અમારા મનની નિવૃત્તિ કરો. (૧૨૫)

આણે કોઇ દિવસ અમારા તરફથી અણગમતી વસ્તુ દેખી નથી, તો આપે તેમ કરવું કે, હાથણી જેમ વિંધ્યપર્વતને યાદ ન કરે, તેમ મને કદાપિ યાદ ન કરે. ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલા આપને મારે વધારે કહેવાનું હોય જ નહિ. કારણ કે, 'તેઓ અંગીકાર કરેલા મનુષ્યો પ્રત્યે સ્વભાવથી વાત્સલ્ય રાખનારા હોય છે,' આ પ્રમાણે કુશળતા પૂર્વક મંત્રીએ પોતાનું વક્તવ્ય પૂર્ણ કર્યા પછી શંખ માફક મધુર શબ્દ બોલનાર શંખરાજાએ પ્રત્યુત્તર આપતાં જણાવ્યું કે-'અહો ! વિજયરાજાનું સૌજન્ય કોઇ અપૂર્વ છે કે, અમારા સરખાના ગુણો વડે તેમનું હૃદય અનુરાગવાળું થાય છે. પિતાના વિયોગમાં અમે તો બાલ્યકાલમાં રાજપદ પામ્યા, તેટલા માત્રમાં અકુશલબુદ્ધિવાળા અમે ગુણીજન બની ગયા ? ઘણા ગુણરૂપ રસથી પરિપૂર્ણ પુરુષના ફળો પરિણામે માલૂમ પડે છે, ફળો તરુણ-અપરિપક્વ હોય તેમાં હજુ રસ ઉત્પન્ન થતો નથી. કાચાં હોય છે, તે નિર્ગુણ હોય છે, પક્ષીઓનાં મનને અથવા પુણ્યશાળીઓનાં મનને આનંદ આપનાર થતાં નથી. અથવા તો ઉત્તમજનો બીજાલોકોના દોષોને ગુણ રૂપે દેખનારા હોય છે. જે કારણ માટે પોતાની કાંતિનું હરણ કરનાર લંછનને ચંદ્ર ત્યાગ દેખનારા

હોય છે. જે કારણ માટે પોતાની કાંતિનું હરણ કરનાર લંછનને ચંદ્ર ત્યાગ કરતો નથી. અમૃતની મૂર્તિ-સમાન ઉત્તમ પુરુષો પ્રિય સિવાય બીજું બોલવાનું જાણતા નથી. ચંદ્ર અમૃત સિવાય બીજું કંઇ પણ ઝરાવવાનું સમજે છે ખરો ? તો નિષ્કારણ ગુણવત્સલ પિતા સમાન એવા તે રાજાનાં વચનને હું કેમ માન્ય ન કરું ?

હવે તે વખતે દત્ત આવી પહોંચ્યો. એટલે હર્ષથી જયસેનકુમાર કહેવા લાગ્યો કે, આજે તો અમોને તારા વચનમાં વિશેષ પ્રતીતિ ઉત્પન્ન થઇ. કારણ કે, 'આ રાજા આટલા વિનમ્ર ન્યાસંપન્ન સુંદર વચનના વૈભવવાળા, દાક્ષિણ્ય, વિનય, ઉચિત સમજનારા એવા દેવને વિષે અપૂર્વ ગુણો છે, તો પણ હજુ તેમને પોતાના ગુણોમાં તેટલો સંતોષ નથી, જેટલો પારકાના ગુણોમાં અનુરાગ છે. અથવા તો મહાનુભવો આવા પ્રકારના જ સ્વભાવવાળા હોય છે. જે માટે કહેલું છે કે- 'ધીરપુરુષો ભુવનમાં ભરેલા મોગરાના સરખા ઉજ્જવલ અનેક ગુણોથી ભરેલા હોય, તેની પ્રશંસા કરવાનો પ્રસંગ આવ્યો હોય, તો તેમાં તેના કરતાં ઘણો જ આનંદ માણે છે. શ્રેષ્ઠનિધિની જેમ અત્યંત અદ્ભુત ગુણરત્નો વડે દેવનું ચરિત્ર પૂર્ણ છે. પ્રત્યક્ષ દેખાતા એવા તેમના ચરિત્રને દેખીને અહિં કોને તે હર્ષનું કારણ ન બને ? સ્નેહપૂર્ણ નેત્રોથી માત્ર મારા ગુણો જ દેખે છે. અથવા તો સ્વભાવથી નિર્મલ એવા સજ્જનનાં હૃદયો સહેલાઈથી ગ્રહણ કરી શકાય છે. નિર્મલ દર્પણતલમાં કોણ પોતાનું પ્રતિબિંબ ન પાડી શકે તું વિજયરાજનો પુત્ર છે, તે કારણે તારે આવા જ હોવું ઘટે. આમ્રવૃક્ષથી કદાપિ લિંબોળી ફળ મેળવી શકાતું નથી. આ સમયે કાલનિવેદક પુરુષે ઉક્તિ સંભળાવી કે-'સાકરનાં ચૂર્ણમાં પૂર્ણ ઘીનું મંથન કરાય છે, ખાંડમાં મિશ્રણ કરેલ સાથવાની કુંડીમાં ઘણું ઘી રેડાય છે, મસાલાદાર કઢેલું દૂધ તો આપના હસ્તમાં પડેલું પ્રાપ્ત કરો છો.'

જે કારણથી દૈવે સજ્જનના કુટંબને તેવા પ્રકારનું નિર્માણ કરેલું હોય છે કે, કયાં ગુણના સમુદ્ર એવા શંખરાજા વસે છે અને કયાં દ્વીપાંતરમાં વિજયરાજા વસે છે, પરંતુ દૈવયોગે બીજા દ્વીપોમાંથી આવીને પણ રત્નોનો સુંદર યોગ થવા સમાન આ બંનેનો યોગ થયો છે."

ત્યાર પછી કાલનિવેદકે સમય જણાવ્યો, એટલે સર્વે મહેલમાં આવ્યા, રોમાંચિત દેહવાળાએ તેમનો મહાન્ સત્કાર કર્યો. પંડિતોને યોગ્ય સભાને અનુરૂપ સુંદર વાર્તા-વિનોદ કરતા તેઓએ કેટલોક સમય પસાર કર્યો ત્યાર પછી પ્રસન્નતા પામેલા તેઓ પોતપોતાના સ્થાને પહોંચ્યા. દાન આપ-લે કરવામાં તત્પર બનેલા, સ્નેહ વૃદ્ધિ પામે, તેવાં વચનો પરસ્પર બોલવામાં, એકબીજાના ચિત્તને અનુસરતા એવા તેઓના દિવસો પસાર થવા લાગ્યા. એ પ્રમાણે કેટલાક દિવસ પછી જ્યારે પ્રશસ્ત દિવસે ગ્રહો જ્યારે ઉચ્ચ સ્થાનમાં રહેલા હતા, આકાશતલ નિર્મલ હતું, વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં, વાજિંત્રોના શબ્દાનુસારે વારાંગનાઓનું નૃત્ય ચાલતું હતું, નાટક જોવા માટે લોકો આકર્ષતા હતા, લોકોનાં મન અને નયન જેમાં સંતોષ પામતા હતા, જેમાં તોષ પામેલી કામિનીઓનાં એકઠાં થયેલા મુખ-કમળોથી આંગણાનું સ્થાન શોભાયમાન બનેલું છે. જેમાં ભોજન-સામગ્રીથી ભાવિત થયેલા -

સંતુષ્ટ બનેલા નગરલોકો અને નગરનારીઓએ ભોજનનું વર્ણન કર્યું છે, જેમાં વૃત્તાન્તોના વર્ણન કરતા ચારણોને મનોરથોથી અધિક દાન અપાય છે, એથી જેમાં મંગલ સમૃદ્ધિ સહિત વિવિધ પ્રકારના કૌતુક કર્યાં છે, જેમાં સ્વજનોને આનંદ ઉત્પન્ન થયો છે. જેમાં આનંદની બાહુલતા પામેલા એવા વર-વહુ હસ્ત-કમલોનો મેળાપ થયો છે. (૧૫૦)

નગરના શ્રેષ્ઠ પુરુષોનાં હૃદયને હરણ કરનાર, આશ્ચર્ય પમાડનાર, સ્નેહ વધારનાર, દાનની જેમાં મર્યાદા-રોકાવટ નથી-એવા પ્રકારનો કુલ-મર્યાદાનો નિર્વાહ કરનાર પાણિગ્રહણનો વિધિ પ્રવર્ત્યો. જયસેનકુમારે પણ પિતાએ કહેલા પ્રમાણથી અધિક સંખ્યાના પ્રમાણવાળા હાથી, ઘોડા, ધન, સુવર્ણ, રત્નાદિકનાં આભૂષણો કલાવતીને આપ્યાં. હવે જાણે એકદમ ત્રણે ભુવનનો વિજય મેળવેલો હોય, તેની જેમ શંખ મહારાજા કલાવતીના લાભમાં અધિક મનની નિવૃત્તિ પામ્યો. જયસેનના હૃદયમાં ભગિનીના સ્નેહના કારણે શંખરાજા વિષે તો પ્રીતિ હતી જ. પરંતુ આ રાજાના સત્કાર અને ગૌરવથી તે ગુણભંડાર રાજા વિષે અધિક પ્રીતિ ઉત્પન્ન થઇ. લગાર મજાક કરવી, આનંદ ઉત્પન્ન થાય તેવી બુદ્ધિપૂર્વકની વાતો કરવાના સુખમાં ઘણા દિવસો પસાર કરીને વિયોગદુ:ખનો ભીરુ હોવા છતાં હવે જયસેનકુમાર પોતાના નગરે જવા માટે ઉત્સુક બન્યો. શંખરાજાને કહ્યું કે, 'હે દેવ ! આપને છોડીને જવા મન થતું નથી, તો પણ મારા પિતાજી મનમાં મહાન અસંતોષ કરશે કે, હજી કેમ પાછો ન ફર્યો-તેવી ચિંતા ટાળવા માટે હવે મારે જલ્દી પિતાજી પાસે પહોંચવું જોઇએ; માટે મને મારા સ્થાને જવાની અનુમતિ આપો.' ત્યારે રાજાએ કહ્યું કે, 'પ્રિયનું દર્શન, ધન, યશ અને જીવિતની પૂર્ણતા કોણ પ્રાપ્ત કરી શકે છે ? તો હે કુમાર ! તને વધારે શું કહેવું? હવે ફરી સમાગમ જલ્દી થાય, તેવો તેમ જ આપણી પ્રીતિની વૃદ્ધિ થાય, તેવો પ્રયત્ન તું કરજે. સ્વપ્નમાં પણ કલાવતી સંબંધી ચિંતા તમારે કોઇએ ન કરવી. કારણ કે, રત્ન કોઇને ચિંતા કરાવતું નથી.' જયસેનકુમારે પણ વળતો જવાબ આપ્યો કે, 'આપે કહ્યું તે સત્ય જ છે. તે વાતમાં ફેરફાર હોઇ શકે નહિં.' બીજું આગળ મારી સાથે પિતાજીએ કહેવરાવેલ છે, તે પણ આપને નિવેદન કરું છું કે —

'આપને કલાવતી થાપણ તરીકે અર્પણ કરેલી છે, હવે આપે હંમેશા સંકટ કે ઉત્સવ-સમયમાં તેનું રક્ષણ-ચિંતા કરવી.' આ પ્રમાણે કહીને વિરહાગ્નિથી ધ્રૂસકે ધ્રૂસકે રડતી કલાવતીને સાન્ત્વન આપીને રાજાથી વિદાયગિરિ આપતો અને કેટલાંક ડગલાં સુધી અનુસરાતો કુમાર પોતાના નગર તરફ પ્રયાણ કરવા લાગ્યો. અનુક્રમે દેવશાલ નગરે પિતાને મલ્યો. હર્ષ પામેલા કુમારે વિવાહાદિકનો સર્વ વૃત્તાન્ત જણાવ્યો. સંપૂર્ણ થયેલા મનોરથવાળો શંખરાજા પણ પ્રિયાનો ક્ષણવાર વિરહ સહન ન કરતો, તેની સાથે ભોગો ભોગવવા લાગ્યો. લગીર વાર પણ તેની ગેરહાજરીમાં મનની શાંતિ પામી શકતો ન હતો. તેના માટે પોતાનું જીવન પણ ન્યોછાવર કરવાની જરૂર પડે તો અર્પણ થયેલા મનોરથવાળો શંખરાજા પણ પ્રિયાનો ક્ષણવાર વિરહ સહન ન કરતો, તેની જ કથામાં સમય પસાર કરતો રહેલો હતો. વધુ કેટલું કહેવું ? તેનું શરીર કાર્યો કરે, પરંતુ ચિત્ત તો જ્યાં કલાવતી હોય, ત્યાં જ રહેતું. સર્વ અંત:પુર પણ કલાવતીના નામથી જ ઓળખાવા લાગ્યું રાજાના વિશાલ હૈયાને પણ

તેણીએ એવું રોકી લીધું કે, ત્યાં બીજી કોઇ પણ પ્રિયા સ્થાન મેળવી શકતી ન હતી. કલાવતી જો કે કોઇ દિવસ જૂઠું બોલવાનું જાણતી ન હતી કે ચાડી પૈશુન્ય કરવાનું તેના સ્વભાવમાં ન હતું. ઈર્ષ્યાને આધીન થતી ન હતી, તેમ જ પોતાના સૌભાગ્યનો ગર્વ પણ ન હતો. બીજાને પ્રિય વચનથી બોલાવવાનું, ઉચિત વિનય, આદર-સત્કાર-સન્માન કરવાનું, દુઃખીઓ વિષે દયા અને શીલપાલન જાણતી હતી. રાજા એકાંતમાં તેના વિષે ખૂબ જ અનુરાગી બની ગયો, વળી પરિવાર પણ તેના પ્રત્યે રંગાઇ ગયો, અરે ! શોક્યવર્ગ પણ તેનાં વિવિધ પ્રકારનાં ગુણોની પ્રશંસા કરવા લાગ્યો સુખ-સમુદ્રમાં ડૂબેલી સ્વર્ગનાં સુખને પણ તણખલા સમાન માનતી, એવી તેના શિયાળાના દિવસો માફક જલ્દી પસાર થતા દિવસો કેટલા ગયા? તે પણ ખબર પડતી નથી.

હવે કોઈક મધ્યરાત્રિ-સમયે સુખે સૂતેલી હતી, ત્યારે દિવ્ય ચંદનના લેપથી વિભૂષિત, ક્ષીરસમુદ્રના જળથી પૂર્ણ, વિજળીના ઢગલા સરખા ઉજ્જવલ, કમલપત્રથી ઢંકાએલ, પોતાના ખોલામાં સ્થાપન કરેલ, વિશિષ્ટ મણિરત્નો જડેલ સુવર્ણકળશ જોયો. તરત જ જાગીને રાજાને જગાડીને કહ્યું કે, 'હે પ્રિય ! આપણા કુલરૂપી આકાશમાં ચંદ્ર સમાન આહ્લાદક, કુલમાં કલ્પવૃક્ષ સમાન સર્વના મનોરથો પૂર્ણ કરનાર, કુલદીપક કુલમંદિરના ધ્વજ સમાન એવો ભાગ્યશાળી પુત્ર તને જન્મશે.' (૧૭૫)

'આપના કહેવા પ્રમાણે થાઓ' એમ માનીને ધીરી એવી તે ગર્ભને વહન કરવા લાગી. અમૃતપાન કર્યું હોય, તેમ અતિશય હર્ષના પ્રકર્ષને પામી. વળી કલાવતી ગર્ભને અશાતા ન થાય, તે કારણે અતિઉષ્ણ કે શીતલ આહારનું ભોજન કરતી નથી, ભૂખ કે તૃષા સહન કરતી નથી, ઉતાવળે ચાલતી નથી, ગર્ભ-વૃદ્ધિ કરનારા વિવિધ પ્રકારના ઔષધોનું પાન દરરોજ કરે છે, ગર્ભ-રક્ષણ માટે ઔષધિઓ બાંધે છે. તેમ જ અનેક દેવતાની આરાધના કરે છે. લગભગ નવ મહિના પૂર્ણ થવાનો સમય નજીક આવ્યો, ત્યારે કલાવતીના પિતાએ પોતાને ત્યાં બોલાવી લાવવા માટે મુખ્ય સેવકો વગેરેને મોકલ્યા. કારણ કે, સ્ત્રી પ્રથમ પ્રસૂતિ પિતાને ઘરે કરે છે. જયસેનકુમારે પણ વિચાર્યું કે, 'આ સુંદર પ્રસંગ ઉભો થયો છે.' જયસેનકુમારે પણ રાજાને વિશેષ પ્રકારનું ભેટાણું તથા બાહુમાં પહેરવા યોગ્ય અંગદ આભૂષણ આપવા માટે તૈયાર કર્યું અને પોતાના સેવકો સાથે મોકલ્યા. અનુક્રમે તે અહિં આવી પહોંચ્યા. દત્ત સાથેના પૂર્વ પરિચયના કારણે ગજશેઠના ઘરે ઉતારો કર્યો તેણે પણ સારું સન્માન ગૌરવ કર્યું. ભવિતવ્યતા. યોગે વિજયસેને મોકલેલ સેવકોએ પ્રથમ રાજાનો મેળાપ ન કરતાં પ્રથમ કલાવતીનો મેલાપ કર્યો અને પિતાનો સંદેશો જણાવ્યો, તેમ જ આવવાનું પ્રયોજન જણાવ્યું. પિતાના અને પિયરના સમાચાર લાંબા કાળે મળવાથી કલાવતીની કાયા એકદમ રોમાંચિત-કંચુકવાળી બની ગઇ. જેથી તેના મુખ પર પ્રસન્નતા આવી ગઇ. પીયરિયાને દેખવાથી વદન કંઈક હાસ્ય કરવા લાગ્યું, સુંદર દંતશ્રેણિવાળું એવું તેનું મુખ આનંદપૂર્ણ અને વિકસિત નેત્ર-યુગલવાળું થયું. એમ આનંદમાં આવેલી કલાવતી આવેલા સેવકોનું સ્વાગત કરતી પૂછવા લાગી કે, 'પિતાજી કુશળ છે ને, માતાજી સ્વસ્થ છે ને ? ભાઇ આનંદમાં છે અને તારા ભોગ માટે આ વસ્ત્રો મોકલ્યાં છે અને પિતાજીએ તો આ દેવદૂષ્ય વસ્ત્રની જોડી તારા માટે મોકલી

છે. વળી જયસેનકુમારે રાજાના સ્નેહથી રાજાને ભેટ આપવા માટે આ બાહુમાં પહેરવા યોગ્ય બાજુબંધની જોડી મોકલી છે કે, જે કુમારની વલ્લભ સ્ત્રીને અતિવલ્લભ છે. વળી ગજશેઠનો પુત્ર ધનોપાર્જન કરવા માટે આવ્યો હતો, ત્યારે તેણે આ આભૂષણની ઘણી માગણી કરી હતી, છતાં તેને પણ આપેલ ન હતું.' ત્યારે કલાવતી દેવીએ ભાઈના સ્નેહથી પોતે જ ગ્રહણ કરી તેને કહ્યું કે, 'હું જાતે જ રાજાને અર્પણ કરીશ.' તેઓનું અધિક સન્માન કરી રજા આપી, એટલે તેઓ પોતાના ઉતારે ગયા.

હવે દેવીએ પોતાની સખી સમક્ષ બંને ભુજાઓમાં તે અંગદ આભૂષણો પહેર્યાં અને સ્નેહપૂર્ણ હૃદયથી એક નજરે નિશ્ચલ દૃષ્ટિથી તેને જોવા લાગી. આ સમયે રાજા દેવીના મંદિરના દ્વાર સુધી પહોંચ્યો, એટલે હર્ષના બોલતા શબ્દો સાંભળ્યા અને આ સર્વે શું વાતો કરે છે ? એમ વિચાર કરતો જ્યાં દેખે છે, એટલે ગવાક્ષમાં આકાશતલમાં રહેલી દેવીની બે ભુજાઓમાં અંગદ આભૂષણો પહેરેલાં જોયાં, તેમ જ શબ્દો સાંભળ્યા કે, 'આ અંગદો જોવાથી મારા નેત્રોમાં જાણે અમૃતરસ આંજ્યો હોય, તેવો આનંદ થાય છે, અથવા તો આ અંગદોને દેખવાથી મેં તેને જ દેખ્યો. આ પહેરેલ હોવાથી તેના પરનો સ્નેહ તે સમયે ઓસરી ગયો. હવે તો તેનું' નામ ગ્રહણ કરવાથી ભરી ગયેલું (જઈને) પાછુ મારુ હૃદય જીવી ગયું. વળી બીજુ પણ આશ્ચર્ય વિચારો ગજશ્રેષ્ઠિના પુત્રે માગ્યું તો પણ આ ન આપ્યું, કા.કે. તે પણ તેનો પ્રાણપ્રિય છે. વળી સખીઓએ કહ્યું કે, 'સ્વામિની ! તમારા વિષે જે તેનો સ્નેહ સર્વસ્વ છે, તે બીજે ક્યાંય પણ તેવો સ્નેહ સંભવતો નથી. આ વાતમાં કશી નવાઇ નથી.' આ પ્રમાણે નામ ગ્રહણ કર્યા વગર તેમના ઉલ્લાપો-વચનો ઘણા પ્રકારના સાંભળીને ઈર્ષ્યાને આધીન થયેલો રાજા ખોટા વિકલ્પો રૂપ સર્પોથી ડંખાયો. 'આના હૃદયને આનંદ કરાવનાર કોઇ બીજો જ તેનો વલ્લભ છે. હું તો માત્ર કપટ સ્નેહથી વિનોદ માત્રથી વશ કરાએલો છું. આ તેની વલ્લભાને નિધન પમાડું કે, તેને ઘાયલ કરું. અહિં આ બેનો સંયોગ કરાવી આપનાર કઇ દૂતી હશે ? (૨૦૦)

આ પ્રમાણે મહારોષાગ્નિ જવાલાથી ભરખાએલ રાજા આ કાર્ય કોઇને કહેવા લાયક પણ નથી, તેથી કંઇ પુછવા માટે અસમર્થ બન્યો. જેને અતિવલ્લભ ગણીએ, મહાસન્માન-સ્થાનને માનેલી હોવા છતાં આવી સ્ત્રીઓને વિષે કયો ડાહ્યો મનુષ્ય વિશ્વાસ કરે ? આવા નિર્મલ કુલમાં ઉત્પન્ન થયેલી આ કલાવતી પણ આવા પ્રકારનો અયોગ્ય વર્તાવ કરે, તો નક્કી તેનું શીલ ખંડિત થયેલું હોવું જોઇએ.' આ પ્રમાણે ન શંકા કરવા લાયકની શંકા કરતો રાજા તે વખતે ત્યાંથી પાછો ફર્યો મહાદુઃખમાં બળી રહેલા રાજાએ મહાદુઃખથી એક દિવસ પસાર કર્યો. સૂર્યમંડલ અસ્ત પામ્યું અને પુષ્કળ અંધકાર ફેલાઇ ગયો. ત્યારે ચાંડાલની સ્ત્રીઓને ગુપ્તપણે બોલાવીને પોતાની બુદ્ધિથી કલ્પેલ વસ્તુ તેમને જણાવી. એટલે તેઓએ તો તે વાતનો સ્વીકાર કર્યો અને પોતાના સ્થાનમાં ચાલી ગઇ. રાજાએ નિષ્કરુણ નામના પોતાના સેવકને આજ્ઞા આપી કે, 'હે ભદ્ર ! આ તને જે કાર્ય સોપું, તે તારે ગુપ્તપણે કરવાનું છે. મારી કલાવતી પત્નીને પ્રાતઃકાળમાં લઇ જઇને અમુક જંગલમાં તારે તેનો ત્યાગ કરવો.' હવે પ્રભાતસમયે રથને તૈયાર કરી જલ્દી જલ્દી આવી દેવીને કહેવા લાગ્યો કે 'વગર વિલંબે તમે

રથમાં બેસી જાવ રાજા હાથી પર બેસીને કુસુમ નામના ઉદ્યાનમાં પ્રભુના વંદન માટે ગયા છે. હે સ્વામિની ! તમને લાવવા માટે મને આદેશ આપ્યો છે. સરલ સ્વભાવવાળી કલાવતી પણ ઉતાવળી ઉતાવળી રથમાં આરૂઢ થઇ, સારથિએ પણ પવન સરખા વેગવાળા અશ્વોને તરતજ ચાલવા માટે પ્રેર્યા 'રાજા હજુ કેટલા દૂર છે ?' હે સુંદરી ! 'આ આગળ જઇ રહેલા છે.' એમ કહેતાં કહેતાં ઉંડા અરણ્યમાં પ્રવેશ કર્યો. રાત્રિ પૂર્ણ થઇ, દિશારૂપી વધૂઓનાં મુખો નિર્મલ દેખાવા લાગ્યાં, રાજાને ન દેખતી દેવી અતિશય આકુલ-વ્યાકુલ બની ગઇ. હે નિષ્કરુણ ! અહિં રાજા કેમ ક્યાંય દેખાતા નથી ? ઉદ્યાન પણ દેખાતું નથી, તેં મને કેમ ઠગી ? વાજિંત્ર-શબ્દ કે લોકોનો કોઇ શબ્દ સંભળાતો નથી, પરંતુ આ તો ઘોર અરણ્ય છે. આ સ્વપ્ન છે ? કે ઇન્દ્રજાળ છે ? કે મારી મતિનો ભ્રમ થયો છે ? જે હોય તે સત્ય કહે,' આવા ભયવાળા સંભ્રમયુક્ત પ્રલાપો સાંભળીને અને દેવીને બેબાકળાં થયેલાં દેખીને તે નિષ્કરુણ સેવક પણ કરુણાવાળો થયો અને હવે ઉત્તર આપવા પણ અસમર્થ બન્યો. રથમાંથી નીચે ઉતરીને તેની સન્મુખ બે હાથ જોડીને શોકભરથી રૂંધાઇ ગયેલા કંઠવાળો રોતો રોતો કહેવા લાગ્યો કે, 'હે દેવી ! પાપી એવા મને ધિક્કાર થાઓ, ખરેખર મારું 'નિષ્કરુણ' નામ સાર્થક અને સત્ય જ છે. કારણ કે, દુર્ભાગી દૈવે મને આ આકાર્યમાં જોડ્યો. હે દેવી ! પાપ કરનાર પાપી ચેષ્ટાવાળા દુષ્ટ એવા પુરુષો ન જન્મે, તે વધારે સારું છે. કારણ કે જીવિત માટે આવી ન કરવા લાયક વૃત્તિનું સેવન કરવું પડે છે. પિતા સાથે પુત્ર યુદ્ધ કરે છે, સ્નેહી બન્ધુની પણ હત્યા કરે છે, આ બિચારા સેવકરૂપી શ્વાસ સ્વામીના વચનથી અગ્નિમાં પ્રવેશ કરે છે. તો હવે આ રથમાંથી નીચે ઉતરીને આ સાલવૃક્ષના છાંયડામાં અહિં બેસો.

આવો રાજાનો હુકમ હોવાથી હું બીજું કંઇ પણ કહેવા સમર્થ નથી.' વિજળી પડવાથી જે સ્થિતિ થાય, તેના કરતાં પણ અધિક તેનું વચન સાંભળીને તેમ જાણીને થરથરી ગઇ. રથથી નીચે ઉતરતી હતી ત્યારે મૂર્ચ્છા પામીને દેવી પૃથ્વીતલ પર ઢળી પડી. રથ હાંકનાર સારથિ પણ રથ લઇને રોતો રોતો નગર તરફ પાછો ફર્યો. કોઇ પ્રકારે ફરી દેવી પાછી ભાનમાં આવી પોતાના પીયરના ઘરનું સ્મરણ કરતી અતિકરુણ રુદન કરી રહેલી હતી, એટલામાં પૂર્વે નિયુક્ત કરેલી ચંડાળની સ્ત્રીઓ ત્યાં આવી પહોંચી. હાથમાં ભયંકર છરી રાખેલી, રાક્ષસી સ્વરૂપ ધારણ કરેલી, નિષ્કારણ કોપથી ભ્રકુટિ ચડાવવાથી ભયંકર ભાલતલવાળી, તે કોપથી કહેવા લાગી કે, 'હે દુષ્ટા ! દુષ્ટ વર્તન કરનારી ! તું રાજલક્ષ્મીને માણવાનું સમજતી નથી અને સ્નેહાધીન રાજાથી તું વિરુદ્ધ વર્તન કરનારી થાય છે ? માટે અત્યારે તારાં પાપનાં આવાં ફલો ભોગવી લે.' આવાં કઠોર વચન સંભળાવીને તરત તેની બે ભુજાઓ છેદી નાખી. કેયૂર અને રત્નસુવર્ણનાં આભૂષણોથી શોભાયમાન બંને ભુજાઓ પૃથ્વીવલય ઉપર પડી. કોઇ પ્રકારે ફરી ચેતના આવી, એટલે આ પ્રમાણે વિલાપ કરવા લાગી કે, 'હે દૈવ ! મારા ઉપર વગર કારણે નિર્દય બની કોપ કેમ કરે છે ? કે જેથી વગર વિચાર્યે અણધાર્યો આવો ભયંકર દંડ કરે છે. હે પાપી ! શું તારા ઘરે મારા સરખી કોઇ બાલ નથી કે, જેથી હે હતભાગી દૈવ ! તું અનિષ્ટને જાણતો નથી. નહિંતર બીજાને અનિષ્ટ દુઃખ આપનાર થાય નહિં.

હે આર્યપુત્ર ! આપને વગર વિચાર્યું આવું કાર્ય કરવું યોગ્ય ન હતું, હે ધીર ! સમજુ એવા તમોને અધિક પશ્ચાત્તાપ અને હૃદય-સંતાપ થશે. હે નાથ ! હું જાણું છું કે, 'મે તમારું લવલેશ પણ અપ્રિય કર્યું જ નથી' અજ્ઞાનતાથી આવો દંડ કરવો, તે હે પ્રિયતમ ! આપને માટે યોગ્ય ન ગણાય કોઈક ચાડિયાએ તમારા કંઈ પણ કાન ભંભેર્યા હશે, તે હું જો કે જાણતી નથી, પરંતુ સ્વપ્નાંતરમાં પણ મારા શીલની મલિનતા વિષયમાં આપ શંકા ન કરશો. આપણો તે સ્નેહ, તે પ્રેમ એકબીજાનો વિશ્વાસ, આદર-બહુમાન, સુંદર વચનોથી બોલાવવું વગેરે હે નિર્દય ! અત્યારે એક ડગલામાં તમે વિસરી ગયા ? 'સ્ત્રીઓ ક્ષણમાં રાગી થાય છે, વળી બીજા ક્ષણોમાં વિરક્ત થાય છે, જ્યારે પુરુષો તો શરણે આવેલાનું આત્મભોગે પણ પાલન કરનારા હોય છે.' આ લોકપ્રસિદ્ધ ઉક્તિને તમે આજે વિપરીત બનાવી છે. 'હે પિતાજી ! માતાજી ! હે બંધુ ! હું તમોને પ્રાણથી પણ અધિક વલ્લભ હતી, તો અત્યારે દુઃખી મરણથી મૃત્યુ પામતી એવી મને તમે કેમ બચાવતા નથી ? પીડાના કારણે તે ક્ષણે નિર્લજ્જ તેનું ઉદર અકળાવા લાગ્યું. ચિત્તમાં જાણ્યું કે, 'હવે મને પ્રસૂતિનો સમય પાકી ગયો છે. નજીકની વનની ફળદ્રૂપ લીલી ઝાડીમાં ગઈ એટલે ત્યાં શૂલ સમાન વેદના ઉત્પન્ન થઈ. મહાકષ્ટથી કોઈ પ્રકારે વેદનાના અંતે બે ચરણના અંતરાલમાં દેવ કુમારની ઉપમાં વાળા પુત્રને દેખ્યો. મહાવિષાદ અનુભવતી છતાં તે ક્ષણે હર્ષથી તેને ગ્રહણ કર્યો. આ લોકમાં પુત્રનો જન્મ થાય છે, ત્યારે આપત્તિ હોય, તો પણ સંતોષ થાય છે, મરતાને પણ જીવિતદાન આપે છે. સારી રીતે જન્મેલા પુત્રને કહેવા લાગી કે, 'હે પુત્ર ! તું લાંબા આયુષ્યવાળો અને સુખી થજે, હે વત્સ ! નિર્ભાગીએવી હું તારાં બીજાં શા વધામણાં કરું ? એટલામાં તરફડતો પુત્ર નદી-કાંઠા તરફ ગબડવા લાગ્યો. ત્યારે ચરણથીટકાવી તે બોલવા લાગી, 'હે નિર્દય કૃતાંત ! આટલું દુઃખ આપવા છતાં હજુ તને સંતોષ થયો નથી ? હે પાપ ! હું તને પગે પડીને દીન-વદન કરીને વિનંતિ કરું છું કે, 'નમસ્કાર કરનાર પ્રત્યે વાત્સલ્ય રાખનાર તું મારા પર કરુણા કર અને મારા બાળકનું હરણ ન કર. જો આ જગતમાં શીલ જેવી વસ્તુ હોય, જો મેં મારું શીલ કલંકિત કર્યું ન હોય, તો હે દિવ્યજ્ઞાનનેત્રવાળા ! આ બાળકના પાલનનો ઉપાય કરો.' આ પ્રમાણે દીનતાથી આક્રન્દન કરતી હતી, ત્યારે કરુણા પામેલી સિંધુદેવીએ ક્ષણવારમાં તેની શોભાના કરવાવાળી ભુજલતિકાઓ અને નિરોગી બનાવી. અમૃતરસ સિંચાયો હોય, તેમ અતિશય શરીરસુખ અનુભવવા લાગી. બે હથેળી વડે બાળકને ગ્રહણ કરીને ખોળામાં સ્થાપન કર્યો. 'હે દેવી ! તમારો, જય થાઓ, તમે આનંદ પામો, નિષ્કારણ વત્સલતા રાખનારા તમારું કલ્યાણ થાઓ. હે સ્વામિની ! અતિદીન અને અનાથ બનેલી એવી મને આપે પ્રાણદાન કર્યું. હવે તો આવા પ્રકારના પરાભવના અગ્નિથી ભરખાએલી એવી મારે જીવવાનું કોઈ પ્રયોજન નથી, પરંતુ વિશાલનેત્રવાળા આ વત્સને અનાથદશામાં છોડીને મરવા સમર્થ બની શકતી નથી. જો આ દૈવ રૂઠયો ન હોત, અને ભયંકર અંજામ આવ્યો ન હોત, તો પુત્રજન્મનાં વધામણાં સાંભળીને તેના પિતા નગરમાં મોટો આશ્ચર્યકારી મહોત્સવ ઉજવત. જ્યાં સુધી સ્વાર્થનાં કાર્યો સદાય છે, ત્યાં સુધી અનુરાગ કરે છે, પરંતુ સ્વાર્થ પૂર્ણ થાય, પોતાના કાર્ય

સધાઇ જાય, એટલે દુર્જનની જેમ દુભાય છે. આવા કૃત્રિમ સ્નેહવાળા નિષ્ઠુર જીવનને ધિક્કાર થાઓ. (૨૫૦)

'પ્રિય મનુષ્યો વિષયક મમત્વભાવ-રાગ જેના મનોમંદિરમાં નિમેષમાત્ર પણ વાસ કરતો નથી' એવી બાલ્યકાલમાં દીક્ષિત થયેલી શ્રમણીઓને મારો નમસ્કાર થાઓ. જો હું બાલ્યાકાલમાં બ્રહ્મચારિણી શ્રમણી બની હોત, તો સ્વપ્નમાં પણ આવા સંકટો આવવાનો મને અવકાશ ન હતો. ત્યારે જાણે કોઇ રુદન કરતી વનદેવી હોય, તેવા પ્રકારના રૂપવાળી વિવિધ પ્રકારના વિલાપ અને રુદન કરતી આ કલાવતીને પુણ્યયોગે કોઇક તાપસમુનિએ દેખી. 'શું આકોઇ દેવાંગના ? અથવા તો વિદ્યાધરી હશે ? એમ તર્ક કરતા તેણે આશ્રમસ્થાનમાં જઇને તરત જ કુલપતિને હકીકત જણાવી. કુલપતિએ પણ દયા આવવાથી. શ્વાપદાદિકથી રખેને તેને ઉપદ્રવ થાય, એમ ધારી ઉતાવલા ઉતાવળા તેણે અહિં આણી મંગાવી. 'મારી અત્યારે કોઇ બીજી ગતિ નથી' એમ સમજીને તે ત્યાં આવી. કુલપતિને પ્રણામ કર્યા, તેણે વાત્સલ્યથી વૃત્તાન્ત કહેવા અસમર્થ એવી તેને કુલપતિએ મધુર વચનોથી આશ્વાસન પમાડી કહ્યું કે-'હે વત્સે ! તારા દેહથી એમ જાણી શકાય છે કે, તેં ઉત્તમકુલમાં જન્મ લીધો છે. વિવિધ પ્રકારનાં સેંકડો દેહલક્ષણોથી તું અતિશય ઉત્તમ કુળમાં જન્મેલી જણાય છે, પરંતુ આ જગતમાં હંમેશનો સુખી આત્મા કોણ હોય છે ? આખંડિત છાયા આપનારી લક્ષ્મી કોની પાસે હોય છે ? લાંબો કાળ સ્નેહસુખ કોણ ભોગવી શકે છે ? એકબીજાના કોના સમાગમો સ્ખલના નથી પામતા ? તો હવે ધૈર્યનું અવલંબન કરી, તપસ્વિનીઓની વચ્ચે રહી, દેવ-ગુરુની શુશ્રૂષા કરતી તું દેવકુમારની ઉપમાવાળા આ પુત્રનું પાલન કર. કયાં સુધી, તો કે જ્યાં સુધી પૂર્વજન્મમાં ઉપાર્જન કરેલ પુણ્યવૃક્ષ ફલ ન આપે.' આ પ્રમાણે આશ્વાસન અપાયેલી કલાવતી હવે જીવિતની આશા બંધાઇ, એમ સમજીને ત્યાં રોકાઇ.

આ બાજુ બાહુ કાપનારી ચંડાલણીઓએ કેયૂર આભૂષણ સહિત કાપેલા બાહુઓ રાજાને બતાવ્યા. જ્યારે નિપુણતાથી તે જોવા લાગ્યો, ત્યારે તે અંગદ આભૂષણ ઉપર 'જયસેનકુમાર' નું નામ વાંચ્યું, એટલે મહાઉદ્વેગ ઉત્પન્ન થયો. તે સમયે જાણે આખા હૃદયમાં લાલચોળ અંગારા ભર્યાં હોય, તેવી તેની છાતી બળવા લાગી. તો પણ નિર્ણય કરવા માટે ગજશ્રેષ્ઠીને બોલાવીને પૂછયું કે અત્યારે કોઇ દેવશાલ નગરીથી આવ્યો છે ? તેણે કહ્યું કે, 'હે દેવ ! આવેલ છે અને તેઓ મારા ઘરે ઉતરેલા છે,' દેવીની પ્રથમ પ્રસૂતિ-સમયે ઉત્સવ કરવા નિમિત્તે રાજાના પ્રતિનિધિ સરખા કેટલાક પુરુષો આવેલા છે, આપને મળવાનો અવસર તેમને પ્રાપ્ત ન થયો, તેથી આપની સમક્ષ હજુ આવ્યા નથી.' રાજાએ કહ્યું કે, 'તો તેમને જલ્દી બોલવો.' એટલે તેઓ તરત આવી પહોંચ્યા. આ અંગદ આભૂષણ કોણે શા માટે મોકલ્યું છે ? તેઓએ પ્રત્યુત્તર આપ્યો કે, 'હે દેવ ! અતિકિંમતી રત્નોથી જડેલું સુંદર આકૃતિવાળું આ છે, એમ ધારીને પ્રાણાધિક પ્રિય એવા આપને માટે જયસેનકુમારે મોકલ્યું છે. જે અમે દેવીને આપ્યું છે. ઘરમાં ક્યાંય મૂક્યું હશે' એમ તેઓના બોલતા બોલતામાં તો રાજા મૂર્ચ્છાથી બીડાયેલા નેત્રવાળો એકદમ સિંહાસન પરથી નીચે ગબડી પડ્યો. ઠંડો પવન નાખ્યો, એટલે

તરત ચેતના આવી, વળી વિચારવા લાગ્યો કે, 'વગર વિચાર્યે કાર્ય કરનારા એવા મને ધિક્કાર થાઓ. અહો ! મારી કૃતઘ્નતા, અહો ! મારા અજ્ઞાનનો મહાપ્રકર્ષ, અહો ! નિર્ભાગ્યશેખરપણું, અહો ! મારો અત્યંત નિર્દયતાભાવ કેવો ઉગ્ર છે ?' એમ વિચારતો શંખરાજા ફરી પણ ભૂમિ પર ઢળી પડ્યો. ફરી શ્વાસ ઠેકાણે આવ્યો, ત્યારે સામંતોએ કહ્યું, 'હે દેવ ! આમ વગર કારણે અણધાર્યું આપને આ અતિવિષમ આકુલપણું ક્યાંથી ઉત્પન્ન થયું ? એમ જ્યારે ફરી ફરી પૂછયું, ત્યારે કહેવા લાગ્યો કે-'હે લોકો ! ચોર સરખા વક્ર મારા દુશ્ચરિત્રથી હું અપરાધી થયો છું. કારણ કે, મેં વિજયરાજાનું વાત્સલ્ય પણ ગણકાર્યું નથી, જયસેનકુમારની મૈત્રી ઉપર પણ મેં પાણી ફેરવ્યું છે, કલાવતીના સ્નેહને પણ વિસરી ગયો, મેં મારા કુલના કલંકની પણ ચિંતા ન કરી. વળી જેની નજીકના કાળમાં પ્રસૂતિ થવાની હતી, એવી વિજયરાજાની પુત્રીને 'અસંભવિત દોષવાળીને દોષવાળી છે' એમ ખોટી કલ્પના કરીને યમમંદિરે મોકલી આપી. તો જેમ અશુચિના ઉકરડાની શુદ્ધિ થઇ શકતી નથી, તેમ મારી પણ હવે શુદ્ધિ થાય તેમ નથી, માટે હું ચાંડાલ માફક વિષ્ટલોકોને દેખવા લાયક નથી. તેમ કાષ્ઠો જલ્દી લાવો, જેથી અગ્નિમાં પ્રવેશ કરીને જલ્દી મારા પાપની શુદ્ધિ કરું અને સંતાપથી બળી રહેલાં મારાં અંગને શાંતિ પમાડું.' રાજાનાં આવાં અકાલ વિજળી-પાત સમાન વચનો સાંભળીને સર્વે પરિવાર લોકો એકબીજાનાં મુખો જોવા લાગ્યા. અરે ! આ રાજા આમ કેમ બોલે છે ?-એમ વિલખો બનેલો રાજપરિવાર ઉભો રહીને એક અવાજે મુક્તપણે પોકાર કરતો વિલાપ કરવા લાગ્યો. (૨૮૦)

'હે આર્યપુત્ર ! તમે આવા નિર્દય થઇને આવું ક્રૂર કાર્ય કેમ કર્યું ? આ મહીમંડલની શોભારૂપ તે ક્યાં છે ? એમ પત્નીઓ પૂછવા લાગી. અરે રે ! આ રાજ્યાંગણ પણ તેના વગર શુન્ય આરણ્ય સમાન જણાય છે. હે સ્વામી ! તમારો કોપ શાંત કરો. અમારા પર પ્રસન્ન થાઓ અને સ્વામિને પાછી લાવો-એમ પરિવાર કગરવા લાગ્યો. અરે ! 'આ શું થયું છે ? આવા પ્રકારના દૈવથી બનેલા કાર્યને ધિક્કાર થાઓ.' એમ બોલતા નાગરિકો અને નાગરિકાઓ ચારે બાજુ રુદન કરવા લાગ્યા. લોકોના આક્રંદના ભયંકર શબ્દો સાંભળીને નિષ્કરુણ જનને પણ કારુણ્ય ઉત્પન્ન કરનારું થયું. આવા પ્રકારના નગરને દેખીને ઉત્સુક ચિત્તવાળો રાજા ફરીથી કહેવા લાગ્યો કે-'અરે મંત્રીઓ ! કાષ્ઠો લાવવામાં આટલો વિલંબ કેમ કરો છો ? શું તમને મારા અંગની બળતરાની ખબર પડતી નથી ? આટલું મહાન દુઃખ હોવા છતાં હજુ મારું હૃદય કેમ ફૂટી જતું નથી ?' હવે મંત્રીઓ, પત્નીઓ, સ્વજનો સતત રુદન કરતા કહેવા લાગ્યા કે, 'હે વિચક્ષણ ! આવા સમયે લોહી નીતરતા ઘા ઉપર ક્ષાર નાખી અમારી વેદનામાં વધારો ન કરો. જો કોઇ પ્રકારે દૈવયોગે એક વખત બુદ્ધિ વગરનું કાર્ય બની ગયું, તો તેવું કાર્ય બીજી વખત કરવાથી ગુંમડા ઉપર ફરી ફોલ્લો થવા જેવું અધિક દુઃખદાયક થાય. ભયથી કાયયેલાઓ માટે પર્વત સરખી સ્થિરતાવાળા ધીર પુરુષો શરણભૂત થાય છે.

તો પછી જ્યારે ધીરપુરુષો જ ધૈર્યનો ત્યાગ કરે, તો પછી શરણ કોનું કરવું ? બીજું કોઇને પણ શત્રુભાવ પમાડ્યા સિવાય અત્યાર સુધી-લાંબા કાળ સુધી રાજ્યનું સુંદર પાલન કર્યું છે. જો તમો આમ રાજ્ય રેઢું મૂકીને ચાલ્યા જશો, તો હતું ન હતું એવું વેર-વિખેર થઇ

જશે. કુલનો ઉચ્છેદ કરીને શત્રુવર્ગના મનોરથો પૂર્ણ ન કરો. પોતાનું ઘર સળગાવીને કયો બુદ્ધિશાળી ભુવનમાં અજવાળું ફેલાવે છે ?' આ પ્રમાણે વિનયવાળાં, સ્નેહપૂર્ણ ગુણ-દોષના વિવેકવાળાં વચનોને પણ અવગણીને પશ્ચાતાપથી તપેલા અંગવાળો રાજા નીકળી પડ્યો. સૂર્ય પણ તેટલો તાપ આપતો નથી, ભડભડતો અગ્નિ કે વિજળી-પાત તેટલો બાળનાર થતો નથી કે, જેટલો વગર વિચાર્યે અપ્રમાણિત કાર્ય કરનાર જંતુને પશ્ચાતાપાગ્નિ બાળનાર થાય છે.

ત્યાર પછી મંત્રીઓ, અંતઃપુર, પગે ચાલનારા સુભટો વડે અનુસરાતો રાજા કોઈ પ્રકારે ન ઈચ્છતો હોવા છતાં તેઓએ તેને અશ્વ ઉપર બેસાડ્યો. સેવકવર્ગને દુઃખ આપતો, ધર્મમાં ઉદ્યમવંતને વૈરાગ્ય ઉત્પન્ન કરતો, શોકાશ્રુજળથી ધોવાતા મુખવાળી તરુણીઓથી દર્શન કરાતો, જેમાં ગીત, વાંજિત્રો, બંધ કરેલાં છે, ધ્વજા, ચામર, છત્રાદિક રાજચિહ્નોથી રહિત એવા રાજા ઘરેથી નીકળી નંદન નામના વન પાસે પહોંચ્યા. હવે તેને રોકવાનો બીજો ઉપાય ન મળવાથી ગજશ્રેષ્ઠીએ તેને કહ્યું કે, 'આ ઉદ્યાનમાં સમગ્ર જગતના મુકુટમણિ સમાન એવા દેવાધિદેવનું સુંદર આકૃતિવાળું અલૌકિક દેવમંદિર છે, તો હે દેવ ! ત્યાં ક્ષણવાર તેમનું પૂજન-વંદન કરો. વલી અહિં જ વિપુલ જ્ઞાનવાલા સમુદ્ર કરતાં અધિક ગંભીરતાવાળા, સમગ્ર દોષોને જેણે દૂર કરેલા છે, એવા અમિતતેજ નામના આચાર્ય ભગવંત છે, તો ક્ષણવાર તેમનાં પણ દર્શન કરો, તેમના ઉપદેશ-શ્રવણથી મહાકલ્યાણ થશે. કારણ કે, તેઓ જગતના તમામ જીવોનું હિત કરવાની અભિલાષાવાળા છે,' 'ભલે એમ થાઓ જગતના તમામ જીવોનું હિત કરવાની અભિલાષાવાળા છે.' 'ભલે એમ થાઓ.' એ પ્રમાણે તેનું વચન માન્ય કરીને ઘણા આડંબર સહિત જિનપૂજન કર્યું. તેમ જ હર્ષાકુલ મનવાળા રાજાએ વિધિથી યથોચિત વંદન કર્યું. (૩૦૦)

ત્યાર પછી ગુરુ સમીપ જઈ વિનય પૂર્વક પ્રણામ કર્યા, ગુરુ સન્મુખ ઉચિત આસને બેઠો. ત્યાર પછી રાજાનો વૃત્તાન્ત જાણી લીધા પછી ગુરુ મહારાજ કહેવા લાગ્યા કે-'હે રાજન્ ! ઈષ્ટવિયોગ, અનિષ્ટ-સંયોગ વગેરે દુઃખરૂપ વડવાગ્નિથી વ્યાપ્ત જન્મ, જરા, મૃત્યુ રૂપ જળથી પરિપૂર્ણ, દુઃખે કરીને જેનો પાર પામી શકાય તેવો આ ભવ-સમુદ્ર ઘણો ભુંડો છે. નારક, તિર્યંચ, મનુષ્ય દેવ એવી ચારેય ગતિમાં દરેક જગો પર અનંતી વખત વારંવાર સર્વ જીવોએ સર્વ પ્રકારનાં દુઃખો ભોગવ્યાં છે. આનાં જો કોઈ કારણ હોય, તો ક્રોધાદિ ચાર કષાયોરૂપી ભયંકર સર્પો છે. જે ક્રોધાદિ કષાયો કરવાથી જીવ પોતાના હિતમાર્ગમાં યથાર્થ જ્ઞાન મેળવી શકતો નથી. એ કષાય-સર્પોથી ડંખાએલા અજ્ઞાની આત્માને કાર્યકાર્ય યુક્ત કે અયુક્ત, હિત કે અહિત, બોલવા યોગ્ય કે ન બોલવા યોગ્ય, સાર કે અસાર પદાર્થનો વિવેક હોતો નથી. વધારે કેટલું કહેવું ? ક્રોધાદિક ચાર કષાયોને વશ પડેલો બુદ્ધિશાળી સમજુ હોય, તો પણ તેવું અકાર્ય આચરે છે. જેથી કરીને આ લોક અને પરલોકમાં વિષયોમાં રાગી બની મહાદુઃખની પરંપરાની શ્રેણિ ઉપાર્જન કરે છે. તમને પણ આ કષાયોના યોગે હૃદયમાં નરકનાં દુઃખ કરતાં પણ અધિક દાહ ઉત્પન્ન કરનાર આવો અનર્થ થયો. આ વિષયમાં મરણ, દુઃખ કરતાં પણ અધિક દાહ ઉત્પન્ન કરનાર આવો અનર્થ થયો. આ વિષયમાં મરણ, દુઃખ દૂર કરવાનો ઉપાય નથી, પરંતુ પાપનાં દુઃખને દૂર કરનાર હોય, તો માત્ર ધર્મ જ છે. ભવમાં

ભ્રમણ કરતા એવા જીવને ધર્મ સિવાય બીજું કોઇ શરણ નથી. આ સાંભળીને રાજાએ કહ્યું કે, જરૂર ધર્મ સુખ આપનાર છે, પરંતુ દુઃખથી અત્યંત બળી રહેલા મને હવે ક્ષણવાર પણ જીવવું અશક્ય છે; તો હવે હું ચાલુ કાળને ઉચિત એવું પરભવને હિતકારી એવું કયું કાર્ય આચરું ? તે કૃપા કરીને જણાવો. ગુરુએ કહ્યું કે દુઃખની વૃદ્ધિ થાય, તમે તેમ તો કાર્યારંભ કર્યો છે. હે રાજન્ ! આ વિષયમાં હું એક આખ્યાન કહું છું, તે તમે સાંભળો –

ગંગાનદીના કિનારા પર એક કપિલ નામનો બ્રાહ્મણ હતો. તે શૌચવાદી હોવાથી તેને શૌચરૂપ પિશાચ વળગેલો હોવાથી શ્રોત્રિયપણું પામ્યો હતો. કોઇક સમયે શૌચ વિષયક ચિંતા-સંકટમાં પડેલો તે વિચારવા લાગ્યો કે - અહિં આ ગામમાં હીનજાતિવાળા ચાંડાલો દરેક સ્થળે સંચાર કરે છે. માર્ગમાં રગદોળાતાં જુના ચામડાં, ચીંથરાં વગેરે તેના સ્પર્શથી અશુચિરૂપ થાય છે. મનુષ્યો, કૂતરા, શિયાળ, બિલાડા વગેરેના પેશાબ વિષ્ટાદિક અશુચિઓ વરસાદના જળ-પ્રવાહથી ખેંચાઇને નદી, તળાવ વગેરે જળાશયોમાં પડે છે; માટે જો કોઇ પ્રકારે મનુષ્ય, પશુથી રહિત એવા સમુદ્ર વચ્ચે બેટમાં વાસ કરીએ, તો જ શૌચવાદ ટકાવી શકાશે, નહિંતર નહિં, એમ હું માનું છું. દરરોજ પૂછતાં પૂછતાં વહાણના માલિકે કહ્યું કે, 'ઉજ્જવલ શેરડીના વૃક્ષોવાળો દ્વીપ દેખીને હું અહિં આવેલો છું.' તેનું વચન સાંભળીને મહાનિધાનની પ્રાપ્તિ માફક તે દ્વીપ જોવા માટે ઉત્કંઠિત થયો. તેને કહ્યું કે, હે ભદ્રક ! કોઇ પ્રકારે મને ત્યાં સર્વથા લઈજા પંડિતલોકોએ તેમ જ સ્વજનોએ તેને ઘણો સમજાવ્યો, રોકવા પ્રયત્ન કર્યો, પરંતુ ખોટા અભિમાનને આધીન થયેલો તે નિર્યામક સાથે ગયો. સંસાર સરખા પાર વગરના સમુદ્ર વચ્ચે આશ્વાસન આપનાર તે દ્વીપે પહોંચ્યો. વિષયોની જેમ મધુર સ્વાદવાળા શ્રેષ્ઠ શેરડીના સાંઠાઓ દેખી વહાણ છોડી ધર્મ પામ્યા માફક હર્ષ પામેલો ત્યાં રોકાયો. કિનારા પર વિરડાઓ ખોદી તેના જળથી ત્રણ વખત સ્નાન કરી, શૌચ-વ્યવહાર સાચવતો હતો. શેરડીના ટૂકડા ભક્ષણ કરીને પોતાનો સમય પસાર કરતો હોય, પરંતુ અતિશય શેરડીના છોલાં મુખથી ઉતારતાં તેનાં બે હોઠ કપાઇ ગયા અને શેરડીના ટૂકડા ચાવવા માટે મુખ પણ અસમર્થ બન્યું. ત્યારે વિચારવા લાગ્યો કે, 'જો શેરડીનાં ફલ પણ પ્રજાપતિ-બ્રહ્માએ બનાવ્યાં હોત, તો જગતનું નિર્માણ સુંદર થયેલું ગણાતે. બ્રહ્માની બુદ્ધિને ધિક્કાર થાઓ કે, જેણે સજ્જનો અને વિદ્વાનોને ધન વગરના, કુલબાલિકાએ ને વૈધવ્ય, શેરડીને ફલ વગરની બનાવી. અમારા દેશમાં આ શેરડી ઉત્પન્ન થતી નથી અને અહીં થાય છે, તો પણ તેને ફળ થતાં નથી. અહીં જે શેરડી થાય છે, તે ભૂમિના ગુણનો પ્રભાવ છે. તો કદાચ ભૂમિગુણના પ્રભાવથી ફળ પણ થતાં જ હશે - એમ સંભાવના કરી શકાય છે. માટે અહિં તપાસ કરવી ઠીક છે, એમ વિચારી તે પ્રમાણે તપાસ કરવા લાગ્યો. પહેલાં કોઇક ભાંગી ગયેલા વહાણના મનુષ્યો ત્યાં આવેલા અને એક સ્થળમાં સૂર્યનાં કિરણોથી સૂકાએલ વિષ્ટાની પિંડીઓ દેખીને વિચારવા લાગ્યો કે, નક્કી આ તે જ ફળો છે. આદરપૂર્વક તે ભક્ષણ કરવા લાગ્યો. તેમ દરરોજ ખોળ કરતો હતો. ધિક્કાર થાઓ કે, અજ્ઞાનધીન થયેલો તે જેમ આ સ્થિતિવાળો થયો. હે રાજન્ ! વધારે કેટલું કથન કરવું ? અત્યંત મૂઢાત્મા સૂર્યનાં કિરણોથી તેવા થયેલા સ્વરૂપવાળા પોતાના ત્યાગ કરેલા નીહારને આરોગવા લાગ્યો હતો. કોઇક સમયે કોઇક વેપારીનો મેળાપ થયો,

વાર્તાલાપ થયો, એકદેશવાસી હોવાથી બંને ઘણા હર્ષ પામ્યા. (૩૩૦)

વણિકે પૂછયું કે, 'તારી શરીરસ્થિતિ તું અહિં કેવી રીતે ટકાવે છે ? ત્યારે તેણે કહ્યું કે, 'શેરડી ભક્ષણ કરીને.' ત્યારે વળી સામા વણિકે પૂછયું કે, શેરડીનાં ફળો મળે છે કે કેમ? પેલાએ ફળનો ભાવ જણાવ્યો. 'ઠીક, તે ફળોનો સ્વાદ કેવો હોય ?' તેણે કહ્યું કે, અતીવ મધુર સ્વાદ હોય, તો તે મને દેખાડ, એમ કહ્યું. એટલે જ્યાં હતા તે બતાવ્યાં, એટલે દૂરથી વિષ્ટાની પિંડીઓ છે, પણ ફળો નથી. તું વિવેકરહિત બની જાનવરના માર્ગે પ્રવર્ત્યો, પણ શિષ્ટોના માર્ગે ન ચાલ્યો. આનું ભક્ષણ કરતાં તારા કેટલા દિવસો ગયા ? તેણે જણાવ્યું કે, 'એક મહિનો' વણિકે કહ્યું કે, આ તારી અજ્ઞાનતાનું ફળ છે. વિષ્ટાના કાડામાં પડતા પગને બચાવવા જતાં મસ્તક તેમાં ખરડાયું. અલ્પ અશુચિના સંગથી ભય પામેલો તું અશુચિ-ભોગમાં લપટાયો. સમગ્ર લોકમાં પ્રસિદ્ધ શેરડીનું નિષ્ફલપણું ન શ્રદ્ધા કરતા તે શૌચવાદીએ વિષ્ટાનું ભક્ષણ કરીને પોતાના આત્માને ભ્રષ્ટ કર્યો. શૌચવાદી કપિલે પૂછયું કે, 'આવી વિષ્ટા કોની હોય ? તો કે, તારી અને મારી સર્વે મનુષ્યોની. ત્યારે કપિલ કહે કે, તે અતિશય ઢીલી હોય છે. ત્યારે વણિકે કહ્યું કે, ઘણા દિવસ થવાથી સૂર્યનાં કિરણોથી આવા પ્રકારની આ થઈ જાય છે. છતાં તે વાતને ન સ્વીકારતા પોતાના આત્માને વિસ્મયવાળો બનાવ્યો.

હવે તેને અતિમહાન વિષાદ થવાથી છૂટી પોક પાડીને રુદન કરવા લાગ્યો કે, 'હે અનાર્ય દૈવ ! કૃપા વગરના ! તું વગર કારણે મારો વૈરી બન્યો. આમ હું ધર્મ કરનારો હોવા છતાં તેં મને વટલાવી નાખ્યો. મેં એમ ધારણા રાખી હતી કે, મુક્તિના આચારરૂપ શુદ્ધિ શૌચ યોગ્ય સાધના સાધીશ. આ માટે તો મેં સ્વજનનો, ધન, કુટુંબીઓ ગામ, દેશ, સર્વનો ત્યાગ કરીને એકલો કોઈની સહાયની દરકાર કર્યા વગર અહિં આવ્યો, પરંતુ પાપી દૈવયોગે ધાર્યા કરતાં વિપરીત કાર્ય થયું, તે દેખો. દૈવ જ્યારે વિપરીત થાય છે. ત્યારે પુરુષનો પુરુષાર્થ પણ નિષ્ફલ નીવડે છે. આ મારી આવી વાત કોને કરવી ? અને હવે આની શુદ્ધિ કરવા કોની પાસે કયાં જવું ? પશ્ચાતાપ પરવશ બનેલા તેને વણિકે ફરીથી પણ જણાવ્યું કે, 'હે ભટ્ટ ! તેં જાતે-પોતે કરેલા અપરાધ માટે તું દૈવના ઉપર કોપ ન કર. પંડિત પુરુષોએ આચરેલા શૌચનો ત્યાગ કરીને તારી ફૂટ-અવળી બુદ્ધિનો તેં ઉપયોગ કર્યો તેથી હે મૂઢ ! અતિવાયરાથી જેમ વૃક્ષ ઉખડી જાય, તેમ તું પણ પ્રગટ નાસીપાસ-ભગ્ન થયો છે. 'જળથી પાપની શુદ્ધિ થાય છે-એ વાત પણ નરી અજ્ઞાનતા - ભરેલી છે. સ્નાન કરનારને જ ધર્મ થાય છે અને સ્વર્ગ-મોક્ષનું કારણ સ્નાન છે.' આ પણ મહામોહ સમજવો. સ્નાન કરવાથીશરીરના બહારના મેલની શુદ્ધિ થાય છે, પરંતુ જીવને લાગેલ સૂક્ષ્મ પાપરૂપ અંતરંગ મેલ તેની સ્નાનથી શુદ્ધિ થઇ શકતી નથી. શરીર પર ચોંટેલ બહારનો મેલ, જ્યારે જળથી શરીરને ધોઇએ, ત્યારે તે ધોવાઇ જાય છે અને શરીરની શુદ્ધિ થાય છે, પરંતુ જીવમાં રહેલા અભ્યંતર મેલરૂપ પુણ્ય-પાપ તે તો પરિણામની શુદ્ધિથી તેની નિર્મળતા થાય છે, અશુચિદેહની જળસ્નાનથી દેવની પૂજા કરવાની અવસરે આ સ્નાન અવશ્ય કરવું.'-એમ ઉપદેશેલું છે. તે કારણે અહિં લોકમાં પણ તે પ્રસિદ્ધિ થઇ કે, સ્નાન એ ધર્મ માટે છે. (૩૫૦)

તિર્યંચો-જાનવરોની જેમ આ મનુષ્યો સતત-નિરંતર ભોજન કરનારા ન થાય, મર્યાદા-રહિત ન થાય, તે માટે મનુષ્યો ઉપર નિયમન રાખ્યુ કે, ભોજન કરી રહ્યા પછી મુખ-હાથનું શૌચ કરવું જોઇએ-એમ ઉપદેશેલું છે. તેમજ હીન-હલકી જાતિવાળાઓ જેઓ હલકો અને પાપવાળો ધંધો કરે છે, તેઓ પણ અછૂત છે - એમ કરીને તેનો પરિહાર કરાય છે. તેઓનો પાપાચાર સુકુળમાં ઉત્પન્ન થયેલા કરતા નથી. આ પ્રમાણે શૌચાચારમાં કારણના અનેક ભેદો રૂઢ-વ્યવહારમાં ચાલુ છે, માટે ધર્માર્થીઓએ આ વ્યવહાર આચરવો યોગ્ય છે. શક્ય હોય તેટલો ત્યાગ કરવો. આ અશક્ય છે, તે પણ કરવો જ જોઇએ-તેવો આગ્રહ રાખવો તે પરમાર્થ નથી. હે દ્વિજવર ! તમારી શ્રુતિઓમાં પણ આ પ્રમાણે કહેલું છે કે, મક્ષિકાની સંતતિ-પરંપરા દ્વારા સ્પર્શાયેલા તેના અવયવો દ્વારા સ્પર્શાયેલા જલબિન્દુઓથી સ્ત્રીમુખ, બાળકો કે વૃદ્ધો તેઓ કદાપિ દૂષિત થતા નથી. દેવયાત્રામાં, વિવાહ કાર્યમાં, ઉતાવળ કે ભયમાં, રાજાના દર્શનમાં, યુદ્ધમાં, દુકાનના માર્ગમાં, સ્પર્શાસ્પર્શનો દોષ ગણેલો નથી. 'ભૂમિમાં રહેલ જલ પવિત્ર હોય.' આ વાક્ય શું તું ભૂલી ગયો ? આ રાજમાર્ગ સ્વરૂપ લૌકિક માર્ગનો ત્યાગ કરીને આવા અયોગ્ય અલૌકિક માર્ગને કેમ પકડ્યો ? આ તારાં પોતાનાં કરેલા કાર્યોનો દોષ છે, તો તું દૈવને કેમ દોષિત બનાવે છે ? હવે આ તારા કરેલા દોષોની શુદ્ધિ માટે યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત અંગીકાર કર.'

આ પ્રમાણે વણિકે તે બ્રાહ્મણને સમજાવ્યો, એટલે તેણે પણ પોતાની ભૂલ કબૂલ કરી અને કહેલું સર્વ માન્ય કર્યું. કોઇક વહાણનો વેપારી કિનારે આવ્યો, જેણે આ બંનેને પોતાના સ્થાનકે પહોંચાડ્યા. તો જે પ્રાણે અશુચિના ભયથી અજ્ઞાન યોગે અશુચિ ભોજન કરવા લાગ્યો, તેમ તેમ પણ દુઃખથી ડરીને અધિક દુઃખ-સમુદ્રમાં ઝંપલાવવા જેવું કાર્ય કરો છો. પાપનું ફળ હોય, તો દુઃખ, પ્રાણોનો ઘાત-નાશ કરવો, તે પાપ છે. તેમ જ જુઠ, ચોરી, મૈથુનાદિ પણ પાપનાં કારણો છે, બીજા જીવોના પ્રાણનો ઘાત કરવો કે, પોતાના પ્રાણોનો ઘાત કરવો, તે બંનેમાં પાપ કહેલું છે. 'અગ્નિચિતામાં બળી મરવું'-એ તારો વ્યવસાય અધિક દુઃખના કારણભૂત છે. હે રાજન્ ! બરાબર શાન્ત ચિત્તથી વિચાર કરો ! અને સર્વ કાર્યમાં મૂંઝાવ નહિ. પાપનો ઉદય થવાથી દુઃખ થાય છે. પુણ્યના ઉદયથી સુખ થાય છે, માટે દુઃખથી ડરવાવાળા હે રાજન્ ! તે દુઃખના પ્રતિપક્ષરૂપ જિનવરની આજ્ઞા પૂર્વકના ધર્મનું સેવન કરો. બીજું કેટલાક દેખેલા પ્રતિતીકર નિમિત્તથી જાણી શકાય છે કે, અખંડિત શરીરવાળી એવી તેનો તારી સાથે જલ્દી સંયોગ થશે, અતિઅદ્‌ભુત પુણ્યોદયથી લાંબા આયુષ્યવાળો મનુષ્યભવ પામીને રાજ્યનો ત્યાગ કરીને પાપ વગરની પવિત્ર પ્રવ્રજ્યા તું અવશ્ય અંગીકાર કર. તો હે રાજન્ ! મારા વચનથી સારી રીતે સ્વસ્થ બનીને અહિં તમે એક દિવસ રોકાઇ રહો. તમને જ્યારે પૂર્ણ ખાત્રી થાય, પછી નક્કી તમારે જે યુક્ત હોય, તે કરવું. શિયાળાના મધુર અને શીતળ જળસમૂહ સમા આચાર્યના વચનથી શાંતિચિત્તથી નગર બહાર રોકાયો. ઘણા પ્રશસ્ત મનવાળો ઉંઘી ગયો, ત્યારે રાત્રિના પાછલા ભાગમાં બહુ પુણ્યયોગે પ્રાપ્ત થાય તેવું સ્વપ્ન રાજાએ જોયું કે, 'કોઇ કલ્પવૃક્ષની લતા હતી, તેના ઉપર એક સુંદર ફલ ઉગેલું હતું, તેને કોઇકે છેદી નાખી, એટલે કોઇ પ્રકારે તે ત્યાં જ પડી. તેના ફલના શોભા તિશય યોગે વિશેષ

શોભા પામી. જેથી સર્વ લોકોનાં નેત્રને આહલાદ ઉપજાવનારી બની.

ત્યાર પછી એકદમ જાગી ગયો. તે સમયે પ્રાભાતિક મધુર શબ્દવાળું વાજિંત્ર વાગવા લાગ્યું. વિચારવા લાગ્યો કે, 'આ સ્વપ્ન અત્યંત અદ્‌ભુત છે. વળી જાગ્યો, ત્યારે વાજિંત્રના શબ્દનું શુભ નિમિત્ત સાંભળ્યું. વળી ગુરુના વચનનું સ્મરણ કરતાં હવે ગુરુને હું જાતે પૂછીશ' - એમ વિચારીને પ્રાતઃકાળનાં કર્તવ્યો કરીને તરત ગુરુની પાસે ગયો. તેમના ચરણમાં વંદન કર્યું અને તે સ્વપ્ન ગુરુને સંભળાવ્યું, એટલે ગુરુએ સ્વપ્નનો ફલાદેશ સમજાવ્યો-કલ્પવૃક્ષ એટલે તું, હે રાજન્ ! છેદાએલી લતા તે વિયોગ પામેલી દેવી, હું એમ માનું છું કે, એણે પુત્રને જન્મ આપ્યો છે અને તે તને આજે જ મળશે. 'આપના ચરણના પ્રસાદથી એમ જ થાઓ. આપના વચનમાં મને પૂર્ણ શ્રદ્ધા છે. ગુરુ આજ્ઞા પાલન કરનારનું કયું કલ્યાણ ન થાય ? એવા બહુમાનવાળા રાજા ગુરુને વંદન કરીને પોતાના સ્થાને ગયો. દત્તને બોલાવ્યો. લજ્જાથી નમી ગયેલા વદનવાળા રાજાએ તેને કહ્યું કે, 'હે મિત્ર ! આવું અકાર્ય મારાથી બની ગયું છે. ઉજ્જવલ ચંદ્રમંડલ સમાન મારા પૂર્વના કુલને મૂઢ એવા મેં મસીનો કૂચડો ફેરવ્યો. (૩૭૫)

હવે તેનાં દર્શન નહિં થાય તો, સર્વથા મારે મરણનું શરણ છે, એવો નિયમ લીધો છે. તો તું રથ સાથે અશ્વ ઉપર બેસીને વનમાં જઇ તેને જીવતી ખોળી લાવ, જે જલ્દી નહિ લાવીશ, તો મારે નિયમ અફર છે. અથવા તો તેના મરણનો નિશ્ચય મેળવી લાવ. એ પ્રમાણે દત્તને કહ્યું. તરત જ તે ત્યાંથી નીકળ્યો, ગભરાતો ગભરાતો વનમાં ભ્રમણ કરતો હતો, ત્યારે દૈવયોગે એક તાપસકુમાર જોવામાં આવ્યો. 'અરે તાપસકુમાર ! તેં અગર બીજા કોઇએ આ અરણ્યમાં પ્રસૂતિ કરવાની ઇચ્છાવાળી દેવાંગના-સમાન કોઇ એક તરુણી સ્ત્રી દેખી છે ?' તેણે પૂછયું કે, 'તમો અહિં ક્યાંથી આવો છો ?' દત્તે કહ્યું કે, શંખપુરથી. તાપસકુમારે કહ્યું કે, હજુ રાજા તેના ઉપરનો વૈરભાવ કેમ છોડતા નથી કે, તમને અત્યારે અહિં શોધવા મોકલ્યા છે ? આ કુમાર આ વિષયમાં કંઇક જાણે છે, તેથી દત્ત ઘણો હર્ષ પામ્યો. અને કહેવા લાગ્યો કે, હે ઋષિકુમાર ! આ કથા ઘણી લાંબી છે, તે અત્યારે કહેવાનો સમય નથી. આ વિષયમાં એ પરમાર્થ છે કે, જો રાજા તેને જીવતી નહિં દેખશે, તો નક્કી ભડભડતી ચિતાઅગ્નિમાં પ્રવેશ કરશે. તો તેમના સમાચાર કહો અને શંખરાજાને જીવિતદાન આપો.' આ પ્રમાણે દત્તે કહ્યું, એટલે દયાના પરિણામવાળો તાપસ દત્તને કુલપતિ પાસે લઇ ગયો અને તેની હકીકતથી વાકેફ કર્યા. તાપસીઓની મધ્યમાં રહેલી કલાવતીને બોલાવી, તેણે દત્તને જોયો, એકદમ તેનો કંઠ રૂંધાઇ ગયો અને નીસાસા મૂકતી રુદન કરવા લાગી. કલાવતીએ અંતરમાં ધીરજ ઘણી ધારણ કરી, છતાં ઘણા મહાદુઃખથી તેનું હૃદય ભરાઇ ગયેલું હોવાથી રુદન કરતાં દત્તની આગળ વમન થઇ ગયું. ક્ષણવાર ધીમું ધીમું રુદન કરતા દત્તે પણ તેને આશ્વાસન આપ્યું. 'હે સ્વામિની ! તમે ખેદ ન કરો. આમાં કોઇનો અપરાધ નથી, આ તો માત્ર પૂર્વે કરેલા પાપકર્મના ઉદયનાં ફળો અનુભવાય છે. આ સંસારમાં પ્રાણીઓ વિવિધ પ્રકારના શુભ કે

અશુભ કર્મના યોગે ચિત્ત ન સમજી શકે તેવાં ભયંકર દુઃખો અગર મહાસુખો મેળવે છે. જો આ કર્મ પ્રતિકૂળ થાય, તો શત્રુઓ પણ મિત્ર બની જાય છે. આ જે કંઇ અદ્ભુત બન્યું છે. તે ભવિતવ્યતાના નિયોગથી તને બની ગયું છે. સ્નેહપૂર્ણ રાજાએ જે તને કંઇ પણ કર્યું છે અને હે સુંદર ! તેં પણ અતિભયંકર દુઃખનો અનુભવ કર્યો છે, તેના કરતાં પણ અનંતગુણં ભયંકર દુઃખ આ નિમિત્તે રાજા ભોગવી રહેલા છે. હવે અત્યારે તો તે પશ્ચાતાપ અગ્નિમાં જળી રહેલા રાજા જો આજે તમને જીવતી એવી નહિં દેખશે, તમારું મુખકમળ નહીં જોશે, તો ચિતાના અગ્નિમાં પ્રવેશ કરશે. તો અત્યારે હવે આવશે છોડી દો, લગાર પણ કાલનો વિલંબ કરવો યોગ્ય, નથી અત્યારે તો આ રથમાં તમો બેસી જાવ, તે જ યોગ્ય છે. રાજાનો નિશ્ચય જાણી કલાવતી જવા માટે ઉત્કંઠિત બની. 'પતિ ચાહે તેવો પ્રતિકૂલ હોય, તો પણ કુલવધૂઓના મનમાં તેમનું હિત જ વસેલું હોય છે.' કુલપતિને નમસ્કાર કરતી પૂછીને રથમાં આરૂઢ થઇ. લગભગ સંધ્યા-સમયે નગર બહાર રાજાના નિવાસસ્થાન પાસે પહોંચ્યા. અખંડિત અક્ષતદેહવાળી પ્રિયાને પ્રાપ્ત કરવા છતાં, તે કારણે હર્ષ વહન કરવા છતાં, લજ્જાથી પડી ગયેલા મુખવાળો રાજા તેને દેખવા માટે સમર્થ થઇ શકતો નથી. આ સમયે રાજાની પાસે આરતી વગેરે કાર્યનિમિત્તે મનોહર વાજિંત્રના મંગળ વધામણાના સૂરો સંભળાવા લાગ્યા. અતિશય આનંદ સૂચક ગાંધર્વોના વાજિંત્રોના શબ્દોથી મુખર એવા સમગ્ર સંધ્યાનાં કાર્યો નીપટાઇ ગયાં, એટલે શંખરાજા આનંદરૂપ અમૃતથી સિંચાએલા શરીરવાળા થયા, મંત્રીવર્ગે દાન આપવા પ્રેરણા કરી, જેથી અર્થીવર્ગને ઉચિત દાન આપીને, શુભનિમિત્તો અણધાર્યાં ઉત્પન્ન થવાથી હર્ષપૂર્ણ હૃદયવાળા રાજા અવસર પામીને તેનું મુખ જોવાની ઉત્કંઠાથી ઉભા થયા. રોહિણી પાસે જેમ ચંદ્ર, તેમ કલાવતી પ્રિયા પાસે રાજા પહોંચ્યો (૪૦૦)

કલાવતીનો ક્રોધાગ્નિ તેટલો હજુ શાંત થયેલો ન હોવાથી મ્લાનમુખવાળી કલાવતીને તેણે દેખી, તેનું મસ્તક ઉંચું કરીને રાજા કહેવા લાગ્યો કે, 'હે દેવિ ! આ બીજા દ્વીપથી આવેલું દુર્લભ મહારત્ન અને મોટા નિધાન સમાન તારું વદન સમુદ્રજળ જેમ પરવાલાની કાંતિથી, તેમ ઉગ્ર લાવણ્યવાળું હતું. ઉદ્વેગ-રોગથી ઘેરાએલા એવા મને આ તારા વદનનું દર્શન સંજીવની ઔષધ સમાન છે.' એમ બોલતા રાજાને નયનાશ્રુ વહેતી કલાવતીએ કહ્યું કે, 'હે દેવ ! નિર્ભાગ્યને યોગ્ય ચરિત્રવાળી મારી પ્રશસ્તિનું કથન કરવાથી સર્યું.' રાજા કહે છે કે, 'હે દેવિ ! હું તો અત્યંત અયોગ્ય છું કે, જેણે વગર વિચાર્યે આવો વ્યવસાય કર્યો. ત્યારે કલાવતીએ કહ્યું કે, 'આમાં તમારો દોષ નથી, પરંતુ આ મારી જ પાપપરિણતિ છે, જેથી આ પ્રમાણે થયું. ' જગતમાં સર્વ જીવો પૂર્વે કરેલાં શુભાશુભ કર્મોના ફલવિપાકો મેળવે છે, અપરાધ કે ગુનો થાય, તેમાં બીજો તો માત્ર નિમિત્તભૂત થાય છે. પરંતુ હે દેવ ! આપને પૂછું છું કે, 'કયા એવા દોષથી આમ થયું ? ત્યારે ઝાંખી પડેલી કાંતિવાળા મુખથી રાજાએ કહ્યું કે 'હે દેવિ ! આ વિષયમાં જેમ અશોક કે વેતસ જાતિના વૃક્ષને ફળ હોતાં નથી અને વડ અને ઉમ્બર વૃક્ષને પુષ્પો હોતાં નથી, તેમ અત્યંત ઉત્તમ લક્ષણ દેહવાળી એવી તારા વિષે કોઇ અપરાધ છે જ નહિં.'

અજ્ઞાનથી અંધ થયેલા એવા મેં જ તારામાં દોષ ન હોવા છતાં દોષ દેખ્યો અને

કમળાવાળા જેમ દીવા વિષે મંડલ ન હોવા છતાં, મંડલ દેખે છે, તેમ મેં પણ દોષની કલ્પના કરી. 'કમળાના રોગવાળો બીજા પદાર્થો પીળા ન હોવા છતા સર્વ પીળું દેખે છે.' એ કહેવત સાર્થક કરી. મારા અજ્ઞાનનું નાટક મહાપાપવાળું બન્યું છે, તો પણ હે મૃગાક્ષિ ! તારી પાસે મારે કંઇ પણ છૂપવવા યોગ્ય-અકથનીય વસ્તુ નથી. રાણીએ પોતાની બુદ્ધિથી વિભ્રમનું કારણ તેને જણાવ્યું અને જંગલમાં જે કંઇ બનાવ બન્યા, તે પોતાનું ચરિત્ર રાણીએ રાજાને જણાવ્યું. કલાવતીનું આશ્ચર્યવાળું ચરિત્ર સાંભળીને વિસ્મય પામેલો રાજા કહેવા લાગ્યો કે, 'જયાં સુધી ચંદ્ર અને સૂર્ય હશે, ત્યાં સુધી આ મારા અપયશનો પડહો વાગશે અને જયારે તારી શીલ-પતાકા દેવતાઓના સાંનિધ્ય સાથે સ્ફૂરાયમાન થશે. અર્થાત્ તારી કીર્તિ ઘણા કાળ સુધી ફેલાશે. પશ્ચાતાપ-અગ્નિથી સળગેલું મારું માનસ કોઇ દિવસ નહિં ઓલવાય, તારા દુઃખનું સ્મરણ કરતાં મને આ ભૂલાવું સર્વથા અસાધ્ય છે. જે તારા સમાગમની આશા પણ આ ગુરુ મહારાજના વચનના પ્રતાપે જ થયેલી છે. હે સુંદરી ! બીજા દુઃખો ભોગવવાં પડશે, તેથી ડરીને જ હું મૃત્યુ પામ્યો નથી. તો દેવીએ કહ્યું કે, 'આ અત્યંત વિષમદશા હવે આ બાળકના પુણ્ય-પ્રભાવથી સમાપ્ત થાય છે - એમ હું માનું છું. હવે તે મહાનુભાવ એવા આચાર્ય ભગવંતનાં દર્શન મને પ્રભાતમાં કરાવો. પ્રશાંત ચિત્તે તે વાત માન્ય કરી. આ પ્રમાણે એક બીજા પોતપોતાના કાર્યનો પશ્ચાત્તાપ કરતા હતા અને ઘણાં પ્રસન્ન વચનો એકબીજા સંભળાવતા હતા-એમ કરતાં નવીન ઉત્પન્ન થયેલા સ્નેહવાળા તેઓની રાત્રિ ક્ષણવારમાં પૂર્ણ થઇ. સૂર્યોદય-સમયે બંનેએ અમિતતેજ આચાર્ય ભગવંતને વંદના કરી, તેમણે પણ શીલ-ગુણની સ્તુતિરૂપ ગંભીર ધર્મદેશના આપી કે, આ શીલ એ જ મહાશૌચ છે, જીવનું મોટું આભૂષણ હોય તો શીલ છે, શીલ એ જ મહાશૌચ છે, સમગ્ર આપત્તિનો નાશ કરનાર હોય તો શીલ છે, એ વગેરે શીલનાં ફલ કહીને તથા દેવતત્ત્વનું નિરૂપણ કર્યું.

ત્યાર પછી ગુરુઓના ગુણનું નિરૂપણ તેમ જ જીવાદિક પદાર્થોનું સ્વરૂપ સમજાવ્યું. એ સાંભળીને જેમની કર્મની ગાંઠ ભેદાઇ ગઇ, એવા તેમને શુદ્ધધર્મની પ્રાપ્તિ થઇ બંને પોતાના મસ્તકથી પ્રણામ કરતા કહેવા લાગ્યા કે, 'હે ભગવંત ! આપે કહ્યો, તે ધર્મ સત્ય જ છે. તેમ જે આ પુત્રનો સ્નેહ ત્યાગ કરવો મુશ્કેલ છે, તો જયાં સુધી બાળકનું પાલન કરવું પડે, ત્યાં સુધી માટે ગૃહસ્થધર્મ આપો. એટલે સમ્યક્ત્વ-સહિત પાંચ અણુવ્રતો અને જિંદગી સુધીનું **બ્રહ્મચર્ય વ્રત આપ્યું.** (૪૨૫)

ત્યાર પછી જયસિન્ધુર નામના હાથીની ખાંધ પર બેસી સર્વત્ર હર્ષ ફેલાવતા રાજાએ નગરમાં પ્રવેશ કર્યો. દેવીનો સ્વીકાર કર્યા પછી ક્રમે કરીને પોતાના મહેલમાં ગયો. દશ દિવસ સુધી પુત્ર-જન્મનાં વધામણાં અતિઉત્કૃષ્ટપણે પ્રવર્તાવ્યાં. રાજા મરણથી અટકયા, દેવની ફરી પ્રાપ્તિ, પ્રથમ પુત્રનો જન્મ થયો. આ સર્વનો ત્રિવેણીસંગમ થવા યોગે તે દિવસોમાં ભવન અમૃતમય બની ગયું. આ પ્રમાણે બાર દિવસો ગયા પછી સ્વજનો, કુટુંબીઓ અને બંધુઓએ એકઠા મળી બાળકનું નામ શું સ્થાપન કરવું ? તે વિચારતાં એવો નિર્ણય કર્યો કે- આ પૂર્ણ પુણ્યવાળો છે. માતા-પિતાને જીવનગુણ આપેલો હોવાથી, વળી માતાઓ કળશનું સ્વપ્ન દેખેલ હતું, આ કારણથી તેનું 'પૂર્ણકલશ' એમ નામ રાખવું.

શાસ્ત્રમાં કહેલ વિધિથી રાજાએ જિનમંદિર કરાવ્યું દેવ-ગુરુની ઉત્તમ પ્રકારની ભક્તિ કરતાં તેઓ ધર્મનું શ્રવણ તથા શ્રાવકજન-ઉચિત આચારનું પાલન કરતા હતા. આ પ્રમાણે શંખ અને કલાવતી બંનેને ધર્મપાલન કરતાં ઘણો સમય પસાર થયો. હવે પૂર્ણકલશ કુમાર રાજ્યધુરા વહન કરવા સમર્થ બન્યો, એટલે તેનો રાજ્યાભિષેક કરીને તેઓ બંને પ્રવ્રજ્યા અંગીકાર કરવાને તૈયાર થયા. તે સમયે તેમની પુણ્યપ્રભાવથી નગર બહાર ઉદ્યાનમાં ઘણા સાધુના પરિવાર સહિત 'અમિતતેજ' આચાર્ય પધાર્યા. એ સમાચાર સાંભળીને સુંદર ભક્તિવાળા સમગ્ર સૈન્યપરિવાર-સહિત લોકોએ જેનો માર્ગ રોકેલ છે, ચારિત્ર ગ્રહણ કરવા સજ્જ બનેલ મુક્તિગામી રાજા પોતાની કલાવતી ભાર્યાસહિત સદ્ગતિનો ઉપદેશ આપનાર એવા આચાર્યની પાસે પહોંચ્યા. વિધિસહિત અભિવંદન કરી રાજાએ આચાર્ય ભગવંતને વિનંતિ કરી કે, 'હે ભગવંત ! ભયંકર ભવ-સમુદ્રમાં ડૂબતા એવા મને આપ ભવનો પાર પમાડો. હે ભગવંત ! સારા પાટિયાયુક્ત, કર્ણધાર-સહિત, લોહના સંબંધ વગરનું, છિદ્ર વગરનું, શ્વેત વસ્ત્રવાળા સઢયુક્ત, નિર્ભય નાવથી જેમ સમુદ્રની સામે પાર પહોંચી શકાય, તેમ દીક્ષારૂપી નાવ મને આપો, જેથી હું સંસારનો પાર પામું. દીક્ષાપક્ષે-મનુષ્યભવના સાર ફળભૂત, સમજી પુરુષને આધારભૂત, નિર્લોભતાના સંબંધવાળી, દુર્ગતિના ભય વગરની શ્વેત વસ્ત્રોથી અધિષ્ઠિત, અતિચાર - રૂપ છિદ્ર વગરની દીક્ષા. (શ્લેષાર્થ ગાથા છે - દીક્ષા અને નાવનું રૂપક કહેલું છે)

ત્યાર પછી ગુરુએ કહ્યું કે, 'ભવસ્વરૂપ જાણેલું હોય, તેમના માટે એ જ યોગ્ય છે. કોણ પોતાના આત્માને બાળવા માટે સળગતા ઘરમાં પકડી રાખે ? હે નરવર ! આ મનુષ્ય-જન્મનું અતુલ્ય ફળ તેં પ્રાપ્ત કર્યું છે, અત્યંત દુર્લભ એવા ચારિત્રના પરિણામે તેં પ્રાપ્ત કર્યા છે. અત્યારે સમગ્ર સંગનો ત્યાગ કરનાર હોવાથી તું ત્યાગીઓમાં પ્રથમ છો, આ દુષ્કર સાહસ-રસથી શૂરવીર છે.' આ પ્રમાણે ઉપબૃંહણા પામેલા રાજાએ પોતાના પદ ઉપર પૂર્ણકલશ પુત્રને સ્થાપન કર્યો ત્યાર પછી મહાઆડંબર પૂર્વક ગુરુની પાસે વિધિથી દીક્ષા ગ્રહણ કરી. રાજ્ય મળવા કરતાં દીક્ષા-પ્રાપ્તિથી અધિક મહાહર્ષ સુખસાગર પામ્યો. હવે યતિધર્મના દરેક વિધાનોમાં હંમેશાં તત્પર બન્યો. આ પ્રમાણે શંખરાજા રાજર્ષિ થયા. કાલોચિત સૂત્ર અને અર્થ ભણતા હતા, કાલોચિત ચરણ-કરણ-સિત્તરીના અનુષ્ઠાનોમાં તત્પર, કાલોચિત તપકર્મમાં નિરત અને કાલોચિત ઉગ્ર વિહાર કરનારા થયા. જો કે, દુઃષમાકાળના દોષથી સંઘયણ છેક તુચ્છ છે, શરીર પણ નિર્બળ છે, વિવિધ સંયમયોગ સાધી શકાય તેવાં અનુકૂળ ક્ષેત્રો વિશેષ દુર્લભ છે, કાલદોષથી દુષ્કર ક્રિયાઓમાં પરાક્રમ પણ ફોરવી શકાતું નથી, આ કાળમાં સંયમના સહાયકો અતિદુર્લભ છે, નિશ્ચિત ઉત્સાહવાળા, સંયમમાં ઉત્સાહ આપનારા દુર્લભ છે, તો પણ અકાર્ય-વિષયક-પાપવિષયક 'અકરણનિયમ' આ ચારિત્ર માટે પ્રગટ છે જ. જેમાં યતનાનું વર્તન મુખ છે, એવા પ્રકારનો ચારિત્રનો ખપી આત્મા ચરણરત્નનો અનાશક સમજવો. વિહારયોગ્ય ક્ષેત્રનો અભાવ હોય, તો ઉપાશ્રય, અથવા તેનો ખૂણો કે સંથારો કરવાનું સામર્થ્ય ન હોય, તો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવરૂપ અભિગ્રહોનું સેવન કરવું. ગોચરીની એષણા વિષયક શુદ્ધિ બારીકાઈથી લાભ-નુકશાનને આગમાનુસારી વિધિથી તપાસી

ગ્રહણ કરવી અને દુષ્કાળ સમય, ગ્લાનાવસ્થા આદિમાં શરીરની સંયમયાત્રા ટકે-એ પ્રમાણે દુઃષમાકાળમાં પણ સંયમરત્નની સાચવણી કરે. સૂત્રવિધિથી અપવાદ સેવન કરે, તો પણ સંયમ બાધા પામતો નથી. એટલા જ માટે જિનેશ્વરોએ આ અપવાદ પણ કહેલો છે. તેવા દુષ્કાળ, ગ્લાન, જંગલ વગેરે કારણોનું અવલંબન ગ્રહણ કરીને તેવા દોષો સેવન કરવાનો પ્રસંગ ઉભો થયો હોય, દોષો સેવ્યા હોય, તો ગુરુની સમક્ષ આલોચના, નિંદનાદિક કરી, ગુરુએ કહેલ પ્રાયશ્ચિત્તથી તેવો મહાસત્ત્વવાળો આત્મા પાપની શુદ્ધિ કરે છે. આ પ્રમાણે શંખ રાજર્ષિએ પણ દુઃષમા કાળ આદિક આશ્રીને સંયમ-પાલન કર્યું. એ પ્રમાણે કલાવતી સાધ્વીએ પણ તે કાલને આશ્રીને અનન્ય મનવાળી પ્રશમાતિશયને વહન કરતી હતી. (૪૫૧)

આ કથાનક સંબંધી મૂળ બત્રીશ ગાથાઓનો સંગ્રહ છે. તે સહેલાઇથી સમજી શકાય તેવી છે, છતાં કેટલાંક ન સમજી શકાય તેવાં વિષમ સ્થાનો વિવરણકારે સ્પષ્ટ કરેલ છે. તે કલાવતીના ભાઇ જયસેનકુમારે પોતાનાં અંગદ-બાજુબંધ આભૂષણ ઘણાં જ ઉત્કૃષ્ટ હોવાથી શંખરાજાને ભેટણામાં મોકલ્યાં હતાં. ગર્ભવતી સ્ત્રીને સાસરાપક્ષથી મુક્ત કરાવે, તે ગર્ભવતીને વિસર્જન કરાવનાર પુરુષો, તેઓના હસ્તદ્વારા દેવદૂષ્ય વગેરે મોકલ્યાં હતાં. રાજાને આપવાનાં અંગદ પોતે જ ગ્રહણ કર્યાં. બીજું આ નિમિત્ત, પહેલાં કહેલા અભિપ્રાયથી તેને અટવીમાં મોકલી, બોલાવવાથી સમીપે આવેલી ચાંડાલીી, નદી તરફ બાળક ગબડતો હતો, તેને પગથી પકડી રાખ્યો. નદી દેવતાને ઉદ્દેશીને આક્રન્દન-સહિત વિલાપ કર્યો, એટલે સાચા શીલવ્રતવાલાઓને દેવતાઓનું સાંનિધ્ય હોય છે, તેના પ્રભાવથી આપત્તિ દૂર ચાલી જાય છે. આપ્ત-પ્રામાણિક પુરુષે કહેલા વચનાનુસાર જે અનુષ્ઠાન, તે કલ્યાણ કરનાર થાય છે. (૭૬૮ મૂ. ગા.)

## આજ્ઞાનુસારિ યતનાનું ફળ

આ કહેવાથી આવા દુઃષમાકાળમાં પણ આજ્ઞાનુંસારિણી એવી યતના-જયણા સેવન કરવાથી જે ફળ થાય છે. તે કહે છે –

जयणा उ धम्मजणणी, जयणा धम्मस्स पालणी चेव ।

तव्वुड्ढिकरी जयणा, एगंतसुहावहा जयणा ॥ ७६९॥

૭૬૯-જેનું લક્ષણ આગળ જણાવીશું, એવી સંયમ વિષે જે યતના તે પ્રથમ ધર્મ ઉત્પન્ન કરવાના કારણભૂત છે. શ્રુતધર્મ અને ચારિત્રધર્મ તે રૂપ ધર્મના ઉપદ્રવને નિવારણ કરનારી - પાલન કરનારી જયણા છે. ધર્મની પુષ્ટિના કારણભૂત હોવાથી ધર્મની વૃદ્ધિ કરનારી જયણા છે. વધારે કેટલું કહેવું ? મોક્ષને પ્રાપ્ત કરાવનારી - એકાંત સુખ આપનારી આ જયણા કહેલી છે. (૭૬૯)

जयणाए वट्टमाणो, जीवो सम्मत्त-णाण-चरणाण ।

सद्धा-बोहासेवण-भावेणाराहओ भणिओ ॥ ७७० ॥

૭૭૦—જિનેશ્વર ભગવંતે કહેલી યતનામાં વર્તતો આત્મા સાચા માર્ગની શ્રદ્ધા હોવાથી,

જીવાદિ નવે તત્ત્વોનો બોધ હોવાથી સમ્યગ્ ચારિત્ર-ક્રિયા સેવન કરતો હોવાથી કોઇ પ્રકારે તે સર્વ પરિપૂર્ણ રૂપ ત્રણે રત્નોનો આરાધક કેવલી ભગવંતોએ કહેલો છે. (૭૭૦) એ પણ કેવી રીતે તે કહે છે –

## સમ્યગ્દર્શનનું સ્વરૂપ

૭૭૧–હવે અહિં યતના કોને કહેવાય ? **નિશીથ** વગેરે છેદસૂત્રોમાં આપત્તિકાળમાં અપવાદ લક્ષણ - અર્થાત્ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની પ્રતિકૂળતા હોય, તેવી આપત્તિમાં, નહિં લાભ-નુકશાન-ગુરુ-લાઘવની વિચારણા શૂન્યપણે, પરમપુરુષની લઘુતા કરાવનારી, સંસારાભિનંદી-પુદ્‌ગલાનંદી જને સેવેલી પ્રવૃત્તિ યતના ન કહેવાય. (પરંતુ સંયમ ટકાવવા માટે, દ્રવ્યાદિકને આશ્રીને દુષ્કાળ, માંદગી, જંગલ ઉલ્લંઘન કરવું, તેમાં જે નિષિદ્ધ પ્રવૃત્તિ દ્રવ્યાદિકને આશ્રીને કરાય, ક્યારે આ દોષ ન સેવવાનો અવસર મેળવું - એવી અભ્યંતર ચિત્તવૃત્તિ રહેલી હોય, તેમ જ લાગેલા દોષોની શુદ્ધિ ક્યારે કરું ? આવી પરિણતિ સતત વહેતી હોય, તે જયણા કહેવાય.)

તે તે દ્રવ્ય, ક્ષેત્ર કાળ અને ભાવને આશ્રીને વિવિધ પ્રકારની ઘણી અસત્પ્રવૃત્તિને રોકવા સ્વરૂપ પ્રવૃત્તિ, યતનાકાળમાં થનારી એવી ઘણી જ શાસ્ત્રે નિષેધેલી અસરપ્રવૃત્તિને આચરવા રૂપ. ક્યારે ? તો કે-તેવા પ્રકારની માંદગી આવી હોય, દુષ્કાળ સમય હો, જંગલના લાંબા માર્ગો ઓલંગવાના હોય, શરીરમાં નિર્બળતા આવી હોય, તેવી અવસ્થામાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર રૂપ મોક્ષમાર્ગની આરાધના ટકાવવા માટે પરિમિત અશુદ્ધ ભોજન-પાણી આદિ સેવન કરવારૂપ જે ચેષ્ટા, એટલે કે, કારણથી કરેલી તેવી ચેષ્ટા તે જયણા કહેવાય. આપત્તિકાળમાં **નિશીથ** વગેરે શાસ્ત્રોમાં કહેલ અપવાદપદે સેવન કરાય, પણ પોતાની સ્વેચ્છાએ નહિં. અપવાદપદ સેવીને જ્ઞાન, દર્શન, ચારિત્રની સાધના કરવાની અભિલાષા રાખે છે. સમય મળે, ત્યારે ગુરુ પાસે આલોચનાદિક શુદ્ધિ કરવાની અભિલાષા રાખે છે. જેમ બને તેમ અલ્પદોષ સેવન કરે. અધિક દોષ થાય, તો આત્મા પાપકર્મથી ડરે, ત્યારે તે જયણા કહેવાય. (૭૭૧)

દ્રવ્યાદિક આપત્તિમાં યતના, સમ્યગ્દર્શનાદિ સાધી આપનાર છે-એમ કહ્યું, પરંતુ છદ્મસ્થ આત્મા યતના - વિષયક દ્રવ્યાદિક જાણવા માટે સમર્થ થઇ શકતો નથી. એ શંકાના નિવારણ માટે કહે છે –

૭૭૨–સમ્યગ્દર્શનાદિ ત્રણેયના પરિણામની ધારાનો પ્રવાહ અખંડિત એક સરખો સાનુબંધ-ચાલુ જ હોય છે. એજ પ્રમાણે લાભ-નુકશાનની વિચારણા પૂર્વક વિરુદ્ધ એવા દ્રવ્યાદિક સેવન કરવામાં આવે, એ જ પ્રમાણે લાભ-નુકશાનની આલોચના વગર દ્રવ્યાદિક સેવન કરવામાં આવે, તો સમ્યગ્દર્શનાદિના પરિણામનો પ્રવાહ ખંડિત થાય, અથવા નિરનુબંધ થાય-આ વસ્તુ જણાવી, તે અતીન્દ્રિય વસ્તુ જણાવી, તે કોઇ અસર્વજ્ઞ-છદ્મસ્થ ન જાણી શકે - નિર્ણય કરી શકે, અતીન્દ્રિય પદાર્થનો આ પ્રમાણે વ્યવહાર કરવામાં આવે, તો સમ્યગ્દર્શનનાદિ આ પ્રમાણે સાનુબંધ, આ પ્રમાણે નિરનુબંધ બની જાય. તેનો નિર્ણય સર્વજ્ઞ

કેવી રીતે મેળવી શકે ? (૭૭૨) આ પ્રમાણેની શંકાનું સમાધાન કહે છે –

૭૭૩–સર્વજ્ઞ ભગવંતનાં વચન-શાસન-આગમથી યથાર્થપણે ઉત્સર્ગ-અપવાદથી શુદ્ધ એવા સર્વજ્ઞ-વચનનો પરમાર્થ જેણે જાણેલ છે, એવા સાધુવિશેષ તે ગીતાર્થ સાધુ. એ પણ છદ્મસ્થ છતાં પણ જાણે છે. જેમ નાના ચિહ્નરૂપ ધૂમાડાથી ન દેખાતો અગ્નિ દેખાય છે, તેમ સ્થૂલબુદ્ધિવાળાઓને ન દેખાતા કે ન જણાતા પદાર્થો ચિહ્નોલિંગો દ્વારા ધૂમાડાથી જેમ અગ્નિનું જ્ઞાન થાય, તેમ સેવનાર અને સેવનીય દ્રવ્યાદિ અવસ્થા-વિશેષથી - નજીકના કારણથી પદાર્થ જાણી શકાય છે. મન, વચન અને કાયારૂપ કરણોથી હંમેશાં ઉપયોગવાલો હોય, પ્રશસ્ત ઔત્પાત્તિકી વગેરે બુદ્ધિ ધનવાળો ગીતાર્થ મુનિ હોય, તે જાણી શકે છે. જેમ કોઇક મહાબુદ્ધિશાળી રત્નનો વેપાર કરનાર રત્નપરીક્ષા-શાસ્ત્રાનુસાર બુદ્ધિથી રત્નમાં રહેલી વિશેષતાઓ બરાબર જાણીને તે જ પ્રમાણે તેનું મૂલ્ય આંકે છે, એ પ્રમાણે ગીતાર્થ મુનિવર પણ શાસ્ત્રાનુસાર વ્યવહાર કરતાં કરતાં કોઇ વખત વિષમ અવસ્થામાં આવી પડ્યો હોય, તો પણ સમ્યગ્દર્શનાદિની વૃદ્ધિ કરનાર એવા દ્રવ્યાદિક-વિશેષોને સેવન કરવા રૂપે જાણી શકે છે. ગર્દભિલ્લરાજાએ હરણ કરેલ પોતાની સાધ્વી બહેનને કાલિકાચાર્યે જેમ જાણેલ તેમ સારી રીતે ઉપયોગ કરેલી બુદ્ધિથી કોઇપણ વસ્તુ એવી નથી કે, જે ન જાણી શકાય. તે માટે કહેલું છે કે "ભૂમિમાં ઊંડાણમાં દૂર સુધી સ્થાપન કરેલ નદિને તૃણ, વેલડી આદિથી આચ્છાદિત થયેલી ભૂમિમાં નેત્રથી ન દેખવા છતાં કુશલ બુદ્ધિવાળા પુરુષો બુદ્ધિરૂપી નેત્રોથી તેને દેખે છે." (૭૭૩) અહિં બીજું દૃષ્ટાંત પણ કહે છે –

૭૭૪ – જ્યોતિષીઓ જ્યોતિષશાસ્ત્રના આધારે સુકાલ-દુકાળ થશે, તે બરાબર જાણી શકે છે, વૈદ્યો વૈદકશાસ્ત્રાનુસારે જલોદર વગેરે મહાવ્યાધિનો વિનાશ જાણી શકે છે **સુશ્રુત** વગેરે ચિકિત્સાશાસ્ત્રોનો બરાબર અભ્યાસ કરેલો હોય, તેવા જાણકાર વૈદ્યોને રોગ મટશે કે નહીં મટે, તેની ખબર પડે છે. **વરાહમિહિર સંહિતા** આદિક જ્યોતિષશાસ્ત્રો અને **સુશ્રુત** વગેરે વૈદકશાસ્ત્રોથી જેમ કાલજ્ઞાન તેમ જ રોગજ્ઞાન થાય છે, તેમ આ ગીતાર્થ મુનિવર યતનાવિષયક અન્ન-પાન આદિના પ્રતિષેધ શાસ્ત્રવચનો દ્વારા જાણી શકે છે જ. (૭૭૪) તથા–

## યતનાનું સ્વરૂપ

૭૭૫–કાયિક, વાચિક અને માનસિક આ ત્રણની ઉપયોગ-શુદ્ધિથી આહારપાણી ગ્રહણ કરવામાં પ્રવર્તેલ સાધુ હોય, તે જે સમયે ત્રણે કરણના ઉપયોગ - પૂર્વક આહાર ગ્રહણ કરે છે. તે વખતે તે સાધુના ઉપયોગની નિર્મલતા હોય છે. અને તેથી અશુદ્ધ-દોષવાળા આહાર-પાણીનો બોધ જેમ તે ભાવસાધુને થાય છે અને તે બોધ પણ તદ્દન પરિશુદ્ધ-અસ્ખલિત સ્વરૂપવાળો થાય છે. તે પ્રમાણે અહિં યતના - વિષયમાં પણ પરિશુદ્ધ વિશેષ પ્રકારનું જ્ઞાન થાય છે, તેમ સમજવું. (૭૭૫)

શંકા કરી કે, સર્વ જગો પર ધર્મના અર્થીઓ હોય, તેવા લોકોને દાન આપવા માટે રસોઇ પકાવવાની પ્રવૃત્તિઓમાં ઘણે ભાગે અનેષણીય, અકલ્પનીય, સાધુને દોષ લાગે તેવી

સામગ્રીઓ ગૃહસ્થો તૈયાર કરે છે, જેથી તેમાં દોષની બહુલતા હોય છે. એષણાનો વિવેક કરે, તો પણ તેનું યથાર્થ જ્ઞાન પાવું દુષ્કર છે, તો તેનું દૃષ્ટાંત અહિં કેમ જણાવ્યું ? એમ શંકા કરનારને કહે છે –

૭૭૬–પિંડનિર્યુક્તિ આદિ આગમશાસ્ત્રો વિષે જેને અતિઆદર - બહુમાન હોય છે, એવા ચારિત્રવંત આત્માને આ અનેષણીય-દોષવાળું - અગ્રહણ યોગ્ય છે - એવું વિજ્ઞાન થવું દુર્લભ નથી હવે કોઇક દાન દેવાની બુદ્ધિથી છલના-કપટ કરીને અસુઝતા આહાર સૂઝતા રૂપે આપે અને જ્ઞાન ન થાય, તો તેમાં અનેષણીય ગ્રહણ કરવા રૂપ દોષ ગણાતો નથી. અંતઃકરણની નિર્મલતા રૂપ પરિણામની શુદ્ધિ હોવાથી. (૭૭૬)

આજ વાતને ઉલટાવીને સમજાવે છે –

૭૭૭–કહેલા લક્ષણવાળી યતનાથી વિપરીત સ્વરૂપ-અયતનાથી એકાંતભાવે સમ્યક્ત્વ જ્ઞાન અને ચારિત્ર એ ત્રણેય વિપરીત બની જાય-અર્થાત્ મિથ્યાત્વ, અજ્ઞાન અને અચારિત્ર સ્વરૂપ બની જાય. કેવી રીતે ? તીર્થંકર ભગવંતની આજ્ઞા, તો જયણા એ ધર્મ ઉત્પન્ન કરનારી માતા છે. એ રૂપ આજ્ઞાની અશ્રદ્ધા-અરુચિ કરવાથી, જેને યતનાની રુચિ હોય, તે યતનાનું ઉલ્લંઘન કરીને કદાપિ પ્રવર્તતો નથી, અને જો પ્રવર્તે, તો તેને તે યતનામાં શ્રદ્ધા નથી-તે વાત પ્રગટ છે. આ લોકમાં પણ કોઈપણ પદાર્થની મર્યાદાનું ઉલ્લંઘન કરનાર ગૌરવસ્થાન પામતો નથી. (૭૭૭) તથા –

૭૭૮–જે કારણથી ભગવંતે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ આદિને અનુકૂલ અન્નપાનાદિની ગવેષણા કરવા રૂપ કહેલું છે, ભાવવિશુદ્ધ એટલે ઔદાયિકભાવનો ત્યાગ કરીને ક્ષાયોપશમિક ભાવ-સહિત જે જ્ઞાનાદિક આરાધનાનું અનુષ્ઠાન કરવામાં આવે, તેમાં જેમ તેનું ફળ મળે છે, તેમ આ અનુષ્ઠાન પણ કહેલું છે. સાચો ઉપાય હોવાથી. (૭૭૮) માટે જ કહે છે –

## આજ્ઞા આરાધના

णवि किं चि अणुणातं, पडिसिद्धं वा वि जिणवरिंदेहि ।

तित्थयराणं आणा, कज्जे सच्चेण होयव्वं ॥ ७७९॥

૭૭૯–ઋષભાદિ તીર્થંકર ભગવંતોએ માસકલ્પ વિહારાદિ સાધુનાં કર્તવ્યો માટે ‘એકાંતે આ જ કર્તવ્ય છે.’ એમ આજ્ઞા કરી નથી, તેમ જ કોઇ એકાન્તે નિષેધ પણ કરેલો નથી.’ જેમ કે, તમારે એકાંતે માસકલ્પ-વિહાર કરવો જ. એમ જકાર પૂર્વકની આજ્ઞા કે, જકાર - સહિત એકાંત નિષેધ કોઇ કાર્યનો કહેલ નથી. ત્યારે તેમણે કેવી આજ્ઞા કરેલી છે ? તે કહે છે તીર્થંકર ભગવંતની આજ્ઞા આ પ્રમાણે સમજવી કે ‘તાત્ત્વિક-ભાવનો પક્ષપાત કરવો અને ભાવશૂન્યજે માત્ર ક્રિયા તે વચ્ચેનું અંતર કેટલું ? તો કે, સૂર્યનું તેજ અને ખજૂઆનું તેજ. ખજૂવાનું તેજ ઘણું જ અલ્પ અને ક્ષણમાં વિનાશ પામનારું છે, જ્યારે સૂર્યનું તેજ ઘણું જ અને અવિનાશી છે. માટે જે પ્રમાણે આજ્ઞાની આરાધના થાય તે પ્રમાણે પ્રયત્ન કરવો. (૭૮૦)

આજ્ઞા આરાધના માટે જે કરવું ઘટે, તે વિશેષતાથી કહે છે–

૭૮૧–સામાન્યથી કહેલો વિધિ ઉત્સર્ગ અને વિશેષથી કહેલ વિધિ અપવાદ કહેવાય. તેથી ઉત્સર્ગ અને અપવાદ બંનેનાં યથાસ્થિત સ્વરૂપ જ્ઞાન વિષે બુદ્ધિશાળીએ નિશીથ અધ્યયન વગેરે તથા તે પ્રતિપાદન કરનારા આગમાનુસારે નૈગમાદિ નયવિચારક સહિત બંનેને સમજવા પ્રયત્ન કરવો. (૭૮૧)

હવે સર્વ નયોથી અભિમત એવા ઉત્સર્ગ અને અપવાદ એક જ છે - એમ તત્ત્વથી સ્વરૂપ અંગીકાર કરીને કહે છે –

૭૮૨ – ઉત્સર્ગ - અપવાદરૂપ જે અનુષ્ઠાન સેવન કરવાથી મિથ્યાત્વાદિક દોષો રોકાય, એટલે કે, તેવા દોષોની પ્રવૃત્તિઓ થાય નહિં, તથા પૂર્વભવોમાં ઉપાર્જન કરેલાં જ્ઞાનાવરણીય આદિ અશુભ પાપકર્મોનો ક્ષય થાય-આત્માથી કર્મ છૂટાં પડી જાય, તે જ ખરેખર મોક્ષનો ઉપાય અથવા મોક્ષમાર્ગ છે. તે માટે દૃષ્ટાંત કહે છે - રોગ - વ્યાધિવાળી અવસ્થામાં રોગ મટાડનાર ઔષધ રોગને અટકાવી જુના રોગને નાશ કરવા માફક દેશ, કાલ અને રોગને આશ્રીને કોઈ તેવી અવસ્થા ઉત્પન્ન થાય છે કે, જે અવસ્થામાં અકૃત્ય થાય અને કરવા લાયક કર્મનો ત્યાગ કરવો પડે છે. એ વચનને અનુસરતો લાભ - નુકશાનનો હિસાબ ગણીને નિપુણ વૈદ્યકશાસ્ત્રના જાણકાર વૈદ્યો તેવી તેવી ચિકિત્સામાં રોગની શાંતિ થાય, તેમ પ્રવર્તે છે. તે પ્રમાણે ગીતાર્થ મુનિવરો તેવી તેવી દ્રવ્યાદિ આપત્તિઓમાં વિવિધ અપવાદો સૂત્રાનુસારે સેવન કરતા હોય, તો તેમાં નવા દોષો રોકવા પૂર્વક પૂર્વનાં કરેલાં કર્મની નિર્જરા લક્ષણફળ મેળવનારા થાય છે. (૭૮૨)

હવે ઉત્સર્ગ-અપવાદનું સમાન સંખ્યાપણું જણાવે છે –

૭૮૩ – પર્વત વગેરે ઉંચા સ્થાનની અપેક્ષાએ જે નીચે ભૂમિતલનું સ્થાન આ પ્રમાણે એકબીજાની અપેક્ષાએ ઉંચુ - નીચું સ્થાન સ્ત્રી - બાળકોમાં પણ પ્રસિદ્ધ છે. ભૂમિતલથી ઉપરનું સ્થાન તે પણ તેની અપેક્ષાએ ઉંચુ એમ ઉંચું - નીચું સ્થાન એકબીજાથી સાપેક્ષ હોય છે. એમ હોવાથી જે સિદ્ધ થયું, તે કહે છે - કહેલા દૃષ્ટાન્તાનુસાર પરસ્પર અપેક્ષા રાખતા પ્રતીતિ-શ્રદ્ધાના વિષયના ભાવને ભજનારા ઉત્સર્ગ-અપવાદ સમાન સંખ્યાવાળા હોય છે. અથવા એક મકાનના દાદરાનાં પગથિયાં ચડતી વખતે અને ઉતરતી વખતે એક સરખી જ સંખ્યાવાળાં હોય છે. (૭૮૩) ઉત્સર્ગ-અપવાદનાં લક્ષણ કહે છે –

૭૮૪ – પરિપૂર્ણ દ્રવ્યાદિથી યુક્ત અનુષ્ઠાન, જેમ કે, વજ્રસ્વામીને દેવતાઓ કોળાપાક કે ઘેબર દ્રવ્ય વહોરાવવા આવ્યા, ત્યારે આ કયું દ્રવ્ય ગ્રહણ કરવાનું છે, તે દ્રવ્ય આહારના ૪૨ દોષરહિત દ્રવ્ય છે કે કેમ ? ક્ષેત્ર કયું છે ? કાળ વહોરવા લાયક છે કે કેમ ? વહોરાવનાર રાજા કે દેવ તો નથી ને ? 'રાજપિંડ-દેવપિંડ સાધુને કલ્પે નહિં' ઇત્યાદિક દ્રવ્યાદિકની પૂર્ણ તપાસ કરીને પછી નિર્દોષ, કલ્પે તેવું હોય તે સામાન્ય કાળે - ઉત્સર્ગ માર્ગે ગ્રહણ કરવું. તે દ્રવ્યાદિકથી રહિત જે અનુષ્ઠાન, તે અપવાદ કહેવાય. દ્રવ્યાદિયુક્તની અપેક્ષાએ તેનાથી રહિતને જ અપવાદ માર્ગ સેવવાનો હોય, પરંતુ દ્રવ્યાદિકવાલાને

અપવાદમાર્ગસેવવાનો ન હોય. જે ઔચિત્યથી અનુષ્ઠાનથી વિપરીત પક્ષના અનુષ્ઠાન તે ઉત્સર્ગ-અપવાદજ અનુષ્ઠાન નથી, પરંતુ સંસારને અભિનંદન આપનારી વધારનારી ચેષ્ટા છે. (૭૮૪)

હવે ઉપદેશનું સર્વસ્વ અથવા નીચોડ કહે છે –

૭૮૫–સર્વજ્ઞ ભગવંતના વચનાનુસાર રાગ-દ્વેષાદિ અકલુષિત મનના પરિણામ, જે ભવાન્તરમાં સાથે આવનાર થાય, તેવા અનુબન્ધવાલા શુભ પરિણામ માટે પ્રયત્ન કરવો. ઉત્સર્ગ અને અપવાદ બંને અવસ્થામાં આ શુદ્ધ ભાવ અને આજ્ઞાયોગ ગણેલ છે. માટે તેવો પ્રયત્ન કરવો. (૭૮૫) કેમ ? જે માટે કહેલું છે કે –

૭૮૬–ઉત્સર્ગ કે અપવાદરૂપ આજ્ઞા પૂર્વક ઘણાં અનુષ્ઠાનો નિર્વાણ-ફલ આપનારાં થાય છે. માટે બુદ્ધિશાળીઓએ જે પ્રકારે કાર્યની સિદ્ધિ થાય, તે પ્રકારે આજ્ઞાનો ખ્યાલ રાખી કાર્ય કરવું, પરંતુ આજ્ઞાથી વિપરીત ગતાનુગતિક - બહુલોકો અનુસરતા હોય, તેવા લૌકિક તીર્થસ્થાન-સૌકિકદાન ન કરાવવાં. લોકોત્તરમાં પણ પ્રમત્તજન આચરિત વિવિધ કાર્યને ન અનુસરવું. સર્વજ્ઞ-શાસનનું આ રહસ્ય સમજવું. (૭૮૬)

હવે પ્રસંગનો ઉપસંહાર કરતા ચાલુ અધિકાર કહે છે –

૭૮૭ – હવે આ પ્રસંગથી સર્યું. તે શંખરાજમુનિ મનની ભાવપરિણિતિથી તેવા પ્રકારના ધર્મનું પ્રાયઃ સંપૂર્ણ પાલન કરીને અનાભોગથી કોઇક વખત સ્ખલના ખંડન થઇ ગયું હોય, તેથી પ્રાયઃશબ્દ ગ્રહણ કર્યો છે દુઃષમાકાલના દોષથી કાયાના અનુષ્ઠાનની અપેક્ષાએ દ્રવ્યથી નહિં, પણ મનની શુદ્ધિરૂપ ભાવ પરિણતિથી ધર્મનું પાલન કર્યું છે. (૭૮૭)

૭૮૮–પંડિતમરણરૂપ અંતિમ આરાધના કરીને તે રાજર્ષિ નિરતિચાર સાધુધર્મના બહુમાનથી સૌધર્મ નામના દેવલોકને વિષે ઉત્પન્ન થાય અને ત્યાંથી ચ્યવીને પોતનપુર નગરમાં મનુષ્યપણે ઉત્પન્ન થયા. (૭૮૮)

૭૮૯–રાજપુત્રપણે બાષ્યકાલથી જ અતિઉપસાંત મનવાળો થયો હતો. અતિ સાવધ અનુષ્ઠાન પરિહાર કરવાના સ્વભાવવાળો, કાલોચિત ધર્મમાં તત્પર રહેતો. તે રાજા હોવા છતાં પણ રાજભોગ સુખનો ત્યાગ કરી, તેણે દીક્ષા અંગીકાર કરી, તે હકીકત ત્રણ ગાથાથી કહે છે –

૭૯૦ થી ૭૯૨-જેમ નદીમાં પાણીનું પુષ્કળ પૂર આવે, ત્યારે કાંઠા તોડી માટીથી મલિન થયેલું જળ વહે છે. આવું મલિન જળ દેખ્યું અને જ્યારે ભરતી ઉતરી ગઇ, નદી સ્વચ્છ દેખાવા લાગી, તે નદીના આવા બંને પ્રકારના દેખાવો દેખી રાજકુમાર પ્રતિબોધ પામ્યો. જેમ આ નદી વહેતી પોતાના જ કિનારાને તોડી નાખે છે, જળને મલિન કરે છે, તેમ આ પુરુષાત્મા પણ ઘણે ભાગે બીજાને પીડા ઉપજાવી, પોતાના આત્માને મલિન કરે છે. જ્યારે પૂર ઉતરી જાય છે, ત્યારે આ નદી સ્વચ્છ દેખાય છે, તે પ્રમાણે આત્મા પણ આરંભ-પરિગ્રહનો ત્યાગ કરે છે, તો કુશલ પ્રવૃત્તિવાળો થાય છે - એમ સમજવું. (૭૯૦-૭૯૨) આ

પ્રમાણે દીક્ષા લઇ પરિશુદ્ધ શ્રમણપણું પાળીને ઉત્તમદેવ અને ઉત્તમ મનુષ્યગતિ પામી પરંપરાએ અલ્પકાળમાં સિદ્ધિ પામ્યો. તે જ સુદેવ, મનુષ્યગતિ આદિ ત્રણ ગાથાથી કહે છે –

## શંખરાજાનાં ભવો અને મોક્ષ

૭૯૪-૭૯૬—પોતાનપુરમાં રાજપુત્રના જન્મ પછી બ્રહ્મદેવલોકમાં દેવતા, ત્યાર પછી મથુરાનો રાજા, ત્યાર પછી શુક્રદેવલોકમાં દેવતા, ત્યાર પછી અયોમુખી નામની નગરીમાં રાજા, ત્યાર પછી આનત દેવલોકમાં દેવ, ત્યાંથી શિવરાજા, ત્યાર પછી આરણ દેવલોકમાં દેવ, પછી મિથિલા નગરીમાં દેવરાજા, ત્યાંથી આગળ પ્રથમ ગૈવેયક ત્રણને વિષે દેવ, ત્યાંથી ચ્યવીને ગજ્જનસ્વામી, ત્યાંથી મૃત્યુ પામી મધ્યમ ત્રણ ગ્રૈવેયકમાં દેવ, ત્યાંથી ચ્યવી પુંડ્રદેશમાં સુરરાજ નામનો મહીપતિ ત્યાર પછી ઉપરનાં ગ્રૈવેયકત્રિકમાં દેવત્યાંથી બંગ દેશમાં સુરરાજ નામનો રાજા, ત્યાંથી વિજય વિમાનમાં દેવ, પછી અંગદેશનો રાજા, ત્યાંથી સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ, ત્યાર પછી અયોધ્યામાં રાજા, ત્યાં દીક્ષા લીધી અને સિદ્ધિ પામ્યા. આ શંખરાજાના જીવે ઘણે ભાગે તે પ્રકારે 'પાપ ન કરવાના' નિયમથી ઉત્તરોત્તર એક ભવ કરતાં આગળ આગળના ભવોમાં ચડિયાતા ચડિયાતા કુશળ પુણ્યાનુબંધી પુણ્યના યોગે ભવો પ્રાપ્ત કરી છેવટે મોક્ષની પ્રાપ્તિ કરી. (૭૯૪-૭૯૬)

૭૯૮—મનની શુદ્ધિવાળા પરિણામરૂપ આરાધના થવાથી આ દુઃષમા કાળમાં પ્રથમ આરાધક થયો, માટે આ ભાવારાધનમાં આજ્ઞાયોગથી આદર કરવો. (૭૯૭)

આ પ્રમાણે **શંખરાજર્ષિનું કથાનક સમાપ્ત થયું.**

હવે ચાલુ અધિકારને આશ્રીને કહે છે –

આવા આ દુઃષમા કાલમાં આવા શંખમુનિ સરખાઓને પણ ચારિત્ર સર્વ સાંસારિક પીડા દૂર કરનારી નક્કી થાય છે. કોને ? ભવવિરક્ત એવા વૈરાગી આત્માઓને આવા દુઃષમા કાળમાં પણ સર્વદુઃખ-મુક્ત કરાવનાર થાય છે. (૭૯૮) તથા –

૭૯૯—સંસારથી વિરક્ત બનેલા અને આજ્ઞા વિષે બહુમાન કરનારા, જિનવચન અનુસાર પોતાની શક્તિ પ્રમાણે તેમણે કહેલાં અનુષ્ઠાનો કરવામાં તત્પર બનેલા હોય. શા માટે ? તો કે-'સર્વ કર્મનો એકાંત ક્ષય કરવા માટે' કર્મક્ષયની ભાવના વગર તો ચારિત્ર ગણાતું નથી, તેઓનું ચારિત્ર અસ્ખલિત રૂપ સમજવું.

જેઓ સંસારનો - ચારે ગતિનો ભય પામ્યા નથી, સંસારનો સાચો વૈરાગ્ય પામ્યા નથી, પ્રભુની આજ્ઞાના અનુરાગી બન્યા નથી, તેમના કહેલાં અનુષ્ઠાનોમાં પોતાની શક્તિ અનુસાર પ્રભુના પ્રવૃત્તિ કરતા નથી, કર્મનિર્જરાનું ધ્યેય રાખતા નથી, તેમને ભાવથી ચારિત્ર નથી. (૭૯૯)

હવે જેઓ ભારીકર્મવાલા દુઃષમા કાળ, શરીરનાં નબલાં સંઘયણો એ વગેરેના આલંબન-આગળ કરીને-તેનું આલંબન આગળ ધરીને પોતે સહન કરવાની શક્તિવાલા હોવા છતાં તેવા પ્રકારના બીજા આજ્ઞાબાહ્ય એવા લોકોએ આચરેલું પ્રમાણ કરીને ભગવંતે નિષેધેલા

આચારનું સેવન કરે છે, તેઓને જે નુકશાન થાય છે, તે બતાવે છે –

૮૦૦—તાલપુટ ઝેર, શસ્ત્રો, અગ્નિ વગેરે પદાર્થો મૂર્છા પમાડીને એકલા ચોથા આરામાં નહિં, પરંતુ આ દુઃષમા કાળરૂપ પાંચમા આરામાં પણ પ્રાણોછોડાવી મૃત્યુ પમાડે છે. તે પ્રમાણે માંદગી આદિ વગર કારણના સમયે પણ નિર્બળ કારણ આગળ કરીને જે સાધુઓ ધર્મથી વેગળા બની અપવાદમાર્ગની નિષ્કારણ સેવના કરે, તો તે સર્વ અવસ્થામાં ચારિત્રનો ધ્વંસ કરનાર થાય છે. (૮૦૦) આનાથી ઉલટી રીતે કહે છે –

૮૦૧—હવે ગ્લાનપણાવાલી અવસ્થા અને તેના સરખા બીજા કારણોનાં આલંબનથી વિરુદ્ધ પદાર્થનું સેવન થાય, તો પણ પરમાર્થથી તે અસેવનરૂપ જ સમજવું. કેમ ? તો કે, કારણે પ્રતિસેવન કરવામાં મનની પરિણતિ ભગવાનની આજ્ઞામાં વર્તે છે. ભગવંત આવી અસહાય અવસ્થામાં આમ કરવાનું ઉપદેશેલું છે. આજ્ઞા જેના હૃદયમાં વસેલી હોય અને તે કદાચ અપવાદે દોષસેવન કરે, તો પણ તે શુદ્ધ મોક્ષનો હેતુ છે. (૮૦૧)

આ પ્રમાણે કારણસર પ્રતિસેવા કરવામાં આવે, તો પણ શુદ્ધભાવ મોક્ષનો હેતુ છે-એમ દર્શાવીને અત્યારે અકૃત્ય એવા પદાર્થ કરવામાં આવે, તો પણ ભાવશુદ્ધિ પાપનો ક્ષય કરનાર થાય છે. તે વાત લોકમાં પ્રસિદ્ધ એવા દૃષ્ટાંતથી કહે છે –

૮૦૨—લોક અને લોકોત્તર માર્ગથી વિરુદ્ધ પદાર્થ સેવન કરવામાં આવે, તો પણ પશ્ચાત્તાપથી યુક્ત એવો નિષ્કપટ-શુદ્ધભાવ એટલે પરિણામ તે પણ પાપના ક્ષય કરનાર કારણ તરીકે સ્વશાસ્ત્રમાં અને બીજા મતવાલાઓનાં તીર્થોમાં સામાન્યથી ગણાવેલ છે. તેઓના શાસ્ત્રમાં આ પ્રમાણે કહેલું છે કે –

ઝાઝવાનાં જળને તત્ત્વરૂપ-યથાર્થ દેખતો, તેનાથી ઉદ્વેગ પામ્યા વગર કંઇપણ સ્ખલના પામ્યા વગર તેની મધ્યમાંથી એકદમ પસાર થઇ ચાલ્યો જાય છે, તે પ્રમાણે ભોગોને પણ ઝાંઝવાના જળ સરખા સ્વરૂપથી માનતો અને અસંગપણે નિરાગ ચિત્તથી ભોગવે, તો પણ તે પરમ-ઉત્તમગતિ મેળવે છે. લોકમાં ચોરનું ઉદાહરણ કહેલું છે, તેના અનુસારે (૮૦૨) તે દૃષ્ટાંત હવે વિચારે છે –

## ચોરનું ઉદાહરણ

૮૦૩ થી ૮૦૬ – કોઇક સ્થાનમાં બે ચોરોએ પોતાના બંનેના ભોગ માટે સમાન માલિકીપણે દ્રવ્યની ચોરી કરી હતી. તેમાં એક ચોર પોતાના આત્માને અંતઃકરણથી ઠપકો આપતો કહે છે કે, 'આવી ચોરીનું અકાર્ય કરનાર મને ધિક્કાર થાઓ.' આ પ્રમાણે પશ્ચાત્તાપ થવાથી ચોરી સંબંધી થયેલા પાપનો ક્ષય થયો, એટલે તેને ચોરપણાનો અભાવ થયો. કેવી રીતે ? કોઇક તેવા નિમિત્તથી રાજપુરુષોએ તેમના ઉપર ચોરીની શંકા થવાથી પકડ્યા અને દિવ્ય કર્યું. તેમાં તપાવેલા લોઢાના અડદ અને તેવા બીજા પ્રકારે શુદ્ધિ કરી. ફરી પણ ગુદામાં શૂલી ભોંકી, આ વગેરે દેવતાના પ્રભાવથી તે ચોરને કશી આંચ ન આવી. તથા ચોરે વિવિધ પ્રકારનાં અકાર્ય કરેલાં અને પારકું દ્રવ્ય ભોગવવાના સમયે એકને ઘણો પશ્ચાત્તાપ થયો. એ

પશ્ચાત્તાપના કારણે ચોરી સંબંધી થયેલા પાપકર્મ ધોવાઇ ગયું. ત્યાર પછી રાજસેવકોએ તેને પકડ્યો. દેવતાઇ પ્રભાવથી તપેલા અડદ વગેરેથી તેની પરીક્ષા-શુદ્ધિ કરી. દિવ્યપ્રભાવથી તથા ચોરીનું પાપકર્મ ધોવાઇ ગયેલ હોવાથી તે ચોરને કશી આંચન આવી. બીજા ચોરોને પકડ્યો, તો તે મૃત્યુ પામ્યો. ત્યાર પછી પ્રથમ ચોરે પણ ચોરી કર્યાની કબૂલાત સ્વીકારી કે મેં પણ ચોરી કરેલી જ છે. તેને ગુદામાં શૂળી ભોંકી પરંતુ વિંધાયા વગર નીચે ઉતરી આવ્યો. સર્વ લોકો વિસ્મય પામ્યા, એટલે દેવતાએ સાચી હકીકત જણાવી કે, આણે ચોરી કરી હતી, પરંતુ પશ્ચાતાપરૂપ ભાવથી ચોરીથી ઉપાર્જન કરેલ કર્મ ખપાવી નાખ્યું છે. ત્યાર પછી તે વૈરાગ્ય પામી દીક્ષા અંગીકાર કરી, ચોર ઋષિ તરીકે પ્રસિદ્ધિ પામ્યો. (૮૦૬) બીજું દૃષ્ટાંત કહે છે–

૮૦૭–**પરિણામ** - ભાવવિશેષથી ચોર હતો, તે પણ આચોર થયો. મોક્ષ-પ્રાપ્તિનો યોગ્ય સમય અત્યારે ન હોવા છતાં પણ સીધા માર્ગે જનાર-સાચા માર્ગમાં પ્રવર્તતા જીવો જેમ ધારેલા ઇષ્ટનગરે પહોંચે છે, તેમ આ દુઃષમા કાળમાં પણ ભાવવિશેષથી સાચા માર્ગમાં પ્રયાણ કરતા આત્માઓ થોડા વિલંબથી પણ સિદ્ધિનગરીએ પહોંચી શકે છે. (૮૦૭)

શંકા કરી કે, 'ઘણી જ નિષ્ઠુર-આકરી ક્રિયા કરવાથી મેળવી શકાય તેવો મોક્ષ છે, તો અત્યારના કાળયોગ્ય કોમળ ક્રિયાથી તે મોક્ષ કેવી રીતે મેળવી શકાય ? તેના સમાધાનમાં કહે છે કે –

૮૦૮–રોગનો નાશ કરવાની ઇચ્છાથી ચિકિત્સાક્રિયા સાધારણ-કોમળ કરવામાં આવે, તો લાંબાકાળે પણ નિરોગતા પમાડે છે, તે પ્રમાણે જીવો સિદ્ધાન્તાનુસાર મૂલગુણ - ઉત્તરગુણોને પ્રતિપાલન કરવારૂપ સાધારણ - કોમળ અનુષ્ઠાન કરવા દ્વારા મોક્ષને વિલંબે પણ જરૂર મેળવી શકે છે. (૮૦૮)

શંકા કરી કે – નિષ્ઠુર - આકરી ક્રિયા પરિપાલન કરવારૂપ ચારિત્ર છે, તેવી આકરી ક્રિયાઓવાળું આકરું ચારિત્ર આજે આ દુઃષમા કાળમાં પાળી શકાતું નથી, તો તમે અત્યારે નિર્વાણ-માર્ગરૂપ ચારિત્ર કેવી રીતે જણાવી શકો છો ? –

૮૦૯–જિનેશ્વર ભગવંતે પાંચમા આરાના છેડાના ભાગ સુધી, ભાવીમાં જે છેલ્લા દુઃપ્રસભ નામના ઉત્તમ મુનિવર થવાના છે. તો ગંગાનો પ્રવાહ જેમ તૂટ્યા વગરનો અખંડ વહ્યા જ કરે છે, તેમ આ ક્ષેત્રમાં પણ છેલ્લા મુનિવર પર્યંત મુનિઓની પરંપરા છેદાયા વગરની અતૂટ શૃંખલાબદ્ધ રહેવાની છે. પોતાના સામર્થ્ય પ્રમાણે આજ્ઞાપાલન કરવા તત્પર હોય, તેવાઓનું અત્યારે ચારિત્ર ન હોય'-એમ બોલનારાનું આ અજ્ઞાન છે. યથાશક્તિ આજ્ઞાપરિપાલન કરવા રૂપ ચારિત્ર કહેલું છે અને વર્તમાનકાળમાં પાચમાં આરાના છેડાના કાળ સુધી આ ચારિત્ર માનેલું છે. (૮૦૯)

વિપરીતમાં બાધક જણાવે છે —

## આજ્ઞાપાલનમાં ચારિત્ર છે

૮૧૦–તીર્થંકર ભગવંતના વિહારકાળમાં પણ ઉચ્છૃંખલ-પોતાની ઇચ્છામુજબ પ્રવૃત્તિ

કરનારા આજ્ઞાબાહ્ય હતા, તેઓને કદાપિ આ ચારિત્ર પ્રાપ્ત થતું નથી, માટે આ દુઃષમાં કાળમાં પણ પ્રયત્ન પૂર્વક યથાશક્તિ આ ચારિત્રનું પાલન કરવું. (૮૧૦) એટલા જ માટે કહે છે–

૮૧૧–ચારિત્ર આરાધન કરવાથી બુદ્ધિવાળા આત્માએ પોતાની સ્વેચ્છાથી પ્રવૃત્તિ કરનારા એવા પાસત્થા આદિકના દૃષ્ટાંન્તનું સર્વથા આલંબન ન લેવું. કેવી રીતે ? તે કહે છે- 'આ ભરતક્ષેત્રમાં કજિયા કરનારા, ઉપદ્રવ કરનારા, અસમાધિ કરનારા, અશાંતિ કરનારા, એવા માથા-મુંડન કરાવનારા ઘણા થશે અને શ્રમણો ઘણા અલ્પ થશે.' એ વચનના આધારે વિચાર કરીને પાસત્થા વગેરેના દૃષ્ટાતોનું અવલંબન કરીને અસંયમમાં પ્રવૃતિ ન કરવી. તેવા પ્રકારનો અપવાદ સેવવાનો પ્રસંગ ઉત્પન્ન થાય, ત્યારે લાભ-નુકશાન-ગુરુ-લાઘવનો વિચાર કરનારા ગીતાર્થ સાધુએ કદાચિત્ તેવી પ્રવૃત્તિ સેવન કરનારા બનવું પડે, તે સૂચવનારું એકાન્ત પદ મૂળગાથામાં જણાવેલ છે. "શાસ્ત્રમાં ઉત્સર્ગો ઘણા વિસ્તારથી કહેલા છે, અપવાદો પણ ઘણા પ્રકારના કહેલા છે. એકેયનું ઉલ્લંઘન કર્યા સિવાય જેમાં ઘણા ગુણયુક્ત અનુષ્ઠાન થાય, તે પ્રકારે આત્મહિતદૃષ્ટિથી સાધના કરવી." લોકોત્તર આચાર વિષયમાં આજ્ઞા એ જ ધન  માનનારા પુરુષો હોય, તેને જ પ્રમાણભૂત ગણવા., (૮૧૧)

શંકા કરી કે, "આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા અને જીત એમ પાંચ વ્યવહારો કહેલા છે." એ વચનના પ્રમાણ્યથી આચરિતને પણ પ્રમાણ કહેલું છે, તો પછીએમ કેમ કહેવાય છે કે, 'જે આજ્ઞા એ ધન માનનારા હોય, તે પ્રમાણ ગણાય છે.' એમ હૃદયમાં વ્યવસ્થા કરીને કહે છે –

૮૧૨–આચરણા કહેલી છે, તે આજ્ઞાથી અવિરુદ્ધા એટલે વિરોધ વગરની હોય, તેવી ગ્રહણ કરવી - એટલે આગળ કહી ગયા, તેમ જેનાથી દોષો રોકાય અને જેનાથી પૂર્વે ઉપાર્જન કરેલાં કર્મો ક્ષય પામે-એવા લક્ષણવાળી આજ્ઞા સહિત આચરણ માનેલી છે. એમ હોય તો જ કરવા લાયક પદાર્થોમાં ઉદાહરણ પ્રમાણ ગણાય. વિપરીતમાં જે બાધક હોય, તે કહે છે. એમ ન હોય તો એટલે કે, આજ્ઞાવિરુદ્ધ આચરણ કરવામાં તીર્થંકર ભગવંતની આશાતના, તેમા વચનનો વિલોપ કરેલો ગણાય. તે આચરણા એટલે જીતનું લક્ષણ કહે છે- (૮૧૨)

**असढेण समाइन्नं, जं कत्थति केणती असावज्जं ।**

**न निवारियमन्नेहि य, बहुमणुमयमेयमायरियं ॥ ८१३ ॥**

૮૧૩–માયારહિત એવા પુરુષે આચરેલું હોય, જેમ કે, ભાદ્રપદ શુક્લ ચતુર્થીના દિવસે પર્યુષણાપર્વની આચરણા કરવા માફક, કોઈક ક્ષેત્રમાં, કે તેવા પ્રકારના કાળમાં સંવિગ્ન ગીતાર્થપણું વગેરે ગુણવાળા કાલકાચાર્ય વગેરે તેવા કોઈકે મૂલ અને ઉત્તર ગુણોની આરાધનામાં વિરોધ ન આવે, તેવું અસાવદ્ય, તેમજ તેવા પ્રકારના ગીતાર્થ પુરુષોએ જેનું નિવારણ ન કર્યું હોય, એટલું જ નહિં, પરંતુ ઘણા ગીતાર્થોએ તે માન્ય કરેલું હોય, એવું આ બહુમાન્ય થયેલું હોય, તે આચરિત કહેવાય છે. (૮૧૩)

૮૧૪–ઘણા અસંવિગ્ન લોકની પ્રવૃત્તિને આશ્રીને આ શાસનમાં પૂર્વાચાર્યોએ દૃષ્ટાંન્તો

બતાવેલા છે, આ દુઃષમાં કાલમાં આ ઉદાહરણો ઉપયોગી હોવાથી જણાવે છે. (૮૧૪)

ઉદાહરણો કહેવાની ઈચ્છાવાળા પ્રથમ તેનો સંબંધ કહે છે –

## રાજાને આવેલ આઠ સ્વપ્નનું ફળ

૮૧૫–ચોથા આરાના છેડાના ભાગમાં અને પાંચમો આરો શરૂ થવા પહેલાં કોઈક રાજાએ તન્દ્રાવસ્થામાં મનોવિજ્ઞાનના વિકાસસ્વરૂપ આઠ સ્વપ્નો દેખ્યાં. જાગ્યા પછી તેને ભય ઉત્પન્ન થયો, તે પછી કાર્તિક અમાવાસ્યા એટલે મહાવીર ભગવંતના નિર્વાણ-દિવસે છેલ્લા સમવસરણમાં રાજાએ તેના ફલાદેશો પૂછ્યા અને મહાવીર ભગવંતે તેના ઉત્તરો આપ્યા. (૮૧૫) સ્વપ્નો કહે છે –

૮૧૬–૧ હાથી, ૨ વાનર, ૩ વૃક્ષ ૪, કાગડા, ૫ સિંહ, ૬ પદ્મ, ૭ બીજ અને ૮ કળશ. ઘણા ભાગે દુઃષમા કાળમાં - પાંચમા આરામાં ધર્મના વિષયમાં આ સ્વપ્નો અનિષ્ટ ફળ આપનારાં જાણવાં. (ગાથામાં વચનો ફેરફાર પ્રાકૃત હોવાથી થયો છે. ૮૧૬) બબ્બે ગાથાથી એક એક સ્વપ્નનો ફલાદેશ સમજાવતા સોળ ગાથાઓ કહે છે –

૮૧૭ થી ૮૩૩–(૧) પ્રથમ **હાથીના** સ્વપ્નનો ફલાદેશ જણાવતાં મહાવીર ભગવંત કહે છે કે - 'હે રાજન્ ! હવે પછીના પાંચમા આરાના ઉતરતા કાળમાં ગૃહસ્થોના ઘરવાસ વિવિધ પ્રકારના અનેક ઉપદ્રવો ભરેલા, મિત્રો, સગા-સ્નેહીઓના ચિત્તના સંયોગો સ્થિરતાવાળા નહિ, પણ ચલાયમાન ચિત્તવાળા થશે.. પાનાનો બનાવેલો મહેલ લાંબો કાળ ટકતો નથી, તેમ પડું પડું કરતા મકાન સરખો અસ્થિર ગૃહવાસ થશે. હાથી પ્રાણી બીજા કરતાં વિશેષ બુદ્ધિશાલી હોય છે, તેમ હાથી સરખા શ્રાવકો જ્ઞાનાદિક ગુણવાળા હશે, મતાન્તરવાદીઓને નિરુત્તર કરનારા હશે, વિવેકવાળા હશે, તો પણ ગૃહવાસ, સ્વજનો, ધન વગેરે પદાર્થોમાં અતિલોભ અને આસક્તિવાળા થશે, તો પણ પીડા પામશે. વિષયોના કટુવિપાકો, જીવન, યૌવન, ધન વગેરેની અનિત્યતા જાણવા છતાં પણ મોહાધીન બની સંસાર છોડી ચારિત્ર લેવા શક્તિશાળી બની શકશે નહિં. કોઈ વખતે ધન નાશ પામે, તો ફરી મેળવવાની દુષ્ટ આશામાં મોહિત થયેલા એવા વૈરાગ્યને કરણે મૂકીને અતિશય ન કરવા લાયક દુષ્કર પાપકર્મો કરશે. કેટલાક વલી દીક્ષા અંગીકાર કરીને ઘર, સ્વજન, ધનમાં હંમેશાં અતિ મમત્વભાવ ધારણ કરી, એક સ્થળે કાયમ વાસ કરનારા એવા સ્થિર વિહારીને દેખીને તેના વર્તનનું આલંબન પકડીને ગૃહસ્થોની મમતાના દોષના કારણે મંત્ર, તંત્ર, ઔષધ, નિમિત્ત, જ્યોતિષ, મૂલકર્મ વગેરે પાપકાર્યોમાં ઘણે ભાગે આસક્તિ કરશે અને પોતાના ચારિત્રધર્મથી ચૂકી જશે, પરંતુ ખારા સમુદ્રમાં કોઈ મીઠી વીરડી સમાન આવા દુઃષમા કાલમાં કેટલાક વિરલા આત્માઓ એવા ધર્મારાધન કરનારા હશે કે, 'જેઓ ગામ, શ્રાવકો, ભક્તો વગેરેમાં મમત્વનો ત્યાગ કરનારા હશે, કષાયોને જિતવાવાળા હશે, શુદ્ધ ચારિત્ર પાળવામાં પોતાની શક્તિ છૂપાવશે નહિં. આ પ્રથમના હાથી-સ્વપ્નનો અર્થ સમજવો. (૭)

(૨) **વાનરના** સ્વપ્નો ફલાદેશ જણાવતા ગુણોરૂપી વૃક્ષોમાં વિચરનારા વૃષભસમાન

શાસનની ધુરાને વહન કરનારા એવા આચાર્યાદિકો તે યતિરૂપી વાનર-સમાન બની ચલચિત્તવાલા અને અસ્થિર સ્વભાવવાળા થશે. સિદ્ધાંતમાં સ્થિરતાવાળા ન રહેતાં લોકહેરીમાં તણાઇને ભક્તોનાં કાર્યોને અનુસરનારા થશે, ઘર, સ્વજન, શ્રાવકો ઉપર મમત્વભાવ રાખનાર થશે ઉપધિમાં ગાઢમૂર્ચ્છા રાખશે, પરસ્પર વારંવાર લડાઇ-ટંટા કરશે. સંયમ - વિરુદ્ધ વર્તન કરનારા થશે, અથવા ભાવ-પૂજા પામેલા સાધુઓ દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ કરશે. પાપ-અશુચિથી પોતે લપટાશે અને બીજાને પણ લપટાવશે તથા અન્ય કોઇ પક્ષનો આગ્રહ રાખી શાસનમાં વિસંવાદ પ્રવર્તાવશે. એ પ્રમાણે બીજા અન્યતીર્થિકોથી પણ હાસ્યપાત્ર બનશે તથા બીજા જેઓ સારી પ્રવૃત્તિ કરતા હશે, તેને તેથી વિમુખ બનાવશે અગર તેની ખિંસા - હલકાઇ કરશે. કોઇ તેને શીખામણ આપી સમજાવશે, તો તેઓ કહેશે કે, 'આમ કરવામાં કોઇ દોષ નથી. તું ખરી વાત સાંભળ કે, અહીં અમે કજિયા નથી કરતા, પરંતુ ન્યાય ખાતર બોલાવીએ છીએ. દ્રવ્યસ્તવ સાધુએ કરવા જોઇએ અને તેથી શાસનની-તીર્થની ઉન્નતિ થાય છે. આધાકર્મ સેવન કર્યા વગર ગુરુવર્ગનું ગૌરવ થતું નથી. શ્રાવકોને અક્ષરજ્ઞાન આપ્યા વગર તેઓ ખેતી, વેપાર, ગૃહસ્થોનાં કાર્યો કરી શકતા નથી, વૈદક - વિદ્યાદિક વડે સાધુઓએ શ્રાવકનું રક્ષણ કરવું જોઇએ.' આ પ્રમાણે યથાચ્છંદ-પોતાની કલ્પના પ્રમાણે વર્તન કરનારા નિર્ગુણ ગુરુઓ ઘણા ભાગે પાંચમાં આરામાં થશે, છતાં આવા કાળમાં કેટલાક શુદ્ધ ચારિત્રની આરાધના કરનારા બહુ વિરલ-ઓછા આત્માઓ થશે. આ બીજા સ્વપ્નનો ફલાદેશ જણાવ્યો. (૮)

(૩) **ક્ષીરવૃક્ષ** નામના ત્રીજા સ્વપ્નના ફલાદેશમાં ક્ષીરવૃક્ષ સમાન ઉત્તમ શ્રાવકો શાસનની પ્રભાવના કરવામાં પ્રસક્ત બનેલા હોઇ, ગુરુઓ પ્રત્યે પુત્ર માફક વાત્સલ્ય રાખનારા, ઉત્તમ વચન બોલનારા, ઉદાર મનવાળા, મહાસત્ત્વશાળી, તેમની નિશ્રારૂપ છાયામાં મુનિસિંહો પ્રશાંત મનથી વાસ કરનારા, અરે ! પવિત્ર સાધુઓ છે, તેઓનો જન્મ અહિં સાર્થક બન્યો છે - એવી પ્રશંસા મેળવનારા છે. અસ્ખલિત શાસ્ત્રાભ્યાસ કરનારા, વસ્ત્ર, પાત્ર, પાણી, આહાર આદિ મેળવવામાં શુદ્ધિ રાખનારા, શુદ્ધ આજ્ઞાનુસાર અનુષ્ઠાન કરનારા હોવાથી નિર્વાણ-ફલને સાધનારા છે. દુષમા કાળના પ્રભાવથી ઘણે ભાગે તેઓ પૂર્વે હતા, તેના કરતાં પછી પ્રમાદવાળા થશે, ટંટા-કજિયા-કંકાસ કરશે, ચરણસિત્તરી-કરણસિત્તરીમાં ઉદ્યમ નહિં કરશે. તે કારણે બીજા મુનિઓ પણ લોકમાં અનાદરપાત્ર થશે વળી ઘણા ભાગે તેવા દોઢડાહ્યા-ઓછી સમજવાળા કેટલાક કહેવાતા શ્રાવકકુળે માત્ર જન્મેલા, સમ્યગ્દર્શન વગરના શ્રદ્ધાશૂન્ય શ્રાવકો સાધુઓનો દ્રોહ કરનારા નીવડશે અને તેઓ કદાગ્રહના વળગાડવાલા થશે, જથી તેઓ સત્યમાર્ગની શ્રદ્ધાપણ નહિ પામશે. તે કારણે તેઓ પોતાની અને બીજાની દાન-ધર્મની બુદ્ધિનો વિનાશ કરશે. પ્રાયઃ તેઓ બીજાના ઉચિત ઉપકારમાં પણ વર્તશે નહિં. અલ્પજ્ઞાન કદાચ ક્યાંય મેળવ્યું હોય, તો તેટલા માત્ર જ્ઞાનથી ગર્વ કરનારા અને કૂટપ્રશ્નો અને ઉત્તરો આપી તે દુર્વચનરૂપી કાંટાઓ વડે પ્રત્યક્ષ કે પરોક્ષપણે ગુરુવર્ગને હેરાન-પરેશાન કરી તપાવશે. દુઃષમાં કાળમાં આવા બાવળિયા વૃક્ષ સમાન કેટલાક શ્રાવકો થશે આવા શાસન-ધર્મને પ્રતિકૂલ હોવા છતાં બીજા કેટલાક અજ્ઞાની આત્માઓ તેની અનુવૃત્તિ

કરશે-તેમને અનુસરશે. ગુણરહિત અલ્પસત્ત્વવાળા, પ્રગટ દોષવાળા દીનતા પામેલા, ખોટી ખુશામત કરનારા, યોગ્ય કે અયોગ્યની પરીક્ષા કર્યા વગર તેઓના વ્યવહારને બહુ મહત્ત્વ આપશે. આ પ્રમાણે ધર્મના ગચ્છો-ફાંટાઓ ઘણા કર્મરૂપ રજને - ઘણાં કાર્યોમાં રક્ત બનનારા શ્વાન-સમાન થશે અને પૂર્વે કહેલા ગુણોવાળા અલ્પ થશે. આ ત્રીજા સ્વપ્નનો પરમાર્થ કહ્યો. (૧૧)

(૪) **ધ્વાંક્ષ**–કાગડાના ચોથા સ્વપ્નનો ફલાદેશ કહેતાં ભગવંત કહે છે કે – 'હે રાજન્ ! અલ્પજ્ઞાનરૂપ જળવાળી, સ્વભાવથી સાંકડી, છિદ્ર જળવાળી વાવડીમાં ઉતરવું જેમ મુશ્કેલ પડે છે. સહેલાઈથી તેમાં સ્નાન કરી શકાતું નથી. તેવી વાવડી સરખા ગુરુઓ અલ્પજ્ઞાનવાળા, સ્વભાવથી સાંકડા મનવાળા, ગંભીરતા ન રાખી શકે તેવા ગુરુઓ થશે. કાગડાઓ વહેતાં નદીજળ ન પીતા પાણીહારીના બેડામાં ચાંચ મારનારા હોય છે, તુચ્છની ઈચ્છા કરનારા, અસ્થિર મનવાળા, તેની આંખના ડોળા સ્થિર રહેતા નથી, પણ ફર્યા જ કરે છે - માટે અસ્થિર દષ્ટિવાળા હોય છે; તેમઆ ગુરુની પાસે રહેનારા શ્રમણોપાસક-શ્રાવકો અને સાધુઓ પણ સંસારની તુચ્છ ઈચ્છાવાળા, ચલાયમાન મનવાળા અને જેમનું સમ્યક્ત્વ સ્થિર હોતું નથી, તેમ જ શિથિલ આચારવાલા થશે. તેવા અજ્ઞાનીઓ કાલને અનુરૂપ ક્રિયા કરનારા એવા પોતાના ગુરુને નિર્ગુણ માની જાણે પોતે વિશેષ ધનની ઈચ્છાવાળો છે, તેથી પોતાના કલ્પેલા વિવિધ ગુણવાળા ઝાંઝવાના જળ સરખા પાસત્થાદિક ગુરુમાં ભક્તિરાગી થશે અને તેમની પાસે અમને જ્ઞાનાદિક મળશે-એ આશાએ પોતાના ગુણવાળા ગુરુને છોડીને નિર્ગુણ અજ્ઞાની પાસે જશે. તેના હિતસ્વી કોઈ મધ્યસ્થ જાણકારો તેને સાચી સલાહ આપી સમજાવશે કે, 'પોતાના ગુરુને હિતબુદ્ધિ હોય, તેટલી પારકાને ન હોય, પરંતુ મોહાધીન આત્માને સાચી હિતશિક્ષા પરિણમતી નથી, તેથી તેની શ્રદ્ધા કરતો નથી અને સારા ગચ્છમાં રહેતો નથી. પાણી મળવાની આશાએ દૂર દૂર સપાટ મેદાનમાં તડકો પડવાથી ઝાંઝવામાં જળ દેખાય અને હમણાં મારી તૃષા દૂર થશે, તે આશામાં મૃદલાઓ પાણી મેળવી શકતા નથી અને જીવન પૂર્ણ કરી મૃત્યુ પામે છે. તેમ આવા સાધુઓનું ધર્મજીવન મૃત્યુ માપે છે. કુતીર્થિઓનો યોગ પામીને કેટલાક અજ્ઞાની શ્રાવકો ગુરુવર્ગનો અકર્મવાદ ઉત્પન્ન કરે છે, ત્યારે તેઓ પોતાનું સમ્યક્ત્વજીવન ગૂમાવે છે-એમ કરીને તેઓ ભયંકર ભવસમુદ્રમાં ભ્રમણ કરશે. વળી આવા દુઃષમા કાળમાં કેટલાક વિવેકવંત આત્માઓ વાવડી સમાન ગુરુની આજ્ઞાથી ઉત્તમ ધર્મની સાધના કરશે. આ ચોથા સ્વપ્નો ફલાદેશ જણાવો. (૭)

(૫) **સિંહ** નામના પાંચમા સ્વપ્નના ફલાદેશમાં એમ જણાવ્યું કે, આ જિનધર્મ એ સિંહ સમાન એટલા માટે ગણેલો છે કે, જેણે અતિશયવાલા જ્ઞાનના પરાક્રમ વડે વિવિધ કુમતરૂપ મૃગલાદિ-સમુદાયને અતિશય ત્રાસ પમાડેલા છે, તથા જેણે તેવા ખોટા આગ્રહવાળા હાથીને નસાડ્યા છે, તેઓ સિંહ-સમાન આ જિનધર્મ છે. ઘણા પ્રકારની લબ્ધિવાળા, દેવેન્દ્રાદિકોએ જેમના ચરણોમાં વંદના કરેલી છે, એવા સાધુ ભગવંતોએ જેના સ્વીકાર કરેલો છે. જેનો કોઈ પરાભવ કરી શકેલા નથીઃ આવો ઉત્તમકોટિનો આ જિનધર્મ પ્રગટ હોવા છતાં આ ભરતક્ષેત્રરૂપી અરણ્યમાં પાંચમા આરાના દુઃષમા કાળમાં ખોટા મતો ચોમાસાના

અળસિયાં માફક એટલા ફૂટી નીકળશે કે, જેની ગણતરી કરવી મુશ્કેલ પડશે. કુમતના વનખંડોની ગાઢ ઝાડીવાળા, ખોટી ઉન્માર્ગની દેશનારૂપી વેલડીઓના ભગ્નાવશેષોથી જેનો માર્ગ રોકાઇ ગયો છે, એવા ભરતક્ષેત્રના અરણ્યમાં તે મરેલા સિંહના મૃતક-સમાન જણાશે. ભગવંતના નિર્વાણ પછી લબ્ધિ, અતિશયો આદિ પ્રભાવના કરનાર પદાર્થોનો વિચ્છેદ થશે, તો પણ શાસનના પહેલાના ગુણોના કારણે ક્ષુદ્રલોકો, સિંહના મૃતકને દેખી બીજાં જાનવરો ભયથી પલાયન થાય, તેમ તેઓ પણ આ શાસનના પ્રભાવને દેખીને પલાયન થશે, પરંતુ આ ધર્મને સેવન નહિં કરી શકશે. વળી મૃતસિંહને અન્ય પ્રાણીઓ ભયથી ભક્ષણ કરતા નથી, પરંતુ તેના શરીરમાં ઉત્પન્ન થયેલા કીડાઓ તેને અંદરથી કોરી ખાય છે. એ પ્રમાણે આ શાસનને બીજા મતવાળા જેટલા પરાભવ નહિં કરશે, તેના કરતાં કીડા સમાન, પ્રગટ દુરાચાર સેવનારા, આ શાસનમાં રહેલા કેટલાક તેવા યતિઓ અને ગૃહસ્થો તુચ્છ સ્વભાવવાળા બની પ્રવચનની અપ્રભ્રાજના કરાવશે. અર્થાત્ શાસનમાં રહેલા તેવા મડદાના કીડા સમાન શાસનનાં અંગોને નુકસાન કરનાર થશે. વળી છએ કાયના જીવો પ્રત્યે અનુકંપા વગરના, મંત્ર અને વિદ્યાના બળથી કેટલીક સાધુપણાની ક્રિયાઓને વિકૃત બનાવશે, અર્થઉપાર્જન કરવામાં અપૂર્વ રસ ધરાવનારા બનશે અને લોકોને કોઇ માર્ગે પોતાના પ્રત્યે આકર્ષણ કરવા માટે તે પાપીઓ તેવા મોટા દેખાવના આંડબરો કરશે. આદિશબ્દથી બીજા પણ પોતાની મતિથી કલ્પેલી ક્રિયા કરનારા અગીતાર્થ તપસ્વીઓ સાચા ગીતાર્થ મુનિઓની અવજ્ઞા કરવા તત્પર બનશે. તેવા સાધુશ્રાવકો ઘરમાં છિદ્ર પાડશે, એટલે બીજાઓ પણ તેને દેખીને તેના નાશ કરવા માટે નિર્ભયપણે તૈયાર થશે. આ પ્રમાણે પાંચમા સ્વપ્નો ફલાદેશ જાણવો. (૮)

(૬) છઠ્ઠા સ્વપ્નમાં દેખેલ **કમલવનના** ફલાદેશમાં જણાવે છે કે-'સ્વભાવથી સુંદર-નિર્મલ, શીલ-સુંગધવાળા આત્માના સત્ત્વવાળા, દેવને મસ્તક પર ધારણ કરવા યોગ્ય, એવા પદ્મ કમળ-સમાન ધાર્મિક લોકો ઉગ્ર, ભોગ વગેરે ઉત્તમ કુળોમાં ઉત્પન્ન થશે, અથવા સાકેત (અયોધ્યા) વગેરે નગરોમાં કમળ સમાન ગુણવાળા થશે, પરંતુ દુઃષમા કાળના પ્રભાવથી તેઓ ધર્મ નહીં પામશે. કદાચ ધર્મ પામ્યા હશે, તો પણ ઉકરડામાં ઉગેલા કમલ સરખા હલકા તુચ્છ સ્વભાવવાળા થશે, દૂષિત વર્તનવાળા થશે અને પોતાના વેષ અનુસાર વર્તનરૂપ ધારણ નહિં કરશે. કદાચ સારું વર્તન કરશે, તો 'આ હલકા પ્રાન્તકુલના છે' એમ કરીને તેની અવગણના કરશે કેટલાક ધર્મના અર્થી પુરુષો હોય, પરંતુ તે ઘણે ભાગે વક્રજડ અને ઓછી બુદ્ધિવાળા હોવાથી પોતાની ઇચ્છા પ્રમાણે વર્તે અને લાભ-નુકશાનના જ્ઞાન વગરના હોવાથી પોતે ડુબે અને બીજાને પણ ડુબાડે. છતાં તેઓમાં થોડાક પ્રશાંતરૂપવાળા, ગુરુવર્ગનું બહુમાન કરનાર, સરલ સ્વભાવવાળા, બુદ્ધિવાળા લોકો પ્રાયે તેનો પરાભવ કરશે. ઇર્ષ્યા, ગર્વ વગેરે દોષોના કારણે તેઓ સદ્ગતિ સાધી શકશે નહિ. આ દુઃષમા કાળમાં સાચા ધર્મની આરાધના કરનારાની સંખ્યા ઘણી અલ્પ હશે. આ પ્રમાણે છઠ્ઠા સ્વપ્નનો ભાવાર્થ તમને સમજાવ્યો. (૮)

(૭) ખેડૂતના **બીજ** વાવવા સમાન દેવ-મનુષ્યના ભોગફલના કારણરૂપ શુદ્ધદાનધર્મ જે શુદ્ધ પાત્રરૂપ ક્ષેત્રમાં આપવામાં આવે. એટલે કે, જેમ ચતુર ખેડૂત સારા ફળદ્રૂપ ક્ષેત્રમાં

સારામાં સારું બીજ વાવે, તો તેનાં ફળો પણ પુષ્કળ મેળવે; તેમ શ્રાવક ન્યાયથી મેળવેલ દ્રવ્યથી આહાર, ઉપધિ, વસ્ત્ર,પાત્ર, મકાન, ઔષધ આદિ જો ઉદ્ગમ, ઉત્પાદન, એષણા આદિથી પરિશુદ્ધ-નિર્દોષ વસ્તુઓ સાધુ - ક્ષેત્રમાં બીજરૂપે વાવે. આ દુ:ષમા કાળમાં સારી બુદ્ધિવાળા, બહુમાનવાળા તથા અગીતાર્થ ભોળા-અલ્પબુદ્ધિવાળા ખેડૂત સમાન દાતારો થશે, જેઓ શુદ્ધ દાનમાં રમણતા નહિં કરશે, તે દાતારો આધાકર્મી વગેરે દોષથી દુષ્ટ, ઘણું અને મનોહર દાન આપવામાં પક્ષપાત રહેશે તેઓ કેવા ક્ષેત્રમાં અને કેવા પાત્રમાં દાન આપશે ? તો કે, છકાયની વિરાધના કરવામાં વિશેષ આસક્ત હોય, વગર કારણે આધાકર્મી આદિ દોષવાલા આહારાદિનું સેવન કરનારા હોય, એવા ઉખરભૂમિ સમાન પાત્રમાં દાન આપશે. શુદ્ધ આપવા લાયક આહારાદિક હશે. તો પણ ઘી, દૂધ વગેરેના માવા, ગુલાબજાંબુ અગરતળેલી વસ્તુ તૈયાર કરીને આપશે, એટલે મિથ્યા વાત્સલ્યભાવ બતાવવાની અભિલાષાવાળા તુચ્છબીજ સમાન એટલે શેકીને વાવેલાં બીજ ઉગતા નથી, તેમ તુચ્છબીજમાંથી ફળ ઉત્પન્ન થતું નથી, અથવા અનુમતવાળાઓ તલદાન, ભૂમિદાન, ગાયદાન, ધુંસરાનું દાન, હળનું દાન એવાં પાપ આરંભનાં દાનો ઘણાભાગે આરંભ કરનારા અને અબ્રહ્મચારી ઓને આપે છે અને તેમાં પુણ્યની અભિલાષા રાખે છે. આગમશાસ્ત્રાનુસારે દાનધર્મનો વ્યવહાર કરનારા ઘણા વિરલ હોય છે. તેમાં શુદ્ધ વિવેકવાળા, વિધિ સમજનારા, પાત્રનો વિવેક સમજનારા, નિર્દોષ પદાર્થ આપનારા બહુ ઓછા હશે. દુ:ષમા કાળના પ્રભાવથી દાન આપવા છતાં વિવેકની-વિધિની અણસમજથી યથાર્થ ફળ પામનારા વિરલ હશે. આ પ્રમાણે સાતમા સ્વપ્નનો ફલાદેશ જણાવ્યો. (૮)

(૮) હવે આઠમા સ્વપ્નમાં **કળશ** જોયેલ, તેનો ફલાદેશ જણાવતા કહે છે કે - મલ દૂર કરવામાં સમર્થ અથવા નિર્મલ જળથી ભરેલ, ઉપર સુંદર સુગંધી કમળથી ઢાંકેલ એવો કળશ અને બીજો માત્ર દેખાવનો કુંભ-એમ દુ:ષમાં કાળમાં કળશ સરખા બે પ્રકારના સાધુઓ થશે. એક કળશ એવા પ્રકારનો છે કે - જે વિશુદ્ધ-સંયમરૂપ મહેલના શિખર ઉપર લોકો આનંદ આપનાર શોભાવાળો, ઉપશમરૂપ પદ્મકમળથી ઢાંકેલ, તથા તપની લક્ષ્મીરૂપ ચંદનના વિલેપનથી ચમકતો, વિવિધ પ્રકારના ગુણોરૂપ પુષ્પોની માળાથી અલંકૃત, કર્મક્ષય કરવા રૂપ માંગલ્યની વિભૂતિની શક્તિયુક્ત, શુભ ગુરુની આજ્ઞારૂપ થાળમાં સ્થાપન કરેલ, જ્ઞાનરૂપ કાંતિથી તેજસ્વી એવા પ્રકારનો કળશ. બીજા કળશ કેવા હશે ? પ્રમાદરૂપી પૃથ્વીતલમાં ખૂંચી ગયેલા અંગવાળા, ભગ્ન થયેલા શુદ્ધવ્રતરૂપી કાંઠાવાળા, અપયશના કાદવથી લપટાએલા, પ્રગટ અતિચારરૂપી કાદવમાં રહેલા. તેઓ પણ કાલદોષથી મુહપત્તિ તેવા દોષો સેવતા દેખીને તેમના દોષોને પ્રકાશિતજાહેર કરનારા, પોતાના આત્મિક ગુણોનો ક્ષય કરતા મોટી ઈર્ષ્યા અને ક્રોધથી કજિયાટંટા કરતા, સંયમમાર્ગ ચૂકીને ગુરુની આજ્ઞારૂપી થાળથી ભ્રષ્ટ થયેલા-એટલે ગુરુની આજ્ઞામાં ન રહેનારા હોય. પ્રાયે કરીને તેમના સમાન ગુણઠાણ વાળાના યોગ્યથી એવી નીચી ગતિમાં પટકાશે અને આબોધિ બીજરૂપ કળશનો ભંગ પણ સાથે જ પામશે. જે કેટલાક ચારિત્રવંત સંયમખમી ગુરુની આજ્ઞામાં વ્યવસ્થિત રહેનારા એવા કોઈક વિરલા ઉત્તમ આત્માઓ સદ્ગતિને પામશે. હે રાજન્ ! આઠમા સ્વપ્નનો આ ગર્ભાર્થ તમને સમજાવ્યો.

સરળ એવા આત્માઓ માટે આ ઉપાય દેખીને અમે આ અર્થ કહેલો છે. (૯)

મૂળગાથાઓનો અક્ષાર્થ ભાષ્યાનુસારે સમજવો. આ પ્રમાણે લોકોત્તર શાસનમાં દુઃષમકાળમાં ઘણા નિર્ગુણજનને આશ્રીને ઉદાહરણો જણાવ્યાં. લૌકિક મતમાં પણ તેમની રીતિ અનુસાર કલિયુગને આશ્રીને બીજાઓએ પ્રતિપાદન કરેલાં બીજા પ્રકારનાં ઉદાહરણો દેખાય છે. કૂપાવાહ-એટલે કૂવાનું પાણી વહીને જીવવૃત્તિનો નિર્વાહ કરવો, ફલ માટે આખા વૃક્ષનો છેદ કરવો, ગાય પોતાની વાછરડીને ધાવશે, લોઢાની બનાવેલી મહાકટાહી (કડાહી) તેમાં સુગંધી તેલપાક કરવો ઉચિત ગણાય, છતાં તેમાં દુર્ગંધી માંસાદિક રાંધવાનું, સર્પની પૂજા અને ગરુડની અપૂજા ઇત્યાદિક પરસ્પર વિરોધી વાતો કલિયુગમાં થશે. જેનો તાત્પર્યાર્થ આગળ કહેવાશે. (૮૧૭ થી ૮૩૩) તથા –

૮૩૪–હાથીની બે આંગળી જે રૂપમાં હોય, તેના બદલે પોતાનું સ્વરૂપ પલટી નાખશે. હાથી વડે વહન કરાતાં ગાડાં કે રથને હવે ગધેડા જોડી વહન કરાશે વાળથી બાંધેલી શિલાને ધારણ કરાશે. આ વગેરે ઉદાહરણો લોકોમાં કલિકાલના દોષથી કહેવાશે. (૮૩૪) હવે કહેલાં દૃષ્ટાંતના દાર્ષ્ટાન્તિક અર્થો બતાવા કહે છે –

## આઠદૃષ્ટાંતનાં દ્રાષ્ટાન્તિક અર્થો

૮૩૫–કૂપ-સ્થાની અર્થાત્ કૂપ સમાન રાજાઓને જે પોષવા લાયક એવા અવાડા-સ્થાન સમાન બ્રાહ્મણ, ક્ષત્રિય હલકા શુદ્રો પાસેથી જળ સમાન અર્થ ગ્રહણ, પડાવી લેવો-એ પ્રથમ ઉદાહરણનો અર્થ સમજવો. અર્થાત્ હવે રાજાઓ પ્રજા પાસેથી હદ ઉપરાંતના કર-ભારણ નાખી લોકોને નિર્ધન કરશે અને રાજ્યઅધિકારીઓ માલેતુજાર બનશે.

(૨) બીજા દૃષ્ટાંતનો પરમાર્થ એમ સમજવો કે, ફલરૂપ પુત્રો, વૃક્ષ સમાન પોતાને જ ઉત્પન્ન કરનાર પતિઓને ધન માટે, દસ્તાવેજ માટે, મિલકતના ભાગ માટે, ઉદ્વેગ પમાડનારા થશે. ત્રીજા દૃષ્ટાન્તમાં કન્યાવિક્રય એટલે ગાયની ઉપમા સરખા માતા-પિતા વાછરડી સમાન કન્યાને વેચીને ધન ઉપાર્જન કરશે-એટલે તેવા તેવા અયોગ્ય ઉપાયોથી આજીવિકા મેળવશે. (૪) ચોથા દૃષ્ટાંતમાં ઉપાર્જન કરેલ લક્ષ્મીનું આ લોક અને પરલોકની અપેક્ષાએ અનુપકારી-અસંયમી-પાપ કરનારાઓમાં દાન આપશે. (૫) પાંચમા દૃષ્ટાંતમાં હિંસાદિક પાપસ્થાનકોની પ્રવૃત્તિ કરનારા હશે, તેવા અવિરતિવાળા મિથ્યાદૃષ્ટિઓ હશે, તેમને પાત્રબુદ્ધિથી પોતાના વૈભવનું દાન કરશે, પરંતુ દયાવાળા, બ્રહ્મચર્યવાળા, ઉત્તમ મહાવ્રતધારી સુપાત્રોમાં દાન નહિં આપશે. (૮૩૫)

૮૩૬–છઠ્ઠામાં વર - વહુના યુગલ પરણીને પછી કુટુંબમાં કજિયો ઉભો કરશે. અને માતા-પિતાની છત્રછાયાનો વિરહ પામશે. (૭) સાતમાં દૃષ્ટાંતમાં જે આગળ ઇક્ષ્વાકુ વગેરે ઉત્તમ કુલોની વશં-મર્યાદાઓ, વંશ-પરંપરા સુધી પળાતી હતી, કોઇ પણ તેવી મર્યાદાઓ તોડતા ન હતા અને તેનાં કારણે વંશને કોઇ દિવસે લાંછન લાગતું ન હતું, હવે પાંચમા આરાના-કલિયુગ કાળના પ્રતાપે હલકી જાતિ અને કુળોની મર્યાદા પાળવામાં ગૌરવ ગણશે. જે પુત્રવધૂઓ, લાજ - મર્યાદા, વડીલોનો વિવેક, બહાર હરવા-ફરવા જવું, ઉદ્‌ભટ વેષ

ધારણ કરવા, ખુલ્લા મસ્તકે ભરબજારમાં નીકળવું. આ વગેરે પરદેશી અનાર્ય વિજાતિ કુલોનું અનુકરણ આજે પ્રત્યક્ષ તેમના વચનાનુસાર અનુભવાય છે કે, જેના પરિણામ પસ્તાવવાનાં જ આવે છે.

(૮) આઠમાં દૃષ્ટાંતમાં વાળ સરખા અલ્પ શુદ્ધધર્મવડે શિલા સમાન વજનદાર પૃથ્વીની સ્થિતિ ટકશે (એટલે થોડોપણ ધર્મ માણસ બચાવી લેશે). (એટલે ધર્મ થોડો કરવો છે અને આંડબર મોટો દેખાડવો છે,) વાલુકા - રેતીની ત્વગ્-ચામડી-ખાલ ઉતારવા માફક પાંચમા આરામાં ધનોપાર્જનના ઉપાય દુષ્કર હશે, આ દૃષ્ટાંતનો પરમાર્થ આ પ્રમાણે સમજવો. જેમ રેતી અગર વાલુકાની ખાલ-ઉપરની પાતળી પપડી ચામડી-(તેનું પડ) ખેંચી કાઢવી મુશ્કેલ છે, તેમ ધન ઉપાર્જન કરવા માટે રાજસેવા, નોકરી વગેરે ઉપાયો કરીએ, તો પણ ધન-પ્રાપ્તિ થવી ઘણી દુષ્કર થશે. (૮૩૬)

## પાંડવોનું લૌકિક ઉદાહરણ

જે પ્રમાણે આ લૌકિક ઉદાહરણો થયાં હતાં, તે બતાવે છે –

૮૩૭—ચાર લાખ, બત્રીશ હજાર વર્ષ-પ્રમાણવાળા કલિયુગનો પ્રવેશ કાળ થયા પછી ભીમ, અર્જુન, નકુલ અને સહદેવ લક્ષણ ચાર પાંડવો હાર પામ્યે છતે, તથા સો સંખ્યા પ્રમાણ દુર્યોધન વગેરે પિતરાઈઓના પુત્રોનો ઘાત કરવા લક્ષણ કથા વડે તે વખતે દરેક પહોરે જુદા જુદા પ્રાહરિક સ્થાપન કરવા લક્ષણ ચોથા યુગ - લક્ષણ જે કલિકાલ-હવે વાત કંઈક સ્પષ્ટ કરતા કહે છે-તે આ પ્રમાણે –

જે પાંડવોએ સમગ્ર કૌરવરૂપ કંટકોનો ઉદ્ધાર (ઉચ્છેદ) કર્યો હતો અને જેમણે ઉપાર્જિત રાજ્ય લાંબા કાળ સુધી પાલન કરેલ છે, એવા તેઓ પાછલી વયમાં પશ્ચાત્તાપ કરવા લાગ્યા કે, આપણે આપણા ગોત્રનો ક્ષય કરવા રૂપ મહાઅકાર્ય આચર્યું છે; માટે હિમપથ નામના પ્રદેશમાં પ્રવેશ કર્યા વગર આપણા પાપની શુદ્ધિ થવાની નથી-એમ વિચારીને તેઓ પાંચે ય રાજ્ય છોડીને હિમપથ દેશમાં કોઈક વનમાં પહોંચ્યા. સંધ્યા-સમયે યુધિષ્ઠિરે ભીમ વગેરે ચારે ભાઈઓને અનુક્રમે એક એક પહોર સુધી વારાફરતી પ્રાહરિક તરીકે દેખરેખ રાખવા નિમણુંક કરી. યુધિષ્ઠિરાદિક જ્યારે સૂઈ ગયા, ત્યારે પુરુષના રૂપમાં કલિ નીચે ઉતરીને ભીમ પ્રાહરિકની સાથે વાચિક યુદ્ધ કરવા લાગ્યો કે, પિતરાઈ ભાઈઓ, ભીષ્મ, ગુરુ, પિતામહ-દાદા વગેરેની હત્યા કરી, હવે તું ધર્મ કરવા તૈયાર થયો છે ? ભીમ તેના વચનને સહન ન કરી શકવાથી તેની સાથે યુદ્ધ કરવા લાગ્યો. જેમ જેમ ભીમ ક્રોધ પામતો જાય છે, તેમ તેમ કલિ વૃદ્ધિ પામવા લાગ્યો. એ પ્રમાણે કલિએ ભીમનો પરાભવ કર્યો, એ જ પ્રમાણે બાકીના ભાઈઓને પણ પોતપોતાના પ્રહર-સમયે તિરસ્કાર પમાડ્યા અને તેઓને પણ કલિએ હરાવ્યા. હવે રાત્રિ થોડી બાકી રહી, ત્યારે યુધિષ્ઠર જાગ્યા, એટલે કલિ આવ્યો. ક્ષમાના બળથી કલિને હરાવ્યો. હરાવ્યા પછી તે કલિને શરાવલા-કોડિયાથી ઢાંકિ દીધો. પ્રભાત-સમય થયો, ત્યારે ભીમ વગેરેને બતાવ્યો. તે કલિએ કહ્યું કે, યુધિષ્ઠિરે ક્ષમાના પ્રભાવથી મને જિત્યો

છે, હું તેનાથી હારી ગયો છું. આ મારા અવતારથી તમને આ કુલનું વૈર લાગેલું છે. તથા આવા જ બીજા એકસો ને આઠ કૂપન અવાહ આજીવિકા વગેરે ઉદાહરણો આપી કલિએ પોતાની સ્થિતિનું નિરૂપણ કર્યું. (૮૩૭)

૮૩૮—આ પ્રમાણે કહેલાં ઉદાહરણની જેમ ઘણા ભાગે લોકો વર્તમાન દુઃષમા કાળના પ્રભાવથી જૈનમતમાં દરેક સાધુઓ અને શ્રાવકો, સાધ્વીઓ કે શ્રાવિકાઓ શાસ્ત્રોમાં કહેલા સુંદર આચારથી વર્તનારા નહિં થશે પરંતુ ઉપયોગ-રહિતપણે દોષોના સેવન કરનારા હોવાથી શાસ્ત્રથી પ્રતિકૂલ પ્રવૃત્તિ કરનારા થશે, માટે સારી રીતે જિનાગમ - શાસ્ત્રોનો અભ્યાસ કરવાથી અને તેના આધારે આચાર પાલન કરનારા - આચારશુદ્ધિ પામેલા એવા સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાઓ વિષે આદરભાવ-મમત્વભાવ રાખવો. (૮૩૮)

તો પછી હવે **જૈનેતર અનુષ્ઠાન કરનારા પ્રત્યે શું કરવું ? –**

૮૩૯—જિનવચનોથી પ્રતિકૂલ અનુષ્ઠાન કરનારા, દુર્ગતિમાં લઈ જનારા એવા મોહાદિક અશુભ કર્મફળ આપનાર લૌકિક ધર્માનુષ્ઠાન કરનાર જીવો વિષે પ્રદ્વેષ કરવો, અથવા તેનાં દર્શનશાસ્ત્રો કે તેમની કથાનાં પ્રસંગે ક્રોધ-અસહનશીલતા ન જ કરવી. ત્યારે શું કરવું ? તેની શંકાના સમાધાનમાં કહે છે કે-'જીવોની ભવસ્થિતિ આવા પ્રકારની છે કે, હજુ સુધી આ આત્માઓની કર્મસ્થિતિ ભારે હોવાથી અકલ્યાણવાળા તેઓ બિચારા જિનધર્મના આચરણ પ્રત્યે આદરપરિણામવાળા થતા નથી, બહુમાનવાળા થતા નથી-એમ વિચારવું. તથા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ મોક્ષમાર્ગમાં રહેલા સાધુ કે શ્રાવકે હમેશાં તેમની સાથે એક વખત કે વારંવાર બોલવાનો વિશ્વાસનો વ્યવહાર, સહાય કરવી, સેવા-શુશ્રૂષા આદિકનો ત્યાગ કરવો, વિધિથી વિવિક્ત વસતિગામ, નગરમાં વાસ કરવા રૂપ સંસર્ગનો ત્યાગ કરવો. નહિંતર તેમની સાથે આલાપ-સંલાપ વગેરેના સંસર્ગ કરવામાં જેમ કુષ્ઠવ્યાધિ અગર ચેપીરોગવાળા કે દુષ્ટજવર વાળાના સંસર્ગથી, તેના દોષનો-રોગનો બીજાના શરીરમાં સંચાર થાય, તેમ તેવા અન્યમતવાલાના સંસર્ગથી આપણા લોક અને પરલોકના અનર્થ-પ્રાપ્તિરૂપ નુકશાન થાય છે. માટે જ કહેલું છે કે-"દુઃશીલ મનુષ્ય જેને પ્રિય હોય, તેણે સિંહની ગુફા, વાઘની ગુફા, જળ અથવા અગ્નિમાં પ્રવેશ કરવો, અગર મરકીવાળા ઉપદ્રવસ્થાનમાં કે દુષ્કાળ હોય, ત્યાં પ્રવેશ કરવો સારો, પણ દુષ્ટશીલવાલાનો સંસર્ગ ન કરવો." (૮૩૯)

શંકા કરી કે, ઘણા ભાગે વિહારક્ષેત્રો પ્રમત્ત તેમ જ પાખંડી લોકોથી રોકાએલાં હોય છે, જેથી તેમની સાથે આલાપ-સંલાપ વગેરે વર્જન કરવા અશક્ય છે, તેવી શંકાનું સમાધાન કરતા કહે છે –

## અગીતાર્થને પ્રાણભૂત ન ગણવા

૮૪૦—અગીતાર્થ સાધુ અને પાસત્થાદિક પ્રમાદવાળા, શિથિલ આચારવાળા ગીતાર્થો સાથે અથવા ભાગવત વગેરે બીજા તીર્થાન્તરીય અન્યમતના પાખંડીઓથી વ્યાપ્ત ક્ષેત્રમાં રહેવાનો પ્રસંગ આવી પડે અને અગીતાર્થ વગેરેથી રહિત ક્ષેત્રમાં દુર્ભિક્ષ-રાજદ્વારી કારણ હોય અથવા બીજા કોઈ ત્યાં ઉપદ્રવ હોય, તે કારણે ત્યાં સ્થિરતા કરવી અશક્ય હોય અને

અગીતાર્થાદિના વસવાટવાળા ગામ-નગરાદિકમાં રહેવાનો વખત આવે, તો ત્યાં કેવી રીતે રહેવું ? તે જણાવે છે-આપણી શુદ્ધ પ્રજ્ઞાપના-પ્રરૂપણા, તેમ જ શુદ્ધ સામાચારીની સંપૂર્ણ પરિપાલનાને લગારે પણ આંચ ન આવે-ધક્કો ન લાગે - નુકસાન ન થાય, તે પ્રમાણે ભાવનું નુકશાન કર્યા વગર અખંડ ભાવ ટકી રહે, તેમ જે ત્યાં તેમને અનુસરવું પડે, 'વચનથી નમસ્કાર' એ વગેરે અનુસરણ કરવા રૂપ અનુવૃત્તિથી તે ક્ષેત્રોમાં તેમની સાથે રહેવું. આ પ્રમાણે તેમની સાથે બહારથી અનુસરણ કરવાથી તેમના આત્મામાં બહુમાન ઉત્પન્ન કર્યું અને ક્યારેક રાજ તરફથી કે બીજા આપત્તિકાળમાં અગર દુષ્કાળ સમયમાં સહાય કરનારા થાય. (૮૪૦) આથી વિપરીત રીતે વર્તન કરવાનું નુકશાન કહે છે –

૮૪૧–જો તેઓને અનુસરવામાં ન આવે, તેની અનુકૂળતા પ્રમાણે વાસ કરવામાં ન આવે, તો પોતાનો અને બીજાનો ઉપઘાત-નુકશાન થવાનો વારો આવે છે. કેવી રીતે ? તે દર્શાવે છે-પરરાજ્યના જાસૂસ છે, ચોરી કરનારા છે-એવા આરોપથી તે સ્થાનમાં ક્ષોભ ઉત્પન્ન થાય છે. આદિશબ્દથી કોઇ પ્રકારે કોઇનો પ્રમાદથી અપરાધ બની ગયો હોય, તો ઈર્ષ્યાની અધિકતાના કારણે દૂર દૂર સુધી તેની અપકીર્તિ ફેલાવે છે. તેવા પ્રકારના દાતારના કુલોમાં ભંભેરણી કરી આહાર-પાણી દેતાં અટકાવે છે. તે કારણે તે લોકો આપણી લઘુતા કરી આપણી તરફ અનાદરભાવવાળા બને છે, તેથી તેમને પાપબંધ, બોધિનો નાશ થવા રૂપ ફળ પ્રાપ્ત થાય છે. એમ થવાથી બંનેની દુર્ગતિ થાય છે. માટે બંનેનું અનિષ્ટ ફલ ટાળવા માટે જયણાથી તેમનું અનુસરણ કરવું. (૮૪૨)

૮૪૨–જે કારણથી અગીતાર્થ આદિકને અનુસરવાથી દોષ છે, તે કારણથી કાયા અને વચનની પ્રવૃત્તિ કરવારૂપ દ્રવ્યથી તે અગીતાર્થ આદિકનું રાગ-દ્વેષ-રહિતપણે-મધ્યસ્થ-સમતાભાવથી મનમાં તો ક્યારે તેવા સમય પ્રાપ્ત થાય કે, મને અનુકૂલ ભાવોનો નિર્દોષ ચારિત્ર-પાલનનો યોગ્ય અવસર ક્ષેત્રાદિ પ્રાપ્ત થાય, તે પ્રમાણે ભાવી કલ્યાણ-બુદ્ધિની રાહ જોતો, વર્તમાનમાં સંયમ ટકાવવા માટે અગીતાર્થદિકનો સહારો લેવા માટે તેમની સાથે કંઇક બોલવા-ચાલવાનો વ્યવહાર સાચવવો પડે, પરંતુ બહુમાનવાળા ભાવથી વ્યવહાર ન રાખે.

કળાઓ તેમની પાસેથી મેળવવી હોય, અપૂર્વ અધ્યયનનો અભ્યાસ ગ્રહણ કરવાનો હોય, તો તેમને વન્દના-વિષયક અપવાદ સેવવાનો જણાવેલો છે. તે આ પ્રમાણે-"પરિવાર, પર્ષદા, પુરુષ, ક્ષેત્ર, કાલ, આગમ જાણીને કારણ ઉત્પન્ન થાય, ત્યારે જેને જે યોગ્ય હોય તેવો પ્રસંગોપાત્ત વ્યવહાર કરવો પડે. તે અગીતાર્થીનો સાધુ-પરિવાર સુવિહિત ક્રિયાવાળો હોય, તે પર્ષદામાં, વૈરાગ્યવાળી દેશના આપતો હોય અને વૈરાગ્ય ઉત્પન્ન કરતો હોય, પુરુષ મૌની, ભયંકર સ્વભાવનો હોય, નિર્દય કે અધમ પુરુષ હોય, લોકોતેના કહેવા પ્રમાણે કરનારા હોય, લોકોમાં આગલ પડતો હોય. રાજા હોય, અથવા રાજા, પ્રધાન, નેતા એવો કોઇ દીક્ષિત થયેલો હોય, વિધિ આદિથી અભાવિત ક્ષેત્ર હોય, એટલે કે-ગ્લાન, બાળ કે જંગલ વટાવવાના સમયે અપવાદાદિ સેવન કરવા પડે, ત્યારે તેનો વિધિ-વ્યવસ્થાદિક કરવામાં તે ક્ષેત્રે અભાવિત હોય, અનાક(કુ)લ કાલ હોય.

જિનેશ્વરે પ્રરૂપેલાં એવાં દર્શન જ્ઞાન, ચારિત્ર, તપ, વિનય વગેરે જયાં જેટલાં જેની (તે

પાસત્થાદિની) પાસે હોય, ત્યાં તેની તેટલા ભાવથી ભક્તિથી પૂજા કરવી. તે રૂપ ભાવ. ગચ્છના રક્ષણ માટે ભાવિષ્યકાળમાં જરૂર પડે તેવા કુશળ આયુર્વેદ જાણકાર અથવા તો ભવિષ્યનો કાળ જાણવામાં કુશળ એવા આચાર્યે સુખે શીલ-સંયમનું પાલન થાય, તેવી રીતે સર્વ ગવેષણાઓ કરવી જોઈએ. કારણ ઉત્પન્ન થાય, ત્યારે જે બંને પ્રકારનાં કૃતિકર્મ-વંદન પાસત્થાદિકને ન કરે, તો તેને ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્તની આરોપણા કહેલી છે. (૮૪૨)

આ વિષયનું દૃષ્ટાંત કહેવાની ઈચ્છાવાળા કહે છે –

૮૪૩–અહિં જે આગળ કહીશું, તે અગીતાર્થની અનુવૃત્તિ-અનુસરવારૂપ યુક્તિ યુક્ત ઉદાહરણ કહીશું, તે ચાલુ વાતને બરાબર બંધ બેસતું થશે. તે જ કહે છે—સુબુદ્ધિ નામના મંત્રીની બુદ્ધિથી રાજા ગાંડો ન હતો, પણ બહારથી ગાંડો બની ગયો, પણ અંદરથી તો ડાહ્યો હતો-એવો કોઈક રાજા રાજ્યથી ભ્રષ્ટ્ર ન થયો. (૮૪૩) ચાર ગાથાથી આ દૃષ્ટાંત વિસ્તારથી કહેવાય છે.

## સુબુદ્ધિમંત્રીનું દૃષ્ટાંત

૮૪૪ થી ૮૪૭—પૃથ્વીપુર નામના નગરમાં પૂર્ણ નામના રાજા અને સુબુદ્ધિ નામનો મંત્રી હતો. કોઈક ભવિષ્યવત્તાને ભાવિકાલનું જ્ઞાન થયું કે, આ મહિના પછી વરસાદ વરસશે, તેનું જળપાન કરવાથી લોકોને ગાંડપણ ઉત્પન્ન થશે. રાજા પાસે હકીક્ત નિવેદન કરી. રાજાએ લોકોને પડહથી જાહેર કર્યું કે, 'સર્વેએ પોતાના સાધન પ્રમાણે જળ સંગ્રહ કરી લેવો.' એટલે સર્વે લોકોએ તે પ્રમાણે કર્યું. કહેલ સમયે વરસાદ પડ્યો. લોકોએ તેનું પાન ન કર્યું. સંગ્રહ કરેલું જળ જેનું વહેલું ખલાસ થયું, તેઓ નવીન વરસાદનું પાણી પીવા લાગ્યા. ઘણા લોકોએ તે જળપાન કર્યું, એટલે મોટા વર્ગ ઉન્માદી બની ગયો. સામંતાદિક લોકોએ ઘણું જળ સંગ્રહેલું હતું, છતાં તે પણ વપરાઈ ગયું, એટલે ન છૂટકે આ દૂષિત વૃષ્ટિજળ પીવાનો પ્રસંગ ઉપસ્થિત થયો. તેઓએ પણ તે જળપાન કર્યું હવે જુનું જળ તો માત્ર રાજા પાસે હતું, બીજા કોઈ પાસે ન હતું. એટલે એકલો રાજા સર્વે કરતાં વર્તનમાં જૂદો પડી ગયો. તે તો ડાહ્યાપણાની જ ચેષ્ટા કરતો હતો પેલા સર્વે લોકો તથા સામંતોને રાજાની ચેષ્ટા પોતાનાં કરતાં ભિન્ન દેખાઈ, પોતાના સમાન રાજા વર્તન કરતો નથી, એટલે કોઈ પણ રાજાની ચેષ્ટા આપણી સાથે મેળ ખાતી નથી. એટલે સામંતો અને લોકોએ મંત્રણા કરી કે, 'આ રાજા આપણે છીએ, તો રાજ્યસુખનો અનુભવ કરે છે. આપણા મતને ન અનુસરનાર કેટલો લાંબો કાળ તે રાજ્યસુખનો અનુભવ કરે છે. માટે પકડીને તેને બાંધો.' એમ મંત્રણા કરતા તેમને સાંભળીને મંત્રીની બુદ્ધિમાં જ્ઞાન થયું. ત્યાર પછી (ગ્રંથાગ્ર ૧૨,૦૦૦) મંત્રીએ રાજાને સલાહ આપી કે,રાજ્ય જીવિતના રક્ષણનો એક જ ઉપાય છે કે, આ સર્વ ગાંડાઓને આપણે અત્યારે અનુસરી લેવું. એટલે જુનું જળપાન કરી કૃત્રિમ ગાંડપણ કરવા લાગ્યા. રાજા તેઓ સાથે ભળી ગયો. એટલે પેલા સર્વને થયું કે, ગાંડો નથી, પણ આપણા જેવો ડાહ્યો જ છે. આથી તેઓ સર્વે સંતોષ પામ્યા. રાજ્ય સ્થિતિ પૂર્વ માફક નિશ્ચલ ટકી રહી. સમયે

ફરીસારી વૃષ્ટિ થઇ, એટલે સર્વ નિરુપદ્રવતા પામ્યા. (૮૪૭)

૮૪૮—આ ઉદાહરણમાં આત્મા રાજારૂપ સમજવો. રાજા સમાન આત્મા, સુબુદ્ધિ રૂપી મંત્રી એ શાસ્ત્રાનુસારી બુદ્ધિ એ જ મંત્રીએ આ દુઃષમા કાલમાં શાસ્ત્રબાધિત બોધ-લક્ષણ જે કુગ્રહ, જળપાન કરવાથી ઉત્પન્ન થયેલ ગાંડપણ, તેનાથી આ આત્મારૂપ રાજાનું રક્ષણ કરવું. (૮૪૮) માટે કહે છે –

૮૪૯—વિપરીત પદાર્થના અતિશય આગ્રહ રાખવા રૂપ ઘણા કુગ્રહો-મિથ્યાત્વની માન્યતાઓ જેને હોય, તેવા લોકો વર્તમાનકાળમાં ઘણા હોય છે, પરંતુ તેનો ઉપયોગ કર્યા વગર - જે તે કુગ્રહવાળા હોય, તેને બહારથી અનુસરીને. કેવી રીતે ? તો કે, આગળ કહ્યા તેવા રાજા અને મંત્રીની જેમ પરિપૂર્ણ સાધુધર્મ સાધવાની ઇચ્છારૂપ સર્વ સાવદ્ય-વિરતિ લક્ષણ ધર્મરાજય વિષે આત્માને સ્થાપન કરીને તેનું રક્ષણ કરવું. સુષમા-દુઃષમાદિ લક્ષણ શુભ કાળ જયાં સુધી પ્રાપ્ત ન થાય. સુવૃષ્ટિ સમાન શુદ્ધ સાધુધર્મ આરાધના લાયક સુક્ષેત્ર અને સુકાળ જયાં સુધી પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી તેવા ક્ષેત્ર-કાળની મનમાં રાહ જોતાં રહેવું અને આત્માને કોઇ પ્રકારે અસંયમથી બચાવી લેવો. (૮૪૯) આના રક્ષણનો ઉપાય બતાવે છે –

૮૫૦—પૂર્વે જણાવેલા આજ્ઞાના આરાધન - પૂર્વક જ આત્માનું રક્ષણ કરવું, પરંતુ મિથ્યાચાર પરિપાલન કે મંત્ર, મણિ, ઔષધાદિના ઉપયોગથી રક્ષણ ન કરવું. તેમ કરીને રક્ષણ કર્યું, પરંતુ આજ્ઞારાધના ન કરી, તો નરકાદિક દુર્ગતિમાં પડવાનો સંભવ થાય, એટલે રક્ષણ કરેલું વ્યર્થ ગયું ગણાય માટે આજ્ઞાયોગમાં આદર કરવો. તેમાં પણ અતિપરિશુદ્ધ ઉત્સર્ગ કે અપવાદ રૂપે આજ્ઞાયોગમાં પ્રયત્ન કરવો. (૮૫૦) પરિશુદ્ધ આજ્ઞાયોગનો ઉપાય કહે છે –

૮૫૧—આગળ લક્ષણ જણાવીશુ, તેવી વ્યાખ્યાવાળા તીર્થમાં વિનયાદિક વિધિથીજ સૂત્ર અને અર્થ ગ્રહણ કરવા. વ્યાખ્યા કરનારા ગુરુ એ સૂત્ર અને અર્થ બંનેના જાણકાર હોય.વિનયાદિકરૂપ સૂત્ર-અર્થ ગ્રહણ કરવાનો વિધિ અનેક પ્રકારનો છે. અહિં વિનય, કાયા, વચન અને માનસિક એમ ત્રણ પ્રકારનો જણાવેલો છે. આદિશબ્દથી વાચના લેવાનું સ્થળ વાચના-માંડલીની પ્રમાર્જના, ગુરુ આસન પાથરવું, સ્થાપનાચાર્ય વચ્ચે સ્થાપન કરવા વગેરે પણ વિનયવિધિમાં આવી જાય.

૮૫૧ મી ગાથાના ઉત્તરાર્ધમાં વિવરણના આધારે આ પદ હોવું જરૂરી છે –'उभयण्णू चेव गुरू, विहिय-विणयाइओचित्तों ।' (૮૫૧) **હવે ગુરુનું વિશેષ સ્વરૂપ કહે છે –**

૮૫૨—સૂત્ર, અર્થ બંનેના જાણકાર એવા ગુરુ મૂલગુણો, ઉત્તરગુણોની આરાધનામાં ખડે પગે તૈયાર હોય, વળી જિનવચન-પ્રવચન-શાસન પ્રત્યે અતિ બહુમાનવાળા, સ્વશાસ્ત્રમાં કહેલા ચરણ-કરણાદિ અનુયોગના ભેદોને તેવા તેવા ઉપાયોગથી શ્રોતા સમક્ષ પ્રરૂપણા કરનાર, વય અને વ્રત બંનેમાં પરિણત થયેલા હોય, જુદા જુદા અનેક પ્રકારની ગ્રાહકબુદ્ધિવાલા હોય. આવા પ્રકારના ગુણવાળા ગુરુએ સમજાવેલો અર્થ કોઇ દિવસ પણ વિપરીતપણે પરિણમતો નથી-આટલી વિશેષતા સમજવી. (૮૫૨) સ્વશાસ્ત્રને સમજાવનારનું

લક્ષણ વિશેષથી કહે છે –

जो हेउवायपक्खम्मि, हेउओ आगमे य आगमिओ ।

सो ससमयपन्नवओ, सिद्धंत-विराहगो अण्णो ॥ ८५३ ॥

ગાથાર્થ→ જે હેતુ વાદના પક્ષમાં હેતુનો અને આગમગમ્યમાં આગમનો યોગ કરે છે તે સ્વસમયનો પ્રજ્ઞાપક કહેવાય, બીજો વિપરીતકરનારો સિદ્ધાંત વિરોધ કરે છે.

૮૫૩-જે કોઈ જીવ અને કર્મ વગેરેમાં યુક્તિમાર્ગથી વસ્તુ સમજાવી શકાય. તેવી રીતે હેતુ-યુક્તિથી પદાર્થ સમજાવવામાં પ્રવીણ હોય એવા. જેમ કે, જે જ્ઞાન છે બોધના સમાન રૂપવાળા છે, વિષયના પ્રકાશક છે, જગતમાં પ્રસિદ્ધ જે જ્ઞાન છે, તે ભ્રાન્તવિપરીત જ્ઞાન સમાન છે. જગતમાં પ્રસિદ્ધ એવા પૃથ્વી આદિ પાંચ ભૂતો, તે તો જ્ઞાનસ્વરૂપ કાર્ય કરતાં વિપરીત સ્વરૂપવાળાં છે, તો તેઓનો ધર્મ કે ભૂતનો ફલ = કાર્ય જ્ઞાન કેવી રીતેહોઈ શકે? તે જ આત્મા છે-એમ સમજવું. તથા 'હે ગૌતમ ! જે સમાન કારણવાળા હોવા છતાં ફલમાં તફાવત પડે, તે વગર કારણે ન હોય, તો જેમ કાર્યરૂપે ઘડો થયો, તેમાં માટી કારણ હતું, અને દંડ વગેરે હેતુ બન્યા તો તેમાંથી ઘડાનું કાર્ય ઉત્પન્ન થયું. એ જ પ્રમાણે કર્મ એ પણ જીવને સુખ-દુઃખમાં કારણ છે.' વગેરે.

આગમમાં - દેવલોક, નરકપૃથ્વી, તેમની સંખ્યા વગેરેના વિષયમાં જે માત્ર આગમથી જ જાણી શકાય છે, તે આગમિક-એટલે માત્ર આગમની જ પ્રજ્ઞાપના કરવામાં પ્રવીણ હોય, તે સ્વસમય-પ્રજ્ઞાપક કહેવાય. હેતુવાદથી પદાર્થ સમજાવનાર, કે આગમનું પ્રમાણ આપી સમજાવનાર-પ્રરૂપણા કરનાર હોય, જે રીતે શ્રોતાને સમજાવનાર હોય, તે રીતે શ્રોતાને સમજાવે. આ સિવાય સમજાવે, તો જિનવચનના અનુયોગનો વિનાશક સિદ્ધાંતની વિરાધના કરનાર સાધુ ગણેલો છે. યુક્તિક્ષમ પદાર્થમાં આગમગમ્યને આગળ કરે અને આગમગમ્યમાં યુક્તિમાર્ગ આગળ કરે, તો નાસ્તિક વગેરે બીજાઓએ કહેલ કુયુક્તિનું નિરાકરણ ન પામવાના કારણે શ્રોતાને દૃઢ પ્રતીતિ-વિશ્વાસ પમાડવા માટે સમર્થ બની શકતું નથી. આગમગમ્ય પદાર્થોમાં કેટલાક યુક્તિમાર્ગમાં ઉતરી શકતા જ નથી, તેથી યુક્તિથી સમજાવી શકાતા નથી અને ધારેલી પ્રતીતિ ન કરી શકાવાથી પોતે વિલખા બની જાય અને શ્રોતાને તે અસ્વીકાર્ય થઈ જાય. તેથી તેણે સિદ્ધાંતનું સમ્યગ્પણે આરાધના કરેલું ગણાતું નથી. વિપરીત વ્યવહાર કરેલો હોવાથી. (૮૫૩) આવા પ્રકારના ગુરુનો આશ્રય કરવાનું ફલ કહે છે –

૮૫૪–આ મૂળગાથા પુસ્તકમાં ન હોવા છતાં ટીકાના અનુસારે સ્થાપન કરી છે. જે ગુરુના સૂત્રોની વિશુદ્ધિ હોય-એટલે વ્યંજન, સ્વર, પદ, માત્રા, બિન્દુ આદિના ઉચ્ચારો તદ્દન શુદ્ધ હોય, તે રૂપ વ્યંજનાદિના પાઠ ન્યૂન કે અધિક ન બોલાતા હોય. તે વચનરૂપ આગમની નિર્મલતા,તથા અર્થવિશુદ્ધિ તેને કહેવાય કે, યથાર્થ વ્યાખ્યાન કરવાથી અવિપરીત બોધ થાય., તે પણ વ્યાકરણ છંદ, જ્યોતિઃશાસ્ત્ર આદિ સિદ્ધાંતના વ્યાખ્યાના અંગમાં પ્રવીણતા મેળવેલી હોવાથી, શુદ્ધ એવા સૂત્ર અને અર્થથી મોક્ષમાર્ગના કારણભૂત જ્ઞાનાદિકથી યુક્ત ગુરુ છે. (૮૫૪) અહિં વિશેષ કહે છે –

## સૂત્રલેવાની વિધી

૭૫૫—વચનમાત્ર સ્વરૂપ એકલાં સૂત્ર ભણવા કરતાં તેની વ્યાખ્યારૂપ અર્થ સમજવામાં - ભણવામાં ઘણો જ અધિક પ્રયત્ન કરવો. અર્થની વિશુદ્ધિથી સૂત્ર અને અર્થ બંનેની નિર્મલતારૂપ વિશુદ્ધિ મેળવી શકાય છે, માટે અર્થમાં સૂત્ર કરતાં પણ ઘણો વધારે પ્રયત્ન કરવો. માટે જ કહેલું છે કે—"મૂંગા પુરુષ સમાન સૂત્ર છે કે, જે કોઇ અર્થને-વ્યાખ્યાને જણાવતું નથી અને તે અર્થ જાણ્યા વગર તાત્ત્વિક કાર્યની સિદ્ધિ થઇ શકતી નથી, પરંતુ કાર્યસિદ્ધિ તો તેની વ્યાખ્યા - અર્થથી જ થાય છે. (૮૫૫) અર્થરૂપ વ્યાખ્યા કહે છે –

૮૫૬—અર્થ-વ્યાખ્યા આ બંને એક અર્થવાલા શબ્દો છે. અહિં વ્યાખ્યા કરવામાં તો ફરે આ વિધિ જે આગળ જણાવીશું, તે સમગ્ર દોષરહિત-પરિશુદ્ધ માંડલી વગેરે વિધિ **ભદ્રબાહુસ્વામી** વગેરે પૂર્વાચાર્યોએ કહેલો છે. (૮૫૬) તે જ વિધિ બતાવે છે –

मंडल-णिसिज्ज-अक्खा, किइकम्मुस्सग्ग-वंदणं जेट्ठे ।
उवओगो संवेगो, पसिणुत्तर-संगयत्थ त्ति ॥ ८५७ ॥

૮૫૭-જે સ્થાનમાં સૂત્રની વ્યાખ્યા સાંભળવા બેસવાનું હોય, તે સ્થાનની માંડલીની ભૂમિની પ્રમાર્જના કરવી. ત્યાં દંડાસણ ફેરવી કાજો લેવો. કાજો લીધા વગરની ભૂમિમાં સામાન્યથી સાધુએ બેસવાનું કે વાપરવાનું ન હોય. ત્યાર પછી વ્યાખ્યા કરનાર આચાર્યને બેસવાનું આસન, તે રૂપ નિષદ્યા, તથા સ્થાપનાચાર્ય પધરાવવા માટે પણ નિષદ્યા, પરંતુ તે તો વિશેષ પ્રમાણમાં ઉંચી બનાવવી. વ્યાખ્યા કરનારને દ્વાદશાવર્ત વંદન કરવું. ત્યાર પછી અનુયોગ-પ્રસ્થાન કરવા માટે કાયોત્સર્ગ કરવો. તે જ સમયે જે જ્યેષ્ઠ-મોટા વાચના લેનાર સાધુ હોય, તેને વંદન આપવું, અહિં વ્યાખ્યા સાંભળ્યા પછી જે વધારે યાદ રાખી ચિંતનિકા - પુનઃસ્મરણ કરાવનારને જ્યેષ્ઠ ગણેલા છે, પણ દીક્ષાપર્યાયવાળાને જ્યેષ્ઠ ગણેલા નથી. શ્રુતજ્ઞાનમાં જે વધારે મોટા હોય, તેને તે વખતે બહુ ઉપકારી હોવાથી વંદન કરવાનું છે. તથા જે અર્થની વ્યાખ્યા ચાલતી હોય, તેના અર્થની અવધારણા કરવા રૂપ એકાગ્રતાથી સાંભળવા રૂપ ઉપયોગ, તથા સાંભળીને વૈરાગ્ય લાવવો, તથા પ્રશ્ન અને ઉત્તર, શ્રોતાને જે પદાર્થ સમજાયો ન હોય, તે સંબંધી પ્રશ્ન કરવો. શિષ્યનું શંકારૂપી ખાડામાં પતન થયેલું છે, તો તેને સમાધાન આપી બહાર કાઢવા માટે ગુરુ મહારાજ ઉત્તર આપે, તે રૂપ. પ્રશ્નોત્તર કેવા હોય ? જે વિષયની વ્યાખ્યા ચાલતી હોય, તેને બંધબેસતો યુક્તિયુક્ત હોય, પરંતુ વિષય બહારનો ન હોય. આ પ્રમાણે વ્યાખ્યા-વિધિ જણાવી. (૮૫૭) અહીં જે મતાંતર છે, તે જણાવે છે –

૮૫૮—ઓછી બુદ્ધિ, મધ્યમ બુદ્ધિ અને અધિકબુદ્ધિ હોય, તેવા શિષ્યોના પ્રકારો જાણીને સૂત્ર, અર્થ આદિ વિધિથી - તે આ પ્રમાણે વિધિ જાણવો "સૂત્રાર્થ માત્ર કહેવો તે પ્રથમ, બીજો નિર્યુક્તિ-સહિત અર્થ કથન કરવો, અને બાકી સર્વ પ્રકારના નય, નિક્ષેપ, શંકા - સમાધાન આદિ સહિત અર્થ કથન કરવામાં આવે, તે ત્રીજો અર્થ અનુયોગ-વ્યાખ્યામાં આ વિધિ કહેલો છે. આવા લક્ષણથી વિશેષિત સૂત્રની વ્યાખ્યા કરવી. અથવાસૂત્ર-પદાર્થ આદિ ચાર

પ્રકારવાળી વ્યાખ્યા કરવી. નહિં સૂત્રનાં પદોનો અર્થમાત્ર કહેવો.ત્યાર પછી આદિશબ્દથી વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્યરૂપ અર્થ કહેવો. એટલે ૧ પદાર્થ, ૨ વાક્યાર્થ, ૩ મહાવાક્યાર્થ અને ૪ ઐદંપર્યાર્થ. (૮૫૮) એ જ કહે છે –

૮૫૯—પદ, વાક્ય અને મહાવાક્ય તેના અર્થ શિષ્યની પાસે પ્રથમ પ્રગટ કરવા - સમજાવવા. ઐદંપર્ય અર્થ એ સહુની પાછળ પ્રકાશિત કરવો. આ પ્રમાણે વ્યાખ્યા વિધિ-નિરુપણામાં ચાર શ્રુતના ભાવ-અર્થ તેના ભેદોનો નિર્દેશ કર્યો. હવે તેમાં પદના બે ભેદો 'સુબન્ત' એટલે નામને પ્રત્યયો લાગે તે એક અને 'તિઙન્ત' એટલે ધાતુઓને પ્રત્યયો લાગે, ત્યારે ક્રિયાપદ. ફરી 'સુબન્ત'ના ત્રણ પ્રકારો-નામ, ઉપસર્ગ અને નિપાત. તેમાં ઘટ એવું નામ, પ્ર, પરા વગેરે ઉપસર્ગો, વા, હી વગેરે નિપાત. 'તિઙન્ત' જેમ કે, પચતિ-એટલે રાધે છે વગેરે. એક અર્થને પ્રતિપાદન કરનાર હોય, તે પદો કહેવાય. વાક્ય-અનેક પદોના અર્થો છે, તે પરસ્પર અર્થોના સંબંધરૂપ વાક્યો થાય-તે ચાલના કહેવાય. પદોનો સમૂહ તે વાક્ય, પરસ્પર તે વાક્યોનો સંબંધ થાય, તે મહાવાક્યાર્થ. તે વાક્યોના જે અર્થો તેનો પરસ્પર સંબંધ જેમાં પ્રતિપાદિત થાય, તે મહાવાક્યાર્થ. બીજા પદના અર્થ સાથે એક પદના અર્થની ગતિ કરાવવી સંબંધ કરાવવો-આ જેનું સ્વરૂપ છે, તે વાક્ય, બે ત્રણ વાસ્યોના અર્થોનો પરસ્પર સંબંધ જેમાં થાય, તે મહાવાક્ય. વિશિષ્ટતર એક અર્થના કારણે જેમાં અન્ય વાક્યોના અર્થોનો પરસ્પર સંબંધ થાય, તે મહાવાક્યાર્થ. ઐદંપર્ય એટલે તાત્પર્ય. આ પ્રમાણે પદ, વાક્ય, મહાવાક્ય અને ઐદંપર્યરૂપ અર્થો સમજવા. પદાર્થ ચાલના રૂપ વાક્ય કહેવાય. જેમાં પ્રશ્ન ઉભો કરી, શંકા કરી પૂર્વપક્ષનું સ્થાપન થાય, તે ચાલના, તથા જેમાં વિશિષ્ટર એક અર્થનું સમાધાન કરવારૂપ મહાવાક્ય. જેમાં આ પ્રધાન અર્થ છે, એનો જે ભાવ, તે ઐદંપર્ય-સૂત્રનો છેલ્લો ભાવાર્થ એમ સમજવું. (૮૫૯)

આ પદાર્થાદિકના વ્યાખ્યાભેદો શા માટે સ્વીકાર્યા હશે, તે કહે છે –

૮૬૦—સંપૂર્ણ પદાર્થો આદિનું સ્વરૂપ સમજાવવાથી - કહેવાથી શ્રોતાને શાસ્ત્રના પરમાર્થોનો બોધ થાય છે અને જો તેમ કરવામાં ન આવે, તો શાસ્ત્રોના અર્થની પ્રતીતિ અવળી પણ થાય. 'હુ' શબ્દથી સંશય અને અનધ્યવસાય વિપરીત શબ્દ સાથે લેવા. તેનું પરિણામ એ આવે કે નરકાદિક દુર્ગતિમાં પડવાનું કારણ, તેવો વિપરીત બોધ થાય, એમાં સંદેહ નથી. (૮૬૦)

આ પદાર્થો આદિને બીજા મતવાળાઓએ આપેલા દૃષ્ટાન્ત દ્વારા સિદ્ધ કરતા જણાવે છે કે –

૮૬૧—અહિં વ્યાખ્યા - અવસરે તીર્થાન્તરીયો-અન્યમતવાળાઓએ પણ આ પદાર્થાદિકના સ્વરૂપને વ્યાખ્યા કરવા યોગ્ય સૂત્રપદોનો ઉપન્યાસ કરીને વર્ણવેલું છે. કેવી રીતે ? તે કહે છે. કોઇક સમયે કોઇક પાટલિપુત્ર આદિ નગરમાં જવા માટે નીકળેલો મુસાફર જંગલમાં વિષમ ભૂમિમાં પહોંચ્યો. ત્યાં શત્રુઓને પકડી લેવાની પ્રવૃત્તિ ચાલતી હોવાથી ત્યાંથી તે નાસી ગયો. ત્યાંથી તે માર્ગમાં ભૂલો પડ્યો-એટલે માર્ગ જાણવાના વિષયમાં ઇત્યાદિક જે

ન્યાય. (૮૯૧) હવે તે ન્યાય બતાવે છે –

૮૯૨– ભૂલા પડેલા મુસાફરે માર્ગ પૂછવા માટે આમ-તેમ નજર કરતાં ઘણે દૂર રહેલા એક પુરુષને દૂરથી દેખ્યો, પરંતુ તે સ્ત્રી કે પુરુષ હશે ? એવો નિર્ણય ન કરી શક્યો. ભૂલો પડેલો છે, માર્ગનો નિર્ણય કરવો છે, જંગલમાં કોઇક માર્ગ દેખાડનાર મળી જાય, તો ઇષ્ટ સ્થળે સહેલાઇથી પહોંચી જવાય-એ સર્વ વિચાર કરનાર મુસાફર છે છતાં તેને શત્રુપક્ષના મનુષ્યનો ભય હોવાથી કદાચ તેવો જ ભળતો મનુષ્ય હોય, તો તેને રસ્તો પૂછતો, તે યોગ્ય ન ગણાય. તેથી તેની પાસે ન જવું. કેમ ? તો કે, કદાચિત્ શત્રુના ભયથી તે નાસી આવેલો હોય, તેવો તે પુરુષ હોય. (૮૯૨)

૮૯૩–શત્રુએ ન ઓળખાવા માટે પરિવ્રાજક આદિનો વેષ ધારણ કર્યો હોયએમવેષને બદલાવી નાખ્યો હોય તો ? આ કારણે તેની પાસે જઇને પૂછવું યોગ્ય નથી. કારણ કે, શત્રુ હોય તેને પણ મુસાફરના વિશ્વાસ માટે તેવા પ્રકારની પ્રતીતિ ઉત્પન્ન કરવા માટે વેષ-પરાવર્તન કરવાની સંભાવના હોય છે. ત્યારે ભૂલા પડેલાએ શું કરવું ? તે કહે છે-'બાલક, વૃદ્ધ, આધેડ વયવાળા, સ્ત્રી, ગોવાળિયા વગેરે એકાંતથી સત્યપણે જ કહેનારા સંભવતા હોય, તેવા માર્ગ પૂછવા યોગ્ય પુરુષને ઓળખી-જાણીને ત્યાર પછી ગમન કરવું યોગ્ય ગણાય. નિરુપદ્રવ માર્ગના જ્ઞાન માટે મનનો ઉલ્લાસ, નાડીજ્ઞાન, અનુકૂલ શકુન થવાં ઇત્યાદિક અહિં ફલ કરનારા સમજવા. (૮૯૩)

ઉપમારૂપ પ્રતિવસ્તુનું દૃષ્ટાંત આપીને દૃષ્ટાન્તિકમાં તેની યોજના કરે છે –

૮૯૪–"આગળ કહી ગયા તે નીતિથી પદ, વાક્ય, મહાવાક્યોને ચાલુ વ્યાખ્યા વિધિમાં તેની દાર્ષ્ટાન્તિકપણે યોજના-ઘટના કરવી. કેવી રીતે તો કે - શ્રુતના અનુસારે, તથા અહિં તો દર્શન-સમાન પદાર્થ નથી કે, જેથી ઇષ્ટની પ્રાપ્તિ અને અનિષ્ટનો પરિહાર કરવો પડે. શત્રુને પણ તેનાથી દૂર થવાનું હોતું નથી. શત્રુના વેષ પરાવર્તન દર્શન સરખો વાક્યાર્થ, તેનાથી પણ ઇષ્ટસિદ્ધિ કે અનિષ્ટ-પરિહાર રૂપ ફળ થતાં નથી. પૂર્વે કહેલા હેતુથી જ બાલ, સ્ત્રી વગેરેથી માર્ગનો બોધ થવા સરખો મહાવાક્યાર્થ છે. આનાથી જિજ્ઞાસિત અર્થની સિદ્ધિ થાય છે. ઐદંપર્ય તે સાક્ષાત્ કહે છે કે, જે શુદ્ધ અધિકારી હોય, તેને જ માર્ગ પૂછવો, પણ બીજાને ન પૂછવો. બાલક, સ્ત્રી વગેરેથી માર્ગનું જાણપણું યથાર્થ થાય છે, તેના બોધ સમાન મહાવાક્યાર્થ છે. તેનાથી આપણે ઇચ્છેલો અર્થ સિદ્ધ થાય છે.

## ઐદંપર્યાર્થનાં લક્ષણો

ઐદંપર્ય સાક્ષાત્ સમજાવે છે-તે આ પ્રમાણે કે, જે નિર્દોષ શુદ્ધ હોય, તેવા બાલ, સ્ત્રી આદિ તેને જ માર્ગ પૂછવો, પણ બીજા ભળતા ગમે તેને ન પૂછવો. (૮૯૪)

અહિં કેટલાક સૂત્રોને આશ્રીને સાક્ષાત્ જ વ્યાખ્યા અંગરૂપ પદાર્થ, વાક્ય, મહાવાક્ય ઐદંપર્ય દેખાડતા કહે છે –

૮૯૫–અહિં સૂત્રમાં પ્રસિદ્ધ પદાર્થ સ્વરૂપ આ સૂત્ર કહેલું છે કે - 'પૃથ્વી આદિ

પ્રાણીઓની હિંસા ન કરવી. તેને જ કહે છે કે-મન, વચન, કાયાથી સર્વ જીવોને પીડા ન કરવી. એટલે કે, ત્રસ કે સ્થાવર કોઇ પણ જીવને મન, વચન કે કાયાથી તેની હિંસા ન કરવી-તેને ન ઉપજાવી.' (૮૬૫) તથા –

૮૬૬–પૃથ્વી આદિ સ્થાવર જીવોને પીડા પમાડનારા આરંભી-ગૃહસ્થો, નિદ્રા, વિકથા રૂપ પ્રમાદ સેવન કરનારા એના સર્વ સાવદ્ય યોગથી વિરમેલા હોવા છતા પ્રમાદ સેવનારા પ્રમત્ત એવા શ્રાવક તથા સાધુઓ આ પદના અર્થથી શ્રાવક જિનમંદિર બંધાવે, સાધુ લોચ કરે કે કરાવે, આદિશબ્દથી તેવા તેવા અપવાદનો આશ્રય કરે, તથા પ્રવચન-શાસનના વિરોધી હોય, દુષ્ટનો નિગ્રહ-શિક્ષા કરવાનો પ્રસંગ ઉભો થાય ઇંત્યાદિકમાં પરપીડા કરવી પડે, પહેલાં સૂત્રમાં હિંસાનો નિષેધ કરેલા છે, તે જ હિંસા કરવાનો પ્રસંગ પાછો પ્રાપ્ત થયો છે. પાપનો અનુબંધ થાય છે. આ પ્રમાણે આ ચાલના રૂપ વાક્યાર્થ થયો. (૮૬૬)

૮૬૭–શ્રાવક જિનમંદિર કરાવે, સાધુ કેશલોચ કરે-કરાવે, તેમાં ભગવંતની કહેલી વિધિનું ઉલ્લંઘન કરે, આજ્ઞાનું વિલોપન કરે, તો તેઓનાં કાર્ય દુષ્ટ ગણાય. આજ્ઞાપૂર્વકની પ્રવૃત્તિ હોય તો ? તો તેમની આજ્ઞા આ પ્રમાણે છે કે "જિનભવન કરાવવાની વિધિ આ પ્રમાણે કહેલી છે કે-ભૂમિ શલ્ય વગરની - એટલે હાડકાં કે એવા પદાર્થોથી રહિત શુદ્ધ કરવી જોઇએ. દલ એટલે ઇંટ, પથરા તે પણ શલ્યરહિત શુદ્ધ જોઇએ, તેમ જ કાષ્ઠ વગેરે જોઇએ. દલ એટલે ઇંટ, પથરા તે પણ શલ્યરહિત શુદ્ધ જોઇએ, તેમ જ કાષ્ઠ વગેરે તેનાં સાધનો શુદ્ધ હોવાં જોઇએ. કડિયા, સુતાર, મજુર, શિલ્પી વગેરેના ધર્મ પ્રત્યે આદર પરિણામ વૃદ્ધિ પામે, તે પણ તેમને કામનો બદલો પૂર્ણ મળી રહેવો જોઇએ. આ વિધિ પ્રમાણે જિનમંદિર કરાવવાની આજ્ઞા છે. સાધુને લોચ કરવાની વિધિ પણ કહેલી છે. "સાધુઓને લોચ સ્થવિરોને વર્ષાકાળ એટલે સંવત્સરી-સમયે, તરુણોને ચાર-ચાર મહિને અનને વૃદ્ધોને છ-છ મહિને" ઇંત્યાદિક વિધિ કહેલો છે. માટે જિનોપદેશ-વિધિથી યત્ન કરવો- એ મહાવાક્યનો સ્વભાવ સમજવો. ચૈત્ય, લોચ, નદી ઉતરવી એ ભગવંતની કહેલી વિધિ અનુસાર કરવા તે મહાવાક્યાર્થનું સ્વરૂપ સમજવું. જેમાં પૂર્વમાં શંકા કરી હોય, તે શંકાના પરિહારરૂપ આ મહાવાક્યાર્થનો સ્વભાવ સમજવો. (૮૬૭)

મહાવાક્યાર્થને પૂર્વાર્ધથી ઉપસંહાર અને ઉત્તરાર્ધથી ઐદંપર્યને જણાવતા કહે છે કે–

૮૬૮–આ પ્રમાણે આજ્ઞા પ્રમાણે અનુષ્ઠાનો કરવામાં આવે, તો આ અહિંસા ઉત્તરોત્તર અનુબંધ થતો હોવાથી-મોક્ષપ્રાપ્તિ રૂપ તેનો છેડો આવતો હોવાથી પરમાર્થથી આજ્ઞા કરેલી જ ગણાય છે. મોક્ષ-પ્રાપ્તિ કરવા રૂપ જિનાજ્ઞા અટકેલી નથી. અહિં ઐદંપર્ય એ સમજવાનું કે ચેતનવાળી હોય કે ચેતન વગરની હોય. એવા શિષ્ય કે વસ્ત્રાદિને-વસ્તુને પરિગ્રહરૂપ ન ગ્રહણ કરવા. (૮૬૯)

૮૭૦–ગ્રન્થ એટલે શિષ્ય, વસ્ત્રાદિ રૂપ ગ્રન્થ, જે આગળ પદાર્થરૂપે ત્યાગ કરવાનો કહેલો છે. તે રૂપ વચનથી જે ભાવસાધુઓ છે, જેમને પોતાના શરીર માત્રમાં પણ સાપેક્ષતા-સ્પૃહા-મમત્વભાવ રહેલો નથી, તેમનાથી વસ્ત્ર, પાત્ર, શિષ્યો વગેરે ગ્રહણ કરી શકાય નહિ-

એમ નક્કી થયું. આ વસ્ત્રાદિને અગ્રહણ કરવા રૂપ પદાર્થ-પદનો અર્થ છે. તે કારણે તે વસ્ત્ર ગ્રહણ કર્યાં-એટલે મિથ્યાત્વાદિ રૂપ ગ્રન્થ-ગ્રહણ જ થયું ગણાય. કેવી રીતે ? તે કહે છે- જેનાથી આત્મા નરકાદિક દુર્ગતિનો અધિકારી થાય, તે અધિકરણ એટલે અસંયમ,તેની વૃદ્ધિ થવાથી, રજોહરણ વગેરે ઉપધિ સાધુ ન રાખે તો જિનકલ્પિક સાધુઓને પણ અસંયમની વૃદ્ધિ થાય છે. આ વાક્યાર્થ છે, જેમ કે, સર્વથા ગ્રન્થ-ત્યાગ કલ્યાણકારક નથી, આગળ જે 'ગ્રન્થનો ત્યાગ કરવો' ઇત્યાદિક વચનથી. (૮૭૦)

૮૭૧–આજ્ઞાને બાધા થાય, તેમ ભગવાનના વચનને ઉલ્લંઘીને વસ્ત્રાદિક ન ગ્રહણ કરવાં. કેવા પ્રકારની આજ્ઞા ? જિનો એટલે અવધિજિન, મનઃપર્યવ જિન, કેવલિજિન, ઇત્યાદિ જિનો કહેલા છે. તેવા "જિનોને બાર પ્રકારનાં ઉપકરણો હોય, સ્થવિરોને ચૌદ પ્રકારનાં, આર્યાઓને પચ્ચીશ પ્રકારનાં ઉપકરણો રાખવાની આજ્ઞા છે. તે ઉપરાંત ઉપકરણો રાખે, તો તેને ઔપગ્રહિક" ઇત્યાદિ. તે પ્રમાણે-આજ્ઞા-વચનનું ઉલ્લંઘન કરીને, તથા અધિકરણની વૃદ્ધિ થવાના ભયથી વસ્ત્રાદિકનું ગ્રહણ કરવું સુંદર નથીએમ સમજવું. શું સર્વથા અગ્રહણ કરવું ? એ અપિશબ્દનો શબ્દાર્થ સમજવો. તે કારણથી આજ્ઞામાં વર્તવું-એ પ્રમાણે મહાવાક્યાર્થ સમજવો (૮૭૧) ગાથાના પ્રથમાર્ધથી મહાવાક્યાર્થને સમેટતા અને ઐદંપર્યને જણાવતા કહે છે –

૮૭૨–શિષ્ય, વસ્ત્રાદિ રૂપ ગ્રન્થનો ત્યાગ કરવો એ કહેલું વચન, તથા એ પ્રમાણે આજ્ઞાનું અનુસરણ કરવા રૂપ અસંયમનો પરિત્યાગ કરવાથી પરમાર્થથી તે ગ્રંથનો ત્યાગ કરેલો જ ગણાય છે. જે કોઇ પણ આજ્ઞાને અનુસરીને વસ્ત્રાદિક સંયમોપયોગી વસ્તુ ગ્રહણ કરવામાં પ્રવર્તે અને તેને કદાચિત્ કોઇ પ્રકારે અસંયમ થઇ જાય, તો પણ વધારે પ્રમાણમાં બીજા ગુણોની આરાધના કરેલી હોવાથી ભાવથી અધિકરણનો ત્યાગ કરેલો જ છે. તેના માટે જ તેની સર્વ ક્રિયાઓમાં પ્રવૃત્તિ હોવાથી અહિં પણ પદાર્થોદિમાં 'ગ્રન્થનો ત્યાગ કરવો' એ વગેરેમાં ધર્મ વિષે 'આજ્ઞા એ તત્ત્વ છે.' આ ઐદંપર્ય સમજવું. (૮૭૨)

૮૭૩–પૂર્વે કહેલા પદાર્થની જેમ 'મોક્ષની અભિલાષાવાળાએ તપસ્યા અને ધ્યાનાદિ કરવાં જોઇએ' તેમાં સ્પષ્ટ પદનો અર્થ આ પ્રમાણે કહેલો છે કે–છઠ્ઠ અને કાઉસ્સગ્ગ રૂપ તપ, ધ્યાન, કાયક્લેશ આદિ વિધાનો કરવાં જોઇએ. ધાર્મિક લોકમાં આ વાત સામાન્યથી રૂઢ થયેલી છે, અહિં ઓઘ-સામાન્ય શબ્દથી સમર્થ-અસમર્થનો વિભાગ કર્યા સિવાય છઠ્ઠ તપ, કાઉસ્સગ્ગ તપ, કાઉસ્સગ્ગ, કાયક્લેશાદિક કરવા જોઇએ-એમ ઓઘે કહ્યું. (૮૭૩)

૮૭૫–ઉપર કહ્યા પ્રમાણે શક્તિ ઉલ્લંઘીને તેમ જ આજ્ઞાને અનુસર્યા વગર જો તપસ્યા, ધ્યાનાદિક કરવામાં આવે, તો મહાન્ દોષ છે, માટે અહિં ધર્મના અધિકારમાં આગમનીતિથી અર્થાત્ આજ્ઞાનુસાર તપ-ધ્યાનાદિક અનુષ્ઠાનો કરવામાં આવે, તો તે આત્માને ગુણ કરનાર-લાભ આપનાર થાય છે. આગમનીતિ આ પ્રમાણે છે – "જે પ્રમાણે દેહને પીડા ન થાય, તેમ જ માંસ લોહીની પુષ્ટિ ન થાય, જેમ ધર્મધ્યાનની વૃદ્ધિ થાય-તેમ આ તપ કરવાનું હોય છે." તથા "આ કાયાને માત્ર પરિતાપ ઉપજાવીને ક્લેશ પમાડવાની હોતી નથી, તેમ જ અનેક મધુર રસોવડે કરીને લાલન-પાલન કરવા લાયક નથી. મન અને પાંચે ઇન્દ્રિયો જે પ્રમાણે

ઉન્માર્ગગામી ન થાય અને આપણે વશ થાય. જિનેશ્વરોએ જે પ્રમાણે આચર્યું છે, તે પ્રમાણે કાયા, મન અને ઈન્દ્રિયોને વશ કરવી, '' આવા પ્રકારનું તપ કરવાની શાસ્ત્રાજ્ઞા છે. આ આગમનીતિ ધર્મમાં પ્રધાનરૂપ ગણેલી છે. આ મહાવાક્યાર્થ વિષય યથાર્થ સમજી લેવો. (૮૭૫) અહીં પણ મહાવાક્યાર્થને સમેટી લેતાં ઐદંપર્યને કહે છે –

૮૭૬–આ પ્રમાણે આગમનીતિથી આ તપસ્યા, ધ્યાન વગેરે સત્પુરુષોની પ્રશંસા પામે છે અને એ જ મોક્ષફલના હેતુરૂપ થાય છે; માટે ધર્મની અંદર આગમનીતિ કહો, પ્રભુની આજ્ઞા કહો-આ સર્વે શ્રેષ્ઠ ગણેલા છે અને અહિં આ જ ઐદંપર્ય સમજી લેવું. (૮૭૬) તથા–

૮૭૭–દાનની પ્રશંસાકરવાથી આદિશબ્દથી દાનનો નિષેધ કરનારી દેશનાથી પ્રાણિવધ વગેરે થાય છે. દાનની પ્રશંસા કરવામાં પ્રાણીઓનો વધ થાય, જેમ કે કોઇને કોશ, કુહાડા આદિનું દાન કર્યું, તેનાથી પૃથ્વી, વૃક્ષ આદિની હિંસા કરશે. દાનનો નિષેધ કર્યો-મના કરી, તો સાધુ, તપસ્વી વગેરેને ભોજનનો અંતરાય કર્યો. આ કારણે જ **સૂત્રકૃતાંગ** સૂત્રમાં રહેલું છે કે જેઓ દાનની પ્રશંસા કરે છે, તેઓ પ્રાણીઓના વધની ઈચ્છા કરે છે અને જેઓ દાનનો પ્રતિષેધ કરે છે, તેઓ બીજાની આજીવિકાનો છેદ કરે છે. આ સીધા-સરળ પદનો અર્થ-પદાર્થ છે. આંબને એટલે 'પ્રાણીવધ કરવો' ઈત્યાદિ તથા આજીવિકા રોકવી, તે ઉભય પાપરૂપ છે. આવા પ્રકારના પદના અર્થો સામાન્યરૂપે પદાર્થે કહ્યા. અભિપ્રાય આ પ્રમાણે સમજવો –

ધર્મનું પ્રથમ પગથીયું હોય તો દાન છે. દાન દારિદ્રયનો નાશ કરનાર છે, લોકોની પ્રીતિ ઉત્પન્ન કરનાર દાન છે, દાન સર્વ પદાર્થની સિદ્ધિ કરનાર છે. આ વગેરે વચનોવડે કરીને લોકોમાં પ્રસિદ્ધ એવા વિવિધ શસ્ત્રાદિક રૂપ દાન, તે તો સ્વભાવથી જ પૃથ્વી આદિકની હિંસા કરનાર હોવાથી તેની જે પ્રશંસા કરવામાં આવે, તેથી ચોક્કસ સાધુને હિંસાની અનુમતિનો દોષ પ્રાપ્ત થાય. તથા તેવા પ્રકારના શાસ્ત્રના સંસ્કારથી કેટલાક ધર્મના અર્થીઓએ પોતે જ કહેલા સ્વરૂપવાળા દાનને આ પ્રમાણે કહીને પ્રવર્તાવેલું હોય છે કે-"જેમ ઉખરભૂમિમાં વાવેલું બીજ ફળ આપનાર થતું નથી, તેમ અપાત્રમાં આપેલું દાન ફલસાધક થતું નથી-એમ પંડિત પુરુષો કહે છે." ઈત્યાદિક વચનો વડે દાનનો નિષેધ કરવામાં આવે, ત્યારે જે તપસ્વી મુનિવરો હોય, તેમને આહારાદિક લાભનો અંતરાય પ્રાપ્ત થાય છે. (૮૭૭)

૮૭૮–આ પ્રમાણે અવિશેષ-સામાન્યપણે પદાર્થની પ્રતિપત્તિમાં દાનસંબંધી દેશનાનો વ્યવચ્છેદ-નિષેધ પ્રાપ્ત થયો-એ વાત યુક્ત નથી. કારણ કે, સર્વ આસ્તિક શાસ્ત્રોમાં દાન, શીલ, તપ, ભાવના સ્વરૂપ ધર્મનું પ્રતિપાદન કરેલું જ છે. માટે હે આચાર્ય ! વિશેષ વિભાગને આશ્રીને આ દાનધર્મનું વિધાન અને તેનો નિષેધ સમજવો. આ વાક્યાર્થ કહેવાય. (૮૭૮)

૮૭૯–આગમશાસ્ત્રે જેનું વિધાન કરેલું હોય, તેવું જે દાન, તેમજ તે જ આગમમાં જેનું નિવારણ કરેલું હોય, એવા પ્રકારના દાનને આશ્રીને દેશનામાં વિધિ કે નિષેધ કરવામાં આવે, તો જીવહિંસાની અનુમતિ લક્ષણ દોષ વક્તાને લાગતો નથી. એટલે કે, આગમમાં દાન કરવાનું વિધાન કર્યું હોય,તેની વિધિનો ઉપદેશ આપવો, તેમ જ આગમમાં નિષેધ કરેલા

હોય, તે નિષેધ દેશના રૂપે ઉપદેશ આપવામાં કોઇ દોષ ગણેલો નથી. તેમાં આગમમાં આ પ્રમાણે વિધાન કરેલું છે કે –

## શ્રાવક નિર્જરા ક્યારે કરે ?

"ન્યાયથી મેળવેલું હોય, સાધુને કલ્પે તેવું, નિર્દોષ અન્ન કે પાણી અને આદિ શબ્દથી વસ્ત્ર, પાત્ર, ઔષધ, વસતિરૂપ દેય પદાર્થો, દેશ,કાળ, શ્રદ્ધા, સત્કાર અને ક્રમયુક્ત આત્માના કલ્યાણ અર્થે સંયતોને દાન કરવું." તથા 'હે ભગવંત ! તેવા રૂપવાળા શ્રમણ કે માહણ કે જેમણે પાપકર્મોનો નાશ કર્યો છે, તેનાં પચ્ચક્ખાણ પણ કરેલાં છે, તેવા મહાત્માઓને પ્રાસુક-અચિત્ત-એષણીય-નિર્દોષ અશન-પાન ખાદ્ય, સ્વાદ્ય રૂપ પદાર્થોનું દાન આપીને તેવા શ્રાવક શું કરે છે ? "હે ગૌતમ ! તેવો શ્રાવક એકાંત નિર્જરાજ કરે છે."

'હે ભગવંત ! તેવા પ્રકારના શ્રમણ કે માહણ કે જેમણે ભૂતકાળનાં પાપકર્મની નિંદા અને ભવિષ્યકાળને અંગે સંવર કરેલો હોવાથી વર્તમાનમાં પણ પાપકર્મના પ્રત્યાખ્યાન-ત્યાગવાળા હોય, તેવા સાધુ ભગવંતને અપ્રાસુક એટલે સચિત્ત અને અનેષણીય-દોષવાળા આહાર-પાણી, ખાદ્ય, સ્વાદ્ય પદાર્થોથી પ્રતિલાભે-તો તેવા દાન આપનાર શ્રાવક શો લાભ મેળવે ?' "હે ગૌતમ ! તે શ્રાવકને ઘણી નિર્જરા અને અલ્પ પાપકર્મ લાગે." તથા –

'તેવા પ્રકારના શ્રમણ કે માહણ જેણે ભૂતકાળના પાપની નિંદા–ગર્હા કર્યાં નથી અને ભવિષ્યકાળનાં પાપનાં પ્રત્યાખ્યાન કર્યા નથી, તેને પ્રાસુક કે અપ્રાસુક નિર્દોષ કે અનિર્દોષ એવા અશન, પાન, ખાદ્ય કે સ્વાદ્ય પદાર્થોથી પ્રતિલાભનાર શ્રાવક શું કરે છે ?-શું મેળવે છે ? તો કે, એકાંત પાપકર્મ કરનાર થાયછે. તથા મોક્ષ માટે જે દાન કહેલાં છે, તેની આશ્રીને આ વિધિ કહેલો છે. જ્યારે જિનેશ્વરોએ અનુકંપાદાનનો તો ક્યારેય પણ નિષેધ કરેલો નથી. શક્તિના સમર્થપણામાં નભાવી શકાતું હોય, તેવા કાળમાં અશુદ્ધ આહાર-પાણી ગ્રહણ કરનાર અને આપનાર બંનેને અહિતકારી ગણાય. રોગીના દૃષ્ટાંતથી, જો અસમર્થ હોય, નિર્વાહ કરી શકવા સમર્થ ન હોય,તેવા કાળ અને ક્ષેત્રમાં આપનાર અને લેનાર એ બંનેને હિતકારક દાન કહેલુ છે."

આધાકર્મી આહારને આશ્રીને આગમમાં આમ કહેલું છે કે, "દાન દેવા યોગ્ય સાત ક્ષેત્રોરૂપ પાત્રમાં ભક્તિપૂર્વક અને દેવા યોગ્ય એવા દીન, હીન, અપંગ, દુઃખી એવા વર્ગને અનુકંપાબુદ્ધિથી વિધિયુક્ત દાન અપાય છે.વળી જે દાનસ્વભાવથી વિરુદ્ધ ન હોય-એ પ્રમાણે સ્વજનો તથા પોષણ કરવા યોગ્ય વર્ગનો જેમાં વિરોધ થતો ન હોય, તેને દાન કહેવાય. વ્રતમાં રહેલા હોય, તે પાત્ર ગણેલા છે. આ પ્રમાણે જિનેશ્વર કહેલા આગમમાં વ્યવસ્થા નક્કી થયેલી છે, હવે તે આગમરૂપ આજ્ઞાનું ઉલ્લંઘન કરી વિધિ અને પ્રતિષેધ કરનારને દોષ લાગે છે. આ પ્રમાણે જીવવધ વગેરે લક્ષણસ્વરૂપ આ દોષ મહાવાક્યોના અર્થથી જ જાણી શકાય તેવો છે. (૮૭૯)

મહાવાક્યાર્થને સમેટતા ઐદંપર્યને કહે છે –

૮૮૦—આ પ્રમાણે આગમ-આજ્ઞાનું ઉલ્લંઘન કર્યા સિવાય ઉત્સર્ગ-સેવન કે અપવાદનું સેવન કરીને, દોષ-આશાતનાનો પરિહાર કરીને સિદ્ધાંતાનુસાર જે વર્તન કરવામાં આવે, તે આત્માને ગુણકારક થાય છે. આગમ-વચનની જેમાં અવજ્ઞા ન થાય, તેમ જ મોક્ષના હેતુરૂપ થાય,તે આ દાનસૂત્રનું ઐદંપર્ય સમજવું. ૯૮૮૦)

## સૂત્ર વિષયક પદાર્થનું સ્વરૂપ

આ આગળ કહી ગયા, તે કેટલાક પદાર્થ વિષયો જ માત્ર પદ, વાક્ય, મહાવાક્ય, ઐદંપર્યના પ્રકારવાળા સર્વજ્ઞ ભગવંતે પ્રરૂપેલ આગમની વ્યાખ્યા - યુક્ત નથી, પરંતુ જિનેશ્વરોએ કહેલાં સમગ્ર સૂત્ર વિષયક આ પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ, ઐદંપર્યરૂપ ભેદો તે દ્વારા સૂત્રોની વ્યાખ્યા કરવી-એમ મનમાં આશય સ્થાપન કરીને કહે છે —

૮૮૧—આ પ્રમાણે જેમ અમે કહી ગયા, તે ક્રમાનુસાર જેટલાં જેટલાં સૂત્રો છે, તે દરેક સૂત્રને આશ્રીને ઘણે ભાગે પંડિતપુરુષે-જેમણે શાસ્ત્રોનાં રહસ્યો જાણેલાં હોય, તેવા સાધુપુરુષે કહેલી વિધિ પ્રમાણે વ્યાખ્યાન કરવું. આ પ્રમાણે વ્યાખ્યાન કરવાથી કે શ્રવણ કરવાથી નક્કી સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થાય છે. જેમ કે, મધ્યમજિન-સાધુઓને ચાર મહાવ્રતો હોય છે. પહેલા-છેલ્લા તીર્થંકરના સાધુઓને પાંચ મહાવ્રતો હોય છે. આ બંને સૂત્રો સાંભળીએ, ત્યારે તેનો શબ્દાર્થ આ પ્રમાણે થાય કે, 'બાવીશ તીર્થંકરના સાધુઓને પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, પરિગ્રહ તેનાથી વિરમવા રૂપ ચાર મહાવ્રતો હોય છે, અને પહેલા, છેલ્લા તીર્થંકરના સાધુઓને મૈથુનની વિરતિ સહિત પાંચ મહાવ્રતો રૂપ વિરતિ હોય છે. હવે અહિં પરિગ્રહની અંદરજ મૈથુનવિરતિ સમાઇ જતી હોવાથી, ન ગ્રહણ કરેલી સ્ત્રી ભોગવી શકાતી ન હોવાથી, પરમાર્થથી વચલા તીર્થંકરોના સાધુઓને પણ પાંચ જ મહાવ્રત હોય છે - આ પ્રમાણે વાક્યાર્થ થયો. વસ્તુનો રાગદ્વેષ - એ બંને જ પરિગ્રહ છે. 'મૂર્છાને પરિગ્રહ કહેલો છે, તે રાગ-દ્વેષના ઉપયોગનો નિત્ય સંબંધ હોવાથી એ મહાવાક્યાર્થ. રાગદ્વેષનો ઉપયોગ પરિગ્રહ ભાવથી અલગ નથી, આ જ રીતે નિષ્પરિગ્રહતા થાય, રાગ-દ્વેષનો અભાવ થાય, ત્યારે નિષ્પરિગ્રહતા થાય. અન્યથા=તેમ ન સ્વીકારો, તો બાહરથી પરિગ્રહ ન હોય તો પણ રાગદ્વેષથકી જવાથી દોષની નિવૃત્તિ નથી. આ તાત્પર્ય-ઐદંપર્ય સમજવું. એ પ્રમાણે બીજાં સૂત્રોમાં પણ પદાર્થ, વાક્યાર્થ વગેરેની યથાર્થ શંકા ઉત્પન્ન કરી યથાર્થ આ સર્વે જોડવા. (૮૮૧)

## ક્રમિક વ્યાખ્યાનમાં શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ

હવે કહેલા ઉપદેશનો ક્રમ ઉલ્લંઘવામાં આવે, તો દોષ બતાવતા જણાવે છે કે —

૮૮૨—યથોક્ત પદાર્થાદિના વિભાગનો ક્રમ ઉલ્લંઘન કર્યા વગર વ્યાખ્યાન કરવામાં શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. કેવી રીતે ? અહિં 'ગમા' એટલે અર્થના માર્ગો, તે અર્થો દરેક સૂત્રોના અનંતા સંભવે છે. કહેલું છે કે —"સર્વ નદીઓની જેટલી રેતીની કણિયો છે, અથવા સર્વ સમુદ્રોનું જેટલું જળ છે—અર્થાત્ તેનાં જેટલાં બિન્દુઓ છે, તેના કરતાં પણ એક સૂત્રના

અર્થો અનંતગુણા કહેલા છે." માટે કોઇ પણ એક 'ગમ' એટલે અર્થમાર્ગ એટલે જેમાં કોઇ શંકા નથી કે પરિહાર નથી-એવા એક અર્થમાર્ગના આશ્રયથી "શ્રુત" જ્ઞાન દૃષ્ટ થાય છે. ઇષ્ટ પ્રત્યક્ષ અને અનુમાનની સાથે વિરોધમાં જે જ્ઞાન થાય, તે ન હોવાથી જે મનુષ્ય આગ્રહ નથી કરતા, તેને જે જ્ઞાન થાય, તે શ્રુત થાય છે, પણ ચિંતા કે ભાવના જ્ઞાન ન હોય, અહિં [1]શ્રુતમયજ્ઞાન, ચિંતામય જ્ઞાન અને ભાવનામય જ્ઞાન એમ ત્રણ જ્ઞાનો કહેલાં છે. તેનાં લક્ષણો આ પ્રમાણે જાણવાં –

કોઠારમાં રહેલા બીજસમાન, જેમાં માત્ર વાક્યાર્થ-વિષયક જ્ઞાન હોય, તે મિથ્યા આગ્રહ-રહિત શ્રુતમય જ્ઞાન જાણવું. વળી જે મહાવાક્યાર્થથી ઉત્પન્ન થયેલ અતિસૂક્ષ્મ સુયુક્તિનાં ચિંતનથી યુક્ત હોય. પાણીમાં જેમ તેલનું બિન્દુ ફેલાઇ જાય, તેવું ચિંતામય જ્ઞાન હોય. મલયુક્ત-નિર્મલ રત્ન સાફ કર્યા વગરનું હોય, તેની કાંતિ સમાન ચિંતાજ્ઞાન હોય. હવે ઐદંપર્ય અર્થમાં રહેલું ભાવનામય જ્ઞાન તે કહેવાય કે, જે વિધિ આદિમાં ઉંચા પ્રકારનો જેમ પ્રયત્ન હોય. બીજાને તો એટલે જે આગ્રહવાળા પોતાની મતિકલ્પના આગળ કરનારને તો મિથ્યાશ્રુત હોય છે. પદ્મરાગ મણિસમાન કાંતિવાળું ભાવનાજ્ઞાન હોય છે. વિધિ આદિ તાત્પર્યમાં ગયેલું અતિયત્નસહિત જે જ્ઞાન, તે ભાવનામય જ્ઞાન છે.

## શ્રુત-ચિન્તા-ભાવના રૂપ જ્ઞાનનાં લક્ષણો

કહેવાનો ભાવ એ છે કે–**સ્થાનાંગ** સૂત્રના પ્રથમ સૂત્રમાં 'एगे आया' એ સાંભળવાથી "જગતમાં માત્ર એક જ આત્મા છે અને તે જુદા જુદા દરેક શરીરમાં જળમાં એક અથવા અનેક ચંદ્રો દેખાય છે, તેમ જીવ દેખાય છે." આ પ્રમાણે અદ્વૈતવાદ સ્વીકારનાર કે એક સંગ્રહ નામના નયના અભિપ્રાયથી આ સૂત્ર પ્રવર્તેલું છે-એવો પરમાર્થ નહીં સમજનારા જ આમ માને છે. આ જિનેશ્વરના મત-શાસનમાં તો પુરુષોના અનેક વિભાગો દેખાય છે, વળી સંસાર અને મોક્ષ એવા વિભાગ પણ છે, તેના વચનનો વિરોધ ન દેખાતાં તેવા પ્રકારનાં જ્ઞાનાવરણ કર્મોનો ક્ષયોપશમ થયેલો ન હોવાથી એકાત્મલક્ષણ એક જ અર્થમાર્ગનો આશ્રય કરે છે, તેનો જે અર્થ માર્ગ તે સ્વાભાવિક આગ્રહ વગરનો હોય છે. તેથી તે શ્રુતમય જ્ઞાન કહેવાય છે, પરંતુ ચિંતામય, ભાવનામય જ્ઞાન ગણાતાં નથી.

હવે જે પોતાના જ્ઞાનમાં આગ્રહી હોય અને તે કદાપિ ગીતાર્થ હોય, પરંતુ સમજાવવા છતાં પણ યથાર્થ માર્ગાનુસાર અર્થને ન સ્વીકારતો હોય, તો તેનું જ્ઞાન મિથ્યાજ્ઞાન સમજવું. આ પ્રમાણે બીજાં સૂત્રોમાં પણ ભાવના કરવી. (૮૮૨)

શંકા કરી કે, પ્રતિનિયત સૂત્રોને ઉદ્દેશીને લોકમાં પદના અર્થો પદાર્થો, વાક્યાર્થાદિ રૂઢ છે, તો પછી આ પ્રમાણે આ વ્યાખ્યા કેવી રીતે કરાય ? સાચું છે –

૮૮૩–જૈનેન્દ્ર શાસનને અનુસરનારા એવા લોકોત્તર મતને માનનારાઓ માટે 'न हिंस्याद् भूतानि' આવા પ્રકારના સૂત્રની વ્યાખ્યામાં અમે અહીં આગળ કહી ગયા તે

૧. ૧૨ માં ષોડશકમાં આ ત્રણે જ્ઞાનો હરિભદ્રસૂરિએ કહેલાં છે

પદાર્થાદિકને ઘટના પૂર્વક માનવા.

શંકા કરી કે, 'न हिंस्यात् सर्वभूतानि' આ માં તે સર્વે પદો જ વાક્ય છે. કારણ કે ક્રિયાપદ સહિત પદોના સમુદાય સ્વરૂપ હોવાથી, તો આ સૂત્ર માત્ર ઓઘ-સામાન્ય અર્થવાલો પદાર્થ કેમ માની શકાય ? તેનું સમાધાન આપતાં કહે છે કે-પ્રશ્ન કે શંકા ઉત્પન્ન કર્યા વગર, તેમ જ શંકાનો પરિહાર કર્યા વગર માત્ર સામાન્યરૂપ અર્થનું કથન કરવારૂપ આ કથન કરેલું છે. જે કારણથી પ્રથમ જે પદાર્થ-પદનો અર્થ જ માત્ર સિદ્ધ થયેલો છે. પ્રશ્નોત્તર જેમાં થયા નથી, માટે આ પદાર્થ જે છે. ઓઘ અર્થ સામાન્ય અર્થ છે. આ પ્રમાણે વાક્યાર્થ વગેરે સદ્‌ભૂત વિશેષ, વિશેષતર, વિશેષતમ અર્થને જણાવે, ત્યારે જ પોતપોતાનું સ્વરૂપ મેળવે છે. બહુ કે બહુતર પદસમૂહ રૂપ હોવાથી અસારરૂપ કોઇ અર્થ વિશેષને પ્રકાશિત કરતા તે પોતાના સ્વરૂપને લૌકિક શાસ્ત્રની જેમ પ્રાપ્ત કરતા નથી. (૮૮૩)

**હવે લોકોત્તર દૃષ્ટાંત દ્વારા લૌકિક પદાર્થનું સ્વરૂપ કહે છે**

વૃક્ષ, ઘડો, પટ વગેરે શબ્દોથી અહિં માત્ર લિંબડો, આંબો, માટીનો કે તાંબાનો એવા વિશેષ વગર આપણને સામાન્ય બુદ્ધિ થાય કે, આ ઝાડ આ ઘડો, આ વસ્ત્ર છે, પરંતુ વૃક્ષના બીજા ઉત્તરગુણરૂપ કંદ, મૂળ કે ડાળી અથવા જાંબુનું કે આંબાનું વૃક્ષ એમ વિશેષ જાણપણું ન થાય, એટલે વળી જાણવાની આકાંક્ષા થાય કે, જાંબુનું કે કેરીનું વૃક્ષ, તાંબાનો કે માટીનો ઘડો, ત્યારે ઉત્તર એટલે પછીના ધર્મો જાણવાની જિજ્ઞાસા જેમાં ઉભી રહે એવી બુદ્ધિ થાય. જેમ કે, સર્વ ભૂતોની હિંસા ન કરવી એ વગેરે કે શબ્દો પદાર્થ, વાક્યાર્થ આદિ પ્રકારો વડે અશંકિતપણે પોતાના અર્થને પ્રતિપાદન કરનાર થાય છે. તે જ પ્રમાણે વૃક્ષાદિક શબ્દો પણ પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ, ઐદંપર્ય વિષયક ભાવને પામેલા શ્રોતાનું મનને પૂર્ણપણે પ્રતીતિ-વિશ્વાસ કરાવનાર થાય છે. તે આ પ્રમાણે—દૂરથી ડાળી, પાંદડાં વગેરે યુક્ત પદાર્થ દેખીને કોઇક પુરુષ બીજા કોઇકને કહે કે, 'આગળ વૃક્ષ રહેલું છે.' તે સાંભળીને શ્રોતાએ શબ્દાર્થ રૂપ પદાર્થ સાંભળ્યો. હવે તેમાં આગળ શંકા કરી કે, 'આ વૃક્ષ તો છે, પરંતુ આંબો છે કે લિંબડો ? એવા રૂપેશંકા કરવામાં આવે, તે વાક્યાર્થ. ત્યાર પછી અમુક પ્રકારનો પ્રતિવિશિષ્ટ આકાર દેખીને આ આંબો જ છે, અથવા તો લિંબડો છે એવા પ્રકારનો ચોક્કસ વિશ્વાસ થાય, તે મહાવાક્યાર્થ. અને નિર્ણય થયા પછી કેરી ફળના અર્થીએ ત્યાં જવાનો પ્રયત્ન કરવો, તે રૂપ ઐદંપર્ય અર્થ સમજવો. (૮૮૫)

ઉપસંહાર કરતા કહે છે —

૮૮૬—વ્યાખ્યાનિધિ-કથન વિષયક વિસ્તાર કરવો હવે બંધ કરીએ છીએ. મંડલીના સ્થાપનમાં પ્રમાર્જના કરવી-કાજો લેવો એ વગેરે વિધિ આગમ શ્રવણ કરનાર (શ્રોતાએ નક્કી કરવી જ જોઇએ. સમ્યગ્જ્ઞાન ગ્રહણ કરવાના લક્ષ્યવાલા આત્મા આજ્ઞાયોગરૂપ વ્યાખ્યા વિષે જે આચારોનું પાલન કરવાનું કહેલું છે, તે પણ અહિં સાથે સમજી લેવું (૮૮૬) જ્ઞાનવાળા હોય તે જે કરે છે, તે કહે છે —

૮૮૭ — વિધિપૂર્વક શાસ્ત્રનો બોધ જેણે મેળવ્યો હોય, તેવા જ્ઞાની પુરુષ અનેક

વિઘ્નોથી સ્ખલનાવાળું કાર્ય આવી પડે, તો પણ ધર્મારાધનરૂપ ઇષ્ટ કાર્યની સિદ્ધિ મેળવે છે. કેવી રીતે ? તો કે - તેવા તેવા દ્રવ્ય, ક્ષેત્રાદિ સ્વરૂપ વર્તન કરવા રૂપ ઉપાયો પોતે શાસ્ત્રાધારે જાણેલા હોય, જેથી બીજા ધર્મકાર્યમાં હરકત ન આવે, તેવી રીતે ઇચ્છોલા ધર્મકાર્યની સાધના કરે. બીજા ધર્મને હાનિ પહોંચે તેવા ધર્મ ધર્મરૂપતાને પામતો નથી. તે માટે કહેલું છે કે, "સત્પુરુષોએ તેને જ ધર્મ હોય, તે જ ધર્મ કહેવાય. તથા વેદના જ્ઞાતાજનની વેદશાસ્ત્રમાં કહેલી વિધિ અનુસાર પોતે સેવા કરે, સાપની ગતિ માફક ગતિ સૂક્ષ્મ છે અને તેની પાછળ ગતિ છે, તે બહુ કઠિન છે." (૮૮૭)

૮૮૮—સમ્યગ્દર્શનાદિક નિર્વાણના માર્ગમાં કોઇક તેવા ભવ્યાત્માને તેના ભાવને અનુસરીને એટલે કે, જે આત્માને પ્રતિબોધ કરવો હોય, તેના મનના પરિણામ કોમળ, આકાર કે મધ્ય છે અને તેની સાથે સામલક્ષણ ભાવથી-પ્રધાન સામનીતિથી કામ લેવાય તો પ્રતિબોધ કરવારૂપ કાર્ય સિદ્ધિ થાય છે. તે માટે કહેલું છે કે —"જો કે, સાધ્યકાર્ય સિદ્ધિ કરવા માટે ચાર ઉપાયો કહેલા પ્રસિદ્ધ છે. સામ, દામ, દંડ અને ભેદ. પંરતુ ત્રણનું તો નામ માત્ર જ ફલ છે. સામનીતિમાં જ સિદ્ધિ પ્રતિષ્ઠિત થયેલી છે. તથા "અતિતીક્ષ્ણ દાવાનળ વૃક્ષને બાળી તો નાખે છે, તા પણ તેના મૂળનું રક્ષણ કરે છે. (જેથી તેમાંથી વૃક્ષ ઉભું થાય છે), પરંતુ કોમળ, શીતળ એવો જે વાયરો હોય, તે વૃક્ષને મૂળસહિત ઉખેડી નાખે છે." (કે જેમાંથી ફરી વૃક્ષને ઉગવાનો અવકાશ જ નથી.) ત્યારે જે જ્ઞાની પુરુષ હોય, તે તેવા ધર્મ પામી શકે તેવા આત્માઓને સમ્યક્ત્વ - બીજાધાન પામવાની યોગ્યતાવાલા એવી રીતે સમજાવીને કરે કે, તેઓ ધર્મની પ્રશંસા કરે. વળી તેમના કુલક્રમથી અનિંદિત એવા શિષ્ટજન ઉચિત જે આચારો હોય કે ન્યાયથી વૈભવ મેળવતા હોય, તેવા અનુષ્ઠાનોની પ્રશંસા કરીને ધર્મ પમાડવા પ્રયત્ન કરે. (૮૮૮) આ વિષયનું દૃષ્ટાંત કહે છે —

## તત્ત્વજિજ્ઞાસુ રાણીનું ચરિત્ર

૮૮૯—શાસ્ત્રમાં એમ સંભળાય છે કે—કોઇક રાજપત્નીને ચિત્તવૃત્તિના નિરોધરૂપ ધ્યાનગ્રહનો દૃઢ આગ્રહ થયો હતો અને તેને તે રૂપે ધર્મમાર્ગમાં જોડેલી હતી, તથા અસંજ્ઞી-કાનનો કાચો અને ઘણા મતો સાંભળનાર અને તે પ્રમાણે તે મતમાં જોડાયેલ હતો, પરંતુ તે બંનેને કોઇક પૂર્વાચાર્યોએ તેના સ્વભાવને અનુરૂપ ઉપદેશ આપી માર્ગમાં જોડ્યા. (૮૮૯) નવ ગાથાઓથી દૃષ્ટાંત કહે છે —

૮૯૦ થી ૮૯૮—કોઇક રાજાની પત્નીને સ્વાભાવિક મોહની મંદતા થવાથી સંસારનો કંટાળો આવ્યો. "વૃદ્ધાવસ્થા, મરણ, દુર્ગતિ, વ્યાધિઓની વાત તો બાજુ પર રાખીએ, પરંતુ હું એમ માનું છું કે, ધીર પુરુષો માટે આ જન્મે એ ઘણી લજ્જા ઉત્પન્ન કરનાર છે. ઇત્યાદિ વચનો સાંભળીને ભવથી ઉદ્વેગ પામી. ત્યારે સંસારને નિઃસાર માનતી સંસારરૂપ કેદખાનામાંથી બહાર નીકળવાનો ઉપાય શોધતી એવી તેણે કયાંયથી સાંભળ્યું કે, 'ધ્યાનથી મોક્ષ થાય છે.' એટલે ગ્રહનો વળગાડ વળગ્યો હોય, તેમ ધ્યાનમાર્ગમાં અતિશય આગ્રહવાલી બની ગઇ. કોઇક સમયે શૈવમતાનુંયાયી સંન્યાસીને તેણે પૂછયું કે, 'ધ્યાનમાર્ગ કેવો હોય ?'

શૈવપંથના સંન્યાસીએ તેને કહ્યું કે, ચાર પાંખડીવાળા નાભિરૂપ કમળની અંદર કાશકુસુમ-સમાન ઉજ્જવલ દેહવાળા, ચદ્રખંડથી મંડિત મસ્તકવાળા, ત્રણ નેત્રવાળા, ત્રીજા નેત્રમાં પ્રવર્તતી અગ્નિજ્વાલાઓથી જેમણે સમગ્ર દિશા-વલયો પ્રકાશિત કર્યો છે, જેમણે અર્ધ દેહથી પોતાની પ્રાણપ્રિયા પાર્વતીને ધારણ કરી છે - એવા શિવનું ધ્યાન કરવું.

ત્યાર પછી તેની પ્રક્રિયા આ પ્રમાણે જણાવી કે-સિદ્ધિ, ઋદ્ધિ, ધૃતિ, લક્ષ્મી, મેધા, ક્ષાંતિ, સ્વાધા. સ્થિતિ - આ નામની આઠ *સદ્ય દેવકળાઓ સંક્ષેપથી કહી જણાવી. સદ્યોદેવને પશ્ચિમદલમાં આ પ્રમાણે પૂજા કરવી. રચ, રક્ષા રતિ, પાલ્યા, કામ્યા, કૃષ્ણા, રતિ, ક્રિયા, વૃદ્ધિ, કાલ, રાત્રિ, ભ્રામણી, મોહની આ પ્રમાણે તેર વામદેવની કળાઓ કહેલી છે. વામદેવને ઉત્તરદલમાં પૂજવા. ત્યાર પછી મોહ, મદ, નિદ્રા, માયા, મૃત્યુ, ભય, જરા-એમ આ અઘોરની સાત કળાઓ સંક્ષેપથી કહેલી છે. દક્ષિણદલમાં અઘોરની પૂજા કરવી. નિવૃત્તિ, પ્રતિષ્ઠા, વિદ્યા શાંતિ એમ આ તત્પુરુષની ચાર કળાઓ કહેલી છે. પૂર્વદલમાં તત્પુરુષની પૂજા કરવી. તારા, સુતારા, તરણી, તારયંતી અને સુતારણી એ ઈશાનદેવની પંચ કળાઓની પૂજા પ્રયત્નપૂર્વક કરવી. કર્ણિકાના મધ્યમાં ઈશાનદેવની પૂજા કરવી. આડત્રીશ કળાઓથી યુક્ત, પાંચ તત્ત્વ સહિત એવા પ્રાસાદને જે જાણતો નથી, તે શંકરને જાણતો નથી.ત્યાર પછી તે રાણી ત્ર્યંબકદેવમાં સ્થિરચિત્ત કરીને હંમેશાં તેમાં જ એકાગ્ર મન રાખી ધ્યાન કરવા લાગી. (૮૯૦)

કોઈક સમયે તપથી દુર્બલ થયેલી કાયાવાળા, છઠ્ઠ, અઠ્ઠમ આદિ આકરી તપસ્યા કરનાર જૈન સાધુનાં તેને દર્શન થયાં. ત્યાર પછી બહુમાન-સહિત તે સાધુની પર્યુપાસના વિનયાદિક કરવા લાગી. તેવા પ્રકારનો યોગ્ય સમય મળ્યો, ત્યારે તેમની પાસે ધ્યાન સંબંધી પૃચ્છા કરી કે-'ધ્યાન કેવા પ્રકારનું હોય ?' તે તપસ્વી સાધુ અગીતાર્થ હોવાથી તેણે આ પ્રમાણે તેને કહ્યું કે 'અમે જ્યારે ભિક્ષા લેવા માટે જઈએ, ત્યારે હાથમાં ગ્રહણ કરવા લાયક એવા આ દંડવિશેષ છે, તે જ્યારે ઈર્યાવહિ કે પ્રતિક્રમણ આદિ સમયે તેને આગળ રાખીને ધ્યાન કરીએ છીએ. એટલે તે રાણીને એમ થયું કે, 'આ જૈનો ધ્યાનમાર્ગથી બહાર વર્તનારા છે' એમ તે રાણીને દયા ઉત્પન્ન થઈ. તે રાણીને પોતાનું કથન શ્રવણ કરવાથી ખેદ પામેલી દેખીને તે સાધુએ પોતે કોઈક ગીતાર્થ આચાર્યને પોતાની પ્રરૂપણા સંબંધી કથન કર્યું. તે ગીતાર્થ આચાર્ય મહારાજે તેવા પ્રકારનો પ્રસંગ મેળવીને જૈનાગમોમાં કહેલી ધ્યાનવિષયક સમજણ આપી કે, અમારા જૈનમતમાં આ એક ધ્યાનમાર્ગ છે. "સંપૂર્ણ શરદ-ચંદ્ર સમાન આહલાદક વદનવાળા, સિંહાસન પર વિરાજમાન, પરિવાર-સહિત, કેવલજ્ઞાનથી ઉજ્જવલ અને ઉજ્જવલ વર્ણવાળા એવા વીતરાગ જિનેન્દ્રનું ધ્યાન કરવું."

ત્યાર પછી તેણે ધ્યાનનો સ્વીકાર કર્યો. પછી તેને કૌતુક ઉત્પન્ન થયું કે, 'ધાર્મિકાદિ પુરુષો કેટલે દૂર રહેલા ત્યાં સુધી' - આનો અભિપ્રાય આ પ્રમાણે સમજવો કે-'ભગવંત જે સમયે દેશના આપવા માટે પધારે છે, ત્યારે કોઈ એકાદ મહર્ધિક વૈમાનિક દેવ કદાચિત્ ત્રણ

* સદ્યોદેવ, વામદેવ, અઘોર અને તત્પુરુષ આ ચાર શંકરદેવનાં રૂપો છે.

કિલ્લાસહિત અશોકાદિ આઠ પ્રતિહાર્યોથી યુક્ત યોજન-પ્રમાણ ભૂમિભાગને ઘેરેલ હોય. તેવું, સમવસરણ તૈયાર કરે છે. અને કદાચિત્ ભવનપતિ વગેરે સર્વે દેવનિકાયો સાથે મળીને પણ આવું સમવસરણ દેવતાઇ પ્રભાવથી વિકુર્વણા કરે છે. તેમાં દેવો વગેરે જે યાન-વાહનાદિક ઉપર બેસીને આવ્યા હોય, તે સચેતન કે અચેતન હોય તેને ત્રીજા કિલ્લામાં પ્રવેશ કરાવે છે. જે હાથી, ઘોડા વગેરે તિર્યંચો ભક્તિથી આકર્ષાઇને અહિં ભગવંતના દર્શન-શ્રવણ માટે આવેલા હોય, તે બીજા કિલ્લાની અંદર પ્રવેશ કરે છે. હવે જે દેવો, દાનવો, માનવો આદિ બાકી રહેલા હોય, તેઓ જયાં દેવ હોય, ત્યાં સુધી પ્રવેશ કરી શકે છે.

ત્યાર પછી જયારે તે નિશ્ચલ ચિત્તવાળી થઇ, ત્યારે ગુરુએ તેને સમજાવ્યું કે, આગળ જે સંકેત કહી ગયા, તે ધ્યાનમાર્ગ બીજા તીર્થોમાં - અન્યમતોમાં વર્તતો નથી તેણે તે વાત કબૂલ કરી. એટલે ગુરુએ પણ કહ્યું કે, બીજા જે કોઇ ધ્યાનમાર્ગના અર્થી હોય, તેમણે પોતાના હૃદયમાં તેવા સ્વરૂપવાળા તે ભગવંતની કલ્પના કરીને દેવ-દાનવની જેમ તેમની નજીક સુધી પ્રવેશ કરવો. ત્યાર પછી તે પ્રવેશ ઉપર સાડા ત્રણ કલા-રેખા સહિત ભગવંતનું ધ્યાન કરવું. અહિં જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મરૂપ આઠ કળા, તેમાં ઘાતિકર્મરૂપ ચાર કળા અને કેટલીક આયુષ્યકર્મની કલા ભગવંતના કેવલજ્ઞાન-સમયે ક્ષીણ થઇ. (અર્થાત્ આઠ કર્મમાંથી સાડા ચાર કર્મો ક્ષીણ થયાં, એટલે સાડા ત્રણ કળા બાકી રહી.) માટે તે કેવલી ભગવંતની સાથે તે અનુસરતી હોવાથી કેવલિના વિહારકાલ સુધી તેનું ધ્યાન કરવું. તેથી આ જ શાસ્ત્રકારે બ્રહ્મ-પ્રકરણમાં કહેલું છે કે, 'ધર્માદિ સર્વ પદાર્થો એકી સાથે જે તત્ત્વભૂત સ્વરૂપે જાણે છે, એવા જે રાગાદિ હોય, તેમને પંડિતપુરુષો કેવલી તરીકે માને છે.

સાડા ત્રણ કળાઓથી યુક્ત, સાડા ચાર કળાઓ જેની ક્ષીણ થયેલી છે, સર્વાર્થોને જેમણે સિદ્ધ કરેલા છે, એવા કેવલજ્ઞાન-લક્ષ્મીવાળા મનુષ્યો, દેવો અને અસુરોથી પૂજાયેલા છે. યથાર્થ નામના યોગવાળા હોવાથી આ મહાદેવ, અર્હન્ત, બુદ્ધિ એવા પ્રશસ્ત નામો દ્વારા પંડિતપુરુષો તેમનું કીર્તન કરે છે." ઇત્યાદિ. સાડાત્રણ કળાઓથી યુક્ત એમ કહીને તે પ્રશસ્ત કર્મોથી યુક્ત હોવાથી સુંદર કળાઓવાળા એવાથી બીજા પ્રકારવાળા-સ્વરૂપવાલા સિદ્ધભગવંતોનું બીજું ધ્યાન ધ્યાવાનું. તે માટે કહેલું છે કે- 'અનંતદર્શન, અનંતજ્ઞાન, સમ્યક્ત્વ વગેરે ગુણોથી યુક્તિ એવું પોતાનું અસલ આત્મસ્વરૂપ જેમણે જાતે ઉપાર્જન કરેલું છે. ત્યાર પછી જેમણે દેહત્યાગ કરેલ છે, એવા આકારને ધારણ કરનાર સિદ્ધિ પરમાત્માઓનું ધ્યાન કરવું. આકારવાળા અને આકાર વગરના અમૂર્ત, જરા અને મરણ વગરના, જિનબિંબની જેમ સ્વચ્છ સ્ફટિકરત્નસમાન સ્વરૂપવાળા લોકના અગ્રભાગરૂપ શિખર પર આરૂઢ થયેલા થયેલા આત્મસુખ-સંપત્તિઓને વહન કરતા અર્થાત્ અનુભવતા વળી જેમને હવે કોઇ પ્રકારની બાધા ઉત્પન્ન થવાની નથી જ. જેમણે કર્મ-કાદવને દૂર કરેલો છે, એવા સિદ્ધોનું ધ્યાન કરવું. આ બીજા ધ્યેયના અભ્યાસથી તેમનાં દર્શનની પ્રાપ્તિ થાય છે. કોની જેમ? તો કે, સ્વચ્છ આકાશવાળા ઘરમાં દીવો અંદર રહેલો હોય, તો બહાર રહેલાને જેમ દર્શન થાય, તેવી રીતે તેવા આત્માને ધ્યાન યોગ દ્વારા સિદ્ધ પરમાત્માનાં દર્શન થાય છે.

શૈવમતના જે વિદ્યા, મંત્રાદિ તેના સંન્યાસીએ ઉપદેશેલાં હતાં, તે સર્વ વિદ્યા, મંત્ર,

તંત્ર, રક્ષાદિકને અતત્ત્વ સ્વરૂપ ગુરુએ જ્યારે સમજાવ્યાં, ત્યારે તે રાણીએ સમ્યગ્ દર્શનના યોગે અતત્ત્વ સ્વરૂપે દેખ્યાં. હવે તેના ચિત્તમાં બે પ્રકારના વિકલ્પો ઉત્પન્ન થયા, તે આ પ્રમાણે-'પૂર્વે મેં આ ધ્યાનમાર્ગ પ્રમાણરૂપે સ્વીકાર્યો હતો, પરંતુ તે અપ્રમાણ સ્વરૂપ નીકળ્યો. રખેને આ પણ એ પ્રમાણે અપ્રમાણરૂપ થાય - એવી શંકા થતાં ગુરુમાં જ્ઞાન, ક્રિયા તેમ જ ઉપશમાદિ ગુણોને અનન્ય - અસાધારણ દેખાતાં પોતે દૃઢ સમ્યક્ત્વની શ્રદ્ધાવાળી બની અને વિચારવા લાગી કે, 'આ ગુરુ સત્ય છે.' ફરી પણ રાણી ગુરુમહારાજને પ્રશ્ન કરવા લાગી કે-'હે ભગવંત ! તત્ત્વ શું ?' ત્યારે ગુરુએ કહ્યું કે-'જે કાળે જે ઉચિત અનુષ્ઠાન કરવાનું હોય, તે કાળે ઉચિત ધ્યાન, અધ્યયન, દેવતા-પૂજાદિક, સાધુ - દાનાદિક કાર્યો ત્યારે કરવાં - એવા લક્ષણવાળું અનુષ્ઠાન કરવું. (૮૯૪)

આથી વિપરીત કરવાથી નુકશાન થાય છે, તે કહે છે - ઉચિતપણા વગર આ અનુષ્ઠાન કરવામાં આવે, તો છાત્ર શિખાઉ વિદ્યાર્થી રત્નની પરીક્ષા કરે, તેના સમાન જાણવું. ઘણા ભાગે યોગ્ય આત્મા સિવાય બીજાને ઈષ્ટફલની પ્રાપ્તિ હંમેશાં વિઘ્નભૂત થાય છે. એટલે અધકચરો શીખેલ વિદ્યાર્થી દુઃશક ફલની સિદ્ધિ કરવા સમર્થ બની શકતો નથી. (૮૯૫)

રત્નપરીક્ષા શીખનાર છાત્ર રત્નની પરીક્ષા-વિષયક ઉદાહરણનો વિચાર કરાય છે –

## રત્નપરીક્ષક છાત્રની કથા

ઉત્તર રત્નોનાં બનાવેલાં કંઠાભરણ આદિ લક્ષ્મી ફળ આપનાર થાય છે-એમ પત્નીએ કહેલ વાક્ય સાંભળીને કોઈક વિદ્યાર્થી પ્રથમ બીજા જીવનોપાય છોડીને, રત્નની પરીક્ષા કરવામાં આદરવાલો થયો. એટલે ખાવા-પીવા, લુગડાં ઘર વગેરેથી ચૂક્યો અર્થાત્ રખડ્યો. (૮૯૬) એ જ પ્રમાણે 'ધ્યાનથી મોક્ષ છે' એ વચન સાંભળીને પ્રથમ કાર્ય જે ગુરુનો વિનય, શાસ્ત્રાભ્યાસ, કહેલાં બીજાં અનુષ્ઠાનો-એ સર્વ ઉચિત કાર્યો છોડીને માત્ર એકલા ધ્યાનમાં એકાગ્ર બને, તો ઉચિત એવા સર્વથી નક્કી તે ચૂકી જાય છે . અહિં કહેવાનો એ અભિપ્રાય છે કે –

જેને સંપૂર્ણ ભોજન, કપડાં, રહેઠાણ ઈત્યાદિ સુખો પ્રાપ્ત થયેલાં હોય, એવો પુરુષ વિશેષ વૈભવ મેળવવાની અભિલાષ કરે, તેણે રત્નપરીક્ષા કરવી ઈત્યાદિ વાત બરાબર છે, તેમ અહિં સમગ્ર સાધુના સમાચાર પાલન કરવા પૂર્વક તેમજ ધર્મધ્યાન અને શુક્લધ્યાનને યોગ્ય સૂત્ર અને અર્થોનો સારી રીતે જેણે અભ્યાસ કરેલો હોય,શાસ્ત્રકારે કહેલાં બીજાં અનુષ્ઠાનોને પણ બાધા ન પહોંચે, તેમ આગળ જણાવી ગયા તે ધ્યાન કહેવાય. શ્રાવકો હોય, તેમણે પણ શ્રાવકોચિત બાકીનાં કહેલાં અનુષ્ઠાનોનું સેવન એવી રીતે કરવું કે, બીજાં ધર્માનુષ્ઠાનોને હરકત ન પહોંચે-તેવી રીતે નમસ્કારાદિનું ધ્યાન કરવું ઉચિત ગણાય. ત્યાર પછી આચાર્ય ભગવંતે સાધુ-શ્રાવકધર્મને સમજાવનારી ધર્મદેશના આપી. તે ધર્મદેશના તેના આત્મામાં પરિણમી. રાજપત્નીએ પણઅણુવ્રતો સ્વીકાર્યા. આ પ્રકારે જ્ઞાની ગીતાર્થ પુરુષ હોય, તે સર્વનું તેમ જ પોતાનું પણ કલ્યાણ ઘણે ભાગે કરે છે. (૮૯૦ થી ૮૯૮)

દશ ગાથાથી હવેબીજું ઉદાહરણ કહે છે –

## કાચાકાન વાળારાજાનું દૃષ્ટાંત

૮૯૯ થી ૯૦૮–સંમૂર્ચ્છિમ જીવ જેવો એટલે કે, યોગ્ય-અયોગ્ય પદાર્થના વિવેકને ન સમજનાર, સાંભળેલામાંથી શાસ્ત્રનાં અલ્પ વાક્યો યાદ રાખનાર એવો, કાચા કાનવાળો, કોઇ રાજા હતો ઉત્તમ ધર્મને અયોગ્ય એટલે દેવ -ગુરુ-ધર્મના વિભાગની વાત કહે, તે ન સહન કરનાર એટલે સર્વ દેવ, ગુરુ તરફ શ્રદ્ધા રાખનાર, સ્વભાવથી ધર્મશ્રદ્ધાલું હતો અને તેનો પરિવાર તેને ખોટી રીતે અનુસરનારો અને વિવેક વગરનો હતો. કોઇક સમયે ભોળપણથી સામાન્યરૂપે ધર્મશ્રદ્ધાલુપણાથી તેવા પ્રકારના બુઠ્ઠી બુદ્ધિવાળા જૈન તપસ્વી મુનિને દેખીને તેના તરફ પ્રભાવિત થયો અને તેનીપૂજા તથા તેમને દાન આપવા તત્પર બન્યો. તેમાં ભૂજા એટલે આવે ત્યારે ઉભા થવું, વિનય કરવો અને દાન એટલે વસ્ત્ર-પાત્રાદિક સાધુ યોગ્ય પદાર્થ આપવા. હવે તે તપસ્વી જૈનમુનિએ કોઇક વખત શાક્યાદિક અન્ય મતવાળા બીજા ધર્મનું ખંડન કર્યું તથા ત્રસ-સ્થાવર જીવોની હિંસા થવા રૂપ અધિકરણની કથા કરી. સાચા માર્ગના દ્વેષી ખોટા માર્ગને ઠસાવનારા છે, તેમને ત્રસ, સ્થાવર જીવોનું જ્ઞાન હોતું નથી. તેમના મતમાં આ જીવોની હિંસાના રક્ષણનો ઉપાય બતાવ્યો નથી. આ સાંભળીને તે રાજા તે જૈનમુનિ તરફ અનાદરભાવવાળો અને ધર્મ પ્રત્યે અવળા માનસવાળો થયો કે, આ મૂર્ખજન જણાય છે, બીજા દર્શન તરફ ઇર્ષ્યાના ભારથી પરવશ બની જાય છે. (૯૦૦)

તે તપસ્વી મુનિએ ગીતાર્થ આચાર્યને આ હકીકત નિવેદન કરી કે, 'આ રાજા અમારી સાચી હકીકતની પ્રરૂપણા સાંભળી વિપરિણામવાળો થયો,' કોઇક સમયે તે આચાર્ય તે રાજાની પાસે આવી પહોંચ્યા. રાજાના મનોગત ભાવ જાણીને ગીતાર્થ આચાર્ય ભગવંતે રાજાના કોઇ વખત પૂછેલા પ્રશ્નો કેવી રીતે અને શું ઉત્તર આવ્યો ? તે કહે છે - 'હે ભગવંત ! તત્ત્વ શું છે ?' ત્યારે ગુરુએ કહ્યું કે - 'તત્ત્વ તો અતિગંભીર છે અને પોતે જાતે જાણવું અશક્ય છે.' ત્યારે રાજાએ કહ્યું કે 'અતિગંભીર હોવાથી જાણવું અશક્ય છે, તો આપ મને સમજાવો.' ગીતાર્થ ગુરુએ કહ્યું કે, તો પછી સાવધાન થઇને સાંભળો –

## સંજીવની ઔષધિ અને કૃત્રિમ બળનું દૃષ્ટાંત

સ્વસ્તિમતી નામની નગરીમાં કોઇક બ્રાહ્મણપુત્રીને એક સખી હતી. સમય જતાં બંનેનાં લગ્ન થયાં, એટલે સ્થાનનો ભેદ પડ્યો. કોઇક સમયે તેની સખીને બ્રાહ્મણપુત્રી સુખી હશે કે દુઃખી હશે ? એવી ચિંતા ઉત્પન્ન થઇ. ત્યાર પછી પોતે જ મહેમાન તરીકે ત્યાં ગઇ અને સખીને દેખી, તો સખીને ચિંતાવાળી દેખી. પછી ચિંતાનું કારણ પુછયું. સખીએ પણ પોતાની વીતક વાત શરુ કરતાં જણાવ્યું કે, ખરેખર મેં કંઇક એવાં પાપ કર્યાં હશે, જેથી પતિને હું દુર્ભગા નીવડી-અર્થાત્ પતિ મારી સાથે સ્નેહભાવથી વર્તતા નથી, પણ મારી તરફ અણગમાવાળા છે. સખીએ કહ્યું કે, તું ન કરીશ, હું તારા પતિને બલદ બનાવી દઇશ. પેલી એક જડીબુટ્ટી સમાન એક મંત્રેલી મૂલિકા આપીને પોતાના સ્થાને ચાલી ગઇ. એટલે પેલી

સખીએ એ મૂલિકાનો પ્રયોગ એટલા માટે કર્યો કે, 'આટલા કાળ સુધી મને અપ્રીતિથી અપમાનિત કરી, તો તેનો બદલો લઉં.' એ અભિપ્રાયથી તેનો ચૂર્ણાદિ મિશ્રણવાળો માંત્રિક યોગ્ય કર્યો અને પતિના ઉપર અજમાવ્યો. 'મણઇ, મંત્ર, ઔષધિઓનો પ્રભાવ કોઇ અચિન્ત્ય હોય છે.' એ પ્રમાણે પોતાના ભર્તારનું બળદમાં પરિવર્તન થઇ ગયું. પોતાના પતિની તેવા પ્રકારની અવસ્થા દેખીને તે વિલખી થઇ, કાયર બની ગઇ. ચિંતા કરવા લાગી કે, 'હવે આ પાછો બળદમાંથી પુરુષ ક્યારે થશે ?' ત્યાર પછી તેને જંગલમાં ચરવા લઇ જવા માટે કેટલીક ગાયો એકઠી કરી. પત્ની તેની પાછળ પાછળ ભ્રમણ કર્યા કરતી હતી.

કોઇક સમયે એક વિદ્યાધર-યુગલ વડલાની શાખાનું અવલંબન કરી રહેલું હતું, ત્યારે તેમના જોવામાં આ કૃત્રિમ બળદ આવ્યો. પોતાની ભાર્યાને વિધાધરે કહ્યું કે, આ સ્વભાવે મનુષ્ય છે, પરંતુ તેને બળદ છે. તેને પેલી વિધાધરીએ પૂછયું કે, ફરી આ મનુષ્ય કેવી રીતે બનશે ? તેણે કહ્યું કે, મૂળિયાથી. વિધાધરીએ પૂછયું કે, 'આ મૂલિકા ક્યાંથી મળી શકશે ? (૯૦૪)

વિધાધરે કહ્યું કે, 'આ જ વડલાની નીચે મૂળમાં જ તે છે.' એમ કહીને વિદ્યાધર-યુગલ અદશ્ય થયું. આ સમગ્ર વૃત્તાન્તને વડ નીચે બેઠેલી બળદની પત્નીએ સાંભળી લીધી. ત્યાર પછી તે ઘરે પાછી ગઇ. ચિંતા કરવા લાગી કે, 'આ મૂલિકા કેવી રીતે મેળવવી ? છેવટે તે સ્ત્રીએ એવો સંકલ્પ કર્યો કે, અહિં જેટલી વિવિધ વનસ્પતિઓ છે, તે સર્વ કાપી કાપીને તે બળદને ચારી તરીકે ખવડાવું તેમ કરવા લાગી, એમ કરતાં તે મૂલિકા બળદના ખાવામાં આવી ગઇ, તે મૂલિકાના ભક્ષણથી ફરી તે માનવ બની ગયો.' આ ન્યાયથી અહિં ગંભીર તત્ત્વ-વિચારના ચાલુ અધિકારમાં આ ધર્મરૂપી મૂલિકા એટલા માટે મેળવવાની જરૂર છે કે,વિપરીતજ્ઞાનરૂપી પશુભાવને પલટાવવામાં જે સમર્થ છે, માટે અત્યાર સુધી તો લોકમાં વર્તી રહેલા દેવ, ગુરુ અને ધર્મો અનેક પ્રકારના છે, તેના વિષયક સમ્યગ્જ્ઞાનના અભાવમાં અત્યારે તો સામાન્યથી અહિં સર્વ દેવતાના આરાધના રૂપ ધર્મતત્ત્વ સાધવાનું છે. જે દેવાદિકો જેટલી ઉચિત પ્રતિપત્તિપૂજાને યોગ્ય હોય, તેટલી પ્રતિપત્તિ કરવી અને તે પણ શિષ્ટલોકમાં રૂઢ હોય, તેવા વૈભવ ઉપાર્જનાદિ ન્યાયનું ઉલ્લંઘન થતું નથી, તેમ અવિરોધપણે તે ધર્મ, દેવ, ગુરુની આરાધના કરવામાં પ્રયત્ન કરવો. જેમ બળદપણું ચાલ્યું જવાથી મનુષ્ય થયો, તેમ અહિં સંસારીપણા રૂપી બળદપણાનો હ્રાસ થયો અને જીવરૂપી મનુષ્યપણું અર્થાત્ કેવલ જીવના લક્ષણ-વિવેકવાળી, જ્ઞાનવાળી અવસ્થારૂપ મનુષ્યપણું પ્રાપ્ત કર્યું. આ સાંભળીને રાજાને ઘણો આનંદ થયો કે-' આ મહાત્માનું માધ્યસ્થ મહાન છે.' આ પ્રમાણે સમજાવવાથી જૈનદર્શનની પ્રશંસારૂપ ઘણી પ્રભાવના થઇ.ત્યાર પછી શાસનનું ગૌરવ વધાર્યું. દર્શન વિષયક રાજાની ભક્તિએ પોતાના આત્મક્ષેત્રમાં સમ્યક્ત્વ-બીજનું રોપણ કર્યું. આ પ્રમાણે આગળ કહી ગયા તેમ ગીતાર્થ આચાર્યની જેમ જ્ઞાની ગીતાર્થ ગુરુઓ મોટા ભાગે હિત જ કરે. કહી ગયા તેવા આચાર્ય-સમાન લોક નિપુણ હોય છે, તો શ્રુત-ચારિત્રધર્મની આરાધના લક્ષણ ધર્મમાં બુદ્ધિશાળી પુરુષે નિર્ણયના હેતુરૂપ પ્રમાણ નક્કી કરવું જોઇએ. આ કારણે અગીતાર્થને પ્રમાણ ભૂત ગણવાથી અનર્થ થાય છે, તે કારણથી તેના સમાન આકાર ધારણ કરનાર એવા

બાકીના બીજા ગીતાર્થને તેના સરખા ન ગણવા. સમાન આકાર હોવા છતાં પણ પરસ્પર ચિત્રશક્તિઓના કારણે બંને જુદા પડી જાય છે. (૮૯૯ થી ૯૦૮)

જો આ પ્રમાણે છે, તો ઘણો અલ્પલોક પ્રમાણભૂત ગણાશે અને એમ અલ્પ લોક ધર્મ ગ્રહણ કરનારા હોય, તો ધર્મની અતિશય પ્રભાવના, ગ્રાહ્યતા ન થાય-એમ મનમાં વિચારનારા ભવ્યાત્માઓને હિતશિક્ષા આપતા કહે છે કે –

૯૦૯—ગતાનુગતિક રૂપ ઘણા લોકો જેમાં પ્રવૃત્તિ કરતા હોય, લોકરૂઢિથી ઉતરી આવેલો હોય, તેવા ધર્મને ઇચ્છતા હોય, તે ધર્મ-ચિંતામાં લૌકિક ધર્મ ગણાય છે. લોકમાં રૂઢ થઈને જે પ્રવર્તતો હોય, તેવો . જેમ કે, હિમના માર્ગમાં ચાલવું, અગ્નિમાં પ્રવેશ કરવો, પર્વતશિખર પર ચડી ત્યાંથી નીચે ભુસ્કો મારવો ઈત્યાદિ રૂઢ ધર્મનો ત્યાગ ન કરવો. કારણ કે, આચાર કરનારાઓની સંખ્યા લાખો અને ક્રોડોની દેખાય છે. (૯૦૯)

## અગીતાર્થને પ્રાણભૂત ન ગણવા

૯૧૦—મોટી સંખ્યા જેમાં હોય, તે કારણે ધર્મ પ્રમાણભૂત ગણાતો નથી, પરંતુ જે અનુષ્ઠાન સર્વજ્ઞના વચનાનુસાર પ્રમાણભૂત થયેલું હોય, તે જ ધર્માનુષ્ઠાન મોક્ષના અભિલાષી એવા ઉત્તમપુરુષે સેવન કરવા લાયક ગણાય. ધર્મ કરવામાં સ્વમતિકલ્પના પ્રમાણે વર્તનારા લોકોએ પ્રમાણભૂત ગયેલો હોય એથી, ઘણી સંખ્યાના લોકો હોય તેથી કશો લાભ થતો નથી. કલ્યાણાર્થી લોકો-મોક્ષના અર્થી જનો ઘણા હોતા જ નથી. (૯૧૦) તે જ વિચારાય છે –

૯૧૧—ઘી, તેલ, ધન, ધાન્યાદિકનો વેપાર કરનારા લોકમાં પદ્મરાગ, પુષ્પરાગ વગેરે રત્નના વેપાર કરનારાઓ, માત્ર ગણતરીના જ હોય છે. એના વેચનારાઓ પણ ઘણી જ અલ્પ સંખ્યામાં હોય છે. એ જ પ્રમાણે શુદ્ધધર્મરત્નના ખરીદ કરનારા નિર્વાણ-મોક્ષના અવન્ધ્ય કારણરૂપ સમ્યગ્દર્શનાદિ શુદ્ધધર્મ-રત્નાર્થીઓ, તેમ જ તેવા ધર્મરત્નને આપનારા ગુરુઓ જેઓ સ્વભાવથી જ ચારે ગતિથી ઉદ્વેગ પામેલા હોય, જેમણે આગમનું રહસ્ય જાણેલું હોય. આ કારણે તેઓ મોક્ષમાર્ગમાં જ હંમેશા તત્પર રહેનારા હોય, તેવા આત્માઓની સંખ્યા ઘણી જ અલ્પ હોય. (૯૧૧) આમાં હેતુ કહે છે –

૯૧૨—જેમ અક્ષુદ્રતા આદિ ઘણા ગુણો મેળવ્યા હોય, ત્યારે શુદ્ધધર્મ અને ઘણાં ધન, ધાન્યાદિ વૈભવ હોય, ત્યારે શુદ્ધરત્નોની પ્રાપ્તિ થાય છે. આમ હોવાથી જે બહુગુણો તેમ જ વૈભવથી હિત હોય, તેમને ગુણરત્ન મેળવવાની સ્પૃહા સ્વપ્નાવસ્થામાં થતી નથી, ચિંતા પણ પ્રવર્તતી નથી. ઘણા ભાગે લોકમાં પોતાની ઇષ્ટ વસ્તુ મેળવવાની ચિંતાનુસાર પ્રવૃત્તિ દેખાય છે. (૯૧૨) વિશેષથી કહે છે –

૯૧૩—શાલિ, ડાંગર ચોખા, ઘઉં આદિ ધાન્યો, આદિશબ્દથી ભેંશો, ગાયો વગેરે, કાપડ, વસ્ત્ર, સુવર્ણ, તેમ જ બીજી વેપાર લાયક અનેક વસ્તુઓના વેપારમાંથી જેની ઇચ્છા ખસી ગઇ છે. તેથી તેઓ તે પદાર્થોની વ્યાપાર-ચિંતાથી મુક્ત થયા છે, એવા તેઓ બંને પ્રકારના રત્નની - ધર્મની યોગ્યતાવાળા થાય છે. ધર્મરત્નરૂપ ભાવરત્ન પદાર્થરૂપ દ્રવ્યરત્નના

અધિકારી થયા છે. (૯૧૩) હવે અવળી રીતે ઉલટાવીને કહે છે –

૯૧૪–જેઓ પાસે અલ્પધન-ધાન્યાદિક હોય એવા પુણ્યરહિત-દરિદ્રો હોય, ધાન્યાદિક પદાર્થોમાં અભિલાષા રહેલી હોય, તેવા પુરુષો આ ધર્મરત્ન માટે અયોગ્ય માનેલા છે. આ વાત ઘણી સૂક્ષ્મ રીતે બે આંખો મીંચીને વિચારવા યોગ્ય છે. (૯૧૪) આગળની ગાથામાં કહેલ ગુણવૈભવ-તે ધર્મરત્નના અર્થીઓ માટે ધાન્યાદિરૂપપણે કલ્પીને નિર્દેશ કરતાં કહે છે કે–

૯૧૫–અક્ષુદ્રતા અને આદિશબ્દથી રૂપવાળાપણું, સૌમ્યાકૃતિ, જનપ્રિયત્વ, અકુરત્વ, અભીરુત્વ, અશઠત્વ, દાક્ષિણ્ય, લજ્જાલુત્વ, દયાલુત્વ આ દશ ગુણરૂપ ધાન્ય છે. માધ્યસ્થ્ય આદિ ગુણોને વસ્ત્રરૂપ સમજવા અને તે ૧૧ ગુણો છે. મધ્યસ્થવૃત્તિ, સામ્યવદષ્ટિ, ગુણાનુરાગી, સત્ય બોલનાર અને સત્પક્ષવાળો, દીર્ઘદર્શી, વિશેષજ્ઞ, વૃદ્ધાનુસારી, વિનયવાળો, કૃતજ્ઞ, પરહિત કરનાર, લબ્ધલક્ષ્ય; ઉપર કહેલા એકવીશ ગુણોના યોગથી ધાર્મિક પુરુષનો ગુણ-વૈભવ માનવો. જેમ પ્રથમ કુટુંબના નિર્વાહના હેતુભૂત ધાન્યની જરૂર છે, ત્યાર પછી વસ્ત્રાદિની પ્રાપ્તિ જરૂરી છે. ધાન્ય અને વસ્ત્ર પ્રાપ્ત થયા પછી રત્નનો વેપાર કરે. તે જ પ્રમાણે અહિં પણ ધાન્યના વેપાર સમાન પ્રથમના અક્ષુદ્રતાદિ ગુણો અને વસ્ત્ર સમાન માધ્યસ્થ્યવૃત્તિ આદિ અગિયાર ગુણોસર્વ મળી એકવીશ ગુણોરૂપ વૈભવવાળાને આ ધર્મરત્નનો વ્યાપાર સર્વ કલ્યાણ અને ઇચ્છિત સિદ્ધિ આપનાર થાય છે. કહેલા એકવીશ ગુણરૂપ વૈભવવાળો આત્મ શુદ્ધ ધર્મરત્નનો અધિકારી થાય છે. (૯૧૫)

શંકા કરી કે, પૂર્વોક્ત ૨૧ ગુણો રૂપ વૈભવના યોગે ધર્મરત્નનો અધિકારી થાય છે-એમ નિરૂપણ કર્યું, તો શું એક વગેરે ગુણ વગરનાને ધર્મનો અધિકાર નથી ? એમ શંકા કરનારને કહે છે –

૯૧૬–કહેલા ગુણોમાંથી અર્ધા ભાગના કે ચોથા ભાગના ગુણો ઓછા હોય, તો અનુક્રમે જઘન્ય અને મધ્યમ પ્રકારના ધર્માધિકારી સમજવા. આ ત્રણ વિભાગ કર્યા પછી વધારે-ઓછા ગુણવાળા હોય, તે દરિદ્રપ્રાય ગુણ-વૈભવવાલા જાણવા. તેઓ શુદ્ધ ધર્મરત્નને યોગ્ય નથી. (૯૧૬) તે જ વાત વિચારે છે –

૯૧૭–કેટલાક નિર્વાણમાર્ગને યથાર્થ ન સમજનારા બ્રાહ્મણાદિક અજ્ઞાની મૂઢ લોકો જે પ્રમાણે શરીરના નિર્વાહના કારણરૂપ કૂવા, વાવડી, તળાવ આદિ કરાવવામાં સદ્ગતિ ફળ આપનારા સુકૃતની કલ્પના કરે છે. તે જ પ્રમાણે ગુણના દારિદ્રયવાલા જીવો લોકોત્તર માર્ગમાં અવતરેલા હોવા છતાં પણ બિચારા અનુકંપા પામેલા ઘણા ભાગે ઘણા લોકથી આગ્રહાધીન કુતીર્થોમાં જઇ સ્નાનાદિક પાપકાર્યમાં ધર્મ કર્યાની કલ્પના કરે છે. (૯૧૭) આ જ વાત દૃષ્ટાન્ત સાથે વિચારાય છે –

૯૧૮–'જગતમાં ઉત્તમરત્નના અર્થીઓ અલ્પ હોય છે.' આ દૃષ્ટાંત આપીને કોઇક આચાર્ય ભગવંતે, એક એવો રાજા હતો અને તે એમ માનતો હતો કે, ઘણા લોકોએ જેનો સ્વીકાર કર્યો હોય, તે ધર્મ પ્રમાણભૂત ગણાય છે, એવી માન્યતા રાખનારને પણ થોડા વિવેકી

લોકોએ સ્વીકારેલ શુદ્ધધર્મમાં સ્થિર કર્યો. (૯૧૮) તે જ કહે છે –

૯૧૯–રાજાની સાથે નગરમાં પ્રવેશ કરીને શાક, ઈન્ધણાં, ધન, ધાન્યની અનેક દુકાનો બતાવીને ત્યાર પછી રત્નના વેપારીઓની ઘણી અલ્પ દુકાનો બતાવીને કહ્યું કે, 'હે મહારાજ ! આ તમારા નગરમાં શાક, ઇન્ધણા, અનાજ આદિની વેપાર કરવાની દુકાનો ઘણી છે, રત્નના વેપારની દુકાનો અલ્પ છે; તે જ પ્રમાણે શુદ્ધધર્મ ગ્રહણ કરનારાઓ નગરસ્થાનક રૂપ લોકમાં ઘણા જ અલ્પ હોય. છે અને બીજા પોતાના કલ્પના પ્રમાણે ધર્મ કરનારા મૂઢમતિવાળા ઘણા હોય છે. (૯૧૯)

જ્યારે આમ જ છે, તો પછી જ્વર મટાડનાર નાગમણિ આદિ દુર્લભ રત્ન માફક શુદ્ધધર્મ દુષ્કર છે, તો તેનો ઉપદેશ કરવાથી શો ફાયદો ? તે શંકાના સમાધાનમાં કહે છે –

૯૨૦–મોક્ષ મેળવવા માટે એકાંત કેડ બાંધનાર એવા અધિકારી આત્માને શુદ્ધધર્મ આરાધન કરવા રૂપ, સર્વ સાવદ્યનો ત્યાગ કરવા રૂપ ચારિત્રનું અનુષ્ઠાન દુષ્કર જણાતું નથી. શાથી ? તો કે, ચારે ગતિના જન્મ, જરા, મરણ, રોગ, શોકાદિક દુઃખનો ભય લાગેલો હોવાથી. વળી જે આત્મા જ્ઞાની થયો હોય, તે હેય, ઉપાદેયનો વિભાગ કરી સંસારનાં પાપકાર્યોનો ત્યાગ કરે છે અને આત્મકલ્યાણ કરનાર મોક્ષનાં સાધનોમાં પોતાની શક્તિ અનુસાર સર્વ પ્રયત્ન ન કરે ? (૯૨૦) તે જ વિચારાય છે–

૯૨૧-નરક, તિર્યંચ આદિ ગતિમાં જન્મથી માંડીને મરણ - પર્યંત અવધિ વગરનું અનંત દુઃખ સંસારમાં રહીને જીવને ફરજિયાત ભોગવવું જ પડે છે. આ સંસાર અનાદિ અનંત કાળ પ્રમાણનો હોવાથી અનંત દુઃખ જણાવ્યું. મોક્ષનું સુખ પણ અનંતું જ છે, ભવિષ્યકાળ પ્રમાણ છે. જ્યારે આ વસ્તુ વિચારવામાં આવે, ત્યારે ચાહે તેવા પુદ્ગલાનંદી ભારેકર્મી આત્મા હોય, તો તે સ્વપ્નમાં પણ નિદ્રા, વિકથાદિ પ્રમાદનો ત્યાગ કરી અપ્રમાદનું સેવન કરે છે. ભવ એકાંત દુઃખસ્વરૂપ દુઃખફલન અને દુઃખ-રહિત છે, અનંત સુખવાલો છે. આટલું સમજેલો જ્ઞાની આત્મા દુઃખથી મુક્ત થવા માટે નક્કી પ્રયત્ન કર્યા સિવાય રહે નહિં. બીજા સ્થાને પણ કહેલું છે કે – "ચારે ગતિરૂપ ભવનું સ્વરૂપ બરાબર જાણવાથી અને ભવનો વૈરાગ્ય થવાથી, તત્ત્વથી મોક્ષસુખનો અનુરાગ થવાથી આ વસ્તુ થાય છે, તે સિવાય આ અપ્રમાદ બનતો નથી." (૯૨૧) તેનું સમર્થન કરે છે –

૯૨૨ – બીજાં દર્શનશાસ્ત્રમાં પ્રસિદ્ધ અતિગંભીર અર્થવાળું મહામતિ પંડિતો સમજી શકે તેવું આ અપ્રમાદસેવા વિષયમાં તેલના પાત્ર ધારક પુરુષનું દષ્ટાંત કહેલું છે, તેને પ્રયત્નપૂર્વક એકાગ્ર મનથી વિચારવું. (૯૨૨) આ જ દૃષ્ટાંત નવગાથાઓથી કહે છે –

## અપ્રમાદ ઉપર તેલપાત્ર ધારકનું ઉદાહરણ

૯૨૩ થી ૯૩૧–કોઇક નગરમાં સર્વજ્ઞદર્શનની પૂર્ણ શ્રદ્ધાવાળો બુદ્ધિશાલી સ્વભાવથી પરોપકારના ઉપાયોમાં પ્રવીણ જિતશત્રુ નામનો રાજા હતો. તે રાજાએ દાન, સન્માન આદિ ઉપાયોથી નગરના લોકોને અમાત્ય, શેઠ આદિ કેટલાક પ્રજાજનોને સંતોષ પમાડ્યા હતા. તેમ

જ જિનશાસન પ્રત્યે લગભગ અનુરાગવાલા કર્યા હતા. પરંતુ નગરમાં તેવો એક ભારેકર્મવાલો મિથ્યાત્વના અંધકારના પડદાથી જેનો શુદ્ધ બોધ અવરાઇ ગયો છે, એવો એક શેઠપુત્ર હતો, તેને રાજા ઉપશમાવી ન શક્યા. તે નાસ્તિક શેઠપુત્ર 'સંસારમોચક' નામના પાખંડીના સંસર્ગમાં આવ્યો અને તે પાખંડીએ પણ તેને એવો ભરમાવ્યો કે-પ્રાણોનો આત્માથી વિયોગ કરાવવો તે રૂપ હિંસામાં ધર્મ માનવા લાગ્યો. લોકોને એવું સમજાવી ઠસાવવા લાગ્યો કે, જેઓ દુઃખ ભોગવી રહેલા હોય, તેમની હિંસા એ દારુણ દુઃખ ફળ આપનારી થતી નથી, પરંતુ તે તો ધર્મસ્વરૂપ છે. અહિં તેઓ દુઃખથી મુક્ત થાય છે, આવા પ્રકારની આસ્તિકોને એકાંતે અમાન્ય તેવી હિંસામાં શુભ પરિણામ માને છે. તે શું કહે છે ? તો કે, જેની હિંસા કરવાની છે, તે હિંસા થવાના સમયે પ્રવર્તતી પીડાના અનુભવથી પૂર્વભવમાં ઉપાર્જન કરેલ અશાતાવેદનીય કર્મની નિર્જરા કરતો હોવાથી અને ભવાંતરમાં સદ્ગતિનો લાભ થાય છે, તે કારણએ તેને સુખપ્રાપ્તિ થાય છે. તથા જે બીજા તેની હિંસા કરનારાઓ છે,તેઓ દુરંત દુઃખરૂપ નદીમાં તણાતા હોય છે, તેની હિંસા કરીને દુઃખનદીમાંથી બહાર કાઢી તેના ઉપર પરોપકાર કરે છે. એટલે પરોપકારના સુકૃતનો તેને લાભ થાય છે. માટે દુઃખિતને જાનથી મારી નાખવો તેમાં પાપ નથી, પણ ધર્મ છે. તથા ધન ઉપાર્જન કરવામાં ક્લેશ થાય છે, ઉપાર્જન કર્યા પછી મૂર્ચ્છાનો ત્યાગ કરવો પણ દુષ્કર છે. આ બંને કારણોથી અર્થ ધનનું દાન કરવું, તેમાં ધર્મ નથી એમ માને છે. માટે સદ્ગતિના અર્થીઓએ કહેલી નીતિથી હિંસા કરવી, તે જ ઉચિત ગણેલી છે, પરંતુ બીજા દાનાદિક ધર્મો નથી.' (૯૨૪)

વળી પ્રમાદનો અભાવ એ જેમાં સાર છે અને તેનો જે ભાવ એટલે અપ્રમાદસારતા તે તો આપણા વિષયમાં આવી શકે જ નહિં, તથા સર્વજ્ઞની પ્રજ્ઞાપના પણ તે જ પ્રમાણે અમાન્ય કરે છે. તો પછી બીજાના ઉપદેશેલા પદાર્થને તો માને જ ક્યાંથી ? એ અપિશબ્દનો અર્થ સમજવો. કોની જેમ, તો કે કોઇક મનુષ્યને અતિભયંકર મસ્તકની વેદના ઉત્પન્ન થઇ, એટલે તેણે કોઇકને પૂછ્યું કે, 'આ મહાપીડા મટાડવાનો કયો ઉપાય ?' સામાએ કહ્યું કે, 'સર્પનું ફણારત્ન અંલકાર ગળે બાંધવાથી વેદના શાન્ત થશે, આ તારી વેદના તરત જ ચાલી જશે.' જેમ આ રત્ન દુષ્કર છે, તેમ અપ્રમાદ સારનો ઉપદેશ અશક્ય હોવાથી, તે કોઇ કરી શકે તેમ ન હોવાથી ઉપદેશ નકામો છે. તે જ પ્રમાણે જિનોએ કહેલો ઉપદેશ મને કરવાના વિષય બહારનો ભાસે છે.' આવા પ્રકારનો શેઠપુત્ર નાસ્તિક અને ધર્મને અધર્મ અને અધર્મને ધર્મ માનનારો છે. રાજાએ વિચાર્યું કે, 'આ આગની જેમ ઉપેક્ષા કરવા લાયક માણસ નથી. તેને જૈનધર્મનો પ્રતિબોધ કરવા માટે ઉપાય કર્યો. કયો તો કે, યક્ષ નામનો એક છાત્ર હતો, જે ગુરુની સાથે છત્રી ધરીને ફરતો હતો,તેઓ રાજાએ જીવાદિક પદાર્થોના જ્ઞાનવાળો તૈયાર કર્યો હતો. તેની શ્રદ્ધા પણ મજબૂત કરી હતી. તેને પોતાની રત્નમુદ્રિકા આપી. તે યક્ષછાત્ર રાજાનો અભિપ્રાય સમજી ગયો અને રાજાથી દૂર થઇ શેઠપુત્ર પાસે આવીને કહેવા લાગ્યો કે, 'જૈનમતથી વાસિત અંતઃકરણવાળો કોઇક બીજો મનુષ્ય રાજા પાસે રહેલો છે, પરંતુ હું તો જેને જૈન-ગ્રહનો વળગાડ વળગ્યો હોય, તો તે ગ્રહને ઉતારનારો છું. રાજાની સાથે હું મતભેદવાળી દૃષ્ટિથી વર્તું છું. એમ છતાં મારામાં વિશ્વાસ રસ ધરાવે છે. 'સમાન શીલ અને

વ્યસનોવાલા સાથે વિશ્વાસરસ ઉત્પન્ન થાય છે.' કહેલું છે કે—"મૃગલાઓ-મૃગલાઓ સાથે સંગ કરીને તેને અનુસરે છે, ગાયો ગાયોની સાથે, અશ્વો અશ્વોની સાથે, મૂર્ખાઓ મૂર્ખાઓની સાથે. પંડિતો પંડિતોની સાથે સંગ કરે છે, સમાન વર્તન અને સમાન વ્યસનવાળાઓ સાથે મૈત્રી થાય છે."

સમય જતાં શેઠપુત્ર સાથે છાત્રનો વિશ્વાસ બંધાઇ ગયો. ત્યાર પછી માયાપ્રયોગથી પહેલાં રાજાએ અર્પણ કરેલ માણિક્યને શેઠપુત્ર ન જાણે તેવી રીતે તેના આભૂષણના ડાભડામાં છાત્રે સેરવી દીધું. નગરમાં વાત ફેલાઇ કે, રાજાનું આભૂષણ ખોવાયું છે. પડહો જાહેર કરાવ્યો કે, જે કોઇએ દેખ્યું કે સાંભળ્યું હોય, તેણે તે રાજઆભૂષણ આપી દેવું.' કોઇએ ન કહ્યું, એટલે નગરલોકોના દરેકના ઘરમાં તપાસ કરવાની શરુઆત કરી. એમ કરતાં શેઠપુત્રના ઘરનો વારો આવ્યો અને તપાસ કરતાં તેની રત્ન-કરંડિકામાંથી તે માણિકય પ્રાપ્ત થયું, એટલે રાજસેવકો તેને મારવા લાગ્યા. ત્યારે યક્ષે સેવકોને કહ્યું કે, 'એને મારો નહિં. આ ગુનાનું એને પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થયેલું છે, વિચારીને તેની શુદ્ધિ કરાશે.'

ત્યાર પછી તેને આ વિષયનો ઘણો ભય ઉત્પન્ન થયો. સમજી શકાતું નથી કે, 'કયા પ્રકારે આ અપરાધની શુદ્ધિ થશે ?' શેઠપુત્ર વિચારવા લાગ્યો કે, 'રાજમાણિકયની મેં ચોરી કરી અને તે કારણે મારામાં દોષની સંભાવના ઉત્પન્ન થઇ, પરંતુ તે અપેક્ષાએ તો હું દોષિત નથી, તો પણ હવે મારે શું કરવું ? એ પ્રકારે યક્ષને અભ્યર્થના કરી કે, 'મારા નિમિત્તે રાજાને પ્રાર્થના કર કે, કોઇક તેવા અતિદંડથી અથવા સુકોમળ કોઇક દંડ કરીને મને મુક્ત કરે.' તેની પ્રેરણાથી યક્ષે તેમ કર્યું. 'તને તેવી શિક્ષા થશે કે, જેથી તારા શરીરને શિક્ષા કર્યા સિવાય બીજું કોઇ પ્રાયશ્રિત્ત કરાવવાનું હું અપાવરાવીશ.' પેલાએ કબૂલ કર્યું. એ પ્રમાણે યક્ષે તેના પરિણામ જાણી લીધા. ત્યાર પછી રાજાને પ્રાર્થના કરી. રાજાએ કહ્યું કે, 'બંને હાથમાં તેલનો ભરેલો વાટકો લઇને ભ્રમણ કરવું. જો તે વાટકામાંથી એક પણ બિન્દુ ભૂમિ પર પડે, તો તેનો નક્કી વધ કરવામાં આવશે.' જીવિતના અર્થીએ તે વાત સ્વીકારી કે, 'હું મારી શક્તિ પ્રમાણે કહેલી વાતની સાધના કરીશ.' એ પ્રમાણે તેના સ્વીકાર પછી તેની ચારે દિશા બાજુ ખુલ્લી તલવારધારી ચાર પુરુષો તેના ફરતા ખડા રાખ્યા. અને તેમને આજ્ઞા કરી કે, 'આ મારી આજ્ઞામાં જ આનો પ્રમાદ થાય, તો તમારે તરત જ આજ્ઞા પ્રમાણે શિક્ષા કરવી - એટલે તરત તેનો વધ કરવો.' ત્યાર પછી તેલથી સંપૂર્ણ ભરેલો વાટકો તેણે હાથમાં ગ્રહણ કર્યો તેના ચિત્તની ચંચળતા કરવા માટે રાજાએ ત્રણ માર્ગો, ચોક, ચૌટાના માર્ગોમાં, દુકાનોની શ્રેણિમાં નાટક, વારાંગનાઓ, મીઠાઇઓ, વાજાં, સંગીતો આદિ રૂપ મહોત્સવોની જગા જગા પર ગોઠવણો કરાવી. જીવિત-રક્ષણની પૂર્ણ વાંછાથી તેલથી ચીકાર ભરેલો વાટકો હોવા છતાં, કાયા, વચન અને મનના સર્વ વ્યાક્ષેપોને દૂર કરી એવા યત્નથી ધીમે ધીમે ચાલ્યો કે, ત્રિભેટા, ચોક, ચૌટામાં શું થાય છે ? તેનો તેને બિલકુલ ખ્યાલ નથી અને ત્રણે યોગનું ચેકીકરણ કરી એક ટીપું ન ઢળે, તેની પૂર્ણ કાળજી રાખી એમ કરી અખંડ તેલપાત્ર લાવી રાજા પાસે સ્થાપન કર્યું. અત્યંત દુષ્કર, જેનો અધ્યવસાય કરી શકાય નહિં, એવી વસ્તુ રાજાએ સંપાદન કરીને તેને પ્રેરણા કરી કે, 'દુષ્કર પદાર્થને કરી આપનાર અપ્રમાદ વસ્તુ છે. તો તું ફોગટ એમ કેમ

બોલતો હતો કે, 'કોઇ અપ્રમત્ત નથી.' તે શેઠપુત્રે પણ અપ્રમાદ છે,તેમ સ્વીકાર્યું અને ધર્મ માર્ગમાં પ્રતિબોધ કર્યો. જેમ તું એક મરણમાત્રના ભયથી દુષ્કર એવો અપ્રમત્તભાવ મેળવી શક્યો, તેમ જેઓ અપરિમિત અનંતા મરણોના ભયથી ત્રાસ પામેલા અપ્રમાદને સેવે છે, વળી મુક્તિસુખની અભિલાષાવાળા સાધુઓ તે મેળવવાનો ઉપાય અપ્રમત્તભાવે કરે છે. (૯૨૩ થી ૯૩)

શંકા કરી કે, જરા-મરણાદિના ભયથી મોક્ષ મેળવવા માટે જીવો તૈયાર થાય છે,તો પછી દરેક ભવ્ય જીવો અપ્રમાદસારતા કેમ સ્વીકારતા નથી ? એવી શંકાના સમાધાનમાં કહે છે :-

૯૩૨—આ જિનવચન અસ્થિ-મજ્જારૂપ - અંગાંગીભાવરૂપ આત્મા સાથે પરિણામ ન પામે. સંશય, વિપર્યય, અધ્યવસાય સહિત પ્રભુવચનમાં શ્રદ્ધા ન થાય, ત્યાં સુધી મોક્ષમગન માટે અયોગ્ય એવો અભવ્ય જીવ આ જિનવચનને ઇચ્છાયોગરૂપે પણ આત્મામાં પરિણમાવતો નથી. મોક્ષદાયક તરીકે શ્રદ્ધા કે વર્તન કરતો નથી. તે જ પ્રમાણે ચારિત્રમોહનીય કર્મના દઢ ઉદયવાળો આત્મા સંપૂર્ણ જિનવચન પરિણમેલું હોવા છતાં અપ્રમાદભાવવાળું ચારિત્ર કરી શકતો નથી; માટે જ કહેવાય છે કે, સમ્યગ્દષ્ટિ હોવા છતાં, મોક્ષની અભિલાષા તેમજ આગમતત્ત્વના જ્ઞાનવાળો હોવા છતાં, અતિવિશેષરાગના સુખને આધીન બનેલો ભવના ગાઢ અરણ્યમાં પ્રવેશ કરે છે. આ વિષયમાં આપનું જ દૃષ્ટાંત (મહાવીર) સંભળાય છે. (૯૩૨)

ચાલુ વાતનો ઉપસંહાર કરતા કહે છે –

૯૩૩—જ્યારે કોઇક ભારેકર્મી આત્મા હોય, ત્યારે અને દીક્ષા સ્વીકાર કરવામાં તેટલો આચાર પાલન કરવામાં સહનશીલ ન હોય, ત્યારે જે પ્રકારના ઉપદેશને લાયક હોય,તે પ્રમાણે જુદા જુદા પ્રકારનો તેને સર્વજ્ઞાન વચનાનુસારે ઉપદેશ આપવો. અપ્રમાદ એ સારભૂત કરણીય પણે જિનોપદેશમાં વર્તે છે. માટે અપ્રમાદનો વિષય આ કાલમાં પણ વર્તે છે. જ્યારે જિનોપદેશમાં વર્તે છે. માટે અપ્રમાદનો વિષય આ કાળમાં પણ વર્તે છે.જ્યારે જિનોપદેશ ચિત્રરૂપપણે વ્યસ્થિત કરાયો હોય, ત્યારે અપ્રમાદસાર પણ વર્તે છે. ત્યારે અપુનર્બંધક આદિકને-મોક્ષમાર્ગની પ્રજ્ઞાપના યોગ્યને આશ્રીને કેટલાક સામાન્ય દેશનાને યોગ્ય હોય છે, કેટલાક સમ્યગ્દષ્ટિ ગુણ-યોગ્ય પ્રજ્ઞાપના - ઉપદેશને લાયક હોય છે, કેટલાક કે, જેમણે ચારિત્રમોહનીય કર્મરૂપ કાદવ ધોઇ નાખ્યો હોય, ત્યારે તેવા અપ્રમત્તતારૂપ સર્વવિરતિની દેશનાને લાયક હોય છે. આ પ્રમાણે અપ્રમત્તતાની પ્રજ્ઞાપના-ઉપદેશ એ અધિકારી વગરની નથી, પણ આ કાળમાં પણ તેવા પ્રકારના વિવિધ ઉપદેશ અપ્રમાદ માટે આપી શકાય છે. (૯૩૩)

હવે પોતાના કર્મના ભારેપણાના દોષનો ત્યાગ કરીને 'જિનોપદેશ અનુસાર આચરણ કરવું વર્તમાનમાં દુષ્કર ગણાય' વર્તમાનમાં દુષ્કર ગણાય' એવાં કથનો કરવા દ્વારા જિનોપદેશની અવજ્ઞા કરનારના અજ્ઞાનદોષને કહે છે –

૯૩૪—અમે જિનવચનની આરાધના કરનારા જિનેશ્વર ભગવંતના ભક્ત છીએ એ

પ્રમાણે ભાવના ભાવે-બોલે અને વળી જડબુદ્ધિવાળા એમ પણ કહી નાખે કે, 'આ જિનવચન સમજવું અને પાલન કરવું તે આપણા સરખાને આ કાળમાં ઘણું ગંભીર અને દુઃખે સમજી શકાય તેવું છે.' આ પ્રમાણે દુષ્કરત્વ, દુર્બોધ વગેરે દોષો આગળ કરીને તે જ જિનવચનની વિરાધના કરતા અને પોતાના અભિપ્રાય પ્રમાણે માનતા, તથા અત્યારે જિનવચનનું નિર્વિષયપણું માનતા એ પ્રમાણે અશાતના કરતા બાળજડ જીવો સાચો પરમાર્થ સમજતા નથી અને પોતાની શક્તિ છે, તેટલી પણ જિનવચનની આરાધના કરતા નથી. (૯૩૪)

હવે સાધુશબ્દની પ્રવૃત્તિના કારણભૂત જિનવચનનો સદ્ભાવ હોવાથી દુષ્કરત્વ દોષનો પરિહાર કરતા જણાવે છે કે –

૯૩૫–સમગ્ર કર્મક્ષય થવા રૂપ સિદ્ધિગતિના સાધક હોય, તો સાધુ છે,તથા અપ્રમત્તતા સેવન કરવા દ્વારા સાધુઓ સિદ્ધિ મેળવનારા છે. આ ગુણથી ઉત્પન્ન થયેલ અન્વર્થ એવા નામથી પણ શાસ્ત્રમાં આ વાત નિરૂપણ કરેલી છે. કહેલું છે કે - "સમ્યગ્દર્શન જ્ઞાન, ચારિત્ર આ ત્રણના પુરુષાર્થ દ્વારા જેઓ મોક્ષની સાધના કરે તેઓ સાધુ કહેવાય છે." આગળ કહીશું, તેવા રાધાવેધના ઉદાહરણથી, તે સાધુઓ આ પ્રમાણે અપ્રમાદને આગળ કરીને પોતાના સામર્થ્યથી સિદ્ધિના સાધકો છે. આ શબ્દમાંથી પણ અપ્રમાદની સિદ્ધિ થાય છે, અપ્રમત્તતા સિવાય બીજા કોઈ પુરુષાર્થો મોક્ષ સાધી આપનાર નથી. (૯૩૫) સાત ગાથાથી રાધાવેધનું ઉદાહરણ કહે છે –

## રાધાવેધનું દૃષ્ટાંત

૯૩૬ થી ૯૪૨–આ ઉદાહરણ વિસ્તારથી આગળ દશ દૃષ્ટાંતે દુર્લભ મનુષ્યભવના અધિકારમાં, ચક્ર નામના દૃષ્ટાંતમાં વિસ્તારથી કહેલ હોવાથી અહિં સંગ્રહ ગાથાનો અક્ષરાર્થ વ્યાખ્યાથી સમજાવીએ છીએ.

ઈન્દ્રપુર નગરમાં ઈન્દ્રદત્ત નામના રાજાને બાવીશ પત્નીઓથી બાવીશ પુત્રો થયા હતા. તેમાં ત્રેવીશમો અમાત્યપુત્રીનો પુત્ર સુરેન્દ્રદત્ત નામનો હતો. બીજી બાજુ મથુરા નગરીમાં જિતશત્રુ રાજાએ પોતાની નિવૃત્તિ પુત્રીનો સ્વયંવર આપ્યો. ત્યાં સુરેન્દ્રદત્ત જે મંત્રીપુત્રીનો પુત્ર હતો, તે જે દિવસે જન્મ્યો હતો, તે જ દિવસે અગ્રિક, પર્વતક, બહુલી, તથા સાગર જન્મ્યા હતા. ઈન્દ્રપુરના રાજા ઘણા પુત્રવાળા છે-એમ સમજીને મથુરાના રાજાએ પોતાની પુત્રી ત્યાં મોકલાવી, ત્યાં આવેલી તે પુત્રીએ સ્વયંવર-મંડપમાં રાધાવેધ સાધીને સુરેન્દ્રદત્તે રંજિત કરેલી કન્યાએ તેના કંઠમાં વરમાલા આરોપી. શ્રીમાલી વગેરે બાવીશ પુત્રોએ રાધાવેધ કરીને પૂતળી ન વીંધી, પરંતુ અગ્નિક વગેરે સાથે જન્મેલા ભાઈઓએ ચંચલતાથી રાધાવેધ કરનારને અનેક વિઘ્નો કરવા છતાં રાધાવેધ કરવાનો ફરી ફરી અભ્યાસ કરેલો હોવાથી ત્રેવીશમાં સુરેન્દ્રદત્તે રાધાવેધની સાધના કરી. ચાર નાના ભાઈઓ તથા તલવાર ઉગામેલા બે પુરુષો બાજુ પર હંમેશા પરેશાન કરવા છતાં ગુરુએ તેને તેવી રીતે કળાઓ ગ્રહણ કરાવી હતી કે, આજુબાજુનો કોઈ ભય રાખ્યા સિવાય રાધાવેધની કળા સાધી હતી. જેથી આઠે ચક્રને

ભેદીને પૂતળીની ડાબી આંખ લક્ષ્યપૂર્વક વીંધી નાખીં. હવે અહિં આ ઉદાહરણનો ઉપનય કહે છે - સુરેન્દ્રદત્ત નામનો રાજપુત્ર તે અહિં સાધુ સમજવો. અગ્નિક આદિક ચાર સાથે જન્મેલા આ ક્રોધાદિક ચારે કષાયો. બે હાથમાં ઉઘાડી તરવાર લઇને ઉભેલા બે પુરુષો, તે રાગ-દ્વેષ. ક્ષોભ પામવાથી, વ્રતથી ભ્રષ્ટ થવાથી, અનેક વખત ભવાવર્તમાં મરણ થાય. બાવીસ રાજપુત્રો એટલે તેટલા પરિષહો, બાકીના પર્ષદાના લોકો તે ઉપસર્ગાદિક સમજવા. આ પ્રસંગમાં અહિં આદિ-શબ્દ ઉપસર્ગોના ભેદોનો સંગ્રહ કરવા માટે સમજવો. રાધાવેધની શિક્ષા ગ્રહણ કરાવવા રૂપ અહિં ગ્રહણ અને આસેવન રૂપ બે પ્રકારની શિક્ષા સમજવી. આઠ ચક્રો સમાન આઠ કર્મો અને તેને ભેદ કરવા સમાન સાધના. તેથી 'નિર્વૃતિ' કન્યા-લાભ સમાન સિદ્ધિની પ્રાપ્તિ સમજવી. (૯૪૨) હવે ઉલટાવીને કહે છે–

## પ્રવજ્યા દિવસથી અપ્રમત્ત ભાવ વાળાને શુભભાવની વૃદ્ધિ

૯૪૩–આગળ કહેલા ક્રમની વિપરીતતાથી સમગ્ર કર્મક્ષયરૂપ સિદ્ધિની પ્રાપ્તિ થઇ શકતી નથી. માટે આ સિદ્ધિ-પ્રાપ્તિનો ઉપાય હોય, તો પ્રવ્રજ્યા પ્રાપ્ત થાય, તે દિવસના કાળથી પ્રતિદિન વૃદ્ધિ પામે, ગુણસ્થાનોમાં આગળ વધાય, તે પ્રમાણે અપ્રમાદનો અભ્યાસ હંમેશાં વધારતા જ રહેવો. (૯૪૩) દૃષ્ટાંત કહે છે –

૯૪૪–જ્યાં પહોંચવું હોય, તે નગરના માર્ગને જાણનાર હોય અને તે જે માર્ગ બતાવે. તે માર્ગે બીજા સર્વે વ્યાક્ષેપોનો ત્યાગ કરીને ગમન કરે, તો ચોક્કસ સમયે ધારેલા નગરમાં પહોંચી શકાય છે. એ જ પ્રમાણએ સિદ્ધિમાર્ગનો ઉપાય હોય તો ક્ષાન્ત્યાદિ દશ પ્રકારનો યતિધર્મ સમજવો. (૯૪૪)

૯૪૫–આવા પ્રકારનો દશવિધ યતિધર્મ એ જ સિદ્ધિનો એક માત્ર ઉપાય છે. આ સિવાય બીજો કોઇ પારમાર્થિક ઉપાય નથી જ. જો કે, આ કાળ દુઃષમા છે, તો પછી ચારિત્રમોહના ક્ષયોપશમની મંદતાની તો વાત જ શી કરવી ? અહિં સિદ્ધિના ઉપાયમાં સાધુધર્મ કદાચ એકાદિક ભવ મોડું કરીને સ્ખલના પમાડે, પરંતુ સિદ્ધિનું કારણ હોય, તો બ્રાહ્મણ, વણિક અને રાજાના ઉદાહરણથી આ સાધુધર્મ જ છે. (૯૪૫) બે ગાથાથી ઉદાહરણો કહે છે –

## બ્રાહ્મણ, વણિક અને રાજાનું દૃષ્ટાંત

૯૪૬-૯૪૭-વેદ ભણેલા અને ભણાવનાર એવા બ્રાહ્મણોનું કોઇક નગર હતું. કોઇક વણિક-બ્રાહ્મણે ભૂમિની યાચના કરી. ભૂમિની શુદ્ધિ કરવા માટે અંદર રહેલા હાડકાં આદિ શલ્યોના દોષો દૂર કરવા માટે કેટલોક ઊંડો ખાડો ખોદ્યો, એટલામાં ઘણા સમય પહેલાં દાટેલો નિધિ દેખવામાં આવ્યો. વણિકે આ વાત રાજાને નિવેદન કરી કે, 'હે દેવ ! ઘરનો પાયો ખોદતાં મને આ નિધિ મળી આવ્યો છે. સત્યવાદિના કારણે તથા રાજાના ઔદાર્યથી રાજાએ તે નિધિ ન લીધો. ત્યાર પછી મંત્રી આદિને આ હકીકત જણાવી. તેઓએ રાજાને સમજાવ્યા કે, 'હે દેવ ! વગર કારણે પોતાના અર્થનો ત્યાગ કરવો, તે રાજનીતિ ન કહેવાય.

રાજા ઊંઘીને જાગ્યા, ત્યારે ચિંતન કરવા લાગ્યા કે, સિદ્ધ થયેલો નિધિ જતો કર્યો તે ઠીક ન કર્યું. ત્યાર પછી સર્વ મંત્રીઓ અને પુરોહિતોની અનુમતિથી નિધિ ગ્રહણ કર્યો. ત્યાર પછી તેવા પ્રારંભનો મહાઅનર્થ પ્રવર્ત્યો, એટલે ઈષ્ટસ્ત્રીનું મૃત્યુ આદિ વિપત્તિ એકદમ આવીને ઉભી રહી માંહોમાંહે એક બીજાઓ તર્ક-વિતર્ક કરવા લાગ્યા કે, આમ અણધાર્યું કેમ બન્યું ? એવી સર્વત્ર વાત ચાલવા લાગી. તેસમયે કોઈ કેવલી ભગવંત પધાર્યા. તેમને પૂછયું એટલે કહ્યું કે, કલિકાલ અહિં ઉતરી આવેલો છે,તેના દોષથી આ પ્રમાણે બન્યું છે. ત્યાર પછી રાજાએ નિધિનો ત્યાગ કર્યો. પોતાના માટે જે ભાગ ગ્રાહ્ય ન હતો, તેને ફરી ગ્રહણ કર્યો. અહિં વેદના જાણકાર બ્રાહ્મણોએ નગરનો આશ્રય કર્યો. એમ શાસ્ત્રકારે જે કહ્યું, તે એમ જ્ઞાપન કે છે કે, વેદવિદ્યાના વિશારદ બ્રાહ્મણોથી વાસિત સ્થાનમાં કોઈ પણ અનીતિ ન પ્રવર્તે, તો પણ કલિયુગના અવતરવાથી ચારે આશ્રમના ગુરુ સમાન રાજા પણ પોતાના વચનનો લોપ કરીને પણ ફરી નિધિ ગ્રહણ કરવા તૈયાર થયો. વિઘ્ન ઉભું થયું. લોકો તર્ક-વિતર્ક કરવા લાગ્યા અને કેવલી ભગવંતે જ્યારે સ્વરૂપનું નિવેદન કર્યું, ત્યારે પોતાના સત્ત્વથી અધિકપણે રાજાએ નીતિનો સ્વીકાર કર્યો. (૯૪૭)

૯૪૮–કહી ગયા, તે રાજાની જેમ પ્રત્યક્ષ જણાતા ફળવાળા આ દુષ્ટ કાળરૂપ દુઃષમા આરો આ ભરતક્ષેત્રમાં લાભ કે અલાભ, સુખ કે દુઃખ વગેરેમાં સમાન ચિત્તવાળા સાધુઓનાં મનના પરિણામોને મલિન કરે છે. કોઈ પ્રકારે તેવા અનાભોહોગાદિ દોષથી મનનો પલટો કરાવી નાખે છે, તો પણ કાર્યના પરમાર્થને સમજનારા રાજા સરખા કેટલાક સમજુ સાધુઓ હોય છે. (૯૪૮)

હવે આ જ ધર્માનુષ્ઠાન મતાન્તરોથી કહેવાની ઈચ્છાવાલા કહે છે –

૯૪૯–વળી બીજા આચાર્યો આ ધર્માનુષ્ઠાનના સતતાભ્યાસ, વિષયાભ્યાસ અને ભાવાભ્યાસના યોગથી ત્રણ પ્રકારો જણાવે છે. 'ભીમ અને ભીમસેન' આ ન્યાયથી પદના એક દેશમાં પણ પદના સમુદાયનો ઉપચાર ગણાય છે-એ ન્યાયે સતતાભ્યાસ યોગથી, વિષયાભ્યાસ યોગથી અને ભાવાભ્યાસ યોગથી એમ ત્રણ પ્રકારો જાણવા. પરંતુ દેવપૂજનાદિક લક્ષણ ધાર્મિક અનુષ્ઠાન, તે આગળ આગળના હોય, તેમ તેમ તેની ઉત્તમતા હોય છે. તેમાં હંમેશા જે ગ્રહણ કરવા લાયક લોકોત્તર ગુણની પ્રાપ્તિની યોગ્યતા પમાડનાર એવા માતા-પિતાના વિનય-સન્માનાદિ કરવા રૂપ તે સતતાભ્યાસ અનુષ્ઠાન, મોક્ષમાર્ગના સ્વામી એવા જે અરિહંત ભગવંતો, તેમના વિષયક જે પૂજાદિક કરવા રૂપ વિષયાભ્યાસ, જ્યારે ભાવાભ્યાસ તો હજુ ઘણો દૂર રહેલો છે. જે ભવ-સંસાર ચારે ગતિથી ઉદ્વેગ પામેલો હોય, એવાને સમ્યગ્દર્શનાદિક ભાવોનો જે અભ્યાસ, તે ભાવાભ્યાસ. (૯૪૯)

૯૫૦–હવે અહિં શંકા કરતા કહે છે કે, આ ત્રણમાંથી પ્રથમનાં બે અનુષ્ઠાનો નિશ્ચયનયના અભિપ્રાયથી ધર્માનુષ્ઠાન તરીકે માનવા યુક્તિયુક્ત નથી. શાથી ? તો કે, માતા-પિતાદિકના વિનયાદિક કરવા, તેમાં સમ્યગ્દર્શન આદિની આરાધના ગણાતી નથી. તથા તેમજ ભવના વૈરાગ્યથી રહિત એવું દેવપૂજાદિક વિષયભૂત એપણ ધર્માનુષ્ઠાન કેવી રીતે ગણવું ?

કોઈ પ્રકારે ન ગણાય. કારણ કે, ધર્માનુષ્ઠાનો પરમાર્થના ઉપયોગ-સ્વરૂપ હોય છે. માટે એકલું ભાવભ્યાસ અનુષ્ઠાન જ સ્વીકારવા લાયક છે. (૯૫૦) અહિં ત્રણે પ્રકારનું અનુષ્ઠાન છે, તેનું કોઈ પ્રકારે સમર્થન કરતા જણાવે છે કે –

૯૫૧–વ્યવહારનયના આદેશથી, વિષયભેદના પ્રકારથી અપુનર્બંધક વગેરેમાં પણ ધર્માનુષ્ઠાન માનેલું છે. હવે જે આત્મા ફરી કોઈ વખત કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધવાનો નથી, એવો જે અપુનર્બંધક જીવ હોય, તે અતિતીવ્ર ભાવથી પાપ ન કરે એવા લક્ષણવાળો અને આદિશબ્દથી અપુનર્બંધક જીવની જે આગળ આગળની ઉત્તરાવસ્થા, વિશિષ્ટાવસ્થા, માર્ગભિમુખ, માર્ગપતિત, અવિરત સમ્યગ્દષ્ટિ અવસ્થા તે પણ અહિં ગ્રહણ કરવી. અહિં તો વ્યવહાર આદેશથી ત્રણે પ્રકારનાં અનુષ્ઠાનોના વિષયમાં અનુક્રમે આગળ કહીશું, તે ઉદાહરણોજાણવાં. (૯૫૧) તેમાં પ્રથમ ઉદાહરણ વિચારતા ૧૮ ગાથા કહે છે –

## સતત અભ્યાસ વિષયક ઉદાહરણ

૯૫૨ થી ૯૬૯–આગલા ભવમાં જાતિસ્મરણના હેતુઓ સેવનાર એવો ગજપુરનો સ્વામી કુરુચંદ્ર નામનો રાજા મૃત્યુ પામીને નરકમાં ઉત્પન્ન થયો. ત્યારે પછી નરકમાંથી બહાર નીકળીને; જાતિસ્મરણના હેતુઓ બતાવે છે. માતા-પિતાની વિનયથી સેવા કરવી. તે આ પ્રમાણે જાણવી. "ત્રણે ય સંધ્યા-સમયે તેમનું પૂજન, વગર અવસરે પણ તેમની પાસે જવાની ક્રિયા કરવી, ચિત્તમાં તેમને સ્થાપન કરી રાખવા, તથા રોગી, બીમાર એવા સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાદિકને ઔષધદાનાદિ, આદિશબ્દથી તેના શરીરની સારસંભાળ, શુશ્રૂષા, તેના આત્માને સમાધિ થાય, તેવાં કારણો યોજવાં. તથા જિનેશ્વરાદિકની મૂર્તિઓની નિર્મલતા થાય, તેવાં વિધાનો કરવાં. આ જાતિસ્મરણ થવાના હેતુઓ જણાવ્યા. વળી બીજા સ્થાને આ કારણો જુદાં મળે છે, તે આ પ્રમાણે-બ્રહ્મચર્ય, તપશ્ચર્યા, સદ્વેદનું અધ્યયન, વિદ્યા-મંત્રવિશેષથી, સારા સારાં તીર્થની આરાધના કરવાથી, માતા-પિતાની સુંદર સેવા-ભક્તિ વરવાથી, ગ્લાનને ઔષધ-દાન આપવાથી, દેવાદિક પ્રતિમાની નિર્મલતા કરવાથી મનુષ્ય જાતિસ્મરણવાળો થાય છે."

તે કુરુચંદ્ર રાજા નરકમાંથી બહાર નીકળ્યા પછી સાકેતપુરમાં મહેન્દ્ર નામના મોટા રાજાની મહિમા નામની પત્નીની કુક્ષિમાં 'સમુદ્રદેવ' નામવાળો પુત્ર થયો. જ્યારે તે યૌવનવય પામ્યો, ત્યારે મંત્રી આદિ રાજપરિવારને દેખવાથી પૂર્વભવમાં દેખેલો રાજપરિવાર અહિં અત્યારે યાદ આવ્યો - અર્થાત્ પૂર્વભવ-વિષયક જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. એટલે ભય પામી ચિંતવવા લાગ્યો કે, અહિંથી નરકે શા માટે જવું ? એમ વિચારી હવે પોતાની ગમનક્રિયા અને બોલવાનું બંધ કર્યું, એક સ્થળે બેસી રહેવું અને મૌન રાખવું.' આવી સ્થિતિ અંગીકાર કરી, એટલે પિતાએ તેને વ્યાધિ થયો શરીરમાં વાતાદિ કોઈ વિકાર નથી.' રાજાએ મંત્રીને પૂછયું કે, નિરોગી હોવા છતાં આમ કેમ બેસીજ રહેલો છે ? મંત્રીએ જાણ્યું કે, આ કોઈ ભાગ્યશાળી આત્મા જાતિસ્મરણ જ્ઞાન થવાથી ભવથી ઉદ્વેગ પામેલો જણાય છે. એટલે મંત્રીએ રાજાને પૂર્વ ભવમાં અનુભવેલી ઋદ્ધિ બતાવવાથી સાચું યથાર્થ સ્વરૂપ જાણી

શકાશેએમ વિચારીને રાજાએ મંત્રીને પૂર્વભવ-વિષયક ભવસ્થિતિ તેને બતાવવી એ પ્રમાણે નિયુક્તિ કર્યો.

ત્યાર પછી મંત્રીએ પૂર્વ તૈયારીઓ કરાવી અને કુમારને નવરાવી, અંગવિલેપન કરાવી, આભૂષણોથી અલંકૃત કરી, સુખાસનમાં બેસાડ્યો. ત્યાર પછી વિશિષ્ટ પરિવાર, લક્ષણ, ઋદ્ધિ-સહિત રાજમહેલમાંથી બહાર નીકળ્યો. ત્યાગ કરવા લાયક, આદરવા લાયક એવા પદાર્થના વિભાગના જ્ઞાનવાળો કુમાર જ્યાં આગળ ગયો, ત્યારે ભોગ ભોગવનાર કોઇક પુરુષ દેખવામાં આવ્યો, તથા નવા જન્મેલા પુત્રનો ઉજવાતો ઉત્સવ, તથા મરી ગયેલાની પાછળ રુદન કરતા લોકો, તથા ભિક્ષા માગનારાઓ વગેરેને દેખીને પડખે રહેલા લોકો કુમારને પુછવા લાગ્યા કે, 'આ ભોગીપણું, પુત્રજન્મોત્સવ, મરણરુદન, ભીખ માગવી ઇત્યાદિ વિવિધ પ્રવૃત્તિઓમાં તત્ત્વ શું હશે ?' ત્યારે કુમારે કહ્યું કે, 'વ્યાજ-વટાવ, વેપાર-ધંધો કરી જે ધન એકઠું કરે છે - અર્થાત્ ધનલાભ મેળવવો - એવા ચિત્તવાળો શાસ્ત્રીય ભાષાથી તેને દાતા કહેલો છે કે, જે સ્ત્રી આદિ વર્ગને ભોગવનારો છે. પરંતુ મૂલ મૂડી ખરચીને જે ભોગી બને છે, તે પરમાર્થથી ભોગી બની શકતો જ નથી.કારણ કે, તે ભોગ ભોગવવાથી નવા ભોગ-લાયક પુણ્યનો બંધ થતો નથી. પરંતુ પોતાના પુણ્યની મૂળ મૂડી ખાવા-પીવા, મોજ-મજામાં પૂરી થાય છે અને ખાલી થાય છે. આવી લોકનીતિ છે. આત્મા તરફ લક્ષ્ય રાખીને વિચારીએ, તો 'ધર્મ કરવા વડે કરીને ભોગી' ઇત્યાદિકથી આગળ વિસ્તારથી કહેવાશે. પુત્ર જન્મ્યો, એટલે વધામણા કરવા ઇત્યાદિ રૂપ જે ઉત્સવ કરવામાં આવે છે, પરંતુ તે તો ખણજ-દાદર રોગ વગેરે દર્દોના સમાન જાણવા. જેમ ખણજ-દાદર આદિ રોગ થયો હોય,ત્યારે ખણતા ખણતા શરુઆતમાં કંઇક સુખકર-મીઠી ખણ સુખ આપનારી ભાસમાન થાય છે, પરંતુ પછીના કાળમાં મહાન બળતરા ઉપજાવનારી થાય છે. એ પ્રમાણે પુત્રજન્માદિક સમયે ઉત્સવ આનંદ કરાય છે. શરૂમાં આહ્‌લાદ ઉત્પન્ન કરતો હોવા છતાં જ્યારે લગ્નાદિ કર્યા પછી અણધાર્યો મૃત્યુ પામે છે, ત્યારે પુત્રમરણ અને પુત્રવધૂને દેખીને બમણો દુઃખી થાય છે. એજ આનંદ ઉત્પન્ન કરાવનાર હતો અને મૃત્યુ-સમયે એ જ પુત્ર સંતાપનો હેતુ થાય છે.

વળી જે આ રુદન ક્રિયાથી પ્રગટ દેખાતું મરણ-દુઃખ, તેની અપેક્ષા એટલે કોઇક બીજા સંબંધવાળા પુરુષ સાથે સ્વજનપણાની અપેક્ષા રાખી હોય, એવો અબંધુ હોવા છતાં પણ જ્યારે તે મૃત્યુ પામે છે, ત્યારે દુઃખ ઉત્પન્ન કરાવનાર થાય છે. એકલા બંધુને અંગે દુઃખ થાય છે, તેમ નહિં. કેટલીક વખત કોઇક અપરાધના કારણે બંધુ પણ પારકો બની જાય છે, બંધુમાં પણ દુઃખ થતું નથી. વળી દરિદ્ર અને પરલોકનો દરિદ્ર એ બંનેમાં ઘણો જ તફાવત છે. જ્યારે કુમારે ચારે પૂછેલા પ્રશ્નોના ઉત્તરો આપ્યા, ત્યારે લોકોએ રાજાને નિવેદન કર્યું કે, 'આણે આ વિષયનો આ પ્રત્યુત્તર આપ્યો. ત્યાર પછી રાજાએ પોતાની પાસે બોલાવરાવીને તેને જોયો, તો હર્ષ થયો.

ત્યાર પછી રાજાએ પ્રિય વચનના પ્રયોગ - પૂર્વક આગળ પૂછેલા પ્રશ્નનાં જવાબો પૂછયા. તે અર્થોનું યથાર્થ નિવેદન કર્યું. એટલે પિતાને ધર્મ-વિષયક પરિણામ થયા. 'તું જે કંઇ

નિવેદન કરે, તે અમોને માન્ય છે.' એ પ્રમાણે પિતા તરફથી અનુમતિ મળી,ત્યારે સંવેગ પામેલા પુત્ર ભાવસાર - તત્ત્વભૂત એવું કથન કર્યું. તે જ અહિં સ્પષ્ટ રીતે સમજાવે છે –

શુદ્ધ સુકૃત ઉપાર્જન કરવાથી સર્વ પ્રકારે આ ભવમાં ધન-ધાન્યાદિકના લાભથી દરેક ભોગો મેળવનારા થાય છે. વળી ધર્મ કરવાથી-પુણ્યકાર્ય કરવાથી પરભવમાં પણ ભોગવવા વાલો બને છે. નહિંતર ધર્મ-પુણ્ય ન કરનાર તો વલી તુચ્છ ભોગો મેળવનાર થાય છે. ધર્મ કર્યા વગર નવા પુણ્યકર્મનો અનુબંધ ઉપાર્જન ન કરેલો હોવાથી તુચ્છ-અલ્પ ફળવાળા ભોગો ભોગવનાર થાય છે. તથા રાજ્યફલ-પ્રાપ્તિ તો વ્યાધિ સમાન સમજવી. રાજપણાનો પટ્ટાભિષેક, છડી, ચામર વિંજવા આદિનાં સુખો તો ઉપચારરૂપ છે, તેથી ગાઢ વ્યાધિ અને રાજ્ય આ બેમાં ખાસ કોઇ તફાવત જણાતો નથી. જેમ ગુમડાં, ખસ, કોઢ, ભગંદર આદિ ભયંકર રોગ થયો હોય, ત્યારે કોઇ રાજ્યોત્સવ એ સુંદર ફળવાળો નથી. કારણ કે, "રાજા, ચિત્રકાર અને કવિ આ ત્રણ નરકે જાય છે." આ પ્રમાણેનું નીતિવચન છે. તથા પુત્રજન્માદિના ઉત્સવો, પુત્ર મૃત્યુ પામે, ત્યારે તે આનંદમાં ભંગ થાય છે. માટે તેનું પરિણામ સુંદર નથી. પુષ્પની માળા કે પાણી ભરવાની નાની માટીની ઘટિકા આ બેનો વિચાર કરીશું, તો પુષ્પમાળાનો ભોગ અલ્પ છે અને તેનું મૂલ્ય વધારે છે. ઘટિકા અલ્પ મૂલ્યવાળી છતાં તે લાંબા કાળ સુધી ભોગવાય છે. અહિં આપેક્ષિક દુઃખ કારણ છે. આપણા ખ્યાલથી પુષ્પમાળા એ ભલે કિંમતી છે, પરંતુ સાંજે કરમાઇને નિરુપયોગી થવાની છે. જેથી તે નાશ પામવામાં દુઃખ થતું નથી. જ્યારે પાણી ભરવાની નાની ઘટિકા અલ્પ મૂલ્યવાળી છે, પરંતુ લાંબા સમય સુધી કામ લાગી શકે તેવી છે - એવી અપેક્ષાના કારણે ભાંગી જાય તો પણ દુઃખ થાય છે. ઘટિકામાં સ્થિરત્વ બુદ્ધિ, પુષ્પમાળામાં અનિત્યની બુદ્ધિ કરી છે, એવાની માળા કરમાઇ જાય, તો પણ તેને શોક થતો નથી અને ઘટિકામાં નિત્યપણાની બુદ્ધિ થઇ હોય તેવાને જો હલ્લી ભાંગી જાય, તો શોક કરનાર થાય છે."ધર્મવાળો અલ્પ-આરંભ પરિગ્રહવાળો હોય છે અને તે આ લોકમાં દરિદ્ર ગણાય છે. એ જ પુરુષ અલ્પારંભ-પરિગ્રહના કારણે ભવાંતરમાં ધનવાન શેઠ થશે. કારણ કે, પૂર્વ ભવમાં વ્રતાદિક ધર્મ કરીને પુણ્ય-સંપત્તિ ઉપાર્જન કરેલી છે. તથા અહિં જે ધનવાન છે, તે પરલોકમાં દરિદ્ર થશે. કારણ કે, તેણે અહિં આરંભપરિગ્રહનો ત્યાગ કરી પુણ્યોપાર્જન કર્યું નથી." (૯૬૦)

—આ પ્રમાણે સર્વ પ્રશ્નોના ઉત્તર આપનાર કુમારને માતા-પિતાએ કહ્યું કે, 'વૈરાગ્ય-ભાવનાથી તું ધર્મનો જાણકાર છો, તો પણ ગતિ ન કરતો હોવાથી,તથા બોલતો ન હોવાથી આ બંને કારણે આ સમયે તું અમને અસમાધિ કરાવનાર થયો છે.' આ પ્રમાણે કહેવાયલો તે રાજપુત્ર તેમને કહે છે - કે 'અત્યાર સુધી તો જવા યોગ્ય સ્થાનનો અભાવ હોવાથી મેં ગતિ ન કરી, સ્થિર બેસી રહ્યો. આમાં મારી શરીરની અશક્તિ છે-એ કારણ ન માનવું.' હવે જવા યોગ્ય સ્થાન બતાવે છે –

મારી પોતાની આત્મસ્વરૂપ પ્રવ્રજ્યા સ્વીકારવારૂપ ગતિથી માતા-પિતા તુલ્ય ધર્માચાર્ય કે, જેનો શિષ્ય-પરિવાર ઘણો મોટો હોય અને જ્યાં જ્ઞાન, દર્શન અને ચારિત્રની વૃદ્ધિ થતી

હોય, તેવા તેમના મોટા ગચ્છમાં મારે જવાનું છે. વળી તે ગચ્છ કેવો ? તે કહે છે-અહિં 'દીવગ' શબ્દના બે અર્થો થાય છે.વિસામો આપનાર દ્વીપબેટ અને આદિશબ્દથી પ્રકાશ કરનાર દીપક, આ બંને યોગ જે ગચ્છમાં વર્તતા હોય,તેવા ગચ્છમાં ગમન કરવું યુક્ત છે. અહિં આશ્વાસ-વિસામો લેવા લાયક દ્વીપ દ્રવ્ય અને ભાવ એવા બે પ્રકારવાળો છે. તેમાં દ્રવ્યથી સમુદ્રની વચ્ચે તેવા પ્રકારનો જળથી ઉંચો ભૂમિભાગ હોય, તે દ્વીપ. તે પણ સ્થિર અને અસ્થિર એમ બે પ્રકારનો હોય, તેમાં કોઇ વખત ભરતી આવે અને દ્વીપ ઉપર જળ ફરી વળે. બીજો, જેમાં પાણી ફરી વળે નહીં એવો નિરુપદ્રવપણે રહી શકાય તેવો. એ જ પ્રમાણે પ્રકાશ કરનાર દીપક પણ બે પ્રકારનો સ્થિર અને અસ્થિર. તારા, સૂર્ય, ચંદ્રરૂપ સ્થિર અને તૃણ છાણા, કાષ્ટના અગ્નિના કણિયાના તેજરૂપ અસ્થિર. ભાવશ્વાસરૂપ દ્વીપ તે ચારિત્રરૂપ બે પ્રકારનો. અસ્થિર અને સ્થિર, ક્ષયોપશમિક ચારિત્રરૂપ અસ્થિર, કારણ કે, અતિચારરૂપ જળથી ડૂબાડનાર-ભીંજવનાર-મલિન કરનાર છે. જ્યારે ક્ષાયિક ચારિત્રરૂપ સ્થિર છે, જેમાં અતિચાર - જળ લાગતું નથી. આવાપ્રકાશ-દીપ તે તો મતિજ્ઞાનાદિ રૂપ છે. તેમાં સ્થિર કેવલજ્ઞાનરૂપ, અસ્થિર મતિ આદિ ચાર જ્ઞાનરૂપ. તેથી કરીને જે ગચ્છમાં ભાવશ્વાસ-દ્વીપનો યોગ અને ભાવપ્રકાશ દીપકનો યોગ હોય, તેવા ગચ્છમાં મારે ગમન કરવાનું છે-એ ભાવ સમજવો.

તથા હું મૌન હતો તેના વિષયમાં આપે જે પૂછેલું હતું, તેનો પ્રત્યુત્તર આપને કહું છું કે, 'આત્મપરિણતિમાં જે સુંદર હોય, તે જ બોલવું ઉચિત છે. નહિંતર બુદ્ધિશાળીઓએ અનુચિત બોલવું યુક્ત ન ગણાય. કારણ કે, 'આ લોકમાં આ જીભને કુહાડી તેઓ માટે ગણેલી છે કે, જેઓ આ જીભનો ઉપયોગ કરે છે, ત્યારે શું પરિણામ આવે છે ? તે જણાવે છે. શ્રુતચારિત્રરૂપ ધર્મ, તે સિવાય અધર્મ, તે બંને રૂપ વૃક્ષો, તેઓનો છેદ થાય છે. તે આ પ્રમાણે-આ જીભને સારી રીતે જીભનો પ્રયોગ કરવામાં આવે, તો અધર્મરૂપ પાપ-વિષયવૃક્ષોને કાપી નાખે છે અને ખોટી રીતે જીભનો પ્રયોગ કરવામાં આવે, તો ધર્મરૂપ વૃક્ષનો છેદ કરી નાખે છે, માટે જીભને કુહાડી સરખી કહી છે. માટે હું મૌન હતો. જે પ્રમાણે તમે કહ્યું, તે જ પ્રમાણે આ છે. એમ બોલતાં તે માતા-પિતા વગેરે પરિવાર-સહિતને પ્રતિબોધ થયો. પરંતુ ધર્મપરીક્ષાના વિષયમાં માતા-પિતાએ પૂછયું કે, 'ઘણા ભાગે માતા-પિતાની પૂજા અને તેમનો ઘાત આ બેમાં જગતમાં અતિશય યુક્ત શું કહેવાય ?' આ પ્રમાણે તેઓએ પૂછયું, ત્યારે પુત્રે જવાબ આપ્યો કે-'બીજા ધર્મવાળાઓ ઘણે ભાગે 'પૂજા યોગ્ય છે.' એમ કહે છે. હું તો આ વિષયમાં જણાવું છું કે-અનેકાન્તવાદથી પૂજા અને ઘાતનું તત્ત્વ વ્યવસ્થિત કરવું. આમાં હેતુ જણાવે છે કે, માતા-પિતાઓ વ્યવહાર અને નિશ્ચય એમ બે પ્રકારના હોય છે. વ્યવહારનય મતને આશ્રીને માતા-પિતાઓ જગતમાં પ્રસિદ્ધ છે. નિશ્ચયનયથી તો તૃષ્ણા-લોભ અને માન અહંકાર એ બંને માતાપિતા થાય છે. જગતના સર્વ સંસારી જીવોને તે બેથી જન્મનો લાભ થાય છે. આ પ્રકારે માતા-પિતાના બે વિભાગ જણાવ્યા. હવે તેને ઉચિત શું કરવું ? તે કહે છે. પ્રથમ પ્રકારના માતા-પિતાના ત્રણે કાળ પ્રણામાદિ પૂજા-સત્કાર કરવા. બીજા જે માતા-પિતા છે, તેમનો નિશ્ચયનય મતથી વધ કરવો-નાશ પમાડવા. માટેતેમાં અનેકાંતવાદ જોડેલો

યુક્ત છે. ૯૬૬

'પડિલેહણા, પ્રમાર્જના, જયણારૂપ બાહ્ય ચેષ્ટા અને ધ્યાન-ભાવનારૂપ અભ્યંતર ચેષ્ટા આ બેમાં અધિક શોભન ચેષ્ટા કોને ગણવી ?' આ પ્રમાણે માતા-પિતાએ પૂછયું, ત્યારે રાજપુત્રે જવાબ આપ્યો કે-'એક બીજાને હરકત ન પહોંચે, કોઇની પ્રધાનતા કે અપ્રધાનતાનું નિવારણ ન થાય, બંને સમાન રીતે જે કાલે શોભા પામે અને જે વખતે જેની કળા વૃદ્ધિ પામે, તે વખતે તે ચેષ્ટા શોભન ગણાય. જે કાળે જે પ્રસિદ્ધિરૂપે વિસ્તાર પામે, ત્યારે તે જ શોભન ગણાય-એમ સમજવું. ઘણા લોકની અંદર પ્રસિદ્ધિ પામેલ સ્વરૂપવાળો 'રાજા' વગેરે શબ્દરૂપ વાચ્યની જેમ.

બાહ્ય અને અભ્યંતર ચેષ્ટાઓ પરસ્પર વિલક્ષણ હોવાથી આ બંનેનો ભેદ છે. એક-બીજાના સહકારયોગે બંને પ્રશસ્ત છે-એમ ભાવ સમજવો. આ પ્રમાણે વ્યવહારનય મત કહીને હવે નિશ્ચયનય મત કહે છે-અભ્યંતર ધ્યાન-ભાવનારૂપ ચેષ્ટા, તે પડિલેહણા અધિક બાહ્ય ચેષ્ટાને દૂષિત કરતી નથી. વૃક્ષ જેમ પોતાની છાયાને નક્કી કરતો નથી, તેમ બાહ્ય ચેષ્ટા આ ક્રમથી અભ્યંતર ચેષ્ટાને, જેમ વૃક્ષ મૂળને છોડતું નથી. આ પ્રમાણે નિશ્ચયનય અને વ્યવહારનયવાળા કહે છે કે, એક એક ચેષ્ટા ઉભયરૂપ છે-એટલે આ બાહ્ય-અભ્યંતરરૂપ ચેષ્ટા એક-બીજામાં ઓતપ્રોત સમજવી. (૯૬૮)

ત્યાર પછી કુરુચન્દ્ર કુમારને જે બન્યું, તે કહે છે. આ પ્રકારે માત-પિતાની સેવા રૂપ પ્રતિપત્તિ કરવાથી તેને જ્ઞાનાદિ રૂપ મોક્ષમાર્ગનો લાભ થયો. દુર્ગતિના દ્વારને બંધ કરનારી, સુદેવત્વ, સુમાનુષત્વ રૂપ સદ્‌ગતિ તેમ જ મોક્ષગતિને પમાડનારી એવી પ્રવ્રજ્યા આરાધના પ્રાપ્ત થઈ. (૯૬૯) **'સતતાભ્યાસ' નામનું પ્રથમ ઉદાહરણ સમાપ્ત.** 'વિષયાભ્યાસ' નામનું ઉદાહરણ –

## વિષયાભ્યાસ ઉપર મેના પોપટનું દૃષ્ટાંત

૯૭૦—પોતાની પ્રિયાસહિત કીર (પોપટ), મેના બંનેએ તીર્થંકર પરમાત્માની આમ્રમંજરીની પુષ્પકલિકાઓથી પૂજા કરી,તે રૂપ પુણ્યાનુબંધી પુણ્યયોગે આ જગતમાં સુખ-પરંપરા એટલે કલ્યાણની શ્રેણિ પ્રાપ્ત કરી. (૭૯૦) સુખપરંપરા-પ્રાપ્તિનું કારણ કહે છે -

૯૭૧-સુંદર વર્તન કરવાપણું ઈત્યાદિ પ્રશસ્ત - કુશળ પરિણામના કારણથી, વળી જેનું પરિણામ-ફળ પણ સુંદર છે, એવા અનુકૂલ વિષયના ભોગવટાથી ઉત્પન્ન થએલ સુખનો હેતુ હોવાથી, નક્કી આ સર્વકલંક-રહિત પુણ્યનું જ ફળ છે. અર્થાત્ પુણ્યાનુબંધી પુણ્યના યોગે સર્વ લક્ષણયુક્ત એવા પત્ની, પુત્રાદિક પદાર્થો પ્રાપ્ત થાય. વળી આત્માને અનાચારરૂપ પાપોના સેવનથી દૂર રાખનાર થાય છે. કહેવાનો આશય એ છે કે-'શુદ્ધ પુત્ર, પત્ની વગેરે સારો પરિવાર પ્રાપ્ત થવાથી સર્વ ક્રિયાઓમાં પુરુષને તેમના આધીન રહેવાનું હોવાથી સ્વપ્નમાં પણ તેને અતિચાર સેવવાનો સંભવ હોતો નથી. (૯૭૧) હવે જે જન્મના અનુભવ વડે કરીને સુખપરંપરા પામ્યો, તે જણાવતાં કહે છે –

૯૭૨–પ્રથમ ભવમાં પોપટ, બીજા ભવમાં નિધિકુંડલ નામનો રાજપુત્ર થયો. ત્રીજા ભવમાં સૌધર્મ દેવલોકે ગયો. ચોથા ભવમાં લલિતાંગ નામનો રાજપુત્ર થયો. પાંચમાં ભવમાં ઈશાન નામના બીજા દેવલોકમાં ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવીને દેવસેન નામનો રાજપુત્ર થયો. ત્યાંથી વિશિષ્ટ પ્રકારના તપ અને સંયમનું પાલન કરીને બ્રહ્મદેવલોકમાં ઈન્દ્રપણે ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવીને પ્રિયંકર નામનો ચક્રવર્તી, ત્યાર પછી નિરતિચાર ચારિત્રનું પાલન કરીને સિદ્ધિગતિ પ્રાપ્ત કરી - એમ જાણવું. (૯૭૨) હવે ભાર્યાના ભવો કહેવાની અભિલાષાવાળા કહે છે –

૯૭૩ – પ્રથમભવમાં મેના તિર્યંચ, ત્યાર પછી પુરંદરયશા નામની રાજપુત્રી, ત્યાર પછી સૌધર્મ દેવલોકમાં, ત્યાંથી ચ્યવીને ઉન્માદયન્તી નામની રાજપુત્રી, ત્યાર પછી તપસ્યા કરી ઈશાન દેવલોકમાં, ત્યાંથી ચ્યવી ચંદ્રકાન્તા નામની રાજપુત્રી થઈ, પ્રિયંકર રાજાના મતિસાગર મંત્રી થયા. તે ચક્રવર્તીને અતિશય વલ્લભ હોવાથી અતિશયજ્ઞાની ભગવંતને પૃચ્છા કરી કે-'હે ભગવંત ! કયા કારણથી આ મને અતિવલ્લભ છે ?' તેમણે પણ પૂર્વભવના વૃત્તાન્તો કહ્યા, એટલે બંનેને સંવેગ ઉત્પન્ન થયો. (૯૭૩)

આ વકતવ્યતા વિસ્તારથી કહેવાની ઈચ્છાવાળા શુકનું મરણ ઈત્યાદિ ચૌદ ગાથાગર્ભિત ચરિત્ર કહે છે –

૯૭૪ થી ૯૮૬–સર્વ ઋતુયોગ્ય વૃક્ષ-સમૂહની પુષ્પ-સુગંધથી ભરપૂર દિશાસમૂહવાળુ નંદનવન સમાન અતિ મનોહર મહાવનનામનું એક મોટુવન હતું જેમાં પુષ્પરસનાં પાનથી મત્ત બનેલા મધુકરના ગુંજારવથી સંતોષ ઉત્પન્ન કર્યો છે, તથા લીલાથી ગમન કરતા હાથીઓના કુલના કંઠના ગર્જારવશબ્દથી મનોહર એવા તે વનમાં જિનેન્દ્ર ભગવંતનું ભવન હતું. તે કેવું હતું ? તો કે, મોટા સ્થૂલ સ્તંભોવાળું, સ્તંભ ઉપર સ્થાપન કરેલી નૃત્ય કરતી પૂતળીઓથી યુક્ત, લક્ષણયુક્ત સ્ત્રીવર્ગની જેમ જેની ચલાયમાન નિર્મલ પતાકા ફરકતી છે,હિમાલયપર્વત સરખા ઉંચા શિખર સરખું, સ્ફટિકમણિમય વિશાલ શાલા-યુક્ત, જેણે કિન્નર દેવતાઓના સમૂહ માફક આરંભેલાં ગીતોથી દિશાચક્રને બહેરું કરેલ છે, અતિરમણીય આહ્લાદક ઋષભનાથ ભગવંતની પ્રતિમાએ જેના મધ્યભાગમાં શોભા કરી છે, જેને વૃક્ષોના સમૂહથી શોભાયમાન એવો ચારે બાજુ ફરતો વનખંડ છે. લોકોનાં નયનોને રમ્ય, સુંદર કાંતિવાળું, જયલક્ષ્મીના કુલઘર સરખું, વળી મહાદેવના હાસ્ય-સમાન પ્રકાશિત કાંતિસમૂહવાળું એક જિનભવન હતું.

તે વનમાં મનુષ્યભાષા બોલનાર અતિગાઢ સ્નેહવાળું એક પોપટ અને મેનાનું તિર્યંચ-યુગલ હતું. સ્વચ્છંદપણે ઉડતા, ફરતા ફરતા તે બંને કોઈક સમયે તે ઋષભદેવ ભગવંતની પ્રતિમા પાસે આવ્યા એને દેખીને હર્ષિત મનવાલા કહેવા લાગ્યા કે- 'આ રૂપ-દર્શન અપૂર્વ નયનામૃત-સમાન છે, માટે બીજાં કાર્યો છોડીને આપણે દરરોજ આવીને આ રૂપ જોવું યોગ્ય છે. આ પ્રમાણે દરરોજ પ્રભુ-પ્રતિમાનાં દર્શન કરતા કરતા લગભગ તેમના આત્મામાં મોહની મલિનતા ઓસરી ગઈ. આ પ્રમાણે તે બંનેના દિવસો પસાર થતા હતાં. એટલામાં રતિ-આનંદના સ્થાન સમાન વસંત માસ આવ્યો. એક સાથે જ ત્યાં આગળ સમગ્ર વૃક્ષો પુષ્પ-

સમૂહથી આચ્છાદિત બની ગયા. એટલે વનનાં દરેક સ્થળો દેવતાઓના બગીચાઓથી પણ અધિક શોભવા લાગ્યાં. એ પછી તે બંનેએ પોતાની ભક્તિથી પૂર્ણ ચંચુપુટથી આંબાની મંજરીઓ ગ્રહણ કરીને પૂજન-નિમિત્તે પ્રભુના મસ્તક ઉપર અર્પણ કરી હતી. આમ પ્રભુ-પૂજા કરતા કરતા તેઓના કષાયોની મંદતા થઈ, મધ્યમ પ્રકારના ગુણવાળા તેઓનોકેટલાક સમય ગયા પછી મરણ-પરિણામ થયો.

આ બાજુ ભરતક્ષેત્રમાં કોશલ નામના શુભ પ્રદેશમાં વિકસિત થએલા કમલખંડથી શોભાયમાન, હજારો સરોવરોથી વીંટાયેલ, હજારો પુરાણા દેવકુલની સભાઓથી મંડિત,સ્થાને સ્થાને શોભા પામેલ હોવાથી, દેવલોકને પણ ઝાંખુ કરતું એવું સાકેત નામનું નગર હતું. તે નગરમાં રાજાના વંશમાં મોતી અને મણિ સમાન, ચંદ્ર સમાન ઉજ્જવલ યશ-સમૂહવાળો, વૈરીઓનો વિનાશ કરવા માટે રોષથી લાલ બનેલા નેત્રવાળો, યમરાજાની તલવાર સમાન દેખાતો, કુનીતિ આચરનાર હરણિયા સમાન રાજાઓ માટે સિંહ સમાન, વિનયથી નમન કરતા સામંત રાજાઓના મુકુટથી જેના ચરણ સ્પર્શાયા છે, એવો સમરસિંહ નામનો રાજા હતો. તેને વિકસિત કમલલક્ષ્મી સમાન સુખવાળી, શંખ માફક ઉજ્જવલ કુલલક્ષ્મીવાળી, પોતાના રાજ્ય અને જીવિત માફક રાજાને પ્રિય એવી દમયંતી નામની પ્રિયા હતી. વિવિધ પ્રકારના વિષયો ભોગવતા ભોગવતા વિરહ પામ્યા વગરના તે બંનેના દિવસો પસાર થતા હતા. કોઈક સમયે સુખે સુતેલી રાણીએ રાત્રિના મધ્યમાં સ્વપ્નમાં ઈન્દ્રના મનોહર ધનુષ્ય-સમાન કુંડલ દેખ્યું. તે જ લક્ષણે જાગૃત થઈને પતિને નિવેદન કર્યુ. પતિએ કહ્યું કે, 'હે પ્રિયે ! તને પવિત્ર અંગવાળો પુત્ર નક્કી થશે. ચંદ્રનો ઉદય થાય, ત્યારે સમુદ્ર, પૃથ્વી અને આકાશતલનો અનુત્તર વિસ્તાર પામે છે, તેમ તે પુત્રનો જન્મ થશે, એટલે આપણા કુલરૂપ સમુદ્રની વૃદ્ધિ થશે.'

ત્યાર પછી કંઈક અધિક નવમાસ પૂર્ણ થયા પછી શરીરની પ્રભાના સમૂહથી દિશાઓને વિભૂષિત કરતો એવો પુત્ર જન્મ્યો. ત્યાર પછી નાલનો છેદ કર્યો અને જ્યારે તે દાટવા માટે ભૂમિ ખોદતા હતા, ત્યારે રત્ન ભરેલા નિધાનની પ્રાપ્તિ થઈ. તેનો મોટો જન્મોત્સવ પ્રવર્તાવ્યો. ત્યાર પછી કુંડલનું સ્વપ્ન અને નિધિનું દર્શન થયેલું હતું, તે કારણે પિતાએ 'નિધિકુંડલ' એવું નામ સ્થાપન કર્યું. આ પ્રમાણે અનેક હજારો મહોત્સવ-ક્રિડાઓનો આશ્રય કરતો તે વૃદ્ધિ પામ્યો અને અતિસુંદર તરુણીઓનાં હૃદયને હરણ કરનાર યૌવન પામ્યો. પેલી મેના પણ મૃત્યું પામીને કુણાલ દેશમાં શ્રાવસ્તી નગરીમાં શ્રીસેન રાજાની કાંતિમતી નામની રાણીની કુક્ષિમાં અશોક વૃક્ષનાં પુષ્પોની માળાના સ્વપ્નથી સૂચિત એવી પુત્રીપણે ઉત્પન્ન થઈ. સારા મુહૂર્તે તેનો જન્મ થયો. તેનો જન્મોત્સવ કર્યો. દિવ્ય પુષ્પમાલાના સ્વપ્નથી સૂચિત હોવાથી આ પુત્રીનું નામ 'પુરંદરયશા' રાખ્યું. (૩૦) અનુક્રમે આ પુરંદરયશા કુમારી અતિપુષ્ટ સ્તનભારથી શોભાયમાન તરુણવર્ગને ઉન્માદ કરાવનાર કામદેવની પ્રિયાનો અહંકાર દૂર કરનાર એવું સુંદર યૌવન પામી.

આ બાજુ નિધિકુંડલ રાજપુત્ર તારુણ્ય પામવા છતાં પણ સૌભાગ્યથી મનોહર એવી સુંદરીઓ વિષે મન કરતો નથી. લોકોમાં વાત પ્રવર્તી કે, રૂપ, યૌવન, ગુણવાળો હોવા છતાં

પણ આ કુમાર વિષયોમાં રાગ કરતો નથી, તે નવાઈની વાત કહેવાય બાલ્યાકાલમાં અભ્યાસ કરેલી હોય, તેવી નકામી સર્વ લિપિ આદિ કળાઓના પરાવર્તન કરવામાં વિષયવિમુખ બની દિવસો પસાર કરવા લાગ્યો. તે પુરંદરયશા લોકો પાસેથી શરદચંદ્રના કિરણ સમાન ઉજ્જવલ, નિષિકુંડલની કીર્તિ સાંભળીને હવે બીજા પુરુષોમાં લગાર પણ મન કરતી નથી. તેમ જ પોતાના મનની વાત કોઈને કહેતી નથી માતા-પિતાને ચિંતા થઈ કે, 'આ લગ્ન કરતી નથી, તો હવે શું કરવું ?' રાજાએ મંત્રીને કહ્યું કે, 'તેવો કોઈ ઉપાય કરો કે, આ કન્યા કોઈ રાજકુમાર સાથે જલ્દી વરી જાય,' ત્યાર પછી મંત્રી પણ તેના વરની પ્રાપ્તિ માટે પ્રવૃત્તિ કરવા લાગ્યા અને ચારે દિશામાં રાજકુંવરોનાં પ્રતિબિંબો લાવવા તેવો યોગ્ય સેવકોને મોકલ્યા. રાજપુત્રોનાં નામ, કુલ, ગુણો અને રૂપો જાણવામાં આવે, તો કોઈ પ્રકારે રાજકન્યાને અનુરાગ થાય. ઉંચા પ્રકારની અનેક કળાઓ, ગુણો, રૂપ નિર્મલ શીલવાળા સર્વે રાજપુત્રોનાં પ્રતિબિંબો તેને બતાવ્યાં. (૪૦) એમ દેખાતાં દેખતાં નિષિકુંડલનું પ્રતિબિંબ જોતાંની સાથે જ એકદમ તેનાં સર્વ ગાત્રોમાં રોમાંચ ઉલ્લસિત થયાં અને જાણે સ્તંભિત થઈ હોય, તેમ તેની દૃષ્ટિ ત્યાં સ્થિર બની ગઈ. એકી નજરથી તેને જોતી હતી, ત્યારે તેના મનમાં એક જાતનો રણકો થયો અને તે વખતે તેને સમગ્ર ભવન શૂન્ય જણાવા લાગ્યું. તેના દેહમાં તે સમયે કામદેવના વિકારનો તેવો કોઈ તાપ વૃદ્ધિ પામવા લાગ્યો કે, જે ઠંડા ચંદ્રનાં કિરણો, ચંદનરસ, કમળપત્રોથી પણ અસાધ્ય હતો.

આ બાજુ કોઈક સમયે નિષિકુંડલે સ્વપ્નાવસારે યથાર્થ તેનું રૂપ દેખ્યું અને તરત જ જાગી ગયો. ફરી પણ કુમાર તેને દેખવાની ઉત્સુકતાવાળો થયો, તેને ક્યાંથી પણ ન દેખતો વિરહાગ્નિથી બળી રહેલો ક્યાંય પણ ધૃતિ પામતો નથી. આ સ્થિતિમાં રહેલો હતો, એટલે પિતાને સ્વપ્નના બનાવની ખબર પડી. તરત દરેક દિશામાં તેવા ચરપુરુષોને મોકલીને રાજપુત્રીઓનાં પ્રતિબિંબો મંગાવ્યાં. તે દેખાતાં જ્યાં પુરંદરયશાનું પ્રતિબિંબ દેખ્યું, એટલે તે પણ તેના સરખો વિરહાગ્નિથી બળવા લાગ્યો. તે રાજપુત્રી વિષયક કુમારનો અનુરાગ જાણીને મંત્રી જાતે ત્યાં ગયા અને ઘણા સ્નેહગર્ભિત વચનથી તેની માગણી કરી. પિતાની કૃપાથી પુરંદરયશા સાથે વિવાહ કર્યો. હવે નિષિકુંડલે પોતાના નગરથી તેની સાથે વિવાહ કરવા માટે મોટી વિભૂતિ સહિત શ્રાવસ્તી નગરી તરફ પ્રયાણ કર્યું. જેટલામાં કેટલોક માર્ગ કાપ્યો અને એક અરણ્યમાં પડાવ નાખ્યો. ત્યાર પછી ઘોડાએ કુમારનું અપહરણ કર્યું. (૫૦)

હવે મંત્રસાધના કરવા માટે પુરંદરયશાને પોતાના સ્થાનેથી અપહરણ કરીને તેનો ઘાત કરવા માટે મંડલની અંદર બેસાડી, કાપાલિક સાધુ ભયંકર ડમરૂકના શબ્દને કરતો હતો. તે વખતે કુમાર આગળ જોયેલ પ્રતિબિંબ સરખી આ કુમારીને દેખીને વિચારવા લાગ્યો કે, 'શું આ મારી પ્રિયા હશે કે ? અથવા તો તેની હાજરી અહિં ક્યાંથી હોઈ શકે ? અથવા દૈવની ગતિ વિચિત્ર છે, તેથી કરીને શું ન સંભવી શકે ? અથવા તો જે કોઈ હોય, તેનું રક્ષણ કરનાર થાઉં. અતિદુષ્ટ ચિત્તવાળા આ રાક્ષસ સરખી ચેષ્ટા કરનારાથી મારે તેને છોડાવવી જોઈએ.' ત્યાર પછી મોટો હાકોટો કરીને અરણ્યસ્થાનને બહેરું કરી નાખ્યું અને કુમારે તેને

કહ્યું કે-' અરે ! અનાર્ય-ચેષ્ટા કરનારા ! આ શું પાપવ્યવસાય કરો છો ? કુમારે તલવાર ઉગામી, એટલે કાપાલિકે જાણ્યું કે, 'આ નક્કી આપણો ઘાત કરશે.' મૃત્યુનો ત્રાસ થવાથી ત્યાંથી તે એકદમ પલાયન થયો. જીવવાની આશા પ્રાપ્ત કરનાર એવી તેને પૂછયું કે, 'તું અહિં કેવી રીતે આવી ?' ત્યારે તેણે કે, 'રાત્રીએ ઉંઘી ગઇ હતી, સુખે નિદ્રા લેતી હતી, ત્યારે કોઇ અનાર્ય ચરિત્રવાળાએ મને અહીં આણી છે. તરત જ હું જાગી, જયાં નજર કરી, તો આ કાપાલિક જોવામાં આવ્યો. હે સૌભાગી ! પૂર્વે પણ તમારી પ્રતિકૃતિ દેખી,તે જ કાપાલિક જોવામાં આવ્યો. હે સૌભાગી ! પૂર્વે પણ તમારી પ્રકૃતિ દેખી, તે જ વખતે મેં મારો આત્મા તમોને અર્પણ કરેલો જ છે. અત્યારે તો આપે આપના પરાક્રમથી જ મને ખરીદી લીધી છે. કુમાર પણ પોતાનો વૃત્તાન્ત કહ્યો કે, 'અને પરણવા માટે મેં પ્રયાણ કરેલ હતું, પરંતુ હે સુંદરિ ! દૈવયોગે ઘોડાએ મને અહીં આણ્યો છે.' (૬૦)

આ સમયે કુમારનું સૈન્ય આવી પહોંચ્યું, એટલે પુરંદરયશાને સાથે લઇ કુમારીના પિતાના ઘરે સર્વે પહોંચ્યા. અતિસ્નેહવાળા તે બંનેનો મોટા મહોત્સવથી વિવાહ પ્રવર્ત્યો. કાલક્રમે કુંવરે પિતાની નગરીએ આવીને પિતાને પ્રણામ કર્યા. ત્યાર પછી અનેક ધનકોટી તેમ જ રાજાના ઘરને યોગ્ય બીજા પણ આઠગુણાં દાન રાજાએ વહુને આપ્યાં. મનોરથ થતાંની સાથે જ સિદ્ધ થયેલા કાર્યવાળા એમનો દોગુંદુક દેવની જેમ દિવ્યભોગો ભોગવતાં કાળ પસાર થતો હતો.

કોઇક સમયે સીમાડાનો કોઇક રાજા દેશને આકુળ કરતો હતો. તેના સમાચાર જાણ્યા પછી નિધિકુંડલના પિતા તે રાજાને શિક્ષા કરવા માટે અતિ રોષાયમાન બની સમગ્ર સેના સહિત પ્રલયકાળના પવનથી ક્ષોભિત થયેલા સમુદ્રજળના કલ્લોલ સરખા દુર્ઘર્ષ રાજાને નિધન પમાડ્યો. ત્યાર પછી રાજપરિવારે નિધિકુંડલ કુમારને પિતાના સ્થાને સ્થાપન કર્યો.તેના ગાઢ પ્રતાપરૂપ અગ્નિએ' સમગ્ર શત્રુગણને ભસ્મીભૂત કરી નાખ્યો.

કોઇક સમયે ત્યાં નંદિવર્ધન નામના આચાર્ય પધાર્યા. નિધિકુંડલ રાજા સપરિવાર મોટા આડંબરથી તેમની પાસે ગયો.સૂરિનાં દર્શન કરી તેમને વંદના કરી. રોમાંચિત ગાત્રવાળા રાજાએ આદરથી કર્ણામૃત-સમાન ધર્મ સાંભળ્યો. જેમ નેત્રનાં પડલ દૂર થવાથી કોઇક જલ્દી દેખે છે, તેમ મોહના પડદા વિનાશ પામે તે તત્ત્વને બરાબર વિચારવા લાગ્યો.

પુરંદરયશાની સાથે શ્રમણોપાસક-ધર્મ અંગીકાર કર્યો અને લગભગ ભોગો વિષે અનાસક્ત બુદ્ધિવાળો થયો. કેટલોક સમય ગયાપછી ક્ષીરસમુદ્ર સમાન ઉજજવલ યશસમૂહવાલો ગુણરત્નના કિંમતી નિધાન સરખો તેને પ્રતિપૂર્ણયશ નામનો પુત્ર થયો. જન્માંતરમાં કરેલી જિનપૂજાના પરિણામથી ઉત્પન્ન થયેલ વિશુદ્ધિ શ્રદ્ધાથી મેરુપર્વત સરખું ઉંચું મનોહર જિનાયતન કરાવ્યું. પુણ્યાનુબંધી પુણ્ય-પ્રભાવયોગે હવે કોઇક સમયે અનેક મુનિવરો સાથે ત્યાં સુમતિનાથ તીર્થંકર ભગવંત સમવસર્યા. (૭૫) તેમના વચનરૂપ અમૃતધારાની વૃષ્ટિ પડવાથી જેનો વિષરૂપ વિષનો દાહ શાન્ત થયો છે, એવો તે ઉજજવલ પ્રવ્રજયા અંગીકાર કરવા ઉદ્યત થયો. પોતાના રાજયપદ પર પુત્રને સ્થાપન કર્યો. પવિત્ર

વિધિથી યથોચિત કાર્યો કરીને સાવદ્ય કાર્યના ભીરુ એવા તેણે ભાર્યા સહિત દીક્ષા અંગીકાર કરી. તીવ્રતપસ્યા-સહિત મહાવ્રતોનું પાલન કરી અનેક પ્રકારની આરાધના કરી પર્યંતે સમાધિ-મરણ પામીને સૌધર્મ નામના પ્રથમ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો. દિવ્ય ભોગભૂમિનો ભાજન બન્યો, તે પુરંદરયશા પણ ત્યાં જ પાંચપલ્યોપમના આયુષ્યવાળી દેવી થઇ.

ત્યાર પછી તે દેવ આ જ દ્વીપમાં પુર્વવિદેહમાં પુંડરીગિણી નગરીમાં ચંદનપતિ રાજાની શ્રીચંદના નામની ભર્યાની કુક્ષિ વિષે ઐરાવણ હાથીના સ્વપ્નથી સૂચિત એવો તે પુત્રપણે જન્મ્યો. લલિતાંગ એવું તેનું નામ સ્થાપન કર્યું. ક્રમે કરીને અતિશય સૌભાગ્ય સહિત યૌવન પામ્યો. દેવી પણ આ જ વિજયમાં મણિનિધિ નામના મનોહર રૂપવાળા નગરમાં શિવરાજાની શિવારાણી વિષે પુત્રી ઉત્પન્ન થઇ. તરુણ લોકોના મનને ઉન્માદ પમાડતી એવી તે પુત્રીનું ઉન્માદયન્તી નામ સ્થાપન કર્યું. અનુક્રમે ઉંચાસ્તનથી ઢંકાએલ અતિલાવણ્ય યુક્ત યૌવનવય પામી. હવે માતાએ કોઇક સમયે વિવાહ યોગ્ય બનેલી તે કન્યાને સ્નાન કરાવી, સર્વાંગે મનોહર આભૂષણો પહોરાવીને પિતા પાસે મોકલી. રાજા પણ પુત્રીનું રૂપ દેખીને વ્યાકુલ બની ગયો કે, 'આવા સુંદર રૂપવાળી આ પુત્રીનો રાજપુત્રોમાંથી કયો વર થશે ? આ વિષયમાં સ્વયંવરવિધિ કરવો અને તેમાં પુત્રી પોતાની ઇચ્છા પ્રમાણે વર પસંદ કરીને વરે, તો મને અનુચિત વરના દાનનો દોષ ન લાગે. સ્વયંવર કરવા માટે અતિવિશાળ મંડપની રચના કરાવી અને દૂતોને મોકલાવીને સર્વ સ્થળોથી એનેક રાજપુત્રોને આમંત્રણ આપીને ત્યાં બોલાવ્યા. ચલાયમાન શ્વેત મનોહર ચામરવાળા તથાજેમણે શ્વેત છત્ર વડે દિશાના અંતભાગો ઢાંકી દીધા છે. એવા સર્વે રાજપુત્રો ઉત્તમ પ્રશસ્ત દિવસે ત્યાં વિવાહ માટે આવી પહોંચ્યા. તે રાજપુત્રોમાં ચાર કુમારો ચાર વિદ્યાઓમાં કૌશલ્ય પામેલા ઘણા લોકોને આનંદ આપનાર હતા. (૯૦) જ્યોતિષ વિષયમાં સિંહકુમાર, વિમાન વિદ્યામાં તો પૃથ્વીપાલ, ગારુડવિદ્યામાં અજકુમાર અને ધનુષવિદ્યામાં લલિતાંગકુમાર. રાજકન્યા પણ શણગાર સજીને ત્યાં આવી પહોંચી અને એમ કહેવા લાગી કે, 'જ્યોતિષ. વિમાન, ધનુષ્ય, ગારુડ વિદ્યા પૈકી જેણે એકમાં પણ કૌશલ્ય મેળવ્યું હશે, તે મારો વર થશે.' ત્યાર પછી લલિતાંગકુમારે પૂતળીનું લક્ષ્ય બાંધી તેને ધનુષવિદ્યામાં પોતાની કેવી પ્રવીણતા છે, તે બતાવી.

ત્યાર પછી જેને એથી મહાઆનંદભર ઉત્પન્ન થયો છે, એવી તેણે તેના કંઠમાં ઉત્કંઠાપૂર્વક ચલાયમાન ભ્રમણ-શ્રેણીવાળી વરમાલા પહેરાવી. આ સમયે કોઇક કામદેવથી ઉન્માદી બનેલા ખેચરે તેનું અપહરણ કર્યું. એટલે માયાવી દડાની જેમ તે અદશ્ય બની ગઇ. લલિતાંગ વગેરે રાજપુત્રો, તેનાં માત-પિતા પોતાને પરભવ પામેલા જાણીને લજ્જા પામવા લાગ્યા. અત્યારે પરાક્રમ કરવાથી સર્યું. આની શોધ પ્રયત્નથી કરવી જોઇએ, નહિંતર ચંદ્ર-સૂર્ય હશે ત્યાં સુધી, આપણી નબળાઇની કથા દૂર નહિ થાય. જ્યોતિષવિદ્યા જાણનાર રાજપુત્રે કહ્યું કે, 'આવા લગ્નમાં અપહરણ થયું છે, જેથી અક્ષતપણે તેનો સમાગમ થશે.' બીજાએ વળી તરત જ આકાશમાં ગમન કરી શકે તેવું વિમાન ઘડીને તૈયાર કર્યું. જ્યોતિષીએ કહેલા માર્ગે લલિતાંગકુમાર વિમાનમાં બેસીને હિમવંત પર્વતના શિખર ઉપર પહોંચ્યો કે,

જ્યાં પેલો ખેચર તેના ચરણ-કમળમાં ભમરા માફક સુકોમલ વાણીથી કરગરવા લાગ્યો અને કોઇ પ્રકારે મારા પર પ્રસન્ન કેમ થાય ?' તેવી સ્થિતિમાં તે જોવામાં આવ્યો. (૧૦૦)

તે આ પ્રમાણે દીનતાથી તેને પ્રાર્થના કરવા લાગ્યો કે-'હે સુંદરિ ! તું મારી અવજ્ઞા ન કર, તેં મને પ્રભાવિત કર્યો છે, આ દુઃખથી ક્ષણવાર પણ હવે જીવવા સમર્થ નથી' ત્યાર પછી લલિતાંગ કુમાર પોતાના મનમાં પ્રલયાનલ સરખા પ્રચંડ કોપને વહન કરતો કઠોર શબ્દોથી આ પ્રમાણે તિરસ્કાર કરવા લાગ્યો કે, 'અરે ! તું નિર્મલ કુલનો જણાતો નથી, નહિંતર આ પ્રમાણે પારકી સ્ત્રીનું અપહરણ કરે નહિ. તારું મુખ જોવામાં પણ પાપ છે,તું દેખવા લાયક નથી.' તીવ્રરોષવાળો તે ખેચર પણ તરવાર ગ્રહણ કરીને એકદમ સામો જોડ્યો અને આકાશમાં જાણે વિજળીદંડથી પ્રકાશિત મેઘ હોય,તેવો તે જણાવા લાગ્યો. જેટલામાં પરાક્રમના પ્રકર્ષથી તેને પ્રહાર આવી પહોંચ્યો, એટલે આણે પણ એકમદ પ્રચંડ ધનુષ્યદંડ ખેચ્યું. છેદ કાન સુધી ખેંચેલ યમરાજાની જીભ સમાન ચોરના પ્રાણને હરણ કરનાર એવું બાણ કુમારે છોડ્યું, તે બાણથી આ ખેચર હૃદયના મર્મસ્થાનમાં એવો વિંધાયો કે,જેથી બાણની સાથે તેની મિત્રતા વહન કરતા હોય, તેમ દેહમાંથી પ્રાણ નીકળી ગયા. ત્યાર પછી વિકસિત કમલ-સમાન સુખવાળી તે રાજકન્યા વિમાનમાં આરૂઢ થઇ અને તેને પિતાની પાસે લાવ્યા, એટલે તેઓને ઘણો સંતોષ થયો.

હવે રાત્રે કોઇ પ્રકારે સુખેથી સૂઈ ગયા પછી રાજકન્યાના મસ્તકમાં ઉગ્રઝેરવાળા સર્પે ડંખ માર્યો, તેથી તે ક્ષણે નજીક રહેલો સર્વ પરિવારવર્ગ આકુળ-વ્યાકુળ બની ગયો અને મંત્ર તંત્ર, મહાઔષધિઓ વિવિધ પ્રકારના બીજા ઉપાયો કર્યા, તો પણ થોડો ફેર પડ્યો નહિ. એટલે ચોથો ગારુડિક વિધા જાણનાર રાજપુત્ર હતો, તેણે મંત્ર, તંત્ર વગેરે ઉપચારો કરીને તેને ફરી સાજી કરી. આ સમયે તેઓ ચારે વચ્ચે વિવાહવિષયક વિવાદ ઉત્પન્ન થયો. કારણ કે, સર્વેએ તેના સ્વામી થવા ચાહતા હતા.તે સમયે કુમારીના માતા-પિતા અત્યંત આકુલ મનવાળાં બન્યાં અને ચિંતવવા લાગ્યાં કે, એક સાથે ચાર વર તૈયાર થયા છે, તો હવે આ કોને આપવી ? ઉન્માદયન્તી રાજપુત્રીએ પિતાને કહ્યું કે, 'તમે ચિંતા ન કરો, હે પિતાજી ! આ ઝગડાંનો નીકાલ હું જ કરીશ,' ત્યાર પછી તેણે રાજપુત્રોને કહ્યું કે, 'જે કોઇ મારી સાથે જન્માન્તરનો સંબંધ કરે, તે જ ત્યાં મારો પતિ નક્કી થશે.' ત્યારે પ્રૌઢ પ્રેમભાવ પામેલ લલિતાંગે એ વાત પણ સ્વીકારી કારણ કે, 'સ્નેહને કોઇ વસ્તુ અસાધ્ય નથી.' કાષ્ઠો મંગાવીને મસાણના એક સ્થળમાં એક ચિતા તૈયાર કરાવી. બંનેએ તેમાં પ્રવેશ કર્યો, અગ્નિ સળગાવ્યો, પ્રથમથી તે સ્થળમાં કરેલ ગુપ્ત દ્વારવાળી સુરંગ કરેલી હતી. (ગ્રંથાગ્ર ૧૩૦૦૦) તેમાંથી અક્ષત દેહવાળા બંને બહાર નીકળીને પિતા પાસે પહોંચ્યા. લલિતાંગ કુમાર સાથે મનોહર વિવાહ ઉત્સવ કર્યો. સર્વ નગરલોકો અમૃતવૃષ્ટિ સમાન આ બેના યોગથી સંતોષ પામ્યા. બાકીના ત્રણ રાજકુમારોને રાજાએ સમજાવ્યા કે, એક કન્યા તેમને ઘણાને કેવી રીતે આપી શકાય ? (૧૨૦) બાકીના રાજપુત્રો પોતપોતાના સ્થાનકે ગયા પછી આ કુમાર કેટલાક દિવસ ત્યાં રોકાયો. જેમાં દરરોજ નવા નવા સત્કાર-સન્માનાદિ થતા હતા.

ત્યાર પછી ઉન્માયન્તી સહિત તેઓને વિદાય આપી, એટલે પિતાના નગરે પહોંચ્યો.

પિતાએ પણ સર્વ પ્રકારના મહામહોત્સવો ઉજવ્યા. પિતાએ ભોગો પ્રાપ્ત થવા છતાં પણ તેમાં તેને ભોગ-બુદ્ધિ ન થઇ. જ્યારે શરદ-સમય આવી પહોંચ્યો, તે સમયે કમળ અને કુમુદ પુષ્પોની સૌરભ ફેલાવા લાગી, અતિધવલ હંસકુલ સમાન દિશાઓ ઉજ્જવલ થયેલી હતી, આકાશ સ્વચ્છ હતું, તેવા સમયે દેવી - સહિત રાજા પોતાના મહેલની અગાસીમાં ગયો, તો પ્રથમ ઉડતા ઉજ્જવલ રૂ સમાન કોમળ એવો શરદકાળના વાદળાંવાળો આકાશભાગ દેખ્યો. ત્યાર પછી ક્ષણવારમાં ગંગાનદીના તરંગની રચના સમાન તે મોટો દેખાવા લાગ્યો. ત્યાર પછી સમગ્ર આકાશના વિસ્તારનો રોધ કરનાર સ્ફુરાયમાન ચમકતી વિજળીના ઝબકારા જોતા જોતામાં તો તરત પ્રચંડ પવન અથડાવાના કારણે તેના બે ખંડ, ત્રણ ખંડ, ઘણા, ટૂકડા અને તરત જ તેનો પ્રલય (નાશ) થયો. અને મૂળમાંથી સર્વ અદૃશ્ય થયું. એટલે રાજા વિચારવા લાગ્યો કે, 'આ જ ક્રમે મનુષ્યોની લક્ષ્મી ઘણા ક્લેશથી ઉપાર્જન કરવામાં આવે છે. વળી તેમાં પણ ઘણો મોટો વધારો થાય છે, પરંતુ જેનો ઉપાય થઇ શકતો નથી, તેવા અસાધ્ય વ્યસન સંકટ-યોગે જલ્દી તેનો વિનાશ થાય છે. તો હવે મારે સુકૃતિ-ધર્મવિશેષ કરવો યોગ્ય છે.' (૧૩૦)

આવા ચિંતારૂપી અમૃત-સમુદ્રમાં ડૂબેલાના દિવસો પસાર થતા હતા, ત્યારે પ્રતિહારથી સૂચવાયેલ વનપાલ ત્યાં આવ્યો. ભાલતલ પર હસ્તકમલનો સંપુટ સ્થાપન કરી, રાજાને નમન કરી, વનપાલ વિનંતી કરવા લાગ્યો કે, 'હે દેવ ! આજે આપના નામથી અને અર્થથી સાર્થક, ગંધની બહુલતાથી લુબ્ધ થયેલા ભ્રમરોવાળા, ઘણાં પત્રોથી યુક્ત ડાળીવાળા તમાલવૃક્ષોની શ્રેણીથી જેમાં તપ રોકાઇ ગયો છે, એવા મનોરમ નામના ઉદ્યાનમાં શ્રીધર નામના તીર્થાધિપતિ-તીર્થંકર દેવ પધાર્યા છે. તે કેવા છે ? લક્ષ્મીના કુલભવન સમાન, સમગ્ર સુરો અને અસુરોથી વંદન કરાતા ચરણકમળવાળા, નિર્મલ આદર્શતલમાં પ્રતિબિંબિત થયેલાં દ્રવ્યો અને તેનાં વર્ણાદિક ગુણો જેમાં દેખાય, તેમ તેમના મુખમાં પંડિતજનોને એકી સાથે દ્રવ્ય અને ગુણો દેખાય છે. જેમના અંગનો સંગ પામેલા એવા ગુણો હોવા છતાં પણ સમગ્ર જગતમાં વિચરે છે, તે ગુણો અનંત હોવા છતાં પણ ગુણીજનોમાં ગણનાને પ્રાપ્ત થાય છે. જેના ચરણની રજ સ્પર્શવાથી ભૂષિત થયેલા કેશવાળા દેવો, અસુરો અને મનુશ્યો હવે સુગંધી વાસચૂર્ણોની અભિલાષા કરતા નથી. તેમ જ તેઓ જ્યારથી તે વનમાં પધાર્યા છે, ત્યારથી તે વનની દૈવી શોભા એવા પ્રકારની વધી ગઇ છે કે, ગમે તેટલો પ્રયત્ન કરું, તો પણ તે કહેવા હું સમર્થ ન બની શકું. છતાં પણ હે નાથ ! તેમના ગુણોથી ચંચળ બનેલા મનવાળો હું મૌન રાખવા શક્તિમાન થઇ શકતો નથી, માટે કંઇક કહું, તે આપ એકાગ્ર ચિત્તથી સાંભળો. બીજુ વસંતકાળ આવ્યો ન હોવા છતાં તેમના અતિશયથી જાણે વિસ્મય પામેલાની જેમ આમ્રવૃક્ષો અંકુરા ફૂટવાના બાનાથી રોમાંચિત થયા છે. તેમના શરીરને સ્પર્શેલી રજના સંગના ગુણથી જાણે હોય, તેમ ઉપશમભાવને પામેલ અશોકવૃક્ષો વિકસિત થયા હતા, તેને તરુણીના ચરણનું તાડન સહન કરવાની જરૂર ન હતી. કારણ કે, તાડન વગર જ આપોઆપ ખીલતા હતા. બકુલવૃક્ષો પણ તેમને દેખીને અણુવ્રતો ગ્રહણ કરવા તૈયાર થયા હોય તેમ જણાયા. કારણ કે, ઘણા મદિરા-પાનના કોગળાની અપેક્ષા રાખ્યા વગર વિકસિત થયા. હે દેવ ! ભૂમિના તિલક

સમાન એવા તે પરમાત્માનાં દર્શન કરી તિલકવૃક્ષો પણ એકદમ સફેદ પુષ્પોનાં બાનાથી હાસ્ય કરવા લાગ્યા. સમાન ગુણવાળાને દેખી કોને હર્ષ પ્રગટ ન થાય ? તે ઉદ્યાનમાં ચારે બાજુ પલાશના વૃક્ષો કેશુડાનાં પુષ્પોથી શોભતા હતા, તેમ તરુણ પોપટો વડે જાંબુના વૃક્ષો શોભતા હતા. હે દેવ ! પક્ષીઓના કિલકિલાટ શબ્દોથી વારંવાર હસી રહેલી દેવી ઉદ્યાનલક્ષ્મીની જાણે દંતપંક્તિ હોય, તેમ મોગરાના ખીલેલા પુષ્પોવાળા વૃક્ષોની શ્રેણી શોભતી હતી. તેના ભયથી પલાયમાન કામદેવરૂપ મહાભિલ્લની બાણપંક્તિ સરખા ત્યાં કાંટાવાલા જે પનસવૃક્ષોની પંક્તિઓ શોભા પામતી હતી. શ્રવણ કરવાના યોગથી મારો વિકાસ થાય છે,તો બીજો કોઇ શ્રવણ કરવાનો યોગ હશે કે ? એમ ધારીને મલ્લિકા-પુષ્પનાં વૃક્ષો એકદમ નવીન પુષ્પ-સમૂહનો મેળાપ કરાવે છે.

ત્યાં આગળ જન્મથી સદા વિરોધી એવા પ્રાણીઓ પણ તેમના અતિશયથી ગાઢ બંધપણું પામ્યા છે." આ પ્રમાણે વનપાલનાં વચનો સાંભળવાથી ઉલ્લસિત હર્ષમાં પરવશ બનેલો લલિતાંગ રાજા સમુદ્રમાં ભરતીના કલ્લોલો ઉછળે, તેમ તેના અંગમાં હર્ષના કલ્લોલો ઉછળવા લાગ્યા. તે સમયે પોતાના શરીર પર લાગેલાં સર્વ આભૂષણોથી વનપાલને ખુશી કર્યો. તેમ જ બીજા પ્રકારનું ઘણું દાન આપીને તેને કૃતાર્થ કર્યો. (૧૫૦) દેશાંતરમાં હોય, તો પણ જેમની સમીપમાં જવાની મારી અભિલાષા હતી, તો તે જ દેવ અહિં બેઠેલા એવા મારી પાસે સ્વયં પધાર્યા. હવે નવીન મેઘસમાન ગંભીર મોટા શબ્દથી નગરમાં ઘોષણા કરાવવા માટે તરત આસન પર ઉભોથયો. ત્યાર પછી જે દિશામાં ભુવનભૂષણ ભગવંત હતા,તે તરફ કેટલાંક પગલાં ચાલીને ધીમે ધીમે તેમના ચરણમાં પ્રણામ કરવા માટે મસ્તક ભૂમિ સુધી સ્થાપન કર્યું. સુંદર શબ્દ કરતા એવા પડહો વગડાવીને નગરમાં ઘોષણા કરાવી કે, જિનચંદ્રના ચરણકમલમાં વંદન કરવા માટે દરેક તૈયાર થવું. નગરલોકો શરુઆતમાં થોડા પરિવારવાળા એકઠા થયા, જ્યારે જવા લાગ્યા, ત્યારે એકદમ ઘણો મોટો સમુદાય એકઠો થયો. પોતાની પત્નીએ, પુત્રો, પોતાનો પરિવાર અને બીજા કેટલોક બંધુવર્ગ, સગાસંબંધીઓ, સામંતો, સૈન્ય-પરિવાર સહિત રાજા તે વનમાં પહોંચ્યો. પોતાની જેમ આ વન પણ સોપારીના વૃક્ષ અને અશોકથી યુક્ત છે-એમ અતિશય હર્ષ પામેલા રાજાએ ત્યાં પ્રવેશ બનેલો રાજા તીર્થંકરની નજીકના પ્રદેશમાં પહોંચ્યો. સિંહાસનતલમાં સ્થાપન કરેલા દેહવાળા ભગવંતને દેખ્યા, પ્રદક્ષિણા ફરીને પૃથ્વી સાથે મસ્તક મલાવીને વંદના કરી.

ત્યાર પછી રાજા આપ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો - "ત્રણ કિલ્લા માં રહેલા ભવ્ય જીવોવડે જેમનો વ્રતવિધિ પ્રશંસા કરાએલ છે, જેમણે દોષો દૂર કર્યા છે, જેમણે અનુપમ ત્યાગધર્મ અને સેકંડો સુંદર ચરિત્રોથી સુયશ ઉપાર્જન કરેલો છે, જેમણે શુકલધ્યાનાગ્નિમાં સ્થિરચિત્ત સ્થાપન કરેલ છે, એવા આપને નમસ્કાર કરનાર મનુષ્યો ભવરૂપી વનને દહન કરવા અને જન્મનો કાયમી વિયોગ કરવા માટે સમર્થ બની શકે છે, સમગ્ર કલ્યાણ-સમૂહનો પરિચય કરાવનાર ચરણયુગલવાળા, તેમ જ આત્માની પૂર્ણજ્ઞાનાદિક લક્ષ્મીના ભંડાર સ્વરૂપ આપ કયાં અને નિર્ભાગી દરિદ્રશેખર એવો હું ક્યાં ? જન્માંધ મનુસ્ય શરદપૂર્ણિમાના ચંદ્રનાં દર્શન કરીને જે આનંદ અનુભવે, તેવો અદ્ભુત આનંદ અને આપનાં દર્શન કરવાથી થયો

છે.” આ પ્રમાણે સ્તુતિ કરીને રાજા પોતાના સ્થાને બેઠા. ભગવંતે અમૃતથી વૃષ્ટિ સમાન મધુર વાણીથી ધર્મદેશના શરુ કરી કે, “જગતમાં જીવો કષાય, ઈન્દ્રિયોના વિકારને આધીન બનીને અનેક ભવભ્રમણના કારણરૂપ અનેક પ્રકારનાં ઝેરની ઉપમાવાળાં પાપકર્મ બાંધે છે. એકેન્દ્રિયાદિક સર્વ જાતિઓમાં અનેક પ્રકારે ભ્રમણ કરીને કોઇ પ્રકારે હલુકર્મી બની જીવ ક્રમે કરી પાંચ ઈન્દ્રિયવાળી મનુષ્યગતિ સુધી આવી પહોંચ્યો. મનુષ્યપણું મળવા છતાં જીવ નિર્મલ કુલના લાભથી શરદના ચંદ્રકિરણ સમાન ઉજજવલ યશને પ્રાપ્ત કરનાર થાય છે. તે પ્રાપ્ત થવા છતાં ભવ્યાત્માઓને તોષ ઉત્પન્ન કરનાર ગુણોના કારણભૂત રૂપાતિશય આદિ ભવોનો સમાગમ દુર્લભ છે. તે પ્રાપ્ત થવા છતાં અરિહંત ભગવંતો, ગણધરો, બીજા તેવા બહુશ્રુતધર સાધુ અગર શુદ્ધધર્મને સમજાવનાર મળવા દુર્લભ છે. આ સર્વ પ્રાપ્ત થવા છતાં નિર્મલ શ્રદ્ધા પ્રાપ્ત થવી દુર્લભ છે. માટે સર્વ ગુણોની પ્રાપ્તિ થાય પછી હવે પ્રયત્ન-પૂર્વક ધર્મમાં પ્રયત્ન કરવો યુક્ત છે. નહિંતર કલ્પદ્રુમનો સમાગમ થયા પછી કોઇ તેનો લાભ ન મેળવે, તો મલેલ નિષ્ફલ ગણાય છે. અથવા તો વિષયભોગમાં લાલચુ બનેલો કોઇ તેવો કલ્પવૃક્ષની પાસે ભિક્ષા કે જૂ-પણું મેળવવાની પ્રાર્થના કરે તે સમાન અનર્થક છે. સુખ મેળવવાના અપૂર્વ કારણરૂપ ઉપરોક્ત સામગ્રી અને ગુણસમુદાય મેળવીને કેટલાક દુરાત્માઓ તેને મૂળમાંથી નિષ્ફલ બનાવે છે. તે આ પ્રમાણે –

કોઇક નગરમાં એક કુલપુત્રક હતો કે, જે સ્વભાવથી દરિદ્રશેખર વેપાર કરે, તો લાભના બદલે નુકશાન જ થાય, આવી સ્થિતિ તેના માટે સદાકાલની થયેલી હોવાથી કોઇ દિવસ તેને મસ્તકમાં તેલ નાખવા જેટલો પણ સંસ્કાર કરવાનો અવસર આવ્યો નહિં. તેથી કરીને લાખો લીખો, તેમ જ હજારો જૂઓ તેના મસ્તકમાં ઉત્પન્ન થઇ. વારંવાર મસ્તકમાં ખણજ આવવાથી ખોતરતો અને તેની પારવાર પીડા ભોગવતો હતો. ક્યાંય પણ રતિ ન મળવાથી કંટાળેલો મરવાની ઈચ્છા કરવા લાગ્યો. ઘણા ભાગે દેશાન્તરનું શરણું લેવામાં આવે, તો દારિદ્રય નાશ પામે છે. એમ વિચારતો ભૂખ, તરશ, વેદના આદિથી ક્લેશ પામતો, ભ્રમણ કરતો કરતો તેવા પ્રદેશમાં પહોંચ્યો જે, જ્યાં કલ્પવૃક્ષ હતું. તે કેવા ગુમવાળું હતું ? તે કહે છે - પોતાનાં પુષ્પોની સુગંધમાં અતિલુબ્ધ ભ્રમરોથી યુક્ત, આકાશતલ સુધી ઉંચે ફેલાએલ ડાળીઓના સમૂહો એક બીજા વૃક્ષોની અંદર પ્રવેશ કરીને સર્વ એકસ્વરૂપ પામેલ, ધ્વજા, છત્ર, પતાકાશ્રેણી, તોરણ આદિ કરેલા હોવાથી લોકોનાં નયનો અને મનને આનંદ આપનાર, જેણે વિવિધ પુષ્પરૂપ વસ્ત્રાદિથી પ્રૌઢ (દેહ) સત્કાર કરેલો છે. (૧૭૫)

એવું કલ્પવૃક્ષ દેખીને આગળ લોકો પાસે જે સાંભળ્યું હતું, તે યાદ આવ્યું કે-‘આ કલ્પવૃક્ષની સારી રીતે આરાધના કરવામાં આવે, તરત આપણે મનમાં ચિંતવેલા પદાર્થો આપે છે.’ તો હવે આ દરિદ્રશેખર વિચારવા લાગ્યો કે, બારીક જૂઓ અને લીખો મારા નખથી ગ્રહણ કરું છું, તો હાથમાં આવતી નથી, તો આ લીખો અને જૂઓ જો મોટી થાય, તો સુકેથી ગ્રહણ કરી શકાય. ગમે તેટલી લીખોને વીણું છું, તો પણ પકડાતી નથી. હવે જો લીખો અને બારીક જૂઓનો સ્થૂલભાવ થાય, તો સુકેથી પકડી શકાય, માટે કલ્પતરુ પાસે આ માગણી કરું - એમ વિચારી તે નદીએ ગયો, ત્યાં સ્નાન કરી પુષ્પોની અંજલિ ભરીને હર્ષ પામેલો

કલ્પવૃક્ષની નજીકમાં આવ્યો. ત્રણ પ્રદક્ષિણા કરી, પૃથ્વીતલ પર મસ્તક નમાવીને ભાલતલ પર જોડેલા બે હાથ સ્થાપન કરીને વિનંતિ કરવા લાગ્યો કે, 'હે ભગવંત ! કલ્પતરુ ! તમો તો યથાર્થ નામ પ્રમાણે ગુણવાળા છો. હું ઘણો દુઃખી છું. તો મારા પર કૃપા કરો કે, જેથી આ લીખો જૂ ભાવમાં પરિણમે, જેથી હું સુખેથી ગ્રહણ કરીને સહેલાઈથી તેનો ત્યાગ કરી શકું.' તે જ ક્ષણે તે દુર્ભાગી ઇચ્છા પ્રમાણે મોટી જૂઓવાળો થયો. રાજ્યાદિ ફલ આપનાર એવા કલ્પવૃક્ષ પાસે નિર્બુદ્ધિએ તુચ્છ ફલની માગણી કરી અને દુઃખી થયો, તેમ ધર્મથી પરાઙ્મુખ લોકો પણ દુઃખી થાય છે."

આ પ્રમાણે કર્ણને પવિત્ર કરનાર જિનેશ્વરે કહેલ વચન શ્રવણ કરીને તરત જ લલિતાંગ રાજા ભવ-નિવાસથી વૈરાગ્ય પામ્યો. પુત્રને રાજ્ય પર સ્થાપન કરીને તીર્થંકર ભગવંત પાસે ઉન્માદયન્તી સહિત મહાવિભૂતિથી ચારિત્ર અંગીકાર કરી સંયમ - પર્વતના શિખર પર આરૂઢ થયો. ચારિત્રમાં પણ દુષ્કર તપ કરીને છેલ્લી મરણસમાધિની આરાધના કરીને બંને ઇશાન દેવલોકમાંદેવપણું પામ્યા. ઉદાર ભોગો લાંબા કાળ સુધી ભોગવીને ત્યાંથી ચ્યવીને ધાતકીખંડના પૂર્વવિદેહમાં રત્ન પુરીમાં રત્નનાથ રાજાની કમલાવતી નામની રાણીની કુક્ષિમાં ચંદ્રપાનના સ્વપ્નથી સૂચિત આ ઉત્પન્ન થયો. નવ મહિના પૂર્ણ થયા,એટલે પુણ્યના નિધાન સમાન, લોકોનાં નેત્રોને, કમળોને જેમ સૂર્ય વિકસિત કરે,તેમ આનંદ પમાડનાર પુત્રપણે જન્મ થયો. તે સમયે પિતાની સેવા દેવસેના જેવી હતી. તેથી તે પુત્રનું 'દેવસેન' નામ પાડ્યું. અનુક્રમે યોગ્ય વય પામ્યો, ત્યારે સર્વ કળાઓ ભણાવી. નગરના શ્રેષ્ઠ દરવાજાની ભુંગળ સમાન બાહુયુગલવાળો તે કામદેવના નિવાસ-નગર સમાન તારુણ્ય પામ્યો. પેલી ઉન્માદયન્તીનો જીવ તો વૈતાઢ્ય પર્વતની ઉત્તરશ્રેણિમાં મણિકુંડલ નામના નગરમાં મણિપતિ રાજાની મણિમાલિકા નામની ભાર્યા ચંદ્રકાન્તા નામની પુત્રીપણે ઉત્પન્ન થયો. તરુણ લોકોનાં નેત્રોને ઉન્માદ કારણભૂત યૌવન પામી.

તે પોતાના શરદના ચંદ્રસમાન નિર્મલ ચરિત્રથી લોકોમાં ખેચરો અને ભૂમિચાર મનુષ્યોને સલાહનું સ્થાન પામ્યો છે. કોઈ રૂપવાન મનોહર પુરુષને દેખે, તો પણ તે કુમારિકાને રાગ ઉત્પન્ન થતો નથી, તેથી માતા-પિતાનું મન આકુળ-વ્યાકુળ થયું.કારણ કે, યૌવનવંતી નારીઓ ભર્તારને સ્વાધીન કરવામાં આવે, તો તે લોકોમાં સૌભાગ્યપણું પામે છે, નહિતર નહિં. માટે હવે શું કરવું ? આ પ્રમાણે તેઓ ચિંતાતુર રહેલા હતા, તેટલામાં ક્યાંયથી પણ લોકમુખે એમ સાંભળવામાં આવ્યું કે, દેવસેનનો યશવાદ સર્વત્ર ગવાય છે તે સાંભળતાં જ તેના પૂર્વભવના સ્નેહયોગે ચંદ્રોદય-સમયે જેમ ક્ષીરસમુદ્ર ઉછળે, તેમ તેને પણ તેના વિષે રાગ ઉત્પન્ન થયો. ત્યાર પછી પોતાના શરીરની લગાર પણ સાર-સંભાળ કરતી નથી. પુષ્પ, ચંદન વગેરે ઉત્તમ પદાર્થોના પરિભોગનો ત્યાગ કર્યો. અત્યંત શૂન્ય મનવાળી સમગ્ર દિશામુખોનું અવલોકન કરતી, જવરથી વિરહિત હોવા છતાં પણ કાયમ ભોજન કે પાણીની અભિલાષા કરતી નથી. (૨૦૦)

હિમ પડવાથી કરમાઇ ગયેલ નલિન સમાન દેહવાલી એવી તેના વક્ષસ્થળમાં તરતનાં

પડેલાં નયનાશ્રુજળ સુકાઇ જતાં હતાં અને અંદર રહેલા કામતાપનું સૂચન કરતાં હતાં. તેના મુખમાં કમલની શંકાથી ભ્રમર-પંક્તિઓ આવીને પડતી હતી. તેને વિરહાગ્નિના ધૂમ સમાન નિસાસાથી તે રોકતી હતી. મારા બિંબની શોભા આના મુખે ચોરી છે, એ કારણે રોષ પામેલો ચંદ્ર અમૃત-સમાન કિરણવાળો હોવા છતાં તેના માટે વિષકિરણ સમાન બન્યો. પરિતાપની શાંતિ માટે કુંપળોની શય્યા તૈયાર કરાવી, પરંતુ તેવી શીતળ શય્યા પણ દવાગ્નિના ભડકા સમાન તેના દેહને બાળતી હતી. વિદ્યાધર લોકોને તેના અનુરાગની ખબર પડી, એટલે તેઓ શ્રેષ્ઠ વર મેળવવાની ઈચ્છાના કારણે તેને ચીડવવા લાગ્યા કે-શું આ દેવાંગનાના સૌભાગ્યને તિરસ્કાર કરનાર ચતુર દેહવાળી, અપ્રતિમ ગુણવાળી, ખેચર લોકોને બહુમાનનું પાત્ર ક્યાં? આમ અનેક પ્રકારે નિંદા કરાતી હોવા છતાં પણ તે પતિનો અનુરાગ છોડતી નથી.ત્યારે પિતા-માતા વગેરેને ચિંતા ઉત્પન્ન થઇ કે, જેમ આ પુત્રીને તેના તરફ અનુરાગ છે, તેમ પેલાને પણ આના પ્રત્યે છે કે કેમ તે ભાવ-પ્રેમની પરીક્ષા યોગ્ય છે.

ત્યાર પછી વિશેષ પ્રકારના સુંદર આકાર યુક્ત તેનું પ્રતિબિંબ આલેખાવ્યું. હવે એક વિદ્યાધર યુવાન બીજા વિવિધ દેશનાં રૂપો તૈયાર કરીને રત્નવતી નગરીએ લઇ ગયો અને જે વખતે દેવસેન અનેક પ્રકારના ચિત્રામણની વિચારણા કરતો હતો, ત્યારે તેની પાસે અનેક ચિત્રામણનાં ફલકો હાજર કર્યાં હતાં અને મિત્રોની સાથે તે ચિત્રો દેખતો હતો, ત્યારે આ યુવાનને પણ ત્યાં લઇ ગયા, તો એકદમ અતિશય વિકસિત નેત્રયુગલથી તે ધારી ધારીને જોવા લાગ્યો અને વિસ્મય પામેલા તેણે પૂછ્યું-'આવું આ રૂપ કોનું છે ?' ત્યારે તેણે પ્રત્યુત્તર આપ્યો કે, કોઇક ચંડાલી દેખવામાં આવી, એટલે કૌતુકથી તેનું આ ચિત્રામણ આલેખ્યું છે.

ત્યાર પછી જ્યારે તે સર્વાંગે તેનું રૂપ જોવામાં એકાંત આકર્ષિત મનવાળો થયો, ત્યારે ગ્રહનો વળગાડ વળગ્યો હોય, તેવા શૂન્યમનવાળો થઇ ગયો. વળી ક્ષણવાર પછી પૂછ્યું કે,. 'હે સૌમ્ય ! તેં જે હકીકત જણાવી, તે જુદા પ્રકારની પણ હોઇ શકે, માટે સર્વથા જે યથાર્થ હકીકત હોય, તે જણાવ. નક્કી આ હીનજાતિનું રૂપ ઘટી શકતું નથી. આ રૂપ જુદાજ પ્રકારનું છે.રણસ્થળમાં કદાપિ અમૃતવેલડી ક્યાંય જોવામાં આવી છે ખરી ? અથવા તો આ જે હોય, કે તે હોય,પરંતુ 'હવે આના વિરહમાં જીવી શકું તેમ નથી.' માટે આનું નિવાસસ્થાન ક્યાં છે ? તે કહે. તીવ્ર કામ વિકારથી પરાધીન બનેલા મનવાલા કુમારે આ પ્રમાણે જ્યાં જણાવ્યું, એટલામાં સર્વના દેખતાંજ તે યુવાન અદશ્ય થયો. આ સમયે કુમાર ચિંતવવા લાગ્યો કે, 'શું આ અસુર, સુર, કે કોઇ ખેચર હશે કે, 'અમને આમ વિસ્મય પમાડીને અણધાર્યો ચાલ્યો ગયો ?' તે યુવાન પણ મણિપતિ રાજા પાસે પહોંચીને અણધાર્યો ચાલ્યો ગયો ?' તે યુવાન પણ મણિપતિ રાજા પાસે પહોંચીને દેવસેન સંબંધી જે વૃત્તાન્ત બન્યો, તે સર્વ નિવેદન કર્યો. ત્યાર પછી રાજાએ વિચિત્રમાયા નામના એક સૈનિકને આજ્ઞા કરી કે, 'હે ભદ્ર ! દેવસેન કુમારને આ નગરમાં જલ્દી લાવ.' 'જેવી દેવની આજ્ઞા, તે પ્રમાણે હું કરીશ.' એમ માનીને તે તે સ્થાનથી નીકળ્યો અને પર્વત-શિખર ઉપરથી નીચે ઉતર્યો હવે તે સમયે કુમાર તેના વિષે ઉન્માદિત થવાના કારણે ઘરમાં ક્યાંય પણ રતિ ન મળવાથી નંદન નામના ઉદ્યાનમાં ગયો. (૨૨૫)

જયકુંજર હાથીની ખાંધ પર બેઠેલ કુમાર ઉદ્યાનની ચારે તરફ નજર કરતો હતો, ત્યારે ફલ-ફૂલથી વિકસિત થયેલા ઉદ્યાનમાં હાથીનું મન મસ્ત બન્યું. ત્યાં ઘણા પત્રોની શ્રેણીવાળા એક ચંદનવૃક્ષના ગહનમાં હાથીએ તેની ગંધમાં લુબ્ધ બની પ્રવેશ કર્યો; પરંતુ તે ક્ષણે કુમારે ચારે બાજુ નજર કરી લીધી. આ સમયે તે વિચિત્રમાયા નામના રાજસેવકે આકાશમાં ઉંચે પહોંચે તેવું, તાડવૃક્ષ સમાન લાંબી ભુજાઓના યુગલવાળું શરીર વિકુર્વીને મહાઅંધકાર ઉત્પન્ન કરીને હાથીની ખાંધ ઉપરથી તે કુમારને અદ્ધર ઉચકી લીધો અને ક્ષણવારમાં મણિકુંડલ નગરના ઉદ્યાનમાં લાવ્યો. કુમારે જાણ્યું કે, 'કોઇકે કોઇ પણ કારણથી મારું અપહરણ કર્યું છે, તો હવે અહિં મારે શું કરવું ? અથવા તો અહિં રહેલો હું આમ કરેલાનું પરિણામ દેખું - એમ જ્યાં વિચારતો રહેલો હતો, એટલામાં કુમારનું આગમન જાણીને રાજા એકદમ સામે જવા માટે સપરિવાર મહા વિભૂતિ-પૂર્વક વાજિંત્રોના શબ્દોથી આકાશસ્થળને પૂરતો નગરમાંથી નીકળ્યો.તેની પાસે પહોંચ્યો. દેવકુમાર સમાન તેને દેખીને પોતાનાં નેત્રો અને વિધાતાના નિર્માણને સફળ માનવા લાગ્યો. કુમારે પણ ઉભા થઇ સ્નેહ-પૂર્વક તેમને પ્રણામ કર્યા. રાજાએ પણ તેને ખૂબ પ્રેમથી બોલાવ્યો. ઘણા ગૌરવ-પૂર્વક પિતાની જેમ તેને પોતાના મહેલ લઇ ગયો અને શયન, આશન, ભોજન આદિ વડે તેની પરોણાગત કરી,. અતિગુપ્ત રાખવા છતાં પણ તેણે પોતાના અપહાર થવાનું કારણ લોકો દ્વારા સાંભળ્યું. રાજપુત્રીનાં દર્શન માટે ઘણા ઉત્સુક મનવાળો બન્યો.

કોઇક સમયે પોતાના આંગણમાં તે ફરતી હતી, ત્યારે દેખીને અને આગળ પ્રતિબિંબ દેખેલ તેને અનુસારે જાણ્યું કે, 'આ તે જ કન્યા છે. જેને તેણે જાતિહીન તે વખતે કહેલ હતી, તે મારો તેનો ઉપર કેવો અનુરાગ છે ? તેની પરીક્ષા કરવા માટે કહ્યું હશે'-એમ હું માનું છું, જ્યારે ભાગ્ય અનુકૂળ થાય છે, ત્યારે અહિં ક્યા સુખની પ્રાપ્તિ નથી થતી ? જે મારા મનોરથમા પણ ન હતી, તેને અનુકૂળ ભાગ્ય-યોગે દેખી. તો હવે તેની સાથે પાણિગ્રહણ કરવાનો દિવસ ક્યારે આવશે કે, જેમાં હું અમૃતકુંડમાં ડૂબેલા માફક મનોરથ પૂર્ણ થવાથી કૃતાર્થ બનું-આ વગેરે ચિંતાની પરંપરામાં જેને સંતોષ ઉલ્લસિત થાય છે એવો, તે ત્યાં રહેલો હતો, એટલામાં રાજા પોતે આવીને કહેવા લાગ્યા કે-'હે કુમાર ! આ મારી ચંદ્રકાન્તા પુત્રી તારા ગુણો સાંભળીને તારા વિષે રાગવાળી બની, કોઇ પ્રકારે દિવસો પસાર કરતી હતી. તો તેના ઉપર કૃપા કરો અને તેની સાથે તમારો વિવાહ સંબંધ જોડાવ. આજરાત્રે તે માટે પરિપૂર્ણ ચંદ્ર-મંડલનો સુંદર યોગ છે.' આ પ્રકારે તે કુમાર પાસે વિવાહનો સ્વીકાર કરાવીને પ્રશસ્ત દિવસે વિદ્યાધર સુંદરીઓનાં ધવલમંગલ ગીતો જેમાં ગવાતાં હતાં. એ પ્રમાણે વિવાહવિધિ પ્રવર્ત્યો. સમગ્ર ઇન્દ્રિયોને અનુકૂલ સુખના મૂલભૂત શત્રુના મસ્તકમાં શૂલ ઉત્પન્ન કરાવનારા, દેવલોકના સુખથી ચડિયાતા, વિપુલ ભોગો તેઓ ભોગવવા લાગ્યા.

હવે આ બાજુ માતા-પિતાએ લોકો પાસેથી જ્યારે સાંભળ્યું કે, 'પુત્રનું કોઇક દેવે, અસુરે કે વિદ્યાધરે અપહરણ કર્યું છે, વગર કારણે વૈરી બનેલો તેણે એમોને ભયંકર દુઃખ આપ્યું છે. હે વત્સ ! અશરણ એવા અમને એકલા મૂકીને હે મહાયશવાળા પુત્ર ! તું ક્યાં ગયો ? અમારા ખોળામાં લાડકરનાર હે વત્સ ! હવે ફરી તારાંદર્શન અમોને આપ. પુત્રનાં

વિરહમાં તે દિવસે માતા-પિતા આવા પ્રકારના વિલાપ કરવા લાગ્યા. ફરી બોલવા લાગ્યુ કે, ‘હે પુત્ર ! તારા સ્નેહમાં પરવશ બનેલા મનવાળા અમોએ કોઇ દિવસ તારો અવિનય પણ કર્યો નથી. તેમ જ તેને અણગમતું વચન પણ કોઇ દિવસ સાંભળ્યું નથી, તો ક્યા કારણે આ પ્રમાણે અમારા તરફ વિરક્ત બન્યો ? (૨૫૦)

હે વત્સ ! અમૃતની ઉપમા સરખાં મધુર વચનો સંભળાવીને ફરી પણ અમારા શ્રવણયુગલને સુખ કરનાર થા, અકુશલ શંકા કરાવનારાં અમારા હૃદયોની તું ઉપેક્ષા કેમ કરે છે ? અમારા વંશરૂપી સમુદ્રને ઉલ્લસિત કરનાર ચંદ્રસસમાન, ગુણરત્નના નિધિસમાન એવા તને દૈવ અપહરણ કરીને ખરેખર નિધાન બતાવીને અમારાં નેત્રોને ઉખેડી લીધાં છે. ભુવનમાં ઉદયાચલના શિખરના અતિ ઉંચા સ્થાનને પામેલા એવા તારા સરખા શૂરવીર (સૂર્ય) વગર અમારા દિવસો અંધકારસમય અમોને ભાસે છે. વૈભવ, સુખ અને યશ એ સર્વ તરત જ અમોને છોડીને દૂર ચાલી ગયું છે” આવા માતા-પિતા સંબંધી વિલાપનાં વચનો સાંભળીને કુમારને અતિ ભયંકર સંકટ ઉત્પન્ન થયું અને તરત જ માતા-પિતાને મળવા માટે મન ઉત્સુક બન્યું. વિચાર્યું કે, ‘જે પ્રભાતમાં જાગીને પિતાનાં ચરણનાં દર્શન ન થાય, તેવા આ મળેલા વિસ્તારવાળા ભોગોથી મને શો લાભ ? માટે હવે મારે વગર વિલંબે પિતા પાસે પહોંચવું યોગ્ય છે’ આ પ્રમાણે ચિંતાસાગરમાં ડૂબી રહેલો હતો, ત્યારે વિદ્યાધર રાજાએ કોઇ પ્રકારે તેના મનોગત ભાવ જાણીને કહ્યું કે, ‘હે કુમાર ! કોઇ ન જાણે તેવી રીતે તું અહિં આવેલો છે, તેથી હું એમ માનું છું કે, ‘માતા-પિતાના મનમાં ઘણી અધીરજ વર્તતી હશે, તો તારું દર્શનસુખ આપીને તેમને નિશ્ચિંત કરવા જોઇએ.’ ‘જેવી તમારી આજ્ઞા’ એમ નક્કી કરીને અનેક લોકપરિવાર, વિદ્યાધરોથી જેનો માર્ગ અનુસરતો તે નગર માંથી નીકળ્યો.

આકાશવૃક્ષના પુષ્પ-સમાન એક મોટા વિમાનમાં આરૂઢ થયો. હજારો ચારણોથી ચંદ્ર-સમાન ઉજ્જવલ યશ-પ્રસર ગવાતો હતો. વિવિધ પ્રકારના વાજિંત્રોના શબ્દોથી આકાશ-સ્થલ બહેરું બની ગયું હતું. આ પ્રમાણે પિતાને દેખવા માટે ઉત્સુક બનેલો તે કુમાર પિતાના નગર નજીક પહોંચ્યો. ઘણે દૂરથી આવતા આ વિમાનને પ્રથમ નગરલોકોએ દેખ્યું. તે કેવું હતું ? તો કે, પવનથી ફરકતી ધ્વજાઓની શ્રેણીથી શોભાયમાન થયેલો છે, શિખરનો અગ્રભાગ જેનો, વળી મધુર કંઠવાળા ચારણોનો જય જયારાવ જેમાંથી સંભળાતો હતો, જે કર્ણામૃત-વૃષ્ટિની ધારા સમાન આ પ્રમાણે હતો કે, ‘પૃથ્વીમાં સમગ્ર રાજાઓમાં શેખરપણું પામેલા રત્નનાથ રાજા જય પામો કે, ‘જેમનો સુકીર્તિવાળો સૌભાગી લોકોમાં પ્રધાનભૂત એવો દેવસેન નામનો પુત્ર શોભી રહેલો છે.’ જેટલામાં જેમની મનોરથમાળા ઉછળતી છે, એવા લોકો હજુ આગમનની વાત રાજાને નિવેદન કરે છે, તેટલામાં ક્ષણવારમાં જલ્દી તે રાજભવનમાં આવી પહોંચ્યો. એટલે હર્ષથી રોમાંચિત થયેલા પિતા લગાર ઉભા થાય, ત્યારે અશ્રુજળશ્રેણિથી વક્ષ-સ્થળને સિંચતા અને આદરથી પૃથ્વીતલ સાથે મસ્તક-શેખર મેળવતા કુમારે પિતાના ચરણમાં નમસ્કાર કર્યો અને પિતાએ પણ તેને સર્વાંગથી અલિંગન કર્યું.

ત્યાર પછી ઘણા કિંમતી વસ્ત્રથી આચ્છાદિત મુખ-કમલવાળી વહુએ કંઇક દૂર રહીને રાજાના ચરણમાં પ્રણામ કર્યા. પુત્રમુખનું અવલોકન કરીને ક્ષણવાર આનંદ પામીને તેને કહ્યું

કે, 'હે વત્સ ! અતિ ઉત્સુક મનવાળી તારી માતાનાં દર્શન કર.' બે હસ્ત-કમળ એકઠા કરી કહ્યું, 'જેવી પિતાજીની આજ્ઞા' તેમને પ્રણામ કરવા પૂર્વક વિધિથી કુમારે માત્ર તરફ પ્રયાણ કર્યું. ઘણા દિવસના પુત્રવિરહના કારણે સૂકાઇ ગયેલા શરીરવાળી, દુર્બળ ફિક્કા પડી ગયેલ કપરોલવાળી જાણે જન્માન્તર પ્રાપ્ત કરેલ હોય, તેવી પ્રથમ વખત માતાને દેખી, એટલે પુત્રનાં દર્શનથી મેઘધારાથી સિંચાએલી કંદબપુષ્પની માળા માફક એકદમ એટલી હર્ષ પામી કે, તે અંગમાં પણ સમાતો ન હતો. વહુ-સહિત પગે માતાને પ્રણામ કર્યા, માતાએ પણ 'પર્વત સરખા લાંબા આયુષ્યવાળો તું થજે અને વહુને પણ આઠ પુત્રોની માતા થજે.' એવા પ્રકારનો આશીર્વાદ આપ્યો. સાથેના પરિવારે બનેલો સર્વ વૃત્તાન્ત અહિં નિવેદન કર્યો થોડી વાર પછી પિતાએ જણાવેલા પ્રસાદમાં આવીને સુખેથી વાસ કરવા લાગ્યો. (૨૭૫)

ક્રમે કરી રાજ્ય પ્રાપ્ત કર્યું. સર્વ પૃથ્વી સ્વાધીન કરી. પ્રલયકાળના અગ્નિ સમાન પ્રતાપથી શત્રુરૂપી વૃક્ષોને જેણે હણી નાખેલા છે, એવો તે દેવસેન રાજા દરરોજ વિદ્યાધરોથી લવાતાં તાજાં વિકસિત અને સુગંધયુક્ત પુષ્પો અને સુગંધી ચૂર્ણાદિ પદાર્થોના ભોગો ચંદ્રકાન્તા ભાર્યા સાથે ભોગવતોહતો. આ પ્રમાણે અતિ ગાઢ સ્નેહ-સાંકળમાં જકડાએલા બંનેના દિવસો પસાર થતા હતા, ત્યારે કોઇક સમયે ચન્દ્રકાન્તા સુખે નિદ્રા કરતી હતી, ત્યારે સ્વપ્નમાં ગૃહાંગણમાં મનોરમ ફલપુષ્પોના સમૂહથી લચી પડતા, સુંદર, ચમકતા પુષ્કળ પત્રો જેને ઉત્પન્ન થયા છે. સારા છાંયડાવાળા એવા કલ્પવૃક્ષને દેખ્યો. સર્વ સ્વપ્ન-સ્વરૂપ તેણે પતિને નિવેદન કર્યું, એટલે આપણા કુલમાં મનોવાંછિત પૂર્ણ કરનાર કલ્પવૃક્ષ સમાન પુત્ર-લાભનું ફળ જણાવ્યું. કંઇક અધિક નવ માસ પછી પુત્ર ઉત્પન્ન થયો. 'કુલકલ્પતરુ' એવું નામ સ્થાપન કર્યું. ક્રમે કરી યૌવનવય પામ્યો. કોઇક દિવસે સેવકોના પ્રમાદદોષથી પુષ્પો, ગંધ વગેરે ભોગોના પદાર્થો તાજાં-નવીન ન પ્રાપ્ત થવાથી તે ચંદ્રકાન્તા પ્રિયાએ કરમાઇ ગએલ વાસી પુષ્પાદિકથી શૃંગાર સજ્યો, તે એટલો અત્યંત મનોહર રૂપવાળો ન થયો, એટલે સખીઓએ ઉપહાસ કરતાં કહ્યું કે, 'તું પિતાને તેટલી વલ્લભ જણાતી નથી. કારણ કે, ભોગના પદાર્થો નિર્માલ્ય હતા, તે તને મોકલ્યા છે.' તે જ ક્ષણે વૈરાગ્ય પામી કે, મારા પિતા પણ મારા પ્રત્યે સ્નેહ-રહિત થઇ જાય, તો પછી માનવું પડે કે, આ જગત શૂન્ય છે.' ચિત્તમાં આવા પ્રકારનું ચિંતન કરવાથી નિર્મોહી બનેલીને જ્યારે રાજાએ દેખી, ત્યારે રાજાનો પણ સ્નેહ-પિશાચ વિષયોમાંથી ચાલ્યો ગયો. ત્યાર પછી તેઓ સકલ જગતને બાળકોના ધૂળના ઘર-સમાન અથવા પવનથી ઉડતી ધ્વજા સમાન ચંચળ-અનિત્ય માનવા લાગ્યા. આ પ્રમાણે સંસારથી વિરક્ત માનસવાળા એવા તેમના દિવસો પસાર થતા હતા, ત્યારે ત્યાં **વિપુલયશ** નામના તીર્થંકર ભગવંત સમવસર્યા.

સૂર્યનાં બિંબ સરખા ગોળ આકૃતિવાળા, આગળ ચાલતા ધર્મચક્રથી ઘણા શોભાયમાન, અંધકાર દૂર ચાલ્યો ગયો હતો. વળી અતિમનોહર પાદપીઠ સહિત સ્ફટિકરત્નના બનેલા સિંહાસન તેમ જ આકાશમાં ચંદ્ર સરખાં ત્રણ છત્રોથી ભગવંત શોભા પામતા હતા. વિજળીના ઢગલા સરખા તેજસ્વી સુવર્ણમય નવ કમળો ઉપર પગ સ્થાપન કરીને ઢળાતા હતા, પ્રલયકાળના મેઘસમાન ગંભીર દુંદુભિના ભંકારશબ્દથી દિશાના અંતો બધિરિત કર્યા છે -

એવા પ્રતિહાર્યો સહિત જાણે પૃથ્વીતલ પર પ્રત્યક્ષ સ્વર્ગ ઉતાર્યું હોય - એવા તીર્થંકર ભગવંત ત્યાં પધાર્યા.

સમાચાર-નિવેદક પુરુષોએ રાજાને કહ્યું કે, 'હે દેવ ! આજે 'વિપુલ' નામના ધર્મતીર્થંકર ભગવંત આ નગરમાં સમવસર્યા છે. સર્વ ઋદ્ધિ-સહિત તેમને વંદન કરવા માટે નીકળ્યો અને પાંચ અભિગમ-સહિત તેમના ચરણકમળ પાસે પહોંચ્યો. તેમણે ધર્મ સંભળાવતાં જમાવ્યું કે-'આ મનુષ્યજન્મ દુર્લભ છે, તેમ જ ઈન્દ્ર સરખાનું પણ વહી ગયેલું આયુષ્ય ફરી પાછું મેળવી શકાતું નથી, જીવિત, નિરોગી શરીર આદિ ચંચળ છે, અર્થાત્ સ્વજનાદિકનો સ્નેહ ચંચળ છે. ધર્મવિષયક વીર્ય-ઉદ્યમ-પરાક્રમ તે પણ નિયમિત ટકતું નથી. તો આ સર્વ ધર્માનુકૂલ સામગ્રી મેળવીને ધર્મમાં ઉદ્યમ કરવા દ્વારા મનુષ્યજન્મ સફળ કરવો જોઈએ.' આ પ્રમાણે સમગ્ર દોષોનો નાશ કરનાર જિનેશ્વરની વાણી સાંભળીને સર્વ સંગનો ત્યાગ કરીને સર્વ મહાવ્રતો લેવાને તે તૈયાર થયો. તેણે કહ્યું કે, 'હે નાથ ! આ લોક સળગતા ઘર સમાન દુઃખસ્વરૂપ છે,તો ચારે બાજુ અહિં દુઃખની પરંપરાવાળા સ્થાનમાં રહેવા હું ઈચ્છતો નથી. (૩૦૦)

તો જ્યાં સુધી હું મારા રાજ્ય વિષે પુત્રને સ્થાપું, ત્યાં સુધી આપ અહિં રોકાઈ જાવ. કારણ કે, આપના ચરણ-કમળમાં મોક્ષસુખ કરનારી દીક્ષા ગ્રહણકરવી છે.' ભગવંતે કહ્યું કે, 'ભલે એમ થાઓ.' ત્યાર પછી પોતાના રાજ્ય-સ્થાનમાં પુત્રને સ્થાપન કરીને ચંદ્રકાન્તા પત્ની-સહિત ઘરને કારાગાર-સમાન માનીને, મનથી પૂર્ણ વૈરાગ્ય પામીને તેઓ સંસારમાંથી નીકળી ગયા. જિનેશ્વરે પ્રરૂપેલ સિદ્ધાંતનું પઠન કર્યું. ચારિત્રની નિર્મળ પરિણતિથી ભાવિત બનીને વિવિધ પ્રકારનાં અનેક તપકર્મ કરીને લાંબા કાળ સુધી પોતાના આત્માને શોષવી નાખ્યો. અત્યંત વિશુદ્ધ નિત્ય કર્તવ્યતા રૂપ વૈયાવૃત્ત્ય, તથા ગચ્છને ઉપકાર કરનાર એવાં બીજાં કારણોનું નિપુણતાથી સેવન કરીને, પાપકર્મોની નિર્જરા કરીને, તેણે ઘણો પુણ્યાનુબંધી પુણ્ય-સમૂહ ઉપાર્જન કર્યો. અહિં સમાધિપૂર્વક આયુષ્ય પૂર્ણ કરી, બ્રહ્મ નામના પાંચમાં દેવલોકનો ઈન્દ્ર થયો. તેની પત્નીનો જીવ ત્યાં આગળ જ મહર્દ્ધિક સામાનિક દેવપણે ઉત્પન્ન થયો અને તેને નિરંતર અખૂટ આનંદ પમાડતો હતો. તે બ્રહ્મ દેવલોકનો અધિપતિ હંમેશાં સિદ્ધાલય-મંદિરોમાં વિવિધ પ્રકારના પ્રભુ-ભક્તિના મહોત્સવ કરવામાં તત્પર બની પોતાનો કાળ પસાર કરતો હતો. તથા ભરત, ઐરવત અને મહાવિદેહમાં જે જિનેશ્વરોના કલ્યાણક દિવસો હોય,ત્યારે મહામહોત્સવ કરવામાં તત્પર બનતો હતો. વળી જે નિત્ય તપસ્યા કરનારા, કર્મશત્રુને હણનારા, અતિશય જ્ઞાનની પ્રધાનતાવાળા એવા જે મહામુનિઓ હોય, તેમની પૂજા કરવાની ઉત્સુક-મનવાળો હતો. વલી જયાં જયાં ક્ષીરસમુદ્રના જળ-સમાન અતિનિર્મલ ગુણોવાળા જે જે જીવો વર્તતા હોય, તો તેમના ગુણોની પ્રશંસાની કથાઓ સાંભળીને ખૂબ જ આનંદ પામતો હતો. ત્યાનું દશ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરીને જયારે તેનો ક્ષય થયો, એટલે ધાતકીખંડના પૂર્વના મેરુપર્વતની નજીકની વિજયમાં અમરાવતી નગરીમાં શ્રીષેણ નામનો રાજા હતો. જેના પાદપીઠમાં અનેક રાજાઓના મુગટનાં કિરણો

શોભા પામતાં હતા. એવા રાજાને દિવ્ય લાવણ્ય-પૂર્ણ સર્વાંગવાળી દેવી સરખી, કોયલના સમાન મધુર બોલનારી સુયસા નામની રાણી હતી, તેના ઉદરમાં જન્મ્યો. તે રાત્રે હાથી, વૃષભ, સિંહ વગેરે શ્રેષ્ઠ સ્વપ્નો રાણીએ દેખ્યાં. જાગીને ભર્તારને નિવેદન કર્યાં. તેણે પોતાની બુદ્ધિથી રાજ્યોચિત પુત્રનું ફળ જણાવ્યું. અતિશય સ્નેહ-પૂર્વક તેણે કહ્યું કે, 'એ પ્રમાણે હો' પ્રભાતસમય થયો, ત્યારે સ્વપ્નશાસ્ત્ર જાણકાર આઠ નિમિત્તિયાઓને બોલાવ્યા. પુષ્પાદિક દાન આપીને તેમની પૂજા કરી, પ્રણામ કરી તેઓને આ આવેલા સ્વપ્નોનું શું ફળ થશે ? તેમ પૂછયું, ત્યારે તેઓએ પરસ્પર શાસ્ત્રોની યથાયોગ્ય વિચારણા કરી, અર્થનો નિશ્ચય કરી એકમતે જણાવ્યું કે, 'હે દેવ ! કંઇક અધિક નવ માસ પૂર્ણ થયા પછી હીરા સરખા પુત્રને જન્મ આપશે કે, જે પરાક્રમથી સમગ્ર રાજાઓનો અધિપતિ થશે. ચક્રવર્તી થઇ નવ નિધિના વિનિયોગથી સમગ્ર ઇચ્છાઓ ફલિત કરનાર થશે. સોળ હજાર યક્ષ દેવતાઓથી આ ચક્રવર્તી રાજા રક્ષણ કરાશે. અથવા તો ભક્તિપૂર્વક પ્રણામ કરતા એવા દેવોના અનેક મસ્તકરૂપી પુષ્પમાલાઓ વડે જેમના ચરણ સેવાતા છે, એવા જરૂર તીર્થંકર થશે. આજીવિકા માટે ઘણું ધન આપી અતિસત્કાર કર્યો, એટલે સ્વપ્નપાઠકો પોતાના સ્થાને ગયા. હવે સમયે પુત્ર જન્મ્યો, 'પ્રિયંકર' એવું નામ સ્થાપન કર્યું. તે જન્મ્યો ત્યારે પૃથ્વીમંડલ શોભાયમાન અને સર્વને પ્રિય બન્યું હતું, જેથી તેનું નામ સાર્થક બન્યું.

હવે ચંદ્રકાન્તાનો જીવ હતો, તે તે જ નગરમાં સુમતિ નામના મંત્રીના પવિત્ર ગુણવાળાપુત્રપણે જન્મ્યો. 'મતિસાગર' નામ પાડ્યું. તે ક્રમે કરીને યૌવન પામ્યો. તે મંત્રી અને રાજપુત્ર બંને ગાઢસ્નેહવાળા થયા. કેટલોક કાળ વીત્યા પછી શ્રીષેણ રાજા આદર્શમાં જોતો હતો, ત્યારે પોતાના મસ્તકના કેશ વચ્ચે સફેદ વાળ જોયા. (૩૨૫) તરત તે વિચારવા લાગ્યો કે, આ મારો દેહ પણ આ પ્રમાણે વિકાસભાવ પામે છે, તો પછી બીજી કઇ વસ્તુ ધ્રુવ હોય ? તો આ જગતમાં સર્વ પદાર્થો પાણીના પરપોટાની જેમ દેખતાં સાથે જ નાશ પામવાના સ્વભાવવાળા છે, માટે બુદ્ધિશાળીઓએ આવા નાશવંત પદાર્થોમાં રાગરૂપ આસક્તિ ન કરવી. તે આ પ્રમાણે સંપત્તિઓમાં વિપત્તિઓ જાગતી જ હોય છે. તથા અતિશય મહાન દુઃખના બીજભૂત એવું મૃત્યુ તો જીવિતની આશાના મૂલમાં રહેલું જ છે.પ્રિય, પુત્ર, પત્ની આદિના સંગમો એ દુઃસહ વિયોગનું કારણ છે, યૌવનલક્ષ્મી પણ અતિશય જર્જરિત ભાવ કરનારી જરાથી નાશ પામનારી છે. જેમ ગોવાળ ગાયવર્ગના પાલન-રક્ષણથી પોતાની આજીવિકા અહીં પ્રાપ્ત કરે છે તેમ જ રાજા પણ લોકોની પાસેથી લાભનો છઠ્ઠો ભાગ લે છે. પૃથ્વીનું પાલન કરતો હોવાથી નિરંતર તેના કાર્યની ચિંતાથી દુઃખિત હોય છે. આ પ્રમાણે કિંકર સરખો લોકોની ચાકરી કરતો હોવા છતાં તે મૂઢ રાજા પોતાને નાયક માને છે. નાયકપણાના મદમાં મસ્ત બનેલો જીવ તે કોઇ પણ કાર્ય આચરે છે, જેથી કરીને પોતાના આત્માને કલુષિત બનાવી પાપકર્મોને ઉપાર્જન કરે છે. અતિસ્નેહવાળા બંધુ, પિતા, માતા આદિકને પણ લુબ્ધ અને મુગ્ધ મનુષ્ય પોતાની નિંદા થશે, તેની અવગણના કરીને તેનો સ્નેહ નિષ્ફળ બનાવે છે. અન્ન પકાવવા માટે કોઇ મનુષ્ય ચુલ્લામાંથી હાથથકી અગ્નિ બહાર કાઢે, તો તે પરિવારનિમિત્તે હોવા છતાં પોતે દાઝે છે. હિંસાદિક વિવિધ પ્રકારનાં પાપો કરનાર

મનુષ્ય પાપનાં ફલો પોતે જ ભોગવનાર થાય છે-એ વાત નક્કી જ છે. આ ભોગો અને ધનને ધિક્કાર થાઓ, ઇન્દ્રિયોથી ઉત્પન્ન થયેલ આ સુખને ધિક્કાર થાઓ, પ્રિયના સમાગમને ધિક્કાર થાઓ, આ પરિવારને પણ તેમ જ જેઓ આ પદાર્થોમાં પ્રસક્ત બનેલા છે, તેમ જ તેમાં પ્રમાદભાવ પામેલા છે, તેઓ દુઃખે કરીને પાર પામી શકાય તેવા નરકાદિકરૂપ દુઃખો પ્રાપ્ત કરશે. ભવથી વિરક્ત થયેલા એવા મારે હવે કુશલ-પુણ્યાનુબંધી પુણ્ય બંધાય તેવા, ધર્મના કાર્યનો આરંભ કરવો જોઇએ. કારણ કે, આ મનુષ્યજન્મ, સુકુલ-પ્રાપ્તિ આદિના સંયોગો ફરી મળવા અતિદુર્લભ છે. આ સમયે ઉદ્યાનપાલક એક મનુષ્યે રાજાને વિનંતિ કરી કે, 'હે દેવ ! આપના ઉદ્યાનમાં 'શ્રીધર' નામના આચાર્ય પધાર્યા છે. રોમાંચિત શરીરવાલા રાજાએ આ વચન સાંભળીને વિચાર્યું કે, 'અહો ! મારો અપૂર્વ શુભોદય ઉત્પન્ન થયો છે. કેવા પ્રકારના આ મારા મનોરથો અને મનોરથ પૂર્ણ થાય, તેવા આ ગુણનિધિ એવા મુનિનો યોગ કેવો મેં મેળવ્યો ! હવે વિલંબનો ત્યાગ કરીને આ સમયે તે કાર્ય કરું. ત્યાર પછી સમગ્ર પરિવાર-સહિત તેમની પાસે જવા માટે તરત જ તૈયાર થયો. અનુક્રમે ત્યાં પહોંચીને આદર-સહિત વિધિપૂર્વક વંદના કરી.

ત્યાર પછી અનુક્રમે પોતાના ચક્રથી પૃથ્વીમંડલ સ્વાધીન કરેલ છે એવો, નવ નિધિનો સ્વામી, અનેક ગુણોવાળો ચક્રવર્તી ચૌદ રત્નોનો પ્રભુ થયો.

## ચૌદ રત્નો

સ્ફુરાયમાન કિરણોની પ્રભાવના સમૂહથી રોમવિવર વિસ્તાર પામેલ હોય. સૂર્યના તેજને જિતનારા (૧) **ચક્રરત્ન** અહિં સેવા માટે હાજર થયું.તરુણ તમાલપત્ર-સમાન શ્યામ કાંતિવાળું, વૈરીના મસ્તકને છેદનારું, પ્રકાશિત કરેલી જિહ્વાળી જાણે યમરાજા હોય, તેમ સેવા-તત્પર તેનું (૨) **ખડ્ગરત્ન** શોભવા લાગ્યું. તાપ, જળ અને રજને રોકનાર એવા પ્રકારનું નીચે ઉપર તેની સેવામાં રહેનાર લક્ષ્મીદેવીએ જેમાં કમળ સ્થાપન કરેલું છે, એવું (૩) **છત્રરત્ન** તેને પ્રાપ્ત થયું. સંપૂર્ણ પુણ્યવાળા એવા તેને નદી-જળ તરવા કે દુઃખે કરી ગમન કરી શકાય, તેવા સ્થાને હંમેશાં કાર્યવાહક થાય, તેવું (૪) **ચર્મરત્ન** પ્રગટ થયું. કોઇક પર્વત-ભેદ કરવા કે ખોદવા વગેરે કાર્યમાં ઉપયોગી એવો પ્રચંડ (૫) દંડ (રત્ન) પોતાના તેજના કિરણોને છોડતો, આકાશમંડલને શોભાવનાર થયો. સૂર્યનાં કિરણોને જ્યાં પહોંચવાનો અવકાશ નથી, એવા સ્થળમાં અંધારાને ઉલેચવા ધીરે અને સમર્થ જાણે હંમેશાના અસ્તભાવને પામી હોય, તેમ તેને ચંદ્રકલા સમાન (૬) **કાકિણીરત્ન** પ્રાપ્ત થયું. શ્રીદેવીના મુગટમણિ-સમાન સ્ફુરાયમાન કિરણો યુક્ત નવીન મેઘ-સમાન, શ્યામ અંધકાર-સમૂહને દૂર કરવાના સામર્થ્યવાળા (૭) **મણિરત્નની પ્રપ્તિ થઇ**. વિંજાતા મનોહર ચામરોથી શોભાયમાન, ઝરતા મદવાળો તેની ઉંચાઇથી પરાભવિત થયેલ અંજનગિરિ સમાન (૮) **હાથીરત્ન** પ્રાપ્ત થયું. તેના સંપૂર્ણ પુણ્યયોગે અસ્ખલિત ગતિ-યુક્ત બલવાન, મન સમાન વેગવાળું, ઉંચાઇ યુક્ત વાયુ માફક સેવા માટે (૯) **અશ્વરત્ન હાજર** થયું. વૈરીના ભયના અવકાશ વગરનો, અતિશય શૂરવીરતાનું પાત્ર, ઘણા શૂરવીરોને પરાભવ પમાડનાર એવો (૧૦) **સેનાપતિ** ઉત્પન્ન થયો.

તથા દાનવો-માનવોએ કરેલા ઉપદ્રવોની શાંતિ કરવા સમર્થ, તેને હિતનિમિત્તે શ્રવણ કરાવનાર એવો **(૧૧) પુરોહિત** ઉત્પન્ન થયો. અભિલાષા થવા સાથે ઇન્દ્રના નિવાસસ્થાન સમાન ભવન તૈયાર કરી આપનાર, વૃદ્ધિ પામેલા પ્રભાવ યુક્ત વિશ્વકર્મા-સમાન સ્થપતિ (૧૨) **વાર્ધકી** ઉત્પન્ન થયો. રાજ્ય-વિષયક ચિંતા કરનાર વિશ્વાસુ વ્યવહાર કરનાર સ્વામીના ભવન તૈયાર કરી આપનાર, વૃદ્ધિ પામેલા પ્રભાવ યુક્ત વિશ્વકર્મ-સમાન સ્થપિત (૧૨) **વાર્ધકી** ઉત્પન્ન થયો. રાજ્ય - વિષયક ચિંતા કરનાર વિશ્વાસુ વ્યવહાર કરનાર સ્વામીનાં ગૃહકાર્ય કરવામાં તત્પર, લોકાચારમાં કુશલ એવો **(૧૩) ગાથાપતિ**-ગૃહપતિ શ્રેષ્ઠા વણિક ઉત્પન્ન થયો. દર્શનીય એવાં જેનાં સર્વઅંગો લાખો લક્ષણવાળાં છે, પતિના ચિત્તને રંજન કરવામાં ચતુર, મનોહર રૂપલાવણ્યથી યુક્ત, રત્નની કાંતિના રંજનમાં જે ચતુર છે, એવું **(૧૪) સ્ત્રીરત્ન તેને પ્રાપ્ત થયું** - આ પ્રમાણે ચક્રવર્તીનાં ચૌદ રત્નો વર્ણવ્યા પછી, હવે નવ પ્રકારના નિધિઓ વર્ણવે છે –

## નવનિધિઓનું સ્વરૂપ

યથાકાલ અસ્ખલિત ક્રમથી **(૧) પાંડુક નિધિ, તે ચક્રવર્તીને** શાલિ, જવ વગેરે પ્રકારનાં સર્વ જાતિનાં ધાન્યો અર્પણ કરે છે. (૨) **પિંગલ** નિધિ; કુંડલ, તિલક, બાજુબંધ, વીંટી મુદ્રા, મણિજડિત મુકુટ, મનોહર હાર વગેરે દિવ્યાલંકારનો વિધિ પ્રાપ્ત કરાવે છે. (૩) કાલ નામનો નિધિ, સર્વ દિશાઓમાં સુગંધ ફેલાવે તેવા પ્રકારના સર્વઋતુઓમાં ઉત્પન્ન થતા નિર્મળ ચમકતા પત્રવાળા, કલ્પવૃક્ષ વગેરેનાં પુષ્પોની ગૂંથેલી માલા આદિક તેને અર્પણ કરે છે. (૪) **શંખ** નામનો નિધિ, અસંખ્ય પ્રકારના; કાનને મનોહર લાગે તેવા શબ્દવાળા, વિવિધ પ્રકારના સુંદર રીતે નિરંતર વાગતા એવા વાજિંત્ર-વિધિ અર્પણ કરે છે. વિવિધ પ્રકારની રંગ-બેરંગી આકર્ષણીય રચનાયુક્ત, રોગને હરણ કરનાર એવા ચીનાંશુક-રેશમી વસ્ત્રો તૈયાર કરીને (૫) **પદ્મ** નામનો નિધિ તેને અર્પણ કરે છે. તીક્ષ્ણ તરવાર, તોમરસ, ધનુષ-બાણ, ચક્ર, મુસુંઢિ, ભિંડિમાલ વગેરે સંગ્રામ કરવામાં ઉપયોગી થાય તેવો શસ્ત્રસમૂહ (૬) **માણવક** નામના નિધિથી ઉત્પન્ન થયો. સુકુમાલ સ્પર્શયુક્ત શયન, આસન, તેમ જ શરીરને શાંતિ કરી આપનાર અનેક ભક્તિયુક્ત બીજાં સાધનો (૭) **નૈસર્પ** નામના નિધિએ તેને તૈયાર કરી આપ્યાં. તેના ઉગ્ર પુણ્યયોગે કોઇ દિવસ અંત ન આવે તેવો અખૂટ (૮) **સર્વરત્નમય** નિધિ પ્રાપ્ત થયેલો છે કે, જેનાથી તેનાં સર્વ મનોવાંછિત કાર્યો પૂર્ણ થાય છે પોતાના બીજા જીવ સરખો પ્રિય એવો **મંત્રીપુત્ર** નિષ્કૃત્રિમ ગાઢ-સ્નેહયુક્ત વિશ્વાસનું અપૂર્વ એક સ્થાન તેવો મનોહર તેને મિત્ર થયો. તેને સુંદર રત્નની ખાણ સમાન, બત્રીશહજાર સરળ અને કલ્યાણકારી નામવાળી પત્નીઓ હતી. દેશોનાં જે કલ્યાણિક નામો હોય, તેવા નામવાળી તેટલી જ બીજી દેવાંગના-સમાન સ્ત્રીઓનો પતિ થયો. વળી તે અનેક ખેડ, કર્બટ, મડંબ, ગામ, નગર, ખાણો વગેરેથી સંકળાયેલા છે, એવા મોટા રાજ્યને અનેક લાખ પૂર્વોના લાંબાકાળ સુધી ભોગવીને પોતાનું પુણ્ય ખપાવતો હતો.

હવે કોઇક સમયે ત્યાં **'શિવંકર'** નામના અરિહંત પ્રભુ સમાવર્યા. સમાચાર આપનાર

પુરુષોએ તરત રાજાને વિનંતિ કરી કે, 'હે દેવ ! આજે તમારા ઉદ્યાનમાં સકલ જગત જીવો પ્રત્યે વાત્સલ્ય રાખનાર, ત્રણ જગતની લક્ષ્મી સમાન એવો ભગવંત હાલ તરત પધાર્યા છે.' સમાચાર સાંભળતાં તરત જ તેઓને સાડાબાર લાખ સુવર્ણનું આજીવિકા દાન અને ખુશ ભક્તિથી તેટલા જ ક્રોડ સુવર્ણનું દાન અપાવરાવ્યું. સમવસરણની રચના થઇ, દેવ, દાનવ આદિ સમૂહ આવ્યો,ત્યારે અંતઃપુર અને પુત્ર-પરિવાર સહિત તે નગરમાંથી બહાર નીકળ્યો. ભગવંતને વંદના કરી, મોક્ષ સાધી આપનાર ધર્મ સાંભળ્યો. તે સમયે જેને ઉત્તમ ભાવ ઉલ્લસિત થયો છે, એવો તે ભગવંતને પૂછવા લાગ્યે કે-'હે ભગવંત ! આ મારા આપ રાજ્યમાં આ મંત્રીપુત્ર મને કેમ આટલો માનની પ્રીતિ ઉપજાવનાર થાય છે ? ત્યારે ભગવંતે કહ્યું કે-'આ ભવ પહેલાના આઠમા ભવમાં તું જ્યારે કીર એટલે પોપટપણે હતો, ત્યારે તે તારી પત્નીરૂપે મેનાપણે હતી.' આ વૃત્તાન્ત કહ્યો, એટલે તેને જાતિસ્મરણ ઉત્પન્ન થયું. મનમાં દૃઢ વૈરાગ્ય ઉત્પન્ન થયો. બે હથેલી એકઠી કરી ભુવનના સૂર્યને વિનંતિ કરવા લાગ્યો કે-'હે ભગવંત ! પુત્રને રાજ્ય પર સ્થાપન કરીને પ્રાર્થના કરવાના સ્થાનરૂપ આપના ચરણકમળમાં હવે હું વ્રતો ગ્રહણ કરીશ.' ત્યારે ભગવંતે કહ્યું કે, 'આ વિષયમાં ઢીલ કરવી યોગ્ય નથી. કારણ કે, ઉત્તમ આત્માઓને મોક્ષ સિવાય બીજી પ્રાર્થના કરવાની હોતી નથી.' પોતાના રાજ્યપદ પર પુત્રને સ્થાપન કીને પ્રકૃષ્ટ સંયોગવાળા ભુવનને આશ્ચર્ય પમાડે તેવાં ચારમિત્રરૂપ વ્રતો અંગીકાર કર્યાં. તેનો મિત્ર હતો, તેણે પણ સાથે જ મહાવ્રતો ગ્રહણ કર્યાં. કાલે કરી, કેવલજ્ઞાન પામીને બંને મોક્ષે ગયા. વિષય-અભ્યાસના યોગે દરેક જન્મમાં મોહમલને ક્ષીણ કરતા તેમ જ કુશલ-પુણ્યાનું બંધી પુણ્યની વૃદ્ધિ કરતા તેઓ આ પ્રમાણે મોક્ષને પ્રાપ્ત કરનાર થયા. (૩૮૩) સંગ્રહગાથાનો અક્ષરાર્થ જણાવે છે –

આમ્રમંજરીનાં પુષ્પથી જિનપ્રતિમાની ભક્તિથી પૂજા કરનાર એવો કોઇક પોપટ હતો. ત્યાર પછી તેનું મરણ થયું અને કુંડલના સ્વપ્નથી સૂચિત તે રાજપત્નીનો પુત્ર થયો. તેના જન્મસમયે નાલ દાટવા માટે ભૂમિ ખોદતા હતા, ત્યારે તેમાંથી નિધિ પ્રાપ્ત થયો. તેનું નિધિકુંડલ નામ પાડ્યું. કળાઓ ગ્રહણ કરી, યૌવન પામ્યો,પણ સ્ત્રીઓ તરફ રાગ ન ઉત્પન્ન થયો. એ જ પ્રમાણે મેનાએ પણ તે વખતે પોપટ સાથે તે પ્રમાણે પૂજા કરી હતી. તે પણ મૃત્યુ પામીને બીજા કોઇક નગરમાં રાજપુત્રીપણે જન્મેલી,પરંતુ તેને પણ કોઈ બીજા પુરુષ ઉપર રાગ થતો નથી, માત્ર અસાધારણ ગુણવાળા નિધિકુંડલના રૂપાદિક શ્રવણ કર્યા, તેને છોડીને ક્યાંયતેનું મન રાગ કરતું નથી. આ પોતાનો અભિપ્રાય પોતે છૂપાવી રાખ્યો, એટલે માતા-પિતાને ચિંતા થવા લાગી. પુરુષના અનુરાગ વિષયમાં મંત્રીને જ્ઞાન થયું, એટલે ઉંટડી (સાંઢણી) ઉપર મુસાફરી કરનાર દૂતોને દરેક જગો પર મોકલ્યા. અને રાજપુત્રીનું પ્રતિબિંબ તૈયાર કરીને તેમાં નામ, સ્થાન રૂપ જણાવનાર સર્વ આલેખન કરાવ્યું. નિધિ કુંડલને પણ સ્વપ્ન આવેલ, તેમાં તેને દેખવાથી તેના વિષે અનુરાગ ઉત્પન્ન થયો હતો. રાજપુત્રીને તો માત્ર તેની કીર્તિ સાંભળવાથી અનુરાગ થયો હતો, આમ પરસ્પર બંનેને અનુરાગ થયો હતો. પ્રતિબિંબનાં દર્શન થવાથી જ્ઞાન થયું, મંત્રસાધના કરનાર કાપાલિક સાધુએ 'પુરુંદરયશા'નું હરણ કરેલું અને તેનો ઘાત કરવા માટે મંડલમાં સ્થાપી હતી, નિધિકુંડલે અહિં તેને દેખી, તેને

છોડાવી. શ્વસુરના ઘરે ગયા, લગ્ન થયાં. ભોગો ભોગવવા લાગ્યા.

કોઈક સમયે પિતાનો વધ થયો. રાજ્ય પ્રાપ્ત થયા પછી નિષિકુંડલે જિનભુવન બંધાવરાવ્યું. તીર્થંકર પાસે દીક્ષા લીધી. ત્યાર પછી સૌધર્મ દેવલોકમાં તે બંને ઉત્પન્ન થયા, ભોગો ભોગવ્યા. ત્યાથી ચ્યવેલો 'પુરંદરયશા' તરીકે થયા પછી સ્વયંવર કર્યો. ઘણા રાજપુત્રો આવ્યા, એકઠા થયા. તેમાં ચારને કળા સંબંધી પ્રશ્નો કર્યા. જ્યોતિષકળા, વિમાનકળા, ધનુષકળા અને ગરુડકળા આ કળાઓમાં જે વિશેષ હોય, તે મને પરણે.ત્યાર પછી ધનુષવિદ્દમાં અતિશય પ્રવીણ એવા લલિતાંગ વિષે તેનો રાગ થયો. આ સમયે અતિતીવ્ર કામદેવ ઉત્પન્ન થયેલા એવા કોઇક વિદ્યાધરે ઉડીને એકદમ તે કન્યાનું અપહરણ કર્યું. જે જ્યોતિષવિદ્યા જાણકારે જણાવ્યું-'તે હજુ જીવે છે, અમુક સ્થાને તેને છૂપાવી છે.' એટલે વિમાન બનાવનારે વિમાન વનાવ્યું. ત્યાર પછી વિમાનમાં બેસી લલિતાંગ ત્યાં ગયો અને ધનુર્વિદ્યાથી તેને જિતી કન્યાને પાછી લાવ્યો. સર્પે ડંખ માર્યો, એટલે ગારુડિકે જીવાડી. ત્યાર પછી માતા-પિતાને ચિંતા થઇ કે-'હવે આને કોની સાથે પરણાવવી ?' કન્યાએ નક્કી કર્યું કે, 'મારી સાથે અગ્નિમાં પ્રવેશ કરી જન્માંતરમાં સાથે આવે, તેને પરણીશ.' (૯૮૦)

ત્યાર પછી લલિતાંગ સાથે લગ્ન કરવાનો નિર્ણય થયો. ચિતામાં અગ્નિ સળગાવ્યો. પૂર્વ ખોદાવી રાખેલી સુરંગદ્વારા ચિતામાંથી નીકળીને લલિતાંગે તેની સાથે લગ્ન કર્યા. પિતાને સંતોષ થયો. બીજાઓને સમજાવ્યા કે, 'એક કન્યાને અનેક સાથે કેવી રીતે પરણાવી શકાય ?' અનુક્રમે બંને ભોગો ભોગવવા લાગ્યા. કોઇક સમયે આકાશમાં શરદના મેઘો દેખ્યા. તેના આધારે ચિન્તા થઇ. વૈરાગ્ય પામેલા તેમણે તીર્થંકર પાસે દીક્ષા લીધી. ઈશાન દેવલોકે ગયા, ભોગો ભોગવ્યા. ત્યાંથી ચ્યવીને 'દેવસેન' નામનો રાજપુત્ર થયો. કળાઓ ગ્રહણ કરી, યૌવન પામ્યો. બીજી 'ઉન્માદયંતી' નામની વિદ્યાધરપુત્રીપણે જન્મી હતી. દેવસેનના રૂપ-ગુણ શ્રવણ કરવાથી તેના ઉપર તેને રાગ થયો હતો. વિદ્યાધરોએ 'તારો પતિ જમીન પર ચાલનારો મનુષ્ય છે.' એમ તેની હલકાઇ કરી, તો પણ તેનો રાગ ઓછો ન થયો. અરે ! તેનામાં આકાશગમનની વિદ્યા નથી, તેમ જ વિદ્યાધરો જેટલા વૈભવાદિક પદાર્થો નથી, માટે તારા સમાન આ યોગ્ય પતિ નથી. પેલાને આ ચંડાલી સ્ત્રીનું ચિત્રામણ છે, તો પણ પેલાનો રાગ ઓછો થતો નથી.રાજાએ કુમારનો રાગ જાણ્યો, એટલે વિવાહ કર્યો. ભૂમિ પરનો મનુષ્ય છતાં વિદ્યાધર સંબંધી પુષ્પ, તામ્બૂલ, વસ્ત્રાદિક તેના પિતાએ આપ્યા. ત્યાર પછી એક વખત સેવકના પ્રમાદથી તાજાં પુષ્પાદિક પ્રાપ્ત ન થયાં, ત્યારે કરમાએલાં નિર્માલ્ય પુષ્પાદિકનો ભોગવટો કર્યો. સખીએ હાસ્ય કરતાં કહ્યું કે, 'તારા પિતા તારું ગૌરવ કરતા નથી, નહિંતર આવાં પુષ્પાદિક કેમ મોકલે ?' 'પુષ્પાદિકની અવસ્થાઓ પલટાય છે.' એમ વિચારી સંવેગ ઉત્પન્ન થયો. અરિહંતનું આગમન થયું. દીક્ષા બ્રહ્મદેવલોકમાં ઈન્દ્રપણું પામ્યો. ભોગો ભોગવીને ચ્યવી ગયો. 'પ્રિયંકર' નામનો રાજપુત્ર થયો, અનુક્રમે અરિહંતનું આગમન થયું, એટલે પૃચ્છા કરી. ભગવંતે પૂર્વભવ જણાવ્યો, એટલે વૈરાગ્ય થયો.ત્યાર પછી ચારિત્રના પરિણામ, દીક્ષા ગ્રહણ કરી. ચારિત્રમાં અભિગ્રહોનું પાલન કર્યું. ત્યાર પછી ક્ષપકશ્રેણી કેવલજ્ઞાન, સર્વકર્મનો ક્ષય થવાથી સિદ્ધિની પ્રાપ્તિ. (૯૮૬) - વિષયાભ્યાસ-

વિષયક શુકયુગલનું ઉદાહરણ પૂર્ણ થયું.

૯૮૭—હવે ભાવ-અભ્યાસ ઉદાહરણ તેને જાણવું કે, જેમાં અતિ ઉત્કટ-તીવ્રભાવ-પરિણામ ઉત્પન્ન થાય. પોતે જ કરેલા અશુભ-પાપ વ્યાપારનો ઉદ્વેગ કરી અતિશય મોક્ષની અભિલાષા કરનારા 'નરસુંદર' રાજાની જેમ થાય. (૯૮૭) આ જ વક્તવ્યતાનો સંગ્રહ કરતા સાત ગાથા કહે છે –

## ભાવાભ્યાસ ઉપર નરસુંદર રાજાનું દૃષ્ટાંત

૯૮૮ થી ૯૯૪—તામ્રલિપ્તી નામની નગરીમાં 'નરસુંદર' નામનો રાજા રાજ્ય પાલન કરતો હતો. 'બંધુમતી' નામની તેને ભગિની હતી. વિશાળ ઉજ્જયિની નગરીના 'પૃથ્વીચંદ્ર' નામના અવંતીનરેશ સાથે તેનાં લગ્ન થયાં હતાં. તે પૃથ્વીચંદ્ર રાજાને આ બન્ધુમતી ભાર્યામાં અતિશય રાગ હતો અને ક્ષણવાર પણ તેનો વિરહ સહન કરી શકતો ન હતો. મદિરાપાન કરવાનો વ્યસની થયો હતો. સ્ત્રીરાગ અને મદિરાપાનના વ્યસનમાં એવો ડૂબી ગયો કે, રાજયકાર્યની ચિંતામાં બેદરકાર બન્યો. દેશની ચિંતા કરનાર બીજા અધિકારીઓ પણ પોતાની ફરજમાં પ્રમાદ કરવા લાગ્યા. એટલે ચોરો-લૂંટારાઓ સર્વ જગો પર નિર્ભયતાથી વૃદ્ધિ પામવા લાગ્યા. સીમાડાના રક્ષણ કરનાર રાજાઓ પણ સીમાડાના ગામો લૂંટવા લાગ્યા. આ પ્રમાણે રાજયનો નાશ થતો દેખી મંત્રીએ ચિંતવ્યું કે, "લોકો ત્રાસ પામેલા હોય, ભયભીત થયા હોય, હાહાભૂત અશરણ બની ગયા હોય, લોકોના જીવ ઉડી ગયા હોય, તેવા સમયમાં રાજા પ્રજાનું રક્ષણ ન કરે, તો સમગ્ર રાજયનો વિનાશ થાય." તથા "સર્વ પ્રજાઓનો આધાર હોય તો રાજા છે, મૂળ વગરના વૃક્ષને સ્થિર રાખવા મનુષ્યનો પ્રયત્ન બર આવતો નથી." વળી રાજા ધાર્મિક કુલાચારની, તેમજ શિષ્ટજનની, વિશુદ્ધ નીતિનું પાલન કરનારો હોય, પ્રતાપવાળો અને ન્યાયને અનુસરનારો હોય-એમએમ વિચાર કરીને બીજા તેના પુત્રાદિકની તેના પદ પર સ્થાપના કરી. ત્યાર પછી તે રાજાને બન્ધુમતી પત્ની સહિત પલંગમાં સૂતેલા હતા, તેવી જ સ્થિતિમાં મહાજંગલની અંદર મંત્રીએ તેનો ત્યાગ કરાવ્યો. તેના પહેરેલા કપડામાં એક લેખ લખીને બાંધ્યો કે, 'હવે તમારે અહીં ન આવવું તે જ તમારા માટે ગુણકારક છે.' હવે મદિરાનો મદ ઉતરી ગયો અને લેખ દેખ્યો, એટલે તેને કોપ ઉત્પન્ન થયો કે, 'મારા જ પરિજને મને રાજયમાંથી હાંકી કાઢ્યો ! તેને જ દેશવટો આપવા લાયક છે.' ત્યારે બંધુમતીએ વિનંતિ કરી કે, 'હે દેવ ! પુણ્ય ખલાસ થાય છે, ત્યારે આવી જ અવસ્થા પ્રાપ્ત થાય છે.' તો હવે તેને કાઢી મૂકવાના કાર્ય કરવામાં કોઇ કાર્ય સિદ્ધિ થવાની નથી, માટે હવે મારા પીયર તામ્રલિપ્તી નગરીએ જવું હિતાવહ છે.ત્યાર પછી બંને તે તરફ ચાલવા લાગ્યા. નગર બહાર ઉદ્યાનમાં આવ્યા પછી દેવીએ રાજાને ઉદ્યાનમાં રોકીને બેસાડ્યા. દેવીએ નગરમાં પ્રવેશ કરીને નરસુન્દર રાજાને સમાચાર આપી, ભગિનીના પતિને સામેયું કરી પ્રવેશ કરાવવાની તૈયારી કરવા માંડી. માલવપતિને તે સમયે અતિશય ભૂખ લાગી. એટલે કાકડીના વાડામા કાકડી લેવા માટે પ્રવેશ કર્યો. તેણે છીંડીના અપમાર્ગેથી પ્રવેશ કરેલો હોવાથી તેના રખેવાલે 'આ ચોર છે' એમ ધારી, લાકડીથી મર્મસ્થાનમાં માર્યો, એટલે અને

મૂર્ચ્છા-બેશુદ્ધિ વળી ગઇ.

હવે રાજા સૈન્યપરિવાર સહિત આવે છે, એટલે ઘોડાની કઠોર ખરીથી ઉખડતી અને આકાશમાં ઉડતી પૃથ્વીની રજનો સમૂહ દરેક દિશામાં એવો ફેલાઇ ગયો કે, સૈનિકલોકનો દૃષ્ટિ-સંચાર મંદ પડી ગયો અર્થાત્ આગળ શું છે ? તે કંઇ પણ દેખી શકાતું ન હતું. હવે પેલો ભૂખ્યો બેભાન રાજા અત્યારે રાજમાર્ગથી બહાર પડેલો હતો, તેને કોઇએ ન દેખ્યો, એટલે નરસુંદર રાજાના ઉતાવળથી ચાલતા તલવારની ધારા કરતાં પણ અતિશય તીક્ષ્ણ રથના ચક્રના અગ્રભાગથી અવંતી-રાજના ગળાનો છેદ થઇ ગયો. જ્યારે નરસુંદર રાજાએ અવંતીરાજાને ક્યાંય ન દેખ્યો, ત્યારે તેની શોધ કરવા લાગ્યા,તો પણ ક્યાંય પત્તો ન લાગ્યો. પછી દેવીને બોલાવી. ઘણી બારીકીથી તપાસ કરી. કોઇક જગો પર ઘણી ધૂળથી વીંટળાયેલ સમગ્ર કાયાવાલાને કોઇ પ્રકારે દેખ્યો. તેવા પ્રકારની અવસ્થાવાળા રાજાને દેખીને દેવીને પારાવાર શોક ઉત્પન્ન થયો. ત્યાર પછી પોતાના ખોળામાં તેને બેસાડીને પોતે અગ્નિ-સાધના કરી અર્થાત્ બળીને મૃત્યુ પામી.

નરસુન્દર રાજાને તો આનાથી ભવનો નિર્વેદ થયો. ખરેખર આ ભવસ્થિતિ અતિ નિન્દનીય છે. અચિન્તિત એવા પ્રકારના અનર્થ-સમૂહને પમાડનારી આ સંસારની પરિસ્થિતિ છે. ત્યાર પછી તે રાજાએ સર્વ આહારનો કાયમ માટે ત્યાગ કરવા રૂપ અનશન કર્યું. કોઇ પણ ધાર્મિકપુરુષ પાસે સર્વજ્ઞનાં આગમવચન શ્રવણ કરતાં શ્રદ્ધાનરૂપ એકાગ્રતા પ્રાપ્ત કરી. અનશન કરી મૃત્યુ પામી બ્રહ્મદેવલોકમાં ઉત્પન્ન થયો. કોઇક સમયે સમવસરણમાં તીર્થંકર ભગવંતનાં દર્શન થયાં. ત્યાં સમ્યક્ત્વ-પ્રાપ્તિ થઇ, તથા સંસારને મર્યાદિત સ્થિતિવાળો કર્યો. દરેક ભવમાં ઉત્તરોત્તર સુખની અધિકતા પ્રાપ્ત થવા લાગી. ત્યાર પછી નરક અને તિર્યંચ બે ગતિમાં પ્રવેશ કર્યા વગર નરસુન્દર રાજાને સાતમાં ભવે મોક્ષ થશે. (૯૮૮ થી ૯૯૪)

આ ત્રણે અનુષ્ઠાનો કથંચિત્ એક જ છે, એમ દર્શાવતા કહે છે –

૯૯૫—આ કુરુચંદ્ર વગેરે ત્રણેનાં અનુષ્ઠાનો મોક્ષને અનુકૂળ ભાવગર્ભિત જ ઉદાહરણો છે, માતા-પિતાનાં વિનયાદિક કાર્યો વ્યવહારથી નિશ્ચયને પમાડનારાં કાર્યો છે. જો એમ છે, તો તેમને ફલમાં તફાવત કેમ પ્રાપ્ત થયો ? એવી શંકાનું સમાધાન કરતાં જણાવે છે કે, 'વૈરાગ્યભાવમાં જે વિશેષ તારતમ્ય થાય, તે કારણે ફલમાં ફરક પડી જાય, એમ સમજવું. જેમ માધુર્ય સમાન હોવા છતાં પણ શેરડીનો રસ, સાકર, ગોળ, વરસાદના કરા વગેરેની મધુરતામાં ફરક પડે છે. સામાન્યથી વૈરાગ્ય હોવા છતાં સતત અભ્યાસ વગેરે અનુષ્ઠાનોમાં પરસ્પર ભાવભેદ રહેલો છે. માટે ફલમાં ફરક પડે છે. (૯૯૫) આ પ્રમાણે હોવાથી –

૯૯૬—ત્રણે પ્રકારનાં આ અનુષ્ઠાનો આજ્ઞાનુકૂલ આચરણરૂપ સમ્યગ્ અનુષ્ઠાનો છે. પારમાર્થિક-વ્યવહારનય દૃષ્ટિથી આ વાત સમજવી. આમાં હેતુ જણાવે છે. અનુબંધક, માર્ગાભિમુખ અને માર્ગપતિત સિવાય ઉપરોક્ત અનુષ્ઠાનો અહિં બીજા જીવોમાં હોતાં નથી. જે અપુનર્બંધક આદિક ત્રણ જણાવ્યા, તેઓ સમ્યગ્ અનુષ્ઠાનવાળા-આજ્ઞાનુસારી જ હોય છે. (૯૯૬)

૯૯૭–જેનું લક્ષણ આગળ જણાવીશું, તેવા પ્રકારનું તથાભવ્યત્વ, કાલ, નિયતિ, પૂર્વકૃતકર્મ, પુરુષકાર-સમગ્ર કારણરૂપ સામગ્રીનો સંયોગ એકઠો થાય, તો નક્કી આ અનુષ્ઠાન થાય છે. આ સંક્ષેપથી બતાવ્યું છે. પદાર્થને કોઇ પણ એક કારણ હોતું નથી. (૯૯૭) તેનું સ્પષ્ટીકરણ કરે છે –

૯૯૮–દૈવ એટલે ભાગ્ય અને પુરુષકાર એટલે ઉદ્યમ કરવો-પ્રયત્ન કરવો. એ બંનેના અધિકારમાં "દૈવ અને પુરુષકાર એ બંને પણ આ કારણથી સમાન-તુલ્ય સમજવા. એકનો જો નિયમ રાખવામાં આવે, તો તે નિષ્ફલપણું પામે," એ વગેરે પૂર્વે કહેલા લક્ષણમાં અર્થાપત્તિથી સર્વ કાર્યો બંનેને આધીન કહેલાં છે. બુદ્ધિશાળી પુરુષે આ વાત પ્રધાનયુક્તિ સહિત યત્નપૂર્વક વિચારવી. (૯૯૮)

હવે તથાભવ્યત્વ કહે છે –

## તથાભત્યત્વની વિચારણા

૯૯૯–તથાભવ્યત્વ એ દરેક જીવનું જુદા જુદા પ્રકારનું હોય. છે. અથવા તો તે ભવ્યત્વ જ સમજવું. વગર કર્મે થયેલું એક આત્માના સ્વભાવ સરખું. જેમ સાકાર કે અનાકાર એ આત્માનો અનાદિનો પોતાનો સ્વભાવ છે, નવો ઉત્પન્ન થયેલો સ્વભાવ નથી. તેમ દરેક જીવમાં આ તથાભવ્યત્વ સ્વભાવ સમજવો. અહિં હેતુ કહે છે – જેમ તીર્થંકરોના, ગણધરોના વગેરે આત્માઓ ભવ્ય હોવા છતાં ફલમાં વિચિત્રતા પડે છે. તીર્થંકરનો આત્મા તીર્થંકરપણાની, ગણધરનો આત્મા તે ફળ પામીને મોક્ષ મેળવે છે. એમ દરેક આત્માઓ જુદા જુદા તથાભવ્યત્વવાળા હોવાથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાએ જુદા રૂપે સિદ્ધિ પામે છે. કાલ, નિયતિ, પૂર્વકૃત કર્મ રૂપ સામગ્રીઓને સમીપમાં - નજીકમાં લાવનાર તથાભવ્યત્વ છે. (૯૯૯) વિપક્ષમાં બાધકને જણાવે છે –

૧૦૦૦–જો દરેક જીવની તથાભવ્યતાની વિચિત્રતાનો અભાવ માનીએ-એટલે કે, દરેકની સમાન માનીએ, તો અસંગતિ પ્રાપ્ત થાય છે. કેમ ? તો કે, ભવ્યપણાનો દરેકનો એક સરખો સ્વભાવ માનવામાં આવે, તો કાલ આદિના યોગથી દેશ-અવસ્થાના ભેદથી તે જીવને ફલલાભરૂપ વિપાકની વિચિત્રતા કેવી રીતે ઘટી શકે ? અર્થાત્ કોઇ પ્રકારે વિવિધતા ન ઘટી શકે. (૧૦૦૦)

૧૦૦૧–કાલાદિકના યોગથી જીવોનો વિપાક વિવિધ પ્રકારનો સિદ્ધાંતમાં નિરૂપણ કરેલો છે. જેમ કે, તીર્થંકર સિદ્ધ, અતીર્થંકર સિદ્ધ, વગેરે સિદ્ધિગતિ પામવાના પંદર ભેદો શાસ્ત્રમાં વિવિધ પ્રકારે દર્શાવેલા છે. આ વાત ભવ્યત્વની વિચિત્રતામાં નિમિત્ત રીતે ઘટી શકે છે. આ હકીકત ઋતુસૂત્ર આદિ પર્યાયનયોની પર્યાલોચના પૂર્વક તર્કથી ઘણી સૂક્ષ્મબુદ્ધિથી નિશ્ચય કરીને સ્વીકારવું. ઋજુસૂત્રાદિક પર્યાયનયો સમગ્ર ત્રૈલોક્યના કાર્યની ઉત્પત્તિનો પ્રસંગ આવી જવાથી સમગ્ર લોકોમાં પ્રસિદ્ધ એવા કારણાન્તર જે માનીએ છીએ, તેની કલ્પના નકામી જ કરેલી ગણાય. (૧૦૦૧)

૧૦૦૨ —તથાભવ્યત્વની વિચિત્રતામાં ન્યાયથી આ પુરુષકાર-ઉદ્યમ-પ્રયત્ન સફળ જાણવો. આ તથાભવ્યત્વ તેવા પ્રકારના વિચિત્રરૂપે પુરુષકારને ખેંચે છે. નહીતર જો તમામ દ્રવ્ય ખેંચનાર ન હોય તો પુરુષકાર હેતુ વગરનો બની જશે, અને જેનિ હેતુક પદાર્થ હોય તે તો સદાકાળ તેરૂપેજ હોવાનો પ્રસંગ આવે અથવા બિલકુલ હોય જ નહી જ્યારે પુરુષકારમાં ફેરફાર જગતપ્રસિદ્ધ છે, માટે તેમાં તથા ભવ્યત્વ ને કારણમાં જવું જ પડશે. (૧૦૦૨)

૧૦૦૩—અજ્ઞાનની નિવૃત્તિરૂપ જે સફળતા તથા ભવ્યત્વની અપેક્ષાએ થાય, તો જ યુક્ત થાય, આ જ પ્રમાણે અપુનર્બંધકાદિ ધર્માધિકારીઓને અનુરૂપ જે ઉપદેશ તેની સફલતા તથાભવ્યત્વ અપેક્ષણીય થાય, તો જ તેમાં ઘટી શકે, નહિંતર ન ઘટી શકે. અપિશબ્દથી પુરુષકાર લેવો. વિવિધ પ્રકારની ભવ્યતા ન સ્વીકારવામાં આવે, તો જેનું આગળ સ્વરૂપ કહેવાશે, એવો સ્વભાવવાદ બલાત્કારથી આવી જશે. તથાભવ્યત્વરૂપ જે સ્વભાવવાદ છે, તે બાધા કરનાર નથી. ભિન્નભિન્ન કોઈ તે પુરુષકાર આદિનો આક્ષેપ કરનાર છે, અરે તે પોતે કાળાદિની અપેક્ષા રાખે છે, એ આની વિચિત્રતા છે. ચાર્વાકોનો જે સ્વભાવવાદ છે, તે કેવલ સ્વભાવવાદ છે. (૧૦૦૩)

કેવલ સ્વભાવવાદને જ બતાવે છે –

૧૦૦૪—કમળ વગેરે પુષ્પોમાં સૌરભ-સુગંધ કોણ ઉત્પન્ન કરે છે ? શેરડીમાં મીઠાશ, ઉત્તમજાતિના હાથીની ચાલની સુંદરતા, ઇક્ષ્વાકુ વગેરે નિર્મલ કુળમાં જન્મેલા પુરુષોને સર્વ પદાર્થોમાં ઉચિત પ્રવૃત્તિ કરવા રૂપ વિનય કોણે ઉત્પન્ન કર્યો ? તો કે, સ્વભાવથી જ તે સર્વ થયેલા છે, પરંતુ કાલાદિક બીજાં કારણો નથી. બીજા સ્થળે પણ કહેલું છે કે-"કાંટાની અણીમાં તીક્ષ્ણતા કોણે કરી છે ? મૃગલાઓ અને પક્ષીઓમાં વિચિત્ર-જુદા જુદાપણાની આકૃતિ-સ્વભાવો કોણે કર્યા ? તો કે, સ્વભાવથી જ આ સર્વે પ્રવર્તેલા છે, તેમાં કોઇનો ઇચ્છાપૂર્વકનો કરેલો પ્રયત્ન નથી." (૧૦૦૪)

હવે ચાલુ અધિકાર વિષયક તથાભવ્યત્વ કહે છે –

૧૦૦૫—અહિં તથાભવ્યત્વની પ્રતિજ્ઞામાં જે જીવ જેમ તીર્થંકર, ગણધર, સ્ત્રીવેદ, પુરુષવેદ આદિ વિવિધ પર્યાયો પામીને પાર વગરના સંસાર - સમુદ્રમાં રખડીને તે સર્વ કર્મનો ક્ષય કરીને સિદ્ધિ પામે છે, તેના સંબંધી ભવ્યત્વ ચિત્ર અર્થાત્ વિવિધ પર્યાયો પામવા રૂપ પ્રાપ્ત થયું. જો તે તથાભવ્યત્વ જીવનું ન હોય, તો જુદા જુદા ભવોમાં વિવિધતા આવી ન શકે. હવે કદાચ તમે પ્રશ્ન કરો કે, 'તે ચિત્રસ્વભાવ શી ચીજ છે ? અથવા ચિત્રસ્વભાવ એવી કોઇ વસ્તુ નથી, તેમ માનીએ તો સિદ્ધિગમન યોગ્ય ભવ્યત્વ ન હોય આ વાદમુદ્રાવાદની મર્યાદા, જે પૂર્વે જણાવી ગયા, તેને બીજો કોઇ ગમે તેટલો પ્રયત્ન કરે, તો પણ ઉલ્લંઘન કરી શકે તેમ નથી. આ સર્વનો સાર એ છે કે-'જે ઋષભાદિ ભવ્યજીવો છે, તેઓ મનુષ્ય, નારકી, દેવ, તિર્યંચગતિ, એકેન્દ્રિયાદિક જાતિ, સુખી, દુઃખી રોગી, નિરોગી, ધનપતિ, દરિદ્ર, શેઠ, સેવક, પિતા પુત્ર આ વગેરે અનેક પર્યાયોને લગભગ દરેક જીવો

અનુભવે છે. તેમજ ચોક્કસ ક્ષેત્ર, કાલની ચિત્ર અવસ્થા ભોગવનારા થાય છે અને ત્યાર પછી તેઓ સિદ્ધ થાય છે. તેમનું ભવ્યપણું ચિત્રરૂપ કે અચિત્રરૂપ ગણાય ? તે કહો. (૧૦૦૫)

૧૦૦૬—હવે કદાચ તમે એમ કહેતા હો કે, પરસ્પર જુદા જુદા પર્યાયોની પ્રાપ્તિના કારણ-સ્વભાવ છે જેનો, તેતથાભવ્યત્વ કહેવાય, તો અમારી સર્વ વાત સિદ્ધ થઇ ગઇ. આગળ જે પુરુષકાર-વૈચિત્ર્ય વગેરે સમગ્ર કહી ગયા, તે અહિં સિદ્ધ થઇ ગયું હવે બીજા વિકલ્પની ચોખવટ કરતા કહે છે કે-'જો તેવા વિચિત્રસ્વભાવવાળો નથી,-બીજા પ્રાણીઓ વડે પ્રાપ્ત કરવા લાયક પર્યાયોની ભિન્નતામાં કારણ છે, સ્વરૂપ જેનું એવું તથાભવ્યત્વ જો સ્વીકારવામાં ન આવે તો ઋષભપર્યાયની પ્રાપ્તિથી સિદ્ધિ ન થવી જોઇએ. જેમ બીજા મહાવીર આદિની મુક્તિ ન થઇ, તેમ ઋષભાદિની મુક્તિ ન થવી જોઇએ. એવો વિશેષ હેતુ કયો છે કે-ભવ્યતા સમાન હોવા છતાં એકની એક કાળમાં સિદ્ધિ છે અને બીજાની સિદ્ધિ નથી.

તુલ્યસ્વભાવથી આક્ષિપ્ત થવાથી તો એકી સાથે જ બધાની સિદ્ધિ થવાનો પ્રસંગ આવે. (૧૦૦૬)

૧૦૦૭—બુદ્ધિશાળી પુરુષોએ આ ન્યાયમાર્ગની મર્યાદાને ન ઉલ્લંઘન કરવી. આ મર્યાદાને ઉલ્લંઘન કરવામાં આવે, તો યથાસ્થિત વસ્તુનો નિર્ણય-શ્રદ્ધાનો વિનાશ થાય. માટે યથાર્થપણે તેને તપાસવી. જો બરાબર તપાસવામાં ન આવે, તો સમ્યગ્ વિશ્વાસ-શ્રદ્ધાના વિનાશની અપેક્ષાએ બીજા દોષની પ્રાપ્તિ થાય. (૧૦૦૭)

તે જ બતાવે છે –

૧૦૦૮—જો સર્વ પ્રકારના અયોગ્યમાં પણ એક સ્વભાવ હોવાના કારણે તેના જે જે વિવિધ પ્રકારના પર્યાયો છે, તેમાં દેશ, કાળ આદિ પર્યાયોથી વિચિત્રતા થાય, ત્યારે તેના સ્વભાવમાં તો કોઇ ભેદ નથી, તો અભવ્યની પણ મુક્તિ થાય. ઋષભાદિકનો નિર્વાણકાળમાં જે સ્વભાવ છે, તે સ્વભાવ જો મહાવીરનો થાય, તો બંનેનો નિર્વાણમાં જવાનો એક કાળ થવો જોઇએ. કારણ કે, ભવ્યતામાં કોઇ ભેદ નથી. અને બન્નેમાં એક સાથે નિર્વાણ તમે સ્વીકારતા નથી. તેથી એમ માનવું પડશે. કે વીરને કાળ અયોગ્ય છે તો ઋષભાદિને પણ તેકાળ અયોગ્ય માનવો જ રહ્યો એટલે કે તત્કાળે મોક્ષે જવાઅયોગ્ય આવું ભવ્યત્વ હોવા છતાં ઋષભાદિનો મોક્ષ થયો અને જ્યારે એમ થાય તો અભવ્યની પણ મુક્તિ થવી જોઇએ. કારણ એ છે કે, 'તે કાળનું અયોગ્યપણું બંનેમાં સમાન છે. (૧૦૦૮)

૧૦૦૯—ભિન્ન પર્યાયોની પ્રાપ્તિ અન્યથાનુપપત્તિ-ભવ્યતામાં ભેદ વગર ભિન્ન પર્યાયોની પ્રાપ્તિની અનુપપત્તિ-અશક્યતા (જેમ ભોજન વગર તૃપ્તિની અનુપત્તિ છે, તેમ) ઋષભાદિકના ભવ્યત્વમાં જો ભેદ સ્વીકાર કરો, તો નક્કી વિશિષ્ટ ભવ્યતાવડે કોટિની તે તે પદાર્થનો આક્ષેપ થવાથી ઇષ્ટની સિદ્ધિ થશે. અર્થાત્ મનોવાંછિત જે તીર્થંકર જે કે તેવા બીજા ઇષ્ટ પર્યાયોની પ્રાપ્તિ થશે. આ પ્રમાણે ભવ્યતાની વિચિત્રતામાં અનેકાંત છે. સામાન્યરૂપે ભવ્યતા એક પ્રકારની છે. જેમ કે, આંબો લિંબડો, કદંબ વગેરે વૃક્ષોમાં વૃક્ષત્વ સમાન છે, જ્યારે વિશેષની ચિંતા કરવામાં આવે, ત્યારે જેમ આમ્રાદિકમાં રસ, વીર્ય અને વિપાકના ભેદથી જુદી જુદી

વિશેષતા છે. તથા પરસ્પર ભિન્ન પર્યાયવાળા પ્રાણીઓમાં ભવ્યતાનાં પણ વિવિધ રૂપો છે. (૧૦૦૯)

૧૦૧૦—હવે જો તમે એમ કહો કે, 'ભવ્યતા સ્વરૂપથી એક છે, તો પણ પોતાના કાર્યની ઉત્પત્તિમાં તેનું રૂપ અનિયત છે. આ કારણે કાર્યમાં ભેદ હોવા છતાં પણ તથાભવ્યતામાં ભિન્નતા નથી. કારણ કે, સ્વરૂપથી એક છે - એમ શંકા કરી કહે છે — કાર્યની ઉત્પત્તિમાં સ્વભાવતાનો અનિયમ છે ભવ્યત્વના વિચિત્રસ્વભાવ વિના શક્ય નથી, તો પછી આપણે માનેલી વિચિત્રતાની વાત ઉપસંહાર કરતા કહે છે ભવ્યત્વની નાનારૂપતા-વિચિત્રતા છે, તે અનેકાંતથી યથાર્થ જ છે. વધારે વિસ્તાર કરવાથી હવે સર્યું. (૧૦૧૦)

શંકા કરતા કહે છે કે, 'જો ભવ્યત્વ અનેક પ્રકારનું છે અને તેના કારણે કાલ ભેદથી ભવ્ય જીવોને જ બીજનું આધાન આદિ આત્મગુણોનો લાભ થાય છે. તો સમ્યક્ત્વ આદિની આરાધનામાં પ્રયત્ન કરવો ઉચિત ન ગણાય, તેથી પ્રાર્થના વગર પણ ઇચ્છિત અર્થની સિદ્ધિ થશે - એમ શંકા કરતા કહે છે —

૧૦૧૧—આ ભવ્યત્વ વિવિધ પ્રકારતાયુક્ત છે, પારમાર્થિક-તત્ત્વબુદ્ધિથી આ જિનપ્રવચનમાં નિરતિચાર સમ્યક્ત્વાદિ આચારોનું પરિપાલન સર્વ પ્રયત્નથી આદરપૂર્વક બુદ્ધિશાલીઓએ કરવું જોઇએ. પુરુષાર્થ કર્યા વગર ઉદ્યમ-પ્રયત્ન કર્યા વગર ભવિતવ્યતાએ હાજર કરેલાં કાર્યો પણ ઉત્પન્ન કરી શકતા નથી. 'કાલ, સ્વભાવ, નિયતિ'-એ વગેરે વચનની પ્રામાણિકતાથી બીજા પણ જે પુરુષકાર વગેરે કારણસમુદાય કહેલ છે,તેના સહારાથી તથાભવ્યત્વ, સ્વભાવ પોતાનું કાર્ય કરવા સમર્થ બની શકે છે.

૧૦૧૨—દર્શનાચારની તેમજ બીજાં વ્રતોની વિરાધના થવા રૂપ અતિચાર વધારે સેવન કરવાંની વ્રત તો દૂર રાખીએ, પણ અલ્પ પણ તેમાં અતિચાર લાગી જાય તો પણ ઘણા ભાગે દારુણ ફળને આપનાર થાય છે. માટે શુદ્ધ ધર્મ-યોગમાં પ્રયત્ન કરવો. અહિં પ્રાયઃ એટલા માટે જણાવ્યું કે, સારી રીતે નિંદા-ગર્હા કરવાથી વિપરીત રૂપ એવો અતિચાર પણ નિરનુબંધ થાય છે. આમાં **શૂરતેજ** રાજાનું ઉદાહરણ સમજવું. (૧૦૧૨) તે બતાવતા પાંચ ગાથાઓ કહે છે —

## અલ્પ અતિચારથી દારૂણ ફળ ઉપર શૂરતેજનું દૃષ્ટાંત

૧૦૧૩ થી ૧૦૧૭ - પૂર્વે વિસ્તારથી કહેલા નરસુંદર રાજાનો વૃત્તાન્ત સાંભળીને પદ્માવતી નગરીમાં અગ્ર પટરાણી સહિત શૂરતેજ નામનો રાજા મહાવૈરાગ્ય પામ્યો અને દીક્ષા અંગીકાર કરી. સિંહપણે સંસાર ત્યાગી, ચારિત્ર અંગીકાર કરેલું હોવાથી ઉગ્રપણે વિહાર કરી વ્રતો પાલન કરતા હતા. કેટલોક સમય થયા પછી ગજપુરમાં, સાધુ-સાધ્વીઓને જે શેષકાળમાં માસકલ્પ કરવાના છે, તે માસકલ્પ થયો, ત્યારે શૂરતેજ રાજર્ષિ સાધુ-સાધ્વીઓના વર્ગ સહિત ત્યાં પધાર્યા. આ પ્રમાણે જ્યારે વિહાર પ્રવર્ત્યો, ત્યારે નગરમાં સાધુ -સાધ્વી યોગ્ય જે સુંદર આચારો તેની લોકો પ્રશંસા કરવા લાગ્યા. લોકો પ્રતિબોધ પામ્યા, મિથ્યાત્વ

દૂર થવાથી અને લોકો તેના વિષથી મુક્ત થવાના કારણે આખું નગર પરમાનન્દમય બની ગયું.

આવા સમયમાં ત્યાં **'વિષ્ણુ'** નામના એક શેઠ હતા, જેઓ હંમેશા નિષ્કલંક કુલાચારવાળા હતા, તેઓનું શીલરૂપી જળ ક્ષીરસમુદ્ર માફક ઉજ્જવલ અને પવિત્ર હતું. તેઓની કીર્તિ સર્વત્ર વિસ્તાર પામી હતી, તેમને એક **દત્ત** નામનો પુત્ર હતો, જે બાલ્યકાળથી જ સમગ્ર અભ્યાસ એકાગ્ર મનથી કરતો હતો. વળી પોતાના કુલને અનુરૂપ આચારોનું સતત પાલન કરતો હતો. વલી પિતાના પ્રેમનું અનન્ય પાત્ર બનવા સાથે 'કુલમાં કલ્પવૃક્ષ તરીકે થશે.' એમ દરેકને તેના પ્રત્યે આદર હતો. સમગ્ર લોકનાં નેત્રોને ચકોર-ચન્દ્રિકાકારવાળું ઉદાર એવું યૌવન જ્યારે તેને પ્રાપ્ત થયું, ત્યારે કોઇક વખત એક નટડી ઉપર તેનો દૃષ્ટિપાત થયો. દેખતાં જ સર્પના ડંખ કરતાં પણ અધિકપણે તેનો રાગ એમાં એકદમ વૃદ્ધિ પામ્યો. વદ્દન અસંભાવનીય એવો તે વૃત્તાન્ત દુર્જનોને હાસ્યપાત્ર, શિષ્ટલોકોને નિંદનીય, બન્ધુલોકોના મનને સંતાપ કરાવનાર, જળમાં પડેલું તેલબિન્દુ તરત વિસ્તાર પામે, તેમ આખા નગરમાં આ વાત પ્રસરી ગઇ. અરે ! વાત આખા નગરમાં તો શું પરંતુ સૂરસેન (સૂરતેજ) રાજર્ષિ પાસે પણ પહોંચી. ત્યારે સૂરતેજ રાજર્ષિ બોલ્યા કે, 'સ્ત્રી-વિષયક રાગ એવો જબરો છે કે, તેને કોઇ એવી વસ્તુ નથી કે, જે તે ન કરે.' આ મુનિએ તે નટ પણાના વૃત્તાન્તથી "અરે ! ધિક્કાર થાઓ, આણે કુલીન જનને અનુચિત એવું ખોટું આચરણ કર્યું." આવા પ્રકારની નિન્દા ન કરવાથી, લગાર આ કાર્યને બહુમાનના વિષયભૂત બનાવ્યું. કોઇક દિવસે પૂર્વનાં રાજપત્ની, અત્યારનાં થયેલાં સાધ્વી વંદના માટે આવ્યાં હતાં, તેમણે કંઇક ઇર્ષ્યા-ક્રોધથી કહ્યું કે, 'એવા નીચ લોકોની વાતોથી સર્યું, ઉત્તમપુરુષો સ્વપ્નમાં પણ નીચ લોકની વાતો શ્રવણ કરતા નથી.'

અહિં અતિસૂક્ષ્મ રાગ અને દ્વેષથી નીચ આચાર પ્રાપ્ત કરાવનાર એવો કર્મબંધ બંનેએ બાંધ્યો. બંનેએ પોતાનો આ અપરાધ આલોવ્યો નહિં, સમજવા છતાં ન ખમાવ્યો, એટલે કાલ કરીને તેઓ વૈમાનિક દેવલોકમાં ગયા. ત્યાં ભોગો ભોગવ્યા, આયુષ્ય પૂર્ણ થયું, એટલે દેવલોકમાંથી ચ્યવીને સૂરતેજનો જીવ કોઇક નગરમાં વણિકપુત્રપણે ઉત્પન્ન થયો.દેવી કોઇક નટલોકના ઘરે પુત્રીપણે ઉત્પન્ન થઇ. બંનેએ પોતપોતાના સ્થાનકે કલાભ્યાસ કર્યો. બંનેને યૌવન પ્રાપ્ત થવા છતાં પુરુષમાં રાગનો અભાવ એટલે રાગ ઉત્પન્ન થતો નથી. સમય જતાં તે બંનેને પરસ્પર એક બીજાનું દર્શન થયું. ત્યાર પછી કોઇ પ્રકારે બંનેનો દૃષ્ટિરાગ પાછો ન હઠવાથી તેમનાં લગ્ન થયાં. 'અયોગ્ય સંબંધ થયો.' એમ લોકોમાં સર્વત્ર વાત ફેલાવાથી તે વાતની પોતાના મન પર વધારે અસર થવાથી તેઓ દેશાન્તરમાં ચાલ્યા ગયા. કોઇક પ્રસંગે સાધુઓના શુદ્ધ આચરો દેખવાથી, આગલા ભવમાં તેવો આચરણો અનુભવેલા હોવાથી તેનું સ્મરણ થયું. એટલે બંનેને બોધિપ્રાપ્તિ થઇ. (૧૦૧૭)

૧૦૧૮—રાગ-દ્વેષ સ્વરૂપ અલ્પ પણ અતિચાર જે આગળ કહી ગયા, તેમને અનુચિત આચારના કારણે પરિણમ્યો. તે કારણે બુદ્ધિશાળી વિવેકી આત્માઓએ શુદ્ધ આચારપાલન

કરવામાં તત્પર બનવું. શુદ્ધ આચાર-વિષયમાં આગળ કહીશું, તે **દુર્ગતા** નારીનુ ઉદાહરણ કહેલું છે. (૧૦૧૮)

તે જ ઉદાહરણ સંક્ષેપથી એક ઘરડી દરિદ્ર સ્ત્રીનું દૃષ્ટાંત સંભળાય છે કે, તે ડોસીએ સિન્દુવાર, જાસુદનાં પુષ્પોવડે જગદ્ગુરુની પૂજાનો મનથી અભિપ્રાય કર્યો, તેથી તે દેવલોકમાં ઉત્પન્ન થઇ. (૧૦૧૯)

## દુર્ગતાડોશીનું દૃષ્ટાંત

આ કથા અગીઆર ગાથાથી કહે છે –

**૧૦૨૦ થી ૧૦૩૦–મધ્યદેશના મુગટ સમાન, અમારાપુરીની સમૃદ્ધિની સ્પર્દ્ધા કરતી કાકંદી નામની નગરી હતી. કોઇક સમયે સમગ્ર ભુવનના લોકોને આશ્ચર્ય પમાડતા, લોકોને હર્ષ ઉત્પન્ન થાય, તેવા ગુણસમૂહવાલા, ગામ, નગર, ખાણ, શહેરોથી વિશાળ પૃથ્વીમાં વિચરતા વિચરતા કોઇક તીર્થંકર ભગવંત ત્યાં સમવસર્યા.** ત્યાં સમવસરણની અંદર ચલાયમાન નિર્મલ ચામરોના સમૂહથી વિંજાતા શરીરવાળા શરદચંદ્રના મંડલ સમાન ઉજ્જવલ ત્રણ છત્રોના તલભાગમાં બિરાજમાન ભગવંત ધર્મદેશના સંભળાવતા હતા. તે સમયે વિવિધ પ્રકારના યાન, વાહન ઉપર આરૂઢ થયેલા પ્રૌઢ આંડબર-યુક્ત, ગંધહસ્તીની ઉન્નત ખાંધ ઉપર બેસીને છત્રથી ઢંકાયેલ આકાશતલ વિષે, ચારણ જનોથી ગવાતા ગુણગણવાળા, જેનો ભેરીના ભાંકાર શબ્દથી આકાશતલ પૂરાઇ ગયું છે. એવા કિંકરગણ સાથે જેમણે વિવિધ પ્રકારની વેષભૂષા અને આભરણ ભૂષાની સજાવટ શરીરે કરી છે, એવા નગરના સ્ત્રીપુરુષો જ્યારે તેમને વંદન કરવા માટે જતા હતા; તે સમયે એક દરિદ્ર વૃદ્ધ સ્ત્રી પાણી-ઈન્ધણા માટે નગર બહાર નીકળી હતી. તેણે કોઇને પૂછ્યું કે-'એક દિશામાં સર્વ લોકો મુખ કરીને ઉતાવળા ઉતાવળા જતાં કેમ જણાય છે ?'

પેલાએ પ્રત્યુત્તર આપ્યો કે, 'જગતના એક અપૂર્વ બન્ધુભૂત, જન્મ જરા, રોગ, મરણ, શોક, દુર્ગતિ વગેરે દુઃખોનો ઉચ્છેદ કરનાર તીર્થંકર ભગવંતને વંદન, પૂજન કરવા માટે જાય છે.' તે સાંભળી તે દરિદ્ર ડોશીના અંતઃકરણમાં ભગવંત વિશે ભક્તિ ઉત્પન્ન થઇ. તેણે ચિંતવ્યું કે, 'હું પણ પ્રભુપૂજા કરવાનો પ્રયત્ન કરૂં. પૂજા કરવાના અભિપ્રાયવાળી થયેલી આ પ્રમાણે વિચારવા લાગી કે-'અહો ! હું કેવી અતિદુર્ભાગ્યવાળી છું, પુણ્યરહિત છું, શાસ્ત્રમાં કહેલા પુજાના પદાર્થો વગરની છું. માટે આ અરણ્ય ફોગટ મળતા તેવા પ્રકારના સિન્દુવાર, લાલ જાસુદનાં પુષ્પો મારી મેળે ગ્રહણ કરીને ભક્તિપૂર્ણ અંગવાળી હું પૂજા કરું, તો તેનાથી ધન્યા- કૃતાર્થ બનું. મળેલો મારો મનુષ્ય-જન્મ પણ સફળ થાય, મારું જીવિત ધન્ય થાય.' આવી ભાવના જ્યારે તેના અંતઃકરણમાં વર્તતી હતી અને કાયા રોમાંચિત થઇ હતી, હર્ષના અશ્રુજળથી જેના કપોલતલ ભીંજાઇ ગયા હતા, ભગવંત તરફ જવા ગમન કરતી હતી, સમવસરણ અને જંગલની વચ્ચે જ વૃદ્ધા હોવાથી, આયુષ્ય ક્ષીણ થયું, એટલે તરત જ તેવી ભક્તિભાવના - સહિત મૃત્યુ પામી. તે સમયે તેણે પૂજા નથી કરી, પરંતુ પૂજાના પરિણામની એકાગ્રતા અને ઉલ્લાસિત માનસ થવાથી, તે દેવલોકને પામી. (૧૦૨૦)

તેનું કલેવર પૃથ્વીપીઠ પર રગદોળાતું દેખીને અનુકંપા-યુક્ત ચિત્તવાળા લોકો તેને પાણીથી સિંચવા લાગ્યા. બિલકુલ હાલતી - ચાલતી કે શ્વાસ લેતી ન હોવાથી લોકોને શંકા થઇ કે, 'અરે આને મૂર્ચ્છા આવી છે કે મૃત્યુ પામી છે ?' જ્યારે કોઇ કશો પણ નિર્ણય કરી શકતા નથી, એટલે ભગવંતને પૃચ્છા કરી કે, 'હે ભગવંત ! પેલી વૃદ્ધા મૂર્ચ્છા પામેલી છે કે મૃત્યુ ?' ત્યાર પછી ભગવંતે જણાવ્યું કે, 'મૃત્યુ પામીને દેવલોક પામી છે.'

દેવલોકમાં સર્વ પર્યાપ્તિઓ પામીને અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને પૂર્વભવમાં અનુભવેલનું સ્મરણ કરીને તે દેવ પ્રભુને વંદન કરવા માટે આવ્યો, ત્યારે લોકોને જણાવ્યું કે, 'પેલી સ્ત્રી હતી, તે જ આ દેવ છે.' ફરી જ્યારે આ હકીકત લોકોને કહી, એટલે લોકોને આશ્ચર્ય થયું કે, 'અહો ! એકલા માત્ર પૂજાના પરિણામ કર્યા કેટલા માત્રમાં આણે અમરતા પ્રાપ્ત કરી.'

ત્યાર પછી ભગવંતે ધર્મકથા કહેવાનો પ્રારંભ કર્યો-'થોડો પણ શુભ અધ્યવસાય વિશિષ્ટ ગુણપાત્રનો અધિકારી બનાવી મહાફલ આપનાર થાય છે. જેમ એક જળબિન્દુ સ્વયં-ભૂરમણાદિ સમુદ્રમાં નાખવામાં આવે, તો તે કાયમ માટે અક્ષયભાવ પામે છે. તે બિન્દુના આશ્રયના શોષનો અભાવ હોવાથી. એ જ પ્રમાણે વીતરાગ અરિહંત પરમાત્માઓ વિષે, તેમના પ્રધાન વીતરાગાદિક ગુણો વિષે બહુમાન - પક્ષપાત કરવો, તે વીતરાગ પરમાત્માની પૂજાથી થાય છે. જિનેશ્વરો, ગણધરો, દેવેન્દ્રો, રાજાઓની મધ્યે જે પ્રધાન-મુખ્યપદની પ્રાપ્તિ, તથા પૂજા-સમયે ઉત્કૃષ્ટ પુણ્યાનુબંધી પુણ્યકર્મનો બંધ, તથા અશુભ કર્મનો ક્ષય થાય અને તેના યોગે કાલાન્તરે ક્રમે કરી યથાખ્યાત ચારિત્રરૂપ ઉત્તમ ધર્મની સિદ્ધિ થાય છે. તે સર્વ વીતરાગ જિનેશ્વર અરિહંત પરમાત્માની પૂજાના પ્રભાવથી થાય છે. તથા ઉત્તમ એવા જિનેશ્વરના ધર્મની પ્રસિદ્ધિ-પ્રભાવનો પ્રકાશ તે પણ જિનેશ્વર વીતરાગ પરમાત્માની અભ્યર્ચના કરવાથી થાય છે. આ પૂજાના પ્રણિધાનરૂપ ધર્મના બીજથી ભવગહનમાં દારિદ્રય દૂર થવા સાથે, અત્યંત પ્રધાનભૂત શબ્દાદિક વિષયસુખની પ્રાપ્તિ સાથે, ઉત્તરોત્તર તેમાં ત્યાગ બુદ્ધિ થાય છે. ક્રમે કરી તે આઠમાં મનુષ્યભવમાં સિદ્ધિ પામનારો થાય છે. આ આઠ ભવોની વચ્ચે સાત દેવના ભવો થાય છે, તે જુદા સમજવા, નહિંતર બંનેના ભવો સાથે ગણવાથી આઠમો દેવભવ આવી જાય. અને તે દેવભવમાં સિદ્ધિ સંભવતી નથી. આઠમાં ભવમાં જેવી રીતે સિદ્ધિ મેળવી, તે કહે છે –

કનકપુરમાં કનકધ્વજ રાજા થઇને શરદકાલના ઇન્દ્રમહોત્સવના કારણે નગરથી બહાર નીકળ્યો, ત્યારે આગળ કહીશું, તેવું વિલક્ષણ અશુભ દેખીને તે પ્રત્યેકબુદ્ધ થયો. તે આ પ્રમાણે - દેડકાને સર્પે, તેજ સર્પને કુરર નામના પક્ષિવિશેષ,. કુરરને અજગરે - એમ દરેકને એક બીજા દ્વારા પકડીને ભક્ષણ કરતા દેખ્યા. ત્યાર પછી વિચારણા કરવા લાગ્યા કે, 'આ જગત હીન, મધ્યમ, ઉત્તમ એવા ભેદવાળું છે, તેમાં મોટો નાનાને, નાનો તેથી હીનને ભક્ષણ કરે છે. જે પ્રમાણે વિચાર્યું, તે વિસ્તારથી સમજાવે છે. આ લોક દેડકાની જેમ જાતિ, કુલ વૈભવાદિકની ન્યૂનતાવાળો હોય તો, સર્પ સરખા બીજા તેનાથી બળવાન હોય તેમના વડે,

નાનાને પીડા પમાડીને પોતે જીવે છે. તે સર્પ પણ બીજાબળવાન કુરર સરખા અન્ય પ્રાણીથી ગળી જવાય છે. તે સર્પ પણ સ્વવશ નથી, તેનાથી બળવાન કુરર છે. કુરરની વળી તેવી જ પરાધીન અવસ્થા છે. તેના કરતા બળવાન અજગરે તેને પણ જડબામાં પકડેલો છે. એ અજગર પણ યમરાજાને પરવશ છે. આવા પ્રકારનો 'મત્સ્ય-ગલાગલ' ન્યાયવાળો લોક છે. બળવાન નબળાને સતાવે છે. આવા પ્રકારનો લોક છે, તેમાં વિષયના પ્રસંગોમાં આસક્તિ કરવી, એ મહામોહ-મહામૂર્ખતા છે. એમ વિચારતા મૃત્યુવિષયક મહાભય ઉત્પન્ન થયો. ઉત્તમ પ્રકારનો ચારિત્ર ગ્રહણ કરવાનો અધ્યવસાય થયો, એટલે રાજ્ય વગેરેનો ત્યાગ કરીને ક્રમે કરી પાપ શમાવવા ક્ષમાશ્રમણ થયો. શ્રેષ્ઠ એવી કેવલલક્ષ્મી પ્રાપ્ત કરીને પરમકલ્યાણ કરનાર હોવાથી 'શક્રાવતાર' નામના ચૈત્યથી વિભૂષિત એવા ઉદ્યાનમાં અયોધ્યા નગરીમાં સિદ્ધિપદ પામ્યા. (૧૦૩૦)

**દુર્ગતા નારીનું ઉદાહરણ પૂર્ણ થયું.**

૧૦૩૧—આ જિનેશ્વર ભગવંતના ધર્મમાં બીજા પણ રત્નશિખ આદિક તેમજ આગળ જણાવેલા સુદર્શન શેઠ વગેરે અનેક મહત્ત્વશાળી પુરુષો વિશુદ્ધ યોગના અનુષ્ઠાનોમાં અનુરાગી બની કલ્યાણ સાધી શાશ્વત સિદ્ધિસ્થાન પ્રાપ્ત કરનાર થયા છે. તેમાં રત્નશિખનું કથાનક આ પ્રમાણે સંભળાય છે –

## રત્નશિખની કથા

આ જ જંબુદ્વીપ નામના દ્વીપમાં ભરતક્ષેત્રમાં અર્ધચક્રી વાસુદેવ બલરામ સાથે હતા. વળી ગોકુળો સહિત ગોવિંદ હતા. બીજા પક્ષે ચક્રી-કુંભાર, હલધર એટલે ખેડુત અને ગાયોના વૃન્દ સહિત ગોપાલો જેમાં હતા, એવું સુસ્થિત સુગ્રામ નામનું ગામ હતું. ત્યાં સ્વભાવથી ભદ્રિક વિનય, સરળતા આદિ ગુણયુક્ત સંગત નામનો એક દરિદ્ર હતો. તેણે કોઈક વખત કોઈ પ્રકારે ત્યાં આવેલા મુનિઓને અતિબહુમાન સહિત રાત્રિ રહેવા માટે પોતાનું સ્થાન આપ્યું. વળી હર્ષપૂર્વક તેમની પર્યુપાસના કરી. સાધુઓએ પણ તેને ધર્મમાં જોડાય તેવી આક્ષેપણી ધર્મ-દેશના કહી. કેવી ? "હે મહાનુભાવ ! પર્વતના ઉંચા શિખર સરખા દેહવાળા, જેના મદજળથી આંગણાં સિંચાતાં છે, એવા હાથીઓ, વિવિધ જાતિના સમુદાયવાળા સુવર્ણસાંકળ - યુક્ત અનેક અશ્વો, વિનય અને આદરથી પ્રણામ કરવામાં તત્પર, વિવિધ પ્રકારની સેવા કરવામાં ઉદ્યત એવા સામંતો,દેશો, પટ્ટણો, નગરો, ગામો અને વસતીવાળાં સ્થાનો આદિ સુખ-સામગ્રી ધર્મથી પ્રાપ્ત થાય છે. મહેલોમાં નિવાસ, સ્વાધીન કરેલી પૃથ્વી, મનોહર અંતઃપુર, અખૂટ ભંડાર, મનોહર સંગીત, નાટકાદિ, દિવ્ય દેહકાંતિ, ચંદ્રસમાન ઉજ્જવલ યશ, શ્રેષ્ઠ પુરુષાર્થ યુક્ત બળ, આ જગતમાં જે સારામાં સારાં સુખો છે, તે સર્વ ધર્મથી પ્રાપ્ત થાય છે. જે ચીનાઇ રેશમી પટ્ટાંશુક દેવદૂષ્ય, આશ્ચર્ય કારી ઉત્તમ મોતીઓના મનોહર ભોગાંગોનો વૈભવ વળી જીવોને જે અદ્ભૂત ગુણોની પ્રાપ્તિ થાય છે, તે સર્વ પ્રભાવ હોય તો માત્ર ધર્મનો જ છે. માટે હે ભાગ્યશાળી ! કાંઇક ધર્મકાર્ય કર, જેથી

જન્માંતરમાં સુખ ભોગવનારો થઇ શકે." આ પ્રમાણે મુનિઓએ કહ્યું, ત્યારે સંગતે વિચાર્યું કે, ધર્મ કોને કહેવાય ? કેવી રીતે કરાય ? તેનું મને કશું જ જ્ઞાન નથી, તો કરવાની વાત તો દૂર જ રહી. આ સાધુ ભગવંતો મારા પ્રત્યે વાત્સલ્ય ભાવવાળા છે, તો તેમની આ ઉચિત આજ્ઞાનો અમલ કરું. તેણે કહ્યું કે-'હે ભગવંત ! અમે ખરાબ - હલકા લોકોના વાસમાં રહેનારા હોવાથી ધર્મના સ્વરૂપથી અજ્ઞાત છીએ, છતાં પણ અમારે યોગ્ય જે ધર્મકાર્ય. હોય, તેની આપ આજ્ઞા કરો.'

ત્યાર પછી સાધુઓએ 'આ યોગ્ય છે.' એમ સમજીને તેને 'પંચનમસ્કાર' ભણાવ્યો. હે ભાગ્યશાળી ! આ મંત્ર, પાપને નાશ કરનાર છે, તો સર્વાદર-બહુમાનથી ત્રણે સંધ્યાસમયે, ત્રણે, પાંચ કે આઠ વખત નિયમિત ભણવો. ખાસ કરીને ભોજન અને શયન-સમયે તો આ વિષયમાં ક્ષણવાર પણ આનું બહુમાન - સ્મરણ ન મૂકવું.' આ પ્રકારે ઘણી હિતશિક્ષા આપીને સાધુઓ બીજે વિહાર કરી ગયા. પેલો સંગત પામર પણ ગુરુવચનને ભાવથી સ્વીકારી લાંબા કાળ સુધી તે પ્રમાણે સ્મરણ કરીને શરીરનો ત્યાગ કરીને 'પંચનમસ્કાર'ના સ્મરણ-નિયમના કારણે ઉપાર્જન કરેલા પુણ્યપ્રભાવયોગે પૃથ્વીરૂપ અંગનાના તિલકભૂત સમગ્ર લક્ષ્મીના સ્થાનરૂપ 'પદ્માનન' નામના રાજાની 'કુમુદિની' નામની અત્યંત વલ્લભ એવી રાણીની કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થયો. રત્નરાશિનાં સ્વપ્નથી સૂચિત હોવાથી તેનું નામ 'રત્નશિખ' સ્થાપન કર્યું. સમગ્ર કળા - કલાપ ગ્રહણ કરીને સુખપૂર્વક યૌવનારંભ કાળ પામ્યો. આ કુમારના કળા-કૌશલ્યનો અતિશય સાંભળવાથી અતિરંજિત થયેલી જાણે સુકૃતથી આકર્ષાએલ લક્ષ્મી જાતે આવીને વરે છે, તેમ સુકોશલા નામની કોલાધિપ-રાજાની પુત્રી જાતે આવીને તેને વરી. કોઇક વખત દેવીએ મસ્તકમાં રહેલા સફેદ કેશને ઉખેડીને રાજાને બતાવ્યો, એટલે તે વૈરાગ્ય પામ્યો. પુત્રને રાજય આપીને પદ્માનન રાજા પોતાની પ્રિયા સાથે વનવાસ સેવન કરવા ગયો. હવે રત્નશિખ શરદચંદ્ર સમાન અખંડ રાજમંડલથી અલંકૃત, સામંતો, મંત્રીઓનાં મંડલો જેનામાં અનુરાગી બનેલાં છે, એવો મહારાજા થયો. કોઇક આવીને આખ્યાનો-કથાઓ કહે, તેમાં તેને ખૂબ કૌતુકાનંદ થતો. તેથી કથા કહેનારા ભટ્ટોને વૃત્તિ-દાન આપતો હતો. અપૂર્વ નહીં સાંભળેલી એવી કથાઓ સાંભળતો હતો. જેમાં ઘણાં કૌતુકો ભરેલાં હોય, એવા મહાસત્ત્વશાળી પુરુષોનાં ચરિત્રો શ્રવણ કરીને અતિહર્ષ પામતો હતો. કથા કરનારાઓને તુષ્ટિદાન આપતો હતો. કોઇક સમયે એક કથા કહેનાર ભટ્ટે કથા કહેવી શરુ કરી –

## વીરાંગદ અને સુમિત્રની કથા

સમુદ્રમાં જેમ મદિરા અને લક્ષ્મીનો નિવાસ છે, તેમ લક્ષ્મીના નિવાસસ્થાનરૂપ મહોદયના સમુદાયથી સુંદર અર્થાત્ દરેક પ્રકારની આબાદીવાળું વિજયપુર નામનું નગર હતું. શૂરવીરની જેમ ઘણા શત્રુઓનો વિનાશ કરીને જેણે પ્રસિદ્ધિ મેળવી છે, એવા સૂરાંગદ રાજાને પૂર્વના ઉપાર્જન કરેલા પુણ્યોદયથી પ્રાપ્ત કરેલ રૂપાદિ ગુણાતિશયથી યુક્ત એવો વીરાંગદ નામનો કુમાર હતો. અર્થીજન માટે તે ચિંતામણિ સમાન, શરણે આવેલા માટે વજ્રપુંજર-

સમાન, દીન-દુઃખિયા પ્રત્યે માતા-પિતા-સમાન, દુર્નીતિરૂપી ધાન્ય માટે ઉખરભૂમિ સમાન, તે કુમારને સુમિત્ર નામનો મંત્રીપુત્ર મિત્ર હતો. તેઓ પરસ્પર એકબીજા સદ્ભાવ-ગર્ભિત નિઃસ્વાર્થ સ્નેહવાળા હતા. આ પ્રમાણે તેઓ નિરંતર સાથે આનંદ માણતા હતા. ત્યારે કુમાર સાથે કોઈક વખત એવો વાર્તાલાપ થયો કે-'દેશાંતરમાં જઈને આપણા પુણ્યની આપણે પરીક્ષા કરીએ, પરંતુ માતા-પિતાને કેવી રીતે છોડવા ? એ ઉપાયો શોધવા માટે ઉદ્યમ કરતા હતા.' કોઈક સમયે ઉદ્યાનમાં ક્રીડા કરવામાં તલ્લીન બનેલા હતા, ત્યારે 'શરણ શરણ' એમ બૂમ પાડતો એવો ચોર પુરુષ કે, જેને વધ કરવા માટેનું શરીર-મંડન કરેલું હતું, તે આવીને વીરાંગદ કુમાર ચરણમાં પડ્યો. તે ચોરની પાછળ શિક્ષા કરનારા રાજપુરુષો આવ્યા. તેઓ કુમારને કહેવા લાગ્યા કે-'હે કુમાર ! આ પાપી ચોર છે, સુદત્ત શેઠના ઘરમાં ખાતર પાડેલું અને તેના દ્વારમાંથી નીકળતો હતો, ત્યારે અમે તેને પકડી પાડ્યો છે. મહારાજાની આજ્ઞાથી શૂલી પર આરોપણ કરવા માટે વધ કરવાની ભૂમિએ લઈ ગયા હતા, ત્યાંથી પલાયન થઈને અહિં આવેલો છે, તો કુમાર ! અમને આજ્ઞા આપો કે, જેથી મહારાજાની આજ્ઞાનો અમલ કરી શકીએ.'

ત્યાર પછી શરણે આવેલાને સમર્પણ કરવો અને ચોરનું રક્ષણ કરવું આ બંને વાતોમાં મૂંઝાયો. 'શું કરવું'-એમ વિચારતાં 'શરણાર્થીનું પાલન કરવું' એવા પક્ષપાતવાળા કુમારે કહ્યું કે-' જ્યાં સુધી હું તેને ધારણ કરું છું, ત્યાં સુધી તેને કોઈ મારી શકશે નહીં, માટે આ વાત છોડી દો અને પિતાજીને કહો કે - 'તેના કુલનું અભિમાન, મહાત્મ્ય કે બહાદુરી કેવી રીતે કહેવાય કે, જેના શરણમાં આવેલો ગાય અને હાથી માફક સ્વચ્છંદ ભ્રમણ ન કરી શકે ?' કુમારનો નિશ્ચય જેમણે જાણ્યો છે, એવા રાજદંડપાશિક પુરુષોએ આ વાત રાજાને નિવેદન કરી. 'અતિશય રોષપામેલા પિતાએ કુમારને દેશવટો કરવાનો હુકમ આપ્યો.' પોતાના મનોરથને અનુકૂલ પિતાનો આદેશ હોવાથી હર્ષ પામેલા કુમારે પોતાની સાથે આવતા સમગ્ર પરિવારને રોકીને સુમિત્રનો સથવારો કરીને દેશાન્તરમાં પ્રયાણ કરવા લાગ્યો. અનેક રાજ્યોને ઉલ્લંઘીને પરિભ્રમણ કરતો કરતો એક મહા અરણ્યસ્થલમાં પરિશ્રમ દૂર કરવા તેમ જ વિનોદ માટે એક વડલાનાં છાંયડામાં સૂઈ ગયો. સુમિત્ર જાગતો હતો અને તેની જંઘાઓનું પ્રમર્દન કરવા લાગ્યો. આ સમયે વડલામાં વાસ કરતા યક્ષને તેઓનાં રૂપને દેખીને અત્યંત આનંદ થયો, વલી દિવ્યજ્ઞાનથી તેના ગુણાતિશયને પણ જાણી લીધા. એટલે યક્ષ તેમના ઉપર પ્રભાવિત થઈ વિચારવા લાગ્યો કે, 'આ મહાસાત્ત્વિક પુરુષોની પરોણાગત કરું.' એમ વિચારીને સુમિત્રને દર્શન આપ્યાં. સુમિત્રે પણ 'આ કોઈક દેવ છે.' એમ ધારી ઉભા થઈ અભિવાદન કર્યું. ત્યાર પછી યક્ષે કહ્યું કે, 'હે મહાભાગ્યશાળી ! તમે મારા પરોણા છો, તો બોલો કે, હું તમારું શું સ્વાગત અને સરભરા કરું ?' સુમિત્રે કહ્યું કે, 'દર્શન આપવાથી જ અમારા સર્વ મનોરથો પૂર્ણ કર્યા છે. આના કરતાં બીજું વધારે ચડિયાતું કે દુર્લભ શું છે ? કહેલું છે કે—" દેવતાનાં દર્શન માટે અનેકો તપનું સેવન કરે છે, તથા મંત્રો સુવિદ્યાઓના જાપ જપે છે, પરંતુ દરેક તેવા કોઈક વિરલ ભાગ્યશાળીઓને જ તેઓ દર્શન આપે છે." "જેના અંગમાં ગુણો ઉત્પન્ન થયેલા છે, તેવા સજ્જન પુરુષો પ્રાર્થના કરવાનું જાણતા જ

નથી, એટલું જ નહિં, પરંતુ જીવિત, વૈભવવ્યયના ભોગે પણ બીજાો ઉદ્ધાર કરે છે." 'તો પણ દેવદર્શન સફળ કરવા માટે આ બે મણિને ગ્રહણ કર. આમાં જે નીલમણિ છે, તે ત્રણરાત્રિ ઉપવાસ કરીને પછી તેની પૂજા કરવામાં આવે, તો તે વિશિષ્ટ રાજ્ય આપનાર થાય છે, માટે આ મણિનો ઉપયોગ તેના માટે કરવો. વળી આ જે લાલ ક્રાંતિવાળું છે, નવ માયાબીજથી અભિમંત્રિત કરી તેનો તારે ઉપયોગ કરવો. તેનાથી મનોરથથી પણ અધિક વિષયસુખ પ્રાપ્ત થશે.'

ત્યાર પછી વિસ્મય પામેલા સુમિત્રે કહ્યું કે, 'જેવી તમારી આજ્ઞા' એમ કહી પ્રણામ પૂર્વક બેહાથની અંજલી જોડી તેમાં આદર પૂર્વક ગ્રહણ કર્યાં. સુમિત્ર વિચારવાલાગ્યો કે - 'અહો ! આ હકીકત સત્ય છે કે - " નગરમાંથી ધન અરણ્યમાં હરણ થાય છે, વનમાં પણ ચારે બાજુથી સહાયતા મળી જાય છે. સૂતેલા મનુષ્યનાં પૂર્વે કરેલાં કર્મો જાગતા હોય છે." ખરેખર આ કુમાર મહાપુણ્યનો ભંડાર છે કે, જેનો દેવતાઓ પણ આ પ્રમાણે ઉપકાર કરે છે. આ સમયે યક્ષ અદશ્ય થયો. પછી કુમાર જાગ્યો. વળી આગળ પ્રયાણ ચાલુ કર્યું. કુમાર ફલાદિકનું ભક્ષણ કરતો હતો, તેને રોક્યો. ત્રણ રાત્રિ સુધી ઉપવાસ કરીને અનુક્રમે મહાશાલા નગરમના ઉદ્યાનમાં પહોંચ્યા. ત્યારે સુમિત્રે કુમારને પેલો મણિ બતાવ્યો અને કહ્યુ કે -'આ મણિરત્નની પૂજા કર, કે જેથી રાજા થાય.' આશ્ચર્ય પામતા કુમારે પૂછયું કે, 'હે મિત્ર ! આ તને ક્યાંથી પ્રાપ્ત થયું ? સુમિત્રે સામાન્યથી એમ કહ્યું કે, 'તારા પુણ્ય-પ્રભાવથી, વિશેષથી તો તેને રાજ્ય પ્રાપ્ત થશે, ત્યારે મિત્રને કહ્યું કે, 'હે મિત્ર ! અત્યારે રાજ્ય-પ્રાપ્તિ કેવી રીતે થશે ?' એમ આશ્ચર્ય પામેલો તે રાજપુત્ર આંબાના છાંયડામાં બેઠો. બીજા સુમિત્રે પણ લતામંડપમાં ચિંતામણિરત્નની વિધિપૂર્વક પૂજા કરીને શરીર સ્થિતિની-શરીરના, સ્નાન વિલેપનાદિ સાર સામગ્રીની પ્રાર્થના કરી; રત્નના અચિન્ત્ય પ્રભાવથી તે જ ક્ષણે શરીર-મર્દન કરનારા ત્યાં આવ્યા. તેઓએ બંનેના અંગનું મર્દન કર્યું.

ત્યાર પછી ઘસેલા સુગંધી પદાર્થો યુક્ત હસ્ત-પલ્લવવાળા તરુણ સુંદરીઓ આવી પહોંચી, તેઓએ આ બંનેના શરીરનું મસાજ કર્યું. ત્યાર પછીસ્નાનવિધિ તૈયાર કર્યો. તે જ ક્ષણે ઉત્પન્ન થયેલ વિવિધ આશ્ચર્યકારી સ્નાન-મંડપોમાં મણિરત્ન-કિરણોના સમૂહથી ઈન્દ્રધનુષ-સમાન વર્ણમય, સુવર્ણમય શ્રેષ્ઠ આસનો ઉપર સુગંધી જળથી ભરેલા ઘણા કળશો વડે મનોહર ગીત-વાંજિત્રો, નાટક કરવા પૂર્વક તે દિવ્યાંગનાઓએ બંનેને સ્નાનવિધિ કરાવ્યો. દેવતાઇ વસ્ત્રો પહેરાવ્યાં. પુષ્પ, વિલેપનના ઉપચારો કર્યા, પછી સર્વ કામગુણોથી યુક્ત, ખાદ્ય પદાર્થોથી યુક્ત ભોજન - સામગ્રી હાજર થઇ. રાજાની બાદશાહી રીતે ભોજન કર્યું. ત્યાર પછી ઈન્દ્રજાળની માફક ક્ષણમાં સ્નાન, ભોજન-સામગ્રી અને પરિવાર સર્વ અદશ્ય થયું. ત્યારે વિસ્મય પામેલા રાજપુત્રે કહ્યું, 'હે મિત્ર ! શું આ આશ્ચર્ય છે કે, નીલમણિનો આ પ્રભાવ છે ?' મિત્રે કહ્યું, 'હે કુમાર ! આ એમ નથી. પરંતુ આનો પરમાર્થ બીજો છે. સમય આવશે, ત્યારે હું તને જણાવીશ.' તે સાંભળીને વીરાંગદ રાજકુમાર વિશેષપણે આશ્ચર્ય પામ્યો.

આ બાજુ તે નગરનો અપુત્રિયો રાજા યમરાજાનો અતિથિ બન્યો, એટલે મંત્રથી

અધિષ્ઠિત કરેલા શ્વેતહાથી, અશ્વ વગેરે પાંચ દિવ્યો ભ્રમણ કરતા કરતા તે પ્રદેશમાં આવ્યા. તે સમયે 'ગુલ ગુલ' એવા માંગલિક શબ્દ કરતા હાથીએ તેના ઉપર અભિષેક કર્યો અને રાજપુત્રને પોતાની ખાંધપર આરોપણ કર્યો. છત્ર-ચામરોથી અલંકૃત કર્યો. 'મહારાજાનો જય થાઓ.' એમ બોલતા મંત્રી-સામંતોએ તેને પ્રણામ કર્યો, નગરમાં પ્રવેશ કરવા માટે વિનંતિ કરી. અસંભાવનીય સંપત્તિ પ્રાપ્ત થવાથી વિસ્મય પામેલો રાજકુમાર મિત્રમુખ અવલોકન કરવા લાગ્યો.

સુમિત્ર પણ પ્રિયમિત્ર રાજકુમારને સ્થળ થયેલ દેખીને 'હવે હું પણ મારી ઇચ્છા પ્રમાણે ગુપ્ત રહીશ.' એ પ્રમાણે ગુપ્તપણે મિત્ર અદૃશ્ય થયો અને રાજપુત્ર તેને આમ-તેમ જોવા લાગ્યો, એટલે મિત્ર એકદમ ત્યાંથી પલાયન થયો. તે સ્થાનમાંથી રાજકુમારને નગરમાં પ્રવેશ કરાવ્યો. રાજાઓની આઠ કન્યાઓ સાથે તેના લગ્ન કર્યાં. આ પ્રમાણે અસ્ખલિત શાસનવાળું રાજ્ય-સુખ અનુભવતો રહેલો હતો. હવે સુમિત્ર પણ ફરતો ફરતો કોઇક સ્થળે પહોંચ્યો. ત્યાં કોઇ પુરુષદ્વેષિણી 'રતિસેના' નામની ગણિકાપુત્રી હતી, તેણે તેને દેખ્યો. તેના તરફ તે પુત્રીએ ઘણા સ્નેહથી એકદમ નજર કરી. તેના અભિપ્રાયને સમજી ગયેલી તેની માતાએ સુમિત્રને ઘણા આદર અને ગૌરવથી બોલાવ્યો. તેણે વિચાર્યું કે, આ સુંદર આકૃતિવાળો અને ઘણો ધનવાન જણાય છે.

"કદાચ બીજાની પાસે પ્રાર્થના કરે કે, તીવ્ર સંકટમાં પરેશાની ભોગવનારો થાય, તો પણ તેજસ્વી દૃષ્ટિ અને સ્થિરવાણીવાળા પુરુષો ધનાઢ્ય હોય છે. કદાચ તેની લક્ષ્મી પ્રગટ પણે ન જણાય, તો પણ તેના અંગની મનોહર ચેષ્ટાની લક્ષ્મી ચાલી આવે છે, તેમ જ તેવા ભાગ્યશાળીઓને મનોહર સુંદરીઓ સ્વાધીન હોય છે." આવા પ્રકારની સંભાવના કરીને તે વડેરી ગણિકાએ સુમિત્રની શ્રેષ્ઠ સરભરા કરી. રતિસેનાં સુંદરીનું રૂપ દેખતાં જ ઉત્તેજિત થયેલા કામાગ્નિવાળા સુમિત્રને વિચાર્યું કે-"સવર્ણના અંકુર સમાન ગૌરાંગવાળી, રંભા-સમાન સ્થૂલ સ્તનવાળી વેશ્યાઓનો એક મહાદોષ હોય છે કે, તેઓનો સ્નેહ હળદરના રંગ સમાન ઉડી જતાં વાર લાગતી નથી. અથવા તો તેમનો સ્નેહ ચંચળ હોય છે. ગણિકાઓ ધનમાં રાગ કરનારી હોય છે, પરંતુ મોગરાના પુષ્પ સરખા ઉજ્જવલ ગુણોમાં સ્નેહ કરનારથી નથી જેમ માખીઓ શ્રેષ્ઠ સુગંધી ચંદનનો ત્યાગ કરીને વિષ્ટા અને મૂત્રવાળા અશુચિ સ્થાનમાં આનંદ માનનારી હોય છે." આ સર્વ હું બરાબર સમજું છું, તો પણ મારું મન બલાત્કારે આ તરુણી તરફ આકર્ષાયું છે, તો હવે કેટલોક સમય અહિં જ રોકાઉં,-એમ ધારણા કરીને તે ત્યાં રોકાયો. રતિસેના સાથે સ્નેહસંબંધ થયો, કુટ્ટણી ખુશ તો થઇ, પરંતુ આ કંઇ પણ આપતો નથી, છતાં પણ સંદેહ-યુક્ત ધનની આશાથી કંઇ પણ અંગના ભોગ ઉચિત પદાર્થની માગણી કરી.

ત્યાર પછી ભારે વજનથી તોલ કરી શકાય તેવી લોહાર્ગલા માફક થોડા દાનથી આ નમશે નહિં'- એમ ચિત્તામાં વિચારીને તેણે ચિંતામણિરત્નનું સ્મરણ કર્યું.તેના પ્રભાવથી મહામૂલ્યવાળાં વસ્ત્રાભૂષણો આપ્યાં. કુટ્ટણી ખુશ થઇ તો પણ લોભદોષથી વારંવાર માગવા

લાગી. સુમિત્ર પણ તેને માગે, તેમ આપવા લાગ્યો. કોઇક સમયે આશ્ચર્ય પામેલી તે ચિંતવવા લાગી કે, 'નક્કી તેની પાસે ચિંતામણિરત્ન હોવું જોઇએ. નહિંતર આવા પ્રકારની દાનશક્તિ ક્યાંથી હોય ? માટે તે જ ગ્રહણ કરી લઉં. હવે જ્યારે તે સ્નાન કરવા ઉઠ્યો, ત્યારે તેની સુતરાઉ થેલી હતી, તેમાંથી તેણે મહામણિ કાઢી લીધો. ફરી કંઇક માગણી કરી,એટલે ખલ્લક-થેલીમાં તપાસ્યું ન દેખવાથી શોધ કરવા લાગ્યો. ત્યાર પછી કુટ્ટણીએ કહ્યું કે, 'હવે તારાથી સર્યું. નકામો અમારા પરિવારને ખોટાં આળ આપીને દુભાવીશ નહિં.' એટલે ખાત્રી થઇ કે – 'આણે જ મણિ ગુપ્તપણે ગ્રહણ કર્યો છે. નહિંતર સિદ્ધ થયેલા પ્રયોજનવાળી નિર્દાક્ષિણ્યતાથી આમ ન બોલે. એમ વિચારી ક્રોધ પામેલો તેના મકાનમાંથી બહાર નીકળી ગયો. લજ્જાથી રાજાને પણ વિનંતિ કરવા ન ઇચ્છતા તેણે દેશાંતર જવા પ્રયાણ કર્યું. ચિંતવવા લાગ્યો કે-'લોભના દોષથી જર્જરિત થયેલી હીણભાગી કુટ્ટણીના અજ્ઞાનને ધિક્કાર થાઓ કે, તેની માગણી કરતાં અધિક દાન આપ્યું. શુભોદય વર્તતો હોવા છતાં તેની લોભ-તૃષ્ણા વૃદ્ધિ પામી. પરમાર્થનો વિચાર કર્યો વગર વિશ્વાસ કરનારનો દ્રોહ કરનારી એવી તેણે મને એકલાને નથી છેતર્યો, પરંતુ પોતાના આત્માને પણ છેતર્યો છે. કારણ કે, વિધિ અને મંત્ર જાણ્યા વગર તે મણિ કંઇ પણ મનોવાંછિત તેને આપશે નહિં. સામાન્ય પત્થર માફક કશું ય તેને આપશે નહિં.

હવે એવો કયો પ્રકાર છે કે, હું તેનું અપ્રિય કરું, મારો પ્રભાવ દેખાડીને તે શ્રેષ્ઠ ચિંતારત્ન પાછું મેળવી શકું. કારણ કે, 'ઉપકારીનો ઉપકાર અને વૈરીનું વેર વાળવા માટે જે સમર્થ ન હોય, તેવાનું પુરુષત્વ તિરસ્કાર - પાત્ર થાય છે.' આ પ્રમાણે વિવિધ વિકલ્પોના કલ્લોલોથી આકુલ હૃદયવાળા ફરતા ફરતા તેણે કોઇક સમયે આશ્ચર્યકારી - મનોહર મહેલોની ઉંચી - નીચી શ્રેણીઓ યુક્ત નંદનવન-સમાન ભવન ઉદ્યાનથી શોભાયમાન શ્રેષ્ઠ ચારે બાજુ ફરતા કિલ્લાવાળું એક નગર દેખ્યું.તે અતિરમણીય હતું, પરંતુ લોકોની જવર-અવર ત્યાં બિલકુલ ન હતી. વિસ્મય પામેલા તેણે નગરની અંદર પ્રવેશ કર્યો. તો તેમાં કિલકિલાટ કરતા વાંદરાના ટોળાંથી અલંકૃત દેવકુલિકાઓ, ઘૂરકતા ભયંકર વાઘ-યુક્ત અતિભયંકર ઘરો, અનેક સ્થળે નવીન દેહવાળા સર્પોએ ત્યાગ કરેલી કાંચળીઓનાં તોરણો દેખવામાં આવ્યાં. એમ કરતાં રાજભવનમાં પહોંચ્યો. ત્યાં પણ કોઇ મનુષ્યનાં રૂપને ન દેખતો, રમ્યતા જોવામાં આકુલ બનેલો તે મહેલના સાતમા માળ ઉપર ચડી ગયો. તો ત્યાં કેસરના રંગથી રંગેલ શરીરવાળી, જેનું મસ્તક કર્પૂરના ચૂર્ણથી સફેદ રંગયુક્ત કર્યું છે, જેમની સરલ ડોકી સુગંધી પુષ્પમાળાથી શોભિત છે, જેના મનોહર ચરણો વજનદાર લોહની સાંકળથી જકડેલા છે, એવી ઉંટડી યુવતીઓનું યુગલ દેખ્યું. આ શૂન્ય મકાનમાં ઉંટડીઓ કેમ હશે ? અહીં કેવી રીતે આ આરૂઢ થઇ હશે ? ઉપભોગ કરેલ શરીરવાળી છે, એમ તર્ક કરતો હતો, એટલામાં ગવાક્ષમાં રહેલ બે દાબડી જોવામાં આવી. તેમાં એક દાબડીમાં ધવલ અંજન હતું. બીજી ડાબડીમાં શ્યામ અંજન હતું. સલાકા સળી દેખવાથી આ યોગ-અંજન છે, એવો નિર્ણય કર્યો. ઉંટડીના નેત્રમાં પાંપણો ઉજળી દેખવાથી નિશ્ચય કર્યો કે, 'આ ઉજ્જવલ અંજન આંજવાથી ઉંટડી બનાવેલી છે, તે અસલ તો મનુષ્યસ્ત્રીઓ જ હોવી જોઈએ, તો કદાચ સંભવ છે કે, 'આ

શ્યામ અંજનથી તેમનો મનુષ્યપણે સ્વાભાવિક પ્રાદુર્ભાવ થાય' એમ ધારીને શ્યામ અંજનથી સુમિત્રે તેની આંખો આંજી, એટલે તરત સ્વાભાવિક રૂપવાળી તરુણ સુંદરીઓ બની ગઈ. 'તમને કુશલ છે ?' એવો પ્રશ્ન સ્નેહ-પૂર્વક તેમને પૂછતાં, તેઓએ કહ્યું કે, 'તમારા પ્રભાવથી અત્યારે કુશલ છે.' ન સંભવી શકે તેવો આ તમારો શો વૃત્તાન્ત છે ?-એણે પૂછયું, ત્યારે પોતાનો વૃત્તાન્ત જણાવ્યો. તે આ પ્રમાણે –

"અહિંથી ઉત્તર દિશા-વિભાગમાં ગંગા નામની મહાનદીના સામા કિનારા પર જેમાં સમગ્ર કલ્યાણ સ્થાપન થયેલાં છે, એવા સુભદ્ર નામના નગરમાં અનિંદિત કાર્ય કરનાર એવા ગંગાદિત્ય નામના પ્રધાન શેઠ છે. તેમને સમગ્ર કુલાંગનાઓના ગુણોના આધારભૂત વસુધારા નામની પત્ની છે. તે ભાર્યાએ સમગ્રગુણયુક્ત આઠ પુત્રોને જન્મ આપ્યા પછી તેના ઉપર જયા અને વિજયા નામની એમ બે સાથે જન્મેલી પુત્રીઓ તરીકે જન્મી હતી. માતા-પિતાના મનોરથો સહિત વૃદ્ધિ પામતી એવી અમે બંને યૌવન-નરેન્દ્રની રાજધાની સમાન તારુણ્ય પામી. ત્યાં ગંગા નદી નજીકના વનખંડમાં ઘણા લોકોને માન્ય મધુરભાષી કથાઓ, પ્રબંધો, આખ્યાનો કહેવામાં ચતુર, કંઈક નિમિત્ત-વિદ્યામાં કુશલ, પોતાની ક્રિયાઓમાં પરાયણ રહેતો, દર્શનીય, મધ્યસ્થભાવ પ્રકાશિત કરતો, સુશર્મ નામનો એક પરિવ્રાજક હતો. એક વખતે અમારા પિતાએ તેને ભોજન માટે બોલાવ્યો. ગૌરવ-પૂર્વક ચરણાદિકનું શૌચ કરી ભોજન માટે આસન ઉપર બેસાડ્યા. શાલિ, ક્ષીર, કૂરાદિક સુંદર ભોજન-સામગ્રીઓ પીરસી તે સમયે અમારા પિતાજીની આજ્ઞાથી અમે પવન નાખવા માટે વીંજણો - પંખો નાખવાનું કાર્ય કરવા લાગી. તે વખતે તે પરિવ્રાજક અમારું રૂપ નીરખતો હતો અને આ અયુક્ત કાર્ય કરનાર છે-એમ ધારી કોપાયમાન થયેલા કામદેવે સર્વ બાણોથી તેને વીંધી નાખ્યો. ત્યાર પછી પરિવ્રાજક ચિંતવવા લાગ્યો કે, "વ્રતનું પાખંડ બળીને ભસ્મ થાઓ, ધ્યાન-ગ્રહ ધિક્કાર પામો, શિવપુરી ક્ષય પામો, વૈકુંઠ અને સ્વર્ગમાં વજ્ર પડો, જો આવી તરુણીઓ સાથે રતિસુખ ન મણાય, તો નક્કી મારા આત્મામાં અને મડદામાં તફાવત નથી." તથા "જો અપ્સરાઓ સાથે બ્રહ્મા, ગંગા અને ગૌરી સાથે મહાદેવ, ગોવાલણો સાથે કૃષ્ણજી ક્ષોભ પામ્યા, તો પછી મારે વ્રતનું અભિમાન શા માટે રાખવું ?" આવા આવા મનમાં સંકલ્પ-વિકલ્પો કરતો, તથા આ પ્રિયાઓનો લાભ કેવી રીતે થાય ? તેના ઉપાયો વિચારતો ભોજનની અવજ્ઞા કરીને જાણે કંઈક બ્રહ્મનું ધ્યાન કરતો હોય, તેમ રહ્યો. ઉત્સુક થએલા શેઠે કહ્યું કે, 'હવે ધ્યાનમાર્ગ બંધ કરીને ભોજન કરો. ઠંડું ભોજન ખાવાથી સુખેથી પરિણમી શકતું નથી, પાચન થતું નથી. ફરી ફરી તેને કહ્યું, ત્યારે 'આવા દુઃખીને આવા પ્રકારના ભોજનથી સર્યું'-એમ બોલીને પરિવ્રાજકે કેટલાક કોળિયા ગ્રહણ કર્યા. ભોજન કરી રહ્યા પછી શેઠે મહર્ષિને પૂછયું કે, 'તમે આટલા દુઃખી કેમ છો ?' પિતાનો અત્યંત આગ્રહ થવાથી તેણે કહ્યું કે, 'જો કે, અમે તો સંસારના સંગનો ત્યાગ કરેલો છે, પરંતુ તમારા સરખા ભક્તજન હોય કે સજ્જન હોય, તેમનો સંગ કે પક્ષપાત અમને ઉદ્વેગનું કારણ થાય છે. માટે અમો તમોને અકુશલપણું કહેવા સમર્થ નથી. આટલું જ બસ છે. વધારે આગળ કહેવા માટે મારી જીભ ઉપડતી નથી.' એમ કહીને તે પરિવ્રાજક પોતાના સ્થાને ચાલ્યો ગયો. 'ખરેખર આ શું હશે ?' એમ આકુલ મનવાળા પિતા

ત્યાં પહોંચીને પણ વિશેષ આદર-સહિત એકાંતમાં પૂછવા લાગ્યા, ત્યારે તેણે કહ્યું કે, 'શું કરું ?, એક બાજુ વાઘ છે, બીજી બાજુ બે કિનારા ભરપૂર જળવાળી નદી છે. જેથી 'નથી કહી શકાતું કે, નથી કહ્યા વગર રહી શકાતું.' મુનિજનને આવી વાતો કરવી તે પણ યોગ્ય ન ગણાય, તો પણ મને તારા ઉપર ગૌરવ-માન છે-તેથી પરમાર્થ છે,તે સાંભળ.

'ભોજન - સમયે બેઠો હતો, ત્યારે તારી પુત્રીઓની લક્ષણરેખા મારા જોવામાં આવી તે રેખાનું ફળ એવું છે કે, પિતાના પક્ષનો-કુળનો નાશ કરનારી તે રેખા મારા ધ્યાનમાં આવી છે. આ શલ્ય ભોંકવાથી મેં ભોજનનો ત્યાગ કર્યો તેં બહુ આગ્રહ કર્યો, એટલે વળી કંઈક ખાધું.' આ સાંભળીને શેઠના મનમાં થયું કે, 'આ મહાજ્ઞાની પિતાએ પૂછયું કે, 'આ વિષયમાં કોઈ ઉપાય છે?' તેણે કહ્યું કે, 'છે, પરંતુ તે તમારા માટે દુષ્કર છે, પરંતુ ખરાબ લક્ષણવાળી વસ્તુનો ત્યાગ કરવાથી પીડા દૂર થાય છે. આખા કુટંબમાં તેઓ પ્રાણાધિક પ્રિય છે. જો તેને કુમારાવસ્થામાં સર્વાલંકાર-વિભૂષિત કરી કાષ્ઠની પેટીમાં ગોઠવીને કોઈ ન જાણે તેવી રીતે ગુપ્તપણે ગંગામાં વહેવડાવી દેવી. તેને અમુક અનુષ્ઠાન-ક્રિયા કરવી, જેથી સર્વ સારાં વાનાં થશે' આ પ્રમાણે જેની બુદ્ધિ પાપથી નાશ પામી છે, એવા તેને યથાર્થ માનતા પિતાએ કુલના રક્ષણ માટે એક મોટી મંજૂષા કરાવી. સ્નાન-વિલેપનાદિ તથા આભૂષણાદિકથી અલંકૃત કરીને અમોને તેમાં સુવડાવી રાખીને તે મંજૂષામાં મત્સ્યાકારવાળાં છિદ્રો કર્યા. માતાને તથા બીજાઓને પરમાર્થ જણાવ્યો નહીં અને આપણા કુલનો આ રિવાજ છે કે, 'કુમારિકાઓએ આ પ્રમાણે વિવિધ ગંગાનાં દર્શન કરવાં જોઈએ.' એમ કહીને પ્રભાતસમયે મંજૂષાને ગાડામાં આરોપણ કરીને પોતે, તથા પરિવ્રાજક એમ બંનેએ શાંતિકર્મની કેટલીક ક્રિયાઓ કરી. પછી અમને ગંગાનદીમાં વહેડાવી. પિતા ઘરે ગયા. લોકોને પોતાનો ખેદ બતાવતા કહેવા લાગ્યા કે, 'નદીએ બાલાત્કારથી ખેંચી લીધી.' એમ રુદન કરવા લાગ્યા અને શોક-કાર્ય આરંભ્યું.

પરિવ્રાજક પણ પોતાના મઠમાં પહોંચીને શિષ્યોને કહેવા લાગ્યો કે, 'અરે ચેલાઓ ! તમે સાંભળો. ભગવતી ગંગાદેવી મારા પર પ્રસન્ન થયાં છે. આજે હિમવાન પર્વત ઉપરથી મારા મંત્રોની સિદ્ધિ માટે પૂજાનાં ઉપકરણોથી ભરેલી મંજૂષા મોકલી છે, તો તમો જલ્દી જઈને નીચેના ઓવારે રાહ જુઓ. મંજૂષાને ઉઘાડ્યા વગર અહિં આણજો, જેથી મંત્રોમાં વિઘ્નો ન આવે.' તે ચેલાઓ પણ આશ્ચર્ય પૂર્વક કહેવા લાગ્યા કે, 'આપણા ગુરુનો પ્રભાવ કેવો છે !' એમ કરીને બે ત્રણ ગાઉ સુધી કહેલા નદી - કાંઠે ગયા. અતિનિપુણતાથી તે નદીના ઉપલા ભાગ તરફ નજર કરવા લાગ્યા.

આ બાજુ તે મંજૂષાનું વચમાં શું થયું, તો કે મહાપુર નામના નગરના સુભીમ નામના રાજાએ નાવડીમાંથી જલક્રીડા કરતાં કરતાં નદીમાં વહેતી આવતી તે કાષ્ઠપેટીને દેખી, કૌતુક-સહિત તેને ગ્રહણ કરીને ઉઘાડી. અમારું રૂપ દેખીને અતિવિસ્મય પામ્યો. કામદેવાધીન થયેલો તે મંત્રીને કહેવા લાગ્યો કે, 'આ પાતાલ-કન્યાઓનું આશ્ચર્ય દેખ, અથવા તો આ વિદ્યાધરીઓ કે દેવાંગનાઓ અગર કોઈ રાજકન્યાઓ હશે કે શું ? 'હે ભાગ્યશાળીઓ ! તમે કોણ છો ?' ઘણા આગ્રહથી પૂછતા છતાં પણ દુઃખ પામેલી અમે તેમને ત્યાં કંઈપણ પ્રત્યુત્તર આપી શકી

નહિં. આ સમયે રાજાના અભિપ્રાયને સમજીને મંત્રીએ કહ્યું કે, 'હે દેવ ! કારણ વગર આ અલંકૃત કન્યાઓનો કોઈ ત્યાગ ન કરે, તો કોઈક પોતાના ઈષ્ટકાર્યની સિદ્ધિ માટે આ ગંગાનદીને આ કન્યાઓનું દાન કર્યું જણાય છે. તો 'હવે આ પેટીમાં બીજું કોઈ સ્ત્રીયુગલ મૂકીને આ બંનેનો સ્વીકાર કરો.' બીજાએ વળી કહ્યું કે, 'અહિં વળી બીજી બે નારીઓ ક્યાંથી લાવવી ? અહિં કિનારા પર વનખંડો છે,તેમાંથી બે વાનરીઓને પકડી લાવીને પેટીમાં નાખો.' ત્યાર પછી આ વાત બહુ સુંદર કરી.' એમ બોલતા રાજાએ બે યુવાન વાનરીઓને પેટીમાં નાખી. તે જ પ્રમાણે તે બંનેને સ્થાપન કરી પેટીને નદીમાં વહેતી મૂકી.

ત્યાર પછી બીજાું રાજ્ય ઉપાર્જન કર્યું હોય,તેવો અતિશય આનંદ રસ અનુભવતો રાજા અમને નગરમાં લઈ ગયો. તે પરિવ્રાજકના શિષ્યો 'પોતાના ગુરુ ફેરફાર કહે જ નહિં' તેવી શ્રદ્ધાથી તેની રાહ જોતા હતા. લાંબા સમયે કાષ્ઠપેટી દેખાઈ. તરત ગ્રહણ કરીને ખોલ્યા વગર તે પાપી ગુરુ પાસે લઈ ગયા. અતિ ઉત્કંઠિત બનેલા એવા તે પરિવ્રાજકને કોઈ પણ પ્રકારે તે સમયે દિવસ આથમી ગયો. ત્યાર પછી ગુરુએ ચેલાઓને કહ્યું કે, 'અરે ! આજે તમારે મઠિકાનાં દ્વાર બંધ કરી તાળું મારીને દૂર બેસવું. કદાચ ઘણો જ પોકાર થાય, તો પણ તે સાંભળીને સૂર્યોદય પહેલાં અહિં ન આવવું. સર્વથા મારા મંત્રની સિદ્ધિ નાશ થાય-તેવા ઉપાયો તમારે ન કરવા.' એમ હિતશિક્ષા આપી. ત્યાર પછી મઠિકાનું દ્વાર બંધ કર્યું. ત્યાર પછી તે કહેવા લાગ્યો કે, 'હે સુંદરીઓ ! તમારા ઉપર ગંગાદેવી ખુબ પ્રસન્ન થયાં છે, જેથી તમને ભર્તારક તરીકે સ્વર્ગવાસી દેવ આપ્યો છે. તો હવે બે હાથ જોડીને આ સેવક પ્રાર્થના કરે છે, તેનો તમારે માનભંગ ન કરવો.'-એમ બોલતાં પેટી ઉઘાડીને તે સુંદરીઓ ગ્રહણ કરવાની અભિલાષાથી તેમાં બે હાથ લંબાવ્યા. એટલે પેટીમાં પૂરીને પરાધીન બનાવવવાના કારણે કોપ પામેલી બંને દુષ્ટ માંકડીઓએ એકદમ તેને પકડ્યો. વાંદરીઓએ પોતાના તીક્ષ્ણ નખોથી તેને શરીરમાં જગો જગો પર ચીરી નાખ્યો, લોહી-લુહાણ કરી નાખ્યો,કાન તોડી નાખ્યા, કપોલતલ કાપી ખાધું. દાંતના અગ્રભાગથી તેની નાસિકા કાપી નાખી, વાંદરીઓએ તેની આશાઓ ભાંગી નાખી. દેવ પોકાર કરવા લાગ્યો કે, 'અરે શિષ્યો ! તમે જલ્દી અહીં દોડી આવો. આ રાક્ષસીઓ મને ભરખી જાય છે.' એણે વિલાપ કરતો કરતો તરત ભૂમિ પર ઢળી પડ્યો. શિષ્યો પણ ભયંકર દુસ્સહ પોકાર સાંભળવા છતાં ગુરુને મંત્રસાધનામાં વિઘ્ન થવાના ભયથી આવવા મનાઈ કરેલી હતી; તેથી ત્યાં ન આવ્યા. તેથી આખી રાત્રિ તે તડફડતો રહ્યો. માંકડીઓ ફરી ફરી તેને બચકાં ભરતી હતી, એની છાતી અને પેટ તદ્દન ભેદી નાખ્યાં, એટલે તેના પ્રાણો જાણે 'આ પાપી છે' તેમ ધારી નીકળી ગયા. ભવિતવ્યતા - યોગે મરીને એ મહારૌદ્ર રાક્ષસ થયો. ભયંકર આકૃતિવાળા તેને પોતાના જ્ઞાનથી મરણનું કારણ જાણવામાં આવ્યું કે, 'માંકડીનો પ્રયોગ કરીને આણે મારી પ્રિયાઓનું હરણ કર્યું છે અને મને મરાવી નંખાવ્યો છે.' એટલે સુભીમ રાજા ઉપર અતિક્રોધે ભરાયો. તે ભયંકર રાક્ષસ આ નગરમાં આવ્યો, તે રાજાનો વધ કરી તેણે આખું નગર ઉજ્જડ કરી અમારા બે સિવાય સર્વેને દેશ-નિકાલ કર્યા. વળી તેણે રૂપ-પરાવર્તન કરનાર બે અંજન-યોગો તૈયાર કર્યા, જે તમોએ જાતે જ અહીં દેખ્યા છે.

હે સૌભાગી ! અમોએ અમારો બનેલો વૃત્તાન્ત તમોને જેવો બન્યો હતો, તેવો જણાવ્યો. પોતાના મનમાં રહેલો વૃત્તાન્ત કહેતાં મોટો સ્નેહ ઉત્પન્ન થયો. તો હે મહાસત્ત્વશાળી ! આ અમારા વૃત્તાન્તથી તો અમે પૂર્ણ કંટાળેલા છીએ. આવા શૂન્ય અરણ્ય-વાસમાંથી તેમ જ ભયંકર યમરાજા સરખા આનાથી અમને મારી ન નાખે તે પહેલાં મુક્ત કરાવ.' તેમની હકીકતત સાંભલીને પ્રાર્થના-ભંગ કરવામાં ભીરુ કરુણા-સમુદ્ર તેના લાભથી ઉલ્લસિત માનસવાળા સુમિત્રે પૂછયું કે, 'અત્યારે તે કયાં ગયો છે ? કેટલા દિવસે પાછો ફરે છે ? ત્યારે તેઓએ કહ્યું કે, 'તે રાક્ષસદ્વીપે જઈને બે કે ત્રણ દિવસ થયા પછી ઈચ્છા પ્રમાણે આવે કે ન પણ આવે, કદાચ અમે વેલો ન બોલાવીએ, તો પંદર દિવસ કે એક મહિનો પણ ત્યાં રોકાઇ જાય આ જ રાત્રે તો નક્કી તે આવશે જ. તો તમારે છેક ભૂમિતલમાં રત્નની વખારમાં રહેવું, જીવિતની રક્ષા કરવી. સવારે યથાયોગ્ય લાગે, તેમ કરજો. ત્યાર પછી વેગીલા અશ્વને બોલાવવો'-એમ બોલતી તેને ફરી ઉંટડી બનાવીને સુમિત્ર અદૃશ્ય થયો. રાક્ષસ પણ સંધ્યા-સમયે આવી પહોંચ્યો અને બંનેને સ્વાભાવિક અવસ્થાવાળી કરીને પછી નાક મચકોડતો છી છી કરતો કહેવા લાગ્યો કે, 'આજે મનુષ્યની ગંધ કેમ આવે છે ?' ત્યારે સુંદરીઓએ કહ્યું કે, 'અમે મનુષ્ય હોવાથી તેની તમને ગંધ આવે છે.' તેમ કહીને વિશ્વાસમાં લીધો. ત્યાર પછી રાત્રિ પસાર કરીને જતો હતો, ત્યારે બંનેએ કહ્યું કે, 'હે દેવ ! અમને એક્લીને અહિં બીક લાગે છે, તો તમારે જલ્દી આવવું.' ત્યાર પછી તે પોતાના ધારેલા સ્થાનકે ગયો.

સુમિત્રે પણ અંજનયોગની ડાબડી ગ્રહણ કરી, તે બંનેને માનુષી બનાવી નીચે ઉતારી. ફરી ઉંટડી બનાવી તેમના ઉપર રત્નોનો ભાર આરોપણ કરી બંનેને લઈને તે મહાશાલ નગર તરફ ચાલ્યો. કેટલાક દિવસો પસાર થયાપછી એક ભૂતની તંત્ર વિદ્યામાં સિદ્ધિ પામેલાને આ હકીકત જણાવી, તો તેણે તેને સાન્ત્વન આપ્યું. ઘણું વિકરાળ રૂપ કરીને ભયંકર અટ્ટહાસ્યથી અતિશય ખેચરોને ત્રાસ પમાડતો. પોકાર કરીને ત્રણે લોકને ચકિત કરતો તે દુષ્ટ રાક્ષસ નજીક આવ્યો ત્યાર પછી મંત્ર-પ્રભાવની અચિન્ત્ય શક્તિથી અરે રે ! પાપિષ્ઠ દુષ્ટ અનાર્ય ! તું આજે ક્યાં નાસી જાય છે ? એમ કહીને તે મંત્રસિદ્ધ પુરુષે તેને ઠુંઠાની જેમ સ્તંભિત કરી સ્થિરતા ધારણ કરાવી. તેનો પ્રભાવ સમજી ગએલો તે દુષ્ટરાક્ષસ કહેવા લાગ્યો કે-' જો એમ છે, તો એમના વિષે જે વૈરભાવ છે, તેનો ત્યાગ કર. પેલાએ કહ્યું કે-'ભલે, પરંતુ મારી પ્રિયતમાઓને મને પાછી અપાવો.' ત્યારે તેણે તેને કહ્યું કે, શ્રેષ્ઠ સ્ત્રીઓની પ્રાર્થના માટે તપથી ભ્રષ્ટ થઇ ભયંકર મરણ પ્રાપ્ત કરવા છતાં હજુ તેની મમતા કેમ છોડતો નથી ? બીજું તું આવી અનુચિત હલકી દેવગતિ તેમ જ નરકાગ્નિના સંતાપના કારણભૂત આવી દુર્ગતિ પામ્યો છે, છતાં હજુ સંતોષ પામ્યો નથી કે, દુર્ગંછા કરવા યોગ્ય મનુષ્યનો સંગ કરવામાં આનંદ માને છે ! તું સર્વથા આમનો ત્યાગ કર અને તેમની પીડાઓ દૂર કર.' એ પ્રમાણે સિદ્ધપુરુષે કહ્યું, એટલે તેનું વચન સ્વીકારીને 'ભલે એમ થાઓ, હવે ભલે મહાપુરમાં વાસ કરે.' એમ બોલતો તે રાત્રે ફરનારો રાક્ષસ ગયો.

ત્યાર પછી સુમિત્રે હર્ષ પામીને તેને કહ્યું કે, 'અહો ! તમે મહાસત્ત્વશાળી,

મહાસાહસિક, મહાકારુણિક છો કે, જે તમોએ માત્ર પરોપકાર કરવાની બુદ્ધિથી આ દુષ્ટનો નિગ્રહ કર્યો. એ પ્રમાણે તેની પ્રશંસા કરી તેણે પણ પ્રત્યુત્તર આપતાં જણાવ્યું કે, 'હે સત્પુરુષ ! આ સ્તુતિવાદનો યોગ્ય તો તમો છો. કારણ કે, તમો મંત્રાદિક સાધન વગરના હોવા છતાં ભયનો ડર રાખ્યા વગરે આવું મહાન સાહસ કર્યું. તમોએ પણ ઘણા સુકૃતને પ્રાપ્ત કર્યું, નહિંતર આવા સમયે મારી સાથે સમાગમ ક્યાંથી થાય ? આવા પ્રકારનો આ સજ્જન વિદ્યાસિદ્ધ લાંબા સમય સુધી વાર્તાલાપ કરીને પોતાના કાર્ય માટે ચાલ્યો ગયો. સુમિત્ર પણ સુખ-પૂર્વક મહાશાલ નગરમાં પહોંચી ગયો. પ્રધાનપદનો સ્વીકાર કરી તેઓ સાથે ક્રીડા કરતો રહેલો હતો.

હવે પેલી વેશ્યાપુત્રી રતિસેના સુમિત્રને ક્યાંય નહિં દેખતી હોવાથી તેણે ત્રણ રાત્રિ સુધી ભોજન અને વાર્તાલાપ કરવાનો ત્યાગ કર્યો. કુટ્ટણીએ ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ 'રત્નો વિધિ-સાધના કર્યા વગર ફળીભૂત થતાં નથી' તેથી ચિંત્તામણિરત્ન પાસેથી ફૂટેલી કૉડી પણ પ્રાપ્ત ન થઇ. એટલે સુમિત્ર અને પુત્રીનો વિશ્વાસ ગૂમાવવાથી મહાપશ્ચાત્તાપથી તપેલા ચિત્તવાળી હવે પુત્રીને અનેક યુક્તિથી સુમિત્રને ભૂલાવવાનો, શોક ત્યાગ કરવાનો પ્રયત્ન કરે છે, તો પણ પુત્રી સુમિત્રનો આગ્રહ છોડતી નથી. અને સામેથી કહે છે કે-' હજુ કાષ્ઠોથી અગ્નિ નદીઓથી સમુદ્ર તૃપ્ત થાય, પરંતુ હે પાપિણી ! પતિએ તેને માગવાથી અધિક આપ્યું, છતાં તેને તૃપ્તિ ન થઇ ? કદાચ અગ્નિ મારા અંગનું અલિંગન કરશે, પરંતુ સુમિત્ર સિવાય બીજો કદાચ કામદેવ સમાન રૂપવાળો હોય, તો પણ તેનો હું તિરસ્કાર કરીશ.' આ પ્રમાણે દૃઢ નિશ્ચયવાળી તેને ઘણા સોગનો આપવા પૂર્વક ભોજન-વૃત્તિ કરાવીને અક્કા સુમિત્રને ખોળવા માટે એક દિલથી પ્રયત્ન કરવા લાગી.

કોઇક સમયે પોતાના ઘરની નજીકના માર્ગે અલંકૃત થઇને સુમિત્ર પસાર થતો હતો, ત્યારે તે દેખવામાં આવ્યો. એટલે તરત જ જઇને અતિનમ્ર બની વિનવણી કરીને પોતાના ઘરે લાવી. ઘણો જ આદર-સત્કાર કરી અક્કાએ તેને કહ્યું કે, 'હે પુત્ર ! આ પ્રમાણે પરદેશ ચાલ્યા જવું, તે તેને કહ્યું કે, 'હે પુત્ર ! આ પ્રમાણે પરદેશ ચાલ્યા જવું, તે તને શોભતું હતું ? વળી જળપાન કરવા માટે આવેલા મુસાફર પુરુષો એક સ્થાને એકઠા થાય, તો પણ પોતાની પરસ્પર કંઇક વાતો ચીતો કરે છે, અને છૂટા પડતી વખતે રજા માગે છે. તો તું સ્નેહ બતાવીને એકદમ કહ્યા વગર પરદેશ કેમ ચાલ્યો ગયો ? હે પુત્ર ! આટલો કાળ તો મે તારા માટે ક્યાં ક્યાં શોધ ચલાવી નહિં હોય ? તેં અત્યાર સુધી અમને દર્શન આપીને કેમ કૃતાર્થ ન કર્યો ? વગર અપરાધે આ મારી પુત્રીને છોડી ચાલી ગયો, તો પણ તે તારા ઉપર સ્નેહ વગરની થઇ નથી, એટલુ જ નહિં, પણ તારા વિરહમાં દુઃખી થઇને પ્રાણના સંદેહવાળી બની ગઇ છે, તેને સાક્ષાત્ દેખ.' ત્યારે સુમિત્ર પણ મનમાં વિચારવા લાગ્યો કે, 'આ ધૂતારીની ધૃષ્ટતા કેટલી છે કે, આટલો અપરાધ કરવા છતાં પણ જાણે પોતે કંઇ જાણતી જ નથી, તેમ છૂપાવે છે. તો પણ ચિંતામણિ પાછો મેળવવાનો બીજો ઉપાય નથી-એમ વિચારતો કંઇ પણ મુખવિકાર બતાવ્યા વગર કહેવા લાગ્યો કે- 'આવી અવળી સંભાવના ન કરવી. મને પરદેશ જવાનું ઉતાવળું કાર્ય આવી પડવાના કારણે કહ્યા વગર ચાલ્યો ગયો હતો અને આજે જ

પાછો આવ્યો છું. બીજાં કાર્યોમાં એવો ગૂંથાઇ ગયો હતો, જેથી અહિં આવવા જેટલો સમય ન હતો, તેથી આવ્યો ન હતો. આ સાંભળીને કુટ્ટણી મનમાં વિચારવા લાગી કે, 'ચિંતામણિની વાત ભૂલી ગયો છે, એટલે ખુશી થઇ. તો પણ 'હું જૂઠ બોલનારી ગણાઈશ' એમ ધારીને ચિંતામણિ સમર્પણ કરતી નથી.

ત્યાર પછી નિરાંતે બેઠેલી રતિસેનાને સુમિત્રે કહ્યું કે-'હે પ્રિયે ! જો તું રોષાયમાન ન થાય, તો હું કંઇક કૌતુક બતાવું.' ત્યારે કહ્યું કે, 'બતાવો' એમ કહેતા, આગળ કહેલા યોગ-અંજનથી તેને ઉંટડી કરીને તે પોતાના ઘરે ચાલ્યો ગયો. હવે કુટ્ટણીએ ભોજન-સમયે બૂમ પાડીને માતાએ બોલાવી. જ્યારે પ્રત્યુત્તર ન મળ્યો, એટલે ગભરાતી જોવા ગઇ. તેવું ઉંટીનું રૂપ દેખી વિચારવા લાગી કે, શું આ ઉંટડી તેને ખાઇ ગઇ હશે કે શું ? આ રાક્ષસી જણાય છે, નહિતર આ મહેલ ઉપર તે કેવી રીતે આરૂઢ થઇ શકે, ભય પામેલી તે એકદમ બૂમ પાડીને પોકારવા લાગી. ત્યારે પરિવાર અને બીજા લોકો દોડી આવ્યા. દરેકને આશ્ચર્ય થયું અને પૂછયું કે, 'તારી પુત્રીનો આ કયો દુષ્ટ વૈરી છે ? એના જવાબમાં પરિજને જણાવ્યુ કે-કોઇ અજાણ્યો પરદેશી આવ્યો હતો. ત્યારે લોકો કહેવા લાગ્યા કે, કોઇ સર્વજ્ઞ હશે. 'હે ભદ્રે ! આ જ તારી પુત્રી છે' કોઇક ઇંદ્રજાલિક વિદ્યા જાણકારે આનું વિકૃત સ્વરૂપ કરી નાખેલું છે. તો તે જેટલામાં દૂર ન ચાલ્યો જાય તેટલામાં જલ્દી રાજાને નિવેદન કરો.' ત્યારે પછી કુટ્ટણીએ તરત વીરાંગદ રાજાને નિવેદન કર્યું. રાજાએ વિચાર્યું કે, 'મારા મિત્ર સુમિત્ર સિવાય આ બીજાનું કાર્ય સંભવતું નથી'-એમ શંકા કરતાં તેને પૂછયું કે, 'હે ભદ્રે ! તેની સાથે સમાગમમાં થયાને તેને કેટલો સમય થયો ? તેણે જણાવ્યું કે, 'જે દિવસે આપે આ નગર સ્વાધીન કર્યું, તે જ દિવસે સમાગમ શરુ થયેલ, પરંતુ વચમાં તે ક્યાંય ગયો હતો. હમણાં પાછો આવ્યો હતો અને મેં દેખ્યો. એ સાંભળીને સંભ્રમ પામેલા રાજાએ નગરના રખેવાળ પુરુષોને તેની શોધ કરવા આજ્ઞા કરી. સેવકોને જણાવ્યું કે, 'દેવની માફક વિનય કરવા પૂર્વક જલ્દી તેને અહિં માનપૂર્વક લાવવો.'

ત્યાર પછી કુટ્ટણીની દાસીએ બતાવેલ તે આવવાની ઇચ્છા કરતો ન હતો, છતાં પણ મધુર વચનથી સમજાવીને રાજા સેવકો તેને લઇ આવ્યા દૂરથી જ તેને ઓળખી લીધો.રાજાએ ઉભા થઇ તેને આલિંગન કર્યું. 'મહાધૂર્ત એવા મારા મિત્રનું કુશલ વર્તે છે ?' એમ રાજાએ પૂછયું. તેણે પણ પ્રણામ કરવા પૂર્વક મસ્તક નમાવતાં જણાવ્યું કે, 'આપની કૃપાથી' રાજાએ કહ્યુ કે-બીજી હકીકતો હાલ રહેવા દે, પરંતુ અત્યારે કહે કે, આ બિચારી કુટ્ટણીની પુત્રીને ઉંટડી કેમ બનાવી ? તો કે, 'પોતાની મેળે વૃક્ષ-પલ્લવો સહેલાઇથી ચરી શકે,તેને ભોજનનું વ્રત હોતું નથી. વાહનમાં બેસવાનું વ્રત પણ તેને સંભવતું નથી. એટલે' તેની માતાએ કહ્યું કે, 'આ ગપ્પાં હાંકવાના છોડી દો, જલ્દી તેને સારું કરી આપ. તારું જાદુઇ વિજ્ઞાન જાણી લીધું છે.' સુમિત્રે પ્રત્યુત્તર આપ્યો કે, 'હે પાપિણી ! આ મારું જાદુપણું કશું નથી. તેને મહાઉદરવાલી ગધેડી બનાવીશ અને સમગ્ર નગરની વિષ્ટા તારી પાસે ઉચકાવી ઢગલો કરાવીશ, જેથી મહાશાલ નગરમાં અશુભગંધ ન ફેલાય; અથવા તે મહારત્ન પાછું સમર્પણ કર.' રાજાએ પુછયું કે, 'હે મિત્ર ! રત્ન કેવું ? તેણે કહ્યું કે, એના પ્રસાદથી મેં આપનો

સ્નાન-ભોજનવિધિ વગેરે સત્કાર કરી, ગૌરવ-આદર કરેલ, તે ચિંતામણિરત્ન.' ત્યારપછી ક્રોધથી લાલ નેત્ર કરી રાજાએ તેનો તિરસ્કાર કરતાં જણાવ્યું કે - 'અરે ધીઠી ! પ્રત્યક્ષ ચોરી કરનારી ! મારા મિત્રની ચોરી કરી ?' એમ કહ્યું, એટલે ભય પામેલી તે દંતાગ્રથી આંગળીઓ પકડીને 'આપનું શરણ, આપનું શરણ' એમ બોલતી તે કુટ્ટણી સુમિત્રના પગમાં પડી. તેણે પણ રાજાને શાન્ત કર્યો રત્ન પ્રાપ્ત થયું, એટલે રતિસેનાને અસલ રૂપવાળી સ્વસ્થ બનાવી. માતાનું પાપી ચરિત્ર જાણીને સુમિત્રમાં એકાંત અનુરાગી બની જ્યારે સુમિત્રનો પ્રભાવ જાણ્યો, જાતે દેખ્યો, ત્યારે વૃદ્ધા તદ્દન અનુકૂળ બની ગઇ. એટલે પોતાના ઘરમાં સારભૂત એવી પોતાની પુત્રી તેને અર્પણ કરી. એ પ્રમાણે દરેકને શાંતિ થઇ.

કોઇક દિવસે રાજાએ મિત્રને પૂછયું કે, 'હે મિત્ર ! મને છોડીને તું કેમ ચાલ્યો ગયો હતો ? જવાનું શું કારણ ? ગયા પછી કયાં કયાં સુખ-દુઃખ અનુભવ્યાં ? વળી મણિયુગલનો લાભકેવી રીતે થયો ? તે વૃત્તાન્ત જલ્દી કહે. કુતૂહલ અને વિરહથી આકુલિત મારું મન લાંબા સમયથી આકુળ-વ્યાકુળ બની ગયું છે.' ત્યાર પછી સુમિત્રે જે પ્રમાણે મણિનો લાભ થયો હતો, તે સર્વ વૃત્તાન્ત યથાસ્થિત કહ્યો. તથા મારો મિત્ર સુકૃત-પુણ્યફળ અનુભવતો જ્યાં સુધી સુખેથી રહેલો છે,ત્યાં સુધી હું પણ આ ચિંતામણિરત્નના પ્રભાવથી વિલાસ કરતો હંમેશા મિત્રના સુખનું દર્શન કરું અહિં જ મારી ઇચ્છા પ્રમાણે સુખાનુભવ કરું'—એમ નિશ્ચય કરીને કેટલોક સમય ગણિકાના ઘરે રોકાયો હતો. કુટ્ટણીએ મને છેતર્યો, એટલે દેશાંતરમાં ચાલ્યો ગયો. આ પછી છેવટે આપણો સંયોગ - સમાગમ થયો. આ પ્રમાણે સર્વ વૃત્તાન્ત કહ્યો. આ સાંભલીને વિસ્મય પામેલા રાજાએ કહ્યું કે, 'તને વ્યવસાયનું સુંદર ફળ પ્રાપ્ત થયું.' આ કહેવત તેં સત્ય ઠરાવી-"વિનયથી મહાગુરુકૃપા, વ્યવસાય-ઉદ્યમ કરવાથી નહિં ધારેલી પુષ્કળ લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે, પથ્યથી આરોગ્ય અને ધર્મથી સ્વર્ગ અને મોક્ષ પણ મેળવી શકાય છે." ત્યારે સુમિત્રે કહ્યું કે, 'હે દેવ ! વ્યવસાયમાત્રથી શો લાભ ? એકલું પુણ્ય પ્રધાન છે કે, જે વ્યવસાય વગર સુખને અપાવે છે. પુણ્ય વગર એકલો વ્યવસાય - ઉદ્યમ ફલ વગરના વાંઝિયા વૃક્ષ સમાન નિષ્ફળ થાય છે. કહેલું છે કે-"જે વસ્તુ દુર્લભ હોય, વળી ઘણે દૂર રહેલી હોય, મેળવવામાં ઘણી મુશ્કેલી હોય, સંચયકરવામાં પરવશતા કે લાંબો સમય જાય, વળી તે સજ્જન કે દુર્જનને આધીન હોય, પરંતુ પૂર્વે ઉપાર્જન કરેલ અલ્પધર્મના પ્રભાવથી ચિંતવવા માત્રથી સુખેથી સહેલાઇથી તરત મેળવી શકાય છે." હે દેવ ! આપ તો અધિકપુણ્યવાળા છો કારણ કે, સ્વયંવરા મનોહર રાજપુત્રી માફક આપને રાજ્યલક્ષ્મી સ્વયં સહેલાઇથી વરેલી છે. વળી જો આપ મનોરથ કરો તો, તે મહાપુર વસાવીને પોતાના રાજ્યમંડલમાં પ્રવેશ કરી શકો. આ પ્રમાણે પરસ્પર વાર્તાલાપ કરતા અગાધ સુખ-સાગરમાં ડૂબેલા એવા તેઓનો સમય પસાર થાય છે.

કોઇક સમયે કૌતુકાધીન બની રાજા મહાપુરમાં ગયા. તેની નિશ્રામાં તેની પ્રજાઓ એકઠી થઇ, પોતપોતાના સ્થાનમાં વાસ કર્યો. પૂર્વનીતિનું સ્થાપન કર્યું, તેની રક્ષાના અધિકારીઓને નિયોગ કર્યો, ફરી મહાશાલ નગરમાં આવ્યો. સમગ્ર લોકોને પ્રશંસાપાત્ર એવું મહારાજ્ય પાલન કરવા લાગ્યો. માટે હે દેવ ! આ કથાનો પરમાર્થ આ સમજવો કે-"ગમે

ત્યાં તમે જાવ, ગમે તેવો વ્યવસાય-ઉદ્યમ કરો, પરંતુ જે પુણ્યવાન પુરુષ હશે, તે વીરાંગદ રાજાની જેમ સુખો પ્રાપ્ત કરશે."

બ્રાહ્મણભટ્ટે કહેલી આ કથા સાંભળીને રાજા એકદમ વિચારવા લાગ્યો કે, "ખરેખર ધીરપુરુષોનાં ચરિત્રો કાનને સુખ આપનારાં હોય છે. વળી હજારો આપત્તિઓ રૂપી કસોટીના પાષાણ ઉપર કસોટી - પરીક્ષા કરાતાં સુવર્ણની જેમ પુરુષનો પ્રભાવ પ્રગટ થાય છે. અતિશય રૂપયુક્ત હોય,તો પણ કયો માણસ પુરુષરૂપ કરેણના પુષ્પની પ્રશંસા કરશે કે, જે ભુવનમાં અદ્ભુત એવા પ્રકારના યશગંધને ફેલાવતો કે પ્રાપ્ત કરતો નથી. કુલપરંપરાથી આવી મળેલી ભૂમિથી -રાજ્યથી કોઇ ઉત્તમપુરુષ માન વહન કરતો નથી. માર્ગમાંથી પ્રાપ્ત થયેલ માંસ તો તુષ્ટ થઇને નાના કૂતરાઓ પણ ભક્ષણ કરે છે. એમાં તેમનો કશો પુરુષાર્થ ગણાતો નથી. પ્રગટ ગર્વવાળો પુરુષાર્થ-ઉદ્યમ એ માત્ર એકલો સિંહ જ ઉદ્વહન કરી શકે છે, તેણે પોતાના પરાક્રમથી જ જગતમાં મૃગેન્દ્ર શબ્દ પ્રાપ્ત કરેલો છે."

'તો હવે સર્વથા દેશાન્તરમાં જઇને મારા પુણ્યની પરીક્ષા કરું.' એમ કહીને પોતાનો અભિપ્રાય પૂર્ણભદ્ર નામના પ્રધાનને જણાવ્યો. તેણે પણ કહ્યું કે-'હે દેવ ! આપની ઇચ્છાનો ભંગ કોણ કરી શકે ? છતાં આપને વિનંતિ કરું છું કે, દેશાંતરોમાં ગમન કરવું એ ઘણું દુર્ગમ કાર્ય છે, માર્ગો અનેક આપત્તિવાલા હોય છે. દુશ્મનો છિદ્ર ખોળનારા હોય છે, આપનું શરીર પરિશ્રમ સહન કરી શકે તેવું નથી. માટે પ્રાપ્ત કરેલ રાજ્યનું રક્ષણ કરો-એ જ મહાપુણ્યનું ફલ છે. બીજા ફળની અભિલાષા કરીને શો ફાયદો થવાનો છે ?' મંત્રીએ આ વગેરે કહીને રાજાને ઘણો સમજાવ્યો, પરંતુ ન રોક્યો. ગુપ્ત મંત્રણા કરીને પાછલી રાત્રિએ તલવાર ગ્રહણ કરીને ઉત્તર દિશા તરફ નગરમાંથી નીકળ્યો. કેવી રીતે નીકળ્યો ? તો કે - ઉત્સાહ-રથમાં આરૂઢ થયેલો, જેણે પુણ્યરૂપી સૈન્યનું સાંનિધ્ય સ્વીકાર્યું છે. પૂર્ણ હર્ષ પામેલો જાણે રયવાડી (રાજપાટિકા) કરવાની ઇચ્છાવાળો હોય, તેમ નીકળ્યો. વિવધ કૌતુકો, મોટાં ગામો, નગરો, વેપારનાં સ્થાનો જોતો જોતો તેમ જ વિસ્મયઠરસથી વિકસિત નેત્રવાળી તરુણીઓની જોવાતો, દેવ સરખો તે જેના ઘરમાં પ્રવેશ કરતો હતો,ત્યારે તેઓ સ્નેહ વાળી બંધુબુદ્ધિથી તેનું સન્માન કરતા હતા, છતાં પણ ઉત્તમ મુનિની જેમ ક્યાંય પણ મમત્વભાવ કરતો ન હતો. ઉદ્વેગ-રહિત એવો તે રાજા કોઇક વખત ભયંકર અરણ્યમાં પહોંચ્યો જેમાં અનેક પ્રકારના વિવિધ વૃક્ષો હતા. જેવા કે—સર્જાર, વંજ, વંજુલ, વડ, વેડિસ, કુટજ, કડહ, અંકોલ્લ, બિલ્લિ, સલ્લિકિ, કૃતમાલ, તમાલ વગેરે વૃક્ષોથી ભરપૂર, લિંબડો, આમ્રવૃક્ષ, ઉમ્બર કાઉંબરી, બોરડી, કેરડાં, ખદિર વગેરે ખીચોખીચ વૃક્ષો હતા. જેમાં પીપળો, ખાખરો, પલાશ, નલ જાતનું ઘાસ, નીલ, ઝિલ્લિ, ભિલામો વગેરે. એટલા ગીચ વૃક્ષો હતા કે, જેથી અંદર સૂર્યનાં કિરણો પ્રવેશ પામી શકતાં ન હતાં. અથવા નિચ્છિદ્ર વૃક્ષો હતા. જંબૂવૃક્ષ કદંબ, આંબલિ, કોઠાં, કંથારિકા, કાંટાલા વૃક્ષો, થોરિયા આદિની પ્રચુરતા તે જંગલમાં હતી. ટિંબરુવૃક્ષ, નીપ, અરુણ અરડુસો, શિરીષ, શ્રીપર્ણિ આદિ વૃક્ષોથી સંકળાએલ. અરણ્ય, વળી કેવું ? હિતાલ, તાડ, સીસમ, શમી, સિંબલી, સરગવો, બાવળ, ધત્તૂરો, ધમાસો ખીચોખીચ ઉગેલા વાંસો વગેરે અનેક જાતિના વૃક્ષોથી વ્યાપ્ત, તાડવડ, આકડા, કંકેલિ, કંટિકા ક્ષીરવૃક્ષ ભીંડા અદિની

શ્રેણિથી દુર્ગમ, ફણસ, અન્નાસ, આલુ, ઝિંઝિણી લતા વગેરેથી માર્ગ એવો ઢંકાઇ ગયો હતો કે, પગ-સંચાર ક્યાંથી કરવો ? તે સમજ પડતી ન હતી-તેવું વિષમ અરણ્ય હતું.

ત્યાર પછી મોટા પર્વતોની ગહુફામાં સિંહો ગર્જના કરતા હતા, તેને ગણકાર્યા વગર, ઘોર બોલાવતા સૂતેલા વાઘોને હિંમતથી નિહાળતો, સિંહોનાં પૂછડાં અફળાવાથી કંપાયમાન વૃક્ષો ઉપર રહેલા પક્ષીઓના શબ્દોના ઘોંઘાટથી જેમાં દિશાચક્રો મુખર થયેલાં છે, એવા અરણ્યને જોતા જોતા જ્યારે કેટલીક વનભૂમિ સુધી પહોંચ્યો, ત્યારે આગળ એક ઉત્તમ હાથીને જોયો. તે કેવો હતો ? વિજળીયુક્ત જેમ મેઘ હોય, તેમ જેનાકંઠ-પ્રદેશમાં સુવર્ણની સાંકળ હતી, બગલાની શ્રેણીયુક્ત જેમ મેઘ હોય, આકાશ માફક તેના કાનમાં ઉજ્જવલ શંખોની માલા હતી. લાંબો બીજના ચંદ્ર સમાન સ્વચ્છ શ્રેષ્ઠ અંકુશ જેની કાંધ પર રહેલો છે. મનોહર ઘંટિકાના અવ્યક્ત અવાજથી ઉંચી કરેલી ગ્રીવાવાળા હરણિયાને દેખતો હોય,તેવા અતિશય આશ્ચર્યના કારણભૂત મહાહાથીને રાજાએ દેખ્યો. આવા નિર્જન અરણ્યમાં આવા પ્રકારનો હાથી કેમ આવ્યો હશે ? એમ વિચારતા તેને નિર્ભય સિંહ માફક જોયા પછી હાથીએ પોતાનો શુંડાદંડ ઉંચો કર્યો અને તરત રાજા પાસે આવ્યો. રાજાએ પણ લાંબા કાળ સુધી તેની સાથે ક્રીડા કરીને વશ કર્યો.

હવે આકાશ-મંડલથી રાજાના કંઠમાં એકદમ ગુંજારવ કરતા મધુરની શ્રેણીવાળી અપૂર્વ કળાથી ગુંથેલી પુષ્પની માળા પડી. વિસ્મય પામેલા રાજાએ તરત જ આકાશમાં જોયું, તો ચાલતી એવી યુવતીઓ એમ બોલતી સંભળાઇ કે, 'સુંદર કર્યું.' ત્યાર પછી વિસ્મયરસને અનુભવતો, સ્થિર કરેલા આસન-બંધવાળો, પુષ્પમાળાથી શોભિત ખભાવાળો,મન અને પવન-સમાન વેગવાળા મહાહાથીએ જેના માર્ગના પરિશ્રમનું દુઃખ શાંત કરેલ છે, એવા રાજા તેને ઉત્તરદિશામાં લઇ ગયો. અતિ દૂર પહોંચેલા અને કંઇક તૃષા અને તડકાનો સંતાપ પામેલા રાજાએ આગળ નજર કરી, તો વિવિધ જાતિના પક્ષીઓના કિલકિલાટયુક્ત ઉંચે ઉછળતા મોટા કલ્લોલોની શ્રેણિથી કંપાયમાન, વિકસિત નીલકમલથી જેનું નિર્મલ જલ ચલાયમાન થયું છે. તાજી ચમકદાર વનરાજીથી જેના છેડાના વિભાગો શોભાયમાન છે; એવું એક મહાસરોવર જોવામાં આવ્યું. લાંબા કાળથી બંધુનો વિયોગ થયો હોય અને અણધાર્યા.ો તે જોવામાં આવે અને જે આનંદ થાય તેવો આનંદ પામેલ હર્ષ પામેલા વદનકમળવાળા રત્નશિખરરાજા હાથીને તે સરોવર તરફ લઇ ગયો. તૃષાથી ખેદ પામેલો રાજા હાથી પરથી નીચે ઉતરીને તરત જ સરોવરમાં ગયો, જળપાન કરી સ્વેચ્છાએ રાજા હાથી સાથે ક્રીડા કરવા લાગ્યો. વલી હાથીને છોડીને મહામત્સ્યની જેમ જળમાં ડૂબકી મારી અંદર આળોટી જળ ઉછાળવા લાગ્યો. એમ કરી છેવટે સ્નાન કરી, સરોવરમાંથી બહાર નીકળ્યો, એટલામાં વનદેવતા સમાન એક રમણીએ મહાકિંમતી ઉત્તમ જાતિનાં વસ્ત્રો લાવીને આગળ ધર્યાં. ત્યાર પછી સર્વ અંગોપાંગોમાં પહેરવા લાયક સર્વ આભૂષણો આપ્યાં. વળી પુષ્પ, વિલેપન સાથે કર્પૂર, એલચી, કંકોલયુક્ત પાનબીડું તંબોલ આપ્યું. વળી કહ્યું કે, અપૂર્વ દેવનું સ્વાગત કરીએ છીએ રાજાએ પુછયું કે, હું અપૂર્વ દેવ કેવી રીતે ? ત્યારે તે સુંદરીએ કહ્યું કે- "દેવતાઓની આરાધના લાંબા કાળ સુધી કરીએ, ત્યારે તે સર્વ દેવતાઓ શાંતિ આપે કે ન

પણ આપે, પરંતુ અમારી સખીને તો તમે દેખતા માત્રમાં શાંતિ આપી છે." ત્યારે પૂછયું, ત્યારે તેણે કહ્યું કે-અહિંથી ઉત્તરદિશામાં પૃથ્વીમંડલને માપવાના દંડ સમાન પૂર્વ-પશ્ચિમ સમુદ્રના છેડા સુધી લાંબો વૈતાઢ્ય નામનો પર્વત છે. તેમાં ઇન્દ્રની નગરી સમાન મનોહર સુરસંગીત નામનું નગર છે. ત્યાં સમગ્ર માનિની સુંદરીઓના માનને મરડી નાખનાર, સારી રીતે કેળવેલ શત્રુ-સૈન્યનો ચૂરો કરનાર, સમગ્ર અર્થી સમુદાયના મનોરથોને પૂરનાર, એવો **સૂરણ નામનો રાજા હતો,** તેની સ્વયંપ્રભા અને મહાપ્રભા નામની બે પ્રિય પત્નીઓને શશિવેગ અને સૂરવેગ નામના વિદ્યાબલવાળા બે પુત્રો હતા. (ગ્રન્થાગ્ર - ૧૪૦૦૦)

હવે કોઇક સમયે રવિતેજ નામના ચારણશ્રમણ પાસેધર્મ શ્રવણ કરીને પોતાની ગાદીએ શશિવેગ પુત્રને સ્થાપન કરીને સૂરણ રાજાએ દીક્ષા અંગીકાર કરી. શશિવેગ રાજા પણ રાજ્યનું બરાબર પાલન કરવા લાગ્યો. તેની ક્રીડાનો આનંદ દેખીને સૂરવેગને રાજ્યની ઇચ્છા ઉત્પન્ન થઇ. તેથી મહાસૈન્ય-સામગ્રી પરિવારવાળા સુવેગ નામના મામાની સહાય લઇને શશિવેગ રાજા સાથે યુદ્ધ કરવા તૈયાર થયો. 'આ અસાધારણ યુદ્ધ છે' એમ માનીને મંત્રીવર્ગની સલાહને અનુસરીને લશ્કર અને વાહન-પરિવાર-સહિત આ વિશાળ અટવીમાં જઇને મેરુપર્વતથી આગળ નવીન નગરની સ્થાપના કરીને પડાવ નાખીને રોકાયો. તે રાજાને માત્ર આંખ મિંચવા - ઉઘાડવા જેટલો જ દેવાંગનામાં ફરક છે, તેવા રૂપવાળી ચંદ્રપ્રભા નામની પુત્રી છે. તેને દેખીને કોઇક નિમિત્તિયાએ કહ્યું કે-'આ પુત્રી સાથે જે લગ્ન કરશે,તેને તમારી રાજયસંપત્તિ પ્રાપ્ત થશે.' પિતાએ પૂછયું કે, 'તેને કેવી રીતે જાણવો ?'-એમ પૂછયું, ત્યારે તેણે જણાવ્યું કે, 'સુગ્રીવ નગરના રાજાનો મહામદોન્મત્ત ગંધહસ્તી આ અરણ્યમાં પરિભ્રમણ કરતો હશે, તેને જે વશ કરશે, તેને જાણવો. તે દિવસથી માંડીને તેને માટે નિયુક્ત કરેલા વિદ્યાધરો હંમેશાં તેની સાર-સંભાળ કરતા હતા. એટલામાં નિર્લજ્જ દુષ્ટ પુરુષની જેમ આ ગંધહસ્તીએ કુલમર્યાદાઓનો ત્યાગ કરીને, મહાવતની બેદરકારી કરીને ઉન્માર્ગે આ અટવીમાં પ્રવેશ કર્યો. એટલે પિતાની અજ્ઞાથી પોતાની સખીઓ સાથે રહેલી આકાશ-ગમન કરતી અમારી સ્વામિની કે, જે પોતાના ગાંત્રની કાંતિથી આકાશને પ્રકાશિત કરતી હતી, એવી ચંદ્રપ્રભા નામની રાજપુત્રીએ, જેણે મહાગંધ હસ્તી વશ કરેલો છે, એવા આપના કંઠમાં ઘણી ઉત્કંઠાથી માલા આરોપણ કરી છે. આ સમગ્ર વસ્ત્રાભૂષણો પણ આપને માટે તેણે જ મોકલાવ્યાં છે'-એ પ્રમાણે જેટલામાં ખેચરી કહેતી હતી, તેટલામાં સમુદ્રજળની છોળો ગમે તેમ ઉછળે તેવો ચારે બાજુ વિભ્રમ ફેલાતો હોય, તેમ દેખાવ કરતું ત્વરિત વેગવાળું અશ્વસૈન્ય ક્યાંયથી પણ આવી પહોંચ્યું. તેના તરફ શંકાદૃષ્ટિથી જોતો રત્નશિખ રાજાને જાણે દેવ હોય, તેમ માનતા એક ઘોડેશ્વાર નામ બોલવા પૂર્વક શોક કરતા કહ્યું કે, 'હે દેવ ! આ મદોન્મત્ત હાથી ઉપર આરૂઢ થયેલા અમારા પ્રભુ તેનાં દર્શનની અભિલાષા રાખે છે. બાકી તો મહાગંભીર એવો તેમના હૃદયમાં રહેલી હકીકત તો કોણ જાણી શકે ? તો કૃપા કરીને અત્યારે તેની યથાર્થ હકીકતના સાચા સમાચાર કહો, તેનાં દર્શન નહિં થાય,ત્યાં સુધી અમારા પ્રભુને શાંતિ નહિં થાય.' ત્યારે ખેચરીએ કહ્યુ કે, 'આ હાથી યમરાજા સરખો ભયંકર છે,તે શું કોઇ મનુષ્યથી દમી શકાય ખરો ? આ દેવ જ તે હાથીને વશ કર્યો

છે. તો તમારા સ્વામીએ અહિં જ રહેલા એવા તેમનાં દર્શન જલ્દી કરવાં. હે સુંદર ! માત્ર તેમનાં દર્શન કરીને જો શાંતિકાર્ય પતાવવું હોય. અહીંજ તેઓ પધારે એ જ પરમાર્થ ગણાય આ સાંભલીને વિસ્મય સહિત તેણે પોતાના વસુતેજ રાજાને હકીકત જણાવી રાજા પણ વિચારવા લાગ્યો કે, પુણ્યના પ્રભાવો કેવા અચિંતનીય હોય છે ! મુનીન્દ્રોનાં વચનો કેવાં સાચાં અને સફળ હોય છે ! તો જરૂર તે જ કહેલો ઉત્તમપુરુષ હશે ? એમ વિચારીને પ્રધાનમંત્રીને તેની પાસે મોકલ્યો. આ સમયે વિદ્યાધરી પોતાને સ્થાને પાછી ગઇ.

ત્યાર પછી વિવિધ પ્રકારના વિનય આદિના ઉપચારથી પ્રભાવિત કરીને રત્નશિખ રાજાને રાજા પાસે લઇ ગયો.મોટા મહાવતે હાથીને પણ સ્વાધીન કર્યો. ત્યાર પછી સિદ્ધ થયેલા પ્રયોજનવાળો વસુતેજ રાજા હર્ષ પામતો પોતાના સુગ્રીવ નામના નગરે પહોંચ્યો. ત્યાર પછી અનેક પ્રકારની કિંમતી સામગ્રીઓના સન્માન સહિત આઠ કન્યાઓ સાથે પરણાવીને તે રાજાએ રત્નશિખને પોતાના રાજ્ય પર સ્થાપન કર્યો. તેને કહ્યું કે-'હે મહાભાગ્યશાળી ! સમંગલ નામના કેવલી ભગવંતના વચનથી સંસારનું સ્વરૂપ બરાબર જાણ્યુ છે એમ મને તેથી દૃઢ વૈરાગ્ય થયો છે. નરકના નિવાસના કારણ એવા રાજ્યબંધથી હું કંટાળેલો છું આ મારા રાજ્યને પાત્ર એવો કોઇ પુરુષ અત્યાર સુધી ન મળવાથી તે જ ભગવંતે આ ગંધહસ્તીને ગ્રહણ કરશે, તે રૂપ નિશાની દ્વારા તમને એમોને જણાવેલ હતા. તો હવે હું આ લોક અને પરલોક અવિરૂદ્ધ વ્યવહારથી વર્તવાની અભિલાષા રાખું છું. માટે અત્યારે મને પ્રવ્રજ્યા ગ્રહણ કરવાની અનુમતિ આપો.' રત્નશિખ પણ દાક્ષિણ્યથી તેની અભ્યર્થના સ્વીકારી. વિચારવા લાગ્યો કે-"પોતાને સ્વાધીન રાજ્યલક્ષ્મી હોવા છતાં તેનો જીર્ણ ઘાસ માફક એકદમ ત્યાગ કરે છે. ! ખરેખર ઉત્તમ પુરુષોનાં ચરિત્રો આશ્ચર્ય અને સાહસથી ભરેલાં હોય છે. અથવા વૈરાગી મનુષ્યો લક્ષ્મીનો એકદમ ત્યાગ કરે છે - તેમાં કયું આશ્ચર્ય છે ? ઉત્પન્ન થયેલા અપરાધવાલા મનોહર ભોજન કર્યું હોય, તો પણ તેને વમી નાખે છે.

ત્યાર પછી પ્રશસ્ત તિથિ,કરણ, મુહૂર્ત સમયે વસુતેજ રાજાએ ગુરુ પાસે શ્રમણધર્મ અંગીકાર કર્યો. રત્નશિખ રાજા પણ સમ્યક્ત્વ પામ્યો અને મહારાજા થયો. જેણે સમાચાર જાણ્યા છે, એવા શશિવેગ સમગ્ર-બલ-સમૃદ્ધિ સાથે આવીને તેને પોતાની ચંદ્રપ્રભા નામની પુત્રી આપી. ઉપરાંત અનેક જાર વિદ્યાપરિવાર સહિત અપરાજિતા નામની વિદ્યા આપી. વિધિ-સહિત વિદ્યાઓની સાધના કર્યા પછી ઇચ્છા પ્રમાણે વિહાર - ગમનાદિ કરતો હતો. આ વૃત્તાન્ત જાણને સુરવેગ વિદ્યાધર પોતાના બલમાં ઉન્મત્ત બનીને હાથીનું રૂપ વિકુર્વીને સુગ્રીવપુર નજીકના વનમાં આવ્યો. કૌતુકવશ બની તેને પકડવાની અભિલાષાવાલો તે અલ્પ પરિવાર સાથે સિંહ માફક એકદમ વનમાં આવ્યો. વિવિધ કિરણોવડે લાંબા સમય સુધી ક્રીડા કરીને જેટલામાં તેના ઉપર રત્નશિખ જા આરૂઢ થયો, તો અકસ્માત્ તે આકાશતલમાં ઉડવા લાગ્યો. એટલે ભય પામ્યા વગર તેણે વજ્રદંત સમાન પ્રચંડ મુષ્ટિથી મસ્તક-પ્રદેશમાં તેને હણ્યો. એટલે મહાપ્રહારથી અતિપીડા પામેલો ચિંતવવાનો મંત્ર વિસરાઇ ગયેલ એવો તે સ્વભાવિક રૂપમાં પૃથ્વી ઉપર અફળાયો. આ વળી રત્નશિખે સાંભળ્યો.ત્યારે 'અહો ! આ તો

સાધર્મિકની આશાતના થઇ'-એમ ગભરાઇને જળથી સિંચ્યો, પવન નાખવો ઇત્યાદિક પ્રયોગ કરીને, સ્વસ્થ કરીને તેને કહ્યું કે - 'હે મહામતિ ! તારું સમ્યક્ત્વ ઘણું સુંદર છે કે, 'તું આપત્તિ-સમયમાં પણ નમસ્કારનું સ્મરણ કરે છે.' મેં અજ્ઞાનપણે તેને સખત પીડા આપી, તે મારા અપરાધીની ક્ષમા આપજે.' તેણે કહ્યું કે-'હે સુશ્રાવક ! તત્ત્વ ન જાણનાર એવા તારો આમાં દોષ ન ગણાય. આ વિષયમાં હું જ મહાપાપી છું કે, જે જામવા છતાં પણ મહાસાધર્મિક એવા તમોને મેં પાપમાં જોડ્યા. કહેલું છે કે-'ભોગરૂપ ગ્રહના વળગાડવાળા જીવોને કાર્યાકાર્યનો વિવેક હોતો નથી. ભાગ્ય પરવારેલા એવા અત્યંત ગુપ્ત પોતાના આત્માને ચેતવતો નથી. લુબ્ધ એવો બિલાડો કે નાનો કૂતરો આગળ પડેલું દૂધ દેખે છે, પરંતુ મસ્તક ઉપર પ્રચંડ દંડ તડ દઇને પડે છે, તેને દેખતો નથી. આ વિષયમાં સાચી હકીકત આ પ્રમાણે છે –

'હું સુવેગ નામનો ચક્રપુર નગરનો રાજા છું. બહેનના પુત્રનો પક્ષપાત કરનાર હોવાથી પિતાએ જેને રાજ્ય આપેલું હતું, એવા શશિવેગ ખેચરને મેં દેશનિકાલ કર્યો હતો. તેના જમાઇને પોતાના રાજ્યનો લાભ થશે, એમ સાંભળીને તારો વધ કરવાના પરિણામવાળો હું હાથીનું રૂપ કરીને અહિં આવ્યો તો. સાધર્મિક - વાત્સલ્યથી તેં મને પ્રતિબોધ કર્યો. સખત તાડન કર્યું, તે પણ મને બોધિલાભના સુંદર કારણપણે પરિણમ્યું. સંન્નિપાત થયો હોય, તેને કડવા ઉકાળાનાં ઔષધો લાભ માટે થાય છે. સાધર્મિક ઉપર પ્રદ્વેષ કર્યો, તેનું પ્રાયશ્ચિત્ત કરવા માટે હું ગુરુ પાસે જઇને શુદ્ધ તપ અને ચારિત્રનું સેવન કરીશ. માટે આ મારું સર્વ રાજ્ય તું અંગીકાર કર. હું તો હવે શિવેગ રાજાને ખમાવીને મારું સમીહિત સાધીશ'-એમ બોલતો હતો, તે જ સમયે તેના દૂત દ્વારા તેનો વૃત્તાન્ત જાણીને શશિવેગ તરત જ ત્યાં આવ્યો. સુવેગે ઘણા પ્રકારે તેને ખમાવીને કહ્યું કે-'મારા રાજ્ય ઉપર સર્વથા આને બેસાડજે.' ત્યારે રત્નશિખ અને શશિવેગ એમ બંનેએ સૂરવેગને કહ્યું કે - 'હે મહાસત્ત્વ ! કુલક્રમાગતથી આવેલું આ રાજ્ય ભોગવ, જ્યારે પાકટ વય થાય, ત્યારે તપ-ચારિત્ર ધર્મમાં ઉદ્યમ કરજે. કારણ કે-આ ઇન્દ્રિયોનો સમુદાય જિતવો ઘણો આકરો છે, પરિષહો અને ઉપસર્ગો સહન કરવા તે પણ મુશ્કેલ છે. પવનથી ઉંચે ઉડતી ધ્વજા-સમાન ચંચળ એવી મનોવૃત્તિ સ્થિર કરવી કઠણ છે, વ્રત લીધા પછી વ્રતનો ભંગ થાય, તે મહાઅનર્થનું કારણ છે. આ પ્રમાણે કહેવા છતાં પણ મહાવૈરાગ્ય પામેલો હોવાથી સુવેગ સુગુરુની પાસે ગયો, દીક્ષા અંગીકાર કરી.બીજા બંને રાજ્ય વ્યવસ્થિત કરીને ચક્રપુર ગયા. ક્રમે કરીને રત્નશિખ વિદ્યાધર - શ્રેણીનો રાજા થયો. સૂરવેગ મામાનો વૃત્તાન્ત જાણ્યો, જેથી ઉગ્ર વૈરાગ્ય પામીને બાઇઓએ રોકવા છતાં મોક્ષમાર્ગના કારણ - રૂપ ચારિત્ર અંગીકાર કર્યું.

હવે આગળ આગળ સુખ - પરંપરા વધતી જાય છે, એવા પ્રકારની પોતાની કુશલ અવસ્થા દેખીને પોતાના આત્માને સંપૂર્ણ માનતા રત્નશિખ રાજાએ પોતાના સમગ્ર કુટુંબ અને સ્નેહીવર્ગને સુખી કર્યા. જિનેશ્વરો, ગણધરો અને કેવલીઓને વંદન કરતો સમગ્ર મનુષ્યલોકમાં સાધુઓ અને ચૈત્યોની પ્રભાવના કરતો સમ્યક્ત્વ રત્નનું પાલન કરતો હતો. આ પ્રમાણે અનેક લાખ વર્ષો પસારકર્યા. હવે કોઇક સમયે સાકેત નગરમાં સુયશ નામના તીર્થંકર

સમવસર્યા છે, તેમ જાણ્યું એટલે ભક્તિના આવેગથી રોમાંચિત થયેલા દેહવાળો, જેણે ભાલતલ પર હસ્તકમળનો સંપુટ સ્થાપન કરેલ છે, એવો તે વિનયથી નમસ્કાર કરી ભગવંતની સ્તુતિ કરવા લાગ્યો –

"હે જગતના જીવો પ્રત્યે વાત્સલ્યભાવ રાખનાર ! તમો જય પામો. વાયુથી નમેલા નવીન મેઘ સમાન શ્યામ નેત્રવાળા ! નયન અને મનના હર્ષને વધારનારા ! લક્ષણોવાળા શ્રમણ ! શ્રમણના મનરૂપ ભ્રમર માટે કમલ સરખા ! શાસ્ત્રોના સાચા ઉત્તમ અર્થ પ્રગટ કરવામાં સમર્થ ! ચક્રવર્તી સરખા ઉત્તમ પુરુષોએ જેમને મસ્તકોથી નમન કરેલ છે. જેણે મનોહર અંગવાળી સ્ત્રી આદિનો સંગ દૂર કર્યો છે, યુદ્ધરૂપ વિષયના વિવિધ પ્રકારના સેંકડો ઝેરી રસથી રહિત ! જેની ઈર્ષ્યાની રચના દૂર થઇ છે, કામદેવ માટે દઢ અગ્નિ સમાન અર્થાત્ તેને બાળી નાખનાર ! અગ્નિ જળ, સર્પના ભયને દૂર કરનાર ! મહાદેવના હાસ્ય સરખા ઉજ્જવલતર યશ-સમૂહવાળા ! શરણે આવેલા માટે શરણ્ય ! સેંકડો નયમાર્ગોના પ્રકારોથી જેના સમ્યક્ત્વના સિદ્ધાંત સુંદર છે ! જેનાં ગંભીર સ્થાનો બત્રીશ આવર્તોવાળાં છે, ઉત્તમ શોભાયમાન કળશ, શંખ, ચક્ર આદિ લક્ષણવાળા, જેનાં નેત્રો કંકફળ સમાન સરળ છે, નીતિના કારણે જેને વિષયસુખનો આનંદ અવિદ્યમાન છે. પ્રમાદથી રહિત મદોન્મત્ત હાથીના સમાન ગમન કરનાર ! સૂર્યની પ્રભા સમાન નિર્મળ માર્ગને કરનાર ! અંધકારને દૂર કરી પરમપદરૂપ નગરના માર્ગને પ્રકાશિત કરનાર હે જિનેશ્વર ! તમો જયવંતા વર્તો."-આ પ્રમાણે એકલા अ કાર રૂપ પ્રથમ સ્વરથી રચાએલ, ખીચોખીચ અક્ષરો યુક્ત તથા છેલ્લા પદ સમાન નવા પદથી શરૂઆત થાય,તેવા પ્રાસાદયુક્ત પદો ગોઠવીને કરેલ સંસ્તવનથી ભક્તિ પૂર્ણ ભાવથી સ્તુતિ કરીને રાજાએ પ્રણામ કર્યા. બાકીના મુનિવરોને પણ વંદન કરીને રાજા પૃથ્વીતલ ઉપર સુખેથી બેઠા. બે હાથની મસ્તકે અંજલિ કરીને **જિનેશ્વરનાં વચનો** શ્રમણ કરવા લાગ્યા. તે આ પ્રમાણે –

"આ ભવારણ્યમાં કર્માધીન આત્માઓ ચારે ગતિમાં ઉંચા – નીચે સ્થાનકોમાં નિરંતર ભ્રમણ કરે છે. ચકડોળમાં બેઠેલો છોક ઘડીક ઉંચે જાય, ઘડીક નીચે, ઘડીક વચમાં તેમ જીવ એક વખત પાપોપાર્જન કરી નરકગતિમાં જાય છે, વળી કોઇ વખત દેવગતિ પામે છે, વળી ત્રણ, ચાર વગેરે ઇન્દ્રિયોવાલા સ્થાનકોમાં વારંવાર ઉત્પન્ન થાય છે, એક વખત રાજા થયો હોય, તે જ ફરી રંક થાય છે, બ્રાહ્મણ હોય તે, ફરી મૃત્યું પામીને ચાંડાલ જાતિમાં જન્મે છે, દરિદ્રો ધનપતિ થાય છે અને ગુણવાળા હોય, તે નિર્ગુણ પણ બની જાય છે. સુંદર રૂપવાળા, રૂપ વગરના કે કદ્રૂપા થાય છે, મહામૂર્ખો હોય, તે વિચક્ષણ અને તેથી વિપરીત પણ થાય છે.

વળી કોઇ કાણા, ઠીંગણા, અંધ, લંગડા, રોગી, બહેરો, મૂંગા એમ કર્માધીન જીવોને અનેક અવસ્થાઓ થાય છે. સૌભાગી, દુર્ભાગી, શૂરવીર, કાયર, રોગી, નિરોગી; સારા-મધુર કંઠવાળા, કોઇ જેનો બોલ સાંભળવો ન ગમે તેવા ખરાબ સ્વરવાળા, કોઇ પૂજ્ય, કોઇ નિંદાપાત્ર, કોઇ બળવાળા, કોઇ બળ વગરના, કોઇક અનેક ભોગો મેળવી ભોગવનારા અને કોઇક ભોગ પ્રાપ્તિ વગરના, કોઇક હંમેશા સુખી, કોઇક દુ:ખી, કેટલાક નિષ્કલંક

આચારવાળા અને કેટલાક હીન આચાર સેવવાવાળા હોય છે. આ પ્રમાણે અનાદિકાળથી નિરંતર જીવો આ ભવારણ્યમાં પોતાના કર્મને આધીન થઈને પુણ્ય કે પાપના સ્વભાવથી રખડ્યા કરે છે. મિથ્યાત્વમોહના કર્મના ઉદયથી દિશાઓની ભૂલભૂલામણીમાં પડેલા અજ્ઞાની આત્માઓ સુંદર નિષ્કંટક માર્ગ છોડીને કુયોનિરૂપ કાંટાળા ગહન વનમાં અનંતી વખત ઉતરી જાય છે. વિવિધ પ્રકારના અવળા ધર્મમાર્ગ બતાવનારા પાખંડી ધૂર્તોથી પ્રેરાએલા પાપમાં મોહિત થઇ પોતાના આત્માને અવળા માર્ગે ખેંચી જાય છે. પરંતુ પુણ્યયોગથી કોઇક જ્ઞાની એવા સાચા માર્ગને બતાવનારા-સમજાવનારા મળી જાય છે, તો તેવા ભાગ્યશાળી આત્માઓ સાચો મોક્ષ માર્ગ પામે છે. હે ભવ્યાત્માઓ ! પુણ્ય અને પાપનાં ફળો જાણીને, પાપના હેતુઓનો ત્યાગ કરીને ધર્મકાર્યમાં-પુણ્યકાર્યમાં ઉદ્યમ કરો.' આ સાંભળીને કૌતુકવાળા રાજાએ કહ્યું કે, 'હે ભગવંત ! મેં પહેલાં કેવું પુણ્ય ઉપાર્જન કર્યું હતું કે, જેના યોગે અત્યારે આ સંપત્તિઓ ભોગવી રહેલો છું.' ભગવંતે કહ્યું કે-'પંચનમસ્કાર સ્મરણ કરવાનો નિશ્ચય કરેલો હતો, તેનું આ ફળ છે. વળી આ મળેલા ફળ કરતાં પણ તેનાથી ભવ્યાત્માઓ ભદ્રકભાવ પ્રાપ્ત કરે છે, તેનાથી શુદ્ધ સમ્યક્ત્વ, સમ્યક્ત્વી આત્મા વિરતિ અને ઉત્તરોત્તર જલ્દી મોક્ષ મેળવે છે. જે આ લોકનાં સુખ-સૌભાગ્ય, રૂપ, લક્ષ્મી, પ્રભુત્વ, દેવત્વ, વિરતિ છે. આ નવકાર મહાપ્રભાવવાળો અને ઉત્તરોત્તર સર્વ ગુણસ્થાનકોને મેળવી આપનાર અપૂર્વ કારણ છે. આ લોક અને પરલોકનાં સુખને ઉત્પન્ન કરનાર પ્રધાનમંત્ર નવકાર છે. આ પ્રમાણે ભગવંતે ગુણ-વિશિષ્ટ એવું નવકારનું મહાત્મ્ય ઉપદેશ્યુ. પોતાનો પૂર્વભવ સાંભળીને ભવ-વિરક્ત બની, પુત્રને રાજ્ય આપીને, નિર્મલ સંયમ કરીને રત્નશિખે કેવલજ્ઞાન પ્રગટ કર્યું. અનુક્રમે આ મહર્ષિ શિવપદને પામ્યા. (૧૦૩૧) હવે ઉપસંહાર કરતા કહે છે —

## ઉપસંહાર

૧૦૩૨—આ પ્રમાણે અતિચારવાળાં અને અતિચાર વગરનાં અનુષ્ઠાનો જાણીને તથા તેનાં નિર્મલ અને અનિર્મલ ફળો પણ જાણીને દેવતા-આરાધનાદિક વિશુદ્ધ યોગમાં મોક્ષફળ મેળવવાના સાધનરૂપ ધર્મમાં બુદ્ધિશાલી મનુષ્યે પ્રયત્ન કરવો જોઇએ. કેવા બુદ્ધિશાળીએ ? તો કે-શાશ્વત મોક્ષસુખના અભિલાષી એવા બુદ્ધિશાળી આત્માઓએ નિરતિચાર ધર્માનુષ્ઠાનમાં આજ્ઞાનુસાર પ્રયત્ન કરવો જોઇએ. (૧૦૩૨) હવે વિશુદ્ધયોગના પ્રયત્નનો ઉપાય જણાવે છે —

સિદ્ધાંતના જાણકારોએ શુદ્ધયોગનાં ઉપાયો કલ્યાણમિત્ર-યોગ-હિતકારી ધર્મની પ્રેરણાં આપનાર એવાં વાત્સલ્ય રાખનાર લોકનો સમાગમ આદિ કહેલા છે માટે કલ્યાણમિત્ર યોગ આદિક વસ્તુમાં પ્રવર્તવું (૧૦૩૩) ચાર ગાથાઓથી ઉપાય બતાવે છે.

૧૦૩૪ થી ૧૦૩૭ — પરમપુરુષો-તીર્થંકર-ગણધરોએ રચેલાં આગમોનાં રહસ્યોને જાણનાર એવા ગુરુ મહારાજની અતિશય આનંદપૂર્ણ માનસથી સેવા-ભક્તિ કરવી. તેમ જ નિરંતર તેમની પાસે ધર્મોપદેશ અને સિદ્ધાંતના રહસ્યોનું શ્રવણ કરવું, કે જે વચનો સાંભળવાથી આત્માનું હિત થાય. પોતાના સામર્થ્યાનુસાર જ્ઞાનદાન, અભયદાન, ધર્મમાં

સહાય કરનાર એવા આહાર-પાણી, ઔષધ, ઉપાશ્રયાદિકનું ધર્મોપગ્રહ દાન અને અનુકંપાદાન આપવું. મન, વચન અને કાયાથી બીજાને ઉપતાપ થાય, તેવું કાર્ય ન કરવું. પુરુષે સ્ત્રીવિષયક રાગ-પરિણામ ન કરવા અને સ્ત્રીએ પુરુષ સંબંધી રાગ-પરિણામ ન કરવા. કહેલું છે કે-'હે કામ ! હું જાણું છું કે, તારી ઉત્પત્તિ સંકલ્પથી થાય છે, માટે હું તે સંકલ્પ જ કરીશ નહિં, તો પછી તું મને શું કરી શકવાનો છો ?' તેથી તેનાથી વિપરીત સ્વરૂપ વિષયોનો વૈરાગ્ય કરવો. વિષયોનો અનુરાગ એ સર્વ અનર્થનું મૂલ છે અને તેનો વૈરાગ્ય ધર્મનું મૂલ છે. બાહુબલીજીનો જય અને રાવણનું પતન પામવું-તેમાં હે રાજેન્દ્ર ! કારણ હોય તો એક ઇન્દ્રિયોને જિતેલી છે, જ્યારે બીજો અનાથી હાર્યો છે. અથવા તો સંગત અર્થ-વિષયક સંકલ્પ કરવો, ભવનું સ્વરૂપ વિચારવું. અહિં અર્થ અભિધાન, પ્રત્યય એ સમાન નામવાળા છે. એ વચનથી ભવસ્વરૂપ વિષયક ઉપયોગ-વિચારણા તે ભવસ્વરૂપ કહેવાય. તેથી કરીને તેવા પ્રકારના કર્મના ક્ષયોપશમથી તેવા ભાવના વિષયક ગ્રન્થોના અભ્યાસથી ભવનું સ્વરૂપ ભાવના રૂપે વિચારવું. જેમ કે, લવણસમુદ્ર ખારા જળથી પરિપૂર્ણ ભરેલો છે,તેવી રીતે અસંખ્ય શારીરિક, માનસિક દુઃખોથી આ ભવ ભરેલો છે. વળી સ્વપ્નમાં મેળવેલ ધન માફક આ જગતમાં કોઇ પણ પદાર્થ યથાર્થ તથ્ય નથી, તેવી રીતે ફોતરાં ખાંડવા સમાન રાજ્ય, ઘોડા વગેરે સામગ્રી યથાર્થ નથી, પણ સ્વપ્નમાં આંખ ઉઘડ્યા પછી તે પદાર્થો અસાર છે અને સંસારમાં મરણ પછી આંખ બીડાયા પછી સર્વ પદાર્થો અસાર છે. સંસારમાં સર્વ પદાર્થો વિજળીના ઝબકારા માફક અસ્થિર છે, બાળકો ધૂળમાં પોતાનાં ઘર બનાવે, તેની માફક અલ્પકાળ મનના વિનોદરૂપ ફળને આપનાર છે. જે કોઇને પણ આ સંસારના નાશવંત સુખમાં સુખનો ભ્રમ થાય છે, પરંતુ મધથી ખરડાયેલ તલવારની તીક્ષ્ણ ધારાના અગ્રભાગને ચાટવા માફક વિષયોનાં સુખો પરિણામે સુંદર નથી. તલવારની ધારા પરનું મધ ક્ષણવાર મીઠું લાગે, પણ તલવારથી જીભ કપાય પછી પારાવાર દુઃખ ભોગવવું પડે છે, તેમ સંસારનાં વિષયસુખો અલ્પકાળ માટે સુખ આપનાર થાય છે, પરંતુ તેના વિપાકો નરકાદિકમાં દીર્ઘકાળ સુધી કડવાં ફળ આપનાર થાય છે. લોક-લોકોત્તરભાવને પામેલા - સમજેલા હોય, તેવા મહાપુરુષોને મન,વચન અને કાયાની ક્રિયાથી પૂજવા-આદરવા-તેમાં લૌકિક ભાવને પામેલા, માતા-પિતા, કલાચાર્ય, શેઠ વગેરે અને લોકોત્તર તો ધર્માચાર્ય ગુરુ આદિક લેવા. જઘન્ય, મધ્યમ, ઉત્તમ એવા ભેદવાળા જીવો જીવલોકમાં હોય, તો તેમાં કોઇનો પણ તિરસ્કાર ન કરવો. લોકમાં જે વિશિષ્ટ લોકાચાર ચાલતો હોય, તેને અનુસરવું. આ માટે કહેવાય છે કે- 'જે કારણ માટે સર્વે ધર્મ આચરનારાઓને લોક એ આધારભૂત છે, માટે લોકવિરુદ્ધ એ ધર્મવિરુદ્ધ હોય, તેવા આચરણનો ત્યાગ કરવો. કોઇનો પણ અવર્ણવાદ પ્રગટપણે કોઇને ન કહેવો, કોઇની અવજ્ઞા કરીને કોઇને હલકો ન પાડવો. ઔદાર્ય, દાક્ષિણ્ય આદિ ગુણોનું બહુમાન કરવું. કદાચ પોતાનામાં તેવા ગુણો ન હોય, પોતે તેવા ગુણનું આચરણ કરવા શક્તિમાન ન હોય, તો પણ દૃઢ ગુણાનુંરાગના યોગે ભાવની અધિકતાથી તેનાં અનુષ્ઠાનનાં ફલ જેટલું ફલ મેળવનાર તેવા આત્માઓ થાય છે. 'કરણ, કરાવણ ને અનુમોદન સરખાં ફલ નીપજાવે.' એ કથનના અનુસારે તે પણ સમાન ફળ મેળવનાર થાય છે. તથા કહેલું છે કે-

'આત્મહિત આચરતો' ઇત્યાદિ ગાથા અહીં સમજી લેવી. અસદાચાર સેવનાર લોકની સાથે વાર્તાલાપસંવાસ કરવો, વ્યવહાર વધારવો, તે રૂપ કુશીલ-સંસર્ગ ન કરવો. જે માટે કહેલું છે કે-'આંબો અને લિંબડો બેનાં મૂળિયાં એકઠાં થાય, તો લિંબડાના ગુણ આંબાને પરિણમશે, પણ આંબાનો મધુર ગુણ લિંબડાને નહિં પરિણમશે-એમ કુશીલવાળાના અવગુણો ગ્રહણ કરતાં વાર ન લાગે, પણ સુશીલવાળાના ગુણો એકદમ ગ્રહણ કરી શકાતા નથી. ક્ષમા, નમ્રતા, સરલતા, સંતોષ ગુણોનો સહારો લઇને, ક્રોધ, માન, માયા, લોભ રૂપ કષાયોનો ત્યાગ કરવો. હંમેશાં અજ્ઞાન, સંશય, મિથ્યાજ્ઞાન આદિ આઠ પ્રકારના પ્રમાદનો ત્યાગ કરવો, કારણ કે, સર્વ અનર્થનું મૂળ હોય,તો આ પ્રમાદ છે. કહેલું છે કે, "પુરુષો-(આત્માઓ) સ્વર્ગમાં પ્રયાણ કરતા નથી, તથા દુર્ગતિમાં વિનિપાત થાય છે, તેનું જો કોઇ કારણ હોય, તો આ અનાર્ય એવો પ્રમાદ છે. એ મારું નિશ્ચય-પૂર્વક માનવું છે." (૧૦૩૪ થી ૧૦૩૭) ઉપસંહાર કરતા કહે છે –

૧૦૩૮—તીર્થંકરાદિક સર્વજ્ઞ ભગવંતોએ કહેલાં શાસ્ત્રોમાંથી લેશરૂપે કેટલાંક **ઉપદેશ-પદોનો** ઉદ્ધાર કરી, છૂટાં પાડીને સંશય, અનધ્યવસાય, વિપર્યાસ બુદ્ધિથી વિહ્વલ થયેલા કેટલાક અલ્પ બુદ્ધિવાળાઓને અવબોધ કરવા માટે આ ગ્રન્થની મેં રચના કરી છે. (૧૦૩૮) આ ગ્રંથ તો સિદ્ધિ-પૂર્ણ થયો, પરંતુ કોણે રચના કરી, એવી જિજ્ઞાસાવાળાને ગ્રન્થકાર પોતે જ કૃતજ્ઞતા-ગર્ભિત પોતાના નામથી અંકિત આ ગાથા કહે છે –

૧૦૩૯—શ્રુત અને શીલરૂપ સમુદ્રની વેલા સમાન **યાકિની** નામનાં મહત્તરાપ્રવર્તિની અંતરંગ ધર્મ-શરીરને ઉત્પન્ન કરનાર હોવાથી, તેના **ધર્મપુત્ર શ્રીહરિભદ્રાચાર્ય,** જેઓ **ભવના વિરહની** અભિલાષાવાળા છે તેમણે, વળી તેઓ કેવા છે ? જેઓ ચિત્રકૂટ પર્વતની ચૂલાના નિવાસી-**ચિત્તોડગઢ** નિવાસી, જેમણે પ્રથમ પર્યાયમાં (પહેલી પચ્ચીશમાં) જ આઠ વ્યાકરણોનો સ્ફૂટ પાઠ કર્યો હતો, તથા સર્વ દર્શનોને અનુસરનારા એવા કર્કશતર્ક શાસ્ત્રથી પોતાની બુદ્ધિને પરિપકવ કરેલી હતી. એથી બુદ્ધિશાળીઓમાં અગ્રપદ પામેલા, 'પ્રતિજ્ઞા કરી હતી કે, બીજાએ પઠન કરેલા ગ્રન્થનો બોધ ન થાય, તો તેનો શિષ્યભાવ સ્વીકારવો,' **આવશ્યક-નિર્યુક્તિ** શાસ્ત્રના પરાવર્તનમાં પ્રવૃત્ત યાકિની મહત્તરાના ઉપાશ્રય નજીક ગમન કરતાં સાંભળેલ '**चक्किदुगं हरिपणगं**' ઇત્યાદિ ગાથાનો પોતાની નિપુણ બુદ્ધિથી ઊહા-અપોહનો યોગ કરવા છતાં પણ પોતે તેનો અર્થ નજાણી શકયા. તે જાણવા માટે મહત્તરા-સાધ્વીના ઉપદેશથી **શ્રીજિનભદ્રાચાર્યની** પાસે જતાં, વચમાં જિનબિંબનું અવલોકન કરતાં, પૂર્વે કોઇ વખત ન ઉત્પન્ન થયેલ એવો અપૂર્વ મહાપ્રમોદ ઉત્પન્ન થવાના કારણે '**वपुरेव तवाचष्टे**' ઇત્યાદિ શ્લોક ઉચ્ચાર્યો.

આચાર્યની પાસે આવી અર્થ સમજ્યા. દીક્ષા અંગીકાર કરી. સ્વશાસ્ત્ર અને પરશાસ્ત્રમાં અતિમહાન કુશળતા પ્રાપ્ત કરીને જેમણે પ્રવચનના વાત્સલ્યથી ૧૪૦૦ ચૌદસો પ્રકરણોની રચના કરી છે, એવા **'ભવવિરહ'** ઉપનામ ધારણ કરનારા **આચાર્ય હરિભદ્રસૂરિએ** આ **ઉપદેશપદ** નામનો મહાગ્રન્થ રચેલો છે. (૧૦૩૯)

ઉપદેશપદ નામનો મહાગ્રંથ પૂર્ણ થયો.

તે સાથે **'સુખસંબોધની'** નામની **ઉપદેશપદની વિવૃતિ** પણ અહિં સમાપ્ત થઇ.

## વિવરણકારની પ્રશસ્તિ

ક્ષમામાં લીન એવો ઉદયાચલ સમાન એક **બૃહદ્ગચ્છ** નામનો મહાન્ ગચ્છ છે. તે કેવો છે ? તો કે-અતિશય ઉંચા આકાશસ્થલ માફક પ્રભાવશાળી, શીલની અતિપવિત્ર અને સાધુપુરુષોને રુચિકર એવી સ્થિતિને ધારણ કરનાર, અતિ ઉછળતા શુભ સત્ત્વવાળા, ઉત્તમ કુળની છાયાથી ભરપૂર, (શ્લેષાર્થ હોવાથી પર્વતપક્ષમાં ક્ષમા એટલે પૃથ્વીમાં લીન) પર્વત ઉંચા આકાશતલમાં સૌન્દર્ય શાળી, અત્યંત નિર્મલ અને સજ્જનોને ગમતી એવી પર્વતોની સ્થિતિને ધારણ કરનાર હોય છે. ઉત્તમ વાંસની છાયાથી ભરપૂર એવો ઉદયાચલ પર્વત, તેના સમાન મહાન **બૃહદ્ગચ્છમાં 'સર્વદેવ'** નામના આચાર્ય થયા. તે કેવા હતા ? તો કે-અજ્ઞાન-અંધકારનો નાશ કરનાર, સંસાર સમુદ્રથી પાર પમાડનાર, કાંતિસમૂહથી યુક્ત, ભુવનના પદાર્થોનું સ્વરૂપ પ્રકાશિત કરનાર, નમસ્કાર કરવા લાયક ચરણવાળા, કામદેવને વશ કરનાર, નવીન ઉગેલા સૂર્ય સમાન એવા સાધુઓના સ્વામી હતા. (શ્લેષાર્થ હોવાથી સૂર્યપક્ષે અંધકારના વિનાશના કારણભૂત. નક્ષત્રોની કાંતિના સમૂહને અદૃશ્ય કરનાર, ભુવનને પ્રકાશિત કરનાર જેનાં કિરણો નમસ્કાર કરવા યોગ્ય છે, ચંદ્રમાની કાંતિને ક્ષીણ કરનાર) એવા નવીન બાલસૂર્ય સરખા **શ્રીસર્વદેવસૂરિ** થયા. તેમનાથી ઉત્તમ વર્તનવાળા આઠ દિગ્ગજ સરખા **શ્રીયશોભદ્રસૂરિ, નેમિચંદ્રસૂરિ** વગેરે આઠ આચાર્યો થયા.

તથા **વિનયચંદ્ર** નામના ઉપાધ્યાય થયા કે, જેમણે ધ્યાનયોગથી વિવિધ પ્રકારની બાધા ઉત્પન્ન કરનાર બુદ્ધિના અંધકારને દૂર કરેલા છે. તેમ જ મુનિઓના ગુણરૂપી મણિઓના સમુદ્ર તેમ જ જેમને શુદ્ધ શિષ્યોની પ્રાપ્તિ થયેલી છે, વળીપ્રાયઃ તેમના સર્વ શિષ્ય-સંતાનોની ભક્તિ જેના વિષે છે, એવા **મુનિચંદ્રાચાર્ય** નામના મુનિગણનાયક થયા, તેમણે આ ગ્રન્થની **વિવૃતિ** રચેલી છે. **શ્રીનાગપુર** નામના નગરમાં આ વિવૃતિની શરુઆત કરી અને **અણહિલ્લાપાટક (પાટણ)** નામના નગરમાં વિક્રમના ૧૧૭૪ માં વર્ષમાં આ વિવૃતિ પૂર્ણ કરી. અતિનિપુણ તેવા પ્રકારના બોધ અને શક્તિ વગર, તેમ જ ઉપયોગની શરતચૂકથી જે કંઇ હીન કે અધિક કંઇક કોઇક પદમાં રચાયું હોય, તેને ઉતારીને, જેના મનમાં ધર્મની ઇચ્છા છે, તેવા વિદ્વાન આ મારા રચેલા શાસ્ત્રને શુદ્ધ કરે. આ ગ્રન્થ-રચનામાં લેખનની, સંશોધનની અતિસહાય **શ્રીરામચંદ્રગણિ** નામના શિષ્યે તથા બીજા શિષ્યોએ પણ કરી છે. વળી અત્યંત ઉપયોગવાળા, શુદ્ધિ-અશુદ્ધિના જાણકાર એવા 'કેશવ' નામના બ્રાહ્મણ પંડિતે આ ગ્રન્થરત્નનું પ્રથમ આદર્શમાં લેખન કરેલ છે. (૯)

સૂત્ર સહિત આ **'સુખસમ્બોધની'** નામની વિવૃતિનું પ્રત્યક્ષર અક્ષર-ગણનાથી ગ્રન્થાગ્ર ૧૪૫૦૦, ચૌદ હજાર પાંચસો શ્લોક-પ્રમાણ સમજવું.

૧૪૪૪ ગ્રન્થોના કર્તા, યાકિની મહત્તરાના ધર્મપુત્ર, આચાર્ય **શ્રીહરિભદ્રસૂરિવિરચિત** મૂળ ગ્રન્થ અને પૂજ્ય **શ્રીમુનિચંદ્રસૂરિ**-વિરચિત 'સુખસમ્બોધની' વિવૃતિ સહિત **ઉપદેશપદ**

મહાગ્રંથનો ગૂર્જરાનુવાદ આગમોદ્ધારક આ. **શ્રીઆનંદસાગરસૂરીશ્વરજીના** શિષ્ય આ. **શ્રીહેમસાગરસૂરિએ** પૂર્ણ કર્યો. (શ્રીઆદીશ્વર ધર્મશાળા, પાયધુની, મુંબઇ-૩. સં. ૨૦૨૮ કાર્તિક વદિ ૧૩ મંગળવાર તા. ૧૬-૧૧-૭૧)

## અનુવાદક-પ્રશસ્તિ

સુંદર સૌરાષ્ટ્રદેશે શોભાયમાન સિદ્ધગિરિ-સાંનિધ્યે શત્રુંજય નદીતીરે જીરાગામ (જીરારોજ)-નિવાસી દોશી દેવચંદ પુરુષોત્તમ અને સદ્ધર્મ-શીલશાલિની ઝમકબેન દેવચંદના અનુક્રમે હીરાચંદ, ધનજીભાઈ તાથા અમરચંદ નામના ત્રણ સુપુત્રો અને વિજકોર, સમરત, હીરાબેન અને પ્રભાવતી નામની ચાર પુત્રીઓ હતી. પોતાનાં બાળકોને શહેરમાં વ્યાવહારિક સાથે ધાર્મિક શિક્ષણ મલે અને દેવ-ગુરુનો સમાગમ શહેરમાં સહેલાઇથી મલી શકે-તેમ ધરી પિતાજીએ સંવત્ ૧૯૬૯ના વૈશાખ મહિને સર્વ કુટંબને સુરતમાં બોલાવ્યું અને બાળકોને વ્યાવહારિક અને ધાર્મિક શિક્ષણ આપવા સાથે ધાર્મિક સંસ્કાર આપ્યા. પ૦ પૂ૦ આગમોદ્ધારક આનંદસાગરસૂરીશ્વરજી મહારાજના સમાગમથી આખું કુટુંબ વિશેષ ધર્માનુરાગી બની ગયું.દરમ્યાન દેવચંદભાઇ અને ઝમકબેન ઉપધાન તપ નવપદ ઓળી, નિરંતર ગુરુભક્તિ, સુપાત્રદાન, વ્યાખ્યાનશ્રવણ, પૌષધ, પ્રતિક્રમણાદિ શ્રાવકોચિત સર્વ ધર્મકરણીમાં તત્પર રહેતા હતા. દરમ્યાન સં. ૧૯૮૧ની સાલમાં દેવચંદભાઇને દીક્ષાના મનોરથ થવાથી પ૦ પૂ૦ આગમોદ્ધારક સૂરીશ્વરજી પાસે સહકુટુંબ અજીમગંજ, મુર્શીદાબાદ જઇ તેમાં શુભ હસ્તે ઘણા જ આડંબર અને ત્યાંના ધનપતિ, ધર્મિષ્ઠો, સાધર્મિક ભક્તિ-પરાયણા, ધર્માનુરાગી બાબુ-શ્રાવકોના પૂર્ણ ઉત્સાહ સાથે દીક્ષા અંગીકાર કરી અને મુનિ શ્રીદેવસાગરજી મહારાજ એવું નામ સ્થાપન કર્યું. તે સમયે માતાજીએ અને મેં કેટલાક વ્રત-નિયમો અંગીકાર કર્યા અને સંમેતશિખરજી તીર્થ અને નગરીઓની યાત્રાઓ કરી. થોડા વર્ષ પછી સદ્ગુરુ-સમાગમ યોગે કાયમી બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું. મુંબઇમાં રહી મોતીનો વ્યવસાય કરવા સાથે નિરંતર સામાયિક, ધાર્મિક-વાચન, પૂજા, પ્રતિક્રમણ, વર્દ્ધ માનતપની આરાધના ઇત્યાદિકમાં સમય પસાર થતો હતો. કુટુંબની જવાબદારી મારી હોવાથી કુટુંબનો ભાર ઉઠાવનાર નાનો ભાઇ તૈયાર ન થાય ત્યાં સુધી માતાજી દીક્ષાની રજા ન આપતાં હોવાથી થોડો સમય રોકાવું પડ્યું. પરંતુ આયુષ્યની ચંચળતા લાગવાથી કોઇ પ્રકારે માતાજીને અને સ્વજનોને સમજાવી સંવત્ ૧૯૮૪ના વૈશાખ શુકલ એકાદશી-શાસનસ્થાપનાના શુભ દિવસે અમદાવાદમાં હઠીભાઈ શેઠની વાડીના દેરાસરજીના ચોકમાં ચતુર્વિધ શ્રીસંઘ, સ્વજન-કુટુંબિવર્ગની પૂર્ણ હાજરીમાં પ૦ પૂ૦ આગમોદ્ધારક આનંદસાગરસૂરીશ્વરજી મહારાજના શુભહસ્તે મેં (હીરાચંદે) અને લઘુબંધુ આમરચંદે દીક્ષા અંગીકાર કરી અને મુનિ શ્રીહેમસાગરજી મ. અને મુનિ શ્રીઅમરેન્દ્રસાગરજી મ. નામ સ્થાપન કર્યા. કેટલાક સમય પછી વિજકોરબેને અને હીરાબેને પણ દીક્ષા અંગીકાર કરી, જેમનાં સાધ્વી શ્રીદિનેન્દ્રશ્રીજી અને હર્ષલતાશ્રીજી નામ સ્થાપન કરવામાં આવ્યાં.

સતત ગુરુકુલવાસમાં રહી અનુક્રમે ગ્રહણ-આસેવન-શિક્ષા, વ્યાકરણ, કાવ્ય, સાહિત્ય, ન્યાય, આગમાદિ શાસ્ત્રનું યથાશક્તિ અધ્યયન કર્યું. સં. ૧૯૯૯ કપડવંજના ચાતુર્માસમાં ૫૦ પૂ૦ આગમોદ્ધારકશ્રીના શુભહસ્તે તેમના દબાણથી શ્રીભગવતીસૂત્રનાં યોગોદ્વહન કર્યા. આસો વદિ ૨ અને ૩ ના દિવસે આગમોદ્ધારકશ્રીજીના શુભ હસ્તે અનુક્રમે ગણી અને પંન્યાસ-પદવીઓ થઇ. સં. ૨૦૦૭ની સાલમાં સૂરત નગરે ૫૦ પૂ૦ ગચ્છાધિપતિ આચાર્ય મહારાજ શ્રીમાણિક્યસાગરસૂરિજીના વરદ હસ્તે અનિચ્છાએ શ્રીસંઘના આગ્રહને વશ બની આચાર્ય પદ સ્વીકારવું પડ્યું અને સૂરિમંત્રની પાંચે પીઠનું વિધિપૂર્વક આરાધન કર્યું.

૫૦ પૂ૦ આગમોદ્ધારકશ્રીનાં આગમવિષયગર્ભિત પ્રવચનો શ્રવણ કરવાના વ્યસનને અંગે મોક્ષમાર્ગ તરફ પ્રીતિ પ્રગટી. પરમકૃપાળું ગુરુજી મહારાજ સમયે સમયે બોલાવી વિશેષાવશ્યકભાષ્ય, દશવૈકાલિક સૂત્ર તત્ત્વાર્થ સૂત્ર, લલિતવિસ્તરા, પંચાશક, આચારાંગ સૂત્ર, સ્થાનાંગસૂત્ર આદિની વાચનાઓ પણ આપતા હતા. વ્યાખ્યાન-શ્રવણ-સમયે લખવાની ત્વરાના કારણે આગમોદ્ધારકશ્રીનાં અનેક વ્યાખ્યાનોનાં અવતરણો ઉતારી લીધાં હતાં. તેની પ્રેસકોપીઓ કરાવી, સુધારી અનેક વ્યાખ્યાન-પુસ્તકો છપાયાં, તેમ જ 'સિદ્ધચક્ર' પાક્ષિકમાં પણ જે વ્યાખ્યાનો છપાયાં છે, તેમાંનો મોટો ભાગ મારાં અવતરણોનો છે.

થોડા સમય પહેલાં આગમોદ્ધારક-પ્રવચનશ્રેણીનો પ્રથમ વિભાગ પ્રકાશિત થયેલ હતો. ત્યાર પછી તેના અનુસંધાનરૂપે આ૦ પ્રવચનશ્રેણી વિભાગ બીજો અને ત્રીજો એમ બે નવાં વ્યાખ્યા-પુસ્તકો પ્રકાશિત થયાં. આગળ ગુરુમહારાજના વચનાનુસાર **ઉપદેશમાલાની દોઘટ્ટી** ટીકાની તાડપત્રીય પ્રતિ પરથી પ્રેસકોપી કરાવી, બીજી કેટલીક હસ્તલિખિત જૂની પ્રતિઓ સાથે પાઠાન્તરો મેળવી યથાશક્ય પ્રયત્નપૂર્વક સંશોધન સંપાદન કરી.

ત્યાર પછી દાક્ષિણ્યચિહ્ન ઉદ્યોતનસૂરિ-રચિત પ્રાકૃત મહાચંપૂકાવ્ય **કુવલયમાલા મહાકથા**, તથા હરિભદ્રસૂરિકૃત પ્રા૦ **સમરાઈચ્ચકહા**, આ. શ્રીહેમચંદ્રાચાર્ય-રચિત સ્વોપજ્ઞ **વિવરણ-સહિત યોગશાસ્ત્ર** (બારેય. પ્રકાશો સહિત), શીલાંકાચાર્ય-રચિત પ્રા- **ચઉપ્પન્ન મહાપુરિસ ચરિયા,** વિમલસૂરિ-રચિત પ્રા. **પઉમ-ચરિય** (પદ્મચરિત્ર)-જૈન મહારામાયણનો સંપૂર્ણ અક્ષરશઃ ગૂર્જરાનુવાદ કરી, સંપાદન કરી પ્રકાશિત કરાવ્યા.

વળી અતિગંભીર શાસ્ત્રોના નવનીતભૂત **શ્રીમહાનિશીથ શ્રુતસ્કંધના** આઠેય અધ્યયનોનો સંપૂર્ણ અનુવાદ કરી અમુદ્રિત હસ્તલિખિત પ્રતો અને પુસ્તકો લખ્યાં અને લખાવ્યાં.

વળી કેટલાક શાસ્ત્રરસિક મહાનુભાવોની અભ્યર્થના થવાથી, સકારણ સ્થિરતા થવાથી ભવવિરહાંક આ૦ **શ્રીહરિભદ્રાચાર્ય**-રચિત અને સમર્થ વિદ્વાન-શિરોમણિ અનેક ગ્રંથો અને ગ્રંથોની ટીકા કરનાર આ. **શ્રીમુનિચંદ્રસૂરિએ** કરેલા **વિવરણ સહિત** પ્રાકૃત **ઉપદેશપદ** ૧૪૫૦૦ શ્લોક-પ્રમાણ મહાગ્રંથનો અક્ષરશઃ ગૂર્જર અનુવાદ તૈયાર કર્યો, અને અતિઅલ્પ સમયમાં સંશોધન કરાવવા પૂર્વક પ્રકાશિત કરાવી, વાચકવૃન્દના કર-કમળમાં સમર્પણ કરી,

કૃતકૃત્યતા અનુભવવા હું આજે ધન્ય બન્યો છું.

**ઉપદેશપદ સવિવરણ** મહાગ્રંથનો અનુવાદ કરી જે કંઇ પણ કુશલ ધર્મ ઉપાર્જન થયું હોય તેનાથી 'સર્વ જીવો મૈત્રી આદિ ભાવનાઓ સહિત પ્રભુ શાસનના પૂર્ણ અનુરાગી બનો' - એ જ અંતિમ અભિલાષા.

આદીશ્વર ધર્મશાળા
પાયધુની, મુંબઇ-૩
સં. ૨૦૨૮ દિ. વૈશાખ વદિ ૩ **આ. હેમસાગર સૂરિ**
બુધવાર તા . ૩૧-૫-૭૨

## પુનઃસંપાદકની પ્રશસ્તિ

श्री तपागच्छ मंड़न कच्छवागड़ देशोद्धारक दादाश्री जितविजय मुनि पुंगवच्च शिष्यवर्य १००८ श्रीमद् हीर विजय मुनि पुंगवस्य शिष्यवर्य १००८ श्रीमद अनुयोगाचार्य पंन्यास प्रवर श्री तिलकविजय गणिवर्याणां शिष्यरत्न परमपूज्य आचार्य देवश्री रत्नशेखर सूरीश्वराणां शिष्य रत्न परम पूज्य युवाचार्य श्रीमद विजय रत्नाकर सूरीश्वराणां शिष्यरत्न मुनि रत्नत्रय विजय एवं मुनि रत्नज्योत विजय मुनिवराभ्यां उपदेशपद भाषांतर पुनः प्रकटीकृतः महाराष्ट्र देशे सातारा नगरे श्री कुंथुनाथ जिनप्रासाद सान्निध्ये वि.सं. २०६० वर्षे दीपावली दिने शुक्रवासरे अयं ग्रंथो वाचक वर्गस्य कल्याणकारको भूयात् ।

**॥ शुभं भवतु ॥**

## શ્રુતભક્તિ સહાયક

શ્રી ભીનમાલ નગરે

શા. પારસમલજી કપૂરચંદજી કોઠારી પરિવાર

દ્વારા આયોજીત વિ.સં. ૨૦૫૮ માં

પ.પૂ. આચાર્ય દેવ શ્રી રત્નાકર સૂરીશ્વરજી મ.સા.ના

ચાતુર્માસ પ્રસંગે શ્રુતનિધિ સૌજન્યથી

આ ગ્રંથ પ્રકાશિત કરેલ છે.

પ્રકાશક

**શ્રી રંજનવિજયજી જૈન પુસ્તકાલય**

માલવાડા

Navneet Printers (M) 098252 61177, 094273 26041